॥श्रीः॥

ऋग्वेदः

(दशमं मण्डलम्, सायणभाष्यसमेतम्)

(દશમા મંડળના પસંદગીનાં સૂક્તો, ગુજરાતી
અનુવાદ, વિવરણ, પ્રસ્તાવના વગેરે સાથે)

સમ્પાદક:
વસન્તકુમાર મ. ભટ્ટ
અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ
ભાષા સાહિત્ય ભવન
ગુજરાત યુનિવર્સિટી
અમદાવાદ-૩૮૦૦૦૯.

સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ-૧.

॥ श्रीः ॥

ऋग्वेदः

(दशमं मण्डलम्, सायणभाष्यसमेतम्)

(દશમા મંડળના પસંદગીનાં સૂક્તો, ગુજરાતી
અનુવાદ, વિવરણ, પ્રસ્તાવના વગેરે સાથે)

* * *

સમ્પાદક :

વસન્તકુમાર મ. ભટ્ટ

અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ
ભાષા સાહિત્ય ભવન
ગુજરાત યુનિવર્સિટી
અમદાવાદ-૩૮૦ ૦૦૯

* * *

૧૯૯૬

સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ-૧

ṚGVEDA-MAṆḌALA-X
(Selected hymns)
With Text, Padapāṭha, Gujarati
Translation & Critical Notes and
Sāyaṇa Bhāṣya

Edited by
Dr. V. M. Bhatt

© શ્રીમતી વૃન્દા વી. ભટ્ટ

કિંમત રૂ. ૨૦૦-૦૦

૧૯૯૬, ફેબ્રુઆરી

પ્રકાશક :
શ્રી અશ્વિનભાઈ બી. શાહ
સરસ્વતી પુસ્તક ભંડાર
હાથીખાના, રતનપોળ
અમદાવાદ - ૩૮૦ ૦૦૧
ફોન : ૫૩૫૬૬૯૨

મુદ્રક :
શ્રી સુરેન્દ્રભાઈ જે. શાહ
પારિજાત પ્રિન્ટરી
૨૮૮/૧, રાણિપ
અમદાવાદ - ૩૮૨૪૮૦

ભારતના રાષ્ટ્રપતિશ્રી દ્વારા સમ્માનિત
પ્રોફે. ડૉ. શ્રી તપસ્વી શં. નાન્દીસાહેબનાં
કરકમળોમાં
સાદર સમર્પિત

अस्मदीयम्

આજે ‘ઋગ્વેદ’ના ૧૦મા મંડળમાંથી પસંદગીના ૩૬ સૂક્તો (= કુલ ૩૩૧ મન્ત્રો)નું સમ્પાદન પ્રકાશતિ કરતાં પરમ હર્ષની લાગણી અનુભવું છું. પ્રસ્તુત સમ્પાદનમાં સસ્વર મન્ત્રોનો સંહિતાપાઠ, તે પછી પદપાઠ અને વિશેષમાં સાયણભાષ્યને મૂળ ગ્રન્થ તરીકે રજૂ કર્યું છે. આના પછી જે તે સૂક્તના આરંભે તેનો સારભૂત માર્મિક પરિચય આપીને ક્રમશઃ પ્રત્યેક મન્ત્રનો (મહદંશે) ભાષ્યાનુસારી ગુજરાતી અનુવાદ અને તેની ઉપર વિસ્તૃત વિવેચનાત્મક અને વ્યાકરણિક અભ્યાસનોંધ રજૂ કરી છે. જેમાં પ્રાસંગિક રીતે, વેદના આરૂઢ અભ્યાસીઓ, જેવા કે - પ્રા. ગ્રિફીથ અને પ્રા. હરિ દામોદર વેલણકર વગેરે વિદ્વાનોના મતાન્તરો પણ અહીં ચર્ચ્યાં છે. એ જ પ્રમાણે, સાયણાચાર્યની સાથે સાથે ઉદ્ગીથ અને વેંકટ માધવનાં ભાષ્ય તથા યાસ્કના ‘નિરુક્ત’માં પ્રાપ્ત થતી મન્ત્રાર્થઘટનની સમૃદ્ધ પરંપરાનો પણ વિનિયોગ કર્યો છે.

અદ્યાવધિ ગુજરાતી ભાષામાં ઋગ્વેદના મન્ત્રોના જે અનુવાદ કે અભ્યાસો રજૂ થયેલા છે તેમાં આ પ્રકારનો પ્રયત્ન ભાગ્યે જ થયો હશે. અહીં પ્રસ્તાવનામાં આપેલી વિગતો અને પ્રત્યેક મન્ત્રની અભ્યાસનોંધ વાંચવાથી જ આની વિશેષતાની પ્રતીતિ થઈ જશે. આપણે ત્યાં કહેવાયું છે કે અલ્પશ્રુત વ્યક્તિથી તો વેદ પોતે જ ડરે છે. આથી ઉપર્યુક્ત સઘળી સામગ્રીનું અવલોકન કર્યા વિના, અને કેવળ એમના નામોનો ઘટાટોપ સાથે ઉલ્લેખ કરીને વેદમન્ત્રના અર્થ કરવાનું દુઃસાહસ તો કોણ કરી શકે ? આપણને પરંપરાથી વારસામાં મળેલી આ ભાષ્યનિરુક્તાદિની સામગ્રીમાંથી શક્ય એટલાનો ઉપયોગ કરીને વેદનો અભ્યાસ કરવો જોઈએ. વળી, આ સામગ્રીનો વિનિયોગ કર્યા પછીય મન્ત્રના અર્થઘટન પરત્વે મતાન્તર તો રહેવાના જ; અને તે કોઈ નવીન વાત નથી. છેક યાસ્કના સમયથી આરંભીને મન્ત્રાર્થ બાબતે કેવા મતમતાંતરો હોઈ શકે એનાથી તો આપણે સુવિદિત છીએ જ.

આ ગ્રન્થની પ્રસ્તાવનામાં અમે પૂરી વિગતે પદપાઠના નિયમો સોદાહરણ સમજાવ્યા છે. પદપાઠ એ વેદ ઉપરનું પહેલું ભાષ્ય છે કેમકે પ્રત્યેક પદના સ્વરનો અભ્યાસ કર્યા પછી જ તેનો અર્થ સુનિશ્ચિત કરી શકાય છે. પદપાઠના પૂર્ણ જ્ઞાન વિના વેદનો કોઈ પણ અભ્યાસી એક ડગલું ય આગળ વધી શકે નહીં એવી સૌ વિદ્વાનોની પ્રતીતિ છે. ગુજરાતી ભાષામાં આ પદપાઠનું તથા

ચતુર્વિધ સ્વતન્ત્રસ્વરિત સ્વરનું નિરૂપણ અહીં સૌથી પ્રથમવાર રજૂ કરવામાં આવ્યું છે. એનો મને સવિશેષ આનંદ છે. ગુજરાતીમાં ઉપલબ્ધ વેદવિષયક સાહિત્યમાં આ એક અપૂર્વ ઉમેરણ છે. એ જ પ્રમાણે ગ્રન્થાન્તે, પરિશિષ્ટમાં વૈદિકહેત્વર્થ કૃદન્ત, લેટ્લકાર-સંકેતાર્થ, અને વૈદિક છન્દોની પણ સોદાહરણ ચર્ચા કરી છે. ક્રિયાપદોની સમજ જે તે મન્ત્રના વિવરણ ઉપર જ આપેલ છે.

આ ગ્રન્થના લેખનકાર્ય દરમ્યાન વિવિધ રીતે સહાયક બનનાર મારી આત્મજા ચિ. કૃષ્ણા ભટ્ટ અને મારા યુવામિત્ર ડૉ. શ્રી કમલેશ ચોક્સીનો હૃદયપૂર્વક આભાર માનું છું. આ ગ્રન્થના પ્રકાશક શ્રી અશ્વિનભાઈ બી. શાહ અને મુદ્રક શ્રી પારિજાતભાઈ શાહનો પણ અન્તઃકરણપૂર્વક આભાર માનું છું.

અભ્યાસીમિત્રોના સૂચનો આવકાર્ય છે.

સમ્પાદક - અનુવાદક
– વસન્તકુમાર મ. ભટ્ટ.
અમદાવાદ

અનુક્રમણિકા

[1] પ્રસ્તાવના : **1 થી 115**

૧. 'વેદ'નો શબ્દાર્થ (પૃ. ૧); ૨. 'વેદ' શબ્દના પર્યાયો (પૃ. ૨), ૩. વેદોનું મહત્ત્વ (પૃ. ૨), ૪. વેદોનું અપૌરુષેયત્વ (પૃ. ૩), ૫. વૈદિક સાહિત્યની કૃતિઓ (પૃ. ૫), ૬. વેદની ભાષાનો પરિચય (પૃ. ૮), ૭. વેદની સુરક્ષાના ઉપાયો (પૃ. ૧૨), ૮. પ્રાચીન ભારતીય આર્યભાષા (વૈદિક સંસ્કૃત)નો પૂર્વ ઈતિહાસ (પૃ. ૧૮), ૯. વૈદિક સાહિત્યની કાલાનુક્રમણિકા (પૃ. ૨૦), ૧૦. ઋગ્વેદનો કૃતિલક્ષી પરિચય (પૃ. ૨૫), ૧૧. સૂક્તોના પ્રકાર (પૃ. ૨૭), ૧૨. ઋગ્વેદના દશ મંડલોનું સંગ્રથન (પૃ. ૨૯), ૧૩. ઋષિ, છન્દ અને દેવતા (પૃ. ૩૧), ૧૪. ઋગ્વેદના દેવતાઓ (પૃ. ૩૪), ૧૫. દેવોનું વર્ગીકરણ (પૃ. ૩૫), ૧૬. વૈદિક દેવતા વાદ-મતમતાન્તરો (પૃ. ૩૭), ૧૭. ઋગ્વેદના દશ મંડળોનો વિન્યાસક્રમ (પૃ. ૪૬), ૧૮. ઋગ્વેદના પ્રાચીનતમ અને પ્રાચીનતર અંશોની તારવણી (પૃ. ૪૮) ૧૯. દશમા મંડળની સમીક્ષા (પૃ. ૫૨), ૨૦. દશમા મંડળમાં દાર્શનિક વિચારો (પૃ. ૬૮), ૨૧. દશમા મંડળના સંવાદસૂક્તો (પૃ. ૭૦), ૨૨. ઋગ્વેદમાં પદપાઠના નિયમો (પૃ. ૭૭), ૨૩. સ્વતન્ત્ર સ્વરિત (પૃ. ૯૯થી ૧૧૫).

[2] દશમા મંડળના સૂક્તો : **1 થી 412**

(જે તે સૂક્તનો પરિચય, મૂળ મન્ત્રનો સંહિતાપાઠ, પદપાઠ, સાયણભાષ્ય, મન્ત્રનો ગુજરાતી અનુવાદ, અને વિવરણાત્મક અભ્યાસનોંધ સાથે.)

૧. અગ્નિસૂક્ત (૧૦-૧) પૃ. ૧
૨. અગ્નિસૂક્ત (૧૦-૨) પૃ. ૧૦
૩. અગ્નિસૂક્ત (૧૦-૪) પૃ. ૧૮
૪. યમ-યમીસંવાદસૂક્ત (૧૦-૧૦) પૃ. ૨૭
૫. યમસૂક્ત (૧૦-૧૪) પૃ. ૫૦
૬. પિતૃસૂક્ત (૧૦-૧૫) પૃ. ૬૮
૭. અન્ત્યેષ્ટિ સૂક્ત (૧૦-૧૬) પૃ. ૮૬
૮. અશ્વિનૌ સૂક્ત (૧૦-૪૧) પૃ. ૯૯
૯. ઈન્દ્ર સૂક્ત (૧૦-૪૩) પૃ. ૧૦૩
૧૦. જ્ઞાન સૂક્ત (૧૦-૭૧) પૃ. ૧૧૫

૧૧. વિશ્વકર્મન્ સૂક્ત (૧૦-૮૧) પૃ. ૧૩૧
૧૨. પુરુષ સૂક્ત (૧૦-૯૦) પૃ. ૧૪૦
૧૩. પુરૂરવા-ઉર્વશીસંવાદસૂક્ત (૧૦-૯૫) પૃ. ૧૫૯
૧૪. ઓષધિસૂક્ત (૧૦-૯૭) પૃ. ૧૮૨
૧૫. વૃષ્ટિકામનાસૂક્ત (૧૦-૯૮) પૃ. ૧૯૮
૧૬. ઈન્દ્રસૂક્ત (૧૦-૧૦૩) પૃ. ૨૧૦
૧૭. સરમા-પણિ સંવાદ સૂક્ત (૧૦-૧૦૮) પૃ. ૨૨૪
૧૮. આપ્રીસૂક્ત (૧૦-૧૧૦) પૃ. ૨૪૦
૧૯. ભિક્ષુસૂક્ત (૧૦-૧૧૭) પૃ. ૨૬૧
૨૦. ઐન્દ્રલબસૂક્ત (૧૦-૧૧૯) પૃ. ૨૭૪
૨૧. હિરણ્યગર્ભસૂક્ત (૧૦-૧૨૧) પૃ. ૨૮૩
૨૨. વેન સૂક્ત (૧૦-૧૨૩) પૃ. ૩૦૧
૨૩. વાગામ્ભૃણીયસૂક્ત (૧૦-૧૨૫) પૃ. ૩૧૨
૨૪. રાત્રિ સૂક્ત (૧૦-૧૨૭) પૃ. ૩૨૬
૨૫. નાસદીય સૂક્ત (૧૦-૧૨૯) પૃ. ૩૩૩
૨૬. પરમાત્મા સૂક્ત (૧૦-૧૩૦) પૃ. ૩૫૭
૨૭. સપત્નીબાધન સૂક્ત (૧૦-૧૪૫) પૃ. ૩૬૬
૨૮. અરણ્યાનીસૂક્ત (૧૦-૧૪૬) પૃ. ૩૭૧
૨૯. શ્રદ્ધાસૂક્ત (૧૦-૧૫૧) પૃ. ૩૭૬
૩૦. યક્ષ્મનાશનસૂક્ત (૧૦-૧૬૩) પૃ. ૩૮૩
૩૧. દુઃસ્વપ્નનાશનસૂક્ત (૧૦-૧૬૪) પૃ. ૩૮૭
૩૨. સૂર્ય સૂક્ત (૧૦-૧૭૦) પૃ. ૩૯૧
૩૩. ઉષા સૂક્ત (૧૦-૧૭૨) પૃ. ૩૯૫
૩૪. માયાભેદ (૧૦-૧૭૭) પૃ. ૩૯૮
૩૫. અઘમર્ષણ સૂક્ત (૧૦-૧૯૦) પૃ. ૪૦૩
૩૬. સંજ્ઞાન સૂક્ત (૧૦-૧૯૧) પૃ. ૪૦૭

[3] પરિશિષ્ટો : 413 થી 428
(૧) વૈદિક સંકેતાર્થ (લેટ્ લકાર) પૃ. ૪૧૩
(૨) વૈદિક હેત્વર્થકૃદન્ત પૃ. ૪૧૫
(૩) દશમા મંડળના વૈદિક છન્દો પૃ. ૪૧૮ થી ૪૨૮

॥ श्रीः ॥

ઋગ્વેદ-દશમું મણ્ડળ

(પસંદગીનાં સૂક્તો)

પ્રસ્તાવના

૧. 'વેદ'નો શબ્દાર્થ

વેદ શબ્દનો અર્થ 'જ્ઞાન' - પરમ જ્ઞાન-થાય છે. સંસ્કૃત ભાષાના 'જાણવું' અર્થવાળા **√विद् ज्ञाने** ધાતુમાંથી આ 'વેદ' શબ્દને વ્યુત્પન્ન કરવામાં આવે છે.[1] સાયણાચાર્ય કહે છે કે આપણે પ્રત્યક્ષ કે અનુમાન પ્રમાણથી જે ઉપાયને જાણી શકતા નથી, તેને 'વેદ'થી જાણી શકાય છે.[2] વળી એમ પણ કહેવાયું છે કે – **विद्यन्ते ज्ञायन्ते लभ्यन्ते वा एभिर्धर्मादिपुरुषार्थाः इति वेदाः ।** 'જેનાથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પુરુષાર્થો જાણી શકાય છે અથવા મેળવી શકાય છે તે વેદ છે.' આ જ પ્રમાણે સ્વામી દયાનન્દ સરસ્વતીએ પણ **विद् √ज्ञाने** (૨ જો પણ), **√विद् सत्तायाम्** (૪થો ગણ), **√विद् लाभे** (૬ઠ્ઠો ગણ) અને **√विद् विचारणे** (૭મો ગણ)–એવા જુદા જુદા ચાર ગણના **विद्** ધાતુમાંથી આ **वेद** શબ્દ બન્યો છે એમ માનીને 'વેદ'નો શબ્દાર્થ સમજાવતાં તેમની 'ઋગ્વેદભાષ્ય ભૂમિકા'માં લખ્યું છે કે – **विदन्ति जानन्ति, विद्यन्ते भवन्ति, विन्दन्ति अथवा विन्दन्ते लभन्ते, विन्दन्ति विचारयन्ति सर्वे मनुष्याः सर्वाः सत्यविद्या यैः, येषु वा तथा विद्वांसश्च भवन्ति ते वेदाः ॥** અર્થાત્ ''જેનાથી સૌ મનુષ્યો સઘળી સત્યવિદ્યાઓને જાણે છે, અથવા જે (વેદો)માં સઘળી સત્યવિદ્યાઓ રહેલી છે, અથવા જેનાથી સઘળી સત્ય વિદ્યાઓ મેળવી શકાય છે, અથવા જે (વેદો)થી સઘળી સત્યવિદ્યાઓ વિચારીને બધા માણસો વિદ્વાનો થાય છે તેને 'વેદ' કહેવાય છે.''

ટૂંકમાં, 'વેદ' એટલે પરમજ્ઞાન, આધ્યાત્મિક જ્ઞાન એમ સમજાય છે. વળી, 'વેદ' શબ્દ ''વેદ-સાહિત્ય'', કે જેમાં ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અંથર્વવેદનો મુખ્યત્વે સમાવેશ થાય છે–તેનો પણ વાચક છે. આમ 'વેદ' શબ્દ રૂઢિથી ઈશ્વરીય જ્ઞાનને માટે તથા હિન્દુઓના ધાર્મિક આર્ષ સાહિત્યને માટે વપરાય છે.

---

[1] **√विंद् ज्ञाने** (૨જો ગણ, પરસ્મૈપદ) **वेत्ति येन स वेदः ।** 'જેનાથી (ઈશ્વરીય જ્ઞાન) જાણી શકાય છે' તે વેદ. અહીં **√विद्** ધાતુને 'કરણ' અર્થમાં **घञ्** પ્રત્યય લગાડવામાં આવ્યો છે.

[2] **प्रत्यक्षेणानुमित्या वा यस्तूपायो न बुध्यते ।**
एतं विदन्ति वेदेन तस्माद् वेदस्य वेदता ॥

૨. 'વેદ' શબ્દના પર્યાયો

'વેદ'ને માટે અન્ય નામાન્તરો, જેવાં કે **આમ્નાય, નિગમ** અને **શ્રુતિ**-નો પણ પ્રયોગ થાય છે. ભારતનાં આસ્તિક દર્શનો અને વિવિધ શાસ્ત્રોનો મૂળસ્રોત વેદમાં રહેલો છે એવી માન્યતા હોવાને કારણે વેદોને 'આમ્નાય' કે 'નિગમ' કહેવામાં આવ્યા છે. તથા ગુરુ-શિષ્ય પરંપરામાં અને/અથવા પિતા-પુત્રોની વંશપરંપરામાં ઈશ્વરીય જ્ઞાન ભંડાર સમા વેદોને-વેદમંત્રોને કેવળ સાંભળીને અર્થાત્ શ્રુતપરંપરાથી કંઠસ્થ કરીને સાચવવામાં આવ્યા/આવતા હોઈને, તેમને ''શ્રુતિ' (ગ્રંથો) પણ કહેવામાં આવે છે. વળી, ભારતીય માન્યતા મુજબ ઋષિઓને યજ્ઞક્રિયા દરમ્યાન આ ઈશ્વરીય જ્ઞાનનું-વેદમંત્રોનું-**દર્શન** થયું હોઈને વેદોને 'આર્ષ-સાહિત્ય' પણ કહેવામાં આવે છે. એ જ પ્રમાણે, આ વેદના મંત્રોની રચના મુખ્યત્વે છંદોબદ્ધ થયેલી જોવા મળે છે. આથી વેદોને માટે 'છન્દસ્' એવા શબ્દનો પણ પ્રયોગ થાય છે.

શ્રી માધવાચાર્યે ''ન્યાયવિસ્તાર'' ગ્રંથમાં લખ્યું છે કે - **सोऽयं गद्यपद्यगानलक्षणतया त्रयीसंज्ञितो वेदः, ऋग्यजुःसामाथर्वेति । चतुःसंहितासु विभक्तो विषयभेदात् ॥** આ ચારેય–ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ–'વેદ'ને ''ત્રયી'' પણ કહેવામાં આવે છે. કારણ કે તેમાં ગદ્યાત્મક, પદ્યાત્મક અને ગાનાત્મક મંત્રો આવેલા છે. બીજા શબ્દોમાં કહીએ તો પદ્યાત્મક મંત્રોને 'ઋક્' કહેવાય છે. ગેય = ગાનાત્મક. મંત્રોને 'સામ' કહેવાય છે. તથા ગદ્યાત્મક મંત્રોને 'યજુસ્ કહેવાય છે. આમ ચારેય વેદોનાં મંત્રો આ ત્રણ પ્રકારના હોઈને, તે ચારેય વેદોને માટે 'વેદત્રયી' કે 'ત્રયી વિદ્યા' એવા શબ્દો પણ વપરાય છે. (કેટલાક વિદ્વાનોએ એવો મત ઉચ્ચાર્યો છે કે ''મૂળમાં તો ત્રણ વેદો જ હતા. ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ. આ ત્રણ વેદોને જ 'વેદત્રયી' કહેવામાં આવે છે. તથા ચોથો વેદ-અથર્વવેદ તો પાછળથી રચાયો છે.'' પરંતુ ઉપર્યુક્ત માધવાચાર્યનો મત જાણ્યા પછી આ આધુનિક વિદ્વાનોનો મત ચિન્ત્ય બને છે.)

૩. વેદોનું મહત્ત્વ

વેદોનો મહિમા અનંત છે. અગાઉ જણાવ્યું છે તેમ વેદ એટલે જ 'પરમ જ્ઞાન', તથા ભારતીય માન્યતા મુજબ મનુષ્ય જીવનમાં ધર્મ-અર્થ-કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થો મેળવવા માટે વેદો જ ઉપાય રૂપ છે. વળી, પ્રાચીન ભારતના, તેમ જ ભારોપીય (Indo-European) સાહિત્યના જૂનામાં જૂના સ્મારક તરીકે વિશ્વના સાહિત્યમાં વેદનું સ્થાન મહત્ત્વનું છે. મેક્સમ્યૂલર જણાવે છે તેમ–''જ્યાં સુધી માણસ પોતાના વંશના ઈતિહાસમાં રસ લેવાનું ચાલુ રાખશે અને જ્યાં સુધી આપણે ગ્રંથાલયો અને સંગ્રહાલયોમાં પ્રાચીન જમાનાઓના અવશેખોનો સંગ્રહ કરતાં રહીશું ત્યાં સુધી આર્યજાતિના માનવોના સ્મરણ લેખો ધરાવતાં પુસ્તકોની હારમાળામાં પ્રથમ સ્થાન

ઋગ્વેદનું જ રહેશે.''[1] પ્રાચીન ભારતીય આર્ય પ્રજાના જીવન, તત્ત્વજ્ઞાન, ધર્મ, સંસ્કૃતિ, પુરુષાર્થો અને ઇતિહાસની વિગતોથી ભરેલાં વેદોને તો જગતનું સૌથી જૂનું ઉપલબ્ધ સાહિત્ય ગણવામાં આવે છે. વેદોને માટે 'The' oldest literary monument of the world' એમ પણ કહેવાયું છે.

રૂઢિથી 'વેદ' શબ્દ એક અસાધારણ જ્ઞાન અથવા ગૌરવનો પણ વાચક બન્યો છે. પરિણામે સમાજના અમુક વર્ગના લોકોને માટે જ્ઞાનના કે મનોરંજનના ઉપાય તરીકે 'નાટકની અને નાટ્યશાસ્ત્રની રચના-ઉત્પત્તિ કરવામાં આવી ત્યારે તેને પાંચમો ''નાટ્યવેદ'' કહેવાય.[2] તે જ પ્રમાણે વૈશ્વિક જ્ઞાનની ખાણ સમા મહાભારત જેવા ઇતિહાસગ્રંથને માટે પણ 'ભારતવેદ' શબ્દ વપરાય છે. તથા ધન્વન્તરીના ઔષધિજ્ઞાનને માટે પણ **आयुर्वेद** શબ્દ વપરાય છે.

4. વેદોનું અપૌરુષેયત્વ

ઋગ્વેદાદિ ચારેય વેદોની રચના કોઈ વ્યક્તિવિશેષે કે ઋષિઓએ કરી નથી. જેવી રીતે 'રામાયણ'ની રચના આદિકવિ વાલ્મીકિએ કરી, 'મહાભારત'ની રચના મહર્ષિ વ્યાસે કરી કે 'શાકુન્તલ' જેવા વિશ્વવિખ્યાત નાટકની રચના મહાકવિ કાલિદાસે કરી છે તેવી રીતે વેદોની રચના કોઈ માણસે કરી નથી. ભારતીય માન્યતા મુજબ–''જેવી રીતે ઈશ્વર પોતે અનાદિ, અનન્ત અને અવિનાશી છે તેવી રીતે તે ઈશ્વરીય જ્ઞાન સમા વેદો પણ અનાદિ, અનન્ત અને અવિનાશી છે. સૃષ્ટિની રચના થવાની સાથે જ ઈશ્વરે આ પરમ જ્ઞાન = વેદો ઋષિઓના હૃદયમાં પ્રકાશિત કર્યું છે.'' આ અર્થમાં વસિષ્ઠાદિ ઋષિઓ વેદોના રચયિતા કે કર્તા નથી, પણ દ્રષ્ટા છે. આમ યજ્ઞક્રિયાઓ દરમ્યાન ઋષિઓને વેદમંત્રોનું **दर्शन** થયું હતું, આથી ઋષિઓને ''દ્રષ્ટા'' કહેવાય છે, અને આ અર્થમાં જ વેદો **अपौरुषेय** (જે કોઈ પુરુષની રચના નથી) કહેવાય છે.

સૃષ્ટિના આરંભે ઋષિઓના હૃદયમાં પ્રકાશિત થયેલું આ જ્ઞાન સૃષ્ટિના પ્રલય સમયે વળી પાછું ઈશ્વરમાં જ લીન થઈ જાય છે.

આ જ વિચારને બૃહદારણ્યક ઉપનિષદ્માં બીજા શબ્દોમાં મૂકવામાં આવ્યો છે.

---

૧. As long as man continues to take an interest in the history of his race, and as long as we collect in libraries & museums the relics of former ages, the first place in that long row of books which contains the records of the Aryan branch of mankind, will belong for ever to the Rigveda.

— Max Müller, Ancient Sanskrit Literature, p. 36.

२. भवद्भिः शुचिभिर्भूत्वा तथाऽवहितमानसैः । श्रूयतां नाट्यवेदस्य संभवो ब्रह्मनिर्मितः ।
महेन्द्रप्रमुखैर्देवैरुक्तः किल पितामहः । क्रीडनीयकमिच्छामो दृश्यं श्रव्यं च यद्भवेत् ॥
न वेदव्यवहारोऽयं संश्राव्यः शूद्रजातिषु । तस्मात्सृजापरं वेदं पञ्चमं सार्ववर्णिकम् ॥

— नाट्यशास्त्र, अध्याय १ (७-१२)

જેમકે, (વેદોની રચના કોઈ વ્યક્તિએ કરી નથી, પણ) વેદો, ઈતિહાસ, પુરાણ, ઉપનિષદો વગેરે તો ઈશ્વરનો (**निःश्वसित**) ઉચ્છ્વાસ છે.[૨]

'વેદો એ ઈશ્વરીય જ્ઞાન છે' એવું વેદોમાં જ કહ્યું છે. જેમ કે,

तस्मा॑द्य॒ज्ञात् स॑र्व॒हुत॒ ऋच॒ः सामा॑नि जज्ञिरे ।
छन्दां॑सि जज्ञिरे॒ तस्मा॒द्यजु॒स्तस्मा॑दजायत ॥

ऋ. ૧૦-૯૦-૯

(અનુવાદ) ''બધું હોમી દેનાર તે યજ્ઞ (હવિ)માંથી ઋચાઓ અને સામ ઉત્પન્ન થયાં, અને તે (યજ્ઞ)માંથી યજુસ્ ઉત્પન્ન થયું.''

આ જ પ્રમાણે, વેદોત્તર સાહિત્યમાં પણ કહેવાયું છે કે વેદો અપૌરુષેય, નિત્ય અને ઈશ્વરકૃત છે. તૈત્તિરીય આરણ્યકના ભાષ્યમાં આપણે લખ્યું છે કે–

यद्यप्यपौरुषेये वेदे कर्तारो न भवन्ति, कल्पादौ
ईश्वरानुग्रहेण मन्त्राणां लब्धारो मन्त्राकृदित्युच्यन्ते ।

(**तै० आ० सा० भा०** ૪-૧-૧) ''જો કે અપૌરુષેય વેદોના કોઈ કર્તા (રચયિતા) હોતા નથી, પણ કલ્પ(સૃષ્ટિ)ના આરંભે ઈશ્વરની કૃપાથી જેમને તે મંત્રો મળે છે (જે ઋષિઓને મંત્રોનું દર્શન થાય છે) તેમને (તે ઋષિઓને) 'મંત્રકૃત' કહેવામાં આવે છે.'' નિરુક્તકાર યાસ્કે પણ લખ્યું છે કે **ऋषयो मन्त्रद्रष्टारः** । ''ઋષિઓ તો મંત્રોનાં દર્શન કરનાર છે.''

* * *

વેદો અપૌરુષેય છે. – વેદો કોઈ મનુષ્યની કૃતિ નથી. એમ કહીએ છીએ ત્યારે એક પાશ્ચાત્ય અભ્યાસીઓના મતનો પણ વિચાર કરવો જોઈએ. જેમ કે, ઋગ્વેદ અને અન્ય વૈદિક સાહિત્યમાં વસિષ્ઠ, વિશ્વામિત્ર, કણ્વ વગેરે અનેક ઋષિઓના વંશોનું કથાનક મળી આવે છે. તથા દુષ્યંત, ભરત, જન્મેજય વગેરે રાજાઓના વંશનું વર્ણન જોવા મળે છે. વળી ગંગા, સિંધુ, કુભા, અસિકની, શુતુદ્રી, વિપાટ્ વગેરે પ્રાચીન ભારતની નદીઓનો ઉલ્લેખ મળે છે, અને મિથિલા, વિદેહ, કુરુ, કોસલ વગેરે નગરોનો નામોલ્લેખ પણ છે. એ જ પ્રમાણે વેદોમાં કેટલાંક આખ્યાનો, કથાનકો અને સંવાદસૂક્તો (મંત્રસમૂહો) આવેલા છે. જેમ કે, પુરૂરવા-ઉર્વશીનો સંવાદ, વિશ્વામિત્ર ઋષિ અને નદીઓનો સંવાદ, યમ-યમીનો સંવાદ; સરમા-પણિ, સુદાસ-વિશ્વામિત્ર, ઈન્દ્ર-અહલ્યા, ઈન્દ્ર-વૃત્ર, દાશરાજ્ઞ, યુદ્ધના કથાનકો, તથા જુગારીની એકોક્તિઓ આવેલી છે. વેદમંત્રોમાં આ બધા વર્ણનો વાંચીને કેટલાક પાશ્ચાત્ય યુરોપીય વિદ્વાનોનું

---

[૨] **अस्य महतो भूतस्य निःश्वसितम् एतद् यद् ऋग्वेदो यजुर्वेदः सामवेदोऽथर्वाङ्गिरस इतिहासः पुराणं विद्या उपनिषदः श्लोकाः सूत्राण्यनुव्याख्यानानि व्याख्यानानि ॥ - बृहदारण्यकोपनिषद्** (૪-૫-૧૦)

માનવું છે કે વેદોમાં કોઈક ઐતિહાસિક ઘટનાઓનું આલેખન છે. સંભવતઃ સૂર્યવંશી અને ચંદ્રવંશી રાજાઓ વચ્ચે યુદ્ધ થયું હશે અથવા આર્યો અને અનાર્યો વચ્ચે યુદ્ધ થયું હશે. ઈન્દ્ર દેવતા એ આર્યોનો નેતા હશે અને તેણે નગરો, કિલ્લાઓ તોડીને, અશ્વારૂઢ થઈને અતિ પ્રાચીન સમયમાં ભારતમાં પ્રવેશ કર્યો હશે ! –આમ જો વેદમાં કોઈ ઐતિહાસિક ઘટનાઓ વર્ણવાઈ હોય તો - તે વેદો **અનાદિ** છે એમ ન કહી શકાય. આવી નિશ્ચિત સમયમર્યાદામાં થયેલી ઘટનાનું વર્ણન કોઈક ઋષિમુનિએ-મનુષ્યે-જ કર્યું હોય તો ઋષિઓને મંત્રોના દ્રષ્ટા નહીં, પણ કર્તા = રચયિતા કહેવાય. આમ પાશ્ચાત્યોના મતે વેદો અનાદિ નહીં પણ સ-આદિ (સાદિ) પૂરવાર થાય છે.

પરંતુ ભારતીય પરંપરા 'વેદોમાં કોઈ ઈતિહાસ' હોવાનું સ્વીકારતી નથી. આપણા મતે તો વેદોમાં જે નદી, નગર, વ્યક્તિ, ઋષિનાં નામો, યુદ્ધાદિનાં વર્ણનો છે તે વ્યક્તિપરક નથી; પણ તત્ત્વજ્ઞાનથી ભરેલાં છે. તેનો કોઈ ગૂઢ આશય છે. વેદોના પ્રાચીનતમ ટીકાકાર સ્કંદસ્વામી લખે છે કે –

औपचारिकोऽयं मन्त्रेष्वाख्यानसमयः ।

परमार्थे तु नित्यपक्ष एव इति सिद्धम् ॥

મન્ત્રોમાં કોઈ ઐતિહાસિક ઘટનાઓનું વર્ણન છે - તેવું તો ઔપચારિક રીતે (ઉપલક દૃષ્ટિએ જ) કહી શકાય. પરમાર્થ દૃષ્ટિએ તો વેદોમાં અનાદિ-અનંત જ્ઞાન જ ભરેલું છે. દયાનંદ સરસ્વતીએ પણ વેદોને નિત્ય જ માન્યા છે. અને પાશ્ચાત્યોના મતનું ખંડન કર્યું છે. યાસ્કના (ઇ. સ. પૂર્વે ૬૦૦) સમયમાં પણ વેદોમાં ઈન્દ્ર અને વૃત્ર વચ્ચેના યુદ્ધનું વર્ણન વાંચીને કેટલાક ઐતિહાસિકોએ તે વેદમંત્રોનું એવું જ અર્થઘટન કરેલું કે અહીં ઇન્દ્રદેવતા અને વૃત્ર નામના રાક્ષસનું આ યુદ્ધ વર્ણવાયું છે. પરંતુ યાસ્ક જેવા નિરુક્તકારે આવા ઈતિહાસપરક અર્થઘટનનો વિરોધ કરીને જણાવેલું કે આવા વર્ણનોમાં ''પ્રાકૃતિક ઘટનાનું વર્ણન છે'' એમ સમજવું જોઈએ. જેમ કે, ઈન્દ્ર તે વાવાઝોડું અને વીજળીના કડાકાનું પ્રતીક છે અને જે વૃત્રાસુર હણાય છે તે વાદળમાંથી વરસતા વરસાદનું પ્રતીક છે. આમ નિરુક્તકાર યાસ્ક પણ વેદમાં આર્યોના નેતા રૂપ ઈન્દ્ર જેવી કોઈ ઐતિહાસિક વ્યક્તિનું વર્ણન હોય તેમ માનતા નથી. આમ ભારતીય પરંપરા અનુસાર તો વેદોમાંથી ત્રણ પ્રકારના અર્થો જ કાઢી શકાય છે : ૧. આધ્યાત્મિક ૨. આધિદૈવિક અને ૩. આધિભૌતિક. (આવા અર્થઘટનોનો સોદાહરણ પરિચય આગળ ઉપર આપવામાં આવશે.)

૫. વૈદિક સાહિત્યની કૃતિઓ

'વેદ' શબ્દથી ૧. ઋગ્વેદ, ૨. યજુર્વેદ, ૩. સામવેદ અને ૪. અથર્વવેદ–એ ચારેય વેદોનું ગ્રહણ થાય છે. [વળી, 'વેદ' શબ્દથી આ દરેક વેદના મૂળ મન્ત્રો (= સંહિતા ભાગ), બ્રાહ્મણો, આરણ્યકો અને ઉપનિષદો સુધીના ભાગનું ગ્રહણ થાય છે. એ પણ સૌથી પહેલાં સ્પષ્ટ સમજી લેવું જોઈએ.] તથા 'વૈદિક સાહિત્ય' તરીકે, આ ચારેય વેદો ઉપરાંત, (क) તે વેદોને સમજવા ઉપયોગી એવાં છ વેદાંગો (૧. શિક્ષા,

૨. કલ્પ, ૩. જ્યોતિષ, ૪. છન્દસ્, ૫. વ્યાકરણ અને ૬. નિરુક્ત); (ख) પ્રાતિશાખ્યો, (ग) બૃહદ્દેવતા અને (घ) અનુક્રમણી ગ્રન્થોની ગણના થાય છે.

પ્રાચીન ગ્રન્થોનો અભ્યાસ કરતાં માલૂમ પડે છે કે પ્રત્યેક વેદની અનેક શાખાઓ પણ હતી. જેમ કે, ''વ્યાકરણ–મહાભાષ્ય''માં પતંજલિએ લખ્યું છે કે–

...चत्वारो वेदाः साङ्गाः सरहस्या बहुधा भिन्ना एकशतमध्वर्युशाखाः, सहस्रवर्त्मा सामवेदः, एकविंशतिधा बाह्वृच्यं, नवधाथर्वणो वेद... (पस्पशाह्निकम् ।) ''ષડ્વેદાંગો અને રહસ્ય (= ઉપનિષદ્ સહિતનાં) ચાર વેદો અનેક રીતે જુદી જુદી શાખાઓમાં વિભક્ત થયેલા જોવા મળે છે. જેમ કે, યજુર્વેદની એકસો શાખાઓ છે; સામવેદની એક હજાર શાખાઓ છે. બાહ્વૃચ્ય (= ઋગ્વેદ)ની એકવીસ શાખાઓ છે; તથા અથર્વવેદની નવ શાખાઓ છે.''

વિદ્વાનોના મંતવ્ય મુજબ, આમ ચારેય વેદોની અનેકાનેક શાખાઓ હતી; અને તે પ્રત્યેક શાખાનાં પોતપોતાના બ્રાહ્મણ, આરણ્યક, ઉપનિષદ્ અને કલ્પસૂત્રો વગેરે હતા. તેમાંથી ઘણું બધું સાહિત્ય લુપ્ત થયેલું છે. આજે જેટલું વૈદિક સાહિત્ય ઉપલબ્ધ થાય છે તે નીચે મુજબ છે –

(क) ઋગ્વેદ સંબંધિત સાહિત્ય :

(૧) ઋગ્વેદની શાખાઓમાંથી–શાકલ સંહિતા
(૨) બ્રાહ્મણ-કૌષીતકિ અને ઐતરેય
(૩) આરણ્યક-કૌષીતકિ અને ઐતરેય
(૪) ઉપનિષદ્-કૌષીતકિ અને ઐતરેય
(૫) કલ્પ– ૧. શ્રૌતસૂત્ર–શાંખાયન અને આશ્વલાયન
  ૨. ગૃહસૂત્ર–શાંખાયન, આશ્વલાયન અને શામ્બવ્ય
  ૩. ધર્મસૂત્ર–વસિષ્ઠ
(૬) પ્રાતિશાખ્ય-શૌનકકૃત ઋક્પ્રાતિશાખ્ય (= ઋગ્વેદ પ્રાતિશાખ્ય)
(૭) અનુક્રમણી-આર્ષાનુક્રમણી, છન્દાનુક્રમણી, દેવતાનુક્રમણી, અનુવાકાનુક્રમણી, સૂક્તાનુક્રમણી, ઋગ્વિધાન, પાદવિધાન, બૃહદ્દેવતા, ઋક્સર્વાનુક્રમણી અને માધવીયાનુક્રમણી.

(ख) યજુર્વેદ સમ્બન્ધિત સાહિત્ય :

(अ) શુક્લ યજુર્વેદ,
(ब) કૃષ્ણ યજુર્વેદ
(अ) શુક્લ યજુર્વેદની–(૧) શાખાઓ–વાજસનેયિ અથવા
  માધ્યન્દિન
  અને કાણ્વ.

(૨) બ્રાહ્મણ-શતપથ
(૩) આરણ્યક-બૃહદારણ્યક, તવલકાર અથવા જૈમિનીયોપનિષદ્
(૪) ઉપનિષદ્-બૃહદારણ્યકોપનિષદ્ અને ઈશાવાસ્યોપનિષદ્
(૫) કલ્પ - (क) શ્રૌતસૂત્ર-કાત્યાયન
(ख) ગૃહ્યસૂત્ર-પારસ્કર
(૬) પ્રાતિશાખ્ય–શુક્લ યજુર્વેદ પ્રાતિશાખ્ય
(૭) અનુક્રમણી–શુક્લ યજુર્વેદ સર્વાનુક્રમ, નિગમ-પરિશિષ્ટ, યજુર્વિધાન

(ब) કૃષ્ણ યજુર્વેદની – (૧) શાખાઓ – તૈત્તિરીય, મૈત્રાયણી, કઠ
(૨) બ્રાહ્મણ તૈત્તિરીય
(૩) આરણ્યક-તૈત્તિરીય, મૈત્રાયણી
(૪) ઉપનિષદ્-તૈત્તિરીય, મૈત્રાયણી, કઠ, શ્વેતાશ્વતર
(૫) કલ્પ– (क) શ્રૌતસૂત્રે-બોધાયન, આપસ્તમ્બ હિરણ્યકેશી, વૈખાનસ ભારદ્વાજ, માનવ
(ख) ગૃહ્યસૂત્રો–'' (બોધાયન વગેરે પાંચ) અને કાઠક.
(ग) ધર્મસૂત્ર-બોધાયન આપસ્તમ્બ અને હિરણ્યકેશી
(૬) પ્રાતિશાખ્ય–તૈત્તિરીય પ્રાતિશાખ્ય
(૭) અનુક્રમણી–યાજુષ સર્વાનુક્રમણી, કાણ્ડાનુક્રમણી

(ग) સામવેદ સમ્બન્ધિત સાહિત્ય :
(૧) શાખાઓ–કૌથુમી, જૈમિનીય અને રાણાયણીય
(૨) બ્રાહ્મણ–તાણ્ડ્ય, (પંચવિંશ, ષડ્વિંશ, અદ્ભુત, મન્ત્ર, છાંદોગ્ય), આર્ષેય, વંશ સંહિતોપનિષદ્, જૈમિનિયોપનિષદ્, જૈમિનીય, તવલકાર અને સામવિધાન
(૩) આરણ્યક–જૈમિનીયોપનિષદ્ અથવા તવલકાર
(૪) ઉપનિષદ્–છાંદોગ્ય અને કેન

(૫) કલ્પ- (क) શ્રૌત સૂત્ર-મશક, લાટ્યાયન, દ્રાહ્યાયણ
(ख) ગૃહ્યસૂત્ર - ગોભિલ અને ખાદિર
(ग) ધર્મસૂત્ર - ગૌતમ
(૬) પ્રાતિશાખ્ય–સામપ્રાતિશાખ્ય
(૭) અનુક્રમણી–સામવિધાન

(घ) અથર્વવેદ સંબંધિત સાહિત્ય :

(૧) શાખાઓ–શૌનક, પૈપ્પલાદ
(૨) બ્રાહ્મણ–ગોપથ
(૩) ઉપનિષદ્–પ્રશ્ન, મણ્ડૂક, માણ્ડૂક્ય
(૪) કલ્પ – (क) શ્રૌતસૂત્ર–વૈતાન
(ख) ગૃહ્યસૂત્ર–કૌશિક
(૫) પ્રાતિશાખ્ય– અથર્વ પ્રાતિશાખ્ય
(૬) અનુક્રમણી–બૃહત્સર્વાનુક્રમણી, અથર્વવિધાન

૬. વેદની ભાષાનો પરિચય

ઉપર જણાવ્યું છે કે તેમ યજ્ઞક્રિયાઓ દરમ્યાન ઋષિઓને 'પવિત્રજ્ઞાન' સમા વેદમંત્રોનું **'दर्शन'** થયું હતું. આ વેદમન્ત્રોનો મૂળ પાઠ (Text) હાલમાં મુખ્યત્વે બે પ્રકારે મળે છે : (૧) સંહિતાપાઠ અને (૨) પદપાઠ. દા. ત. ઋગ્વેદનો સૌથી પહેલો મંત્ર જોઈશું :

(૧) સંહિતા પાઠ : – **अग्नि॑मीळे पु॒रोहि॑तं य॒ज्ञस्य॑ दे॒वमृ॒त्विज॑म् ।**
होता॑रं रत्न॒धात॑मम् ॥ (ऋ. सं. १-१-१)

(સંહિતાપાઠ એટલે બે પદો વચ્ચે સન્ધિ કરીને લખેલો પાઠ.)

(૨) પદપાઠ : – **अ॒ग्निम् । ई॒ळे॒ । पु॒रःऽहि॑तम् । य॒ज्ञस्य॑ । दे॒वम् । ऋ॒त्विज॑म् ।**
होता॑रम् । र॒त्न॒ऽधात॑मम् ॥

(અહીં આ પદો વચ્ચેની સંહિતા = સન્ધિ છોડી નાખીને દરેક પદને અલગ કરીને દર્શાવવામાં આવે છે.)

ઈ. સ. પૂર્વે ૬૦૦માં યાસ્કે પોતાના 'निरुक्त' નામના વેદાંગમાં આ 'સંહિતા'ને સમજાવતાં લખ્યું છે કે **पदप्रकृतिः संहिता ।** આ વ્યાખ્યા, જો કે યાસ્કની પણ પૂર્વે ''ઋગ્વેદ પ્રાતિશાખ્ય''માં શૌનકે, આ જ શબ્દોમાં રજૂ કરી હતી. 'સંહિતા'ની આ વ્યાખ્યાનું અર્થઘટન બે રીતે થઈ શકે છે. જેમ કે **(क) पदप्रकृतिः** શબ્દને ષષ્ઠી તત્પુરુષ

સમાસ ગણીને–જો **पदानां प्रकृतिः संहिता ।** – આ રીતે સમજવામાં આવે તો ''પદોની પ્રકૃતિને સંહિતા કહેવાય'' એવો અર્થ થશે. એટલે કે મૂળમાં પહેલાં વેદોનો સંહિતાપાઠ ઋષિઓને હાથ લાગ્યો હતો (અને ત્યાર પછી, તેમણે સન્ધિ છોડીને વેદમંત્રોનો પદપાઠ તૈયાર કર્યો હશે.). અથવા **(ख) पदप्रकृतिः** શબ્દને બહુવ્રીહિ સમાસ ગણીને જો **पदानि प्रकृतिः यस्याः सा संहिता ।** આ રીતે વિગ્રહ કરવામાં આવે તો ''પદો છે પ્રકૃતિ-મૂળ સ્વરૂપ- જેનું તેને સંહિતા કહેવાય છે.''–એવો અર્થ થાય છે. અર્થાત્ વેદમન્ત્રો પહેલાં તો પદપાઠ રૂપે જ હતા, અને પાછળથી તેમાંના પદોની વચ્ચે સન્ધિ કરીને સંહિતાપાઠ ઊભો કરવામાં આવ્યો છે. આમ **पदप्रकृतिः संहिता ।** એવી વ્યાખ્યામાંનો **पदप्रकृतिः** શબ્દ સામાસિક છે; અને તેનું વ્યાકરણની દૃષ્ટિએ બંને રીતે અર્થઘટન કરવું શક્ય છે, તેથી ''વેદમન્ત્રોના આ દ્વિવિધ પાઠો-સંહિતાપાઠ અને પદપાઠમાંથી કયો પાઠ આદ્ય હશે ?'–એ મુદ્દો વિવાદાસ્પદ રહ્યો છે. ભર્તૃહરિએ પણ 'વાક્યપદીય'માં લખ્યું છે કે **पदानां संहिता योनिः संहिता वा पदाश्रया ॥** ભારતીય માન્યતા મુજબ સંભવતઃ સંહિતાપાઠ જ પહેલવહેલો ઋષિમુનિઓને ઉપલબ્ધ થયો હશે; અને તેમણે વેદમંત્રોનું રક્ષણ કરવાના અને/અથવા વેદમંત્રોનું અર્થઘટન કરવાના આશયથી તે વેદમંત્રોનો પદપાઠ ઊભો કર્યો હશે. બીજી તરફ, કેટલાક આધુનિક વિદ્વાનો એવું પણ માને છે કે ઋષિમુનિઓએ સૌથી પહેલાં મંત્રોનો પદપાઠ જ તૈયાર કર્યો હશે. (એટલે કે સન્ધિ સિવાયનાં સ્વતંત્ર પદો રૂપે જ મંત્રો લખ્યા હશે; કેમ કે ક્યારેક મંત્રોના પદપાઠમાં જ છંદોબંધારણ જળવાયેલું હોય એમ જણાય છે.)*

હવે, સંહિતાપાઠ (કે પદપાઠ)માં લખાયેલા આ વેદમંત્રોની ભાષામાં જે લાક્ષણિકતાઓ રહેલી છે-બીજા શબ્દોમાં કહીએ તો લૌકિક (પ્રશિષ્ટ) સંસ્કૃતની અપેક્ષાએ વૈદિક સંસ્કૃત ભાષામાં જે જુદાપણું રહેલું છે-તેનો પરિચય કેળવીશું :

વેદોની ભાષાને આપણે સંગીતાત્મક (અથવા ઉદાત્તાદિ સ્વરોના આઘાત Accent વાળી કે સ્વરભારવાળી કહી શકીએ. દા. ત.,

इन्द्र त्वा वृषभं वयं सुते सोमे हवामहे ।

स पाहि मध्वो अन्धसः ॥ (ऋ. स. ३-४०-१)

''હે ઇન્દ્ર ! (કામનાઓને) વર્ષાવનાર એવા તને અમે નીચોવેલા આ સોમરસને વિષે (તેનું પાન કરવા માટે) બોલાવીએ છીએ. તે (તું) મદ ઉત્પન્ન કરનાર અન્ધસ-અન્ન સ્વરૂપ - આ સોમને પી.''

---

* ફાદર એસ્ટ્રેલર, (પૂના.) એ All India Oriental Conference ના ૧૮મા, ૨૦મા અને ૨૧માં અધિવેશનમાં આ વિષે શોધપત્રો રજૂ કર્યાં છે. અને પ્રા. કાશીનાથ વા. અભ્યંકરે તેનો ભારે પ્રતિવાદ પણ કરેલો !

અહીં આ જોઈ શકાય છે કે મંત્રનો પહેલો શબ્દ **इन्द्र** સંબોધન છે; અને મંત્રના આરંભે આવેલો હોઈને તેનો પહેલો સ્વર (इ) ઉદાત્ત સ્વર (= આરોહાત્મક સૂર)થી ઉચ્ચરાય છે. (ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત એવા મુખ્યત્વે ત્રણ સ્વરોમાંથી ઉદાત્ત સ્વરને દર્શાવવા માટે ઋગ્વેદના મુદ્રિત સંહિતા પાઠોમાં કોઈ જ નિશાની વપરાતી નથી. પરંતુ વિદ્યાર્થીઓને સમજણ આપવા માટે ઉપર ઉદાત્ત સ્વરવાળા અક્ષરની નીચે બિંદી (.)નું નિશાન મૂક્યું છે. અનુદાત્ત સ્વર (= અવરોહાત્મક સૂર)ને દર્શાવવા માટે તે સ્વરવાળા અક્ષરની નીચે આડી લીટી (–) છપાવવામાં આવી હોય છે. દા. ત., **वृषभम्** । તથા સ્વરિતસ્વરને બતાવવા માટે, તે સ્વરવાળા અક્ષરની ઉપર (।) ઊભો લીટો અંકિત કરવામાં આવે છે. જેમ કે **अन्धसः** । (જે અક્ષરોની નીચે ચોકડી (x) નું નિશાન છે. તેને 'પ્રચય' કહેવામાં આવે છે.)–આમ વેદોની ભાષા સસ્વર છે; સંગીતાત્મક છે. તે સ્વરો મુખ્યત્વે ૧. ઉદાત્ત, ૨. અનુદાત્ત અને ૩. સ્વરિત છે.

વેદમંત્રોના અર્થ જાણવા માટે આ ઉદાત્તાદિ સ્વરોનું જ્ઞાન હોવું અનિવાર્ય છે. 'વ્યાકરણ-મહાભાષ્ય'માં લખ્યું છે કે –

> **मन्त्रो हीनो स्वरतो वर्णतो वा मिथ्याप्रयुक्तो न तमर्थम् आह ।**
>
> **सः वाग्वज्रो (भूत्वा) यजमानं हिनस्ति यथेन्द्रशत्रुः स्वरतोऽपराधात् ।**

''સ્વર કે વર્ણની દૃષ્ટિએ ખોટી રીતે ઉચ્ચારાયેલો વેદમંત્ર, તેના યોગ્ય અર્થને પ્રકટ કરતો નથી. પરિણામે તે (મંત્રો) વાણી રૂપી વજ્ર બનીને યજમાનનો જ નાશ કરે છે. જેમ કે, **इन्द्रशत्रुः** । એ શબ્દ યોગ્ય (= અભીષ્ટ) ઉદાત્તાદિ સ્વરથી નહીં ઉચ્ચારાતાં–સ્વરનો અપરાધ થવાથી–યજમાન (વૃત્રાસુર)નો જ નાશ કરનાર બન્યો હતો.'' **इन्द्रशत्रुः** । શબ્દ બે રીતે ઉચ્ચારી શકાય છે. જેમ કે, (૧) **इन्द्रशत्रुः** । (અન્તોદાત્ત = જેમાં અંતિમ અક્ષર (त्रु) ઉદાત્ત હોય.) આવો સ્વર હોય તો **इन्द्रस्य शत्रुः** । (ષષ્ઠી તત્પુરુષ રૂપે વિગ્રહ થાય, અને તેનો અર્થ ''ઈન્દ્રનો શત્રુ અર્થાત્ ઈન્દ્રને હણનાર'' એવો થાય છે. વૃત્રાસુરે એક વાર પુત્રેષ્ટિ યજ્ઞ કરીને ''ઈન્દ્રને હણનાર (ઈન્દ્રનો શત્રુ)'' પુત્રની કામના કરી. પરંતુ યાજ્ઞિકોએ **इन्द्रशत्रुः** ।ને અન્તોદાત્ત સ્વરૂપે ઉચ્ચારવાને બદલે, ભૂલથી **इन्द्रशत्रुः** । એમ પૂર્વપદ (इन्द्र)માં ઉદાત્ત સ્વર ઉચ્ચાર્યો. પરિણામે (૨) તેવા **इन्द्रशत्रु** । શબ્દનો અર્થ ''ઈન્દ્ર છે શત્રુ = હણનાર જેનો'' (**इन्द्रः शत्रुः = शातयिता यस्य सः**) એવો થઈ ગયો. આથી વૃત્રાસુરને જે પુત્ર મળ્યો (તેણે ઈન્દ્રને હણવાને બદલે), તે પુત્ર જ ઈન્દ્રના હાથે હણાઈ ગયો. આમ વેદમંત્રો સ્વર સહિત રચાયા છે અને તેમના સ્વરોનું સમ્યગ્ જ્ઞાન અને સમ્યગુચ્ચરણ ન થાય તો અર્થ બોધ થતો નથી; અથવા વિપરીત અર્થ થઈ જાય છે અને દેવોનો અપરાધ ઊભો થાય છે.

વૈદિક મંત્રોની ભાષાની આ સ્વરગત વિશેષતા ભારત-યુરોપીય ભાષાકુળની બીજી પ્રાચીન ભાષાઓ–જેવી કે ગ્રીક, લેટિન, જર્મન વગેરે-માં જોવા મળે છે.

દા. ત., ગ્રીક–	સંસ્કૃત.	
Gońu	जानु	(ઘૂટણ)
Tató's	तत:	(तनु+क्त) ફેલાયેલો,

વળી, ગ્રીક શબ્દ Lithololosમાં અંતિમ સ્વર ઉપર બળ આપીએ તો તેનો અર્થ ''પથ્થર ફેંકનાર' થાય છે. પરંતુ જો તે શબ્દના આદિસ્વર ઉપર બળ આપવામાં આવે તો 'પથ્થરોથી હણાયેલો' એવો તેનો અર્થ થાય છે. જર્મન ભાષામાં પણ 'ureg-hen' શબ્દ અંતિમ સ્વર ઉપર બલાઘાત થાય તો 'ઉપેક્ષા કરવી' એવો અર્થ નીકળે છે, તથા પહેલા સ્વર ઉપર બલાઘાત થાય તો 'ઉપરથી જવું કે પાર કરી જવું' એવો અર્થ થાય છે.

આ જ પ્રમાણે વેદની ભાષામાં પણ मा અવ્યય અનુદાત્ત હોય તો 'મને' (माम्) એવો અર્થ થાય છે. તથા मा અવ્યય ઉદાત્ત સ્વરવાળો હોય તો તેનો નિષેધ પરક અર્થ થાય છે. क्षयं (આદિ ઉદાત્ત) હોય તો 'નિવાસ'-ઘર એવો અર્થ થાય છે, પણ જો क्षय (અન્તોદાત્ત સ્વર) હોય તો 'મરેલો' એવો અર્થ થાય છે.

વૈદિક સંસ્કૃત ભાષામાં કાલક્રમે પરિવર્તનો થતાં થતાં જે લૌકિક-પ્રશિષ્ટ સંસ્કૃતનો વિકાસ થયો, તેમાંથી આ ઉદાત્તાદિ સંગીતાત્મક સ્વરો લુપ્ત થઈ ગયા છે. આ ઉપરાંત, વેદની અને લોકની ભાષામાં ઘણો મોટો તફાવત-વ્યાકરણનાં રૂપોની દૃષ્ટિએ અને શબ્દોના અર્થોની દૃષ્ટિએ ઊભો થયો છે. જેમ કે,

(૧) વેદમંત્રોની ભાષામાં ક્રિયાપદનાં રૂપોનું બાહુલ્ય જોવા મળે છે. તેમાં વિશેષે કરીને કાળવાચક (Tenses) રૂપોને બદલે અર્થવાચક (Moods) રૂપો વધારે વપરાયાં છે. વૈયાકરણ પાણિનિએ જે સંકેતાર્થને लेट् લકાર રૂપે ઓળખાવ્યો છે તે કેવળ વેદમાં જ વપરાયો છે, અને પાછળથી લોકની સંસ્કૃત ભાષામાં તેનો પ્રયોગ સદંતર બંધ થઈ ગયો છે.

(૨) વેદનાં ક્રિયાપદોની બરાબર આગળ તો प्र, अभि, उप, सु, अति વગેરે ઉપસર્ગોનો પ્રયોગ થાય છે જ, પણ વિશેષમાં ક્રિયાપદોથી સ્વતંત્રપણે આગળ પાછળ પણ તે ઉપસર્ગો વપરાય છે. ક્યારેક તો વેદમંત્રમાં ક્રિયાપદના સાહચર્ય વિનાનાં એકલાં ઉપસર્ગો પણ વપરાયેલાં જોવા મળે છે.

(૩) વૈદિક હેત્વર્થ કૃદન્તના અનેક પ્રત્યયો (तुम्, तवे, तवै, असे, कसे अध्यै વગેરે) મંત્રોમાં વપરાયેલા જોવા મળે છે. દા. ત., **जीवसे । श्रियसे । उपाचरध्यै । आहुवध्ये । पिबध्यै । पातवै । सूतवे । गन्तवे ।** વગેરે. પાછળથી લૌકિક સંસ્કૃતમાં હેત્વર્થ કૃદન્તનો અર્થ દર્શાવવા માટે કેવળ એક જ પ્રત્યય (तुम्) બાકી રહ્યો, બાકીના વેદપ્રચલિત તે પ્રત્યયો લુપ્ત થઈ ગયા છે.

(૪) લૌકિક સંસ્કૃતમાં कृ ધાતુ કેવળ આઠમા ગણનો ઉભયપદી ધાતુ જ છે,

પરિણામે **करोति । कुरुते** । જેવાં રૂપો જ મળે છે. પણ વેદમાં તે ધાતુ આઠમા ગણનો હોવા ઉપરાંત નવમા ગણનો પણ છે. જેમ કે, તેનાં **कृणोति । कृणुते** । રૂપો પણ વેદમંત્રોમાં વપરાયાં છે.

(૫) વેદની અંદર નામપદનાં રૂપોમાં પણ ભારે વિવિધતા જોવા મળે છે. જેમ કે, પ્રથમા વિભક્તિ દ્વિવચનમાં **देवा** અને **देवौ** । એવાં બે રૂપો મળે છે. પ્રથમા વિભક્તિ બહુવચનમાં **जनाः** । ની સાથે **जनासः** રૂપ પણ મળે છે. પુંલિંગ અકારાન્ત નામોના તૃતીયા વિભક્તિ બહુવચનમાં **देवैः** । ની સાથે **देवेभिः** રૂપ પણ વપરાય છે. લૌકિક સંસ્કૃતમાં આવું રૂપવૈવિધ્ય ટક્યું નથી.

(૬) વૈદિક ભાષામાં **ळ** અને **ळ्ह** ધ્વનિઓ જોવા મળે છે, જે લૌકિક સંસ્કૃતમાં ઊતરી આવ્યા નથી.

(૭) **दर्शत** (સુંદર), **अमूर** (બુદ્ધિમાન), **मूर** (મૂઢ) જેવા વૈદિક શબ્દોનો પ્રયોગ લૌકિક સંસ્કૃતમાં બંધ થયો છે. વળી, ઘણા વૈદિક શબ્દોના અર્થો પાછળથી બદલાઈ ગયા છે. જેમ કે, **असुर** શબ્દ વેદમાં 'શક્તિશાળી (દેવતા)' એ અર્થમાં વપરાય છે. પણ પાછળથી લૌકિક સંસ્કૃતમાં તે [**सुर** = દેવતાથી જે જુદો/વિરોધી તે] **अ-सुर** (= દાનવ) એવા અર્થમાં વપરાવા લાગ્યો છે.

આમ વેદમંત્રોની ભાષા અને પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યમાં (વ્યાસ, વાલ્મીકિ અને કાલિદાસ વગેરે મહાકવિઓ દ્વારા) પ્રયોજાયેલી ભાષામાં ઘણો મોટો તફાવત ઊભો થયેલો જોવા મળે છે. ઈ. સ. પૂર્વે ૬૦૦માં મહર્ષિ પાણિનિએ સંસ્કૃત ભાષાનું જે અનવદ્ય, સર્વાંગીણ અને છતાંય લાઘવપૂર્ણ **(अष्टाध्यायी)** વ્યાકરણ રચ્યું છે, તેમાં સ્પષ્ટપણે લોકની **भाषा** (સંસ્કૃત ભાષા) અને વેદની - **छन्दस्** ની ભાષા માટે જુદાં જ સૂત્રો આપવામાં આવ્યાં છે.

૭. વેદની સુરક્ષાના ઉપાયો

વેદોને 'ઈશ્વરીય (પવિત્ર) જ્ઞાન' માનવામાં આવ્યા હોઈને, તેની સાચવણી માટે ભારતીય આર્યપ્રજાએ અસાધારણ અને અ-દ્વિતીય પુરુષાર્થ કર્યો છે. મૂળમાં તો વેદમંત્રોને વંશપરંપરામાં કે ગુરુ-શિષ્યોની પરંપરામાં કેવળ શ્રુતિથી (= સાંભળીને) યાદ રાખવામાં આવતા હતા. (વેદમંત્રોને ગ્રંથસ્થ કરવાની પ્રવૃત્તિ તો ઘણી આધુનિક છે.) આદિકાળથી માંડીને આજદિન સુધી આ વેદમંત્રોને યથાવત્ સ્વરૂપે જ સાચવી રાખવામાં આવ્યા છે. તેમાં શબ્દોના પરિવર્તન, કે સુધારાવધારાને તો અવકાશ નથી જ નથી; પણ તેના એકાદ અક્ષર કે ઉદાત્તાદિ સ્વરોમાં પણ ક્યાંય કશોય ફેરફાર-વિકૃતિ-થવા પામેલ નથી ! સદીઓ સુધી બ્રાહ્મણોએ એકધારી રીતે વેદમન્ત્રોને સ્મૃતિબદ્ધ કરીને સાચવી રાખવાનો જે અનુપમ પુરુષાર્થ કર્યો છે તે જોઈને આપણું મસ્તક કૃતકૃત્યતાની લાગણીથી નમી જાય છે.

આ વેદોને તેના મૂળ સ્વરૂપે જ સાચવી રાખવા માટે ઋષિઓએ જે વિવિધ ઉપાયો અમલમાં મૂક્યા છે, તે નીચે મુજબ છે : (૧) ચારેય વેદોને સસ્વર કંઠસ્થ કરવા અને કરાવવા. બ્રાહ્મણોએ તો નિષ્કારણ છ વેદાંગો સહિત ચારેય વેદોને કંઠસ્થ કરવા, તેના અર્થો સમજવા, અને આવનારી નવી પેઢીને તે કંઠસ્થ કરાવવા સુધીની જવાબદારી ઉઠાવી છે. ઋષિમુનિઓના વંશજોએ કે ગુરુ-શિષ્યોની પરંપરાએ વેદોને જુદા જુદા જૂથમાં-જુદી જુદી શાખાઓમાં-ભણવા-ભણાવવાની અદ્યાવધિ અવિરત પ્રવૃત્તિ આરંભી છે. તેમાંથી વેદની જુદી જુદી શાખાઓમાં વેદોના મંત્રો સચવાઈ રહ્યા છે. જેમ કે, પતંજલિએ 'વ્યાકરણ મહાભાષ્ય'માં 'ઋગ્વેદની ૨૧ શાખાઓ, યજુર્વેદની ૧૦૦ શાખાઓ, સામવેદની ૧૦૦૦ શાખાઓ અને અથર્વવેદની ૯ શાખાઓ હતી'' એમ લખ્યું છે. બીજી તરફ, ''ચરણવ્યૂહ' નામના સૂત્રસમયના એક પરિશિષ્ટ ગ્રંથમાં ૧. શાકલ, ૨. વાષ્કલ, ૩. આશ્વલાયન, ૪. શાંખાયન અને ૫. માણ્ડૂકેય–એવી ઋગ્વેદની પાંચ શાખાઓ ગણાવી છે, જેમાંથી કેવળ શાકલ ઋષિની શાખામાં સચવાયેલી 'ઋગ્વેદસંહિતા' જ આજે ઉપલબ્ધ થાય છે.

(૨) વેદોના સંહિતાપાઠને (=વેદમંત્રોની મૂળ પ્રકૃતિને) વધારે પ્રામાણિકપણે સાચવી રાખવા માટે કાલક્રમે જુદી જુદી 'વિકૃતિ'ઓ વિકસાવવામાં આવી છે. જેમ કે, સંહિતાપાઠમાંથી - (क) પદપાઠ, (ख) ક્રમપાઠ, (ग) જટાપાઠ અને (घ) ઘનપાઠ જેવી આઠ પ્રકારની વિકૃતિઓ તૈયાર કરવામાં આવી છે.

(क) પદપાઠ : ઋગ્વેદના સંહિતાપાઠમાંથી સૌથી પહેલવહેલા શાકલ્યે સંહિતા (=સન્ધિ)ને છોડી નાખીને, પદોને પરસ્પરથી છૂટા પાડીને **पद-पाठ** તૈયાર કર્યો છે. દા. ત. પૃ. ૮ ઉપર, સંહિતાપાઠ અને પદપાઠનું ઉદાહરણ જોવું. વેદોને સળંગ સંહિતારૂપે કંઠસ્થ કરવા ઉપરાંત, બ્રાહ્મણો દરેક વેદમંત્રનો પદપાઠ પણ કંઠસ્થ કરે છે. પરિણામે, સન્ધિજન્ય ધ્વન્યાત્મક વિકારોથી મુક્ત કરેલાં પદોને સ્વતંત્રપણે ઓળખી શકાય, સમજી શકાય છે.

સમયની દૃષ્ટિએ વિચારીએ તો સંહિતાપાઠ તૈયાર થયા પછી જ પદપાઠ તૈયાર કરવામાં આવ્યો હશે એવું જણાય છે. આ સંદર્ભમાં પ્રો. મેકડોનલ લખે છે કે–પદપાઠ અને સંહિતાપાઠ એ બેઉ એક્કી વખતે જ નહોતા ઘડાયા એમ માનવાનું ચોક્કસ કારણ એ છે કે પદપાઠમાં કેટલાક ખોટા અર્થ કરેલા કે કેટલીક ગેરસમજ થયેલી સ્પષ્ટ માલૂમ પડે છે. તો પણ સંહિતાપાઠ પછી થોડો વખત જ રહીને એ પદપાઠ ઘડાયો હોવો જોઈએ, કારણ કે ઐતરેય આરણ્યકના લેખકને એ પદપાઠની માહિતી હતી એવું જણાય છે. આ પદપાઠનો રચનાર શાકલ્ય છે. યાસ્ક ઋષિ આ શાકલ્યનું પ્રમાણ આપે છે; તથા શૌનકે આ પદપાઠને આધારે જ ઋગ્વેદ પ્રાતિશાખ્યની રચના કરી છે.''

(ख) ક્રમપાઠ : વેદના પવિત્ર ગ્રંથને હજી પણ વધારે ચોક્કસ રીતે જેવો ને તેવો જાળવી રાખવાને માટે, (પદપાઠની રચના થયા પછી) થોડા વખતમાં જ 'ક્રમપાઠ'નું સ્વરૂપ ઘડી કાઢવામાં આવ્યું છે. આ ક્રમપાઠનું સ્વરૂપ પણ જૂનું છે, કારણ કે ઐતરેય આરણ્યકના રચનારને મૂળથી જ જેવી રીતે પદપાઠની માહિતી હતી, તેવી જ રીતે ક્રમપાઠની પણ માહિતી છે. આ પ્રકારના ક્રમપાઠમાં પદપાઠનો દરેક શબ્દ બે વાર બોલવામાં આવે છે. એક શબ્દને આગળ આવી ગયેલા શબ્દની સાથે તેમ જ પાછળ આવતા શબ્દની સાથે પણ જોડવામાં આવે છે. ઉદા. ત., **अ, ब, क** અને **ड**– એને આપણે ચાર શબ્દો ગણીએ તો, તે ક્રમપાઠમાં આ પ્રમાણે બોલાય છે : – **अब, बक, कड । अग्निमीळे पुरोहितं यज्ञस्य देवमृत्विजम् । होतारं रत्नधातमम् ।** આ મન્ત્રનો ક્રમપાઠ આ રીતે થશે : **अग्निं ईळे, ईळे पुरोहितम् पुरोहितं यज्ञस्य, यज्ञस्य देवम्, देवं ऋत्विजम् ॥** વગેરે. (બ્રાહ્મણો સંહિતાપાઠની સાથે સાથે જ અથવા ક્રમપાઠની પદ્ધતિથી પણ ઋગ્વેદના દશેય હજાર મન્ત્રોને કંઠસ્થ કરતા હતા/કરે છે.

(ग) જટાપાઠ : વેદમન્ત્રનો એકાદ શબ્દ પણ ખોવાઈ ના જાય–વિસ્મૃત ના થઈ જાય–એની કાળજી રાખવા માટે બ્રાહ્મણજાતિના લોકોએ, ક્રમપાઠને આધારે જટાપાઠ (=ગૂંથેલો પાઠ) પણ તૈયાર કર્યો છે. તેમાં દરેક જોડકું ત્રણ ત્રણ વાર બોલાય છે; અને બીજી વાર બોલાય છે તે વિપરીત ક્રમમાં બોલાય છે. જેમ કે–માની લો કે **अग्निम् ईळे पुरोहितम् यज्ञस्य देवम्** = એવા પાંચ શબ્દો છે. તેના

अ ब क ड च

જટાપાઠમાં → **अब,, बअ, अब/बक, कब, बक/कड, डक, कड** વગેરે. દા.ત. **अग्नि ईळे, ईळे अग्निं, अग्निं ईळे । ईळे पुरोहितं, पुरोहितं ईळे, ईळे पुरोहितं । पुरोहितं यज्ञस्य, यज्ञस्य पुरोहितम्, पुरोहितं यज्ञस्य ।** વગેરે.

(घ) ઘનપાઠ : વેદમન્ત્રોના શબ્દોની ગૂંથણીની પરાકાષ્ઠા તો આ ઘનપાઠમાં થતી જોવા મળે છે. જેમ કે,–

अब, बअ, अबक, कबअ, अबक,

बक, कब, बकड, डकब, बकड,

कड, डक, कडच, चडक, कडच વગેરે. ઉદા. તરીકે–

(૧) **अग्नि ईळे, ईळे अग्निं, अग्निं ईळे पुरोहितं, पुरोहितं ईळे अग्निं, अग्निं ईळे पुरोहितम् ।**

(૨) **ईळे पुरोहितं, पुरोहितं ईळे, ईळे पुरोहितं यज्ञस्य,**
यज्ञस्य पुरोहितं ईळे, ईळे पुरोहितं यज्ञस्य ।

(૩) **पुरोहितं यज्ञस्य, यज्ञस्य पुरोहितं, पुरोहितं यज्ञस्य देवं,**
देवं यज्ञस्य पुरोहितं, पुरोहितं यज्ञस्य देवम् ॥ વગેરે.

(જિજ્ઞાસુએ **वेदविकृतिलक्षणसंग्रह**—સંપાદક : કે. વી. અભ્યંકર, અને જી. વી. દેવસ્થલી, ભાંડોરકર ઓરિએન્ટલ રીચર્સ ઈન્સ્ટીટ્યૂટ પૂના ૧૯૭૮-પુસ્તક જોવું. જેમાં વેદમન્ત્રોની પદપાઠ વગેરે વિવિધ વિકૃતિઓની સમજણ આપવામાં આવી છે.)

(૩) ચારેય વેદોનું સસ્વર ઉચ્ચારણ કેવી રીતે કરવું ?, વેદમાં વપરાયેલા છન્દોની સમજણ કેવી રીતે મેળવવી ? વેદમંત્રોમાં પ્રયોજાયેલા શબ્દોના અર્થો કેવી રીતે કરવા ? વગેરે પ્રશ્નો-જિજ્ઞાસા-નું સમાધાન કરવા માટે છ વેદાંગોને તૈયાર કરવામાં આવ્યા છે. આ છ વેદાંગોએ પણ વેદની રક્ષા કરવામાં બહુ મોટો ફાળો આપ્યો છે. છ વેદાંગો—

૧. શિક્ષા
૨. કલ્પ
૩. છન્દસ્
૪. જ્યોતિષ્
૫. વ્યાકરણ
૬. નિરુક્ત

રૂપકાત્મક રીતે જે ‘વેદપુરુષ’ની કલ્પના કરવામાં આવી છે, અને તેમાં આ વેદાંગોનું જે સ્થાન છે તે આ પ્રમાણે છે :

छन्दः पादौ तु वेदस्य हस्तौ कल्पोऽथ पठ्यते ।
ज्योतिषमयनं चक्षुर्निरुक्तं श्रोत्रमुच्यते ॥
शिक्षा घ्राणं तु वेदस्य, मुखं व्याकरणं स्मृतम् ।
तस्मात्साङ्गमधीत्यैव ब्रह्मलोके महीयते ॥

વેદપુરુષના બે પગ તે ‘છદ’ નામનું વેદાંગ છે, અને બે હાથ તે ‘કલ્પ’ નામનું વેદાંગ છે. જ્યોતિષ તેનું ચક્ષુઃ (આંખ) છે, અને નિરુક્ત વેદાંગ તે કાન છે. શિક્ષાવેદાંગ તે નાસિકા છે અને વ્યાકરણવેદાંગ તો મુખ જ છે. માટે આ ષડ્વેદાંગ સહિતનો વેદ ભણ્યા પછી જ—બ્રાહ્મણ—બ્રહ્મલોકમાં આનંદ કરે છે.

૧. શિક્ષા વેદાંગ તરીકે પાણિનીય શિક્ષાનો સ્વીકાર થયો છે. પરંતુ એકસોથી વધારે શિક્ષાઓ મળી આવી છે. આ શિક્ષા ગ્રન્થોમાં વેદ મન્ત્રોનું શુદ્ધ અને સસ્વર ઉચ્ચારણ કેવી રીતે કરવું તેનું જ્ઞાન આપવામાં આવ્યું છે. ૨. કલ્પ વેદાંગમાં વેદવિહિત કર્મોની ક્રમાનુસારી કલ્પના રજૂ કરવામાં આવે છે. બ્રાહ્મણગ્રન્થોમાં વર્ણવેલા યજ્ઞયાગાદિની વિવિધ ક્રિયાઓનો ક્રમ અહીં નક્કી કરી આપવામાં આવ્યો છે. કલ્પસૂત્રો મુખ્યત્વે ચતુર્વિધ હોય છે. જેમ કે, શ્રૌતસૂત્રો, ગૃહ્યસૂત્રો, ધર્મસૂત્રો અને શાલ્વસૂત્રો દરેક વેદનાં કયાં કયાં કલ્પસૂત્રો મળે છે તેની યાદી અગાઉ આપવામાં આવી છે. ૩. છન્દસ્ વેદાંગ તરીકે પિંગલાચાર્યના છન્દઃસૂત્ર પ્રચલિત છે. વેદમન્ત્રો મહદંશે

છન્દોબદ્ધ છે. (યજુર્વેદ અને અર્થર્વવેદનો અમુક ભાગ ગદ્યાત્મક છે). વેદની અંદર ગાયત્રી, ત્રિષ્ટુપ્, અનુષ્ટુભ્, જગતી, પંક્તિ, ઉષ્ણિક્, બૃહતી જેવા સાતેક છંદો મોટા પ્રમાણમાં વપરાયા છે. વેદમન્ત્રોના સ્વર અને અર્થ જાણવાની સાથે જ પ્રત્યેક મન્ત્ર કયા છન્દમાં રચાયો છે ? તે અનિવાર્ય પણે જાણવું જોઈએ, નહીં તો પાપભાક્ થવાય છે એવી ભારતીય માન્યતા છે. ૪. **જ્યોતિષ્** વેદાંગ તરીકે બે ગ્રન્થો મળી આવે છે : ઋગ્વેદ સમ્બન્ધિત 'આચાર્ય જ્યોતિષ' અને યજુર્વેદ સમ્બન્ધિત ''યાજુષ જ્યોતિષ'. આ જ્યોતિષ વિદ્યાના પુરસ્કર્તા 'લગથ' નામના ઋષિ હતા. આ વિદ્યાને આધારે અમુક યજ્ઞક્રિયા ક્યારે શરૂ કરવી ? વગેરે કાલનિર્ણય કરવામાં આવે છે. ૫. **વ્યાકરણ** વેદાંગ તરીકે ઈ. સ. પૂર્વ ૬૦૦માં મહર્ષિ પાણિનિએ રચેલા **अष्टाध्यायी** વ્યાકરણની ગણના થાય છે. લગભગ ૪૦૦૦ સૂત્રમાં રચાયેલું આ વ્યાકરણ અનવદ્ય, સર્વાંગીણ અને છતાંય લાઘવપૂર્ણ છે. તેમાં વૈદિક સંસ્કૃત અને લૌકિક સંસ્કૃત એમ બંને ભાષાનું વ્યાકરણ રજૂ કરવામાં આવ્યું છે. ૬. **નિરુક્ત** વેદાંગ તરીકે આજે યાસ્કે લખેલું 'નિરુક્ત' મળી આવે છે. નિઘંટુ નામના એક પ્રાચીનતમ વૈદિક શબ્દકોશની ઉપર યાસ્કે જે ભાષ્ય લખ્યું છે તેનું નામ 'નિરુક્ત' છે. આ ગ્રંથમાં વેદમંત્રોમાં વપરાયેલા અઘરા શબ્દોના અર્થનું નિર્વચન કરવામાં આવ્યું છે. શબ્દોની વ્યુત્પતિ જાણવા માટેનો આ પ્રાચીનતમ ગ્રન્થ છે.

(૪) વળી, વિવિધ ''અનુક્રમણી' ગ્રન્થોએ પણ વેદના અક્ષરો, શબ્દો (પદો) પાદો, કયા છંદમાં કેટલા મન્ત્રો તે મન્ત્રોના દેવતા કોણ કોણ, પાદો [સૂક્તોની સંખ્યા, મંડળ અને અનુવાદકોની સંખ્યા] વેદમન્ત્રોના દ્રષ્ટા ઋષિઓનાં નામો વગેરે વિગતોની પૃથક્કરણાત્મક યાદીઓ તૈયાર કરીને સંગ્રહ કરી રાખ્યો છે. આજે ઉપલબ્ધ વેદની સંહિતાઓમાં જોતાં આ વિગતો તેની સાથે સુસંગત જણાય છે. (પરિણામે આજે મળતી વેદસંહિતાઓ મૂળમાં કોઈ જ પ્રકારના ફેરફાર, સુધારા-વધારા, કે લુપ્તાંશ વિનાની મળે છે એવું અનુમાન કરી શકાય છે.) ઋક્સર્વાનુક્રમણીના ટીકાકાર ષડ્ગુરુશિષ્યે લખ્યું છે કે કેવળ ઋગ્વેદની જ દશ અનુક્રમણીઓ હતી. જેમ કે આર્ષાનુક્રમણી, દેવતાનુક્રમણી, છંદોનુક્રમણી, અનુવાકાનુક્રમણી, સૂક્તાનુક્રમણી, ઋગ્વિધાન, પાદવિધાન, પ્રાતિશાખ્ય, શૌનક સ્મૃતિ અને બૃહદ્દેવતા.

(૫) પ્રાતિશાખ્યો વિષે : પ્રાતિશાખ્ય પ્રકારના ગ્રન્થો (કે જેમાં વેદના સ્વર, છન્દ, સન્ધિ, પદપાઠ, ઉચ્ચારણવિધિ વગેરેનું દર્શન કરવામાં આવ્યું છે (–તેમણે પણ વેદરક્ષામાં બહુ મોટો ફાળો આપ્યો છે. વાસ્તવમાં તો નિરુક્ત વેદાંગ, વ્યાકરણ વેદાંગ કે શિક્ષા વેદાંગની પણ પૂર્વે વેદની દરેક શાખાનું **(प्रतिशाखम्)** એક એક પ્રાતિશાખ્ય હતું. આવાં પ્રાતિશાખ્યોમાંથી નીચે મુજબનાં જ પ્રાતિશાખ્યો મળ્યાં છે. ઈ. સ. પૂર્વે ૫૦૦ થી ઈ. સ. પૂર્વે ૧૫૦ સુધીમાં અનુક્રમે નીચેનાં પ્રાતિશાખ્યો રચાયાં હશે એવું ડૉ. સિદ્ધેશ્વર વર્મા માને છે :

(૧) ઋક્ પ્રાતિશાખ્ય (પ્રાચીનતમ)

(૨) A. તૈત્તિ૦ પ્રાતિશાખ્ય (મૂલાધાર)

(૩) (अ) વાજ૦ પ્રાતિ૦
(ब) અથર્વ૦ પ્રાતિ૦ (મૂલાધાર) } લગભગ સમકાલિક

–ત્યાર પછી પાણિનિ – **અષ્ટાધ્યાયી** વ્યાકરણની રચના –

(૨) B. તૈત્તિ૦ પ્રતિ૦ (ઉત્તરકાલિક રૂપ.)

(૪) અથર્વ૦ પ્રાતિ૦ (ઉત્તરકાલિક રૂપ.)

(૫) ઋક્તન્ત્ર (સામવેદીય)

પ્રોફે૦ લીબીશના મતે કાલક્રમાનુસાર પાણિનિની પણ પૂર્વે કેવળ ઋગ્વેદ પ્રાતિશાખ્ય અને વાજસનેયિ પ્રાતિશાખ્ય જ આવે છે. તેમના મતે બાકીનાં બધાં જ પ્રાતિશાખ્યો પાણિનિ પછીનાં છે.

(૬) વેદની સુરક્ષાના ઉપર વર્ણવેલા ત્રિવિધ ઉપાયો ઉપરાંત, સમગ્ર દર્શનસાહિત્ય (ન્યાય-વૈશેષિક, સાંખ્ય-યોગ, પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા (=વેદાન્ત દર્શન) પણ વેદરક્ષાના હેતુથી જ પ્રેરાયેલું છે.

(૭) વેદોના ભાષ્યકારો : વેદો ઉપર ભાષ્ય કે ટીકાઓ રચીને પણ વેદરક્ષા કરવાનું કાર્ય પ્રાચીન સમયથી આરંભાયું છે.

વેદના ઉપલબ્ધ સઘળા ભાષ્યકારોમાંથી સૌથી જૂના **સ્કન્દસ્વામી** છે. તેમણે ૬૮૭ વિક્રમસંવતમાં ઋગ્વેદ ઉપરની ટીકા લખી હતી. જેમાંથી ઋગ્વેદના પ્રથમ અષ્ટક ઉપરની સંપૂર્ણ તથા ૨ થી ૫ અષ્ટકની ખંડિત ટીકા જ મળે છે. આ સ્કન્દસ્વામીના સહકાર્યકર તરીકે ‘નારાયણ’ અને ‘ઉદ્ગીથ’ નામના વિદ્વાનો હતા. આ બંને વિદ્વાનોએ પણ ઋગ્વેદના અમુક અંશ ઉપર ભાષ્ય લખ્યું હતું.

સ્કન્દસ્વામી પછી બીજા અનેક ભાષ્યકારો થાય છે જેમાં **વેંકટ માધવ** આનન્દતીર્થ, આત્માનંદ, **મહીધર**, ઉવ્વટ, હલાયુધ, રાવણ, દેવસ્વામી, માધવ અને **સાયણ**, વગેરે. આ બધામાંથી સૌથી વધારે પ્રસિદ્ધિ પામેલા ભાષ્યકાર સાયણાચાર્ય છે. અર્વાચીન સમયમાં સ્વામી દયાનન્દે પણ વેદ ભાષ્યની રચના કરી છે.

સાયણાચાર્ય : કર્ણાટકના રાજવી બુક્કરાયે ૧૪મી સદીમાં મુસલમાની રાજાઓને સખત હાર આપીને ‘વિજયનગર’ નામના હિન્દુ રાજ્યની સ્થાપના કરી હતી. સાયણાચાર્ય તે બુક્કરાયના મન્ત્રી હતા, અને બુક્કરાયના જે ઉત્તરાધિકારી રાજા હરિહર હતા, તેના પણ મન્ત્રી હતા. સાયણના એક ભાઈ માધવ પણ હતા. ૭૨ વર્ષની ઉંમરે ૧૩૮૭ ઈ. સ.માં સાયણનું દેહાવસાન થયેલું. સાયણાચાર્યે જે ભાષ્યસાહિત્યની રચના કરી છે, તે નીચે મુજબ છે :

(૧) ઋગ્વેદની શાકલસંહિતા,

(૨) શુક્લ યજુર્વેદની કાણ્વસંહિતા.

(૩) કૃષ્ણ યજુર્વેદની તૈત્તિરીય સંહિતા,

(૪) સામવેદની કૌથુમ સંહિતા,

(૫) અથર્વવેદની શૌનક સંહિતા ઉપર ભાષ્યો લખ્યાં છે. આ ઉપરાંત–

(૬) સામવેદના બ્રાહ્મણો, (૭) ઐતરેય આરણ્યક અને ઉપનિષદ્, (૮) તૈત્તિરીય બ્રાહ્મણ, આરણ્યક અને ઉપનિષદ્, તથા (૯) સામ પ્રાતિશાખ્ય ઉપર પણ ભાષ્યો લખ્યાં છે. આ ઉપરાંત સુભાષિત સુધાનિધિ વગેરે પાંચ ગ્રન્થો અને પાણિનીય ધાતુપાઠ ઉપર તેમણે ''માધવીયા ધાતુવૃત્તિ''ની રચના કરી છે.

અહીં એક રસપ્રદ હકીકત એ છે કે આટલું વિશાળ વૈદિકભાષ્ય સાહિત્ય સાયણાચાર્યે એકલાએ નહીં, પણ એક વિદ્વન્મંડલીએ ભેગા મળીને, અલબત્ત સાયણાચાર્યની અધ્યક્ષતામાં, રચ્યું હતું. સાયણની સાથે નરહરિ સોમયાજી, નારાયણ વાજપેયયાજી, પંઢરી દીક્ષિત વગેરે અનેક વિદ્વાનો વેદભાષ્યની રચના કરવામાં સહભાગી બન્યા હતા. આ સઘળું વેદભાષ્ય સાહિત્ય ''સાયણભાષ્ય''ના નામે પ્રચલિત છે. અહીં નોંધપાત્ર એક હકીકત એ છે કે આધુનિક સમયમાં વેદમંત્રોના અર્થો સમજવામાં કે અંગ્રેજી વગેરે ભાષાઓમાં વેદમંત્રોનો અનુવાદ કરવામાં આ સાયણભાષ્યોએ ઘણી મોટી મદદ કરી છે. સાયણભાષ્યની મદદ વિના વેદમંત્રોના અર્થ સમજવા અશક્યવત્ બની રહ્યા હોત; એ નિર્વિવાદ હકીકત છે.

8. પ્રાચીન ભારતીય આર્યભાષા–વૈદિક સંસ્કૃત–નો પૂર્વ ઈતિહાસ

ગઈ (ઓગણીસમી સદીમાં) ભૌગોલિક દૃષ્ટિએ તદન ભિન્ન જણાતી, યુરોપ અને એશિયા ખંડની ભાષાઓ, જેવી કે–ગ્રીક, લેટિન, જર્મન, સંસ્કૃત અને અવેસ્તાની ભાષા-માં ઘણું બધું સામ્ય મળી આવતાં એવું અનુમાન કરવાનું પ્રાપ્ત થયું કે આ બધી ભાષાઓ કોઈ એક જ કુળની ભાષાઓ છે. બીજા શબ્દોમાં કહીએ તો, આ બધી ભાષાઓની જનેતા સમી કોઈ એક, પ્રાગ્ ઐતિહાસિક કાળની ઈન્ડો-યુરોપિયન (અથવા ભારોપીય) ભાષાનું કલ્પન કરવામાં આવ્યું છે.

આ ઈન્ડો-યુરોપિયન ભાષા બોલતા માણસોનો સમૂહ આદિકાળમાં ક્યાં વસતો હતો, અને કાળક્રમે એ મનુષ્યોએ ક્યાંથી ક્યાં સ્થળાંતર કર્યું ? વગેરે મુદ્દાઓ આજે અનુમાનના અને કલ્પનાના વિષયો છે, એ વિષે ટૂંકમાં જોઈશું. ડૉ. પી. ડી. ગુણે મહાશયે તેમના An Introduction to the Comparative Philology નામના પુસ્તકમાં (પરિશિષ્ટ-પૃ. ૧૮ ઉપર) પૂર્વ યુરોપ અને પશ્ચિમ એશિયાનો એક નકશો આપ્યો છે. તેને આધાર રાખીને આ ચર્ચા કરી છે. યોકોબી, વિન્ટરનિત્ઝ અને હિલબ્રાંટ જેવા જૂની પેઢીના વિદ્વાનોની એવી ધારણા હતી કે ભારતમાં જ વૈદિક ધર્મનો ઉદ્ગમ થયો હતો. તેઓ માનતા હતા કે ભારતમાંથી જ આ મનુષ્યજાતિ પશ્ચિમના દેશોમાં ગઈ

છે. તેઓ પુરાવા રૂપે વૈદિક 'દુહ્ય' જાતિએ સ્થળાંતર કર્યું હતું તેને ટાંકે છે. પરંતુ પાછળથી થયેલાં કેટલાંક સંશોધનોએ આ મતને ખોટો પુરવાર કર્યો છે. પરંપરા અને ઇતિહાસ એ બંનેમાં ''વૈદિક-આર્ય-જાતિ'' એક પરદેશી જાતિ તરીકે જ પ્રસિદ્ધ છે. વૈદિક આર્યજાતિની એક **पुरन्दर** (ઇન્દ્ર) નામની દેવતા છે, એ શબ્દનો અર્થ થાય છે : ''કિલ્લા/નગરોને તોડનારો'' આ શબ્દ જ સૂચવે છે કે આર્યો મૂળ ભારતના વતની ન હતા, પણ બહારથી આવીને વસ્યા છે.

લોકમાન્ય શ્રી બાલ ગંગાધર ટિળકના મતે આર્યો ઉત્તર ધ્રુવમાંથી મધ્યએશિયામાં આવ્યા હતા. મધ્યએશિયામાંથી જ આર્ય જાતિ બે મુખ્ય વર્ગોમાં વહેંચાઈ ગઈ હતી. એક વર્ગ યુરોપ તરફ ચાલી નીકળ્યો; અને બીજો વર્ગ ઈરાન તથા ભારતની તરફ ચાલી નીકળ્યો. મેકસમ્યૂલર જેવા વિદ્વાનો મધ્યએશિયાને આર્યોની આદિમ જન્મભૂમિ માને છે. શ્રોયેદરના મતે આર્યોની આદિમ જન્મભૂમિ વોલ્ગા નદીની આસપાસ હતી. ત્યાંથી જ તેઓ જુદી જુદી ટુકડીઓમાં અને જુદી જુદી દિશાઓમાં નીકળી ગયા હતા.

જગતની-એશિયા અને યુરોપની-કેટલીક ભાષાઓ, જેવી કે, સંસ્કૃત, અવેસ્તા, ગ્રીક, લેટિન, લિથુઆનિયન વગેરેમાં પ્રારંભિક મનુષ્યજીવન અને માનવસમાજ સાથે સંકળાયેલા અમુક પદાર્થોનાં નામો લગભગ એકસરખાં મળતાં આવે છે. ધુમાડો, મધ, રુધિર, માંસ, માતા, પિતા, ભ્રાતા, દુહિતા, શ્વસુર વગેરે શબ્દો ઉપર્યુક્ત ભાષાઓમાં થોડાક ધ્વન્યાત્મક ફેરફારોને બાદ કરતાં એકસરખાં મળી આવે છે. આથી એવું અનુમાન કરવાનું પ્રાપ્ત થાય છે કે આ બધી ભાષાઓ બોલનારાઓના પૂર્વજો કોઈક સમયે સાથે રહેતા હશે. આ પૂર્વજો—આર્ય જાતિ—મૂળમાં કયા એક સ્થળે સાથે નિવાસ કરતી હતી તે આજે વિવાદનો પ્રશ્ન છે. તથાપિ આ બધી એશિયા અને યુરોપની (ભારત-યુરોપીય) ભાષાઓ કોઈ એક સામાન્ય ભાષામાંથી ઊતરી આવી હશે એવી ધારણા કરવી તે તદ્દન બિનપાયાદાર નથી.

આધુનિક સંશોધનો અનુસાર પ્રાગ્ ઐતિહાસિક કાળની (ભારત-યુરોપીય) ભારોપીય પ્રજા કાસ્પીયન સમુદ્રની ઉત્તરે, યૂરાલ અને અલ્ટાઇક પર્વતોની વચ્ચે અર્થાત્ ઉત્તરનાં કીર્ગીઝનાં મેદાનોમાં નિવાસ કરતી હતી. ભારોપીય ઇતિહાસમાં જે પશુવિશેષનું ખૂબ મહત્ત્વ છે તે અશ્વ, ઉત્પત્તિની દૃષ્ટિએ અલ્ટાઈક જ છે. પ્રાણિવિજ્ઞાનવિદ્ એમશ્લરનું માનવું છે કે ઉત્તરનાં કીર્ગીઝનાં મેદાનોમાં ગાય અને ઘોડાનું હોવું સુસંગત છે. (આરંભિક ભારોપીય બોલીઓમાં વાઘ, ઊંટ કે દીપડાઓના વાચક શબ્દો મળતા નથી. આથી આરબ દેશો કે સિન્ધના રણપ્રદેશો ભારોપીય પ્રજાનું મૂળ નિવાસસ્થાન ન હોઈ શકે એમ સૂચવાય છે.) મૂળ ભારોપીય ભાષા બોલનારાઓ યુરોપની વનસ્પતિઓથી પૂરેપૂરા અપરિચિત હતા. તથા પ્રાચીનતમ ભારોપીય ભાષા બોલનારા આ લોકો પશ્ચિમમાં યુરોપમાં કે પૂર્વમાં ભારતમાં પ્રવેશતાં પહેલાં ખેતી નહોતા કરતા. આ આદિમ ભારોપીય પ્રજાનો મુખ્ય વ્યવસાય પશુઓનું પાલન તથા તેઓ મધ્ય યુરોપ-એશિયાનાં ઘાસનાં મેદાનમાં પશુઓને ચરાવવાનું કામ કરતા હતા. કીર્ગીઝનાં મેદાનોને ભારોપીય પ્રજાનું મૂળ નિવાસસ્થાન માનનારાઓમાં સ્પેશ્ત (Specht)નું નામ મહત્ત્વનું

છે. તેમણે વિવાહની રીતો, બીજી વિધિઓ, ધર્મ વગેરેનું સૂક્ષ્મ અધ્યયન કર્યું છે. આવા વિદ્વાનના નિષ્કર્ષોનું ખંડન સરળતાથી થઈ શકે એમ નથી.

સંસ્કૃતમાં **વીર** શબ્દ છે : આ જ શબ્દ લેટિમાં **ઉઈર** (uir), જર્મનમાં **વેર** (wer) અને જૂની આઈરીશ ભાષામાં **ફેર** (fer) રૂપે મળે છે. આ સમાન રૂપોને આધારે ભાષાશાસ્ત્રીઓએ તે મૂળ આદિમ ભારત યુરોપીય ભાષા બોલનારી પ્રજાનું નામ **વીરોસ્** *(wiros) હોવાનું કલ્પ્યું છે !

કીર્ગીઝનાં મેદાનોમાં નિવાસ કરતી આ આદિમ ભારોપીય પ્રજાના જુદા જુદા સમૂહોએ કેટલી વાર અને કઈ કઈ દિશામાં સ્થળાંતર કર્યું ? તે જાણવું પણ રસપ્રદ છે. (1) ભારોપીય પ્રજાની પહેલી ટુકડીએ દક્ષિણ-પૂર્વના દેશો એટલે કે બલખ (Balkh) તરફ પહેલવહેલું સ્થળાંતર કર્યું. આ બલખનો પ્રદેશ હવા, પાણીની દૃષ્ટિએ કીર્ગીઝનાં મેદાનો કરતાં જુદો ન હતો. ભાષાશાસ્ત્રીય, પુરાતત્ત્વિક અને માનવશાસ્ત્રીય પ્રમાણોથી આ વાતની પુષ્ટિ થાય છે. આ મૂળ ભારતીય પ્રજાની પહેલી ટુકડી ''આદિમ-આર્ય'' તરીકે ઓળખાઈ.

ઉપર ઉલ્લેખાયેલ દક્ષિણપૂર્વનો **બલખનો પ્રદેશ જ ભારતીય આર્યોનો અધિકૃત પ્રદેશ છે. અહીં જ આદિમ વૈદિક મંત્રોની રચના પદપાઠ સ્વરૂપે થઈ હતી.** વૈદિક મંત્રોમાં અનેક સ્તરો જોવા મળે છે. પહેલા સ્તરના મંત્રોની ભાષા એક જીવંત ભાષા છે. બલખની આ ભાષા ૨૪૦૦ ઈ. સ. પૂર્વની જણાય છે. બીજા સ્તરના મંત્રો તે પુરોહિતોએ કરેલો સંહિતાપાઠ. **ભારતીય આર્યો જ્યારે બલખ છોડીને "પુરંદર (ઇન્દ્ર)"ને પોતાનો નેતા બનાવીને જ્યારે પંજાબમાં પ્રવેશ્યા તે સમય ઈ. સ. પૂર્વે ૧૯૦૦માં આ સંહિતાપાઠ તૈયાર થયેલો જણાય છે.** આ વખતે તે ભારતીય આર્યોને હડપ્પાની સંસ્કૃતિના લોકો જોડે અથડામણ થઈ હશે. ભારતીય આર્યોની ટુકડીનું પણ બે ભાગમાં વિભાજન થયુ : એક આર્યો કે જેઓ ભારતમાં આવ્યા તે ઇન્દ્રના ઉપાસક હતા. અને બીજા આર્યો કે જે ઈરાનમાં જઈને રહ્યા તે વરુણના ઉપાસકો હતા. (૨) ભારોપીય પ્રજાની બીજી ટુકડી કીર્ગીઝનાં મેદાનોમાંથી નીકળી પશ્ચિમના દેશો તરફ આગળ વધી. આ બીજી ટુકડી ''આદિમ-યુરોપિયન'' તરીકે ઓળખાઈ. આ આદિમ યુરોપિયનો એવા દેશોમાં-ગ્રીસ, રોમ, જર્મની વગેરે–ગયા કે જ્યાંનાં હવા, પાણી મૂળ ભારોપીય-કીર્ગીઝના મેદાન-પ્રદેશોથી તદ્દન ભિન્ન હતાં.

9. વૈદિક સાહિત્યની કાલાનુક્રમણિકા

અગાઉ જણાવ્યું છે તેમ ભારતીય પરંપરામાં વેદોને અનાદિ, નિત્ય અને ઈશ્વરકૃત માનવામાં આવે છે. આથી ''વેદોનો રચનાકાળ કયો હશે ?'' એ પ્રશ્ન શ્રદ્ધાળુ ભારતીયોને માટે અપ્રસ્તુત છે. ભારતીયો તો માને છે કે સૃષ્ટિના આરંભમાં ઈશ્વરે જ વેદોનું જ્ઞાન અગ્નિ, વાયુ, સૂર્ય અને અંગિરાને આપ્યું હતું. આ ઈશ્વરીય જ્ઞાનનું = એટલે કે વેદમન્ત્રોનું ઋષિઓને (માનસ પ્રત્યક્ષ) દર્શન થયું હતું. આથી ઋષિઓને મન્ત્રોના 'દ્રષ્ટા' કહેવામાં આવ્યા છે. શ્રી દયાનન્દ સરસ્વતીએ મનુસ્મૃતિ વગેરેમાં

પ્રમાણો એકઠાં કરીને એ બતાવ્યું છે કે વર્તમાન સૃષ્ટિનો આરંભ ૧૯૬૦૮૫-૨૯૭૬ વર્ષ પૂર્વે થયો હતો. આથી વેદોનો આરંભ પણ આટલાં વર્ષો પૂર્વે થયો હશે એમ કહી શકાય.

પરંતુ વર્તમાનયુગમાં પશ્ચિમી વિદ્વાનોના સંપર્કથી જે ઐતિહાસિક દૃષ્ટિ સાંપડી છે; અને ઉત્ક્રાંતિવાદે આપણી વિચારસરણીને વશ કરી છે તેના પરિણામે આપણે પણ ''વેદો ક્યારે રચાયા હશે ?'' એની વિચારણા કરવા માંડ્યા છીએ.

વૈદિક સાહિત્યનું અધ્યયન કરનારા પરદેશી વિદ્વાનોએ એકમતિથી 'ઋગ્વેદ'ને આ પૃથ્વી ઉપરનો સૌથી પ્રાચીનતમ ગ્રન્થ ગણ્યો છે. પરંતુ તેનો ચોક્કસ રચનાકાળ કયો હશે ? તે વિષે સૌ વિદ્વાનોનો જુદો જુદો જ મત છે ! આ વિષે એકમતિ પ્રવર્તતી જ નથી.

અહીં તે સૌ વિદ્વાનોના મતનો સાર રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે :

(૧) મેકસમ્યૂલરનો મત :

'સેક્રેડ બુક્સ ઓફ ધ ઈસ્ટ' (Sacred Books of the East) ગ્રન્થમાળામાં મેક્સમ્યૂલરે ઈ. સ. ૧૮૫૯માં ઋગ્વેદની (શાકલ શાખાની) સંહિતાનુ પહેલવહેલું પ્રકાશન કર્યું તથા History of Ancient Indian Literature 'ઋગ્વેદનો સમય' (The age of the Ṛgveda) કયો હશે એ વિષે કાલ્પનિક વિચાર રજૂ કર્યો. તેમના મત મુજબ ગૌતમ બુદ્ધના (ઈ. પૂર્વે ૫૦૦) સમય સુધીમાં વૈદિક સાહિત્યની રચના થઈ ગઈ હતી. મેકસમ્યૂલરે આ વૈદિક સાહિત્યને ચાર ભાગમાં વહેંચી કાઢ્યું છે : છન્દ, મન્ત્ર, બ્રાહ્મણ અને ઉપનિષદ્. આ દરેક ભાગના વિકાસને માટે તેમણે ૨૦૦-૨૦૦ વર્ષોનો ગાળો કલ્પ્યો છે. આ મુજબ– જો ગૌતમ બુદ્ધનો સમય ઈ. સ. પૂર્વે ૫૦૦ મૂકવામાં આવતો હોય, તો 'સૂત્રગ્રન્થો' બુદ્ધની પહેલાં રચાઈ ગયા હતા, એટલે સૂત્ર સાહિત્યનો સમય ઈ. સ. પૂર્વે ૬૦૦ મૂકવો જોઈએ. આ સૂત્રસાહિત્યની ૨૦૦ વર્ષ પહેલાં એટલે કે ઈ. સ. પૂર્વે ૮૦૦ સુધીમાં બ્રાહ્મણગ્રન્થોની રચના થઈ હશે. આ બ્રાહ્મણસાહિત્યમાં બ્રાહ્મણો-આરણ્યકો અને ઉપનિષદોની પણ રચનાનો સમાવેશ માનવાનો છે. તે સમયની પૂર્વે ૨૦૦ વર્ષો પહેલાં મન્ત્રોનો સમય મૂકી શકાય. વેદમન્ત્રોને બે ભાગમાં તેમણે વહેંચ્યા છે : છન્દ અને મન્ત્ર. મન્ત્રોનો વિનિયોગ યજ્ઞક્રિયામાં થતો હતો; બાકીનાને છન્દ કહેવામાં આવ્યા છે. યજ્ઞક્રિયામાં ઉપકારક એવા મન્ત્રોની રચના અને વિકાસ બ્રાહ્મણકાળની પૂર્વે એટલે કે ઈ. સ. પૂર્વે ૧૦૦૦માં માનવામાં આવી છે. તથા છન્દોની રચના તેની પણ પૂર્વેનાં ૨૦૦ વર્ષોમાં માની શકાય; એટલે કે ઈ. સ. પૂર્વે ૧૨૦૦માં છંદની રચના થઈ હશે. ઋગ્વેદનો પ્રાચીનતમ અંશ તે મન્ત્રો અને છન્દ છે; આથી ઋગ્વેદનો સમય ઈ. સ. પૂર્વે ૧૨૦૦ માની શકાય. ટૂંકમાં–

(क) છન્દનો સમય (જેમાં ઋગ્વેદસંહિતાનાં જૂનામાં જૂનાં સૂક્તો રચાયાં હશે, તે) ઈ. સ. પૂર્વે ૧૨૦૦ થી ૧૦૦૦.

(ख) **મન્ત્રોનો સમય** (જેમાં વિશેષ અર્વાચીન સૂક્તો રચાયાં અને સંહિતાઓ તૈયાર થઈ.) ઈ. સ. પૂર્વે ૧૦૦૦ થી ૮૦૦.

(ग) **બ્રાહ્મણોનો સમય** (જેમાં બ્રાહ્મણો, આરણ્યકો અને ઉપનિષદોનો સમાવેશ થઈ જાય છે તે)– ઈ. સ. પૂર્વે ૮૦૦ થી ૬૦૦.

(घ) **સૂત્રોનો સમય** : ઈ. સ. પૂર્વે ૬૦૦ થી ૨૦૦

આ કાલગણના બાબતે મેકસમ્યૂલર પોતે જ સંતુષ્ટ નહોતા. ઉપર્યુક્ત મત ઉચ્ચાર્યા પછી, કેટલાંક વર્ષો બાદ તેમણે જ કહ્યું હતું કે આ સમયનિર્ધારણ તો કેવળ એક કાલ્પનિક અનુમાન છે, વેદનો સમય થોડો ઘણોય; નક્કી કરવો અશક્ય જણાય છે. સંભવ છે કે વેદોનો સમય હજુ વધુ પ્રાચીન હોય.

મેકસમ્યૂલરના વિચારનું સમર્થન વિલ્સન, કીથ, કોલબ્રુક વગેરે વિદ્વાનોએ કર્યું છે. બીજા ઘણા વિદ્વાનોએ 'વેદનો સમય' વિચારવા માટે મેકસમ્યૂલરની પદ્ધતિનો સ્વીકાર કર્યો છે, પરંતુ વેદસાહિત્યના જુદા જુદા ચાર સ્તરોના વિકાસને માટે ૨૦૦-૨૦૦ વર્ષોનો એકસરખો ગાળો કલ્પવો તે મનસ્વી અને અવાસ્તવિક જણાય છે; તેથી તે સર્વસ્વીકાર્ય બની શકતો નથી.

ઓલ્ડનબર્ગે ઋગ્વેદની રચના ઈ. સ. પૂર્વે ૧૨૦૦ ને બદલે ઈ. સ. પૂર્વે ૨૫૦૦ માની છે. વેબર ઈ. સ. પૂર્વે ૧૫૦૦ થી ૧૨૦૦માં ઋગ્વેદને મૂકે છે. તથા વ્હીટની ઈ. સ. પૂર્વે ૨૦૦૦ થી ૧૫૦૦નો ગાળો ઋગ્વેદને માટે કલ્પે છે.

(૨) મેકડોનલનો મત :

મેકડોનલ નામના વેદના બીજા મહત્ત્વના અભ્યાસીએ ઋગ્વેદનો રચના કાળ ઈ. સ. પૂર્વે ૧૩૦૦ પ્રતિપાદિત કર્યો છે. તેમના મતે ભારતીય-ઈરાની શાખા ઈ. સ. પૂર્વે ૧૩૦૦ની આસપાસ પરસ્પરથી છૂટી પડી હશે. ત્યાર પછી આર્યોની ભારતીય શાખાએ 'ઋગ્વેદ'ની રચના કરી હશે. તથા તેના પછી ૫૦૦ વર્ષો, એટલે કે ઈ. સ. પૂર્વે ૮૦૦માં ઈરાની શાખામાં 'અવેસ્તા' (પારસીઓનાં ધર્મગ્રન્થની) રચના થઈ હશે.

(૩) વિન્કલર હ્યુગો :

આ વિદ્વાનને ઈ. સ. ૧૯૦૭માં એશિયા માઈનોરમાં બોઘાઝ-કૂઈ (Boghaz Koi) નામના સ્થળેથી કેટલીક માટીની પટ્ટીઓ મળી આવી. તેણે ઋગ્વેદનો સમય નક્કી કરવાની નવી દિશાઓ ખોલી આપી છે. આ માટીની પટ્ટીઓમાં આપણા વૈદિક દેવતાઓનાં નામો–મિત્ર, વરુણ, ઇન્દ્ર અને નાસત્યા– ઉપસાવવામાં આવેલાં છે ! ઈ.સ. પૂર્વે ૧૪૦૦માં 'હીટ્ટાઈટ્સ'ના રાજાએ મીટાનીસના રાજાની સાથે જે સન્ધિકરાર કર્યા હતા, તેમાં આપણા મિત્ર, વરુણ, ઇન્દ્ર જેવા વૈદિક દેવતાઓને સાક્ષીમાં રાખવામાં આવ્યા છે એવી તેની ઉપર નોંધ છે ! આથી આપણને એક કૌતુક જન્મે એમ છે કે આ ભારતીય આર્યપ્રજાના દેવોનાં નામ છેક એશિયા માઈનોરમાં મિટાનીસ પાસે કેવી રીતે પહોંચ્યા હશે ? એડવર્ડ મેયર નામના ઇતિહાસકારના મતે ભારત-ઈરાની શાખાના લોકો છૂટા નહીં પડ્યા હોય ત્યારના સમયમાં આ દેવોનાં નામો અહીં સુધી પ્રચલિત

થયાં હશે. આ દૃષ્ટિએ વેદનાં સૂક્તોનો પ્રાચીનતમ સમય ઈ. સ. પૂર્વે ૧૫૦૦થી મોડો મૂકી શકાતો નથી.

(૪) ડૉ. આર. જી. ભાંડારકર :

એ નામના અગ્રગણ્ય ભારતીય વિદ્વાનશ્રીએ બીજા એક દૃષ્ટિકોણથી વેદનો સમય નક્કી કરવા પ્રયત્ન કર્યો છે. ઈશાવાસ્યોપનિષદ્ (= યજુર્વેદના ૪૦મા અધ્યાય)માં **असुर्या नाम ते लोकाः**— એવા મન્ત્રમાં **असुर्या** શબ્દનો પ્રયોગ થયો છે. જે Assyria **असिरिया** (મેસોપોટામિયા)ને મળતો આવે છે. ઋગ્વેદમાં દેવો અને અસુરોનો સંગ્રામ વર્ણવાયો છે. ડૉ. ભાંડારકરના મતે અસિરિયા (મેસોપોટામિયા)ના લોકો જ વેદોમાં ઉલ્લેખાયેલા **असुर** છે. આ લોકો લગભગ ઈ. સ. પૂર્વે ૨૫૦૦માં ભારત તરફ આવ્યા હતા. આથી એવું અનુમાન કરી શકાય કે ઈ. સ. પૂર્વે ૨૫૦૦માં યજુર્વેદની રચના થઈ ગઈ હશે; અને ઋગ્વેદની રચના તેની પણ પૂર્વેના સમયમાં એટલે કે ઈ. સ. પૂર્વે ૬૦૦૦માં થઈ હશે. સિકન્દરના આક્રમણ સમયે ગ્રીકોએ રાજવંશાવળીઓનો સંગ્રહ કર્યો છે. તદનુસાર ચન્દ્રગુપ્ત મૌર્યની પૂર્વે ૧૫૪ રાજાઓએ ૬૪૫૭ વર્ષો સુધી રાજ્ય કર્યું હતું. આ જ સમય વૈદિક સમય હશે. આ સમયની પણ ઘણી પહેલાનાં સમયમાં—એટલે કે ઈ. પૂર્વે ૮૦૦૦ થી ૭૦૦૦માં ઋગ્વેદનાં પ્રાચીનતમ સૂક્તો રચાયાં હશે.

(૫) શ્રી બાલગંગાધર ટિળક અને જર્મન વિદ્વાન યાકોબી (Jacobi) નો મત :

જ્યોતિષને આધારે વેદોનો સમય નક્કી કરવાનો વિચાર પૃથ્વી ઉપરના બે જુદાં જુદાં સ્થળો ઉપર; પરંતુ એક જ સમયે બે વિદ્વાનોને આવ્યો ! ટિળકે ભારત(ના પૂના શહેર)માં અને જર્મનીમાં બોન નગરનાં રહેવાસી યાકોબીએ સ્વતંત્ર રીતે જ (એકબીજાને મળ્યા વિના) આ સંશોધન હાથ ધર્યું અને તે બંને એક જ પરિણામ ઉપર પહોંચ્યા ! The Orion (or researches into The Antiquity of the Vedas (પ્રકાશક : શ્રીમતી રાધાબાઈ આત્મારામ સગૂન, મુંબઈ, ૧૮૯૩)માં પ્રકટ થયેલા લોકમાન્ય શ્રીબાલગંગાધર ટિળકના મતે સંહિતાઓનું નિબન્ધન ઈ. સ. પૂર્વે ૪૫૦૦માં થયું હશે. આ સમયની પણ ૨૦૦૦ વર્ષો પહેલાં મન્ત્રોની રચના (કે ઋષિઓને દર્શન) થઈ હશે. આ દૃષ્ટિએ પ્રાચીનતમ ઋચાઓ તો ઈ. સ. પૂર્વે ૬૪૦૦માં મૂકવી પડે. શ્રી ટિળકનું કહેવું છે કે બ્રાહ્મણગ્રંથોના સમયમાં નક્ષત્રોની ગણના કૃત્તિકાનક્ષત્રથી શરૂ થતી હતી; વળી આ કૃત્તિકાનક્ષત્રના સમયે દિવસ અને રાતનો સમય એકસરખો રહેતો હોય છે. વર્તમાન સમયમાં ૨૧મી માર્ચ અને ૨૩ સપ્ટેમ્બરે દિવસ અને રાત એકસરખાં હોય છે, અને એ દિવસે સૂર્ય અશ્વિની નક્ષત્રમાં હોય છે. આટલું પરિવર્તન ૪૫૦૦ વર્ષોમાં જ થાય છે. આથી બ્રાહ્મણ ગ્રન્થોની રચના ૨૫૦૦ વર્ષો પહેલા થઈ હશે. સંહિતાના યુગમાં દિવસ અને રાત એકસરખાં ત્યારે થતાં હતાં કે જ્યારે સૂર્ય મૃગશિરા નક્ષત્રમાં આવ્યો હોય. આ સમય, ગણતરી કરતા માલૂમ પડે છે કે આજથી ૬૫૦૦ વર્ષો પહેલાં હતો. આથી સંહિતાઓનો રચનાકાળ ૪૫૦૦ વર્ષો ઈ. સ. પૂર્વેનો હશે. ઋગ્વેદના

મંત્રો અનુસાર જણાય છે કે મૃગશિરા નક્ષત્રમાં વસંત ઋતુનો સમય ચાલતો હતો. અને ત્યારે દિવસ–રાત એકસરખાં થતાં હતાં. આ સમય આથી પણ વધારે ૨૦૦૦ વર્ષો પૂર્વેનો થાય. આથી ઋગ્વેદના મંત્રોનો રચનાકાળ ૬૫૦૦ ઈ. સ. પૂર્વેનો હોવો જોઈએ.

જર્મન વિદ્વાન યાકોબીએ પણ ઋગ્વેદનો સમય ઈ. સ. પૂર્વે ૪૫૦૦ સાબિત કર્યો છે ! તેમણે આપણા કલ્પસૂત્રોના વિવાહ પ્રકરણમાં આવતાં **ध्रुव इव स्थिरा भव !** – એ વાક્યને આધારે પોતાનું સંશોધન હાથ ધર્યું હતું. તેમનું મંતવ્ય છે કે ધ્રુવનો તારો તે (વૈદિક) સમયે વધારે તેજસ્વી અને સ્થિર રહેતો હશે. આ સ્થિતિ ઈ. સ. પૂર્વે ૨૭૦૦ વર્ષની હોવી જોઈએ. બ્રાહ્મણ ગ્રન્થોમાં કૃત્તિકા નક્ષત્રમાં થતાં વસંત સમ્પાત (Vernal Equinox) નો ઉલ્લેખ છે. ગણતરી કરતાં આ સમય ઈ. સ. પૂર્વે ૨૫૦૦નો થાય છે. આમ બ્રાહ્મણ ગ્રંથો અને કલ્પસૂત્રોનો સમય ૨૭૦૦-૨૫૦૦ ઈ. સ. પૂર્વેનો લગભગ આવીને ઊભો રહે છે. પરિણામે એમ માનવું રહ્યું કે ઋગ્વેદ (સંહિતા)નો સમય, તેથી પણ વધારે પહેલાંનો, એટલે કે ઈ. સ. પૂર્વે ૪૫૦૦નો હોવો જોઈએ. (તથા મંત્રોના દર્શન/રચનાનો સમય ઈ. સ. પૂર્વે ૬૫૦૦નો હશે.)

(૬) ડૉ. હોગનો મત :

આ વિદ્વાને ઐતરેય બ્રાહ્મણની પ્રસ્તાવનામાં, જ્યોતિષને આધારે જ વેદાંગ જ્યોતિષની રચનાનો સમય ૧૧૮૬ ઈ. સ. પૂર્વેનો દર્શાવ્યો છે. તેમના મતે વૈદિક સાહિત્યની કાલાનુક્રમણી નીચે મુજબ હશે :

(૧) પ્રાચીનમાં પ્રાચીન સૂક્તો–ઈ. સ. પૂર્વે ૨૪૦૦-૨૦૦૦
(૨) સંહિતાનો મોટો ભાગ– ઈ. સ. પૂર્વે ૨૦૦૦-૧૪૦૦
(૩) બ્રાહ્મણોનો સમય– ઈ. સ. પૂર્વે ૧૪૦૦-૧૨૦૦
(૪) સૂત્રોનો સમય– ઈ. સ. પૂર્વે ૧૨૦૦ પછી.

(૭) શ્રીનારાયણરાવ ભવનરાવ પારંગીનો મત :

આ વિદ્વાનશ્રીએ ભૂગર્ભશાસ્ત્રને આધારે જ અમુક તારણો કાઢ્યાં છે. તેમણે ઋગ્વેદનો સમય ૯૦૦૦ વર્ષ પૂર્વેનો નક્કી કર્યો છે. તેમના મતે ઋગ્વેદમાં અનેક ભૌગોલિક પરિસ્થિતિઓ જેવી કે–નદી, સમુદ્ર વગેરેનું વર્ણન મળે છે. ઋગ્વેદના એક મંત્ર (૧૦-૧૩૬-૫)માં સપ્તસૈન્ધવ પ્રદેશની બંને બાજુએ બે સમુદ્રોનું વર્ણન આવે છે. તેમાંનો પશ્ચિમનો સમુદ્ર સંભવતઃ આજનો અરબી સમુદ્ર હશે. પૂર્વ સમુદ્ર વર્તમાન પંજાબની બરાબર પૂર્વમાં હશે, અને ઉત્તર પ્રદેશ, બિહાર અને બંગાળના મેદાનો તેમાં ડૂબેલા હશે. ઘણી સદીઓના સમયગાળાએ હિમાલયમાંથી નીકળતી નદીઓએ જે માટી ખેંચી આણી હશે તેનાથી તે સમુદ્ર પુરાતો ગયો હશે.

ઋગ્વેદના બીજા બે મંત્રો (૯-૩૩-૬ અને ૧૦-૪૭-૨) મુજબ સપ્તસૈન્ધવ પ્રદેશની ચારેય તરફ ચાર સમુદ્રો હતા. તેમાંથી ઉત્તરનો સમુદ્ર સંભવતઃ વર્તમાન ઈરાન અને તૂર્કસ્તાનની ઉત્તર પશ્ચિમમાં હશે. આ સમુદ્ર ઘણાં બધાં પ્રાકૃતિક કારણોસર સુકાઈ ગયો હશે, પરંતુ તેના અવશેષ રૂપે કાળો સમુદ્ર, કૈસ્પિયન સાગર, અરલ ઝીલ અને બાલ્કશ

ઝીલના રૂપમાં આજે પણ વિદ્યમાન છે. પશ્ચિમમાં અરબી સમુદ્ર હતો અને પૂર્વમાં તે સાગર હશે; જ્યાં આજે ઉત્તરપ્રદેશ, બિહાર અને બંગાળનાં મેદાનો છે. વર્તમાન રાજસ્થાનમાં દક્ષિણ સમુદ્ર હશે. જેમાં સરસ્વતી નદી વહેતી હશે. રાજસ્થાનમાં વિદ્યમાન ખારા મીઠાનો પ્રદેશ તથા રણપ્રદેશની ખારાશ તે પૂરવાર કરે છે કે ક્યારેક ત્યાં સમુદ્ર આવેલો હશે. જે સરસ્વતી નદીનુ વર્ણન ઋગ્વેદમાં આવે છે, તે દક્ષિણ સમુદ્રમાં જઈને મળતી હશે. ભૂગર્ભશાસ્ત્રીઓના મતે આ પ્રકારની ભૌગોલિક સ્થિતિ ૯૦૦૦ વર્ષો પૂર્વેની હોવી જોઈએ. આને આધારે શ્રી પારંગી મહાશયે ઋગ્વેદનો રચનાકાળ ૯૦૦૦ વર્ષ પૂર્વેનો હશે એમ માન્યું છે.

* * *

પંજાબ સરહદે 'મોહન-જો-ડેરો'નાં ખોદકામથી જે અવશેષો અને જૂની બ્રાહ્મી લિપિની પણ પૂર્વેની લગભગ ચિત્રાત્મક એવી લિપિ મળી આવી છે, તે હજુ નિર્વિવાદ રૂપે વાંચી શકાઈ નથી. જે દિવસે આ લિપિ વાંચી શકાશે ત્યારે વૈદિકકાળ વિષે નવો પ્રકાશ મળશે.

* * *

ઉપર જોયું તે પ્રમાણે વૈદિક સાહિત્યની કાલાનુક્રમણી વિષે ઘણા વિદ્વાનોએ ભારે પરિશ્રમ કરીને વિવિધ મતો ઉચ્ચાર્યા છે. પરંતુ કોઈ પણ વિદ્વાનનો મત સર્વસંમત બની શક્યો નથી; આ વિષયમાં હજુ પણ સંશોધન કરવાને અવકાશ છે.

વિન્ટરનિત્ઝ કહે છે તેમ આ બધામાં ડહાપણભર્યો માર્ગ તો નક્કી થયેલા વિવિધ સમયના તબક્કાઓનું સંપૂર્ણ સંશોધન કરીને ચોકસાઈ કરવાનો, અને ભયંકર રીતે પ્રાચીન સમય સુધી જવાના કે હાસ્યજનક રીતે એકદમ નજીકના સમય ઉપર આવવાના—એમ બંને-અંતિમ Extreme-છેડાઓનો ત્યાગ કરવામાં રહેલો છે. આથી તેઓ એવા નિર્ણય ઉપર આવે છે કે આપણે ઋગ્વેદકાળના પ્રારંભને ઈ. સ. પૂર્વે ૨૦૦૦ થી ૨૫૦૦ વર્ષો સુખી ખેંચવો જોઈએ; અને વૈદિક સાહિત્યના અંતિમ તબક્કાને ઈ. સ. પૂર્વે ૭૫૦ થી ૫૦૦ વર્ષ સુધીમાં ગણવો જોઈએ. આ રીતે આપણે વિન્ટરનિત્ઝે નક્કી કરેલા સોનેરી મધ્યમ માર્ગને સ્વીકારીશું. અલબત્ત, સાથે સાથે એમ પણ કહેવું જોઈએ કે–'સોનું એટલું સારું જ, કે સાચું જ' એવું ક્યારેક નથી પણ હોતું !

10. ઋગ્વેદનો કૃતિલક્ષી પરિચય

અગાઉ જણાવ્યુ છે તે મુજબ 'વ્યાકરણ-મહાભાષ્યમાં પતંજલિએ ઋગ્વેદની ૨૧ શાખાઓ હતી એવો ઉલ્લેખ કર્યો છે.* તથા શૌનકના સમયમાં ઋગ્વેદ સંહિતા કુલ પાંચ શાખાઓમાં સચવાઈ રહી હતી. જેમ કે–શાકલ શાખા, બાષ્કલ શાખા, આશ્વલયન શાખા, શાંખાયન શાખા અને માંડૂકાયન શાખા. પરંતુ વર્તમાન સમયમાં તો ઋગ્વેદની કેવળ એક જ શાખા–શાકલ શાખા–મળી આવે છે.

આ શાકલ શાખામાં સચવાઈ રહેલી ઋગ્વેદ-સંહિતાનું સંગ્રથન બે પ્રકારે કરવામાં

---

* જુઓ પૃષ્ઠ ૫

આવ્યું છે : (૧) અષ્ટક ક્રમ અને (૨) મંડલ ક્રમ.

(૧) અષ્ટક ક્રમ : ઋગ્વેદ સંહિતામાં ૧૦,૫૫૨ મંત્રો આવેલા છે. આ બધા મંત્રોને લગભગ સરખા વિસ્તારવાળા 'અષ્ટક' નામના કુલ આઠવિભાગમાં વહેંચી કાઢવામાં આવ્યા છે. આ દરેક અષ્ટકમાં આઠ-આઠ અધ્યાયો આવેલા છે, (એટલે કે કુલ ૬૪ અધ્યાય આવેલા છે) અને તે દરેક અધ્યાયમાં (લગભગ) પાંચ-પાંચ મંત્રોના બનેલા એવા કુલ ૩૩ વર્ગો આવેલા હોય છે. (ક્યારેક કોઈક વર્ગમાં એક મંત્ર કે નંવ મંત્રો પણ મૂકવામાં આવ્યા છે.) શાકલની આખી ઋગ્વેદની સંહિતામાં આવા ૨૦૨૪ વર્ગો આવેલા છે.

(૨) મંડલ ક્રમ : ઋગ્વેદ સંહિતાને આ, જે 'મંડલ ક્રમે' વિભાજિત કરવામાં આવી છે તે વ્યવસ્થા વધારે પ્રાચીન અને મહત્ત્વપૂર્ણ જણાય છે. આ વ્યવસ્થા અનુસાર ઋગ્વેદના લગભગ દશ હજાર મંત્રોને દશ મંડળોમાં વિભક્ત કરવામાં આવ્યા છે. આ દશ મંડળોમાં નાના નાના ૮૫ અનુવાકો આવેલા છે, અને તે અનુવાકોમાં કુલ ૧,૦૨૮ સૂક્તો આવેલા છે. આ સૂક્તોમાં ૧૦,૫૫૨ મંત્રો આવેલા છે. (શૌનકની 'અનુવાકાનુક્રમણી' અનુસાર ઋગ્વેદમાં ૧૦,૫૮૦ મંત્રો આવેલા હતા, અને એક પાદ હતો. તથા કુલ ૧,૫૩,૮૨૬ શબ્દો હતા.)

મંડળ	સૂક્ત	મંત્રસંખ્યા
(૧) પ્રથમ	૧૯૧	૨૦૦૬
(૨) દ્વિતીય	૪૩	૪૨૯
(૩) તૃતીય	૬૨	૬૧૭
(૪) ચતુર્થ	૫૮	૫૮૯
(૫) પંચમ	૮૭	૭૨૭
(૬) ષષ્ઠ	૭૫	૭૬૫
(૭) સપ્તમ	૧૦૪	૮૪૧
(૮) અષ્ટમ	૯૨ (+૧૧ સૂક્તો)	૧૬૩૬ + ૮૦
(૯) નવમ	૧૧૪	૧૧૦૮
(૧૦) દશમ	૧૯૧	૧૭૫૪
	૧,૦૧૭ સૂક્તો	૧૦,૫૫૨
	+ ૧૧ વાલખિલ્ય સૂક્તો * (જે પ્રક્ષિપ્ત ગણાય છે.)	
	૧,૦૨૮	દશેય મંડલના થઈને કુલ મંત્રો ૧૦,૫૫૨ છે.

* * *

---

* આઠમા મંડલનાં ૪૯ થી ૫૯ સૂક્તો (જેમાં ૮૦ મંત્રો છે) તે 'વાલખિલ્ય સૂક્ત' તરીકે ઓળખાય છે.

પ્રાતિશાખ્યના કોઈ પણ ગ્રંથમાં, અને યાસ્કના નિરુક્તમાં ઋગ્વેદના 'અષ્ટક કર્મનો નિર્દેશ નથી. પરંતુ ઋગ્વેદ પ્રાતિશાખ્યમાં અને યાસ્કના નિરુક્તમાં તો 'ઋગ્વેદ'ને માટે **દશતયી** શબ્દ વપરાયો છે, જે સંભવતઃ દશ મંડળોનો નિર્દેશ કરે છે. આ દૃષ્ટિએ મંડળોના ક્રમે ઋગ્વેદનું જે વિભાજન થયેલું છે તે પ્રાચીન હશે એમ જણાય છે. જ્યારે કાત્યાયનની 'અનુક્રમણી'માં ઉપર્યુક્ત બંને વ્યવસ્થાઓ–અષ્ટકક્રમ અને મંડલક્રમ–નો ઉલ્લેખ છે.

11. સૂક્તોના પ્રકાર

ઋગ્વેદનાં સૂક્તોની ઉત્પત્તિ કોઈ પણ પ્રકારના યજ્ઞયાગાદિ ક્રિયાકાંડથી અતિરિક્તપણે માત્ર દેવો પ્રત્યેની ભલીભોળી ભાવાભિવ્યક્તિમાંથી થઈ કે તેમની ઉત્પત્તિ કેટલાક યજ્ઞયાગાદિ ક્રિયાકાંડમાં સહાયભૂત થવા માટે પુરોહિતોએ કારીગરીપૂર્વક કરી ?– એ મુદ્દો ખૂબ જ ચર્ચાયેલો છે. એક તરફથી કૈજી, અને તેમને અનુસરીને મેક્સમ્યૂલર અને રૉથ માને છે કે આ ઋગ્વેદનાં સૂક્તોમાં પ્રાચીન કવિતાના પ્રાણવાન ધબકારા સંભળાય છે. બીજી તરફ, વેબર તેમનાં History of Indian Lit. (p. 35)માં જણાવે છે કે આ સૂક્તોમાં તે જમાનામાં પ્રચલિત એવી કેટલીક બાલિશ ભલીભોળી માન્યતાઓના અવશેષો મૂકવામાં આવ્યા છે. આવું ગ્રીક સાહિત્યમાં પણ જોવા મળે છે. ભારતીય સાહિત્યના પ્રતિભાશાળી અને તટસ્થ વિદ્વાન ઓલ્ડનબર્ગ માને છે–ઋગ્વેદ એ ભારતીય સાહિત્ય અને ધર્મનો પ્રાચીનમાં પ્રાચીન દસ્તાવેજ છે. તો બીજા કેટલાક વિદ્વાનો કહે છે કે ઋગ્વેદના હોતાઓ પ્રાચીન સમયથી ચાલ્યા આવતા રિવાજ મુજબ ભવ્ય સોમવલ્લીને માટે મંત્રો બોલતી વખતે, તેઓ કયા ચોક્કસ દેવની સ્તુતિ કરે છે તે કહેતા નથી. પણ તે હોતાઓ ખુશામત કરતી કલ્પનાની વાચાળતાથી જેટલાં વિશેષણો તેમને મળી આવે છે તે બધાં જ પ્રશંસાત્મક વિશેષણોથી તે દેવને માટે વાપરે છે; અને તે દેવના સ્વરૂપને ઢાંકી દે છે. ત્રીજી તરફ ઓલ્ડનબર્ગ કહે છે તેમ આવી કવિતા માત્ર યજ્ઞકાર્યોમાં પુરોહિતોના વર્તુળોમાંથી ઉત્પન્ન થઈ હશે. આ વિધાનમાં બરગેઈન, પીશેલ, ગેલ્ડનર અને બ્લૂમફીલ્ડ તેમની સાથે સમ્મત થાય છે.

જ્યારે વિન્ટરનિત્ઝને આ બધા અભિપ્રાય અતિશયોક્તિભર્યા લાગે છે; અને તેઓ માને છે કે વૈદિક સાહિત્યને લગતા બધા જ ચર્ચાસ્પદ મુદ્દાની જેમ અહીં પણ સત્ય તો વચ્ચે જ (મધ્યમ માર્ગ સ્વીકારવામાં જ) રહેલું છે. એ વાતમાં જરાય શંકા નથી કે ઋગ્વેદનાં કેટલાંક સૂક્તો યજ્ઞયાગાદિ ક્રિયાકાંડોથી અતિરિક્ત, પણ સ્વતંત્ર રીતે જ રચાયાં છે, અને તેમાં પ્રાચીન ધાર્મિક કાવ્યનો પ્રાણ ધબકે છે. જ્યારે બીજાં પણ કેટલાંક સૂક્તો છે કે જેની રચના માત્ર યજ્ઞક્રિયા માટે જ કરવામાં આવી છે; અને તેવાં સૂક્તોને પુરોહિત કવિઓએ કારીગરી પૂર્વક રચ્યાં છે. હોપકીન્સ પણ વિન્ટરનીત્ઝના જેવો જ અભિપ્રાય ધરાવે છે. તેમણે કહ્યું છે કે ઋગ્વેદમાં ઘણા એવા સૂક્તો છે કે જેમાં સાચે જ

કાવ્યતત્ત્વ પડેલું છે અને આવાં સૂક્તોમાં ક્રિયાકાંડનો થોડોકેય નિર્દેશ નથી. કેટલાંક અંશ એવો જરૂર છે કે ખૂબ આગળ વધી ગયેલા ક્રિયાકાંડનો જે સમકાલિક જણાય છે, અથવા તો કેટલાક મંત્રો એવા પણ જોવા મળે છે કે જે તત્કાલિક યજ્ઞયાગાદિના ક્રિયાકાંડમાંથી જ સીધા જન્મ્યા હોય. પરંતુ બીજો ઘણો મોટો ભાગ એવો પણ છે કે જેનાં સૂક્તોની રચના સ્વતંત્રપણે જ થઈ છે, અને તેને યજ્ઞયાગાદિ જોડે કંઈ લેવાદેવા નથી.

વિન્ટરનિત્ઝ ઋગ્વેદનાં સૂક્તોને જુદા જુદા પાંચ વિભાગોમાં વહેંચી કાઢે છે :

(૧) ઊર્મિકાવ્યો : ઋગ્વેદમાં કેટલાંક સુંદર ઊર્મિકાવ્યો છે. જેવાં કે-ઉષસ, પર્જન્ય, અરણ્યાની, મરુત અને સૂર્ય સૂક્ત.

(૨) પ્રાર્થના કાવ્ય : ઋગ્વેદનાં કેટલાંક સૂક્તોમાં દેવતાઓની સ્તુતિઓ કરવામાં આવી છે, અને તેમની પાસેથી ધન-ધાન્ય, વીરપુત્રો, શત્રુઓનો નાશ વગેરેથી કામના કરવામાં આવી છે. આમાં અગ્નિસૂક્તો, ઇન્દ્રસૂક્તો અને સોમસૂક્તોને મૂકી શકાય.

(૩) તત્ત્વજ્ઞાનવિષયક સૂક્તો : ઋગ્વેદમાં એવાં પણ કેટલાંક સૂક્તો મળી આવે છે કે જેમને યજ્ઞની સાથે કંઈ પણ સંબંધ નથી. તે કેવળ સૃષ્ટિવિષયક કલ્પનો રજૂ કરે છે; અને/અથવા તત્ત્વજ્ઞાનની રજૂઆત કરે છે.

(૪) આખ્યાન-સૂક્તો : ઋગ્વેદમાં બે પાત્રો વચ્ચે સંવાદો થતા હોય તેવાં સૂક્તો પણ મળી આવે છે. જેમાં યમ-યમી, પુરૂરવા-ઉર્વશી, વિશ્વામિત્ર અને નદી, સરમા-પણિ, અક્ષસૂક્તો વગેરેનો સમાવેશ થઈ શકે છે. ઋગ્વેદમાંથી ઉપલબ્ધ થતાં આવાં આખ્યાન-સંવાદસૂક્તમાં ઓલ્ડનબર્ગ પાછળથી રચાયેલાં સંસ્કૃત નાટકોનું બીજ જુએ છે. આ મંત્રોને પણ યજ્ઞક્રિયા સાથે કોઈ સંબંધ નથી.

(૫) કૂટ કાવ્યો : આમાં ઋગ્વેદમાંથી મળી આવતી દાનસ્તુતિઓ વગેરે સૂક્તોનો સમાવેશ થાય છે. તેમને યજ્ઞક્રિયા સાથે ઉપલક દૃષ્ટિએ સંબંધ છે.

ડૉ. વી. એસ. ઘાટે ઉપરના વર્ગીકરણને ત્રણ ભાગમાં સમાવી લે છે :

(૧) ધર્મ સંબંધી સૂક્તો.

(૨) તત્ત્વજ્ઞાનવિષયક સૂક્તો.

(૩) વ્યાવહારિક સૂક્તો.

આ રીતે ઋગ્વેદમાં પ્રાચીન ભારતીય કાવ્યોના નમૂનાઓ છે. કદાચ તેનો ઘણો મોટો ભાગ તો નાશ જ પામ્યો હશે. વળી, આ સૂક્તોમાંથી કેટલાકમાં યજ્ઞવિષયક કે યજ્ઞને લાગુ પાડી શકે તેવા મંત્રો છે. તેથી જ કદાચ તેમનો ઋગ્વેદ સંહિતામાં સમાવેશ

કરવામાં આવ્યો છે. તેમ છતાં સંગ્રહકારો માત્ર સાહિત્યિક હેતુ જ સાધતાં શુદ્ધ, બિનસાંપ્રદાયિક (Secular) કાવ્યોને પણ તેમાં લેવાનું ચૂક્યાં નથી.

* * *

વેદમંત્રોનું અર્થઘટન કરનારી વિવિધ રીતોમાંથી જે નૈરુક્ત પરંપરા છે. તદનુસાર, જો આપણે વેદમંત્રોમાં 'પ્રાકૃતિક ઘટનાઓનું રૂપકાત્મક આલેખન છે' એમ માનીએં તો, વેદમંત્રોમાં રહેલું કાવ્યતત્ત્વ જરૂર હાથ લાગશે. બીજી તરફ, ભારતીય પરંપરામાં પૂર્વમીમાંસાના વિચારકો એમ પણ માને છે કે **आम्नायस्य क्रियार्थत्वात्, आनर्थक्यम् अतदर्थानाम्** । 'વેદમંત્રો (યજ્ઞાદિ) ક્રિયાઓ માટે (જ) છે; આ સિવાયના જો બીજા કોઈ મંત્રો હોય તો તે અનર્થક છે એમ જાણવું.'' એટલે કે વેદમંત્રોમાં કેવળ યજ્ઞયાગાદિના ક્રિયાકાંડનું જ વર્ણન છે; (એમાં કાવ્યતત્ત્વ, ઇતિહાસ વગેરે નથી) એવું માનનારો પક્ષ પણ આપણે ત્યાં છે. અસ્તુ.

12. ઋગ્વેદના દશ મંડલોનું સંગ્રથન

'વેદ' એટલે પરમજ્ઞાન; ઈશ્વરીય જ્ઞાન. આ 'વેદ' શબ્દ 'બાઈબલ' કે ત્રિપીટક' શબ્દોની માફક ''કોઈ એક સમયે કરાયેલો સંખ્યાબંધ પુસ્તકોનો સંગ્રહ'' એવો અર્થ સૂચવતો નથી. 'વેદ' શબ્દ તો 'એક સમગ્ર સાહિત્ય' એવો અર્થ દર્શાવે છે. જે સાહિત્ય બહુ પ્રાચીન અને લાંબા કાલખંડમાં સંખ્યાબંધ સંકલનો થયા પછી ઉત્પન્ન થયું છે; અને જે સાહિત્યનું વિતરણ/સંચરણ સદીઓ સુધી મૌખિક પરંપરાથી થતું રહ્યું છે. આ અર્થમાં જ ડૉ. વી. એસ. ઘાટે જણાવે છે કે – ''ઋગ્વેદ'' એક નથી. જો આપણે 'પુસ્તક' શબ્દનો અર્થ 'કોઈ એક માણસે ચોક્કસ સમયે પોતાના વિચારોનું કરેલું આલેખન' એવો કરતા હોઈએ તો, જે સ્વરૂપમાં આજે ઋગ્વેદસંહિતા આપણી પાસે આવી છે તે સ્વરૂપ ચોક્કસપણે બતાવે છે કે તેની અંદરનાં જુદાં જુદાં સૂક્તો જે સમયે તેમાં મૂકાયાં હશે અને વ્યવસ્થિતપણે ગોઠવાયા હશે તેની પહેલાં ઘણા લાંબા સમય પૂર્વે રચાયાં હશે.'' *

---

* If a book means a work, written by one man, implying unity of time and ideas, well, the Rugveda is far from being a book. It is rather a compilation composed of several books which can be individually distinguished from each other. The form in which the संहिता of the Rugveda has come down to us clearly shows that the different hymns were composed long before they were brought together and systematically arranged.

— V. S. Ghate

ઋગ્વેદના દશ મંડલની અંદર ૧૦૨૮ સૂક્તોનો સમાવેશ કરેલો છે. અહીં એક જ ઋષિના, એક જ શાખાના, કે એક જ ઋષિના કુટુંબનાં સૂક્તોને એકી સાથે જ મૂકવામાં આવ્યા છે. આવાં સૂક્તોનો મોટો ભાગ ૨ થી ૭ મંડલોમાં મૂકવામાં આવ્યો છે. આ મંડલોને 'કુલમંડલ' કે 'કુટુંબમંડલ' કહેવામાં આવે છે. કારણ કે, પરંપરા પ્રમાણે, આ પ્રત્યેક મંડલનું કર્તૃત્વ જે જે ઋષિએ તેના અંદરના સૂક્તોનું દર્શન કર્યું હોય તે તે ઋષિનું ગણવામાં આવ્યું છે. આ રીતે ૨ થી ૭ મંડલોના ઋષિઓ આ પ્રમાણે છે :

મંડલ
ક્રમાંક

(૨) ગૃત્સમદ
(૩) વિશ્વામિત્ર
(૪) વામદેવ
(૫) અત્રિ
(૬) ભારદ્વાજ
(૭) વસિષ્ઠ
(૮) કણ્વ અને અંગિરસ તથા તેમના વંશજો

આમ ૨ થીં ૭ સુધીનાં મંડલોને કુલમંડલો કહેવામાં આવે છે. આ મંડલોને અતિપ્રાચીન ગણવામાં આવે છે; અને તેમાં સૂક્તોની ગોઠવણી એક જ જાતની જોવા મળે છે. જેમ કે– પહેલાં અગ્નિદેવતાની સ્તુતિ કરતાં સૂક્તો, પછી તરત ઈન્દ્રદેવતાની સ્તુતિ કરતાં મંત્રોવાળા સૂક્તો મૂકવામાં આવે છે. વગેરે, આ સિવાયનાં મંડલો– પહેલું, આઠમું, નવમું અને દશમું–પાછળથી જોડવામાં આવ્યાં હશે એવું પ્રો. મેક્ડોનલ વગેરે વિદ્વાનો માને છે. આઠમા મંડલમાં કણ્વ અને અંગિરા ઋષિએ, તથા તેમના વંશજોએ 'જોયલા' મંત્રોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. તથા 'વાલખિલ્ય' નામનાં સૂક્તોનો પણ આ મંડલમાં જ પ્રક્ષેપ કરવામાં આવ્યો છે એમ મનાય છે. નવમા મંડલનાં સૂક્તોનું દર્શન જુદા જુદા અનેક ઋષિઓએ કર્યું છે; પરંતુ તેમાં એક બીજા પ્રકારનું વૈશિષ્ટ્ય છે. જેમ કે, આ નવમા મંડલને ''પવમાન (સોમ) મંડળ' કહેવામાં આવે, કારણ કે આ મંડળમાં કેવળ 'સોમ'ને ઉદ્દેશીને રચાયેલા મંત્રોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. આ રીતે ૨ થી ૯ મંડલોની સંઘટના થયા પછી, પાછળના સમયમાં તેની આગળ-પાછળ એક એક મંડલ, જેમ કે– પહેલું મંડળ અને દશમું મંડલ- જોડવામાં આવ્યું હશે. આ દૃષ્ટિએ પહેલું મંડળ અને દશમું મંડળ અર્વાચીન ગણાય છે. ભાષા, છંદ, વિચારો વગેરેની દૃષ્ટિએ આ દશમું મંડળ બાકીનાં મંડલો કરતાં જૂદું પડે છે. અલબત્ત, આ વિષે વધુ વિસ્તારથી ચર્ચા હવે પછીનાં પૃષ્ઠોમાં કરવામાં આવશે.

આ દશ હજાર મંત્રોની સંખ્યાવાળી ઋગ્વેદ સંહિતા પૂરી થયા પછી તેની પાછળ ઋગ્વેદના બે (ઐતરેય અને કૌષીતકિ) બ્રાહ્મણો, બે આરણ્યકો-ઐતરેયારણ્યકં અને

કૌષીતકિ આરણ્યકો અને બે ઉપનિષદ્ ઐતરેયોપનિષદ્ અને કૌષીતકિ ઉપનિષદ્ જોડવામાં આવ્યાં છે.

* * *

13. ઋષિ, છન્દ અને દેવતા

શૌનકકૃત 'બૃહદ્દેવતા'માં લખ્યું છે કે –

अविदित्वा ऋषिं छन्दो दैवतं योगमेव च ।

योऽध्यापयेज्जपेद्वापि पापीयान् जायते तु सः ॥

''જે વેદાભ્યાસી (વેદમંત્રોના) ઋષિ, છન્દ અને દેવતા કોણ છે ?–એ જાણ્યા વિના વેદપાઠ કરે છે; કે બીજા કોઈને ભણાવે છે તે પાપી બને છે.'' આમ વેદાભ્યાસનો આરંભ કરતાં પહેલાં વેદમંત્રોના ઋષિ કોણ છે ? છન્દ કયો છે ? અને કયા મંત્રના કયા દેવતા છે ? તેનું જ્ઞાન હોવું જરૂરી છે. કાત્યાયનની 'સર્વાનુક્રમણી'માં ઋષિ, છન્દ અને દેવતાવિષયક સમજૂતી આપતાં લખ્યું છે કે– **यस्य वाक्यं स ऋषिः ।** જેનું વાક્ય હોય તે 'ઋષિ' છે. **या तेन उच्यते सा देवता ।** આ વાક્ય (=વેદમંત્ર)થી જેને સંબોધવામાં આવે તેને 'દેવતા' કહે છે. **यद् अक्षरपरिमाणं तच्छन्दः ।** જે અક્ષરોનું પરિમાણ = માપ (બંધારણ) હોય તેને 'છદ' કહે છે. વળી, ઋષિઓ માટે કહ્યું છે કે **अर्थेप्सवः ऋषयः ।** 'ઋષિઓ જુદી જુદી વસ્તુઓ મેળવવાની કામનાઓવાળા હોય છે.' તદુપરાંત–**अतीन्द्रियस्य परमेश्वरानुग्रहेण प्रथमतो दर्शनाद् ऋषित्वम् ।** તેમણે અતીન્દ્રિય એવા વેદનું, પરમેશ્વરની કૃપાથી, પહેલવહેલું દર્શન કર્યું હોવાથી, તેમને ઋષિ કહેવામાં આવે છે.

ઋષિ :

ઋગ્વેદના દરેક સૂક્તના પોતપોતાના ઋષિ (=દ્રષ્ટા), દેવતા અને છન્દ હોય છે. પશ્ચિમના અભ્યાસીઓ માને છે કે આ ઋષિઓ જ વેદમંત્રોના કર્તા = રચયિતા હતા. બીજા કેટલાક વિદ્વાનો એમ માને છે કે કોઈ એક ઋષિનું નામ તે તેના આખા કુટુંબનું વાચક ગણવાનું છે. યાસ્કે 'ઋષિ' શબ્દનું નિર્વચન કરતાં લખ્યું છે કે **ऋषिर्दर्शनात् ।** ''દર્શન કરનારા હોવાથી 'ઋષિ' કહેવાય છે.'' અર્થાત્ યાસ્કના મતે ઋષિઓ વેદમંત્રોના રચિયતા કે કર્તા નથી, પરંતુ આ ઋષિઓએ સૌથી પહેલવહેલા મંત્રોનું (કે/અને મંત્રોના અર્થોનું) (= માનસ પ્રત્યક્ષ) દર્શન કરીને તેનો લોકમાં પ્રચાર કર્યો હતો.

યાસ્ક લખે છે કે– **साक्षात्कृतधर्माणः ऋषयो बभूवुः । ते अवरेभ्योऽसाक्षात्कृधर्मेभ्य उपदेशेन मन्त्रान् सम्प्रादुः ।** (નિરુક્ત; अ-१). ''(વેદ) ધર્મનો સાક્ષાત્કાર કરનારા ઋષિઓ થઈ ગયા. તેમણે (= તે ઋષિઓએ) જેમને ધર્મનો સાક્ષાત્કાર

થયો નથી તેવા બીજા મનુષ્યોને ઉપદેશ દ્વારા વેદમંત્રો આપ્યા હતા.'' હવે આ ઋગ્વેદના મંડલોનું સંગ્રથન ઋષિઓની દૃષ્ટિએ કરવામાં આવ્યું છે. આ દૃષ્ટિએ બીજા મંડલથી શરૂ કરીને આઠમા મંડલ સુધીના મંત્રો વધુ સુગ્રથિત છે. આ દરેક મંડલોના એક જ ઋષિ છે. જેમ કે, બીજા મંડલના ઋષિ ગૃત્સમદ, ત્રીજા મંડલના વિશ્વામિત્ર, ચોથા મંડલના વામદેવ, પાંચમા મંડલના અત્રિ, છઠ્ઠા મંડલના ભારદ્વાજ, સાતમા મંડલના વસિષ્ઠ અને આઠમા મંડલના ઋષિ કણ્વ અને અંગિરા, તથા તેમના વંશજો છે. જ્યારે પહેલા, નવમા અને દશમા મંડલના કોઈ એક ઋષિ નથી; પણ જુદા જુદા અનેક ઋષિઓની રચનાઓ તેમાં એકત્રિત કરવામાં આવી છે.

છન્દ :

ઋગ્વેદ એક છન્દોબદ્ધ રચના છે. નિરુક્તમાં યાસ્કે ‘છન્દસ્’ શબ્દનું નિર્વચન ‘ઢાંકવું’ અર્થવાળા **छद्** ધાતુને આધારે બતાવ્યું છે : **छन्दांसि छादनात्** । (अ. ૭) છન્દો વેદોને આવૃત્ત કરે છે, ઢાંકે છે. આમ છન્દોનું કાર્ય વેદમંત્રોને વિશિષ્ટ આવરણમાં-ક્રમમાં-બાંધી રાખવાનું છે. મંત્રોનો પાઠ/ગાન છન્દોને જાણ્યા વિના થઈ શકે નહીં.

ભારતીય માન્યતા મુજબ છન્દોબંધારણની-છન્દઃસૂત્ર-ની પહેલવહેલી ચર્ચા કરનારા આચાર્ય ‘પિંગલ’ હતા. તેઓ પાણિનિના ભાઈ હતા. તેમણે ‘છન્દઃસૂત્ર’માં વૈદિક અને લૌકિક એમ બંને પ્રકારના છન્દોનું વિવચેન કર્યું છે. છન્દઃસૂત્રમાં ૮ અધ્યાય છે. તેમાં પહેલા અધ્યાયથી ચોથા અધ્યાયના સાતમા સૂત્ર સુધી વૈદિક છન્દોનાં લક્ષણો બતાવ્યાં છે.

* * *

ઋગ્વેદમાં મુખ્યત્વે સાત છન્દોનો પ્રયોગ થયેલો જોવા મળે છે. આ બધા જ છન્દોને ત્રણ વર્ગોમાં વહેંચી શકાય છે :

(૧) ત્રણ પાદવાળા છન્દ – ગાયત્રી અને ઉષ્ણિક્.

(૨) ચાર પાદવાળા છન્દ – અનુષ્ટુપ્, બૃહતી, ત્રિષ્ટુપ્ અને જગતી.

(૩) પાંચ પાદવાળા છન્દ – પંક્તિ.

છન્દોનાં બે પ્રકાર છે : માત્રિક અને વર્ણિક. આમાંથી પહેલા પ્રકારના છન્દમાં લઘુ-ગુરુની માત્રાઓ મેળવવાની હોય છે, પણ બીજા પ્રકારના વર્ણિક છન્દોમાં વર્ણોની = અક્ષરોની ગણના કરવાની હોય છે. અહીં વૈદિક મંત્રોમાં જે છન્દ પ્રયોજાયા છે તે મુખ્યત્વે અક્ષરગણનાવાળા છન્દો છે. વેદમાં મહદંશે જે સાત છન્દો

વપરાયા છે, તેના અક્ષરોનું પરિમાણ નીચે મુજબ જોવા મળે છે :

છન્દનું નામ	અક્ષરોની સંખ્યા					
	પ્રથમ પાદ	દ્વિતીય પાદ	તૃતીય પાદ	ચતુર્થ પાદ	પંચમ પાદ	કુલ અક્ષરો
૧. ગાયત્રી	૮	૮	૮	-	-	૨૪
૨. ઉષ્ણિક્	૮	૮	૧૨	-	-	૨૮
૩. અનુષ્ટુપ્	૮	૮	૮	૮	-	૩૨
૪. ત્રિષ્ટુપ્	૧૧	૧૧	૧૧	૧૧	-	૪૪
૫. બૃહતી	૮	૮	૮	૧૨	-	૩૬
૬. જગતી	૧૨	૧૨	૧૨	૧૨	-	૪૮
૭. પંક્તિ	૮	૮	૮	૮	૮	૪૦

આ સાતેય છન્દોમાં સામાન્ય રૂપે આ મુજબની અક્ષરગણના જોવા મળે છે, પરંતુ ક્યારેક કોઈક પાદમાં એકાદ અક્ષર વધારે-ઓછો પણ જોવા મળે છે. જો આવા છન્દોમાં એક અક્ષર ઓછા હોય તો તે છન્દને 'નિચૃત' એવું વિશેષણ જોડવામાં આવે છે. પણ જો બે વર્ણ-અક્ષર-ઓછા હોય તો તેને 'વિરાટ્' કહેવામાં આવે છે. તથા એક અક્ષર વધારે હોય તો 'ભુરિક્', અને બે અક્ષર વધારે હોય તો 'સ્વરાટ્' કહેવામાં આવે છે.

આ છન્દો ઋગ્વેદમાં કેટલા મંત્રોમાં પ્રયોજાયા છે તે જોઈશું :

૧. ગાયત્રી	–	૨૪૬૭	મંત્રોમાં
૨. ઉષ્ણિક્	–	૩૪૧	”
૩. અનુષ્ટુપ્	–	૮૫૫	”
૪. ત્રિષ્ટુપ્	–	૪૨૫૩	”
૫. બૃહતી	–	૧૮૧	”
૬. જગતી	–	૧૩૫૮	”
૭ પંક્તિ	--	૩૧૨	” વપરાયો છે.

* * *

પ્રોફે. આર્નોલ્ડ નામના વિદ્વાને Vedic Metre નામના પુસ્તકમાં વેદનાં છંદોનો ખૂબ સૂક્ષ્મ અને વિદ્વત્તાપૂર્ણ અભ્યાસ રજૂ કર્યો છે. તેમના મંતવ્ય મુજબ છંદોબંધારણ અમુક મંત્રમાં જળવાયું છે કે નહીં ? એ માપદંડથી જ અમુક વેદમંત્રો પ્રાચીન છે કે અર્વાચીન તે નક્કી કરવું જોઈએ. તેમણે વેદમંત્રોનો અભ્યાસ કરીને જ્યાં જ્યાં એકાદ અક્ષર ખૂટતો હોય છે ત્યાં પદો વચ્ચેની સંધિ છોડીને અક્ષરસંખ્યામાં વધારો કરી બતાવ્યો છે. આમ ઘણી જગ્યાએ સંધિ છોડ્યા પછી જ દદોબંધારણ જળવાતું તેમણે નોંધ્યું છે. આને આધારે એવું અનુમાન કરવાનું પણ પ્રાપ્ત થયું છે કે વેદોનો 'સંહિતાપાઠ' પાછળથી રચાયો હશે; મૂળમાં તો ઋષિઓએ મંત્રોની પાદપાઠ રૂપે જ રચના કરી હશે; કારણ કે આવા સંધિ વિનિર્મુક્ત પાઠમાં જ છંદોબંધારણ જળવાય છે. પ્રોફે. આર્નોલ્ડનું એ ગૃહીત છે કે ઋષિઓ મંત્રોની છંદોબદ્ધ રચના કરતી વખતે જે તે છંદનું બંધારણ ચુસ્તપણે જાળવે જ. જો ક્યાંક છંદોબંધારણ ન જળવાતું હોય તો તે પાછળથી ઊભા કરેલા સંહિતાપાઠને કારણે જ હોય છે. અસ્તુ. જિજ્ઞાસુએ આર્નોલ્ડનું પુસ્તક જોવું.

14. ઋગ્વેદના દેવતાઓ

ઋગ્વેદના પ્રત્યેક સૂક્તના કોઈ એક દેવતા હોય છે; આ દેવતાની તે સૂક્તમાંના મંત્રોથી સ્તુતિ કરવામાં આવી હોય છે અને તેની પાસે કોઈક અભીષ્ટ વસ્તુની પ્રાર્થના કરવામાં આવી હોય છે. યાસ્કે **देवता** શબ્દનું નિર્વચન કરતાં જણાવ્યું છે કે – **देवो दानाद् द्योतनाद् दीपनाद् वा ।** અર્થાત્ ''દેવો ૧. (અભીષ્ટ વસ્તુઓનું આપણને) દાન કરનારા હોવાથી. અથવા ૨. પ્રકાશિત કરનારા હોવાથી; અથવા પ્રકાશિત થનારા હોવાથી તેઓ **देव** કહેવાય છે.'' યાસ્કે નિરુક્તના સાતમા અધ્યાયમાં દૈવતકાંડની વ્યાખ્યા રજૂ કરી છે. અને વૈદિક દેવતા વિષયક ઘણા વિચારો ચર્ચ્યા છે. તેમાં જણાવ્યા અનુસાર પ્રાચીનકાળમાં દેવતાઓની સંખ્યા કેટલી હશે એ વિષે ત્રણ મતો હતા. જેમ કે, ૧. એક દેવતાવાદ. ૨. ત્રણ દેવતાવાદ અને ૩. અનેક (અથવા બહુ) દેવતાવાદ. આત્મવિદ્ લોકો એક દેવતાવાદના પુરસ્કર્તા હતા; અને તેઓ એક મહાદેવતામાં જ માનતા હતા. નિરુક્ત પરંપરાના વિચારકો ત્રણ સ્થાનના ત્રણ જ દેવો છે એમ માનતા હતા. આ નૈરુક્તોના મતે આ બ્રહ્માંડમાં ત્રણ સ્થાનો છે. જેમ કે, ૧. પૃથિવી સ્થાન; જેનો દેવતા પાર્થિવ અગ્નિ છે. ૨. અન્તરિક્ષ સ્થાન; જેનો દેવતા વાયુ કે ઇન્દ્ર છે. અને ત્રીજા ૩. દ્યુસ્થાનનો દેવતા સૂર્ય છે. ત્રીજો અનેક દેવતાવાદ યાજ્ઞિકો (અથવા પૂર્વમીમાંસકો)નો છે. તેમના મતે દેવો ૩૩, ૩૩ હજાર કે ૩૩ કરોડ છે ! સૃષ્ટિમાં જે જે દૈવની તત્ત્વથી યુક્ત પદાર્થો, વિચારો છે તે સૌને તે વાદમાં 'દેવ' ગણવામાં આવે છે.

ઘણા વિદ્વાનોનું મન્તવ્ય છે કે વેદકાળના ઋષિઓએ પ્રાકૃતિક શક્તિઓને 'દેવતા'નું સ્વરૂપ આપીને તેની વેદમંત્રોમાં સ્તુતિ કરી છે. કેટલાક વિદ્વાનોએ

'અગ્નિ' વગેરે દેવતાવાચક શબ્દોનો અર્થ પરમેશ્વર કર્યો છે અને તેમાં જુદી જુદી શક્તિઓની કલ્પના કરી છે. અર્થાત્ આ દેવતાવાચક નામો, જેવાં કે—ઇન્દ્ર, અગ્નિ, વરુણ વગેરે—પરમાત્માનાં વિશેષણો છે. ઉપર જણાવ્યું તેમ નિરુક્તમાં અને 'બૃહદ્દેવતા'માં એક જ મહાદેવતાત્મા—પરમાત્મા-ને માનવામાં આવ્યો છે.

15. દેવોનું વર્ગીકરણ

ઋગ્વેદમાં જે જે ઇન્દ્ર, અગ્નિ, વરુણ સોમાદિ દેવતાઓની સ્તુતિ કરવામાં આવી છે તેની યાદી તો ઘણી લાંબી થાય એવું છે પરંતુ હવે આ અનેક દેવતાઓને જુદી જુદી કક્ષામાં વર્ગીકૃત કરવાનો જે પ્રયત્ન થયો છે તેનો વિચાર કરીશું :

(क) યાસ્કે પોતાના નિરુક્ત-વેદાંગમાં 'ત્રણ સ્થાનના ત્રણ દેવતાઓ છે' એ મતને પુરસ્કાર્યો છે. તે મુજબ—

(૧) પૃથિવીસ્થાનના દેવતા : — અગ્નિ

(૨) અન્તરિક્ષ (અથવા મધ્યમ) સ્થાનના દેવતા : વાયુ અથવા ઇન્દ્ર

(૩) દ્યુસ્થાનના દેવતા : સૂર્ય . *

યાસ્કે વિશેષમાં કહ્યું છે કે આ ત્રણેય દેવોના મહા-ઐશ્વર્યને કારણે તેમનાં બીજાં ઘણાં નામો (વિશેષણો) પણ વેદમાં વપરાયાં છે. જેમ કે, ઇન્દ્રનાં બીજાં વિશેષણો મઘવા, વૃત્રહન્તા, વજ્રિન વગેરે. પરંતુ યાસ્કે પ્રકટપણે એમ નથી કીધું કે બીજા દેવો, જેવા કે—સોમ, વરુણ, અશ્વિનૌ, ઉષા, પર્જન્ય, રુદ્ર, વિષ્ણુ, પૂષન્ વગેરે—આ ત્રણ સ્થાનના ત્રણ દેવોનાં જ જુદાં જુદાં સ્વરૂપો કે અવતારો છે [illegible] અગ્નિ, ઇન્દ્ર/વાયુ અને સૂર્ય—એ ત્રણ દેવો ઉપરાંતના બીજા જે દેવો ઋગ્વેદમાં સ્તવાયા છે તેમનું કેવી રીતે વર્ગીકરણ કરવું ? એ વિષે યાસ્કે કોઈ માર્ગદર્શન આપ્યું નથી. તથાપિ ઋગ્વેદમાં જે જે મુખ્ય દેવતાઓની સ્તુતિ કરવામાં આવી છે, તેમને ઉપર્યુક્ત ત્રણેય સ્થાનોની દૃષ્ટિએ વર્ગીકૃત કરીએ તો—

(૧) પૃથિવીસ્થાનના દેવો : અગ્નિ બૃહસ્પતિ, સોમ અને યમ (વગેરે).

(૨) અન્તરિક્ષ સ્થાનના દેવો : ઇન્દ્ર (અથવા વાયુ), અપાંનપાત્, પર્જન્ય, માતરિશ્વ, મરુદ્ગણ, આપઃ અને રુદ્ર.

(૩) દ્યુસ્થાનના દેવો : વરુણ, સવિતૃ, પૂષન, સૂર્ય, મિત્ર, આદિત્ય, વિષ્ણુ, અશ્વિનૌ અને ઉષસ્.

---

* तिस्रः एव देवताः इति नैरुक्ताः । अग्निः पृथिवीस्थानः ।
वायुर्वा इन्द्रो वा अन्तरिक्षस्थानः । सूर्यो द्युस्थानः ॥
— निरुक्तम् (अध्याय-७, खण्ड-५)

(ख) ઐશ્વર્ય કે મહત્તાની દૃષ્ટિએ વિચારીએ તો ઋગ્વેદના સૌ દેવોમાંથી ઈન્દ્ર અને વરુણ પ્રમુખ દેવો છે; અને મહત્તામાં બીજા ક્રમે અગ્નિ અને સોમ આવી શકે છે.

(ग) ઋગ્વેદમાં વિવિધ દેવોની સ્તુતિ કરવામાં આવી છે, પરંતુ કયા દેવને માટે કેટલાં આખાં સૂક્તો રચાવામાં આવ્યાં છે ? એવી ગણતરી કરીને જોઈએ તો ઋગ્વેદમાં અગ્નિ, સોમ અને ઈન્દ્રને વધુ લોકપ્રિય દેવો કહેવા પડે; કારણ કે આ ત્રણ દેવો માટે સૌથી વધારે સૂક્તો રચવામાં આવ્યાં છે. પ્રોફે. મેક્ડોનલે આવી ગણતરીને આધારે વૈદિક દેવોને પાંચ ભાગમાં વહેંચી બતાવ્યા છે. જેમ કે,

૧. ઈન્દ્ર (સૂક્તસંખ્યા : ૨૫૦), અગ્નિ (૨૦૦) અને સોમ (૧૦૦).

૨. અશ્વિનૌ (૫૭), મરુતો (૩૩) અને વરુણ (૧૨).

૩. ઉષસ્ (૨૦), સવિતૃ (૧૧), બૃહસ્પતિ (૧૧), સૂર્ય (૧૧) અને પૂષન્ (૮).

૪. વાયુ (૩), દ્યાવાપૃથિવી (૬), વિષ્ણુ (૫), અને રુદ્ર (૩).

૫. આપઃ (૪), યમ (૩) અને પર્જન્ય (૩).

(घ) ક્યારેક દેવોને તેમનાં કાર્યો, સ્વભાવ વગેરે અનુસાર ૧. યુદ્ધપ્રિય દેવો. ૨. સદાચારી દેવો અને ૩. શાન્તિપ્રિય દેવો એમ ત્રિવિધ પણ કહેવમાં આવ્યા છે.

(ङ) અગાઉ કહ્યું છે તે મુજબ 'ઋગ્વેદ' ગ્રન્થ જો 'ભારત-યુરોપીય ભાષાકુળ'નો જૂનામાં જૂનો લેખિત ઉપલબ્ધ દસ્તાવેજ હોય તો તે ભારત-યુરોપીય પ્રજાએ હજારો વર્ષોના સમયગાળામાં જે જે સ્થળાંતરો કર્યાં અને તે દરેક વખતે જુદી જુદી ટોળીઓમાં વિભક્ત થઈને જુદે જુદે ઠેકાણે સ્થિર નિવાસ કરતા ગયા એનો અભ્યાસ કરીએ તે તે સ્થળે અને સમયે એમના કયા ઉપાસ્ય દેવો હશે એનું તારણ કાઢીને પણ વૈદિક દેવોને વર્ગીકૃત કરી બતાવવાનો પ્રયત્ન થયો છે. જેમકે,

(૧) મધ્ય એશિયામાં જ્યાં મૂળ ભારત-યુરોપીય પ્રજાનું નિવાસસ્થાન હશે, તે સમયે ભારત-યુરોપીય પ્રજાની પ્રાચીનતમ દેવતા ઉષસ્ દેવી હશે. તથા દેવ-**देव-स्** જેને લેટિનમાં 'ડયૂ–સ' કહે છે; તથા ઈશ્વરને વેદમાં દિવ્યપિતા = **द्यौष्पितर** કહે છે. તેને માટે ગ્રીકમાં 'ઝ્યૂસ પેટર' શબ્દ છે, અને લેટિનમાં 'જ્યુપિટર' કહે છે. ઋગ્વેદના વરુણ દેવને મળતો ગ્રીકમાં ઉરેનોસ (Ouranos) દેવ છે. અને અગ્નિને મળતો લેટિનમાં 'ઇગ્નિ-સ્' શબ્દ છે. આમ 'દેવ' શબ્દ, વરુણ શબ્દ, અગ્નિ શબ્દ, **द्यौष्पितर** શબ્દ (જેમાં આકાશ અને પૃથિવીને આખા જગત્નાં માબાપ કલ્પ્યાં છે)–તે ઇંડો-યુરોપિયન સમયના જણાય છે. આ સિવાય બીજા કયા દેવો આટલા જૂના હશે તે નિર્વિવાદપણે કહી શકાય એમ નથી. (૨) ત્યાર પછી હિન્દુ-ઈરાની પ્રજાના દેવોમાં ઈન્દ્ર, મિત્ર, ભગ, સોમ અને આપાંનપાત હશે. ઋગ્વેદમાં ઈન્દ્રને

માટે 'वृत्रहन्' એવું વિશેષણ વપરાયું છે. ઈરાનીઓના અવેસ્તાગ્રંથમાં પણ 'વિજયના દેવતા' તરીકે એક 'વેરેથ્રઘ્ન' દેવતાનો ઉલ્લેખ છે. આથી પ્રોફે. મેક્ડોનલ કહે છે કે – ''વૈદિક સમયના 'વૃત્રને હણનારા' અને 'વિજય મેળવનાર દેવ'ને મળતો આવે એવો કોઈક દેવતા; હિન્દુસ્તાન અને ઈરાનના લોકો (ઇંડો ઈરાનિયન પ્રજા) જે વખતે એક સાથે રહેતા હશે તે વખતે પણ–અસ્તિત્વ ધરાવતો હશે. એવું માનવાને મજબૂત કારણે છે.'' આમ ઈન્દ્રદેવતા ઇંડો-ઈરાનિયન સમયગાળાનો હોઈ શકે. (૩) જ્યારે છેલ્લા તબક્કામા આર્યો પંજાબના માર્ગે ભારતમાં પ્રવેશ્યા (અને 'ભારતીય આર્યો' તરીકે ઓળખાયા) ત્યારે તેમના દેવો તે બૃહસ્પતિ, રુદ્ર અને વિષ્ણુ હશે એમ કહી શકાય. જોકે પ્રોફે. ઝિમરમેન આવા વર્ગીકરણને ભારે વિવાદાસ્પદ ગણે છે.

(च) સૂર્ય : અગ્નિ વગેરે જેવા અપુરુષવિધ (= માનવીય દેહાકૃતિ નહીં ધરાવતા) દેવતાઓનું તથા પ્રાકૃતિક ઘટનાઓ/કુદરતી દેખાવો–જેવા કે ઉષા, સંધ્યા, વર્ષા વગેરે ઉપર વેદમન્ત્રોમાં જે માનવીકરણ કે ચેતનત્વનું આરોપણ (Personification) કરવામાં આવ્યું છે તેને આધારે પણ દેવતાઓનું વર્ગીકરણ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. પ્રોફે. બ્લૂમફિલ્ડે આ દષ્ટિએ વૈદિક દેવોને પાંચ ભાગમાં વહેંચી કાઢ્યા છે : ૧. પ્રાગ્ ઐતિહાસિક કાળના દેવો (દા. ત., દ્યૌષ્પિતર, વરુણ, મિત્ર); ૨. પાદર્શક દેવો, (દા. ત., સૂર્ય, અગ્નિ, વાયુ); ૩. અર્ધપારદર્શક દેવો; [દા. ત. વિષ્ણુ (= સૂર્ય)]; ૪. અપારદર્શ (દા. ત., ઈન્દ્ર, વરુણ, અશ્વિનૌ) અને ૫. ભાવવાચક સંજ્ઞાત્ક દેવો (દા. ત., હિરણ્યગર્ભ તથા શ્રદ્ધા દેવતાનું એક સૂક્ત; અને મન્યુ દેવતાનાં બે સૂક્તો). ઉપરાંત, પ્રજાપતિ, વિશ્વકર્મા બૃહસ્પતિ વગેરે.

જો કે કયા દેવને પ્રાગ્ઐતિહાસિક કાળના ગણવા કે ન ગણવા ? એ નક્કી કરવું બહુ મુશ્કેલ છે. આથી પ્રોફે. ઝિમરમેન ફરી એક વખત યાસ્કના વર્ગીકરણને જ આવકાર્ય ગણે છે !

16. વૈદિક દેવતાવાદ-મતમતાન્તરો

ઋગ્વેદમાં અનેક દેવતાઓની સ્તુતિ કરવામાં આવી છે તેમ આપણે અગાઉ કહ્યું છે. પરંતુ ઋગ્વેદના આ અગ્નિ, ઈન્દ્ર, સોમ, વરુણ વગેરે દેવોની ઉત્પત્તિ (દેવતાવિષયક કલ્પનાઓ), પ્રાચીન ભારતીય આર્યપ્રજાના મનમાં કેવી રીતે થઈ હશે ? એ વિષે વિદ્વાનોએ જુદા જુદા મતો પ્રદર્શિત કર્યા છે જેનો ટૂંકો પરિચય આ પ્રમાણે છે : –

ભૂમિકા : લગભગ ઈ. પૂર્વે ૫૦૦૦ થી ઈ. પૂર્વે ૩૦૦૦ સુધીમાં મોટાભાગની વૈદિક ઋચાઓનું વિવિધ ઋષિઓના હાથે પ્રણયન થઈ ગયું હતું. અને ગુરુશિષ્યોની પરંપરા દ્વારા તે ઋચાઓ મૌખિક રૂપે સચવાઈ રહી હશે. ત્યાર પછી લગભગ ઈ. સ. પૂર્વે ૩૦૦૦માં તે પ્રકીર્ણ વૈદિક મન્ત્રોનું સંકલન અને સંપાદન કરવામાં

આવ્યું હશે. મહાભારતમાં વર્ણવ્યું છે તે મુજબ લગભગ આ જ સમયે (અર્થાત્ કળિયુગના આરંભે જ) મહર્ષિ વેદવ્યાસે ચાર વૈદિક સંહિતાઓનું સંકલન કરીને, તેમણે પોતાના શિષ્યોને ભણાવ્યા. આ પછી બ્રાહ્મણગ્રન્થોનું વિશાળ સાહિત્ય આવે છે, જેનો વિકાસ પણ ઓછામાં ઓછો ૧૦૦૦ વર્ષના સમયગાળાની અપેક્ષા રાખે છે. ઈ. સ. પૂર્વે ૩૦૦૦ થી ઈ. સ. પૂર્વે ૨૦૦૦ સુધી બ્રાહ્મણગ્રંથો પલ્લવિત થયા હશે, આ જ ગાળામાં, ભારતીય ધાર્મિક ઇતિહાસની દૃષ્ટિએ જોઈએ તો કર્મકાંડ-યજ્ઞયાગાદિ-નું પ્રભુત્વ ફેલાયું હશે. ત્યાર પછી ઈ. સ. પૂર્વે ૨૦૦૦થી ઈ. સ. પૂર્વે ૧૦૦૦માં ઉપનિષદોની રચના થઈ હશે. આમાંથી પાછળનાં ઉપનિષદોનો સમય આવતાં સુધીમાં તો વૈદિક ભાષા પૂરેપૂરી 'લૌકિક સંસ્કૃત'માં રૂપાંતરિત થઈ ચૂકી હતી અને વૈદિક ઉદાત્તાદિ સ્વરો લુપ્ત થઈ ગયા હતા. લગભગ આ જ સમય યાસ્કનો હશે, કે જેમના સમયગાળામાં જ વૈદિક ભાષાનું લૌકિક સંસ્કૃતમાં સંક્રમણ થઈ ચૂક્યું હતું. ત્યાર પછી ઈ. સ. પૂર્વે ૭૦૦ થી ૬૦૦માં પાણિનિ જન્મ્યા હશે, કે જેમણે લૌકિક સંસ્કૃત ભાષાનું વૈજ્ઞાનિક વ્યાકરણ લખીને સંસ્કૃત ભાષાના માળખાને ચિરસ્થાયી સ્વરૂપ બક્ષ્યું. ઈ. સ. પૂર્વેના આ એક હજાર વર્ષના સમયગાળામાં જ વિવિધ કલ્પસૂત્રોની રચના થઈ હશે.–વૈદિક સાહિત્યની આ કાલાંનુક્રમણી સ્વીકારીને આપણે ચાલવું જોઈએ. કારણ કે પાશ્ચાત્ય યુરોપિયન વિદ્વાનોના પૂર્વગ્રહો મુજબ ''ઋગ્વેદનો સમય ઈ. સ. પૂર્વે ૧૨૦૦ કે ૧૫૦૦ નક્કી કરીને, તે સમયની ક્યાંક આગળ-પાછળ જ 'ભારત-યુરોપીય ભાષા' બોલનારી પ્રજા મધ્ય એશિયામાંથી નીકળીને ક્રમિક રીતે ઈરાન અને ભારતમાં ફેલાઈ હશે'' એમ માનીશું તો વૈદિક દેવતાઓ અને વૈદિક ધર્મના ઉદ્‌ગમ અને સ્વાભાવિક વિકાસની રૂપરેખા યોગ્ય રીતે આંકી શકાશે નહીં. આ, એ વાત સાચી છે કે ભારત-યુરોપીય પ્રજા નાનાં નાનાં જૂથોમાં વિભક્ત ક્યારે થઈ ? એ વિષે જો થોડુંકેય શ્રદ્ધેય જ્ઞાન પ્રાપ્ત થાય તો, તેનાથી આર્ય પ્રજાના દેવોનો ઉદ્‌ગમ અને વિકાસ ક્યાં, કેવી રીતે થયો હશે ? તે નક્કી કરવામાં થોડીક વધારે મદદ મળી રહે. પરંતુ ઇંડો-યુરોપિયન પ્રજા ક્યારે છૂટી પડી હશે ? તે મુદ્દો હજીય વિવાદાસ્પદ જ રહ્યો છે. જોકે આની ચર્ચા અગાઉ કરવામાં આવી છે. પરંતુ પ્રોફે. જી. સી. ત્રિપાઠીએ ભારત-યુરોપિયન પ્રજાના સ્થળાંતરનો ક્રમ અને સમયગાળો નવી રીતે ચર્ચ્યો છે જેનો અંશ અહીં ઉતાર્યો છે. – આટલી ભૂમિકા બાંધ્યા પછી, હવે વૈદિક દેવતાઓના ઉદ્‌ગમ-વિકાસ વિષેના જુદા જુદા મતો જોઈશું :

ઇંડો-યુરોપિયન ભાષાકુળની અનેક ભાષાઓમાં 'દેવતા'ના વાચક જુદા જુદા શબ્દોની તુલના કરવાથી તરત જ એ જાણી શકાય છે કે પ્રાચીન આર્યોની દૈવી શક્તિ વિષેની મૂળ કલ્પનાનું સ્વરૂપ કેવું હતું. જેમ કે,

૧. સંસ્કૃતમાં– **देवः**

૨. ગ્રીકમાં– **थे ओस्**

૩. લેટિનમાં–**देउस्** **(देइवॅस)**, **दिएवॅस**

૪. આઈરિશમાં–**दिया**

૫. પ્રા. નોર્સમાં **तिवर** – આ બધા 'દેવતા'ના વાચક શબ્દો છે. આ બધા શબ્દોમાં મૂળ ઇંડો–યુરોપિયન **दिव्** ધાતુ છે; જેનો અર્થ 'ચમકવું' કે 'પ્રકાશિત થવું'–એવો થાય છે. આ સુસ્પષ્ટ વ્યુત્પત્તિ સૂચવે છે કે ભારતીય આર્યોએ દેવતાવિષયક પોતાની પહેલ વહેલી માન્યતા પ્રકાશ અથવા પ્રકાશમાન (આકાશ)માંથી મેળવી હતી.

હવે આપણે આ દેવતાઓની ઉત્પત્તિ વિષેના જુદા જુદા વાદોની ચર્ચા કરીશું.

જડાત્મવાદ અથવા 'વિશિષ્ટ દેવોમાંથી વૈયક્તિક દેવતાનો વિકાસ' :

(૧) જુદા જુદા પ્રાચીન આર્યધર્મોનો તુલનાત્મક અભ્યાસ કરવાથી એ તરત જણાઈ આવે છે કે પ્રાચીન આર્યપ્રજા પોતાના દૈનિક જીવનની કોઈ પણ મુખ્ય માન્યતા સાથે સંકળાયેલા દેવની કલ્પના કરવામાં પ્રવીણ હતી. ઉદાહરણ તરીકે– રોમના પ્રાચીન 'ઇન્દિગિતામેન્તા' ગ્રંથમાં જુદા જુદા ધાર્મિક અવસરોએ કરવાની પ્રાર્થનાઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે. અહીં રોમન પ્રજાના જીવનની લગભગ બધી જ ક્રિયાઓ માટે અને બધાં જ ક્ષેત્રોને માટે કોઈક ને કોઈક દેવતાની કલ્પના કરવામાં આવી છે. ક્યારેક તો એક જ ક્ષેત્રના અનેક દેવતાઓ પણ માનવામાં આવ્યા છે. પરંતુ મહદંશે એક એક દેવનું એક એક કાર્યક્ષેત્ર અલગ રહેતું. જેમકે, કૃષિક્ષેત્રમાં 'સાતુર્નુસ' બીજારોપણનો દેવતા હતો, 'સીરીસ' અન્નની વૃદ્ધિ કરનારી દેવી હતી, અને 'ફ્લોરા' પુષ્પોની દેવી મનાતી હતી.

બસ, આ જ રીતની માન્યતાઓ લિથુઆનિયન ધર્મમાં પણ જોવા મળે છે. 'આ ધર્મ પણ પ્રાચીન આર્યધર્મનો જ એક અવશેષ છે' એમ તુલનાત્મક ભાષાશાસ્ત્રના અભ્યાસીને ખબર છે. લિથુઆનિયન ધર્મ લગભગ ૧૬મી સદી સુધી વિકસતો રહ્યો છે. આથી કેટલાક વિદ્વાનોનું એમ માનવું છે કે (ભારતીય) આર્ય ધર્મનાં અમુક રહસ્યોને ખોલવા માટે આ લિથુઆનિયન ધર્મનું ઘણું મહત્ત્વ છે. રોમન ધર્મની જેમ જ, આ દેશના લોકોએ પણ પોતાના જીવનની સાથે સંકળાયેલી પ્રત્યેક વસ્તુ કે ક્ષેત્રને માટે એક દેવતાની પરિકલ્પના કરી છે. ઉદાહરણ તરીકે–પશુપાલનના વિષયમાં 'સુત્વરસ્' નામનો લિથુઆનિયન દેવતા પશુઓને સાચવે છે; 'ગોથા' નામની દેવી પશુઓની વૃદ્ધિ કરે છે; અને 'જારિક્સઉસ્' નામનો દેવતા પશુઓના ઘાસચારાની વ્યવસ્થા કરે છે.

વૈદિક ધર્મમાં પણ આવી જ માન્યતાઓ-આછાપાતળાં સ્વરૂપે પણ–જોવા મળે છે. જેમ કે ઋગ્વેદ અને અથર્વવેદમાં 'વાસ્તોષ્પતિ' નામનો દેવતા ઘરનું રક્ષણ કરે છે. અને 'ક્ષેત્રપતિ' નામનો દેવતા ખેતરોનું રક્ષણ કરે છે.

શ્રોયેદર નામના વિદ્વાને આને 'જડાત્મવાદ' (animism) નામ આપ્યું છે. જડાત્મવાદ એ 'પ્રારંભિક ધાર્મિક વિચારધારા'નું એક નામ છે. અ વાદમુજબ પ્રાગૈતહાસિક કાળની મનુષ્યજાતિ પ્રત્યેક જડ પદાર્થને સજીવ માની લે છે; અને તે એમ માને છેકે પ્રત્યેક (જડ) પદાર્થમાં એક ચેતાનાત્મા નિવાસ કરે છે; તથા તે જડ વસ્તુની ક્રિયાઓ ઉપર નિયંત્રણ રાખ્યા કરે છે. પ્રાચીન આર્યોને એવી શ્રદ્ધા હતી કે બ્રહ્માંડનું દરેક ક્ષેત્ર કોઈક ચેતન તત્ત્વથી નિયન્ત્રિત છે. જીવનમાં જોવા-અનુભવવા મળતી દરેક ઘટના કે વસ્તુઓને માટે તેમણે એક એક અલગ દેવતાની કલ્પના કરી છે.

એચ. ઉજેનરે પોતાના 'ગોટરનામેન' (Goetterneman) નામના જર્મન પુસ્તકમાં આ દેવતાઓને 'જૌડરગોટર' (Sondergotter) અર્થાત્ 'વિશિષ્ટદેવતા' એવી સંજ્ઞા આપી છે. માનવજીવન અથવા પ્રકૃતિના કોઈ એક વિશિષ્ટ ક્ષેત્રની સાથે આ વિશિષ્ટ દેવતા જોડાયેલાં હોય છે; અને આવા દેવતાનો અધિકાર તે ક્ષેત્ર પૂરતો સીમિત રહે છે. ઉદા. ત. રોમન ધર્મમાં 'સીરીસ' અથવા વૈદિક ધર્મમાં વાસ્તોષ્પતિ. આથી એમ કહી શકાય કે આ દેવતા કેવળ માનવજીવન અથવા પ્રકૃતિના તે તે ક્ષેત્રનું જ સજીવ રૂપ છે.

ઉજેનર તથા શ્રોયેદર એ બંનેનું મન્તવ્ય છે કે ઋગ્વેદમાં પ્રાપ્ત થતા ઇન્દ્ર કે વરુણ વગેરે 'વૈયક્તિક દેવતા'ઓ (Persoenliche Goetter) તે વિશિષ્ટ દેવતાઓની પછીના સમયમાં વિકસ્યા છે. કાલની દૃષ્ટિએ જોઈએ તો પહેલા 'વિશિષ્ટ દેવો'ની કલ્પના આવે છે, અને તેવા દેવોમાંથી જ કાલક્રમે પાછળથી વૈયક્તિક દેવોની કલ્પના જન્મે છે. આવા વૈયક્તિક દેવો જે પદાર્થ, ઘટના કે ક્ષેત્રની સાથે જોડાયેલા હોય, તેનાથી સ્વતન્ત્ર અસ્તિત્વ ધરાવતા હોય છે. (દા. ત., વરસાદની ઘટનાના નિયંતા દેવ ઇન્દ્ર, તે ઘટનાથી અલગ એવું પોતાનું અસ્તિત્વ/સ્વરૂપ ધરાવે છે.)

આ વિદ્વાનો આગળ વધીને એમ પણ કહે છે કે 'વિશિષ્ટ દેવતા'ઓ ધીરે ધીરે વધારે શક્તિશાળી થતા જાય છે, અને બીજા તુચ્છ દેવોના વ્યક્તિત્વને આત્મસાત્ કરીને ''વૈયક્તિક દેવ'' બની જાય છે. પણ આ વખતે તેમના મૂળ અધિકારક્ષેત્ર કે પોતાના મૂળ રૂપથી તેઓ એટલા અળગા થઈ જાય છે કે તેમને ઓળખવા મુશ્કેલ બને છે. વૈદિક ઇન્દ્ર કે વરુણ દેવતાની બાબતમાં પણ આમ જ બન્યું છે.

શ્રોયેદરના મતે વિશિષ્ટ દેવોમાંથી વૈયક્તિક દેવોના જન્મની પ્રક્રિયા અત્યંત સ્વાભાવિક અને સરળ છે. જે જેમ માનવસભ્યતા અને સંસ્કૃતિનો વિકાસ થતો જાય તેમ તેમ નવા વિધિવિધાન, સામાજિક રીતરિવાજો અને નિયમોનું પ્રચલન થાય છે. આવે વખતે મનુષ્યોને વધારે શક્તિશાળી દેવોની આવશ્યકતા જણાય છે, જે આ નવી વસ્તુ કે નીતિનિયમોના નિયન્તા કે અધિષ્ઠાતા હોય. પ્રાચીન (ભારતીય) આર્ય

પ્રજાના કિસ્સામાં પણ આમ બન્યું હશે. પરિણામે મહત્ત્વના ગણી શકાય એવા પ્રાકૃતિક દેવતાઓ વિલુપ્ત થતા ગયા, અને તેમના સ્થાને ઈન્દ્ર કે વરુણ વગેરે વધારે ઉચ્ચ દેવત્વવાળા દેવતાઓ ઊપસી આવ્યા. (જુઓ : શ્રોયેદરનો ''એનસાઇક્લોપીડિયા ઓફ રિલીજન એન્ડ ઈથિક્સ'', સાતમો ભાગ.)

* * * *

વૈદિક આર્ય દેવોની ઉત્પતિ અંગેનો ઉપર્યુક્ત મત, જે મૂળભૂત રૂપે ઉજેનરનો છે અને જે મતનું પાછળથી શ્રોયેદરે દઢતાપૂર્વક અનુમોદન કર્યું હતું, તે મતનો વિરોધ પણ ઘણો થયો છે. કારણ કે ઉજેનરે પોતાનો મત સ્થાપિત કરવા જે 'ઇંદિગિતિમેન્તા' રોમન ગ્રન્થનો અને લિથુઆનિયન ધર્મની માન્યતાનો સહારો લીધો છે, તે વૈદિક મંત્રોની રચના કરતાં ઘણા પરવર્તી છે. તથા આ બે ધર્મો સિવાય, બાકીના ગ્રીક, ભારતીય અને ઈરાની ધર્મો તથા દેવતાશાસ્ત્રોમાં આવી રીતની દેવકલ્પનની પ્રવૃત્તિ અત્યંત ઝાંખા સ્વરૂપે જોવા મળે છે. ખરેખર તો, વૈદિક ઉષાસ્ અગ્નિ, સૂર્ય તથા વાત વગેરે વૈદિક દેવતા ક્રમશઃ ઉષા, આગ, સૂરજ તથા વાયુ (પવન) આદિ પદાર્થો ઉપર નિયંત્રણ ધરાવનારા (ઉજેનરના શબ્દોમાં જેને 'વિશિષ્ટ' કે 'વિભાગીય' દેવતાઓ કહે છે) તે નથી, પરંતુ તે તે પ્રાકૃતિક દશ્યોનું માત્ર માનવીકરણ (personification) છે.

(૧) જડચેતનાવાદ :

આર્યોની પ્રાચીનતમ સાહિત્યિક કૃતિ ઋગ્વેદને જોતા જણાય છે કે પ્રાચીન વૈદિક દેવોની ઉત્પત્તિમાં 'જડચેતનાવાદ' (Animatism)નો સિદ્ધાંત કંઈક વધારે કામ કરી રહ્યો છે. ઉપર્યુક્ત જડાત્મવાદથી વૈદિક દેવતાઓની ઉત્પત્તિ સંતોષજનક રીતે બતાવી શકાતી નથી. આથી જડચેતનાવાદનો સહારો લેવો પડે છે. અહીં, બૌદ્ધિક દૃષ્ટિએ કંઈક અલ્પવિકસિત મનુષ્યોમાં એવી ધાર્મિક ભાવના હોય છે કે જડ જગત્‌ની પ્રત્યેક મહત્ત્વપૂર્ણ વસ્તુ એક ચેતન પ્રાણીની જેમ વિચારવા, સમજવા અને અનુભવ કરવા શક્તિમાન હોય છે, આ ભાવનાને જડચેતનાવાદ (જડને ચેતનાયુક્ત માનવું) કહે છે. આ વાદમાં વિશ્વાસ રાખનારને માટે જડ વસ્તુઓમાં અતિમાનવીય શક્તિનો નિવાસ હોય છે, અને તે શક્તિની ઉપાસના કરવી જોઈએ તથા પૂજા કરવી જોઈએ, એમ માનવામાં આવે છે.

આ વિચારને વધારે વિશદ કરવા બીજા શબ્દોમાં કહીએ તો–જ્યારે કોઈ જડ વસ્તુની એવી રીતે ઉપાસના કરવામાં આવે કે જાણે તે (વસ્તુ)માં કોઈ પૃથક્ ચેતનશક્તિ કે આત્માનો નિવાસ હોય–તો તેને જડાત્મવાદ (જડમાં આત્મા/ચૈતન્ય હોવાની માન્યતા) કહે છે. પરંતુ જ્યારે જડ વસ્તુને જ એક ચેતના માનીને તેની ઉપાસના શરૂ કરવામાં આવે તો તે ધાર્મિક ભાવનાને 'જડચેતનાવાદ' કહેવામાં આવે છે.

પ્રોફે. જી. સી. ત્રિપાઠીનું કહેવું છે કે જડચેતનાવાદની આ ભાવના મહદંશે માત્ર વૈદિક દેવોમાં જ નહીં, પરંતુ સમગ્ર ઇંડો-યુરોપિયન દેવોની કલ્પનાના મૂળમાં રહેલી જોવા મળે છે. એ નિર્વિવાદ હકીકત છે કે (ભારતીય) આર્યોના પ્રાચીન દેવતાઓ તે પ્રકૃતિનાં જ જુદાં જુદાં દશ્યોનું માનવીકરણ (Personification) માત્ર છે. બીજા શબ્દોમાં કહીએ તો અહીં, ઋગ્વેદમાં પ્રકૃતિપૂજા (nature worship)નો ઉપક્રમ છે. પ્રકૃતિ (કુદરતનાં આ પ્રભાવશાળી દશ્યોમાં પ્રાચીન આર્યોને કોઈ મહાન રહસ્યમયી શક્તિનાં દર્શન થતાં હતાં; અને મનુષ્યોની સાથે આ શક્તિઓનો ગાઢ સંબંધ છે એમ તે સમજતા હતા. માણસજાતના કોઈ પણ પ્રકારના સૌભાગ્ય કે દુર્ભાગ્યને માટે આ રહસ્યમયી શક્તિઓને કારણભૂત માનવામાં આવતી. કોઈક પ્રકારના સૌભાગ્યની પ્રાપ્તિ થતાં તે રહસ્યમયી દૈવી શક્તિ તરફ કૃતજ્ઞતાની ભાવના વ્યક્ત કરવા માટે; તથા અંશતઃ તે દૈવી શક્તિની મહત્તાથી પ્રભાવિત થઈને, (અથવા તો દુર્ભાગ્યની પ્રાપ્તિ થવાના ભયથી) તે દૈવી શક્તિની સ્તુતિ કરવામાં આવી હતી. આમ અહીં, ઋગ્વેદમાં પ્રકૃતિપૂજા (nature worship) જોવા મળે છે.

વળી, જડચેતનાવાદની પ્રક્રિયા આપણા વેદોમાં એટલી બધી સ્પષ્ટરૂપે જોવા મળે છે કે દેવતાઓનાં વ્યક્તિગત નામો જ મોટે ભાગે એવાં છે કે જેનાથી તે દેવતાના ભૌતિક સ્વરૂપનો પણ બોધ થાય છે. જેમકે—**अग्नि** નામ તે આગ વસ્તુનો પણ વાચક છે અને અગ્નિની સાથે સંબંધિત એવી 'દૈવી શક્તિ' (= એક દેવતા વિશેષ)નો પણ વાચક છે. એ જ રીતે, **द्यौः** શબ્દ આકાશને પણ સૂચવે છે અને 'આકાશના દેવતા'નો પણ તે વાચક છે. ઉષસ્ તે પ્રાતઃકાળનું પણ નામ છે અને તે સમયગાળાની અધિષ્ઠાત્રી દેવીનું પણ અભિધાયક નામ છે.

* * *

આમ વૈદિક દેવતાઓનાં ઉદ્ભવવિષયક બે પ્રમુખ મતો જોયા.

હવે આ અનેક દેવતોમાંથી કોઈ 'અધિદેવતા'ની કે 'એક દેવતા'ની કલ્પના કેવી રીતે કાલક્રમે વિકસતી ગઈ છે ? તેનો અભ્યાસ કરીશું. :—

(૩) બહુદેવતાવાદ :

વૈદિક ઋષિઓએ પોતાની આસપાસની સૃષ્ટિમાં જે પ્રાકૃતિક દશ્યો જોયાં, (જેવાં કે ઉષાઃકાળ, વરસાદ, પવન ફુંકાવો, જંગલ, રાત્રિ વગેરે) કે જે જે પદાર્થો, જેવા કે—અગ્નિ, સૂર્ય, સોમ, આપઃ = પાણી વગેરે) જોયાં તે દરેક ઉપર (ઉપર્યુક્ત જડચેતનાવાદ મુજબ) ચેતનત્વનું આરોપણ (personification) શરૂ કર્યું; અને તેમાંથી ઊભી થઈ ઋગ્વેદના અનેક દેવોની હારમાળા. ઋગ્વેદમાં ૩૩ (**त्रिभिः एकादश) ये त्रिंशति त्रयस्परो देवासो बर्हिरासदन्** । ૮-૨૮-૧) દેવોથી

માંડીને ૩૩૩૯ દેવો મહાન હોવાનો ઉલ્લેખ (ઋ. ૩-૯-૯માં જોવા) મળે છે. આને વેદનો બહુદેવતાવાદ (Polytheism) કહે છે. યાસ્કના નિરુક્ત (**અધ્યાય-૭**)માં યાજ્ઞિકોનો એક મત ટાંકવામાં આવ્યો છે. તે મત મુજબ વેદમાં જેટલાં નામો છે તેટલા દેવતાઓ છે. જેમ કે, ઇન્દ્ર, વરુણ, સોમ, અગ્નિ વગેરે અલગ અલગ દેવો છે. આ યાજ્ઞિકો તો આથી આગળ વધીને એમ પણ કહે છે કે ઇન્દ્રના વિશેષણ રૂપે વપરાયેલા 'વૃત્રહન્' કે 'મઘવા' શબ્દો પણ ઇન્દ્રથી ભિન્ન એવા બીજા સ્વતંત્ર દેવોના જ વાચક છે ! એ જ પ્રમાણે, અગ્નિ અને જાતવેદાઃ એ એક જ દેવતા નથી; પણ બે પૃથક્ પૃથક્ દેવતા છે ! આમ ઋગ્વેદમાં 'બહુદેવતાવાદ' પણ જોવામાં આવ્યો છે. જો કે ઋગ્વેદના પાછળના ૧૦ મંડલમાં (તથા અન્યત્ર પણ) એવા નિર્દેશો મળે છે કે આ અનેક દેવતાની પાછળ કોઈ 'એક દેવતા' જ રહેલો છે.* —એ વિચાર શરૂ થયો છે. વિદ્વાનોએ એને 'એકદેવતાવાદ' (Monotheism) કહ્યો છે.

(૪) એકદેવતાવાદ :

પ્રોફે. મેક્ડોનલ કહે છે કે મોટે ભાગે તો જે કુદરતના દેખાવોને લીધે અમુક દેવોની ઉત્પત્તિ થઈ છે. (જેમકે, સૂર્ય, ઉષા, અગ્નિ, વાયુ) તેમનો તો તે કુદરતના દેખાવોને લીધે અમુક દેવોની ઉત્પત્તિ થઈ છે. (જેમ કે, સૂર્ય, ઉષા, અગ્નિ, વાયુ) તેમનો તો તે તે કુદરતના દેખાવો સાથેનો સંબંધ વત્તાઓછા પ્રમાણમાં સ્પષ્ટ જણાયા વગર રહેતો નથી. પરંતુ ક્યારેક એવી રીતના ચેતનત્વનું આરોપણ (personification) સંપૂર્ણ રીતે ખીલવવામાં આવેલું ન હોય ત્યારે એમાં અમુક મર્યાદાની સુરેખતા અથવા વ્યક્તિત્વની સ્વતંત્રતા બિલકુલ જણાતી નથી. વળી, જેના ઉપર ચેતનત્વનું આરોપણ કરવામાં આવ્યું છે તે કુદરતી દેખાવોમાં જ, એ જ પ્રદેશના બીજા દેખાવોની સાથે મળતાં આવે એવાં કેટલાંક લક્ષણો હોય છે; પણ ભિન્નતા સૂચવે એવાં લક્ષણો નહીંવત્ હોય છે. ઉદા. તરીકે—ઉષા, સૂર્ય, અગ્નિ—એ સર્વમાં પ્રકાશ આપવાના, અંધકારને ફેડવાના, સવારમાં પ્રાદુર્ભાવ પામવાના – એમ અનેક ગુણો એકસરખા જોવા મળે છે.

પરિણામે ઘણા દેવોની વચ્ચે સરખાપણું વધતું જવાનો સંભવ વધતો જાય છે. જુદા જુદા દેવતાઓની આવી રીતની એકતા થવાના વલણને કારણે વેદના ઋષિઓએ એક ખાસ રીતથી—દેવતાઓનાં જોડકાં કરીને—તે બે દેવતાનું એકી સાથે આવાહન/સ્તુતિ શરૂ કરી. એવી રીતના જોડકાં કર્યાનું પરિણામ, આગળ જતાં એ આવે છે કે એ જોડકાંમાંના એક દેવનાં જે ખાસ લક્ષણો હોય તે, બીજા દેવનું એકલાનું જે વખતે આવાહન કરવાનું હોય ત્યારે પણ લગાડી દેવામાં આવે છે ! ઉદા. તરીકે– 'વૃત્રને હણનારો' એ વિશેષણ ઇન્દ્રદેવને જ ખાસ લાગુ પડે છે, પણ ઘણીવાર ઇન્દ્રની સાથે અગ્નિનું પણ આવાહન કરવામાં આવે છે. આથી ઇન્દ્રનું જે

---

* **एकं सद्विप्रा बहुधा वदन्ति, अग्निं यमं मातरिश्वानमाहुः ॥**

ખાસ વિશેષણ હોય તે એકલા અગ્નિનું જે આવાહન કરવાનું હોય ત્યારે પણ કોઈ કોઈ વખત લગાડી દેવામાં આવે છે. દરેક દેવતામાં દરેક પ્રકારની શક્તિ કલ્પવી—એ સંભવિત હોવાને કારણે એક દેવતાનું બીજા દેવતાની સાથે ઐક્ય સાધવાનું કામ પણ ઘણું સહેલું થઈ પડે છે. ઉદા. તરીકે—અગ્નિદેવનું આવાહન કરતાં કવિ કહે છે :

त्वम॑ग्ने॒ वरु॑णो॒ जाय॑से॒ यत् त्वं मि॒त्रो भ॑वसि॒ यत्समि॑द्धः ।
त्वे विश्वे॑ सहसस्पुत्रा दे॒वास्त्वमिन्द्रो॑ दा॒शुषे॒ मर्त्या॑य ॥ ५-३-१

“હે અગ્નિ, તું તારા જન્મ વખતે વરુણ હોય છે, તું પ્રદીપ્ત થાય છે એટલે મિત્ર બને છે. હે બળના પુત્ર ! તામારાં જ સઘળા દેવો વસે છે, તને ભજનારા માનવીને તું ઇન્દ્ર થઈ પડે છે !” – આમ અનેક દેવતાવાદમાંથી એકદેવતાવાદ (Monotheism) તરફ ગતિ શરૂ થાય છે.

ઉદાહરણ તરીકે અગ્નિ દેવતા લઈએ. વેદકાળના ઋષિઓને માટે આ દેવતા ઘણો અગત્યનો છે. તે પૃથિવી ઉપરના અગ્નિદેવનાં બીજાં બે સ્વરૂપો, જેવાં કે—અન્તરિક્ષનો અગ્નિ (વિદ્યુત્) અને દ્યુલોકનો અગ્નિ (સૂર્ય) પણ એક જ દિવ્ય સત્ત્વના જુદાં જુદાં સ્વરૂપો છે એ વિચાર પ્રાપ્ત થયો. આથી વૈદિક ઋષિઓ કહે છે કે—એક જ સત્ત્વ વિષે વિપ્રો જુદી જુદી રીતે બોલે છે; એ સત્ત્વને તેઓ અગ્નિ, યમ, માતરિશ્વન્ એવાં જુદાં જુદાં નામ આપે છે.

इन्द्रं॑ मि॒त्रं वरु॑ण॒मग्निमा॑हु॒रथो॑ दि॒व्यः स सु॑प॒र्णो ग॒रुत्मा॑न् ।
ए॒कं सद्विप्रा॑ बहुधा व॑दन्त्य॒ग्निं य॒मं मा॑त॒रिश्वा॑नमाहुः ॥

(ऋ. सं. १-१६४-४६)

બીજા એક મન્ત્રમાં કહે છે કે – “જે પક્ષી (અર્થાત્ સૂર્ય) એક જ છે, તેને વિપ્રો અને કવિઓ અનેક રીતે કલ્પે છે.”

सु॒प॒र्णं विप्राः क॒वयो वचो॑भि॒रेकं॒ सन्तं॑ ब॒हुधा कल्प॑यन्ति ।
(ऋ. सं. १०-११४-५अ)

ઋગ્વેદનું પહેલું અને દશમું મંડળ પાછળથી રચાયા હોવાની કલ્પના થી છે. તદનુસાર, ઋગ્વેદના છેવટના સમયમાં બહુદેવતાવાદમાંથી એકદેવતાવાદ વિકસવા લાગ્યો છે.

* * *

નિરુક્તકાર યાસ્કે પણ ઋગ્વેદમાં ‘એકદેવતાવાદ’—એકાત્મવાદ—સ્વીકાર્યો છે. તેમના શબ્દો જોઈશું.

महाभाग्यात् देवताया एक एव आत्मा बहुधा स्तूयते । एकस्यात्मनो अन्ये देवाः प्रत्यंगानि भवन्ति । प्रकृतिसार्वानाम्न्याच्च । इतरेतरजन्मानो

भवन्ति, इतरेतरप्रकृतयः । आत्मा चैषां रथो भवति । आत्मायुधम् । आत्मा सर्वं देवस्य देवस्य ॥

(નિરુક્તઃ અધ્યાય-૭)

અર્થાત્ ''મહા-ઐશ્વર્યથી યુક્ત હોવાને કારણે, બધા જ દેવતાઓનો આત્મા એક જ હોવા છતાંય, કાર્યભેદને કારણે એક જ દેવતાની અનેક પ્રકારે (અનેક નામે) સ્તુતિ કરવામાં આવે છે. એક જ (દેવતા) આત્માના આ અનેક દેવતાઓ અંગ) માત્ર છે. દુનિયાના કોઈ પણ તત્ત્વની દેવતા રૂપે સ્તુતિ કરી શકાય છે. એક જ શક્તિની સાથે જોડાયેલ હોઈને આ દેવતાઓ એકબીજાને ઉત્પન્ન કરે છે તથા પરસ્પર એકબીજાનું કારણ બની શકે છે. દેવતાઓને આત્મા જ બધું છે, તે ક્યારેક તેમનો રથ બને છે કે ક્યારેક અશ્વ અને આયુધ બને છે.''

(૫) વિશ્વદેવતાવાદ :

પ્રોફે. મેક્ડોનલ કહે છે કે ઋગ્વેદમાં કવચિત્ એવા એક દેવતાની કલ્પના પણ જોવા મળે છે કે જેમાં ઇન્દ્રાદિ સઘળા દેવતાઓ જ માત્ર નહીં, પણ સમગ્ર કુદરત-કે બ્રહ્માંડ-નો પણ સમાવેશ થઈ જાય છે. આને ''વિશ્વદેવતાવાદ'' એવું નામ આપવામાં આવ્યું છે. ઉદાહરણ તરીકે–

अदि॑ति॒र्द्यौरदि॑तिर॒न्तरि॑क्ष॒मदि॑तिर्मा॒ता स पि॒ता स पु॒त्रः ।
विश्व॑ दे॒व अदि॑ति॒ः पञ्च॒ जना॒ अदि॑तिर्जा॒तमदि॑ति॒र्जनि॑त्वम् ॥

(ऋ. सं. ૧-૮૯-૧૦)

આ મન્ત્રમાં અદિતિ દેવીને સઘળા દેવતાઓ, માણસો, જે કંઈ છે અને જે કંઈ હશે તે સઘળું, અંતરિક્ષ અને આકાશ એ સર્વની સાથે ઐક્ય ધરાવનારી કહેવામાં આવી છે.. વળી, સૃષ્ટિવિષયક એક સૂક્ત (૧૦-૧૨૧)માં પ્રજાપતિને સઘળા દેવતાઓ કરતાં ચઢિયાતા એવા એક દેવતા તરીકે વર્ણવવામાં આવ્યા છે; એટલું જ નહીં, પણ બધી જ વસ્તુઓનો તે એક જ દેવતામાં સમાવેશ થઈ જાય છે એમ કહેવામાં આવ્યું છે. વિશ્વદેવતાવાદનું આ બીજ વેદના પાછળના સાહિત્ય (વેદાન્ત)માં ધીરે ધીરે ખીલતું ગયું અને આખરે વેદાન્તની ફિલસૂફી (**सर्वं खल्विदं ब्रह्म**)નું છેવટનું સ્વરૂપ એણે પ્રાપ્ત કર્યું.

(૬) અધિદેવતા વાદ :

પ્રોફે. મેકસમ્યૂલરે ઋગ્વેદનો અભ્યાસ કરતાં એવું જોયું કે ઋષિઓ જુદા જુદા અનેક દેવોનું આવાહન કે સ્તુતિ કરે છે. પરંતુ તેઓ જ્યારે જે એક વ્યક્તિગત દેવને લઈને તેની સ્તુતિ શરૂ કરે છે ત્યારે તે દેવતા જ સૌથી શ્રેષ્ઠ, સૌથી વધારે શક્તિમાન્ હોય એવી રીતનું નિરૂપણ કરે છે. પ્રસ્તુત જે તે દેવતા જ તે ઋષિઓને માટે અધીશ્વર બની રહે છે. અને ''અધિદેવતાવાદ'' (Henotheism અથવા

Kethenotheism) કહેવામાં આવ્યો છે. આ સિદ્ધાંત પ્રમાણે, વેદના ઋષિઓએ જુદા જુદા દેવતાઓને વારાફરતી સૌથી શ્રેષ્ઠ તરીકે ગણ્યા છે; અને જે વખતે જે દેવતાનું આવાહન/સ્તુતિ કરવાનું હોય હોય તે વખતે તે દેવતા તરફ જ લક્ષ્ય રાખીને તેને તદ્દન સ્વતંત્ર અને સર્વોપરિ દેવતા માન્યો છે.

પણ પ્રોફે. મેક્ડોનલ વગેરે વિદ્વાનોએ આ મતનો સ્વીકાર કર્યો નથી, કારણ કે સ્વાભાવિક રીતે જ જ્યારે જે દેવની સ્તુતિ થતી હોય ત્યારે તેને મહાન ગણી લેવામાં આવે. – આમ થવું શક્ય છે. આવા નિરૂપણને બહુ બહુ તો અતિશયોક્તિ કહી શકાય, પણ એમાંથી કોઈ સિદ્ધાંત ઊભો ના કરી શકાય.

17. ઋગ્વેદના દશ મંડળોનો વિન્યાસક્રમ

ભારતીય પરંપરા મુજબ તો ચારેય વેદો ઈશ્વરનું નિઃશ્વસિત છે; તે કોઈ મનુષ્યની રચના–કૃતિ–નથી જ. પણ પાશ્ચાત્ય વિદ્વાનોએ ઋગ્વેદના દશેય મંડળોના સૂક્તોની સંખ્યા, સ્તુત્ય દેવતાઓનો ક્રમ, તે તે સૂક્તોના દ્રષ્ટા ઋષિઓનો; અને પ્રતિપાદ્ય વિષયાદિનો પૃથક્કરણાત્મક અભ્યાસ કરીને એવું અનુમાન ઘડ્યું છે કે આ મંડળોનું સંગ્રથન કોઈ એક કાળમાં થયું નથી. આ મતને સ્વીકારીને પ્રોફે વી. એસ. ઘાટે સાહેબ પણ કહે છે કે–

It is rather a compilation of several books which can be individually distinguished from each other.

અર્થાત્ ઋગ્વેદ એ વિવિધ મંડળોનું સંકલન છે; અને તે દરેક મંડળને પરસ્પરથી જુદાં તારવી શકાય છે.

વિદ્વાનોએ ઋગ્વેદના આ દશ મંડળોને પાંચ ક્રમમાં સંગ્રથિત થયેલા દર્શાવ્યા છે. જેમકે,

(क) ઋગ્વેદના પ્રાચીનતમ અંશ એવા 'કુલ મંડળો' (= પરિવાર મંડળો) (૨ થી ૭ મંડળો)નું સૌથી પહેલાં સંગ્રથન કરવામાં આવ્યું હશે. આમ માનવા માટેનાં પ્રમુખ કારણો નીચે મુજબ છે :

(૧) આ ૨ થી ૭મા મંડળમાં કોઈ એક જ ઋષિના, કે તેના પરિવાર (ગોત્ર)માં જન્મેલા ઋષિઓએ જ જોયેલાં (**દર્શન** કરેલાં) સૂક્તો સંગ્રહાયાં છે.

(૨) કુલ મંડળોમાં સૂક્તોની ગોઠવણી દેવતાના નિશ્ચિત ક્રમે કરવામાં આવેલી છે. જેમકે, પહેલા અગ્નિદેવનાં સૂક્તો, પછી ઈન્દ્રદેવતાનાં સૂક્તો અને ત્યાર પછી વિશ્વદેવો, અને ગૌણ દેવો જેવાં કે, ઉષા, બૃહસ્પતિ, અશ્વિનૌ, ઋભુ વગેરે.

(૩) આ કુલમંડળોમાં ક્યાંક ક્યાંક સૂક્તોમાં અમુક ધ્રુવપંક્તિ હોય છે, તે લગભગ એક સરખી હોય છે.

(ख) કુલમંડળોનું = ૨ થી ૭ મંડળોનું સંકલન થઈ ગયા પછી બીજા ક્રમે આઠમા મંડળનું સંગ્રથન થયું હશે. કારણ કે આંશિક રૂપે આ પણ 'કુલમંડળ' કહી શકાય એમ છે. આમાં બધાં જ નહીં, તો પણ મોટા ભાગનાં સૂતો કણ્વ ઋષિના પરિવારે જોયેલાં સૂક્તોનો સમૂહ છે. આ વિશેષતાને કારણે તે આઠમા મંડળને કુલમંડળોની (= સાતમા મંડળ)ની પાછળ ગોઠવવામાં આવ્યું હશે.

કુલમંડળો પછી જ આઠમા મંડળનું સંકલન થયું હશે એમ માનવા માટે બીજું પણ એક પ્રમાણ એ છે કે આ મંડળની શરૂઆત કુલમંડળોની જેમ અગ્નિસૂક્તથી થતી નથી, પણ અહીં ઇન્દ્રાદિ દેવની સ્તુતિ પહેલાં મૂકી છે. આ મંડળની વિશેષતા રૂપે અહીં પ્રગાથ છન્દનો વિનિયોગ અધિક છે.

વળી, આ આઠમા મંડળના અમુક અંશો પ્રથમ મંડળના પૂર્વાર્દ્ધ સાથે સામ્ય પણ ધરાવે છે. જેમકે, કેટલીક ઋચાઓ બંનેમાં શબ્દશઃ (કે ક્યારેક કેવળ અર્થની દૃષ્ટિએ) એક સરખી જોવા મળે છે. અને આવી ઋચાઓના દ્રષ્ટા પણ કણ્વ ઋષિ જ છે આ સામ્યને આધારે પણ એવું અનુમાન કરવામાં આવ્યું છે કે આઠમું મંડળ અને પ્રથમ મંડળનો પૂર્વાર્દ્ધ–એ બંને કોઈ એક સમાનકાળે રચાયા હશે; અને આ સમય પેલા (૨ થી ૭ના) 'કુલમંડળો'ની પછીનો જ હશે.

(ग) મંડળોના વિન્યાસક્રમમાં ત્રીજો ક્રમ આવે છે નવમા મંડળનો. આ મંડળની ગૂંથણી કેવળ સોમ સૂક્તોથી કરવામાં આવી છે. એટલે કે અહીં કેવળ 'પવમાન સોમ' દેવતાની સ્તુતિ કરતા મંત્રો જ સંગૃહીત છે. અહીં કુલમંડળોના જ ઋષિઓએ સોમ સંબંધી જે સૂક્તો રચ્યાં હશે, તે સૌને જુદાં એકત્રિત કરીને, ૨ થી ૮ મંડળોની પાછળ ગોઠવ્યાં હશે. આમ નવમા મંડળનો વિન્યાસક્રમ ત્રીજો જણાય છે.

(घ) ચોથા ક્રમે, એટલે કે ૨ થી ૯ મંડળોનું ઉપર્યુક્ત ક્રમે સંકલન થઈ ગયા પછી, તેમની પૂર્વમાં પ્રથમ મંડળને જોડવામાં આવ્યું હશે. અગાઉ કહ્યું છે તેમ આ પ્રથમ મંડળના પૂવાર્દ્ધનું સામ્ય આઠમા મંડળની કેટલીક ઋચાઓ સાથે છે; તથા ઉત્તરાર્દ્ધમાં જોવા મળતાં સૂક્તોનું પેલા કુલમંડળોમાંના અમુક સૂક્તો સાથે છે. આથી ૨ થી ૯ મંડળના સંકલન સમય બાદ, અને ૧૦મા મંડળની ગૂંથણી થઈ તે પૂર્વે, એટલે કે ઋગ્વેદમાં ચોથા ક્રમે આ પ્રથમ મંડળની સંકલના થઈ હોઈ એમ વિદ્વાનોને લાગ્યું છે.

(ङ) સૌથી છેલ્લા, પાંચમા ક્રમે ઋગ્વેદના દશમા મંડળની સંકલના થઈ જણાય છે. આવું માનવા માટેનાં કારણો નીચે મુજબ છે :

(૧) દશમા મંડળનો એક 'વર્ગ' (એટલે કે સૂક્ત ૨૦ થી ૨૬)ની શરૂઆત **अग्निमीळे०** । એવા પદોથી થાય છે; જે ઋગ્વેદના પ્રથમ મંડળ (૧-૧-૧)નું અનુકરણ છે.

(૨) પ્રથમ મંડળની કુલ સૂક્ત સંખ્યા ૧૯૧ છે, તે મુજબ જ આ દશમા મંડળની સૂક્તસંખ્યા પણ ૧૯૧ જ રાખવામાં આવી છે.

(૩) કુલમંડળોના ઋષિઓએ રચેલાં/જોયેલાં સોમ સૂક્તોને, જુદાં તારવીને, નવમા મંડળ તરીકે સ્થાપવાની પ્રક્રિયા એવું સૂચવે છે કે ત્યાં (નવમા મંડળના અંત સાથે) ઋગ્વેદની મૂળ સંહિતા પૂરી થઈ ગઈ ગણાય. પણ એ પછી, વિવિધ પ્રકારના-કેટલાંક નવા દેવતાઓ વાળાં-સૂક્તોના સંકલન રૂપ દશમું મંડળ એ સમયની દૃષ્ટિએ પાછળનું જ ઉમેરણ હોઈ શકે.

(૪) ઋગ્વેદના પ્રાચીનતમ અંશરૂપ ગણાયેલા કુલમંડળોમાં જે (અગ્નિ, ઇન્દ્ર, વરુણાદિ) દેવતાઓની સ્તુતિ કરવામાં આવી છે તે એક રીતે જોઈએ તો પ્રાકૃતિક શક્તિઓ/ઘટનાઓમાં દેવત્વનું આરોપણ છે અને તેમને પુરુષ વિગ્રહવાળા દેવો કલ્પીને તેમની સ્તુતિ કરવામાં આવી છે. પરંતુ આ છેલ્લા દશમા મંડળમાં તો કેટલીક સૂક્ષ્મ મનોભાવનાઓમાં દેવત્વનું આરોપણ કરીને, **मनस्**, **सत्य**, **वाक्**, **ज्ञान**, **मन्यु**, **श्रद्धा** જેવા દેવતાઓની સ્તુતિ કરવામાં આવી છે. વળી, યક્ષ્મનાશન, દુ:સ્વપ્નનાશન, અલક્ષ્મીઘ્ન અને સપત્નીઘ્ન વિષયક સૂક્તો પણ અહીં જોવા મળે છે. સામાન્ય રીતે આ પ્રકારનાં વિષયોવાળાં સૂક્તો તો અથર્વવેદમાં જ જોવા મળે છે. એ જ પ્રમાણે, ઘણાં બધાં દાર્શનિક સૂક્તો, સૃષ્ટિની ઉત્પત્તિ વર્ણવતાં, ચાર વર્ણોવાળી મનુષ્ય-પ્રજાની ઉત્પતિ, અન્ત્યેષ્ટિ સંસ્કારને લગતા અને સંવાદસૂક્તો પણ મહદંશે આ મંડળમાં જ જોવા મળે છે. આથી ઋગ્વેદની સંહિતામાં છેલ્લે જોડવામાં આવેલું આ દશમું મંડળ સંકલનક્રમમાં પણ છેલ્લે જ રહ્યું હશે, એમ સ્પષ્ટ દેખાઈ આવે છે.

(૪) આ ઉપરાંત, ભાષાકીય દૃષ્ટિએ જોઈએ તો અમુક પ્રકારની પદરચનાઓ અને સંધિબાહુલ્ય એ પણ આ દશમા મંડળની અર્વાચીનતા તરફ અંગુલિનિર્દેશ કરે છે. જેમકે, ઘણે સ્થળે સંધિ કરેલાં પદો જ વપરાયાં છે. **र** ધ્વનિને બદલે **ल** ધ્વનિ સવિશેષ વપરાય છે, પ્રથમા બહુવચનમાં **आसस्** પ્રત્યયવાળાં (દા. ત. **जनासः**) રૂપોનો વપરાશ ઘટી ગયો છે. અગાઉ અનેકવાર વપરાયેલો **सीम्** અવ્યય અહીં ૧૦મા મંડળમાં કેવળ એકવાર જ જોવા મળે છે.

આમ ઋગ્વેદનાં દશેય મંડળોનો સંકલનક્રમ આવો માનવામાં આવ્યો છે :

(૧) ૨ થી ૭ મંડળો, (૨) ૮મું મંડળ, (૩) ૯મું મંડળ, (૪) પ્રથમ મંડળ અને (૫) સૌથી છેલ્લે ૧૦મું મંડળ ગોઠવવામાં આવ્યું હશે.

18. ઋગ્વેદના પ્રાચીનતમ અને પ્રાચીનતર અંશોની તારવણી

''ઋગ્વેદ પરનાં વ્યાખ્યાનો''માં પ્રો. વી. એસ. ઘાટે જણાવે છે કે–ઋગ્વેદનાં દશ મંડળો એ અનેક યુગોનું સમન્વિત કાર્ય છે; અને તેમાંય વળી, મૂળ સૂક્તોની રચના તો અનેક સદીઓના સમયગાળામાં પથરાયેલી ઘટના છે એમ ઘણા વિદ્વાનોએ

સ્વીકાર્યું છે. આથી એવા કેટલાક નિયમો-પ્રમાણો-પણ વિચરાયા છે કે જેના આધારે આપે નવીન સૂક્તોને પ્રાચીન સમયના સૂક્તોથી જુદાં તારવી શકીએ છીએ. જેમકે,

1. વ્યાકરણ અને ભાષાને આધારે એવું જોઈ શકાય છે કે પ્રાચીનતર સૂક્તોમાં જ અમુક વિશિષ્ટ રૂપોનો પ્રયોગ વધુ પ્રમાણમાં થયો છે. દા. ત.

(क) અકારાન્ત પુંલિંગ અને નપુંસકલિંગ નામોના ત્રીજી વિભક્તિ એકવચનમાં આકારાન્ત રૂપો મળે છે. ઉદા. ત.

— **यज्ञा** ૧-૧૬૮-૧

— **हिमा** ૧૦-૩૭-૧૦

— **उक्था** ૪-૩૨-૧૦ વગેરે.

(ख) **क्विप्** પ્રત્યયાંત આકારાન્ત નામોનાં પ્રાચીન રૂપો – **घियन्धे**, **शुचिपे**, **कृष्टिप्रः**, **जास्पत्या** વગેરે.

(ग) તૃતીયા વિભક્તિ એકવચનમાં હોય એવાં ઈકારાન્ત રૂપો – **अचिती**, **अप्रभूती**, **ऊती**, **प्रमृती**, **शमी** **श्रुष्टी**, **हस्तच्युती** વગેરે

(घ) નપુંસકલિંગ પ્રથમા-દ્વિતીયા વિભક્તિ બહુવચનમાં **ऊ**કારાન્ત રૂપો – **उरू**, **त्रिधातू**, **वसू**, **वाळू**, **सुहन्तू** વગેરે.

(ङ) **मतुप्/वतुप्** પ્રત્યયાન્ત શબ્દોના **वः** કે **मः** માં અંત પામનારાં સંબોધનનાં રૂપો – **अद्रिवः**, **सहस्वः** **स्वघावः**, **हरिवः**, **हविष्मः**

(च) **मह्य**, **तुभ्य**, **अस्मभ्य** જેવાં રૂપો ક્યારેક છન્દની દૃષ્ટિએ વિચ્છિન્ન રૂપમાં ઉચ્ચારાયા છે. જેમકે, **तुभ्य** → **तुभिअ** (૭-૨૯-૧), અને **अस्मभ्य** → **अस्मभिअ** (૭-૭૪-૫) વગેરે.

(छ) હ્યસ્તન/અદ્યતન ભૂતકાળનાં રૂપોમાં આરંભે અકારનો અભાવ હોય એવાં રૂપો–**तक्षत्**, **दुद्रवत्**, **प्रथिष्ट**, **भरत्**, **भुवत्** વગેરે.

(ज) પરોક્ષ ભૂતકાળ (**लिट्**)ના અંગમાંથી બનાવેલાં **लेट्** સંકેતાર્થ કર્તરિનાં રૂપો - **चिकितः**, **जुजोषः**, **ततनः**, **दीदयः**, **दधर्षत्**, **मामहः**, **मुमुचः** વગેરે.

(झ) **क्वसु** પ્રત્યયાંત હોવા છતાંય દ્વિરુક્તિ પામ્યા વિનાનાં રૂપો – **खिद्वांस्**, **दाश्वांस्**, **मीळ्हवांस्** અને **साह्वांस्** વગેરે.

(ञ) **लुङ्** અદ્યતન ભૂતકાળના મધ્યમ પુરુષમાં આદિ અકાર રહિત અમુક રૂપો - **कर्त्तम्**, **कर्त**, **कर्त्तन**, **गन्तम्**, **धात**, **धातन** જેવાં રૂપો.

(ट) **बुध्** કે **भू** ધાતુનું આજ્ઞાર્થમાં **बोधि** એવું રૂપ.

(ठ) **तये** પ્રત્યયાન્ત હેત્વર્થ કૃદન્તો **इष्टये**, **हव्यदातये**, **पीतये**, **वीतये**, **सातये** વગેરે.

(ड) **ध्यै,** **असे,** **वने** પ્રત્યયાન્ત હેત્વર્થ કૃદન્તનાં રૂપો – **अर्चसे,** **ऋचसे,** **ऋञ्जसे** વગેરે.

(ढ) સર્વનામ રૂપે વપરાતાં **'स्य'** અને **'त्य'**.

2. ભાષાની દૃષ્ટિએ વિચારીએ તો અમુક શબ્દો પણ ઋગ્વેદના પ્રાચીનતર ભાગમાં સવિશેષ વપરાયેલા જોવા મળે છે : દા. ત., **अक्तु** (કિરણ), **अत्य** (સવેગ), **अभिष्टि** (સહાયતા), **अवस्यु,** **ऋजीषिन्** (સીધુ) **क्षिति** (નિવાસ, ઘર) **चन** (આનંદ) **चनस्य, चनिष्ठ** વગેરે; **चर्षणि** (મર્ત્ય), **तुर्** (વિજેતા) અન્તવાળા સમાસો, જેમ કે, **वृत्रतुर्, सुप्रतुर्** વગેરે, તથા **तुवि** શબ્દથી શરૂ થતા સમાસો, જેમ કે, **तुविजात,** **तुविदेष्ण,**), **√दंस्** (અતિક્રમણ કરવું) ઉપરથી બનેલાં શબ્દો **दंसन,** **दंस,** **दंसिष्ट,** **पुरुदंसस्, सुदंसस्,** **दस्म** વગેરે.

3. બીજી તરફ રોગ, અભિચાર (સપત્નીનાશન વગેરે) લોક વિશ્વાસ, ક્રિયાકાંડ અને દર્શન (ફિલસૂફી) સંબંધી પારિભાષિક શબ્દો અને વિચારોનો જે સૂક્તોમાં પ્રયોગ થયેલો જોવા મળે છે. તેને ઋગ્વેદમાં સનગ્રહાયેલી પરવર્તી રચનાઓ કહી શકાય, કેમ કે આવા પ્રકારના શબ્દો કે વિચારો તો મહદંશે અથર્વવેદમાં જ જોવા મળે છે.

4. ઋગ્વેદના પ્રાચીનતર ભાગમાં અમુક પ્રકારનું સન્ધિવૈશિષ્ટ્ય પણ જોવા મળે છે. જેમ કે,

(क) પદાન્તમાં રહેલા **इ,** **ई,** **उ,** **ऊ** ની પાછળ જો સર્વણસ્વર આવે તો ત્યાં નિયમતઃ સવર્ણદીર્ઘ સન્ધિ થઈ જાય છે. પરંતુ જો **અસવર્ણસ્વર** પાછળ આવેલો હોય તો ત્યાં હંમેશાં સન્ધિનો અભાવ જ રહે છે.

(ख) લૌકિક સંસ્કૃત ભાષામાં જેમ **शिवोऽहम्** । માં હ્રસ્વ અકાર પરમાં હોય ત્યારે પદાન્તે આવેલા **अस्**નો **ओ**કાર થઈને, (તેમાં પાછળથી હ્રસ્વ ભળી જાય છે) તેમ ઋગ્વેદના પ્રાચીન ભાગમાં આ પ્રકારની સન્ધિ પ્રમાણમાં ઘણી ઓછી જોવા મળે છે. પરન્તુ ઋગ્વેદમાં પાછળથી ઉમેરાયેલાં મનાતાં મંડળો (૧લું અને ૧૦મું)માં આ પ્રકારની સન્ધિ સામાન્ય થઈ ગઈ છે. (જો કે આ મુદ્દો પુનઃપરીક્ષ્ય છે.)

5. અમુક છન્દોના વપરાશને આધારે પણ ઋગ્વેદના પ્રાચીન અંશોને ઓળખી શકાય છે. જેમકે, અષ્ટાક્ષર ગાયત્ર પાદ, એકાદશાક્ષર ત્રૈષ્ટુભ પાદ અને દ્વાદશાક્ષર જાગતપાદના વિભિન્ન મિશ્રણોથી જન્મતા ઉષ્ણિક્, કકુભ, બૃહતી, સતો બૃહતી કે અત્યષ્ટિ છન્દો જ્યાં વપરાયા હોય તે ઋગ્વેદના પ્રાચીન સમયના સૂક્તો હશે એમ કહી શકાય. એ જ પ્રમાણે, ઋગ્વેદનો પ્રાચીન સમયનો અને પાછળના સમયનો અનુષ્ટુભ છન્દ પણ પરસ્પરથી જુદો પડી જાય છે.

6. ઋગ્વેદના જે સૂક્ત, સૂક્તનો અમુક અંશ કે એક-બે મન્ત્ર પણ જો

અથર્વવેદમાં પુનરાવૃત્તિ પામતા હોય તો, તે સૂક્ત કે મન્ત્રાંશ પરવર્તી કાળનો હોવાની પૂરી સંભાવના છે.

7. ઋગ્વેદના સૂક્તોમાં જે વિવિધ વિષયવસ્તુ જોવા મળે છે તેને આધારે પણ ઋગ્વેદના પ્રાચીનતમ અંશો કે પ્રાચીન અંશોનેં અર્થાત્ પાછળના સમયના અંશોને જુદા તારવી શકાય છે. જેમ કે,

(क) ઋગ્વેદનાં બહુસંખ્ય સૂક્તો એવાં છે કે જેમાં ઇન્દ્ર-અગ્નિ વગેરે દેવોની સ્તુતિઓ જ છે. તેમાં સરળ હૃદયોદ્ગારો, શાશ્વત્ તત્ત્વોને વંદન, દેવોને આહ્વાન વગેરે જોવા મળે છે. આવાં સૂક્તો પ્રાચીનતમ હશે.

(ख) કેટલાંક સૂક્તો એવાં છે કે જેમાં યજ્ઞોનું વિવરણ, પુરોહિતોના વિશેષ પ્રકારો, એમનાં કાર્યો તથા યજ્ઞ-સંબંધિત વસ્તુઓનું દૈવીકરણ પણ જોવા મળે છે. આવાં સૂક્તો (ઉપર્યુક્ત (क) પ્રકારનાં સૂક્તો કરતાં) પ્રમાણમાં પરકાલિક જણાય છે.

(ग) વિશ્વેદેવાની સ્તુતિ જેમાં સંગૃહીત થઈ છે એવાં સૂક્તો પણ પરવર્તી સ્થિતિનાં દ્યોતક છે. એ જ પ્રમાણે 'આપ્રીસૂક્તો' પણ પાછળના (= જ્યારે યજ્ઞ ક્રિયાનો વિસ્તાર થયો હશે ત્યારના) સમયનાં ઉમેરણો જણાય છે. આ સૂક્તોમાં દ્વારા, કુશઘાસ, યજ્ઞશાળા, સ્વાહાકાર વગેરે ઉપર દેવત્વનું આરોપણ કરવામાં આવ્યું હોય એમ છે.

(घ) જે સૂક્તોમાં રાજાઓ દ્વારા પુરોહિતોને આપવામાં આવેલા ઉદાર દાનો, કે દાન આપવાની પ્રેરણા/ઉપદેશો સંગ્રહાયેલાં છે તે પણ પાછળના સમયનાં જણાય છે. આ એવા સમય તરફ અંગુલિનિર્દેશ કરે છે કે જેમાં યજ્ઞીય કર્મકાંડ પૂર્ણરૂપે વિકસ્યો હશે.

(ङ) એવાં કેટલાંક દાર્શનિક સૂક્તો કે જેમાં એવા પ્રશ્નો ઊભા કરવામાં આવ્યા છે કે અમે ક્યાંથી આવ્યા છીએ ? કોણ હોઈશું ? આપણે ક્યાં જઈશું ? સૃષ્ટિના આરંભે કોણ હતું ? એનો કોઈ નિયન્તા હશે કે નહીં ? વગેરે. પ્રા. ઘાટે વગેરે વિદ્વાનો કહે છે કે આવા દાર્શનિક સૂક્તો સ્પષ્ટપણે પરવર્તી સમયનાં જ છે; અને આવાં સૂક્તો મન્ત્રરચના તરફથી બ્રાહ્મણગ્રન્થોની રચના તરફના સંક્રમણકાળને દ્યોતિત કરે છે.

(च) એ જ પ્રમાણે, કાવ્ય પ્રહેલિકાઓ, વ્યંગ્યાત્મક સૂક્તો, જાદુ, અભિચાર કે ઉપદેશાત્મક સૂક્તો પણ પરવર્તી યુગની રચના જણાય છે. કારણ કે આ પ્રકારના વિષયો તો વિશેષ કરીને અથર્વવેદમાં જોવા મળે છે.

8. ઋગ્વેદમાં અનેક પુરાણ કથાઓ જોવા મળે છે. આવી પુરાણકથાઓ/કાલ્પનિક કે દંતકથાઓ સ્પષ્ટપણે ઋગ્વેદના આદિમકાળનાં સૂક્તોમાં-અનેં તે પણ એકલ

દોકલ મન્ત્રોમાં-વાંચવા મળે છે. ઉદાહરણ રૂપે ઇન્દ્રનાં વીરોચિત કર્મોનાં વર્ણનો અને અશ્વિનૌના ચિકિત્સક તરીકેના ઉલ્લેખો લઈ શકીએ.

ત્યાર પછી ઋગ્વેદના પરવર્તી સૂક્તોમાં આજ પુરાણ કથાઓ સંવાદ રૂપે નાટકીય રૂપોમાં-પરિવર્તિત થયેલી જણાય છે. અલબત્ત હવે આવી કથાના ઐતિહાસિક પરિવેશને બદલે તે સામાજિક વિષયવસ્તુ લઈને રજૂ થાય છે. આનાં ઉદાહરણો તરીકે આપણે પુરૂરવા-ઉર્વશી સંવાદ (૧૦-૯૫), અગસ્ત્ય-લોપામુદ્રાની કથા (૧-૧૭૯) યમ-યમી (૧૦-૧૦)નો સંવાદ લઈ શકીએ.[1]

19. દશમા મંડળની સમીક્ષા

(૧) **સંહિતાકાર :** ભારતીય પરંપરા મુજબ વેદોને ઈશ્વરનું નિઃશ્વસિત ગણીને **નિત્ય** કહ્યા છે આથી એ મન્ત્રોના રચયિતા–કર્તા-કોણ હતા કે એમની રચના કયા સમયે થઈ ? એવા પ્રશ્નો પૂછી શકાતા નથી. પરંપરાથી આપણને એટલું કહેવામાં આવે છે કે અતિશય પ્રાચીનતમ સમયમાં જે સાક્ષાત્કૃત ધર્મવાળા ઋષિઓ હતા તેમને આ નિત્ય એવા વેદમન્ત્રોનું 'દર્શન' થયું હતું અને તેમણે તે મન્ત્રોને પોતાની પછીની પેઢીના-અસાક્ષાત્કૃત ધર્મવાળા-ઋષિઓને એનો ઉપદેશ કર્યો.[1] કાલક્રમે આવા ઋષિઓએ તે વેદમન્ત્રોનો સંગ્રહ કર્યો; સંકલન કર્યું. આ સન્દર્ભમાં પ્રોફે. મેકડોનલ કહે છે કે- ''પ્રાચીન કવિતાઓ, કે જે 'ઋગ્વેદ' એ નામના સૂક્તોનો સંગ્રહ તરીકે આપણી આગળ ઊતરી આવેલી છે. એ કવિતાઓનો એક જ ગ્રન્થમાં સંગ્રહ થયો તે કેવળ શાસ્ત્રીય અને ઐતિહાસિક કારણોને લીધે જ થયો હતો. પણ સામવેદ કે યજુર્વેદના સંગ્રહો તે યજ્ઞાદિ ક્રિયાઓ કરવા/કરાવવાના વ્યવહારુ કારણોને લીધે થયો હતો. જ્યારે ઋગ્વેદના પ્રથમના પ્રકાશકો નિઃસંશય પ્રાચીન સમયના

---

(૧) પ્રા. વી. એસ. સુકથણકર કહે છે કે આખ્યાન, સંવાદ કે ઇતિહાસ સૂક્તાદિ નામોથી ઓળખાતાં આ સંવાદસૂક્તોને, કેટલાક વિદ્વાનો ભારતીય નાટ્ય સાહિત્યનું આદિમ રૂપ માને છે. જ્યારે બીજા કેટલાક વિદ્વાનો આવા સંવાદ-સૂક્તોને 'વીરગીતો' (ballads) રૂપે જુવે છે; અને (પ્રા. સુકથણકર કહે છે કે,) આ માન્યતા વધારે તર્કસંગત જણાય છે.

(१) साक्षात्कृतधर्माणः ऋषयो बभूवुः । तेऽवरेभ्योऽसाक्षात्कृतधर्मेभ्यः उपदेशेन मन्त्रान् सम्प्रादुः ॥ निरुक्तम् (१-२०)

(१) महान् हि शब्दस्य प्रयोगविषयः । सप्तद्वीपा वसुमती त्रयो लोकाश्चत्वारो वेदाः साङ्गाः सरहस्या बहुधा विभिन्ना अेकशतमध्वर्युशाखाः, सहस्रवर्त्मा सामवेद, एकविंशतिधा बाह्वृच्यं, नवधाऽथर्वणो वेदोः, वाकोवाक्यमितिहासः पुराणं वैद्यकमित्येतावाञ्शब्दस्य प्रयोगविषयः ॥ महाभाष्यम् पस्पशाहिनकम् (१-१-१).

કીમતી ખજાનાનો વિનાશ ન થાય અને તે (વેદમન્ત્રો) વિકૃતિ ન પામે એ હેતુ જ તેમનો સંગ્રહ કરવા પ્રેરાયા હતા.''

ઋગ્વેદ = અર્થાત્ ઋચાઓના વેદ તરીકે જે મન્ત્રોનો સંગ્રહ થયો હશે તે પણ અનેક ઋષિઓના હાથે થયો હશે એમ 'વ્યાકરણ મહાભાષ્ય' (૧-૧-૧)ની એક ઉક્તિ ઉપરથી સમજાય છે.[૧] પરંપરાથી એવું મનાય છે કે અત્યારે આપણને ઉપલબ્ધ થતી ઋગ્વેદની સંહિતા તૈયાર કરનાર શાકલ ઋષિ હતા. આ ઉપરાંત એક 'બાષ્કલ' નામના ઋષિએ પણ ઋગ્વેદની સંહિતા તૈયાર કરી હતી, પણ તે અત્યારે ઉપલબ્ધ થતી નથી. (એ જ પ્રમાણે, પતંજલિએ જે બાહ્વૃચોની (એકવીસ પ્રકારની = એકવીસ શાખામાં વહેંચાયેલી) ઋક્સંહિતા વિષે વિર્દેશ કર્યો છે. તે પણ ઉપલબ્ધ નથી.)

અહીં એ પણ નોંધવું જોઈએ કે આ શાકલના કોઈક વંશજે જ - અર્થાત્ શાકલ્યે જ – આ ઋગ્વેદસંહિતા'માંથી તેનો પદપાઠ તૈયાર કર્યો છે.[૨]

(૨) **સંહિતાનું વિભાજન :** શાકલે ઋચાઓનું સંકલન-સંગ્રહ-કરીને જે સંહિતા તૈયાર કરી તે **ऋग्वेदसंहिता**માં સૂક્તોની સંખ્યા ૧૦૧૭ છે; અને આઠમા મંડળના 'બાલખિલ્ય' નામના અગિયાર સૂક્તોને ઉમેરીએ તો તેની કુલ સંખ્યા ૧૦૨૮ થાય છે. આ સૂક્તોને દશ મંડળોમાં વહેંચી કાઢવામાં આવ્યા છે. પછીના સમયમાં એક 'અષ્ટક, વર્ગ અને અધ્યાય' એવા વિભાજનમાં પણ ઋગ્વેદસંહિતાને વિભક્ત કરવામાં આવી છે. પરંતુ પ્રાતિશાખ્યો કે યાસ્કના 'નિરુક્ત'માં આ 'અષ્ટક' પ્રકારના વિભાજનનો ક્યાંય ઉલ્લેખ નથી–જાણકારી નથી. આ સંહિતાના દશમંડળોમાં થયેલા વિભાજનને આધારે તેમણે **दशतयी** એવો શબ્દ વાપરેલો છે એમ જોવા મળે છે. (જ્યારે કાત્યાયનની 'અનુક્રમણી'માં આ બંને પ્રકારના વિભાજનની જાણકારી હોય એવા ઉલ્લેખ જોવા મળે છે.)

(૩) **દશમા મંડળનો વિન્યાસક્રમ :** અગાઉ 'ઋગ્વેદના વિન્યાંસક્રમ'ની ચર્ચા કરી છે ત્યાં જણાવ્યું છે કે ઋગ્વેદના કુલ દશમંડળોનું સંકલન કરવામાં આવ્યું હશે તેમાં સૌથી છેલ્લા-પાંચમા ક્રમે-દશમા મંડળને (૧ થી ૯ મંડળોની ગોઠવણી થઈ ગયા પછી, તેની પાછળ) જોડવામાં આવ્યું હશે. આ સન્દર્ભમાં પ્રોફે. મેકડોનલ લખે છે કે-૧૦મા મંડળના સંબંધમાં એટલું તો નિર્વિવાદ છે કે એ મંડલનાં સૂક્તો જે વખતે રચાયાં તે વખતે પહેલાં નવે મંડળો અસ્તિત્વમાં આવી ચૂક્યાં હતાં. એ મંડળના રચનારાઓને વિશેષ પ્રાચીન એવા (૨થી ૭) મંડળોનું જ્ઞાન હતું એવું પણ જણાઈ આવે છે. જેમ કે (क) ૧૦મા મંડળના એક સૂક્ત-સમુદાય (૨૦-૨૬)નો કર્તા એક

---

(૨) ઋગ્વેદની સંહિતાનું સંકલન કરનાર શાકલ ઋષિના નામની સાથે 'શૌનક' નામના ઋષિને પણ જાણવા જોઈએ. શૌનકે ઋગ્વેદની જુદી જુદી 'અનુક્રમણી'ઓ; 'ઋગ્વેદપ્રાતિશાખ્ય' અને બૃહદ્દેવતા'ની રચના કરી છે.

સ્થળે ઋગ્વેદની પ્રથમ ઋચા (૧-૧-૧)ના **અગ્નિમીળેએ** એ પ્રથમ શબ્દોનું અનુકરણ કરીને પ્રારંભ કરે છે. આ ઉપરથી એવા અનુમાન ઉપર આવી શકાય છે કે પહેલાં નવ મંડળો ઘણું ખરું એના વખતમાં એક આખા ગ્રન્થ તરીકે જ અસ્તિત્વ ધરાવતાં હશે. **દશમું મંડળ તે ખરેખર પરિશિષ્ટ સૂક્તોનો એક સમુદાય જ છે** એ વાત (क) એ મંડલને સોમ પવમાનને લગતા નવમા મંડળની પાછળ મૂકવામાં આવ્યું છે તે પરથી; તેમજ (ख) એનાં સૂક્તોની સંખ્યા બરાબર પહેલા મંડળના જેટલી જ ૧૯૧ કરવામાં આવી છે તે પરથી માલુમ પડી આવે છે. **૧૦મા મંડળની કવિતાઓને એકબીજા સાથે જોડનારું તત્ત્વ એકલું તવારીખનું જ છે;** કારણ કે એ મંડળ નવીન સૂક્ત સમુદાયો અને સ્વતન્ત્ર સૂક્તોનું જ બનેલું છે.* (અર્થાત્ જે સમયે જે સૂક્ત મળી આવ્યું હશે તે ૧૦મા મંડળમાં વારાફરતી જોડતા ગયા હશે. એથી એમાં કોઈ દેવતાનુક્રમ, વિષયાનુક્રમ કે દ્રષ્ટા ઋષિઓના સમૂહનો ક્રમ-કે એવું બીજું કશુંય સંયોજક તત્ત્વ નજર સામે આવતું નથી.) અલબત્ત, આ વિષે નિશ્ચિતતાપૂર્વક કાંઈ પણ કહેતાં પહેલાં આ દશમા મંડળના ૧૯૧ સૂક્તોનું ઋષિ, છન્દ, દેવતા, મંત્ર સંખ્યા આદિનું નીમ્નોક્ત પૃથક્કરણ અવલોકવું જરૂરી છે.

(૪) ૧૦માં મંડળનું પૃથક્કરણ :

સૂક્તક્રમાંક	ઋષિ	દેવતા	છન્દ	મન્ત્રસંખ્યા
1.	ત્રિતઆપ્ત્ય	અગ્નિ	ત્રિષ્ટુપ્	7
2.	''	''	''	7
3.	''	''	''	7
4.	''	''	''	7
5.	''	''	''	7
6.	''	''	''	7
7.	''	''	''	7
8.	ત્રિશિરા ત્વાષ્ટ્ર	અગ્નિ, ઇન્દ્ર	ત્રિષ્ટુપ્	9
9.	'' આમ્બરીષ વા	આપ	ગાયત્રી, અનુ	9

---

* That the tenth book is indeed an aggregate of supplementary hymns is shown by its position after the Soma book and by the number of its hymns being made up to that of the first book (191). The unity which connects its poetry is chronological; for it is the book of recent groups and recent single hymns.

— A History of Sanskrit Literature,
by A. Macdonell, Landon, 1917. p. 43-44

સૂક્તક્રમાંક	ઋષિ	દેવતા	છન્દ	મન્ત્રસંખ્યા
10.	યમ-યમી	યમ-યમી	ત્રિષ્ટુપ્	14
11.	આંગિર્હવિધાન	અગ્નિ	જગતી, ત્રિ૦	9
12.	,,	અગ્નિ	ત્રિષ્ટુપ	9
13.	,, આદિત્યો વા	હરિવર્ધાને	ત્રિ, જ,	5
14.	વૈવસ્વત યમ	યમ, પિતૃ, શ્વાન	ત્રિ, અનુ, બૃ	16
15.	શંખ યામાયન	પિતૃઓ	ત્રિ, જ	14
16.	દમન યામાયન	અગ્નિ	ત્રિ, અનુ	14
17.	દેવશ્રવા યામાયાન	સરણ્યૂ, પૂષા, આપ વગેરે	અનુ, પુર. બૃ	14
18.	સંકુસુક યામાયાન	મૃત્યુ, ધાતા, આદિ	ત્રિ, પ્ર. પં, જ, અ.	14
19.	મથિત યામાયાન, ભૃગુ, ભાર્ગવ વા	આપ, ગાવ, અગ્ની ષોમૌ	અનુ. ગા	8
20.	ઐન્દ્ર વિમદ, વા, વા	અગ્નિ	ગા,એ.વિ. અનુ	10
21.	,,	,,	આસ્તારપંક્તિ	8
22.	,,	ઇન્દ્ર	પ્ર.બૃ, અનુ, ત્રિ	15
23.	,,	ઇન્દ્ર	જ, ત્રિ, અભિસા.	7
24.	,,	ઇન્દ્ર, અશ્વિનૌ	આ. પં, અનુ.	6
25.	,,	સોમ	આસ્તાર પંક્તિ	11
26.	,,	પૂષા	અનુ, ઉષ્ણિક્	9
27.	ઐન્દ્ર વસુક્ર	ઇન્દ્ર	ત્રિષ્ટુપ્	24
28.	ઇન્દ્રસ્નુષા વસુક્ર પત્ની	ઐન્દ્ર વસુક્ર, ઇન્દ્ર	ત્રિષ્ટુપ્	12
29.	ઐન્દ્ર વસુક્ર	ઇન્દ્ર	,,	8
30.	કવષ ઐલૂષ	અપાંનપાત્	ત્રિષ્ટુપ્	15
31.	,,	વિશ્વે દેવા	,,	11
32.	,,	ઇન્દ્ર	જગતી, ત્રિ	9

સૂક્તક્રમાંક	ઋષિ	દેવતા	છન્દ	મન્ત્રસંખ્યા
33.	''	વિશ્વેદેવા	પ્રગાથ, ગા, ત્રિ	9
34.	'' અક્ષ મૌજવાન વા	અક્ષ-કિતવ	ત્રિ, જ	14
35.	લુશ ધાનુક	વિશ્વેદેવા	જ, ત્રિ	14
36.	''	''	જ, ત્રિ	14
37.	સૌર્ય અભિતપા	સૂર્ય	જ, ત્રિ	12
38.	મુષ્કવાન્ ઈન્દ્ર	ઈન્દ્ર	જગતી	5
39.	કાક્ષીવતી ઘોષા	અશ્વિનૌ	જ, ત્રિ	14
40.	''	''	જ	14
41.	સુહસ્ત્ય ઘૌષેય	''	જ	3
42.	કૃષ્ણ આંગિરસ	ઈન્દ્ર	ત્રિષ્ટુપ્	11
43.	કૃષ્ણ આંગિરસ	ઈન્દ્ર	જગતી, ત્રિ	11
44.	''	''	જ., ત્રિ	11
45.	વત્સ પ્રિર્ભાલન્દન	અગ્નિ	ત્રિ	12
46.	વત્સ પ્રિર્ભાલન્દન	''	''	10
47.	સપ્તગુરાંગિરસ	વૈકુણ્ઠ ઈન્દ્ર	''	8
48.	વૈકુંઠ ઈન્દ્ર	ઈન્દ્ર	જ, ત્રિ	11
49.	''	''	જ, ત્રિ	11
50.	''	''	જ, અભિસા, ત્રિ	7
51.	દેવ, સૌચીકાગ્નિ	અગ્નિ	ત્રિ	9
52.	સૌચીકાગ્નિ	વિશ્વે દેવા	ત્રિ	6
53.	દેવ, સૌચીકાગ્નિ	અગ્નિ, દેવો	ત્રિ, જ	11
54.	બૃહદુક્થો વામદેવ્ય	ઈન્દ્ર	ત્રિ	6
55.	''	''	ત્રિ	8
56.	''	વિશ્વે દેવા	ત્રિ, જ	7
57.	બંધુ ગૌપાયના	''	ગા	6
58.	''	મન આવર્તન	અનુ.	12
59.	''	નિર્ઋતિ, સોમ, ઈન્દ્ર આદિ	ત્રિ. પં, મહા.પં	10

સૂક્તક્રમાંક	ઋષિ	દેવતા	છન્દ	મન્ત્રસંખ્યા
60.	બંધુ અગસ્ત્યસ્વસા	અસમાતિ, જીવ, હસ્તાદિ	અનુ, ગા, પં.	12
61.	નાભા નેદિષ્ટ માનવ	વિશ્વેદેવા	ત્રિ	27
62.	,,	,, અંગિરસ, દાન	પ્રગાથ, ગા, ત્રિ	11
63.	ગય પ્લાત	,, પથ્યા સ્વસ્તિ	જ, ત્રિ	17
64.	,,	વિશ્વે દેવા	,,	17
65.	વસુકર્ણ વાસુક્ર	,,	,,	15
66.	,,	,,	,,	15
67.	અયાસ્ય આંગિરસ	બૃહસ્પતિ	ત્રિ	12
68.	,,	,,	,,	12
69.	સુમિત્રો વાધ્ર્યશ્વ	અગ્નિ	ત્રિ, જ	12
70.	,,	આપ્રી (ઇધ્માદિ)	ત્રિ	11
71.	બૃહસ્પતિ આંગિરસ	જ્ઞાન	ત્રિ, જ	11
72.	લૌક્યો બુહસ્પતિ	દેવો	અનુ	9
73.	ગૌરિવીતિ શાકત્ય	ઈન્દ્ર	ત્રિષ્ટુપ્	11
74.	,,	,,	,,	6
75.	સિન્ધુક્ષિત્ પ્રૈયમેધ	નદી	જ	9
76.	સર્પ ઐરાવત જરત્કર્ણ	ગ્રાવાણ	જ	8
77.	સ્યૂમ રશ્મિ ભાર્ગવ	મરુત	ત્રિ, જ	8
78.	,,	,,	,,	8
79.	સૌચીકાગ્નિ, વૈ.,સપ્તિ	અગ્નિ	ત્રિ	7
80.	,,	,,	,,	7
81.	વિશ્વકર્મા ભૌવન	વિશ્વકર્મા	ત્રિ, વિરાટ	7
82.	,,	,,	ત્રિ	7
83.	મન્યુ તાપસ	મન્યુ	ત્રિ, જ	7
84.	,,	,,	જ, ત્રિ	7
85.	સાવિત્રી સૂર્યા ઋષિકા	સોમ, સૂર્યાવિવાહ ચન્દ્રમા	અ, ત્રિ, જ, ઉ. બૃ.	47
86.	ઇન્દ્ર, વૃષાકપિ ઇન્દ્રાણી	ઇન્દ્ર	પંક્તિ	23

સૂક્તક્રમાંક	ઋષિ	દેવતા	છન્દ	મન્ત્રસંખ્યા
87.	પાયુ ભારદ્વાજ	રક્ષોહાગ્નિ	ત્રિ, અ	25
88.	આંગિ, મૂર્ધન્વાન્ વામદેવ્ય વા	સૂર્ય, વૈશ્વાનરાગ્નિ	ત્રિ	19
89.	રેણુ વિશ્વામિત્ર	ઇન્દ્ર, ઇન્દ્રાસોમ	ત્રિ	18
90.	નારાયણ	પુરુષ	અ, ત્રિ	16
91.	અરુણ વૈતહવ્ય	અગ્નિ	જ, ત્રિ	15
92.	શાર્યાતો માનવ	વિશ્વે દેવા	જ	15
93.	તાન્વ પાર્થ્ય	,,	પ્રસ્તારવંક્તિ આ અક્ષર પં,ન્ય.સા.	15
94.	અર્બુદ કાદ્રવેય સર્પ	ગ્રાવાણ	જ, ત્રિ	14
95.	પુરૂરવા-ઉર્વશી	પુરૂરવા-ઉર્વશી	ત્રિ	18
96.	બરુ આંગિ ઐન્દ્ર વા	હરિ	જ, ત્રિ	13
97.	ભિષક્	ઓષધિ	અ	23
98.	આર્ષ્ટિષેણ દેવાપિ	દેવો	ત્રિ	12
99.	વમ્ર વૈખાનસ	ઇન્દ્ર	ત્રિ	12
100.	દવસ્યુ વાન્દન	વિશ્વે દેવા	જ, ત્રિ	12
101.	બુધ સૌમ્ય	વિશ્વે દેવા, ઋત્વિજવા	ત્રિ, જ, ગા, બૃ.	12
102.	મુદગલ ભાર્મ્યશ્વ	દ્રુઘણ, ઇન્દ્ર વા	ત્રિ, બૃ.	12
103.	ઐન્દ્ર અપ્રતિરથ	ઇન્દ્ર, બૃહ., અપ્વા, મરુતા વા	ત્રિ, અ.	13
104.	અષ્ટક વૈશ્વામિત્ર	ઇન્દ્ર	ત્રિ	11
105.	કૌત્સ દુર્મિત્ર સુમિત્ર વા	,,	ઉ, ગા, પિપી, ત્રિ	11
106.	ભૂતાંશ કાશ્યપ	અશ્વિનૌ	ત્રિ	11
107.	દિવ્યાંગિરસ, દક્ષિણા વા	દક્ષિણા, દાતા વા	ત્રિ, જ	11
108.	પણિ-સરમા	પણિ-સરમા	ત્રિ	11
109.	જુહૂ બ્રહ્મજાંયા, બ્રાહ્મ	વિશ્વે દેવા	ત્રિ. અ.	7
110.	જમદગ્નિ, જામદગ્ન્ન	આપ્રી (ઇંધ્માદિ)	ત્રિ	11
111.	વૈરૂપ અષ્ટાદંષ્ટ્ર	ઇન્દ્ર	ત્રિ	10

સૂક્તક્રમાંક	ઋષિ	દેવતા	છન્દ	મન્ત્રસંખ્યા
112.	વૈરૂપ નભપ્રભેદન	,,	ત્રિ	10
113.	વૈરૂપ શતપ્રભેદન	,,	જ, ત્રિ	10
114.	વૈરૂપ સધ્રિ, તાપસ ધર્મ	વિશ્વેદેવા	ત્રિ, જ	10
115.	વાર્ષ્ટિહવ્ય ઉપસ્તુત	અગ્નિ	જ, ત્રિ, શ	9
116.	સ્થૌર અગ્નિયુત, અગ્નિયૂપ	ઈન્દ્ર	ત્રિ	9
117.	ભિક્ષુ આંગિરસ	ધનાન્ન-દાન	ત્રિ, જ	9
118.	ઉરુક્ષય આમહીયવ	રક્ષોહાગ્નિ	ગા	9
119.	ઐન્દ્ર લબ	ઈન્દ્ર (આત્મા)	ગા	13
120.	આથર્વણ, બૃહદ્દવ	ઈન્દ્ર	ત્રિ	9
121.	હિરણ્યગર્ભ	ક (પ્રજાપતિ)	ત્રિ	10
122.	ચિત્રમહા વાસિષ્ઠ	અગ્નિ	જ, ત્રિ	8
123.	વેન ભાર્ગવ	વેન	ત્રિ	8
124.	અગ્નિ-વરુણ-સોમ	અગ્નિ, વરુણ સોમ, ઈન્દ્ર	ત્રિ, જ	9
125.	વાગામ્ભૃણી ઋષિકા	આત્મા	ત્રિ, જ	8
126.	શૈલુષિ, અહોમુગ્ વા	વિશ્વેદેવા	ઉપ. બૃ. ત્રિ.	8
127.	કુશિક સૌભર, રાત્રિ	રાત્રિ	ગા	8
128.	વિહવ્ય આંગિરસ	વિશ્વેદેવા	ત્રિ, જ	9
129.	પરમેષ્ઠી પ્રજાપતિ	ભાવવૃત્ત	ત્રિ	7
130.	યજ્ઞ પ્રાજાપત્ય	,,	ત્રિ, જ	7
131.	સુકીર્તિ કાક્ષીવત	ઈન્દ્રાશ્વિનૌ	ત્રિ, અ.	7
132.	શકપૂત નાર્મેધ	મિત્રાવરુણ, દ્યૂ, ભૂમિ	વિ. પ્ર. પં., મહાસતોબૃ	7
133.	સુદાસ પૈજવન	ઈન્દ્ર	શ, મહાપં, ત્રિ	7
134.	માન્ધાતા યૌવનાશ્વ અને ગોધા ઋષિકા	ઈન્દ્ર	પં, મહાપં.	7

સૂક્તક્રમાંક	ઋષિ	દેવતા	છન્દ	મન્ત્રસંખ્યા
135.	કુમારો યામાયન	યમ	અનુ.	7
136.	વાતરસના મુનિઓ	કેશિન્-અગ્નિ, સૂર્ય, વાયુ	અનુ.	7
137.	ભરદ્વાજાદિ સપ્તર્ષિ	વિશ્વેદેવા	,,	7
138.	અંગ ઔરવ	ઇન્દ્ર	જ	6
139.	દેવગન્ધર્વ વિશ્વાવસુ	સવિતા-આત્મા	ત્રિ	6
140.	અગ્નિ પાવક	અગ્નિ	સતોબૃ, ઉજ્યો	6
141.	અગ્નિ તાપસ	વિશ્વેદેવા	અનુ.	6
142.	શાઙ્ર્ગા, જરિતા, દ્રોણાદિ	અગ્નિ	ત્રિ, જ, અ	8
143.	અત્રિ સાંખ્ય	અશ્વિનૌ	અ	6
144.	તાર્ક્ષ્ય સુવર્ણ, ઊર્ધ્વકૃશન	ઇન્દ્ર	ગા, બૃ, સતો	6
145.	ઇન્દ્રાણી	સપત્ની બાધન (ઉપનિષત)	અ, પં	6
146.	ઐરંમદ દેવમુનિ	અરણ્યાની	અ	6
147.	સુવેદ શૈરીષિ	ઇન્દ્ર	જ, ત્રિ	5
148.	પૃથુ વૈન્ય	,,	ત્રિ	5
149.	અર્ચન્ હૈરણ્ય સ્તૂપ	સવિતા	ત્રિ	5
150.	મૃળીક વાસિષ્ઠ	અગ્નિ	બૃ, ઉજ્યો	5
151.	શ્રદ્ધા કામાયની	શ્રદ્ધા	અ	5
152.	શાસ ભારદ્વાજ	ઇન્દ્ર	અ	5
153.	દેવજામિ ઇન્દ્ર માતાઓ	,,	ગા	5
154.	યમી વૈવસ્વતી	ભાવવૃત્તમ્	અ	5
155.	શિરિમ્બિઠ ભારદ્વાજ	અલક્ષ્મીઘ્ન	અ	5
156.	કેતુરાગ્નેય	અગ્નિ	ગા	5

સૂક્તક્રમાંક	ઋષિ	દેવતા	છન્દ	મન્ત્રસંખ્યા
157.	ભુવન આપ્ત્ય, સાધન	વિશ્વેદેવા	દ્વિપદા, ત્રિ	5
158.	ચક્ષુ સૌર્ય	સૂર્ય	ગા, સ્વ	5
159.	પૌલોમી શચી	શચી	અ	6
160.	પૂરણ વૈશ્વામિત્ર	ઇન્દ્ર	ત્રિ	5
161.	યક્ષ્મનાશન, પ્રાજાપત્ય	રાજ્યક્ષ્મઘ્ન	ત્રિ, અ	5
162.	બ્રાહ્મ રક્ષોહા	રક્ષોહા	અ	6
163.	વિવૃહા કાશ્યપ	યક્ષ્મનાશન	અ	6
164.	પ્રચેતા આંગિરસ	દુઃસ્વપ્નનાશન	અ, ત્રિ, પં	5
165.	નૈઋત કપોત	વિશ્વેદેવા	ત્રિ	5
166.	ઋષભ વૈરાજ, શાકવર વા	સપત્નઘ્ન	અ, મહાપં	5
167.	વિશ્વામિત્ર-જમદગ્ની	ઇન્દ્ર, સોમ, વરુણ, બૃ	જ	4
168.	અનિલ વાતાયન	વાયુ	ત્રિ	4
169.	શબર કાક્ષીવત	ગાયો (ગોઃ)	ત્રિ	4
170.	વિભ્રાટ્ સૌર્ય	સૂર્ય	જ, આ. પં.	4
171.	ઈટો ભાર્ગવ	ઇન્દ્ર	ગા	4
172.	સંવર્ત આંગિરસ	ઉષા	દ્વિ. વિ.	4
173.	ધ્રુવ આંગિરસ	રાજા	અનુ.	6
174.	અભીવર્ત આંગિરસ	રાજા	અનુ.	5
175.	ઊર્ધ્વગ્રાવ સર્પ આર્બુદિ	ગ્રાવાણ	ગા	4
176.	સૂનુ આર્ભવ	ઋભુઓ, અગ્નિ	અ, ગા	4
177.	પતંગ પ્રાજાપત્ય	માયાભેદ	ત્રિ, જ	3
178.	અરિષ્ટનેમિ તાર્ક્ષ્ય	તાર્ક્ષ્ય	ત્રિ	3
179.	શિબિ, પ્રતર્દન, વસુમના	ઇન્દ્ર	ત્રિ, અ	3
180.	જય ઐન્દ્ર	,,	ત્રિ	3
181.	પ્રથ, સપ્રથ, ધર્મ સૌર્ય	વિશ્વેદેવા	ત્રિ	3

સૂક્તક્રમાંક	ઋષિ	દેવતા	છન્દ	મન્ત્રસંખ્યા
182.	તપુર્મૂર્ધા બાર્હસ્પત્ય	બૃહસ્પતિ	ત્રિ	3
183.	પ્રજાવાન્ પ્રજાપત્ય	યજમાન, યજમાન પત્ની, હોત્રાશિષ	ત્રિ	3
184.	ગર્ભકર્તા ત્વષ્ટા	વિષ્ણુ, સિનીવાલી અશ્વિનૌ	અ	3
185.	સત્યધૃતિ વારુણિ	આદિત્ય (સ્વસ્ત્યયન)	ગા	3
186.	વાતાયન ઉલ	વાયુ	ગા	3
187.	આગ્નેયો વત્સ	અગ્નિ	ગા	5
188.	આગ્નેય શ્યેન	જાતવેદા અગ્નિ	ગા	3
189.	સાર્પરાજ્ઞી	આત્મા, સૂર્ય વા	ગા	3
190.	અઘમર્ષણ	ભાવવૃત્ત	અ	3
191.	સંવનન આંગિરસ	અગ્નિ, સંજ્ઞાન	અ, ત્રિ	4

(5) ૧૦મા મંડળના સંકલનમાં જોવા મળતી નિયમિતતા-અનિયમિતતાઓ

ભૂમિકા : અગાઉ કહી ચૂક્યા છીએ કે અત્યારે મળતી 'ઋગ્વેદસંહિતા'ના સંકલન કર્તા શાકલ ઋષિ છે. આ શાકલ ઋષિએ ૧૦મા મંડળનું સંકલન કર્યું તે પૂર્વે તેમણે ૧ થી ૯ મંડળોની ગૂંથણી કરી લીધી હતી. તેમાં તેમની જે સંકલન પદ્ધતિ આપણને જોવા મળે છે, તેનો પહેલાં અભ્યાસ કર્યા પછી જ; પ્રસ્તુત ૧૦મા મંડળના સંકલનની ગતિવિધિની સમીક્ષા કરવી જોઈએ. તેથી ૧ થી ૯ મંડળમાં જોવા મળતી સંકલન પદ્ધતિ વિષે ટૂંકમાં, પણ સ્પષ્ટતાપૂર્વક આમ જાણવું જોઈએ : ૧. બેથી સાત સુધીના મંડળોમાં એક જ ઋષિના, કે તેના પરિવારના ઋષિઓએ જોયેલાં સૂક્તોનો સંગ્રહ કર્યો છે. આથી ૨ થી ૭ મંડળોને 'ઋષિસંહિતા' એવું નામ આપી શકાશે. આ મંડળોમાં સંગૃહીત સૂક્તોનો પૌવપિર્યભાવ નક્કી કરવા આગળ-પાછળ ગોઠવવા-અગ્નિ, ઇન્દ્ર અને વિશ્વેદેવાદિ દેવતાઓનાં સૂક્તોના આંતરક્રમ સ્વીકારાયો છે. એટલે કે ૨ થી ૭માં સંકલનનું પ્રથમ સૂત્ર 'કોઈ એક ઋષિ કે તેના પરિવારનું દર્શન હોવું જોઈએ' તે છે; અને બીજા ક્રમે 'તેમાં દેવતાનુક્રમ પણ એકરૂપ રાખ્યો છે.' એ છે સંકલનનું બીજું સૂત્ર. ૨. આઠમા મંડળમાં પણ મહદંશે કણ્વ કે કણ્વના સૂક્તોનો સંગ્રહ છે; અલબત્ત તેમાં અન્ય ઋષિઓનાં દર્શન રૂપ સૂક્તો પણ સંગૃહીત કર્યાં છે ખરાં. તથાપિ આને પણ ઉપચારથી 'ઋષિસંહિતા' કહી શકાય ખરી. ૩. નવમા

મંડળમાં શાકલે કેવળ પવમાન સોમ દેવતાની સ્તુતિ કરતાં સૂક્તો જ ભેગાં કર્યાં છે. આથી તેને 'દૈવત સંહિતા' એવું નામ આપી શકાશે. આમાં સંકલનનો મુખ્ય નિયમ જે કામ કરી રહ્યો છે તે કોઈ એક દેવ-સોમ-ને લગતાં સૂક્તો હોવાં તે છે. ૪. જ્યારે પહેલા કે દશમા મંડળમાં શાકલે કયું સંકલન સૂત્ર (સંકલનનો નિયમ) પોતાની સમક્ષ રાખ્યું છે તે અહીં ગવેષણીય મુદ્દો છે :

ઉપર (૪)થા મુદ્દામાં ૧૦મા મંડળનાં સૂક્તોનું જે પૃથક્કરણ રજૂ કર્યું છે તેનો સૂક્ષ્મેક્ષિકાથી અભ્યાસ કરતાં નીચે મુજબની અનિયમિતતાઓ પ્રથમદૃષ્ટિએ ધ્યાન ઉપર આવે છે; અને ત્યાર પછી (એ અનિયમિતતાઓની વચ્ચે પણ) જે એક-બે નિયમિતતાઓ શોધી શકાય છે તે આ પ્રમાણે છે :

અનિયમિતતાઓ :

૧. (૧) અહીં સ્તુત્ય દેવતાનુક્રમ બાબતે અનિયમિતતા જોવા મળે છે. ઋગ્વેદમાં અન્યત્ર જોવા મળતો પ્રધાનદેવ અને ગૌણદેવોનો અનુક્રમ (જેમકે, પહેલાં અગ્નિ સૂક્તો, પછી ઇન્દ્ર સૂક્તો, એ પછી વિશ્વદેવાદિનાં સૂક્તો એવો કોઈ ક્રમ) અહીં સ્વીકાર્યો નથી જ. (૨) એ જ પ્રમાણે, ક્યાંક ક્યાંક કોઈ એક જ દેવનાં બે-ત્રણ સૂક્તો (એક જ ઋષિનાં હોય એવાં, કે ક્યારેક જુદા જુદા ઋષિનાં) સાથે મૂક્યાં છે; પણ એવા દેવોનાં તમામ સૂક્તોનો સંગ્રહ કરીને તેમને એકી સાથે મૂક્યો નથી. જેમ કે, ૩૫-૩૬ મા ક્રમે વિશ્વદેવાનાં સૂક્તો છે; અને તે પછી ૫૨, ૫૬, ૫૭, ૬૧, ૬૪, ૬૫, ૬૬, ૯૨, ૯૩ (ઇત્યાદિ)મા ક્રમે આવેલાં સૂક્તો પણ વિશ્વદેવાનાં જ છે. સંકલનકર્તા એ આમ એક જ દેવનાં સૂક્તોનો પહેલાં સમૂહ બનાવી લઈને, પછી એકી સાથે કોઈ એક જ જગ્યાએ તેમને મૂક્યાં નથી. (આ વાત બીજા બધા દેવોને પણ લાગુ પડે છે.)

૨. અમુક એક છન્દમાં રચાયેલાં સૂક્તો પહેલાં, અને તે પછી બીજા છન્દમાં રચાયેલાં સૂક્તો ગોઠવ્યાં હોય એવું પણ કોઈ તારણ અહીં કાઢી શકાય એમ નથી. એટલે કે ૧૦મા મંડળના સૂક્તોના સંકલનમાં છન્દ પણ નિયામક તત્ત્વ તરીકે કામ કરતો હોય એમ જણાતું નથી.

૩. અહીં ૧ થી ૮૫ સુધીના સૂક્તોમાં આવેલા મન્ત્રોની કુલ સંખ્યાનો અભ્યાસ કરીએ તો તેમાં 'ઉત્તરોત્તર વધતી સંખ્યાવાળા સૂક્તો ગોઠવ્યા હોય, કે ઘટતી સંખ્યાવાળાં સૂક્તો (જ) ગોઠવ્યાં હોય એવી પણ કોઈ નિયયિતતા / તર્ક જોવા મળતો નથી. એટલે કે આ ૧૦મા મંડળના ૧ થી ૮૫ સૂક્તોની મંત્ર સંખ્યા સતત વધતી-ઘટતી જોવા મળે છે.

૪. સમાન ગોત્રના ઋષિઓનાં સૂક્તો પણ ઘણે ભાગે વિખૂટાં પડી ગયાં છે. દા. ત. (૧) આંગિરસ ગોત્રના ઋષિઓએ રચેલાં સૂક્તો ૪૨, ૪૭, ૭૧, ૧૧૭, ૧૨૮, ૧૬૪, ૧૯૧મા ક્રમે ગોઠવ્યાં છે. (૨) ભારદ્વાજ ઋષિઓનાં સૂક્તો ૮૭,

૧૫૨, ૧૫૫ ક્રમે મૂકાયાં છે. (૩) કાક્ષીવત ઋષિઓનાં સૂક્તો ૩૯, ૪૦, ૧૩૧, ૧૬૯ ક્રમે છે. (૪) પ્રાજાપત્ય ગોત્રના ઋષિઓનાં સૂક્તો ૧૩૦, ૧૬૧, ૧૭૭, ૧૮૩મા ક્રમે જોવા મળે છે.

આમ ૧૦મા મંડળના સૂક્તોના સંકલનમાં શાકલે કોઈ દેવતાનુક્રમ, સૂક્તોની મન્ત્ર સંખ્યા, છન્દ પ્રયોગ કે અમુક જ ઋષિઓનાં રચેલાં સૂક્તોના સમૂહો એકી સાથે ગોઠવ્યાં હોય-એવી કોઈ નિયમિતતા પ્રાથમિક પરીક્ષણમાં ધ્યાનમાં આવતી નથી. પરંતુ આ પૃથક્કરણમાં ધ્યાનાસ્પદ 'સૂક્ત-૮૫'મું છે, કે જેમાં સર્વાધિક સંખ્યામાં (કુલ-૪૭) મન્ત્રોનો સમૂહ રજૂ થયો છે ! આ પછીનાં (૮૬થી ૧૯૧) સૂક્તોમાં મન્ત્ર સંખ્યા પ્રાયઃ ઘટતી જતી જણાય છે. આ મુદ્દાને આગળ કરીને વિચારીએ તો ૧૦મા મંડળને બે ભાગમાં વહેંચાઈ જતું જોઈ શકાય છે. આ મુજબ આપણે ૧૦મા મંડળમાં ૧ થી ૮૫ સૂક્તોનો બનેલો પૂર્વાર્દ્ધ છે અને ૮૬ થી ૧૯૧ સૂક્તોનો બનેલો ઉત્તરાર્દ્ધ છે એમ કહીશું તો બહુ વાંધો નહીં આવે. હવે, આવા કલ્પિત વિભાજનોમાં જોવા મળતી નિયમિતતાઓ તપાસીશું.

નિયમિતતાઓ :

૧. **(क)** એકથી પંચ્યાશી સૂક્તોના બનતા પૂર્વાર્દ્ધમાં કોઈ એક જ ઋષિના, કે એક જ ગોત્રના ઋષિઓનાં જોયેલાં/રચેલાં સૂક્તોને સાથે સાથે મૂકવામાં આવેલાં છે, જેમકે, ૧-૭, ૮-૯, ૧૧-૧૩, ૧૪-૧૯, ૨૦-૨૬, ૨૭-૨૯, ૩૦-૩૪, ૩૫-૩૬, ૩૯-૪૦, ૪૨-૪૪, ૪૫-૪૭, ૪૮-૫૦, ૫૧-૫૩, ૫૪-૫૬, ૫૭-૬૦, ૬૧-૬૨, ૬૩-૬૪, ૬૫-૬૬, ૬૭-૬૮, ૬૯-૭૦, ૭૩-૭૪, ૭૭-૭૮, ૭૯-૮૦, ૮૧-૮૨, ૮૩-૮૪.

[**(ख)** આ સૂક્તોની ગોઠવણી કરવામાં = પૌર્વાપર્યભાવ નક્કી કરવામાં સૂક્તોની મન્ત્રસંખ્યાને ધ્યાનમાં લેવામાં આવી નથી.]

૨. **(क)** ૮૬ થી ૧૯૧ સૂક્તોના બનેલા ઉત્તરાર્ધમાં સૂક્તોની મન્ત્રસંખ્યાને ધ્યાનમાં લઈને, તે સૂક્તોનો પૌર્વાપર્યભાવ નક્કી કર્યો હોય એમ પ્રાયઃ જણાય છે. આ વિભાગના સૂક્તોની ગોઠવણીમાં, ચાર-પાંચ અપવાદોને બાદ કરતાં, સૂક્તોની મન્ત્રસંખ્યામાં ઉત્તરોત્તર ઘટાડો થતો હોય એમ જોવા મળે છે. જેમકે, (સર્વાધિક મન્ત્રસંખ્યાવાળું ૮૫મું સૂક્ત આવ્યા પછી, તેની નીચે ગોઠવેલાં સૂક્તોમાં ૨૫, ૧૬, ૧૫, ૧૨, ૧૧, ૧૦, ૯, ૮, ૭, ૬, ૫, ૪ અને છેલ્લે ૩ની મન્ત્રસંખ્યા આવતી જાય છે.

[**(ख)** ઉત્તારાર્ધમાં ૮૫મા પછીના સૂક્તોમાં, ૧૧૧ થી ૧૧૪, ૧૪૦-૧૪૧ અને ૧૮૭-૧૮૮ એવી ત્રણ જગ્યાએ એક જ ગોત્રના બે ઋષિઓનાં સૂક્તો આવેલાં છે, અને તેમને સાથે સાથે મૂક્યાં છે. પણ એ સિવાયનાં તમામ સૂક્તોમાં પ્રત્યેક સૂક્તના ઋષિ અલગ અલગ છે. બીજા શબ્દોમાં કહીએ તો—આમાંના કોઈ પણ ઋષિનાં બે

સૂક્તો હોય એમ જોવા મળતું નથી.]

‘ઋગ્વેદસંહિતા’માં સૂક્તોની સંકલના-એક તો, ૨ થી ૯મા મંડળમાં અને બીજી, ૧લા અને ૧૦મા મંડળમાં જે રીતે થઈ છે તે - જોતાં સંહિતાકાર શાકલ મુનિનું કામ કેવું વિપુલ અને અનેક વૈવિધ્યભર્યું હતું એ સમજી શકાય એમ છે; અને છતાંય એનેય કુશળતાથી અને જે વૈચિત્ર્ય સાથે પાર પાડવામાં આવ્યું છે તે જોઈને સંહિતાકાર પ્રત્યે આપણને અહોભાવ જાગ્યા વિના રહેતો નથી. મહાભાષ્યકાર પતંજલિએ તો નોંધ્યું છે કે –

‘शाकल्यस्य संहितामनु प्रावर्षत् ।।’ (જુઓ : ૧-૪-૮૪ **अनुर्लक्षणे** । સૂત્ર ઉપરનું મહાભાષ્ય) અર્થાત્ ‘‘શાકલ્યની સંહિતાને અનુલક્ષીને = ધ્યાનમાં લઈને (પ્રસન્ન થયેલા ઇન્દ્ર) દેવે (જળ) વર્ષવ્યાં.’’

આપણી ભારતીય પરંપરામાં તો, આમ સંહિતાકાર તરફ, એમના ઉપર્યુક્ત સંકલન કર્મને જોઈને પ્રશંસોદ્ગાર કાઢવામાં આવ્યા છે અને તે કર્મથી દેવો પણ રાજી થયા હતા એમ પતંજલિ સાક્ષી પૂરે છે. તથાપિ પશ્ચિમી વિદ્વાનોએ એ સંકલનમાં રહેલા વૈચિત્ર્યને જોઈને, (બીજા શબ્દોમાં કહીએ તો-એમાં રહેલી અનેકવિધતા જોઈને) એ સંકલન જુદા જુદા કાલખંડમાં, આગળ-પાછળ થયેલું છે એમ પણ કહ્યું છે; તથા પ્રોફે. મેકડોનલ જેવાને તો ઋગ્વેદમાં આ ૧૦મા મંડળનું સંકલન ‘પરિશિષ્ટ’ જેવું પણ લાગ્યું છે એ પણ અત્રે નોંધવું જોઈએ.

(૬) ૧૦મા મંડળનાં સૂક્તોનું રસદર્શન

પ્રસ્તુત ૧૦મા મંડળમાં નોંધપાત્ર ગણી શકાય એવાં અનેક સૂક્તો આવેલાં છે. જેમકે, યમ-યમી સંવાદસૂક્ત (૧૦), અક્ષસૂક્ત (૩૪), જ્ઞાન સૂક્ત (૭૧), સૂર્યાવિવાહ (૮૫), પુરુષસૂક્ત (૯૦) પુરૂરવા-ઉર્વશી સંવાદસૂક્ત (૯૫), સરમા-પણિસંવાદ (૧૦૮), આપ્રીસૂક્ત (૧૧૦), ભિક્ષુસૂક્ત (૧૧૭), હિરણ્યગભરસૂક્ત (૧૨૧), નાસદીયસૂક્ત (૧૨૯) વગેરે-તેના વિષે અમે મૂળ ગ્રન્થમાં જ પ્રત્યેક સૂક્તના આરંભે સાર સંક્ષેપ રૂપે, પરિચય રૂપે અને વિવેચનાત્મક નોંધ રૂપે ચર્ચાઓ મૂકી છે તે જોઈ જવા અનુરોધ કરીએ છીએ. અહીં તેની પુનરુક્તિ કરી ગ્રન્થવિસ્તાર નહીં કરીએ.

(૭) ૧૦મું મંડળ : ત્રણ વૈવિધ્યનો સમૂહ

(क) સૌથી પહેલાં દશમા મંડળમાં સંગૃહીતસૂક્તોનાં દ્રષ્ટા-દર્શન કરનારા-ઋષિઓનું વૈવિધ્ય ધ્યાનાસ્પદ છે. જેમકે ૧. અહીં પ્રસિદ્ધ ઋષિઓના વંશજો તો ઋષિઓ બન્યા જ છે (દા. ત., આંગિરસો, ભારદ્વાજો, વામદેવ્યો, કે વૈશ્વામિત્રો); ૨. પણ સાથે સાથે બીજા અનેક દેવો પોતે જ, અથવા દેવોના પુત્રો પણ દ્રષ્ટા ઋષિઓ બન્યા છે. દા. ત. વૈવસ્વત યમ, વૈકુંઠ ઇન્દ્ર, વિશ્વકર્મા, નારાયણ,

અગ્નિ-વરુણ-સોમ, ઐન્દ્ર વસુક, સૌર્ય અભિતપા, ઐન્દ્ર અપ્રતિરથ, આગ્નેય વત્સ, આગ્નેય શ્યેન. ૩. અહીં ઋષિઓ ઉપરાંત ઋષિકાઓ (= મન્ત્ર/સૂક્ત દ્રષ્ટી સ્ત્રીઓ)નો સમૂહ પણ આગળ પડતું સ્થાન ધરાવે છે. જેમકે, યમી, કાક્ષીવતી ઘોષા, ઇન્દ્ર સ્નુષા વસુકપત્ની, ઉર્વશી; સરમા, સાવિત્રી સૂર્યા, ઇન્દ્રાણી, વાગામ્ભૃણી, શ્રદ્ધા કામાયની, કાક્ષીવત સુકીર્તિ, શચી પૌલોમી, સાર્પરાજ્ઞી વગેરે. ૪. ક્યારેક એવું પણ જોવા મળે છે કે અમુક સૂક્તોના દ્રષ્ટા ઋષિઓનાં નામ પરંપરામાંથી લુપ્ત થયાં હોય, ભુલાઈ/ ખોવાઈ ગયાં હોય એમ સંહિતાકાર બબ્બે-ત્રણ-ત્રણ વૈકલ્પિક ઋષિઓનાં નામ આપે છે. જેમકે, સૂકત-૧૯ના મથિત યામાયન, ભૃગુ કે ભાર્ગવ; ૩૪મા સૂક્તના ઋષિ કવષ ઐલૂષ કે અક્ષ મૌજવાન હશે, ૯૬મા સૂક્તના દ્રષ્ટા બરુ આંગિ કે ઐન્દ્ર હશે. અથવા ૫. તેવાં સૂક્તોમાં જે સ્તુત્ય દેવતા-કે પ્રતિપાદ્ય વિષય હોય તેને જ તે સૂક્તના ઋષિ તરીકે જાહેર કરે છે. ૯૦મા સૂક્તના દ્રષ્ટા નારાયણ, ૧૨૯માના પરમેષ્ઠી પ્રજાપતિ, ૧૩૦ના યજ્ઞ પ્રાજાપત્ય, ૧૪૦ના અગ્નિ પાવક અને ૧૨૪ના અગ્નિ, વરુણ અને સોમ ઋષિ છે. ૬. એ જ પ્રમાણે, ૮૩-૮૪ સૂક્તોમાં મન્યુ દેવતા છે, તો એના ઋષિ પણ એ જ મન્યુ તાપસ છે. ૧૬૨ સૂક્તમાં રક્ષોહા દેવતા છે અને એના ઋષિ પણ બ્રાહ્મ રક્ષોહા જ છે. ૭. ક્યાંક એવું પણ જોવા મળે છે કે સૂક્તમાં આવેલાં પ્રત્યેક મન્ત્રના દ્રષ્ટા ઋષિ જુદા જુદા હોય એમ પણ જોવા મળે છે. દા. ત. સૂક્ત-૧૩૭. એવી જ રીતે અનેક ઋષિઓનાં દર્શનોને = મન્ત્રોને ભેગા કરીને, એનું બનાવેલું સૂક્ત પણ ક્યાંક જોવા'મળે છે. જેમકે, ૧૬૭, ૧૭૯. આમ ૧૦મા મંડળના ઋષિઓની વિપુલ સંખ્યા અને ઋષિઓના પ્રકારનું બાહુલ્ય-એ બંને આકર્ષક મુદ્દાઓ છે.

(ख) દેવતાઓનું વૈવિધ્ય : ૧૦મા મંડળમાં જોવા મળતી દેવસૃષ્ટિનું વૈવિધ્ય પણ આશ્ચર્ય પમાડે એવું છે; અને તે જ આ મંડળની એક મુખ્ય વિશેષતા છે. અહીં ૧. ઋગ્વેદના પ્રાચીન મંડળ તરીકે ઓળખાતાં (૨થી ૭મા) કુલમંડળો-પરિવાર મંડળોમાં જોવા મળતા ઉચ્ચકોટિના/વધુ પ્રચલિત દેવો, જેવા કે—અગ્નિ, ઇન્દ્ર, વિશ્વેદેવાદિ, તો અહીં પણ જોવા મળે છે. (૧૦મા મંડળમાં અગ્નિનાં ૨૬ સૂક્તો, ઇન્દ્રનાં ૩૮ સૂક્તો અને વિશ્વદેવાના ૨૧ સૂક્તો આવેલાં છે.) ૨. પણ એની સાથે ગૌણ-દ્વિતીય કોટિના-દેવો પણ સંખ્યામાં વધારે હોય એમ જોવા મળે છે. જેમકે, રાત્રિ, નદી, અશ્વિનૌ, વિશ્વકર્મા, યમ, યમી, આપ, પૂષા, મૃત્યુ, સોમ, મરુત, મિત્રવરુણ, દ્યુ, ભૂમિ, વાયુ, સૂર્ય, ઉષા, વિષ્ણુ વગેરે. ૩. ચોક્કસ નામ વિનાનાં-'દેવા' એવા નામવાળા દેવતાઓની સ્તુતિ કરતાં સૂક્તો પણ અહીં છે ! દા. ત., સૂક્ત-૫૩, ૭૨, ૯૮. ૪. યજ્ઞ અને તત્સંબંધી વ્યક્તિઓ, પદાર્થોમાં પણ દેવત્વ આરોપીને તેમની સ્તુતિ કરતાં સૂક્તો અહીં મૂક્યાં છે. જેમકે, બે આપ્રી સૂક્તો (૭૦ અને ૧૧૦), હવિર્ધાને (૧૩), ઋત્વિજો (૧૦૧), યજમાન, યજમાનપત્ની, હોત્રાશિષ (૧૮૩). ૫. દેવતાઓ સાથે જોડાયેલા પદાર્થો-વ્યક્તિઓને પણ દેવો ગણીને એમનાં

જે સૂક્તો રચાયાં છે તે આ પ્રમાણે છે : યમ, પિતૃ, શ્વાન, સરમા, ગ્રાવાણ, ગાય, આપ, મૃત્યુ, નિર્ઋતિ, બૃહુસ્પતિ ૬. અમૂર્ત તત્ત્વો, મન કે મનંના ભાવોને પણ દેવત્વ અર્પીને તેમની સ્તુતિ કરવામાં આવી છે. મન આવર્તન, જીવ, આત્મા, ભાવવૃત્ત, મન્યુ, શ્રદ્ધા, જ્ઞાન, સંજ્ઞાન વગેરે. ૭. લૌકિક વ્યક્તિઓ અને પદાર્થોમાન દેવત્વનું આરોપણ કરીને પણ સૂક્તોની રચના થયેલી છે. જેમકે, અક્ષ, કિતવ, ધનાન્ન, દક્ષિણા, દાતા, ઓષધિ, રાજા વગેરે. ૮. ક્યારેક લૌકિક/વ્યાવહારિક વિધિઓ અને આભિચારિક કર્મો જેવા વિષયોને જ દેવતા રૂપ ગણીને તેની સ્તુતિ કરતાં સૂક્તો પણ આ ૧૦મા મંડળમાં જોવા મળે છે. દા. ત. સૂર્યાવિવાહ (૮૫), સપત્નીબાધન (૧૪૫), અલક્ષ્મીઘ્ન (૧૫૫), રાજ્યક્ષ્મઘ્ન (૧૬૧), યક્ષ્મનાશન (૧૬૩), દુઃસ્વબ્નનાશન (૧૬૪), અને સપત્નઘ્ન (૧૬૬).

૧૦મા મંડળમાં જોવા મળતી આવી વૈવિધ્યસભર દેવસૃષ્ટિને નોંધવાની સાથે આ સંબંધી બીજી પણ નોંધપાત્ર વિગતો આ પ્રમાણે છે : ૯. એક જ સૂક્તમાં અનેક દેવોની સ્તુતિ થઈ હોય એવાં સૂક્તો પણ અહીં છે. જેમ કે, સૂ. ૧૩૬માં કેશિન્ તરીકે અગ્નિ, સૂર્ય અને વાયુની સ્તુતિ છે. એવાં જ બીજાં સૂક્તો છે : ૫૯, ૧૦૩, ૧૨૪, ૧૩૨ વગેરે. તથા ૧૦. અહીં એવાં કેટલાંક સૂક્તો પણ છે કે જેમાં પ્રત્યેક મંત્રમાં એક-એક જુદા દેવની સ્તુતિ થઈ હોય. દા. ત., સૂક્ત ૧૮૪માં કુલ ત્રણ મંત્રોમાંના દેવો છે : વિષ્ણુ, સિનીવાલી અને અશ્વિનૌ. સૂ. ૧૬૭ના કુલ ચાર મંત્રોમાં ઇન્દ્ર, સોમ, વરુણ અને બૃહસ્પતિદેવતાની સ્તુતિ છે. આપ્રી સૂક્તો ૭૦ અને ૧૧૦માં પણ કુલ અગિયારેય ઋચાઓમાં જુદા જુદા ઇધ્માદિ અગિયાર દેવતાઓની સ્તુતિ થઈ છે. ૧૧. સ્વરૂપતઃ કે નામતઃ કોઈ દેવ જ ન હોય (પણ સૃષ્ટિના આરંભે, કે તે પૂર્વે જે ભાવો = પદાર્થો વૃત = પડેલા હતાં એમને જ દેવ રૂપે સ્તવ્યાં હોય) એવાં 'ભાવવૃત્ત દેવતા'વાળાં (દાર્શનિક) સૂક્તો પણ આ મંડળમાં જોવા મળે છે. આમ ૧૦મા મંડળનું દેવતા વિષયક વૈવિધ્ય પણ એની એક વિશેષ લાક્ષણિકતા રૂપ બની રહે છે.

(ग) પ્રતિપાદ્ય વિષયનું વૈવિધ્ય : આ દશમાં મંડળનું જે વિષય વૈવિધ્ય છે તે ઋગ્વેદના બીજા કોઈ પણ મંડળમાં દુર્લભ છે. અહીં જે વિષયો છે તે આ પ્રમાણે છે : ૧. અન્ય (= ૧ થી ૮ સુધીના) મંડળોની જેમ અહીં પ્રધાનદેવો અને ગૌણદેવોની સ્તુતિ તો છે જ. પણ તે ઉપરાંત ૨. અનેક દાર્શનકિ સૂક્તો પણ અહીં સંગૃહીત થયાં છે. જેમકે, જ્ઞાનસૂક્ત (૭૧), વિશ્વકર્માસૂક્તો (૮૧, ૮૨), પુરુષસૂક્ત (૯૦), હિરણ્યગર્ભ સૂક્ત (૧૨૧), વાગામ્ભૃણી સૂક્ત (૧૨૫), નાસદીય સૂક્ત (૧૨૯) માયાભેદ (૧૭૭). અને ભાવવૃત્ત (૧૩૦, ૧૫૪, ૧૯૦). ૩. સંવાદસૂક્તો કુલ છ છે : યમ-યમી (૧૦), ઇન્દ્ર, વસુક્ર અને વસુક્રપત્ની (૨૮), દેવો-અગ્નિ (૫૧), ઇન્દ્ર, ઇન્દ્રાણી-વૃષાકપિ (૮૬), પુરૂરવા-ઉર્વશી (૯૫) અને પણિ-સરમા (૧૦૮) ૪. આની સાથે, જેમાં પ્રાકૃતિક સૌન્દર્યનું વર્ણન માનવા જેવું

છે તેવાં કાવ્યરૂપ સૂક્તો છે તે આ પ્રમાણે છે : અરણ્યાનીસૂક્ત (૧૪૬), ઉષા (૧૭૨) અને રાત્રિ (૧૨૭). ૫. અહીં બે આપ્રીસૂક્તો (૭૦ અને ૧૧૦) પણ છે. ૬. જેની પાછળ ઐતિહાસિક ઘટનાઓ ઊભી છે એવા સૂક્તમાં આર્ષ્ટિષેણ દેવાપિનું ૯૮મું સૂક્ત નોંધપાત્ર છે. ૭. ધર્મનિરપેક્ષ સૂક્તોમાં અક્ષ-કિતવનું ૩૪મું અને ધનાન્નદાનભિક્ષુસૂક્ત ૧૧૭, (= જેમને એકોક્તિ = સ્વગતોક્તિ રૂપ સૂક્ત પણ કહી શકાય); ઓષધિનું ૯૭મું સૂક્ત પણ અહીં જ છે. ૮. અથર્વવેદમાં બાહુલ્યેન જોવાં મળે છે એવાં આભિચારિક સૂક્તો પણ અહીં સંગૃહીત થયેલાં જોવા મળે છે. જેમ કે, સપત્નીબાધન, સપત્નબાધ, રાજ્યક્ષ્મઘ્ન, યક્ષ્મનાશન, દુઃસ્વપ્નનાશન, અલક્ષ્મીઘ્ન, વગેરે. ૯. ધર્મ અને સમાજ સાથે સંકળાયેલાં સૂક્તોમાં પિતૃ, મૃત્યુ, અન્ત્યેષ્ટિ યજ્ઞ, યજમાન, યજમાનપત્ની, દક્ષિણા, દાનનાં સૂક્તો પણ નોંધપાત્ર છે.

આમ ઋગ્વેદનું ૧૦મું મંડળ એ જાણે ઋષિવૈવિધ્ય દેવતાવૈવિધ્ય અને વિષયવૈવિધ્યનો મહાસાગર હોય એમ આપણી સમક્ષ હિલોળા લે છે; અને એના પેટાળમાં અનેક વિચારમૌક્તિકો પણ સંગોપિત છે; જેને મેળવવા સૌ વેદાભ્યાસી-મરજીવાઓને નિત્યનું આમંત્રણ છે !

20. દાર્શનિક વિચારો

ઋગ્વેદના ૧૦મા મંડળમાં દાર્શનિક વિચારોવાળાં અનેક સૂક્તો આવેલાં છે; અને એમાંથી જ સૂચનો લઈને આધાર રૂપે લઈને પાછળથી વિવિધં ઉપનિષદોમાં એ તત્ત્વચિંતન આગળ વધ્યું છે (અને એથીય પછીના સમયમાં સત્કાર્યવાદ, કેવલાદ્વૈતવાદ કે અત્રેયવાદાદિની ચર્ચાઓથી ભરેલાં સાંખ્ય, વેદાંતાદિ દર્શનશાસ્ત્રોનો વિકાસ થયેલો છે). જગત્‌નું મૂલદ્રવ્ય 'સત્' હતું કે 'અસત્' હતું ? ઇત્યાદિ વિચારણા ઋગ્વેદના છેક સંહિતાકાળથી શરૂ થઈને, કાલક્રમે તે ઉપનિષદોમાં કેવી રીતે આવી છે એ વિષે શ્રી ટિળક જણાવે છે કે–(જગત્‌ના) મૂળ કારણને **'एकं सत् विप्रा बहुधा वदन्ति'** (ઋ. ૧-૧૬૪-૪૬) અથવા **एकं सन्तं बहुधा कल्पयन्ति** (ઋ. ૧૦-૧૧૪-૫)-જે એક અને 'સત' એટલે ''સદૈવ ટકનારું છે તેને જ લોકો જુદાં જુદાં નામ આપે છે'' એ રીતે કેટલેક સ્થળે કહ્યું છે. તો એથી ઊલટું **देवानां पूर्व्ये युगेऽसतः सद् अजायत** (ઋ. ૧૦-૭૨-૭) અર્થાત્ 'દેવોના પણ પૂર્વના કાળમાં **અસત્‌માંથી** એટલે કે **અવ્યક્તમાંથી** 'સત્' = વ્યક્ત-જગત્-ઉત્પન્ન થયું હતું'–એમ બીજે ઠેકાણે કહેલું છે. આ ઉપરાંત, અન્યત્ર એમ પણ કહ્યું છે કે જગત્‌ના મૂળ આરંભમાં હિરણ્યગર્ભ હતા, અને અમૃત અને મૃત્યુ એ બે તેની જ છાયા હતી; અને તેણે જ પછી સર્વ જગત્‌નું નિર્માણ કર્યું (ઋ. ૧૦-૧૨૧-૧, ૨), અથવા (પુરુષસૂક્તમાં એમ કહ્યું છે કે) 'વિરાટ્ રૂપી પુરુષ પ્રથમ હતા તે પછી યજ્ઞથી સર્વ સૃષ્ટિ ઉત્પન્ન થઈ (ઋ. ૧૦-૯૦); અથવા 'પ્રથમ પાણી હતું તેમાંથી પ્રજાપતિ ઉત્પન્ન થયા (ઋ. ૧૦-૭૨-૬ અને ઋ. ૧૦-૮૨-૬), અથવા ઋતુ અને સત્ય પ્રથમ

ઉત્પન્ન થયાં પછી રાત્રિ (અંધકાર), તે પછી સમુદ્ર (પાણી), સંવત્વર એ વગેરે ઉત્પન્ન થયા. (ઋ. ૧૦-૧૯૦-૧)-આમ એક અથવા બીજી રીતે દશ્ય તત્ત્વમાંથી સૃષ્ટિ ઉત્પન્ન થયાનાં ભિન્ન ભિન્ન વર્ણનો ઋગ્વેદમાં જ છે.

ઋગ્વેદમાં વર્ણવેલાં આ મૂલ દ્રવ્યના વિવિધ કથનોને ધ્યાનમાં રાખીને જ આગળ ઉપર (૧) તૈત્તિરીય બ્રાહ્મણમાં **आपो वा इदमग्रे सलिलमासीत्** । (તે બ્રા. ૧-૧-૩-૫) 'આ સર્વ પહેલાં પાતળું પાણી હતું' એ રીતે પાણીનો; (૨) તૈત્તિરીય ઉપનિષદ્‌માં **असद्वा इदमग्र आसीत्** (તૈ. ઉ. ૨-૭) 'આ પહેલાં અસત્ જ હતું' એમ અસત્‌નો; (૩) છંદોગ્યમાં **सदेव सोम्येदमग्र आसीत्** (છાં. ૬-૨) 'આ બધું હે સૌમ્ય ! પહેલાં સદ્ જ હતું' એમ સત્‌નો; અથવા (૪) **आकाशः परायणाम्** (છાં. ૧-૯) 'આકાશ સર્વનું મૂળ' એ રીતે આકાશનો; (૫) બૃહદારણ્યકમાં **नैवेह किंचनाग्र आसीन्मृत्युनैवेदमावृतमासीत्** । (બૃ. ૧-૧-૧) 'પહેલાં આ કાંઈ જ ન હતું, સર્વ મૃત્યુથી આચ્છાદિત હતું' એમ મૃત્યુનો; અને (૬) મૈત્ર્યુપનિષદ્‌માં **तमो वा इदमग्र आसीदेकम्** (મૈ. ૫-૨) 'એ સર્વ પહેલાં એકલું તમ (તમોગુણ અંધકાર) હતું, પછી તેમાંથી રજ અને સત્ત્વ થયાં' એમ તમનો અનુવાદ = આદિ તત્ત્વ તરીકે ઉલ્લેખ થયેલા છે.

આ વેદવચનોને અનુસરીને, આખરે 'મનુસ્મૃતિ'માં –

आसीदिदं तमोभूतमप्रज्ञातमलक्षणम् ।
अप्रतर्क्यमविज्ञेयं प्रसुप्तमिव सर्वतः ॥ (૧, ૫-૮)

''આ સર્વ પહેલાં તમ-અંધકારમય-હતું, જેનું લક્ષણ અજ્ઞાત હતું, અપ્રતકર્ય, અવિજ્ઞેય, સર્વતઃ જાણે ઊંઘતું હોય તેવું હતું, અને પછી પાછળથી તેમાં અવ્યકાત પરમાત્માએ પ્રવેશ કરીને પ્રથમ પાણી ઉત્પન્ન કર્યું–એ રીતે સૃષ્ટિના આરંભનું વર્ણન આપેલું છે.

પરંતુ અહીં જે નોંધપાત્ર છે તે એ છે કે સૃષ્ટિના આરંભના મૂલ દ્રવ્ય સંબંધે આ અથવા આવાં ભિન્ન ભિન્ન વર્ણનો 'નાસદીયસૂક્ત'ના વખતમાં પણ પ્રચલિત હોવાં જ જોઈએ, અને એ પૈકી કયું મૂલ દ્રવ્ય ખરું સમજવું–એની કોઈને જાણકારી હશે કે નહીં ? ઇત્યાદિ પ્રશ્ન ઊભા થયા હોવા જોઈએ.'' આમ ભારતીય તમામ દર્શનશાસ્ત્રોની વિચારધારાઓનાં બીજ ઋગ્વેદનાં ઉપર્યુક્ત સૂક્તોનાં વચનોમાં રહેલાં છે.*

---

* ઋગ્વેદના ૧૦મા મંડળમાં જે દાર્શનિકસૂક્તો (૭૧, ૯૦, ૧૧૯, ૧૨૧, ૧૨૫, ૧૨૯, ૧૩૦, ૧૭૭ અને ૧૯૦) મળે છે તે પ્રત્યેકનો 'સારસંક્ષેપ' તે તે સૂક્તોના આરંભે જ મૂક્યો છે. ત્યાંથી તે જોઈ લેવા અનુરોધ છે. અહીં તેની પુનરુક્તિ કરી ગ્રંથવિસ્તાર નહીં કરીએ.

21. દશમા મંડળના સંવાદસૂક્તો

૧.

ઋગ્વેદના ૧૦૧૭ સૂક્તોમાંથી લગભગ બાર-પંદર સૂક્તો 'સંવાદસૂક્ત' તરીકે ઓળખાય છે. સામાન્ય રીતે તો ઋષિઓ ઈન્દ્ર, અગ્નિ, સોમ, વરુણ ઇત્યાદિ દેવને ઉદ્દેશીને તેમનાં રૂપ, સ્વભાવ, પરાક્રમાદિની પ્રશંસા-સ્તુતિ-રજૂ કરતાં હોય છે. આવી સ્તુતિઓમાં સાથે સાથે વિવિધ પ્રકારની માંગણીઓ -'પ્રાર્થના'ઓ- પણ ગુંથી લીધી હોય છે. પણ ડઝનેક જેટલાં સૂક્તો એવાં મળે છે કે જેમાં ભાગ્યે જ કોઈ સ્તુતિ કે 'પ્રાર્થના' હોય છે. આ સૂક્તોમાં તો બે વ્યક્તિઓ વચ્ચેની વાતચીત-સંવાદ-ગુંથાયેલો હોય તેમ જોવા મળે છે. આથી વિદ્વાનોએ તેવાં સૂક્તોને 'સંવાદસૂક્ત' (dialogue-hymns) તરીકે ઓળખાવેલાં છે. ઋગ્વેદમાં મળતાં સંવાદસૂક્તો નીચે મુજબ છે.

	મંડળ	સૂક્ત	વ્યક્તિઓ
(૧)	૧	૧૬૫	ઈન્દ્ર અને મરુતો
(૨)	૧	૧૭૦	ઈન્દ્ર અને મરુતો
(૩)	૧	૧૭૯	અગસ્ત્ય અને લોપામુદ્રા, તથા તેમનો પુત્ર
(૪)	૩	૩૩	વિશ્વામિત્ર અને વિપાટ્-શુતુદ્રી નામની નદીઓ
(૫)	૪	૪૨	ઈન્દ્ર અને વરુણ
(૬)	૭	૩૩	વસિષ્ઠ અને તેના પુત્રો
(૭)	૮	૧૦૦	ઈન્દ્ર અને નેમા ભાર્ગવ
(૮)	૧૦	૧૦	યમ અને યમી
(૯)	૧૦	૨૮	ઈન્દ્ર, વસુક અને તેની પત્ની
(૧૦)	૧૦	૫૧	દેવતાઓ અને અગ્નિ
(૧૧)	૧૦	૮૬	ઈન્દ્ર, ઈન્દ્રાણી અને વૃષાકપિ
(૧૨)	૧૦	૯૫	પુરૂરવા અને ઉર્વશી
(૧૩)	૧૦	૧૦૮	સરમા અને પણિઓ

આ ઉપરાંત - એકોક્તિ (monologue) વાળાં સૂક્તો

(૧૪)	૧૦ -	૩૪	'અક્ષસૂક્ત'માં જુગારીની એકોક્તિ,
(૧૫)	૧૦ -	૧૧૯	'ઐન્દ્ર-લબ' સૂક્તમાં સોમથી મત્ત બનેલા પક્ષી રૂપ ઈન્દ્રની ઊક્તિ, તથા
(૧૬)	૧૦ -	૧૨૫	વાગામ્ભૃણીય સૂક્તમાં વાક્દેવીની ઉક્તિ.

આમ કેવળ દશમા મંડળનાં સંવાદસૂક્તોનો વિચાર કરીએ તો તેમાં છ સંવાદસૂક્તો અને ત્રણ એકોક્તિ સ્વરૂપનાં સૂક્તો છે.

૨.

આપણા પ્રાચીન ભાષ્યકારોએ તો આવાં સૂક્તોને 'સંવાદસૂક્ત' રૂપે ઓળખાવ્યાં છે જ. જેમકે, યમ-યમી સંવાદસૂક્ત (૧૦-૧૦)ની પ્રાસ્તાવિક નોંધમાં સાયણાચાર્ય કહે છે : **अत्रास्मिन् सूक्ते वैवस्वतयोर्यमयम्योः संवादः उच्यते । अस्यामृचि यमं प्रति यमी प्रोवाच** । એ જ રીતે, સરમા-પણિ (૧૦-૧૦૮) સંવાદસૂક્તના આરંભે સાયણે લખ્યું છે કે - **बृहस्पतिप्रेरितेन इन्द्रेण गवाम् अन्वेषणाय सरमा नाम देवशुनी प्रेषिता । ... अथ तस्मिन्नन्तरे पणय इदं वृत्तान्तमक्गच्छन्त एनां मित्रीकर्तुं संवादम् अकुर्वन्** । વગેરે. પરંતુ આવાં સંવાદસૂક્તો યજ્ઞાદિ ક્રિયાકાંડમાં ક્યારે, કેવી રીતે રજૂ થતાં હશે એ વિષે મેક્સમ્યૂલરે, ઇન્દ્ર અને મરુતોના (૧-૧૬૫) સંવાદસૂક્તને ધ્યાનમાં રાખીને, એવો મત ઉચ્ચાર્યો છે કે યજ્ઞ ક્રિયા દરમ્યાન ઋત્વિજો બે ભાગમાં વહેંચાઈ જઈને, એક પક્ષના ઋત્વિજો (બ્રાહ્મણો) ઇન્દ્રની ઉક્તિઓ બોલતા હશે, તથા બીજા પક્ષના ઋત્વિજો મરુતોની ઉક્તિઓ બોલતા હશે.[1] આમ યજ્ઞ દરમ્યાન આવાં સંવાદસૂક્તો નાટ્યાત્મક ઢબે રજૂ થતાં હશે એવી ધારણા કરવામાં આવી છે.

૩.

ભારતીય પરંપરા મુજબ તો સંસ્કૃત રૂપકો (= નાટકો)ની ઉત્પત્તિમાં આ સંવાદસૂક્તોએ ઘણો મહત્ત્વનો ભાગ ભજવ્યો હશે. ભરત મુનિએ 'નાટ્યશાસ્ત્ર' (૧-૧૭)માં પ્રકટપણે જણાવ્યું છે કે -

जग्राह पाठ्यमृग्वेदात् सामभ्यो गीतमेव च ।
यजुर्वेदादभिनयान् रसान् आथर्वणादपि ॥

''પિતામહ બ્રહ્માએ 'નાટ્ય'ની ઉત્પત્તિ કરવા માટે ઋગ્વેદ (=ના સંવાદસૂક્તો)માંથી પાઠ્યાંશ (= વાચિક અભિનય)નું ગ્રહણ કર્યું, સામવેદમાંથી ગીત (અને નૃત્ય) ગ્રહણ કર્યું તથા યજુર્વેદમાંથી (આંગિક) અભિનય લીધો અને અથર્વવેદમાંથ (શૃંગાર, હાસ્ય વગેરે) રસોનું ગ્રહણ કર્યું.'' આમ સંસ્કૃતનાટ્યની ઉત્પત્તિનું બીજારોપણ વેદસાહિત્યમાં અને તેમાંય વિશેષ કરીને તેના 'સંવાદસૂક્તો'માં થયેલું જોવા મળે છે. યુરોપીય વિદ્વાનોમાંથી પ્રોફે. સિલ્વાં લેવી, ડૉ. હર્ટેલ અને પ્રોફે. શ્રોડર વગેરેએ આ મતનું સમર્થન કરેલું છે.

૪.

પ્રોફે. સિલ્વાં લેવી કે ડૉ. હર્ટેલ વગેરેથી જુદા પડીને, ડૉ. વિન્ટરનિત્ઝ આ સંવાદસૂક્તો (dialogue hymns) ને 'કથાકાવ્ય' (Ballads) કહેવાનું પસંદ

---

[1] ....dialogue was repeated at sacrifices in honour of the Marutas or that possibly it was acted by two parties, one representing Indra, the other the Marutas, and their followers. - Max Muller.

કરે છે. જેમાં વીરચરિત ગાતાં મહાકાવ્યો (epic) અને નાટકના અંશોનું મિશ્રણ હશે. એમના શબ્દોમાં જોઈએ તો - most of these hymns are simply ballads of the half-epic, half dramatic type, though not real dramas. (A History of Indian Literature - by M. Winternitz; Calcutta, 1927, Vol.I, p. 101-103)

૫.

ઓલ્ડનબર્ગ નામના વિદ્વાન્ પણ આ 'સંવાદસૂક્તો' વિષે જુદા પ્રકારનો અભિપ્રાય ધરાવે છે. તેમના મતે અતિ પ્રાચીન સમયના વીરચરિત મહાકાવ્યો (epic) ના કથાનકોમાં વ્યક્તિઓની ઉક્તિઓ-સંવાદો- પદ્યમાં રચાઈ હશે અને તે મૌખિક પરંપરા દ્વારા આપણા સુધી ઉતરી આવેલ છે. આવાં વીરચરિત (epic) વ્યોના કથાનકોનો ગદ્યભાગ આખ્યાનકારો પોતપોતાની રીતે રજૂ કરતા હશે, જે દ્ય-ભાગ આજે વિસ્મૃત થઈ ગયો છે. આમ ઓલ્ડનબર્ગના મતે આ સૂક્તોને સંવાદસૂક્ત' કહેવાને બદલે 'આખ્યાનસૂક્ત' કહેવાં વધુ યોગ્ય છે.

વિચાર કરતાં એવું જણાય છે કે - ડૉ. ઓલ્ડનબર્ગનો મત રૂપિયાના સિક્કાની બીજી બાજુનું જાણે નિરૂપણ કરે છે. પ્રથમ દૃષ્ટિએ વિચારીએ તો (કેવળ મન્ત્રોનો અર્થ તપાસીએ તો) તે એકાધિક વ્યક્તિઓ વચ્ચેની વાતચીત ઉત્તર-પ્રત્યુત્તરની ઢબે સંવાદ–હોય એવી પ્રતીતિ જન્માવે છે. આથી આ સૂક્તોને 'સંવાદસૂક્ત' કહેવા પણ યથાર્થ છે. તથા બીજી તરફથી તપાસીએ તો, આવો બે કે અધિક વ્યક્તિઓ વચ્ચેનો સંવાદ થવા પાછળ નિમિત્ત કોઈક ઘટના કે પ્રસંગ હોવો પણ અત્યંત આવશ્યક છે. યાસ્કે પોતાના 'નિરુક્ત' નામના વેદાંગમાં વેદમન્ત્રોનું અર્થઘટન કરનારા અનેક પ્રકારના આચાર્યોમાં એક 'ઐતિહાસિકો'નો પણ સ્પષ્ટ ઉલ્લેખ કર્યો જ છે. આવા ઐતિહાસિકોએ જે તે 'સંવાદસૂક્ત'ની પૂર્વભૂમિકા સ્પષ્ટ કરતાં જે વિચારો રજૂ કર્યા કશે અને પરંપરામાં તે સચવાયા હતા; તેનો યાસ્કે અનેક સ્થાનોએ હવાલો આપ્યો છે. તથા યાસ્કના આ લખાણોનો સ્વીકાર કરીને ઉદ્ગીથ, વેંકટમાધવ અને સાયણ જેવાં ભાષ્યકારો પણ જે તે સંવાદસૂક્તની પાછળ રહેલી કોઈકને કોઈક ઐતિહાસિક ઘટના, પરિસ્થિતિને દર્શાવે છે. આમ સંવાદસૂક્તો એ મૂલતઃ 'આખ્યાન' (= કોઈક ઐતિહાસિક કથા)ના (અવશિષ્ટ પદ્ય) અંશો છે એવું ડૉ. ઓલ્ડનબર્ગનું મંતવ્ય પણ ગ્રાહ્ય છે. (કેમકે, અગાઉ કહ્યું તેમ - આપણા નિરુક્તકાર અને ભાષ્યકારો પણ સંવાદસૂક્તની પાર્શ્વભૂમિકામાં રહેલા કોઈક ઘટનાપ્રસંગને નોંધતા જ હોય છે.)

૬.

ઉપર્યુક્ત ચર્ચાના અનુસંધાનમાં, ઋગ્વેદ-૧૦ મંડળના આપણે જે ત્રણ સંવાદસૂક્તોનો અભ્યાસ કરવાનો છે તે (૧) યમ-યમી (૧૦-૧૦), (૨) પુરૂરવા-ઉર્વશી (૧૦-૯૫) અને (૩) સરમા-પણિ (૧૦-૧૦૮) સૂક્ત છે. (क) અહીં મન્ત્રાર્થને,

વાક્યરચનાની લઢણોને, એમાંના કાકુ અને તેમાં વપરાયેલા ઉપમા અલંકારો વગેરેને તપાસતાં તેમાંના સંવાદો કેટલા **નાટ્યાત્મક** છે એ એક તરફથી વિચારવું જોઈએ. **(ख)** તથા બીજી તરફથી, આ મન્ત્રો અતિ પ્રાચીન સમયમાં બનેલી કઈ ઘટનાને નિરૂપે છે એ શોધીને, આવા સંવાદો પાછળનો **ઈતિહાસ** વાંચવાનો પ્રયત્ન કરવો જોઈએ. વળી **(ग)** સાથે સાથે આ સંવાદોમાં અભિવ્યક્ત થયેલા વિચારો દ્વારા **વેદકાલિક ધર્મ, સમાજ** કે રૂપકાત્મક રીતે રજૂ થયેલું કોઈ તત્ત્વદર્શન (ફિલસૂફી) વાંચી શકાતું હોય તો તેને પણ વિચારવું જોઈએ. કારણ કે એટલું તો સ્પષ્ટ છે કે આ સંવાદસૂક્તો 'ધર્મનિરપેક્ષ' (secular subject matter વાળા) છે. આમ આ સૂક્તોના મન્ત્રોને તો યજ્ઞક્રિયામાં ભાગ્યે જ સીધા ઉપયોગમાં લઈ શકાય એવા છે; અને આથી તેમનું યાજ્ઞિક અર્થઘટન પણ પ્રાયઃ અસંભવિત છે.

(૧) **યમ-યમી સંવાદસૂક્તમાં,** ભાષ્યકાર સાયણ જણાવે છે તેમ વિવસ્વત્ (સૂર્ય)ના જોડકાં સંતાન એવા (વૈવસ્વાન) યમ અને યમી વચ્ચેનો સંવાદ છે. સૃષ્ટિના આરંભે જન્મેલું આ જોડકું સહોદર હોવાથી ભાઈ અને બહેનના સંબંધે જોડાયેલું હતું. પણ યમી પોતાના ભાઈ યમની સાથે પતિ-પત્નીના સંબંધે જોડવાની -મૈથુનની ઇચ્છાથી જે સંવાદ કરે છે; અને યમ તેનો દઢતાપૂર્વક અસ્વીકાર કરે છે તેનું અહીં નિરૂપણ છે. યમીના કહેવા મુજબ તેઓ એકાંતમાં છે, એમને જોનાર કોઈ નથી. આથી તે ભાઈ યમને 'સખા' તરીકે (એટલે કે -સ્ત્રી પુરુષ સંપર્ક જનિત મિત્રતાને માટે) ઇચ્છે છે. પણ યમનો પ્રત્યુત્તર છે કે તે યમીને સખી તરીકે ઇચ્છતો નથી. તે બન્ને સલક્ષ્મા = સહોદર હોવાથી, વિષમ રૂપવાળા છે; અર્થાત્ પતિ-પત્ની બનવાને અયોગ્ય છે. વળી દ્યુલોકમાંથી અસુરના (= પ્રજાપતિના) વીરપુત્રો - અન્ય દેવો - તેમને બન્નેને જોઈ રહ્યા છે. પણ યમી કહે છે કે દેવો પણ ત્યજવા યોગ્ય પુત્રી વગેરેની કામના કરે છે, માટે યમે મારામાં મન આરોપવું જોઈએ. વળી, યમીની દલીલ મુજબ - તેમને ગર્ભમાં સહોદર બનાવીને સ્વયં વિધાતાએ તેમને 'દંપતી' બનવાની મંજૂરી આપેલી છે ! તથાં આ સૃષ્ટિનો પહેલો દિવસ છે. યમ, યમી સિવાય બીજી કોઈ પ્રાણીસૃષ્ટિ હજી જન્મી જ નથી તો તેમની આ મૈથુનક્રીડાને કોણ જોવા - જાણવાનું હતું ? યમી ફરી ફરીને ઇચ્છે છે કે યમ તેની માંગણીનો સ્વીકાર કરે અને રથના બે ચક્રની જેમ તેઓ સંસાર શરૂ કરે. પણ યમ ધર્મભીરુ છે; દેવભીરુ છે. તે સ્પષ્ટ શબ્દોમાં કહી દે છે કે દેવોના જાસૂસો તો ચારે તરફ ફરતા જ હોય છે. તેઓ ક્યારેય આંખનો પલકારો પણ મારતા નથી માટે યમી મને - યમને - છોડીને બીજા કોઈ પુરુષની પાસે જઈને તેને પતિ બનાવે. યમ એવી ભવિષ્યવાણી ઉચ્ચારે છે કે હવે પછી એવા યુગો આવશે કે જેમાં બહેનો પત્ની તરીકે વ્યવહાર કરશે, અધર્માચરણ કરશે. પરંતુ તે પોતે આ કર્મ કરવા માંગતો નથી. તે દઢતા અને સ્પષ્ટતાપૂર્વક કહી દે છે કે - **उप बर्बृहि वृषभाय बाहुमन्यमिच्छस्व सुभगे पतिं मत्** । હે સૌભાગ્યવાળી (= યમી) તું અન્ય પુરુષનો બાહુ ઇચ્છ; મારા સિવાય

બીજા કોઈ પુરુષને પતિ બનાવ.'' યમનો તિરસ્કાર પામેલી યમી એક સ્ત્રી તરીકે ઈર્ષ્યાથી ભભૂકી ઊઠે છે, અને યમને મહેણું મારવા ઉદ્યત થાય છે. તે કહે છે કે જેમ વૃક્ષને વેલ વીંટળાઈ વળે એમ બીજી કોઈ સ્ત્રી તને - યમને - વીંટળાઈ વળશે. યમ તો સાવ નિર્બળ પુરુષ છે. વગેરે. આમ આ સૂક્તમાં યમી પ્રેમભૂખી-કામભૂખી થઈને બહુ વેધક વચનો બોલતી જોવા મળે છે. જ્યારે યમ ધર્મબુદ્ધિથી પ્રેરાયેલો, શાંત અને સ્વસ્થચિત્તે તેની બહેનની અઘટિત માંગણીનો અસ્વીકાર કરે છે.

આ સૂક્તમાંથી વેદકાલિક સમાજમાં ડોકિયું કરવા મળે છે. આમ તો આ સૃષ્ટિના આરંભકાળની ઘટનાનું ચિત્ર ઝીલે છે. કેમ કે સૃષ્ટિના આરંભે જે સ્ત્રી - પુરુષનું જોડું પ્રભુએ ઉત્પન્ન કર્યું હોય તે સમાન પિતાના સંતાન તરીકે ભાઈ-બહેન જ કહેવાય. પણ જો તે પતિ-પંત્ની તરીકે જો સંલગ્ન ન થાય તો સૃષ્ટિ આગળ જ કેવી રીતે વધે ? તે જટિલ પ્રશ્ન પણ ઊભો થાય છે પણ આવા ધર્માચરણની વિરુદ્ધ જનારા સંવાદોનું અન્ય કોઈ અર્થઘટન પણ વિચારવું જોઈએ. એ દૃષ્ટિએ આચાર્ય વિશ્વેશ્વરે એમ કહ્યું છે કે આમાં યમી તે (સાંખ્યદર્શનની) પ્રકૃતિ છે, તથા યમ તે 'પુરુષ' (=જીવાત્માનું પ્રતીક) છે. પ્રકૃતિ હંમેશા ભોગેચ્છા માટે પુરુષને પોતાની તરફ આકર્ષે છે; પણ પુરુષ તેનાથી દૂર રહેવા કોશિશ કરતો રહે છે. આવું તત્ત્વદર્શન પણ વાંચવું અહીં શક્ય છે.

(૨) **પુરૂરવા-ઉર્વશી સંવાદસૂક્ત**માં પણ પ્રેમયાચના એ જ વિષય છે. પણ યમ-યમી સંવાદ સૂક્તમાં જેમ પ્રેમની યાચના સ્ત્રી (યમી)એ કરી અને પુરુષે તેને ઠુકરાવી દીધી; તેનાથી વિપરીત એવી પરિસ્થિતિ અહીં જોવા મળે છે. જેમકે, અહીં પુરુષે (પુરૂરવાએ) પ્રેમની યાચના કરી છે અને સ્ત્રીએ (ઉર્વશી નામની અપ્સરાએ) તેને ઠુકરાવી દીધી છે. અહીં ઉર્વશી એ દૈવી અપ્સરા છે અને પુરૂરવા એ પૃથ્વીલોકનો રાંજા છે. ઐતિહાસિકોએ આ બેના સંવાદ પાછળનો જે ઇતિહાસ બતાવ્યો છે તે એવો છે કે મિત્રાવરુણના શાપવશાત્ પૃથિવીલોકમાં આવેલી ઉર્વશીને જોઈને પુરૂરવા તેના તરફ પ્રેમાકર્ષણ અનુભવે છે. ઉર્વશી 'તને પથારી સિવાય અન્યત્ર જો નગ્ન જોઈશ તો પાછી સ્વર્ગલોકમાં જતી રહીશ' એવી શરત કરીને પરણે છે. એકવાર અકસ્માત્ આ શરતનો ભંગ થતાં ઉર્વશી સ્વર્ગમાં પાછી ચાલી જાય છે. પુરૂરવા તેને શોધતો ફરે છે. કેટલાંક વર્ષો પછી તે મળી જતાં એની સાથે જે સંવાદ કરે છે તે આ સૂક્તમાં રજૂ થયો છે.

અહીં પુરૂરવા ઉર્વશીને ઘડીક ઊભી રહેવા વિનવે છે, વાત સાંભળવા પ્રાર્થે છે. પણ ઉર્વશી પોતાને ઉષાઓની જેમ દૂર ચાલી ગયેલી અને પવનની જેમ દુષ્પ્રાપ્ય વર્ણવે છે. પુરૂરવા પ્રેમવંચિત થવાને કારણે રાજકાર્ય પણ બરોબર કરી શકતો નથી. બાણ ધનુષ્યમાંથી છોડી શકતો નથી. વગેરે સ્થિતિ કહી સંભળાવે છે. છેવટે પોતે ઉર્વશીના વિરહમાં ક્યાંકથી પડતું મુકશે - આત્મઘાત કરશે અને એના (પુરૂરવાના) શરીરને વરુઓ ખાઈ જશે, એવી ધમકી પણ આપે છે. પરંતુ ઉર્વશી તો ચોખ્ખું

જણાવે છે કે, તું આત્મઘાત ન કરીશ, ઘરે પાછો જા, તારું સંતાન જે મારા ઉદરમાં ઉછરી રહ્યું છે તે તને મોકલાવીશ. સ્ત્રીઓની સાથે સખ્ય ન હોય. કારણ કે સ્ત્રીઓ તો વરુઓના જેવા હૃદયવાળી હોય છે. વગેરે. આમ આ વિરહી પ્રેમી પુરૂરવા અને ઉદાસીન એવી ઉર્વશી વચ્ચેનો સંવાદ નાટ્યાત્મક હોવાની સાથે **दुरापना वात इव अहमस्मि** । વગેરે આલંકારિક વાક્યોથી પણ સુશોભિત છે. તો ક્યાંક અશ્લિલ જાતીય સુખોપભોગની વાતો પણ અહીં ઉલ્લેખાઈ છે. સંભવતઃ આવા મન્ત્રોને જોઈને જ વેંકટમાધવ જેવા ભાષ્યકારે કહ્યું છે કે,

बहूनामिह मन्त्राणामर्थं नोपलभामहे ।
ततो नार्थेऽस्ति तात्पर्यम् इति कौत्सस्त्वभाषत ॥

''અહીં અમને ઘણા મન્ત્રોના અર્થ (પરંપરાથી) પ્રાપ્ત થતા નથી. આથી જ કૌત્સ જેવા આચાર્યો એમ માનવા પ્રેરાયા છે કે (વેદમંત્રોનું) અર્થ કરવામાં કશું તાત્પર્ય નથી. (= અર્થઘટન માટે મન્ત્રો નથી લખાયા).'' અથવા તો શ્રી ર. છો. પરીખ જેવા વિદ્વાનોએ મન્ત્રોનો શબ્દાર્થ કરવા જતાં સુરુચિનો ભંગ થાય છે એમ જોઈને, કેટલાક મન્ત્રો કે મન્ત્રપાદોનો અનુવાદ કરવાનું ટાળ્યું છે. તો ત્રીજી તરફ કેટલાક વિદ્વાનોએ આ સૂક્તની પાછળ કોઈ રૂપકાત્મક વાત રજૂ થતી હોય તો તેને શોધવા-વિચારવા પ્રયત્ન કર્યો છે. જેમકે, મેક્સમ્યૂલરના મતે આ પુરૂરવા-ઉર્વશી સંવાદ સૂક્તમાં જે રોજ સવાર સાંજે કુદરતી ઘટના બને છે. ઉષાનું આગમન થયા પછી સૂર્યનું આગમન થાય અને ત્યાં જ ઉષા ચાલી જાય. આમ ઉર્વશી તે ઉષાનું પ્રતીક છે અને પુરૂરવા તે સૂર્યનું પ્રતીક છે. આ બેયનો સંયોગ ક્યારેય શક્ય નથી. એ મુદ્દાને ધ્યાનમાં લઈને આ સૂક્તનો સંવાદ રજૂ થયો છે. આમ વિદ્વાનોએ આવા સંવાદસૂક્તોનું યાજ્ઞિક અર્થઘટન શક્ય નથી એમ જોયા પછી અથવા તો અહીં ધર્મનિરપેક્ષ વિષયવસ્તુનું વર્ણન છે, એમ જોઈને તેમાં કોઈ રૂપકાત્મક નિરૂપણ કે તત્ત્વજ્ઞાન શોધવા પ્રયાસ કર્યા છે.

(૩) **સરમા-પણિ સંવાદસૂક્ત**માં દેવશુની (ઇન્દ્રની કૂતરી) સરમા અને વલ નામના રાક્ષસના ભટ (= સૈનિકો) એવા પણિઓની વચ્ચેની વાતચીત સંવાદ રૂપે થઈ છે. ઐતિહાસિકોના મતે અહીં બૃહસ્પતિની ગાયો પણિઓ ચોરી ગયા અને ક્યાંક ગુફામાં સંતાડી દીધી. આથી બૃહસ્પતિએ ઈન્દ્રને ફરિયાદ કરી, અને ઈન્દ્રે પોતાની કુતરી સરમાને તે ગાયો શોધી લાવવા મોકલી. આ સરમા ફરતી ફરતી વલપુરમાં પહોંચે છે અને ગાયોને જોઈ લે છે. આથી પણિઓએ પહેલાં ભેદનીતિ આચરીને સરમાને પોતાની મિત્ર બનાવી લેવા પ્રયાસ કર્યો. તેમણે સહાનુભૂતિ દાખવતાં જાણે કહ્યું કે તેને (સરમાને) અહીં પહોંચતાં ઘણી રાત્રિઓ ભટકવું પડ્યું હશે, પૃથિવીલોકની મોટી રસા નદીને ઓળંગવી પડી હશે. ચાલ તને મિત્ર બનાવી લઈએ. વગેરે. પણ સરમા પોતાના દૂતકર્મને વિશે અડગ હતી. તેથી પણિઓ જાણે પડકાર ફેંકતા હોય તેમ પ્રશ્ન કરે છે કે તારો ઈન્દ્ર કેવો છે. એનાં શાં પરાક્રમ છે.

આથી સરમા પ્રત્યુત્તર આપે છે કે ઈન્દ્ર તો ન હણી શકાય એવો છે અને શત્રુઓને હણી કાઢનારો દેવ છે. પણ પણિઓ પણ પાછા પડે એવા નથી. તેઓ વળતો જવાબ આપે છે કે એમ તો કોઈ યુદ્ધ કર્યા વિના ગાયો કોણ પાછું આપતું હશે ? અમારું નગર પર્વતથી વીંટળાયેલું, રક્ષાયેલું છે. તથા અમારાં આયુધો પણ તીક્ષ્ણ છે પણ નિર્ભીક સરમા જડબાતોડ જવાબ આપતાં કહે છે કે - સાવધાન ! અમારો ઈન્દ્ર આવશે અને તમે યુદ્ધભૂમિમાં આડા પડી ગયેલા જાણજો. તમે હવે જીવતા નહીં રહો. આમ ક્ષણાર્ધ માટે જાણે વીરરસથી વાતાવરણ ઉદ્‌ભાવિત થઈ જાય છે. આ સંવાદ ખરેખર ખૂબ નાટ્યાત્મક છે.

૭.

પ્રોફે. જી. કે. ભટ સાહેબે આ સંવાદસૂક્તો વિશે પુનઃવિચારણા હાથ ધરીને જણાવ્યું છે કે આ કહેવાતા સંવાદસૂક્તોમાં કોઈ નાટ્યાત્મકતા નથી, કે તે આખ્યાનસૂક્તો પણ નથી, અને કથાકાવ્ય (Ballads) સ્વરૂપનાં પણ નથી. પરંતુ યાસ્કે (નિરુક્ત-૭માં) જે ત્રિવિધ ઋચાઓની સમજૂતી આપી છે તે મુજબ જે સૂક્ત કે મન્ત્રમાં કોઈ દેવતાની ત્રીજા પુરુષ (Third person)ના ક્રિયાપદ દ્વારા વાક્યરચના કરીને સ્તુતિ કરી હોય (જેમકે, 'તે ઈન્દ્ર મહાન્ છે') તો ઋચા 'પરોક્ષકૃત મન્ત્ર' ગણાય છે. જ્યાં કોઈ દેવતાની, બીજા પુરુષ (Second person)ના ક્રિયાપદ દ્વારા વાક્યરચના કરીને સ્તુતિ કરી હોય ત્યારે તેને (દા. ત. 'હે ઈન્દ્ર ! તું મહાન છું') 'પ્રત્યક્ષકૃત મન્ત્ર' કહે છે. તથા જ્યારે કોઈ દેવ પોતે જ પોતાનાં પ્રરાક્રમો વર્ણવે અને તેવા મન્ત્રામાં પ્રથમ પુરુષ (First person)ના ક્રિયાપદવાળી વાક્યરચના હોય (જેમકે, 'હું' ઈન્દ્ર મહાન્ છું') ત્યારે તેને 'આધ્યાત્મિક ઋચા' ગણવામાં આવે છે. આ દષ્ટિને આગળ કરીને શ્રી જી. કે. ભટ કહે છે કે ઋષિઓએ ક્યારેક ધર્મનિરપેક્ષ વિષયવસ્તુનું વર્ણન કરવા માટે અભિવ્યક્તિનો પ્રકાર બદલીને, 'આધ્યાત્મિક ઋચા' પ્રકારની રચના કરી છે. આ અભિવ્યક્તિના વૈવિધ્યને જે લોકો સમજી શક્યા નહીં, તેમણે આને 'સંવાદ' રૂપે જોયા, અને પછી તેની પાછળ કોઈ ઇતિહાસ કે પ્રસંગની પણ કલ્પના કરી લીધી છે. આથી શ્રી જી. કે. ભટના મતે આ સંવાદસૂક્તોને 'આધ્યાત્મિક ઋચાઓ' ગણવી તે વધુ ઉચિત છે.*

---

* I think therefore that the so-called Samvāda Sūktas are neither ballads nor dramas, but an exhibition of a particular literary form adapted to the theme in hand. And I am inclined to characterise these hymns only by the term 'Ādhyātmikyaḥ', which Yāska has used, only so extending the connotation of the term as to include in it every variety of speech form. (See.- જુઓ : Vedic Themes, by G. K. Bhat, pub. Ajanta Publications, Delhi, 1978, pp. 47-54).

22. ઋગ્વેદમાં પદપાઠના નિયમો

૧. વર્ણધ્વનિ અને 'અક્ષર'

ભાષાના નાનામાં નાના એકમને વર્ણ (Phoneme) કે વર્ણધ્વનિ કહેવામાં આવે છે. આ વર્ણધ્વનિ મુખ્યત્વે બે પ્રકારના જોવા મળે છે :

વર્ણધ્વનિ

(अ કારાદિ) સ્વરવર્ણો (= સ્વરધ્વનિઓ), પાણિનિએ જેમને **अच्** કહ્યા છે.	(क કારાદિ) વ્યંજનવર્ણો (= વ્યંજન ધ્વનિઓ), પાણિનિએ જેમને **हल्** કહ્યા છે.

આ બે પ્રકારના વર્ણોમાંથી જે **अ** કારાદિ (**अच्**) સ્વરવર્ણો છે, તે **અક્ષર** (syllable)નું સંઘટન કરવાનું કાર્ય કરે છે, **अ**, **आ**, **इ**, **ई**, **उ**, **ऊ** ઇત્યાદિ સ્વરવર્ણોની મદદથી અનેક પ્રકારના **અક્ષરો** ની રચના થાય છે. જેમકે,

૧. એકલા સ્વરનો બનેલો અક્ષર (દા. ત. उ)

૨. એક સ્વર અને એક વ્યંજનનો બનેલો અક્ષર (દા. ત. **आम्**)

૩. એક વ્યંજન અને બીજા સ્વરનો બનેલો અક્ષર દા. ત. **सा** (**स्+आ**)

૪. એક વ્યંજન, પછી એક સ્વર અને પછી એક વ્યંજનનો બનેલો અક્ષર (દા. ત. **पात् = प्+आ+त्**)

૫. બે વ્યંજન, એક સ્વર અને બે વ્યંજનનો બનેલો અક્ષર (દા. ત. **स्पन्द्**).

(નોંધ : એકલા વ્યંજનથી કોઈ 'અક્ષર' બનતો નથી.) આમ, સંખ્યાની દૃષ્ટિએ કોઈ એક જ સ્વરવર્ણની મદદથી બનતા 'અક્ષર'ને 'એકાક્ષર' (monosyllable) કહેવામાં આવે છે. બે કે ત્રણ સ્વરવર્ણની મદદથી બનતા અક્ષરને અનુક્રમે 'દ્વયક્ષર' કે 'ત્ર્યક્ષર' (disyllable કે trisyllable) કહેવામાં આવે છે. ઉદાહરણ તરીકે જોઈએ તો **उ**, **च**, **वै**, **हि** એ એકાક્ષર પદ છે; **रामः**, **नदी**, **माला** તે દ્વયક્ષર પદો છે; **कमलम्**, **शङ्करः**, **पार्वती** એ ત્ર્યક્ષર પદો છે. **दशरथः**, **वैनतेयः** એ ચતુરક્ષર પદ છે; અને **राजपुरुषः** એ પંચાક્ષર પદ છે. આ રીતે સંસ્કૃતમાં છ-સાત વગેરે અક્ષરોવાળાં પદો પણ જોવા મળે છે.

૨. અક્ષરાશ્રિત ઉદાત્તાદિ સ્વરધર્મો

હવે, આવા અક્ષરો (Syllable)ના આશ્રયે 'ઉદાત્ત', 'અનુદાત્ત' અને 'સ્વરિત' નામના ત્રણ ઉચ્ચારણધર્મો (ધ્વનિગુણો) રહેલા હોય છે. જેમકે,

उदात्तश्चानुदात्तश्च स्वरितश्च त्रयः स्वराः ।
आयमविश्रम्भाक्षेपैस्त उच्यन्ते ॥ अक्षराश्रयाः .... ॥ (**ऋ० प्रा० ३-१, २**).

(ઋગ્વેદમાં મુખ્યત્વે) ત્રણ સ્વરો જોવા મળે છે : ૧. ઉદાત્ત, ૨. અનુદાત્ત અને ૩. સ્વરિત. આ ત્રણેય સ્વરો અનુક્રમે આયામ (અર્થાત્ વાયુને કારણે શરીરના અવયવોનું જેમાં ઊર્ધ્વગમન થાય છે), વિશ્રમ્ભ (અર્થાત્ વાયુના કારણે ગાત્રોનું જેમાં અધોગમન થાય છે), તથા આક્ષેપ (અર્થાત્ વાયુને કારણે જેમાં ગાત્રોનું તિર્યગ્ગમન થાય છે. તેવા પ્રયત્નો)થી ઉચ્ચારવામાં આવે છે.[1] વળી,, આ (ઉદાત્તાદિ) સ્વર (ધર્મો) 'અક્ષર'ને આશ્રયે રહેલા હોય છે.[2] એમ 'ઋગ્વેદપ્રાતિશાખ્ય'માં કહ્યું છે કે-

૩. ઉદાત્ત-સ્વર (ધર્મ)નો પરિચય

ઉદાત્ત : **(उद्+आ+√दा+क्त)** ''ઉપર ખેંચવામાં આવેલો'' આવો ઉદાત્તસ્વર જ ઉપર્યુક્ત ત્રણેય પ્રકારના સ્વરોમાંથી મુખ્ય સ્વર ગણાયો છે. વૈદિક સંસ્કૃત ભાષાના પદોમાં મહદંશે ઓછામાં ઓછો એક અક્ષર ઉદાત્તસ્વર યુક્ત હોવાનો જ. પાણિનિએ પણ વેદની ભાષનો અભ્યાસ કરીને એક તારણ રજૂ કર્યું છે કે **अनुदात्तम् पदम् एकवर्जम् । पा. सू.** ૬-૧-૧૫૨. 'વેદમંત્રોના (મહદંશે) દરેક પદમાં 'એક અક્ષરને છોડીને' બાકીના અક્ષરો અનુદાત્તસ્વરવાળા જોવા મળે છે.'' અહીં **एकवर्जम्** = 'એક અક્ષરને છોડીને' એવા શબ્દોથી, તેમણે 'ઉદાત્ત સ્વર'નો નિર્દેશ કર્યો છે. અર્થાત્ વેદની ભાષાનાં પદોમાં મહદંશે[3] ઓછામાં ઓછો એક અક્ષર ઉદાત્તસ્વર યુક્ત જોવા મળે છે.

---

[1] 'ઋગ્વેદપ્રાતિશાખ્ય'ના ટીકાકાર લખે છે કે आयामो नाम वायुनिमित्तमूर्ध्वगमनं गात्राणां, तेन य उच्यते स उदात्तः । विश्रम्भो नाम अधोगमनं गात्राणां वायुनिमित्तम् । आक्षेपो नाम तिर्यग्गमनं गात्राणां वायुनिमित्तम् ॥ (ऋ. प्राति. ३-१ इत्यत्र उव्वटः, पृ, २१३). પાણિનિએ उच्चैरुदात्तः । ૧-૨-૨૯ અને नीचैरनुदात्तः । ૧-૨-૩૦ સૂત્રોથી કહ્યું છે કે ताल्वादिषु सभागेषु स्थानेषूर्ध्वभागेषु निष्पन्नोऽजुदात्तसंज्ञकः । ताल्वादिषु सभागेषु स्थानेष्वधोभागेषु निष्पन्नोऽजनुदात्तसंज्ञकः । (इति सिद्धान्तकौमुदी) (૧) તાલુ વગેરે ઉચ્ચારણ સ્થાનોમાંના ઉપરના ભાગેથી નિષ્પન્ન થતો જે સ્વર તે 'ઉદાત્ત' છે, અને (૨) નીચેના ભાગેથી નિષ્પન્ન થતો સ્વર 'અનુદાત્ત' છે. પરંતુ ''તાલુ વગેરે ઉચ્ચારણ સ્થાનોમાં ક્યાં / ક્યો 'ઉપરનો' કે 'નીચેનો' ભાગ'' તે નક્કી કરવું વિવાદાસ્પદ છે.

[2] ઉદાત્તાદિને (પણ) 'સ્વર' કહેવાયા છે. પરંતુ આ ઉદાત્તાદિ ત્રણ સ્વરો ઉચ્ચારણધર્મો છે; અને 'અક્ષર' સંઘટનનું કાર્ય કરનારા अ, आ, इ, ई વગેરે સ્વર ધ્વનિઓની અંદર આ ઉદાત્તાદિ ત્રણ ઉચ્ચારણધર્મો રહે છે. આથી આ अ, आ, ई વગેરે સ્વરધ્વનિઓને ધર્મી (ગુણી) કહેવાય છે.

[3] 'મહદંશે' એમ એટલા માટે કહીએ છીએ કે—૧. વેદમન્ત્રોમાં મુખ્ય વાક્યના ક્રિયાપદ તરીકે જે પદ આવેલું હોય છે, તે પદમાં એકપણ ઉદાત્ત સ્વરવાળો અક્ષર હોતો નથી. દા. ત. अग्निमीळे पुरोहितम् । (अग्निम् । ईळे । पुरःऽहितम् ।) ऋ. सं. ૧-૧-૧ એ ઉદાહરણમાં ईळे મુખ્ય વાક્યનું ક્રિયાપદ હોવાથી તે પદમાં બન્ને અક્ષર અનુદાત્તસ્વરવાળા છે, તેમાં એકપણ અક્ષર ઉદાત્તસ્વરવાળો નથી. આ જ પ્રમાણે, च वै ह જેવા નિપાતો અને अस्मद्, युष्मद् નાં नः, वः જેવાં વૈકલ્પિક રૂપોમાં પણ ઉદાત્તસ્વર રહેતો નથી, તે પદો સર્વાનુદાત્ત જ હોય છે. વળી પાદાદિમાં ન આવ્યું હોય એવું સંબોધનવાચક પદ, દા. ત. (हे) इन्द्रમાં પણ એક પણ અક્ષર ઉદાત્તસ્વરવાળો હોતો નથી; અર્થાત્ તેમાં પણ સર્વાનુદાત્ત જોવા મળે છે, વળી, ૨. જે પદના એકાદ અક્ષરમાં મુખ્ય સ્વર તરીકે ઉદાત્તસ્વર નથી હોતો, ત્યાં ક્યારેક 'સ્વતન્ત્રસ્વરિત' પ્રકારનો પણ મુખ્ય સ્વર હોઈ શકે છે. આથી 'મહદંશે' એવા શબ્દથી પૂર્વોક્ત નિયમમાં સંકોચ રજૂ કર્યો છે. (આવા સ્વતન્ત્ર સ્વરિતની આગળ ઉપર આપણે વિસ્તારથી ચર્ચા કરવાના જ છીએ.)

ઋગ્વેદમાં આ મુખ્ય સ્વર(ઉદાત્ત)ને નોંધવા માટે કોઈ ચિહ્ન વપરાતું નથી. દા.ત., **य॒ज्ञेन** । અહીં **ज्ञे** અક્ષરમાંનો **ए** સ્વરવર્ણ ઉદાત્તસ્વર (= એક પ્રકારના ઉચ્ચારણ ધર્મ)થી વિશિષ્ટ/યુક્ત છે; અને તેને નોંધવા માટે (= તે ઉદાત્તસ્વરનું અંકન કરવા માટે) ઋગ્વેદમાં કોઈ ચિહ્નનો ઉપયોગ થયો નથી. (આપણી સગવડ ખાતર આપણે તેની = ઉદાત્ત સ્વરવાળા અક્ષરની નીચે (०) બિન્દુ મૂકીશું.[૪] જેમકે, **य॒ज्ञे̣न** ।

***

આ ઉદાત્ત સ્વર વિષે ડૉ. વ્રજબિહારી ચૌબેજીએ લખ્યું છે કે-ઉદાત્ત ઉચ્ચ સ્વર છે, કે મધ્યમ સ્વર છે ? એ વિષે ઘણા મતભેદ છે. એ સ્વરના નામ ઉપરથી જણાય છે કે 'ઉદાત્ત' (**उत् आत्त**) એટલે સર્વોચ્ચ સ્વર. પરંતુ 'ઋગ્વેદ પ્રાતિશાખ્ય' અનુસાર ઉદાત્ત તે મધ્યમ સ્વર છે. કેમ કે સ્વરિતનો જે પૂર્વ ઉદાત્તાંશ ભાગ હોય છે, તે ઉચ્ચારણમાં ઉદાત્તતર થાય છે. (**तस्योदात्ततरोदात्तादर्धमात्रार्धमेव वा** । **ऋ. प्रा.** ३-४) વાસ્તવમાં ઉદાત્ત તે ચઢતો (Rising) સ્વર છે. આજે તો જોકે તેના ઉચ્ચારણમાં ઘણી ભિન્નતા આવી ગઈ છે. સંભવતઃ પહેલાંના સમયમાં તેનું ઉચ્ચારણ સર્વોચ્ચધ્વનિ રૂપે થતું હશે; પણ આજે તેને મધ્યમ (Standard) સ્વર માનવામાં આવે છે; અને ત્રણેય સ્વરોમાં તે પ્રમુખ ગણાય છે. પદોના અર્થનિર્ધારણમાં પણ આ સ્વર જ સહાયક બને છે, પદોમાં ઉદાત્તનું સ્થાન પરિવર્તન થતાં, તે પદના અર્થમાં પણ પરિતર્વન થાય છે.... ત્રણેય સ્વરોમાં તે પ્રમુખસ્થાને હોવાથી, તેને 'નિત્યસ્વર', અથવા તે સમાસમાં 'પ્રકૃતિ સ્વર'ના નામે ઉલ્લેખાય છે.'' (જુઓ : **वैदिकस्वरबोध, पृ. ३**, લેખક : ડૉ. વ્રજબિહારી ચૌબે, પ્રકાશક : વૈદિક સાહિત્ય સદન, હોશિયારપુર, ૧૯૭૨.)

૪. અનુદાત્ત સ્વર (ધર્મ)નો પરિચય

અનુદાત્ત : ''ઉપર નહીં ખેંચાયેલો,'' ઉદાત્તસ્વરવાળા અક્ષરની આગળના (= પુરોગામી) અક્ષરને 'અનુદાત્ત' ગણવામાં આવે છે; અને તે સ્વર (ઉચ્ચારણ ધર્મ)ની નોંધ લેવા માટે ઋગ્વેદમાં, તે અક્ષરની નીચે (–) આડી લીટી કરવામાં આવે છે. જેમકે, **य॒ज्ञे̣न** । અહીં **य** (**य्+अ**) અક્ષર (માંનો **अ** સ્વરધ્વનિ) અનુદાત્તસ્વર (= ઉચ્ચારણ ધર્મ) વિશિષ્ટ છે; એની નોંધ લેવા માટે તે **य॒** અક્ષરની નીચે (–) આડી લીટી કરવામાં આવી છે.

૫. સ્વરિત સ્વર (ધર્મ)નો પરિચય

(૫) **સ્વરિત :** પાણિનિના **अनुदात्तं पदम् एकवर्जम्** । **पा. सू.** ६-१-

---

[૪] યુરોપીય ભાષાઓમાં આ ઉદાત્ત સ્વરભાર/બલાઘાત (Accent/Stress) નોંધવા માટે, જે અક્ષર (Syllable) ઉદાત્ત સ્વરયુક્ત હોય તેની ઉપર ' આવી નિશાનીનો ઉપયોગ થાય છે : **यज्ञेन** । = yajne'na. આ ઉદાત્તસ્વરને સૂરાત્મક હોવાનું કલ્પીને કેટલાકે તેને rising tone-આરોહાત્મક સૂર કહેલ છે, પરંતુ આ વિષે કશું પણ નિશ્ચિતપણે કહી શકાય એમ નથી.

૧૫૨ એવા પૂર્વોક્ત સૂત્ર અનુસાર, વૈદિક સંસ્કૃત ભાષાનાં પદોમાં એક અક્ષરને છોડીને બાકીના બીજાં બધા અક્ષરો (સ્વરધ્વનિઓ) અનુદાત્ત હોય છે. અર્થાત્ મહદંશે દરેક પદમાં એક અક્ષર ઉદાત્તસ્વરયુક્ત હોવાનો, અને બાકીના બીજા બધા અનુદાત્તસ્વર યુક્ત હોવાના. આમ, (જે અક્ષરમાં ઉદાત્તસ્વર હોય તેની આગળના અક્ષરને અનુદાત્તસ્વર યુક્ત (य॒) ગણવામાં આવ્યો છે; અને) ઉદાત્તસ્વરયુક્ત અક્ષરની પાછળનો અક્ષર પણ મૂળમાં અનુદાત્તસ્વરવાળો જ હોય છે. પરંતુ, એવો નિયમ છે કે તે ઉદાત્તસ્વરવાળા અક્ષરની પાછળ આવેલો અનુદાત્તસ્વર સ્વરિતસ્વરમાં (રૂપે) પરિણમે છે. દા. ત., **य॒ज्ञेन॒** । → **य॒ज्ञेन॑** ॥ આવા ફેરફારની નોંધ લેતું પાણિનીય સૂત્ર આ પ્રમાણે છે : **उदात्ताद् अनुदात्तस्य स्वरितः । पा. सू. ८-४-६३.** ''ઉદાત્તસ્વરની પરમાં આવેલો અનુદાત્તસ્વર 'સ્વરિતસ્વર' રૂપે પરિણમે છે.' તૈત્તિરીય પ્રાતિશાખ્યમાં પણ કહ્યું છે કે - **उदात्तात् परोऽनुदात्तः स्वरितम् ॥ (तै. प्रा. १४-२९).** જેમ કે, ઉપર્યુક્ત ઉદાહરણમાં ઉદાત્ત સ્વરવાળા ज्ञे અક્ષરની પાછળ આવેલો અનુદાત્ત સ્વરવાળો न॒ અક્ષર સ્વરિતસ્વરવાળો (न॑) બને છે. આમ, ઉદાત્તસ્વર-વાળા અક્ષરની પરમાં આવેલા જે અનુદાત્ત સ્વરનું સ્વરિતસ્વરમાં પરિવર્તન થાય છે તેનું અંકન કરવા માટે, તે સ્વરિતસ્વરવાળા અક્ષરની ઉપર (।) લીટીનો ઉપયોગ કરવામાં આવે છે.

૬. પ્રચયસ્વરનો પરિચય

(૬) **પ્રચય :** ઉદાત્તાદિ ત્રણ સ્વરોનું વિવરણ કરવાની સાથે જ, પ્રાસંગિક રીતે 'પ્રચય' સ્વરની પણ ચર્ચા કરવી જોઈએ. જે અક્ષરને આશ્રયે સ્વરિતસ્વર રહેલો હોય તેની પાછળ. જ્યાં સુધી અનુદાત્તસ્વર (ની નિશાની) ન આવે ત્યાં સુધીના વચગાળાના-બધા જ અક્ષરોમાં 'પ્રચય' સ્વર રહેલો હોય છે. ઋગ્વેદ પ્રાતિશાખ્યમાં લખ્યું છે કે **स्वरितादनुदात्तानां परेषां प्रचय स्वरः ।** (३-१९) ઋગ્વેદમાં આ પ્રચય સ્વરનું પણ અંકન કરવા માટે (ઉદાત્તસ્વરની જેમ જ) કોઈ જ નિશાની કરવામાં આવતી નથી. પરંતુ આપણી સગવડ/ઓળખ ખાતર આવા પ્રચય સ્વરવાળા અક્ષરની નીચે આપણે (×) ચોકડીની નિશાની મૂકીશું.

ઋગ્વેદના પહેલા મન્ત્રને ઉદાહરણ તરીકે લઈને આ દરેક ઉદાત્તાદિ સ્વરને જોઈશું :

अ॒ग्निमी॑ळे पु॒रोहि॑तं य॒ज्ञस्य॑ दे॒वमृ॒त्विज॑म् ।
– ० × – ० × – ० – ० – ०
होता॑रं र॒त्नधात॑मम् ॥ (ऋ. सं. १-१-१).
० × × – ० ×

ઉપર કહ્યું છે તેમ ઋગ્વેદ(ની મુદ્રિત આવૃત્તિઓ કે હસ્તલિખિત પ્રતો)માં ઉદાત્ત અને પ્રચયને નોંધવા માટે કોઈ ચિહ્ન વપરાયું/તું નથી (આથી તે બે સ્વરોની ઓળખ દુષ્કર બને છે.) પરંતુ આપણી સગવડ ખાતર, તે બે સ્વરોને અલગ તારવીને ઓળખવા માટે આપણે તે બેને અનુક્રમે (૦) બિન્દુ અને (×) ચોકડીની નિશાનીથી દર્શાવ્યા છે.

૭. સંહિતાપાઠ અને પદપાઠનો સંબંધ

યજ્ઞક્રિયાઓ દરમ્યાન ઋષિઓને 'પવિત્રજ્ઞાન' સમા વેદમન્ત્રોનું દર્શન થયું હતું. આ વેદ મન્ત્રોનો મૂળ પાઠ (Text) હાલમાં મુખ્યત્વે બે પ્રકારે મળે છે : **(क)** સંહિતાપાઠ અને **(ख)** પદપાઠ. દા. ત., ઋગ્વેદનો સૌથી પહેલો મન્ત્ર જોઈશું:

(क) સંહિતાપાઠ :

अ॒ग्निमी॑ळे पु॒रोहि॑तं य॒ज्ञस्य॑ दे॒वमृ॒त्विज॑म् ।
होता॑रं रत्न॒धात॑मम् ॥ (ऋ. सं. १-१-१)

આમ સંહિતાપાઠ એટલે બે પદો વચ્ચે સન્ધિ કરીને લખેલો/ઉચ્ચારેલો પાઠ.

(ख) પદપાઠ :

अ॒ग्निम् । ई॒ळे॒ । पु॒रःऽहि॑तम् । य॒ज्ञस्य॑ ।
दे॒वम् । ऋ॒त्विज॑म् । होता॑रम् । र॒त्न॒ऽधात॑मम् ॥

અહીં બે પદો વચ્ચેની સંહિતા = સન્ધિ છોડી નાખીને -૧ સન્ધિને કારણે થયેલા ધ્વનિવિકારો-ધ્વનિપરિવર્તનો-ને દૂર કરીને, વિભકત્યન્ત પદોને મૂળ સ્થિતિમાં લાવી દઈને; તે ૨. પ્રત્યેક પદને અલગ અલગ દર્શાવવામાં આવે છે; તથા ૩. પ્રત્યેક પદની પાછળ પૂર્ણવિરામ દર્શાવતો ઊભો દંડ મૂકવામાં આવે છે.

યાસ્કે (ઈ. સ. પૂર્વે ૬૦૦) પોતાના 'નિરુક્ત' નામના વેદાંગમાં આ 'સંહિતા'નું લક્ષણ આપતાં લખ્યું છે કે **पदप्रकृतिः संहिता ।** (अ. १). જો કે આ લક્ષણ, યાસ્કની પણ પૂર્વે 'ઋગ્વેદ પ્રાતિશાખ્ય'માં આચાર્ય શૌનકે રજૂ કર્યું જ છે. 'સંહિતા'નું લક્ષણ રજૂ કરતાં આ વાક્યનાં બે રીતે અર્થઘટન કરવામાં આવ્યાં છે. જેમકે,

(૧) **पदप्रकृतिः** (= ષષ્ઠી તત્પુરુષ સમાસ લઈએ તો) **पदानां या प्रकृतिः सेयं पदप्रकृतिः संहिता ।** અર્થાત્ પદોની જે પ્રકૃતિ છે, તેને 'સંહિતા' કહેવાય છે. કારણ સંહિતામાંથી જ પદોને છૂટાં પાડવામાં આવ્યાં છે. આથી વેદમન્ત્રોનો સંહિતાપાઠ એ જ મૂળ પ્રકૃતિ છે; અને પદપાઠ એ (પાછળથી ઊભી કરવામાં આવેલી) વિકૃતિ છે.

(૨) **पदप्रकृतिः** (= બહુવ્રીહિ સમાસ લઈએ તો-) **पदानि प्रकृतिः यस्याः सा पदप्रकृतिः संहिता ।** અર્થાત્ પદો છે પ્રકૃતિ જેની; તેને 'સંહિતા' કહે છે. કારણ કે પદોને ભેગાં કરીએ; પદોને પરસ્પર જોડીએ ત્યારે (તેમાંથી) સંહિતાપાઠ ઊભો થાય છે. આમ વેદમન્ત્રમાં વપરાયેલાં પૃથક્ પૃથક્ ક્રિયાપદ અને નામપદો જ (વેદમન્ત્રાની) મૂળ પ્રકૃતિ છે; અને એ પદોને સન્ધિથી પરસ્પર જોડી દીધા પછી

ઊભો કરેલો સંહિતાપાઠ તે વિકૃતિ છે. ભર્તૃહરિ (ઈ. સ. ૪૫૦) એ પણ પોતાના 'વાક્યપદીય'માં આ દ્વિવિધ અર્થઘટન તરફ અંગુલિનિર્દેશ કરતાં લખ્યું છે કે - **पदानां संहिता योनिः, संहिता वा पदाश्रया ।** (वा. प.)

આમ પ્રાચીન સમયથી **पदप्रकृतिः संहिता** । એ વાક્યના બન્ને પ્રકારનાં અર્થઘટન પ્રચલિત થયાં હોવાથી એ નક્કી કરવું મુશ્કેલ છે કે ઋષિઓએ વેદમન્ત્રોનું દર્શન 'સંહિતા' સ્વરૂપે કર્યું હતું કે પૃથક્-પૃથક્ પદ રૂપે કર્યું હતું ! અહીં પદપાઠ પહેલાં રચાયો કે સંહિતાપાઠ પહેલો રચાયો ? એ પ્રશ્ન વિવાદગ્રસ્ત જ રહેવાનો છે. છતાંય મન્ત્રવાઙ્મયની રચના કેવળ પદોમાં જ થઈ હોય એવું માની શકાતું નથી. બીજી તરફ, અનેક મન્ત્રોમાં કેટલાક સંહિતાવિકારોને દૂર કરવાથી (જ) તેનું છન્દોભંગત્વ દૂર કરી શકાય છે. (એવું Vedic Metre નામના પુસ્તકમાં પ્રોફે. આર્નોલ્ડે કહ્યું છે). આથી અનેક પાશ્ચાત્ય વિદ્વાનો એવું માને છે કે ઋગ્વેદનું સંહિતારૂપ કાલાન્તરમાં નિશ્ચિત થયું છે અને મૌલિક રચનામાં (= વેદ મન્ત્રોનું પહેલ વહેલું 'દર્શન' થયું ત્યારે) સર્વત્ર સન્ધિ નહોતી કરવામાં આવી. પ્રોફે. મેકડોનલના મતે-ઐતરેય બ્રાહ્મણના રચનાકાળ સુધી ઋગ્વેદનું સંહિતારૂપ તૈયાર નહોતું થયું. (જુઓ : History of Sanskrit Literature, p: 50) આથી અનેક વિદ્વાનો એવું માને છે કે ઋગ્વેદનું મૂળ સ્વરૂપ વર્તમાન 'સંહિતા' રૂપથી ભિન્ન હશે. પૂનાના પ્રોફે. એસ્ટેલરે All India Oriental Conference ૧૮, ૨૦ અને ૨૧મા અધિવેશનોમાં આ વિષેના શોધપત્રો રજૂ કર્યા છે; અને તેમાં ઋગ્વેદના મૂલ રૂપનું પુનર્નિર્માણ કરવાનો પ્રયત્ન કરી જોવામાં આવ્યો છે; જો કે પ્રોફે. કે. વી. અભ્યંકર સાહેબે એનો સંયુક્તિક પ્રતિવાદ પણ કર્યો છે.

૮. પદપાઠકારો

પરંપરાથી સંહિતાપાઠ રૂપે મળેલા વેદમન્ત્રોનો પદપાઠ તૈયાર કરનારને **પદકાર** (કે પદપાઠકાર) તરીકે ઓળખવામાં આવે છે. ('વ્યાકરણ મહાભાષ્ય'માં પતંજલિએ આવા એક 'પદકાર'નો 1-1-6 અને 3-1-109-સૂત્ર ભાષ્યમાં ઉલ્લેખ કર્યો છે.) આ રીતે વેદાભ્યાસની પરિપાટીમાં ઋગ્વેદના 'પદપાઠકાર તરીકે શાકલ્યનું નામ, સામવેદના પદપાઠકાર તરીકે ગાર્ગ્યનું નામ અને તૈત્તિરીય સંહિતાના પાદપાઠકાર તરીકે આત્રેયનું નામ સાંભળવા મળે છે.

૯. પદપાઠનું મહત્ત્વ

શાકલ્ય મુનિએ ઋગ્વેદના મન્ત્રોનો જે પદપાઠ તૈયાર કર્યો છે તેના દ્વારા 'વેદરક્ષા'નું કાર્ય આરંભાય છે. જેમકે, (क) પદપાઠને આધારે એક વિશિષ્ટ આયાસ કરીને વેદમન્ત્રના શબ્દ સ્વરૂપને સાચવવામાં આવે છે; (ख) વેદમન્ત્રોનું અર્થઘટન કરવામાં તે (પદપાઠ)ને પ્રાથમિક પ્રમાણ તરીકે ઉપયોગમાં લેવાય છે. (ग) અને મૂળ મન્ત્રની પ્રાચીનતા/પ્રામાણિકતા નક્કી કરવા તે સહાયક બને છે.

આ ત્રણેય મુદ્દાને વિગતે સમજવા પડશે :

(क) આપણે જાણીએ છીએ તેમ પદપાઠને આધારે જ આઠેક પ્રકારની ‘વિકૃતિ’ઓ કરીને બ્રાહ્મણોએ વેદના શબ્દસ્વરૂપને યથાવત્ સાચવી રાખ્યું છે* જેમકે, ‘ચરણવ્યૂહ’ ઉપરના મહિદાસકૃત ભાષ્યમાં આ આઠવિકૃતિઓ નીચે પ્રમાણે દર્શાવી છે :

जटा माला शिखा रेखा ध्वजो दण्डो रथो घनः ।

अष्टौ विकृतयः प्रोक्ताः क्रमपूर्वा महर्षिभिः ॥

અર્થાત્ શાકલ્યે તૈયાર કરેલા પદપાઠને આધારે જ ૧. જટાપાઠ ૨. માલાપાઠ ૩. શિખાપાઠ ૪. રેખાપાઠ ૫. ધ્વજપાઠ ૬. દંડપાઠ ૭. રથપાઠ અને ૮. ઘનપાઠ તૈયાર કરવામાં આવ્યા છે.

વેદમન્ત્રાનો એકાદ શબ્દ પણ ખોવાઈ ના જાય-વિસ્મૃત કે વિકૃત ના થઈ જાય એની કાળજી રાખવા માટે બ્રાહ્મણ જાતિના લોકોએ, પદપાઠને આધારે જે ઉપર્યુક્ત આઠ વિકૃતિઓ તૈયાર કરી તેમાંથી ત્રણેકના નમૂના જોઈશું :

૧. ક્રમપાઠ : આ પ્રકારના પાઠમાં પદપાઠના દરેક શબ્દને બે વાર બોલવામાં આવે છે. એક શબ્દને આગળ આવી ગયેલા શબ્દની સાથે, તેમજ પાછળ આવતા શબ્દની સાથે પણ જોડવામાં આવે છે. ઉદા. ત. **अ**, **ब**, **क** અને **ड**- એને આપણે ચાર શબ્દો ગણી લઈએ તો તેમને ક્રમપાઠમાં આ પ્રમાણે બોલાય : **अब**, **बक**, **कड** ....।

अग्निमीळे पुरोहितं यज्ञस्य देवमृत्त्विजम् । होतारं रत्नधातमम् ॥ (સંહિતાપાઠ) આ મન્ત્રનો પદપાઠ થશે – **अग्निम् । ईळे । पुरःऽहितम् । यज्ञस्य । देवम् । ऋत्विजम् । होतारम् । रत्नऽधातमम् ॥** (-પદપાઠ). આ પદપાઠમાંથી ક્રમપાઠ બનાવીશું તો તે આ રીતે થશે –

अग्निम् ईळे, ईळे पुरोहितम्, पुरोहितम्

यज्ञस्य, यज्ञस्य देवम्, देवम् ऋत्विजम् ॥ वगेरे.

૨. જટાપાઠ : જટાપાઠ એટલે ગૂંથેલો પાઠ. તેમાં દરેક જોડકું ત્રણ ત્રણ વાર બોલાય છે; અને બીજી વાર બોલાય છે તે વિપરીત ક્રમમાં બોલાય છે. જેમકે, માની લો કે -

अग्निम् ईळे पुरोहितम् यज्ञस्य देवम् = એવા પાંચ શબ્દો છે.

अ ब क ड च

---

* પ્રકૃતિભૂત સંહિતાપાઠમાંથી, સન્ધિ છોડીને જે પદપાઠ તૈયાર કર્યો છે તે પણ પહેલા પ્રકારની ‘વિકૃતિ’ છે.

તેના જટાપાઠમાં- **अब, बअ, अब/बक, कब, बक/कड, डक, कड** એમ બોલાય છે. દા. ત. **अग्निम् ईळे, ईळे अग्निम्, अग्निम् ईळे । ईळे पुरोहितं, पुरोहितम् ईळे, ईळे पुरोहितम् । पुरोहितं यज्ञस्य, यज्ञस्य पुरोहिम्, पुरोहितं यज्ञस्य** । વગેરે.

૩. **ઘનપાઠ :** પદપાઠને આધારે વેદમન્ત્રોના શબ્દોની ગૂંથણીની પરાકાષ્ઠ તો આ ઘનપાઠમાં થતી જોવા મળે છે. જેમ કે,

अब, बअ, अबक, कबअ, अबक,
बक, कब, बकड, डबक, बकड;
कड, डक, कडच, चडक, कडच વગેરે.

ઉદા. તરીકે –

(૧) **अग्निम् ईळे, ईळे अग्निम्, अग्निम् ईळे पुरोहितं,**
पुरोहितम् ईळे अग्निम्, अग्निम् ईळे पुरोहितम् ।
(૨) **ईळे पुरोहितं, पुरोहितम् ईळे, ईळे पुरोहितं यज्ञस्य,**
यज्ञस्य पुरोहितम् ईळे, ईळे पुरोहितं यज्ञस्य ।
(૩) **पुरोहितं यज्ञस्य, यज्ञस्य पुरोहितं, पुरोहितं यज्ञस्य देवं, देवं**
यज्ञस्य पुरोहितं, पुरोहितं यज्ञस्य देवम् ॥ વગેરે.

(ख) વેદમન્ત્રોનું અર્થઘટન કરવા માટે સૌથી પહેલા પદપાઠને જ ધ્યાન ઉપર લેવો જોઈએ. જેમકે ૧(૧) **अवसाय पद्वते रुद्र मृळ** (ऋ० ૧૦-૧૬૯-૧) [અર્થાત્ "હે રુદ્ર ! પગવાળા ભોજનનું કલ્યાણ કરો."]માં અને ૧ (૨) **अवसायाश्वान्॰** । (ऋ. ૧-૧૦૪-૧) [અર્થાત્ "(રથની સાથે જોડેલા) ઘોડાઓને છોડી નાખીને..."] એ મન્ત્રમાં એક સરખો **अवसाय** શબ્દ આવેલો છે. હવે જો આપણી સામે કેવળ સંહિતાપાઠ જ રાખીએ તો પૂર્વોક્ત પહેલા મન્ત્રમાંના **अवसाय**નો શો અર્થ કરવો ? અને બીજા મન્ત્રમાંના **अवसाय**નો શો અર્થ કરવો ? એવો સંદેહ ઊભો થાય છે. આવે પ્રસંગે પદપાઠકારોએ આ પદને કેવી રીતે જોયો છે = કેવી રીતે પૃથક્કૃત કરીને પદપાઠમાં દર્શાવ્યો છે ? એ તપાસવું ખૂબ જરૂરી = ઉપકારક બને છે. જેમકે, ૧૦-૧૬૯-૧માંના **अवसाय** શબ્દને પદપાઠમાં એક અખંડ પદ રૂપે રજૂ કર્યો છે; જ્યારે ૧-૧૦૪-૧માંના **अवसाय** શબ્દને પદપાઠમાં **अवऽसाय** । એ રીતે અવગ્રહથી પૃથક્કૃત કરીને દર્શાવ્યો છે. આથી સૂચિત થાય છે કે ૧૦-૧૬૯-૧માં ગત્યર્થક √**अव** ધાતુને **अस** એવો નામસાધક પ્રત્યય લગાડવામાં આવ્યો છે (કે જેનો અર્થ 'માર્ગ ઉપર જનારું પ્રાણી = ગાય એવો કરવાનો છે); તથા ૧-૧૦૪-૧માં 'છોડી નાખવું' અર્થવાળા (√**सो** ધાતુને **अव** ઉપસર્ગ લગાડવામાં

આવ્યો છે—એ સ્પષ્ટ કરવા પદપાઠકારોએ અવગ્રહની મદદથી **अव** ઉપસર્ગને જુદો દર્શાવ્યો છે. આમ પદપાઠને જોયા પછી જ જે તે પદ વ્યાકરણની દૃષ્ટિએ કયું પદ હશે એ નક્કી કરી શકાય છે. બીજું એક ઉદાહરણ લઈશું. ૨ (૧) **दूतो निर्ऋत्या इदमा जगाम ।** (**ऋ.** १०-१६५-१) માં અને ૨ (૨) **परो निर्ऋत्या आ चक्ष्व. ।** (**ऋ.** १०-१६४-१) માં એકસરખો **निर्ऋत्या** શબ્દ આવેલો છે. પણ આ બન્ને જગ્યાએ એનો જે પદપાઠ કરવામાં આવ્યો છે તે અનુક્રમે । **निःऽऋत्याः** । અને **निःऽऋत्यै** । એ પ્રમાણે જોવા મળે છે. આથી આ બન્ને પદોના વ્યાકરણિક સ્વરૂપ બાબતે સ્પષ્ટતા મળી જાય છે કે પહેલા (૧૦-૧૬૫-૧) મન્ત્રમાં **निर्ऋति** શબ્દનું પંચમી/ષષ્ઠી વિભક્તિ એકવચનનું રૂપ વપરાયું છે; અને બીજા (૧૦-૧૬૪-૧) મન્ત્રમાં **निर्ऋति** શબ્દનું ચતુર્થી વિભક્તિ એકવચનનું રૂપ વપરાયું છે, (તેથી તે તે વિભક્તિ અનુસાર એ પદોના અર્થો કરવાનાં છે).

આમ પદપાઠને જોયા પછી જ મન્ત્રમાં વપરાયેલા પ્રત્યેક પદનો અર્થ સ્પષ્ટ થતો જાય છે. આ દૃષ્ટિએ જ વિદ્વાનો પદપાઠને ''વેદમન્ત્રના અર્થને સ્પષ્ટ કરનાર અને સાચવનાર પ્રથમ વ્યાખ્યાન'' ગણે છે.

(ग) વેદમન્ત્રની પ્રાચીનતા/પ્રમાણિકતા નક્કી કરવામાં પણ પદપાઠ એક રીતે સહાયક બને છે. જેમ કે ઋગ્વેદના (૧) ૭-૫૯-૧૨; (૨) ૧૦-૧૯૦-૧, (૩) ૧૦-૨૦-૧, (૪) ૧૦-૧૯૦-૨, (૫) ૧૦-૧૨૧-૧૦ અને (૬) ૧૦-૧૯૦-૩- આ છ મન્ત્રોનો શાકલ્યે પદપાઠ આપ્યો નથી, પણ સંહિતાપાઠ રૂપે જ ફરીથી પદપાઠમાં મૂક્યો છે ! વળી, ખિલસૂક્તનો તો શાકલ્યે પદપાઠમાં (સંહિતા રૂપે પણ) સમાવેશ કર્યો નથી. આથી કેટલાક વિદ્વાનો આવા મન્ત્રોને શાખાન્તરમાંથી > વેદાન્તરમાંથી પાછળથી અહીં ઋગ્વેદમાં) આવેલા ગણે છે.

આમ પદપાઠનું ઉપર્યુક્ત ત્રણેય દૃષ્ટિએ ખૂબ મહત્ત્વ છે.

૧૦. પદપાઠની ભૂમિકા

શાકલ્ય મુનિએ વેદમન્ત્રોનો પદપાઠ તૈયાર કર્યો હશે ત્યારે એમના મનમાં પદપાઠનો મુખ્ય સિદ્ધાન્ત એ રહ્યો લાગે છે કે સંહિતા (= સન્ધિ)-ના નિમિત્તે બે પદોની વચ્ચે થયેલા બધા જ ધ્વનિવિકારોને દૂર કરીને તેને એના મૂળ/શુદ્ધ રૂપે-પ્રકૃતિ સ્વરૂપે-રજૂ કરવાં. પરિણામે, તેમણે પદસંહિતાના નિમિત્તે થયેલાં દીર્ઘત્વ, ગુણ, વૃદ્ધિ, લોપ અનુનાસિકત્વ, અનુસ્વારત્વ, તાલવ્યભાવ, મૂર્ધન્યભાવ, વિસર્જનીયવિકાર આદિને દૂર કરીને પદપાઠમાં પદોને અસંહિત રૂપે રજૂ કર્યાં છે. વળી, અર્થબોધના પ્રસંગે કોઈ વિપ્રતિપત્તિ ના રહે એટલા માટે જ્યાં ઉપસર્ગનો ધાતુની સાથે સંયોગ કરીને સંહિતાપાઠમાં રજૂઆત થઈ હોય કે બે નામપદો વચ્ચે સમાસ થયો હોય ત્યાં ત્યાં તેવા બે જુદા જુદા અર્થઘટકોને અવગ્રહની મદદથી પૃથક્કૃત કરીને પદપાઠમાં દર્શાવ્યા છે. એ જ પ્રમાણે, અમુક રૂપોની વ્યાકરણિક કોટિ સ્પષ્ટ કરવા માટે એમણે,

તેવાં રૂપોને પદપાઠમાં મૂકીને તેની પાછળ **इति** એવો નવો શબ્દ ઉમેર્યો છે. (આવા દરેક મુદ્દાનું વિગતે સોદાહરણ વર્ણન આગળ ઉપર કરીશું.)

હવે, પદપાઠની પ્રક્રિયામાં જે એક-બે પારિભાષિક શબ્દો વપરાય છે તેનો પરિચય કરી લઈશું. સંહિતામાં પદચ્છેદ કરીને, સન્ધિજન્ય વિકારોને દૂર કરીને પદોનું જે પ્રકૃતિદર્શન કરાવવામાં આવે છે તેને **समापत्ति** (= પદને મૂળ સ્થિતિમાં મૂકી બતાવવું) કહેવામાં આવે છે. તથા પદચ્છેદ કરીને દર્શાવેલા પ્રત્યેક પદને **समापाद्य** (= મૂળ સ્થિતિમાં લાવીને મૂકેલો) કહે છે.

બીજું, પદપાઠની પ્રક્રિયામાં-૧. ઉપર્યુક્ત 'સમાપત્તિ'નું કામ કરવા ઉપરાંત; ૨. બે પદો વચ્ચે સન્ધિ થવાથી પૂર્વ પદનો અંતિમ સ્વર અને તેની પાછળના પદનો આદિસ્વર પણ પરસ્પરમાં મળીને, સંહિતાપાઠમાં તે જુદી રીતે વ્યક્ત થયા હોય છે. હવે, સંહિતાને કારણે પરિવર્તિત થયેલાં આવાં બે પદોના ઉદાત્તાદિ સ્વરને પણ મૂળ સ્થિતિમાં લાવી પદપાઠમાં દર્શાવવાના હોય છે.

૧૧. 'સમાપત્તિ'ના નિયમો

ઋગ્વેદના મન્ત્રોનો શાકલ્યે જે પદપાઠ રજૂ કર્યો છે તેના એક-બે નમુના જોઈશું. ત્યાર પછી, બે પદો વચ્ચેના સન્ધિજન્ય વિકારો દૂર કરીને, એના મૂળ સ્વરૂપે સ્થાપતી વખતે-સમાપત્તિ કરતી વખતે-શાકલ્યે કયા નિયમો કામે લગાડ્યા છે ? એનો અભ્યાસ શરૂ કરીશું

ઉદાહરણ-૧ (સંહિતાપાઠ)

न त्वावाँ॑ अ॒न्यो दि॒व्यो न पार्थि॑वो॒ न जा॒तो न ज॑निष्यते ।
अ॒श्वा॒यन्तो॑ मघवन्निन्द्र वा॒जिनो॑ ग॒व्यन्त॑स्त्वा हवामहे ॥

(ऋ.७-३२-२३)

પદપાઠ :

न । त्वाऽवा॑न् । अ॒न्यः । दि॒व्यः । न । पार्थि॑वः । न । जा॒तः । न । ज॒नि॒ष्य॒ते॒ । अ॒श्व॒ऽयन्तः॑ । म॒घ॒ऽव॒न् । इ॒न्द्र॒ । वा॒जिनः॑ । ग॒व्यन्तः॑ । त्वा॒ । ह॒वा॒म॒हे॒ ॥

અહીં, સંહિતાપાઠના પદોની વચ્ચે થયેલી સન્ધિઓને દૂર કરી દેતી વખતે શાકલ્યે જે કેટલાક સન્ધિજન્ય વિકારોને દૂર કર્યા છે તે નીચે પ્રમાણે છે :

સંહિતાપાઠમાં		**પદપાઠમાં**
(૧) त्वावाँ	→	**। त्वाऽवान् ।**
(२) अन्यो	→	**। अन्यः ।**
(३) अश्वायन्तो	→	**। अश्वऽयन्तः ।**
(४) मघवन्निन्द्र	→	**। मघऽवन् । इन्द्र ।**
(५) गव्यन्तस्त्वा	→	**। गव्यन्तः । त्वा ।**

અહીં પહેલા ઉદાહરણમાં સંહિતાપાઠમાં જોવા મળતા અનુનાસિકત્વને પદપાઠમાં દૂર કરવામાં આવેલ છે. બીજા ઉદા.માં **अन्यो** પદમાંના **ओ**કારને પદપાઠમાં વિસર્ગ (:) રૂપે ફેરવવામાં આવેલ છે; ત્રીજા ઉદા.માં આ મન્ત્રના છન્દો બંધારણને જાળવવા પાદારંભે આવેલા બીજા અક્ષરને 'ગુરુ કરવા જે દીર્ઘત્વ કરવામાં આવ્યું છે, તેને પદપાઠમાં ફરીથી મૂળ હ્રસ્વ રૂપે (= **अश्वा** → **अश्व**) ફેરવવામાં આવ્યું છે, ચોથા ઉદા.માં બે **न्** કારમાંથી એક **नुट्** આગમનો **न्** કાર પદપાઠમાં પાછો ખેંચી લેવામાં આવ્યો છે; તથા પાંચમા ઉદા.માં જે **स्**કારનું શ્રવણ થાય છે તેને પદપાઠમાં વિસર્ગરૂપે સ્થાપવામાં આવેલ છે.

ઉદાહરણ-૨ (સંહિતાપાઠ)

यत्रा॒ वदे॑ते॒ । अव॑रः॒ पर॑श्च य॒ज्ञ॒न्योः॑ कत॒रो नौ॒ वि वे॑द । (ऋ.१०-८८-१७)

પદપાઠ :

यत्र॑ । वदे॑ते॒ इति॑ । अव॑रः । पर॑ः । च॒

य॒ज्ञ॒ऽन्योः॑ । क॒त॒रः । नौ॒ । वि । वे॒द॒ ॥

અહીં (૧) સંહિતાપાઠના **वदेते** પદને, પદપાઠમાં એક નવા **इति** શબ્દનો ઉમેરો કરીને દર્શાવ્યું છે; તથા (૨) **यज्ञन्योः** પદ (સામાસિક પદ છે એવું સ્પષ્ટ કરવા તે)ને પદપાઠમાં અવગ્રહ સાથે દર્શાવ્યું છે. –આમ હવે એ તપાસવાનું રહે છે કે પદપાઠકારે સમાપત્તિની (= પદોને સન્ધિમુક્ત કરીને એના મૂળ સ્વરૂપે મૂકી આપવાની) પ્રક્રિયા દરમ્યાન કયા કયા નિયમોનું પાલન કર્યું છે.

(૧) **નિયમ :** સન્ધિને કારણે થયેલા ધ્વનિવિકારોને દૂર કરવા જોઈએ. જેમકે,

(क) બે સ્વર પાસે પાસે આવવાથી થયેલી સન્ધિ છોડી કાઢવી

દા. ત. (૧) **वाजायामृताय** → । **वाजाय** । **अमृताय** ।
(૨) **आत्मेन्द्रस्य** → । **आत्मा** । **इन्द्रस्य** ।
(૩) **भुवनेष्वर्पितः** → । **भुवनेषु** । **अर्पितः** ।

(ख) બે વ્યંજન પાસે પાસે આવવાથી થયેલી સન્ધિ છોડી કાઢવી

દા. ત., (૧) **सोमं मनीषाः** → । **सोमम्** । **मनीषाः** ।
(૨) **सहस्रजिद्धिन्वानो** → । **सहस्रजित्** । **हिन्वानः** ।
(૩) **कृत्व्यो रसो** → । **कृत्व्यः** । **रसः** ।

(ग) એક વ્યંજનની પાછળ સ્વર આવવાથી થયેલી સન્ધિ છોડી કાઢવી

દા. ત., (૧) **राजानमस्य** → । **राजानम्** । **अस्य** ।
(૨) **क्षरदिन्द्रस्य** → । **क्षरत्** । **इन्द्रस्य** ।
(૩) **कोशाँ अचिक्रदत्** → । **कोशान्** । **अचिक्रदत्** ।

વગેરે વગેરે.

(૨) **નિયમ :** સન્ધિજન્ય વિકારોને દૂર કરીને પૃથક્કૃત કરેલા પ્રત્યેક (સમાપાદ્ય) પદોની પાછળ ઊભો દંડ મુકવો. જેમ કે,

अग्निमीळे पुरोहितं यज्ञस्य देवमृत्विजम् । (સંહિતા) – **अग्निम्** । **ईळे** । **पुरःऽहितम्** । **यज्ञस्य** । **देवम्** । **ऋत्विजम्** ।

(૩) પદપાઠમાં **इति॑** કરણ ક્યારે કરવું ? એ અંગેનો નિયમ :

(क) દીર્ઘ ઈકારાન્ત, દીર્ઘ ऊકારાન્ત અને एકારાન્ત દ્વિવચનનાં રૂપોને 'પ્રગૃહ્ય' કહેવામાં આવે છે. આવાં પ્રગૃહ્યસંજ્ઞક પદોની પાછળ પદપાઠમાં **इति॑** એવું નવું પદ ઉમેરીને દર્શાવવામાં આવે છે. (આવું નવું ઉમેરેલું **इ॒ति॑** પદ હંમેશા આદ્યુદાત્ત હોય છે = **ति॑** ની ઉપર સ્વરિતસ્વરની નિશાની મૂકવાની હોય છે.) જેમકે,

द्यावांपृथि॒वी → । **द्यावांपृथि॒वी इति॑** ।
हरी॑ → । **हरी॒ इति॑** ।
साधू → । **सा॒धू इति॑** ।
उ॒भे य॑तेते → । **उ॒भे इति॑** । **य॒तेते॒ इति॑** ।

(ख) સંબોધનવાચક **ओ**કારાન્ત પદો કે **ओ**કારાન્ત અવ્યયોની પાછળ પણ પદપાઠમાં **इति॑** કરણ કરવામાં આવે છે.

૧. । **वा॒यो इति॑** । ૨. । **इ॒न्द्रो॒ इति॑** । ૩. **अथो इति** । (૧૦-૯૦-૫)

(ग) **अस्मद्-युष्मद**ના વેદમાં વપરાયેલાં જે एકારાન્ત રૂપો હોય તેને પદપાઠમાં **इति॑** કરણ સાથે દર્શાવાય છે.

अ॒स्मे इति॑ । **यु॒ष्मे इति॑** । (૧૦-૭-૪)

(घ) સંહિતામાં આવેલા **उ॒** નિપાતને પણ પ્રગૃહ્યસંજ્ઞક ગણીને પદપાઠમાં તેનો ર્ઘ કરીને, તથા અનુનાસિકત્વની નિશાની સાથે મુકાય છે, અને તેની પાછળ **इति॑** રણ પણ કરાય છે. જેમકે,

उ॒ → । **ऊँ॒ इति॑** ।

(ङ) રિફિત (= રેફમાંથી જન્મેલા) વિસર્જનીયના રેફમૂલત્વને પ્રકટ કરવા માટે પદપાઠમાં **इति॑**કરણ કરવામાં આવે છે.

प्रा॒तः सोम॑म् (૭-૪૧-૧) → । **प्रा॒तर् इति॑** ।
पुन॑ः स॒त्यम॑न्त्राः (૧-૨૦-૪) → । **पुन॒र् इति॑** ।
अहः स्व॑र्विविदुः (૧-૭૧-૨) → । **अह॒रिति॑** ।

વિશેષ : રેફાન્ત શબ્દ જો સંહિતામાં પણ રેફયુક્ત જ સંભળાતો હોય (એટલે કે તે રેફનો સંહિતામાં વિસર્ગ ના થઈ ગયો હોય તો) તેવા શબ્દના પદપાઠમાં **इति॑** કરણ થતું નથી. દા. ત.

प्रा॒त॒रग्निम् । (૭-૪-૧) → । **प्रा॒तः** । **अ॒ग्निम्** ।

(૪) નિયમ : સંહિતામાંથી પદોને છુટાં પાડીને પદપાઠમાં દર્શાવીએ ત્યારે કયાં કયાં પદોમાં વચ્ચે 'અવગ્રહ'ની નિશાની મૂકવામાં આવે છે એ અંગેના નિયમો :–

(क) ઉપસર્ગ સહિત ક્રિયાપદનો (એકપદ રૂપે) પ્રયોગ થયો હોય ત્યારે પદપાઠમાં તેમને અવગ્રહથી પૃથક્કૃત કરીને દર્શાવાય છે.

૧. **उ॒प॒या॒थः** (૧-૩૪-૧) → । **उ॒प॒ऽया॒थः** ।

૨. કોઈ ક્રિયાપદમાં બે ઉપસર્ગ વપરાયા હોય તો, પ્રથમ ઉપસર્ગની પાછળ અવગ્રહની નિશાની મુકાય છે :

प्र॒त्या॑वर्तय (૬-૪૭-૧) → । **प्र॒ति॒ऽआव॑र्तय** ।

– વિશેષ : **संस्कृतम्** । કે **संस्कृतः** । (૫-૭૬-૨, ૮-૩૩-૯) શબ્દોને પદપાઠમાં અવગ્રહથી છુટા પડાતા નથી.

(ख) સંહિતામાં આવેલા સામાસિક શબ્દને પદપાઠમાં દર્શાવતી વખતે બે પદોની વચ્ચે અવગ્રહ મૂકીને પૃથક્કૃત કરીને લખાય છે :

पु॒रोहि॑तम् (૧-૧-૧) → । **पु॒रऽःहि॑तम्** ।

राजपुरुषः → । **राजऽपुरुषः** ।

– વિશેષ (૧) : બેથી વધારે પદો ભેગા મળીને સામાસિક શબ્દ બન્યો હોય તો છેલ્લા શબ્દની પૂર્વમાં (કેવળ એકવાર) અવગ્રહ વપરાય છે.

– **प्र॒जाप॑तिः** । → **प्रजाऽपतिः** (અહીં **प्र+जा+पतिः** એવાં ત્રણ પદોનો સમાસ છે).

– **प्र॒जाप॑तिसृष्टः** । → । **प्र॒जाप॑तिऽसृष्टः** ।

– વિશેષ (૨) : દેવતા દ્વન્દ્વ સમાસ તથા નઞ્સમાસમાં અવગ્રહ વપરાતો નથી.

– **इ॒न्द्रा॒व॒रु॒णा** । (૩-૬૨-૧) → । **इ॒न्द्रा॒व॒रु॒णा** ।

– **अ॒वीरांः** । (૭-૪-૬) → । **अ॒वीरांः** ।

(ग) **भ्याम्, भिस्, भ्यस्, सु** વિભક્તિ પ્રત્યયો પણ (પદપાઠમાં) અવગ્રહથી પૃથક્કૃત કરીને દર્શાવાય છે.

स॒मत्सु (૧-૬૬-૬) → । **स॒मत्ऽसु** ।

सप्तमातृभिः (૧-૩૪-૮) → । **सप्तमातृऽभिः** ।

प॒द्भ्यां भूमि॒र् (૧૦-૯૦-૧૪) → । **पत्ऽभ्याम्** ।

વિશેષ : પણ જો **भ्याम्, भिस्** પ્રત્યયની પૂર્વે દીર્ઘસ્વર (= ગુરુ અક્ષર નહીં) હોય તો અવગ્રહ મુકાતો નથી. દા. ત., **देवेभिः** । (૧-૧-૫) → । **देवेभिः** ।

(ङ) અમુક પ્રત્યયો-જેવા કે, ૧. ઇચ્છાદર્શક **क्यच्** = **य** પ્રત્યય, ૨. **क्वसु** = **वस्** પ્રત્યય અને કેટલાક તદ્ધિતના પ્રત્યયો દા. ત., ૩. **मत्-वत्** ૪. **त्व**, ૫. **था**, ૬. **तर -तम**, ૭. **त्रा** ૮. **धा**, ૯. **शस्** (**शः**), ૧૦. **ताति**, ૧૧. **मय** પ્રત્યયોને પણ પદપાઠમાં અવગ્રહથી દર્શાવાય છે જેમ કે,

सु॒म्न॒युः → । **सु॒म्न॒ऽयुः** ।
पपिवान् → । **पपिऽवान्** ।
सप्तीवन्तः → । **सप्तीऽवन्तः** । (૧૦-૬-૬)
इन्द्रवाततमाः → । **इन्द्रवातऽतमाः** । ('')

(૫) **નિયમ : इतिं કરણ અને અવગ્રહ બન્નેની પ્રવૃત્તિ કરવી પડે એવા સન્દર્ભો :**

(क) પ્રગૃહ્યસંજ્ઞક દ્વિવચનનાં રૂપોમાં સમાસ પણ થયો હોય તો તેવા શબ્દના પદપાઠમાં **પહેલાં इतिं** કરણ કરીને, પછી સમાસનાં ઉત્તરપદની પૂર્વે અવગ્રહનો પ્રયોગ થાય છે. જેમકે,

૧. **संय॒ती** → । **सं॒य॒ती इतिं सम्ऽयती** ।
२. **अश्वैंइ॒व** (૩-૩૩-૧) → । **अश्वैं इ॒वेत्यश्वैंऽइव** ।

(**નોંધ :** પદપાઠમાં પણ **इतिं** કરણના પ્રસંગોએ જો સન્ધિ કરવી પડે તો = પ્રાપ્ત થતી હોય તો તેવી સન્ધિ કરવી અનિવાર્ય છે.)

३. **पथि॒रक्षीं** (૧૦-૧૪-૧૧) → । **प॒थि॒रक्षी॒ इतिं पथि॒ऽरक्षीं** ।

(ख) સંબોધન પદ, કે જે **ओ**કારાન્ત (= પ્રગૃહ્યયસંજ્ઞક) હોય અને સમાસથી બનેલું હોય તો પદપાઠમાં **પહેલાં इतिं** કરણ કરીને, **પછી** સમાસના ઉત્તરપદની પૂર્વે અવગ્રહનો પ્રયોગ પણ કરવામાં આવે છે. દા. ત.,

शंतक्रतो (૧૦-૧૧૨-૬) → । **श॒त॒क्रतो॒ इतिं शतऽक्रतो** ।

(૬) **નિયમ : इंतिं કરણ અને 'ચર્ચા' (= પુનરુચ્ચારણ)ના સન્દર્ભો**

(क) સંહિતાપાઠમાં જે આખ્યાત પદોના અંતમાં, રેફિત (= રેફમાંથી જન્મેલો) વિસર્જનીય મળે છે; તેના પદપાઠમાં **પહેલાં इतिं** કરણ, અને પછી તે પદનું પુનરુચ્ચારણ કરવામાં આવે છે. જેમકે,

१. **भाः परा॒वतः** → । **भारिति॒ भाः** । **पराऽवतः** ।
२. **वेदनाकः** → । **वेदना** । **अ॒क॒रित्यकः** । = (**अकर् इति अकः**)
३. **पू॒रवैं कः** → । **पू॒रवैं** । **क॒रितिं कः** ।

(અહીં **किम्** સર્વનામનું પુંલિંગ પ્ર. વિ. એ. વ.નું **कः** રૂપ હોય તો આવું

इतिकरण અને 'ચર્ચા થતી નથી. પણ ક્રિયાપદના રૂપ તરીકે **कः** રૂપ આવ્યું હોય તો જ આવું **करिति कः । थाय छे.)**

४. **वह्निरावः** (३-५-१) → । **आवरित्यांवः** ।

५. **वेः** (१०-५-१) → । **वेरिति वेः** ।

(७) નિયમ : છાન્દસદીર્ઘ (= સામવશ) સન્ધિવાળાં પદોના પદપાઠની વ્યવસ્થા અંગેનો નિયમ

(क) ઋચાઓ છન્દોબદ્ધ હોવાથી ક્યારેક છન્દો બંધારણ મેળવવા માટે અમુક નિપાતોને સંહિતાપાઠમાં દીર્ઘ (સ્વરાન્ત) કરીને વાપર્યા હોય છે. તેમનો પદપાઠ કરતી વેળાએ તેમને ફરીથી હ્રસ્વ કરીને દર્શાવવાના હોય છે જેમકે –

अच्छा → अच्छ । अथां (१०-१४-१०) → । **अथ । घा →** (१०-१०-१०) । **घ** । (पृ. १२१) આવાં કેટલાંક અવ્યયપદો આ પ્રમાણે છે : **अच्छ, अति, अथ, अद्य, अध, अव, उत, एव, किल, घ, न, प्र, स्म, ह, इव, इह, च, अत्र, उभयत्र, कुत्र, तत्र, नु,** વગેરે.

(ख) આથી ઉલટું '**उ**' એવા નિપાત = અવ્યયની બાબતમાં જોવા મળે છે. જેમકે, તે **उ** અવ્યય સંહિતાપાઠમાં હ્રસ્વ સ્વર રૂપે વપરાયો હોય છે, પણ તેને પદપાઠમાં દર્શાવવાનો હોય તો તેને દીર્ઘ **ऊ** કરીને સાનુનાસિક (= અનુનાસિકત્વની બિન્દી ચઢાવીને **इति** કરણ સાથે) વાપરવાનો હોય છે :

उ → । **ऊँ इतिं** ।

*

આ નિયમોની મદદથી સૌથી પહેલાં જે સંહિતાપાઠ આપેલો હોય, તેમાંથી એક પછી એક પદને (૧) **સન્ધિ છોડી કાઢીને** તેના મૂળ સ્વરૂપમાં લાવીને, પ્રત્યેક પદને બે ઊભા દંડની વચ્ચે મૂકી દેવાં; તથા (૨) તેવે વખતે ઉપર વર્ણવેલા નિયમો મુજબ જો તે પદમાં અવગ્રહ મૂકવાની જરૂર હોય, **इति** કરણથી દર્શાવવાની જરૂર હોય (વગેરે) તો તે મુજબ સંસ્કાર કરીને તેને પદપાઠમાં = બે ઊભા દંડની વચ્ચે દર્શાવવા. **આટલું 'સમાપત્તિ'નું કાર્ય કરી લીધા પછી** (૩) સંહિતાપાઠમાં (જ) જે બે નિશાનીઓ [૧. અનુદાત્તની અને ૨. સ્વરિતની] આપી હોય, તેની મદદથી બાકીના બે. (= પ્રકટપણે નહિ દર્શાવેલા) સ્વરો (= ઉદાત્ત/અથવા સ્વતંત્ર સ્વરિત અને ૨. પ્રચય]ને શોધી કાઢવા આ માટેના નિયમો નીચે પ્રમાણે છે :

૧૨. સંહિતામાંથી ઉદાત્ત/સ્વતન્ત્ર સ્વરિત અને પ્રચય શોધવાના નિયમો

ભૂમિકા : ૧ (क) પાણિનિએ વૈદિક મન્ત્રો (ના પદપાઠ)નો અભ્યાસ કરીને એક તારણ રજૂ કર્યું છે. **अनुदात्तं पदम्, एकवर्जम् । पा. सू.** ६-१-१५२

''વેદના મન્ત્રોના દરેક પદમાં એક અક્ષરને છોડીને, બાકીના દરેક અક્ષર અનુદાત્ત સ્વરવાળા હોય છે.'' દા. ત., **यज्ञेन** એવા પદમાં **ज्ञे** અક્ષરમાં માની લો કે ઉદાત્ત સ્વર (ધર્મ) રહેલો છે, તો તે **'ज्ञे'** સિવાયના બાકીના બે અક્ષર (**य** અને **न**) અનુદાત્ત સ્વર (ધર્મ)વાળા હોવાના જેમકે, **यज्ञेन** ॥

હવે, પાણિનિનું બીજું નિરીક્ષણ એ છે કે **उदात्ताद् अनुदात्तस्य स्वरितः ।** **पा. सू.** ૮-૪-૬૩ અર્થાત્-'' ઉદાત્તસ્વરવાળા અક્ષરની પાછળ જે અક્ષર અનુદાત્ત સ્વરવાળો આવેલો હોય, તે સ્વરિત સ્વરવાળો બની જાય છે,'' જેમ કે **यज्ञेन** → **यज्ञेन** ॥ (આમ **ज्ञे** ના ઉદાત્તની પાછળ આવેલો **न** નો અનુદાત્તસ્વર સ્વરિત સ્વરમાં ફેરવાઈ જાય છે.)

૧. (**ख**) ઉપર જે ૬-૧-૧૫૨ સૂત્ર રજૂ કર્યું છે તે મુજબ ''વેદમન્ત્રના પ્રત્યેક પદમાં કોઈ એક અક્ષરને વર્જીને = છોડીને બાકીના અક્ષરો (જ) અનુદાત્ત હોય છે'' એમ જે કહેવાયું છે તેનો ગર્ભિતાર્થ એ છે કે અનુદાત્ત સ્વરવાળા અક્ષરોમાંથી જે એક અક્ષરને છોડી દેવાની વાત છે તે એક અક્ષર કયા સ્વરવાળો હશે ? તો એ એક સ્વર ઉદાત્ત સ્વરવાળો અક્ષર હશે. ચાર પ્રકારના સ્વરો (= સ્વરધર્મો)માંથી [૧. ઉદાત્ત, ૨. અનુદાત્ત, ૩. (પરતંત્રી) સ્વરિત અને ૪. પ્રચયમાંથી] પ્રધાનસ્વર તે આ ઉદાત્તસ્વર જ ગણાય છે.

[ક્યારેક કોઈક પદમાં પ્રધાન સ્વર રૂપે ઉદાત્ત સ્વર ના હોય, તો ત્યાં એક 'સ્વતન્ત્ર સ્વરિત સ્વર હોવાની સંભાવના છે. આવો 'સ્વતન્ત્ર સ્વરિત' પણ ઉદાત્તની સમકક્ષ પ્રધાન સ્વર જ ગણાય છે. પાણિનિના મનમાં **एकवर्जम्** શબ્દથી પ્રત્યેક પદમાં કાં તો એક ઉદાત્ત સ્વર કે કાં તો સ્વતન્ત્ર સ્વરિત સ્વર હશે. (અને એ સિવાયના અક્ષરોમાં બીજા બધા અક્ષરો અનુદાતા હોવાના) એમ કહેવું અભીષ્ટ છે. આવા સ્વતન્ત્ર સ્વરિત સ્વર વિષે હવે પછીના પૃષ્ઠોમાં વિસ્તારથી ચર્ચા કરીશું]

૧ (ગ) ક્યારેક વેદના અમુક શબ્દો, જેવા કે-દેવતાવાચક બે નામોનો દ્વન્દ્વ સમાસ થયો હોય ત્યાં દેવતા દ્વન્દ્વ સમાસવાળા પદમાં એકને બદલે બે પ્રધાન સ્વર = ઉદાત્તસ્વરવાળા અક્ષરો હોઈ શકે છે : દા. ત. **मित्रावरुणा** । **द्यावापृथिवी** । (અહીં બિન્દીવાળા અક્ષરો ઉદાત્તસ્વરવાળા છે.)

આ સિવાય અન્ય પદો, દા. ત., **बृहस्पतिं** । માં પણ બે ઉદાત્ત સ્વર મળે છે. (આવાં પદોને 'દ્વ્યુદાત્ત-પદ' કહે છે.)

૨. વેદમંત્રના પ્રત્યેક પદમાં **સામાન્ય રીતે** તો એક અંક્ષર ઉદાત્તસ્વરવાળો (કે ક્યારેક સ્વતંત્ર સ્વરિત સ્વરવાળો) હોવાનો જ. પણ ક્યારેક તેવું ના હોય, અર્થાત્ કોઈ પદમાં બધા જ અક્ષરો અનુદાત્તસ્વરવાળા હોય તો એવું થવું - એવું પદ મળવું - શક્ય છે. દા. ત. વેદમંત્રમાં ૧. જે મુખ્ય વાક્યનું ક્રિયાપદ હોય, ૨. **अस्मद्-**

युष्मद् નાં વૈકલ્પિક **नः**, **वः** જેવા રૂપો હોય, **इदम्** નું વૈકલ્પિક **एनम्** રૂપ હોય; ૩. અમુક **उ**, **च** વગેરે નિપાતો = અવ્યયો હોય કે ૪. પાદાદિમાં ન આવેલું હોય એવું સંબોધન પદ હોય તો તે **'સર્વાનુદાત્ત'** પદ હોય છે. અર્થાત્ આવાં પદોમાં બધા જ અક્ષરો અનુદાત્ત સ્વરવાળા હોય છે.

૩. આ પરિશિષ્ટના આરંભે જણાવ્યું છે તે મુજબ ઉદાત્તાદિ સ્વર (ધર્મો) 'અક્ષરો'ના આશ્રયે જ રહે છે. આથી જે કેવળ વ્યંજન રૂપ વર્ણો છે (દા. ત. **त्**, **म्**), તેમાં કદાપિ ઉદાત્તાદિ સ્વરો રહેતા નથી; અને તેમને કોઈ પણ પ્રકારની નિશાની લગાડવામાં આવતી નથી. આ માટે પાણિનીય વ્યાકરણની એક પરિભાષા છે કે **स्वरविधौ व्यञ्जनम् अविद्यमानवत् भवति** । 'સ્વરવિધિમાં વ્યંજનને ન હોવા બરોબર ગણવામાં આવે છે.'

***

ઉદાત્તસ્વર શોધવાના નિયમો

સંહિતાપાઠમાં આપેલા અનુદાત્તસ્વરનાં (–) ચિહ્નો અને સ્વરિતસ્વરનાં (।) ચિહ્નોને આધારે (પહેલાં સંહિતાપાઠમાં જ) ઉદાત્ત અને પ્રચયસ્વરો કેવી રીતે શોધવા ? તેના નિયમો નીચે મુજબ છે :

(૧) સંહિતાપાઠની સ્થિતિમાં જે મંત્ર લખેલો હોય તેમાં જે જે અક્ષર ઉપર સ્વરિતસ્વરની (= ઊભા લીટાની) નિશાની આવેલી હોય, તે સ્વરિત સ્વરની પાછળ, અનુદાત્ત સ્વર (= નીચે આડા લીટાવાળા અક્ષર) સુધી જતાં, વચ્ચે જે ખાલી અક્ષરો (= નિશાની વગરનાં અક્ષરો) આવેલા હોય તેને 'પ્રચય સ્વર'વાળા જાણવા. અને તેમને નીચે (સંહિતાપાઠમાં જ) ચોકડીની (×) નિશાની મૂકી દેવી. દા. ત. **सं ग॑च्छस्व पि॒तृभि॒ः ०। → सं ग॑च्छस्व पि॒तृभि॒ः ०।** (૧૦-૧૪-૮)

(૨) સ્વરિતસ્વરની નિશાનીવાળા અક્ષરની પૂર્વે, અનુદાત્તસ્વર સુધી જતાં, વચ્ચે જે ખાલી (= નિશાની વગરનાં) અક્ષરો આવેલા હોય, તેમને ઉદાત્તસ્વરવાળા જાણવા; અને તેમની નીચે (સંહિતાપાઠમાં જ) '૦' બિંદીની નિશાની મૂકી દેવી. દા.ત. **स॒प्त क्ष॑रन्ति॒ शिश॑वे ०।** (૧૦-૧૩-૫) → **स॒प्त क्ष॑रन्ति॒ शिश॑वे ०।**

(૩) અનુદાત્ત સ્વરની નિશાનીવાળા બે અક્ષરોની વચ્ચે જે ખાલી અક્ષરો આવેલા હોય તેમને પણ ઉદાત્તસ્વરવાળા ગણીને, તેમની નીચે '૦' બિંદીની નિશાની મૂકી દેવી. દા. ત.

म॒न्द्रो होता॒ स जु॒ह्वा॑ ०। (૧૦-૬-૪) →

म॒न्द्रो होता॒ स जु॒ह्वा॑ ०।

(૪) સંહિતાપાઠમાં જ્યાં **१॒** કે **३॒** ની નિશાની મૂકેલી હોય, તેની પાછળના (નિશાની વગરના) અક્ષરને પણ ઉદાત્ત જાણવો; અને તેને (સંહિતાપાઠમાં જ)

'૦'ની નિશાનીથી દર્શાવવો. દા. ત. **त॒न्वा॒ ३॒ शूशु॑जानः ।** (૧૦-૩૪-૬) → **त॒न्वा॒ ३॒ शूशु॑जानः ।**

(૫) કોઈ પણ મંત્રના પૂર્વાર્દ્ધ (= પૂર્વ અર્ધર્ચ્) કે ઉત્તરાર્દ્ધ (= ઉત્તર અર્ધર્ચ્)ના આરંભે આવેલ અનુદાત્ત કે સ્વરિતની નિશાનીની પૂર્વે જે એક-બે અક્ષર ખાલી (=નિશાની વગરના) હોય તેને પણ ઉદાત્તસ્વરવાળા જાણવા; અને તેમની નીચે (સંહિતાપાઠમાં જ) '૦' બિંદીની નિશાની મૂકવી. દા. ત. **न मां मिमे॒थ** ०। (૧૦-૩૪-૨) → **न̥ मां मिमे॒थ** ०। તથા **त॒त्र गाव॑ः कित॒व** ०। (૧૦-૩૪-૧૩) → **त̥त्र॒ गाव॑ः कित॒व** ०।

(૬) કોઈ પણ મંત્રના પૂર્વાર્દ્ધના અંત ભાગે કે ઉત્તરાર્દ્ધના અંત ભાગે છેલ્લા અનુદાત્ત સ્વર(ના આડા લીટાની નિશાની) પછી એકાદ અક્ષર નિશાની વગરનો હોય તો તેને પણ ઉદાત્તસ્વરવાળો જાણવો, અને એને (સંહિતાપાઠમાં જ) બિંદી '૦'ની નિશાની કરીને ઉદાત્ત જાહેર કરવો. દા. ત. ૦ . - **प्रौक्ष॒न् पुरु॑षं जा॒तम॑ग्र॒त̥ः** । (૧૦-૯૦-૭) → **प्रौक्षन् पुरु॑षं जा॒तम॑ग्र॒तः** ।

***

આ છયે નિયમને વારાફરતી નીચેના મંત્રમાં કામે લગાડીને સંહિતાપાઠમાં આપણને (પહેલેથી આપી રાખેલા અનુદાત્ત અને સ્વરિતસ્વરના ચિહ્નોની મદદથી) જે જે અક્ષરો નિશાની વગરના પડ્યા છે, તેમાંથી કયો અક્ષર ઉદાત્ત સ્વરવાળો છે અને કયો અક્ષર પ્રચય સ્વરવાળો છે ? તે શોધી કાઢીશું :

या ओष॑धी॒ः पूर्वा॑ जा॒ता दे॒वेभ्य॑स्त्रियु॒गं पु॒रा ।
मनै॒ नु ब॒भ्रूणा॑म॒हं श॒तं धामा॑नि स॒प्त च॑ ॥ ૧૦-૯૭-૧

(૧) પહેલે તબક્કે, કેવળ જે જે અક્ષર ઉપર સ્વરિતસ્વરની નિશાની (। ઊભો લીટો) આપેલ છે તેની મદદથી ઉપર બતાવેલા પહેલા બે નિયમ કામે લગાડીએ તો–એટલે કે (क) સ્વરિતની પાછળ, અનુદાત્ત સુધી જતાં વચ્ચે જે ખાલી અક્ષર આવે તેને 'પ્રચય' (×) જાહેર કરીએ; અને (ख) સ્વરિતની પૂર્વે, અનુદાત્તસ્વર સુધી જતાં, વચ્ચે જે ખાલી અક્ષર આવે તેને ઉદાત્ત (૦) સ્વરવાળો જાહેર કરીએ.

या ओष॑धी॒ः पू̥र्वा॑ जा॒ता दे॒वे̥भ्य॑स्त्रि͓यु॒गं पु॒रा ।
मनै॒ नु ब॒भ्रू̥णा॑म॒हं श॒तं̥ धा̥मा॑नि͓ स॒प्त̥ च॑ ॥

(૨) બીજે તબક્કે-નિયમ નં. ૩ કામે લગાડીશું. તેમાં જણાવ્યા પ્રમાણે બે અનુદાત્તની વચ્ચે જે ખાલી અક્ષરો આવેલા હોય તેને ઉદાતા જાહેર કરવા તેમની નીચે બિંદીની નિશાની મૂકી દઈશું :

या ओष॑धी॒ः पू̥र्वा॑ जा॒ता̥ दे॒वे̥भ्य॑स्त्रि͓यु॒गं̥ पु॒रा ।
मनै॒ नु̥ ब॒भ्रू̥णा॑म॒हं̥ श॒तं̥ धा̥मा॑नि͓ स॒प्त̥ च॑ ॥

(૩) ત્રીજે તબક્કે-નિયમ નં. ૫ અને ૬ કામે લગાડીએ. તો (क) પૂર્વાર્દ્ધમાં સ્વરિતની પૂર્વે અને ઉત્તરાર્દ્ધમાં અનુદાત્તની પૂર્વે જે (या, ओ અને म) અક્ષરો નિશાની વગરના છે, તેમને ઉદાત્ત જાહેર કરવા પડશે. તથા (ख) પૂર્વાર્દ્ધના અંત ભાગે અનુદાત્ત (पु॒) ની પાછળ નિશાની વગરના ખાલી અક્ષર (रा) ને ઉદાત્ત જાહેર કરવો પડશે. આ મુજબ –

या̥ ओ̥षं॑धीः॒ पू̥र्वा॑ जा॒ता̥ दे॒वे̥भ्य॑स्त्रि॒यु͓गं̥ पु॒रा̥ ।
म̥नै॒ नु̥ ब॒भ्रू̥णांम॒ह̥ श॒तं̥ धा̥मां͓नि स॒प्त̥ चं ॥

[આમ ઉપર દર્શાવેલા છયે નિયમમાંથી જેટલા નિયમ કામે લગાડાય એમ હોય તે દરેકને વારાફરતી કામે લગાડી લઈને, છેલ્લે એ તપાસી લેવું કે એક પણ અક્ષર નિશાની વગરનો તો બાકી રહી જતો નથી ને ? ઉપર જુવો કે પ્રત્યેક અક્ષરને કોઈક ને કોઈક નિશાની મળી ગઈ છે. બીજા શબ્દોમાં કહીએ તો, આપણે સંહિતાપાઠમાં જે બે સ્વરો (અનુદાત્ત અને સ્વરિત)ની નિશાનીઓ આપી રાખી હતી, તેની મદદથી, ઉપર્યુક્ત છ નિયમોને વારાફરતી કામે લગાડીને બાકીના બે સ્વરોને = ઉદાત્ત અને પ્રચયને, (કે જેમને પરંપરાથી સંહિતામાં નિશાની વગરના રાખવામાં આવ્યા હતા, તેમને) આપણે શોધી કાઢ્યા છે.]

***

હવે, ૧૧મા મુદ્દામાં આપેલા 'સમાપત્તિના નિયમો'ને આધારે પદપાઠ તૈયાર કરીશું, તેમાં ત્રણ તબક્કાઓ છે. જેમકે,

[નિયમ-૭] (क) સંહિતાપાઠમાં બે પદો જે જે સંધિ થઈ હોય તેને છોડી કાઢવી; જ્યાં इति કરણ કરવાની, કે અવગ્રહાદિ મૂકવાની જરૂર હોય ત્યાં તેમ કરીને; પ્રત્યેક પદને બે ઊભા દંડ વચ્ચે દર્શાવવું. જેમકે,

याः । ओषधीः । पूर्वाः । जाताः । देवेभ्यः । त्रिऽयुगम् । पुरा ।
मनै । नु । बभ्रूणाम् । अहम् । शतम् । धामानि । सप्त । च ।

[નિયમ-૮] (ख) બીજે તબક્કે-ઉપર જે સંહિતાપાઠમાંથી જે ઉદાત્ત સ્વરવાળા અક્ષરો શોધી રાખ્યા છે (એટલે કે જે '०' બિંદીવાળા અક્ષરો છે) તેમને ઉપરના પદપાઠમાં, જેમાં બધાં પદોને સંધિ છોડીને એક-એક સ્વતંત્ર પદ રૂપે લખ્યા છે, તેમાં કેવળ ઉદાત્તની નિશાની ઉતારી લઈશું.

या̥ः । ओ̥षधीः । पू̥र्वाः । जाता̥ः । देवे̥भ्यः । त्रिऽयुग̥म् । पुरा̥ ।
म̥नै । नु̥ । बभ्रू̥णाम् । अह̥म् । शत̥म् । धा̥मानि । सप्त̥ । च ।*

---

* अनुदात्तं पदमेकवर्जम् । એ પાણિનિપ્રોક્ત નિયમાનુસાર અહીં પ્રત્યેક પદમાં ઓછામાં ઓછો એક ઉદાત્ત તો મળ્યો જ છે.

[નિયમ-૮] (ग) ત્રીજે તબક્કે-૧. પ્રત્યેક પદમાં જે એક એક અક્ષર ઉદાત્ત સ્વરવાળો (બિંદીની નિશાનીવાળો) મળ્યો છે તેની આગળ-પાછળ આવેલા અક્ષરોને નીચે પ્રમાણે સ્વરચિહ્નો મૂકવાં.

(૧) ઉદાત્તની પૂર્વે જેટલા અક્ષરો હોય તે દરેકને અનુદાત્તની નિશાની આપવી.

(૨) ઉદાત્તની પાછળ, તરત જે એક અક્ષર આવેલો હોય તેને સ્વરિતની નિશાની આપવી.

(૩) (ઉદાત્તની પાછળ તરત જ આવેલા જે અક્ષરને સ્વરિતની નિશાની આપી હોય, તે) સ્વરિતની પાછળ જો કોઈ બીજા અક્ષરો આવેલા હોય તો તેમને નિશાની વગર છોડી દેવા.

(૪) જે પદના એક પણ અક્ષરમાં ઉદાત્તની નિશાની ના મળી હોય (દા. ત. છેલ્લા **च** પદમાં) તેને 'સર્વાનુદાત્ત' ગણીને તે પદના બધા જ અક્ષરની નીચે અનુદાત્તની નિશાની રૂપે (–) આડો લીટો મૂકવો.

–હવે આ મુજબ –

(૫) કેવળ વ્યંજન રૂપ વર્ણો (કે જેમને 'અક્ષર' કહેવાતા નથી); દા. ત. **म्**, **त्** વગેરે તેમને કોઈ સ્વરચિહ્ન અપાતું નથી.

यः । ओष॑धीः । पूर्वा॑ः । जा॒ता ः । दे॒वेभ्य॑ः । त्रि॒ऽयुगम् । पुरा ।

मनै॑ । नु । ब॒भ्रूणा॑म् । अ॒हम् । श॒तम् । धामा॑नि । स॒प्त । च॒ ।

***

હવે આ આઠેય નિયમોને વારાફરતી કામે લગાડીને, બે જટિલ મંત્રોનાં ઉદાહરણો પણ તપાસીશું, કે જેથી આ નિયમોનો અભ્યાસ બુદ્ધિમાં બરોબર આરૂઢ થાય :

ઉદાહરણ-૧ :

गो॒त्र॒भिदं॑ गो॒विं॒द॒ वज्र॑बाहु॒ं जय॑न्त॒मज्म॑ प्रमृ॒णन्त॒मोज॑सा ।
इमं सं॑जाता॒ अनु॑ वीरयध्व॒मिन्द्रं॑ सखायो॒ अनु॒ सं र॒भध्वम् ॥

(૧૦-૧૦૩-૬)

પૂર્વોક્ત નિયમોમાંથી ૧ થી ૫ નિયમોનો ઉપયોગ કરીને, ઉપરના સંહિતાપાઠમાં આપણે ઉદાત્તને અને પ્રચયને ઓળખીને, તેમની નીચે અનુક્રમે '૦' અને 'X'ની નિશાનીઓ મૂકી દઈએ.

गोत्रभिदं गोविंदं वज्रबाहुं जयन्तमज्म प्रमृणन्तमोजसा ।

इमं सजाता अनु वीरयध्वमिन्द्रं सखायो अनु सं रभध्वम् ॥

હવે, પહેલાં પદો વચ્ચેની સંધિ છોડી કાઢીને તેમાં જ્યાં અવગ્રહાદિને મૂકવાના હોય તે મૂકીને, પછી ઉપરથી કેવળ ઉદાત્તની નિશાનીઓને નીચે ઉતારી લઈશું.

गोत्रऽभिदम् । गोऽविदम् । वज्रऽबाहुम् । जयन्तम् । अज्म । प्रमृणन्तम् । ओजसा । इमम् । सऽजाताः । अनु । वीरयध्वम् । इन्द्रम् । सखायः । अनु । सम् । रभध्वम् ।

હવે, જે જે પદમાં એક-એક ઉદાત્ત મળ્યો છે તેની આગળ-પાછળ નિયમ નં. ૮ મુજબ અનુદાત્ત અને સ્વરિતનાં ચિહ્નો મૂકી દઈશું :

गोत्रऽभिदम् । गोऽविदम् । वज्रऽबाहुम् । जयन्तम् । अज्म । प्रमृणन्तम् । ओजसा । इमम् । सऽजाताः । अनु । वीरयध्वम् । इन्द्रम् । सखायः । अनु । सम् । रभध्वम् ॥

હવે, જે ચાર પદોમાં (જેમકે, सऽजाताः । वीरयध्वम् । सखायः । અને रभध्वम् । માં) એક પણ અક્ષર નીચે ઉદાત્તની નિશાની મળી નથી, તેને 'સર્વાનુદાત્ત' ગણીને, પદપાઠમાં તે તે પદોના તમામ અક્ષરોની નીચે અનુદાત્તની આડી (-) લીટી મૂકી દેવી :

गोत्रऽभिदम् । गोऽविदम् । वज्रऽबाहुम् । जयन्तम् । अज्म । प्रमृणन्तम् । ओजसा । इमम् । सऽजाताः । अनु । वीरयध्वम् । इन्द्रम् । सखायः । अनु । सम् । रभध्वम् ।

(આમાં सऽजाताः અને सखायः એ બે સંબોધન પદ હોઈ અને તે પાદની મધ્યમાં આવેલા હોવાથી તેમાં સર્વાનુદાત્ત મળ્યો છે; તથા **वीरयध्वम्** અને **रभध्वम्** એ બે, મુખ્ય વાક્યનાં ક્રિયાપદનાં રૂપો હોઈને તેમાં પણ સર્વાનુદાત્ત = 'નિઘાત' સ્વર આવ્યો છે.)

ઉદાહરણ-૨ :

समानमु त्यं पुरुहूतमुक्थ्यं१ रथं त्रिचक्रं सवना गनिग्मतम् ।
परिज्मानं विदथ्यं सुवृक्तिभिर्वयं व्युष्टा उषसो हवामहे ॥ (१०-४१-१)

પૂર્વોક્ત નિયમોમાંથી ૧ થી ૫ નિયમોનો ઉપયોગ કરીને, ઉપરના સંહિતાપાઠમાં આપણે ઉદાત્તને અને પ્રચયને ઓળખીને તેમની નીચે અનુક્રમે '૦' અને 'x'ની નિશાનીઓ મૂકી દઈએ :

समानमु त्यं पुरुहूतमुक्थ्यं१॑ ॑रथं त्रिचक्रं सव॑ना गनि॑ग्मतम् ।
— — 0   0   × 0   —   0   × — 0   0   —   0   × ×
परि॑ज्मान विदथ्यं॑ सुवृक्तिभि॑र्वयं व्यु॑ष्टा उषसो॑ हवामहे ॥
0   × ×   × —   ×   0   — 0   ×   — 0   × × × ×

(દરેક અક્ષરને એક એક ચિહ્ન મળી જં જવું જોઈએ.) હવે, પહેલાં સંધિ છોડી, અવગ્રહ, **इति** કરણાદિ કરીને પદોને પૃથક્કૃત કરીશું; અને પછી ઉપરથી કેવળ ઉદાત્ત સ્વરને નીચે (પૃથક્કૃત કરેલાં પદોમાં) ઉતારી લઈશું :

समानम् । ऊँ इति॑ । त्यम् । पुरुऽहूतम् । उक्थ्यम् । रथम् ।
0   0   0   0   0
त्रिऽचक्रम् । सवना । गनिग्मतम् । परिऽज्मानम् । विदथ्यम् ।
0   0   0   0
सुवृक्तिऽभिः । वयम् । विऽउष्टौ । उषसः । हवामहे ॥
0   0   0

હવે જે જે પદમાં એક-એક ઉદાત્ત મળ્યો છે તેની આગળ પાછળ નિયમ નં. ૮ મુજબ અનુદાત્ત અને સ્વરિતનાં ચિહ્નો મૂકી દઈશું :

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
समानमु । ऊँ इति । त्यम् । पुरुऽहूतम् । उक्थ्यम् । रथ॑म् । त्रिऽचक्रमु ।
— — 0   0   0   — — 0   — 0 — 0
८ ९ १० ११ १२
सुव॑ना । गनि॑ग्मतम् । परि॑ऽज्मानम् । विदथ्यम् । सुवृक्तिऽभिः ।
0   0   0   0
१३ १४ १५ १६
वयम् । विऽउष्टौ । उषस॑ः । हवामहै ॥
— 0   — 0

હવે, અહીં જે વિશેષ નોંધપાત્ર પદો છે, તેની સમજ મેળવીએ : (૧) બીજા પદમાં મૂળ સંહિતા પાઠનો **उ** અવ્યય દીર્ઘ, સાનુનાસિક અને **इति॑** કરણ સાથે નોંધવાનો છે. આ **इति॑** બહારથી ઉમેરેલું પદ છે, અને તે હંમેશા આદ્યુદાત્ત સ્વરવાળું **इति॑** જ મુકાય છે. આ **इ**ના ઉદાત્તને આધારે, તેની પૂર્વે આવેલા **ऊँ** ને અનુદાત્ત સ્વરની નિશાની મૂકવી-**ऊँ॒**.

(૨) ચોથા અને સાતમા પદમાં સમાસ હોવાથી બે પદને છૂટા પાડવા અવગ્રહ મુકાયો છે.

(૩) દશમા અને ચૌદમા પદમાં ઉપસર્ગને છુટો પાડવા **परि** અને **वि** ની પાછળ અવગ્રહ મુકાયો છે.

(૪) બારમા પદમાં **भिः** પ્રત્યયની પૂર્વે હ્રસ્વ સ્વરવાળો **क्ति** અક્ષર હોવાથી, ત્યાં પણ અવગ્રહનો પ્રયોગ થયો છે.

(૫) જ્યાં એક પદ ઉદાત્ત સ્વરવાળો અક્ષર મળ્યો નથી, તેવા સોળમા પદને

'સર્વાનુદાત્ત' ગણીને, તેના ચારેય અક્ષર નીચે અનુદાત્તની નિશાની મૂકવી. જેમકે, **ह॒वा॒म॒हे॒** । ('જ્યાં એક પદ ઉદાત્ત ન હોય તે મુખ્ય વાક્યનું ક્રિયાપદ હોઈ શકે' એમ અગાઉ ૧૨મા મુદ્દાની ભૂમિકામાં કહી ચૂક્યા છીએ.) (સંહિતાપાઠમાં જે પ્રચય '×'ની નિશાનીથી દર્શાવાયા છે, તે પદપાઠમાં અનુદાત્તની-આડા લીટાવાળી નિશાનીથી દર્શાવવા)

(૬) અગાઉ કહ્યું છે (૧૨મા મુદ્દાની ભૂમિકા'માં) કે 'પ્રત્યેક પદમાં ઓછામાં ઓછો એક ઉદાત્ત સ્વરવાળો અક્ષર તો હોવાનો જ' (**अनुदात्तम् पदम् एकवर्जम्**). પણ ક્યારેક કોઈક પદમાં એક ઉદાત્તને બદલે, તેનો સમકક્ષ જ (=પ્રધાન સ્વર સ્વરૂપ) 'સ્વતન્ત્ર સ્વરિત' પણ હોઈ શકે. [આ 'સ્વતન્ત્ર સ્વરિત' વિષે એક જુદો લેખ આની પાછળ આપેલો જ છે. તથાપિ અહીં ટૂંકમાં એની ઓળખ મેળવીએ તો- ''અનુદાત્ત સ્વરની નિશાની પછી તરત જ આવેલા અક્ષર ઉપર સ્વરિતની નિશાની હોય તો તેને 'સ્વતન્ત્ર સ્વરિત' જાણવો.''] આપણે લીધેલા ઉદાહરણમાં જે પાંચમું અને અગિયારમું પદ છે તે (સંહિતામાં જોવાથી સ્પષ્ટ થશે કે) આ પ્રકારનું 'સ્વતન્ત્ર સ્વરિત' સ્વરવાળું પદ છે; એટલે કે તેમાં અનુદાત્તની નિશાની પછી તરત જ આવેલા અક્ષર ઉપર સ્વરિતની નિશાની પડી છે : -

उ॒क्थ॑म् । અને **वि॒द॒थ्य॑म्** ।

(૭) ચૌદમા પદના સ્વર વિષે વિચારીએ તો મૂળ સંહિતામાં **व॒यं̥ व्यु॑ष्टा͓** એમ **यं̥** માં એક ઉદાત્ત આપણે શોધ્યો છે. (''સ્વરિતની પૂર્વે, અનુદાત્ત સુધી જતાં, વચ્ચે જે ખાલી અક્ષર આવે તેને ઉદાત્ત જાણવો'' – એ નિયમ મુજબ **यं̥** ને ઉદાત્ત બતાવ્યો છે.) પણ જ્યારે પદપાઠમાં **व्युष्टा**ને છૂટું પાડીને । **विऽउष्टौ** । રૂપે લખીએ છીએ ત્યારે **व्यु**નો સ્વરિત **उ** ઉપર જશે, અને તેની આગળનો **वि** ઉદાત્ત સ્વરવાળો બનશે : । **वि̥ऽउ॑ष्टौ** ।

હવે આ સાતેય મુદ્દામાં બતાવેલી વિશેષ વિચારણા કર્યા પછી, સમગ્ર મન્ત્રનો 'પદપાઠ' અને તેમાંના પ્રત્યેક પદને ઉદાત્તાદિ સ્વરોની નિશાનીઓ નીચે પ્રમાણે મુકાશે :

स॒मा॒न̥म् । **ॐ॒ इ̥ति॑** । **त्य̥म्** । **पु॒रु॒ऽहू॒त̥म्** । **उ॒क्थ॑म्** । **र̥थ॑म्** ।

त्रि॒ऽच॒क्र̥म् । **स̥व॑ना** । **ग̥नि॑ग्मतम्** । **प̥रि॑ऽज्मानम्** । **वि॒द॒थ्य॑म्** ।

सु॒वृ॒क्ति̥ऽभिः॑ । **व॒य̥म्** । **वि̥ऽउ॑ष्टौ** । **उ॒षस॑ः** । **ह॒वा॒म॒हे॒** ॥

આના વિશેષ જ્ઞાન માટે ગ્રન્થમાં સર્વત્ર છાપેલા પદપાઠનું વારંવાર નિરીક્ષણ કરવું જોઈએ.

---

23. સ્વતન્ત્ર-સ્વરિત*

૧

પરંપરાગત રીતે એવું મનાતું આવ્યું છે કે ઉદાત્તસ્વરવાળા અક્ષરના અનુગામી અક્ષરમાં જે સ્વરિતસ્વર રહે છે, તે સ્વરિતસ્વરમાં ઉદાત્તત્વ અને અનુદાત્તત્વ એવા બે વર્ણધર્મોનો સમાહાર = સમ્મિશ્રણ થયું હોય છે : પાણિનિએ લખ્યું છે કે **समाहारः स्वरितः । पा. सू. १-२-३१.** આને સમજાવતાં ભટ્ટોજિ દીક્ષિતે સિદ્ધાન્ત કૌમુદીમાં લખ્યું છે કે **उदात्तत्वानुदात्तत्वे वर्णधर्मौ समाहियेते, यस्मिन् सोऽच् स्वरितसंज्ञः स्यात्** ॥ એટલે કે **(क)** સ્વરિતના પૂર્વાર્દ્ધમાં ½ ઉદાત્તત્વ અને ઉત્તરાર્દ્ધમાં ½ અનુદાત્તત્વ વર્ણધર્મ રહેલાં હોય છે. પરિણામે હ્રસ્વ સ્વરવાળા અક્ષરનો પહેલો ૫૦% ભાગ ઉદાત્તત્વનો અને બાકીનો ઉત્તર ૫૦% ભાગ અનુદાત્તત્વનો બનેલો હોય છે; દીર્ઘસ્વરવાળા અક્ષરનો પહેલો ૫૦% ભાગ = પહેલી ૧ માત્રામાં ઉદાત્તત્વ રહેશે અને બાકીના ૫૦% ભાગમાં બીજી ૧ માત્રા અનુદાત્તત્વની રહેશે; તથા પ્લુતસ્વરવાળા અક્ષરનો પહેલો ૫૦% ભાગ (૧½ માત્રા) ઉદાતત્ત્વનો અને બાકીનો ૫૦% (૧½ માત્રા) ઉત્તરભાગ અનુદાત્તત્વનો હશે એમ નક્કી થાય છે. અથવા તો-

(ख) સ્વરિતસ્વરવાળા અક્ષરની પૂર્વ = આદિ અર્ધી માત્રા ઉદાત્તત્વની બનેલી હોય છે અને ઉત્તરાંશની બાકીની માત્રાઓ અનુદાત્તત્વની બનેલી હોય છે. એટલે કે એક માત્રિક હ્રસ્વ સ્વરવાળા અક્ષરની પહેલી અર્ધી (૦॥) માત્રા ઉદાત્તત્વની અને બાકીની અર્ધી (૦॥) માત્રા અનુદાત્તત્વની હોય છે; દ્વિમાત્રિક દીર્ઘ સ્વરવાળા અક્ષરની પહેલી અર્ધી (૦॥) માત્રા ઉદાત્તત્વ ને બાકીની દોઢ (૧॥) માત્રામાં અનુદાત્તત્વ રહેલું હોય છે; તથા ત્રિમાત્રિક પ્લુતસ્વરવાળા અક્ષરની પહેલી અર્ધીમાત્રામાં ઉદાત્તત્વ રહે છે અને બાકીની અઢી (૨॥) માત્રામાં અનુદાત્તત્વ રહે છે એમ નક્કી થાય છે.[1] (ઋગ્વેદમાં આ બીજા **(ख)** પ્રકારનું અર્થઘટન સ્વીકારાયું છે; તેથી આપણે

---

* વાઙ્મય (૨.૧), જાન્યુ. ૧૯૮૯, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા પ્રકાશિત, અને સ. પ. યુનિ. દ્વારા હરિ ૐ આશ્રમ પ્રાઈઝથી પુરસ્કૃત લેખ.

[1] પાણિનિએ **तस्यादित उदात्तमर्धह्रस्वम् ।** ૧-૨-૩૨ સૂત્રથી સ્વરિતસ્વરવાળા અક્ષરમાં ઉદાત્તત્વ અને અનુદાત્તત્વ કેટલા પ્રમાણમાં રહેલું હોય છે તે કહ્યું છે. આ સૂત્રનું બે રીતે અર્થઘટન કરવામાં આવ્યું છે :

एवञ्च ह्रस्वदीर्घप्लुतेषु सर्वेषु स्वरितेषु प्रागर्द्धमात्रांश उदात्तः । शेषांशः प्रायोऽनुदात्तः । तत्रार्द्धमात्रांशस्योदात्तत्वे पक्षद्वयम्-कौमुदीकारमते स्वरितस्यार्द्धांश उदात्त, उत्तरार्द्धांशस्त्वनुदात्त इति । नागेशमतेसर्वत्रैकमात्रार्द्धांश उदात्तः शेषांशोऽनुदात्तः । यथा ह्रस्वस्वरितेऽर्द्धांश उदात्तः शेषोऽनुदात्त उभयमते । दीर्घेऽर्द्धमात्रांशः प्रागुदात्तः, अवशिष्टः सार्द्धैकमात्रांशोऽनुदात्तः । प्लुते प्रागर्द्धमात्रांश उदात्तः शेषं सार्द्धमात्राद्वयमनुदात्तम् । दीक्षितस्य तु सर्वत्र पूर्वार्द्धभाग उदात्त, उत्तरार्द्धभागोऽनुदात्त इत्येव ॥ सिद्धान्तकौमुदी, तत्र सभापतिशर्मोपाध्याय कृता लक्ष्मीटीका, भाग-१, प्रका. मोतीलाल बनारसीदास, दिल्ली, १९६६, पृ. २५.

માટે તે નોંધપાત્ર છે.)

૨

ઉપર્યુક્ત સ્વરિતસ્વર બે પ્રકારનો હોય છે : (૧) પરતન્ત્રી સ્વરિત અને (૨) સ્વતન્ત્ર સ્વરિત. અગાઉ કહ્યું છે તેમ વૈદિક સંસ્કૃતભાષાના મહદંશે દરેક પદમાં ઓછામાં ઓછો એક અક્ષર ઉદાત્તસ્વરવાળો હોય છે. આવા ઉદાત્તસ્વરવાળા અક્ષરનો જે પુરોગામી અક્ષર હોય છે, તે અનુદાત્તસ્વરવાળો હોય છે; અને જે અનુગામી અક્ષર હોય છે, તે સ્વરિતસ્વરવાળો હોય છે. બલ્કે પૂર્વવર્તી ઉદાત્તને કારણે તે અનુગામી અક્ષર, કે જે મૂળમાં અનુદાત્તસ્વરવાળો જ હોય છે, તે (પૂર્વવર્તી ઉદાત્તને કારણે) પાછળથી સ્વરિત બન્યો હોય છે. જેમકે, **य॒ज्ञेन॒ > य॒ज्ञेन॑** અહીં **ज्ञे** એવા પૂર્વવર્તી અક્ષરમાંના ઉદાત્તની અસરથી, તેનો અનુગામી **न॑** એવો અક્ષર (અનુદાત્તમાંથી) સ્વરિતસ્વરવાળો બન્યો છે.) આથી આવા સ્વરિતસ્વરને ''આશ્રિતસ્વર'' (=ઉદાત્તસ્વરને આશ્રયે રહેનારો) કે ''પરતન્ત્રી સ્વરિતસ્વર'' કહે છે. જ્યારે બીજા પ્રકારનો જે ''સ્વતન્ત્રસ્વરિત'' હોય છે, તે કોઈ અન્યસ્વરને આશ્રયે રહેલો હોતો નથી. તથા જે પદમાં આવો સ્વતન્ત્ર સ્વરિત રહેલો હોય છે, તે પદમાં તે ઉદાત્ત સ્વર જેટલો જ પ્રધાન/મુખ્ય સ્વર ગણાય છે.

(૧) પરતન્ત્રી સ્વરિતના **(क)** તૈરોવ્યંજન, **(ख)** તૈરો વિરામક, **(ग)** પાદવૃત્ત અને **(घ)** તાથાભાવ્ય સ્વરિત એવા કુલ ચાર પેટાભેદ જોવા મળે છે. પરંતુ પ્રસ્તુત લેખમાં મુખ્યત્વે 'સ્વતન્ત્રસ્વરિત' અને તેના ભેદાદિ વિષે જ વિચારવાનું હોઈને, આ પરતન્ત્રી સ્વરિત વિષે વિગતે ચર્ચા કરીશું નહીં.

(૨) સ્વતન્ત્ર સ્વરિતના કુલ ચાર પેટાભેદો જોવા મળે છે, જેમકે,

(क) જાત્ય સ્વરિત, દા. ત. **क्व॑** । **क॒न्या॑** । **स्वः॑** ।

(ख) ક્ષૈપ્રસ્વરિત, દા. ત. **व्या॒॑नट्** ।

(ग) અભિનિહિતસ્વરિત, દા. ત. **सो॑ऽब्रवीत्** ।

(घ) પ્રશ્લિષ્ટસ્વરિત દા. ત. **अ॒भी॑न्धताम्** ।

ઉપર ૧માં જણાવ્યું છે તેમ સ્વતન્ત્ર સ્વરિતસ્વરમાં ઉદાત્તત્વ અને અનુદાત્તત્વ (અથવા ક્યારેક પરતન્ત્રી સ્વરિત) એવા બે સ્વરધર્મોનો સમાહાર થયેલો હોય છે.[૨] આ મૂળભૂત નિયમને ધ્યાનમાં રાખીને, હવે આપણે 'સ્વતન્ત્ર સ્વરિત'ના ચાર ભેદોની વિગતે ચર્ચા કરીશું :

(૧) 'જાત્ય' સ્વતન્ત્ર સ્વરિતની ઓળખ આ પ્રમાણે આપી શકાય : એક જ પદમાં સંયુક્ત વ્યંજનાન્ત **य्** કાર કે **व्** કાર સહિતના **(अ, इ** વગેરે) સ્વરો (= અક્ષરો)ને આશ્રયે રહેલા જે સ્વરિતસ્વરની પૂર્વેના અક્ષરમાં અનુદાત્ત સ્વર હોય,

અથવા અનુદાત્ત સ્વર ન પણ હોય, ત્યારે તેને જાત્ય સ્વતન્ત્રસ્વરિત કહે છે. (આનું, બીજું એક નામ 'નિત્યસ્વરિત' પણ છે.) દા. ત. **कन्यां** । **वीर्यम्** । **स्वः** । આ ઉદાહરણ રૂપ પદોમાં પ્રધાન સ્વર તરીકે (ઉદાત્ત સ્વર નહીં, પણ) 'જાત્ય' સ્વતન્ત્ર સ્વરિત વિરજામાન છે. અહીં **कन्यां** । શબ્દમાં **(न्+य्+आ = न्यां)** સંયુક્ત (વ્યંજનાન્ત **य्** કાર સહિતના **आ** સ્વર [અર્થાત્ **न्या** એવા અક્ષર]ને આશ્રયે જાત્ય સ્વતન્ત્ર સ્વરિત **(न्यां)** રહેલો છે. [તથા તેવા સ્વતન્ત્ર સ્વરિતવાળા અક્ષર **(न्यां)** ની પૂર્વે આવેલા **क** અક્ષરમાં અનુદાત્ત સ્વર રહેલો છે.]

ઋગ્વેદ પ્રાતિશાખ્ય (૩.૮) ઉપરના ભાષ્યમાં ઉવ્વટે લખ્યું છે કે **जात्या स्वरूपेण एव उदात्तानुदात्तसंगतिं विना जातो, जात्यः** ॥ (પૃ. ૨૨૧) અર્થાત્ જે સ્વર (= ઉચ્ચારણ ધર્મ) જાતિ = જન્મથઈ જ માંડીને, સ્વરૂપથી જ-સ્વભાવથી જ-ઉદાત્ત અને અનુદાત્તના મિશ્રણ વિના જન્મ્યો હોય, તે સ્વરને 'જાત્ય' સ્વતન્ત્ર સ્વરિત કહેવામાં આવે છે. બીજા કેટલાક વિદ્વાનોના મતે (જુઓ : W.D. Whitney, SANSKRIT GRAMMAR, rule No 84.b,p.29) આ જાત્ય સ્વરિત ભલે એક જ પદમાં રહેતો હોય તથાપિ શબ્દ ગઠનકાળ પૂર્વે, તે શબ્દમાં જે પ્રકૃતિ+પ્રત્યય જોડાયા હોય છે. તેમાંના ઉદાત્ત અને અનુદાત્તનું પણ તે સમયે મિશ્રણ થઈને આ જાત્ય સ્વતન્ત્ર સ્વરિત બન્યો હોય છે. કેમકે **वीर्यम्** અહીં બે પ્રકારની સન્ધિ થઈ છે :

(૧) **वीरि = अम्** । **इ > य्+अ = य**

(૨) **रि + आ** । } **र्य**
० + – } **(=स्वरित)**

ઉદાત્ત + અનુદાત્તની (પણ) સન્ધિ થઈને સ્વરિત જન્મ્યો.

આવા જાત્ય સ્વતન્ત્રસ્વરિત બે પ્રકારના જોવા મળે છે : **(क)** કંપવાળા અને **(क)** કંપ વિનાના. આ બન્ને પ્રકારોની સમજૂતી નીચે પ્રમાણે છે.

(क) કંપવાળો જાત્ય સ્વતન્ત્ર સ્વરિત : જે સંયુક્ત વ્યંજનાન્ત **य्** કે **व्** વાળા અક્ષરને આશ્રયે જાત્ય સ્વરિત રહેલો હોય તેની પાછળ, સંહિતામાં જો ઉદાત્ત (કે બીજો કોઈ સ્વતન્ત્ર સ્વરિત) આવે તો તે પૂર્વવર્તી અક્ષરમાં રહેલો જાત્ય સ્વરિત કંપ અનુભવે છે. દા. ત.,

---

૨. અહીં એ નોંધપાત્ર છે કે-ઉદાત્ત+અનુદાત્ત (કે પરતન્ત્રી સ્વરિત)ના સમાહારથી જ સ્વતન્ત્રસ્વરિત જન્મી શકે છે; પણ જો પહેલા (પૂર્વમાં) અનુદાત્ત હોય અને તેની પાછળ ઉદાત્ત આવેલો હોય તો, તેવા બે સ્વરધર્મોના સમાહારથી સ્વતન્ત્ર સ્વરિત જન્મતો નથી. (અનુદાત્ત+ઉદાત્તથી તો ઉદાત્ત જ બને છે.)

स्वा॒ध्यो॒ ३॒॑ वि̥. । ऋ. सं ७-२-५

(પદપાઠ : । सु॒ऽ आ॒ध्यः । वि̥. ।)

(કલ્પિત) સન્ધિ : १. आ $\boxed{\text{धि + अ}}$ स् = ध्य } ध्यः

२. – $\boxed{\text{० + –}}$ = । }

(ઉદાત્ત+અનુદાત્ત = સ્વરિત)

આ ઉદાહરણમાં **वि** અક્ષર ઉદાત્તસ્વરયુક્ત હોઈને, તેની પૂર્વમાં આવેલો **ध्यं** જાત્ય સ્વરિત સ્વર કંપ અનુભવે છે. કારણકે આ સ્વતન્ત્ર સ્વરિતની પૂર્વાર્દ્ધની $\frac{1}{2}$ માત્રામાં તો ઉદાત્તત્વ રહેલું છે, પણ ત્યાર પછીની ઉત્તરાર્દ્ધની બાકીની $\frac{1}{2}$ માત્રામાં જે અનુદાત્તત્વ રહેલું છે, તે ઉત્તરવર્તી **वि̥** અક્ષરમાં રહેલા ઉદાત્તત્વથી ભીંસ અનુભવે છે. એટલે કે બે ઉદાત્તની વચ્ચે જે અનુદાત્તનો અંશ રહેલો છે, તે 'કમ્પ' અનુભવે છે.

આ કંપને નોંધવા માટે ઋગ્વેદમાં નીચે મુજબની વ્યવસ્થા જોવા મળે છે :

(क) ૧. જો સંહિતામાં તે સ્વતંત્ર સ્વરિત **દીર્ઘ અક્ષરને આશ્રયે રહેલો હોય તો** તેની પાછળ ३॒॑ એવું નિશાન મુકવામાં આવે છે, (એટલે કે ३ એવા અંકની ઉપર સ્વરિતનો । ઊભો લીટો, અને નીચે અનુદાત્તનો – આડો લીટો મૂકવામાં આવે છે : ३॒॑ અને તે ३॒॑ ની બરાબર આગળ આવેલા (સ્વતંત્ર સ્વરિત સ્વરવાળા) અક્ષરની નીચે (અનુદાત્તની) – આડી લીટી મૂકવામાં આવે છે. જેમકે, **स्वा॒ध्यो॒ ३॒॑ वि̥** (**ऋ. सं.** ७-२-५.) અહીં આ જાત્ય સ્વરિતવાળા **ध्यो॒** અક્ષરની નીચે (પણ) અનુદાત્તની નિશાની મૂકાઈ છે.

(क) ૨. સંહિતામાં જો સ્વતંત્ર સ્વરિત **હ્રસ્વ અક્ષરના આશ્રયે રહેલો હોય** તો તેની બરાબર પાછળ १॒॑ ની નિશાની મૂકવામાં આવે છે. [એટલે કે ૧ એવા અંકની ઉપર સ્વરિતની, અને નીચે અનુદાત્તની નિશાની મૂકાય છે : १॒॑.] અને તે १॒॑ ની બરાબર આગળ આવેલા (સ્વતન્ત્ર સ્વરિતવાળા), અક્ષરને કોઈ પણ પ્રકારની નિશાની વિના છોડી દેવામાં આવે છે. ઉદા. ત. **प्र स्व १॒॑ आ.** । **ऋ. सं.** ७-९-३ અહીં **प्रऽस्वः** । જાત્ય સ્વરિત હ્રસ્વ હોઈને, સંહિતામાં તેની પાછળ १॒॑ ની નિશાની મુકાઈ છે, તથા **स्वः** અક્ષરને (સંહિતામાં) નિશાની વિના નોંધેલ છે.

સ્વતંત્રસ્વરિત જો દીર્ઘ હોય તો તેની પાછળ ३, અને તે જો હ્રસ્વ હોય તો તેની પાછળ ૧ મૂકવામાં આવે છે; [અને તે બંનેની ઉપર સ્વરિતની અને અનુદાત્તની નિશાનીઓ પણ (= ३॒॑–१॒॑) મુકાય છે]-એવી રૂઢિને નોંધ્યા પછી, કોઈને પણ

એનું કારણ જાણવાની ઇચ્છા થાય તો, આ લેખના આરંભે મુદ્દા નં-૧માં, આપણે કોઈ પણ સ્વરિતસ્વરમાં કેટકેટલી માત્રા ઉદાત્તની અને અનુદાત્તની ભળી હોય છે એ અંગે (क) અને (ख) એવાં બે અર્થઘટનો દર્શાવ્યાં છે, (તેને અહીં ફરી વાર યાદ કરી લઈએ).

ત્યાં (ख) પ્રકારના અર્થઘટનમાં કહ્યું છે કે – સ્વરિતસ્વરધર્મ જે હ્રસ્વ અક્ષરને આશ્રયે રહેલો હોય, તે (એકમાત્રિક) હ્રસ્વ અક્ષરની આદિ ૦ાા માત્રા ઉદાત્તની હોય છે અને બાકીની ૦ાા માત્રા અનુદાત્તની બનેલી હોય છે. હવે આવા સ્વરિતની પાછળ જો બીજો ઉદાત્તસ્વરધર્મવાળો અક્ષર આવી જાય તો તે (પૂર્વે આવેલા) સ્વરિતના ઉત્તરાર્ધની (એક) ૦ાા અનુદાત્ત માત્રા ભીંસ અનુભવે છે; અને તેના ઉચ્ચારણમાં ‘કંપ’ થાય છે [આથી આવા કંપ સહિતના સ્વતંત્રસ્વરિતને ‘કંપ સ્વરિત’ પણ કહે છે.] અહીં કંપ અનુભવનારી અનુદાત્તની ૦ાા માત્રા સંખ્યામાં ‘એક અર્ધી માત્રા’નો હોય છે, તેથી હ્રસ્વ અક્ષરમાં રહેલા તે સ્વતંત્ર સ્વરિતની પાછળ ૧નો અંક મુકાય છે; અને તે હ્રસ્વ અક્ષર સ્વતંત્ર સ્વરિતવાળો છે એમ દર્શાવવા તે સ્વરિતની નિશાની વર્ણ ઉપરથી ખસેડી ૧ ઉપર મુકાય છે; તથા તે સ્વરિતના ઉત્તરાર્ધની એક અર્ધી માત્રાએ (કે જે અનુદાત્તની છે, તેણે) કંપ અનુભવ્યો છે એમ દર્શાવવા તે ૧ ની નીચે અનુદાત્તનું નિશાન પણ મુકાય છે : ૧॒

હવે જો સ્વરિતસ્વરધર્મ દીર્ઘ અક્ષરને આશ્રયે રહેલો હોય, તો તે (બે માત્રિક) દીર્ઘ અક્ષરની આદિ ૦ાા માત્રા ઉદાત્તની હોય છે, અને બાકીની ૧½ (= ત્રણ અર્ધી-અર્ધી) માત્રાઓ અનુદાત્તની બનેલી હોય છે. હવે આવા સ્વરિતની પાછળ જો બીજો નવો ઉદાત્તસ્વરધર્મવાળો અક્ષર આવી જાય તો તે (પૂર્વે આવેલા) સ્વરિતના ઉત્તરાર્ધની ૧½ = ત્રણ અર્ધી માત્રા અનુદાત્તની માત્રાઓ ભીંસ અનુભવે છે; અને તેના ઉચ્ચારણમાં ‘કંપ’ થાય છે. અહીં કંપ અનુભવનારી અનુદાત્તની માત્રાઓ સંખ્યામાં ૧½ = ત્રણ અર્ધી માત્રાઓ હોય છે, તેથી દીર્ઘ અક્ષરમાં રહેલા તે સ્વતંત્ર સ્વરિતની પાછળ ૩નો આંકડો મુકાય છે; અને તે દીર્ઘ અક્ષર સ્વતંત્ર સ્વરિતવાળો છે એમ દર્શાવવા તે સ્વરિતની નિશાની વર્ણ ઉપરથી ખસેડીને ૩ ઉપર મુકાય છે; તથા તે સ્વરિતના ઉત્તરાર્ધની ત્રણ અર્ધી-અર્ધી માત્રાઓએ (કે જે અનુદાત્તની બનેલી છે, તેણે) કંપ અનુભવ્યો છે એમ દર્શાવવા તે ૩ ની નીચે પણ, અનુદાત્તનું નિશાન પણ મુકાય છે : ૩॒ (આના ઉદાહરણો તરીકે પ્રસ્તુત ૧૦મા મંડળના ૯૫.૭, ૯૭.૧૦, ૧૨૧.૫, ૧૨૩.૭, ૯૭.૨૩, ૧૦૩.૭, ૧૧૯.૧૧, ૧૦૩.૩, ૧૨૫.૭, ૧૨૭.૧૨ મંત્રોની સમજૂતી જોવા અનુરોધ છે.)

(ख) કંપ વિનાનો જાત્ય સ્વરિત : ઋગ્વેદમાં ઘણી જગ્યાએ આ જાત્ય સ્વરિતની પાછળ ૧॒ કે ૩॒ નું ચિહ્ન જોવા મળતું નથી. એટલે કે કંપ વિનાનો પણ જાત્ય સ્વતન્ત્ર સ્વરિત જોવા મળે છે. આનું કારણ એ છે કે આવા જાત્ય સ્વરિતોવાળા

અક્ષરની પાછળ આવેલા અક્ષરમાં ઉદાત્ત સ્વર (કે બીજો કોઈ સ્વતન્ત્ર સ્વરિત) આવેલો હોતો નથી. બીજા શબ્દોમાં કહીએ તો આવા જાત્ય સ્વરિતવાળા અક્ષરની પાછળના અક્ષરમાં અનુદાત્તત્વ રહેલું હોય તો ત્યાં તે જાત્ય સ્વરિત 'કંપ' અનુભવતો નથી. દા. ત. (સંહિતા પાઠ) **मा नोऽहिर्बु॒ध्न्यो॑ रि॒षे̥.** ૭-૩૪-૧૭
(પદપાઠ) **मा । नः । अ̥हिं॑-। बु॒ध्न्य॑ः । रि॒षे̥ ।**

અહીં **ध्न्य॑ः** । માં જાત્ય સ્વરિત રહેલો છે. પણ તેના ઉત્તરવર્તી અક્ષર **रि** માં (ઉદાત્ત કે કોઈ સ્વતંત્ર સ્વરિત રહેલો નથી, પણ તેમાં) તો અનુદાત્ત સ્વર રહેલો છે, તેથી **ध्न्य॑ः** જાત્ય સ્વરિતવાળા અક્ષરની ઉત્તરાર્દ્ધની $૧^{૧}/_{૨}$ = ત્રણ અર્ધી માત્રા, કે જે અનુદાત્તત્વની બનેલી છે, તેમાં 'કંપ' જન્મતો નથી. માટે સંહિતામાં તે **धन्यः**' ની પાછળ **३॒** મૂકવામાં આવેલ નથી.

[૨] **ક્ષૈપ્ર સ્વતન્ત્ર સ્વરિત :** બે પદો વચ્ચે **यणादेश** વાળી[૩] સન્ધિ થાય છે ત્યારે[૪], સંહિતામાં સંયુક્ત વ્યંજનાન્ત **य्** કે **व्** કારવાળા અક્ષરને આશ્રયે જે સ્વતન્ત્ર સ્વરિત આવીને ઊભો રહે છે, તેને "ક્ષૈપ્ર સ્વતન્ત્ર સ્વરિત" કહેવામાં આવે છે. અહીંઆ જે બે પદો વચ્ચે સન્ધિ થાય છે તેમાં અનુક્રમે પહેલા પદાન્તીય **इ/उ** કાર ઉદાત્ત સ્વર યુક્ત હોય છે, અને પછીના પદાદિ અક્ષરમાં અનુદાત્તસ્વર હોય છે. દા. ત.

(સંહિતાપાઠ) **स॒स̥ाद॒ क्र̥त्वा॒ ह्य १॒॑ ग्̥निर॒मृता॒ँ** ०। **ऋ. सं.** ७-४-५/६

(પદપાઠ) **स॒स̥ाद॑ । कृ̥त्वा॑ । हि̥ । अ॒ग्̥निः । अ॒मृ̥ता॑न् ।**

અહીં **हि** (**ह्+इ**) માંના પદાન્તીય **इ** કાર અને **अग्नि** ના પદાદિ **अ** કાર-તે બેની વચ્ચે **यणादेश** વાળી સન્ધિ થઈ છે. તથા તે જ સમયે તે બે અક્ષરોના આશ્રયે રહેલા (**हि̥** માંના) ઉદાત્ત અને (**अ॒** માંના) અનુદાત્ત સ્વરોનો પણ સન્ધિ = સમાહાર

---

[૩] **यणादेश** વાળી સન્ધિ એટલે-પાણિનીય સૂત્ર **इको यणचि** । ૬-૧-૭૭ અનુસાર, કોઈ પણ (અસવર્ણ) સ્વરની બરાબર પૂર્વમાં આવેલા **इ, उ, ऋ, ऌ** વર્ણોના સ્થાને અનુક્રમે **य् व् र् ल्** એવા આદેશો (= ધ્વનિપરિવર્તનો) થાય છે. જેમકે, **सुधी+उपास्य** । અહીં **उ** સ્વરવર્ણની બરાબર પૂર્વમાં આવેલા **धी** ના **ई** કારના સ્થાને **य्** આદેશ થાય છે : ૧. **सुध्य् + उपास्य = सुध्युपास्य** । ૨. **मधु + अत्र > मध्व् + अत्र = मध्वत्र** । વગેરે.

[૪] એક જ પદમાં **यणादेश** વાળી સન્ધિ થાય ત્યારે 'જાત્ય' પ્રકારનો સ્વતન્ત્ર સ્વરિત બને છે. પણ જ્યારે બે પદો વચ્ચે **यणादेश** વાળી સન્ધિ થાય છે ત્યારે ક્ષૈપ્ર સ્વતન્ત્રસ્વરિત બને છે. (આ જ રીતે, પ્રશ્લિષ્ટ અને અભિનિહિત પ્રકારના ત્રીજા અને ચોથા પ્રકારના સ્વતન્ત્ર સ્વરિતોમાં પણ બે પદો વચ્ચે જ સન્ધિ થઈ હોય છે.)

થાય છે, પરિણામે તેમાંથી (સંહિતામાં) ક્ષૈપ્ર સ્વતન્ત્ર સ્વરિત જન્મે છે. હવે આ ક્ષૈપ્ર સ્વરિત (**ह्य**) ના ઉત્તરવર્તી અક્ષર **ग्नि** માં ઉદાત્તસ્વર રહેલો હોઈને તે ક્ષૈપ્ર સ્વરિત કંપ અનુભવે છે. (પરંતુ) આ ક્ષૈપ્રસ્વરિતહ્રસ્વ **अ** = **ह्य** માંનો (**अ**) સ્વર (= અક્ષર)ને આશ્રયે રહેલો હોઈને, તે કંપને નોંધવા માટે **ह्य** ની પાછળ ૧ નું નિશાન મૂકવામાં આવે છે (તથા તે ૧ નિશાનીની આગળ આવેલા = પુરોવર્તી **ह्य** ને કોઈ પણ પ્રકારની નિશાની કર્યા વિના છોડી દેવામાં આવે છે.) [જો ક્ષૈપ્ર સ્વતન્ત્ર સ્વરિતમાં દીર્ઘ સ્વર હોય તો તેની પાછળ ३ ની નિશાની મૂકાય છે અને (સંહિતામાં) તે ક્ષૈપ્રસ્વતન્ત્ર સ્વરિતવાળા અક્ષરની નીચે અનુદાત્તની--આડી લીટી મૂકાય છે.]

[૩] **પ્રશ્લિષ્ટ સ્વતન્ત્ર સ્વરિત :** પદાન્તીય સ્વર અને પદાદિ સ્વર જો એક જ સરખા હોય (= સવર્ણ હોય) તો તે સ્વરોના સ્થાનમાં સવર્ણ દીર્ઘ સન્ધિ થાય છે, જેને 'પ્રશ્લિષ્ટ સવર્ણ સન્ધિ' પણ કહેવામાં આવે છે. દા. ત. **अ+अ = आ । इ+इ = ई । आ+आ = आ । अ+आ = आ ।** વગેરે.[૫] હવે, અહીંઆ પદાન્તીય સ્વર જો ઉદાત્ત હોય અને તેની પાછળ કોઈ પદાદિ સ્વર અનુદાત્ત (અથવા પરતન્ત્રી સ્વરિત) હોય તો તેમનો પણ સમહાર થાય છે (= તે બે સ્વર પરસ્પર ભેગા મળે છે); તેમાંથી જે સ્વર જન્મે છે તેને પ્રશ્લિષ્ટ સ્વતન્ત્ર સ્વરિત'' કહે છે. બીજા શબ્દોમાં કહીએ તો બે પદો વચ્ચે સવર્ણ દીર્ઘ સન્ધિ થઈને જે સ્વતન્ત્ર સ્વરિત જન્મ્યો હોય તેને ''પ્રશ્લિષ્ટ સ્વતન્ત્ર સ્વરિત'' કહે છે. દા. ત.

(સંહિતા) **प्र जा॒ता अ॒भी॒ ३॒॑ मं य॒ज्ञं ० । ऋ. सं. ३-४-५**

(પદપાઠ) **। प्रं । जा॒ता । आ॒भि । इ॒मम् । य॒ज्ञम् ।**

અહીં – ૧. **आ** | **भि+इ** | **मम्** । માં **इ+इ = ई** · **तथा**
૨. | ० + – | નો સમાહાર થઈને '।' } પ્રશ્લિષ્ટ સ્વતન્ત્ર

(ઉદાત્ત+અનુદાત્ત થઈને) સ્વરિત (**भीं**)
જન્મ્યો છે.

આમ પહેલો પદાન્તીય **इ** અને બીજો પદાદિ **इ** - એ બેની વચ્ચે 'સવર્ણ દીર્ઘ'

---

[૫] **अकः सवर्णे दीर्घः । पा: सू.** ६-१-१०१ સૂત્રથી **अ इ उ ऋ लृ** ની પાછળ તેવા જ સવર્ણ સ્વરો (દા. ત. **अ**ની પાછળ **अ**, **इ**ની પાછળ **इ**) આવેલા હોય તો, તે બે વર્ણોના સ્થાનમાં એક સવર્ણ દીર્ઘ એકાદેશ થાય છે. જેમકે, **दैत्य+अरि > दैत्यारिः । श्री+ईय श्रीशः । विष्णु+उदय > विष्णूदयः ॥** વગેરે.

સન્ધિ થઈ છે, અને સાથે ને સાથે તે બે અક્ષરોમાં રહેલા (અનુક્રમે) ઉદાત્ત+અનુદાત્તનું પણ મિશ્રણ થયું છે અને તેમાંથી **રીં** અક્ષરમાં જે સ્વરિત જન્મ્યો છે, તે ''પ્રશ્લિષ્ટ સ્વતંત્ર સ્વરિત'' પ્રકારનો ગણાય છે.

(સંહિતા) **धुरी॒ ३॒॑ वा̥त्यो॒** । **ऋ. सं** ७-२४-५ **(अ)**.

(પદપાદ) । **धु॒रि̥ ऽ इ॑ व । अ̥त्यः**)



[**નોંધ :** ઉદાત્ત+અનુદાત્તથી નહીં, પણ ઉદાત્ત + પરતંત્રી સ્વરિતથી જન્મતા પ્રશ્લિષ્ટ સ્વરિતનું આ ઉદાહરણ છે:]

૧. અહીં પહેલાં તો બે પદો (**धुरि+इव**)[૬] વચ્ચે સન્ધિ થઈ છે. જેમકે, એક પદાન્તીય **इ** + બીજો પદાદિ **इ** = તેની સવર્ણ દીર્ઘ સન્ધિ થવાથી **री** બન્યો છે. ત્યાર પછી તે પદાન્તીય **इ** (**रि**) અક્ષરના આશ્રયે રહેલો ઉદાત્ત સ્વર + પદાદિ **इ** અક્ષરના આશ્રયે રહેલો પરતંત્રી સ્વરિત સ્વર પણ પરસ્પર સમાહાર પામ્યા છે, જેના પરિણામે **रीं** એવો પ્રશ્લિષ્ટ સ્વતંત્ર સ્વરિત જન્મ્યો છે.

૨. **(इ)व॒ + अ̥(त्य) = वा̥** । અહીં **व** અક્ષરમાં પ્રચય (= અનુદાત્ત) સ્વર, અને **अ** અક્ષરમાંનો ઉદાત્ત સ્વર ભેગા મળીને સંહિતામાં (**व॒+अ̥**) = **वा̥** એવો ઉદાત્ત સ્વરવાળો અક્ષર બન્યો છે. તેથી પૂર્વવર્તી **रीं** એવા પ્રશ્લિષ્ટ સ્વરિતમાં કંપ જન્મે છે. (અહીં **रीं** પોતે દીર્ઘ અક્ષર હોઈને, સંહિતામાં તેની પાછળ **३॒॑** ની નિશાની મૂકાઈ છે, અને **री** અક્ષરની નીચે પણ–અનુદાત્તની નિશાની મૂકાઈ છે :

धुरी॒ ३॒॑ वा̥त्यों ॥

***

---

[૬] **सुपो धातुप्रातिपदिकयोः** । ૨-૪-૭૧ સૂત્ર ઉપરની 'સિદ્ધાન્તકૌમુદી'માં એક વાર્તિક છે : **इवेन समासो विभक्त्यलोपश्च** ॥ આ વાર્તિક અનુસાર **धुरि** પદનો **इव** ની સાથે સમાસ થાય છે, અને તેમાં સપ્તમી વિભક્તિના પ્રત્યય (**इ**)નો અલોપ થાય છે : **धुरीव** । (ઋગ્વેદના પદપાઠકારના મતે) આ **इव** નિપાતનો જેની સાથે સમાસ થયો હોય છે, તેને 'એકપદ' જ ગણવામાં આવે છે (પરિણામે પદપાઠમાં તેમને કેવળ અવગ્રહથી પૃથક્ કરીને, પરંતુ ''એક જ પદ'' રૂપે રજૂ કરેલ છે.) બીજું, આવા **इव** નિપાતનો સામાન્ય રીતે સર્વાનુદાત્ત સ્વર જ હોય છે : **इ॒व॒** । પણ જો તે **इ** નો પૂર્વવર્તી અક્ષર ઉદાત્ત સ્વરવાળો હોય તો **इ॒** > **इ॑** પરતન્ત્રી સ્વરિત સ્વરવાળો બને છે.

જે પ્રશ્લિષ્ટ સ્વતંત્ર સ્વરિતમાં કમ્પ જન્મતો નથી તેનું એક ઉદાહરણ જોઈશું :

(સંહિતા) व̥सु॑न्ना͓ दि॒वी॑व॒ द्या̥मु̥धि॑ः ० । ऋ० सं० ७-२४-५ (व)

(પદપાઠ) व̥सु॑ना॒म् । दि॒वि̥ऽइ॑व͓ । द्या̥म् । अधि॑

અહીં **दिवि+इव** । માં સવર્ણ દીર્ઘ સન્ધિ થવાથી **दिवीव** । બને છે ત્યારે તે **वि̥** અક્ષરને આશ્રયે રહેલા ઉદાત્ત સ્વર, અને **इ** અક્ષરને આશ્રયે રહેલો પરતંત્રી સ્વરિત સ્વરનો પણ સમાહાર થાય છે; અને તેમાંથી પ્રશ્લિષ્ટ સ્વતંત્ર સ્વરિત જન્મે છે. હવે આ પ્રશ્લિષ્ટ સ્વરિતમાં 'કંપ' જન્મ્યો નથી; કારણ કે તે પ્રશ્લિષ્ટ સ્વરિતવાળા **वी॑** અક્ષરના ઉત્તરવર્તી અક્ષર **व॒** માં પ્રચય (અનુદાત્ત) સ્વર રહેલો છે. (અગાઉ કહ્યું છે તેમ એક સ્વતંત્ર સ્વરિતની પાછળ જો ઉદાત્ત, કે બીજો કોઈ સ્વતંત્ર સ્વરિત આવ્યો હોય તો જ તે સ્વતંત્ર સ્વરિતમાં કંપ જન્મે છે.

***

ઉદાત્ત સ્વરવાળા પદાન્તીય **उ** અક્ષર અને અનુદાત્ત સ્વરવાળા બીજા પદાદિ **उ** કારના સમાહારથી (= પ્રશ્લિષ્ટ = સવર્ણ દીર્ઘ સન્ધિ થવાથી) દીર્ઘ **ऊ** અક્ષરમાં પ્રશ્લિષ્ટ સ્વતંત્ર સ્વરિત જન્મ્યો હોય એવું ઉદાહરણ ઋગ્વેદમાંથી મળી આવતું નથી.[૭] 'ઋગ્વેદ પ્રાતિશાખ્ય'માં ''શાકલ્યના મતે બે **इ** કારના પ્રશ્લેષથી (જ) પ્રશ્લિષ્ટ સ્તરિત બને છે; અને માણ્ડૂકેયના મતે સર્વત્ર (અર્થાત્ બે **उ** કારના પ્રશ્લેષથી પણ) પ્રશ્લિષ્ટ સન્ધિ (= સવર્ણ દીર્ઘ સન્ધિ)માંથી પ્રશ્લિષ્ટ સ્વરિત જન્મી શકે છે'' એવા બે વિભિન્ન મતો નોંધાયા છે.[૮] અહીં; માણ્ડૂકેય મુનિએ સૈદ્ધાન્તિક દૃષ્ટિએ, 'એક ઉદાત્ત સ્વરવાળો **उ** કાર અને બીજો અનુદાત્ત સ્વરવાળો **उ** કાર ભેગાં થતાં **ऊ॑** પ્રશ્લિષ્ટ સ્વતંત્ર સ્વરિત પણ જન્મી શકે છે' એનો સ્વીકાર કર્યો લાગે છે.

---

[૭] જુઓ : W. D. Whitney : SANSKRIT GRAMMAR Rule No. 128, page. 44 તથા G. C. Jhala, Kampa in the accent system of the Ṛgveda 'Section. 1, p. 102, 103, આ લેખ ''As'vina in the Ṛgveda and other Indological Essays'', Pub. Munshiram Monoharlal Publishers Pvt. Ltd. Delhi, 1978માં સંગૃહીત છે.

[૮] **इकारयोश्च प्रश्लेषे क्षैप्राभिनिहितेषु च ।**
उदात्तपूर्वरूपेषु शाकल्यस्यैवमाचरेत् ॥
एवम्
माण्डूकेयस्य सर्वेषु प्रश्लिष्टेषु तथा स्मरेत ॥
— **ऋग्वेदप्रातिशाख्यम्** (३-१३, १४).

જ્યારે શાકલ્ય મુનિએ વાસ્તવિક રીતે, ઋગ્વેદમાં '(કેવળ) એક ઉદાત્ત इ કાર અને બીજા અનુદાત્ત इ કારના મિશ્રણથી ई પ્રશ્લિષ્ટ સ્વતંત્ર સ્વરિત જન્મે છે' એવું વિધાન કર્યું હશે.

[૪] અભિનિહિત સ્વતંત્ર સ્વરિત :

અભિનિહિત સન્ધિમાં પદાન્તે આવેલા ઉદાત્ત સ્વરવાળા **एकार** કે ઉદાત્ત **ओकार** રૂપ અક્ષરમાં પરવર્તી પદાદિ અનુદાત્ત સ્વરવાળો હ્રસ્વ **अकार** ભળી જાય; એટલે કે "પૂર્વરૂપ એકાદેશ સન્ધિ"[૯] થાય ત્યારે પદાન્તે આવેલા **एकार** કે **ओकार** ઉપર જે સ્વતન્ત્ર સ્વરિત જન્મે છે તેને 'અભિનિહિત સ્વતન્ત્ર સ્વરિત' કહે છે. દા. ત. (૧)

(સંહિતા) **विश्पतिं दुरोणे ३ ग्निर्मन्द्रो मधुवचा०** । ऋ० ७-७-४

(પદપાઠ) **विश्पतिः । दुरोणे । अग्निः । मन्द्रः । मधुऽवचाः** ।०।

અહીંઆ **दुरोणे+अग्निः** એવાં બે પદોની વચ્ચે પૂર્વરૂપ એકાદેશ સન્ધિ થઈ છે. આ સન્ધિમાં પદાન્તે આવેલા **णे** અક્ષરમાં, પરવર્તી **अ** અક્ષર ભળી ગયો છે (= 'અભિનિહિત' થયો છે.) આ સન્ધિ દરમ્યાન તે **णे** અક્ષરને આશ્રયે રહેલા ઉદાત્ત સ્વર, અને **अ** અક્ષરને આશ્રયે રહેલા અનુદાત્ત સ્વરનો પણ સમાહાર થયો છે જેના પરિણામે **णें** માં અભિનિહિત સ્વતંત્ર સ્વરિત જન્મ્યો છે તથા તે સ્વતન્ત્ર સ્વરિતની પાછળ આવેલા **ग्नि** અક્ષરમાં ઉદાત્ત સ્વર રહેલો હોઈને તે **णें** એવા અભિનિહિત સ્વતન્ત્ર સ્વરિતમાં કંપ જન્મ્યો છે; તથા તે **णें** સ્વતન્ત્ર સ્વરિત દીર્ઘ અક્ષરનો બનેલો હોઈને સંહિતામાં તેની પાછળ **३** ની નિશાની મૂકાઈ છે, તથા તે સ્વતન્ત્ર સ્વરિતની નીચે અનુદાત્તની - આડી લીટીરૂપ નિશાની મુકવામાં આવે છે : **दुरोणे ३ ग्निरु०** ।

દા. ત. (૨) બીજું એક ઉદાહરણ જોઈશું :

(સંહિતા) **सजोषां वावशानो, ३ ग्नेः पिब०** । ऋ० ३-३५-९

(પદપાઠ) । **सऽजोषाः । वावशानः । अग्नेः । पिब** ।०

અહીં આ **वावशानः + अग्नेः** માં સન્ધિ થતાં **वावशानो + अग्नेः** > (પછી પૂર્વરૂપ એકાદેશ થતાં = પૂર્વવર્તી ઓકારમાં પરવર્તી હ્રસ્વ **अकार** ભળી જતાં)

---

[૯] **एङः पदान्तादति । पा. सू. ६-१-१०९** સૂત્રથી "પદના અન્તે આવેલા **एकार** કે **ओकार**ની પાછળ હ્રસ્વ **अकार** આવેલો હોય તો, તે હ્રસ્વ **अकार**નો 'પૂર્વરૂપ એકાદેશ' થાય છે. (અર્થાત્ પોતાની પૂર્વમાં આવેલા **एकार** કે **ओकार**માં (તે હ્રસ્વ **अकार** ભળી જાય છે. દા. ત. **हे हरे+अव > हे हरेऽव । विष्णो+अव > विष्णोऽव** । (અહીં પૂર્વમાં આવેલા **ए** કે **ओ**માં પરવર્તી હ્રસ્વ **अकार** ભળી ગયો છે, તેમ દર્શાવવા લિપિમાં અવગ્રહ (ऽ) નું ચિહ્ન મુકાય છે.)

वावशानोऽग्नेः । એવી પરિસ્થિતિ જન્મે છે. આ વખતે નુ અક્ષરનો ઉદાત્ત સ્વર અને **अ** અક્ષરનો અનુદાત્ત સ્વર પણ પરસ્પર સાથે ભેગા મળે છે, તેમાંથી (**नों** અક્ષરમાં) અભિનિહિત સ્વતન્ત્ર સ્વરિત જન્મે છે, તથા **ग्नेः** અક્ષરમાં ઉદાત્ત સ્વર હોવાથી, તે **ग्नेः** ની પૂર્વમાં આવેલા **नों** એવા અભિનિહિત સ્વતન્ત્ર સ્વરિતમાં કમ્પ જન્મે છે, જેને નોંધવા માટે, **नो**ની પાછળ ३નું નિશાન મૂકાય છે.

૩

'કમ્પવાળા જાત્ય સ્વરિત' વિષે ચર્ચા કરતાં અગાઉ ૨ (૨), (क) ૧માં જણાવ્યું હતું કે- "જે અક્ષરને આશ્રયે સ્વતન્ત્ર સ્વરિત રહેલો હોય તેની પાછળ (સંહિતામાં) જો ઉદાત્ત **અથવા** બીજો કોઈ સ્વતન્ત્ર સ્વરિત આવે તો તે પૂર્વવર્તી અક્ષરમાં રહેલો સ્વતન્ત્ર સ્વરિત 'કમ્પ' અનુભવે છે." હવે ઉપર્યુક્ત ચર્ચામાં એવાં જ ઉદાહરણો લીધાં છે કે જેમાં એક સ્વતન્ત્ર સ્વરિતની પાછળ બીજો ઉદાત્ત સ્વર (વાળો અક્ષર) આવતાં 'કમ્પ' જન્મતો હોય છે, પરંતુ સ્વતન્ત્ર સ્વરિતની પાછળના અક્ષરમાં ઉદાત્ત નહીં, પણ બીજો એક સ્વતન્ત્ર સ્વરિત આવીને ઊભો રહે તો પણ તે પૂર્વવર્તી સ્વતન્ત્ર સ્વરિતમાં કમ્પ જન્મે છે એનું ઉદાહરણ બતાવવાનું બાકી રહ્યું છે. હવે તે વિષે ચર્ચા કરીશું : 'ઋગ્વેદ પ્રાતિશાખ્યમાં કહ્યું છે કે –

जात्योऽभिनिहितश्चैव क्षैप्रः प्रश्लिष्ट एव च ।
एते स्वराः प्रकम्पन्ते यत्रोच्चस्वरितोदयाः ॥ (३-३४)

"જાત્ય, અભિનિહિત, ક્ષૈપ્ર અને પ્રશ્લિષ્ટ પ્રકારના સ્વતંત્ર સ્વરિત સ્વરોમાં 'કમ્પ' જન્મે છે, જો તે સ્વતંત્ર સ્વરિતની પાછળ (ના અક્ષરમાં)–(૧) ઉચ્ચ ઉદાત્ત કે, (૨) (બીજો સ્વતન્ત્ર) સ્વરિત આવીને ઊભો રહે તો:"

આ નિયમમાં, 'કંપ જન્મવા માટેની બે શરતોનો નિર્દેશ કરવામાં આવ્યો છે. આ વિષે વ્હીટનીએ પણ નિયમ તારવ્યો છે.[10] પરંતુ સ્વતન્ત્ર સ્વરિતની પાછળ

---

[10] If an independent circumflex be followed by an acute (for by another independent circumflex), a figure 1 is set after the former circumflexed vowel if it be short, or a figure 3 if it be long." - W. D. Whitney, SANSKRIT GRAMMAR, rule 87 d, page 30.

[11] If an independent Svarita precedes an Udātta it is marked with the numeral (1) when its vowel is short, and with (3) when it is long, the figures receving both, the sign of the Svarita and that of the Anudātta which precedes an Udātta e.g. अप्स्व १ न्तर्०) रायो ३ वनिः । The phenomenon is described by the phoneticians with the words 'kampa'–quaver, vikampita and the verb pra-kamp. –Macdonell, VEDIC GRAMMAR, Rule no. 84-b pp. 78-79.

ઉદાત્ત સ્વર આવે ત્યારે જે કંપ જન્મે છે તેનાં જ તેમણે ઉદાહરણ આપ્યાં છે. અને સ્વતન્ત્ર સ્વરિતની પાછળ બીજો કોઈ સ્વતન્ત્ર સ્વરિત સ્વર આવતાં પૂર્વવર્તી સ્વતન્ત્ર સ્વરિતમાં કંપ જન્મ્યો હોય એવું એક પણ ઉદાહરણ તેમણે આપ્યું નથી.

પ્રો઼ફે. મેકેડોનલ અને (કદાચ તેમને અનુસરીને), પ્રોફે. વેલણકરને પણ, આવી બીજી શરતવાળા સ્વતન્ત્ર સ્વરિતની સંભાવના સરખી પણ દેખાઈ નથી.[11] પ્રોફે. વેલણકરને આવું ઉદાહરણ નહીં મળવા તરફ પ્રોફે. જી.સી. ઝાલાએ આશ્ચર્ય વ્યક્ત કર્યું છે. કેમકે પ્રોફે. વેલણકરે ઋગ્વેદસંહિતના જે ૭મા મંડળનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો છે, તે મંડળમાં જ આનું ઉદાહરણ મળી આવે છે. જેમકે, **स॒मी॒के॒ ई॒॑ भी॒तिम्** । (ṚV VII-21-9 cd). પ્રોફે. જી. સી. ઝાલા એક સ્વતન્ત્ર સ્વરિતની પાછળ બીજો એક સ્વતન્ત્ર સ્વરિત આવતાં પૂર્વવર્તી સ્વતન્ત્ર સ્વરિતમાં કંપ જન્મી શકે છે, અને જ્યાં આવો કંપ જન્મ્યો છે તેના એક ઉદાહરણ તરફ કેવળ **અંગુલિનિર્દેશ** કરીને એકદમ અટકી ગયા છે, અને તેની કોઈ સમજૂતી આપી નથી. તથા તે બંને સ્વતંત્ર સ્વરિતના કયા પ્રકારો ? વગેરેનું કશું જ વિવરણ કર્યું નથી.[12]

આપણે આ ઉદાહરણને વિગતે સમજીશું :

(સંહિતા)

तेऽव॑सा॒ स॒मी॒के॒ ई॒॑ भी॑ति॒म॒र्यो॑ व॒नु॒षां॒ । ७-२१-९

(પદપાઠ)

ते॑ । अ॒व॑सा । स॒म्ऽई॒के॑ । अ॒भि॑ऽई॑ ति॒म् । अ॒र्यः॑ । व॒नु॒षाम् ।

केऽ । **भी**

અભિનિહિત સ્વતંત્ર સ્વરિત | પ્રશ્લિષ્ટ સ્વતંત્ર સ્વરિત

આ ઉદાહરણમાં પદાન્તે આવેલા **के** માંના એકારની અંદર પરવર્તી **अभि**નો હ્રસ્વ **अ**કાર 'પૂર્વરૂપ એકાદેશ' સન્ધિ થઈને ભળી ગયો છે (= અભિનિહિત થયો છે) : **केऽभि** । આ સમયે **के॑** અક્ષરમાંના ઉદાત્ત સ્વરની સાથે, પદાદિ **अ॒** અક્ષરમાંના અનુદાત્ત સ્વરનો પણ સમાહાર (મિશ્રણ) થયો છે. પરિણામે **के॑** અક્ષરમાં 'અભિનિહિત સ્વતંત્ર સ્વરિત' સ્વરનો જન્મ થયો છે.

ત્યાર પછી, । **ऽभि॑+ई॑ति॒म्** । એ બે પદો વચ્ચે સન્ધિ થાય છે. જેમકે, **भि**

---

11. જુઓ : પૃ. 110

12. જુઓ G. C. Jhala, As'vinā in the Ṛgveda and other Indological Essays, pp. 102-105.

અક્ષરમાંના इકારની સાથે **इतिम्**નો આદિ इકાર ‘સવર્ણ દીર્ઘ સન્ધિ’ (= પ્રશ્લિષ્ટ) થઈને દીર્ઘ **ई** રૂપે પરિણમે છે : – **ऽभ्री॑तिम्** । આ સમયે **भ्रि** અક્ષરમાંના ઉદાત્ત સ્વર અને **इ॑तिम्** । શબ્દમાંના **इ॑** પરતંત્રી સ્વરિત સ્વર (કે જે મૂળમાં તો અનુદાત્ત જ હોય છે, તે͓)નો પણ સમાહાર થાય છે. જેના પરિણામે **भ्रीँ** અક્ષરમાં ‘પ્રશ્લિષ્ટ સ્વતંત્રસ્વરિત’ સ્વરનો જન્મ થાય છે.

હવે, **के॑** અક્ષરમાંના અભિનિહિત સ્વતંત્ર સ્વરિતની પાછળ **भ्रीँ** અક્ષરમાંનો પ્રશ્લિષ્ટ સ્વતંત્ર આવીને ઊભો રહે છે. તેથી **के॑** માંનો અભિનિહિત સ્વ. સ્વ. કંપ અનુભવે છે. (વળી, આ **के** પોતે દીર્ઘ અક્ષર છે) તેથી **के** ની પાછળ, તે ‘કમ્પ’ની નોંધ લેવા માટે **३॒** એવું અંકન કરવામાં આવ્યું છે તથા **३॒**ની પૂર્વમાં આવેલા **के॒**ની નીચે અનુદાત્તની ‘–’ આડી લીટી મૂકવામાં આવી છે. **इति दिक्** ।

આમ, એક ‘અભિનિહિત સ્વતંત્ર સ્વરિત’ની પાછળ બીજો ‘પ્રશ્લિષ્ટ સ્વતંત્ર સ્વરિત’ આવે ત્યારે પણ ‘કંપ’ જન્મી શકે છે એનું આ એક ઉદાહરણ ૭મા મંડળમાંથી મળે છે.

આવું એક બીજું ઉદાહરણ **शतचक्रं यो॒ ३॒॑ ह्यौं वर्तन्ति** । (ऋ. ૧૦-૧૪૪-૪) માં પણ મળે છે. તેમાં અભિનિહિત સ્વ. સ્વ.ની પાછળ જાત્ય સ્વ.સ્વ. આવેલો છે. (જુઓ : ઋગ્વેદ પ્રાતિશાખ્ય : ૩-૬ ઉવ્વટ).

૪

સ્વતંત્ર સ્વરિતોનું નિર્માણ કેવી રીતે થાય છે, તેના કેટલા પ્રકારો છે, તથા સંહિતાપાઠમાં તેમનું અંકન કેવી રીતે કરવામાં આવે છે એ વિષે ઉપર ચર્ચા કરવામાં આવી છે. પરંતુ આવા સ્વતંત્ર સ્વરિતોની પદપાઠમાં શી સ્થિતિ હોય છે ? એ વિષે પ્રકટપણે ચર્ચા કરવાની બાકી છે.

અગાઉ કહ્યું છે તેમ ચાર પ્રકારના સ્વતંત્ર સ્વરિતોમાંથી જે પહેલો જાત્ય સ્વતંત્ર સ્વરિત સ્વર છે, તે કેવળ એક પદમાં જ પ્રકૃતિ+પ્રત્યયના ધ્વનિઓમાં સન્ધિ થવાથી જન્મ્યો હોય છે: જેમકે, **वी॒र्य॑म्** । = [**वी॒रि॒** + **अ॒म्**] ।

क॒न्या॑ । = [**क॒नि॑** + **आ॒**] ॥

પરિણામે તેવા જાત્ય સ્વતંત્ર સ્વરિતવાળા પદને પદપાઠમાં એક પદ તરીકે જ ઉતારવામાં આવે છે; અને તેમાં જે તે અક્ષર ઉપર જાત્ય સ્વરિતની નિશાની ચાલુ રહે છે. બીજું, જો સંહિતા પાઠમાં પરવર્તી અક્ષરના ઉદાત્ત સ્વરની અસર હેઠળ તે જાત્ય સ્વતંત્ર સ્વરિતમાં કંપ જન્મ્યો હોય અને તેના સ્વરાંકન માટે **१॒** કે **३॒** નિશાની વપરાઈ હોય તો પદપાઠ કરતી વખતે તે કંપ, અને તેના સ્વરાંકનની **१॒** કે **३॒** નિશાનીઓ ચાલુ રહેતી નથી. જેમકે,

(સંહિતા) **यांह्य͓ग्ने͓ प॒थ्या॒ ३॒॑ अ॑नु** ०। **ऋ. सं.** ૭-૭-૨.

(પદપાઠ) **या॒हि॒** । **अ॒ग्ने॒** । **प॒थ्याः॑** । **अ॑नु** । ० ॥

અહીં **प॒थ्यां॑ः** । પદ જાત્ય સ્વતંત્ર સ્વરિત સ્વરવાળું છે. સંહિતામાં **अनु॑** નો અકાર ઉદાત્ત સ્વરવાળો હોવાથી તે જાત્ય સ્વતંત્ર સ્વરિતમાં કંપ જન્મ્યો છે, અને તેને નોંધવા **३॒** ની નિશાની મુકાઈ છે; પણ પદપાઠમાં તે નિશાની જતી રહે છે; અને મૂળ જાત્ય સ્વરિતની નિશાની સાથે જ તેને મૂકાય છે : **प॒थ्यां॑ः** ।

હવે, જાત્ય સ્વતંત્ર સ્વરિત સિવાયના બાકીના ત્રણ સ્વતંત્ર સ્વરિત તો સંહિતાપાઠમાં બે પદો વચ્ચે સન્ધિ થવાથી જન્મ્યા હોય છે; આથી પદપાઠ કરતી વખતે તે બે સન્ધિયુક્ત પદોને છૂટાં પાડવાં પડે છે. પરિણામે, એક પદાન્તીય અને બીજા પદાદિ અક્ષરની સન્ધિથી જન્મેલા તે સ્વતંત્ર સ્વરિતો પણ પદપાઠમાં સંપૂર્ણ અદશ્ય થઈ જાય છે. અર્થાત્ પદપાઠમાં ક્યારેય ક્ષૈપ્ર, પ્રશ્લિષ્ટ અને અભિનિહિત સ્વતંત્ર સ્વરિત જોવા મળતા નથી.

(દા. ત. સંહિતા) **श्रुध्य १॒॑ स्य हिर॑ण्यपाणे॒ ० । ऋ. सं. ७-३८-२**

(પદપાઠ) **श्रुधि । अ॒स्य । हिर॑ण्यऽपाणे ० ।**

**

હવે, એક વિશિષ્ટ ઉદાહરણની ચર્ચા કરીશું. સામાન્ય રીતે સંહિતાપાઠમાં સ્વતંત્ર સ્વરિત જોવા મળતા હોય છે; અને પરવર્તી અક્ષરના ઉદાત્ત કે બીજા એક સ્વતંત્ર સ્વરિતથી તે સ્વતંત્ર સ્વરિતમાં કંપ જન્મ્યો હોય છે. આ 'કંપ'ની સ્થિતિ પદપાઠમાં નિવૃત્ત થતી જોવા મળે છે. પરંતુ કોઈક વિશિષ્ટ સંજોગોમાં એવું પણ જોવા મળે છે કે મૂળ સંહિતાપાઠમાં સ્વતંત્ર સ્વરિત કંપ વિનાનો હોય અને પાછળથી પદપાઠમાં તે કંપસહિત નોંધાતો હોય છે. જેમકે,

(સંહિતા) **द्यावा॑पृथि॒वी अ॒पः स्व॑ः । ऋ. सं. ७-४४-१**

આના પદપાઠમાં :-

द्यावा॑पृथि॒वी इति॑ । अ॒पः । स्व १॒॑ रिति॑ स्व॑ः ।

અહીં ('સૂર્ય' વાચક) **स्वर्** શબ્દ રેફાન્ત હોઈને, પદપાઠમાં **इति॑** કરણ કરવું પડે છે. હવે, આ **इति॑** કરણ આદ્યુદાત્ત હોઈને પદપાઠમાં તે **स्व॑ः** એવા જાત્ય સ્વતંત્ર સ્વરિતમાં કંપ જન્મે છે, જેને નોંધવા માટે **१॒** એવું અંકન કરવામાં આવે છે :

। स्व १॒॑ रिति॑ स्व॑ः ॥

ચારેય પ્રકારના સ્વતંત્ર સ્વરિતોનાં કેટલાંક ઉદાહરણો ઋગ્વેદના ૩, ૪, ૫, ૭ અને ૧૦મા મંડળમાંથી તારવ્યાં છે. તે નીચે મુજબ છે :

[૧] જાત્ય સ્વરિતનાં કેટલાંક ઉદાહરણો :

III. 1.10/2.13, 15/4.6, 9/8.4/11.3/12.7, 9/30.3, 7/31.3, 6, 13, 16/,

---

૧૩. ઋગ્વેદસંહિતા ૩, ૪, ૫,. ૭ અને ૧૦ મંડળમાંથી આ ઉદાહરણો લઈને પૃથક્કૃત કર્યાં છે. ઉપર મંડળ, સૂક્ત અને મંત્રનો સંદર્ભ આપ્યો છે; જરૂર પડે ત્યાં મંત્રના ચાર ચરણને a, b, c, d રૂપે દર્શાવ્યાં છે.

32.11/33.2, 7, 10/38.2, 7/42.8/46.1/48.4/50.1/51.10, 11/53.8, 16/54.15, 22/55.11, 15.62.1//

IV. 4.14/6.6, 8/9.5, 6/12.6 (a)/16.21(b), 21(d)/17.4/19.7/21.2, 8, 11(b), 11(d)/23.6/25.6(a), 6(d)/36.1/45.2/57.6/58.8//

V. 4.2, 6/10.2/12.1/19.5/29.9/33.10(a), 10(b)/34.1/41.13, 16, 20/42.6, 12/45.5/46.3, 5/47.5(a), 5(d)/53.13/54.13(b), 13(c), 15/56.4/59.3/61.2/64.2/66.2//

VII. 2.5/5.6/6.5/6.7/7.2/9.3, 5/18.8/21.3/23.4/26.1/29.4/32.27/34.19/35.13/36.8/38.3/40.1/42.6// (કંપ વિનાના) 2.9/3.4/5.5// વારંવાર વપરાતા જાત્ય સ્વરિતવાળા કેટલાક શબ્દો આ પ્રમાણે છે.

वि॒भ्वः॑ (भु+अ॒स् = भ्वः॑), वी॒र्य॑म् (व॒रि+अ॒म् = वी॒र्य॑म्),

(स्फि॒ग्या॑ (गि+आ॒ = ग्या॑), क॒न्यां॑ (क॒नि+आ॒=न्यां॑),

प्र॒ण्यः॑ (नि+अ॒स्॑ = न्यः॑), अ॒सु॒र्य॑म् (अ॒सु॒रि+अ॒म् = र्यं॑),

ओ॒क्यै॑ (ओकि+ए॒ = क्यै॑), त॒न्वः॑ (त॒नु+अ॒ = न्वः॑),

म॒नु॒ष्यै॑ (म॒नु॒षि+ए॒ = ष्यै॑), न॒द्यः॑ (न॒दी+अ॒स्॑ = द्यः॑),

उ॒क्थ्य॑म् (उ॒क्थि+अ॒म् = उ॒क्थ्य॑म्) स्वा॒ध्यः॑ (सुऽआ॒ध्यः॑ > आधि+अ॒ः = ध्यः॑),

क्व॑ (कु+अ॒=क्व॑) गे॒ह्य॑म् (गे॒हि+अ॒म्=ह्य॑),

जु॒ह्वां॑ (जु॒हु+आ॒=ह्वां॑), बु॒ध्न्यां॑ (बु॒ध्नि+आ॒ = ध्न्यं॑),

प॒थ्याः॑ (पथि+आ॒स=थ्याः॑), दू॒त्य॑म् (दू॒ति+अ॒म् = त्य॑म्)

स्त॒र्यः॑ (स्त॒रि+अ॒स्=र्यं॑), वि॒ष्व॒कूद्य (वि॒ष्व॒द्रि+अ॒क = द्यू)

वि॒द॒थ्य॑म् (वि॒द॒थि+अ॒म्=थ्य॑म्) વગેરે.

X (મંડળ-૧૦)

(क) કંપ વિનાના જાત્ય સ્વતંત્ર સ્વરિતો : ૧૦-૭, ૧૫-૧૪, ૧૬-૪, ૪૧-૧, ૪૩-૫, ૯૦-૧૨, ૯૭-૧૬, ૯૭-૧૯, ૯૭-૨૧, ૧૬૩-૧, ૧૭૭-૨.

(ख) કંપવાળા જાત્ય સ્વતંત્ર સ્વરિતો : ૪-૭, ૬-૪, ૭-૭, ૧૦-૩, ૧૦-૭, ૧૦-૧૧, ૧૨, ૧૪-૨, ૩૪-૬, ૪૧-૧, ૪૩-૪, ૯, ૭૧-૪, ૮૫-૨૨, ૨૭, ૩૦, ૯૫-૭, ૯૭-૧૦, પદપાઠમાં ૧૨૧-૫, ૧૨૩-૭, ૧૨૫-૨, ૧૨૭-૬, ૧૩૦-૭, ૧૫૧-૪, ૧૬૩-૨, ૧૭૦-૪.

૧૦મા મંડળમાં આવેલા જાત્ય સ્વરિતવાળા શબ્દો

स्व॒र्य॑म् (स्व॒रि+अ॒म्), र॒थ्य॑ः (र॒थि+अ॒ः)

वृ॒क्य॑म् (वृ॒कि+अ॒म्) सु॒प्रा॒व्ये॑ (सु॒प्रा॒वि+ए॒)

शी॒र्ष॒ण्य॑म् (शी॒र्ष॒णि+अ॒म्) रा॒ज॒न्य॑ः (रा॒ज॒नि+अ॒ः)

हृ॒द॒य्य॑या (हृ॒द॒यि+अ॒या) त॒न्व॑म् (त॒नु+अ॒म्)

दो॒ष॒ण्य॑म् (दो॒ष॒णि+अ॒म्) व॒रु॒ण्या॑त् (व॒रु॒णि+आ॒त्)

[૨] ક્ષૈપ્રસ્વરિતનાં ઉદાહરણો

III. 1.3/26.8/36.4/46.4/50.2/51.6/54.19//

IV. 4.4, 15/5.7/7.9/12.4, 6(c)/14.3/19.9/29.4/36.2/37.1/58.11//

V. 2.12/5.4/22.4/23.1/32.10/40.9/45.4/45.5/46.8/50.2/54.4/56.7/60.6//

VII. 4.5, 6/29.1/31.3/38.2(a), 2(b).

X. ૧૦મા મંડળમાં ક્ષૈપ્રસ્વતંત્ર સ્વરિતનાં ઉદાહરણો આ પ્રમાણે છે :

૧.૫, ૧૦-૧૧, ૧૫-૪, ૧૬-૧૪, ૮૫-૨૧, ૧૦૩-૩, ૧૨૫-૭, ૧૨૭-૧૨.

[૩] પ્રશ્લિષ્ટ સ્વરિતનાં ઉદાહરણો

III. 4.5 अ॒भी॑ ३॑ मं (अ॒भि॒+इ॒म॒म्)

VII. 24.5 धु॒री॒ ३॑ वा॒त्यो॒ (। धु॒रि॒ऽ + इ॑व । अ॒त्य॑) (તથા ૨૧.૯)

X. 10 મા મંડળમાં આનું એક ઉદાહરણ ૧૦-૧૧૯-૮ છે.

[૪] અભિનિહિત સ્વરિતનાં ઉદાહરણો

III. 5.10/35.9// ऋ॒ष्वो॒ ३॑ ग्निर् (ऋ॒ष्व॒+अ॒ग्नि॒):
वा॒व॒शा॒नो॒ ३॑ ग्नेः (वा॒व॒शा॒नुः+अ॒ग्नेः)

IV. 6.7 // पा॒व॒को॒ ३॑ ग्निर् (पा॒व॒कः । + अ॒ग्निः)

VII. 7.4 / दु॒रो॒णे॒ ३॑ ग्निर् (दु॒रो॒णे+अ॒ग्निः)
21.9 स॒मी॒के॒ ३॑ भीं॑तिम् ।
। स॒म् ऽ ई॒के । + अ॒भि ऽ इं॑तिम् ।
के भीं

X. ૧૦મા મંડળમાં ૯૭-૨૩, ૧૦૩-૭, ૧૧૯-૧૧.

***

॥ श्रीः ॥

ऋग्वेदे दशमं मण्डलम्

(सायणभाष्यसमेतम्)

[10.1] (1 to 7)

दशमे मण्डले द्वादशानुवाकाः । तत्र प्रथमानुवाके षोडश सूक्तानि । तत्र 'अग्ने बृहन्' इति सप्तर्चं प्रथमं सूक्तमाप्त्यस्य त्रितस्यार्षम् । अनादेशपरिभाषया त्रिष्टुप् । मण्डलादिपरिभाषयाग्निर्देवता । तथा चानुक्रम्यते—'अग्ने सप्त त्रितः' इति । प्रातरनुवाकाश्विनशस्त्रयोराग्नेये क्रतौ त्रैष्टुभे छन्दसीदमादीन्यष्ट सूक्तान्यष्टमस्यान्त्यास्तिस्रो वर्जयित्वा । सूत्र्यते हि—'अग्ने नयाग्ने बृहन्नित्यष्टानामुत्तमादुत्तमास्तिस्र उद्धरेदिति त्रैष्टुभम्' (आश्व. श्रौ. ४.१३) इति । 'प्रातरनुवाकन्यायेन तस्यैव समाम्नायस्य सहस्रावममोदेतोः शंसेत्' (आश्व. श्रौ. ६.५) इति च । होमार्थं प्रणीत आहवनीये प्राग्घोमादुपशान्ते ज्योतिष्मद्गुणकाग्निदेवताका काचिदिष्टिः । तत्राद्या याज्या । सूत्रितं च—'इष्टिरग्निर्ज्योतिष्मान् वरुण उदग्ने शुचयस्तवाग्ने बृहन्नुषसामूर्ध्वो अस्थात्' (आश्व. श्रौ. ३.१२) इति । उपाकरणोत्सर्जनयोर्मण्डलादिहोमेऽप्येषा । सूत्रमुदाहृतम् ॥

सूक्त पहेलुं - ऋषि : आप्त्यत्रित, देवता : अग्नि, छंद : त्रिष्टुप्

सूक्तनो विषयप्रवेश

દશમા મંડળના આ પ્રારંભિક સૂક્તમાં પૃથિવીલોકના અધિષ્ઠાતા દેવ તરીકે (પાર્થિવ) અગ્નિદેવની સ્તુતિ કરવામાં આવી છે. અહીં અગ્નિને ઓષધિનો પુત્ર-શિશુ- કહ્યો છે; કારણ કે તે બે અરણીકાષ્ઠોને ઘસીને ઉત્પન્ન કરવામાં આવે છે. વળી, તેને દ્યાવાપૃથિવીના ગર્ભરૂપ પણ કહ્યો છે. તે અગ્નિ જ્વાળાઓ રૂપી અવયવોવાળો-શરીરવાળો છે; આ જ્વાળાઓ પાછી વિવિધ વર્ણની વર્ણવાઈ છે. આ જ્વાળાઓ ભડભડ બળતી હોવાથી અગ્નિને **कनिक्रदद्** - અવાજ કરતો પણ કહેવાયો છે: આ અગ્નિને અનાજને વધારનારો અને જીર્ણ થયેલી વનસ્પતિને ભસ્મીભૂત કરતો પણ વર્ણવાયો છે.

આ અગ્નિ મનુષ્યપ્રજાને માટે અતિથિ રૂપ છે, હોતા છે; અને મનુષ્યોના યજ્ઞમાં દેવોને લઈ આવનાર ગણાયો છે. યજ્ઞમાં સૌથી પહેલા અગ્નિને લાવવામાં આવે છે તેથી તેને 'પુરોહિત' (અર્થાત્ આગળ સ્થાપવામાં આવેલ) કહેવાયો છે. આ અગ્નિને પ્રકાશને માટે અને શ્રીને અર્થે પ્રાર્થવામાં આવ્યો છે. વળી, એક સુપુત્ર જેમ ધનથી ક્ષીણ થયેલા માતાપિતાને ધનથી ટકાવી રાખે તેમ અગ્નિદેવ પણ પોતાના માતપિતા સ્વરૂપ દ્યાવાપૃથિવી લોકને પણ પોતાનાં તેજથી વિસ્તારે છે.

આ સૂક્તના ત્રીજા મન્ત્રમાં જે ‘તૃતીય’નો નિર્દેશ છે, તેમાં આ સૂક્તના દ્રષ્ટા ઋષિ ત્રિતઆપ્ત્યનો નિર્દેશ છે એમ ભાષ્યકાર સાયણ કહે છે. આ સંભાવના નિરુક્ત આધારિત હોવાથી સ્વીકાર્ય બની શકે એમ છે. ત્યાં અગ્નિને વ્યાપનશીલ = ‘વિષ્ણુ’ અને ‘વિદ્વાન્’ કહેલ છે તે સૂચક છે. આવા અગ્નિદેવની સ્તુતિ કરીને, ઋષિ પોતાના યજ્ઞમાં તે અન્ય દેવોને બોલાવી લાવવાનું ‘હોતા’ (= આહ્વાતા) તરીકેનું મહત્ત્વનું કાર્ય કરે તેવી પ્રાર્થના કરવામાં આવી છે. આવા અગ્નિને **अध्वरस्य केतुम्** અને **चित्ररथम्** કહ્યો છે. આમ અગ્નિની આ સ્તુતિમાં અગ્નિની ઉત્પત્તિના સંદર્ભથી શરૂ કરી, સ્વરૂપ વર્ણન, યજ્ઞકર્મમાં તેની સહાયકતા, વગેરેનું કથન કરવાની સાથે કાવ્યાત્મક સંસ્પર્શ આપતાં રૂપકો અને ઉપમાઓ પણ પ્રયોજાઈ છે તે નોંધપાત્ર છે.

अग्रे॑ बृ॒हन्नु॒षसा॑मू॒र्ध्वो अ॑स्थान्निर्ज॑ग॒न्वान्तम॑सो॒ ज्योति॒षागा॑त् ।
अ॒ग्निर्भा॒नुना॒ रुश॑ता॒ स्वङ्ग॒ आ जा॒तो विश्वा॒ सद्मा॑न्यप्राः ॥१॥

अग्रे॑ । बृ॒हन् । उ॒षसा॑म् । ऊ॒र्ध्वः । अ॒स्था॒त् । निः॒ऽज॒ग॒न्वान् । तम॑सः । ज्योति॑षा । आ । अ॒गा॒त् । अ॒ग्निः । भा॒नुना॑ । रुश॑ता । सु॒ऽअङ्गः॑ । आ । जा॒तः । विश्वा॑ । सद्मा॑नि । अ॒प्रा॒ः ॥१॥

ᵛबृहन् महानेषोऽग्निः ᵛउषसाम् ᵛअग्रे उषसामुपर्युषःकाले ᵛऊर्ध्वः ᵛप्रज्वलितः सन् ज्वालारूपेण ᵛअस्थात् तिष्ठति । ततः ᵛतमसः । रात्रिनामैतत् । रात्रेः ᵛनिर्जगन्वान् निर्गतः ॥ गमेः क्वसाविडभावे रूपम् ॥ निर्गतो निष्क्रान्तवान् सोऽग्निः ᵛज्योतिषा स्वीयेन तेजसा लक्षितः सन् ᵛआगात् । गार्हपत्याद्विह्रियमाण आहवनीयं प्रत्यागच्छति । अनन्तरं ᵛस्वङ्गः शोभनज्वालावयवः ᵛजातः कर्मार्थं समुत्पन्न एषः ᵛअग्निः ᵛरुशता । रोचतेर्ज्वलतिकर्मण इदं रूपम् । आरोचमानेन । यद्वा । रुशतिर्हिंसार्थः । तमसां हिंसकेन । ᵛभानुना तेजसा ᵛविश्वा ᵛसद्मानि सर्वाल्लँलोकान् यद्वा सदनानि यज्ञगृहाणि ᵛआ ᵛअप्राः आपूरयति । ‘प्रा पूरणे’ । ‘तिङां तिङो भवन्ति’ इति तिपः सिबादेशः । अत्र वाजसनेयकम्—‘अग्रे बृहन्नुषसामूर्ध्वो अस्थादित्यग्रे ह्येष बृहन्नुषसामूर्ध्वस्तिष्ठति । निर्जगन्वान्तमसो ज्योतिषागादिति निर्जगन्वान् रात्रेस्तमसो ज्योतिषैति । अग्निर्भानुना रुशता स्वङ्ग इत्यग्निर्वा एष भानुना रुशता स्वङ्ग आ जातो विश्वा सद्मान्यप्रा इतीमे वै लोका विश्वा सद्मानि तानेष जात आपूरयति’ (श.ब्रा. ६.७.३.१०) इति ॥

અનુવાદ (1) : મહાન્ એવો આ (અગ્નિ) ઉષાઓની આગળના ભાગમાં ઊંચે ઉઠેલો (= પ્રજ્વલિત થયેલો) ઊભો છે. (રાત્રિના) અંધકારમાંથી બહાર નીકળેલો તે (અગ્નિ) (પોતાના) પ્રકાશથી આવી પહોંચ્યો છે. (ત્યાર પછી) સુન્દર (જ્વાળાઓ રૂપી) અવયવોવાળો અને (યજ્ઞકર્મને માટે) જન્મેલો એવો તે અગ્નિ ચમકતા (પોતાનાં) તેજથી [અથવા (અંધકારનો) નાશ કરતા તેજથી] સઘળાં લોકને ભરી દે છે. (૧૦-૧-૧)

અભ્યાસનોંધ : આ સૂક્તમાં પાર્થિવ અગ્નિની સ્તુતિ કરવામાં આવી છે. પહેલા પાદનો અન્વય આ મુજબ છે : **बृहन् ऊर्ध्वः (अग्निः) उषसाम् अग्रे अस्थात्** । બૃહન્ એટલે મહાન અને **ऊर्ध्वः** નો અર્થ સાયણમતે પ્રજ્વલિત થઈને જ્વાળાઓ દ્વારા ઉપર ગયેલો, ઊંચો થયેલો છે, તથા પ્રાતઃકાળની ઉષાઓ ઉગે તે પહેલાં, તેમની આગળ આવીને ઊભો રહે છે. અર્થાત્ પરોઢિયે જે યજ્ઞાદિઓ શરૂ કરવાની હોય ત્યારે આ અગ્નિ પ્રજ્વલિત કરવામાં આવેલો હોય છે. બીજા પાદનો અન્વય **तमसः निर्जगन्वान् (अयम् अग्निः) ज्योतिषा आगात्** । એમ છે. **तमसः**માં પંચમી છે. રાત્રિના અંધકારમાંથી બહાર નીકળેલો આ અગ્નિ પોતાના જ્યોતિષ્‌થી અર્થાત્ પ્રકાશથી આવી પહોંચ્યો છે.

અહીં **अस्थात्** અને **आगात्** એ બંને **√स्था** અને **√गा (गम्)** ધાતુનું અદ્યતન ભૂતકાળ **लुङ्** લકારનું રૂપ છે. પરંતુ વેદમાં ભૂતકાળનાં રૂપોનો અર્થ પ્રાયઃ વર્તમાનકાળપરક કરવામાં આવે છે.

ત્રીજો અને ચોથો પાદ સમ્મિલિત કરીને એક વાક્ય બનાવવામાં આવે છે : **स्वङ्गः जातः अग्निः रुशता भानुना विश्वा सद्मानि आ अप्राः (=आपूरयति)** । અહીં અગ્નિને **सु+अङ्ग** = સુન્દર જ્વાળાઓ રૂપી અંગોવાળો અને યજ્ઞકર્મ માટે નવો જન્મેલો કહ્યો છે. તે અગ્નિ **रुशता भानुना** - 'ચમકતા **(रोचति)** તેજથી', અથવા 'અંધકારનો નાશ કરતા **(रुशति = विनाशयति)** તેજથી'—એવા દ્વિવિધ અર્થ સાયણ આપે છે. **विश्वा = विश्वानि सद्मानि** - સઘળાં લોકને, બધાં ઘરને, સર્વે યજ્ઞગૃહોને, (તેજથી) **अप्राः** - ભરી દે છે. (અદ્યતન ભૂતકાળ ત્રી.પુ.એ.વ) વેદમાં, નપુંસકલિંગ શબ્દનાં રૂપો **वनम् - वने - वना** કે **वनानि** । એવાં થાય છે. આમ **सद्मानि** નાં વિશેષણ રૂપે આવેલા **विश्वा**નો અર્થ **विश्वानि** જ લેવાનો છે.

વેંકટ માધવ નામના વ્યાખ્યાકારે તો ત્રીજા અને ચોથા પાદને સ્વતન્ત્ર વાક્ય તરીકે લઈને જ સમજાવેલ છે. જેમકે, **अग्निः भानुना रुशता स्वङ्ग (अस्ति)** ।' આ અગ્નિ ચમકતા પ્રકાશથી સુન્દર અંગોવાળો છે.' તથા **(एषः) जातः (अग्निः) विश्वा सद्मानि (= इमे लोकाः) आ अप्राः = आपूरयति** । 'જન્મેલો આ અગ્નિ સઘળાં ઘરોને (યજ્ઞશાળાઓને) (પોતાનાં તેજથી) ભરી દે છે.'

स जातो गर्भो असि रोदस्योरग्ने चारुर्विभृत ओषधीषु ।
चित्रः शिशुः परि तमांस्यक्तून्प्र मातृभ्यो अधि
कनिक्रदद्गाः ॥२॥

सः । जातः । गर्भः । असि । रोदस्योः । अग्ने । चारुः ।
विऽभृतः । ओषधीषु ।
चित्रः । शिशुः । परि । तमांसि । अक्तून् । प्र । मातृऽभ्यः ।
अधि । कनिक्रदत् । गाः ॥२॥

हे ᵛअग्ने ᵛजातः उत्पन्नः चारुः कल्याणरूपः ᵛओषधीषु ओषधिविकारेष्वरणीषु ᵛविभृतः विशेषेण मथितो यद्वा विभृतः आहवनीयाद्यात्मना विविधं ह्रियमाण ओषधीषु वर्तमानः ᵛसः त्वं ᵛरोदस्योः द्यावापृथिव्योः ᵛगर्भोऽसि गर्भो भवसि । अग्निरूप आदित्यरूपश्चेति । किंच चित्रः चित्रवर्णः 'काली कराली च मनोजवा' (मु.उ. १.२.४) इत्यादिसप्तजिह्वाभिः नानारूपः यद्वा चित्रश्चायनीयः ᵛशिशुः ओषधीनां शिशुरग्निः ᵛतमांसि ᵛअक्तून् रात्रिवत् कृष्णान् शत्रूंश्च ᵛपरि भवसि । स्वतेजसाभिभवसि । स त्वं ᵛमातृभ्यः मातृभूताभ्य ओषधीभ्यः । ᵛअधिः पञ्चम्यर्थद्योतकः । ताभ्यः ᵛकनिक्रदत् पुनः पुनः शब्दं कुर्वन् ᵛप्र ᵛगाः प्रगच्छसि प्रजायसे ॥

અનુવાદ (2) : હે અગ્નિ ! ઉત્પન્ન થયેલા તમે ચારુ (= કલ્યાણકારી) અને ઓષધી (= વનસ્પતિ રૂપ અરણી કાષ્ઠો)માં વિશેષ રૂપે ધારણ કરાયેલા તે તમો દ્યાવાપૃથિવી (= રોદસી)ના ગર્ભરૂપ છો. ચિત્ર (= વિવિધ વર્ણવાળા) અને (ઓષધીના) બાળક સ્વરૂપ એવા તમે (અગ્નિદેવ) અંધકાર રૂપ શત્રુઓનો પરાભવ કરો છો. (ઓષધીરૂપ = અરણીકાષ્ઠ રૂપ) માતાઓમાંથી અવાજ કરતાં કરતાં તમે જાવ છો. (= જન્મો છો). (૧૦-૧-૨)

અભ્યાસનોંધ : આ મન્ત્રમાં, ઓષધીમાંથી અર્થાત્ યજ્ઞક્રિયા દરમ્યાન બે અરણી કાષ્ઠોને ઘસવાથી ઉત્પન્ન થતા અગ્નિનું વર્ણન છે. આથી અહીં અગ્નિને ૧. **ओषधीषु विभृतः** અને ૨. **शिशुः** કહ્યો છે. બીજી એક રીતે, આ અગ્નિને ૩. **चारुः** 'કલ્યાણકારી', ૪. **चित्रः** = 'વિવિધ વર્ણવાળા'. અગ્નિની જ્વાળાઓ લીલા, પીળા, ભૂરા, લાલ વગેરે રંગની હોય છે; જેનું 'મુંડકોપનિષદ્'માં કાલી, કરાલી, મનોજવા વગેરે સાત જ્વાળાઓ રૂપી જીહ્વા તરીકે વર્ણન છે. તથા ૫. **कनिक्रदद्** - અવાજ કરતો, ક્રન્દન કરતો (અગ્નિ).

ત્રીજા પાદમાં **तमांसि अक्तून् परि** । એ વાક્યમાં ('હે અગ્નિ ! તમે અંધકારવાળા શત્રુઓને હરાવો છો') કેવળ **परि** ઉપસર્ગનો ઉપયોગ કર્યો છે; અને સાયણ કહે છે કે તે ઉપસર્ગની પાછળ **भवसि** ક્રિયાપદનો અધ્યાહાર ગણવો. **परिभवसि = पराभवसि = अभिभवसि** = 'હરાવો છો.' આમ, વેદના ઋષિઓ ક્યારેક કેવળ ઉપસર્ગોથી જ કામ લાગે છે. પૂર્વાપર સન્દર્ભોથી ક્રિયાપદનું અનુમાન કરી લેવાનું હોય છે.

विष्णु॑रि॒त्था प॑र॒मम॑स्य वि॒द्वाञ्जा॒तो बृ॒हन्न॒भि पा॑ति तृ॒तीय॑म् ।
आ॒सा यद॑स्य॒ पयो॒ अक्र॑त॒ स्वं॑ सचे॑तसो अ॒भ्य॑र्च॒न्त्यत्र॑ ॥३॥

विष्णु॑ः । इ॒त्था । प॒र॒मम् । अ॒स्य॒ । वि॒द्वान् । जा॒तः । बृ॒हन् । अ॒भि । पा॒ति॒ । तृ॒तीय॑म् । आ॒सा । यत् । अ॒स्य॒ । पय॑ः । अक्र॑त । स्वम् । सऽचे॑तसः । अ॒भि । अ॒र्च॒न्ति॒ । अत्र॑ ॥३॥

ᵛविद्वान् जानानः ᵛजातः प्रादुर्भूतः ᵛबृहन् महान् ᵛविष्णुः ᵛइत्था इत्थमनेन प्रकारेण विष्णुः व्यापनशीलो ज्ञानादिगुणयुक्तोऽग्निः ᵛअस्य इमं ᵛतृतीयं त्रयाणां पूरकं त्रितं माम् ᵛअभि ᵛपाति अभिरक्षतु । 'एकतो द्वितस्त्रित इति त्रयो बभूवुः' (निरु. ४.६) इति यास्केनोक्तम् । किंच ᵛअस्य अग्नेः ᵛस्वम् आत्मीयं ᵛपयः उदकम् ᵛआसा आस्येन ᵛयत् यदा ᵛअक्रत कुर्वन्ति यजमाना याचन्ते तदानीम् ᵛअत्र अस्मिँल्लोके स्थिताः स्तोतारः ᵛसचेतसः समानमनस्का भूत्वैनम् ᵛअभ्यर्चन्ति । अभिष्टुवन्ति ॥

અનુવાદ (3) : આ રીતે વિષ્ણુ (= વ્યાપનશીલ), વિદ્વાન્ (જાણકાર), (નવા) જન્મેલા અને મહાન એવા (અગ્નિદેવ) આ ઉત્તમ તૃતીય (ઋષિ)ને ચારે તરફથી રક્ષે છે. તથા આ (અગ્નિ)ના પોતાના ઉદકને (યજમાનો) મુખ વડે, જ્યારે માંગે છે- યાચના કરે છે - (ત્યારે) અહીં રહેલા સમાન ચિત્તવાળા (અગ્નિની) અર્ચના કરે છે. (૧૦-૧-૩)

નોંધ : આ મન્ત્રમાં અગ્નિને **विष्णुः, विद्वान्, जातः, बृहन्** - એવાં પ્રથમાન્ત પદોથી વિશેષિત કરવામાં આવ્યો છે. આવો આવો અગ્નિ 'તૃતીય' અર્થાત્ 'ત્રિત' નામના ઋષિને રક્ષે છે. **(अभि+पाति)**। આ 'તૃતીય'ના વિશેષણ તરીકે **परमम्** તથા **अस्य** પદો છે. અહીં **अस्य** એવા ષષ્ઠ્યન્ત પદને **इमम्** રૂપે પરિવર્તિત કરવામાં આવેલ છે. (સાયણ).

અહીં 'તૃતીય' એટલે 'કોની રક્ષા કરે છે ?' એવો પ્રશ્ન થાય તો તેને સમજાવતાં સાયણે કહ્યું છે કે નિરુક્તકારે જે એકત, દ્વિત અને ત્રિત નામના ત્રણ ઋષિ ભ્રાતાઓની વાત કરી છે (નિરુક્ત ૪-૬) - તેમાંના 'ત્રિત' ને અહીં (ઋ.૧૦-૧-૩માં) 'તૃતીય' શબ્દથી ઉલ્લેખ્યો છે. કેમકે આ સૂક્તના દ્રષ્ટા ઋષિનું નામ પણ 'ત્રિત આપ્ત્ય' છે.

ત્રીજા પાદમાં **यदा** અર્થમાં **यद्**નો પ્રયોગ છે; તેથી ચોથા પાદમાં **तदा = तदानीं** નો અધ્યાહાર સમજીને અન્વય ગોઠવવાનો છે. **आसा = आस्येन** - મુખથી, **अक्रत = कुर्वन्ति, यजमानाः याचन्ते** - કરે છે; યજમાનો યાચના કરે છે; (ત્યારે) **अत्र** - અહીં, આ લોકમાં (રહેલા સ્તોતાઓ, કે જે) **सचेतसः = समानमनस्काः** - ચેતનવાળાઓ, અથવા સમાન મનવાળા છે, તે આ (અગ્નિ)ને **अभि अर्चन्ति** પૂજે છે, અર્ચના કરે છે.

अत॑ उ त्वा पितु॒भृतो॒ जनि॑त्रीरन्ना॒वृधं॒ प्रति॑ चर॒न्त्यन्नैः॑ ।
ता ई॒ प्रत्यै॑षि॒ पुन॑र॒न्यरू॑पा॒ असि॒ त्वं वि॒क्षु मानु॑षीषु॒ होता॑
॥४॥

अत॑ः । ऊँ॒ इति॑ । त्वा॒ । पि॒तु॒ऽभृत॑ः । जनि॑त्रीः । अ॒न्न॒ऽवृध॑म् । प्रति॑ । च॒र॒न्ति॒ । अन्नैः॑ । ताः । ई॒म् । प्रति॑ । ए॒षि॒ । पुन॑ः । अ॒न्यऽरू॑पाः । असि॑ । त्वम् । वि॒क्षु । मानु॑षीषु । होता॑ ॥४॥

हे अग्ने ᵛअतः । ᵛउ इत्यवधारणे । अस्मादेव कारणात् ᵛपितुभृतः पितुनान्नेन सर्वस्य जगतो धारयित्र्य पोषयित्र्यो वा ᵛजनित्रीः जनयित्र्य ओषधयः ᵛअन्नावृधम् अन्नस्य वर्धकं ᵛत्वा त्वाम् ᵛअन्नैः हेतुभिः ᵛप्रति चरन्ति परिचरन्ति अभिगच्छन्ति । ततस्त्वम् ᵛईम् एनाः ᵛताः ओषधीः ᵛप्रत्येषि प्रतिगच्छसि । पुनरपि ᵛअन्यरूपाः जीर्णा ओषधीर्दाविभूतस्त्वं गच्छसि । किंच ᵛमानुषीषु मनुष्यजातिषु ᵛविक्षु प्रजासु । यद्वा । विक्ष्वग्निहोत्रादिक्रियास्वभिनिविशन्तीषु मानुषीषु मनुष्यजातिषु । ᵛहोता देवानामाह्वाता होमनिष्पादको वा ᵛअसि भवसि । मनुष्येषु स्थित इत्यर्थे ब्राह्मणं—'देवो ह्येष मर्त्येषु (तै. सं. ६.१.४.६-७) इति ॥

आतिथ्यायां स्विष्टकृतोऽनुवाक्या 'होतारम्' इत्येषा । सूत्रितं च—'होतारं चित्रथमध्वरस्य प्रप्रायमग्निर्भरतस्य शृण्व इति संयाज्ये' (आश्व.श्रौ. ४.५) इति ॥

અનુવાદ (4) : (હે અગ્નિ !) આ કારણે જ, અન્નથી (આખા જગત્‌ને) ધારણ કરતી અને જન્મ આપતી (ઓષધિઓ) અન્નના હેતુથી-પ્રયોજનથી-અન્નને વધારનાર એવા તમારી તરફ ફરે છે (ગમન કરે છે). ફરીથી અન્ય રૂપને પામેલી (અર્થાત્ જીર્ણ થયેલી) તે (ઓષધિ)ઓની પ્રત્યે (દાવાગ્નિ બનેલા) તમે જાવ છો. તમે માનુષી પ્રજામાં હોતા સ્વરૂપે (= દેવોના આહ્વાતા તરીકે) રહેલા છો. (૧૦-૧-૪)

નોંધ : આ મન્ત્રમાં અગ્નિને વનસ્પતિનો - લાકડાંનો વિનાશ કરનાર તરીકે, તથા મનુષ્ય પ્રજાને માટે (યજ્ઞક્રિયા દરમ્યાન) દેવોને બોલાવી લાવનાર દેવ તરીકે અગ્નિને પ્રાર્થવામાં આવ્યો છે. **त्वा = त्वाम्**, તને (અગ્નિને); **पितुभृतः** = 'પિતુ' એટલે અન્ન, **भृत** - (અન્નથી) ધારણ કરનાર, અને **जनित्रीः** - 'જન્મ આપનાર' – આ બે ઓષધિ (વનસ્પતિ)નાં વિશેષણ છે, તથા તે કર્તાવાચક પદ છે. તેની સાથે **प्रति चरन्ति** એવું ક્રિયાપદ ગોઠવવાનું છે. આ ઓષધી કોના પ્રત્યે જાય છે ? તો **त्वा = त्वाम् (अग्निम्)** - તારા = અગ્નિ તરફ. અગ્નિ કેવા ? તો **अन्नावृधं** = અન્નને વધારનાર, અને **अन्नैः** (હેતુ અર્થમાં તૃતીયા વિભક્તિ વપરાઈ છે, તેથી) 'અન્નના પ્રયોજનથી' એવો અર્થ થશે.

બીજી પંક્તિમાં, **ताः** આવી ઓષધી (= ઓષધિ), **अन्यरूपाः** - જ્યારે 'અન્યરૂપવાળી' અર્થાત્ ઘરડી થાય છે ત્યારે **(त्वां) प्रत्येषि** - તમારા (અગ્નિ) તરફ જાય છે. અર્થાત્ અગ્નિ શુષ્ક લાકડાંને બાળી નાખે છે. ચોથા પાદમાં કહે છે કે – **मानुषीषु विक्षु त्वं होता असि** । હે અગ્નિ ! તમે મનુષ્યોની પ્રજામાં હોતા = દેવોને બોલાવી લાવનાર છો.

होता॑रं चि॒त्रर॑थमध्व॒रस्य॑ य॒ज्ञस्य॑यज्ञस्य के॒तुं रुश॑न्तम् ।
प्रत्य॑र्धिं दे॒वस्य॑देवस्य म॒ह्ना श्रि॒या त्व१॒॑ग्निमति॑थिं॒ जना॑नाम्
॥५॥

होता॑रम् । चि॒त्रऽर॑थम् । अ॒ध्व॒रस्य॑ । य॒ज्ञस्य॑ऽयज्ञस्य । के॒तुम् । रुश॑न्तम् । प्रति॑ऽअर्धिम् । दे॒वस्य॑ऽदेवस्य । म॒ह्ना । श्रि॒या । तु । अ॒ग्निम् । अति॑थिम् । जना॑नाम् ॥५॥

ᵛअध्वरस्य यज्ञस्य ᵛहोतारम् एतन्नामानमृत्विजं यद्वा होतारं देवानामाह्वातारं चित्ररथं नानारूपरथमध्वरस्य रक्षोभिरहिंसितस्य ᵛयज्ञस्य सर्वस्य यज्ञस्य ᵛकेतुं प्रज्ञापकं पताकास्थानीयं वा ᵛरुशन्तं श्वेतवर्णं ᵛमह्ना स्वमहत्त्वेन देवस्यदेवस्य सर्वेषां देवानाम् ᵛअर्धिम् इन्द्रं ᵛप्रति भवन्तम् । 'यत्सर्वेषामर्धिमिन्द्रं प्रति' इति ब्राह्मणम् । तादृशं ᵛजनानां

यजमानानाम् ᵛअतिथिम् अतिथिवत् पूज्यम् ᵛअग्निं ᵛतु क्षिप्रं ᵛश्रिया श्रियोऽर्थं वयं स्तुमः ॥

અનુવાદ (5) : હોતા (= યજ્ઞમાં દેવોને બોલાવી લાવનાર), વિવિધવર્ણી (જ્વાળાઓ રૂપી) રથવાળા, (રાક્ષસોથી જેની હિંસા થતી નથી તેવા) અધ્વરના, એટલે કે બધા યજ્ઞોના કેતુ (ધજા પતાકા) સ્વરૂપ, શ્વેતવર્ણવાળા, 'બધા દેવોના દેવ અર્ધિ અર્થાત્ ઇન્દ્ર પ્રત્યે પોતાના મહિમાથી (જનારા) તથા માણસોના અતિથિ સમા આ અગ્નિદેવને (અમે) શ્રીને અર્થે (પ્રાર્થીએ છીએ.) (૧૦-૧-૫)

નોંધ : આ મન્ત્રમાં એક પણ ક્રિયાપદનો પ્રયોગ થયો નથી, તથા જે જે દ્વિતીયાન્ત પદ છે તે બધાં (**होतारम्, चित्ररथम्, अध्वरस्य केतुम्, रुशन्तम् देवस्यदेवस्य प्रत्यर्धिम्, जनानाम् अतिथिम् = अग्निम्**) અગ્નિનાં વિશેષણો છે. આ દ્વિતીયાન્ત પદોને કર્મકારક રૂપે લઈને (**वयम्**)...**अग्निम्** (**स्तुमः**) । અથવા (**प्रार्थयामः**) એવા ક્રિયાપદનો અધ્યાહાર લઈને, વાક્યને પૂર્ણ કરવામાં આવે છે.

આ મન્ત્રમાં **चि॒त्ररथम्** । એ બહુવ્રીહિ સમાસ છે, કેમકે તેના પૂર્વપદમાં ઉદાત્ત સ્વર પડ્યો છે. 'વિવિધ વર્ણવાળો છે રથ જેમનો' અર્થાત્ 'વિવિધરંગી રથવાળા' – એવો તેનો અર્થ છે. **अध्वरस्य**-નો રૂઢ અર્થ તો 'યજ્ઞના' એવો જ થશે. પણ 'નિરુક્ત'માં આ શબ્દની જે વ્યુત્પત્તિ આપી છે તે મુજબ "**न ध्वरति (हन्ति) इति अध्वरः** । જેમાં હિંસા થતી નથી તે અધ્વર" કહેવાય છે. આનો ઉપયોગ કરી સાયણ કહે છે કે રાક્ષસો જેની હિંસા થતી નથી, તેવા યજ્ઞને 'અધ્વર' કહેવાય ! આ મન્ત્રમાં બે ષષ્ઠ્યન્ત પદોના સમાસ ધ્યાનાસ્પદ છે. **यज्ञस्ययज्ञस्य** અને **देवस्यदेवस्य** । વીપ્સા અર્થમાં જો દ્વિરુક્તિ ગણીએ તો તેનો અર્થ 'પ્રત્યેક યજ્ઞના' અને 'પ્રત્યેક દેવના' એવો થાય. અથવા 'દેવોના દેવના' અર્થાત્ દેવોના દેવ ઇન્દ્ર. **अर्धिम् प्रति** એટલે 'ઇન્દ્રની પ્રત્યે' તથા **श्रिया**- તેવા તૃતીયાન્ત પદનો અર્થ ચતુર્થીપરક કરવાનો છે. **श्रिये** - લક્ષ્મીને માટે. **अग्निम् वयं स्तुमः** ॥

स तु वस्त्रा॒ण्यध॒ पेश॑नानि॒ वसा॑नो अ॒ग्निर्नाभा॑ पृथि॒व्याः ।
अ॒रु॒षो जा॒तः प॒द इळा॑याः पु॒रोहि॑तो राजन्यक्षी॒ह दे॒वान् ॥६॥

सः । तु । वस्त्रा॑णि । अध॑ । पेश॑नानि । वसा॑नः । अ॒ग्निः । नाभा॑ । पृ॒थि॒व्याः ।

अरुषः । जातः । पदे । इळांयाः । पुरःऽहितः । राजन् ।
यक्षि । इह । देवान् ॥६॥

हे ᵛराजन् दीप्यमानाग्ने ᵛवस्त्राणि आच्छादकानि तेजांसि ᵛअध अपि च ᵛपेशनानि तेषां तेजसां कार्ष्ण्यशौक्ल्यादीनि रूपाणि । यद्वा । अधानन्तरं पेशनानि । पेश इति हिरण्यनाम । हिरण्यवत् हिरण्यसदृशानि भास्वराणि तेजांसि । ᵛवसानः आच्छादयन् ᵛपृथिव्याः ᵛनाभा नाभौ नाभिस्थानीये ᵛइळायाः ᵛपदे उत्तरवेद्याम् । एतद्वा इळायास्पदं यदुत्तरवेदीनाभिः' (ऐ. ब्रा. १.२८) इत्याम्नानात् । तस्यां ᵛजातः समुत्पन्नः ᵛअरुषः आरोचमानो यः ᵛअग्निः एवंविधोऽसि स त्वं ᵛपुरोहितः पुरतो निहितः पूर्वस्यां दिशि आहवनीयायतने स्थापितः सन् ᵛइह अस्मिन् यज्ञे ᵛदेवान् इन्द्रादीन् ᵛयक्षि यज पूजय ॥

અનુવાદ (6) : તે (તેજ રૂપી) વસ્ત્રો અને કાળાં ધોળાં રૂપોને આચ્છાદિત કરતો અગ્નિ પૃથિવીની નાભિમાં (અર્થાત્ ઉત્તરવેદીમાં) ચમકતો (**अरुषः**) જન્મ્યો છે. આવા હે ચમકતા (અગ્નિ) ! પૃથિવીના પદ ઉપર આગળ સ્થાપવામાં આવેલા (= પુરોહિત) એવા તમે અહીં (યજ્ઞમાં) દેવોને પૂજો - તેમનું યજન કરો.

(૧૦-૧-૬)

નોંધ : આ મન્ત્રમાં પ્રાધાન્યેન ત્રણ વાક્યો વિચારી શકાય છે : ૧. **स अग्निः वस्त्राणि पेशनानि वसानः (अस्ति)** । તે અગ્નિ (પોતાનાં તેજ રૂપી) વસ્ત્રો અને શુક્લ કૃષ્ણ એવાં રૂપો (અથવા હિરણ્યસદ્દશ તેજસ્વી તેજ:પુંજ)ને આચ્છાદિત કરે છે, ધારણ કરે છે.'' અગ્નિનાં તેજને જ રૂપકાત્મક રીતે વસ્ત્રો કહ્યાં છે. તથા पेशनानि એટલે કાળાં-ધોળાં રૂપો, અથવા સુવર્ણ જેવાં તેજ. ૨. **पृथिव्याः नाभा (= नाभौ) अरुषः (सः अग्निः) जातः** । ''પૃથિવીની નાભિ ઉપર (અર્થાત્ ઉત્તરવેદીમાં) ચમકતો તે (અગ્નિ) જન્મ્યો છે.'' **अरुषः = आरोचमानः** । ૩. **हे राजन् ! इळायाः पदे पुरोहितः (त्वं) इह देवान् यक्षि** । 'હે ચમકતા (અગ્નિદેવ) ! પૃથિવા પદ ઉપર સ્થાપવામાં આવેલા (તમે) અહીં દેવોનું યજન કરો. **यक्षि** બીજો પુરુષ, એકવચન (આજ્ઞાર્થ)નું રૂપ.

आ हि द्यावांपृथिवी अंग्न उभे सदां पुत्रो न मातरां
ततन्थं ।
प्र याह्यच्छोंशतो यंविष्ठाथा वंह सहस्येह देवान् ॥७॥

[illegible] । हि । द्यावांपृथिवी इतिं । अग्ने । उभे इतिं । सदां ।
पुत्रः । न । मातरां ।

ततन्थं । प्र । याहि । अच्छं । उशतः । यविष्ठ । अथं । आ । वह । सहस्य । इह । देवान् ॥७॥

हे ᵛअग्ने त्वम् ᵛउभे ᵛद्यावापृथिवी द्यावापृथिव्यौ ᵛसदा सर्वदा ᵛआ ᵛततन्थ आतेनिथ । स्वतेजोभिर्विस्तारयसि खलु ॥ 'बभूथा ततन्थ' इति थलि निपातितः । तत्र दृष्टान्तः । ᵛपुत्रो ᵛन यथा पुत्रः ᵛमातरा मातापितरौ क्षीणौ धनैस्तनोति तद्वत् । किंच हे ᵛयविष्ठ युवतम स त्वम् ᵛउशतः कामयमानान् ᵛअच्छ अभिलक्ष्य ᵛप्र ᵛयाहि प्रकर्षेणागच्छ । ᵛअथ अनन्तरं हे ᵛसहस्य सहसो बलस्य पुत्र हे अग्ने त्वम् ᵛइह अस्मदीये यज्ञे ᵛदेवान् इन्द्रादीन् ᵛआ ᵛवह प्रापय ॥ ॥२१॥

અનુવાદ (7) : જેવી રીતે કોઈ પુત્ર (ધનથી ક્ષીણ થઈ ગયેલા) માતાપિતાને વિસ્તારે છે અર્થાત્ ટકાવી રાખે છે તેવી રીતે હે અગ્નિ ! તમે આ બન્ને દ્યાવાપૃથિવીને (પોતાના તેજથી) હંમેશા વિસ્તારો છો. હે અત્યંત યુવાન્ (એવા અગ્નિદેવ) ! તમારી કામના કરતાં (વ્યક્તિઓ) તરફ તમે ચાલ્યા આવો; અને વળી, હે બળના પુત્ર ! તમે અહીં દેવોને બોલાવી લાવો. (૧૦-૧-૭)

નોંધ : પહેલી પંક્તિમાં અગ્નિને કહ્યું છે કે તમે તમારા તેજથી દ્યાવાપૃથિવીને વિસ્તારો છો. પણ આ વાતની કાવ્યાત્મક રજુઆત કરવા એક ઉપમા પ્રયોજી છે. **पुत्रो न (= इव) मातरा ततन्थ ।** પુત્ર જેવી રીતે (ધનથી ક્ષીણ થઈ ગયેલા) માતા અને પિતાને વિસ્તારે છે અર્થાત્ ટકાવી રાખે છે. અહીં, વેદમાં **इव** અર્થમાં **न** નો પ્રયોગ થાય છે અને તે ઉપમાનવાચક શબ્દની પાછળ પ્રયોજાય છે. (**पुत्रो न**)। વળી, **मातरा = मातापितरौ** । દ્વિવચનનું રૂપ છે. **द्यावापृथिवी** અને **उभे** બન્ને દ્વિવચનનાં રૂપ હોવાથી, પ્રગૃહ્યસંજ્ઞક બને છે, તથા તેમને પદપાઠમાં **इति** કરણ દ્વારા દર્શાવવામાં આવેલ છે. **याहि** - તમે ચાલો, જાવ. **अच्छ** - તરફ, **उशतः** - કામના કરતા વ્યક્તિ (તરફ), **सहस्य** અને **यविष्ठ** એ બન્ને પદો સર્વાનુદાત્ત છે, તેથી અગ્નિનાં સંબોધનવાચક વિશેષણો છે. બે અરણીકાષ્ઠોને બળપૂર્વક ઘસીને અગ્નિને ઉત્પન્ન કરવામાં આવે છે. તેથી અગ્નિને **सहस्य** = બળનો પુત્ર' કહ્યો છે. ખાસ અગ્નિને માટે વપરાતું આ વિશેષણ છે.

[10.2] (1 to 7)

'पिप्रीहि' इति सप्तर्चं द्वितीयं सूक्तम् । ऋष्याद्याः पूर्ववत् । 'पिप्रीहि' इत्यनुक्रान्तम् । प्रातरनुवाकाश्विनशस्त्रयोरुक्तः सूक्तविनियोगः । दर्शपूर्णमासयोराद्या स्विष्टकृतोऽनुवाक्या । सूत्रितं च–'अथ स्विष्टकृतः पिप्रीहि देवाँ उशतो यविष्ठेत्यनुवाक्या' (आश्व. श्रौ. १.६) इति ॥

ઋષિ : આપ્ત્ય ત્રિત, દેવતા : અગ્નિ, છન્દ : ત્રિષ્ટુપ્

(સૂક્ત-૨નો પરિચય)

આ સૂક્તમાં અગ્નિદેવની એક 'હોતા' તરીકે યજન કરનારાઓમાં મુખ્ય એવા **(યજિષ્ઠ)** ઋત્વિજ્ તરીકે સ્તુતિ કરવામાં આવી છે. આથી અગ્નિને **ऋतुपते** કે **ऋतून् विद्वान्** કહ્યો છે. અર્થાત્ અગ્નિ યજ્ઞ કરવાની ઋતુઓને (યજ્ઞકાળને) જાણે છે, તે યજ્ઞકાળનો સ્વામી છે. વળી, આ અગ્નિને **यविष्ठ** - અત્યંત યુવાન પણ કહ્યો છે. આ ઉપરાંત અગ્નિ દેવને માટે **मन्धाता** = 'મેધાવી', **ऋतावा** = 'સત્યવાન્' અને **द्रविणोदाः** - 'ધન આપનાર' એવાં વિશેષણો પણ પ્રયોજાયાં છે. છેલ્લા મંત્રમાં એ અગ્નિના ત્રિવિધ જન્મોની વાત પણ મૂકવામાં આવી છે. જેમ કે દ્યાવાપૃથિવી લોકે તે અગ્નિને પહેલા આદિત્ય રૂપે જન્માવ્યો હતો, અન્તરિક્ષ લોકે તેને વિદ્યુત્-અગ્નિ રૂપે જન્માવ્યો હતો; અને પ્રજાપતિ ત્વષ્ટાએ એને પૃથિવીલોકમાં પાર્થિવ અગ્નિરૂપે જન્માવ્યો છે. આવો અગ્નિ પ્રજ્વલિત કરવામાં આવતાં વિશેષ રૂપે પ્રકાશી ઊઠે છે. તે અગ્નિ અધ્વરોનો કેતુ (ધ્વજ) છે, વિવિધ વર્ણની જ્વાળાઓવાળો પણ છે. આવા અગ્નિની પાસે ઋષિએ માંગણી કરી છે કે અમે જે વૈદિક કર્મોની હિંસા કરી દીધી છે, તે કર્મો કરવાનાં છોડી દીધાં છે તેની તમે પરિપૂર્તિ કરી આપો.

पि॒प्री॒हि दे॒वाँ उ॑श॒तो य॑विष्ठ वि॒द्वाँ ऋ॒तूँॠ॑तुपते यजे॒ह ।
ये दैव्या॑ ऋ॒त्विज॒स्तेभि॑रग्ने॒ त्वं होतॄ॑णाम॒स्याय॑जिष्ठः ॥१॥

पि॒प्री॒हि । दे॒वान् । उ॒श॒तः । य॒वि॒ष्ठ । वि॒द्वान् । ऋ॒तून् । ऋ॒तु॒ऽप॒ते॒ । य॒ज॒ ।
इ॒ह । ये । दैव्या॑ः । ऋ॒त्विज॑ः । तेभि॑ः । अ॒ग्ने॒ । त्वम् । होतॄ॑णाम् । अ॒सि॒ । आऽय॑जिष्ठः ॥१॥

हे ᵛयविष्ठ युवतमाग्ने ᵛउशतः स्तुतीः श्रोतुं कामयमानान् ᵛदेवान् ᵛपिप्रीहि हविर्भिः प्रीणय । हे ᵛऋतुपते ऋतूनां देवयागकालानां स्वामिन्नग्ने ᵛऋतून् यागकालान् ᵛविद्वान् जानानस्त्वम् ᵛइह अस्मिन् यज्ञे तान् ᵛयज पूजय । किंच हे ᵛअग्ने ᵛदैव्याः देवेषु भवाः 'अग्निर्होताश्विनावध्वर्यू त्वष्टाग्नीन्मित्र उपवक्ता' (तै.आ.३.३). इत्यत्रोक्ताः ᵛये ᵛऋत्विजः सन्ति ᵛतेभिः तैः सह देवान् यज । यद्वा । दैव्या देवेषु भवा ऋत्विज आश्वलायनेनोक्ताः चन्द्रमा ब्रह्मादित्योऽध्वर्युः पर्जन्य उद्गाता (आश्व. गृ. १.२३.८-९) इति । तैः सह यज । यस्मात् ᵛत्वं ᵛहोतॄणां मध्ये ᵛआयजिष्ठः अभिमुख्येन देवानां यष्टृतमः ᵛअसि भवसि ॥

અનુવાદ (8) : હે અત્યંત યુવાન (એવા અગ્નિદેવ) ! (સ્તુતિની) કામના કરતાં દેવોને તમે (હવિષ વડે) રાજી કરો; હે ઋતુપતિ (= યજ્ઞના સમયના સ્વામી) ! (યજ્ઞની) ઋતુઓને જાણનારા એવા તમે અહીં યજન કરો. હે અગ્નિ ! દેવોને વિષે ઉત્પન્ન થયેલા જે ઋત્વિજો છે, તેમની સાથે [તમે યજન કરો]. હોતાઓની અંદર તમે (= અગ્નિ) મુખ્ય એવા યજનકર્તા છો. (૧૦-૨-૧)

નોંધ : हे यविष्ठ । હે યુવતમ = અત્યંત યુવાન ! **(त्वं) उशतो देवान् पिप्रीहि** । તમે (સ્તુતિઓની) કામના કરી રહેલા દેવોને પ્રસન્ન કરો, રાજી કરો. **प्रीणाति**નું આજ્ઞાર્થ બીજો પુરુષ એકવચન. બીજા પાદમાં કહે છે કે - **हे ऋतुपते ! (त्वं) ऋतून् विद्वान् इह यज** । હે ઋતુઓના સ્વામી ! તમે (યજ્ઞની) ઋતુઓને જાણનાર અગ્નિદેવ અહીં (દેવોનું) યજન કરો. જુદા જુદા પ્રકારના યજ્ઞો જુદી જુદી ઋતુઓમાં કરવામાં આવતા હોય છે, પણ જે તે યજ્ઞના સમયને જાણનાર દેવ તે અગ્નિ છે એમ આ મન્ત્રમાં કહ્યું છે. **दैव्याः - देवेषु भवाः** - દેવોને વિશે જન્મેલા જે, તે 'દૈવ્ય' કહેવાય. દેવોને યજન કરાવનારા 'દૈવ્ય' એવા ઋત્વિજો (=યાજ્ઞિકો)ની સાથે, **तेभि** = તે ઋત્વિજોની સાથે' (અહીં **'सह'** અર્થમાં તૃતીયા વિભક્તિ વપરાઈ છે), **हे अग्ने ! त्वं (यज)** । તમે યજન કરો. (અહીં ત્રીજા પાદમાં, ઉપરથી **यज** ક્રિયાપદની અનુવૃત્તિ લાવવાની છે.) ચોથા પાદમાં ઋષિ કહે છે કે, **त्वं होतॄणाम् आयजिष्ठः असि** । તમે અનેક હોતાઓની અંદર, મુખ્ય એવા યજન કરાવનારા છો. હોતા, ઉદ્ગાતા, બ્રહ્મા અને અધ્વર્યુ–એ ચતુર્વિધ ઋત્વિજો (= યાજ્ઞિકો)ની અંદર મુખ્ય અથવા ઉત્કૃષ્ટો એવો હોતા તો અગ્નિદેવ પોતે જ છે. આથી તેમને **आयजिष्ठः** કહ્યા છે.

वेषि॑ हो॒त्रमु॒त पो॒त्रं जना॑नां मन्धा॒तासि॑ द्रविणो॒दा
ऋ॒तावा॑ ।
स्वाहा॑ व॒यं कृ॒णवा॑मा ह॒वींषि॑ दे॒वो दे॒वान्य॑जत्व॒ग्निरर्ह॑न् ॥२॥

वेषि॑ । हो॒त्रम् । उ॒त । पो॒त्रम् । जना॑नाम् । म॒न्धा॒ता । अ॒सि॒ ।
द्र॒वि॒णः॒ऽदाः ।
ऋतऽवा॑ । स्वाहा॑ । व॒यम् । कृ॒णवा॑म । ह॒वींषि॑ । दे॒वः ।
दे॒वान् । य॒ज॒तु॒ । अ॒ग्निः । अर्ह॑न् ॥२॥

हे अग्ने ᵛजनानां यजमानार्थं ᵛहोत्रं होतुः कर्म तेन क्रियमाणं स्तोत्रं ᵛवेषि कामयसे । ᵛउत अपि च ᵛपोत्रं पोतुः कर्म तेन क्रियमाणां स्तुतिं कामयसे । किंच ᵛमन्धाता मेधावी ᵛऋतवा सत्यवांस्त्वं ᵛद्रविणोदाः ᵛअसि धनस्य प्रदाता भवसि । अथ परोक्षकृतः । ᵛवयं

देवेभ्यः ᵛहवींषि ᵛस्वाहा ᵛकृणवाम स्वाहा करवाम । प्रयच्छाम । ततः ᵛदेवः दीप्यमानः ᵛअर्हन् प्रशंस्यो यजमानयोग्यो वा ᵛअग्निः ᵛदेवान् ᵛयजतु । तैर्हविर्भिः पूजयतु ॥

અનુવાદ (9) : (હે અગ્નિ !) તમે માણસોના હોત્રની (અર્થાત્ હોતાના સ્તુતિરૂપ કર્મની) કામના કરો છો, તથા પોત્રની (અર્થાત્ પોતાના સ્તુતિ રૂપ કર્મની) પણ (કામના કરો છો). મેધાવી અને સત્યવાન્ એવા તમે દ્રવિણના (= ધનના) આપનાર છો. અમે હવિષોની આહુતિ આપીએ છીએ; (જેથી પ્રજ્વલિત થઈને) ચમકી ઊઠેલો તે પ્રશંસનીય (= દેવ) અગ્નિ દેવોનું યજન કરે. (૧૦-૨-૨)

નોંધ : **हे अग्ने ! त्वं होत्रं वेषि, त्वं पोत्रं वेषि = कामयसे** । હે અગ્નિ ! તમે 'હોત્ર'ની અને 'પોત્ર'ની કામના કરો છો. હોતા વડે જે સ્તુતિ રૂપ કર્મ કરવામાં આવે છે તેને 'હોત્ર' કહે છે તથા 'પોતા' નામના ઋત્વિજ વડે જે સ્તુતિ રૂપ કર્મ કરવામાં આવે તેને 'પોત્ર' કહે છે. અગ્નિ આવી સ્તુતિઓની કામના કરે છે. આ અગ્નિની બીજા પાદમાં **मन्धाता** અર્થાત્ મેધાવી, અને **ऋतावा = ऋतवान् =** સત્યવાન કહ્યો છે, તથા એને ઉદ્દેશીને વળી ઉમેર્યું છે કે - **त्वं द्रविणोदाः असि** । તમે ધન આપનાર છો. પહેલા બે પાદમાં અગ્નિને સીધું સંબોધન (તું અગ્નિ) કરીને, તેમની પ્રત્યક્ષ સ્તુતિ કરે છે. પણ ત્રીજા અને ચોથા પાદમાં 'તે અગ્નિ'ને ઉદ્દેશીને, અર્થાત્ પરોક્ષ રીતે સ્તુતિ કરી છે. જેમ કે, **वयं हवींषि (देवेभ्यः) स्वाहा कृणवामा** । 'અમે હવિષો (દેવોને માટે) હોમીએ છીએ; હવિષોની આહુતિ આપીએ છીએ.' પછી **देव अर्हन् अग्निः देवान् यजतु** । તે પ્રજ્વલિત થયેલ અને **अर्हन्** અર્થાત્ પ્રશંસનીય અથવા યજનયોગ્ય એવો અગ્નિદેવ અન્ય દેવો યજન કરે.

दर्शपूर्णमासातिपत्त्यादौ निमित्ते पाथिकृतीष्टिः कर्तव्या । तत्र 'आ देवानाम्' इत्येषा याज्या । सूत्रितं च—'वेत्था हि वेधो अध्वन आ देवानामपि पन्थामगन्म' (आश्व. श्रौ. ३.१०) इति । प्रायणीयामाग्नेयस्यैषैव याज्योदयनीयायां सैवानुवाक्या । सूत्रितं च—'अग्ने नय सुपथा राये अस्माना देवानामपि पन्थामगन्म (आश्व. श्रौ. ४.३) इति । विपरीताश्च याज्यानुवाक्या इति ॥

आ दे॒वाना॒मपि॒ पन्थांमगन्म॒ यच्छ॒क्नवांम॒ तदनु॒
प्रवौंळहुम् ।
अ॒ग्निर्वि॒द्वान्त्स यंजा॒त्सेदु॒ होता॒ सो अंध्व॒रान्त्स
ऋ॒तून्कंल्पयाति ॥३॥

आ । दे॒वाना॑म् । अपि॑ । पन्था॑म् । अ॒ग॒न्म॒ । यत् । श॒क्नवा॑म । तत् । अनु॑ । प्रऽवो॑ळ्हुम् । अ॒ग्निः । वि॒द्वान् । सः । य॒जा॒त् । सः । इत् । ॐ॒ इति॑ । होता॑ । सः । अ॒ध्व॒रान् । सः । ऋ॒तून् । क॒ल्प॒याति॒ ॥३॥

ᵛदेवानां देवलोकादिगमनसाधनं देवानां स्वभूतं पन्थां ᵛपन्थानं तम् अपि वैदिकमार्गं वयम् ᵛआ ᵛअगन्म आगतवन्तो भवेम येन देवान् प्राप्नुमः । तथा ᵛवयं यत् कर्म अनुष्ठातुं ᵛशक्नवाम शक्नुमः समर्था भवामः ᵛतत् कर्म अनुक्रमेण ᵛप्रवोळहुं प्रकर्षेण वोढुं समाप्तिं प्रापयितुं समर्था भवेम । अनन्तरं ᵛविद्वान् तं पन्थानं जानानः ᵛसः ᵛअग्निः ᵛयजात् देवान् यजतु । ᵛसेदु स एव खलु ᵛहोता मनुष्याणां होमनिष्पादकः । ततः ᵛसः एवाग्निः ᵛअध्वरान् यज्ञान् किंच ᵛऋतून् कालान् ᵛकल्पयाति कल्पयतु करोतु ॥

અનુવાદ (10) : (અમે) દેવોના માર્ગ ઉપર આવી પહોંચ્યા છીએ; અમે જે (કર્મ કરવા) શક્તિમાન્ થઈએ, તે (કર્મ)નું પછી વહન કરવા (= પાર પાડવા) પણ (અમે શક્તિમાન બનીએ). (તે માર્ગને) જાણતો અગ્નિ (દેવોનું) યજન કરે; (કારણ કે) તે (અગ્નિ) જ ખરો હોતા (હવન કરનારો) છે, અને (અનેક) યજ્ઞોને તથા (યજ્ઞની) ઋતુઓને રચે છે. (૧૦-૨-૩)

નોંધ : ઋષિઓ કહે છે કે અમે દેવોના પથ ઉપર આવી પહોંચ્યા છીએ. 'દેવોનો માર્ગ' એટલે, સાયણ કહે છે કે, દેવલોકમાં પહોંચવાનો જે વૈદિક માર્ગ છે તેની ઉપર આવી પહોંચ્યા છીએ. વળી, **यद् कर्म अनुष्ठातुं वयं शक्नवाम = शक्नुमः** - જે કર્મનું અનુષ્ઠાન કરવા અમે શક્તિમાન બનીએ; **तद्** - તે કર્મ, **अनु** - પછી, **प्रवोळहुम् = प्रवोढुं (अपि समर्था भवेम्)** - પાર પાડવા માટે પણ સમર્થ થઈએ. **स विद्वान् अग्निः यजात् = यजतु ।** તે (વૈદિક માર્ગને) જાણતો અગ્નિ યજન કરે. **स अग्निः एव (मनुष्याणां) होता (अस्ति)** - એ અગ્નિ જ (મનુષ્યોનો) હોતા છે. આવો આ અગ્નિ **अध्वरान्** અને **ऋतून् कल्पयाति ।** - યજ્ઞોને અને યજ્ઞના વિવિધ સમયોને = ઋતુઓને રચે છે.

व्रतातिपत्तौ व्रातपतीष्टिः कर्तव्या । तत्र 'यद्वो वयम्' इत्येषा याज्या । सूत्रितं च—'त्वमग्ने व्रतपा असि यद्वो वयं प्रमिनाम व्रतानि' (आश्व.श्रौ. ३.१३) इति ॥

यद्वो॑ व॒यं प्र॑मि॒नाम॑ व्र॒तानि॑ वि॒दुषा॑ं देवा॒ अवि॑दुष्टरासः ।
अ॒ग्निष्टद्विश्व॒मा पृ॑णाति वि॒द्वान्येभि॑र्दे॒वाँ ऋ॒तुभिः॑ क॒ल्पया॑ति ॥४॥

यत् । व॒ः । व॒यम् । प्र॒ऽमि॒नाम॑ । व्र॒तानि॑ । वि॒दुषा॑म् । दे॒वा॒ः ।
अवि॑दुःऽतरासः । अ॒ग्निः । तत् । विश्व॑म् । आ । पृ॒णा॒ति॒ ।
वि॒द्वान् । येभि॑ः । दे॒वान् । ऋ॒तुऽभि॑ः । क॒ल्पया॑ति ॥४॥

हे ᵛदेवाः ᵛअविदुष्टरासः अविद्वत्तरा अत्यन्तमजानन्तः ᵛवयं ᵛवः युष्माकं ᵛयत् यत्किंचित् ᵛव्रतानि कर्माणि ᵛविदुषां भवतां जानतामेव ᵛप्रमिनाम प्रहिंसितवन्तः । भवत्सु जानत्सु नित्यनैमित्तिककर्माणि विलोपितवन्त इत्यर्थः । ᵛविद्वान् एतत् सर्वं ᵛजानानः ᵛअग्निः स्विष्टकृत् ᵛतत् एतत् ᵛविश्वं सर्वं कर्मजातम् ᵛआ ᵛपृणाति आपूरयतु । फलसहितं करोत्वित्यर्थः । केनापूरयतु तत्राह । ᵛयेभिः ᵛऋतुभिः यागयोग्यैः कालैः ᵛदेवान् ᵛकल्पयाति कल्पयति कर्माङ्गभावाय समर्थयति तैरापूरयतु ॥

અનુવાદ **(11)** : હે દેવો ! અત્યંત અજ્ઞાની એવા અમે (તમારા) જાણતાં જ તમારાં સઘળાં વ્રતો (= કર્મો)નો નાશ કર્યો છે. આ બધું જાણતાં (= વિદ્વાન્) એવા અગ્નિદેવ આ બધાં (કર્મો)ની પરિપૂર્તિ કરો. આ અગ્નિ (યજ્ઞને યોગ્ય એવી) ઋતુઓ વડે દેવોને પ્રસન્ન કરે. (૧૦-૨-૪)

નોંધ : देवाः ! પદ સર્વાનુદાત્ત હોઈને સંબોધનવાચક પદ છે. **अविदुष्टरासः वयं** - અવિદ્વાન્ = અજ્ઞાની એવા અમે **विदुषाम् (भवतां) वः व्रतानि प्रमिनाम** । – તમારા જાણતાં = જાણકાર એવાં તમારાં સઘળાં વ્રતોને (અર્થાત્ કર્મોને) નષ્ટ કરી દીધાં છે. ત્રીજા પાદમાં કહે છે : **विद्वान् अग्निः तत् विश्वम् आ+पृणाति** । જાણકાર એવા અગ્નિદેવ તે (નષ્ટ થયેલાં) બધાં (કર્મ)ને પરિપૂર્ણ કરે, ભરી દે. અર્થાત્ કર્મોને ફળદાયી બનાવી આપે. ચોથા પાદમાં કહે છે કે - **(अग्निः) येभिः ऋतुभिः देवान् कल्पयाति** । અગ્નિ આ ઋતુઓ (= યજ્ઞને યોગ્ય એવા સમયો)થી દેવોને કલ્પે, અર્થાત્ પ્રસન્ન કરે.

यत्पा॑क॒त्रा मन॑सा दी॒नद॑क्षा॒ न य॒ज्ञस्य॑ मन्व॒ते मर्त्या॑सः ।
अ॒ग्निष्टद्धोता॑ क्रतु॒विद्वि॑जा॒नन्यजि॑ष्ठो दे॒वाँ ऋ॑तु॒शो य॑जाति ॥५॥

यत् । पा॒क॒ऽत्रा । मन॑सा । दी॒नऽद॑क्षाः । न । य॒ज्ञस्य॑ ।
म॒न्व॒ते । मर्त्या॑सः ।

**अ॒ग्निः । तत् । होता॑ । क्र॒तु॒ऽवित् । वि॒ऽजा॒नन् । यजि॑ष्ठः ।
दे॒वान् । ऋ॒तु॒ऽशः । य॒जा॒ति॒ ॥५॥**

ᵛदीनदक्षाः सततयाजनेन दीनबला दीनोत्साहा वा ᵛमर्त्यासः मर्त्या मनुष्या ऋत्विजः ᵛपाकत्रा पाकेन । बहुलग्रहणादस्मादपि तृतीयार्थे त्राप्रत्ययः । पाकेन पक्तव्येन विशिष्टज्ञानरहितेनाल्पेन वा ᵛमनसा युक्ताः सन्तो यज्ञसंबन्धि ᵛयत् कर्म न ᵛमन्वते न जानन्ति ᵛतत् कर्म ᵛविजानन् ᵛहोता देवानामाह्वाता होमनिष्पादको वा ᵛक्रतुवित् कर्मवित् ᵛयजिष्ठ देवानामतिशयेन यष्टा सः ᵛअग्निः स्विष्टकृत् ᵛऋतुशः ऋतावृतौ स्वे स्वे यागयोग्ये काले ᵛदेवान् ᵛयजाति यजतु हविर्भिः पूजयतु ॥

અનુવાદ (12) : દીન થઈ ગયેલા ઉત્સાહવાળા મર્ત્યો (= મરણશીલ મનુષ્યો) પકવવા યોગ્ય (અર્થાત્ અલ્પજ્ઞાનવાળા) મનથી યજ્ઞના જે (કર્મને) જાણતા નથી; તે (કર્મ)ને જાણતો આ અગ્નિ હોતા છે અને ઋતુવિદ્ અર્થાત્ કર્મને જાણનાર છે. યષ્ટૃતમ (= ખૂબ યજન કરાવનારો) એવો આ (અગ્નિદેવ) દરેક ઋતુએ ઋતુએ દેવોને યજે છે. (૧૦-૨-૫)

નોંધ : પહેલી પંક્તિમાં **दीनदक्षाः मर्त्यासः, पाकत्रा मनसा यज्ञस्य यत् (कर्म) न मन्वते** । એવું વાક્ય છે. **दीन॒दक्षाः** એ બહુવ્રીહિ સમાસ છે (કેમકે પૂર્વપદમાં ઉદાત્ત સ્વર છે). સાયણ કહે છે કે ''સતત યજ્ઞ કરતા રહેવાને કારણે દીન થઈ ગયેલા બળ અને ઉત્સાહવાળા મરણીશલ (મર્ત્ય) માણસો, **पाकत्र = पाकेन = पक्तव्येन** - પકવવા યોગ્ય મનથી = જ્ઞાનયુક્ત કરવા યોગ્ય મનથી, યજ્ઞના જે (કર્મ)ને જાણતા નથી.'' ત્રીજા પાદમાં **तत् (कर्म) विजानन् अग्निः होता क्रतुविद् (अस्ति)** । તે કર્મને જાણતો આ અગ્નિ, કે જે હોતા અને યજ્ઞને જાણનારો છે. આવો તે અગ્નિ **यजिष्ठः** છે - અત્યંત યજન કરાવનાર = મુખ્ય યાજક છે. તે **ऋतुशः** - પ્રત્યેક (યજ્ઞની) ઋતુમાં - સમયમાં - **देवान् यजाति** - દેવોને યજે છે.' અહીં **यजाति** - એ વૈદિક સંકેતાર્થ, લેટ્ લકાર, ત્રીજા પુરુષ એકવચનનું રૂપ છે.

**विश्वे॑षां॒ ह्य॑ध्व॒राणा॒मनी॑कं चि॒त्रं॑ के॒तुं॑ जनि॑ता त्वा
ज॒जान॑ ।
स आ य॑जस्व नृ॒वती॒रनु॒ क्षाः स्पा॒र्हा इषं॑ः
क्षु॒मती॑र्वि॒श्वज॑न्याः ॥६॥**

विश्वे॑षाम् । हि । अ॒ध्व॒राणा॑म् । अनी॑कम् । चि॒त्रम् । के॒तुम् ।

जनिता । त्वा । जजान । सः । आ । यजस्व । नृऽवतीः । अनु । क्षाः । स्पार्हाः । इषः । क्षुऽमतीः । विश्वऽजन्याः ॥६॥

हे अग्ने ᵛविश्वेषां सर्वेषाम् ᵛअध्वराणां यज्ञानाम् ᵛअनीकं मुखं प्रधानं चित्रं चायनीयं नानारूपं वा ᵛकेतुं प्रज्ञापकं ᵛत्वा त्वां जनिता ᵛजनयिता प्रजापतिर्यजमानो वा ᵛजजान जनयामास । उत्पादितः ᵛसः त्वं ᵛनृवतीः दासादियुक्ताः ᵛक्षाः । पृथिवीनामैतत् । क्षयन्त्यत्रेति क्षा भूमिः । ᵛअनु ᵛआ ᵛयजस्व अनुप्रयच्छ । यद्वा । नृवतीर्नृभिः संस्कृतानि क्षा अनु पृथिवीं वेदिलक्षणामनुगतानि वेद्यामासादितानि ᵛस्पार्हाः स्पृहणीयानि ᵛक्षुमतीः स्तुतिमन्त्रलक्षणशब्दवन्ति ᵛविश्वजन्याः सर्वजनहितानि वृष्ट्यन्नहेतुत्वात् तानि ᵛइषः अन्नानि हविर्लक्षणानि यजभ्व देवेभ्यः प्रयच्छ ॥

અનુવાદ (13) : જન્મ આપનારે (= એવા યજમાને, અથવા પ્રજાપતિએ) સઘળાં યજ્ઞોના મુખ્ય, વિવિધ વર્ણવાળા અને ધ્વજ સ્વરૂપ એવા તને (= અગ્નિને) ઉત્પન્ન કર્યો છે. (ઉત્પન્ન કરવામાં આવેલો) તે તું (અગ્નિ) માણસોવાળી (= દાસદાસીઓવાળી) પૃથિવી પાછી આપ. તથા સ્પૃહણીય (સ્તુતિમન્ત્રોના) શબ્દો સહિતના અને બધા માણસોનું હિત કરનાર અન્નોને (इषः) [દેવોને ઉદ્દેશીને અર્પણ કરો.] (૧૦-૨-૬)

નોંધ : जनिता = जनयिता - જન્મ આપનાર યજમાને કે પ્રજાપતિએ **त्वा (= त्वाम्, अग्निम्) जजान** - તને અગ્નિને ઉત્પન્ન કર્યો છે. આ ઉત્પન્ન કરવામાં આવેલો અગ્નિ કેવો કેવો ? એ કહેવા માટે પહેલી પંક્તિમાં ત્રણ વિશેષણ મૂક્યાં છે : ૧. **विश्वेषाम् अध्वराणाम् अनीकम्** - બધા યજ્ઞોના મુખ સ્વરૂપ, ૨. **चित्रम्** - વિવિધ વર્ણવાળા, વિવિધ રંગની જ્વાળાઓવાળા, અને ૩. **केतुम्** - ધ્વજ સ્વરૂપ, પ્રજ્ઞાપક. **सः अग्निः त्वम्** - તેવો અગ્નિ, તે તું, **नृवतीः क्षः आ अनु यजस्व** । માણસોવાળી (સાયણ મુજબ દાસદાસીઓવાળી) પૃથિવીને પાછી આપ. **(= अनु प्रयच्छ)** । **क्षाः** એટલે પૃથિવી. 'જેની ઉપર **क्षय** = નિવાસ કરવામાં આવે છે તે પૃથિવીને 'क्षा' કહેવાય છે. ચોથા પાદમાં **स्पार्हाः, क्षुमतीः, विश्वजन्याः इषः (= अन्नानि) [आ अनु यजस्व]** । એવો અન્વય લેવાનો છે. અહીં **इषः** એટલે 'અન્નોને', અગ્નિ (દેવોને) ''અર્પણ કરો'' એવો ક્રિયાપદનો અધ્યાહાર લેવાનો છે. **यज्** ધાતુનો અર્થ 'યજન કરવું' ઉપરાંત 'દાન કરવું' પણ થાય છે.

य त्वा द्यावापृथिवी यं त्वापस्त्वष्टा यं त्वां सुजनिमा जजान ।
पन्थामनु प्रविद्वान्पितृयाणं द्युमदग्ने समिधानो वि भांहि ॥७॥

यम् । त्वा॒ । द्यावा॑पृथि॒वी इति॑ । यम् । त्वा॒ । आप॑ः । त्वष्टा॑ । यम् । त्वा॒ ।
सु॒ऽजनि॑मा । ज॒जान॑ । पन्था॑म् । अनु॑ । प्र॒ऽवि॒द्वान् । पि॒तृ॒ऽयान॑म् । द्यु॒ऽमत् । अ॒ग्ने॒ । स॒म्ऽइ॒धा॒नः । वि । भा॒हि॒ ॥७॥

हे अग्ने ᵛयं ᵛत्वा त्वां ᵛद्यावापृथिवी जनितवत्यौ आदित्यात्मनाग्न्यात्मना वा । तथा ᵛयं त्वाम् ᵛआपः मेघोदरगता विद्युदात्मना स्थितं जनितवत्यः । यद्वा । आप इत्यन्तरिक्षनाम । द्यावापृथिवी अन्तरिक्षं चेमे त्रयो लोका यं त्वामजीजनन् । किंच ᵛसुजनिमा शोभनजननः ᵛत्वष्टा प्रजापतिः ᵛयं ᵛत्वां ᵛजजान जनयामास हे अग्ने ᵛपितृयाणं पितरो येन मार्गेण गच्छन्ति तं ᵛपन्थां हविर्वहनमार्गम् ᵛअनु ᵛप्रविद्वान् प्रजानंस्त्वं ᵛसमिधानः समिध्यमानः सन् ᵛद्युमत् दीप्तियुक्तं यथा ᵛभवति तथा ᵛवि ᵛभाहि विशेषेण दीप्यसे ॥ ॥३०॥

અનુવાદ (14) : (આદિત્ય રૂપ) જે તને દ્યાવાપૃથિવીએ જન્માવ્યો છે. (વિદ્યુત્ રૂપ એવા) જે તને પાણીએ (અર્થાત્ અન્તરિક્ષ લોકે) જન્માવ્યો છે. તથા સારા જન્મવાળા ત્વષ્ટા (= પ્રજાપતિ)એ જે તને જન્માવ્યો છે એવો તું પિતૃઓને જવાના માર્ગને સારી રીતે જાણે છે. હે અગ્નિ ! પ્રજ્વલિત કરવામાં આવેલો દીપ્તિમાન્ એવો તું વિશેષ રૂપે પ્રકાશે છે. (૧૦-૨-૭)

નોંધ : આ મન્ત્રમાં અગ્નિના ત્રિવિધ પ્રાકૃતિક જન્મની વાત રજૂ કરવામાં આવી છે. દ્યુલોક અને પૃથિવીલોકે અગ્નિને આદિત્ય રૂપે જન્માવ્યો છે. તથા આપઃ અર્થાત્ અન્તરિક્ષ લોકે તે અગ્નિને વિદ્યુત્ રૂપે જન્માવ્યો છે, અને ત્વષ્ટા અર્થાત્ પ્રજાપતિએ તેને પાર્થિવ અગ્નિ સ્વરૂપે જન્માવ્યો છે. આવો ત્રિવિધ રીતે જન્મતો અગ્નિ પિતૃયાન-પિતૃઓને જવાના માર્ગને જાણે છે. તથા એ માર્ગ ઉપર પ્રજ્વલિત થયેલો, ચમકતો એવા તે દેવ, તમે **वि भाहि** = વિશેષ રૂપે પ્રકાશો છો.

10.4 (1 to 7)

ઋષિ : ત્રિત આપ્ત્ય, દેવતાઃ અગ્નિ, છન્દ : ત્રિષ્ટુપ્

સૂક્તનો પરિચય

આ સૂક્તમાં પણ મુખ્યત્વે પાર્થિવાગ્નિની સ્તુતિ જોવા મળે છે. આ પૃથિવીલોકના અગ્નિને જીર્ણ ઓષધી = વનસ્પતિમાં નિવાસ કરનાર કહ્યો છે, તથા દશ આંગળીઓથી (અરણી કાષ્ઠોમાં) જન્મ લેતો કહ્યો છે. આ અગ્નિને 'યવિષ્ઠ'—અત્યંત

યુવાન કહ્યો છે, તથા **जातवेदस्** પણ કહ્યો છે. આથી જન્મેલા સૌ કોઈ પ્રાણીઓને તે જાણે છે અને જન્મેલા સૌ પ્રાણીઓ એને પણ જાણે છે. અને આથી જેમ ગાયો હુંફાળી ગોષ્ઠ તરફ જાય તેમ પૃથિવીલોકના સૌ પ્રાણીઓ પણ આ અગ્નિદેવ તરફ જાય છે. વળી, એક મન્ત્રમાં અગ્નિને **प्रपा** પરબ પણ કહેલ છે. જેમ મરુભૂમિમાં રહેલી પરબ તરફ સૌ જાય એમ કામનાઓવાળા મનુષ્યો અગ્નિ તરફ જાય છે. આ સૂક્તમાં વપરાયેલી ઉપમાઓ ઋષિઓની વાણીમાં - અગ્નિની પ્રશંસામાં કાવ્યતત્ત્વનો ઉમેરો કરે છે.

અહીં અગ્નિનો અમૂઢ–મૂઢ નહીં તેવો–તથા 'ધૂમકેતુ'–ધૂમાડાથી તેનું પ્રજ્ઞાન (ઓળખ) થાય છે, તેવો પણ કહ્યો છે. આવો અગ્નિ આપણા પુત્ર-પૌત્રોની રક્ષા કરે અને આપણા શરીરને પણ રક્ષે તેવી ઋષિની માંગણી છે.

'प्र ते' इति सप्तर्चं चतुर्थं सूक्तम् । ऋष्याद्याः पूर्ववत् । 'प्र ते' इत्यनुक्रान्तम् । प्रातरनुवाकाश्विनशस्त्रयोरुक्तो विनियोगः ॥

प्र ते॑ यक्षि॒ प्र त॑ इयर्मि॒ मन्म॒ भुवो॒ यथा॒ वन्द्यो॑ नो॒ हवे॑षु
धन्व॑न्निव प्र॒पा अ॑सि॒ त्वम॑ग्न इय॒क्षवे पू॒रवे॑ प्रत्न
राजन् ॥१॥

प्र । ते॒ । य॒क्षि॒ । प्र । ते॒ । इ॒य॒र्मि॒ । मन्म॑ । भुव॑ः । यथा॑ । वन्द्य॑ः । न॒ः । हवे॑षु । धन्व॑न्ऽइव । प्र॒ऽपा । अ॒सि॒ । त्वम् । अ॒ग्ने॒ । इ॒य॒क्षवे॑ । पू॒रवे॑ । प्र॒त्न॒ । रा॒ज॒न् ॥१॥

हे अग्ने ᵛते तुभ्यं हविः ᵛप्र ᵛयक्षि प्रयच्छामि । यजिर्दानार्थः । तथ ᵛमन्म मननीयां स्तुतिं ते त्वदर्थं ᵛप्र ᵛइयर्मि प्रेरयामि प्रोच्चारयामि ᵛवन्द्यः सर्वैर्वन्दनीयस्त्वं ᵛनः अस्मदीयेषु ᵛहवेषु देवाह्वानेषु यथा त्व संनिहितः ᵛभुवः भवसि. तथा हविः प्रयच्छामि स्तौमि च । हे ᵛप्रत्न पुराण ᵛराजन् सर्वस्य जगतः स्वामिन् हे ᵛअग्ने सः ᵛत्वम् ᵛइयक्षवे यष्टुमिच्छते ᵛपूरवे । पूरुरिति मनुष्यनाम । मनुष्याय यजमानाय हविर्भिर्देवान् पूरयित्रे जनाय ᵛधन्वन्निव ᵛप्रपा ᵛअसि । यथा धन्वन् धन्वनि मरौ निरुदकप्रदेशे प्रपा । प्रपिबन्त्यत्रेति प्रपा । सा यथोदकप्रदानेन जनेभ्यः सुखदा भवति एवं त्वं धनदानेन तस्मै सुखदाता भवसि ॥

અનુવાદ (15) : (હે અગ્નિ) (હું) તને (હવિષ્) પ્રદાન કરું છું તથા મનનીય (એવી સ્તુતિ) તારા તરફ પ્રેરું છું. (= ઉચ્ચારું છું). જેથી કરીને વન્દનીય એવો તું અમારા હવનોમાં (નજીક આવીને) ઊભો રહે. હે પુરાતન રાજન્ અગ્નિદેવ ! યજન કરવા ઇચ્છતા મનુષ્યને માટે તમે મરુપ્રદેશમાંની પરબ જેવા છો. (૧૦-૪-૧)

નોંધ : (अहं) ते प्रयक्षि - ‘હું તમારું યજન કરું છું.’ અહીં, સાયણ કહે છે કે **यज्** ધાતુ ‘દાનાર્થક’ (પણ) છે. તેથી **यक्षि**નો અર્થ ‘હું (હવિષ) આપું છું’ એવો પણ થાય છે. **मन्म** - એટલે ‘મનનીય સ્તુતિ’, **ते प्र इयर्मि = तुभ्यं - त्वदर्थं प्रेरयामि = प्रोच्चारयामि** - તારા તરફ મોકલું છું, તને ઉદ્દેશીને ઉચ્ચારું છું. **भुवः = भवसि । नः हवेषु वन्द्यः भुवः ।** અમારા આહ્વાનોમાં તું વંદનીય એવો (નજીક) થાય છે - નજીક આવીને ઊભો રહે છે. **पूरु** - તે મનુષ્યવાચક શબ્દ છે, તેનું ચતુર્થી એકવચનમાં **पूरवे** રૂપ થાય છે. **इयक्षवे** - વૈદિક હેત્વર્થ કૃદન્તનું રૂપ ‘યજન કરવા માટે’ તેવો તેનો અર્થ થાય છે. **प्रत्न**- પુરાણો (**नूत्न** એટલે નૂતન-નવો). તું (અગ્નિ) મનુષ્યોને માટે કેવો છું ? તેનું નિરૂપણ કરવા એક ઉપમા પ્રયોજી છે : **धन्वन् (= धन्वनि) इव - प्रपा** - ધ્વવન્ એટલે રણપ્રદેશ - મરુભૂમિ-ાં રહેલી પાણીની પરબ જેવી રીતે લોકોને સુખ પહોંચાડે છે, તેવી રીતે અગ્નિ પણ ાનુષ્યોને સુખ આપે છે.

यं त्वा जनांसो अभि संचरन्ति गाव उष्णमिंव व्रजं यंविष्ठ ।
दूतो देवानांमसि मर्त्यानामन्तर्महाँश्चंरसि रोचनेनं ॥२॥

यम् । त्वा । जनांसः । अभि । सम्ऽचंरन्ति । गावंः । उष्णम्ऽइंव । व्रजम् । यविष्ट । दूतः । देवानांम् । असि । मर्त्यानाम् । अन्तः । महान् । चरसि । रोचनेनं ॥२॥

हे ᵛयविष्ठ युवतम अग्ने ᵛयं ᵛत्वां त्वां ᵛजनासः जना यजमानाः फलप्राप्त्यर्थम् ᵛअभि ᵛसंचरन्ति अभितः परिचरन्ति सेवन्ते । तत्र दृष्टान्तः ᵛगावः ᵛउष्णमिव यथा गावः शीतार्ता उष्णं शीतजनित-दुःखापनोदनार्थमुष्णं ᵛव्रजं गोष्ठमभिगच्छन्ति तद्वत् । स त्वं ᵛदेवानाम् इन्द्रादीनां ᵛमर्त्यानां मनुष्याणां च ᵛदूतः ᵛअसि हविष्प्रापणद्वारा । ततः ᵛमहान् त्वम् ᵛअन्तः द्यावापृथिव्योर्मध्ये हवींष्यादाय ᵛरोचनेन अन्तरिक्षेण लोकेन ᵛचरसि गच्छसि । तं त्वां स्तुम इति शेषः ॥

અનુવાદ (16) : હે અત્યંત યુવાન (એવા અગ્નિદેવ) ! જેવી રીતે ગાયો હુંફાળા વ્રજ (ગભાણ)માં જાય છે તેવી રીતે આ માણસો તારી તરફ આવી રહ્યા છે. તમે દેવોના અને મનુષ્યોના દૂત છો; મહાન્ એવા તમે (દ્યુલોક અને પૃથિવીલોકની) વચ્ચે પોતાના પ્રકાશથી ફરો છો. (૧૦-૪-૨)

નોંધ : માણસો અગ્નિની આસપાસ ફરે છે, તેમના તરફ ઉન્મુખ થઈને જાય છે.

આ વાતને કહેવા કવિએ એક ઉપમા પ્રયોજી છે : ગાયો જેવી રીતે ઠંડીથી ધ્રુજી જતાં હુંફાળી ગભાણ (ગોષ્ઠ) તરફ જાય છે, તેવી રીતે મનુષ્યો પણ (યજ્ઞફળ મેળવવા માટે) અગ્નિ તરફ જાય છે. ત્રીજા પાદમાં, અગ્નિને દેવોનો અને મરણશીલ મનુષ્યોનો દૂત કહ્યો છે. ચોથા પાદમાં કહે છે કે મહાન એવા તમે યજ્ઞમાં હોમાયેલા હવિષને લઈને **रोचनेन** - પોતાના પ્રકાશથી જાવ છો. અહીં સાયણે **रोचनेन**નો અર્થ **अन्तरिक्षेण लोकेन** એવો કર્યો છે. અર્થાત્ અગ્નિદેવ હવિષ લઈને અંતરિક્ષના માર્ગથી દેવો તરફ જાય છે.

शिशुं॒ न त्वा॒ जेन्यं॑ व॒र्धय॑न्ती मा॒ता बि॑भर्ति सचन॒स्यमा॑ना ।
धनो॒रधि॑ प्र॒वता॑ यासि॒ हर्य॒ञ्जिगी॑षसे प॒शुरि॒वाव॑सृष्टः ॥३॥

शिशु॑म् । न । त्वा॒ । जेन्य॑म् । व॒र्धय॑न्ती । मा॒ता । बि॒भ॒र्ति॒ । स॒च॒न॒स्यमा॑ना । धनोः॑ । अधि॑ । प्र॒ऽवता॑ । या॒सि॒ । हर्य॑न् । जिगी॑षसे । पशु॒ःऽइ॑व । अव॑ऽसृष्टः ॥३॥

हे अग्ने ᵛजेन्यं जयशीलं ᵛत्वा त्वां ᵛशिशुं ᵛन पुत्रमिव ᵛवर्धयन्ती पोषयन्ती माता पृथिवी ᵛसचनस्यमाना संपर्कमिच्छन्ती सती ᵛबिभर्ति धारयति । स त्वं ᵛहर्यन् कामयमानः सन्नस्मिँल्लोके ᵛधनोरधि । अधिः सप्तम्यर्थद्योतकः । अन्तरिक्षात् ᵛप्रवता प्रवणेन मार्गेण ᵛयासि यज्ञं प्रत्यागच्छसि । किंच त्वम् ᵛअवसृष्टः यष्टृभिर्हविरादाय ᵛजिगीषसे देवान् प्रति गन्तुमिच्छसि । कथमिव । ᵛपशुरिव । यथा विमुक्तः पशुर्गोष्ठं प्रत्यागच्छति तद्वत् ॥

અનુવાદ (17) : (હે અગ્નિ !) જીતવાના સ્વભાવવાળા એવા તને એક બાળકની જેમ ઉછેરતી માતા (પૃથિવી), (તારો) સમ્પર્ક ઇચ્છતી હોય તેમ (તને) ધારણ કરે છે. કામના કરી રહેલો (તું) ઢોળાવવાળા અન્તરિક્ષના માર્ગ ઉપરથી, અહીં (આ લોકમાં -**अधि**-) આવી રહ્યો છું. જેવી રીતે (બંધનમાંથી) છોડવામાં આવેલ પશુ (ગોષ્ઠ - ગભાણ - તરફ) જાય છે તેવી રીતે તું (હવિષ લઈને દેવો તરફ) જવા ચાહે છે. (૧૦-૪-૩)

નોંધ : આ મન્ત્રમાં બે ઉપમા પ્રયોજાઈ છે : ૧. **सचनस्यमाना माता जेन्यं त्वा (= त्वाम्) शिशुं न (= इव) वर्धयन्ती बिंभर्ति ।** (તારો) સમ્પર્ક કરવા ઇચ્છતી માતા (પૃથિવી), જયશીલ એવા તને બાળકની જેમ ઉછેરતી ધારણ કરી રહી છે. ત્રીજા પાદમાં કહે છે કે - **हर्यन् = कामयमानः (त्वं) प्रवता धनोः**

(=अन्तरिक्षात्) **अधि** (= अस्मिन् लोके) **यासि** (= गच्छसि) । 'કામના કરતો તું ઢળતા - ઢોળાવવાળા અન્તરિક્ષમાંથી અહીં - પૃથિવીલોકમાં - આવે છે / જાય છે.' કોની જેમ ? તો બીજી એક સુન્દર ઉપમા આપે છે : ૨. **अवसृष्टः पशुः इव** (त्वं) (देवान् प्रति) **जिगीषसे** (गन्तुम् इच्छसि) । (બંધનમાંથી) મુક્ત કરવામાં આવેલ એક પશુ જેવી રીતે ગોષ્ઠ તરફ જવા ચાહે છે/જાય છે તેવી રીતે તું (દેવો તરફ) જવા ચાહે છે. **धनोः**નો સાયણે અને વેંકટમાધવે **अन्तरिक्षात्** એવો અર્થ કર્યો છે. **जिगीषसे** - (गम्>गच्छ) જવું ધાતુનું ઇચ્છાદર્શક બીજો પુરુષ એકવચનનું રૂપ. વેદમાં **'न'** અવ્યયનો જો પૂર્વમાં પ્રયોગ હોય તો, તે નિષેધાર્થક બને છે, પણ જો ઉપમાનની પાછળ વપરાય તો તે **इव** અર્થમાં પ્રયોજાયેલ છે એમ જાણવું (નિરુક્ત). તે મુજબ **'शिशुम् न'** નો અર્થ **शिशुम् इव** । થાય.

मूरा अमूर न वयं चिकित्वो महित्वमग्ने त्वमङ्ग वित्से ।
शये वव्रिश्चरति जिह्वयादन्रेरिह्यते युवतिं विश्पतिः सन् ॥४॥

मूराः । अमूर । न । वयम् । चिकित्वः । महिऽत्वम् । अग्ने । त्वम् । अङ्ग । वित्से । शये । वव्रिः । चरति । जिह्वया । अदन् । रेरिह्यते । युवतिम् । विश्पतिः । सन् ॥४॥

हे ᵛअमूर अमूढ अत एव ᵛचिकित्वः चेतनवन् हे अग्ने ᵛमूराः मूढाः ᵛवयं तव माहात्म्यं ᵛन जानीमः । किंतु हे ᵛअग्ने ᵛत्वमङ्ग । अङ्गेति निपात एवार्थे । त्वमेव तव ᵛमहित्वं माहात्म्यं ᵛवित्से जानासि । त्वत्तः कोऽन्यो वेदितुमर्हति । किंच ᵛवव्रिः जीर्णः ओषधीसङ्घः ᵛशये शेते तिष्ठति । यद्वा । वव्रिरिति रूपनाम सामर्थ्याच्चान्तर्णीतमत्वर्थं द्रष्टव्यम् । आहवनीयाख्येन रूपेण रूपवान् शये चरति । अथ ᵛजिह्वा ज्वालाख्यया ᵛअदन् हवींषि भक्षयन् ᵛचरति । वाक्यभेदादनिघातः । किंच ᵛविश्पतिः विशां स्वामी ᵛसन् अग्निः ᵛयुवतिम् आत्मनो मिश्रयित्रीमाहुतिं दीर्घप्रसृतया ज्वालया जिह्वया ᵛरेरिह्यते अत्यर्थं लेढि आस्वादयति ॥ 'लिह आस्वादने' । यङि रूपम् । यद्वा । सोऽग्निर्युवतिं तरुणीं जीर्णोषधिकां पृथिवीमास्वादयति ॥

અનુવાદ (18) : હે અમૂઢ અને ચેતનવાળા અગ્નિદેવ ! મૂઢ એવા અમે (તારા) મહિમાને જાણતા નથી, પણ (તે મહિમાને) તું જ જાણે છે. (આ અગ્નિ) વવ્રિ અર્થાત્ ઓષધિના સંઘમાં શયન કરે છે (= નિવાસ કરે છે), તથા તે (ઓષધિ)ને

(જ્વાળાઓ રૂપી) જીભથી ખાતો ખાતો ફરે છે. વળી, પ્રજાનો સ્વામી થયેલો (તે અગ્નિ) (જીર્ણ ઓષધિવાળી) યુવતિને (અર્થાત્ પૃથિવીને) ચાટે છે. (૧૦-૪-૪)

નોંધ : અહીં અગ્નિનાં ત્રણ સંબોધનવાચક પદો છે : ૧. **अमूर** - હે અમૂઢ (અર્થાત્ જ્ઞાની), ૨. **चिकित्वः** - ચેતનાવાળા, જ્ઞાનવાળા (**चित् - कित् ज्ञाने** ધાતુસાધિત), ૩. **अग्ने** - હે અગ્નિદેવ. પહેલી પંક્તિનો વાક્યાન્વય આવો છે : હે **अग्ने ! मूरा वयं (तव) महित्वं न (जानीमः), (किन्तु) त्वम् अङ्ग (= एव) (तव महित्वं) वित्से = जानासि)** ॥ અમે મૂઢ છીએ માટે તારા મહિમા = ઐશ્વર્યને જાણતા નથી, પણ તું અમૂઢ છે. તેથી તારા મહિમાને તું જ જાણે છે. બીજી પંક્તિમાં ત્રણ વાક્યો છે : ૧. **वव्रिः शये** । આને સમજાવતાં વેંકટ માધવે **शेते जीर्णः ओषधिसङ्घः** । એમ લખ્યું છે. જ્યારે સાયણે **वव्रिः**નો અર્થ **ओषधिसङ्घः** । આપ્યો છે, જે દુર્બોધ છે. પણ સાયણે **वव्रिः**નો એક બીજો અર્થ આપ્યો છે : તે મુજબ - વવ્રિ એ રૂપનું નામ છે. ''રૂપવાળો તે અગ્નિ (યજ્ઞવેદીમાં) સૂતો છે'' (અર્થાત્ ફેલાયો છે.)'' ૨. **जिह्वा अदन् चरति** । જીર્ણ ઓષધિસંઘને - સમૂહને જીભથી ખાતો ખાતો (વર્તમાન કૃદન્ત) તે ફરે છે. ૩. **विश्पतिः सन् युवतिं रेरिह्यते** । **विश्** - પ્રજા અને **पतिः** - સ્વામી, બનેલો/થયેલો એવો તે અગ્નિ, યુવતિને અર્થાત્ જીર્ણ ઓષધિ = વનસ્પતિઓને ચાટે છે, અર્થાત્ ભસ્મીભૂત કરી નાખે છે.

कूचि॑ञ्जायते॒ सन॑यासु॒ नव्यो॒ वने॑ तस्थौ पलि॒तो
धू॒मके॑तुः ।
अ॒स्ना॒तापो॑ वृष॒भो न प्र वे॑ति॒ सचे॑तसो॒ यं प्र॒णय॑न्त॒
मर्ताः॑ ॥५॥

कूऽचि॑त् । जा॒य॒ते॒ । सन॑यासु । नव्य॑ः । वने॑ । त॒स्थौ॒ । प॒लि॒तः । धू॒मऽके॑तुः । अ॒स्ना॒ता । आप॑ः । वृ॒ष॒भः । न । प्र । वे॒ति॒ । सऽचे॑तसः । यम् । प्र॒ऽनय॑न्त । मर्ताः॑ ॥५॥

ᵛनव्यः नवतरः स्तुत्यो वाग्निः ᵛकूचित् क्वचित् प्रदेशे ᵛजायते । कुत्र ᵛसनयासु पुराणीषु जीर्णास्वोषधीष्वरण्योः । तथा ᵛपलितः पालयिता श्वेतवर्णः ᵛधूमकेतुः धूमप्रज्ञानोऽग्निः ᵛवने सर्वस्मिन्नरण्ये ᵛतस्थौ तिष्ठति । यद्वा । वन उदके मेघगते विद्युदात्मना तिष्ठति च । ᵛअस्नाता स्नानमकुर्वन्ननपेक्षितस्नानः सर्वदा शुद्धः सोऽग्निः ᵛआपः ।

सुब्व्यत्ययः । अप उदकानि शान्त्यर्थं ᵛप्र ᵛवेति प्रगच्छति । तत्र दृष्टान्तः । ᵛवृषभो ᵛन । यथा वृषभस्तृष्णोपशमनार्थमरण्यमध्यस्थान्युदकानि प्रगच्छति तद्वत् । ᵛमर्ताः मनुष्या ऋत्विजः ᵛसचेतसः समानमनस्काः समानप्रज्ञानाः सन्तः ᵛयम् अग्निं ᵛप्रणयन्त हविर्भिः प्रीणयन्ति ॥

અનુવાદ (19) : નવીન એવો (આ અગ્નિ) જૂની પુરાણી (ઓષધી = વનસ્પતિઓ)માં ક્યાંક જન્મે છે. તથા શ્વેતવર્ણવાળો (અથવા પાલન કરનારો) અને ધૂમાડાથી ઓળખાતો (એવો આ અગ્નિ) વનમાં ઊભો રહે છે. સ્નાન નહીં કરેલો (અર્થાત્ ગરમીથી સંતપ્ત થયેલો) વૃષભ જેવી રીતે જળાશય તરફ જાય છે તેવી રીતે સ્નાનની અપેક્ષા નહીં રાખતો (અર્થાત્ શુદ્ધ) એવો (અગ્નિદેવ) જળ તરફ જાય છે. સમાન ચિત્તવાળા મનુષ્યો જે (અગ્નિ)ને (હવિષથી) પ્રસન્ન કરે છે. (૧૦-૪-૫)

નોંધ : પહેલાં પાદમાં **नव्यः (अग्निः) सनयासु (ओषधिषु) कूचित् (= क्वचित्) जायते** । એવું વાક્ય છે. અહીં **सनयासु**નો, સાયણે 'જૂનીપુરાણી વનસ્પતિ' એવો અર્થ કર્યો છે; તથા લક્ષણાથી તેનો બીજો અર્થ થાય છે કે – 'બે અરણીકાષ્ઠોમાં અગ્નિ જન્મે છે.'

બીજા પાદમાં - **पलितः धूमकेतुः (अग्निः) वने तस्थौ** । એવું વાક્ય છે. **पलितः**ના બે અર્થ છે : શ્વેતવર્ણવાળી' અથવા 'પાલન કરનાર'. **धूमकेतुः** એ બહુવ્રીહિ સમાસ છે, કેમકે પૂર્વપદમાં ઉદાત્ત સ્વર છે. તેથી તેનો અર્થ થાય છે કે – "ધૂમાડો છે જેને ઓળખનાર (= કેતુ) તે." 'કેતુ'નો શબ્દાર્થ 'ધજા' થાય છે, પણ અહીં લક્ષણાથી જણાવનાર, પ્રજ્ઞાપક' એવો થાય છે.

આવો અગ્નિ વનમાં ઊભો છે / રહે છે. સાયણ એક વિશેષ વાત ઉમેરે છે કે **वने**નો અર્થ **उदके** લઈએ તો, "આ અગ્નિ વાદળના જળમાં વિદ્યુત્ રૂપે રહેલો છે" એમ આ બીજા પાદમાં કહ્યું છે !

ત્રીજા પાદમાં **अस्नाता वृषभः न (= इव) अस्नाता (अग्निः) आपः (= उदकानि) प्र वेति (= प्रगच्छति)** । સ્નાન કર્યા વગરનો (અર્થાત્ ગરમીથી સંતપ્ત) વૃષભ જેમ જળ તરફ જાય છે, તેવી રીતે સ્નાનની અપેક્ષા વગરનો (અર્થાત્ નિત્ય શુદ્ધ) એવો અગ્નિ પણ (આખા જંગલને બાળીને છેલ્લે) જલાશય તરફ જાય છે.

ચોથા પાદમાં કહે છે કે - **सचेतसः मर्ताः (= मर्त्याः मनुष्याः) यं (अग्निं) प्रणयन्त (= प्रीणयन्ति)** । સમાન મનવાળા માણસો જે અગ્નિને પ્રસન્ન કરે છે.

त॒नू॒त्यजे॑व॒ तस्क॑रा वन॒र्गू र॑श॒नाभि॑र्द॒शभि॑र॒भ्य॑धीताम् ।
इ॒यं ते॑ अग्ने॒ नव्य॑सी मनी॒षा यु॒क्ष्वा॑ रथं॒ न
शु॒चय॑द्भि॒रङ्गैः॑ ॥६॥

त॒नू॒त्यजा॑ऽइव । तस्क॑रा । व॒न॒र्गू इति॑ । र॒श॒नाभि॑ः । द॒शऽभि॑ः ।
अ॒भि । अ॒धी॒ता॒म् । इ॒यम् । ते॒ । अ॒ग्ने॒ । नव्य॑सी । म॒नी॒षा ।
यु॒क्ष्व । रथ॑म् । न । शु॒चय॑त्ऽभिः । अङ्गै॑ः ॥६॥

हे अग्ने ᵛवनर्गू वनगामिनौ ᵛतनूत्यजा चौर्ये मर्तुं कृतनिश्चयौ धृष्टौ ᵛतस्करा तस्करौ यथा पथिकं मोषणार्थं रज्ज्वा बद्ध्वाकृष्य च क्वचित् प्रदेशे स्थापयतः तद्वत् । तथा यास्कः – 'तनूत्यक् तनूत्यक्ता वनर्गूं वनगामिनावग्निमन्थानौ बाहू तस्काराभ्यामुपमिमीते (निरु. ३.१४) इत्यादि । अधीताम् ॥ दधातेर्लुङि सिचो लुकि 'छन्दस्युभयथा' इति तस आर्धधातुकत्वेन ङित्वात् 'घुमास्था' इतीकारः । ततो हे ᵛअग्ने ᵛते त्वदर्थं ᵛनव्यसी नवतरा ᵛइयं ᵛमनीषा स्तुतिर्मया क्रियते । एतज्ज्ञात्वा ᵛशुचयद्भिः सर्वं प्रकाशयद्भिरात्मीयैः ᵛअङ्गैः तेजोभिः आत्मानं मदीयं यज्ञं प्रति ᵛयुक्ष्व योजय । कथमिव । ᵛरथं ᵛन । यथा रथमश्वैः संयोजयन्ति तद्वत् ॥

उखासंभरणीयेष्टावग्नेर्ब्रह्मण्वतो याज्या 'ब्रह्म च ते' इत्येषा । सूत्रितं च-'ब्रह्म च त जातवेदो नमश्च पुरूण्यग्ने पुंरुधा त्वाया' (आश्व. श्रौ. ४. १) इति ॥

અનુવાદ (20) : વનમાં જનારા અને શરીર ત્યજી દેવા તત્પર એવા બે ચોરો (જેવી રીતે પથિકને દોરડાઓથી બાંધે છે તે)ની જેમ (હે અગ્નિ !) તને દશ (આંગળીઓ રૂપી) દોરડીઓથી બાંધવામાં આવે. હે અગ્નિ ! તારા માટે (રચવામાં આવેલી) આ નવીનતમ એવી (મનીષા =) સ્તુતિ છે (એમ જાણીને) ચમકતાં અંગો વડે જેવી રીતે રથને (ઘોડાની સાથે જોડવામાં આવે તેમ (મારા યજ્ઞ સાથે) તમે જોડાવ. (૧૦-૪-૬)

નોંધ : પહેલા બે પાદમાં - **वनर्गू तनूत्यजा इव तस्करा (= तस्करौ) त्वां दशभिः दशनाभिः अभि अधीताम्** । એવું વાક્ય છે. **वनर्गू**ને પદપાઠમાં **इति** કરણ દ્વારા દર્શાવ્યું છે તેથી તે દ્વિવચનનું રૂપ છે.એમ સ્પષ્ટ થાય છે; તથા તે **तस्करा** = 'બે ચોરો'નું વિશેષણ બને છે. વનમાં જનારા બે ચોર, તનુ-અર્થાત્ શરીરને, ત્યજી દેવા તત્પર હોય છે, (તેમને શરીરની પરવાહ હોતી નથી). તેઓ જેવી રીતે પથિકને લૂંટવા માટે દોરડાથી પકડી, બાંધીને ઢસેડે છે તેવી રીતે યાજ્ઞિકો પણ અગ્નિને દશ આંગળીઓ રૂપી દોરડાથી યજ્ઞવેદીમાં ખેંચી લાવે છે.

ત્રીજા પાદમાં - **हे अग्ने ! इयं नव्यसी (= नूतना) मनीषा (= स्तुतिः) ते (= तुभ्यम्) अस्तु** । ચોથા પાદમાં **शुचयद्भिः अङ्गैः रथं (= इव) (त्वदीयम् आत्मानं मदीयेन यंज्ञेन सह) युक्ष्व = योजय** ।
વાં વાક્યો છે.

ब्रह्म॑ च ते जातवेदो॒ नम॑श्चे॒यं च॒ गीः सद॒ मिद्वर्ध॑नी भूत् ।
रक्षा॑ णो॑ अग्ने॒ तन॑यानि तो॒का रक्षो॒त न॑स्त॒न्वो॒ ३॒॑ अप्र॑युच्छन् ॥७॥

ब्रह्म॑ । च॒ । ते॒ । जा॒त॒ऽवे॒दः॒ । नम॑ः । च॒ । इ॒यम् । च॒ । गीः । सद॑म् । इत् । वर्ध॑नी । भू॒त् । रक्ष॑ । न॒ः । अ॒ग्ने॒ । तन॑यानि । तो॒का । रक्ष॑ । उ॒त । न॒ः । त॒न्व॑ः । अप्र॑ऽयुच्छन् ॥७॥

हे ᵛजातवेदः जातप्रज्ञाग्ने ᵛते त्वदर्थं ᵛब्रह्म अस्माभिर्दीयमानं हवीरूपमन्नं ᵛवर्धनी वर्धनं ᵛभूत् भवतु । तथा ᵛनमः नमस्कारश्च । किंच ᵛइयम् इदानींक्रियमाणैषा स्तुतिः ᵛसदमित् सदैव ᵛवर्धनी वर्धयित्री ᵛभूत् भवतु । तस्माद्धे ᵛअग्ने ᵛनः अस्माकं ᵛतनयानि पुत्रान् ᵛतोका पौत्रांश्च ᵛरक्ष पालय । ᵛउत अपि च ᵛअप्रयुच्छन् अप्रमाद्यंस्त्वं ᵛनः अस्माकं ᵛतन्वः अङ्गानि ᵛरक्ष ॥ ॥३२॥

અનુવાદ (21) : હે જાતવેદસ્ (અગ્નિ) ! તને (આપવામાં આવેલું) અન્ન, નમસ્કાર અને આ વાણી (= તને ઉદ્દેશીને કરવામાં આવેલી સ્તુતિ) સદાયને માટે વૃદ્ધિ પામો. હે અગ્નિ ! અમારાં સંતાનોને (=પુત્રોને) અને પૌત્રોને તમે રક્ષો. વળી પ્રમાદ નહીં કરતાં તમે અમારાં શરીરોની પણ રક્ષા કરો. (૧૦-૪-૭)

નોંધ : અહીં અગ્નિને માટે ‘જાતવેદસ્’ એવું વિશેષણ વપરાયું છે. તેનો અર્થ થાય છે : ૧. જે જન્મેલાને જાણે છે, ૨. જન્મેલાઓ જેને જાણે છે તે, ૩. જન્મતાંની સાથે જે જ્ઞાનવાન્ છે તે, ૪. જે જન્મેલાં દરેક પ્રાણીમાં રહે છે તે જાતવેદસ્ વગેરે. આવા જાતવેદસ્ અગ્નિને ઋષિ પ્રાર્થે છે કે **ते-तुभ्यं** તને અર્પવામાં આવેલ **ब्रह्म = अन्न**, હવિષ, **नमः = નમસ્કાર** અને **गीः** - વાણી, સ્તુતિ - તે ત્રણેય **सद्मित् (= सदैव) वर्धनी भूत् (= भवतु)** । સદાય વધતી રહે.

બીજી પંક્તિમાં (ત્રીજા અને ચોથા પાદમાં) બે સ્વતન્ત્ર વાક્યો આવેલાં છે : ૧. **हे अग्ने ! नः (अस्माकं) तनयानि तोका (= तोकानि) रक्ष** । તનય-પુત્રો, અને તોક-પૌત્રોનું તમે રક્ષણ કરો. ૨. **उत** - વળી, **अप्रयुच्छन् = अप्रमाद्यन्** (પ્રમાદ નહીં કરતાં તમે - અગ્નિદેવ), **नः (अस्माकं) तन्वः (शरीराणि) रक्ष** । અમારાં શરીરોની તમે રક્ષા કરો.

અહીં **त॒नु** + **अ॒स्** એવા પ્રકૃતિ + પ્રત્યયમાં સન્ધિ થવાથી **तन्वस्** > **तन्वः** । રૂપ બને છે. પણ તે સમયે **नु**ના ઉકાર અને **अ॒स्**ના અકારમાં રહેલા અનુક્રમે ઉદાત્ત અને અનુદાત્ત સ્વરનું પણ પરસ્પર મિશ્રણ - સમાહાર - થાય છે, આથી **न्व**માં સ્વરિત સ્વરનું નિર્માણ થાય છે. આને 'જાત્ય સ્વરિત' અથવા 'નિત્ય સ્વરિત' કહે છે : **त॒न्व॑ः** । પછી તેની પાછળ આવેલો **अप्र॑युच्छन्** એવો શબ્દ આદ્યુદાત્ત છે. એટલે કે તે શબ્દના આદિ અક્ષર અકારમાં ઉદાત્ત સ્વર આવેલો છે. હવે, નિયમ એવો છે કે જાત્ય સ્વરિતની પાછળ જો ઉદાત્ત અક્ષર આવેલો હોય તો, તે (દીર્ઘ) જાત્ય સ્વરિતના ઉત્તરાર્ધની ત્રણ અર્ધી અર્ધી માત્રાઓ 'કંપ' અનુભવે છે, જેને નોંધવા માટે સંહિતાપાઠમાં તે જાત્યસ્વરિત **न्वो**ની પાછળ **३॒** એવું નિશાન મૂકાય છે. (આવા 'સ્વરિત સ્વર' વિશે વિસ્તૃત સમજૂતી પરિશિષ્ટમાં આપી છે ત્યાંથી જિજ્ઞાસુએ વધુ વિગતો મેળવી લેવી.)

10.10 (1 to 14)

'ओ चित्' इति चतुर्दशर्चं दशमं सूक्तम् । अत्रानुक्रम्यते - 'ओ चत् षळूना वैवस्वतयोर्यमयम्योः संवादः षष्ट्ययुग्भिर्यमी मिथुनर्थं यमं प्रोवाच स तां नवमीयुग्भिरनिच्छन् प्रत्याचष्टे' इति । ततः षष्ठ्यां प्रथमातृतीयाद्ययुक्षु विवस्वतः पुत्री यम्यृषिर्यमो देवता । 'यस्य वाक्यं स ऋषिर्या तेनोच्यते सा देवता' इति न्यायात् । तथा नवम्यां द्वितीयाचतुर्थीप्रभृतिषु युक्षु वैवस्वतो यम ऋषिर्यमी देवता । अनादेश-परिभाषया त्रिष्टुप् । गतो विनियोगः ॥

ઋષિ : યમ-યમી, દેવતા : યમ-યમી, છન્દ : ત્રિષ્ટુપ્

(યમ-યમી સંવાદસૂક્ત)

ભૂમિકા : ઋગ્વેદનાં મોટા ભાગનાં સૂક્તોમાં અગ્નિ, ઇન્દ્ર વગેરે દેવોની સ્તુતિઓ જોવા મળે છે. સાથે સાથે, તેમાં તત્ત્વજ્ઞાન વિષયક (દાર્શનિક) સૂક્તો જોવા મળે છે. તદુપરાંત, તેમાં કેટલાંક 'સંવાદસૂક્તો' પણ સમાવિષ્ટ થયેલાં નજરે ચઢે છે. ઋગ્વેદનાં મુખ્ય મુખ્ય સંવાદસૂક્તો આ પ્રમાણે છે :

(૧) ઇન્દ્ર-મરુત (૧.૧૬૫,૧૭૦)
(૨) અગસ્ત્ય-લોપામુદ્રા (૧.૧૭૯)
(૩) નદી-વિશ્વામિત્ર (૩.૩૩)
(૪) ઇન્દ્ર-અદિતિ-વામદેવ (૪.૧૮)
(૫) ઇન્દ્ર-વરુણ (૪.૪૨)
(૬) વસિષ્ઠ-તેમના પુત્રો (૭.૩૩)
(૭) નેમા-ભાર્ગવ-ઇન્દ્ર (૮.૧૦૦)
(૮) યમ-યમી (૧૦.૧૦)
(૯) ઇન્દ્ર-વસુક અને તેની પત્ની (૧૦.૨૮)
(૧૦) અગ્નિ-અન્ય દેવતાઓ (૧૦.૫૧)
(૧૧) ઇન્દ્ર, ઇન્દ્રાણી-વૃષાકપિ (૧૦.૮૬)
(૧૨) પુરૂરવા-ઉર્વશી (૧૦.૯૫)
(૧૩) સરમા-પણિ (૧૦.૧૦૮)

આમાંથી પ્રથમ દષ્ટિએ જ એ વાત ધ્યાન ઉપર આવે છે કે ઋગ્વેદના અન્ય મંડળોની અપેક્ષાએ ૧૦મા મંડળમાં સૌથી વધારે સંવાદસૂક્તો આવેલાં છે.

આ ઉપરાંત, ઋગ્વેદમાં કેટલાંક એકોક્તિ (Monologues) સ્વરૂપનાં સૂક્તો પણ આવેલાં છે. જેમકે, ઐન્દ્ર લબ સૂક્ત (૧૦.૧૧૯), અક્ષસૂક્ત (૧૦.૩૪) [જેમાં એક જુગારીની આત્મવિતક કથા રજૂ થઈ છે], વાગામ્ભૃણીય સૂક્ત (૧૦.૧૨૫), જેમાં વાક્દેવી પોતાના સામર્થ્યને વર્ણવે છે; વગેરે. આવાં એકોક્તિવાળાં સૂક્તોને પણ સંવાદસૂક્તોમાં સમાવી લઈએ તો ઋગ્વેદના સંવાદ સૂક્તોની સંખ્યા ૧૮ થી ૨૦ સુધી પહોંચી જાય.

દેવતાઓની સ્તુતિ કરતાં બીજાં સામાન્ય સૂક્તો કરતાં 'સંવાદસૂક્તો' ઘણી રીતે જુદાં પડે છે. તેમાં કથોપકથનની શૈલીમાં અર્થાત્ બે વ્યક્તિઓ વચ્ચેની વાત-ચીત સંવાદના રૂપે (ઉત્તર-પ્રત્યુત્તર કે ભાવ-પ્રતિભાવ રૂપે) રજૂ કરવામાં આવી હોય છે. તથા આવી વાતચીતમાંથી ભૂતકાળમાં બનેલી કોઈક ઐતિહાસિક કે સામાજિક ઘટના જાણવા મળતી હોય છે. આવા સંવાદો ક્યારેક ભારે નાટ્યાત્મક અંશોથી ભરેલા પણ જોવા મળે છે. આથી ઋગ્વેદના અભ્યાસી વિદ્વાનોએ આવા સંવાદસૂક્તો વિષે અનેક પ્રકારના અભિપ્રાયો વ્યક્ત કર્યા છે. જેમાંના કેટલાક આ પ્રમાણે છે : (૧) ઋગ્વેદનું પહેલ વહેલું મુદ્રિત સ્વરૂપ પ્રકાશિત કરનાર પ્રોફે. મેકસમ્યૂલર જણાવે છે કે યજ્ઞક્રિયાઓ દરમ્યાન ઋત્વિજો બે ભાગમાં વહેંચાઈ જઈને, એક તરફથી ઈન્દ્રનાં વચનો બોલતાં હશે, તો સામે પક્ષેથી બીજા બ્રાહ્મણો મરુતદેવનાં વચનો ઉચ્ચારતાં હશે. એવી રીતે આ સંવાદસૂક્તોની યજ્ઞક્રિયામાં નાટ્યાત્મક રજૂઆત થતી હશે.

(૨) પ્રોફે. શ્રોડર, પ્રોફે. સિલ્વાં લેવી અને પ્રોફે. હર્ટલ વગેરેની દૃષ્ટિએ ભારતીય સંસ્કૃત નાટકોનાં બીજ ઋગ્વેદનાં આ સંવાદસૂક્તોમાં રહેલાં છે. સંસ્કૃત નાટકની સંરચનામાં જુદા જુદા વેદમાંથી પાઠ્ય - વાચિક અભિનય -, સંગીત, નૃત્ય વગેરેનું ગ્રહણ કર્યાની વાત ભરતમુનિએ પણ કરી જ છે. તથાપિ આ વિદ્વાનો, નાટકના વાચિક ભાગનું ઉદ્ભવસ્થાન ઋગ્વેદનાં સંવાદસૂક્તોમાં જુવે છે.

(૩) ઉપરના મતમાં થોડુંક પરિવર્તન કરીને, પ્રોફે. વિન્ટરનિત્ઝ એવો મત ઉચ્ચારે છે કે ઋગ્વેદના આ સંવાદસૂક્તોમાં અર્ધો ભાગ નાટ્યાત્મક હોવા ઉપરાંત બીજો અર્ધો ભાગ પુરાણા કોઈ મહાકાવ્ય (epic)ની કથાનો ગાનાત્મક ભાગ જણાય છે. એટલે કે આ સંવાદસૂક્તો અંગ્રેજી Balled કથા કાવ્ય અથવા વીરગીતિકાવ્યની ઘણાં નજીક છે.

(૪) ડૉ. ઓલ્ડનબર્ગ જેવા વિદ્વાન એમ કહે છે કે વેદકાલિક પ્રચલિત આખ્યાનોમાંથી ગદ્યાંશ કાલગ્રસ્ત થઈ ગયા પછી, તેમાંનો જે પદ્યાંશ (ગાનાત્મક ભાગ) બચી ગયો હશે (લોકોની સ્મૃતિમાં સંગૃહીત રહી ગયો હશે) તે આ 'સંવાદસૂક્તો' રૂપે જોવા મળે છે. આજે શતપથ બ્રાહ્મણમાં પૂરૂરવા-ઉર્વશીનું આખ્યાન, તથા ઐતરેય બ્રાહ્મણમાં અજીગર્ત શૂનઃશેપનું આખ્યાન પૂર્ણ ગદ્ય-પદ્યમિશ્રિત સ્વરૂપે મળી આવે છે. આવાં બીજાં પણ પ્રાચીન આખ્યાનો હશે, જેમાંનો

ગદ્યભાગ આજે મળતો નથી, પણ કેવળ પદ્યભાગ મળે છે, જે આજે 'સંવાદસૂક્ત' રૂપે પ્રસિદ્ધ થયાં છે, પણ તેને 'આખ્યાનસૂક્ત' કહેવાં વધુ યોગ્ય છે. વળી, ડૉ. ઓલ્ડનબર્ગના મતે આવાં 'આખ્યાનસૂક્તો'નો યજ્ઞક્રિયાની સાથે કોઈ પ્રકારનો સંબંધ નથી.

(૫) ડૉ. એ.બી. કીથ સંવાદસૂક્તોમાં સંસ્કૃત નાટકોનાં બીજ જોઈ શકાય એમ સ્વીકારીને, વિશેષમાં કહે છે કે આ સંવાદસૂક્તોની ઐતિહાસિકતાની દૃષ્ટિએ ઘણી કિંમત છે. જેમાં વેદકાલીન ઘણી ઘટનાઓના દસ્તાવેજ સચવાઈ રહ્યા જણાય છે.

સંવાદસૂક્તો વિશેના વિવિધ મતો જોયા પછી, હવે આપણે યમ-યમી સંવાદ સૂક્ત (ઋગ્વેદ ૧૦-૧૦) વિશે ચર્ચા કરીશું :

ઋગ્વેદ (૧૦-૧૦)માં આવેલા આ 'યમ-યમી સંવાદસૂક્ત'માં સૃષ્ટિના આરંભે વિવસ્વત સૂર્ય અને સરણ્યૂમાંથી જન્મેલું (એક પુરુષ અને એક સ્ત્રીનું જોડકું) કે જેઓ 'યમ'-'યમી'ના નામે ઓળખાયા છે–તેમની વચ્ચેનો સંવાદ રજૂ થયો છે. ગ્રિફીથ વગેરે વિદ્વાનોના મતે આ સૂક્તના મન્ત્રો સમજવા થોડાક મુશ્કેલ છે, પણ ભારતના પ્રાચીન ભાષ્યકારોએ તેને નીચે મુજબ સમજાવેલ છે : યમ અને યમી એક જ માતાપિતાના જોડિયાં સંતાન હોવાથી ભાઈ-બહેન કહેવાય. પણ યમી એકવાર કોઈ સમુદ્રના અવાન્તર દ્વીપમાં યમને લઈ જાય છે અને 'આ સ્થળ નિર્જન છે, અન્ધકારગ્રસ્ત છે, આપણને કોઈ જોનાર નથી' એમ કહીને, યમને કહે છે કે આપણે પતિ-પત્ની રૂપે જોડાઈએ. યમી યમની પાસે સ્પષ્ટ માંગણી કરે છે કે તું મારા ઉદરમાં ગર્ભાધાન કર. તું મારો 'સખા' બન. આ સાંભળી યમ આઘાત અનુભવે છે. તે યમીની માંગણીનો સ્વીકાર કરી શકતો નથી. કારણ કે તે સ્પષ્ટપણે માને છે કે આપણે ''સલક્ષ્મા' – સમાન માતાના ઉદરમાં રહેલા હોઈ ભાઈ-બહેન છીએ. તેથી આપણી વચ્ચે પતિ-પત્નીનો સંબંધ ''વિષુરૂપ'' ગણાય; (વિષમ-ધર્મશાસ્ત્રથી અમાન્ય ગણાય). વળી, પરમાત્માના વીર પુત્રો - ઈન્દ્રાદિ દેવો - આપણને જોઈ રહ્યા છે અને વળી, આવી ભાઈ-બહેન વચ્ચેની મૈથુનક્રિયાને તેઓ નકારી કાઢે છે.

યમી ફરી ફરીને પોતાની માંગણી દોહરાવે છે અને યમને પોતાનો પતિ થવામાં કશો વાંધો નથી એમ સાબિત કરવા જુદી જુદી દલીલો પણ કરે છે. જેમકે, પહેલાં કહ્યું હતું કે અહીં કોઈ જોનાર નથી; બીજે તબક્કે કહે છે કે પ્રજાપતિએ આપણને જોડકાં તરીકે માતાના ઉદરમાં સાથે શયન કરાવીને જ, આપણી વચ્ચે દમ્પતીત્વનો - પતિપત્નીના સંબંધનો - આવિર્ભાવ કર્યો છે ! તેથી હવે સહશયન કરીને આપણે સંસાર શરૂ કરીએ એમાં દેવોને વાંધો ન હોઈ શકે. આના ઉત્તરમાં યમ કહે છે કે આપણે સમાન માતા-પિતાના સંતાન હોઈ - આપણી 'નાભિ' (બંધન) એક સમાન છે. આપણે સૂર્ય અને સરણ્યૂ જેવા માતાપિતાના સંતાન હોઈ **परमं जामि** - ઉત્કૃષ્ટ કુળમાં જન્મ્યા છીએ અને આપણે એકબીજાના ભાઈબહેન કહેવાઈએ. ફરી પણ યમી વિનવે છે કે - હે યમ ! જેમ કોઈ પત્ની પોતાના પતિને માટે પોતાનું શરીર પ્રકટ કરે તેમ હું તારે માટે મારું શરીર પ્રકાશિત કરું; આપણે બે રથના બે ચક્રની જેમ ધર્માદિ

પુરુષાર્થને મેળવવા સાથે ઉદ્યમ કરીએ. પણ યમ પોતાના વિચારમાં અડગ છે - અફર છે. યમ ફરીને યમીને ચેતવે છે કે દેવોના જાસુસો સતત આપણી આસપાસ ફરે છે તથા તું બીજા કોઈ પુરુષને શોધી કાઢ, એની સાથે તારો સંસાર માંડ. વળી, યમ એવી પણ ભવિષ્યવાણી ઉચ્ચારે છે કે હવે પછીના યુગોમાં એવો સમય જરૂર આવશે કે જેમાં 'જામિઓ અજામિ કૃત્ય કરશે', અર્થાત્ ભાઈબહેનો પણ પતિ-પત્નીના ભાવે જોડાશે. પણ અત્યારે તો હે યમી ! તું અન્ય પુરુષના બાહુની કામના કર, મને ત્યજી દે. અલબત્ત યમી યમનો પીછો છોડતી નથી ! તે અફસોસ સાથે ફરી કહે છે કે શું મારે તારા જેવો ભ્રાતા હોવા છતાંય હું 'અ-નાથ' રહીશ ? પણ યમ પણ અવશપણે હે છે કે હું તારો પતિ નહીં જ બનું, એમ કરવાથી હું પાપી જ બનીશ. આથી ગુસ્સે રાયેલી, ઈર્ષ્યાથી બળતી યમી છેલ્લે કહી દે છે કે જેવી રીતે કોઈ લતા વૃક્ષને વીંટળાય એમ બીજી કોઈ સ્ત્રી તને આલિંગશે. – આ યમ-યમીના સંવાદ દ્વારા એટલું તો સ્પષ્ટ છે કે વૈદિકકાળમાં ભાઈ-બહેન વચ્ચેના સંબંધો પવિત્ર ગણાતા હતા, અને તેઓ વૈવાહિક સંબંધથી જોડાઈ શકતા ન હતા.

અલબત્ત, યમ ભલે અડગ રહ્યો હોય, પણ યમીએ બહેન હોવા છતાંય ભાઈની પાસે જે મૈથુનેચ્છા દર્શાવી છે તે ઘટના જ આપણને ક્ષુભિત કરી દે તેવી છે. આથી આચાર્ય વિશ્વેશ્વરે આ સૂક્તનું માર્મિક અર્થઘટન કરવા પ્રયાસ કર્યો છે. જેમકે,

''અહીં યમ-યમીને દિવસ-રાત્રિના, દ્યાવાપૃથિવીના કે (સાંખ્યના) પ્રકૃતિ-પુરુષના પ્રતીક રૂપે લઈ શકાય એમ છે. 'યમ' શબ્દનો અર્થ જેમ 'જોડકું' થાય છે, મ નિયમન - સંયમન કરનારને પણ 'યમ' કહેવાય છે તો આ દિવસ-રાત્ર, કે ાવાપૃથિવી અને પ્રકૃતિ-પુરુષ પણ જગદ્વ્યવહારનું નિયમન કરનાર છે આથી તે રેકને 'યમ-યમી'ના નામે આપણે ઓળખી શકીએ.

વળી, ભાષ્યકારોએ યમ-યમીને ભાઈ-બહેનરૂપે ઓળખાયા છે, તે પણ વ્યાકરણ-સંમત વાત નથી. કારણ કે 'યમની બહેન' અર્થમાં તો **अजाद्यष्टाप्**। ૪-૧-૪ સૂત્રથી **यमा** શબ્દ બનવો જોઈએ. જો અહીં સૂક્તમાં 'યમી' શબ્દ વપરાયો હોય તો તે **पुंयोगदाख्यायाम्** । ૪-૧-૪૮ સૂત્રથી ''પુરુષનો યોગ થતાં યમની પત્ની'' તે **'यमी'** - એવો શબ્દ બની શકે. આ રીતે યમ-યમી ભાઈ-બહેન છે જ નહીં, પણ પતિ-પત્ની જ છે. તેથી આ સૂક્તમાં અઘટિત વાતચીત છે એમ જોઈ શકાશે નહીં. (ભાષ્યકારોએ ૧૧મા મંત્રના **भ्राता** અને **स्वसा** શબ્દને જોઈને યમ-યમીને ભાઈ-બહેન કલ્પ્યા છે. પરંતુ આચાર્ય વિશ્વેશ્વર કહે છે કે તે શબ્દોની બીજી રીતે પણ વ્યાખ્યા થઈ શકે છે. જેમકે, જે ભરણ કરે તે ભ્રાતા - અર્થાત્ **भर्ता** અર્થમાં અહીં **भ्राता** શબ્દ સમજવો. તથા **सुवासा जाया** - સારા વસ્ત્રોવાળી પત્ની' અર્થમાં **वसा** શબ્દ સમજાવી શકાય. આમ યમ-યમીને પતિ-પત્ની રૂપે જ લેવા.)

વળી, આધ્યાત્મિક અર્થઘટન કરવું હોય તો યમ-યમીને પુરુષપ્રકૃતિ રૂપે લેવા. તેમની વચ્ચે સ્વ-સ્વામિભાવ સંબંધ છે. પુરુષ પ્રકૃતિનો સ્વામી છે, પતિ છે. પ્રકૃતિ તેની 'સ્વ' અર્થાત્ પત્ની છે. પુરુષ ભોક્તા છે અને પ્રકૃતિ ભોગ્ય છે. પુરુષ દ્રષ્ટા છે

અને પ્રકૃતિ દશ્ય છે. પ્રકૃતિ પુરુષને આકર્ષિત કરે છે, ભોગને માટે આમંત્રિત કરે છે. પુરુષ એનાથી બચવા ચાહે છે - મોક્ષપ્રાપ્તિનો પ્રયત્ન કરે છે. આ આધ્યાત્મિક રહસ્યને પ્રસ્તુત સૂક્તમાં યમ-યમીના સંવાદ રૂપે સુન્દર રીતે રજૂ કરેલ છે.'' – જુઓ : નિરુક્ત : સંપાદક – આચાર્ય વિશ્વેશ્વર, જ્ઞાનમંડળ લિમિટેડ, વારાણસી, ૧૯૬૬, પૃ. ૪૩૫-૪૫૫.

ओ चि॒त्सखा॑यं स॒ख्या व॑वृत्यां ति॒रः पुरू चि॑दर्ण॒वं ज॑ग॒न्वान् ।
पि॒तुर्नपा॑त॒मा द॑धीत वे॒धा अधि॒ क्षमि॑ प्रत॒रं दीध्या॑नः ॥१॥

ओ इति॑ । चि॒त् । सखा॑याम् । स॒ख्या । व॒वृ॒त्या॒म् । ति॒रः । पु॒रु । चि॒त् । अ॒र्ण॒वम् । ज॒ग॒न्वान् ।
पि॒तुः । नपा॑तम् । आ । द॒धी॒त॒ । वे॒धाः । अ॑धि । क्ष॑मि । प्र॒ऽत॒रम् । दीध्या॑नः ॥१॥

अत्रास्मिन् सूक्ते वैवस्वतयोर्यमयम्योः संवाद उच्यते । आस्यामृचि यमं प्रति यमी प्रोवाच । ᵛतिरः अन्तर्हितमप्रकाशमानम् । निर्जनप्रदेशमित्यर्थः । ᵛपुरु ᵛचित् बह्वपि विस्तीर्णं च ᵛअर्णवं समुद्रैकदेशमवान्तरद्वीपं ᵛजगन्वान् गतवती यमी । ᵛचित् इति पूजार्थे । पूछितमिष्टम् । श्रेष्टमित्यर्थः । ᵛसखायं गर्भवासादारभ्य सखीभूतं यमं ᵛसख्या सख्याय स्त्रीपुरुषसंपर्कजनितमित्रत्वाय ᵛओ ᵛववृत्याम् आवर्तयामि । आभिमुख्येन स्थित्वा लज्जां परित्यज्य त्वत्संभोगं करोमीत्यर्थः । 'धर्मस्य त्वरिता गतिः' इति न्यायेन कामस्य त्वरितत्वात् । अपि च ᵛपितुः आवयोर्भविष्यतः पुत्रस्य पितृभूतस्य तवार्थाय ᵛअधि ᵛक्षमि अधिं पृथिव्याम् । पृथिवीस्थानीये ममोदर इत्यर्थः । ᵛप्रतरं प्रकृष्टम् । सर्वगुणोपेतमित्यर्थः । ᵛनपातं गर्भलक्षणमपत्यं ᵛवेधाः विधाता प्रजापतिः ᵛदीध्यानः आवयोरनुरूपस्य पुत्रस्य जननार्थमावां ध्यायन् ᵛआ ᵛदधीत । 'प्रजापतिर्धाता गर्भं दधातु ते' (ऋ. सं. १०.१८४.१) इत्युक्तवात् ॥

અનુવાદ (22) : (યમી કહે છે :-) પ્રકાશ વગરનાં (અર્થાત્ નિર્જન) અને ઘણા વિશાળ સમુદ્રના કોઈ એક (અવાન્તર દ્વીપના) ભાગમાં પહોંચેલી (યમી એવી) હું, (ગર્ભવાસથી માંડીને) મિત્ર બનેલા (યમ)ને (સ્ત્રી-પુરુષ વચ્ચેની) મિત્રતાને માટે

મારા તરફ અભિમુખ કરું છું. (આપણા બેનું) ધ્યાન ધરતા વિધાતા આ પૃથિવી ઉપર (અર્થાત્ પૃથિવી રૂપ મારા ઉદરમાં) પિતાની (અર્થાત્ તારી યમની) ઈષ્ટ અને શ્રેષ્ઠ એવી સંતતિને સ્થાપે. (૧૦-૧૦-૧)

નોંધ : વિવસ્વાન્ મનુના બે જોડકાં સંતાન તે યમ અને યમી છે. યમી કોઈ સમુદ્રના નિર્જન દ્વીપ ઉપર યમને લઈ જઈને, તેની સાથે મૈથુનક્રીડાની માંગણી કરે છે, જેની આ મન્ત્રમાં રજૂઆત કરવામાં આવી છે : પહેલા પાદનું એક વાક્ય બને છે, જેનો અન્વય આ પ્રમાણે ગોઠવવાનો છે : **तिरः** (અંધકારવાળા નિર્જન પ્રદેશ ઉપર), **पुरु** (વિશાળ), **अर्णवं** (સમુદ્રના કોઈ ભાગ ઉપર), **जगन्वान्** (**= गतवती यमी**) પહોંચેલી યમી (એવી હું), **सखायं** (**यमं**) - મિત્ર એવા યમને, **सख्या = सख्याय** - (પતિ-પત્ની વચ્ચેની) મિત્રતાને માટે, **ओ चित् ववृत्याम्** - મારા તરફ આવર્તીત કરું છું - અભિમુખ કરું છું. (आङ् ઉપસર્ગના અર્થમાં **ओ** નિપાત વપરાયો છે.)

ત્રીજા - ચોથા પાદમાંના વાક્યનો અન્વય આ પ્રમાણે છે : **दीध्यानः (= ध्यायन्) वेधाः** - ધ્યાન ધરતા વિધાતા, (પ્રજાપતિ), **अधि क्षमि (= पृथिव्याम् अधि)** પૃથિવીની ઉપર, **पितुः (यमस्य) प्रतरं (= श्रेष्ठं), चित् (= पूज्यं), नपातम्** - ગર્ભસ્થસંતતિને, **आ दधीत (= दधातु)** સ્થાપના કરે.

અહીં **तिरः** એટલે 'અંધકારથી ઢંકાયેલો, નિર્જન પ્રદેશ' એવો અર્થ થાય છે. **जगन्वान्** - પરોક્ષ ભૂતકૃદન્તનું પુલિંગમાં રૂપ છે, પણ સન્દર્ભ અનુસાર તે યમીનું વિશેષણ બનતું હોવાથી, સાયણે તેનો **गतवती** - (અમુક સ્થાને) 'ગયેલી–પહોંચેલી' એવો અર્થ કર્યો છે. વળી, અહીં યમને **सखायम्** - 'મિત્ર એવા યમને' એમ કહીને 'સખા' તરીકે ઓળખાવે છે. સાયણ આને સ્પષ્ટ કરતાં કહે છે કે યમ-યમી એ બે જોડિયાં ભાઈ-બહેન એક જ માતાના ઉદરમાં સાથે રહ્યા હતા. તેથી તેમની વચ્ચે સમાન ખ્યાલ-મિત્રતા-હતી જ. પણ જન્મ પછી તે યમી યમની પાસે **सख्या = सख्याय** - મિત્રતાને માટે (માંગણી કરે છે.) તો આ કયા પ્રકારની મિત્રતા યાચી રહી છે ? તેને સમજાવતાં સાયણ કહે છે કે પતિ-પત્ની વચ્ચે હોય તેવી મિત્રતાને માંગતી યમી, યમને પોતાના તરફ અભિમુખ થવા પ્રાર્થે છે. **आ ववृत्याम्** - મારા તરફ ફેરવું છું - અભિમુખ કરું છું - આકર્ષું છું.

वेधाः पितुः नपातम् आ दधीत । ને સમજાવતાં ભાષ્યકાર કહે છે કે ''વિધાતા (મારા = યમીના ઉદરમાં), પિતાના સંતાનને સ્થાપે.'' યમ-યમીના સંબંધથી જે સંતતિ થાય, તેનો યમ 'પિતા' કહેવાય. આમ પરોક્ષ રીતે યમી યમને પોતાનો પતિ થવા કહે છે. પતિ યમ પોતાનામાં = યમીમાં (પત્નીમાં) સંતતિને ગર્ભને સ્થાપે. આમ કહીને યમીએ યમની સાથે મૈથુન સંબંધની ઈચ્છા વ્યક્ત કરી છે.

ભાષ્યકાર સાયણ અને ઉદ્ગીથનું વ્યાખ્યાન મહદંશે એક સરખું જ છે. પરંતુ

વેંકટ માધવે **नपातम्** નો અર્થ 'પૌત્ર' થાય છે એ વાત ધ્યાન ઉપર લઈને કહ્યું છે કે, ''આપણા બે (= યમ-યમી)ના પિતા = વિવસ્વાનના પૌત્રને મારા ઉદરમાં સ્થાપે.''

न ते॒ सखा॑ स॒ख्यं व॑ष्ट्ये॒तत्सल॑क्ष्मा॒ यद्विषु॑रूपा॒
भवा॑ति ।
म॒हस्पु॒त्रासो॒ असु॑रस्य वी॒रा दि॒वो ध॒र्तार॑ उर्वि॒या परि॑
ख्यन् ॥२॥

न । ते॒ । सखा॑ । स॒ख्यम् । व॒ष्टि॒ । ए॒तत् । सऽल॑क्ष्मा । यत् ।
विषु॑ऽरूपा । भवा॑ति ।
म॒हः । पु॒त्रासः॑ । असु॑रस्य । वा॒राः । दि॒वः । ध॒र्तारः॑ ।
उ॒र्वि॒या । परि॑ । ख्य॒न् ॥२॥

यम आत्मानं परोक्षीकृत्य यमीं प्रत्युवाच । हे यमि ᵛते तव ᵛसखा गर्भवासलक्षणेन सखीभूतो यमः ᵛएतत् ईदृशं त्वयोक्तं स्त्रीपुरुषलक्षणं ᵛसख्यं ᵛन ᵛवष्टि नं कामयते । ᵛयत् यस्मात् कारणात् यमी ᵛसलक्ष्मा समानयोनित्वलक्षणा ᵛविषुरूपा भगिनीत्वाद्विषमरूपा ᵛभवाति भवति । तस्मान्न वष्टीत्यर्थ । इदानीं 'तिरः पुरू चिदर्णवं जगन्वान्' इत्यस्य प्रतिवचनमुच्यते । ᵛमहः महतः ᵛअसुरस्य प्राणवतः प्रज्ञावतो वा प्रजापतेः ᵛपुत्रासः पुत्रभूताः ᵛवीराः । 'वीरो वीरयत्यमित्रान् वेतेर्वा स्याद् गतिकर्मणो वीरयतेर्वा' (निरु. १.७) इति निरुक्तम् । शत्रूणां विविधमीरयितारः ᵛधर्तारः धारयितारः ᵛदिवः द्युलोकस्य । प्रदर्शनमेतत् । द्युप्रभृतीनां लोकानामित्यर्थः । ॥

અનુવાદ (23) : (યમ કહે છે :-) ''તારો આ સખા આ (સ્ત્રી-પુરુષની વચ્ચે હોય એવી) મિત્રતાની કામના કરતો નથી; કારણ કે સમાન (યોનિમાંથી જન્મ્યા હોવા રૂપ) લક્ષણવાળી (તું યમી ભગિની-બહેન-કહેવાવાથી) વિષમ રૂપવાળી થઈ છું (= તું પંત્ની બનવાને યોગ્ય નથી). તે મહાન અસુર (= પ્રાણવાન પ્રજાપતિ)ના પુત્રો, કે જે વીર છે; તથા દ્યુલોકને ધારણ કરનારા છે તેઓ આ (નર્જન જણાતા) વિશાળ પ્રદેશને ચારે તરફથી જુવે છે.'' (૧૦-૧૦-૨)

નોંધ : પહેલા પાદમાં **ते (= तव) सखा एतत् सख्यं न वष्टि (= न कामयते) ।** એવું વાક્ય છે. જોડકાં તરીકે જે યમ યમી સાથે સહોદર બની 'સખા' બન્યો છે, તે યમી ઇચ્છે છે એવા પ્રકારના (અર્થાત્ પતિપત્ની વચ્ચે હોય તેવા) સખ્યની - મિત્રતાની કામના કરતો નથી.' બીજા પાદમાં - **यत् (= यस्मात्**

कारणात्) सलक्ष्मा (यमी) विषुरूपा भवाति । એવું વાક્ય છે. 'કારણ કે, યમી તો સમાન યોનિજત્વ રૂપ લક્ષણવાળી અર્થાત્ ભગિની કહેવાવાથી, વિષમ રૂપવાળી અર્થાત્ પત્ની થવાને અયોગ્ય બની છે. (**भवाति** - વૈદિક સંકેતાર્થ **लेट्** લકારનું ત્રી. પુ. એ. વ.નું રૂપ છે.) વેંકટ માધવ 'વિષમ રૂપવાળી'નો અર્થ 'મૈથુનને માટે અયોગ્ય' એવો કરે છે.

પહેલા મન્ત્રામાં યમીએ કહ્યું હતું કે આ સમુદ્ર ઉપરનો કોઈ અવાન્તર દ્વીપપ્રદેશ છે, નિર્જન છે ત્યાં કરેલું દુષ્કર કાર્ય કોઈ જોશે નહીં, જાણશે નહીં. – તે વાતનું ખંડન કરવા, યમ હવે બીજા મન્ત્રની બીજી પંક્તિમાં કહે છે કે – **महः (= महतः) असुरस्य पुत्रासः वीराः, दिवः धर्तारः उर्विया परि ख्यन् (= सर्वतः पश्यन्ति ।)** -ઉદ્ગીથ - **असु** એટલે 'પ્રાણ', અને **असुर** એટલે 'પ્રાણવાન'. આ 'પ્રજાપતિ' માટે વપરાતું વિશેષણ છે. (વેદમાં **असुर**નો અર્થ દાનવ થતો નથી. તે શબ્દ મહાન શક્તિશાળી દેવને માટે વપરાય છે.) મહાન એવા પ્રજાપતિના પુત્રો, કે જેઓ વીર છે ('વીર' એને કહેવાય કે જે અમિત્રોને મારી નાખે), તથા દ્યુલોકને ધારણ કરનાર છે તેઓ આ વિસ્તીર્ણ પ્રદેશને ચારે તરફથી જુવે છે. વેંકટ માધવ **परि ख्यन्**-નો અર્થ **परि चक्षते, न कर्तव्यमिति वदन्ति** । "આ (મૈથુનકાર્ય તારે = યમે) ન કરવું જોઈએ એમ કહે છે." – એવો કરે છે.

આ મન્ત્ર દ્વારા, યમે યમીની મૈથુનક્રીડા માટેની માંગણીને નકારી કાઢી છે. યમે બહુ સચોટ રીતે પોતાની વાત મૂકી છે કે - "આપણે બે સલક્ષ્મા સમાન લાંછનવાળા - સમાન માતાના ઉદરમાં રહી ચૂકેલા છીએ. અર્થાત્ આપણે ભાઈ-બહેન છીએ. તેથી તું યમી **विषुरूपा** છું. મારે માટે તું પત્ની બનાવવા યોગ્ય નથી." આ વાક્ય દ્વારા એવું સૂચિત થાય છે કે વેદકાળમાં ભાઈ-બહેન વચ્ચે વિવાહસંબંધને સ્પષ્ટપણે નિષિદ્ધ ગણવામાં આવતા હશે. યમીની બીજી જે વાત હતી, કે આ **तिरः** અન્ધકારથી ગ્રસ્ત, નિર્જન પ્રદેશ છે માટે આપણને કોઈ જોશે નહીં. તે વાતનું પણ યમે સારી રીતે ખંડન કર્યું છે. પ્રજાપતિના ઈન્દ્રાદિ દેવો, કે દિક્પાલો આપણને ચારે તરફથી જુવે છે. (અથવા આપણા આ મૈથુનકર્મને નકારી કાઢે છે.) માટે એ દૃષ્ટિએ પણ યમીની માંગણી સ્વીકારી શકાય એમ નથી.

उ॒शन्ति॑ घा॒ ते अ॒मृता॑स ए॒तदेक॑स्य चित्त्य॒जसं॒ मर्त्य॑स्य ।
नि ते॒ मनो॒ मन॑सि धाय्य॒स्मे जन्यु॒ः पति॑स्त॒न्व१॒मा वि॑विश्याः ॥३॥

उ॒शन्ति॑ । घ॒ । ते । अ॒मृता॑सः । ए॒तत् । एक॑स्य । चि॒त् । त्य॒जस॑म् । मर्त्य॑स्य । नि । ते॒ । मन॑ः । मन॑सि । धा॒यि॒ । अ॒स्मे

इति॑ । जन्यु॑ः । पति॑ः । त॒न्व॑म् । आ । वि॒वि॒श्या॒ः ॥३॥

पुनरपि यमी यमं प्रत्युवाच । ᵛघ इति निपातोऽप्यर्थे । हे यम ᵛते प्रसिद्धाः ᵛअमृतासः प्रजापत्यादयो देवा अपि ᵛएतत् ईदृशं शास्त्रेणागम्यत्वेनोक्तं ᵛत्यजसम् । त्यज्यते परस्मै प्रदीयत इति त्यजसं दुहितृभगिन्यादिस्त्रीजातम् । ᵛउशन्ति कामयन्ते । ᵛएकस्य ᵛचित् सर्वस्य जगतः मुख्यस्यापि प्रजापत्यादेः स्वदुहितृभगिन्यादीनां संबन्धोऽस्तीति शेषः । अतः कारणात् ᵛते तव ᵛमनः चित्तम् ᵛअस्मे अस्माकम् । ममेत्यर्थः । ᵛमनसि चित्ते ᵛनि ᵛधायि निधीयताम् । अहं त्वां कामये त्वं मामपि कामयस्वेत्यर्थः । अपि च । ᵛजग्युः इति लुप्तोपममेतत् । जन्युरिव यथा जनयिता प्रजापतिः ᵛपतिः भर्ता भूत्वा स्वदुहितुः शरीरं संभोगेनाविष्टवान् तथा त्वमपि मम पतिर्भूत्वा ᵛतन्वं मदीयं शरीरम् ᵛआ ᵛविविश्याः संभोगेनाविश । योनौ प्रजननप्रक्षेपोपगूहनचुम्बनादिना म संभुङ्क्ष्वेत्यर्थः ॥

અનુવાદ (24) : (યમી કહે છે :) તે (પ્રજાપતિ વગેરે) અમૃત (દેવો) પણ એક મનુષ્યના (પુત્ર રૂપ) ઉત્સર્ગ (**त्यजसं**) ને ચાહતા હોય છે (= માન્યતા આપે છે). તો (હે યમ !) તું તારા મનને મારા મનમાં સ્થાપ. (પુત્રને) જન્મ આપનાર અને (મારો) પતિ બનેલો તું (મારા) શરીરમાં પ્રવેશ કર. (૧૦-૧૦-૩)

નોંધ : ઉપર્યુક્ત અનુવાદ વેંકટ માધવના ભાષ્યને અનુસરીને આપ્યો છે. અહીં **त्यजसम्** નો અર્થ ‘ઉત્સર્ગ’, અર્થાત્ ‘પ્રસવેલો (જન્માવેલો) પુત્ર’ એવો કર્યો છે; તથા **उशन्ति** ક્રિયાપદનો અર્થ આમ તો ‘કામના કરે છે, ચાહે છે’ એવો થાય છે, પણ ભાષ્યકારે પ્રસ્તુત સન્દર્ભમાં ‘‘અમૃત દેવો મનુષ્યના પુત્રને - પુત્રના જન્મને પણ માન્યતા આપે છે.’’ (**अनुमन्यन्ते**) એવો કર્યો છે. **नि+धायि** નો અર્થ ‘**नि धीयताम्**’ કર્યો છે.

ભાષ્યકાર ઉદ્ગીથ અને સાયણાચાર્યે પહેલા બે પાદમાં **ते (प्रजापत्यादयः) अमृतासः (देवाः) घ (= अपि) एतत् त्यजसं (= दुहितृभगिन्यादिस्त्रीजातम्) उशन्ति (= कामयन्ते)** । એવું વાક્ય લે છે. આનો અર્થ થાય છે : ‘‘જે પ્રજાપતિ વગેરે અમૃત = અમર દેવો છે, તેઓ પણ આ ‘ત્યજવા યોગ્ય’ (દીકરી કે બહેનને અન્ય પુરુષની પત્ની રૂપે આપી દેવાની હોય છે, આથી તેને ‘ત્યજવા યોગ્ય’ કહી છે) અર્થાત્ પત્ની રૂપે જે અગમ્ય છે (= ગમન કરવા યોગ્ય નથી) તે (દીકરી કે બહેન)ની કામના કરે છે.’’ આ અર્થઘટનમાં **त्यजसं**નો અર્થ ‘ઉત્સર્ગ - સંતતિ - જન્માવેલો પુત્ર’ એવો નહીં કરતાં, ‘‘દીકરી અને બહેન; (કે જેમને પત્ની રૂપે બીજા પુરુષને આપી દેવાના હોય છે)’’ - એવો અર્થ કર્યો છે. આવો અર્થ પણ થઈ શકે છે. પરંતુ આ બીજા અર્થઘટનમાં, મૂળ મન્ત્રના **एकस्य मर्त्यस्य** શબ્દોનો અર્થ

ઉપર્યુક્ત વાક્યમાં બંધ બેસાડવો થોડોક મુશ્કેલ જણાય છે. જેમકે, સાયણ કહે છે : **एकस्य चित् मर्त्यस्य** એટલે **सर्वस्य जगतः** 'આખા જગતના જે મુખ્ય પ્રજાપતિ વગેરે દેવો છે તેમનો પણ''-એવો અર્થ કરીને, ''બહેન-દીકરી જોડે સંબંધ છે (એમ જોવા મળે છે)'' એવો તેમાં અધ્યાહાર લે છે.

ત્રીજા પાદમાં **ते (= तव यमस्य) मनः अस्मे (= अस्माकं) मनसि नि धायि (निधीयताम्)** । એવું વાક્ય છે. યમી યમને તેનું મન યમીમાં સ્થાપવા કહે છે. અર્થાત્ પોતાને પત્ની તરીકે ચાહવા વિનવે છે. વળી, ચોથા પાદમાં ઉમેરે છે કે - **जन्युः (जनयिता) पतिः (भूत्वा) (त्वं) (मम यम्याः) तन्वं (= शरीरम्) आ विविश्याः (आविश)** । (આપણા પુત્રને) જન્મ આપનાર તું મારો પતિ બનીને (મારા - યમીના) શરીરમાં પ્રવેશ કર. (અર્થાત્ મારી સાથે તું સંભોગ કર.) અહીં, ભાષ્યકાર ઉદ્ગીથે, અને તેમને અનુસરીને સાયણે **जन्युः** પદને લુપ્તોપમાવાળું કહ્યું છે. એટલે અહીં **जन्युः**નો અર્થ **जन्युः इव** કરવાનો છે. જેથી વાક્ય આવી રીતે ગોઠવાશે : – ''જેવી રીતે જનયિતા (પ્રજાપતિ) પતિ બનીને પોતાની પુત્રીના શરીરમાં સંભોગપૂર્વક પ્રવેશ્યા હતા **એવી જ રીતે** તમે (યમ) પણ મારા (યમીના) શરીરમાં સંભોગ દ્વારા પ્રવેશો.''

[અહીં **अमृतासः त्यजसं उशन्ति** । એવાં પદોથી ''પ્રજાપતિ વગેરે અમૃત દેવોએ પણ ત્યજવા યોગ્ય અર્થાત્ અગમ્ય એવી પુત્રી વગેરેની કામના કરી હતી'' એવું જે કહેવાયું છે; તેનો પ્રપંચ કરીને પુરાણોમાં એક કથા કલ્પવામાં આવી છે કે - એકવાર બ્રહ્માજીએ પોતાની પુત્રી સન્ધ્યાને અતિશય રૂપવાળી જોઈ અને તેમના મનમાં તેને માટે કામ જન્મ્યો; અને તે તેની સાથે રમણ કરવા ઉદ્યત થયા. આ જોઈને પુત્રી સન્ધ્યા શરમાઈ અને મૃગીનું રૂપ લઈને પલાયન કરી ગઈ. પણ પિતા હ્માજી પણ ત્યારે મૃગનું રૂપ લઈને એની પાછળ પડ્યા. આ દશ્ય જોઈને મહાદેવ કર ક્રોધે ભરાયા અને પિનાક ધનુષ્યમાંથી એક બાણ ફેંક્યું. આથી લજ્જા અનુભવતા બ્રહ્માજી મૃગશીર્ષ નક્ષત્રનું રૂપ લઈને પરિવર્તિત થઈ ગયા; અને તેની સાથે શંકરનું બાણ પણ આર્દ્રા નક્ષત્ર રૂપે પરિણમીને તે મૃગશીર્ષ નક્ષત્રની પાછળ ગોઠવાઈ ગયું. ત્યારથી માંડીને, આજદિન સુધી આપણને આકાશમાં મૃગશીર્ષ અને આર્દ્રા નક્ષત્ર પાસે પાસે ગોઠવાયેલા જોવા મળે છે. અહીં પિતાએ પુત્રીની કામના કર્યાનો સન્દર્ભ વિશદ થાય છે. **वेदम् इतिहासपुराणाभ्यां समुपबृंहयेत्** । એવી ઉક્તિ દ્વારા જે કહેવાયું છે કે – ''ઇતિહાસ અને પુરાણની કથા દ્વારા વેદનું સમુપબૃંહણ - વિવરણ - કરવું જોઈએ'' તેનો આ એક નિદર્શ છે.]

અહીં **त॒न्व॑म्** । માં જાત્ય સ્વતન્ત્ર સ્વરિત સ્વર આવેલો છે. (**त॒नु + अ॒म्** → **त॒न्व॑म्** ।) તેની પાછળ **आ॒** ઉપસર્ગ ઉદાત્ત સ્વરવાળો આવેલો હોવાથી **न्वं** માંના સ્વરિતની એક અર્ધીમાત્રા કંપ અનુભવે છે, તે દર્શાવવા સંહિતાપાઠમાં **१॒** નું નિશાન મૂકાયું છે.

न यत्पु॒रा च॑कृ॒मा कद्ध॑ नू॒नमृ॒ता वद॑न्तो॒ अनृ॑तं रपेम।
ग॒न्ध॒र्वो अ॒प्स्वप्या॑ च॒ योषा॒ सा नो॒ नाभि॑ः प॒रमं
जा॒मि तन्नौ ॥४॥

न । यत् । पु॒रा । च॒कृ॒म । कत् । ह॒ । नू॒नम् । ऋ॒ता ।
वदन्तः । अनृ॑तम् । र॒पे॒म॒ ।
ग॒न्ध॒र्वः । अ॒प्ऽसु । अप्या॑ । च॒ । योषा॑ । सा । न॒ः ।
नाभि॑ः । प॒र॒मम् । जा॒मि । तत् । नौ॒ ॥४॥

यमो यमीं पुनर्ब्रूते । ᵛपुरा पूर्वं प्रजापतिः ᵛयत् अगम्यागमनपरिमितसामर्थ्योपेतत्वात् कृतवान् तथा वयं ᵛन ᵛचकृम नाकुर्म । वयम् ᵛऋता ऋतानि सत्यानि ᵛवदन्तः ᵛअनृतम् असत्यं ᵛकद्ध कदा खलु ᵛनूनं निश्चितं ᵛरपेम वदेम । न कदाचिदपीत्यर्थः । अगम्यागमनं न कुर्म इति यावत् । अपि च ᵛअप्सु । अन्तरिक्षनामैतत् । अन्तरिक्षे स्थितः ᵛगन्धर्वः गवां रश्मीनामुदकानां वा धारयिता आदित्यः ᵛअप्या अन्तरिक्षस्था ᵛसा प्रसिद्धा ᵛयोषा आदित्यस्य भार्या सरण्यूः ᵛच ᵛनः नावावयोः ᵛनाभिः उत्पत्तिस्थानम् । मातापितरावित्यर्थः । ᵛतत् तस्मात् कारणात् ᵛनौ आवयोः ᵛजामि बान्धवमुत्कृष्टम् । एवं सत्यावयोरगम्यागमनरूपत्वात् कर्तुमयुक्तं तस्मादेतन्न करोमीत्यभिप्रायः ॥

અનુવાદ (25) : (યમ કહે છે :) ''(પ્રજાપતિએ) પુરાતન કાળમાં જે (કર્યું હતું) તે (આપણે) ક્યારેય ન કરી શકીએ. નિશ્ચિત ઋત (= સત્ય)ને બોલનારા આપણે ક્યારે / કેવી રીતે અસત્ય બોલીએ ? અન્તરિક્ષમાં રહેલો ગન્ધર્વ (= કિરણોને ધારણ કરનાર આદિત્ય) અને અન્તરિક્ષમાં રહેલી તે સ્ત્રી (= સૂર્યની પત્ની સરણ્યૂ) આપણા બેની (= યમ-યમીની) નાભિ (= ઉત્પત્તિસ્થાન) છે; આમ આપણા બેનું બાન્ધવત્વ ઘણું ઉત્કૃષ્ટ છે.'' [માટે આ આગમ્યા-ગમન રૂપ અયોગ્ય કર્મ ન કરી શકીએ.] (૧૦-૧૦-૫)

નોંધ : આ મન્ત્રને સમજાવતાં ભાષ્યકાર ઉદ્ગીથ કહે છે કે બહેન કે દીકરીને આપણાથી ના પરણી શકાય. આથી ધર્મશાસ્ત્રે તેમને **अगम्या** કહી છે. પુરાતનકાળમાં પ્રજાપતિએ જે પોતાની પુત્રી તરફ કામના કરીને ગમન કર્યું હતું તે તેમના મહાસામર્થ્યની દૃષ્ટિએ - અથવા સૃષ્ટિક્રિયાનો આરંભ કરવા માટે - ઉચિત હતું; પરંતુ, યમ કહે છે કે, હું તો દુર્બલ છું; તેથી એવું અગમ્યાગમન કરી શકું નહીં. **यत् पुरा (प्रजापतिः कृतवान् तत् वयम्) न चकुम (= न कुर्मः ।)** । બીજા પાદનો અન્વય આ પ્રમાણે છે : **नूनम् ऋता (= ऋतानि = सत्यानि) वदन्तः**

(वयम्) कद्ध अनृतं रपेम (= वदेम) । નિશ્ચિતપણે સત્યોને (જ) બોલતાં (આપણે) કેવી રીતે / ક્યારે અસત્ય બોલીએ ? (અર્થાત્ આપણે ક્યારેય અસત્ય બોલી ના શકીએ. એટલે કે નિષિદ્ધ કર્મ ના કરી શકીએ.)

ત્રીજા અને ચોથા પાદનું મુખ્ય વાક્ય આ પ્રમાણે છે : **अप्सु (= अन्तरिक्षे) गन्धर्वः (= आदित्यः) अप्या च सा योषा (= सरण्यूः) नः (=आवयोः यमयम्योः) नाभिः (= नहनं वन्धनं - उत्पत्तिस्थानम्) (अस्ति)** । અન્તરિક્ષલોકમાં રહેલો ગન્ધર્વ અર્થાત્ સૂર્ય; અને જળથી સંસ્કારેલી (= **अप्या**) અર્થાત્ અન્તરિક્ષમાં રહેલી તે સ્ત્રી (= સૂર્યની પત્ની સરણ્યૂ) આપણા બેની નાભિ - સમાન બંધન = ઉત્પત્તિસ્થાન છે. (એટલે કે આપણે બે યમ-યમી સૂર્ય અને તેની પત્ની સરણ્યૂના જોડકાં સંતાન છીએ, તેથી ભાઈ-બહેન છીએ.) આ રીતે, **नौ परमं जामिः** । આપણા બેનું ઉત્કૃષ્ટ બાંધવપણું છે, ઉચ્ચ-વિશુદ્ધ-કુળ છે. આમ યમ-યમી એ બે જો ઉચ્ચ કુળમાં જન્મ્યા હોય તો તે યમ અગમ્યાગમન રૂપ પાપી કર્મ ના કરી શકે.

अप् શબ્દ અન્તરિક્ષનો વાચક છે. આથી **अप्सु** એટલે 'અન્તરિક્ષમાં'; તથા **अप्या** એટલે (ઉદ્ગીથ મુજબ) જળ વડે સંસ્કારવામાં આવેલ, અથવા જળપૂર્વક આપવામાં આવેલી; (સાયણ મુજબ) 'અન્તરિક્ષમાં રહેલી.'

गन्धर्वःનો અર્થ 'સૂર્ય' એ રીતે કર્યો છે કે **गो** - એટલે પાણી કે રશ્મિ (=કિરણ).

गवां रश्मीनाम् धारयिता इति गन्धर्वः । 'કિરણોને જે ધારણ કરે તે ગન્ધર્વ' અર્થાત્ સૂર્ય. અથવા 'કિરણો વડે પૃથિવી ઉપરનાં જળને ખેંચી લેનાર - ધારણ કરનાર' જે તે ગન્ધર્વ - અર્થાત્ સૂર્ય. આ સૂર્યની પત્નીનું નામ **अप्या** અથવા **सरण्यू** છે. તથા તેમના જોડિયાં સંતાન તે આ યમ-યમી છે.

जामि - સ્વજન, ભાઈ-બહેનનો સંબંધ, બાન્ધવત્વ, યમ-યમી સૂર્ય-સરણ્યૂના સંતાન અથવા ઉચ્ચકુળ હોઈ, ઉચ્ચ કુળમાં જન્મેલા ગણાય છે. તેથી તેમની વચ્ચે અજામિ કાર્ય - અગમ્યાગમન રૂપ કાર્ય -ના થઈ શકે. - યમે ફરી વાર યમીની વાતને નકારી કાઢી છે.

गर्भे॒ नु नौ॑ जनि॒ता दंप॑ती कर्दे॒वस्त्वष्टा॑ सवि॒ता
वि॒श्वरू॑पः ।
नकिं॑रस्य॒ प्र मिं॑नन्ति व्र॒तानि॒ वेद॑ नाव॒स्य पृ॑थि॒वी उ॒त
द्यौः ॥५॥

गर्भे॑ । नु । नौ॒ । ज॒नि॒ता । दंप॑ती॒ इति॒ दम्ऽप॑ती । क॒ः । दे॒वः । त्वष्टा॑ । स॒वि॒ता । वि॒श्वऽरू॑पः ।

नकि॑ः । अ॒स्य॒ । प्र । मि॒न॒न्ति॒ । व्र॒तानि॑ । वेद॑ । नौ॒ । अ॒स्य । पृ॒थि॒वी । उ॒त । द्यौः ॥५॥

ᵛत्वष्टा रूपाणां कर्ता ᵛसविता सर्वेषां शुभाशुभस्य प्रेरकः ᵛविश्वरूपः सर्वात्मकः ᵛदेवः दानादिगुणयुक्तः ᵛजनिता जनयिता प्रजापतिः ᵛगर्भे ᵛनु गर्भावस्थायामेव ᵛनौ आवां ᵛदंपती जायापती ᵛकः कृतवान् एकोदरे सहवासित्वात् । ᵛअस्य प्रजापतेः ᵛव्रतानि कर्माणि ᵛनकिः ᵛप्र ᵛमिनन्ति न केचित् प्रहिंसन्ति । न लोपयन्तीत्यर्थः । अतः कारणाद्गर्भावस्थायामेवावयोः प्रजापतिकृते दंपतित्वे सति संभोगं कुर्वित्यर्थः । अपि च ᵛनौ आवयोः ᵛअस्य इदं मातुरुदरे सहवासजनितं दंपतित्वं ᵛपृथिवी भूमिः ᵛवेद जानाति । ᵛउत अपि च ᵛद्यौः द्युलोकोऽपि जानाति ॥ ॥६॥

અનુવાદ **(26)** : (યમી કહે છે :) ત્વષ્ટા વિશ્વરૂપ સવિતા (સૂર્ય) દેવ, કે જે (આપણને) જન્મ આપનાર છે તેમણે આપણ બન્નેને માતાના ઉદરમાં (= ગર્ભમાં) (જ) પતિ-પત્ની બનાવ્યા (= કર્યા) છે. આ (પ્રજાપતિ)નાં વ્રતોનો (= કર્મોનો, એમની ગોઠવણનો) કોઈ નાશ કરતું નથી. તથા આપણા બેનું આ (માતાના ઉદરમાં સહવાસ થકી જન્મેલું દમ્પતિત્વ, તે)ને પૃથિવી અને દ્યુલોક પણ જાણે છે.

(૧૦-૧૦-૫)

નોંધ : પહેલા બે પાદમાં વાક્યાન્વય આ પ્રમાણે છે : **त्वष्टा विश्वरूपः सविता देवः जनिता (= जनयिता प्रजापतिः) गर्भे नौ दम्पती कः (= कृतवान्)** । ‘ત્વષ્ટા’ એ પ્રજાપતિનું વિશેષણ છે. **विश्वरूपः** એટલે ‘સર્વાત્મક’, સવિતા- બધાનો પ્રસવ કરનાર, ઉત્પન્ન કરનાર સૂર્ય, દેવ, કે યમ-યમીને જન્મ આપનાર ‘જનયિતા’ છે. તેમણે (સરણ્યૂ માતાના ઉદરમાં) ગર્ભમાં **नौ** = આપણ બન્નેને = યમ-યમીને સહવાસ કરાવીને જાણે પતિપત્ની રૂપે દમ્પતી રૂપે જ બનાવ્યાં છે / કર્યાં છે. **कः** = કર્યા છે. (ક્રિયાપદ).

ત્રીજા પાદમાં **अस्य (प्रजापतेः) व्रतानि (= कर्माणि) नकिः (= न केचिद्) प्र मिनन्ति = प्रहिंसन्ति** । એવું વાક્ય છે. માતાના ઉદરમાં જ જે પ્રજાપતિએ આપણને દમ્પતી બનાવ્યા છે. તો તે આપણને દમ્પતી બનાવવા રૂપ વ્રતનો = કર્મનો કોઈએ નાશ કરવો ઉચિત નથી. અર્થાત્ યમી યમને કહે છે કે પ્રજાપતિએ જ આપણને એક માતાના ઉદરમાં સાથે સુવાડીને જો દમ્પતી બનાવ્યા હોય તો, આપણે જન્મ પછી પણ એ સંબંધ ચાલુ રાખવો જોઈએ ! પ્રજાપતિની એ રચના-ગોઠવણનો આપણે ભંગ ના કરવો જોઈએ. વળી, આ આપણા બેના દમ્પતિંત્વને - માતાના ઉદરમાં સહવાસ કરવા રૂપ સ્થિતિને - પૃથિવીલોક પણ અને દ્યુલોક પણ જાણે છે. આને ચોથા પાદમાં **अस्य नौ (दम्पतित्वं) पृथिवी उत**

द्यौः वेद (= जानाति) । વાક્યરૂપે મૂકેલ છે.

को अ॒स्य वे॑द प्रथ॒मस्याह्न॒ः क ईं॑ ददर्श॒ क इ॒ह प्र वो॑चत् ।
बृ॒हन्मि॒त्रस्य॒ वरु॑णस्य॒ धाम॒ कदु॑ ब्रव आहनो॒ वीच्या॒ नृन् ॥६॥

कः । अ॒स्य । वे॒द॒ । प्र॒थ॒मस्य॑ । अह्न॑ः । कः । ई॒म् । द॒द॒र्श॒ ।
कः । इ॒ह । प्र । वो॒च॒त् ।
बृ॒हत् । मि॒त्रस्य॑ । वरु॑णस्य । धाम॑ । कत् । ऊँ॒ इति॑ । ब्र॒व॒ः ।
आ॒ह॒न॒ः । वीच्या॑ । नृन् ॥६॥

ᵛप्रथमस्याह्नः संबन्धि ᵛअस्य इदमन्योन्यसंगमनं ᵛकः ᵛवेद जानाति । प्रथमेऽहनि यत्क्रियते तदनुमानमाश्रित्य न कश्चिदपि ज्ञातुं शक्नोतीत्यर्थः । ᵛइह अस्मिन् प्रदेशे प्रत्यक्षतः ᵛक ᵛईम् इदं संगमनं ᵛददर्श पश्यति ᵛकः ᵛप्र ᵛवोचत् प्रख्यापति । न कोऽपीत्यर्थः । ᵛमित्रस्य ᵛवरुणस्य मित्रावरुणयोः ᵛबृहत् महत् ᵛधाम स्थानमहोरात्रं यदस्ति तत्र ᵛनृन् मनुष्यान् ᵛवीच्या नरकेण हे ᵛआहनः आहन्तर्मर्यादया हिंसितः । स्वकृतशुभाशुभकर्मापेक्षया मनुष्यादिप्राणिनां नरकपातेन स्वर्गप्रापणेन निग्रहानुग्रहयोः कर्तरित्यर्थः । एवंभूत हे यम त्वं ᵛकदु ᵛब्रवः किं वा ब्रवीषि ॥

અનુવાદ (27) : (યમી કહે છે :) ''(સૃષ્ટિના) આ પ્રથમ દિવસે જ (થતા આ અન્યોન્યના સંગમને) કોણ જાણવાનું છે ? આ (સંગમ)ને કોણ જોવાનું હતું ? કે અહીં (આને) કોણ કહેવાનું છે ? (અર્થાત્ આપણા સંગમને કહેનાર પણ કોઈ નથી.) મિત્ર અને વરુણનું જે મોટું સ્થાન છે, ત્યાં માણસોને નરક(માં મોકલવા) દ્વારા હિંસા કરનાર ! (= હે યમ !) આ તું શું બોલે છે ?' (૧૦-૧૦-૬)

નોંધ : ભાષ્યકાર ઉદ્ગીથ અને સાયણ આ છઠ્ઠા મન્ત્રમાં પણ યમીની ઉક્તિ ચાલુ છે એમ માને છે. જ્યારે પ્રોફે. ગ્રીફીથે એકી સંખ્યાવાળા તમામ મન્ત્રો યમીની ઉક્તિ રૂપે લીધા છે. અને બેકી સંખ્યાના તમામ મન્ત્રો - એક પણ અપવાદ વિના - ને યમની ઉક્તિ રૂપે જ લીધા છે. તેથી આ છઠ્ઠા મન્ત્રને આપણા પ્રાચીન ભાષ્યકારોએ યમીની ઉક્તિ રૂપ કહ્યો છે; પણ ગ્રીફીથે તેને યમની ઉક્તિ રૂપે લીધો છે.

પહેલા બે પાદમાં કુલ વાક્યો છે : ૧. अस्य (= इदं संगमनं) प्रथमस्य अह्नः (प्रथमे अहनि क्रियमाणं संगमनं) कः वेद (= जानाति) । આ

પ્રથમના દિવસના (આપણા બેના સંગમને) કોણ જાણે છે ? – જાણી શકશે ? ઉદ્ગીથ કહે છે કે **अस्य** પદની ષષ્ઠી વિભક્તિ દ્વિતીયા વિભક્તિનો અર્થ આપે છે : **(इमम् संगमम्) (= इदम् संगमनम्)**. તથા **प्रथमस्य अह्नः** પછી **सम्बन्धि (= संगमनम्)**નો અધ્યાહાર લેવાનો છે. 'પહેલાના દિવસ સાથે સંબંધી - જોડાયેલ (જે આપણો સંગમ, તેને).' ૨. **क ईं ददर्श (= पश्यति)** - આ (સંગમ)ને કોણ જોવાનું છે ? ૩. **क इह प्र + वोचत्** । આ (સંગમ)ને કોણ કહેવાનું છે ? – આ ત્રણ પ્રશ્નો દ્વારા યમીનું એમ કહેવું છે કે આ તો સૃષ્ટિની આરંભિક ક્ષણ છે અને આપણા બે સિવાય આ મૈથુનક્રિયાને કોઈ જાણનાર, જોનાર કે કહેનાર બીજી કોઈ વ્યક્તિ છે જ નહીં; તો પછી શાનો ડર ?

ત્રીજા અને ચોથા પાદનાં પદો ભેગાં થઈને નીચે મુજબનું વાક્ય બને છે : **मित्रस्य वरुणस्य बृहद् धाम (यद् अस्ति, तत्र) नॄन् वीच्या (हे) आहनः ! कद् उ ब्रव (= किं वा ब्रवीषि) ?!** મિત્રનું અને વરુણનું જે મહાન્ સ્થાન છે, ત્યાં માણસોને (એમના પાપી કૃત્યોને કારણે) નરક દ્વારા (= નરકમાં મોકલીને) તેમની હિંસા કરનારા (હે યમ) ! [**आहनः** એ સર્વાનુદાત્ત પદ યમના સંબોધન રૂપે પ્રયોજાયું છે.] આ તું શું બોલે છે ? ગ્રીફિથે આ ત્રીજા-ચોથા પાદનો અનુવાદ જુદી રીતે કર્યો છે. (કેમકે તેમના મતે આ યમની ઉક્તિ છે.) : ''મિત્ર અને વરુણદેવનો કાયદો મહાન છે. તું શું ઇચ્છે છે ? તું (યમી) શું માણસોને લલચાવવા બોલે છે ?''

વેદમાં વપરાયેલા **ददर्श** વગેરે પરોક્ષ ભૂતકાળ (**लिट्** લકાર)નાં રૂપોને, પરંપરાગત ભાષ્યકારો અને આધુનિક (ગ્રીફીથ વગેરે જેવા) અનુવાદકો વર્તમાનકાળના અર્થમાં લે છે.

ઉદ્ગીથે **नॄन् वीच्या आहनः** । ને સમજાવવા જે ભાષ્ય લખ્યું છે, તે આ પ્રમાણે છે : **हे आहनः ! आहन्तः मर्यादया हिंसितः ! वीच्या वीच्यादिनरके नॄन् मनुष्यान् स्वकृतशुभाशुभकर्मापेक्षया मनुष्यादिप्राणिनां नरकपातनेन स्वर्गप्रापणेन वा निग्रहानुग्रहयोः कर्तः ! - इत्यर्थः ॥**

य॒मस्य॑ मा य॒म्यं॑१॒ काम॒ आग॑न्त्समा॒ने योनौ॑
सह॒शेय्या॑य ।
जा॒येव॒ पत्ये॑ त॒न्वं॑ रिरिच्यां॒ वि चि॑द्वृहेव॒ रथ्ये॑व
च॒क्रा ॥७॥

य॒मस्य॑ । मा॒ । य॒म्य॑म् । काम॑ः । आ । अ॒ग॒न् । स॒मा॒ने ।
ोनौ॑ । स॒ह॒ऽशेय्या॑य । जा॒याऽइ॑व । पत्ये॑ । त॒न्व॑म् ।
च्या॒म् । वि । चि॒त् । वृ॒हे॒व॒ । रथ्या॑ऽइव । च॒क्रा ॥७॥

ᵛयमस्य तव ᵛकामः अभिलाषः ᵛयम्यं यमीं ᵛमा मां प्रति ᵛआगन् आगच्छतु । ममोपरि तव यमस्य संभोगेच्छा जायतामित्यर्थः । किमर्थम् । ᵛसमाने ᵛयोनौ एकस्मिन् स्थाने शय्यायां सहशेय्याय ᵛसहशयनार्थम् । तदनन्तरं पूर्णमनोरथा सती ᵛजायेव ᵛपत्ये यथा भार्या पत्युरर्थाय परया प्रीत्या विश्वस्ता सती रतिकामा स्वशरीरं प्रकाशयति एवं ᵛतन्वम् आत्मीयं शरीरं ᵛरिरिच्यां विविच्याम् । त्वदर्थं प्रकाशयेयमित्यर्थः । किंच । ᵛचित् इति पूरणः । ᵛवि ᵛवृहेव । 'वृह उद्यमने' । धर्मार्थकामान् विविधमुद्यच्छावः । तत्र दृष्टान्तः । ᵛरथ्येव ᵛचक्रा । रथस्यावयवभूते चक्रे यथा रथमुद्यच्छतस्तद्वत् ॥

અનુવાદ (28) : (યમી બોલે છે :) સમાન યોનિમાં (= સ્થાનમાં) સહશયન કરવાને માટે યમનો કામ (= સંભોગેચ્છા) મારા યમી તરફ આવે. પત્ની જેમ પતિને માટે (શરીરને વિવૃત કરે) તેવી રીતે હું (યમી યમને માટે મારા) શરીરને પ્રકાશિત કરું. રથના બે ચક્રની જેમ (આપણે બે - યમયમી-) વિવિધ ઉદ્યમ કરીએ.

(૧૦-૧૦-૭)

નોંધ : પહેલા બે પાદમાં વાક્યાન્વય આ પ્રમાણે છે : **समाने योनौ (= स्थाने) सहशेय्याय (सहशयनार्थम्) यमस्य कामः मा (= माम्) यम्यं (= यमीं प्रति) आगन् (= आगच्छतु)** । આમ યમીએ યમ જોડે પતિ-પત્ની ભાવે જોડાવાની સ્પષ્ટ માંગણી કરી છે. યમી ઇચ્છે છે કે યમને પોતાના તરફ કામ જન્મે અને તે યમ યમી સાથે સહશયન કરવા તૈયાર થાય.

ત્રીજા પાદમાં યમી ઉમેરે છે કે - **जाया इव पत्ये तन्वं (= शरीरं) (अहमपि) रिरिच्याम्** । પત્ની જેમ પોતાના પતિને માટે શરીરને પ્રકાશિત કરે, તેમ હું (યમી) પણ તારા યમને માટે મારું શરીર પ્રકાશિત કરું.

रिरिच्याम्નો અર્થ આમ તો 'ખાલી કરવું' થાય છે, પણ પ્રકૃતમાં તેનો અર્થ 'ઉઘાડું કરવું' એવો લેવાનો છે.

ચોથા પાદમાં, યમી કહે છે કે - **रथ्या इव चक्रा वि वृहेव** । રથના બે ચક્રની જેમ (પતિ-પત્ની બનેલા આપણે બે પણ ધર્મ, અર્થ અને કામ રૂપ પુરુષાર્થની સિદ્ધિ કરવાને માટે) ઉદ્યમ કરીએ. √वृह् ધાતુનો અર્થ 'ઉદ્યમ કરવો' થાય છે.

न ति॑ष्ठन्ति॒ न नि मि॑षन्त्ये॒ते दे॒वानां॒ स्पश॑ इ॒ह ये चर॑न्ति ।
अ॒न्येन॒ मदा॑हनो याहि॒ तूयं॒ तेन॒ वि वृ॑ह॒ रथ्ये॑व च॒क्रा ॥८॥

न । तिष्ठन्ति । न । नि । मिषन्ति । एते । देवानाम् ।
स्पशः । इह । ये । चरन्ति ।
अन्येन । मत् । आहनः । याहि । तूयम् । तेन । वि । वृह ।
रथ्याऽइव । चक्रा ॥८॥

यम्या प्रत्यख्यातो यमः पुनराह । ᵛइह अस्मिल्लाँके ᵛदेवानां संबन्धिनः ᵛये ᵛस्पशः अहोरात्रादयश्चाराः ᵛचरन्ति सर्वेषां शुभाशुभलक्षणकर्मप्रत्यवेक्षणार्थं परिभ्रमन्ति ᵛएते चाराः क्षणमात्रमपि चरणव्यापाररहिताः ᵛन ᵛतिष्ठन्ति । ᵛन ᵛनि ᵛमिषन्ति मेषणं न कुर्वन्ति । शुभमशुभं वा यः करोति तं निरीक्षन्ते चेत्यर्थः । हे ᵛआहनः ममापहन्त्रि असह्यभाषणेन दुःखयित्रि त्वं ᵛमत् मत्तः ᵛअन्येन त्वत्सदृशेन सह ᵛतूयं क्षिप्रं ᵛयाहि संगच्छ । गत्वा च ᵛवि ᵛवृह धर्मार्थकामानुद्यच्छ । तत्र दृष्टान्तः । ᵛरथ्येव ᵛचक्रा । यथा रथावयवभूते चक्रे रथमुद्यच्छतस्तद्वत् ॥

અનુવાદ (29) : (યમ જવાબ આપે છે :) ''દેવોના આ જે જાસુસો, અહીં ફરે છે, તેઓ (ક્યાંય, એક જગ્યાએ) ઊભા રહેતા નથી, કે તેઓ આંખનો (ક્યારેય) પલકારો પણ મારતા નથી. (મને) દુઃખ આપનારી (હે યમી) ! તું મારાથી દૂર થઈને બીજા કોઈ (પુરુષ)ની સાથે જલ્દીથી જા, તથા એની સાથે રથના બે ચક્રની જેમ (ધર્માદિ પુરુષાર્થને મેળવવા) ઉદ્યમ કર.'' (૧૦-૧૦-૮)

નોંધ : પહેલા બે પાદનું એક વાક્ય બને છે : **देवानां एते स्पशः (= चाराः) ये इह चरन्ति, (ते) न तिष्ठन्ति, न निमिषन्ति** । દેવોના અર્થાત્ દેવોએ નિયુક્ત કરેલા જે સ્પશ = ચારો = જાસુસો છે તે બ્રહ્માંડમાં સતત ફરતા રહેતા હોય છે. તેઓ ક્યાંય થાક ખાવા રોકાતા નથી, કે ઝોકું ખાઈને ઊંઘતા પણ નથી.' આથી યમ એમ કહેવા માંગે છે કે આપણે ભાઈ-બહેન થઈને જો આવું અપકૃત્ય કરીએ તો તે દેવોના જાસુસોના જોવામાં - જાણવામાં આવી જ જાય, તે ગુપ્ત રહી શકે નહીં.

ત્રીજા પાદમાં યમ કહે છે કે – **हे आहनः (= दुःखयित्रि) मत् अन्येन (पुरुषेण) (सह) (त्वं) तूयं (= क्षिप्रं) याहि** । હે દુઃખ પહોંચાડનારી યમી ! (અઘટિત માંગણી કરીને યમી યમને આઘાત આપી રહી છે, તેથી આવું સંબોધન કર્યું છે.) **मत्** (પંચમી વિભક્તિ, એકવચનનું રૂપ) મારી (= યમની) પાસેથી (દૂર ખસીને), બીજા કોઈ પુરુષની સાથે તું, **तूयम्** - જલ્દીથી, **याहि** - જા. અર્થાત્ બીજા કોઈ પુરુષને પતિ તરીકે મેળવ. અને ચોથા પાદમાં ઉમેરે છે કે - એ બીજા કોઈ પુરુષને પતિ બનાવીને તેની સાથે, રથના બે ચક્રની જેમ સંસારના સુખ મેળવવા તું (યમી) ઉદ્યમ કર.

रात्री॑भिरस्मा॒ अह॑भिर्दशस्ये॒त सूर्य॑स्य॒ चक्षु॒र्मुहु॒रुन्मि॑मीयात् ।
दि॒वा पृ॑थि॒व्या मि॑थु॒ना सब॑न्धू य॒मीर्य॒मस्य॑ बिभृया॒दजा॑मि
॥९॥

रात्री॑भिः । अ॒स्मै॒ । अह॑ऽभि॑ः । द॒श॒स्ये॒त् । सूर्य॑स्य । चक्षु॑ः ।
मुहु॑ः । उत् । मि॒मी॒या॒त् ।
दि॒वा । पृ॒थि॒व्या । मि॒थु॒ना । सब॑न्धू॒ इति॒ सऽब॑न्धू । य॒मीः ।
य॒मस्य॑ । बि॒भृ॒या॒त् । अजा॑मि ॥९॥

^{v}रात्रिभिः ^{v}अहभिः अहोरात्रयोः ^{v}अस्मै यमाय कल्पितं भागं सर्वो यजमानः ^{v}दशस्येत् प्रयच्छतु । ^{v}सूर्यस्य संबंधि ^{v}चक्षुः तेजः ^{v}मुहुः मुहुः अस्मै यमाय ^{v}उन्मिमीयात् उदेतु । ^{v}दिवा ^{v}पृथिव्या द्यावापृथिवीभ्यां सह ^{v}मिथुना मिथुनौ ^{v}सबन्धू समानबन्धू अहोरात्रे अस्मै यमाय । एतज्ज्ञात्वा इयं ^{v}यमीः ^{v}यमस्य ^{v}अजामि अभ्रातरं ^{v}विभृयात् धारयतु । यत्नेन परिगृह्णात्वित्यर्थः ॥

અનુવાદ (30) : (યમ કહે છે :) રાત્રિઓ અને દિવસો વડે આ (યમ)ને માટે (નક્કી કરેલો યજ્ઞભાગ યજમાનો) આપે; વળી સૂર્યનું નેત્ર (આ યમને માટે) ફરી ફરીને ઉન્મીલિત થાય. દ્યુલોક અને પૃથિવીલોક સાથેનું (આ દિવસ અને રાતનું) યુગ્મ (મારે-યમને-માટે) સમાન બન્ધુ (= સ્વજન) [થાય]. તથા આ યમી યમના અજામિત્વને (= અભાર્યાત્વને = અપત્નીત્વને) ધારણ કરે. (૧૦-૧૦-૯)

નોંધ : ૧. પ્રસ્તુત અનુવાદ વેંકટમાધવને અનુસરીને રજૂ કર્યો છે.

૨. સાયણ, ઉદ્‌ગીથ અને વેંકટમાધવ જેવા ભાષ્યકારોએ આ નવમો મન્ત્ર એકી સંખ્યાવાળો હોવા છતાંય યમની ઉક્તિ રૂપે સ્વીકાર્યો છે. પરંતુ પ્રોફે. ગ્રીફીથે તેને યમીની ઉક્તિ રૂપે લીધો છે. અલબત્ત, આ મન્ત્ર યમની ઉક્તિ રૂપે અને યમીની ઉક્તિ રૂપે પણ લઈ શકાય છે. જેમકે, જો આમાં યમીની ઉક્તિ જોવી હોય તો - 'યમી યમના અજામિત્વને અર્થાત્ અભ્રાતૃત્વને ધારણ કરે' (અર્થાત્ યમી યમના પતિત્વને ધારણ કરે છે.) (-સાયણાચાર્યે આવો અર્થ કર્યો છે.) ૩. અહીં **सबन्धू** શબ્દ દીર્ઘ ઊકારાન્તની દ્વિવચનનું રૂપ હોવાથી તેને 'પ્રગૃહ્ય'સંજ્ઞક પદ કહેવાય છે. વળી, તેમાં **समान** અર્થમાં **स** શબ્દની સાથે **बन्धु**નો સમાસ પણ થયો છે. આથી પદપાઠમાં । **सबन्धू इति सऽबन्धू** । એમ પહેલાં **इति** કરણથી દ્વિવચનત્વ પ્રકટ કર્યું છે, તથા બીજે તબક્કે **स**ની પાછળ અવગ્રહ મૂકીને સમાસત્વ પણ પ્રકટ કર્યું છે.

४. **उन्मिमीयात्** તથા **बिभृयात्** એ બન્ને વિધ્યર્થ પ્રથમ પુરુષ (third person) એકવચનનાં રૂપો છે.

आ घा॒ ता ग॑च्छा॒नुत्त॑रा यु॒गानि॒ यत्र॑ जा॒मयः॑ कृ॒णव॒न्नजा॑मि ।
उप॑ बर्बृहि वृष॒भाय॑ बा॒हुम॒न्यमि॑च्छस्व सुभगे॒ पतिं॒ मत् ॥१०॥

आ । घ॒ । ता । ग॒च्छा॒न् । उत्ऽत॑रा । यु॒गानि॑ । यत्र॑ । जा॒मयः॑ । कृ॒णव॑न् । अजा॑मि ।
उप॑ । ब॒र्बृ॒हि॒ । वृ॒ष॒भाय॑ । बा॒हुम् । अ॒न्यम् । इ॒च्छ॒स्व॒ । सु॒ऽभ॒गे॒ । पति॑म् । मत् ॥१०॥

ᵛयत्र येषु कालेषु ᵛजामयः भगिन्यः ᵛअजामि अभ्रातरं पतिं ᵛकृणवन् करिष्यन्ति ᵛता तानि ᵛउत्तरा उत्तराणि ᵛयुगानि कालविशेषाः ᵛआ ᵛगच्छान् आगमिष्यन्ति । ᵛघ इति पूरणः । यस्मादेवं तस्माद्धे ᵛसुभगे त्वमिदानीं मत् मत्तः ᵛअन्यं ᵛपतिं भर्तारम् ᵛइच्छस्व कामयस्व । तदनन्तरं ᵛवृषभाय तव योनौ रेतः सेक्त्रे पुरुषाय आत्मीय ᵛबाहुम् ᵛउप ᵛबर्बृहि । शयनकाल उपबर्हणं कुरु ॥ ॥७॥

અનુવાદ (31) : (યમની ઉક્તિ :) હવે પછી એવા યુગો આવશે કે જેમાં જામિઓ (સ્વજનો) અજામિ જેવાં કર્મો કરશે (ભ્રાતાઓ પતિ જેવાં કર્મ કરશે.) હે સુભગા ! (યમી !) બીજા કોઈ વૃષભ = પુરુષને માટે તારો બાહુ લંબાવ, મારા સિવાય બીજા કોઈને તું પતિ તરીકે ઇચ્છ. (૧૦-૧૦-૧૦).

નોંધ : ૧. આ બેકી સંખ્યાવાળો મન્ત્ર યમની ઉક્તિ રૂપે રજૂ થયો છે. તેમાં યમ એવી ભવિષ્યવાણી ઉચ્ચારે છે કે **जामि** બહેનો બહેનોને માટે અયોગ્ય એવા (ભાઈઓ સાથેના મૈથુનાદિ કર્મો (**अजामि कृण्वन्**) કરશે. અહીં **घ** એ પાદપૂરક અવ્યય છે. **ता** (= **तानि**) **उत्तरा** (= **उत्तराणि**) **युगानि आ गच्छान्** (= **आगमिष्यन्ति**), **यत्र** (= **येषु युगेषु**) **जामयः** (**स्वसारः**) **अजामि कृण्वन्** (= **करिष्यन्ति**) । એવો વાક્યાન્વય છે. આમ યમ ભવિષ્યમાં આવાં પાપી કર્મો થશે એમ આગાહી કરે છે. આવું અર્થઘટન ઉદ્‌ગીથે કર્યું છે. પરંતુ વેંકટમાધવ અને સાયણ કહે છે કે (સૃષ્ટિના આરંભે યમીની આવી અઘટિત માંગણી,

જે યમ સ્વીકારી શકતો નથી, પણ) યમ એવી આગાહી કરે છે કે ભવિષ્યમાં એવા યુગો આવશે કે જેમાં **जामयः** (**= भगिन्यः**) **अजामि** (**अभ्रातरं पतिं**) **कृण्वन्** (**= करिष्यन्ति**) । અર્થાત્ બહેનો અજામિને = ભાઈ નહીં તેવા પુરુષને 'પતિ' બનાવશે. ત્યાં સુધી, યમીએ એવા યુગની રાહ જોવી જોઈએ. માટે યમ ત્રીજા-ચોથા પાદથી પ્રાર્થે છે કે - **हे सुभगे ! वृषभाय बाहुम् उप बर्बृहि** । હે સારા ભાગ્યવાળી ! (બીજા) પુરુષને માટે (તારો) હાથ લંબાવ / ફેલાવ. **मत्** (**= मत्तः**) **अन्यं पतिं** (**त्वम्**) **इच्छस्व** । ''મારા (= યમ) સિવાય બીજા (પુરુષ)ને પતિ તરીકે તું ઇચ્છ.'' અહીં પુરુષને માટે **वृषभ** શબ્દ વાપર્યો છે. તેનું અર્થઘટન કરતાં ભાષ્યકાર સાયણે કહ્યું છે કે તારી = યમીની યોનિમાં રેતસ્‌નું સિંચન કરનાર પુરુષને માટે (હાથ લંબાવ).

किं भ्राता॑स॒द्यद॑ना॒थं भवा॑ति॒ किमु॒ स्वसा॒ यन्निर्ऋ॑तिर्नि॒गच्छा॑त् ।
काम॑मूता ब॒ह्वे॒३॑ तद्र॑पामि त॒न्वा॑ मे त॒न्वं१॒ सं पि॑पृग्धि
॥११॥

किम् । भ्राता॑ । अ॒स॒त् । यत् । अ॒ना॒थम् । भवा॑ति ।
किम् । ऊँ॒ इति॑ । स्वसा॑ । यत् । निःऽऋ॑तिः । नि॒ऽगच्छा॑त् ।
काम॑ऽमूता । ब॒हु । ए॒तत् । र॒पा॒मि॒ । त॒न्वा॑ । मे॒ । त॒न्व॑म् ।
सम् । पि॒पृग्धि॒ ॥११॥

यमी यमेन प्रत्याख्याता पुनराह । ᵛयत् यस्मिन् भ्रातरि सति स्वस्रादिकम् ᵛअनाथं नाथरहितं भवति सः ᵛभ्राता ᵛकिम् ᵛअसत् किं भवति । न भवतीत्यर्थः । किंच यस्यां भगिन्यां सत्यां भ्रातरं ᵛनिर्ऋतिः दुःखं ᵛनिगच्छात् नियमेन गच्छति प्राप्नोति सा ᵛस्वसा ᵛकिमु किं वा भवति । भ्रातृभगिन्योश्च परस्परं प्रीतिर्येन केनचिदुपायेनावश्यं कार्येत्यभिप्रायः । साहं ᵛकामभूता कामेन मूर्च्छिता सती ᵛबहुं नानाप्रकारम् ᵛएतत् ईदृशमुक्तं वक्ष्यमाणं च ᵛरपामि प्रलपामि । एतज्ज्ञात्वा ᵛमे मम ᵛतन्वा शरीरेण ᵛतन्वं शरीरं ᵛसं· ᵛपिपृग्धि संपर्चय । संभोगेन संश्लेषय । मां सम्यग्भुङ्क्ष्वेत्यर्थः ॥

અનુવાદ (32) : (યમી કહે છે :) ''જે (ભાઈ)ના હોતાં (બહેન) અનાથ (પતિ વગરની) બની રહે છે, તે ભાઈથી શું પ્રયોજન ? (અને વળી) જે (બહેન)નાં હોતાં (ભાઈ) નિર્ઋતિને = દુઃખને (= સાંસારિક સુખભોગથી વંચિત દુઃખની સ્થિતિને) પામે તે બહેનથી શું પ્રયોજન ? કામથી મૂર્ચ્છિત થયેલી હું આ ઘણું બધું

બબડું છું (આ સ્થિતિ જોઈને, જાણીને) (તારા) શરીરથી મારા શરીરની સાથે તું સંયોગ કર.'' (૧૦-૧૦-૧૧)

નોંધ : પહેલા પાદમાં **यत्** **(यस्मिन् भ्रातरि सति) [स्वसा] अनाथम्** (**= अनाथा) भवाति, (सः) भ्राता किं असत्** (**= किं भवति**) । એવું વાક્ય છે; અને ત્યાં **यत् यस्मिन्** એવા સતિ સપ્તમીના અર્થમાં છે. બીજા પાદમાં પણ એ જ પ્રમાણે, **यत् (यस्याम् भगिन्यां सत्यां) भ्रातरं निर्ऋतिम् (=दुःखं) निगच्छात्** - જે બહેનનાં હોતાં ભાઈ જો દુઃખ પામે (= સાંસારિક સુખ ન મેળવે) તો **किमु स्वसा** ? તે બહેનથી શું મતલબ ? અર્થાત્ મારા થકી તને સુખ મળવું જોઈએ, અને મને તારા થકી સુખ મળવું જોઈએ - તેવી યમીની અપેક્ષા છે. યમી ત્રીજા પાદમાં કહે છે કે **(अहं) काममूता एतद् बहु रपामि (= प्रलपामि)** । હું કામથી મૂર્ચ્છિત થયેલી આમ ઘણું બોલું છું - અહીં **काममूता** ને ઉદ્ગીથ **काममोहिता सती, अथवा मूङ् बन्धने, कामेन बद्धा गृहीता, वशीकृता सती** - કામથી મોહિત થયેલી, વશ થયેલી એવો અર્થ કર્યો છે. ૪થા પાદમાં કહે છે કે **(तव = यमस्य) तन्वा (= शरीरेण) मे (मम) तन्वं (शरीरं) (त्वं) सम् पिपृग्धि (= संभोगेन संश्लेषय)** તારા શરીરથી મારા શરીરનો (તું યમ) ઉપભોગ કર.

૨. અહીં त॒न्वां અને त॒न्व॑म् । જાત્ય સ્વરિત છે.

न वा उ॑ ते त॒न्वां॑ त॒न्वं१॒ सं प॑पृच्यां॒ पा॒पमा॑हु॒र्यः
स्वसा॑रं नि॒गच्छा॑त् ।
अ॒न्येन॒ मत्प्र॒मुदः॑ कल्पयस्व॒ न ते॒ भ्राता॑ सुभगे
वष्ट्ये॒त॑त् ॥१२॥

न । वै । ऊँ॒ इति॑ । ते॒ । त॒न्वा॑ । त॒न्व॑म् । स॑म् । प॒पृच्या॒म् ।
पा॒पम् । आ॒हु॒ः । यः । स्वसा॑रम् । नि॒ऽगच्छा॑त् ।
अ॒न्येन॑ । मत् । प्र॒ऽमुदः॑ । क॒ल्प॒य॒स्व॒ । न । ते॒ । भ्राता॑ ।
सु॒ऽभ॒गे॒ । व॒ष्टि॒ । ए॒तत् ॥१२॥

यमो यमीं प्रत्युक्तवान् । हे यमि ᵛते तव ᵛतन्वा शरीरेण ᵛतन्वम् आत्मीयं शरीरं ᵛन ᵛवै ᵛसं ᵛपपृच्यां नैव संपर्चयामि । नैवाहं त्वां संभोक्तुमिच्छामीत्यर्थः । ᵛयः भ्राता ᵛस्वसारं भगिनीं ᵛनिगच्छात् नियमेनोपगच्छति । संभुङ्क्त इत्यर्थः । तं ᵛपापं पापकारिणम् ᵛआहुः । शिष्टा वदन्ति । एतज्ज्ञात्वा हे ᵛसुभगे सुष्ठु भजनीये हे यमि त्वं ᵛमत्

मत्तः ᵛअन्येन त्वद्योग्येन पुरुषेण सह ᵛप्रमुदः संभोगलक्षणान् प्रहर्षान् ᵛकल्पयस्व समर्थय । ᵛते तव ᵛभ्राता यमः ᵛएतत् ईदृशं त्वया सह मैथुनं कर्तुं ᵛन ᵛवष्टि न कामयते । नेच्छति ॥

અનુવાદ (33) : (યમ કહે છે :) ''[હે યમી !] તારા શરીરની સાથે (હું) (મારા) શરીરને સંયુક્ત નહીં કરું. જે (ભ્રાતા) બહેનની તરફ નિયમતઃ જાય છે (=સંયોગ કરે છે) તેને (શિષ્ટ લોકોએ) પાપ કહ્યું છે. (માટે) મારા સિવાય બીજા કોઈ (પુરુષ)ની સાથે તું આનંદપ્રમોદની કલ્પના કર. હે સુભગે, તારો ભ્રાતા (યમ) આ (બહેન સાથેના સંબંધ)ને ઇચ્છતો નથી.'' (૧૦-૧૦-૧૨)

નોંધ : આ મન્ત્રના ચારેય પાદમાં એક-એક વાક્ય આવેલું છે : ૧. **ते तन्वा (मम) तन्वं न सं पपृच्याम्** । (અહીં **वै** અને **उ** એ બે પાદપૂરક અવ્યય છે.) ૨. **यः (भ्राता) स्वसारं (= भगिनीं) निगच्छात्, (तम्) पापम् आहुः (शिष्टाः)** । ૩. **मत् (= मत्तः) अन्येन (पुरुषेण) प्रमुदः कल्पयस्व** । તથા ૪. **हे सुभगे ! ते भ्राता एतत् न वष्टि** । **वष्टि = कामयते** । √वश ધાતુ 'ઇચ્છા કરવી' નું વર્તમાનકાળનું ત્રીજા પુરુષ એકવચનનું રૂપ છે. **न ते भ्राता वष्टि** - આ તારો ભાઈ (યમ) આની કામના કરતો નથી.

ब॒तो ब॑तासि य॑म॒ नैव ते॒ मनो॒ हृद॑यं चाविदा॑म ।
अ॒न्या कि॒ल त्वां क॒क्ष्ये॑व यु॒क्तं परि॑ ष्वजाते॒ लिबु॑जेव
वृ॒क्षम् ॥१३॥

ब॒तः । ब॒त॒ । अ॒सि॒ । य॒म॒ । न । ए॒व । ते॒ । मनः॑ ।
हृद॑यम् । च॒ । अ॒वि॒दा॒म॒ ।
अ॒न्या । कि॒ल॑ । त्वाम् । क॒क्ष्या॑ऽइव । यु॒क्तम् । परि॑ । स्व॒जा॒ते॒ ।
लिबु॑जाऽइव । वृ॒क्षम् ॥१३॥

यमी प्रत्युवाच । हे ᵛयम त्वं ᵛबतः दुर्बलः ᵛअसि । ᵛबत इति निपातः खेदानुकम्पयोः । अनुकम्प्यश्चासि । ᵛते त्वदीयं ᵛमनः मनोगतं संकल्पं ᵛहृदयं ᵛच बुद्धिगतमध्यवसायं च ᵛनैव ᵛअविदाम वयं न जानीम एव । मत्तः ᵛअन्या काचित् स्त्री ᵛत्वां ᵛपरि ᵛष्वजाते ᵛकिल । तत्र दृष्टान्तद्वयमुच्यते. । ᵛकक्ष्येव ᵛयुक्तम् । यथा कक्ष्या रज्जुर्युक्तमात्मना संबद्धमश्वं परिष्वजते तद्वत् । ᵛलिबुजेव ᵛवृक्षम् । यथा लिबुजा व्रततिर्गाढं वृक्षं परिष्वजते तद्वच्च । अन्यस्यां स्त्रियामासक्तस्त्वं मां परिष्वङ्क्तुं नेच्छसीत्यर्थः ॥

અનુવાદ (34) : (યમી કહે છે :) હે યમ ! અફસોસ.... તું (મનથી) ડરપોક છું. હું (તારા) મન(માં રહેલા સંકલ્પ)ને કે હૃદયના (નિશ્ચય)ને ન જાણી શકી. તને (=યમને) કક્ષ્યા (=દોરડી) [જે અશ્વને બાંધી હોય, તેને] વળગીને રહે છે તેની જેમ બીજી કોઈ (સ્ત્રી) આલિંગન આપશે; જેવી રીતે લિંબુજા (=વેલ) કોઈ વૃક્ષને વળગે તેવી રીતે (અન્ય સ્ત્રી તને આલિંગન આપશે). (૧૦-૧૦-૧૩)

નોંધ : हे यम ! (त्वं) बत... बतः असि । 'હે યમ ! અફસોસ છે કે.... (તું) ડરપોક છું.' અહીં પહેલો **बत** શબ્દ ખેદ અને અનુકંપાનો વાચક અવ્યય છે; તથા બીજો **बतः** (પ્રથમા વિભક્ત્યન્ત શબ્દ) **दुर्बल** - ડરપોક - એવા અર્થવાળો છે. યમે યમીની માંગણી ઠુકરાવી દીધી, તેથી યમી આ મન્ત્રમાં સ્ત્રીસહજ ઈર્ષ્યાથી કહે છે કે - તને (યમને) બીજી કોઈ સ્ત્રી **परि+स्वजाते** - આલિંગન આપશે. કેવી રીતે આલિંગન આપશે ? તે દર્શાવવા યમીએ બે ઉપમા પ્રયોજી છે : **कक्ष्या इव युक्तं त्वम्** । જેવી રીતે કક્ષ્યા = દોરડી જે અશ્વને બાંધી હોય, તે અશ્વને વળગીને રહે છે તેવી રીતે અન્ય સ્ત્રી તને વળગશે. **लिबुजा इव वृक्षम् यथा परिष्वजाते तथा** - જેવી રીતે કોઈ લતા વૃક્ષને વળગે, તેવી રીતે કોઈ અન્ય સ્ત્રી તને આલિંગન આપશે. **परिष्वजाते (स्वज्)** 'આલિંગન આપવું' અર્થવાળા ધાતુનું લેટ્ લકારનું રૂપ છે.

अ॒न्यमू॒ षु त्वं य॑म्य॒न्य उ॒ त्वां परि॑ ष्वजाते॒ लिबु॑जेव
वृ॒क्षम् ।
तस्य॑ वा॒ त्वं मन॑ इ॒च्छा स वा॒ तवाधा॑ कृणुष्व सं॒विदं॒
सुभ॑द्राम् ॥१४॥

अ॒न्यम् । ऊँ॒ इति॑ । सु । त्वम् । य॒मि॒ । अ॒न्यः । ऊँ॒ इति॑ ।
त्वम् । परि॑ । स्व॒जा॒ते॒ । लिबु॑जाऽइव । वृ॒क्षम् ।
तस्य॑ । वा॒ । त्वम् । मन॑ः । इ॒च्छ । सः । वा॒ । तव॑ । अध॑ ।
कृ॒णु॒स्व॒ । स॒म्ऽविद॑म् । सुऽभ॑द्राम् ॥१४॥

यमः पुनरप्याह । हे ᵛयमि ᵛत्वम् ᵛअन्यमु अन्यं पुरुषमेव ᵛसु सुष्ठु परिष्वज । ᵛअन्य ᵛउ अन्योऽपि पुरुषः ᵛत्वां ᵛपरि ᵛष्वजाते । तत्र दृष्टान्तः । लिबुजेव ᵛवृक्षम् । यया वल्ली गाढं वृक्षं परिष्वजते तद्वत् । तथा सति । वाशब्दः समुच्चये । ᵛत्वं ᵛतस्य च पुरुषस्य ᵛमनः ᵛइच्छ कामय । तस्य त्वं वशवर्तिनी भवेत्यर्थः । ᵛसः च पुरुषः

ᵛतव मन इच्छतु । ᵛअध अथ परस्परवशवर्तित्वानन्तरं त्वं तेन सह ᵛसुभद्रां सुकल्याणीं ᵛसंविदं परस्परसंभोगसुखसंवित्तिं कृणुष्व कुरुष्व ॥ ॥८॥

અનુવાદ (35) : (યમ કહે છે :) હે યમિ ! જેવી રીતે વૃક્ષને કોઈ લતા (આલિંગન આપે) તેમ તું અન્ય (પુરુષ)ને સારી રીતે (આલિંગન આપે), તથા અન્ય (પુરુષ) પણ તને આલિંગન આપે. તું તે(વા અન્ય પુરુષ)નું મન (= મનનો પ્રેમ) ઈચ્છ; તથા તે (**सः**) તારું (યમીનું) [મન ઈચ્છે]. તથા તું સુભદ્ર (= સારી કલ્યાણકારિણી) એવી સંવેદનાને (= ભોગાદિ ક્રિયાને) કર. (૧૦-૧૦-૧૪)

નોંધ : અહીં નાનાં નાનાં વાક્યોની હારમાળાથી મન્ત્ર રચાયો છે. ૧. **हे यमि ! लिबुजा इव वृक्षम् त्वम् अन्यम् (परिष्वजस्व)** । ૨. **अन्यः (पुरुषः) त्वां परिष्वजाते** । ૩. **त्वं तस्य (पुरुषस्य) मनः इच्छ** । ૪. **सः (पुरुषः) तव [मनः इच्छतु]** ૫. **अध (= अथ) (त्वं) सुभद्राम् संविदं कृणुष्व** । અહીં ભાષ્યકાર ઉદ્‌ગીથ **लिबुजा** શબ્દનો અર્થ **व्रतति** = 'લતા' એવો દર્શાવે છે. ત્રીજા વાક્યમાં - 'તું (યમી) બીજા પુરુષનું મન ઈચ્છ.' એમાં **वशे कर्तुम्** - 'વશ કરવા માટે' એટલા વાક્યાંશનો અધ્યાહાર લેવાયો છે.

10.14 (1 to 16)

યમસૂક્ત

'परेयिवांसम्' इति षोडशर्चं चतुर्दशं सूक्तं विवस्वतः पुत्रस्य यमस्यार्षम् । 'अङ्गिरसो नः पितरो नवग्वाः' इति षष्ठ्या अङ्गिरःपित्रथर्वभृगुलक्षणा लिङ्गोक्ता देवताः । 'प्रेहि' इस्याद्यास्तिस्रो लिङ्गोक्तदेवताकाः पितृदेवताका वा । 'अति द्रव सारमेयौ' इत्यादिकस्तृचः सरमापुत्रौ यौ श्वानौ परलोकमार्गमभितः स्थितौ तद्देवताकः । शिष्टा यमदेवत्याः । 'यमाय सोमम्' इति त्रयोदश्याद्या अनुष्टुभः । 'यमाय मधुमत्तमम्' इत्येषा बृहती । आदितो द्वादश त्रिष्टुभः । तथा चानुक्रान्तं–'परेयिवासं षोळश यमो यामं षष्ठी लिङ्गोक्तदेवता पराश्च तिस्रः पित्र्या वा तृचः श्वभ्यां परा अनुष्टुभो बृहत्युपान्त्या' इति । गतः सूक्तविनियोगः । महापितृयज्ञे यमयागाख्या याज्या । सूत्रितं च - 'इमं यम प्रस्तरमा हि सीदेति द्वे परेयिवासं प्रवतो महीरनु' (आश्व.श्रौ. २.१९) इति ॥

સૂક્ત - ૧૪ : યમસૂક્ત : આ સૂક્તને મુખ્યત્વે ત્રણ ભાગમાં વહેંચી શકાય એમ છે : (૧) મન્ત્ર ૧ થી ૬માં યમ અને તેના સાથી કાર્યકરોની પ્રશંસા કરવામાં આવી છે; વળી તેમને યજ્ઞમાં પણ બોલાવવામાં આવ્યા છે. (૨) મન્ત્ર ૭ થી ૧૨માં નવા મૃતાત્માઓને. શ્મશાનની દહનભૂમિમાંથી નીકળી યમલોકમાં જવાનો આદેશ અપાયો

છે. (૩) તથા મન્ત્ર ૧૩ થી ૧૬માં રાજા યમને યજ્ઞનો હવિર્ભાગ લેવા માટે આવાહન કરવામાં આવ્યું છે. અહીં પહેલા અને ત્રીજા વિભાગના મન્ત્રોના દેવતા ‘યમ’ છે. જ્યારે વચ્ચેના મન્ત્રોમાં પિતૃ-દેવતા છે.

ઋષિ : વૈવસ્વત યમ; **દેવતા** : ૧ થી ૫ યમ, ૬માં અંગિરા, પિતૃ, અથર્વ, ભૃગુ અને સોમ, ૭થી ૯ લિંગોક્ત દેવતાઓ અથવા પિતૃઓ, ૧૦ થી ૧૨ શ્વાનદેવતા; છન્દ : ૧ થી ૧૨માં ત્રિષ્ટુપ્, ૧૩, ૧૪ અને ૧૬માં અનુષ્ટુપ, તથા ૧૫મા મન્ત્રમાં બૃહતી છન્દ છે.

परेयिवांसं प्रवतो महीरनु बहुभ्यः पन्थामनुपस्पशानम् ।
वैवस्वतं संगमनं जनानां यमं राजानं हविषा दुवस्य ॥१॥

परेयिऽवांसम् । प्रऽवतः । महीः । अनु । बहुऽभ्यः । पन्थाम् । अनुऽपस्पशानम् । वैवस्वतम् । समूऽगमनम् । जनानाम् । यमम् । राजानम् । हविषा । दुवस्य ॥१॥

हे मदीयान्तरात्मन् यजमान वा त्वं ᵛराजानं पितृणां स्वामिनं ᵛयमं ᵛहविषा पुरोडाशादिना ᵛदुवस्य परिचर । कीदृशम् । ᵛप्रवतः प्रकृष्टकर्मवतो भूलोकवर्तिभोगसाधनं पुण्यमनुष्ठितवतः पुरुषान् ᵛमहीः तत्तद्भोगोचितभूप्रदेशविशेषान् ᵛअनु ᵛपरेयिवांसं क्रमेण मरणादूर्ध्वं प्रापितवन्तं तथा ᵛबहुभ्यः स्वर्गार्थिभ्यः पुण्यकृद्भ्यः पुण्यकृतार्थे ᵛपन्थां स्वर्गस्योचितं मार्गम् ᵛअनुपस्पशानम् अबाधमानम् । पापिन एव पुरुषान् स्वर्गमार्गबाधेन नरकं प्रापयति न तु पुण्यकृत इत्यर्थः । ᵛवैवस्वतं विवस्वतः सूर्यस्य पुत्रं ᵛजनानां पापिनां संगमनं गन्तव्यस्थानरूपम् ॥

અનુવાદ (36) : (હે પૃથિવીલોકના મનુષ્યો ! તમે) પ્રકૃષ્ટ કર્મવાળા પુરુષોને (તેમને ઉચિત એવા) પ્રદેશો તરફ ક્રમશઃ (મરણ પછી) પહોંચાડનાર એવા, અને ઘણા બધા (પુણ્યશાળીઓ)ને માટે (સ્વર્ગોચિત) માર્ગને નહીં રોકનારા એવા; વિવસ્વાન્ (= સૂર્ય)ના પુત્ર (= વૈવસ્વત) અને (પાપી પુરુષોના) સંગમસ્થાનરૂપ તથા (મૃત પિતૃઓના) રાજા એવા યમને હવિષ્ વડે પૂજો (= યમની પરિચર્યા કરો).
(૧૦-૧૪-૧)

નોંધ : આ મન્ત્રમાં મુખ્ય વાક્ય (**हे यजमान ! त्वं**) **राजानम् यमम् हविषा दुवस्य** (= **परिचर**) । એ છે. તથા બાકીના પહેલા ત્રણેય પદમાં **यमम्**ના

વિશેષણ રૂપ પદબંધો આવેલાં છે. જેમકે, ૧. **प्रवतः महीः अनु परेयिवांसम् (यमम्)** । પ્રકૃષ્ટ કર્મો = પુણ્યાદિ કરનારા માણસોને, **महीः** (દ્વિતીય વિભક્તિ) તેમનાં કર્મો અનુસારના. મહી - પૃથિવી પ્રદેશોમાં / પ્રદેશો તરફ, **अनु** એટલે 'ક્રમશઃ', **परेयिवांसम्** **(यमं दुवस्य)** (મરણ પછી) પહોંચાડનાર એવા યમને સેવો.

૨. **बहुभ्यः (= पुण्यकृद्भयः) पन्थाम् (स्वर्गस्योचितं मार्गम्) अनुपस्पशानम् (= अबाधमानं यमं दुवस्य)** । ઘણા બધા (પુણ્યકર્તા)ને માટે (સ્વર્ગના) માર્ગને નહીં રોકનાર એવા (યમની પરિચર્યા કરો.) ૩. **वैवस्वतं, जनानां संगमनं, (पितॄणां) राजानं, यमं हविषा दुवस्य** । વિવસ્વાન્ એટલે સૂર્ય, તેનો પુત્ર તે 'વૈવસ્વત' અર્થાત્ યમરાજ; તેમને (પાપી) માણસોના 'સંગમન' સ્થાન રૂપ કહ્યા છે. અર્થાત્ પાપીઓ યમને પામે છે. વળી, તે (મૃતપિતૃઓના) રાજા છે - સ્વામી છે. આવા આવા યમની પુરોડાશ વગેરે હવિષાન્નથી પરિચર્યા કરો તેમ ઋષિ પોતાના યજમાનને અર્થાત્ પૃથિવીલોકના સૌ મનુષ્યોને (અથવા પોતાના અંતરાત્માને) કહે છે.

પ્રોફે. ગ્રિફીથના મતે આ સૂક્ત મૃત્યુના દેવ યમને સંબોધીને રચાયેલું છે; તથા આંશિક રીતે તેમાં મૃતવ્યક્તિના આત્માને સંબોધીને પણ અમુક મંત્રોની રચના છે. આમ આ મન્ત્ર મૃત વ્યક્તિના અગ્નિદાહ (અન્ત્યેષ્ટિ સંસ્કાર) વખતે ઉચ્ચારવા માટેનો છે.

दुवस्य - ક્રિયાપદમાં **√दुवस् परिताप-परिचरणयोः** કણ્ડ્વાદિ ધાતુનું આજ્ઞાર્થ બીજો પુરુષ એકવચનનું રૂપ છે. આથી સાયણે તેનો પર્યાય **परिचर** રૂપે દર્શાવ્યો છે.

પ્રોફે. એચ.ડી. વેલણકરે આ મન્ત્રનો અનુવાદ થોડો જુદો કર્યો છે : ''મોટી મોટી **(प्रवतः)** ટેકરીઓને **(महीः)** પાર કરી ગયેલા **(परेयिवांसम् = यमम्)**, પોતાના અનેક અનુયાયિઓને **(बहुभ्यः)** માર્ગ **(पन्थाम्)** બતાવનાર **(अनुपस्पशानम् = यमम्)**; તથા જુદા જુદા માણસોને ભેગા કરનાર **(जनानां संगमनं)**, વૈવસ્વાનના પુત્ર યમને **(वैवस्वतं यमं)** હવિષ્ સમર્પિત કરો. **(हविषा दुवस्य)**.''

य॒मो नो॑ गा॒तुं प्र॑थ॒मो वि॑वेद॒ नैषा गव्यू॑ति॒रप॑भर्त॒वा उ॑ ।
यत्रा॑ न॒ः पूर्वे॑ पि॒तर॑ः प॒रेयुरे॒ना ज॑ज्ञा॒नाः प॒थ्या॒३॒ अनु॒
स्वाः ॥२॥

य॒मः । न॒ः । गा॒तुम् । प्र॒थ॒मः । वि॒वे॒द॒ । न । ए॒षा । गव्यू॑तिः ।
अप॑ऽभ॒र्त॒वै । ऊँ॒ इति॑ । यत्र॑ । न॒ः । पूर्वे॑ । पि॒तर॑ः ।
प॒रा॒ऽई॒युः । ए॒ना । ज॒ज्ञा॒नाः । प॒थ्याः॑ । अनु॑ । स्वाः ॥२॥

ᵛप्रथमः सर्वेषां मुख्यः ᵛयमः ᵛनः अस्माकं प्रजानां ᵛगातुं शुभाशुभनिमित्तं ᵛविवेद जानाति । ᵛएषा ᵛगव्यूतिः ᵛन ᵛअपभर्तवा ᵛउ । अतिशयज्ञानयोगात् यमस्य न केनचिदपहर्तुमपनेतुं शक्यत इत्यर्थः । ᵛयत्र यस्मिन् मार्गे ᵛनः अस्माकं ᵛपूर्वे ᵛपितरः ᵛपरेयुः ᵛएना अनेन मार्गेण गच्छन्तः ᵛजज्ञानाः जाताः सर्वे ᵛस्वाः स्वभूताः ᵛपथ्याः स्वकर्ममार्गभूता गतीः ᵛअनु गच्छन्ति ॥

आग्निमारुते 'मातली कव्यैः' इत्येष धाय्या । सूत्रितं च - 'इमं यम प्रस्तरमा हि सीद मातली कव्यैर्यमो अङ्गिरोभिरुदीरतामवर उत्परासः' (आश्व. श्रो. ५.२०) इति ॥

અનુવાદ (37) : પ્રથમ એવા (= બધામાં મુખ્ય એવા) યમ અમારો (સ્વર્ગે જવા માટેનો) માર્ગ જાણે છે. (યમના) આ ગવ્યૂતિ = માર્ગને (કોઈ) છીનવી શકે એમ નથી. જે (માર્ગ)ની ઉપર અમારા પૂર્વજ પિતૃઓ ગયા હતા, તે જ માર્ગ વડે (પાછળથી) જન્મેલા (લોકો) પણ પોતપોતાની (કર્મો અનુસારની) પથ્ય ગતિને પામે છે. (૧૦-૧૪-૨)

નોંધ : આ મન્ત્રમાં ચારેય પાદોનાં વાક્યો આ પ્રમાણે છે : ૧. **प्रथमः यमः नः गातुं (= मार्गम्) विवेद ।** 'પ્રથમ' અર્થાત્ બધામાં મુખ્ય એવો, યમ અમારા (મનુષ્યોના = પ્રાણીમાત્રના) મૃત્યુ પછીના જવાના / જવા માટેના માર્ગને જાણે છે. **गातु** એટલે 'માર્ગ', તેનું દ્વિતીય વિભક્તિમાં રૂપ થશે **गातुम्** જે **विवेद** ક્રિયાપદનું કર્મ છે. ભાષ્યકાર ઉદ્ગીથે **गातुं** નો અર્થ 'શુભાશુભ કર્મોના નિમિત્તે પ્રાપ્ત થનારી સુગતિ અને દુર્ગતિ' એવો કર્યો છે. ૨. **एषा गव्यूतिः न अपभर्तवै ।** આ ગવ્યૂતિ (અર્થાત્ માર્ગ)ને કોઈ **अपभर्तुम् = अपहर्तुम्** છીનવી લેવા માટે (વૈદિક હેત્વર્થ કૃદન્તનો **तवै** પ્રત્યય નોંધો) યોગ્ય નથી = છીનવી શકતું નથી. **गव्यूतिः** - ભૂમિનું એક માપ, બે માઈલનો વિસ્તાર; ઉદ્ગીથે પૂર્વોક્ત 'સુગતિ અને દુર્ગતિ' એવો અર્થ બતાવ્યો છે. પ્રોફે. વેલણકરે 'ગાયોને ચરાવવાની જગ્યા' એવો અર્થ કરીને ઉમેર્યું છે કે - લક્ષણથી ''અન્ન, જલ અને અન્ય ઉપભોગ મેળવવાનું સ્થાન'' એવો અર્થ મળે છે. ૩. **यत्र (= यस्मिन् मार्गे) नः पूर्वे पितरः परेयुः ।** જે માર્ગ ઉપર અમારા પૂર્વેના = પૂર્વજ પિતૃઓ ગયા છે/હતા. **परेयुः** = ઉદ્ગીથ કહે છે કે - '(પિતૃઓ) પરાઙ્મુખ થઈને ગયા છે.' ૪. **एना (= अनेन मार्गेण), जज्ञानाः (= जाताः), स्वाः पथ्याः अनु (गच्छन्ति) ।** આ માર્ગ વડે (જનારા), (પાછળથી) જન્મેલા લોકો પણ પોતપોતાની પથ્ય ગતિને (= પોતાનાં કર્મો અનુસારની ગતિને) પામે છે - જાય છે.

પ્રોફે. વેલણકરે આવો અનુવાદ કર્યો છે : ''અમારે માટે સૌથી પહેલાં યમરાજે જ માર્ગને શોધી કાઢ્યો છે. જે સ્થાન ઉપર અમારા જૂના પૂર્વજો અને તેમની પાછળ

જેમણે જન્મ ગ્રહણ કર્યો છે તે લોકો પણ પોતપોતાના માર્ગે ગયા છે, તે અમારી ગવ્યૂતિ (અર્થાત્ ભોગ મેળવવાની ભૂમિ) છે; આને કોઈ પણ વ્યક્તિ અમારી પાસેથી છીનવી શકશે નહીં.'' (શ્રી વેલણકરે બીજા પાદને સૌથી છેલ્લે ગોઠવ્યો છે તે નોંધો.)

मात॑ली क॒व्यैर्य॒मो अङ्गि॑रोभि॒र्बृह॒स्पति॒र्ऋक्व॑भिर्वावृधा॒नः ।
यांश्च॑ दे॒वा वा॑वृ॒धुर्ये च॑ दे॒वान्त्स्वाहा॒न्ये स्व॒धया॒न्ये म॑दन्ति
॥३॥

मात॑ली । क॒व्यैः । य॒मः । अङ्गि॑रःऽभिः । बृह॒स्पतिः॑ । ऋक्व॑ऽभिः । व॒वृ॒धा॒नः । यान् । च॒ । दे॒वाः । व॒वृ॒धुः । ये । च॒ । दे॒वान् । स्वाहा॑ । अ॒न्ये । स्व॒धया॑ । अ॒न्ये । म॒द॒न्ति॒ ॥३॥

ᵛमातली । मातलिरिन्द्रस्य सारथिः । तद्वानिन्द्रो मातली । स च ᵛकव्यैः कव्यभाग्भिः पितृभिः सह ᵛववृधानः वर्धमानो भवति । ᵛयमः च ᵛअङ्गिरोभिः पितृविशेषैः सह वर्धमाना भवति । ---- । तत्र ᵛदेवाः इन्द्रादयः ᵛयांश्च कव्यभागादीन् पितृन् ᵛववृधुः वर्धयन्ति ᵛये ᵛच कव्यभागादयः पितरः ᵛदेवान् इन्द्रादीन् वर्धयन्ति तेषां मध्ये ᵛअन्ये इन्द्रादयः ᵛस्वाहा ᵛमदन्ति स्वाहाकारेण हृष्यन्ति । ᵛअन्ये ᵛपितरः ᵛस्वधया स्वधाकारेण हृष्यन्ति ॥

महापितृयज्ञे यमस्य 'इमं यम' इत्यादिके द्वे अनुवाक्ये । 'इमं यम प्रस्तरमा हि सीदेति द्वे' (आश्व. श्रौ. २.१९) इति हि सूत्रितम् । सैषाग्निमारुतेऽपि धाय्या । सूत्रं पूर्वमेवोदाहृतम् ॥

અનુવાદ (38) : કવ્ય (નામના ભાગને મેળવનારા પિતૃઓ)ની સાથે માતલિ નામના સારથિવાળો (= ઇન્દ્ર) વૈભવશાળી બને છે; અંગિરા (નામના પિતૃઓ)ની સાથે યમ વૈભવશાળી બને છે તથા ઋક્‌વ (નામના મધ્યમ = અન્તરિક્ષ સ્થાનના દેવો)ની સાથે બૃહસ્પતિ વૃદ્ધિ પામે છે. દેવોએ જે (પિતૃ)ઓને વૃદ્ધિ પમાડ્યા છે, તથા જેમણે (= જે પિતૃઓએ) દેવોને વૃદ્ધિ પમાડ્યા છે. તેમાંથી કેટલાક (= ઇન્દ્રાદિ દેવો) **स्वाहा**કારથી પ્રસન્ન થાય છે. તથા બીજા કેટલાક (પિતૃઓ) **स्वधा**કારથી પ્રસન્ન થાય છે.
(૧૦-૧૪-૩)

નોંધ : कव्य - એક નામના પિતૃઓ, ગ્રીફીથ મુજબ પ્રેતાત્મા - પિતૃઓના આત્મા. **ववृधानः** - વૈભવશાળી બની રહ્યા છે અર્થાત્ વૃદ્ધિ પામી રહ્યા છે અને **ववृधुः** - વૃદ્ધિ પમાડ્યા છે. **ऋक्व** નો ઉદ્‌ગીથે 'મધ્યમ સ્થાન-અંતરિક્ષ-ના દેવો'

એવો અર્થ કર્યો છે. ગ્રીફીથે 'બૃહસ્પતિની સ્તુતિ કરનાર ગાયક' અર્થ કર્યો છે. (સાયણભાષ્યમાં આ શબ્દ ઉપરનું વ્યાખ્યાન મળતું નથી.) **मातली** નો અર્થ 'માતલિ છે સારથિ જેનો તે = ઈન્દ્ર = માતલી' - એમ સાયણ કહે છે. દેવોને યજ્ઞમાં હવિષાન્ન અપાતી વખતે **स्वाहा** શબ્દ વપરાય છે. આથી, દેવોને સ્વાહાકારથી ખૂશ થનારા કહ્યા છે. તથા પિતૃઓને યજ્ઞમાં આહુતિ આપતી વખતે **स्वधा** શબ્દ વપરાય છે; આથી તેમને **स्वधया = स्वधा**કારથી પ્રસન્ન થનારા કહ્યા છે.

स्वधा શબ્દ વિશે ડૉ. ઈ. એ. સોલોમન જણાવે છે કે – ''આ શબ્દનો અર્થ ચર્ચાસ્પદ છે. નિઘંટુમાં એને 'જળ'નો પર્યાય ગણ્યો છે. પણ યાસ્કે નિરુક્તમાં એનો અર્થ 'અન્ન' કરેલ છે. રોથ એનો અર્થ 'સ્થાન, નિયમ, વિધિ, રીત' વગેરે માને છે. મેક્સમ્યૂલરના મતે એનો મૂળ અર્થ 'પોતાનું સ્થાન, પોતાનો સ્વભાવ' હતો અને પછી 'સુધા' સાથે તે સંકળાયો. સાયણ ઋગ્વેદમાં તેનો 'હવિ' અર્થ કરે છે. 'બળ' અર્થ પણ ક્યારેક લે છે 'પોતાની રીતે, પ્રમાણે, મરજી પ્રમાણે,' એવો અર્થ લઈ શકાય. (જુઓ : અભિનવ વૈદિક પાઠાવલી, ગુજ. યુનિ., અમદાવાદ, ૧૯૭૭, પૃ. ૨૦).

इ॒मं य॑म प्रस्त॒रमा हि सीदाङ्गि॑रोभिः पि॒तृभिः॑ संविदा॒नः ।
आ त्वा॒ मन्त्राः॑ कविश॒स्ता व॑हन्त्वे॒ना रा॑जन् ह॒विषा॑
मादयस्व ॥४॥

इ॒मम् । य॒म॒ । प्र॒ऽस्त॒रम् । आ । हि । सीद॑ । अङ्गि॑रःऽभिः ।
पि॒तृऽभिः॑ । स॒म्ऽवि॒दा॒नः । आ । त्वा॒ । मन्त्राः॑ । क॒वि॒ऽश॒स्ताः ।
व॒ह॒न्तु॒ । ए॒ना । रा॒ज॒न् । ह॒विषा॑ । मा॒द॒य॒स्व॒ ॥४॥

हे ᵛयम ᵛअङ्गिरोभिः एतन्नामकैः ᵛपितृभिः ᵛसंविदानः ऐकमत्यं गतस्त्वम् ᵛइमं ᵛप्रस्तरं विस्तीर्णं यज्ञविशेषम् ᵛआ ᵛसीद आगत्योपविश । ᵛहि यस्मादेवं तस्मात् ᵛकविशस्ताः विद्वद्भिर्ऋत्विग्भिः प्रयुक्ताः ᵛमन्त्राः ᵛत्वा त्वाम् ᵛआ ᵛवहन्तु । हे ᵛराजन् ᵛएना एतेन ᵛहविषा तुष्टः ᵛमादयस्व यजमानं हर्षय ॥

અનુવાદ (39) : 'હે યમ ! અંગિરા નામના પિતૃઓની સાથે એકમત થયેલા (તમે) આ વિસ્તૃત (યજ્ઞ)માં આવીને બેસો. કવિઓ વડે બોલવામાં (=પ્રયોજવામાં) આવેલા મન્ત્રો તમને અહીં લઈ આવે. હે રાજન્ ! (યમરાજ !) આ હવિષ્ વડે તમે પ્રસન્ન થાવ.' (૧૦-૧૪-૪)

નોંધ : प्रस्तरम् નો સાયણે 'વિસ્તૃત યજ્ઞવિશેષ' અર્થ કર્યો છે. પણ ઉદ્‌ગીથ તેનો 'યજ્ઞવેદી ઉપર પાથરેલું દર્ભઘાસ' અર્થ કરે છે. પ્રોફે. વેલણકર તેનો અર્થ 'પત્થરનું આસન' કરે છે. પહેલા બે પાદનું એક વાક્ય બને છે : **हे यम ! अङ्गिरोभिः पितृभिः संविदानः त्वं (यमः) इमम् प्रस्तरम् आ सीद** । અહીં અંગિરાઓને પિતૃઓ કહ્યા છે. ગ્રિફીથ તેમને પિતૃઓ નહીં ગણતાં સ્વતન્ત્ર ગણે છે. અર્થાત્ 'અંગિરાઓ અને પિતૃઓ સાથે'. ત્રીજા પાદનું વાક્ય છે : **कविशस्ताः मन्त्राः त्वा (= त्वां यमं) आ वहन्तु** । ''કવિઓ અર્થાત્ મેધાવી ઋત્વિજો વડે પ્રયોજાયેલા મન્ત્રો તમને - યમને - અહીં વહી લાવે.'' ચોથા પાદમાં કહે છે : **हे राजन् ! एना हविषा मादयस्व** । 'હે રાજન્ ! તમે આ હવિષથી સંતુષ્ટ થાવ.'

अङ्गि॑रोभि॒रा ग॑हि य॒ज्ञिये॑भि॒र्यम॑ वैरू॒पैरि॒ह मा॑दयस्व ।
विव॑स्वन्तं हुवे॒ यः पि॒ता ते॒ऽस्मिन् य॒ज्ञे ब॒र्हिष्या नि॒षद्य॑
॥५॥

अङ्गि॑रःऽभिः । आ । ग॒हि॒ । य॒ज्ञिये॑भिः । यम॑ । वै॒रू॒पैः । इ॒ह । मा॒द॒य॒स्व॒ । विव॑स्वन्तम् । हु॒वे॒ । यः । पि॒ता । ते॒ । अ॒स्मिन् । य॒ज्ञे । ब॒र्हिषि॑ । आ । नि॒ऽसद्य॑ ॥५॥

हे ᵛयम ᵛवैरूपैः विविधरूपयुक्तैर्वैरूपसामप्रियैर्वा ᵛयज्ञियेभिः यज्ञयोग्यैः ᵛअङ्गिरोभिः सह ᵛआ ᵛगहि आगच्छ । आगत्य च ᵛइह अस्मिन् यज्ञे ᵛमादयस्व यजमानं हर्षय । ᵛयः विवस्वान् ᵛते तव ᵛपिता अस्ति ᵛअस्मिन् ᵛयज्ञे तं ᵛविवस्वन्तं ᵛहुवे आह्वयामि । स चास्तीर्णे ᵛबर्हिषि ᵛआ ᵛनिषद्य उपविश्य यजमानं हर्षयतु ॥ ॥१४॥

અનુવાદ (40) : હે યમ ! વિવિધ રૂપોવાળા અને યજ્ઞિય (= યજ્ઞને યોગ્ય) એવા અંગિરાઓની સાથે (તમે) આવો; તથા અહીં (યજમાનને) પ્રસન્ન કરો. તમારા જે પિતા છે તે વિવસ્વાન્ (= સૂર્ય)ને તેને (હું) બોલાવું છું. તેઓ આ યજ્ઞમાં દર્ભઘાસના આસન ઉપર આવીને બેસે. (૧૦-૧૪-૫)

નોંધ : અહીં **वैरूपैः** નો શબ્દાર્થ 'વિવિધ રૂપવાળા' થાય છે પણ સાયણ કહે છે કે વૈરૂપ નામના સામગાન જેમને પ્રિય છે તે, તથા વેંકટમાધવ મુજબ 'વિરૂપ કુળમાં જન્મેલા' અર્થ થાય છે. પ્રોફે. વેલણકરના મતે અંગિરાથી જન્મેલ વિરૂપ નામના વંશજો. **यज्ञियेभिः अङ्गिरोभिः** - યજ્ઞને યોગ્ય એવા અંગિરાઓની સાથે, **आ गहि** - (તમે) આવો. **इह मादयस्व** - અહીં તમે (યજમાનને) પ્રસન્ન કરો. આજ્ઞાર્થ

બીજો પુરુષ, એકવચન **यंः ते पिता, तं विवस्वन्तं (सूर्यं) हुवे** । જે તમારા પિતા છે, તે વિવસ્વાન્ (સૂર્ય)ને હું બોલાવું છું. **अस्मिन् यज्ञे** - આ યજ્ઞમાં, **बर्हिषि** - દર્ભ ઘાસ ઉપર, **आ निषद्य** આવીને બેસો. એકથી પાંચ મન્ત્રોના દેવતા 'યમ' છે. હવે છઠ્ઠા મન્ત્રમાં પિતૃઓ દેવતા છે.

अङ्गि॑रसो नः पि॒तरो॒ नव॑ग्वा॒ अथ॑र्वाणो॒ भृग॑वः सो॒म्यासः॑ ।
तेषां॑ व॒यं सु॑म॒तौ य॒ज्ञिया॑ना॒मपि॑ भ॒द्रे सौ॑मन॒से स्या॑म ॥६॥

अङ्गि॑रसः । न॒ः । पि॒तरः॑ । नव॑ऽग्वाः । अथ॑र्वाणः । भृग॑वः । सो॒म्यासः॑ । तेषा॑म् । व॒यम् । सु॒ऽम॒तौ । य॒ज्ञिया॑नाम् । अपि॑ । भ॒द्रे । सौ॒म॒न॒से । स्या॒म॒ ॥६॥

vअङ्गिरसः अङ्गिरोनामकाः vअथर्वाणः अथर्वनामकाः vभृगवः भृगुनामकाश्च vनः अस्माकं vपितरः vनवग्वाः अभिनवगमनयुक्ताः । सदा नूतन-वत्प्रीतिजनका इत्यर्थः । ते च vसोम्यासः । सोममर्हन्तीति सोम्याः । vयज्ञियानां यज्ञार्हाणां vतेषां vसुमतौ अनुग्रहयुक्तायां बुद्धौ vवयं vस्याम सर्वदा तिष्ठेम । vअपि च vसौमनसे vभद्रे सौमनसस्य कारणे कल्याणे फले स्याम सर्वदा तिष्ठेम ॥ सत्रमध्ये दीक्षितमरणे 'प्रेहि' इत्याद्याः पञ्चर्चस्तृतीयावर्जिता होत्रा शंसनीयाः । सूत्रितं च - 'प्रेहि प्रेहि पथिभिः पूर्व्येभिरिति पञ्चानां तृतीयामुद्धरेत्' (आश्व.श्रौ. ६.१०) इति ॥

અનુવાદ (41) : નવીન ગતિવાળા અંગિરસો, અથર્વનો, ભૃગુઓ અને (સોમને યોગ્ય એવા=) સોમ્યો અમારા પિતૃઓ છે. યજ્ઞને યોગ્ય એવા તે (પિતૃ)ઓની સુમતિમાં અમે હોઈએ; તથા કલ્યાણકારિ સૌમનસમાં પણ હોઈએ. (૧૦-૧૪-૬)

નોંધ : આ મન્ત્રના દેવતા અંગિરસો, પિતૃઓ, અથર્વો અને ભૃગુઓ છે. અહીં દેવતાઓ તરીકે જેમનો ઉલ્લેખ છે તેના વિશે નિરુક્તમાં કહ્યું છે કે - અંગિરસ્, અથર્વા અને ભૃગુ તે ત્રણેય 'દેવતાઓ' છે; અને એક આખ્યાન મુજબ તેઓ 'પિતૃઓ' છે. બીજા કેટલાકના મતે તે યજ્ઞ કરાવનારા 'પુરોહિતો' છે કે 'ઋષિઓ' છે. ઉદ્ગીથ કહે છે કે અંગિરા વગેરે પિતૃઓની, અહીં જે કૃપા પ્રાર્થવામાં આવી છે તે ''યમના પ્રસાદથી મળે'' એટલો અંશ ઉમેરવો જોઈએ. પ્રોફે. વેલણકરે 'નવગ્વ'ને વિશેષણ રૂપે નથી લીધું, તથા **सोम्यासः** ને વિધેયાંશ લીધું છે. તેમના જબ આનો અનુવાદ આમ થશે. – અંગિરસ, નવગ્વ, અથર્વન્ તથા ભૃગુ આ મોને ધારણ કરનાર અમારા પૂર્વજ ઋષિ સોમપાનને માટે યોગ્ય જ છે. તે બધા જ

યજ્ઞાર્હ પૂર્વજોની કૃપા તથા મંગલપ્રદ પ્રસન્ન અમને પૂરેપૂરી મળો.''

प्रेहि॒ प्रेहि॑ प॒थिभि॑ः पू॒र्व्येभि॒र्यत्रा॑ न॒ः पूर्वे॑ पि॒तर॑ः परे॒युः ।
उ॒भा राजा॑ना स्व॒धया॒ मद॑न्ता य॒मं प॑श्यासि॒ वरु॑णं च दे॒वम् ॥७॥

प्र । इ॒हि॒ । प्र । इ॒हि॒ । प॒थिऽभि॑ः । पू॒र्व्येभि॑ः । यत्र॑ । नः । पूर्वे॑ । पि॒तर॑ः । प॒रा॒ऽई॒युः ।
उ॒भा । राजा॑ना । स्व॒धया॑ । मद॑न्ता । य॒मम् । प॒श्या॒सि॒ । वरु॑णम् । च॒ । दे॒वम् ॥७॥

यत्र ᵛयस्मिन् स्थाने ᵛनः अस्माकं ᵛपूर्वे पुरातनाः ᵛपितरः पितामहादयः ᵛपरेयुः ᵛपूर्व्येभिः पूर्वस्मिन् काले भवैः । अनादिकाल-प्रवृत्तैरित्यर्थः । ᵛपथिभिः मार्गैः हे मत्पितः तत्स्थानं ᵛप्रेहि प्रगच्छ शीघ्रं गच्छ । गत्वा च स्वधया अमृतान्नेन ᵛमदन्ता मदन्तौ तृप्यन्तौ ᵛराजाना राजानौ ᵛउभा उभौ ᵛयमं ᵛदेवं द्योतमानं वरुणं च पश्यासि पश्य ॥

અનુવાદ (42) : જ્યાં આપણા પૂર્વેના (પિતામહા = દાદા વગેરે) પિતૃઓ ગયા છે ત્યાં, તમે (મારા પિતા) પૂર્વેના (પ્રાચીન સમયના) માર્ગોથી સંચરો (જાવ). ત્યાં (તમે) સ્વધાથી = અમૃતથી તૃપ્ત થતાં બે રાજાઓ; (જેમકે) યમને અને દેવ વરુણને તમે જોશો. (૧૦-૧૪-૭)

નોંધ : પહેલા બે પાદનો અન્વય આ પ્રમાણે છે : **यत्र नः पूर्वे पितरः परेयुः, तत्र (हे मम पितः) पूर्व्येभिः पथिभिः (त्वं) प्रेहि प्रेहि (गच्छ, गच्छ)** । અહીં, હમણાં જ મરેલા પિતાના આત્માને સંબોધીને કહેવામાં આવ્યું છે કે - જ્યાં આપણા [પિતામહ (= દાદા, વડદાદા) વગેરે] પૂર્વેના પિતૃઓ ગયા છે, ત્યાં તમે પૂર્વ્ય = જૂના/પ્રાચીન સમયથી પ્રચલિત થયેલા માર્ગોથી જાવ - સંચરો. ત્યાં તમે યમને અને વરુણને જોશો. આ બે રાજાઓ = ચમકતા દેવો ત્યાં સ્વધા = અમૃતાન્નથી મદમસ્ત થતા હશે. **उभा (उभौ) राजाना (राजानौ) स्वधया मदन्ता (मदन्तौ), यमं, देवं वरुणम् यत्र (त्वं) पश्यासि ।** (લેટ્ લકાર બી. પુ. એકવચનનું રૂપ).

પ્રોફે. વેલણકર જણાવે છે કે **'स्वधया मदन्ता'** એ શબ્દો વરુણને પણ લાગુ

પાડવાના છે. તેથી **સ્વધા** નો "'પિતૃઓને માટે નિશ્ચિત હવિષ્યાન્ન' એવો પારિભાષિક અર્થ લેવો ઉચિત નથી, પણ અહીં **સ્વધા** નો અર્થ 'સ્વેચ્છાથી' એવો લેવા જેવો છે. જેમકે, "(હે સદ્યોમૃત જીવ !) સનાતન માર્ગો ઉપરથી, જે સ્થાન ઉપર આપણા બધા જ પૂર્વજ પિતૃઓ (નિત્ય નિવાસ કરવા માટે) ગયા છે, તે સ્થાન ઉપર આગળને આગળ વધતા જાવ. (ત્યાં ગયા પછી) પોતાની ઈચ્છાનુસાર આનંદનો ઉપભોગ કરનારા યમ અને વરુણ - આ બન્ને દેવોને - રાજાઓને જઈને મળો.'

सं गच्छस्व पितृभिः सं यमेनैष्टापूर्तेन परमे व्योमन् ।
हित्वायावद्यं पुनरस्तमेहि सं गच्छस्व तन्वा सुवर्चाः ॥८॥

सम् । गच्छस्व । पितृऽभिः । सम् । यमेन । इष्टापूर्तेन । परमे । विऽओमन् ।
हित्वाय । अवद्यम् । पुनः । अस्तम् । आ । इहि । सम् । गच्छस्व । तन्वा । सुऽवर्चाः ॥८॥

हे मदीय पितः ततस्त्वं ᵛपरमे उत्कृष्टे ᵛव्योमन् व्योमनि स्वर्गाख्ये स्थाने स्वभूतैः ᵛपितृभिः सह ᵛसं ᵛगच्छस्व । ᵛइष्टापूर्तेन श्रौतस्मार्तदानफलेन ᵛसं गच्छस्व । तत इष्टापूर्तेन सहागम्य ᵛअवद्यं पापं ᵛहित्वा परित्यज्य ᵛअस्तं ब्रियमानाख्यं गृहम् ᵛएहि आगच्छ । ततः ᵛसुवर्चाः । तृतीयार्थे प्रथमा । सुवर्चसा शोभनदीप्तियुक्तेन ᵛतन्वा स्वशरीरेण ᵛसं गच्छस्व ॥

पैतृमेधिके कर्मणि श्मशानायतनं प्रोक्षति 'अपेत वीत' इति । सूत्रितं च 'गर्तोदकेन शमीशाखया त्रिः प्रसव्यमायतनं परिव्रजन् प्रोक्षत्यपेत वीत वि च सर्पतातः' (आश्व. गृ. ४.२.१०) इति ॥

અનુવાદ (43) : (હે મૃત પિતા !) તમે ઈષ્ટાપૂર્ત કર્મો વડે પરમ આકાશમાં (=સ્વર્ગમાં) (આપણા) પિતૃઓની સાથે જઈને ભળો; તથા યમરાજની સાથે જઈ મળો. (તમારા) પાપને ત્યજીને ફરીથી તમે (આ) ઘરમાં પાછા ફરો, તથા દીપ્તિયુક્ત શરીરની સાથે (તમે) આવી મળો. (૧૦-૧૪-૮)

નોંધ : ૧. ગ્રિફીથના મતે મંત્ર- ૭ અને ૮ મૃતાત્માના અગ્નિસંસ્કાર વખતે બોલવાના છે. (**हे मृतात्मन्**), (**त्वं**) **इष्टापूर्तेन** (**कर्मणा**) **परमे व्योमन्** (=**व्योम्नि**) **पितृभिः संगच्छस्व । यमेन सम्** (**गच्छस्व**) । પહેલા પાદમાં આવાં બે વાક્યો છે. ૨. અહીં **व्योमन्** એટલે 'આકાશ'. વેદની ભાષામાં ક્યારેક

વિભક્તિ પ્રત્યયનો (**सुपां सुलुक्०** સૂત્રથી) લોપ થતો હોય છે, પણ **परमे** એવા વિશેષણમાં રહેલા સપ્તમીના પ્રત્યયથી **व्योमन्** ને પણ '**व्योम्नि**' એવા સપ્તમ્યન્ત પદ લેવાનું છે. આથી 'પરમ આકાશમાં (= સ્વર્ગમાં)' એવો અર્થ થશે. ૩. તથા વૈદિક ઋષિઓ ક્યારે શબ્દોની પણ કરકસર (word-economy) કરતા હોય છે. તેથી પહેલા વાક્યમાં **सं गच्छस्व** લખ્યા પછી, બીજા વાક્યમાં કેવળ **सम्** ઉપસર્ગ જ વાપર્યો છે; તેથી આપણે **यमेन सम्** ની પાછળ **गच्छस्व** નો અધ્યાહાર સમજી લેવાનો છે. ૪. સાયણે **इष्टापूर्तेन** નો અર્થ 'શ્રૌત અને સ્માર્ત દાનફળથી' એવો કર્યો છે. પણ વેદકાળમાં ''સ્મૃતિપ્રોક્ત દાન = સ્માર્ત દાન''નો ઉલ્લેખ આવી જ કેવી રીતે શકે તે પ્રશ્ન ઊભો થાય છે. વળી, 'ટિળક વૈદિક શોધ સંસ્થાન, પૂના'થી પ્રકાશિત' 'ઋગ્વેદ'માં જે પદપાઠ આપ્યો છે તેમાં **इष्टापूर्तेन** । શબ્દમાં અવગ્રહ મૂક્યો જ નથી. એટલે કે પદપાઠકારની દૃષ્ટિએ આ સામાસિક શબ્દ નથી; અર્થાત્ **इष्ट** અને **आपूर्त** એમ કુલ બે પ્રકારના કર્મોનો અહીં ઉલ્લેખ છે તેમ પદપાઠકારના મતે સમર્થિત થતું નથી. [પરંતુ અહીં કહેવું જોઈએ કે - વિશ્વેશ્વરાનંદ વૈદિક શોધ સંસ્થાન, હોશિયારપુર, પંજાબની વેંકટમાધવના ભાષ્ય સહિતની ઋગ્વેદની આવૃત્તિમાં । **इष्टाऽपूर्तेन** । એવો અવગ્રહસહિતનો પદપાઠ છે.] વળી, ટીકાકાર વેંકટમાધવે આ શબ્દનું કોઈ જ વ્યાખ્યાન આપ્યું નથી. 'મનુસ્મૃતિ' વગેરે સ્મૃતિગ્રન્થો અને પુરાણગ્રન્થોમાં આ 'ઈષ્ટાપૂર્ત' શબ્દનો અર્થ દર્શાવતાં કહ્યું છે કે - જે શ્રૌતયજ્ઞો કરવામાં આવે તેને 'ઈષ્ટ' કર્મ ગણવાં; તથા લોકકલ્યાણ અર્થે જે કૂવા, તળાવ, નહેર વગેરે ખોદાવવા, ધર્મશાળાઓ બાંધવી વગેરે સામાજિક કાર્યોને 'આપૂર્ત' કર્મ ગણવાં. મનુષ્યે પોતાનાં જીવનમાં આવાં ઉભયવિધ કર્મો કરવાનાં હોય છે. જેણે આવાં ઈષ્ટાપૂર્ત કર્મો કર્યાં હોય તે મૃત્યુ પામ્યા પછી યમની સાથે જઈ મળે છે તથા સ્વર્ગને પામે છે.

૫. મન્ત્રના ઉત્તરાર્ધમાં મૃતાત્માને સંબોધીને બીજાં બે વાક્યો મૂકેલાં છે : (**हे मृतात्मन्**) **अवद्यं** (= **पापं**) **हित्वाय** (= **परित्यज्य**) **पुनः अस्तं आ इहि** । 'હે મૃતાત્મા ! તમે પાપને ત્યજીને ફરીથી (આ) ઘરે પધારો.' તથા **सुवर्चाः** (= **सुवर्चसा**) **तन्वा संगच्छस्व** ।' (તમે) દીપ્તિયુક્ત શરીરથી સુસંગત થાવ.'

૬. પ્રોફે. વેલણકરે **इष्टं च पूर्तं च गृहाणाम्** । અથર્વવેદ ૯-૬-૩ને આધારે **इष्टापूर्त** શબ્દમાં દ્વન્દ્વ સમાસ માન્યો છે; તથા તેનો શબ્દાર્થ આપતાં કહ્યું છે કે - ''યજ્ઞાદિ અને શુભ કર્મો દ્વારા અર્જિત પુણ્ય.'' તેમણે આ મન્ત્રનો અનુવાદ આમ કર્યો છે : ''ત્યાં પેલા અત્યુન્નત સ્વર્ગલોકમાં પોતાના પિતૃઓ અને રાજા યમની મુલાકાત લીધા પછી તમારા પોતાનાં ઈષ્ટાપૂર્તને અધીન કરી લો. પોતાના બધા દોષોનો ત્યાગ કરીને, તમારા પોતાના આ (શાશ્વત) ઘરની તરફ આવો, તથા તે પછી સુંદર તેજથી યુક્ત થઈને ત્યાં સંચરણ કરવાને યોગ્ય એવા નવીન) શરીરને ધારણ કરો.'' આના અનુસંધાનમાં પ્રોફે. વેલણકરે નોંધ્યું છે કે - અહીં કલ્પના

એવી છે કે મર્ત્યલોકમાં શરીરની સહાયતાથી કમાયેલા 'ઇષ્ટ' અને 'પૂર્ત'ના બલ ઉપર યમલોકની ભોગભૂમિમાં ઉપભોગ મેળવવા માટે માણસે નવું શરીર ધારણ કરવું પડે છે. ૧૦-૧૫-૧૪ અને ૧૦-૧૬-૧, ૨ અને ૫ મુજબ આવા શરીરને પ્રાપ્ત કરાવવામાં, માણસના શરીરને ભસ્મસાત્ કરનાર અગ્નિદેવ જ સહાયક સિદ્ધ થઈ શકે એમ છે.

अपे॑त॒ वी॑त॒ वि च॑ सर्प॒तातो॒ऽस्मा ए॒तं पि॒तरो॑
लो॒कम॑क्रन् ।
अहो॑भिर॒द्भिर॒क्तुभि॒र्व्य॑क्तं य॒मो द॑दात्यव॒सान॑मस्मै ॥९॥

अप॑ । इ॒त॒ । वि । इ॒त॒ । वि । च॒ । स॒र्प॒त॒ । अत॑ः । अ॒स्मै ।
ए॒तम् । पि॒तर॑ः । लो॒कम् । अ॒क्र॒न् ।
अह॑ःऽभिः । अ॒त्ऽभिः । अ॒क्तुऽभि॑ः । विऽअ॑क्तम् । य॒मः ।
द॒दा॒ति॒ । अ॒व॒ऽसान॑म् । अ॒स्मै॒ ॥९॥

श्मशाने पूर्वं स्थिता हे पिशाचादयः ᵛअतः अस्मात् प्रमृज्यमानदहनस्थानात् ᵛअपेत अपगच्छत । ᵛवीत विशेषेण गच्छत । ᵛवि ᵛसर्पत ᵛच । इदं स्थानं परित्यज्य नानाभावेन दूरतरं देशं गच्छतेत्यर्थः । ᵛपितरः ᵛअस्मै मृतयजमानस्यार्थाय ᵛएतं ᵛलोकम् इदं दहनस्थानम् ᵛअक्रन् । यमस्याज्ञयान्वकुर्वन् । ᵛयमः अपि ᵛअहोभिः दिवसैः ᵛअद्भिः अभ्युक्षणोदकैः ᵛअक्तुभिः रात्रिभिः ᵛव्यक्तं संगतम् । शुद्धिनिमित्तैः कालोदकादिभिः शोधितमित्यर्थः । ᵛअवसानं दहनस्थानम् अस्मै मृतयजमानस्यार्थाय ᵛददाति दत्तवान् ॥

अनुस्तरण्या वृक्कौ पार्श्वयोराम्रफलाकृती । तावुद्धृत्य प्रेतस्य हस्तयोर्निदधाति 'अति द्रव सारमेयौ' इति द्वाभ्याम् । सूत्रितं च - 'वृक्कावुद्धृत्य पाण्योरादध्यादति द्रव सारमेयौ श्वानौ' (आश्व. गृ. ४.३.२०) इति ॥

અનુવાદ (44) : (શ્મશાનમાં રહેનારા હે ભૂત-પિશાચો ! તમે) આ (શ્મશાનના સ્થાન)માંથી ચાલ્યા જાવ, દૂર ભાગી જાવ; બીજે સરકી જાવ. (પૂર્વેના) પિતૃઓએ આ (મૃત વ્યક્તિ)ને માટે આ લોક (= દાહસ્થાન) નક્કી કર્યું છે. યમે (પણ) દિવસો, રાત્રિઓ અને જલછંટકાવથી સાફ કરેલું અવસાનસ્થાન (= દાહભૂમિ) આને (=મૃતવ્યક્તિને) આપ્યું છે. (૧૦-૧૪-૯)

નોંધ : ભાષ્યકાર વેંકટમાધવ અને સાયણ મુજબ આ મન્ત્ર શ્મશાનમાં રહેનારા ભૂતપિશાચોને ઉદ્દેશીને કહેવાયેલો છે. હમણાં જ મૃત્યુ પામેલા આત્માને દાહભૂમિમાં લઈ ગયા પછી આ મન્ત્ર બોલાય છે. પ્રોફે. વેલણકરના મતે – 'આ મન્ત્રમાં પ્રાર્થના કરવામાં આવી છે કે શ્મશાન ભૂમિના ભૂતપિશાચો મૃત વ્યક્તિને યમલોકમાં પોતાના નિયતસ્થાનમાં પહોંચવામાં કોઈ મુશ્કેલી ઊભી ના કરે. **अवसानम्** = અંતિમ વિશ્રાન્તિસ્થાન. અલબત્ત, આ સ્થાનની પ્રાપ્તિ ત્યારે જ થાય કે જ્યારે માણસની પાસે ઈષ્ટાપૂર્તનું યોગ્ય બળ હોય.

પહેલા પાદમાં - **अतः (अस्मात् स्थानात्), (हे भूतपिशाचाः) यूयं अपेत, वीत, वि सर्पत च** । બીજા પાદમાં - **पितरः अस्मै (= मृतात्मने) एतं लोकम् अक्रन्** । ત્રીજા અને ચોથા પાદમાં પદાન્વયક્રમ આમ છે : - **यमः अहोभिः, अक्तुभिः (= रात्रिभिः), अद्भिः व्यक्तं (= शोधितं) अवसानम् (दाहस्थानम्) अस्मै (= मृतात्मने) ददाति** । યમે દિવસોથી, રાત્રિઓથી અને જળથી વ્યક્ત કરેલું = સાફ કરેલું દાહસ્થાન આને (= મૃત વ્યક્તિને) આપે છે. હવે પછીના ત્રણ મન્ત્રોમાં યમના દૂત એવા બે કૂતરાઓને સ્તુતિ કરી છે :

अति॑ द्रव सारमे॒यौ श्वानौ॑ चतुर॒क्षौ श॒बलौ॑ सा॒धुनां॑ प॒था ।
अथा॑ पि॒तृन्त्सु॑वि॒दत्राँ॒ उपे॑हि य॒मेन॒ ये स॑ध॒माद॒ं
मद॑न्ति ॥१०॥

अति॑ । द्र॒व । सा॒र॒मे॒यौ । श्वानौ॑ । च॒तुः॒ऽअ॒क्षौ । श॒बलौ॑ । सा॒धुना॑ । प॒था । अथ॑ । पि॒तृन् । सु॒ऽवि॒दत्रा॑न् । उप॑ । इ॒हि॒ । य॒मेन॑ । ये । स॒ध॒ऽमाद॑म् । मद॑न्ति ॥१०॥

हे अग्ने ᵛसाधुना ᵛपथा समीचीनेन मार्गेण ᵛश्वानौ उभौ ᵛअति ᵛद्रव अतिक्रम्य गच्छ । यमसंबन्धिनौ यौ श्वानौ प्रेतस्य बाधकौ तौ परित्यज्य समीचीनेन मार्गेण प्रेतं नयेत्यर्थः । कीदृशौ श्वानौ । ᵛसारमेयौ । सरमा नाम काचित् प्रसिद्धा देवशुनी । तस्याः पुत्रौ ᵛचतुरक्षौ उपरिभागे पुनरप्यक्षिद्वयं ययोस्तादृशौ । ᵛअथ शोभनमार्गेण गमनानन्तरं ᵛये पितरः ᵛयमेन ᵛसधमादं सहर्षं ᵛमदन्ति प्राप्नुवन्ति तान् ᵛसुविदत्रान् ᵛसुष्ठ्वभिज्ञान् ᵛपितॄन् ᵛउपेहि उपगच्छ ॥१५॥

અનુવાદ (45) : (હે મૃતાત્મા !) કાબરચીતરા અને ચાર આંખવાળા સરમાના પુત્રો એવા બે શ્વાનો (કે જેઓ તમારા માર્ગને રોકીને ઊભા હશે), તેમની પાસેથી સારા માર્ગે થઈને તમે સરકી જશો. ત્યાર પછી, સારા જ્ઞાની (અથવા ધનવાળા)

પિતૃઓની પાસે પહોંચી જાવ; કે જે (પિતૃ)ઓ યમની સાથે સહર્ષ આનંદ પામી રહ્યા છે. (૧૦-૧૪-૧૦)

નોંધ : આ મન્ત્રમાં મૃતાત્માને સંબોધીને કહેવામાં આવ્યું છે કે યમલોક તરફ જતાં રસ્તામાં તને સરમા (દેવોની કૂતરી)ના બે પુત્ર (= સારમેય) એવા બે શ્વાનો તમારો માર્ગ રોકીને ઊભા હશે. આ કૂતરાઓનું વર્ણન કરવા માટે બે વિશેષણ વાપર્યાં છે : **शबलौ** - કાબરચીતરા, **चतुरक्षौ** - ચાર આંખોવાળા, (= બીહામણા). આવા કૂતરાઓથી બચીને, **साधुना पथा** (તૃતીયા વિભક્તિ) સારા માર્ગે થઈને, **अतिद्रव** સરકી જાવ. **सुविदत्रान् = सुष्ठु अभिज्ञान्** - સારું જ્ઞાન ધરાવનાર, અથવા ધનવાળા **सुधनान्** (= વેંકટમાધવ) **पितृन उप इहि** - પિતૃઓની પાસે પહોંચી જાવ. **ये (पितरः) यमेन (सह) सधमादं (= सहर्षं) मदन्ति ।** = જે પિતૃઓ યમની સાથે આનંદ-પ્રમોદ કરે છે. સાયણાચાર્યે આ મન્ત્ર મૃતાત્માને સંબોધીને નહીં, પણ અગ્નિને સંબોધીને રચાયો છે એમ માન્યું છે. તેથી તેમના મતે **अति द्रव** કે **उपेहि** ક્રિયાપદોને પ્રેરકપરક અનુદિત કરવા પડે છે. જેમકે, ''હે અગ્નિ ! તમે આ બે શ્વાનો પાસેથી (= બચાવીને) મૃતાત્માને સારા માર્ગે થઈને લઈ જાવ, અને જ્ઞાની એવા પિતૃઓ પાસે પહોંચાડો.'' વગેરે.

પ્રોફે. વેલણકરે જરા જુદી રીતે આનો અનુવાદ કર્યો છે : ''(હે સદ્યોમૃત જીવ!) ચાર આંખવાળા, ચિત્રિત શરીરવાળા સરમાના જે બે પુત્ર શ્વાનો (તમને જોવા મળશે) તેમની પાસે સારા માર્ગે થઈને અત્યંત જલ્દી ગમન કરો. ત્યાર પછી યમરાજની સાથે એક જ પંક્તિમાં પ્રસન્નતાથી જે (અન્નાદિનો) ઉપભોગ કરી રહ્યા છે તે પોતાના અત્યંત ઉદાર (**सुविदत्रान्**) પિતૃઓની પાસે ઉપસ્થિત થઈ જાવ.'' અહીં તેમણે **अति द्रव** ક્રિયાના લક્ષ્યવાચક કર્મકારક રૂપે **सारमेयौ श्वानौ** ને લેવાનું સૂચવ્યું છે; વળી **कालाध्वनोरत्यन्तसंयोगे ।** સૂત્રાનુસાર **सारमेयौ** ને દ્વિતીયા મળી છે, એમ જણાવ્યું છે; તથા **अति** ને 'કર્મપ્રવચનીય' પ્રકારનું ગણાવ્યું છે. તેમણે એમ પણ ધ્યાન દોર્યું છે કે નીચેના ૧૧મા મંત્રને જોતાં, અહીં ૧૦મા મંત્રમાં ''શ્વાનોને ઓળંગીને દોડતા જાવ'' એવો અનુવાદ કરવો ઉચિત નથી. તેમના મતે **सुविदत्रान् पितृन** નો અર્થ 'અત્યંત ઉદાર', 'ઉત્તમ કે વિશિષ્ટ ઉપહાર આપનાર' થાય છે.

यौ ते॒ श्वानौ॑ यम रक्षि॒तारौ॑ चतु॒रक्षौ॑ प॑थि॒रक्षी॑ नृ॒चक्ष॑सौ ।
ताभ्या॑मेनं॒ परि॑ देहि राजन्त्स्व॒स्ति चा॑स्मा अनमी॒वं॑ च
धेहि ॥११॥

यौ । ते॒ । श्वानौ॑ । य॒म॒ । र॒क्षि॒तारौ॑ । च॒तुः॒ऽअ॒क्षौ । प॒थि॒रक्षी॒ इति॑ प॒थि॒ऽरक्षी॑ । नृ॒ऽचक्ष॑सौ ।

ताभ्या॑म् । ए॒न॒म् । परि॑ । दे॒हि॒ । रा॒ज॒न् । स्व॒स्ति । च॒ । अ॒स्मै॒ । अ॒न॒मी॒वम् । च॒ । धे॒हि॒ ॥११॥

हे ᵛराजन् हे ᵛयम ᵛते त्वदीयौ ᵛयौ ᵛश्वानौ विद्येते ᵛताभ्यां हे राजन् यम ᵛएनं प्रेतं ᵛपरि ᵛदेहि रक्षार्थं प्रयच्छ । कीदृशौ श्वानौ । ᵛरक्षितारौ यमगृहस्य रक्षकौ ᵛचतुरक्षौ अक्षिचतुष्टयमुक्तौ ᵛपथिरक्षी मार्गस्य रक्षकौ ᵛनृचक्षसौ मनुष्यैः ख्याप्यमानौ । श्रुतिस्मृतिपुरणाभिज्ञाः पुरुषास्यौ प्रख्यापयन्ति । ताभ्यां श्वभ्यां दत्त्वा ᵛअस्मै प्रेताय ᵛस्वस्ति ᵛच क्षेममपि ᵛअनमीवं ᵛच रोगाभावमपि ᵛधेहि संपादय ॥

અનુવાદ (46) : હે યમ ! આ જે બે તમારા રક્ષા કરનારા, ચાર આંખોવાળા, માર્ગનું રક્ષણ કરનારા અને માણસોથી ઓળખાવાતાં શ્વાનો છે, તેમના વડે આ (મૃતાત્મા)ને, હે રાજા (યમ) ! તમે (રક્ષણ) આપો. આ (મૃતાત્મા)ને રોગનો અભાવ (**अनमीवम्**) અને કલ્યાણ (**स्वस्ति**) પણ અર્પો. (૧૦-૧૪-૧૧).

નોંધ : પહેલા બે પાદમાં **श्वानौ** નાં ચાર વિશેષણો છે : ૧. **रक्षितारौ** - રક્ષા કરનારા, ૨. **चतुरक्षौ** - ચાર આંખોવાળા, ૩. **पथिरक्षी** - માર્ગનું રક્ષણ કરનાર, તથા ૪. **नृचक्षसौ** - માણસો વડે ઓળખાવાતાં. **ताभ्याम्** - આવાં બે કૂતરાઓ વડે, **एनं परि देहिं** - મૃતાત્માને રક્ષણ આપો. તથા ચોથા પાદમાં કહે છે કે - **अस्मै (= मृतात्मने) स्वस्ति, अनमीवं धेहि** । આ (મૃતાત્મા)ને કલ્યાણ તથા રોગ વિનાની આરોગ્યવાળી સ્થિતિ આપો.

उ॒रू॒ण॒साव॑सु॒तृपा॑ उदु॒म्ब॒लौ य॒मस्य॑ दू॒तौ च॑रतो॒ जना॑ँ॒ अनु॑ ।
ताव॒स्मभ्यं॑ दृ॒शये॒ सूर्या॑य॒ पुन॑र्दाताम॒सुम॒द्येह भ॒द्रम् ॥१२॥

उ॒रू॒ऽन॒सौ । अ॒सु॒ऽतृपौ॑ । उ॒दु॒म्ब॒लौ । य॒मस्य॑ । दू॒तौ । च॒र॒तः॒ । जना॑न् । अनु॑ । तौ । अ॒स्मभ्य॑म् । दृ॒शये॑ । सूर्या॑य । पुनः॑ । दा॒ता॒म् । असु॑म् । अ॒द्य । इ॒ह । भद्रम् ॥१२॥

ᵛयमस्य संवन्धिनौ ᵛदूतौ श्वानौ ᵛजनाँ ᵛअनु प्राणिनो लक्षीकृत्य सर्वत्र ᵛचरतः । कीदृशौ । ᵛउरूणसौ दीर्घनासिकायुक्तौ ᵛअसुतृपौ परकीयान् प्राणान् स्वीकृत्य तैस्तृप्यन्तौ ᵛउदुम्बलौ उरुवलौ विस्तीर्णबलौ । ᵛतौ उभौ दूतौ ᵛसूर्याय दृशये सूर्यस्य दर्शनार्थम् ᵛअद्य दिने ᵛइह कर्मणि ᵛभद्रम् ᵛअसुं समीचीनं प्राणं ᵛपुनः ᵛअस्मभ्यं ᵛदाताम् अदत्ताम् ॥

અનુવાદ (47) : યમના આ બે લાંબી નાસિકા (= નાક) વાળા, (બીજાના) પ્રાણોથી તૃપ્ત થનારા, વિપુલ બળવાળા દૂતો (= શ્વાનો) માણસોની આસપાસ ફરે છે. તે બે (શ્વાનો) અમને ફરીથી સૂર્યને જોવા માટે આજે. અહીં કલ્યાણકારી પ્રાણ આપે. (૧૦-૧૪-૧૨).

નોંધ : અહીં બે શ્વાનોને **यमस्य दूतौ** = 'યમના દૂત' કહેવા ઉપરાંત, બીજા પણ વિશેષણો વાપર્યાં છે. જેમકે, **उरूणासौ** - લાંબી નાસિકાવાળા, **असुतृप्तौ** - પ્રાણથી તૃપ્ત થનારા, **उदुम्बलौ** - વિશાળ બળવાળા, **जनान् अनुचरतः** (વર્તમાનકાળ, ત્રી. પુ. દ્વિવચન) માણસોની આસપાસ ફરે છે.

ઉત્તરાર્ધમાં કહે છે કે – **तौ (श्वानौ) अस्मभ्यं सूर्याय दृशये** (સૂર્યને જોવાને માટે), **पुनः** = ફરીથી, **अद्य इह भद्रम् असुम्** (કલ્યાણકારી પ્રાણ) **दाताम्** । આજ્ઞાર્થ, ત્રી. પુ. દ્વિવચન. (તે બે) આપે. પ્રોફે. શ્રી વેલણકરે આનો અનુવાદ આમ કર્યો છે : "વિશાળ નાકવાળા, (મુમૂર્ષુ લોકોના) પ્રાણ પોતાના અધિકારમાં રાખનાર (**असुतृप्तौ**), મહાપરાક્રમી (**उदुम्बलौ**), યમના આ બે દૂત મર્ત્યલોકમાં ભ્રમણ કરતા રહે છે. તે આજે અમને અમારા મંગલમય પ્રાણ ફરીથી પાછા આપે, કે જેથી અમને (હંમેશ) સૂર્યદર્શન થાય." **असुतृप्तौ** શબ્દને સમજાવતાં તેઓ લખે છે કે - 'યમરાજના આદેશ મુજબ જીવોના પ્રાણોને પૂરેપૂરા વશમાં ન કરી લે ત્યાં સુધી તેમને નહીં છોડનાર.' **सूर्याय दृश्ये** । માં **सूर्याय** પદમાં ચતુર્થી દ્વિતીયા વિભક્તિના અર્થમાં છે.

यमाय सोमं सुनुत यमायं जुहुता हविः ।
यमं हं यज्ञो गंच्छत्यग्निर्दूतो अरंकृतः ॥१३॥

यमायं । सोमंम् । सुनुत । यमायं । जुहुत । हविः ।
यमम् । ह । यज्ञः । गच्छति । अग्निऽदूंतः । अंरम्ऽकृतः ॥१३॥

हे ऋत्विजः ᵛयमाय यमदेवतार्थं ᵛसोमं सुनुत । लतात्मकं सोममभिषुणुत । तथा यमार्थं ᵛहविः ᵛजुहुत । अग्निर्दूतो यस्मिन् यज्ञे सोऽयम् ᵛअग्निदूतः । अग्नेर्दूतत्वमन्यत्राम्नातम् - 'अग्निर्देवानां दूत आसीत्' (तै. सं. २.५.८.५) इति । ᵛअरंकृतः बहुभिर्द्रव्यैरलंकाररूपैर्युक्तः तादृशः ᵛयज्ञः ᵛयमं ᵛह यममेव ᵛगच्छति ॥

અનુવાદ (48) : (હે ઋત્વિજો !) યમને માટે સોમ (લતા)ને નીચોવો, યમને

માટે હવિષ્‌ની આહુતિ આપો. અગ્નિ જેમાં દૂત છે તેવો શણગારવામાં આવેલો યજ્ઞ યમની તરફ જાય છે. (૧૦-૧૪-૧૩)

નોંધ : આ મન્ત્રમાં યાજ્ઞિકોને = ઋત્વિજોને વિનંતી કરવામાં આવી છે કે યમને ઉદ્દેશીને સોમરસ નીચોવો તથા તેમને ઉદ્દેશીને હવિની આહુતિ આપો. **अग्निदूतः** (પૂર્વપદ **अग्निः** માં ઉદાત્ત સ્વર પડેલો છે તેથી (બહુવ્રીહિ સમાસ) = અગ્નિ જેમાં દૂત છે તેવો (યજ્ઞ).' તથા **अरंकृत = अलंकृतः** - શણગારવામાં આવેલો, **यज्ञः, यमं गच्छति ।** - યજ્ઞ યમની તરફ જાય છે.

य॒माय॑ घृ॒तव॑द्ध॒विर्जु॒होत॒ प्र च॑ तिष्ठत ।
स नो॑ दे॒वेष्वा य॑मद्दी॒र्घमायु॒ः प्र जी॒वसे॑ ॥१४॥

य॒माय॑ । घृ॒तऽव॑त् । ह॒विः । जु॒होत॑ । प्र । च॒ । ति॒ष्ठ॒त॒ । सः । न॒ः । दे॒वेषु॑ । आ । य॒म॒त् । दी॒र्घम् । आयु॑ः । प्र । जी॒वसे॑ ॥१४॥

हे ऋत्विजः यूयं ᵛयमाय ᵛघृतवत् आज्येन संयुक्तं ᵛहविः पुरोडाशादिकं ᵛजुहोत जुहुत । ᵛप्र ᵛतिष्ठत ᵛच यमं यूयमुपतिष्ठध्वं च । ᵛदेवेषु मध्ये सः यमो देवः ᵛप्र ᵛजीवसे प्रकृष्टजीवनार्थं ᵛनः अस्माकं ᵛदीर्घमायुः ᵛआ ᵛयमत् प्रयच्छतु ॥

અનુવાદ (49) : (હે ઋત્વિજો !) યમને માટે ઘીવાળાં હવિષાન્નનો હોમ કરો, તથા તેના માટે ઊભા થાવ. દેવોની વચ્ચે તે (યમદેવતા) પ્રકૃષ્ટ જીવનને માટે આપણને લાંબુ આયુષ્ય નિયત કરે. (૧૦-૧૪-૧૪).

નોંધ : **(हे ऋत्विजः !) (यूयं) यमाय घृतवद् हविः जुहोत, (तथा) च प्र तिष्ठत ।** આમ પૂર્વાર્ધમાં અન્વય છે. ત્રીજા-ચોથા પાદમાં નીચે મુજબ વાક્ય ગોઠવવાનું છે :

सः (यमः) देवेषु मध्ये, प्रजीवसे (વૈદિક હેત્વર્થ કૃદન્ત) પ્રકૃષ્ટ જીવનને માટે, **नः (अस्मभ्यं) दीर्घम् आयुः** - લાંબુ જીવન, **आ यमत्** - નિયત કરે. (વૈદિક લેટ્ લકારનું ત્રી. પુ. એ. વ.નું રૂપ).

य॒माय॒ मधु॑मत्तमं॒ राज्ञे॑ ह॒व्यं जु॑होतन ।
इ॒दं नम॒ ऋषि॑भ्यः पूर्व॒जेभ्य॒ः पूर्वे॑भ्यः पथि॒कृद्भ्य॑ः
॥१५॥

य॒माय॑ । मधु॑मत्ऽतमम् । राज्ञे॑ । ह॒व्यम् । जु॒हो॒त॒न । इ॒दम् ।
नमः॑ । ऋषि॑ऽभ्यः । पू॒र्व॒ऽजेभ्यः॑ । पूर्वे॑भ्यः । प॒थि॒कृत्ऽभ्यः॑ ॥१५॥

हे ऋत्विजः ᵛयमाय ᵛराज्ञे ᵛमधुमत्तमम् अतिशयेन मधुरं ᵛहव्यं पुरोडाशादिकं हविः ᵛजुहोतन जुहुत । ᵛपूर्वजेभ्यः सृष्ट्यादावुत्पन्नेभ्यः अत एव ᵛपूर्वेभ्यः अस्मत्तः पूर्वभाविभ्यः ᵛपथिकृद्भ्यः शोभनमार्गकारिभ्यः ᵛऋषिभ्यः ᵛइदं प्रत्यक्षं यथा भवति तथा ᵛनमः अस्तु ॥

અનુવાદ (50) : (હે ઋત્વિજો !) રાજા યમને માટે (તમે) અત્યંત મધુર એવું હવ્ય (= પુરોડાશાદિ આહુતિ - દ્રવ્ય) હોમો. (અમારી) પૂર્વે જન્મેલા ઋષિઓને તથા પૂર્વે જેમણે (મૃત્યુ પછીનો) માર્ગ કર્યો છે તેવા (પિતૃઓ)ને આ (અમારા) નમસ્કાર છે. (૧૦-૧૪-૧૫)

નોંધ : અહીં પૂર્વે જન્મેલા ઋષિઓને નમસ્કાર કર્યા છે, તથા પૂર્વેના માર્ગ કરનારાઓને અર્થાત્ પિતૃઓને નમસ્કાર કર્યા છે, અહીં **पथिकृद्भ्यः** ને **ऋषिभ्यः** નું જ વિશેષણ સમજીએ, તો જે ઋષિઓ પહેલેથી જ આપણને માર્ગદર્શન કરતા રહ્યા છે તે.

त्रिक॑द्रुकेभिः पतति॒ षळु॒र्वीरेक॒मिद्बृ॒हत् ।
त्रि॒ष्टुब्गा॑य॒त्री छन्दां॑सि॒ सर्वा॒ ता य॒म आहि॑ता ॥१६॥

त्रिऽक॑द्रुकेभिः । प॒त॒ति॒ । षट् । उ॒र्वीः । एक॑म् । इत् । बृ॒हत् ।
त्रि॒ऽस्तुप् । गा॒य॒त्री । छन्दां॑सि । सर्वा॑ । ता । य॒मे ।
आऽहि॑ता ॥१६॥

ᵛत्रिकद्रुकेभिः । द्वितीयार्थे तृतीयैषा । त्रिकद्रुकान् । ज्योतिर्गौरायुरिति त्रयो यागविशेषास्त्रिकद्रुका उच्यन्ते । तान् प्रत्यङ्गभावाय संरक्षणार्थं च ᵛपतति । यमस्तान् प्राप्नोति । षट्संख्याकाः उर्वीः भूमीः कृताकृतप्रत्यवेक्षणाय प्राप्नोति । ताश्चोर्व्यः शाखान्तरमन्त्रे समाम्नाताः - 'षण्मोर्वीरंहसस्पान्तु द्यौश्च पृथिवी चापश्चौषधयश्चोर्क् च सूनृता च' इति । ᵛएकमित् एकमेव ᵛबृहत् महत् जगत् यमश्च प्रतिपालनीयः प्राप्नोति । किंच यानि त्रिष्टुब्गायत्र्यादीनि ᵛछन्दांसि सन्ति ᵛसर्वा ᵛता सर्वाणि तानि छन्दांसि ᵛयमे आहिता आहितानि ऋत्विग्भिः स्तुतित्वेनावस्थितानि ॥१६॥

અનુવાદ (51) : (આ યમદેવતા) ત્રિકદ્રુકોની તરફ જાય છે. છ ભાગવાળી ભૂમિ, અને એક મોટું જગત્ પણ (યમને પ્રાપ્ત કરે છે). વળી, ત્રિષ્ટુપ્, ગાયત્રી અને તે બધાં જ છન્દો યમમાં સ્થાપિત છે. (૧૦-૧૪-૧૬).

નોંધ : સાયણે ‘ત્રિકદ્રુક’નો ‘‘જ્યોતિ, ગાય અને આયુષ એવા ત્રણ વિશેષ યજ્ઞો’ - એવો અર્થ કર્યો છે. તથા **त्रिकद्रुकेभिः** તેવા તૃતીયાન્ત પદનો અર્થ દ્વિતીયાન્ત રૂપે કર્યો છે. (**यमः** - કર્તા પદનો અધ્યાહાર) **त्रिकद्रुकेभिः = त्रिकद्रुकान् (प्रति) पतति । षड् उर्वीः, एकम् इद् बृहत् (= जगत् प्रति) (यमः पतति) ।**

પ્રોફે. વેલણકરે આનો અનુવાદ જુદી રીતે કર્યો છે : ‘‘ત્રિકદ્રુક નામના યજ્ઞોમાં અમારું આ સોમ રૂપી સુપર્ણ = પક્ષી ઉડાન ભરી રહ્યું છે. છ વિશાળ ભૂલોક, એક મહત્ (બ્રહ્મતત્ત્વ), તથા ત્રિષ્ટુપ્, ગાયત્રી અને અન્ય છન્દ - આ બધાં આ રાજા યમમાં જ સુપ્રતિષ્ઠિત કરવામાં આવેલ છે.’

પ્રોફે. વેલણકરના મતે અહીં **पतति** ક્રિયાપદના કર્તા તરીકે ‘સોમરૂપી શ્યેન’ પક્ષી છે. અહીં યમને માટે કરવામાં આવેલા ત્રિકદ્રુક નામના સોમયાગનો ઉલ્લેખ છે. બાકીના ત્રણ પાદમાં એવું પ્રતિપાદન છે કે સોમ સહિત યમ જ વિશ્વનું અધિષ્ઠાન છે. પ્રસ્તુત ઋચામાં પ્રથમ પાદમાં વર્ણિત સોમ બધાં જ હવિર્દ્રવ્યોની તરફ ઈશારો કરે છે. બીજામાં નિર્દેશેલ છ વિસ્તૃત લોક સમગ્ર બાહ્ય વિશ્વની તરફ, તથા **एकमेव बृहद्** - તેના મૂળ તત્ત્વની તરફ નિર્દેશ કરે છે. તથા ત્રીજા પાદમાં નિર્દેશેલ બધા છન્દો ઋષિઓના અનેકવિધ છન્દોબદ્ધ મન્ત્રોની તરફ ઈશારો કરે છે.

***

આ યમસૂક્ત (૧૦-૧૪) ઋગ્વેદકાલિક માન્યતા તરફ ઘણા ઈશારાઓ પૂરા પાડે છે. મૃત્યુના દેવ તરીકે યમ, તેમના બે કૂતરાઓ, સ્મશાન ભૂમિ, મૃત પિતૃઓ, મૃત જીવના પુનર્જન્મની યાચના - વગેરે સન્દર્ભોમાંથી પુરાણકાળની યમવિષયક ઘણી માન્યતાઓ વિસ્તરી છે, એ સ્પષ્ટ જોઈ શકાય એમ છે.

10.15 (1 to 14)

પિતૃસૂક્ત

‘उदीरताम्’ इति चतुर्दशर्चं पञ्चदशं सूक्तम् । अत्रानुक्रम्यते-‘उदीरतां षळूना शङ्खः पित्र्यं जगत्येकादशी’ इति । ‘यामायनाः परे पञ्च’ (अनु.) इति वचनाद्यमपुत्रः शङ्खाख्य ऋषिः । ‘अग्निष्वात्ताः’ इत्येषा जगती शिष्टास्त्रिष्टुभः । पितरो देवता । गतः सूक्तविनियोगः । अष्टकायाम् ‘उदीरतामवरे’ इत्याद्या अष्टावृचो होमार्थाः । सूत्रितं च ‘उदीरतामवर उत्परास इत्यष्टाभिर्हुत्वा’ (आश्व. गृ. २.४.६) इति । महापितृयज्ञे ‘पितरः

सोमवन्तः' इत्यस्यानुवाक्या 'उदीरताम्' इत्येषा । सूत्रितं च- 'पितरोऽग्निष्वात्ता यम उदीरतामवर उत्परासः' (आश्व. श्रौ. २.१९) इति । आग्निमारुतेऽप्येषा धाय्या । सूत्रितं च-'मातली कव्यैर्यमो अङ्गिरोभिरुदीरतामवर उत्परासः' (आ.श्रौ. ५.२०) इति ॥

ચૌદ ઋચાઓવાળા આ સૂક્તમાં શંખ યામાયન (= યમના પુત્રા) નામના ઋષિએ પિતૃઓની સ્તુતિ કરી છે. જુદાં જુદાં સ્થાનોમાં રહેલા અનેક પ્રકારના પિતૃઓને ઋષિ બોલાવે છે, તથા યજ્ઞમાં અપાતા હવિર્ભાગનો સ્વીકાર કરીને સોમપાન કરવા વિનવે છે. પહેલા આઠ મન્ત્રોમાં સીધું પિતૃઓને ઉદ્દેશીને કહેવામાં આવ્યું છે; પણ છેલ્લા છ મંત્રોમાં જાતવેદસ્ નામના અગ્નિને એવી પ્રાર્થના કરી છે કે તમે પણ અનેક પ્રકારના પિતૃઓને લઈને યજ્ઞમાં હવિષાન્ન લેવા આવી પહોંચો (– પ્રોફે. વેલણકર). 'સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ'માં પ્રોફે. મેકડોનલ જણાવે છે કે ઋગ્વેદમાં પાંચ સૂક્તો મૃત્યુક્રિયાની સાથે થોડોઘણો સંબંધ ધરાવતાં હોય એવાં છે. એ બધાં છેલ્લા દશમા મંડળમાં જ આવે છે (મં. ૧૦, સૂ. ૧૪ થી ૧૮). પણ એમાંના ચાર સૂક્તોમાં મોટે ભાગે ભવિષ્યની જિંદગી સાથે સંબંધ ધરાવનાર દેવતાઓનું જ આવાહ્ન કરવામાં આવ્યું છે. પહેલા સૂક્ત (૧૪)માં યમને, બીજા (૧૫)માં પિતૃઓને, ત્રીજામાં (૧૬) અગ્નિને અને ચોથામાં પૂષન્ અને સરસ્વતીને સંબોધન કરવામાં આવ્યું છે. જેને ખરેખરું મૃત્યુક્રિયાનું જ સૂક્ત કહી શકાય તે એકલું ૧૮મું સૂક્ત છે.

''આ સૂક્ત સમુદાય ઉપરથી એવું માલૂમ પડે છે કે વેદના સમયના હિન્દુસ્તાનના વતનીઓમાં બાળવાનો તેમજ દાટવાનો–એ બેઉ રિવાજ પ્રચલિત હતા. સાતમા મંડલનું વરુણને લગતું સૂક્ત જેણે રચ્યું છે તેણે મૃત્યુના સંબંધમાં ''માટીનું ઘર' (**मृन्मयं गृहम्**) એવા શબ્દો વાપરીને દાટવાના રિવાજની તરફ અંગુલિનિર્દેશ કર્યો છે છતાંય બાળવાનો રિવાજ વધારે સાધારણ થઈ પડ્યો છે.''

પ્રસ્તુત સૂક્તમાં પણ જે અનેક પ્રકારના પિતૃઓનો ઉલ્લેખ છે તેમાં **अग्निदग्धाः** અને **अनग्निदग्धाः** ધ્યાનાસ્પદ છે. આમાંથી પણ પ્રેતાત્માને (શબને) બાળવાનો અને દાટવાનો – એમ બંને રિવાજ હોવાનો ઈશારો મળે છે. અલબત્ત આ સૂક્તમાં મૃત પિતૃઓને, મરણોત્તર ક્રિયા દરમ્યાન યજ્ઞમાં આવીને બેસવાનું કહ્યું છે, હવિષ્ ગ્રહણ કરવાની વિનંતી કરી છે, સોમની **स्वधा** થી (અન્નથી) પ્રસન્ન થવાનું કહેવામાં આવ્યું છે. આમ ભારતીય આર્યપ્રજા કેવળ ઇન્દ્રાદિ દેવતાઓ જ નહીં પણ મૃત પિતૃઓને પણ યાદ કરીને હવિષ્પ્રદાન કરવા રૂપ પિતૃતર્પણ પણ કરતા હતા એ સૂચવાય છે. તથા ઉત્તરવર્તી કાળમાં જે પાંચ મહાયજ્ઞોનો ક્રિયાકાંડ વિકસ્યો છે, તેમાં એક 'પિતૃયાગ' પણ છે. અલબત્ત આવા મૃત્યુ, યમ, કે પિતૃસૂક્તોનો સંગ્રહ કેવળ દશમા મંડળમાં જ જોવા મળે છે. (પણ ઋગ્વેદના અતિ પ્રાચીન મનાતા કુલમંડળ (૨થી ૭)માં તે આવતાં નથી) તે નોંધપાત્ર છે.

સૂક્ત - ૧૫ : ઋષિ - શંખ યામાયન, દેવતા : પિતૃઓ, છંદ : ત્રિષ્ટુપ્
(૧૧મો મન્ત્ર - જગતી છન્દમાં)

उदी॑रता॒मव॑र॒ उत्परा॑स॒ उन्म॑ध्य॒माः पि॒तरः॑ सो॒म्यासः॑ ।
असुं॒ य ई॒युर॑वृ॒का ऋ॑त॒ज्ञास्ते नो॑ऽवन्तु पि॒तरो॒ हवे॑षु
॥११॥

उत् । ई॒र॒ता॒म् । अव॑रे । उत् । परा॑सः । उत् । म॒ध्य॒माः । पि॒तरः॑ । सो॒म्यासः॑ ।
असु॑म् । ये । ई॒युः । अ॒वृ॒काः । ऋ॒त॒ऽज्ञाः । ते । नः॒ । अ॒व॒न्तु॒ । पि॒तरः॑ । हवे॑षु ॥१॥

त्रिविधाः पितर उत्तमा मध्यमा अधमाश्चेति । यथाविधं श्रौतं कर्मानुष्ठाय पितृत्वं प्राप्ता उत्तमाः । स्मार्तकर्ममात्रपरा मध्यमाः । अत्रापि कैश्चित्संस्कारैर्विकला अधमाः । एतदेवाभिप्रेत्य 'ये अग्निदग्धा ये अनग्निदग्धाः' इत्यादिमन्त्रः समाम्नातः । तेषु ˅अवरे निकृष्टाः ˅उदीरताम् उत्तमं हविः प्राप्नुवन्तु । ˅परासः उत्तमाः ˅पितरः ˅उत् ईरताम् । ˅मध्यमाः पितरश्च ˅उत् ईरताम् । ते सर्वेऽयस्मद्विषये ˅सोम्यासः सोम्या अनुग्रहपराः सन्तु । ˅ये पितरः ˅अवृकाः वृकवदरण्यश्ववदस्मासु हिंसामकुर्वन्तः ˅ऋतज्ञाः अस्मदनुष्ठितं यज्ञं जानन्तः ˅असुम् अस्मत्प्राणम् ˅ईयुः रक्षितुं प्राप्ताः ˅ते ˅पितरः ˅हवेषु अस्मदीयेष्वाह्वानेषु ˅नः अस्मान् ˅अवन्तु रक्षन्तु ॥

महापितृयज्ञे 'पितरो बर्हिषदः' इत्ययस्य 'इदं पितृभ्यः' इति द्वितीयानुवाक्या । सूत्रं तु पूर्वमेवोदाहृतम् (आश्व. श्रौ. २.१९) । आग्निमारुते 'इदं पितृभ्यः' इत्येषा धाय्या । सूत्रितं च - 'आहं पितॄन्त्सुविदत्रां अवित्सीदं पितृभ्यो नमो अस्त्वद्य स्वादुष्किलायमिति चतस्रः' (आश्व. श्रौ. ५.२०) इति ॥

અનુવાદ (52) : નિકૃષ્ટ (**अवरे**) પિતૃઓ ઉત્તમ હવિષ્ પામે, ઉત્કૃષ્ટ (**परासः**) પિતૃઓ ઉત્તમ હવિષ્ પ્રાપ્તિ કરે) તથા જે મધ્યમ (**मध्यमाः**) પિતૃઓ છે તે પણ ઉત્તમ (હવિષ્ પ્રાપ્ત કરે) - આ બધા (= ત્રણેય પ્રકારના) પિતૃઓ અમારા પ્રત્યે સૌમ્ય (= અનુગ્રહવાળા) થાવ. જે વરુઓ જેવા નથી, તથા (અમે કરેલા) ઋત = યજ્ઞને જાણનારા છે તે પિતૃઓ (અમારા) પ્રાણોની રક્ષા કરવા આવેલા છે તે (પિતૃ)ઓ અમારા (યજ્ઞના) આહ્વાનમાં રક્ષા કરે. (૧૦-૧૫-૧)

નોંધ : ઉપર સાયણાનુસારી અનુવાદ આપ્યો છે. સાયણે **उदीरताम्** નો અર્થ 'હવિષ્ પ્રાપ્ત કરો' - એવો કર્યો છે. અહીં ત્રણ પ્રકારના પિતૃઓનો ઉલ્લેખ છે. ૧. **अवरे (पितरः) उदीरताम्** નિકૃષ્ટ કોટિના પિતૃઓ હવિષ્ પામે. ૨. **परासः (पितरः) उत् (ईरताम्)** [- ઋષિએ કેવળ **उत्** ઉપસર્ગનો જ પ્રયોગ કર્યો છે, આપણે ક્રિયાપદનો અધ્યાહાર કરી લેવાનો છે.] ઉત્કૃષ્ટ પિતૃઓ હવિષ્ પ્રાપ્ત કરે. ૩. **मध्यमाः (पितरः) उत् (ईरताम्)** - મધ્યમ કક્ષાના પિતૃઓ હવિષ્ પ્રાપ્ત કરે. સાયણ સ્પષ્ટતા ઉમેરે છે કે જેમણે જીવનકાળ દરમ્યાન શ્રૌત યજ્ઞાદિ કર્મો કર્યાં છે તે **परासः** - ઉત્કૃષ્ટ પિતૃઓ છે. જેમણે જીવનકાળમાં સ્માર્તકર્મો (= ધર્મશાળા, કૂવા, દવાખાનાં વગેરે બંધાવ્યા છે) કર્યાં છે તેઓ **मध्यमाः** - મધ્યમ પિતૃઓ છે. પણ આવાં કાર્યોમાં જેમણે ક્ષતિઓ રાખી છે, અધૂરાં કર્યાં છે, તે સૌ **अवरे** નિકૃષ્ટ - અધમ પિતૃઓ છે. ત્યાર પછી, બીજું વાક્ય છે : **पितरः सोम्यासः (= अनुग्रहपराः) सन्तु** ।' - આ ત્રણેય પ્રકારના પિતૃઓ અનુગ્રહ કરનારા બનો.' અહીં સાયણે **सोम्यासः** ને વિધેયાંશ ગણેલ છે.

ત્રીજા-ચોથા પાદમાં વાક્યાન્વય આ પ્રમાણે છે : **ये अवृकाः ऋतज्ञाः (पितरः) असुं ईयुः, ते पितरः हवेषु नः अवन्तु (= रक्षन्तु)** । પિતૃઓનાં બે વિશેષણો : જે વૃક જેવા દુષ્ટ નથી તે, તથા જે ઋત = યજ્ઞને જાણનારા છે તે પિતૃઓ પ્રાણની (રક્ષા કરવા) આવ્યા છે, તે પિતૃઓ (યજ્ઞના) આહ્‌વાનો દરમ્યાન અમારી રક્ષા કરે.

વેંકટમાધવે આનો અનુવાદ જુદી રીતે કર્યો છે : ''જે સોમનું સંપાદન કરનારા **सोम्यासः** ત્રણ પ્રકારના પિતૃઓ છે, તે ઊભા થાય. જેમકે નિકૃષ્ટ (પિતૃઓ) ઊભા થાય, ઉત્કૃષ્ટ ઊભા થાય તથા મધ્યમો ઊભા થાય. જે અમિત્ર નથી તેવા અને સત્યને જાણનારા (**ऋतज्ञाः**) એવા પિતૃઓ (જતા) પ્રાણની પાછળ ગયા છે. (**ईयुः**), તે પિતૃઓ અમને આહ્‌વાનો દરમ્યાન રક્ષે.''

પ્રોફે. વેલણકરે લખ્યું છે કે - ''નીચેના પ્રદેશમાં, ઉપરના પ્રદેશમાં અને મધ્યસ્થાનમાં રહેનાર તથા સોમપાન કરવાને યોગ્ય એવા અમારા બધા જ પિતૃઓ ઊભા થાય, તૈયાર રહે. યજ્ઞને જાણનાર બનીને, દુષ્ટતાથી તદ્દન દૂર રહેનારા અમારા જે પિતૃઓએ નવા પ્રાણ ધારણ કર્યાં છે તે બધા અમારા બોલાવવા પર આવીને અમારી રક્ષા કરે.''

इ॒दं पि॒तृभ्यो॒ नमो॑ अस्त्व॒द्य ये पूर्वा॑सो॒ य उप॑रास ई॒युः ।
ये पार्थि॑वे॒ रज॒स्या निष॑त्ता॒ ये वा॑ नू॒नं सु॑वृ॒जना॑सु
वि॒क्षु ॥२॥

इ॒दम् । पि॒तृऽभ्यः॑ । नमः॑ । अ॒स्तु॒ । अ॒द्य । ये । पूर्वा॑सः ।
ये । उप॑रासः । ई॒युः ।
ये । पार्थि॑वे । रज॑सि । आ॑ । निऽस॑त्ताः । ये । वा॒ । नू॒नम् ।
सु॒ऽवृ॒जना॑सु । वि॒क्षु ॥२॥

ᵛपूर्वासः यजमानोत्पत्तेः पूर्वमुत्पन्ना ज्येष्ठभ्रातृपितामहादयः ᵛये ᵛईयुः पितृलोकं प्राप्ताः । ᵛये चान्ये ᵛउपरासः यजमानजन्मन उपरि ᵛउत्पन्नाः कनिष्ठभ्रातृस्वपुत्रादय ईयुः पितृलोकं प्राप्ताः । ᵛये अप्यन्ये ᵛपार्थिवे पृथिवीसंबन्धिनि ᵛरजसि रजोगुणकार्येऽस्मिन् कर्मणि ᵛआ ᵛनिषत्ताः हविः स्वीकर्तुमागत्योपविष्टाः । ᵛये ᵛवा केचिदन्ये बन्धुवर्गरूपाअ पितरः ᵛविक्षु बन्धुरूपासु प्रजासु आ निषत्ताः श्राद्धादिस्वीकारायागत्योपविष्टाः । कीदृशीषु विक्षु । ᵛसुघृजनासु । वृज्यते परित्यज्यते दारिद्र्यमनेनेति वृजनं धनम् । शोभनं वृजनं यासां ताः सुवृजनाः । तादृशीषु । धनसमृद्ध्या श्राद्धादिकर्मपरास्वित्यर्थः । सर्वेभ्य उक्तेभ्यः ᵛपितृभ्यः ᵛअद्य अस्मिन् कर्मणि ᵛइदं ᵛनमः ᵛअस्तु । अयमाहुतिप्रदानपूर्वको नमस्कारो भवतु ॥

અનુવાદ (53) : જે પૂર્વેના (= પ્રાચીન) પિતૃઓ છે, કે જે પછીના (=અર્વાચીન) પિતૃઓ (પિતૃલોકમાં ગયેલા) છે, જે પૃથિવી સંબંધી કર્મોમાં રોકાયેલા છે, અથવા/તથા જે સારા ધનવાળી પ્રજામાં (ઉપસ્થિત થયેલા) પિતૃઓ છે, તે સૌ પિતૃઓને આજે આ નમસ્કાર હજો. (૧૦-૧૫-૨)

નોંધ : આ મન્ત્રમાં જુદા જુદા પ્રકારના પિતૃઓનો બીજા, ત્રીજા અને ચોથા પાદમાં ઉલ્લેખ કરીને, પ્રથમ પાદમાં તેમને ઉદ્દેશીને નમસ્કાર કરવામાં આવ્યા છે. જેમકે, ૨. **पूर्वासः (पितरः)** - પૂર્વે ઉત્પન્ન થયેલા મોટાભાઈ, દાદા વગેરે, **ये (पितृलोकं) ईयुः** = જે (પિતૃલોકમાં) ગયેલા છે; **ये उपरास (पितरः) ईयुः** = જે પછીથી જન્મેલા (નાનો ભાઈ કે પોતાનો પુત્ર વગેરે) (પિતૃલોકમાં) ગયેલા પિતૃઓ છે. ૩. **ये (पितरः) पार्थिवे रजसि आ निषत्ताः** - જે (પિતૃઓ) પૃથિવીલોકસંબંધી **(रजसि =)** કાર્યમાં [દા. ત. યજ્ઞાદિમાં હવિષ્‌ની આહુતિ આપવા] બેઠેલા છે, તથા **(वा = च)** ૪. **ये (पितरः) सुवृजनासु विक्षु (= प्रजासु) (निषत्ताः)** । જે (પિતૃઓ) સારા ધનવાળી પ્રજામાં (શ્રાદ્ધ આદિ કર્મો કરવા બેઠેલા) છે, ૧. **(तेभ्यः) पितृभ्यः अद्य इदं नमः अस्तु** । તેવા પિતૃઓને (ઉદ્દેશીને) આજે આ નમસ્કાર હજો.

विक्षु ના વિશેષણ રૂપ **सुवृजनासु** - શબ્દને સમજાવતા સાયણ કહે છે કે **वृज्यते परित्यज्यते दारिद्र्यम् अनेन इति** । જેના વડે ગરીબાઈને દૂર કરી શકાય તે

=અર્થાત્ 'ધન'ને 'વૃજન' કહેવાય. તો **शोभनं वृजनं यासां (प्रजानाम्) ताः** સારું છે (ગરીબાઈને દૂર કરનારું) ધન જેમનું - તે પ્રજાને **सुवृजना** કહેવાય.

પ્રોફે. વેલણકરે **रजसि** નો અર્થ 'લોકમાં = પ્રદેશમાં' લીધો છે, તથા **सुवृजनासु विक्षु** નો અર્થ 'અનુયાયી (**वृजन = व्रजन**) લોકો' એવો લીધો છે. આથી તેમના મતે આનો અનુવાદ આ પ્રમાણે થશે : - ''જે પ્રાચીન અથવા અર્વાચીન પૂર્વજ અહીંથી ચાલ્યા ગયા છે, જે પૃથિવીના પ્રદેશોમાં રહેલા છે તથા જે ઉત્તમ અનુયાયીઓથી યુક્ત (થઈને) પોતપોતાની પ્રજાઓમાં નિવાસ કરી રહ્યા છે તે બધા પિતૃઓને આજે અમારા આ નમસ્કાર હજો.'' પ્રોફે. વેલણકરના મતે અહીં બીજા પાદમાં યમલોકમાં રહેલા પિતૃઓનો ઉલ્લેખ છે; ત્રીજા પાદમાં પૃથિવીલોકમાં રહેલા પિતૃઓનો, તથા ચોથા પાદમાં વિષ્ણુના ત્રીજા વિક્રમણાદિ સ્થાનમાં રહેલા પિતૃઓનો ઉલ્લેખ છે. વેંકટમાધવ મુજબ : ''પિતૃઓને આજે આ નમસ્કાર હજો, કે જેઓ પૂર્વે મરી ગયેલા છે, કે જે ઉત્તમો મર્યા છે, તથા જે પૃથિવીલોકમાં બેઠેલા છે (**निषत्ताः = निषण्णाः**) અથવા જે પહેલાં (**सुवृजनासु = सवलासु**) સારા બળવાળી પ્રજામાં યુદ્ધમાં હણાયેલા છે.''

आहं पि॒तॄन्त्सु॑वि॒दत्राँ॑ अवित्सि॒ नपा॑तं च वि॒क्रम॑णं च॒ विष्णो॑ः ।
ब॒र्हि॒षदो॒ ये स्व॒धया॑ सु॒तस्य॒ भज॑न्त पि॒त्वस्त इ॒हाग॑मिष्ठाः ॥३॥

आ । अ॒हम् । पि॒तॄन् । सु॒ऽवि॒दत्रा॑न् । अ॒वि॒त्सि॒ । नपा॑तम् । च॒ । वि॒ऽक्रम॑णम् । च॒ । विष्णोः॑ ।
ब॒र्हि॒ऽसदः॑ । ये । स्व॒धया॑ । सु॒तस्य॑ । भज॑न्त । पि॒त्वः । ते । इ॒ह । आऽग॑मिष्ठाः ॥३॥

ᵛअहं यजमानः ᵛसुविदत्रान् मदीयां भक्तिं सुष्ठु जानतः ᵛपितॄन् ᵛअवित्सि आभिमुख्येन लब्धवानस्मि । ᵛविष्णोः व्यापिनो यज्ञस्य ᵛनपातं ᵛच विनाशाभावं च ᵛविक्रमणं ᵛच विशेषेण प्रवृत्तिं च लब्धवानस्मि । ᵛये पितरः ᵛबर्हिषदः बर्हिषि सीदन्ति ᵛते ᵛइह अस्मिन् कर्मणि ᵛआगमिष्ठाः अतिशयेनागताः । आदरपूर्वं समागत्य ᵛस्वधया पुरोडाशाद्यन्नेन [illegible] ᵛसुतस्य अभिषुतस्य सोमलक्षणस्य ᵛपित्वः पितोरन्नस्य भागं [illegible]न्त सेवन्ते उपयुञ्जते ॥

અનુવાદ (54) : હું સારી રીતે (મારી ભક્તિને) જાણનાર એવા પિતૃઓને મેળવું છું (અથવા જાણું છું = **अवित्सि**). તથા વિષ્ણુના નપાત (= પૌત્ર = યમ) અને વિક્રમણને પણ (હું જાણું છું.) જે (પિતૃઓ) કુશઘાસ ઉપર બેઠેલા છે અને અહીં (= આ યજ્ઞકર્મમાં) આવેલા છે, તે (પિતૃઓ) સ્વધા (= પુરોડાશાદિ અન્ન)ની સાથે નીચોવવામાં આવેલા સોમના પિત્વને (= અન્નના ભાગને) સેવે છે. (૧૦-૧૫-૩)

નોંધ : અહીં **अहं** ની સાથે વપરાયેલા **अवित्सि** ક્રિયાપદનો, સાયણે **लब्धवान् अस्मि** અર્થ કર્યો છે; અને વેંકટ માધવે **जानामि** અર્થ કર્યો છે. દેહલીદીપક ન્યાયે આ ક્રિયાપદને પહેલા પાદ અને બીજા પાદમાં જોડી શકાય એવું છે. તે મુજબ અહીં વાક્યાન્વય ગોઠવીએ તો - ૧. **अहं सुविदत्रान् पितृन अवित्सि** । ૨. **विष्णोः नपातं च विक्रमणं च (अवित्सि)** । ત્રીજા અને ચોથા પાદમાં નીચે મુજબનું એક (જ) વાક્ય છે : **ये बर्हिषदः (पितरः) इह आगमिष्ठाः (= आगताः), ते स्वधया सुतस्य पित्वः भजन्त** ।

વેંકટમાધવે **सुविदत्रान्** નો **सुधनान्** - 'સારા ધનવાળા' એવો અર્થ કર્યો છે, જે સાયણથી ભિન્ન છે. વળી **विष्णोः नपातं विक्रमणं च** - શબ્દોને સાયણે મૂળ વાચ્યાર્થ લઈને સમજાવ્યા છે. જેમકે : વિષ્ણુ એટલે વ્યાપક (એવો યજ્ઞ), તેના 'નપાત' અર્થાત્ વિનાશના અભાવને, તથા 'વિક્રમણ'ને અર્થાત્ વિશેષ પ્રવૃત્તિને (મેં મેળવ્યા છે). પણ વેંકટમાધવે તે પદોનો રૂઢાર્થ લઈને કહ્યું છે કે - વિષ્ણુના પુત્ર યમને અને વિક્રમણ (પાદસંક્રાન્તિ)ને (હું જાણું છું.)- આમ બન્ને ભાષ્યકારના અર્થો ભિન્ન ભિન્ન હોવા છતાંય બન્નેય વ્યાકરણ-સંમત છે !

પ્રોફે. વેલણકરે - આનો અનુવાદ નીચે મુજબ કર્યો છે : ''ઉત્તમ જ્ઞાની **(सुविदत्रान्)** પિતૃઓને, તથા અપાં નપાત્ (= અગ્નિ) અને વિષ્ણુના વિક્રમણને મેં પોતાને અનુકૂળ બનાવી લીધા છે. કુશાસન ઉપર બેસવાનો જેમનો અધિકાર છે તે પિતૃઓ પણ અહીં અત્યંત ખુશીપૂર્વક આવીને પોતપોતાની ઇચ્છા અનુસાર **(स्वधया)** અમે આપેલા સોમરસ તથા હવિષાન્નને ગ્રહણ કરે.''

ब॑र्हिषदः पितर ऊ॒त्य१॒॑र्वागि॒मा वो॑ ह॒व्या च॑कृमा जु॒षध्व॑म् ।
त आ ग॒ताव॑सा॒ शंत॑मे॒नाथा॑ न॒ः शं योर॑र॒पो द॑धात ॥४॥

ब॑र्हिऽसदः । पि॒त॒र॒ः । ऊ॒ती । अ॒र्वाक् । इ॒मा । व॒ः । ह॒व्या । च॒कृ॒म॒ । जु॒षध्व॑म् । ते । आ । ग॒त॒ । अव॑सा । शम्ऽत॑मेन ।

अथ । न॒ः । शम् । योः । अ॒रपः । द॒धा॒त ॥४॥

हे बर्हिषदः । यज्ञे सीदन्तीति बर्हिषदः । अत्रापि 'ये वै यज्वानस्ते पितरो बर्हिषदः' (तै. ब्रा. १.६.९) इत्यत्र श्रुतत्वाद्यागं कृत्वा प्रेत्य पितृलोकं प्राप्ता बर्हिषदः । तादृशा हे ᵛपितरः ᵛअर्वाक् अर्वाचीनानामस्माकम् ᵛऊती रक्षा भवद्भिः कर्तव्येति शेषः । ᵛवः युष्मदर्थम् ᵛइमा ᵛहव्या एतानि हवींषि ᵛचकृम अतस्तानि ᵛजुषध्वम् । ᵛते हविर्जुष्टवन्तो यूयं ᵛशंतमेन सुखतमेन ᵛअवसा रक्षणेन निमित्तभूतेन ᵛआ ᵛगत आभिमुख्येनास्मान् प्राप्नुत । ᵛअथ अनन्तरं ᵛनः अस्मभ्यं ᵛशं सुखं ᵛयोः दुःखवियोगम् ᵛअरपः पापरहितं च ᵛदधात दत्त ॥

महापितृयज्ञे 'पितरः सोमवन्तः' इत्यस्य याज्या 'उपहूताः पितरः' इत्येषा । सूत्रितं च - 'उपहूताः पितरः सोम्यासस्त्वं सोम प्र चिकितो मनीषा' (आश्व. श्रौ. २.१९) इति ॥

અનુવાદ (55) : હે કુશઘાસ ઉપર બેઠેલા પિતૃઓ ! સામે રહેલા (= અર્વાચીન એવા અમારી) (તમારે) રક્ષા (= उती) [કરવી જોઈએ]. આ જે હવિષો તમારે માટે બનાવ્યા છે, તેનું તમે સેવન કરો. (સેવન કરેલા) તેવા તમે પૂરા સુખપૂર્વકના રક્ષણ વડે અહીં આવો; તથા અમને (नः) સુખ (शम्), દુઃખનો વિયોગ (योगः) અને પાપ વિનાની (अरपः) સ્થિતિ આપો. (૧૦-૧૫-૪)

મન્ત્ર : ૧. મન્ત્રના આરંભે આવેલાં **बर्हिषदः पितरः** એવાં બે પદો સંબોધનવાચક છે. (પાદારંભે સંબોધન-પદમાં પણ ઉદાત્ત સ્વર આવી શકે છે તે નોંધો : - ब॒र्हि॑ष॒द॒ः ।), **ऊती** = 'રક્ષા',ની પાછ ળ, **कर्तव्या** નો સાયણે અધ્યાહાર લીધો છે. ૨. **अर्वाक् इमा(नि) हव्या(नि) चकृम, [तानि] जुषध्वम्** (= **सेवस्व**) । એ બીજું વાક્ય છે. ૩. **ते शंतमेन अवसा आगत** । ૪. **अथ नः शं, योः, अरपः (च) दधात** । એમ કુલ ચાર વાક્યો જોવાં મળે છે. વેંકટમાધવ પણ લગભગ સાયણ જેવો જ અર્થ આપે છે. √**यु** ધાતુ 'ત્યજવું', 'છોડવું'માંથી **योः** 'દુઃખનો વિયોગ' અર્થ થયો; **रपः** એ પાપનું નામ છે, **अरपः** = પાપનો અભાવ, પાપ વિનાની સ્થિતિ. વેલણકરે **अ॒रपः** નો અર્થ 'ક્લેશરહિત' કર્યો છે.

उप॑हूताः पि॒तरः॑ सो॒म्यासो॑ बर्हि॒ष्ये॑षु नि॒धिषु॑ प्रि॒येषु॑ ।
त आ ग॑मन्तु॒ त इ॒ह श्रु॑वन्त्व॒धि॑ ब्रुवन्तु॒ ते॑ऽवन्त्व॒स्मान् ॥५॥

उप॑ऽहूताः । पि॒तरः॑ । सो॒म्यासः॑ । ब॒र्हि॒ष्ये॑षु । नि॒ऽधिषु॑ ।

प्रि॒येषु॑ । ते । आ । ग॒म॒न्तु॒ । ते । इ॒ह । श्रु॒व॒न्तु॒ । अधि॑ ।
ब्रु॒व॒न्तु॒ । ते । अ॒व॒न्तु॒ । अ॒स्मान् ॥५॥

ᵛसोम्यासः सोम्या अस्मदनुग्रहपराः सोमसंपादिनो वा ᵛपितरः ᵛबर्हिष्येषु यागार्हेषु ᵛप्रियेषु तृप्तिकरेषु ᵛनिधिषु निधिसदृशेषु हविःषु निमित्तभूतेषु सत्सु ᵛउपहूताः अस्माभिराहूताः ᵛते पितरः ᵛआ ᵛगमन्तु आगच्छन्तु । आगत्य च ᵛइह अस्मिन् कर्मणि अस्माभिः प्रयुक्ताः स्तुतीः ᵛश्रुवन्तु शृण्वन्तु । श्रुत्वा च ᵛअधि ᵛब्रुवन्तु । आधुरयं यजमान इत्यादरेण कथयन्तु । ᵛते तादृशाः पितरः ᵛअस्मान् ᵛअवन्तु रक्षन्तु ॥१७॥

અનુવાદ (56) : બોલાવવામાં આવેલા પિતૃઓ, કે જેઓ સોમનું સંપાદન કરનારા છે, તેઓ કુશઘાસ ઉપર જ્યારે તૃપ્તિકર એવા નિધિને = હવિષાન્નને તૈયાર કરેલ છે ત્યારે (તે પિતૃઓ) અહીં આવે; તેઓ (અમારી સ્તુતિને) સાંભળે; તેઓ (અમને સામે) જવાબ આપે તથા તેઓ અમારી રક્ષા કરે. (૧૦-૧૫-૫)

નોંધ : उपहूताः - બોલાવવામાં આવેલા, **सोम्यासः** - સોમરસનું સંપાદન = ગ્રહણ કરનારા (અથવા અમારા ઉપર અનુગ્રહ કરનાર) એવા **पितरः** = પિતૃઓ, **बर्हिष्येषु** - કુશઘાસ ઉપર અર્થાત્ (લક્ષણથી વિચારીએ તો=) કુશઘાસ જ્યાં પાથરવામાં આવે છે તે યજ્ઞશાળામાં, **प्रियेषु निधिषु** (અહીં સતિસપ્તમી લેવી) પ્રિય અર્થાત્ તૃપ્તિકર, નિધિઓ હવિષાન્ન રૂપી નિધિઓ તૈયાર છે ત્યારે (પિતૃઓ આવે, સાંભળે વગેરે ક્રિયાઓનો નિર્દેશ મન્ત્રના ઉત્તરાર્ધમાં છે :– ૧. **ते आगमन्तु** - તે પિતૃઓ આવે, ૨. **ते इह श्रुवन्तु (= शृण्वन्त)** - તે અહીં (અમારી સ્તુતિઓને) સાંભળે, ૩. **ते अधि ब्रुवन्तु** - તે (પિતૃઓ) અમને પ્રત્યુત્તર આપે અથવા અમારા વતી દેવોને કહે = પ્રતિભાવમાં કાંઈક કહે, ૪. **ते अस्मान् अवन्तु (= रक्षन्तु)** - તે (પિતૃઓ) અમને રક્ષે. અહીં અનેક ક્રિયાપદોથી ત્રીજો-અને ચોથો પાદ ભરેલ છે તે નોંધપાત્ર છે.

आच्या॒ जानु॑ दक्षिण॒तो नि॒षद्ये॒मं य॒ज्ञम॒भि गृ॑णीत॒ विश्वे॑ ।
मा हिं॑सिष्ट पितर॒ः केन॑ चिन्नो॒ यद्व॒ आग॑ः पुरु॒षता॒
करा॑म ॥६॥

आ॒ऽअच्य॑ । जानु॑ । द॒क्षि॒ण॒तः । नि॒ऽसद्य॑ । इ॒मम् । य॒ज्ञम् ।
अ॒भि । गृणी॒त॒ । विश्वे॑ ।

मा । हिं॒सि॒ष्ट॒ । पि॒त॒रः॒ । केन॑ । चि॒त् । नः॒ । यत् । वः॒ ।
आग॑ः । पु॒रु॒षता॑ । करा॑म ।।६।।

पितृणामयं स्वाभाविको धर्मः 'अथैनं पितरः प्राचीनावीतिनः सव्यं जान्वाच्य' (श. ब्रा. २.४.२.२.) इति वचनात् । हे पितरः ᵛविश्वे सर्वे यूयं ᵛजानु ᵛआच्य भूमौ निपात्य ᵛ दक्षिणतः दक्षिणपार्श्वे ᵛनिषद्य उपविश्य इमम् अस्मदीयं ᵛयज्ञमभि ᵛगृणीत अभिष्टुत । विशिष्टतृप्तियोगात् परया प्रीत्या सगुणोऽयं यज्ञ इति प्रशंसतेत्यर्थः । अपि च ᵛवः युष्माकं ᵛयत् किंचित् कर्मवैगुण्यजनितम् ᵛआगः अपराधं ᵛपुरुषता मनुष्यत्वेन हेतुना ᵛकराम वयं कृतवन्तः हे ᵛपितरः तेन ᵛकेन ᵛचित् अप्यपराधेन ᵛनः अस्मान् ᵛमा हिंसिष्ट ॥

અનુવાદ (57) : (હે પિતૃઓ !) તમે સૌ (ડાબા) ઢીંચણને જમીન ઉપર ટેકવીને, જમણી તરફ (પડખું રાખીને) બેસીને (અમારા) આ યજ્ઞની પ્રશંસા કરો. અમે પુરુષ (= મનુષ્ય) હોવાને કારણે જે કંઈ પણ અપરાધ (**आगः**) કરીએ, તે કોઈ પણ (અપરાધ) વડે, હે પિતૃઓ ! તમે અમારો નાશ (= દંડ) ન કરશો.

(૧૦-૧૫-૬)

નોંધ : મન્ત્રના પૂર્વાર્ધમાં આ પ્રમાણે વાક્ય છે : **(हे पितरः) (यूयं) विश्वे (= सर्वे) (सव्यं) जानु आच्य, दक्षिणतः निषद्य, इमं यज्ञम् अभि गृणीत** । સાયણે શતપથ બ્રાહ્મણને આધારે જણાવ્યું છે કે પિતૃઓ ડાબો ઢીંચણ જમીન ઉપર ટેકવીને યજ્ઞમાં બેસે છે, (તથા દેવતાઓ જમણો ઢીંચણ જમીન ઉપર ટેકવે છે). ઋષિ/યજમાન આ મન્ત્ર દ્વારા પિતૃઓને પોતાના યજ્ઞામાં બોલાવીને બેસાડે છે તથા પ્રાર્થે છે કે તમે અમારા આ યજ્ઞની પ્રશંસા કરો (**अभि गृणीत**). ઉત્તરાર્ધમાં જણાવે છે કે - **हे पितरः ! पुरुषता** = મનુષ્ય હોવાને કારણે, **यद् आगः** - જે અપરાધ, **कराम** - અમે કરીએ, તે **केन चिद् (आगसा)** - તે કોઈ પણ (અપરાધ)થી **नः (= अस्मान्)** - અમને, **मा हिंसिष्ट** - તમે મારશો નહીં, દંડ કરશો નહીં.

आसी॑नासो अरु॒णीना॑मु॒पस्थे॑ र॒यिं ध॑त्त दा॒शुषे॒ मर्त्या॑य ।
पु॒त्रेभ्यः॑ पितर॒स्तस्य॒ वस्वः॒ प्र य॑च्छत॒ त इ॒होर्जं॑ दधात ॥७॥

आसी॑नासः । अ॒रु॒णीना॑म् । उ॒पऽस्थे॑ । र॒यिम् । ध॒त्त॒ । दा॒शुषे॑ ।
मर्त्या॑य । पु॒त्रेभ्यः॑ । पि॒त॒रः॒ । तस्य॑ । वस्वः॑ । प्र ।

यच्छत । ते । इह । ऊर्जम् । दधात ।।७।।

ᵛअरुणीनाम् आरोचमानानां ज्वालानां वा देवतानां वा ᵛउपस्थे समीपस्थाने वेद्याख्ये ᵛआसीनासः उपविष्टाः पितरो यूयं ᵛदाशुषे हविर्दत्तवते ᵛमर्त्याय मनुष्याय यजमानाय रयिं धनं ᵛधत्त दत्त । हे ᵛपितरः यूयं ᵛतस्य यजमानस्य ᵛपुत्रेभ्यः ᵛवस्वः वसु धनं ᵛप्र ᵛयच्छत । ᵛते तादृशा यूयम् ᵛइह अस्मिन् अस्मदीये कर्मणि ᵛऊर्जं धनं ᵛदधात निधत्त ।।

અનુવાદ (58) : અરુણ (=લાલ) વર્ણની (જ્વાળાઓની) પાસે (उपस्थे), બેઠેલા (પિતૃઓ), તમે (હવિષ્) આપનાર મનુષ્યને ઉદ્દેશીને ધન આપો. હે પિતૃઓ ! તે (હવિષ્ આપનાર)ના પુત્રોને માટે તમે વસ્તુ = ધન આપો; તથા તે (પિતૃઓ) તમે અહીં ઊર્જ = બળ પણ આપો. (૧૦-૧૫-૭)

નોંધ : પૂર્વાર્ધમાં अरुणीनाम् उपस्थे आसीनासः (पितरः) दाशुषे मर्त्याय रयिं धत्त । એવો વાક્યાન્વય છે. अरुणीनाम् उपस्थे નો સાયણે યજ્ઞપરક અર્થ કર્યો છે. જેમકે, ''લાલવર્ણની (યજ્ઞાગ્નિની) જ્વાળાઓની પાસે.'' પણ પ્રોફે. વિલ્સન અને ગ્રિફીથ તથા વેલણકરે - ''લાલ વર્ણની ઉષાઓના ખોળામાં'' એવો અર્થ કર્યો છે. दाशुषे - એટલે (દાન) આપનાર; रयिं = ધનને. ઉત્તરાર્ધનું વાક્ય આમ છે : हे पितरः ! तस्य पुत्रेभ्यः वस्वः (धनं) प्रयच्छत, ते (यूयं पितरः) (अस्मभ्यं) इह ऊर्जं (धनं बलं वा) दधात । સાયણ वस्वः -નો અર્થ वसु धनं કરે છે, અને ऊर्जंનો અર્થ પણ 'ધન' કરે છે. પણ વેલણકરે ऊर्जं નો અર્થ बलं કર્યો છે, તે ઉચિત જણાય છે. ગ્રિફીથે પણ energy - 'બળ/શક્તિ' અર્થ કર્યો છે.

ये नः पूर्वे पितरः सोम्यासोऽनूहिरे सोमपीथं वसिष्ठाः ।
तेभिर्यमः संरराणो हवींष्युशन्नुशद्भिः प्रतिकाममत्तु ।।८।।

ये । नः । पूर्वे । पितरः । सोम्यासः । अनुऽऊहिरे । सोमऽपीथम् । वसिष्ठाः । तेभिः । यमः । सम्ऽरराणः । हवींषि । उशन् । उशत्ऽभिः । प्रतिऽकामम् । अत्तु ।।८।।

ᵛसोम्यासः सोमसंपादिनः ᵛवसिष्ठाः । वस्तृतमाः कृताच्छादना

धनवत्तमा वा ᵛनः अस्माकं ᵛये ᵛपूर्वे ᵛपितरः ᵛसोमपीथं सोमपानम् ᵛअनूहिरे आनुपूर्व्येण देवेभ्यश्च पितृभ्यश्च प्राप्नुवन्तः । दत्तवन्त इत्यर्थः । ᵛउशन् पितृभिः सह संभोगं कामयमानः ᵛयमः पितृपतिः ᵛउशद्भिः यमेन सह संभोगं कामयमानैः ᵛतेभिः तैरस्मदीयैः पितृभिः सह ᵛरराणः रममाणः ᵛहवींषि अस्माभिर्दत्तानि ᵛप्रतिकामं कामंकामं प्रति ᵛअत्तु । यानि यानि हवींषि कामयते तानि तानि भक्षयत्वित्यर्थः ॥

महापितृयज्ञे अग्नेः कव्यवाहनस्य 'ये तातृषु' इत्येषा प्रथमानुवाक्या । सूत्रितं च - ये तातृषुर्देवत्रा जेहमानास्त्वदग्ने काव्या त्वन्मनीषः' (आश्व.श्रौ. २.१९) इति ॥

અનુવાદ (59) : સોમનું સંપાદન કરનારા, વસિષ્ઠ એવા અમારા જે પૂર્વેના પિતૃઓ છે તે સોમપાનને (યમના પી લીધા) પછી પ્રાપ્ત કરે છે. (अनु ऊहिरे)। તે (પિતૃ)ઓની સાથે રમમાણ એવો યમ હવિષોની કામના કરતો (उशन्), કામના કરી રહેલા (પિતૃ)ઓની સાથે પ્રત્યેક ઇચ્છિત (હવિ)ને ભોગવે. (१०-१५-८)

નોંધ : **सोम्यासः** - સોમનું સંપાદન કરનાર, **वसिष्ठाः** - અતિશયપણે નિવાસ કરનારા, અથવા વસ્ત્રથી ઢંકાયેલા, અથવા ધનવાળા (**वसु** = 'ધન' ઉપરથી); પ્રોફે. વેલણકરના મતે વસિષ્ઠકુળના જે પિતૃઓ છે તે. **ये पूर्वे पितरः** - જે પહેલાંના સમયના પિતૃઓ છે તે, **सोमपीयं (यमम्) अनु ऊहिरे** - સોમપાનને (યમના પી લીધા) પછી પ્રાપ્ત કરે છે. **तेभिः (पितृभिः) संरराणः यमः हवींषि उशन्** - તે પિતૃઓની સાથે આનંદ કરી રહેલા યમ હવિષોની કામના કરી રહેલા છે, (સામે પક્ષે તે પિતૃઓ પણ તેવી કામના કરે છે. તેથી) **उशद्भिः** (હવિષ્‌ની) કામના કરી રહેલા (પિતૃઓ)ની સાથે, **(यमः) प्रतिकामम् अत्तु** (યમ) પ્રત્યેક ઇચ્છિત-કામના ભોગવે.

ये ता॑तृ॒षुर्दे॑व॒त्रा जेह॑माना होत्रा॒वि॒दः स्तोम॑तष्टासो अ॒र्कैः ।
आग्ने॑ याहि सुवि॒दत्रे॑भि॒रर्वाङ्स॒त्यैः क॒व्यैः पि॒तृभि॑र्घर्म॒सद्भिः॑
॥९॥

ये । त॒तृ॒षुः । दे॒व॒ऽत्रा । जेह॑मानाः । हो॒त्रा॒ऽविदः॑ । स्तोम॑ऽतष्टासः । अ॒र्कैः । आ । अ॒ग्ने॒ । या॒हि॒ । सु॒ऽवि॒दत्रे॑भिः । अ॒र्वाङ् । स॒त्यैः । का॒व्यैः । पि॒तृऽभिः॑ । घ॒र्म॒सत्ऽभिः॑ ॥९॥

ᵛदेवत्रा देवान् ᵛजेहमानाः क्रमेण गच्छन्तः । क्रमेण देवत्वं प्राप्ता

इत्यर्थः । ˇहोत्राविदः यज्ञान् सम्यक् कर्तुं वेदितारः ˇअर्कैः अर्चनीयैः स्तोत्रैः ˇस्तोमतष्टासः स्तोमानां च सम्यक्कर्तारः ˇये पितरः ˇतातृषुः तृप्यन्ति हे ˇअग्ने त्वं तैः ˇपितृभिः ˇअर्वाङ् अस्मदभिमुखः ˇआ ˇयाहि आगच्छ । कीदृशैः । ˇसुविदत्रेभिः सुविदत्रैः ˇसत्यैः अविसंवादिभिः ˇकव्यैः । कव्यं नाम पितृदेवत्यं हविः । तत्संबन्धिभिः । यद्वा कव्यैः कविभिर्मेधाविभिः । स्वार्थिको यत् । ˇघर्मसद्भिः यज्ञसादिभिः ॥

અનુવાદ (60) : દેવોને ક્રમશઃ મેળવનાર, હોતૃકર્મને જાણનાર, અર્કથી (=અર્ચનીય સ્તોત્રો વડે) સ્તોમની રચના કરનાર એવા જે (પિતૃઓ) તૃપ્ત થાય છે, તેવા સારા ધનવાળા (અથવા સારા) જ્ઞાનવાળા - **सुविदत्रेभिः**) સત્ય, 'કવ્ય' નામના હવિની સાથે સંકળાયેલા (અથવા કવિઓ = મેધાવીઓ = **कव्यैः**), અને (ગરમીમાં =) યજ્ઞમાં બેસનારાઓ (**धर्मसद्भिः**) એવા પિતૃઓની સાથે (**पितृभिः**) અમારી સામે (**अर्वाङ्**), હે અગ્નિ ! તમે આવો. (૧૦-૧૫-૯)

નોંધ : અહીં **ये पितरः तातृषुः** (= **तुप्यन्ति**), **तेभिः पितृभिः सह, हे अग्ने ! (त्वं) आ याहि** । એવું મુખ્ય વાક્ય છે. પ્રથમ પંક્તિમાં બધાં પ્રથમ-બહુવચનનાં રૂપો **पितरः** નાં વિશેષણ છે. (તથા બીજી પંક્તિમાં આવેલાં બધાં તૃતીયા બહુવચનનાં રૂપો **पितृभिः** નાં વિશેષણ છે.) **देवत्रा जेहमानाः** - એટલે દેવોને ક્રમશઃ મેળવનાર = દેવત્વને પામનારા પિતૃઓ, **होत्राविदः** - હોતૃકર્મ = યજ્ઞકર્મને જાણનાર, **अर्कैः स्तोमऽतष्टासः** - અર્કથી = સ્તોત્રથી સ્તોમને રચનાર, એવા, **ये (पितरः)** જે પિતૃઓ, **तातृषुः** - તૃપ્ત થાય છે, તેવા **पितृभिः सह, हे अग्ने ! त्वं आ याहि** - તેવા પિતૃઓની સાથે, હે અગ્નિ ! તમે આવો. **पितृभिः** કેવા કેવા ? તો **सुविदत्रेभिः** - સારા ધનવાળા, કે સારા જ્ઞાનવાળા, **सत्यैः** - સત્ય, અવિસંવાદિ એવા પિતૃઓ, **कव्यैः** = કવિઓ, મેધાવીઓ અથવા 'કવ્ય' નામના હવિની સાથે જોડાયેલા, **धर्मसद्भिः** - ગરમી = અગ્નિ = યજ્ઞમાં બેસનારા એવા પિતૃઓની સાથે **अर्वाङ्** - અમારી સામે, **आ याहि** - અગ્નિ ! તમે આવો.

ये स॒त्यासो॑ ह॒वि॒रदो॑ ह॒वि॒ष्पा इन्द्रे॑ण दे॒वैः स॒र॒थं दधा॑नाः ।
आग्ने॑ याहि स॒हस्रं॑ दे॒व॒वन्दैः प॒रैः पूर्वैः॑
पि॒तृभि॑र्घर्म॒सद्भिः॑ ॥१०॥

ये । स॒त्यासः॑ । ह॒वि॒ःऽअदः॑ । ह॒वि॒ःऽपाः । इन्द्रे॑ण । दे॒वैः ।

स॒ऽरथ॑म् । दधा॑नाः । आ । अ॒ग्ने॒ । या॒हि॒ । स॒ह॒स्र॑म् ।
दे॒व॒ऽव॒न्दैः । परैः । पू॑र्वैः । पि॒तृऽभि॑ः । घ॒र्म॒सत्ऽभि॑ः ॥१०॥

ᵛसत्यासः सत्याः ᵛये पितरः ᵛहविरदः भक्षणयोग्यस्य हविषोऽत्तारो भक्षयितारः ᵛहविष्पाः पानयोग्यस्य हविषः पातारः ᵛइन्द्रेण ᵛदेवैः ᵛसरथं समानमेकं तुल्यं वा रथं ᵛदधानाः । लडर्थे शानच् । गमनाय सदा धारयन्ति हे ᵛअग्ने तैः ᵛपितृभिः सह ᵛआ ᵛयाहि आगच्छ । कीदृशः । ᵛसहस्रम् । तृतीयार्थे प्रथमा । सहस्रेण । बहुभिरित्यर्थः । ᵛदेववन्दैः देवसंबन्धिभिः स्तोत्रैर्युक्तः परैः परकालीनैः ᵛपूर्वैः पूर्वकालीनैः ᵛघर्मसद्भिः यज्ञसादिभिर्महावीरसादिभिरादित्यसादिभिर्वा ॥१८॥

महापितृयज्ञे पितरोऽग्निष्वात्ताः' इत्यस्य 'अग्निष्वात्ताः पितर' इत्येषा प्रथमानुवाक्या । सूत्रितं च - 'अग्निष्वात्ताः पितर एह गच्छत ये चेह पितरो ये च नेह' (आश्व. श्रौ. २.१९) इति ॥

અનુવાદ (61) : જે સત્ય રૂપ, હવિષ્‌ને ખાનારા, હવિષ્‌ને પીનારા પિતૃઓ છે તે ઇન્દ્ર અને દેવોની સાથે સમાન રથને ધારણ કરનારા છે. તો હે અગ્નિ ! અને પહેલાંના સમયના તથા પછીના સમયના યજ્ઞમાં બેસનારા પિતૃઓની સાથે તમે, હજારો દેવસંબંધી સ્તોત્રોથી યુક્ત થયેલા અહીં આવો. (૧૦-૧૫-૧૦)

નોંધ : પૂર્વાર્ધમાં પ્રથમા બહુવચનનાં બધાં પદો **पितरः** નાં વિશેષણ છે : **ये** જે પિતૃઓ છે. **सत्यासः** - જે સત્ય સ્વરૂપ છે, **हविरदः** - હવિષ્‌ને ખાનારા છે, **हविष्पाः** - જે હવિષ્‌ને (= સોમને) પીનારા છે, તે પિતૃઓ - **इन्द्रेण देवैः सरथं दधानाः** - ઇન્દ્રની અને દેવોની સાથે સમાન-તુલ્ય રથને મેળવનારા છે. **हे अग्ने ! परैः पूर्वैः धर्मसद्भिः पितृभिः (सह)**, હે અગ્નિ ! તમે પછીના અને પહેલા યજ્ઞમાં બેસનારા પિતૃઓની સાથે, **देववन्दैः सहस्रं (युक्तः), आ याहि ।** દેવસંબંધી હજારો વન્દન = સ્તોત્રોથી યુક્ત થયેલા તમે અહીં આવો.

अ॒ग्नि॑ष्वात्ताः पित॒र एह ग॑च्छत॒ सद॑ःसदः सदत सुप्रणीतयः ।
अ॒त्ता ह॒वींषि॒ प्रय॑तानि ब॒र्हिष्यथा॑ र॒यिं सर्व॑वीरं दधातन ॥११॥

अ॒ग्नि॑ऽस्वात्ताः । पि॒त॒र॒ः । आ । इ॒ह । ग॒च्छ॒त॒ । सद॑ःऽसदः ।
स॒द॒त॒ । सु॒ऽप्र॒नी॒त॒य॒ः । अ॒त्त । ह॒वींषि॑ । प्रऽय॑तानि । ब॒र्हिषि॑ ।

अथ॑ । र॒यिम् । सर्व॑ऽवीरम् । द॒धा॒त॒न ॥११॥

ᵛअग्निष्वात्ताः अग्निना स्वादिता एतन्नामकाः ᵛपितरः यूयम् ᵛइह अस्मिन् पितृकर्मणि ᵛआ ᵛगच्छत । आगत्य च हे ᵛसुप्रणीतयः अभिपूजितप्रणयनाः यूयं ᵛसदःसदः तत्तत्स्थानं ᵛसदत सीदत । तत्र तत्र स्थाने यथेष्टमुपविशतेत्यर्थः । उपविश्य च ᵛबर्हिषि आसादितानि ᵛप्रयतानि शुचीनि ᵛहवींषि ᵛअत्त भक्षयत । ᵛअथ अनन्तरं ᵛसर्ववीरं सर्वैर्वीरैः पुत्रपौत्रैरुपेतं ᵛरयिं धनं ᵛदधातन अस्मभ्यं दत्त ॥

महापितृयज्ञे वषट्कारक्रियायां 'त्वमग्न ईळितः' इत्येषा स्विष्टकृतो याज्या । सूत्रितं च - 'योऽग्निः कव्यवाहनस्त्वमग्न ईळितो जातवेद इति संयाज्ये' (आश्व. श्रौ. २.१९) इति ॥

અનુવાદ (62) : હે (અગ્નિ વડે ચાખવામાં આવેલા =) અગ્નિષ્વાત્તા પિતૃઓ ! તમે અહીં (પિતૃકર્મમાં) આવી પહોંચો. હે સારી રીતે નિમંત્રવામાં આવેલા (પિતૃઓ) તે તે સ્થાનોમાં બેસો. (તમે) કુશઘાસ ઉપર ફેલાવવામાં આવેલાં પવિત્ર એવાં હવિષોને ખાવ. તથા બધા પ્રકારના વીરો (પુત્ર પૌત્રાદિ)થી યુક્ત એવા ધનને (અમારા માટે) ધારણ કરો. (૧૦-૧૫-૧૧)

નોંધ : અહીં દરેક પાદમાં એક-એક વાક્ય છે : ૧. **हे अग्निष्वात्ता पितरः ! इह आ गच्छत । २. (हे) सुप्रणीतयः (पितरः) ! सदः सदः (=तत्तत्स्थानं) सदत** । ૩. **(यूयं पितरः) बर्हिषि प्रयतानि हवींषि अत्त (=भक्षयत) =** ૪. **अथ सर्ववीरं रचिं दधातन** । અહીં જે ચારેય ક્રિયાપદો છે તે આજ્ઞાર્થ બી. પુ. બ. વ. છે.

વેંકટમાધવ તૈત્તિરીય બ્રાહ્મણ (૧-૬-૯-૬)ને આધારે કહે છે કે જે યજ્ઞ નહીં કરનાર ગૃહમેધિન પિતૃઓ છે તેમને 'અગ્નિષ્વાતા' કહે છે. **प्रयतानि हवीषि** નો અર્થ 'શુદ્ધ, સંસ્કૃત, પવિત્ર કરવામાં આવેલા હવિષો' કરવામાં આવ્યો છે.

त्वम॑ग्न ईळि॒तो जा॑तवे॒दोऽवा॑ड्ढ॒व्यानि॑ सु॒रभी॑णि कृ॒त्वी ।
प्रादा॑ः पि॒तृभ्य॑ः स्व॒धया॒ ते अ॑क्षन्न॒द्धि त्वं दे॑व॒ प्रय॑ता
ह॒वींषि॑ ॥१२॥

त्वम् । अ॒ग्ने॒ । ई॒ळि॒तः । जा॒त॒ऽवे॒द॒ः । अवा॑ट् । ह॒व्यानि॑ । सु॒रभी॑णि । कृ॒त्वी । प्र । अ॒दा॒ः । पि॒तृऽभ्य॑ः । स्व॒धया॑ । ते । अ॒क्ष॒न् । अ॒द्धि । त्वम् । दे॒व॒ । प्रऽय॑ता । ह॒वींषि॑ ॥१२॥

हे ᵛजातवेदः । जातं सर्वं जगद्वेत्तीति जातवेदाः । तथाविध हे अग्ने ᵛईळितः अस्माभिः स्तुतः ᵛत्वं ᵛहव्यांनि अस्मदीयानि हवींषि ᵛसुरभीणि सुगन्धीनि ᵛकृत्वी कृत्वा ᵛअवाट् वहनं कृतवानसि । कृत्वा च ᵛपितृभ्यः ᵛप्रादाः । ᵛते च पितरः ᵛस्वधया स्वधाकारेण दत्तं हविः ᵛअक्षन् अदन्तु । हे ᵛदेव ᵛत्वम् अपि ᵛप्रयता प्रयत्नसंपदितानि ᵛहवींषि ᵛअद्धि भक्षय ॥

महापितृयज्ञे 'ये चेह' इति द्वितीयानुवाक्या । सूत्रमुक्तम् ॥

અનુવાદ (63) : હે જાતવેદસ્ અગ્નિ ! (અમારા વડે) સ્તુતિ કરવામાં આવેલા તમે (અમારાં) હવિષોને સુગન્ધીદાર કરીને વહી ગયા છો (લઈ ગયા છો); તથા (તમે તેને) પિતૃઓને આપ્યું છે. (તે પિતૃઓ પણ) 'સ્વધા' (શબ્દના ઉચ્ચારણ) પૂર્વક (આપવામાં આવેલું હવિષ્) આરોગો. હે દેવ (અગ્નિ) ! તમે પણ પ્રયત્નપૂર્વક (આપવામાં આવેલું) હવિષ્ આરોગો. (૧૦-૧૫-૧૨)

નોંધ : हे जातवेदः । અગ્નિનું સંબોધન '-જાતવેદસ્' એટલે જન્મેલા સઘળા જગત્‌ને જાણે છે તે દેવ અગ્નિ. (અથવા જન્મેલા સૌ કોઈ પ્રાણી એને ઓળખે છે તે દેવ 'જાતવેદસ્'). √ઈળ્ 'સ્તુતિ કરવી' ધાતુનું કર્મણિ ભૂતકૃદન્ત **ईळितः = स्तुतः । हव्यानि सुरभीणि कृत्वी = कृत्वा, अवाट्** । (અમારાં) હવિષોને સુરભિયુક્ત કરીને (તમે) વહી ગયા છો. ઉત્તરાર્ધમાં ત્રણ વાક્ય છે : ૧. **पितृभ्यः प्रादाः** .। (હવિષ્‌ને તમે = અગ્નિએ) પિતૃઓને આપ્યું છે. ૨. **ते (पितरः) स्वधया अक्षन्** । પિતૃઓ સ્વધાપૂર્વક (આપવામાં આવેલું તે હવિષ્) ખાવ. ૩. **हे देव ! त्वं प्रयता (= प्रयतानि) हवींषि अद्धि (= भक्षय)** । હે દેવ ! તમે પ્રયત્નપૂર્વક આપવામાં આવેલું તે હવિષ્ ખાવ.

ઋષિએ આ મન્ત્રમાં અગ્નિએ પિતૃઓને જે સુગંધીદાર હવિષ્ પહોંચાડ્યું છે. તેના બદલામાં હવિષ્ અર્પણ કર્યું છે, અને તે (હવિષ્)ને અગ્નિને સ્વીકારવાનું-ખાવાનું કહ્યું છે.

ये चे॒ह पि॒तरो॒ ये च॒ नेह यांश्च॑ वि॒द्म याँ उ॑ च॒ न प्र॑वि॒द्म ।
त्वं वे॑त्थ॒ यति॒ ते जा॑तवेदः स्व॒धाभि॑र्य॒ज्ञं सुकृ॑तं जुषस्व ॥१३॥

ये । च॒ । इ॒ह । पि॒तर॑ः । ये । च॒ । न । इ॒ह । यान् । च॒ । वि॒द्म । यान् । ऊँ॒ इति॑ । च॒ । न । प्र॒ऽवि॒द्म ॥ त्वम् । वे॒त्थ॒ ।

यति॑ । ते । जा॒त॒ऽवे॒द॒ः । स्व॒धाभि॑ः । य॒ज्ञम् । सुऽकृ॑तम् । जु॒ष॒स्व ॥१३॥

ᵛये ᵛच ᵛपितरः ᵛइह अस्मत्समीपे वर्तन्ते ᵛये ᵛच ᵛइह ᵛन सन्ति । ᵛयांश्च पितॄन् ᵛविद्म संनिकृष्टत्वाज्जानीमः ᵛयाँ ᵛउ ᵛच ᵛन अपि च न ᵛप्रविद्म विप्रकृष्टत्वाद्वयं न विजानीमः । ᵛयति ᵛते यावन्तस्ते भवन्ति तान् सर्वान् यथोक्तान् हे ᵛजातवेदः उत्पन्नसर्ववस्तुविषयज्ञानाग्ने ᵛत्वं ᵛवेत्थ जानासि । ᵛस्वधाभिः हविर्लक्षणैरन्नैः ᵛसुकृतं साधु कृतं ᵛयज्ञं जुषस्व प्रीत्या गृहाण ॥

पूर्वोक्त एव यागे 'ये अग्निदग्धाः' इत्येष याज्या । सूत्रितं च - 'ये अग्निदग्धा ये अनग्निदग्धा इमं यम प्रस्तरमा हि सीदेति द्वे' (आश्व. श्रौ. २.१९) इति ॥

અનુવાદ (64) : અહીં જે પિતૃઓ છે અને અહીં જે પિતૃઓ (હાજર નથી; તથા અમે જે (પિંતૃઓ)ને ઓળખીએ છીએ અને જેમને અમે ઓળખતા નથી, તેવા જેટલા જેટલા (પિતૃઓ) છે તે બધાને, હે જાતવેદસ્ ! તમે ઓળખો છો. 'સ્વધા' એવા શબ્દ વડે સારી રીતે કરવામાં આવેલા (પિતૃ) યજ્ઞનું તમે સેવન કરો.

(૧૦-૧૫-૧૩)

નોંધ : 'જાતવેદસ્' અગ્નિ જેમ જગત્‌ના તમામ પદાર્થને/પ્રાણીઓને જાણે છે તેમ બધા જ પ્રકારના પિતૃઓને પણ જાણે છે. એની નોંધ આપતાં ઋષિ આ મન્ત્રમાં જણાવે છે કે **इह ये पितरः (सन्ति), ये च (पितरः) इह न (सन्ति)**; અહીં જે પિતૃઓ છે, અને અહીં જે પિતૃઓ નથી, **यान् (पितॄन) विद्‌म, यान् च (पितॄन) न विद्म** - જે પિતૃઓને અમે ઓળખીએ છે, તથા જે (પિતૃ)ઓને ઓળખતા નથી, **यति (= यावन्तः पितरः सन्ति, तान् सर्वान्)**, જેટલા જેટલા છે. તે બધાને, **त्वं वेत्थ** તમે (જાતવેદસ્) ઓળખો છો. [કારણકે તમારા નામનો અર્થ જ 'જે જગત્‌ના તમામ પદાર્થોને જાણે છે તે.]

स्वधाभिः - પિતૃયજ્ઞમાં વપરાતો **स्वधा** શબ્દ, તેના વડે કરવામાં આવેલ (પિતૃયજ્ઞ) **सुकृतं यज्ञं जुषस्व (=सेवस्व)** । = સારી રીતે કરવામાં આવેલા યજ્ઞને તમે (અગ્નિદેવ) સેવો.

ये अ॑ग्निद॒ग्धा ये अन॑ग्निदग्धा॒ मध्ये॑ दि॒वः स्व॒धया॑ मा॒दय॑न्ते ।
तेभि॑ः स्व॒राळसु॑नीतिमे॒तां य॑थाव॒शं त॒न्वं॑ कल्पयस्व ॥१४॥

ये । अ॒ग्नि॒ऽद॒ग्धाः । ये । अन॑ग्निऽदग्धाः । मध्ये॑ । दि॒वः ।
स्व॒धया॑ । मा॒दय॑न्ते । तेभि॑ः । स्व॒ऽराट् । असु॑ऽनीतिम् । ए॒ताम् ।
य॒था॒ऽव॒शम् । त॒न्व॑म् । क॒ल्प॒य॒स्व ॥१४॥

ᵛये पितरः ᵛअग्निदग्धाः अग्निना भस्मीकृताः । श्मशानं प्राप्ता इत्यर्थः । ᵛये च पितरः ᵛअनग्निदग्धाः श्मशानकर्म न प्राप्ताः ᵛमध्ये ᵛदिवः द्युलोकस्य मध्ये ᵛस्वधया हविर्लक्षणेनान्नेन ᵛमादयन्ते तृप्यन्ति हे अग्ने स्वराट् स्वकर्मोपभोगेन दीप्यमानः ᵛतेभिः तैः पितृभिः सहितः सन् ᵛअसुनीतिं प्राणानां विषयेषु नेतारमस्मत्पित्रन्तरात्मानम् ᵛएतां ᵛतन्वम् एतद्देवताशरीरं ᵛयथावशं यथाकामं ᵛकल्पयस्व समर्थयस्व ग्रासयेत्वर्थः । ॥१९॥

અનુવાદ (65) : જે અગ્નિદગ્ધ (= અગ્નિ વડે ભસ્મીભૂત કરવામાં આવેલા) તથા જે અનગ્નિદગ્ધ (પિતૃઓ) છે, તે દ્યુલોકની મધ્યમાં 'સ્વધા'શબ્દથી (આપવામાં આવેલા હવિષ્‌થી) આનંદ કરે છે. (હે અગ્નિ !) તે (પિતૃઓ)ની સાથે ચમકી રહેલા (= **स्वराट्**) તમે અસુનીતિ (= પ્રાણોને લઈ જનાર અમારા પિતૃઓના અંતરાત્મા)ને ઈચ્છાનુસાર (**यथावशं**) આ શરીરને પ્રાપ્ત કરાવ. (૧૦-૧૫-૧૪)

નોંધ : આ મન્ત્રમાં બે પ્રકારના પિતૃઓની વાત છે. **(क)** અગ્નિદગ્ધ - શ્મશાન કર્મ જેમને પ્રાપ્ત થયું છે, તેવા અગ્નિથી ભસ્મીભૂત થયેલા શરીરવાળા પિતૃઓ. **(ख)** અનગ્નિદગ્ધ - એટલે અગ્નિથી નહીં બળેલા, અન્યથા મરેલા (કદાચ દાટેલા એવા) પિતૃઓ. દ્યુલોકની મધ્યમાં (**= दिवः मध्ये**), **स्वधया मादयन्ते** - 'સ્વધા' શબ્દથી અપાતા હવિષ્‌થી પ્રસન્ન થાય છે. **तेभिः (पितृभिः) (सह) स्वराट्** - તે પિતૃઓની સાથે ચમકતો, દીપ્યમાન (અગ્નિ) **त्वम् असुनीतिम् एतां तन्वं यथावशं (= यथाकामं) कल्पयस्व** । તમે અગ્નિદેવ, આ મૃત પિતૃના અસુનીતિ = અંતરાત્માને આ શરીર ઈચ્છાનુસાર અપાવો. અહીં **असुनीतिम्** તે આત્માનું વિશેષણ છે. **असु** એટલે પ્રાણ. પાંચ પ્રાણોને તેમના પોતપોતાના વિષયમાં જોડનાર - લઈ જનાર જે તત્ત્વ તે આત્મતત્ત્વને 'અસુનીતિ' કહે છે.

પ્રોફે. વેલણકરે આ મન્ત્રનો અનુવાદ નીચે મુજબ કર્યો છે : ''અમારા જે પિતૃઓને અગ્નિએ ભસ્મસાત્ કરીને પાવન કર્યા છે, તથા જે અગ્નિ દ્વારા ભસ્મસાત્ થયા વિના જ સ્વયં પિતૃભૂત છે, અને જે પોતાની ઈચ્છાનુસાર સ્વર્ગની વચ્ચે આનંદથી નિવાસ કરે છે તે બધાની અનુમતિથી, હે સ્વરાટ્ અગ્નિ ! (પિતૃલોકમાં તે નવા જ મરેલા જીવને) પ્રાણ ધારણ કરવા યોગ્ય (તેના) શરીરને, તેની ઈચ્છા મુજબ જ બનાવી આપો.'' તેઓ ટિપ્પણીમાં ઉમેરે છે કે - અગ્નિએ જ મૃત પુરુષના શરીરને બાળી કાઢ્યું હોય છે, તેથી એ અગ્નિની જ ફરજ છે કે તે પિતૃલોકમાં એ જીવને માટે - **असुनीतिम् तन्वम्**ની રચના કરી આપે.

10.16 (1 to 14)

અગ્નિ (અન્ત્યેષ્ટિ) સૂક્ત

'मैनम्' इति चतुर्दशर्चं षोडशं सूक्तं यमपुत्रस्य दमनस्यार्षम् । आदितो दश त्रिष्टुभः ततश्चतस्रोऽनुष्टुभः । अग्निर्देवता । तथा चानुक्रान्तं–'मैनं दमन आग्नेयं चतुरनुष्टुबन्तम्' इति । इति दीक्षितमरण आद्याः षड्चः शंसनीयाः । सूत्रितं च- 'मैनमग्ने वि दहो माभि शोच इति षट् पूषा त्वेतश्च्यावयतु प्र विद्वान्' (आश्व. श्रौ. ६.१०) इति । दह्यमानस्य प्रेतस्योपस्थानेऽप्येताः शंसनीयाः ॥

ઋષિ યામાયન અર્થાત્ યમના પુત્ર, કે જેનું નામ 'દમન' છે તેમણે જોયેલું આ સૂક્ત છે. 'અશ્વલાયન શ્રૌતસૂત્ર' મુજબ **दह्यमानस्य प्रेतस्य उपस्थानेऽप्येताः शंसनीयाः** । અર્થાત્ ''ચિતા ઉપર બળી રહેલા પ્રેત (= શબ)ની પાસે પણ આ સૂક્તની ઋચાઓ બોલવામાં આવે છે.'' એટલે કે અન્ત્યેષ્ટિ સંસ્કાર વખતે આ મન્ત્રો વપરાય છે. પ્રેતને ચિતા ઉપર મૂક્યા પછી અગ્નિદેવને જુદી જુદી પ્રાર્થનાઓ કરવામાં આવી છે. જેમકે, હે અગ્નિ ! તું આ મૃતાત્માના શરીરને પૂરેપૂરું બાળ્યા પછી જ પિતૃલોકમાં મોકલજે. યમલોકમાં એને નવું શરીર અને પ્રાણ ધારણ કરાવજો. વળી, મૃત વ્યક્તિના શરીરને અગ્નિ જ્યારે બાળી મૂકે ત્યારે, તે વ્યક્તિની ચક્ષુરિન્દ્રિય સૂર્યમાં - તેજ રૂપ મહાભૂતમાં - ભળી જાય; પ્રાણરૂપ આત્મા વાયુ રૂપ મહાભૂતમાં ભળી જાય વગેરે. તથા એ મૃતાત્માએ જેવા ધર્મ-કર્મ કર્યાં હોય તદનુસાર એને સ્વર્ગલોક, પૃથિવીલોક કે અન્તરિક્ષ લોકની પ્રાપ્તિ કરાવજે.

ક્યારેક વેદાધ્યયન કરનાર, અગ્નિની આજીવન પૂજા કરનાર શ્રોત્રિય બ્રાહ્મણના મૃત શરીરને બાળવા માટે શ્મશાનમાં લાવવામાં આવ્યો હોય તો, ઋષિ પ્રાર્થે છે કે ક્વ્યાદ (= કાચા માંસને ખાનાર) નામનો અગ્નિ દૂર હટી જાય છે; અને 'જાતવેદસ્' નામનો વધુ પવિત્ર મનાતો અગ્નિ જ તે શ્રોત્રિયને બાળે વગેરે. આમ વેદકાળમાં મરણોત્તર સ્થિતિમાં જે દાહવિધિ-અન્ત્યેષ્ટિ સંસ્કાર થતો હતો તેનું રસપ્રદ અને રોચક ચિત્ર આમાંથી મળી રહે છે. અહીં જે અગ્નિની સ્તુતિ છે તે જોતાં એવું માનવાને સબળ કારણ છે કે આર્યપ્રજામાં મૃતવ્યક્તિને બાળવાનો રિવાજ ઘણો જ પ્રાચીન હશે.

ઋષિ : યમનો પુત્ર દમન, દેવતા : અગ્નિ, છન્દ : ૧ થી ૧૦માં ત્રિષ્ટુપ્ અને છેલ્લા ૪ મંત્રમાં અનુષ્ટુપ્.

मैनंग्ने॒ वि दंहो॒ माभि शो॑चो॒ मास्य॒ त्वचं॒॑ चिक्षिपो॒ मा शरीरम् ।
य॒दा शृतं कृ॒णवौ जाल॒वेदोऽथैमेनं॒ प्र हिंणुतात्पि॒तृभ्यंः ॥१॥

मा । ए॒न॒म् । अ॒ग्ने॒ । वि । द॒ह॒ः । मा । अ॒भि । शो॒च॒ः ।
मा । अ॒स्य॒ । त्वच॑म् । घि॒क्षि॒प॒ः । मा । शरी॑रम् । य॒दा ।
शृ॒तम् । कृ॒णव॑ः । जा॒त॒ऽवे॒द॒ः । अथ॑ । ई॒म् । ए॒न॒म् । प्र ।
हि॒णु॒ता॒त् । पि॒तृऽभ्य॑ः ॥१॥

हे ᵛअग्ने ᵛएनं प्रेतं ᵛमा ᵛवि ᵛदहः । विशेषेण दग्धं मषीभूतं मा कुरु । ᵛमाभि ᵛशोचः अभितः शोकेन संतापेन युक्तं मा कुरु । ᵛअस्य ᵛत्वचं ᵛमा ᵛचिक्षिपः इतस्ततो विक्षिप्तां मा कुरु । ᵛशरीरम् अपि विक्षिप्तं ᵛमा कुरु । हे ᵛजातवेदः अग्ने ᵛयदा त्वं ᵛशृतं पक्व सुदग्धं ᵛकृणवः करिष्यसि ᵛअथ तदानीम् ᵛईमेनं प्रेतं ᵛपितृभ्यः ᵛप्र ᵛहिणुतात् पितृसमीपे प्रेरय ॥

અનુવાદ (66) : હે અગ્નિ ! આ (પ્રેત = શબ)ને વિશેષ રૂપે (અર્થાત્ કાળી મેશ બની જાય એવી રીતે) બાળીશ નહીં. આ (શબ)ને ચારે તરફથી શોક-સંતાપ-થાય એ રીતે બાળીશ નહીં. આ (શબ)ની ચામડીને પણ તું વિક્ષિપ્ત ના કરીશ, તથા આ (શબ)ના શરીરને પણ તું વિક્ષિપ્ત ના કરીશ. હે જાતવેદસ્ ! જ્યારે તમે આ (પ્રેત)ને પૂરેપૂરું બાળી કાઢો ત્યારે જ તેને પિતૃઓ તરફ લઈ જજો (મોકલજો).

(૧૦-૧૬-૧).

નોંધ : ચિતા ઉપર મૃત વ્યક્તિના શરીરને = પ્રેતને = શબને મૂક્યા પછી, તેના સ્વજનો અગ્નિને ઉદ્દેશીને નીચે મુજબની પ્રાર્થના કરે છે : हे अग्ने ! मा एनं (प्रेतं) वि दह । मा अभि शोचः । मा अस्य त्वचं चिक्षिपः । मा शरीरम् । વળી ઉત્તરાર્ધમાં કહે છે કે - : हे जातवेदस् ! यदा (प्रेतं) शृतं कृणवः, अथ (=तदा) एनं (प्रेतं) पितृभ्यः प्रहिणुतात् ॥ અર્થાત્ અગ્નિ પ્રેતને પૂરેપૂરું બાળ્યા વિના, પિતૃઓ તરફ જવા દે.

ભાષ્યકારોએ **शृतम्**નો અર્થ **पक्वम् सुदग्धम्** = પાકી ગયેલું - શેકાઈ ગયેલું અને સારી રીતે બળી ગયેલું કર્યો છે.

शृ॒तं य॒दा कर॑सि जातवे॒दोऽथे॑मेनं॒ परि॑ दत्तात्पि॒तृभ्य॑ः ।
य॒दा गच्छा॒त्यसु॑नीतिमे॒तामथा॑ दे॒वानां॑ वश॒नी॑र्भवाति ॥२॥

शृ॒तम् । य॒दा । कर॑सि । जा॒त॒ऽवे॒द॒ः । अथ॑ । ई॒म् । ए॒न॒म् ।
परि॑ । द॒त्ता॒त् । पि॒तृऽभ्य॑ः । य॒दा । गच्छा॑ति । असु॑ऽनीतिम् ।
ए॒ताम् । अथ॑ । दे॒वाना॑म् । व॒श॒ऽनीः । भ॒वा॒ति॒ ॥२॥

हे ᵛजातवेदः ᵛयदा प्रेतशरीरं ᵛशृतं पक्वं ᵛकरसि करिष्यसि ᵛअथ ᵛईम् तदानीमेव ᵛएनं प्रेतं ᵛपितृभ्यः ᵛपरि ᵛदत्तात् प्रयच्छ । ᵛयदा प्रेतः ᵛएताम् अग्निना कृताम् ᵛअसुनीतिं प्राणस्य नयनं प्राणप्रेरणं ᵛगच्छाति प्राप्नोति ᵛअथ तदानीमेव ᵛदेवानां ᵛवशनीः देवानां वशं प्रापितो भवति ॥

અનુવાદ (67) : હે જાતવેદસ્ ! જ્યારે (આ પ્રેતને) પૂરેપૂરું બાળી નાખો, ત્યારે જ (તમે) એને પિતૃઓને સોંપજો. જ્યારે (આ પ્રેત અગ્નિવડે) અસુનીતિને પામે (=જ્યારે અગ્નિ આ પ્રેતના પ્રાણોને લઈ જાય) ત્યારે જ તે દેવોને વશ થાય છે. (૧૦-૧૬-૨)

નોંધ : આ મન્ત્રમાં કહ્યું છે કે મૃત વ્યક્તિના શરીરને = પ્રેતને અગ્નિ પૂરેપૂરું બાળે ત્યારે જ તે પિતૃઓને સોંપવામાં આવે છે. તથા અગ્નિ વડે જેના પ્રાણોને લઈ જવામાં આવે તે જ મૃતાત્મા દેવોને વશ થયા છે - બીજો નહીં. આમ અગ્નિસંસ્કારનો મહિમા બતાવ્યો છે. મન્ત્રમાં વાક્યાન્વય આ પ્રમાણે છે : **हे जातवेदस् ! यदा (त्वं) (प्रेतं) शृतं करसि, अथ (= तदा) एनं पितृभ्यः परिदत्तात् ।** ઉત્તરાર્ધમાં - **यदा (अग्निना) एताम् असुनीतिम् गच्छाति, अथ (= तदा) देवानां वशनीः भवाति ।** અહીં **गच्छाति** અને **भवाति ।** તે વૈદિક (લેટ્ લકાર) સંકેતાર્થ ત્રી.પુ. એ.વ.નાં રૂપો છે.

सू॒र्यं॑ चक्षु॑र्गच्छतु॒ वात॑मा॒त्मा द्यां च॑ गच्छ पृथि॒वीं च॒ धर्म॑णा ।
अ॒पो वा॑ गच्छ॒ यदि॒ तत्र॑ ते हि॒तमोष॑धीषु॒ प्रति॑ तिष्ठा॒
शरी॑रैः ॥३॥

सूर्य॑म् । चक्षुः॑ । ग॒च्छ॒तु॒ । वात॑म् । आ॒त्मा । द्याम् । च॒ । ग॒च्छ॒ । पृ॒थि॒वीम् । च॒ । धर्म॑णा । अ॒पः । वा॒ । ग॒च्छ॒ । यदि॑ । तत्र॑ । ते॒ । हि॒तम् । ओष॑धीषु । प्रति॑ । ति॒ष्ठ॒ । शरी॑रैः ॥३॥

हे प्रेत त्वदीयं ᵛचक्षुः इन्द्रियं ᵛसूर्यं ᵛगच्छतु प्राप्नोतु । ᵛआत्मा प्राणः ᵛवातं बाह्यं वायुं गच्छतु । अपि च त्वमपि ᵛधर्मणा सुकृतेन तत्फलं भोक्तुं ᵛद्यां ᵛच । अत्र चशब्दो विकल्पार्थे । द्युलोकं वा ᵛपृथिवीं च पृथिवीं वा ᵛगच्छ प्राप्नुहि । ᵛअपो ᵛवा अन्तरिक्षलोकं ᵛगच्छ प्राप्नुहि । ᵛतत्र अन्तरिक्षे ᵛहितं स्थापितं ᵛते तव कर्मफलम् । ᵛओषधीषु ᵛशरीरैः शरीरावयवैः ᵛप्रति ᵛतिष्ठ ॥

અનુવાદ (૬૪) : (મૃત વ્યક્તિનું) ચક્ષુ (= ચક્ષુરિન્દ્રિય) સૂર્યમાં જાય, (પ્રાણ રૂપ) **આત્મા વાયુમાં (ભળી જાય).** (જીવાત્મા ! તેં આચરેલા) ધર્મ અનુસાર (તું) દ્યુલોકમાં કે **પૃથિવીલોકમાં જા.** અથવા જો ત્યાં (અન્તરિક્ષમાં) (તારું કર્મફળ) સ્થાપેલું હોય તો તું અન્તરિક્ષલોકમાં જા. શરીરો (અર્થાત્ શરીરના અવયવ) વડે (જીવાત્મા) તું ઓષધી (= વનસ્પતિ)ઓમાં પ્રતિષ્ઠિત રહે. (૧૦-૧૬-૩)

નોંધ : આ મન્ત્રમાં, અંત્યેષ્ટિસંસ્કાર વખતે મૃત વ્યક્તિનું શરીર જે જે મહાભૂતોના સંમિશ્રણથી બન્યું છે. તે તે ભૂતોમાં તે તે શક્તિ-તત્ત્વ-વિલીન થઈ જાય તેવી ભાવના વ્યક્ત કરવામાં આવી છે. જેમકે, મૃત વ્યક્તિનું ચક્ષુ અર્થાત્ ચક્ષુરિન્દ્રિય - જોવાની શક્તિ -, જે સૂર્ય રૂપ તેજ - મહાભૂતમાંથી પ્રાપ્ત થયેલ હોય છે, તે ચક્ષુ ત્યાં સૂર્યમાં જઈને ભળી જાય. અને પ્રાણ-વાયુરૂપ મહાભૂતમાં ભળી જાય - એવી પ્રાર્થના કરી છે. આ સિવાયની, અનુલ્લિખિત શક્તિઓ-ઈન્દ્રિયો-પણ પોતપોતાના મહાભૂતમાં ભળી જાય તે વાતનો અધ્યાહાર સમજી લેવો. તે પછી મરેલા વ્યક્તિના ધર્મ મુજબ (તેણે જે જે / જેવાં કર્મો કર્યા હોય તદનુસાર) તે (જીવ) દ્યુ (= સ્વર્ગ)લોકમાં જાય, **(द्यां च गच्छ, पृथिवीं च गच्छ, अपो (= अन्तरिक्षं वा गच्छ** । અહીં **'च'** અવ્યય **'वा'** = વિકલ્પ અર્થમાં વપરાયો.) અથવા પૃથિવીલોકમાં જાય કે અન્તરિક્ષલોકમાં જાય.

અહીં ત્રીજા-ચોથા પાદનો વાક્યાન્વય આમ ગોઠવવો : **यदि तत्र (= अन्तरिक्षे) ते हितम्, (तदा) अपो वा गच्छ । शरीरैः ओषधीषु प्रति तिष्ठ ।** અહીં શરીરોના અવયવ વડે ઓષધિમાં પ્રતિષ્ઠિત રહેવાની વાતનો જે ઉલ્લેખ છે - તેને 'બૃહદારણ્યોપનિષદ્'નાં **ओषधीर्लोमानि वनस्पतीन्** (૩-૨-૧૩) તથા **अप्सु लोहितं रेतश्च** - (૩-૨-૧૩) એવાં વાક્યોથી આમ સમજી શકાય. મૃત શરીરને અગ્નિસંસ્કાર થાય છે ત્યારે તે શરીરના કેશ ઓષધિમાં અને લોહી, પાણી, રેતસ્ વગેરે જળ રૂપ મહાભૂતમાં ભળે છે.

अ॒जो भा॒गस्तप॑सा॒ तं त॑पस्व॒ तं ते॑ शो॒चिस्त॑पतु॒ तं ते॑
अ॒र्चिः ।
यास्ते॑ शि॒वास्त॒न्वो॑ जातवे॒दस्ताभि॑र्वहैनं सु॒कृता॑मु लो॒कम् ॥४॥

अ॒जः । भा॒गः । तप॑सा । तम् । त॒प॒स्व॒ । तम् । ते॒ । शो॒चिः । त॒प॒तु॒ । तम् । ते॒ । अ॒र्चिः । याः । ते॒ । शि॒वाः । त॒न्वः॑ । जा॒त॒ऽवे॒द॒ः । ताभि॑ः । व॒ह॒ । ए॒न॒म् । सु॒ऽकृता॑म् । ऊँ॒ इति॑ । लो॒कम् ॥४॥

ᵛअजः जननरहितः शरीरेन्द्रियादिभागव्यतिरिक्तोऽन्तरपुरुषलक्षणो यः ᵛभागः अस्ति हे अग्ने ते त्वदीयेन ᵛतपसा तापनेन ᵛतं तादृशं भागं ᵛतपस्व तप्तं कुरु । तथा ᵛते तव ᵛशोचिः शोकहेतुः ज्वालाविशेषः ᵛतं भागं ᵛतपतु संस्करोतु । अपि च ᵛते तव ᵛअर्चिः भासको ज्वालाविशेषः ᵛतं भागं तपतु संस्करोतु । तपःशोचिरर्चिः शब्दानां संतापतारतम्येन भेदः । हे ᵛजातवेदः ᵛते तव ᵛयाः ᵛतन्वः मूर्तयः ᵛशिवाः सुखहेतवो न तु तापप्रदा ᵛताभिः ᵛएनं तनूभिः प्रेतं ᵛसुकृतां शोभनकर्मकारिणां ᵛलोकं स्थानं ᵛवह प्रापय । उशब्दः पूरणः ॥

અનુવાદ (69) : (હે અગ્નિ !) જન્મ નહીં લેનારો (નિત્ય આત્મતત્ત્વ રૂપ) જે ભાગ છે તેને (તમારા) તાપથી તાપો. તમારી જ્વાળા (= શોચિ) તે (ભાગ)ને તપાવે. તથા તે (ભાગ)ને તમારી અર્ચિ (= પ્રકાશ આપનારી જ્વાળા) તપાવે. હે જાતવેદસ્ ! તમારી જે કલ્યાણકારિણી તનૂઓ (= મૂર્તિઓ) છે, તેના વડે આ (પ્રેત)ને સત્કૃત્યો કરનારના લોકમાં લઈ જાવ. (૧૦-૧૬-૪)

નોંધ : આ મન્ત્રમાં, અગ્નિ પોતાની વિવિધ પ્રકારની જ્વાળાઓથી મૃત વ્યક્તિના જીવાત્માને તાપીને, સંસ્કૃત કરીને સુકૃત - સારા કાર્યો કરનારના લોકમાં વહી જાય - લઈ જાય એવી પ્રાર્થના કરવામાં આવી છે. પૂર્વાર્ધમાં ત્રણ વાક્યો છે : ૧. हे अग्ने ! (यः) अजः भागः (अस्ति), तं तपसा तपस्व । २. ते = तव शोचिः तं (भागं) तपतु । ३. ते (= तव) अर्चिः तं (भागं) (तपतु) । (અનુવાદમાંથી આ વાક્યો સમજી શકાશે.)

ઉત્તરાર્ધમાં અગ્નિને જે વિનંતી છે - તે આમ છે : हे जातवेदस् ! ते (= तव) याः शिवाः तन्वः (मूर्तयः) (सन्ति), ताभिः एनं प्रेतं = जीवात्मानं वा सुकृताम् लोकं वह । (અનુવાદમાંથી આનો વાક્યાર્થ સ્પષ્ટ થશે.) વેંકટમાધવે પણ આવું જ વ્યાખ્યાન કર્યું છે.

अव॑ सृज॒ पुन॑रग्ने पि॒तृभ्यो॒ यस्त॒ आहु॑त॒श्चर॑ति स्व॒धाभि॑ः ।
आयु॒र्वसा॑न॒ उप॑ वेतु॒ शेष॒ः सं ग॑च्छतां त॒न्वा॑ जातवेदः ॥५॥

अव॑ । सृ॒ज॒ । पुन॑ः । अ॒ग्ने॒ । पि॒तृभ्य॑ः । यः । ते॒ । आऽहु॑तः । चर॑ति । स्व॒धाभि॑ः । आयु॑ः । वसा॑नः । उप॑ । वे॒तु॒ । शेष॑ः । सम् । ग॒च्छ॒ता॒म् । त॒न्वा॑ । जा॒त॒ऽवे॒द॒ः ॥५॥

हे ᵛअग्ने ᵛयः प्रेतः पुमान् ᵛआहुतः चितौ मन्त्रेण समर्पितः सन्

ᵛस्वधाभिः स्वधाकारसमर्पितैः उदकादिभिः सह ᵛचरति तं प्रेतं ᵛपितृभ्यः ᵛपितृप्राप्त्यर्थं ᵛपुनः ᵛअव ᵛसृज भूयः प्रेरय । अयं प्रेतः ᵛआयु जीवनं ᵛवसानः आच्छादयन् । आयुषा युक्त इत्यर्थः । ᵛशेषः शिष्यमाणमस्थिलक्षणं यजनीयं शरीरम् ᵛउप ᵛवेतु उपगच्छतु । हे ᵛजातवेदः तव प्रसादात् ᵛतन्वा शरीरेण ᵛसं ᵛगच्छतां संगतो भवतु ॥ ॥२०॥

અનુવાદ (70) : હે અગ્નિ ! જે (પ્રેત) (અગ્નિચિતા ઉપર) હોમવામાં આવ્યો છે તે 'સ્વધા' એવા શબ્દોચ્ચારો વડે (પિતૃલોકમાં) સંચરણ કરે છે, તેને તમે (= અગ્નિ) ફરીથી સર્જો = પ્રેરો. (આ પ્રેત) આયુષ્‌ને ધારણ કરતો, (હાડપિંજર રૂપ) શેષને પામે. તથા હે જાતવેદસ્ ! (તમારી કૃપાથી તે પ્રેત) શરીરની સાથે સંયુક્ત થાય.
(૧૦-૧૬-૫)

નોંધ : यः (अग्नौ) आहुतः (प्रेतः) स्वधाभिः (पितृलोकं) चरति । हे अग्ने ! त्वं (एनं) पुनः अवसृज (प्रेरय) । ઉત્તરાર્ધમાં आयुः वसानः, शेषः उप वेतु । તથા हे जातिवेदस् ! तन्वा संगच्छताम् । એવો અન્વય લીધો છે. વેંકટમાખવે ત્રીજા પાદમાં થોડોક જુદો અર્થ દર્શાવ્યો છે. "આ મૃતાત્મા પોતાના પુત્રને માટે આયુષનું આચ્છાદન કરતો જાય છે."

यत्ते॑ कृ॒ष्णः श॑कु॒न आ॑तु॒तोद॑ पिपी॒लः स॒र्प उ॒त वा॒
श्वाप॑दः ।
अ॒ग्निष्टद्वि॒श्वाद॑ग॒दं कृ॑णोतु॒ सोम॑श्च॒ यो ब्रा॑ह्म॒णाँ
आ॑वि॒वेश॑ ॥६॥

यत् । ते॒ । कृ॒ष्णः । श॒कु॒नः । आ॒ऽतुतोद॑ । पि॒पी॒लः । स॒र्पः । उ॒त । वा॒ । श्वाप॑दः । अ॒ग्निः । तत् । वि॒श्व॒ऽअत् । अ॒ग॒दम् । कृ॒णो॒तु । सोम॑ः । च॒ । यः । ब्रा॒ह्म॒णान् । आ॒ऽवि॒वेश॑ ॥६॥

हे मृतशरीर ᵛते तव संबन्धि ᵛयत् अङ्गं ᵛकृष्णः ᵛशकुनः काकाख्यः ᵛआतुतोद । आङ् ईषदर्थे । ईषत्तुन्नवान् । तथा ᵛपिपीलः पिपीलिका वा ᵛसर्पः वा ᵛउत ᵛवा अपि वा ᵛश्वापदः श्वशृगालादिः । एतेषामन्यतमो यदि तुन्नवानित्यर्थः । ᵛविश्वात् सर्वस्मात्ता ᵛअग्निः ᵛतत् तादृशमङ्गम् ᵛअगदं ᵛकृणोतु दोषरहितं करोतु । संस्करोत्वित्यर्थः । तथा ᵛसोमश्च देवतारूप ओषधिरूपो वा संस्करोतु । ᵛयः सोमः ᵛब्राह्मणान्

ऋत्विगादीन् ᵛआविवेश प्रविष्टवान् ॥

अनुस्तरण्या वपया प्रेतस्य मुखम् 'अग्नेर्वर्म' इत्यनया प्रोर्णुयात् । सूत्रितं च अनुस्तरण्या वपामुत्खिद्य शिरोमुखं प्रच्छादयेदग्नेर्वर्म परि गामिर्व्ययस्वेति' (आश्व. गृ. ४.३.१९) इति ॥

અનુવાદ (71) : (હે મૃત શરીર !) તારા (અંગ)ને જો કાળા પક્ષી (=કાગડા)એ તોડી ખાધું હોય, કે કીડીએ, સર્પે કે (કૂતરા-શિયાળ જેવા) શ્વાપદોએ (કરડી ખાધું હોય); તો તે બધામાંથી (આ) અગ્નિ (તને) દોષરહિત બનાવે. તથા બ્રાહ્મણોમાં જે પ્રવેશેલો છે તે સોમ (= સોમ ઓષધિ રૂપ દેવતા) પણ (તને દોષ વગરનો બનાવે). (૧૦-૧૬-૬)

નોંધ : અહીં મૃતશરીર જો અશુભ પક્ષી, કે કૂતરા, બિલાડાં, શિયાળ, કે સર્પથી કરડાયું હોય, અને એ રીતે અપવિત્ર થયું હોય તો તેવા શરીરને અગ્નિ પવિત્ર કરે, **अगदं कृणोतु** - દોષ રહિતનું બનાવે - એવી પ્રાર્થના છે. **आतुतोद = तुन्नवान्** = કાણાં પાડ્યા હોય, તોડી કે કરડી ખાધું હોય.

अ॒ग्नेर्वर्म॒ परि॒ गोभि॑र्व्ययस्व॒ सं प्रोर्णु॑ष्व॒ पीव॑सा॒ मेद॑सा च ।
नेत्त्वा॑ धृ॒ष्णुर्हर॑सा॒ जर्हृ॑षाणो द॒धृग्वि॑ध॒क्ष्यन्प॑र्य॒ङ्खया॑ते ॥७॥

अ॒ग्नेः । वर्म॑ । परि॑ । गोभिः॑ । व्य॒य॒स्व॒ । सम् । प्र ।
ऊ॒र्णु॒ष्व॒ । पीव॑सा । मेद॑सा । च॒ । न । इत् । त्वा॒ । धृ॒ष्णुः॑ ।
हर॑सा । जर्हृ॑षाणः । द॒धृक् । वि॒ऽध॒क्ष्यन् । प॒रि॒ऽअ॒ङ्खया॑ते ॥७॥

हे प्रेत ᵛअग्नेः स्वभूतं वर्म ज्वालालक्षणं कवचं ᵛगोभिः अनुस्तरणीगोचर्मणा ᵛपरि ᵛव्ययस्व परितः संवृणु । किंच ᵛपीवसा स्थूलेन ᵛमेदसा ᵛच ᵛसं सम्यक् ᵛप्रोर्णुष्व आच्छादय । एवं कृते सति ᵛहरसा तेजसा ᵛधृष्णुः धर्षणशीलः ᵛजर्हृषाणः अत्यर्थं हृष्यन् ᵛदधृक् धृष्टः प्रगल्भः । 'ऋत्विक्' इत्यादिना दधृक्शब्दो निपातितः । ᵛविधक्ष्यन् विविधं भस्मीकरिष्यन् एवंभूतोऽग्निः ᵛत्वा त्वां ᵛनेत् पर्यङ्खयाते नैव सर्वतो विस्तारयति । अखेर्गत्यर्थाल्लेट्याडागमः ॥

'इममग्ने चमसम्' इत्यनया प्रणीताप्रणयनमनुमन्त्रयते । सूत्रितं च - 'इममग्ने चमसं मा वि जिह्वर इति प्रणीताप्रणयनमनुमन्त्रयते' (आश्व. गृ. ४.३.२४) इति ॥

અનુવાદ (72) : (હે પ્રેત !) તું અગ્નિના (જ્વાળારૂપી) કવચને ગાય (=ગાયના ચામડા) વડે ચારે તરફથી ઓઢી લે. તથા સ્થૂળ મજ્જા વડે પણ (તારી

જાતને) ઢાંકી લે. (જેથી કરીને) તેજથી ધર્ષણ કરનારો, અત્યંત હર્ષિત થનારો, ધૃષ્ટ (પ્રગલ્ભ) એવો અને વિવિધ રૂપે ભસ્મીભૂત કરતો (આ અગ્નિ) તને ચારે તરફથી પીંખી ના કાઢે. (૧૦-૧૬-૭)

નોંધ : પહેલા પાદમાં ૧. (**हे प्रेत !**) **त्वं अग्नेः वर्म** (= **कवचं**) **गोभिः परि व्ययस्व** । ૨. **त्वं पीवसा मेदसा च** (**आत्मानं**) **सम् प्रोर्णुष्व** । એવાં બે વાક્યો છે. √**ऊर्णुञ्** **आच्छादने** ધાતુમાંથી **ऊर्णुस्व** આજ્ઞાર્થ બી. પુ. એ.વ.નું રૂપ બનાવ્યું છે. ત્રીજા-ચોથા પાદમાં એક જ વાક્ય છે : ૩. **हरसा** (= **तेजसा**) **धृष्णुः**, **जर्हषाणो**, **दधृग्**, **विधक्ष्यन्** (**अग्निः**) **त्वा** (= **त्वाम्**) **न पर्यङ्खयाते** । બધાં પ્રથમાન્ત પદો અગ્નિનાં વિશેષણો છે. (જેનો અર્થ અનુવાદમાંથી સ્પષ્ટ થશે જ.)

इममग्ने चमसं मा वि जिह्वरः प्रियो देवानामुत
सोम्यानाम् ।
एष यश्चमसो देवपानस्तस्मिन्देवा अमृता मादयन्ते ॥८॥

इमम् । अग्ने । चमसम् । मा । वि । जिह्वरः । प्रियः । देवानाम् । उत । सोम्यानाम् । एषः । यः । चमसः । देवऽपानः । तस्मिन् । देवाः । अमृताः । मादयन्ते ॥८॥

हे ᵛअग्ने ᵛइमं ᵛचमसं प्रणीताप्रणयनं ᵛमा ᵛवि ᵛजिह्वरः म. विचालीः । यश्चमसः ᵛदेवानाम् इन्द्रादीनां ᵛप्रियः ᵛउत अपि च ᵛसोम्यानां सोमार्हाणां पितृणां प्रियः । किंच ᵛया ᵛएषः ᵛचमसः ᵛदेवपानः । देवाः पिबन्त्यस्मिन्निति । देवपानस्थानीयो भवति ᵛतस्मिन् चमसे ᵛअमृताः मरणवर्जिताः ᵛदेवाः पितरश्च ᵛमादयन्ते हव्यैः कव्यैश्च हृष्टा भवन्ति ॥

અનુવાદ (73) : હે અગ્નિ ! દેવોને અને સોમને યોગ્ય એવા (પિતૃ)ઓને (જે) પ્રિય છે, તે આ ચમસ (પ્યાલા)ને તું હલાવી ના કાઢીશ. આ જે દેવોને પાન કરવા માટેનો ચમસ છે, તેમાં અમર એવા દેવો (અને પિતૃઓ પણ) પ્રસન્ન થાય છે. (૧૦-૧૬-૮)

નોંધ : આ મન્ત્રમાં અગ્નિને પ્રાર્થના કરવામાં આવી છે કે તું દેવોને અને સોમને યોગ્ય એવા પિતૃઓને પ્રિય એવા આ સોમરસ ભરવાના ચમસને હલાવી = ઢોળી ના કાઢીશ. કેમકે આ 'દેવપાન' (= દેવો જેમાં પાન કરે છે તે) ચમસમાંથી સોમ પીને તો અમર એવા દેવો પણ ખૂશ થાય છે. માટે તે ચમસની રક્ષા કરવી જરૂરી છે.

क्र॒व्याद॑म॒ग्निं प्र हि॑णोमि दू॒रं य॒मरा॑ज्ञो गच्छतु रिप्रवा॒हः ।
इ॒हैवायमित॑रो जा॒तवे॑दा दे॒वेभ्यो॑ ह॒व्यं व॑हतु प्रजा॒नन् ॥९॥

क्र॒व्य॒ऽअद॑म् । अ॒ग्निम् । प्र । हि॒णो॒मि॒ । दू॒रम् । य॒मऽरा॑ज्ञः । ग॒च्छ॒तु॒ । रि॒प्र॒ऽवा॒हः । इ॒ह । ए॒व । अ॒यम् । इत॑रः । जा॒तऽवे॑दाः । दे॒वेभ्यः॑ । ह॒व्यम् । व॒ह॒तु॒ । प्र॒ऽजा॒नन् ॥९॥

आहिताग्निमरण एतदादिके द्वे ऋचावौपासनोद्वासने विनयुक्ते । तत्र प्रथमायाः पूर्वार्धेन दक्षिणस्यां दिशि चतुष्पथादावौपासनाग्निं निरस्यति । उत्तरेण शान्तिकर्मार्थमादत्ते (आश्व. गृ. ४.६) । ᵛक्रव्यादम् । क्रव्यमामिषम् । तस्यात्तारं तीव्रम् ᵛअग्निं ᵛदूरं विप्रकृष्टदेशे ᵛप्र ᵛहिणोमि प्रगमयामि । 'हि गतौ' स्वादिः । ᵛरिप्रवाहः । रिप्रं प्रापम् । तस्य वोढा सोऽग्निः ᵛयमराज्ञः यमो राजा येषां तान् यमराजकान् अन्यप्रदेशान् ᵛगच्छतु प्राप्नोतुः । ᵛअयं शान्तिकर्मार्थमुपादत्तः ᵛइतरः क्रव्याददन्यः ᵛजातवेदाः जातानां वेदिता जातधनो वा ᵛप्रजानन् सर्वैर्विज्ञायमानोऽग्निः ᵛइहैव देशे ᵛदेवेभ्यः देवार्थं ᵛहव्यं हवनयोग्यं हविः ᵛवहतु प्रापयतु ॥

અનુવાદ (74) : હું 'ક્રવ્ય' (મડદાના કાચા માંસ)ને ખાનાર અગ્નિને ઘણે દૂર નોકલી દઉં છું; રિપ્ર (= પાપ)નું વહન કરનારો (અગ્નિ), યમ જેનો રાજા છે તેવા પ્રદેશોમાં ચાલ્યો જાય. (ક્રવ્યાદથી ભિન્ન) અન્ય એવો આ જાતવેદસ્ (નામનો અગ્નિ), કે જે બધા વડે ઓળખાયેલો (= જ્ઞાનવાન્) છે તે સૌ દેવોને માટે હવ્યને વહી જાય (= લઈ જાય). (૧૦-૧૬-૯)

નોંધ : આ મન્ત્રનો ક્યાં/ક્યારે વિનિયોગ થાય છે ? એને સમજાવતાં આશ્વલાયન ગૃહ્યસૂત્ર (૪-૬)માં જણાવ્યું છે કે આહિતાગ્નિ = શ્રોત્રિય વ્યક્તિના મરણ પ્રસગે, અંત્યેષ્ટિ સંસ્કાર વખતે આ મન્ત્ર વપરાય છે. આ મંત્રમાં એવી પ્રાર્થના કરવામાં આવી છે કે - (શ્રોત્રિય વ્યક્તિને અગ્નિસંસ્કાર કરતાં પહેલાં) શ્મશાનમાં જે 'ક્રવ્યાદ' નામનો (કાચા માંસને ખાનાર અર્થાત્ મડદાંને બાળનાર) અગ્નિ છે તેને દૂરના પ્રદેશમાં મોકલી દેવો. દક્ષિણ દિશામાં ચાર રસ્તે જે ઔપાસનાગ્નિ છે તેને દૂર કરતાં કહેવાયું છે કે - જે રિપ્ર = પાપનું વહન કરનાર અગ્નિ છે તેન યમ જેનો રાજા છે' તેવા પ્રદેશોમાં ધકેલી દેવો. ત્યાર પછી, જે જાતવેદસ્ નામનો પવિત્ર અગ્નિ છે, તેને પ્રાર્થવામાં આવે છે કે તે સૌ દેવોને ઉદ્દેશીને -ને માટે- હવ્યનું વહન કરી જાય.

प्रजानन् - વર્તમાન કૃદન્ત પ્રથમા વિ. એ.વ. **जातवेदाः** નું વિશેષણ - 'જ્ઞાની' અથવા 'બધાથી ઓળખાતો !'

यो अ॒ग्निः क्र॒व्यात्प्र॑वि॒वेश॑ वो गृ॒हमि॒मं पश्य॒न्नित॑रं
जा॒तवे॑दसम् ।
तं ह॑रामि पितृय॒ज्ञाय॑ दे॒वं स घ॒र्ममि॑न्वात्परमे
स॒धस्थे॑ ॥१०॥

यः । अ॒ग्निः । क्र॒व्य॒ऽअत् । प्र॒ऽवि॒वेश॑ । व॒ः । गृ॒हम् । इ॒मम् । पश्य॑न् । इत॑रम् । जा॒तऽवे॑दसम् । तम् । ह॒रा॒मि॒ । पि॒तृ॒ऽय॒ज्ञाय॑ । दे॒वम् । सः । घ॒र्मम् । इ॒न्वा॒त् । प॒र॒मे । स॒धऽस्थे॑ ॥१०॥

ᵛयः क्रव्यादः ᵛअग्निः देवो युष्माकं गृहिणां ᵛगृहं ᵛप्रविवेश प्रविष्टवान् ᵛतं क्रव्यादं ᵛदेवं ᵛहरामि । गृहाद्बहिर्निष्कामयामीत्यर्थः । किमर्थम् । ᵛपितृयज्ञाय तदर्थम् किं कुर्वन् । ᵛइमम् ᵛइतरं तस्मादन्यं हव्यवाहं ᵛजातवेदसं ᵛपश्यन् पर्यालोचयन् । तथा सति क्रव्यादात्परोऽग्निः ᵛपरमे उत्कृष्टे ᵛसधस्थे सहस्थाने ᵛघर्मं यज्ञम् ᵛइन्वात् प्राप्नोतु । पितृभिर्घर्मपैः सहेति शेषः ।। ॥२१॥

महापितृयज्ञे वषट्कारक्रियायां 'यो अग्निः कव्यवाहनः' इत्येषा स्विष्टकृतो याज्या । सूत्रितं च - 'यो अग्निः कव्यवाहनस्त्वमग्न ईळितो जातवेद इति संयाज्ये' (आश्व. श्रौ. २.१९) इति ॥

અનુવાદ (75) : આ બીજા 'જાતવેદસ્' નામના (અગ્નિ)ને જોતો હું, જે 'ક્રવ્યાદ' નામનો અગ્નિ તમારા ઘરમાં પ્રવેશેલો છે, તે (ક્રવ્યાદ) દેવને પિતૃયજ્ઞને માટે લઈ જાઉં છું. તે (જાતવેદસ્) ઉત્કૃષ્ટ એવા પિતૃઓ સાથેના સ્થાનમાં ઘર્મને = યજ્ઞને પ્રાપ્ત કરે. (૧૦-૧૬-૧૦)

નોંધ : અહીં પહેલા ત્રણ પાદોનો નીચે મુજબ અન્વય ગોઠવીને, તેમાંથી એક વાક્ય બનાવવાનું છે. જેમકે, **इमं इतरम् जातवेदसम् पश्यन् (अहम्), यः क्रव्यात् अग्निः वः गृहम् प्रविवेश, तं (क्रव्यादं) देवं पितृयज्ञाय हरामि ।** આ મુજબ જ અનુવાદ ગોઠવ્યો છે. ત્યાર પછી ચોથા પાદનું વાક્ય આમ છે. **स (जातवेदाः) परमे सधस्थे घर्मम् इन्वात् ।** અહીં **सधस्थ** નો અર્થ 'પિતૃઓ સહિતનું સ્થાન', તથા **घर्मम्**- નો અર્થ 'યજ્ઞ' લેવાનો છે.

આ મન્ત્રમાં 'ક્રવ્યાદ' નામનો (શબને ખાનારો) અગ્નિ જે ગૃહસ્થોના ઘરમાં પ્રવેશેલો છે, તેને 'પિતૃયજ્ઞ'ને માટે અર્થાત્ શ્મશાનકર્મને માટે ઘરની બહાર

કાઢવાની વાત છે. ઘરમાં જે બીજો જાતવેદસ્ નામનો અગ્નિ છે તેને તો યજ્ઞમાં ઉપયોગમાં લેવાનો છે, તેથી તેને માટે કહ્યું કે તે જાતવેદસ્ તો યજ્ઞને પ્રાપ્ત કરે. **इन्वात्** તે 'વ્યાપવું' અર્થવાળા **इन्वति** ક્રિયાપદમાંથી વેદમાં આજ્ઞાર્થ ત્રી.પુ. એ.વ.નું રૂપ છે. જેનો અર્થ **व्याप्नुयात्** - 'વ્યાપી વળે' એવો થાય છે.

यो अ॒ग्निः क्र॑व्य॒वाह॑नः पि॒तॄन्यक्ष॑दृता॒वृधः॑ ।
प्रेदु॑ ह॒व्यानि॑ वोचति दे॒वेभ्य॑श्च पि॒तृभ्य॒ आ ॥११॥

यः । अ॒ग्निः । क्र॒व्य॒ऽवाह॑नः । पि॒तॄन् । यक्ष॑त् । ऋ॒त॒ऽवृधः॑ । प्र । इत् । ऊँ॒ इति॑ । ह॒व्यानि॑ । वो॒च॒ति॒ । दे॒वेभ्यः॑ । च॒ । पि॒तृऽभ्यः॑ । आ ॥११॥

ᵛकव्यवाहनः कव्यस्य हविषो वोढा ᵛयोऽग्निः ᵛपितॄन् ᵛऋतावृधः ऋतस्य यज्ञस्योदकस्य वा वर्धयितॄन् सत्येन वृद्धान् वा देवान् । एतत्पितृविशेषणं वास्तु । तान् ᵛयक्षत् यजति । यजेर्लेटि सिबडागमः । सोऽग्निः ᵛहव्यानि हवींषि ᵛप्र वोचतु पितृयज्ञे प्रब्रवीतु । युष्मदर्थं मयानीतानीति । इदू पूरणौ । केभ्यः । ᵛदेवेभ्यश्च ᵛपितृभ्यः च । आकारः समुच्चये ॥

महापितृयज्ञे 'उशन्तस्त्वा' इत्येषा सामिधेनी । सूत्र्यते हि - 'उशन्तस्त्वा नि धीमहीत्येतां त्रिरनवानं ताः सामिधेन्यः' (आश्व.श्रौ. २.१९) इति ॥

અનુવાદ (76) : જે અગ્નિ 'ક્રવ્ય' નામના હવિષ્નું વહન કરનારો છે તે, સત્યથી વધેલા (**ऋतावृधः**) પિતૃઓને યજે છે. તે (ક્રવ્યવાહન નામનો અગ્નિ) દેવોને માટે અને પિતૃઓને માટે હવિષોની જાહેરાત કરે છે - બોલે. (૧૦-૧૬-૧૧).

નોંધ : આ મન્ત્ર અનુષ્ટુપ્ છન્દમાં રચાયો છે. **क्रव्यवाहनः** - અગ્નિનું એક નામ. પિતૃઓ માટેના ક્રવ્ય નામના હવિષને વહી જનારો અગ્નિ. તે **ऋतावृधः पितॄन् यक्षत्** । ઋતથી = સત્યથી વધેલા (અથવા ઋત = યજ્ઞને કે પાણીને વધારનાર) પિતૃઓને પૂજે. √**यज्** ધાતુનું **लेट्** (વૈદિક સંકેતાર્થ) લકારનું રૂપ. આવો (**सः अग्निः**) **देवेभ्यः पितृभ्यः च हव्यानि प्र वोचतु** । દેવો અને પિતૃઓને માટે હવ્યોની જાહેરાત કરે. **प्रेदु** પદમાં **प्र+इत्+उ** છે. **प्र** તો ઉપસર્ગ રૂપે **वोचतु** ક્રિયાપદની પૂર્વે જોડાશે; પણ બાકીના બે શબ્દો પાદપૂરક અવ્યય છે. (તેમનો કોઈ અર્થ નથી.)

उ॒शन्त॑स्त्वा॒ नि धी॑मह्युशन्त॒ः समि॑धीमहि ।
उ॒शन्नुश॒त आ व॑ह पि॒तॄन्ह॒विषे॒ अत्त॑वे ॥१२॥

उ॒शन्त॑ः । त्वा॒ । नि । धी॒म॒हि॒ । उ॒शन्त॑ः । सम् । इ॒धी॒म॒हि॒ ।
उ॒शन् । उ॒श॒तः । आ । व॒ह । पि॒तॄन् । ह॒विषे॑ । अत्त॑वे ॥१२॥

हे अग्ने ˅उशन्तः कामयमाना वयं ˅त्वा त्वां ˅नि ˅धीमहि कर्मार्थं स्थापितवन्तः । ˅उशन्तः वयं ˅समिधीमहि ˅संदीपयामः । त्वमपि ˅उशन् कामयमानः हविरादिकम् ˅उशतः आगन्तुकामान् ˅पितॄन् अस्मिन् यज्ञे ˅आ ˅वह । किमर्थम् । ˅हविषे अस्माभिः प्रत्तं हविः ˅अत्तवे अत्तुम् । अदेस्तुमर्थे तवेन्प्रत्ययः । 'क्रियाग्रहणं कर्तव्यम्' इति कर्मणः संप्रदानसंज्ञा ॥

અનુવાદ (77) : કામના કરતાં અમે, (હે અગ્નિ) તમારી સ્થાપના કરી છે; વળી, કામના કરતા (અમે) (તને) સંદીપિત કરીએ છીએ. (પ્રજ્વલિત કરીએ છીએ). (અને હે અગ્નિ ! તું પણ) કામના કરતો હવિષને ખાવાને માટે, કામના કરી રહેલા પિતૃઓને અહીં વહી લાવ. (૧૦-૧૬-૧૨)

નોંધ : ૧. उशन्तः (वयं) त्वा (= त्वां) निधीमहि । २. उशन्तः (वयं) समिधीमही (= संदीपयामः) । ३. उशन् (अग्निः = त्वं), हविषे अत्तवे, उशतः पितॄन् आ वह । - એવાં ત્રણ વાક્યો છે. √उश् 'કામના કરવી' ધાતુના વર્તમાન કૃદન્તનાં રૂપો અહીં વપરાયાં છે. અહીં નોંધપાત્ર પ્રયોગ તો **'हविषे अत्तवे'** એ છે. **अत्तवे (= अत्तुम्)** એ વૈદિક હેત્વર્થનું રૂપ છે, **अद् भक्षणे** ધાતુ સકર્મક છે આથી અહીં તેના કર્મ **हविष्**નું દ્વિતીયા વિભક્તિમાં **हविः** રૂપ હોવું જોઈએ, પણ અહીં ચતુર્થીમાં રૂપ વપરાયું છે. જે આશ્ચર્ય ઉપજાવે છે : તેનો શબ્દશઃ અર્થ થશે : **'हविष् ને માટે ખાવાને માટે !'**

उशन् अग्निः, उशतः पितॄन् માં उशत् એટલે શું ? તો उशत् એટલે પિતૃઓનું આગમન ઇચ્છતો તું અગ્નિ, પિતૃયજ્ઞમાં આવવા ઇચ્છતા પિતૃઓને લઈ આવ.

यं त्वम॑ग्ने स॒मद॑ह॒स्तमु निर्वा॑पया॒ पुन॑ः ।
कि॒याम्ब्वत्र॑ रोहतु पाकदू॒र्वा व्य॑ल्कशा ॥१३॥

यम् । त्वम् । अ॒ग्ने॒ । स॒म्ऽअद॑हः । तम् । ऊँ॒ इति॑ । निः ।

वा॒प॒य । पुन॒रिति॑ । कि॒याम्बु॑ । अत्र॑ । रो॒ह॒तु । पा॒क॒ऽदू॒र्वा ।
विऽअ॑ल्कशा ॥१३॥

हे ᵛअग्ने ᵛत्वं पितृदहनकाले ᵛयं देश ᵛसमदहः पुरा सम्यग्दग्धवानसि ॥ 'तिङि चोदात्तवति' इति समो निघातः । ᵛतमु तमेव ᵛपुनः ᵛनिर्वापय । ᵛअत्र अस्मिन् देशे ᵛकियाम्बु कियत्प्रमाणमुदकं यस्मिन् तत् पुष्करिण्यादिकं ᵛरोहतु उत्पद्यताम् । किंच ᵛव्यल्कशा विविधशाखा ᵛ-पाकदूर्वा परिपक्वदूर्वा चोत्पद्यताम् ॥

अस्थिसंचयने क्षीरोदकेन शमीशाखया त्रिः प्रसव्यं श्मशानायतनं प्रोक्षति 'शीतिके शीतिकावति' इत्यनया । सूत्रितं च - 'क्षीरोदकेन शमीशाखया त्रिः प्रसव्यं परिव्रजन् प्रोक्षति शीतिके शीतिकावतीति' (आश्व. गृ.४.५.३) इति ॥

અનુવાદ (78) : હે અગ્નિ ! તે (પિતૃદહન પ્રસંગે) જે (સ્થાન)ને બાળીમૂક્યું છે, તેને તું ફરીથી ઠંડું પાડ. અહીં (આ સ્થળે) થોડુંક જળ(નું ઝરણું) ફુટો, તથા વિવિધ શાખાઓ વાળી પરિપક્વ એવી દૂર્વા (ઘાસ) પણ (અહીં ઊગી નીકળે).

(૧૦-૧૬-૧૩)

નોંધ : આ મન્ત્રમાં ઋષિએ પ્રાર્થના કરી છે કે જે શ્મશાનભૂમિમાં પ્રેતને દાહકર્મ કર્યું છે તે બળી ગયેલી ભૂમિ ફરીથી ઠંડી પડી જાય, અને ત્યાં **कियाम्बु** - થોડુંક જળ - નાનું ઝરણું - તથા **व्यल्कशा पाकदूर्वा** વિવિધ શાખાવાળી પાકેલી = પરિપક્વ દૂર્વા પણ **रोहतु** - ઊગી નીકળો.ભાષ્યકાર વેંકટમાધવે, આ મન્ત્રને ક્યારે બોલવામાં આવે છે ? એની સ્પષ્ટતા કરી છે. જેમકે, મૃત વ્યક્તિને બાળી મૂક્યા પછી, તેના અસ્થિને ઠંડા કરીને ભેગાં કરતી વખતે, અગ્નિને આવી પ્રાર્થના કરવામાં આવે છે : **अस्थानि अभ्युदय ग्रहणकालेऽग्निरुच्यते** । અહીં વાક્યાન્વય આમ છે : १. **हे अग्ने ! त्वं यम् (देशं) समदहः । तं (देशं) पुनः निर्वापय (= उपशमय) । २. अत्र कियाम्बु रोहतु । ४. व्यल्कशा पाकदूर्वा (रोहतु)** । મન્ત્રના ઉત્તરાર્ધમાં આવેલું ક્રિયાપદ દેહલીદીપક ન્યાયે બન્ને તરફ જોડવાનું છે. સાયણે **कियाम्बु** નો અર્થ 'થોડુંક જળ' લીધો છે, પણ વેંકટમાધવે તેનો અર્થ 'થોડા જળવાળી શેવાળ-લીલ' એવો કર્યો છે. (પર્યાવરણની સુરક્ષાના આધુનિક વિચારની દૃષ્ટિએ આ મન્ત્ર નોંધપાત્ર ગણી શકાય.)

शीति॑के॒ शीति॑कावति॒ ह्लादि॑के॒ ह्लादि॑कावति ।
म॒ण्डू॒क्या॒३॒ सु सं ग॑म इ॒मं स्व१॒ग्निं ह॑र्षय ॥१४॥

**शीतिके । शीतिकाऽवति । ह्लादिके । ह्लादिकाऽवति ।
मण्डूक्यां । सु । सम् । गमः । इमम् । सु । अग्निम् । हर्षय ॥१४॥**

हे ᵛशीतिके शैत्ययुक्ते हे ᵛशीतिकावति । शीतिकाः शैत्ययुक्ता ओषधयः । ताभिस्तद्वति हे ᵛह्लादिके आह्लादयित्रि हे ᵛह्लादिकावति आह्लदकफलयुक्तैर्वृक्षैस्तद्वति नु पृथिवि ᵛमण्डूक्या मण्डूकस्त्रिया वृष्टिप्रियया । ᵛसु सुष्टु ᵛसं ᵛगमः संगच्छस्व ॥ गमेर्लुङि व्यत्ययेन परस्मैपदम् । ततः ᵛइमम् ᵛअग्निं ᵛसु सुष्टु ᵛहर्षय ॥

અનુવાદ (79) : હે શૈત્યયુક્ત (ઓષધીઓ)વાળી શીતળતા ભરી (પૃથિવી) ! હે આહ્લાદક (ફળો) વાળી આહ્લાદ આપનારી (પૃથિવી) ! તું દેડકીઓની સાથે સંગમ પામ. (ત્યાર પછી) (તું) આ અગ્નિને હર્ષિત કર. (૧૦-૧૬-૧૪)

નોંધ : મૃત વ્યક્તિને બાળી મૂક્યા પછી, એ જમીન ગરમીથી બળી ગઈ હોય, તેમાં રહેલ વૃક્ષનાં બીજ પણ બળી ગયાં હોય, તેના પેટાળમાં રહેલાં દેડકાં પણ કદાચ મરી ગયા હોય - આ બધી વાતનો ખ્યાલ કરીને, ઋષિ દ્વારા પ્રાર્થના કરવામાં આવી છે કે - પૃથિવીમાતા ! તમે શીતળતા પામો, તમારી ઉપર શીતળતાવાળી વનસ્પતિ ઊગી નીકળો. તેની ઉપર આહ્લાદક ફળો બેસે. તથા વૃષ્ટિ થાય ત્યારે તમારા પેટાળમાં ફરીથી દેડકાઓ આવીને રહો. વગેરે વાક્યાન્વયની દૃષ્ટિએ પૂર્વાર્ધમાં બધાં પૃથિવીનાં જ સંબોધનો છે : **शीतिकावति शीतिके, ह्लादिकावति ह्लादिके ! (पृथिवि) ! त्वं मण्डूक्या सु संगम । (त्वं) इमं अग्निं हर्षय ॥** આનો શબ્દાર્થ અનુવાદમાંથી સ્પષ્ટ થશે.

10.41 (1 to 3)

અશ્વિનૌ-સૂક્ત

‘समानम्’ इति तृचं द्वादशं सूक्तं घोषायाः पुत्रस्य सुहस्त्यस्यार्षं जागतमाश्विनम् । अनुक्रान्तं च—‘समानं तृचं सुहस्त्यो घौषेयः’ इति । प्रातरनुवाकाश्विनशस्त्रयोरुक्तो विनियोगः ॥

સૂક્તનો પરિચય : અહીં ત્રણ ઋચાઓવાળું ‘અશ્વિનૌ’ દેવતાની સ્તુતિ કરતું એક સૂક્ત રજૂ થાય છે. આ શબ્દ દ્વિવચનમાં છે, તેથી સૂચિત થાય છે કે આ જોડકાંમાં જ રહેતા બે દેવતાઓ છે. **अश्व+इन् > अश्विन्** । શબ્દનું દ્વિવચનમાં રૂપ થાય છે : **अश्विनौ** । = ઘોડાવાળા બે દેવો તે ‘અશ્વિનૌ’ કહેવાય છે. વૈદિક દંતકથા મુજબ તેઓ સૂર્યપત્ની ‘અશ્વિની’ થકી જન્મેલા છે, તેથી અશ્વિનૌ તરીકે ઓળખાય છે. યાસ્કના મત મુજબ અન્તરિક્ષ સ્થાનમાં રહેનારા આ દેવો છે. પ્રસ્તુત

સૂક્તમાં આ બે દેવોને ત્રણ ચક્રવાળા એક જ રથમાં સાથે બેઠેલા કહ્યા છે. ઉષાના ઉદય સમયે યજ્ઞમાં આ દેવોને નિમંત્રણ આપવામાં આવ્યું છે. તેમને 'મધુવાહન' નામના રથમાં બેસીને સવારના પહોરમાં યજ્ઞ કરનારી પ્રજા પાસે જવાનું કહેવામાં આવે છે. પ્રસ્તુતસૂક્તના દ્રષ્ટા 'સુહસ્ત્ય ઘોષેય'ના યજ્ઞમાં પણ આવવાનું કહેવામાં આવ્યું છે. ઋષિએ આ દેવોને **'અશ્વિનૌ'** કહેવાની સાથે **'नासत्यौ'** પણ કહ્યા છે. અર્થાત્ **न असत्य** = ખોટા નહીં તેવા, અત્યંત સત્ય. સાયણે આનો શબ્દાર્થ 'સત્યના પ્રણેતા' એવો કર્યો છે. આ સૂક્ત નાનું-ત્રણ ઋચાઓવાળું - જ હોવાથી વધુ વિગતો મળતી નથી.

स॒मा॒नमु॒ त्यं पु॑रुहू॒तमु॒क्थ्यं१॒ रथं॑ त्रिच॒क्रं सव॑ना॒
गनि॑ग्मतम् ।
परि॑ज्मानं वि॒दथ्यं॑ सुवृ॒क्तिभि॒र्व॒यं व्युष्टा उ॒षसो॑ हवामहे ॥१॥

स॒मा॒नम् । ऊँ॒ इति॑ । त्यम् । पु॒रु॒ऽहू॒तम् । उ॒क्थ्य॑म् । रथ॑म् । त्रि॒ऽच॒क्रम् । सव॑ना । गनि॑ग्मतम् । परि॑ऽज्मानम् । वि॒द॒थ्य॑म् । सु॒वृ॒क्तिऽभिः॑ । व॒यम् । विऽउ॑ष्टौ । उ॒षसः॑ । ह॒वा॒म॒हे॒ ॥१॥

हे अश्विनौ युवयोः ᵛसमानमु साधारणमेव ᵛत्यं तं ᵛपुरुहूतं बहुभिराहूतम् ᵛउक्थ्यं प्रशस्यं ᵛत्रिचक्रं ᵛसवना सवनानि यज्ञान् ᵛगनिग्मतं प्रतिगच्छन्तं ᵛपरिज्मानं परितो गन्तारं ᵛविदथ्यं यज्ञहिप्तं ᵛरथम् ᵛउषसा ᵛव्युष्टौ ᵛसुवृक्तिभिः सुष्ठु दोषवर्जिताभिः स्तुतिभिः ʼवयं ᵛहवामहे आह्वयामः ॥

અનુવાદ (80) : (હે અશ્વિનૌ !) અમે ઉષાઓના ઉદયકાળ, દોષવગરની સ્તુતિઓ **(सुवृक्तिभिः)** વડે (તમારા) તે એક સમાન, ઘણા બધા વડે બોલાવવામાં આવતાં, પ્રશંસનીય એવા, ત્રણ ચક્રોવાળા, વિવિધ યજ્ઞો તરફ જનારા, ચારેય તરફ ફરનારા, યજ્ઞ માટે અનુકૂળ એવા રથને બોલાવીએ છીએ. (૧૦-૪૧-૧)

નોંધ : અહીં મૂળ વાક્ય **वयं, उषसः व्युष्टौ, सुवृक्तिभिः (स्तुतिभिः) त्यं (तं) रथं हवामहे** ॥ એવું છે. મન્ત્રમાં બીજાં જે કોઈ દ્વિતીયાન્ત પદો છે તે **रथम्** (કર્મકારક)નાં વિશેષણો છે. ''અમે (ઉષાના ઉદય સમયે, સ્તુતિઓથી) રથને બોલાવીએ છીએ.'' 'રથ' કેવો કેવો ? તો - **समानम्** - એક સાધારણ - (બે) અશ્વિનૌને માટે એક જ, **त्यं = तम्** - તે, **पुरुहूतम्** - ઘણા બધાથી બોલાવાતો, **उक्थ्यम्** - પ્રશંસનીય, **त्रिचक्रं** - ત્રણ પૈડાંવાળો, **सवना(नि) गनिग्मतम्** અનેક યજ્ઞો તરફ વારંવાર જનારો, (**√गम्** ધાતુનું પૌનઃ પુન્યાર્થક વર્તમાનકૃદન્તનું

गनिग्मतम् = ३५), परिज्मानम् - ચારેય તરફ ફરનારો, **विदथ्यं** - યજ્ઞને માટે અનુકૂળ.

प्रा॒त॒र्यु॑जं नास॒त्याधि॑ तिष्ठथः प्रात॒र्यावा॑णं मधु॒वाह॑नं रथ॑म् ।
विशो॒ येन॒ गच्छ॑थो॒ यज्व॑रीर्नरा की॒रेश्चि॑द्य॒ज्ञं होतृ॑मन्तमश्विना ॥२॥

प्रा॒त॒ःऽयुज॑म् । ना॒स॒त्या॒ । अधि॑ । ति॒ष्ठ॒थः॒ । प्रा॒त॒ःऽयावा॑नम् ।
म॒धु॒ऽवाह॑नम् । रथ॑म् । विशः॑ । येन॑ । गच्छ॑थः । यज्व॑रीः ।
न॒रा॒ । की॒रेः । चि॒त् । य॒ज्ञम् । होतृ॑ऽमन्तम् । अ॒श्वि॒ना॒ ॥२॥

हे ᵛनासत्या नासत्यभूतौ सत्यस्य प्रणेतारौ वा ᵛनरा नेतारावश्विनौ युवां ᵛप्रातर्युजं प्रातःकालेऽश्वैर्युज्यमानं ᵛप्रातर्यावाणं प्रातर्गन्तारं ᵛमधुवाहनं मधुनोऽमृतस्य वाहकं तं ᵛरथम् ᵛअधि ᵛतिष्ठथः । आरोहतमित्यर्थः । ᵛयज्वरीः यजनशीलाः ᵛविशः प्रजाः ᵛयेन रथेन ᵛगच्छथः । ᵛयेन च ᵛकीरेश्चित् स्तोतुरपि ᵛहोतृमन्तम् ऋषियुक्तं ᵛयज्ञं गच्छथः ॥

અનુવાદ (81) : હે નાસત્યૌ (= અશ્વિનૌ) ! સવારે જોડવામાં આવતાં, સવારમાં જનારા, મધુ = અમૃતને વહી જનારા રથમાં તમે (બન્ને જણ) બેસો. નેતા એવા તમે બે (**नरा = नरौ**), જે (રથ) વડે યજ્ઞ કરનારી પ્રજાઓ તરફ જાવ, હે અશ્વિનૌ ! (જે રથ વડે) (તમે બે) સ્તુતિ કરનારના (**कीरेः**), હોતાઓથી યુક્ત એવા યજ્ઞમાં જાવ. (૧૦-૪૧-૨)

નોંધ : આ મન્ત્રમાં ત્રણ વાક્યો છે : ૧. પહેલા પાદમાં - **हे नासत्यौ ! प्रातर्युजं, प्रातः यावाणं, मधुवाहनम्, रथम् तिष्ठथः ।** ૨. ત્રીજા પાદમાં **हे नरौ (= नेतारौ) ! (युवाम्) येन (रथेन) यज्वरीः विशः गच्छथ ।** ૩. ચોથા પાદમાં - **हे अश्विना ! (युवाम्) (येन रथेन) कीरेः (= स्तोतुः) होतृमन्तं यज्ञं (गच्छथ) ॥**

- અહીં અશ્વિનૌને માટે 'નાસત્યૌ' એવું વિશેષણ વપરાયું છે. તેનો સાયણે અર્થ કર્યો છે : 'સત્યના પ્રણેતાઓ.' **प्रातर्युजम्** - સવારે જોડાનારા (રથમાં), **प्रातर्यावाणम्** - સવારે જનારા (રથમાં)', **(युवाम्) तिष्ठथः** - તમે બે બેસો (છો). ૨. **हे नरा = नरौ = नेतारौ ।** - નેતા એવા તમે બે, **यज्वरीः विशः** (કર્મ, દ્વિતીયા બ.વ.) યજ્ઞ કરનારી (જયનશીલ) પ્રજાઓ તરફ, **गच्छथः ।** - તમે બે જાવ છો. ૩. **हे अश्विनौ ! (युवाम्)** - હે અશ્વિનૌ ! (તમે બે), **कीरेः** - સ્તુતિ કરનારના, **होतृमन्तं यज्ञं** - હોતાઓવાળા યજ્ઞમાં, **गच्छथ** - (ક્રિયાપદનો અધ્યાહાર લેવાનો છે.) - જાવ છો.

अ॒ध्व॒र्युं वा॒ मधु॑पाणिं सु॒हस्त्य॑म॒ग्निधं॑ वा धृ॒तद॑क्षं॒ दमू॑नसम् ।
विप्र॑स्य वा॒ यत्सव॑नानि॒ गच्छ॒थोऽत॒ आ या॑तं मधु॒पेय॑मश्विना ॥३॥

अ॒ध्व॒र्युम् । वा॒ । मधु॑ऽपाणिम् । सु॒ऽहस्त्य॑म् । अ॒ग्निध॑म् । वा॒ । धृ॒तऽद॑क्षम् । दमू॑नसम् । विप्र॑स्य । वा॒ । यत् । सव॑नानि । गच्छ॑थः । अत॑ः । आ । या॒त॒म् । म॒धु॒ऽपेय॑म् । अ॒श्वि॒ना॒ ॥३॥

हे अश्विनौ युवां ᵛमधुपाणिं सोमपाणिम् ᵛअध्वर्युं ᵛवा ᵛसुहस्त्यं सुहस्त्यनामानमृषिं मा ᵛधृतदक्षं धृतवलं ᵛदमूनसं दानमनसम् ᵛअग्निधं ᵛवा ऋत्विग्विशेषं समायातम् । तदेव दर्शयति । ᵛयत् यद्यपि ᵛविप्रस्य अन्यस्य मेधाविनः ᵛसवनानि यज्ञान् ᵛगच्छथः तथापि ᵛअतः तेभ्यो यज्ञेभ्यः ᵛमधुपेयम् अस्माकं सोमात्मकं पेयम् ᵛआ ᵛयातम् अन्वागच्छतम् ॥२१॥

અનુવાદ (82) : હે અશ્વિનૌ ! મધુ (અર્થાત્ સોમલતા) છે જેના હાથમાં તેવા, અધ્વર્યુ, અગ્નિધ (નામના ઋત્વિજ્), જેણે દક્ષતા ધારણ કરી છે તેવા અને દાન આપવાના મનવાળા એવા (મારી) 'સુહસ્ત્ય' (નામના ઋષિ)ની તરફ (તમે બે) [આવ્યા છો.]. જોકે (તમે બે જણ) (અન્ય) વિપ્રના યજ્ઞોમાં જાવ છો, (તો પણ) તે (યજ્ઞો) તરફથી (મારા આ) મધુપેય (= સોમ રૂપ પીણું જેમાં મળવાનું છે તેવા) (યજ્ઞ)માં આવો. (૧૦-૪૧-૩)

નોંધ : મન્ત્રમાં સૌથી છેલ્લે આવેલા **अश्विना** (= હે **अश्विनौ**) પદને સંબોધન રૂપે સૌથી પહેલા મૂકીને, મન્ત્રના પૂર્વાર્ધમાં આવેલાં તમામ દ્વિતીયાન્ત પદોને કર્મ રૂપે લઈને, તેની પાછળ **समायातम्** એવા ક્રિયાપદનો અધ્યાહાર લેવાથી એક વાક્ય બની જશે. આમાં ઋષિ સુહસ્ત્ય પોતાની તરફ બે અશ્વિનૌ દેવને આવવાની પ્રાર્થના કરે છે. પોતે કેવા કેવા ગુણોવાળો છે ? એ કહેવાં **अध्वर्युम्, मधुपापिम्** વગેરે વિશેષણો વાપર્યાં છે (જે અનુવાદમાંથી સ્પષ્ટ થશે).

મન્ત્રના ઉત્તરાર્ધમાં વાક્યાન્વય આ પ્રમાણે છે : **यत्** (= **यद्यपि**) **विप्रस्य सवनानि गच्छथः** - જો કે (તમે બે અશ્વિનૌ) અન્ય વિપ્રના યજ્ઞોમાં પણ જાવ છો; (તો પણ) (અધ્યાહૃત પદ) **अतः** (= **तेभ्यः यज्ञेभ्यः**) - તે (યજ્ઞો)માંથી, (મારા સુહસ્ત્યના) **मधुपेयं** (**यज्ञं**) **आ यातम्** - મધુપેય (યજ્ઞ)માં આવો.

10.43 (1 to 11)

ઈન્દ્રસૂક્ત

चतुर्थेऽनुवाकेऽष्टादश सूक्तानि । तत्र 'अच्छा मे' इत्येकादशर्चं प्रथमं सूक्तम् । दशम्येकादश्यौ त्रिष्टुभौ । शिष्टा जगत्यः । पूर्ववदृषिदेवते । तथा चानुक्रान्तम्–'अच्छा मे द्वित्रिष्टुबन्तम्' इति । उक्थ्ये ब्राह्मणाच्छंसिनस्तृतीयसवन एतत्सूक्तम् । सूत्रितं च–'अच्छा म इन्द्रं बृहस्पते युवमिन्द्रश्च वस्व इति याज्ये' (आश्व. श्रौ. ६.१) इति । षष्ठेऽहन्यप्यस्यैतत्सूक्तम् । सूत्रितं च–'अच्छा म इन्द्रमिति नित्यमैकाहिकम्' (आश्व. श्रौ. ८.३) इति ॥

સમગ્ર ઋગ્વેદમાં પ્રાધાન્યેન જેમની સ્તુતિ થઈ છે તેવા બે દેવો (૧. અગ્નિ અને ૨. ઈન્દ્ર)માંથી ઈન્દ્રની કુલ ૨૫૬ જેટલાં સૂક્તોમાં સ્તુતિ થઈ છે. વેદનું અર્થઘટન કરનારા જે વિવિધ (યાજ્ઞિક, ઐતિહાસિકો, આત્મવિદો, વૈયાકરણો, નૈરુક્તો, નૈદાનો વગેરે) સંપ્રદાયો છે તેમાંથી ઐતિહાસિકોના મતે વેદના મન્ત્રોમાં પ્રાચીન આર્યપ્રજાનો કોઈક ને કોઈક ઇતિહાસ સંગૃહીત થયેલો છે. જેમકે, ઈન્દ્રને માટે **પુરન્દર** કે **પુરભિદ્** (નગરને, કિલ્લાને તોડનારો દેવ) એવાં જે વિશેષણો વપરાયાં છે, તેમાંથી એવા ઇતિહાસ તરફ ઈશારો મળે છે કે મૂળ આર્ય પ્રજાએ જ્યારે મધ્ય એશિયામાંથી ભારતમાં - પંજાબ તરફથી - પ્રવેશ કર્યો હશે, ત્યારે તે આર્યોની ટોળીનો સરદાર 'ઈન્દ્ર' હશે. જેણે માર્ગમાં અનેક નગરોને તોડ્યાં હશે, જીતી લીધા હશે. બીજી તરફ, નૈરુક્ત પરંપરાના આચાર્યો વેદમંત્રોમાં કોઈકને કોઈક પ્રાકૃતિક ઘટનાનું કાવ્યાત્મક વર્ણન છે એમ માને છે. આ દૃષ્ટિએ વિચારીએ તો ઈન્દ્ર એ કુદરતમાં બનતી વરસાદ, વીજળી, વંટોળ જેવી ક્રિયાનો અધિષ્ઠાતા દેવ છે. ઈન્દ્ર જે અહિ, વલ, વૃત્ર વગેરે નામના રાક્ષસોને હણે અને જળને મુક્ત કરાવે છે - તેવું વર્ણન છે એનો અર્થ એવો સમજવાનો છે કે ઈન્દ્રે વીજળી રૂપી પોતાના વજ્ર આયુધથી વાદળોને વિદાર્યાં છે અને જળને વરસાવ્યા છે. આ ઈન્દ્ર યુદ્ધનો પણ દેવતા છે અને તેને 'સોમપા' કહ્યો છે. અર્થાત્ તેને સોમરસનું પીણું ઘણું પ્રિય છે. તે 'વૃત્રહા' (વૃત્રને મારનાર) પણ છે, અને 'મઘવન્' (= ધનવાળો) દેવ પણ છે.

આ સૂક્તમાં વિવિધ ઉપમાઓ પ્રયોજીને ઈન્દ્રની શક્તિઓ વર્ણવાઈ છે, અને પ્રાર્થનાઓ કરવામાં આવી છે. તે મુદ્દો પ્રાધાન્યેન નોંધપાત્ર છે. જેમકે, પહેલા જ મંત્રમાં કહ્યું છે કે સ્ત્રીઓ જેમ પોતાના રક્ષણ માટે પતિને આલિંગે છે તેમ માણસો પણ રક્ષણ માટે ઈન્દ્રને આલિંગે છે. આવા ઈન્દ્રને યજ્ઞગૃહમાં બોલાવી, કુશાસન ઉપર બેસાડીને સોમપાન કરવાનું કહેવામાં આવ્યું છે. અહીં ઈન્દ્રને **પુરુહૂત** એવા વિશેષણથી સંબોધવામાં આવ્યો છે. ઈન્દ્ર એ યુદ્ધનો દેવ છે, તેથી બધા જ માણસો તેમને મદદ માટે બોલાવે છે. આથી તેમને યથાર્થ રીતે **પુરુહૂત** કહેવાય છે. ઈન્દ્રે નદીઓને વહેવાનો માર્ગ ખોદ્યો હતો - તેવી વૈદિક દંતકથાને સ્વીકારીને, મન્ત્ર-૩માં કહ્યું છે કે ઈન્દ્રની સાત નદીઓ ઢોળાવવાળા પ્રદેશમાંથી વહીને, અન્નને વધારે છે.

વૃષ્ટિના દેવ તરીકે ઇન્દ્રની સ્તુતિ કરવા માટે કહેવાયું છે કે જેમ જુગારી 'કૃત' નામના દાવથી બધું જીતી લે છે, તેમ આ ઇન્દ્ર પણ વર્ષાકાળમાં સૂર્યને જીતી લે છે. આવું સૂર્યને આચ્છાદિત કરી કાઢવાનું ઇન્દ્રનું પરાક્રમ એક અને અદ્વિતીય છે. ભૂતકાળ, વર્તમાન કે ભવિષ્યત્કાળમાં કોઈએ આવું કાર્ય તો કર્યું જ નથી. વળી, ઇન્દ્રને સોમરસનો શોખીન પણ કહ્યો છે. જેમ પક્ષીઓ વૃક્ષને આશ્રયે રહે તેમ સોમરસો ઇન્દ્રના ઉદરને આશ્રયે રહે છે ! જેમ જળ નદી તરફ વહી જાય તેમ વિશ્વના સઘળા સોમ ઇન્દ્ર તરફ વહી જાય છે ! આવા સોમથી ચમકી ઊઠેલો તે દેવ ઇન્દ્ર વીજળી સાથે પોતાનું વજ્ર ઉઠાવે અને જળ વર્ષાવે એવી પણ પ્રાર્થના કરવામાં આવી છે.

अच्छा॑ म॒ इन्द्रं॑ म॒तयः॑ स्व॒र्विदः॑ स॒ध्रीची॒र्विश्वा॑
उश॒तीर॑नूषत .
परि॑ ष्वजन्ते॒ जन॑यो॒ यथा॒ पतिं॒ मर्य॒ न शु॒न्ध्युं
म॒घवा॑नमू॒तये॑ ॥१॥

अच्छ॑ । मे॒ । इन्द्र॑म् । म॒तयः॑ । स्वः॒ऽविदः॑ । स॒ध्रीचीः॑ । विश्वाः॑ । उ॒श॒तीः । अ॒नू॒ष॒त॒ । परि॑ । स्व॒ज॒न्ते॒ । जन॑यः । यथा॑ । पति॑म् । मर्य॑म् । न । शु॒न्ध्युम् । म॒घऽवा॑नम् । ऊ॒तये॑ ॥१॥

आङ्गिरसस्य कृष्णस्य ᵛमे मम ᵛस्वर्विदः सर्वस्य लाभयित्र्यः ᵛसध्रीचीः संगताः ᵛविश्वाः व्याप्ताः ᵛउशतीः कामयमानाः ᵛमतयः स्तुतयः ᵛइन्द्रम् ᵛअच्छ ᵛअनूषत अभिष्टुवन्ति । किंच ᵛजनयः जायाः ᵛयथा ᵛपतिं मर्तारं ᵛमर्यं ᵛन यथा च मनुष्यं ᵛशुन्ध्युं शुद्धं दोषरहितं ᵛमघवानं धनवन्तम् ᵛऊतये रक्षणार्थं ᵛपरि ᵛष्वजन्ते आलिङ्गन्ति तद्वदिन्द्र मे स्तुतयः परि ष्वजन्ते ॥

અનુવાદ (83) : મારી બધું મેળવી આપનારી, ભેગી મળેલી, બધી જ કામનાઓ કરતી સ્તુતિઓ ઇન્દ્રની જ સ્તુતિ કરે છે. જેવી રીતે સ્ત્રીઓ રક્ષણ માટે (મર્ત્ય, દોષ વગરના અને ધનવાળા) પતિને આલિંગે છે, તેવી રીતે (મારી સ્તુતિઓ પણ) દોષ વગરના આ ધનવાળા (ઇન્દ્ર)ને રક્ષણ માટે આલિંગે છે. (૧૦-૪૩-૧)

નોંધ : પૂર્વાર્ધમાં વાક્યાન્વય આ પ્રમાણે છે : **मे = मम स्वर्विदः, सध्रीचीः, विश्वाः उशतीः, मतयः (स्तुतयः) इन्द्रं अच्छ = अभि अनूषत** । મારી, **स्वर्विदः** - બધું મેળવી આપનારી, **सन्ध्रीचीः** - ભેગી મળેલી, **विश्वाः** - બધે વ્યાપેલી, બધી જ, **उशतीः** - (ઇન્દ્રની) કામનાઓ કરતી મતિઓ = સ્તુતિઓ

ઈન્દ્રની પ્રત્યે સ્તુતિ કરે છે. સાયણના મતે આ સૂક્તના દ્રષ્ટા આંગિરસ કૃષ્ણ આ મન્ત્રમાં પોતાની વાત કરી રહ્યા છે. ઉદ્ગીથના મતે **स्वर्विदः** નો અર્થ (ઇન્દ્રના) બધા જ ગુણોને જાણનારી અને કહેનારી (સ્તુતિઓ)'' **सध्रीचीः** - એટલે સાથે જનારી, ઉત્તરાર્ધમાં એક વાક્ય આ પ્રમાણે છે : **जनयः यथा मर्यं शुन्ध्युं मघवानम् पतिं ऊतये परिष्वजन्ते, न (= तथा) । शुन्ध्युं मघवानम् परिष्वजन्ते ।** (અહીં **तथा** અર્થમાં **न** નો પ્રયોગ છે.) 'જનયઃ' એટલે સ્ત્રીઓ, જેવી રીતે ધનવાળા **पति** ને આલિંગેં છે (પોતાની રક્ષા માટે), તેવી જ રીતે મારી સ્તુતિઓ પોતાની રક્ષા અર્થે શુન્ધ્યું = શુદ્ધ = દોષ વગરના મઘવાન = ઇન્દ્રને આલિંગે છે. **ऊतये** - રક્ષા માટે (વૈદિક હેત્વર્થ કૃદન્તનું રૂપ છે.) અહીં **शुन्ध्यु** અને **मघवानम्** શબ્દો શ્લિષ્ટ છે.

न घा त्वद्रिगप वेति मे मनस्त्वे इत्कामं पुरुहूत शिश्रय ।
राजेव दस्म नि षदोऽधि बर्हिष्यस्मिन्त्सु सोमेऽवपानमस्तु ते ॥२॥

न । घ । त्वद्रिक् । अप । वेति । मे । मनः । त्वे इति । इत् । कामम् । पुरुऽहूत । शिश्रय । राजाऽइव । दस्म । नि । सदः । अधि । बर्हिषि । अस्मिन् । सु । सोमे । अवऽपानम् । अस्तु । ते ॥२॥

हे ᵛपुरुहूत बहुभिराहूत ᵛदस्म दर्शनीयेन्द्र त्वद्रिक् ᵛत्वदभिमुखं ᵛमे मदीयं ᵛमनः ᵛन ᵛघ न खलु ᵛअप ᵛवेति त्वत्तोऽपगच्छति । किंच ᵛत्वे ᵛइत् त्वय्येव ᵛकामम् अभिलाषं ᵛशिश्रय स्थापयामि । किंच ᵛराजेव ईश्वर इव ᵛबर्हिषि ᵛअधि ᵛनि ᵛषदः निषीद । किंच ᵛते तव ᵛअस्मिन् ᵛसोमे अवपानमस्तु भवतु ॥

અનુવાદ (84) : (હે ઇન્દ્રદેવ) ! તમારા તરફ અભિમુખ (**त्वद्रिक्**) થયેલું મારું મન (તમારા તરફથી બીજે ક્યાંય) દૂર જતું નથી. હે પુરુહૂત (= ઘણા બધા વડે બોલાવાતા દેવ) ! તમારામાં જ (મારા) અભિલાષની (હું) સ્થાપના કરું છું. હે દર્શનીય (**दस्म**) (ઇન્દ્રદેવ) ! તમે રાજાની જેમ કુશઘાસ ઉપર બિરાજો. તથા આ સોમને વિશે તમારું પાન કરવાપણું હજો. (= તમે સોમને પીજો). (૧૦-૪૩-૨)

નોંધ : આ મન્ત્રમાં ઋષિએ ઇન્દ્રદેવને માટે બે સંબોધનો વાપર્યાં છે : ૧. **पुरुहूत** 'ઘણા બધા વડે બોલાવાતાં અગાઉ કહ્યું છે તેમ ઇન્દ્ર યુદ્ધનો - યુદ્ધમાં વિજય પાવનાર દેવ છે. તેથી સ્વાભાવિક રીતે જ તેને મધ માટે ઘણા બધા લોકો

બોલાવતાં હોય છે. વળી, તે ઈન્દ્રદેવ **दस्म** = દર્શનીય (જોવા લાયક) પણ છે ! આવા ઈન્દ્રને ઋષિ પ્રાર્થે છે કે - તમે અમારા યજ્ઞમાં બિછાવેલા કુશ ઘાસ ઉપર આવીને રાજાની જેમ બેસો, તથા સોમરસનું પાન કરો.

અહીં વાક્યાન્વય આ પ્રમાણે છે : ૧. **त्वद्रिक् मे मनः न अप वेति** । ૨. **हे पुरुहूत ! त्वे (= त्वयि) कामं शिश्रय** । (હે પુરુહૂત ! તારામાં જ મારી બધી કામનાઓ ધન મેળવવાની અભિલાષા સ્થાપું છું.) ૩. **हे दस्म ! राजा इव बर्हिषि अधि निषदः** । 'હે દર્શનીય ! (અથવા - ઉદ્ગીથ મુજબ : શત્રુઓનો વશ કરનાર) એક રાજાની જેમ તમે કુશ ઘાસ ઉપર બેસો ! ૪. **अस्मिन् सोमे अवपानम् अस्तु** । 'આ સોમરસને વિષે (તમારું) પાન હજો - તમે સોમરસ પીજો !

वि॒षू॒वृदिन्द्रो॒ अम॑तेरु॒त क्षु॒धः स इद्रा॒यो म॒घवा॒ वस्व॑ ईशते ।
तस्येदि॒मे प्र॑व॒णे स॒प्त सिन्ध॑वो॒ वयो॑ वर्धन्ति वृष॒भस्य॑ शु॒ष्मिणः॑ ॥३॥

वि॒षु॒ऽवृत् । इन्द्रः॑ । अम॑तेः । उ॒त । क्षु॒धः । सः । इत् । रा॒यः । म॒घऽवा॑ । वस्वः॑ । ई॒श॒ते॒ । तस्य॑ । इत् । इ॒मे । प्र॒व॒णे । स॒प्त । सिन्ध॑वः । वयः॑ । व॒र्ध॒न्ति॒ । वृ॒ष॒भस्य॑ । शु॒ष्मिणः॑ ॥३॥

ᵛइन्द्रः ᵛअमतेः अस्माकं दुर्बुद्धेः प्रज्ञापहारिण्याः पिपासाया वा ᵛविषूवृत् विष्वग्वर्तको भवतु । ᵛउत अपि च ᵛक्षुधः बुभुक्षया विषूवृत् भवतु । किंच ᵛसः ᵛइत् स एव ᵛमघवा धनवानिन्द्रः ᵛवस्वः वासयितुः ᵛरायः धनस्य ᵛईशते ईष्टे । किंच ᵛवृषभस्य वर्षितुः ᵛतस्येत् इन्द्रस्यैव ᵛइमे प्रसिद्धाः ᵛसप्त सप्तसंख्याकाः ᵛसिन्धवः नद्यः ᵛप्रवणे देशे ᵛवयः अन्नं ᵛवर्धन्ति वर्धयन्ति ॥

અનુવાદ (85) : ઈન્દ્ર (અમારી) દુર્મતિને ચારેય તરફ ફેલાવી દેનાર (બનો), તથા (અમારી) ક્ષુધાને પણ (ચારે તરફથી ફેલાવી દેનાર બનો.) તે મઘવા (= ધનવાળો ઈન્દ્ર) નિવાસ કરાવી આપનારા ધનનો સ્વામી છે. બળવાળા (**शुष्मिणः**) તે વૃષભ (= પાણી વરસાવનાર ઈન્દ્રદેવ)ની જ આ સાત નદીઓ ઢાળવાળા (પ્રદેશ) ઉપર અનાજને વધારે છે. (૧૦-૪૩-૩)

નોંધ : ૧. इन्द्रः (अस्माकं) अमतेः, उत क्षुधः विषूवृत् (भवतु) ।

ઈન્દ્ર અમારી દુર્બુદ્ધિને (અમારામાંથી બહાર કાઢીને) ચારે તરફ ફેલાવી દેનાર છે; અને વળી ક્ષુધા = ભૂખને પણ (અમારામાંથી પાછી ખેંચી લઈને) ચારે તરફ ફેલાવી દેનાર છે. **विषुवृत्** = ચારે તરફ ફેલાવી દેનાર છે. સાયણ તેનો અર્થ '**विष्वग् प्रवर्तकः**' । એમ કરે છે. ૨. **सः मघवा वस्वः रायः ईशते** । તે ધનવાળો = ઈન્દ્ર (= મઘવન્) નિવાસ આપનાર (**रायः**) ધનનો સ્વામી છે. ૩. ત્રીજા અને ચોથા પાદનું એક વાક્ય બને છે : **शुष्मिणः (= बलवतः) वृषभस्य तस्य (इन्द्रस्य) इमे सप्त सिन्धवः प्रवणे (प्रदेशे), वयः (= अन्नं) वर्धयन्ति** । ''બળવાળા તે વૃષભ (= પાણીને વરસાવનાર) ઈન્દ્રની આ સાત નદીઓ, ઢાળ ઉપરના પ્રદેશમાં અન્નને વધારે છે.'' અહીં ત્રણ વાત કરવામાં આવી છે. જેમકે, 'ઈન્દ્રની સાત નદીઓ'. વૈદિક દંતકથા મુજબ ઈન્દ્રે બધી નદીઓને વહેવા માટે જમીન ખોદી કાઢી હતી. આથી તેને બધી નદીઓનો માલિક ગણવામાં આવ્યો છે. વળી, તેને 'વૃષભ' કહ્યો છે. એક ઉપમાન તરીકે તે (આખલો) બળ, પરાક્રમ, પૌરુષનું પ્રતીક છે. પણ વૃષભનો આવો રૂઢાર્થ લેવાની સાથે, વેદમાં તેનો યૌગિકાર્થ (= વ્યુત્પત્તિજન્ય અર્થ) પણ લેવો જોઈએ. તે મુજબ - 'વૃષભ' એટલે '(પાણીને) વરસાવનાર' (**अपां वर्षिता**). **रायः (= धनस्य)** ધનનો.

वयो न वृक्षं सुपलाशमासदन्त्सोमास इन्द्रं मन्दिनश्चमूषदः ।
प्रैषामनीकं शवसा दविद्युतद्विदत्स्व१र्मनवे ज्योतिरार्यम्
॥४॥

वयः । न । वृक्षम् । सुऽपलाशम् । आ । असदन् । सोमासः । इन्द्रम् । मन्दिनः । चमूऽसदः । प्र । एषाम् । अनीकम् । शवसा । दविद्युतत् । विदत् । स्वः । मनवे । ज्योतिः । आर्यम् ॥४॥

ᵛवयो ᵛन यथा पक्षिणः ᵛसुपलाशं शोभनपर्णं ᵛवृक्षम् आसीदन्ति तद्वत् ᵛमन्दिनः मदकराः ᵛचमूषदः चमसपात्रेषु स्थातारः ᵛसोमासः सोमाः. ᵛइन्द्रम् ᵛआ ᵛअसदन् आसीदन्ति । अधितिष्ठन्तीत्यर्थः । ᵛएषाम् इन्द्रमधितिष्ठतां सोमानां ᵛशवसा वेगेन युक्तम् ᵛअनीकम् अग्रं ᵛप्र ᵛदविद्युतत् प्रद्योतते । किंचायमिन्द्रः ᵛस्वः स्वात्मना ᵛआर्यं प्रेर्यं ᵛज्योतिः आदित्याख्यं तेजः ᵛमनवे मनुष्येभ्यः ᵛविदत् प्रयच्छतु ॥

અનુવાદ (86) : પંક્ષીઓ જેવી રીતે સારા પાંદડાવાળા વૃક્ષની ઉપર આશ્રય કરે છે, તેવી રીતે મદ ઉત્પન્ન કરનારા અને ચમસપાત્રમાં રહેનારા સોમરસો પણ ઈન્દ્રમાં

(ઇન્દ્રના ઉદરમાં) રહે છે. આ (ઇન્દ્રમાં રહેલા સોમ)ના વેગથી (ઇન્દ્રનો) અગ્રભાગ ચમકે છે. (આવો ઇન્દ્ર) પોતાનાથી આર્ય (= પ્રેરવા યોગ્ય) જ્યોતિ (= સૂર્ય) મનુષ્યોને આપે. (૧૦-૪૩-૪)

નોંધ : પૂર્વાર્ધમાં ઉપમાવાક્ય આ પ્રમાણે છે : ૧. **वयः (पक्षिणः) न (= यथा) सुपलाशम् वृक्षम् आसदन् (= आसीदन्ति); तथैव मन्दिनः (= मदकराः) चमूषदः सोमासः (= सोमरसाः) इन्द्रम् (आसीदन्ति)** । (અનુવાદ દ્વારા જ આવો અર્થ સ્પષ્ટ થઈ જશે.) ૨. **एषाम् (= सोमानाम्) शवसा (= वेगेन), (इन्द्रस्य) अनीकम् (= मुखं) दविद्युतत्** । (ઇન્દ્રના પેટમાં પડેલા) આ (સોમરસ)ના વેગથી ઇન્દ્રનો મુખભાવ = અગ્રભાવ વિશેષરૂપે ચમકે છે. ૩. **(इन्द्रः) स्वः (= स्वात्मना) आर्यम् ज्योतिः मनवे (= मनुष्येभ्यः) विदत् (= प्रयच्छतु)** । સોમરસના બળથી ચમકતો ઇન્દ્ર પોતાનું આર્ય જ્યોતિ અર્થાત્ સૂર્ય (કે પોતાનું પરાક્રમ) મનુષ્યોને આપવાનું પણ જાણે છે. અહીંની ઉપમા નોંધપાત્ર છે. જેમકે પક્ષીઓને માટે વૃક્ષ જ આશ્રયસ્થાન છે તેમ સોમરસો ઇન્દ્રના ઉદરમાં જ ઠલવાય છે, તેથી તે જ તેમનું આશ્રયસ્થાન છે.

कृ॒तं न श्व॒घ्नी वि चि॑नोति॒ देव॑ने सं॒वर्गं॒ यन्म॒घवा॒ सूर्यं॒ जय॑त् ।
न तत्ते॑ अ॒न्यो अनु॑ वी॒र्यं॑ शक॒न्न पु॑रा॒णो म॑घव॒न्नोत नूत॑नः ॥५॥

कृ॒तम् । न । श्व॒ऽघ्नी । वि । चि॒नो॒ति॒ । देव॑ने ॥ स॒म्ऽवर्ग॑म् । यत् । म॒घऽवा॑ । सूर्य॑म् । जय॑त् । न । तत् । ते॒ । अ॒न्यः । अनु॑ । वी॒र्य॑म् । श॒क॒त् । न । पु॒रा॒णः । म॒घ॒ऽव॒न् । न । उ॒त । नूत॑नः ॥५॥

ᵛश्वघ्नी परस्वानां हन्तां कितवः ᵛदेवने द्यूते ᵛकृतं न यथा कृतं ᵛवि ᵛचिनोति तद्वदिन्द्रः सूर्यं मृगयते । कदेत्यत आह । जयत् यदा ᵛमघवा धनवानिन्द्रः ᵛसंवर्गं सम्यग्वृष्टेर्वर्जयितारं ᵛसूर्यम् आदित्यं ᵛयत् तदीयरसापहरणद्वारेण जयति । अथ प्रत्यक्षस्तुतिः । हे ᵛमघवन् धनवन्निन्द्र ᵛते तव ᵛतत् सूर्यजयलक्षणं ᵛवीर्यं वीरत्वम् ᵛअनयः त्वत्तोऽन्यो भविष्यत्कालीनः पुमान् ᵛअनु अनुकर्तुं ᵛन ᵛशकत् न शक्नोति । ᵛपुराणः पूर्वोऽपि त्वद्वीर्यमनुकर्तुं ᵛन शकत् न शक्नोति । उत अपि च ᵛनूतनः वर्तमानकालीनोऽपि त्वदीयं वीर्यमनुकर्तुं ᵛन शक्नोति ॥ ॥२४॥

અનુવાદ (87) : જુગારી (શ્વઘ્ની) જેવી રીતે ફેલાવેલી ચોપાટ ઉપર (**દેવને**) 'કૃત' નામના દાવને પસંદ કરે છે (ચૂંટે છે), તેમ મઘવા (= ઇન્દ્ર) અન્તરિક્ષમાં સંવર્ગ (= સમ્યક્ વૃષ્ટિને રોકનાર) સૂર્યને જીતી લે છે. હે મઘવન્ ! તારા આ (સૂર્યને જીતવાના) પરાક્રમનું બીજો કોઈ અનુકરણ કરવા શક્તિમાન્ નથી; કોઈ (ભૂતકાળનો) પુરાણો વ્યક્તિ, કે વળી (ભવિષ્યનો) કોઈ નૂતન વ્યક્તિ (પણ આ પરાક્રમ કરવા શક્તિમાન નથી). (૧૦-૪૩-૫)

નોંધ : આ મન્ત્રમાં પણ સુન્દર ઉપમા પ્રયોજી છે. **શ્વઘ્ની** એટલે જુગારી. **શ્વ** = સ્વ; પારકી વ્યક્તિને માટે જે પોતાનું ધન છે, તેનો **ઘ્ની** = નાશ કરનાર અર્થાત્ જુગારી. (શ્વઘ્ની = કિતવ). જુગારી જેવી રીતે, **देवने** (દ્યૂતક્રીડામાં) ફેલાવેલી ચોપાટ ઉપર **कृतं वि चिनोति** - 'કૃત' નામના દાવને પસંદ કરે (ચૂંટે) છે; તેવી રીતે, **(देवने = अन्तरिक्षे) मघवा संवर्गं सूर्यं जयत्** । - અન્તરિક્ષમાં ઇન્દ્ર **(सम्यग् वृष्टेः वर्जयितारम् = संवर्गं)** સારી વૃષ્ટિને રોકી રાખનાર, સૂર્યને જીતી લે છે. અહીં **संवर्ग** ને 'સૂર્ય' (= આદિત્ય)ના વિશેષણ તરીકે લીધો છે. પરંતુ ઉદ્ગીથ મુજબ જો 'સૂર્ય'નો અર્થ **सर्त्तारं मेघम्** 'સરકનારું વાદળ' એવો લઈએ તો, **संवर्गं** નો અર્થ 'સારી રીતે વૃષ્ટિને છોડનાર, વરસાવનાર' થાય. તો ઇન્દ્ર આવા સંવર્ગ સૂર્યને = મેઘને જીતી લે છે - એમ અર્થ પણ બેસાડી શકાય. ઇન્દ્રનું સંવર્ગ (વૃષ્ટિને રોકી રાખનાર) સૂર્યને [અથવા સંવર્ગ (= વૃષ્ટિને છોડનાર) મેઘને] જીતી લેવાનું આ પરાક્રમ **न भूतम्, न भविष्यति** જેવું છે ! એટલે કે ત્રીજા-ચોથા ચરણમાં કહ્યું છે કે તમારા આ પરાક્રમનું અનુકરણ બીજો કોઈ કરી શકે એમ નથી. ૩. **ते (= तव) तत् वीर्यं न अनु (कर्तुं) अन्यः शकन्** । આનો જ વિસ્તાર - વધુ સ્પષ્ટીકરણ કરીને કહ્યું કે - ૪. **न पुराणः, न उत (= च) नूतनः** । કોઈ પુરાતન મનુષ્યે / દેવે આવું કર્યું નથી, કે કોઈ (ભવિષ્યત્કાલિક કે વર્તમાનકાલિક) આવું કરી શકવાનો નથી.

विशं॑विशं म॒घवा॒ पर्य॑शायत॒ जना॑नां॒ धेना॑ अव॒चाक॑श॒द्वृषा॑ ।
यस्याह॑ श॒क्रः सव॑नेषु॒ रण्य॑ति॒ स ती॒व्रैः सोमैः॑ सहते पृतन्य॒तः ॥६॥

विश॑म्ऽविशम् । म॒घऽवा॑ । परि॑ । अ॒शा॒य॒त॒ । जना॑नाम् । धेनाः॑ । अ॒व॒ऽचाक॑शत् । वृषा॑ । यस्य॑ । अह॑ । श॒क्रः । सव॑नेषु । रण्य॑ति । सः । ती॒व्रैः । सोमैः॑ । स॒ह॒ते॒ । पृ॒त॒न्य॒तः ॥६॥

ᵛवृषा कामानां वर्षिता ᵛमघवा धनवानिन्द्रः ᵛविशंविशं सर्वान् मनुष्यान् ᵛपर्यशायत परिशेते । किंच ᵛजनानां स्तोतृजनानां ᵛधेनाः

स्तुतीः ᵛअवचाकशत् अभिपश्यति । किंच ᵛशक्रः इन्द्रः ᵛयस्याह यस्यैव यजमानस्य ᵛसवनेषु ᵛरण्यति रमते ᵛसः यजमानः तीव्रैः तीव्रकरैः प्रदीयमानैः ᵛसोमैः ᵛपृतन्यतः संग्राममिच्छतः शत्रून् ᵛसहते अभिभवति ॥

અનુવાદ (88) : મઘવા (= ઈન્દ્ર) બધી પ્રજાઓમાં શયન (= નિવાસ) કરી રહ્યા છે. તે વૃષ (= જળને વર્ષાવનાર ઈન્દ્ર) માણસોની સ્તુતિઓને જુવે છે (= સાંભળે છે). શક્ર જે (યજમાન)ના સવનોમાં (= સોમરસ નીચોવાતાં યજ્ઞોમાં) આનંદ કરે છે, તે (યજમાન) વ્યક્તિ જ તીવ્ર એવા સોમરસોથી લઢવા આવેલા (શત્રુ)ઓનો પરાભવ કરે છે (કરી શકે છે). (૧૦-૪૩-૬)

નોંધ : આ મન્ત્રમાં ઈન્દ્રને માટે ત્રણ વિશેષણો વપરાયાં છે : **(क) मघवन् - मघवा** (પ્રથમા વિ. એક વ.) - ધનવાળો, **(ख) वृषा = वृषभः** પાણી વરસાવનાર (શબ્દાર્થ); રૂઢાર્થ - આખલો **(ग) शक्र** = ઈન્દ્ર. ચારેય પાદમાં વાક્યો આ પ્રકારે છે : ૧. **मघवा विशंविशं** (પ્રજાએ પ્રજાએ = દરેક મનુષ્યમાં) **पर्यशायत** । - સૂતો છે. - નિવાસ કરે છે. (હ્યસ્તન ભૂતકાળ ત્રી.પુ. એ.વ.) ૨. **वृषा जनानां धेनाः (= स्तुतीः) अवचाकशत् (= अभिपश्यति)** । પાણીને વરસાવનારો વૃષભ = ઈન્દ્ર માણસોની સ્તુતિઓને જુવે છે (સાંભળે છે). ૩. **शक्रः यस्य सवनेषु रण्यति,** શુક્ર જેના યજ્ઞોમાં ખૂશ થાય છે (સવન = **सुनोति** = સોમરસ નીચોવવાની ક્રિયા જેવાં થાય છે તેવો યજ્ઞ) અર્થાત્ ઈન્દ્રને જે યજમાનના યજ્ઞમાં સોમરસ પીવા મળે છે; ૪. **सः (यजमानः) तीव्रैः सोमैः पृतन्यतः (शत्रून्) सहते** । તે (યજમાન) તીવ્ર સોમરસોથી, સંગ્રામની ઈચ્છાવાળા (દુશ્મનો)ને હરાવે છે.

आपो॒ न सिन्धु॑म॒भि यत्स॒मक्ष॑र॒न्त्सोमा॑स॒ इन्द्रं॑ कु॒ल्याइ॑व ह्र॒दम् ।
वर्ध॑न्ति॒ विप्रा॒ महो॑ अस्य॒ साद॑ने॒ यवं॒ न वृ॒ष्टिर्दि॒व्येन॒ दानु॑ना ॥७॥

आप॑ः । न । सिन्धु॑म् । अ॒भि । यत् । स॒म्ऽअक्ष॑रन् । सोमा॑सः । इन्द्र॑म् । कु॒ल्याःऽइ॑व । ह्र॒दम् । वर्ध॑न्ति । विप्रा॑ः । मह॑ः । अ॒स्य॒ । सद॑ने । यव॑म् । न । वृ॒ष्टिः । दि॒व्येन॑ । दानु॑ना ॥७॥

ᵛयत् यदा ᵛसोमासः सोमाः ᵛइन्द्रम् ᵛअभि ᵛसमक्षरन्

अभिक्षरन्ति । अभिगच्छन्तीत्यर्थतः । तत्र दृष्टान्तौ दर्शयति । ᵛआपो ᵛन यथा आपः ᵛसिन्धुं समुद्रमभिसंक्षरन्ति । ᵛकुल्याइव यथा च कुल्याः ᵛह्रदम् अभिसंक्षरन्ति तद्वदित्यर्थः । तदानीम् ᵛअस्य इन्द्रस्य ᵛमहः महत्त्वं ᵛसदने यज्ञगृहे ᵛविप्राः मेधाविनः ᵛवर्धन्ति । तत्र दृष्टान्तमाह । ᵛयवं ᵛन यथा यवं यवसस्यं ᵛवृष्टिः । कर्तरि कृत् । वर्षिता पर्जन्यः ᵛदिव्येन दिवि भवेन ᵛदानुना दानेन वर्षणेन वर्धयति तद्वदित्यर्थः ॥

અનુવાદ (89) : પાણી જેવી રીતે સિન્ધુ (= સમુદ્ર) તરફ (વહી જાય), અને નીકોનું પાણી જેમ મોટા ધરા (**ह्रदम्**) તરફ (વહી જાય), તેવી રીતે જ્યારે સોમરસો ઇન્દ્ર તરફ વહી જાય છે; (ત્યારે) બ્રાહ્મણો યજ્ઞગૃહમાં આ (ઇન્દ્ર)નું મહત્ત્વ વધારે છે. વૃષ્ટિ જેવી રીતે દિવ્ય દાન વડે (= જળ વડે) યવ (ધાન્ય)ને વધારે છે (તેવી રીતે વિપ્રો ઇન્દ્રનો મહિમા વધારે છે). (૧૦-૪૩-૭)

નોંધ : પહેલા બે પાદમાં વાક્યાન્વય આમ છે : ૧. **आपः न (= इव) सिन्धुम्, कुल्या न (= इव) ह्रदम् [अभिसंक्षरन्ति], (तथैव) यत् यदा सोमासः (= सोमाः) इन्द्रं समक्षरन्** । ૨. **तदा** (ત્રીજો પાદ:) **विप्राः सादने (= यज्ञगृहे) अस्य (= इन्द्रस्य) महः वर्धन्ति** । ચોથા પાદમાં પણ એક ઉપમા વાક્ય છે. જેમકે, ૩. **वृष्टिः दिव्येन दानुना यवं न (= यथा) वर्धन्ति** । (આના અર્થો અનુવાદમાંથી સ્પષ્ટ થઈ જશે.)

આ મન્ત્રમાં (પહેલા બે પાદમાં) જે રીતે ઉપમાનોની ગોઠવણી છે તે નોંધપાત્ર છે. જેમકે, બે ઉપમાન વાક્યો - (૧. **आपो न सिन्धुम्** । તથા ૨. **कुल्या इव ह्रदम्**) ની વચ્ચે ઉપમેય વાક્ય - **सोमासः इन्द्रम् अभि समक्षरन्**' - ને મૂક્યું છે !

वृषा॒ न क्रु॒द्धः प॑तय॒द्रजः॒स्वा यो अ॒र्यप॑त्नी॒रकृ॑णोदि॒मा अ॒पः ।
स सु॑न्व॒ते म॒घवा॑ जी॒रदा॑न॒वेऽवि॑न्द॒ज्ज्योति॒र्मन॑वे ह॒विष्म॑ते ॥८॥

वृषा॑ । न । क्रुद्धः । प॒त॒य॒त् । रजः॑ऽसु । आ । यः । अ॒र्यऽप॑त्नीः । अकृ॑णोत् । इ॒माः । अ॒पः । सः । सु॒न्व॒ते । म॒घऽवा॑ । जी॒रऽदा॑नवे । अवि॑न्दत् । ज्योतिः॑ । मन॑वे । ह॒विष्म॑ते ॥८॥

ᵛरजःसु लोकेषु ᵛवृषा ᵛन यथा वृषभः ᵛक्रुद्धः सन् प्रतिवृषभवधाय ᵛपतयत् गच्छति तद्वत् ᵛयः इन्द्रः क्रुद्धः सन् मेघवधाय पतयति हत्वा च मेघम् ᵛअर्यपत्नीः सर्वस्व जगतः स्वामिन इन्द्रस्य पालयितव्याः ᵛइमाः प्रसिद्धाः ᵛअपः वृष्ट्युदकानि ᵛआ ᵛअकृणोत् आकृणोति अस्मदभिमुखं करोति ᵛसः ᵛमघवा धनवानिन्द्रः ᵛसुन्वते सोमाभिषवं कुर्वते ᵛजीरदानवे क्षिप्रदानाय ᵛहविष्मते ᵛमनवे मनुष्याय । यजमानायेत्यर्थः । ᵛज्योतिः तेजः ᵛअविन्दत् प्रायच्छत् ॥

અનુવાદ (૭૦) : ક્રોધે ભરાયેલો વૃષભ જેવી રીતે લોકમાં (અથવા-જળ ભરેલા વાદળોમાં) પડે છે = આક્રમણ કરે છે [તેવી રીતે ઇન્દ્ર પણ ક્રોધે ભરાતાં વાદળોને તોડવા પડે છે - આક્રમણ કરે છે]. જે (ઇન્દ્ર) આ અર્ય (ઇન્દ્ર રૂપ સ્વામી)ને માટે પાલન કરવા યોગ્ય (**अर्यपत्नीः**) (વૃષ્ટિનાં) જળને કરે છે (= જન્માવે છે); તે મઘવા (= ધનવાળો ઇન્દ્ર) સોમ નીચોવનાર, જલ્દીથી દાન આપનાર, અને હવિષ્‌વાળા મનુષ્યને માટે પ્રકાશ મેળવી આપે છે. (૧૦-૪૩-૮)

નોંધ : ૧. क्रुद्धः वृषा न (= इव) रजः सु पतयत् । જેવી રીતે ક્રોધિત વૃષભ (અથવા મેઘના સમૂહમાં) લોકમાં પડે છે (અર્થાત્ આક્રમણ કરે છે). [અહીં ઉપમાનવાક્યની રચનાની પાછળ ઉપમેયવાક્ય ઉમેરી લેવું જોઈએ. જેમકે, 'તેવી રીતે ઇન્દ્ર પણ વાદળોમાં = મેઘના સમૂહમાં આક્રમણ કરે છે.' **रजस्** નો એક અર્થ 'લોક' થાય છે, બીજો અર્થ 'જળ' (= જળ ભરેલાં મેઘ) એવો થઈ શકે છે. તેથી આ ઉપમેયવાક્યની કલ્પના કરવી શક્ય છે.] ૨. **यः (इन्द्रः) इमाः अर्यपत्नीः अपः अकृणोद् ।** જે (ઇન્દ્રે) આ 'આખા જગત્‌ના સ્વામી એવા ઇન્દ્રને માટે પાલન કરવા યોગ્ય' (= **अर्यपत्नीः**) જળને કરે છે, જન્માવે છે = વરસાવે છે. ૩. **सः मघवा (इन्द्रः) सुन्वते, जीरदानवे, हविष्मते, मनवे ज्योतिः अविन्दत् ।** (મઘ = ધન, મઘવાન્ = 'ધનવાળો'. આ ઇન્દ્રનું વિશેષણ છે.) તે ઇન્દ્ર સોમ નીચોવનારને માટે, (ચતુર્થીનાં રૂપો) જલ્દી દાન આપનારને માટે, હવિષાન્ન આપનાર મનુષ્યને માટે પ્રકાશ મેળવી આપે છે.

**उज्जा॑यतां प॒र॒शुर्ज्योति॑षा स॒ह भूया॑ ऋ॒तस्य॑ सु॒दुघा॑
पुरा॒णवत् ।
वि रो॑चताम॒रु॒षो भा॒नुना॒ शुचिः॒ स्व१॒॑र्ण शु॒क्रं शु॑शुचीत॒
सत्प॑तिः ॥९॥**

उत् । जा॒य॒ता॒म् । प॒र॒शुः । ज्योति॑षा । स॒ह । भू॒याः । ऋ॒तस्य॑ ।

सु॒ऽदु॒घा॑ । पु॒रा॒ण॒ऽवत् । वि । रो॒च॒ता॒म् । अ॒रु॒षः । भा॒नुना॑ । शुचि॑ः । स्व॑ः । न । शु॒क्रम् । शु॒शु॒ची॒त । सत्ऽप॑तिः ॥९॥

ᵛपरशुः इन्द्रस्य वज्रः ᵛज्योतिषा तेजसा ᵛसह ᵛउज्जायताम् । अस्मच्छत्रवधे मेघवधे च व्याप्रियतामित्यर्थः । किंच ᵛऋतस्य सत्यस्य ᵛसुदुधा माध्यमिका वाक् ᵛपुराणवत् प्रत्नवत् काले ᵛभूया भूयात् । पुरुषव्यत्ययः । किंच इन्द्रः ᵛअरुषः आरोचमानः ᵛभानुना दीप्त्या ᵛशुचिः ज्वलन् ᵛवि ᵛरोचता प्रकाशताम् । किंच ᵛसत्पतिः सतां पतिरिन्द्रः ᵛस्वर्न आदित्य इव ᵛशुक्रं ज्वलन् ᵛशुशुचीत ᵛअत्यन्तं दीप्यताम् ॥

અનુવાદ (91) : (ઇન્દ્રનું) પરશુ પ્રકાશની (= તેજની, શક્તિની) સાથે ઊંચું ઊઠો. પુરાતન કાળની જેમ સત્યની માધ્યમિકા વાણી પ્રકટો. [અથવા - ઉદ્ગીથ મુજબ : પુરાતનકાળની જેમ ઋત અર્થાત્ જળને સારી રીતે દોહનાર તમે બનો.'] ચાર તરફથી ચમકતો (**अरुषः**) (પોતાના) પ્રકાશ વડે (**भानुना**) સળગતો (**शुचिः**), વિશેષપણે પ્રકાશો. તથા સત્પતિ (= સજ્જનોનો પતિ ઇન્દ્ર) સ્વઃ (= સૂર્ય)ની જેમ ચમકતો ચમકતો દેદીપ્યમાન બનો. (૧૦-૪૩-૯)

નોંધ : પ્રથમ પાદમાં ઋષિ કહે છે કે - ૧. (**हे इन्द्रः ! तव**) **परशुः ज्योतिषा सह उज्जायताम्** - (હે ઇન્દ્ર ! તમારું) પરશુ જ્યોતિની સાથે (અર્થાત્ વીજળીની સાથે) ઊંચું ઊઠો. ૨. **पुराणवत् ऋतस्य सुदुघा भूयाः** । પુરાતન કાળની જેમ ઋત = સત્યની 'સુદુધા' અર્થાત્ માધ્યમિક વાણી પ્રકટો. (સાયણ મુજબ). પરંતુ ઉદ્ગીથના મતે **ऋत**નો અર્થ 'જળ' પણ થાય છે; તેથી પુરાતન કાળની જેમ જળને **सुदुधा** = સારી રીતે દોહનાર, (**त्वम्**) **भूयाः** તમે (= ઇન્દ્ર) બનો. ૩. **अरुषः भानुना शुचिः वि रोचताम्** । ચારેય તરફથી પ્રકાશતો - ચમકતો (ઇન્દ્ર) પોતાના પ્રકાશથી, સળગતો વિશેષ રૂપે પ્રકાશો. ૪. **सत्पतिः** (**इन्द्रः**) **स्वः** (**= सूर्यः**) **न** (**= इव**) **शुक्रं शुशुचीत** (પૌનઃપુન્યાર્થક ક્રિયાપદ). - 'સજ્જનોનો પતિ' એવો ઇન્દ્ર સૂર્યની જેમ; **शुक्रं** - ચમકતો (ક્રિયાવિશેષણ), દેદીપ્યમાન - અતિશય પ્રકાશનારો બનો.

गोभि॑ष्टरे॒माम॑तिं दु॒रेवां॒ यवे॑न॒ क्षुधं॑ पुरुहूत॒ विश्वा॑म् ।
व॒यं राज॑भिः प्रथ॒मा धना॑न्य॒स्माके॑न वृ॒जने॑ना जयेम ॥१०॥

गोभि॑ः । त॒रे॒म॒ । अम॑तिम् । दुः॒ऽएवा॑म् । यवे॑न । क्षुध॑म् । पुरु॒ऽहू॒त॒ । विश्वा॑म् । व॒यम् । राज॑ऽभिः । प्र॒थ॒मा । धना॑नि । अ॒स्माके॑न । वृ॒जने॑न । ज॒ये॒म॒ ॥१०॥

અનુવાદ (92) : (હે ઇન્દ્ર ! અમે) (દારિદ્ર્યને કારણે) દુષ્ટ આગમનવાળી દુર્બુદ્ધિને ગાયો વડે તરી જઈએ. હે પુરુહૂત (= ઘણા બધા વડે બોલાવાતા ઇન્દ્ર) ! યવ (= જવ) વડે (અમે) બધે વ્યાપી વળેલી (= વિશ્વા) ભૂખને (તરી જઈએ). વળી, અમે રાજાઓ પાસેથી મુખ્ય મુખ્ય એવાં ધનોને (મેળવીએ.) તથા અમારા બળ વડે (શત્રુઓને) જીતી લઈએ. (૧૦-૪૩-૧૦)

નોંધ : ૧. (**हे इन्द्रः** !) **दुरेवां** (દારિદ્ર્યને કારણે આવેલી **अमतिम् गोभिः तरेम** । વરસાદની ગેરહાજરીમાં માણસમાં દુર્બુદ્ધિ પ્રવેશતી હોય છે; પણ તે વખતે જો ગોધન હોય તો તેનાથી જીવનનિર્વાહ થતો હોય છે, તેનું આ પાદમાં નિરૂપણ છે. ૨. (**हे**) **पुरुहूत** ! (**वयं**) **यवेन विश्वाम् क्षुधम्** (**तरेम**) । હે ઇન્દ્ર ! (અમે) જળ વડે ક્ષુધાને પાર પાડીએ. ૩. **वयम् प्रथमाः धनानि** (**जयेम**) । અમે 'પ્રથમ' અર્થાત્ મુખ્ય મુખ્ય એવાં ધનોને (મેળવીએ) તથા ૪. **अस्माकेन** (= **अस्मदीयेन**) **वृजनेन** (= **बलेन**) (**शत्रून्**) **जयेम** । અમારા એવા (= પોતાના) બળથી (શત્રુને) જીતી લઈએ.

बृह॒स्पति॑र्नः॒ परि॑ पातु प॒श्चादु॒तोत्त॑रस्मा॒दध॑रादघा॒योः ।
इन्द्रः॑ पु॒रस्ता॑दु॒त म॑ध्य॒तो नः॒ सखा॒ सखि॑भ्यो॒ वरि॑व
कृणोतु ॥११॥

बृह॒स्पतिः॑ । नः॒ । परि॑ । पा॒तु॒ । प॒श्चात् । उ॒त । उत्ऽत॑रस्मात् । अध॑रात् । अ॒घ॒ऽयोः । इन्द्रः॑ । पु॒रस्ता॑त् । उ॒त । म॒ध्य॒तः । नः॒ । स॑खा । सखि॑ऽभ्यः । वरि॑वः । कृ॒णो॒तु॒, ॥११॥

एतदृग्द्वयं प्रागेव व्याख्यातम् ।

અનુવાદ (93) : બૃહસ્પતિ અમને પાપી તરફથી પશ્ચિમ બાજુએથી અને ઉત્તર દિશાએથી તથા નીચેના ભાગેથી પૂરેપૂરા બચાવો. ઇન્દ્ર અમને આગળની બાજુએથી, તથા મધ્ય ભાગેથી (બચાવો). મિત્ર (એવો ઇન્દ્ર) મિત્રો (એવા અમ)ને ધન આપો. (૧૦-૪૩-૧૧).

નોંધ : અહીં બૃહસ્પતિને ચારેય તરફથી બચાવવા પ્રાર્થના કરવામાં આવી છે. ૧. **बृहस्पतिः न अघायोः पश्चाद्, उत उत्तरस्माद् अधराद् च परिपातु** । ૨. **इन्द्रः नः पुरस्ताद् इत मध्यतः** (**परिपातु** ।) । ૩. **सखा** (**इन्द्रः**) **सखिभ्यः** (= **अस्मभ्यं**) **वरिवः** (= **धनं**) **कृणोतु** (= **यच्छतु**) ॥ આવાં વાક્યો, જે અનુવાદથી સ્પષ્ટ છે, તેનાથી મન્ત્ર બનેલો છે.

10.71 (1 to 11)

જ્ઞાનસૂક્ત

'बृहस्पते' इत्येकादशर्चं तृतीयं सूक्तम् आङ्गिरसस्य बृहस्पतेरार्षम् । नवमी जगती शिष्टा दश त्रिष्टुभः । अनेन सूक्तेनर्षिः परमपुरुषार्थसाधनं परब्रह्मज्ञानं स्तुतवान् । अतस्तद्देवत्यमिदम् । उक्तं हि बृहद्देवतायां—'सुज्योतिः परमं ब्रह्म यद्योगात्समुपाश्नुते । तज्ज्ञानमभितुष्टाव सूक्तेनाथ बृहस्पतिः' (बृहद्दे. ७.१०९) इति । अनुक्रान्तं च—'बृहस्पते बृहस्पतिर्ज्ञानं तुष्टाव नवमी जगती' इति । सूक्तविनियोगो गतः । देवसुवां हविःषु बृहस्पतिर्वाचस्पतिरित्यस्य प्रथमानुवाक्या । सूत्रितं च—'बृहस्पते प्रथमं वाचो अग्रं हंसैरिव सखिभिर्वावदद्भिः' (आश्व. श्रौ. ४.११) इति ॥

સૂક્તની ભૂમિકા : આ સૂક્તના પ્રતિપાદ્ય વિષયનો પરિચય આપતાં સાયણે કહ્યું છે કે આ સૂક્તમાં આંગિરસ બૃહસ્પતિ નામના ઋષિએ 'જ્ઞાન' રૂપ દેવતાની સ્તુતિ કરી છે. વળી, આ જ્ઞાન કેવું ? તો કહે છે કે પરમ પુરુષાર્થ એટલે કે મોક્ષનું સાધક એવું જે પરમ બ્રહ્મ વિષયક જ્ઞાન - તેની અહીં સ્તુતિ કરવામાં આવી છે. 'બૃહદેવતા'માં શૌનક કહે છે કે -

सुज्योतिः परमं ब्रह्म यद्‌योगात्समुपाश्नुते ।
तज्ज्ञानमभितुष्टाव सूक्तेनाथ बृहस्पतिः ॥ (७-१०९)

''જે (જ્ઞાન)ના યોગ થકી સુન્દર જ્યોતિ સ્વરૂપ પરમ બ્રહ્મ મેળવી શકાય છે તે જ્ઞાનની, આ સૂક્ત દ્વારા બૃહસ્પતિએ સ્તુતિ કરી છે.'' અલબત્ત, અહીં જે મન્ત્રોનો અનુવાદ છે તેને જોતાં એમ લાગે છે કે જ્ઞાનના વાહન રૂપ વાક્‌તત્ત્વની આ સૂક્તમાં સ્તુતિ છે; વેદવિદ્યાની સ્તુતિ છે. જેમકે, જે ધીરોએ (= વૈયાકરણોએ) ચાળણીથી જેમ લોટ સાફ કરવામાં આવે તેમ વાણીને (પ્રકૃતિ+પ્રત્યયમાં) વ્યાકૃત કરી. આવા ધીર વ્યક્તિઓની વાણીમાં જ કલ્યાણકારિણી લક્ષ્મી નિવાસ કરે છે. વાક્‌તત્ત્વ અથવા વેદવાણીને ઘણા બધા જુવે છે, સાંભળે છે, પણ છતાંય તેઓ તેના અર્થને પામી શકતા નથી. પણ જે વૈયાકરણ હોય છે, તેની આગળ આ વેદવાણી પોતાના પૂરેપૂરા રૂપને પ્રકટ કરે છે. આને માટે એક કાવ્યાત્મક ઉપમા પણ પ્રયોજી છે : જેવી રીતે કોઈ પત્ની પોતાના પતિની પાસે પોતાનું રૂપ પ્રકટ કરે તેમ. વળી ઋષિ ઉમેરે છે કે જે બ્રાહ્મણ સ્થિરપીત છે = વેદના મન્ત્રોના અર્થ જાણે છે તેને જ લોકો વાણીની સ્પર્ધામાં મોકલે છે, બાકી જે બ્રાહ્મણ વેદાર્થને જાણતો નથી કેવળ શબ્દ ગોખીને ફર્યા કરે છે, તે તો ફળ નહીં આપનારી માયા રચિત ગાયની સાથે વ્યર્થ ફરતો હોય તેમ ફર્યા કરે છે. આવા બ્રાહ્મણને તો પુણ્યજનક માર્ગની પણ ખબર પડતી નથી. વળી, સમાન શાસ્ત્રનું અધ્યયન કરનારા સખાઓનું જ્ઞાન પણ અલગ અલગ માત્રામાં હોય છે. બધા એક સરખું જ્ઞાન ધરાવતા નથી. જેઓ વેદવાણીને ત્યજી દે છે, તેઓ

અજ્ઞાની બને છે અને તેમણે કૃષિકર્માદિ દ્વારા આજીવિકા ચલાવવી પડે છે. વાક્તત્ત્વને બધા મનુષ્યોને પ્રાપ્તિ થવા છતાંય, બધાને તે સરખું ફળદાયી બનતું નથી. જુદા જુદા ઋત્વિજો પણ આ ગાયત્રી, શક્વરી વગેરે છન્દોમાં રચાયેલા મન્ત્રો બોલીને, તદનુંસાર કર્મ કરીને યજ્ઞ ક્રિયાને પાર પાડે છે.

ઋષિ : આંગિરસ બૃહસ્પતિ, દેવતા : પરમ જ્ઞાન, છન્દ : નવમી ઋચામાં જગતી, બીજી બધી ઋચાઓ ત્રિષ્ટુપ્માં

बृह॑स्पते प्रथ॒मं वा॒चो अग्रं॒ यत्प्रैर॑त नाम॒धेयं॒ दधा॑नाः ।
यदे॑षां॒ श्रेष्ठं॒ यद॑रि॒प्रमासी॑त्प्रे॒णा तदे॑षां॒ निहि॑तं॒ गुहा॒विः ॥१॥

बृह॑स्पते । प्र॒थ॒मम् । वा॒चः । अग्र॑म् । यत् । प्र । ऐर॑त । ना॒म॒ऽधेय॑म् । दधा॑नाः । यत् । ए॒षा॒म् । श्रेष्ठ॑म् । यत् । अ॒रि॒प्रम् । आसी॑त् । प्रे॒णा । तत् । ए॒षा॒म् । निऽहि॑तम् । गुहा॑ । आ॒विः ॥१॥

बृहस्पतिरनेन सूक्तेन विदितवेदार्थान् बालान् दृष्ट्वा स्मयमानः स्मयमानः स्वात्मान संवोध्याह । हे ᵛबृहस्पते अन्तरात्मन् ᵛप्रथमम् उत्पत्त्यनन्तरमितरवागुच्चारणात्प्रागेव ᵛनामधेयं नाम ᵛदधानाः पदार्थेषु निदधाना बालाः ᵛयत् ᵛप्रैरत प्रैरितवन्तः तत् ᵛवाचोऽग्रं भवति । यत्तत तातेत्यादिकं वाक्यं पूर्वमभिधाय पश्चादन्या वाचो वदिष्यन्ति खलु तस्माद्वाचोऽग्रम् । अस्यां दशायामवस्थितान् बालान् पश्य । तथेदानीम् ᵛएषां श्रेष्ठं प्रशस्यतमं ᵛयत् यच्च ᵛअरिप्रं पापरहितं वेदार्थज्ञानम् ᵛआसीत् ᵛएषां तज्ज्ञानं ᵛगुहा गुहायां ᵛनिहितं गोप्यं तत् ᵛप्रेणा । मकारलोपश्छान्दसः । प्रेम्णाविर्भवति । वेदाभ्यासकाले सरस्वती स्वार्थमेभ्यः प्रकाशयतीत्यर्थः । एवं विस्मये 'बृहस्पते प्रथमं वाचो अग्रम्' (ऐ. आ. १.३.६) इत्यादिकमारण्यकमनुसंधेयम् ॥

અનુવાદ (94) : હે બૃહસ્પતિ ! (જગત્‌ના વિવિધ પદાર્થોના) નામ પાડતાં (બાળકોએ) પહેલવહેલી જે (વાણી)ને પ્રેરી (= પ્રયોજી), તે વાણીનો અગ્રભાગ (= પ્રથમ ચરણ) છે. (આ સમયે) આમનું (બાળકો - મનુષ્યોનું) જે પાપ વિનાનું શ્રેષ્ઠ (વેદાર્થ વિષયક જ્ઞાન) હતું તે તેમની (હૃદયરૂપી) ગુહામાં મૂકવામાં આવેલું હતું, તેને પ્રેમ પૂર્વક (પરમાત્માએ - સરસ્વતીએ) આવિર્ભૂત કર્યું. (૧૦-૭૧-૧)

નોંધ : સાયણ મુજબ - 'આ સૂક્તમાં પરમ પુરુષાર્થ રૂપ 'મોક્ષ'ની સિદ્ધિ કરાવી આપનાર પરમ બ્રહ્મ વિષયક જ્ઞાનની સ્તુતિ કરવામાં આવી છે.'' પરંતુ આમાં સીધી બ્રહ્મવિષયક ચર્ચા રજૂ કરવાને બદલે જ્ઞાનના વાહન રૂપ વાક્તત્ત્વ = વાણી = સરસ્વતીના ઉદ્‌ભવાદિ વિશે વિચારો રજૂ થયા છે એમ કહેવું વધુ સુસંગત ગણાશે. જેમકે આ મન્ત્રમાં કહ્યું છે કે ૧. **हे बृहस्पते ! (वालाः) (जगतः पदार्थानाम्) नामधेयं दधानाः, यत् (वाक्तत्त्वं) प्रथमं प्रैरत, (तत्) वाचः अग्रं (भवति)** ॥ હે બૃહસ્પતિ ! (બાળકોએ = જગત્‌ના આદ્ય મનુષ્યોએ, જગત્‌ના વિવિધ પદાર્થોનાં) નામ પાડતાં / પાડતી વખતે જે (વાણીતત્ત્વ) પહેલવહેલું પ્રયોજ્યું હશે, તે વાણીનું પ્રથમ ચરણ છે. ૨. **एषां यद् अरिप्रं श्रेष्ठं आसीत्, तद् एषां गुहा (= गुहायाम् निहितं (तत्) (परमात्मा) प्रेमा (= प्रेम्णा) आविः (करोति)** । આ (મનુષ્યો)નું જે (રિપ્ર = પાપ, અરિપ્ર =) પાપ વિનાનું શ્રેષ્ઠ (વેદાર્થ વિષયક) જ્ઞાન (હૃદય રૂપી) ગુફામાં પડેલું જ હતું, તેને પરમાત્માએ **प्रेमा** - એટલે પ્રેમથી = અનુગ્રહ કરવાની બુદ્ધિથી આવિર્ભૂત કર્યું.

અહીં **प्रेमन्** શબ્દનું તૃતીયા વિ. એ.વ.માં **प्रेम्णा** રૂપ થવું જોઈએ. પણ **ण्**કારનો છાન્દસ લોપ થયો છે એમ ગણવું (એવું સાયણ કહે છે). તથા ઋષિએ પૂરું **आविष्करोति** એવું ક્રિયાપદ વાપરવાને બદલે, કેવળ **आविस्** એવો ઉપસર્ગ જ વાપર્યો છે. પરમાત્માએ પ્રેમથી અર્થાત્ કેવળ અનુગ્રહ કરવાની બુદ્ધિથી, સૃષ્ટિના આરંભે જન્મેલા મનુષ્યોની વાણીને પ્રેરી છે. તથા જ્ઞાન એ આત્માનો 'સ્વભાવ' છે, તેથી ઋષિએ કહ્યું છે મનુષ્યોના ચિત્તમાં - હૃદય રૂપી ગુફામાં - જ શ્રેષ્ઠ જ્ઞાન તો પડેલું હતું, તેને પરમાત્માએ કેવળ આવિર્ભૂત કર્યું. મનુષ્યોને વાણી ફુટવી એ જ્ઞાનનો આવિર્ભાવ - પ્રકાશ - થવા બરોબર જ છે. પ્રોફે. એચ.ડી. વેલણકરના મતે પણ પ્રસ્તુત સૂક્તમાં 'જ્ઞાન'ની; ખાસ કરીને કવિની પ્રતિભાયુક્ત અને એકાએક ફુટતી વાણીની પ્રશંસા કરવામાં આવી છે. તેમણે આ મન્ત્રનો અનુવાદ આમ કર્યો છે : ''હે બૃહસ્પતિ ! વાણીનો તે સર્વપ્રથમ અને સર્વોપરિ આવિષ્કાર હતો, કે જેને (આ નિર્મિત વિશ્વના વિભિન્ન રૂપોને = પદાર્થોને) સંજ્ઞા પ્રદાન કરતી વખતે (દેવોએ) અભિવ્યક્ત કર્યું હતું. તેમની (= દેવોની) પાસે (વાણીનો) જે સર્વોત્તમ અને નિર્દોષ અંશ હતો તે ગુપ્ત રાખવા છતાં [તેમના (ઋષિઓ) તરફની પ્રેમભાવનાને કારણે અભિવ્યક્ત કર્યો છે.''

सक्तु॑मिव॒ तित॑उना पु॒नन्तो॒ यत्र॒ धीरा॒ मन॑सा॒ वाच॒मक्र॑त ।
अत्रा॒ सखा॑यः स॒ख्यानि॑ जानते भ॒द्रैषां॑ ल॒क्ष्मीर्निहि॒ताधि॑ वा॒चि ॥२॥

स॒क्तु॑म्ऽइव । तित॑उना । पु॒नन्त॑ः । यत्र॑ । धीरा॑ः । मन॑सा ।
वाच॑म् । अक्र॑त । अत्र॑ । सखा॑यः । स॒ख्यानि॑ । जा॒न॒ते॒ ।
भ॒द्रा । ए॒षा॒म् । ल॒क्ष्मीः । निऽहि॑ता । अधि॑ । वा॒चि ॥२॥

ᵛतितउना । परिपूयतेऽनेनेति । यद्वा । तता विस्तृता भृष्टयवा अत्रेति तितउः । 'तनोतेर्डउः सन्वच्च' (उ. सू. ५. २२) इति डउप्रत्ययः । सन्वद्‌भावादित्वम् । उक्तनिर्वचनेन सूर्पेण ᵛसक्तुमिव यथा कश्चित्सक्तुं दुर्धावं पुनाति तद्वत् प्रकृतितः प्रत्ययतश्च शब्दानुत्पुनन्तः ᵛधीराः धीमन्तो विद्वांसः ᵛयत्र यस्मिन् काले विद्वत्संघे वा ᵛमनसा प्रज्ञायुक्तेन ᵛवाचमक्रत अकृषत कुर्वन्ति । करोतेर्लुङि रूपम् । ᵛअत्र तत्र काले ᵛसखायः समानख्यानाः शास्त्रादिविषयज्ञानास्ते ᵛसख्यानि तेषु भवानि ज्ञानानि ᵛजानते जानन्ति । यद्वा । सखायो वाचा वद्धसख्यास्ते तस्यास्तस्या वाचः सख्यानि जानन्ति । वाक्ययुक्तानभ्युदयाँल्लभन्त इत्यर्थः । तस्मात् ᵛएषां ᵛवाचि ᵛभद्रा कल्याणी ᵛनिहिता ᵛलक्ष्मीः भवति । अधिः सप्तम्यर्थद्योतकः । अर्थज्ञानं वाचि पश्याम इत्यर्थः । 'तितउ परिपवनं भवति ततवद्वा तुन्नावद्वा तिलमात्रतुन्नमिति वा सक्तुमिव तितउना' (निरु. ४.१०) इत्यादि निरुक्तमनुसंधेयम् ॥

वाग्देवत्यपशोर्वपापुरोडाशयोः 'यज्ञेन वाचः' इत्यादिके द्वे क्रमेण याज्ये । सूत्रितं च - 'यज्ञेन वाचः पदवीयमायन्निति द्वे देवीं वाचमजनयन्त देवा' (आश्व. श्रौ. ३.८) इति ..

अनुवाद (95) : ચાળણીથી જાણે સાથવાને (-લોટને) સાફ કરતા હોય તેમ જ્યાં ધીર વ્યક્તિઓએ મનથી વાણીને વ્યાકૃત કરી (= પૃથક્કૃત કરી). જ્યાં અહીં સખાઓ સખ્યને જાણે છે; આવાઓ (ધીરો)ની વાણીની અંદર કલ્યાણકારિણી લક્ષ્મી રહેલી છે. (૧૦-૭૧-૨).

નોંધ : ૧. **तितउना सक्तुम् इव पुनन्तः (धीराः)**, 'તિતઉ' એટલે કાંણાવાળી ચાળણી, તેના વડે 'સક્તુ' અર્થાત્ સાથવાને (કે લોટને) જાણે પુનિત કરતા હોય, સાફ કરતા હોય તેમ ધીર વ્યક્તિઓ (અર્થાત્ વૈયાકરણો), ૨. **धीराः यत्र मनसा वाचम् अक्रत** । જ્યાં મનથી વાણીને વ્યાકૃત કરે છે. વાણીમાં (= ભાષામાં) જે અસાધુ (= વ્યાકરણથી સંમત નહીં તેવા તથા અપભ્રંશ શબ્દો ગણાય તેવા જે) શબ્દો વપરાતા હોય છે, તેને વ્યાકરણ રૂપી ચાળણીથી વૈયાકરણો અલગ તારવી દે છે; અને જે સાધુ શબ્દો હોય છે (સંસ્કૃત તથા વ્યાકરણ સંમત શબ્દો હોય છે) તેમને પ્રકૃતિ + પ્રત્યયમાં પૃથક્કૃત કરી દે છે (અર્થાત્ તેઓ શબ્દોનું 'વ્યાકરણ' કરી આપે છે.) ૩. **अत्र सखायः सख्यानि जानते** । ''અહીં

'સખા'ઓ 'સખ્ય'ને જાણે છે.'' અહીં 'સખા' શબ્દનો 'મિત્ર, ભાઈબંધ' એવો અર્થ નથી; પણ સમાન ખ્યાન = શાસ્ત્રને જાણનારા બે વિદ્વાનો પરસ્પરના 'સખા' કહેવાય છે. તો આ દૃષ્ટિએ 'સખાઓ સખ્યને જાણે છે' વાક્યનો એવો અર્થ થશે કે સમાન શાસ્ત્રને જાણનાર બે વિદ્વાનો, (જેમકે - બે વૈયાકરણો, કે બે વેદાન્તીઓ, કે બે અલંકારિકો, બે નૈયાયિકો) જ્યારે ભેગા મળે છે, ત્યારે તે પરસ્પરની શાસ્ત્રમાં ગતિ કેટલી છે ? કેવી શાસ્ત્ર ઉપર પકડ છે ? એ જાણી શકે છે.

૪. **एषां (वैयाकरणानां) अधि वाचि भद्रा लक्ष्मीः निहिता** । આવા ધીર = વૈયાકરણોની વાણીની અંદર (જ) કલ્યાણકારિણી લક્ષ્મી નિવાસ કરતી હોય છે. આ મન્ત્ર યાસ્કે 'નિરુક્ત'માં અને પતંજલિએ 'વ્યાકરણ મહાભાષ્ય'માં ઉદ્ધૃત કરીને તેનું વ્યાખ્યાન કરેલું છે.

પ્રોફે. એચ. ડી. વેલણકરના મતે અનુવાદ આમ થાય છે : ''સુહૃદ્ગણ (વાણીની) મિત્રતાનો અનુભવ અહીં મેળવે છે, કે જ્યાં ચાળણીથી ધાનના કણો **(सक्तु)** ની જેમ મનથી વાણીને પવિત્ર (સ્વચ્છ) કરતા એવા વિચારવાન્ વ્યક્તિ તેનો આવિષ્કાર કરે છે. તેમની વાણીમાં પવિત્ર ગુણ નિહિત છે.'' તેમના મતે **धीराः** એટલે પ્રજ્ઞાવાન પ્રતિભાવાન કવિ. (કેમકે આ સૂક્તમાં કવિની વાણીની વાત છે એમ તેઓ માને છે.) **पुनन्तः** આ શબ્દ પણ કવિઓ જે કુશળતાપૂર્વક અમુક શબ્દોની શબ્દબન્ધોની પસંદગી કરતા હોય છે. તેની તરફ ઈશારો કરે છે. **लक्ष्मी** (**लक्ष्म्** પૃથક્ત્વ પ્રકટ કરનારો ગુણ) વ્યવચ્છેદક અથવા પૃથક્ત્વસૂચક લક્ષણ.

य॒ज्ञेन॑ वा॒चः प॑द॒वीय॑माय॒न् तामन्व॑विन्द॒न्नृषि॑षु॒ प्रवि॑ष्टाम् ।
ताम॒ाभृत्या॒ व्य॑दधुः पुरु॒त्रा तां स॒प्त रे॒भा अ॒भि सं
न॑वन्ते ॥३॥

य॒ज्ञेन॑ । वा॒चः । प॒द॒ऽवीय॑म् । आ॒य॒न् । ताम् । अनु॑ ।
अ॒वि॒न्द॒न् । ऋषि॑षु । प्रऽवि॑ष्टाम् । ताम् । आ॒ऽभृत्य॑ । वि ।
अ॒द॒धुः॒ । पु॒रु॒ऽत्रा । ताम् । स॒प्त । रे॒भाः । अ॒भि । सम् ।
न॒व॒न्ते॒ ॥३॥

विदितार्था धीराः ᵛपदवीयम् । वेतेः 'अचो यत्' । संज्ञापूर्वकस्य विधेरनित्यत्वाद्गुणाभावः । पदेन यातव्यः पन्थाः पदवीयः । तं ᵛवाचः मार्गं ᵛयज्ञेन ᵛआयन् प्राप्तवन्तः । ᵛऋषिषु अतीन्द्रियार्थदर्शिषु ᵛप्रविष्टां ᵛतां वाचम् ᵛअविन्दन् अलभन्त । अनन्तरं ᵛतां वाचम् ᵛआभृत्य आहृत्य ᵛपुरुत्रा बहुषु देशेषु ᵛव्यदधुः व्यकार्षुः । सर्वान्

मनुष्यानध्यापयामासुरित्यर्थः । एतादृशीं वाचं ᵛरेभाः शब्दायमानाः पक्षिणः पक्षिरूपाणि गायत्र्यादीनि ᵛसप्त छन्दांसि ᵛअभि ᵛसं ᵛनवन्ते अभितः संगच्छन्ते ।

અનુવાદ (96) : (ધીરોએ) યજ્ઞ વડે વાણીના માર્ગને પ્રાપ્ત કર્યો છે. (વળી,) ઋષિઓમાં પ્રવેશેલી તે (વાણી)ને તેમણે (= ધીરોએ) મેળવી. (ત્યાર પછી, તે ધીરોએ = વૈયાકરણોએ) તે (વાણી)ને ચારેય તરફથી ભેગી કરીને ઘણા પ્રદેશોમાં **(पुरुत्रा)** તેને વહેંચી કાઢી છે. (અર્થાત્ વૈયાકરણોએ તે વાણીને બધા મનુષ્યોને શીખવી.) આવી (વાણી)ની પ્રત્યે અવાજ કરતા પક્ષીઓ રૂપી સાત (છન્દો) જાય છે - સુસંગત થાય છે. (૧૦-૭૧-૩)

નોંધ : ૧. **(धीराः = वैयाकरणाः) यज्ञेन वाचः पदवीयम् (= मार्गम्) आयन्** । (ધીરોએ) યજ્ઞ દ્વારા વાણીના માર્ગને (શબ્દશઃ 'પગથી ચાલીને જવા યોગ્ય માર્ગને) પ્રાપ્ત કર્યો છે. ૨. **ऋषिषु प्रविष्टां तां (वाचम्) (धीराः) अनु अविन्दन्** । 'ઋષિઓમાં પ્રવેશેલી તે (વાણી)ને (ધીરોએ) મેળવી. ૩. **तां (वाणीं) आभृत्य = आहृत्य (धीराः) पुरुत्रा (= बहुषु प्रदेशेषु) व्यदधुः । (= व्यकार्षु** । 'તે (વેદવાણી)ને ચારેય તરફથી ભેગી કરીને, ધીરોએ તેને ઘણાં 'સ્થાનોમાં વહેંચી કાઢી છે.' વાણીને = ભાષાના વાક્યને પૃથક્કૃત કરીને, તેને ચાર પ્રકારનાં પદો, જેમકે, નામ, આખ્યાત, ઉપસર્ગ અને નિપાતમાં વહેંચી કાઢ્યાં છે. ૪. **तां (वाणीं) अभि, रेभाः (= शब्दायमानाः पक्षिणः) सप्त (छन्दांसि) सं नवन्ते (= संगच्छन्ते)** । 'તે વાણીની પ્રત્યે અવાજ કરતાં પક્ષીઓ રૂપી સાત (છન્દો) જાય છે.'

પ્રોફે. હરિ દામોદર વેલણકર સાહેબે આનો અનુવાદ નીચે મુજબ કર્યો છે : ''યજ્ઞની સહાયતાથી તે (વિચારવાન્ વ્યક્તિ = ધીર) વાણીના માર્ગ ઉપર આવી પહોંચ્યા; તેમણે (તે (માર્ગ)ને ઋષિઓમાં પ્રવેશેલો જોયો. ત્યાંથી નીચે લાવીને તેમણે તેને અનેક સ્થાનોમાં વહેંચી કાઢ્યો; સાતેય સ્તોતાઓએ મળીને તેનું સહર્ષ સ્વાગત કર્યું.'' આની ઉપર ટિપ્પણ કરતાં તેમણે લખ્યું છે કે - વાણીનું સર્વોત્તમ રૂપ દેવોએ પહેલાં ઋષિઓને આપ્યું હતું. પ્રતિભાશાળી કવિઓએ તે ઋષિઓની પાસેથી યજ્ઞની મદદથી તેને મેળવ્યું અને સ્તોતાઓમાં વહેંચી કાઢ્યું. (જુઓ : ૧૦-૧૨૫-૩) સાત સ્તોતા અર્થાત્ યજ્ઞના સાત પ્રમુખ ઋત્વિજો યજ્ઞમાં તેનું સ્વાગત કરે છે. પ્રસ્તુત ઋચાના **रेभाः** અને ૧૦-૧૧૪-૭ના **धीराः** બન્ને એક જ વ્યક્તિ છે. આમ દેવો અને કવિઓની વચ્ચે ઋષિઓ પવિત્ર વાણીના સંક્રમણમાં મધ્યસ્થી બન્યા છે. **रेभाः** એટલે 'સ્તોત્રના રચયિતા' અથવા 'સ્તોતા = સ્તુતિ ગાનારા' એવો અર્થ પણ લઈ શકાય.

उ॒त त्वः॒ पश्य॒न्न द॑दर्श॒ वाच॑मु॒त त्वः॑ शृ॒ण्वन्न शृ॑णोत्येनाम् ।
उ॒तो त्व॑स्मै त॒न्वं१॒ वि स॑स्रे जा॒येव॒ पत्य॑ उश॒ती सु॒वासाः॑ ॥४॥

उ॒त । त्वः॒ । पश्य॑न् । न । द॒द॒र्श॒ । वाच॑म् । उ॒त । त्वः॒ । शृ॒ण्वन् । न । शृ॒णो॒ति॒ । ए॒ना॒म् । उ॒तो इति॑ । त्व॒स्मै॒ । त॒न्व॑म् । वि । स॒स्रे॒ । जा॒याऽइ॑व । पत्ये॑ । उ॒श॒ती । सु॒ऽवासाः॑ ॥४॥

त्वशब्द एकवाची । एकः । उतशब्दोऽप्यर्थे । ᵛपश्यन् अपि मनसा पर्यालोचयन्नपि ᵛवाचं ᵛन ᵛददर्श दर्शनफलाभावान्न पश्यति । ᵛत्वः एकः शृण्वन् अपि एनां वाचं न शृणोति श्रवणफलाभावात् । इत्यनेनार्धेन अविद्वानभिहितः । तृतीयपादेन विदितवेदार्थमाह । त्वस्मै एकस्मै अपि तन्वम् आत्मीयं शरीरं वि सस्रे स्वयं वाग्विविधं गमयति । आत्मानं विवृणुते प्रकाशयतीत्यर्थः । तत्र दृष्टान्तः । जायेव यथा उशती संभोगं कामयमाना सुवासाः शोभनवसाना जाया पत्ये भर्त्रे ऋतुकाले संभोगार्थं स्वयमात्मानं विवृणुते । तद्वदेनां पश्यति शृणोति चेति विदितवेदार्थस्य प्रशंसा । 'अप्येकः पश्यन्न पश्यति वाचम्' (निरु. १.१९) इत्यादि निरुक्तमत्र द्रष्टव्यम् ॥

અનુવાદ (97) : (વેદાધ્યયન કરનારાઓમાંથી) કોઈ એક (त्वः) (વેદ) વાણીને જોવા છતાંય જોતો નથી અને સાંભળવા છતાં સાંભળતો નથી. જ્યારે બીજા એકને માટે આ (વેદ) વાણી પોતાના અર્થ રૂપી શરીરને પ્રકટ કરે છે, જેવી રીતે કોઈ સ્વચ્છ વસ્ત્રો પહેરેલી અને કામના કરતી પોતાના પતિને માટે પોતાનું શરીર પ્રકટ કરે છે. (૧૦-૭૧-૪)

નોંધ : સાયણ કહે છે કે મન્ત્રના પૂર્વાર્ધમાં અવિદ્વાન્ વ્યક્તિને લક્ષ્યમાં રાખીને કહ્યું છે કે જે અજ્ઞાની વ્યક્તિ છે, જે **कवि** નથી તે વ્યક્તિ વેદાભ્યાસ કરવા બેસે અને વેદમન્ત્રને જુવે છતાંય તે (વેદાર્થ)ને જોઈ શકતો નથી; વેદમન્ત્રને સાંભળે, તો પણ (વેદાર્થ)ને સાંભળી (અર્થાત્ સમજી) શકતો નથી.

પરંતુ જે વિદ્વાન્ વ્યક્તિ છે, જે ઋષિ છે, જે **कवि** (= ક્રાન્તદર્શી) છે તેના પ્રત્યે તો [illegible]ાણી પ્રસન્ન થઈને પૂરેપૂરા વેદમન્ત્રાર્થને પ્રકટ કરી દે છે. આને માટે એક

સુન્દર ઉપમા પ્રયોજી છે. જેવી રીતે કોઈ સ્ત્રી, કે જે પોતાના પતિની કામના (उशती) કરતી હોય, અને પતિના મિલન માટે ઉત્સુક હોય અને સારાં વસ્ત્રોમાં સજ્જ થઈ હોય ત્યારે જેવી રીતે તે પતિની પાસે એકાંતમાં પોતાના રૂપને પ્રકટ કરે છે તેવી રીતે આ વેદવાણી પણ પોતાના પૂરેપૂરા રૂપને (= વેદાર્થને) કવિ પાસે પ્રકટ કરી દે છે.

त्वः = 'કોઈ એક વ્યક્તિ' (સર્વનામ છે), **उत** - અને વળી (વિકલ્પવાચક અવ્યય). ૧. **त्व** = (= **एकः**) **वाचम्**, (= **वेदमन्त्रं**) **पश्यन्** = જોતો (વર્તમાન કૃદન્ત), (**अपि**) **न ददर्श** । ૨. **उत त्वः** (**वाचम् = वेदमन्त्रम्**) **शृण्वन्** - સાંભળતો, **अपि न एनां** (= **वेदवाणीं**) **शृणोति** । ૩. **उत त्वस्मै** (= **एकस्मै = तस्मै**) પણ ત્રીજા એક વ્યક્તિને માટે (ચતુર્થીનું રૂપ), (**सा वेदवाणी**) **तन्वं विसस्रे** । શરીરને પ્રકટ કરે છે. કોની જેમ ? તો ઉપમાન વાક્ય : ૪. **उशती सुवासा जाया इव पत्ये तन्वं विसस्रे** ।

આ મન્ત્ર ઉપર યાસ્કે (નિરુક્ત ૧-૧૯માં) વ્યાખ્યાન કર્યું છે.

उ॒त त्वं॑ स॒ख्ये स्थि॒रपी॑तमाहु॒र्नैनं॑ हिन्व॒न्त्यपि॒ वाजि॑नेषु ।
अधे॑न्वा चरति मा॒ययै॒ष वाचं॑ शुश्रु॒वाँ अ॑फ॒लाम॑पु॒ष्पाम्
॥५॥

उ॒त । त्व॒म् । स॒ख्ये । स्थि॒रऽपी॑तम् । आ॒हुः॒ । न । ए॒न॒म् । हि॒न्व॒न्ति॒ । अपि॑ । वाजि॑नेषु । अधे॑न्वा । च॒र॒ति॒ । मा॒यया॑ । ए॒षः । वाच॑म् । शु॒श्रु॒ऽवान् ।अ॒फ॒लाम् । अ॒पु॒ष्पाम् ॥५॥

ᵛत्वम् ᵛउत एकमपि ᵛसख्ये विदुषां संसदि । या सत्कथा सा सखि कर्मत्वात्सख्यमित्युच्यते । सा च वाचा क्रियते । अतो वाक्सबन्धाद्वाक्सख्ये स्थिरपीतम् । मधु यस्य हृदये स्थिरं भवति । यद्वा स्थिरपीतं स्थिरप्राप्तिम् । ᵛआहुः । यद्वा । तस्मिञ्ज्ञातार्थमाहुः । लोके यथा ज्ञातार्थं पुरुषं पीतार्थमिति वदन्ति । किंच ᵛएनं विज्ञातार्थं पुरुषं ᵛवाजिनेषु । वाक् इना ईश्वरा येषां ते वाजिना अर्था वाच आयत्ताः खलु । वाग्ज्ञेयेष्वर्थेषु ᵛन ᵛअपि ᵛहिन्वन्ति । अपिशब्दोऽन्वर्थे । केचिदपि नानुगच्छन्ति । अयमेवातिशयेन विद्वानित्यर्थः । यद्वा । वाजिनेषु सारभूतेषु निरूपणीयेष्वर्थेष्वेनं न हिन्वन्ति न बहिः कुर्वन्ति । एनं पुरस्कृत्यैव सर्वं वेदार्थं विचारयन्तीत्यर्थः । इत्यर्थज्ञः प्रशस्तः । अनन्तरमुत्तरार्धेन केवलपाठको निन्द्यते । ᵛएषः अविज्ञातार्थः पुरुषः

[v]अधेन्वा धेनुत्वविवर्जितया कामानामदोग्ध्या देवमनुष्यस्थानेषु वाक्प्रतिरूपया [v]मायया [v]चरति । किं कुर्वन् । [v]अफलामपुष्पाम् । वाचाऽर्थः पुष्पफलम् । अर्थवर्जिताम् । यद्वा । वाचोऽर्थो याज्ञदैवते । यज्ञे भवं ज्ञानं याज्ञं देवतासु भवं ज्ञानं दैवतम् । तद्वर्जितां कर्मादिविषयज्ञानवर्जितां [v]वाचं शुश्रुवान् । केवलं पाठमात्रेणैव श्रुतवान् स चरति । यथा वन्ध्या पीना गौः किं द्रोणमात्रं क्षीरं दोग्धीति मायामुत्पादयन्ती चरति यथा वन्ध्यो वृक्षोऽकाले पल्लवादियुक्तः सन् पुष्यति फलतीति भ्रान्तिमुत्पादयंस्तिष्ठति तथा पाठं प्रब्रुवाणः चरतीत्यर्थः । 'अप्येकं वाक्सख्ये स्थिरपीतम्' (निरु. १.२०) इत्यादि निरुक्तमत्रानुसंधेयम् ॥ ॥२३॥

અનુવાદ (98) : કોઈ એકને (વાણીની) મિત્રતામાં અવિચલ જ્ઞાનવાળો કહ્યો છે. વાણીને જાણનારાઓમાં આવા જ્ઞાનીને કોઈ હરાવી શકતું નથી. જેવી રીતે કોઈ એક માયાથી રચેલી ખોટી ધેનુની સાથે ફરે છે (અને કશુંય ફળ મેળવતો નથી) તેવી રીતે આ (વેદના અર્થને નહીં જાણનારો અજ્ઞાની) ફળ વિનાની અને પુષ્પ વિનાની વાણીને સાંભળે છે. (૧૦-૭૧-૫)

નોંધ : ૧. **उत त्वं (=एकं) सख्ये (= वाक्सख्ये) स्थिरपीतम् आहुः ।** કોઈ એકને વાણીના સખ્યની બાબતમાં 'સ્થિરપીત' કહ્યો છે., સાયણ કહે છે કે - લોકમાં જ્ઞાતાર્થ પુરુષને 'પીતાર્થ' કહ્યો છે. જેણે વેદમન્ત્રોના અર્થ જાણી લીધા છે તેવા પુરુષને 'સ્થિરપીત' - જેનું મન સ્થિર છે તેવો (અર્થાત્ અવિચલ જ્ઞાનવાળો) કહ્યો છે. ૨. **एनं वाजिनेषु न हिन्वन्ति एनं** = સ્થિરપીત વ્યક્તિને = વેદાર્થને જાણનાર વ્યક્તિને, બીજો કોઈ 'વાજિનો'માં હરાવી શકતું નથી, અહીં સાયણે **वाजिन** શબ્દને સમજાવતાં કહ્યું છે કે - **वाक् इना = ईश्वरा येषां ते** । - વાણી જેમની ઈશ્વર = સ્વામિની છે તે, (અથવા વાણીને જેમણે સ્વાયત્ત કરી છે) અર્થાત્ વાણીથી જાણી શકાય એવા અર્થોને વિશે (= **वाजिनेषु**). અર્થાત્ આવા સ્થિરપીત વ્યક્તિને આગળ કરીને જ, બધા વેદ-મન્ત્રોના અર્થો વિચારવા બેસે છે. પ્રોફે. વેલણકરે **वाजिन** નો અર્થ 'વાક્સ્પર્ધા' કર્યો છે. આમ પૂર્વાર્ધમાં વેદજ્ઞ પુરુષની પ્રશંસા કરવામાં આવી છે. હવે મન્ત્રના ઉત્તરાર્ધમાં કેવળ વેદ મન્ત્રના શબ્દને જાણનારની = કેવળ વેદમન્ત્રનો પાઠ કરનારની નિંદા કરવામાં આવે છે. ૩. **एषः मायया अधेन्वा चरति** । આ (અજ્ઞાની) વ્યક્તિ તો માયાથી રચેલી ખોટી ગાયની સાથે (જાણે) ફરે છે (અને જેથી કરીને તે ગાય સાથે હોવાનું ફળ = દૂધ વગેરેની પ્રાપ્તિ તેને થતી નથી.) આવી વ્યક્તિને માટે વેદમન્ત્રોનું શ્રવણ પણ વ્યર્થ-નિષ્ફળ છે. ૪. **(सः) अफलाम् अपुष्पाम् वाचं शुश्रुवान्** । -તે (અજ્ઞાની) વ્યક્તિ તો ફળ વિનાની અને પુષ્પ વિનાની (વેદ) વાણીને (કેવળ) સાંભળનારો જ હોય છે.

यस्ति॒त्याज॑ सचि॒विदं॒ सखा॑यं॒ न तस्य॑ वा॒च्यपि॑ भा॒गो अ॑स्ति ।
यदीं॑ शृ॒णोत्यल॑कं शृणोति न॒हि प्र॒वेद॑ सुकृ॒तस्य॒ पन्था॑म् ॥६॥

यः । ति॒त्याज॑ । स॒चि॒ऽविद॑म् । सखा॑यम् । न । तस्य॑ । वा॒चि । अपि॑ । भा॒गः । अ॒स्ति॒ । यत् । ई॒म् । शृ॒णोति॑ । अल॑कम् । शृ॒णो॒ति॒ । नहि । प्र॒ऽवेद॑ । सु॒ऽकृ॒तस्य॑ । पन्था॑म् ॥६॥

ᵛसचिविदम् । सचिशब्दः सखिवाची । सखिविदम् । योऽध्येता स वेदस्य सखा संप्रदायोच्छेदनिवारकत्वेन वेदं प्रत्युपकारित्वात् । तादृशमुपकारिणमध्येतारं वेत्तीति सचिवित् । तमभिज्ञं ᵛसखायम् अध्येतॄणां पुरुषाणं स्वार्थबोधनेनोपकारित्वात्सखिभूतं वेदं ᵛयः पुमान् ᵛतित्याज तत्याज परार्थविनियोगेन परित्यजति । त्यजतेर्लिटि 'अपस्पृधेथामानृचुः' इत्यादिना निपातितः । ᵛतस्य पुरुषस्य ᵛवाचि सर्वस्यां लौकिक्यां शस्त्रीयायां वाच्यपि ᵛभागः भजनीयः कश्चिदर्थः ᵛन ᵛअस्ति । ᵛईम् अयं पुरुषः ᵛयत् वेदव्यतिरिक्तं ᵛशृणोति तत् ᵛअलकम् अलीकं व्यर्थमेव ᵛशृणोति । ᵛहि यस्मात्कारणात् ᵛसुकृतस्य ᵛपन्थां पन्थानं ᵛन ᵛप्रवेद श्रद्धाराहित्यादनुष्ठानमार्गं न जानाति । तस्मात्तदीयश्रवणमपि निष्फलमित्यर्थः । द्वितीयचतुर्थपादयोरभिप्राय आरण्यके दर्शितः 'न तस्यानूक्ते भागोऽस्ति' (ऐ. आ. ३.२.४) इत्यादिना । तथा 'तं योऽनूत्सृजत्यभागो वाचि भवत्यभागो नाके तदेषाभ्युक्ता' (तै. आ. २.१५.५) इत्यध्वर्युभिश्च ॥

અનુવાદ (99) : (અધ્યેતા રૂપ) સખાને જાણનાર એવા (વેદ રૂપ) સખાને જે ત્યજી દે છે તો તે(વી વ્યક્તિ)ની વાણીમાં (સેવવા યોગ્ય કોઈ=) ભાગ બાકી રહેતો જ નથી. આવો (વ્યક્તિ) જે (-વેદબાહ્ય કથનોને) સાંભળે છે, તે (બધું) વ્યર્થ જ સાંભળે છે. કારણ કે તે સુકૃત (= પુણ્યજનક કર્મો)ના માર્ગને જાણતો (જાણી શકતો) જ નથી. (૧૦-૭૧-૬)

નોંધ : ૧. **सचिविदम्** = **सखिविदम्** । આ શબ્દ 'વેદ'નું વિશેષણ છે. વેદને 'સખાને જાણનાર' કહ્યો છે. એટલે કે જે વ્યક્તિ વેદનું અધ્યયન કરે છે અને એ રીતે વેદાધ્યયન સંપ્રદાયની રક્ષા કરે છે તેથી તેવો અધ્યેતા 'વેદનો સખા' કહેવાય છે. વેદ પોતાના આવા સખાને ઓળખે છે; આથી તે વેદને '**सचिविद्**' કહેવાય. એ જ પ્રમાણે, **सखायम्** શબ્દ પણ વેદનું વિશેષણ છે. વેદના અભ્યાસીઓનો વેદ પોતે સખા છે. આવા વેદરૂપ સખાને **यः तित्याज** - જે છોડી દે છે, ત્યજી દે છે એટલે

કે જે વેદજ્ઞાન વિનાનો થઈ જાય છે, પછી તેની વાણીમાં કશાય **भागः** = **भजनीयः कश्चिदर्थः** = સેવવા - સાંભળવા - યોગ્ય અંશ, ભાગ, અર્થ રહેતો જ નથી.

૩. વેદનો ત્યાગ કરી દીધા પછી, આવો વ્યક્તિ **ईम्** (= **अयं पुरुषः**) **यत्** (**किंचित्**) **शृणोति**, (**तत्सर्वं**) **अलकं** (= **अलीकं** = **व्यर्थं**) **शृणोति** । જે કાંઈ પણ સાંભળે છે, તે બધું વ્યર્થ સાંભળે છે. **हि** = **यस्मात् कारणात्** = 'કારણકે' (અવ્યય); (**सः पुरुषः**) **सुकृतस्य पन्थां** (= **मार्गं**) **न प्रवेद** । તે વ્યક્તિ સુકૃતના માર્ગને જાણતો નથી. અર્થાત્ જે વ્યક્તિ વેદ ભણવાનો છોડી દે તેને પુણ્યજનક યજ્ઞાદિ કર્મોનું જ્ઞાન થતું નથી. પ્રોફે. વેલણકરે પણ આવો જ અર્થ દર્શાવ્યો છે.

अ॒क्ष॒ण्वन्तः॒ कर्ण॑वन्तः॒ सखा॑यो मनोज॒वेष्वस॑मा बभूवुः ।
आ॒द॒घ्नास॑ उपक॒क्षास॑ उ त्वे ह्र॒दाइव॒ स्नात्वा॑ उ त्वे
ददृश्रे ॥७॥

अ॒क्ष॒ण्ऽवन्तः॑ । कर्ण॑ऽवन्तः । सखा॑यः । म॒न॒ःऽज॒वेषु॑ । अस॑माः ।
ब॒भू॒वुः॒ । आ॒द॒घ्नासः॑ । उ॒प॒ऽक॒क्षासः॑ । ऊँ॒ इति॑ । त्वे॒ ।
ह्र॒दाःऽइ॑व । स्ना॒त्वाः॑ । ऊँ॒ इति॑ । त्वे॒ । द॒दृ॒श्रे॒ ॥७॥

ᵛअक्षण्वन्तः अक्षिमन्तः । 'छन्दस्यपि दृश्यते' इत्यक्षिशब्दादनङ् । 'अनो नट्' इति नुट् । अनेन दृश्यते सर्वमित्यक्षि । यद्वा । तैजसत्वात् अन्येभ्योऽङ्गेभ्यो व्यक्ततरम् । तथा च श्रूयते - 'तस्मादेते व्यक्ततरे इव' इति । तादृशाक्षियुक्ताः ᵛकर्णवन्तः । कर्णौ निकृत्तद्वारः । गर्भावस्थायामेव केनापि निर्मितबिल इत्यर्थः । यद्वा शरीरस्य शिरसो बोर्ध्वं गते उच्चैः स्थिते । कर्णविलक्षणाकाशवन्तः तथा चाम्नायते - ऋच्छन्ती इव खे उदगन्ताम्' इति । तादृशाः ᵛसखायः । समानं ख्यानं ज्ञानं येषामिति सखायः । तेषु वाक्येषु वाह्येष्विन्द्रियेषु समानज्ञाना इत्यर्थः । ते ᵛमनोजवेषु । मनसा गम्यन्ते ज्ञायन्त इति मनोजवाः प्रज्ञाद्याः । तेषु ᵛअसमाः अतुल्याः ᵛबभूवुः भवन्ति । तेषु मध्ये केचित् ᵛआदघ्नासः । आस्यशब्दस्य पृषोदरादित्वादाकारादेशः । आस्यदघ्ना आस्यप्रमाणोदका ह्रदा इवेति मध्यमप्रज्ञानाह । अथ ᵛत्वे एके । सर्वनामत्वाज्जसः शीभावः । ᵛउपकक्षासः । कक्षसमीपप्रमाणोदका ह्रदा इव । अल्पोदका इत्यर्थः । अनेनाल्पप्रज्ञानाह । तथा ᵛत्वे एके ᵛस्नात्वाः । स्नातेः कृत्यार्थे त्वन्प्रत्ययः (पा. सू. ३.४.१४) । स च 'अर्हे कृत्यतृचश्च'

(पा. सू. ३.३.१६९) इत्यर्हार्थे च भवति । स्नानार्हा अक्षोभ्योदकाः ᵛह्रदाइव ᵛददृश्रे दृश्यन्ते । अनेन महाप्रज्ञानाह । उः पूरणः । 'अक्षिमन्तः कर्णवन्तः सखायोऽक्षि चष्टेः' (निरु. १.९) इत्यादिकं निरुक्तमत्र द्रष्टव्यम् ॥

અનુવાદ (100) : આંખોવાળા અને કાનવાળા સખાઓ (= સમાન શાસ્ત્રના અધ્યેતાઓ) મનની ગતિને વિશે અસમાન થયા; જેવી રીતે સ્નાનને યોગ્ય એવા જળાશળમાં કેટલાક મુખ સુધી, તો બીજા કેટલાક કમ્મર (કેડ) સુધી ડૂબેલા દેખાય છે. (૧૦-૭૧-૭)

નોંધ : ૧. **अक्षबन्तः (= अक्षिमन्तः), कर्णवन्तः सखायः मनोजवेषु असमाः बभूवुः** । આંખોવાળા (અને) કાનવાળા સખાઓ મનની ગતિને વિષે (= બૌદ્ધિક સ્પર્ધાઓને વિશે = વેદજ્ઞાન વિષયક ચર્ચાઓમાં) અસમાન સાબિત થયા. (કોઈકને વધારે આવડતું હતું તો બીજા કેટલાકને ઓછું આવડતું હતું.) અહીં **सखा** શબ્દનો અર્થ ''સમાન ખ્યાન = શાસ્ત્રનું અધ્યયન કરનારાઓ'' એવો થાય છે. આથી બે વૈયાકરણો, કે બે નૈયાયિકો પરસ્પરના 'સખા' કહેવાય. આવા સખાઓની વચ્ચે જો સ્પર્ધા ગોઠવાય તો તેઓની શાસ્ત્રજ્ઞાન વિષયક ઊંડાઈ જેમ વધારે-ઓછી હોઈ શકે, તેમ વેદાધ્યયન કરનારા સખાઓને વિષે પણ બની શકે. આનું નિરૂપણ ઉત્તરાર્ધમાં એક ઉપમાથી કર્યું છે. ૨. **स्नात्वाः ह्रदाः इव** - સ્નાન કરવા યોગ્ય જળાશયોમાં જેવી રીતે (અનેક માણસો જો નાહવા ઊતર્યા હોય તો, તેઓમાંથી કોઈ કેવળ કિનારે જ ઊભો રહે તો તેના ખાલી પગ ભીના થાય, બીજો કોઈ થોડો વધારે આગળ જાય તો ઢીંચણ સુધી ભીનો થાય, અને ત્રીજો એનાથીય આગળ જાય તો ગળાડૂબ પાણી સુધી પહોંચે. **आदघ्नासः = आस्यदघ्नासः** - મોં સુધી ઊંડા પાણીમાં જનાર બને, **उपकक्षासः** - કેડ સુધીના પાણીમાં ઊંડો જનારો બને (તેવી રીતે વેદાધ્યયન પણ દરેક અધ્યેતાનું જુદી જુદી કક્ષાનું હોવાનું). યાસ્કે નિરુક્તમાં (૧-૯) આ મન્ત્ર સમજાવ્યો છે.

ह्र॒दा त॒ष्टेषु॒ मन॑सो ज॒वेषु॒ यद्ब्रा॑ह्म॒णाः सं॒यज॑न्ते॒
सखा॑यः ।
अत्रा॑ह त्वं॒ वि ज॑हुर्वे॒द्याभि॒रोह॑ब्रह्माणो॒ वि च॑रन्त्यु त्वे
॥८॥

ह्र॒दा । त॒ष्टेषु॑ । मन॑सः । ज॒वेषु॑ । यत् । ब्रा॒ह्म॒णाः । स॒म्ऽयज॑न्ते । सखा॑यः । अत्र॑ । अह॑ । त्व॒म् । वि । ज॒हुः॒ ।

वेद्याभिः । ओहऽब्रह्माणः । वि । चरन्ति । ऊँ इति । त्वे ॥८॥

ᵛसखायः समानख्यानाः ᵛब्राह्मणाः ᵛहृदा बुद्धिमतां हृदयेन ᵛतष्टेषु निश्चितेषु परिकल्पितेषु ᵛमनसो ᵛजवेषु गन्तव्येषु वेदार्थेषु गुणदोषनिरूपणाः ᵛयत् यदा ᵛसंयजन्ते संगच्छन्ते । यजिरत्र संगतिकरणवाची । ᵛअत्र अस्मिन् ब्राह्मणसंघे ᵛत्वम् अविज्ञातार्थमेकं ᵛपुरुषं ᵛवेद्याभिः वेदितव्याभिः विद्याभिः प्रवृत्तिभिर्वा ᵛवि ᵛजहुः विशेषेण परित्यजन्ति । ᵛअह इति विनिश्चये । ᵛओहब्रह्माणः । ऊह्यमानं ब्रह्म विद्याश्रुतिमतिबुद्धिलक्षणं येषां ते तथोक्ताः । तादृशास्त एके विद्वांसः ᵛवि ᵛचरन्ति यथाकामं वेदार्थेषु विनिश्चयार्थं प्रवर्तन्ते । उः प्रसिद्धौ । 'हृदा तष्टेषु मनसां प्रजवेषु' (निरु. १३.१३) इत्यादिकं निरूक्तं द्रष्टव्यम् ॥

અનુવાદ (101) : (સમાન શાસ્ત્રનું અધ્યયન કરનારા =) સખાઓ એવા બ્રાહ્મણો જ્યારે હૃદયથી નિશ્ચિત કરેલા એવા મનના માર્ગો (ગતિઓ)ને વિષે સાથે મળે છે (= જાય છે); (ત્યારે) જે એક (વેદાર્થને નહીં જાણતો પુરુષ) હોય તેને જાણવા યોગ્ય (વિદ્યાઓ) વડે ત્યજી દેવામાં આવે છે. બીજા કેટલાક ઓહ બ્રાહ્મણ (= જેઓ ઊહ = તર્ક વડે બ્રહ્મને મેળવનારા છે) છે, તેઓ (વેદાર્થનો નિશ્ચિય કરવા માટે યથેચ્છ) ફરતા હોય છે. (૧૦-૭૧-૮)

નોંધ : ૧. सखायः ब्राह्मणाः हृदा तष्टेषु मनसो जवेषु यद् (= यदा) संयजन्ते । સખા એવા બ્રાહ્મણો હૃદયથી નિશ્ચિત કરેલા (= तष्टेषु), એવા મનના માર્ગો/ગતિઓને વિષે સાથે (= ભેગા) મળે છે ત્યારે. (यज् ધાતુનો અર્થ 'સાથે મળવું/ ભેગા થવું' એવો પણ થાય છે. ૨. त्वम् = एकं - તે એક વ્યક્તિને (સાયણ ઉમેરે છે કે - જેને વેદાર્થનું જ્ઞાન હોતું નથી, તેને वेद्याभिः - જાણવા યોગ્ય વિદ્યાઓથી, वि जहुः - ત્યજી દેવામાં આવે છે = વંચિત રાખવામાં આવે છે. જ્યારે બીજી તરફ, ૩. त्वे ओहब्रह्माणः विचरन्ति । (त्वः - त्वै - त्वे) કેટલાક ઊહ થકી બ્રહ્મને પામનારા (= જેમને માટે બ્રહ્મ ઊહનો વિષય છે, તેવા) [વેદાર્થને જાણનારાઓની, એની ચર્ચાઓ કરનારાઓની વચ્ચે] ફરે છે.

इमे ये नार्वाङ्न परश्चरन्ति न ब्राह्मणासो न सुतेकरासः ।
त एते वाचमभिपद्य पापया सिरीस्तन्त्रं तन्वते अप्रजज्ञयः ॥९॥

इमे । ये । न । अर्वाक् । न । परः । चरन्ति । न ।

ब्रा॒ह्म॒णासः॑ । न । सु॒तेऽक॑रासः । ते । ए॒ते । वाच॑म् ।
अ॒भि॒ऽपद्य॑ । पा॒पया॑ । सि॒रीः । तन्त्र॑म् । त॒न्व॒ते॒ । अप्र॑ऽजज्ञयः ॥९॥

अनया वेदार्थानभिज्ञा निन्द्यन्ते । vइमे vये अविद्वांसः vअर्वाक् अर्वाचीनमधोभाविन्यस्मिँल्लोके ब्राह्मणैः सह vन vचरन्ति ये vपरः परस्तात् देवैः सह vन चरन्ति ते vब्राह्मणासः ब्राह्मणाः वेदार्थतत्पराः vन भवन्ति । तथा सुतेकरासः । सोमं सुतमभिषुतं कुर्वन्तीति सुतेकरा ऋत्विजः । तेऽपि न vभवन्ति । vअप्रजज्ञयः । जानातेः 'आदृगमहनः' इति किप्रत्ययः । अविद्वांसः vत vएते मनुष्याः vवाचं लौकिकीम् vअभिपद्य प्राप्य तया vपापया पापकारिण्या वाचा युक्तास्ते vसिरीः । 'छन्दसीवनिपौ' इतीप्रत्ययः । 'सुपां सुलुक्' इति जसः सुः । सीरिणो भूत्वा vतन्त्रं कृषिलक्षणं vतन्वते विस्तारयन्ति । कुर्वन्तीत्यर्थः । सर्वथा वेदार्थो ज्ञेय इत्यभिप्रायः ॥

सोमप्रवहणे 'सर्वे नन्दन्ति' इत्येषा । सूत्रितं च - 'सोम यास्ते मयोभुव इति तिस्रः सर्वे नन्दन्ति यशसागतेन' (आश्व. श्रौ. ४.४) इति ॥

અનુવાદ (102) : આ (વેદાર્થને નહીં જાણનારા) જે આગળ (= પૃથિવીલોક ઉપર બ્રાહ્મણોની સાથે) ફરતા નથી, કે જે (અવિદ્વાન્) ઉપરના (સ્વર્ગલોક)માં (દેવોની સાથે પણ) ફરતા નથી તેઓ (વેદાર્થને જાણનારા) બ્રાહ્મણો થતા નથી; તથા નીચોવેલા (સોમરસ)ને બનાવનારા બનતા નથી. તે (લૌકિક)વાણીને મેળવીને, પાપી વાણીથી (યુક્ત થઈને) તે હળ ચલાવનારા (**सिरीः**) અવિદ્વાનો (કૃષિ) તન્ત્રને વિસ્તારે છે. (૧૦-૭૧-૯)

નોંધ : આ મન્ત્રમાં વેદાર્થને નહીં જાણનારાઓની નિંદા કરવામાં આવી છે. જેમકે, **इमे ये (अविद्वांसः) [सन्ति, ते] अर्वाङ् न चरन्ति । न परः = परस्तात् (= स्वर्गलोके) चरन्ति ॥ ते ब्राह्मणासः (= ब्राह्मणाः) न भवन्ति । न सूतेकरासः (= सूतकरा=) भवन्ति ।** આનો શબ્દાર્થ મૂળ અનુવાદમાંથી સ્પષ્ટ થશે. **एते ते अप्रज ज्ञयः (= अविद्वांसः), (लौकिकीं) वाचम् अभिपद्य (= सम्प्राप्य),** આ તે (અવિદ્વાનો = વેદને નહીં જાણનારા) **पापया (= वाचा** લૌકિક વાણીને મેળવીને, પાપી વાણીની સાથે જોડાઈને, **सिरीः (भूत्वा)** હળ ચાલકો = ખેડૂતો બનીને **तन्त्रं तन्वते** । ખેતીને વિસ્તારે છે.

પ્રોફે. એચ.ડી. વેલણકર કહે છે કે - અહીં કવિ દયાની સાથે ફરી એકવાર તથાકથિત વિદ્વાનો - ભણેલા મૂર્ખો-ની વાત કરે છે : ''જે વ્યક્તિ બ્રાહ્મણ (અર્થાત્ સ્તોત્રના રચયિતા) નથી, જે અહીં જતા નથી કે ત્યાં (જતા નથી), જેમના હાથ (**कर**) નીચોવેલા સોમ(ને ધારણ કરવા)માં મગ્ન નથી તથા જે અનુભવહીન છે તે

લોકો વાણીને મેળવ્યા પછી (પણ) પોતાની મૂર્ખતા અને ક્ષુદ્રતાને કારણે (વસ્ત્રને વણવાને માટે) ચંચલ જળને તન્તુની જેમ વિસ્તારે છે.'' **अप्रजज्ञयः** નો અર્થ 'અવિદ્વાન્' થાય છે. તેમાં **प्र+जज्ञिः** । √**ज्ञा** ધાતુનું દ્વિત્વ થઈને 'પ્રકૃષ્ટ જ્ઞાનવાળો' એ અર્થમાં વિદ્વાનનું વિશેષણ બને છે. **प्रा+जज्ञि** = **प्रजानन्** = **प्रज्ञवान्** । તેનો નિષેધ તે **अप्रजज्ञिः** । તે શબ્દનું પ્રથમા બહુવચન - **अप्रज्ञयः** । અર્થાત્ અવિદ્વાનો.

सर्वे॑ नन्दन्ति य॒शसाग॑तेन सभासा॒हेन॒ सख्या॒ सखा॑यः ।
कि॒ल्बि॒ष॒स्पृत्पि॑तु॒षणि॒र्ह्ये॑षा॒मरं॑ हि॒तो भव॑ति॒ वाजि॑नाय
॥१०॥

सर्वे॑ । न॒न्द॒न्ति॒ । य॒शसा॑ । आऽग॑तेन । स॒भा॒ऽस॒हेन॑ । सख्या॑ । सखा॑यः । कि॒ल्बि॒ष॒ऽस्पृत् । पि॒तु॒ऽसनिः॑ । हि । ए॒षा॒म् । अर॑म् । हि॒तः । भव॑ति । वाजि॑नाय ॥१०॥

सखायः समानख्यानाः समानज्ञानाः ᵛसर्वे सभ्या मनुष्याः ᵛसभासहेन सभां सोढुं शक्नुवता ᵛसख्या ऋत्विजां सखिभूतेन यज्ञं प्रति ᵛआगतेन ᵛयशसा यशस्विना सोमेन हेतुना ᵛनन्दन्ति हृष्टा भवन्ति । स ᵛहि स एव सोमः ᵛएषां जनानां किल्बिषस्पृत् । यः स्वस्मादन्यः पुरुषः श्रेष्ठतामश्नुते स किल्बिषं भवति वाध्यत्वेन । यथा पापं सदाचारैः वाधितव्यं भवति तद्वत् । पापरूपस्य शत्रोर्बाधकः । यद्वा । यज्ञे साध्वनुप्रवचनाकरणेन यत्किल्बिषमेषां जायते तद्यो वाधते स किल्बिषस्पृत् । तथा त्वं ᵛपितुषणिः । पितुरित्यन्ननाम दक्षिणा वा । तमनेन सोमेन सनोति यजमानः संभजत इति तादृशः । तेषामन्नदक्षिणादातेत्यर्थः । किंच ᵛहितः पात्रेषु निहितः सोमः ᵛवाजिनाय । इन्द्रियं वीर्यं वाजिनम् । तेषां वीर्याय तत्कर्तुम् ᵛअरम् अलं पर्याप्तः समर्थो ᵛभवति । 'सर्वे नन्दन्ति यशसागतेनेत्यन्वाह यशो वै सोमो राजा' इत्यादिकम् 'इन्द्रियं वै वीर्यं वाजिनमाजरसं हास्मै वाजिनं नापच्छिद्यते' इत्यन्तं ब्राह्मणमत्रानुसंधेयम् । (ऐ. ब्रा. १.१३) ॥

અનુવાદ (103) : (સમાન શાસ્ત્રનું અધ્યયન કરનારા અથવા સમાન જ્ઞાનવાળા=) બધા સખાઓ સભાને સહી શકે એવા (અન્ય) સખાની સાથે (યજ્ઞ તરફ) આવી પહોંચેલા યશ (= યશસ્વી એવા સોમ) થકી પ્રસન્નં થાય છે. (આવો સોમ) આ લોકોના (**एषाम्**) પાપરૂપ શત્રુ (= કિલ્બિષ)ને રોકનારો છે તથા (પિતુ=) અન્નને

આપનારો છે. (વળી, પાત્રમાં) મૂકવામાં (**हितः**) આવેલો (સોમ) ઇન્દ્રિયોને ઉત્તેજીત કરવા માટે (**वाजिनाय**), સમર્થ (**अरं**) બને છે. (**भवति**). (૧૦-૭૧-૧૦)

નોંધ : આ મન્ત્રમાં આ પ્રમાણે વાક્યાન્વય લેવાનો છે : **सर्वे सखायः सभासाहेन सख्या आगतेन यशसा नन्दन्ति** । આમ બે પાદનું એક વાક્ય બને છે. અહીં બધા સખાઓ યશસ્વી સોમથી રાજી થાય છે એમ જણાવી દીધા પછી, ત્રીજા પાદમાં એ સોમ લોકોને માટે કેવો બને છે ? તો કહે છે કે ૩. (**सः**) **एषाम् किल्बिषस्पृत्** અને **पितुसणिः** (**भवति**) । સોમ આ લોકોના ('કિલ્બિષ' એટલે પાપ (પાપ રૂપ શત્રુ)ને, **स्पृत**= રોકનારો, બાધ કરનારો બને છે. તથા (**पितु** =) અન્નને, (**सणि** =) આપનારો બને છે. આથી કવિ ચોથા પાદમાં કહે છે : **सः (पात्रे) हितः (सोमः) वाजिनाय अरं** (= **अलं**) **भवति** । તે (પાત્રમાં) ભરવામાં = મૂકવામાં ઓવલો (સોમ) વાજિન = ઇન્દ્રિયને (ઉત્તેજિત કરવા) માટે સમર્થ બને છે.

ऋ॒चां त्वः॒ पोष॑मास्ते पुपु॒ष्वान् गा॑य॒त्रं त्वो॑ गायति॒
शक्व॑रीषु ।
ब्र॒ह्मा त्वो वद॑ति जातवि॒द्यां य॒ज्ञस्य॒ मात्रां॒ वि मि॑मीत
उ त्वः ॥१॥

ऋ॒चाम् । त्वः॒ । पोष॑म् । आ॒स्ते॒ । पु॒पु॒ष्वान् । गा॒य॒त्रम् । त्वः॒ । गा॒य॒ति॒ । शक्व॑रीषु । ब्र॒ह्मा । त्वः॒ । वद॑ति । जा॒त॒ऽवि॒द्याम् । य॒ज्ञस्य॑ । मात्रा॑म् । वि॒ । मि॒मी॒ते॒ । ऊँ॒ इति॑ । त्वः॒ ॥१॥

अनया होत्राद्यृत्विक्कर्मणां विनियोगमाचष्टे ᵛत्वः एको होता ᵛऋचां ᵛपोषं यथाविधि कर्मणि प्रयोगं ᵛपुपुष्वान् । एको धातुरनुवादार्थः । बह्वीर्ऋचः पुष्यन् शंसन् ᵛआस्ते । त्वः एक उद्गाता शक्वरीषु । शक्वर्य ऋचः । आभिर्ऋग्भिर्वृत्रं हन्तुमिन्द्रः समर्थोऽभूदिति शक्वर्यः । तासु ᵛगायत्रं साम ᵛगायति । ᵛत्वः एकः ᵛब्रह्मा च ᵛजातविद्यां जाते जाते कर्तव्ये प्रायश्चित्तादौ वेदयित्रीं वाचं वदति । ब्रह्मा हि सर्वं वेदितुं योग्यो भवति खलु । 'चादिलोपे विभाषा' इति न निघातः । ᵛत्वः एकोऽध्वर्युश्च ᵛयज्ञस्य ᵛमात्रां यज्ञो यया मीयतेऽभिषवग्रहणादिकया क्रियया तां मात्रां यज्ञशरीरं ᵛवि मिमीते अत्यर्थं निर्मिमीते । 'ऋचामेकः पोषमास्ते पुपुष्वान् होतर्गर्चशी' (निरू. १.८) इत्यादिनिरुक्तानुसारेणार्थोऽभ्यधायि । एवं बृहस्पतिर्विदितवेदार्थं तुष्टाव ॥२४॥

અનુવાદ (104) : એક (त्वः) પુષ્ટિ કરનાર (બ્રાહ્મણ) ઋચાઓની પુષ્ટિ કરે છે. બીજો એક (બ્રાહ્મણ) શક્વરી (છન્દ)ને વિશે ગાયત્રી છન્દનું ગાન કરે છે. બ્રહ્મા (નામનો બ્રાહ્મણ) જાતવિદ્યાને બોલે છે, જ્યારે (ચોથો) એક (બ્રાહ્મણ) યજ્ઞની માત્રાને માપે છે. (૧૦-૭૧-૧૧)

નોંધ : યાસ્કે (નિરુક્ત-૧માં) આ મન્ત્રને સમજાવતાં કહ્યું છે કે આ ઋચા દ્વારા ઋત્વિજો (યાજ્ઞિકો)નાં વિવિધ કર્મોને કહેવામાં આવ્યા છે. જેમકે - પુપુષ્વાન્ **હોતા** (એ નામનો બ્રાહ્મણ) ઋચાઓની પુષ્ટિ કરે છે. જેના વડે અર્ચન કરવાનું હોય છે તેને 'ઋક્' કહે છે. ઉદ્ગાતા નામનો બ્રાહ્મણ શક્વરી છન્દમાં ગાયત્રી છન્દનું ગાન કરે છે. √**गै (गायति)** 'સ્તુતિ કરવી' એ ધાતુ ઉપરથી 'ગાયત્રી' શબ્દ બન્યો છે. અર્થાત્ જેનાથી સ્તુતિ કરવામાં આવે છે તે ગાયત્રી. ત્રીજો બ્રહ્મા નામનો બ્રાહ્મણ સંદેહના પ્રસંગે વિદ્યા (સમાધાન=નિર્ણય) આપે છે. જ્યારે ચોથો અધ્વર્યુ નામનો બ્રાહ્મણ યજ્ઞવેદીનું માપ માપે છે. **अध्वर** એટલે યજ્ઞ તેને જોડનારો 'અધ્વર્યુ' કહેવાય છે.

10.81 (1 to 7)

વિશ્વકર્મન્-સૂક્ત

'य इमा' इति सप्तर्चं त्रयोदशं सूक्तं भुवनपुत्रस्य विश्वकर्मण आर्षं त्रैष्टुभं विश्वकर्मदेवत्यम् । तथा चानुक्रान्तं–'य इमा विश्वकर्मा भौवनो वैश्वकर्मणं तु' इति । गतः सूक्तविनियोगः । अत्र वाजसनेयकं – 'ब्रह्म वै स्वयंभु तपोऽतप्यत । तदैक्षत न वै तपस्यानन्त्यमस्ति हन्ताहं भूतेष्वात्मानं जुहवानि भूतानि चात्मनीति तत्वर्वेषु भूतेष्वात्मानं हुत्वा' (श. ब्रा. १३.७.१) इत्यादि ॥

આ સૂક્તમાં 'વિશ્વકર્મન્' નામના જે દેવની સ્તુતિ છે તે દેવનું સ્વરૂપ અને કાર્ય આમાં આ મુજબ વર્ણવાયું છે : જેમ કોઈ ભવન (મકાન)નું નિર્માણ કરનારો સ્થપતિ - શિલ્પી હોય છે તેમ આ સૃષ્ટિનું નિર્માણ કરનારા જે દેવની કલ્પના કરવામાં આવી છે તે દેવ 'વિશ્વકર્મન્' છે. આ શબ્દનો અર્થ સૂચવે છે તે મુજબ જગત્નું સર્જન કરનારા સ્થપતિ તે 'વિશ્વકર્મા' છે. આ વિશ્વકર્મ ચારેય તરફ દૃષ્ટિવાળા, ચારે તરફ બાહુઓવાળા છે, ચારેય તરફ પગવાળા છે. વળી, આ દેવને સૃષ્ટિના સર્જન માટે કોઈ ઉપાદાનકારણની, નિમિત્તકારણની કે અધિષ્ઠાનની જરૂર નથી. તે પોતાના મહિમા વડે જ સૃષ્ટિનું સર્જન કરે છે. પ્રલયકાળે આ વિશ્વકર્માએ પોતાનામાં જ બધું સંહાર કરીને સમાવી લીધું, અને પછી 'એક' અદ્વિતીય રૂપે સ્થિત રહે છે. વળી પાછા નવી સૃષ્ટિના સર્જનનું કામ પણ તેઓ જ કરે છે. એમાં એમને કોઈ વનની કે વૃક્ષના લાકડાંની જરૂર નથી. આમ તેમનું 'વિશ્વકર્મા' નામ યથાર્થ છે એવું આ સૂક્તમાં નિરૂપણ છે.

ઋષિ : ભુવનપુત્ર વિશ્વકર્મન્, દેવતા : વિશ્વકર્મન્ , છન્દ : ત્રિષ્ટુપ્

य इ॒मा विश्वा॒ भुव॑नानि॒ जुह्व॒दृषि॒र्होता॒ न्यसी॑दत्पि॒ता नः॑ ।
स आ॒शिषा॒ द्रवि॑णमि॒च्छमा॑नः प्रथम॒च्छदव॑राँ॒ आ वि॑वेश
॥१॥

यः । इ॒मा । विश्वा॑ । भुव॑नानि । जुह्व॑त् । ऋषिः॑ । होता॑ ।
नि । असी॑दत् । पि॒ता । नः॒ । सः । आ॒ऽशिषा॑ । द्रवि॑णम् ।
इ॒च्छमा॑नः । प्र॒थ॒म॒ऽच्छत् । अव॑रान् । आ । वि॒वे॒श॒ ॥१॥

अत्र निरुक्तं - 'विश्वकर्मा सर्वमेधे सर्वाणि भूतानि जुहवांचकार स आत्मानमप्यन्ततो जुहवांचकार । तदभिवादिन्येषर्ग्भवति य इमा विश्वा भुवनानि जुह्वदिति' (निरु. १०.२५) इति । ᵛयः विश्कर्मैतन्नामकः ᵛऋषिः भुवनपुत्रः ᵛहोता होमनिष्पादकः सन् ᵛविश्वा सर्वाणि ᵛभुवनानि ᵛजुह्वत् होमं कुर्वन् । प्रथमं सर्वं जगद्धुत्वेत्यर्थः । पश्चादग्नो ᵛन्यसीदत् ᵛपिता जनकः । आत्मकृतेन कर्मणा देहोत्पत्तेः । न चैकस्य जन्यजनकभावो विरुध्यते तपोबलेन शरीरद्वयस्वीकारात् । 'स एकधा भवति' (छा. उ. ७.२६.२) इत्यादिश्रुतेः । ᵛसः ऋषिः ᵛआशिषा आशीःप्रतिपादकेन सूक्तवाकादिना ᵛद्रविणं धनं स्वर्गाख्यस् ᵛइच्छमानः कामयमानः ᵛप्रथमच्छत् प्रथममग्नेर्भुवनैराच्छादयिता ᵛअवरान् विप्रकृष्टान् भूतान् स्वात्मनाहुतान् ᵛआ ᵛविवेश आविष्टवानग्निमित्युक्तार्थ एव पुनर्विशेषेणोक्तः । एवमुत्तरत्राधियज्ञपरतया योज्यम् । अथाध्यात्मप्रसिद्धयोच्यते । यो विश्वकर्मा परमेश्वर इमा विश्वा भुवनानि जुह्वत् प्रलयकाले पृथिव्यादीनिमान् सप्त लोकान् स्वात्मन्याहुतिप्रक्षेपवत्संहरन्नृषिरतीन्द्रियद्रष्टा सर्वज्ञो होता संहाररूपस्य होमस्य कर्ता नोऽस्माकं पिता जनको निषसाद स्वयं स्थितवान् । अयमर्थः । प्रलयकाले प्राप्ते सति सर्वॉंल्लोकान् संहृत्यास्माकमपि संहर्ता पुनः स्रष्टा च सन् सर्वज्ञो यः परमेश्वरः स्वयमेक एवासीत् । तथा हि श्रुतयः - 'आत्मा वा इदमेक एवाग्र आसीत्' (ऐ. आ. २.४.१) 'सदेव सोम्येदमग्र आसीत्' (छा. उ. ६.२.१) इत्यादिकाः । स तादृशः परमेश्वर आशिषा 'बहुः स्यां प्रजायेय' इत्येवंरूपया पुनःपुनः सिसृक्षया द्रविणामिच्छमानः धनोपलक्षितं जगद्भोगमाकाङ्क्षमाणः प्रथमच्छत् प्रथमं मुख्यं निष्प्रपञ्चं पारमार्थिकं रूपमावृण्वन्नवरान् स्वसृष्टान् प्राणिहृदयप्रदेशानाविवेश आविष्टवान् जीवरूपेण । तथा च श्रूयते - 'सोऽकामयत बहुः स्यां प्रजायेयेति स तपोऽतप्यत स तपस्तप्त्वेदं सर्वमसृजत यदिदं किंच तत्सृष्ट्वा सदेवानुप्राविशत्'

(तै. आ. ८.६) इति । एवमन्या अप्युपनिषद उदाहार्याः ॥

वैश्वदेवस्य पशोर्वपाया अनुवाक्या 'किं स्वित्' इत्येषा । सूत्रितं च - 'किं स्विदासीदधिष्ठानं यो नः पिता जनिता' (आश्व. श्रौ. ३.८) इति ॥

અનુવાદ (105) : આ સઘળાં ભુવનોનો (પોતાનામાં) (સંહાર કરવા રૂપ) હોમ કરતાં જે (= વિશ્વકર્મા દેવ) ઋષિ (= સર્વજ્ઞ સ્વરૂપ), અમારા પિતા અને હોતા છે તે (એકલા પોતાનામાં) સ્થિત રહ્યા. (વિશ્વકર્મા) આશીર્વાદ વડે (જગત્ રૂપ) દ્રવ્યની ઇચ્છા કરતાં, પહેલાં તો મુખ્ય એવા આચ્છાદક બનીને (અથવા નિષ્પ્રપંચ રૂપને પ્રાપ્ત કરીને, પછી) નીમ્ન કોટિના (પ્રાણી)ઓમાં પ્રવેશ્યા. (૧૦-૮૧-૧)

નોંધ : યાસ્કે (નિરુક્ત ૧૦-૨૫-માં) જણાવ્યું છે કે વિશ્વકર્માએ સર્વમેધ-યજ્ઞમાં (= પ્રલયકાળના યજ્ઞામાં) બધાં ભૂતોનો હોમ કર્યો; તેણે સૌથી છેલ્લે પોતાની જાતને પણ હોમી દીધી ! તેનું અભિવાદન કરતી આ ઋચા **यः इमा विश्वा. ।** છે. અહીં પહેલા બે પાદનો અન્વય આમ છે : **इमा(नि) विश्वा(नि) भुवनानि जुह्वन् यः, ऋषिः, नः पिता, होता न्यसीदत् । जुह्वन्** - હોમ કરતાં, કરી રહેલા (વર્તમાન કૃદન્ત, પું. પ્ર. વિ. એ. વ.) **न्यसीदत्** - બેઠા; એકલા બાકી રહ્યા. ત્રીજા - ચોથા પાદમાં કહે છે : **सः (विश्वकर्मा) आशिष (जगद्रूपम् भोगात्मकं) द्रविणम् इच्छमानः, प्रथमच्छत्, अवरान् (= विप्रकृष्टान्) आविवेश ।** આવો વિશ્વકર્મા આશીર્વાદ વડે (જગત્ રૂપ) દ્રવિણની ઇચ્છા કરતો, ભુવનો વડે અગ્નિનો પ્રથમ આચ્છાદક (**प्रथमच्छत्**) બનીને, **अवरान्** - બીજા નીમ્ન કોટિના પ્રાણીઓ - પદાર્થોમાં પ્રવેશ્યો. આધ્યાત્મિક દષ્ટિએ આ મન્ત્રના પ્રતિપાદ્યને સમજાવતાં સાયણ કહે છે કે - પ્રલયકાળ પ્રાપ્ત થતાં બધાં લોકોનો સંહાર કરીને, પોતાનો પણ સંહર્તા બનીને, ફરીથી પાછો પોતાનો અને જગત્‌નો સ્રષ્ટા - સર્જક - બની રહેલો જે ઋષિ = સર્વજ્ઞ પરમેશ્વર (વિશ્વકર્મા = વિશ્વનું સર્જન કરનારો સ્થપતિ સ્વરૂપ દેવ) છે, તે એકલો જ અવસ્થિત રહ્યો. જેમકે, અન્ય શ્રુતિઓ પણ કહે છે કે - **आत्मा वा इदमेक एवाग्र आसीत् ।** (ए. आ. २-४-१) અથવા **सदेव सोम्यंदमग्र आसीत् ।** (छा. उ. ६-२-१). આવો પરમાત્મા "**एकोऽहं बहुः स्याम् प्रजायेय ।** 'હું એકમાંથી અનેક થાઉં' એવી ઇચ્છા કરવા રૂપ આશીર્વાદ વડે, સિસૃક્ષાથી (= સર્જન કરવાની ઇચ્છાથી) જગત્ રૂપ ભોગને = દ્રવિણને ઇચ્છતાં ઇચ્છતાં, પહેલાં તો નિષ્પ્રપંચ પારમાર્થિક રૂપને પામે છે; અને તે પછી અન્ય પ્રાણીઓ સર્જીને તેમાં પ્રવેશે છે.

किं स्विदासीदधिष्ठानमारम्भणं कतमत्स्वित्कथासीत् ।
यतोभूमिं जनयन्विश्वकर्मा वि द्यामौर्णोन्महिना विश्वचक्षाः
॥२॥

किम् । स्वि॒त् । आ॒सी॒त् । अ॒धि॒ऽस्थान॑म् । आ॒ऽरम्भ॑णम् ।
क॒त॒मत् । स्वि॒त् । क॒था । आ॒सी॒त् । यत॑ः । भूमि॑म् । ज॒नय॑न् ।
वि॒श्वऽक॑र्मा । वि । द्याम् । और्णो॑त् । म॒हि॒ना ।
वि॒श्वऽच॑क्षाः ॥२॥

पूर्वमन्त्रे जगत्प्रलयकाले संहृत्य पश्चात्सिसृक्षायां सर्वं सृष्ट्वा तत्र प्रविष्ट इत्युक्तम् । अत्र तस्य द्वितीयस्याधिष्ठानजगदुपादानकारणाद्यसंभवात्सृष्टिरनुपपन्नेत्याक्षिपति । लोके हि घटं चिकीर्षुः कुलालो गृहादिकं किंचित्स्थानमधिष्ठाय मृद्रूपेणारम्भद्रव्येण चक्रादिरूपैरुपकरणैर्घटं निष्पादयति । तद्वदीश्वरस्य जगदाश्रयद्यावापृथिव्योरुत्पादनवेलायाम् ᵛअधिष्ठानं ᵛकिं ᵛस्विदासीत् किं नामाभूत् । न किंचिदित्यर्थः । तथा तयोः ᵛआरम्भणं ᵛकतमत्स्वित् । आरभ्यतेऽनेनेत्यारम्भणमुपादानकारणम् । तदपि कतमद्भवेत् । तदपि नेत्यर्थः । यद्यपि संभवेदारम्भणं ᵛकथासीत् कथमभूत् । किं स्वयं सदसद्वा भवेदित्यर्थः । उभयमपि नोपपद्यते । सच्चेदद्वैतभङ्गप्रसङ्गः । असच्चेत् सदात्मकयोर्द्यावापृथिव्योरुपादानानर्हत्वात् ‘नान्यत्किंचन मिषत्’ (ऐ.आ. २.४.१) इति श्रुतेश्चेत्यभिप्रायः । ᵛयतः यस्मादधिष्ठानादारम्भणाच्च विश्वचक्षाः सर्वद्रष्टा ᵛविश्वकर्मा परमेश्वरः ᵛभूमिं ᵛजनयन् वर्तते तथा ᵛद्यां दिवं ᵛवि ᵛऔर्णोत् व्यवृणोत् सृष्टवान् ᵛमहिना स्वमहत्त्वेन किं स्विदासीदिति ॥

અનુવાદ (106) : (તે વિશ્વકર્માની પાસે) કયું અધિષ્ઠાન હતું ? આરંભ કરવા માટેનું (ઉપાદાન અને નિમિત્ત) કારણ શું હતું ? તથા તે (સૃષ્ટિકર્મ) કેવી રીતે કર્યું ? કે જે (અધિષ્ઠાન અને ઉપાદાનાદિ)માંથી પોતાના મહિમા વડે વિશ્વને જોનારા વિશ્વકર્માએ ભૂમિ (= પૃથિવી લોક)ને જન્માવતાં, (= જન્માવવાની સાથે) દ્યુલોક (સ્વર્ગલોક)ને વિસ્તાર્યું. તે અધિષ્ઠાન અને આરંભ દ્રવ્યાદિ શું હતું ? (૧૦-૮૧-૨)

નોંધ : પૂર્વમન્ત્રમાં પ્રલયકાળમાં જગત્નો સંહાર કરીને, પછીથી સિસૃક્ષા રૂપ આશીર્વાદથી બધું ફરીથી સર્જીને, પરમાત્મા વિશ્વકર્મા તે નવા જગત્માં પ્રવેશ્યો એમ કહ્યું છે. પણ આ દ્વિતીય જગત્ના સર્જન વખતે તે વિશ્વકર્માની પાસે ઊભા રહેવાનું અધિષ્ઠાન શું હતું ? એવો પ્રશ્ન થાય છે. કેમકે કોઈ પણ ક્રિયા કરવા માટે ઊભા રહેવાની જગ્યા તો જોઈએ ને ? હવે જગત્ની રચના શરૂ કરે તે ક્ષણે તો પૃથિવીલોક હતું નહીં. જેવી રીતે કોઈ ઘડાની રચના કરવા ઈચ્છતા કુંભારને માટે પોતાનું ઘર કે આંગણા રૂપ અધિષ્ઠાન હોવું જરૂરી છે, તથા ઘડાને બનાવવા માટે અને જળ રૂપ ઉપાદાન કારણ, તથા ચાકડો, લાકડી વગેરે નિમિત્ત કારણ - સાધનસામગ્રીની જરૂર છે તેવી વિશ્વકર્માને પણ અધિષ્ઠાન ઉપરાંત, આરંભણ દ્રવ્ય તરીકે કોઈ ઉપાદાન અને નિમિત્તકારણની જરૂર રહે છે. તથા તે જગત્-સર્જનની કોઈ રીત-પ્રક્રિયા પણ

હોવી જોઈએ. આથી આ મન્ત્રના પૂર્વાર્ધમાં આ વિશે પ્રશ્નો કર્યા છે :

૧. **किं स्विद् अधिष्ठानम् आसीत्** । ૨. **आरम्भणं कतमत् (आसीत्)** । ૩. **कथा आसीत्** । **(= कथं भूतम्)** । ૪. **यतः** = કે જેમાંથી, **विश्वचक्षाः विश्वकर्मा** - બધાને જોનારા એવા વિશ્વકર્માએ **महिना** - પોતાના મહિમા વડે, સામર્થ્યથી, **भूमिं जनयन्** - ભૂમિને જન્માવતાં, (વર્તમાન કૃદન્ત), **द्याम् वि और्णोत् (= व्यवृणोत्)** । દ્યુલોકને વિસ્તાર્યું - જન્માવ્યું છે ? એવું કયું અધિષ્ઠાન હતું, એવું કયું ઉપાદાન કારણ હતું, એવી કઈ રીત હતી, કે જેમાંથી આ પૃથિવીલોક અને દ્યુલોકને બનાવવામાં આવ્યા છે ?! - આવો સાશ્ચર્ય પ્રશ્ન અહીં રજૂ કરવામાં આવ્યો છે.

वि॒श्वत॑श्चक्षुरु॒त वि॒श्वतो॑मुखो वि॒श्वतो॑बाहुरु॒त वि॒श्वत॑स्पात् ।
सं बा॒हुभ्यां॒ धम॑ति॒ सं पत॑त्रै॒र्द्यावा॒भूमी॑ ज॒नय॑न्दे॒व एक॑ः
॥३॥

वि॒श्वत॑ःऽचक्षुः । उ॒त । वि॒श्वत॑ःऽमुखः । वि॒श्वत॑ःऽबाहुः । उ॒त । वि॒श्वत॑ःऽपात् । सम् । बा॒हुऽभ्या॑म् । धम॑ति । सम् । पत॑त्रैः । द्यावा॒भूमी॒ इति॑ । ज॒नय॑न् । दे॒वः । एक॑ः ॥३॥

अनया सर्वात्मकत्वेन कुलालादिविलक्षणत्वादधिष्ठानाद्यभावेऽपि स्रष्टुं शक्नोतीत्याह । ᵛविश्वतश्चक्षुः सर्वतो व्याप्तचक्षुः । ᵛउत अपि च ᵛविश्वतोमुखः । तथा विश्वतोबाहुः । ᵛउत अपि च ᵛविश्वतस्पात् । स एवंविधः परमेश्वरः स्वस्मिन्त्रैलोक्यमुत्पादयतीत्यर्थः । कथमिति उच्यते । ᵛबाहुभ्यां दिवं ᵛसं ᵛधमति । धमतिर्गतिकर्मा । सम्यक्प्रेरयति । तथा ᵛपतत्रैः गमनशीलैः पादैः पृथिवीं ᵛसं धमतीति । उभयोरेव श्रवणं प्राधान्याभिप्रायम् । एवं ᵛद्यावाभूमी ᵛजनयन् दिवं च पृथिवीं चोत्पादयन् ᵛदेवः द्योतमानः स्वयंप्रकाशः परमेश्वरः ᵛएकः असहाय एव वर्तते ॥

અનુવાદ (107) : ચારેય તરફ જેમનાં ચક્ષુ છે, ચારેય તરફ જેમનું મુખ છે, ચારેય તરફ જેમના બાહુ છે અને ચારેય તરફ (= બધીય બાજુએ) જેમનાં પગ છે તેવા (વિશ્વકર્મા)એ પોતાના બે બાહુઓ વડે (દ્યુલોકને) ફુલાવ્યું છે; તથા પાદો વડે (પૃથિવીલોકને) વિસ્તાર્યું છે. આમ દ્યાવાપૃથિવીને જન્માવતાં તે (વિશ્વકર્મા) દેવ એકલા જ છે. (એમને કોઈ સાધનસામગ્રી આદિની જરૂર નથી.) (૧૦-૮૧-૩)

નોંધ : સાયણ કહે છે કે - આ મન્ત્રમાં જણાવ્યું છે કે વિશ્વકર્મા સર્વત્ર વ્યાપ્ત હોવાથી, એક કુંભારને જેમ અધિષ્ઠાન કે ઉપાદાનાદિ કારણની જરૂર છે તેમ તેમને

(= વિશ્વકર્માને) કશાની જરૂર નથી. તેઓ અધિષ્ઠાનાદિના અભાવમાં પણ બધાનું સર્જન કરી શકે છે. અહીં વિશ્વકર્મા દેવનું જે સ્વરૂપ વર્ણન કરતાં શબ્દો વાપર્યા છે તે નોંધપાત્ર છે. જેમકે, **विश्वतश्चक्षुः** । - જેમની આંખો ચારેય તરફ (= બધી બાજુએ) છે તેવા દેવ. **विश्वतोबाहुः** - ચારેય તરફ જેમના બાહુઓ છે; તથા **विश्वतस्पात्** - ચારેય તરફ જેમના પગ છે તેવા દેવ. - આ ચારેયમાં બહુવ્રીહિ સમાસ છે. **संधमति** । = **सम्यक् प्रेरयति** । સારી રીતે પ્રેરે છે. √**धम्** ધાતુ ગત્યર્થક છે. **द्यावाभूमी जनयन्** - દ્યુલોક અને પૃથિવીલોકને જન્માવતાં તે દેવ વિશ્વકર્મા -.**एकः** - એક, અદ્વિતીય, બીજાની મદદ જે લેતા નથી તેવા છે.

किं स्वि॒द्वनं॒ क उ॒ स वृ॒क्ष आ॑स॒ यतो॒ द्यावा॑पृथि॒वी नि॑ष्टत॒क्षुः ।
मनी॑षिणो॒ मन॑सा पृ॒च्छतेदु॒ तद्यद॒ध्यति॑ष्ठ॒द्भुव॑नानि धा॒रय॑न् ॥४॥

किम् । स्वि॒त् । वन॑म् । कः । ऊँ॒ इति॑ । सः । वृ॒क्षः । आ॒स॒ । यतः॑ । द्यावा॑पृथि॒वी इति॑ । निः॒ऽत॒त॒क्षुः । मनी॑षिणः । मन॑सा । पृ॒च्छत॑ । इत् । ऊँ॒ इति॑ । तत् । यत् । अ॒धि॒ऽअति॑ष्ठत् । भुव॑नानि । धा॒रय॑न् ॥४॥

पूर्वस्यामृच्युक्तं ब्रह्मैव भूम्यादिकारणमिति । तदेवानया प्रश्नकथनव्याजेनोच्यते । लोके हि प्रौढं प्रासादं निर्मिमाणः कस्मिंश्चित्प्रौढे वने कंचित् महान्तं वृक्षं छित्वा तक्षणादिना स्तम्भादिकं संपादयति । इह तु परमेश्वरप्रेरिता जगत्स्रष्टारः ᵛयतः यस्माद्वनाद्यं वृक्षमादाय ᵛद्यावापृथिवी ᵛनिष्टतक्षुः तक्षणेन द्यावापृथिव्यौ निष्पादितवन्तः तत् ᵛवनं ᵛकिं ᵛस्वित् किं नाम स्यात् । तथा ᵛक ᵛउ ᵛस ᵛवृक्ष ᵛआस कस्तादृशो महान् वृक्षोऽभूत् । हे मनीषिणः मनस ईश्वराः तदुभयं ᵛमनसा जिज्ञासायुक्तेन ᵛपृच्छतेदु पृच्छतैव । किंच ईश्वरः ᵛभुवनानि ᵛधारयन् ᵛयत् स्थानम् ᵛअध्यतिष्ठत् ᵛतत् अपि पृच्छत । एतस्य सर्वस्याप्युत्तरं 'ब्रह्म स वृक्ष आसीत्' इत्यादिकमुत्तरम् ॥

साकमेधेषु वैश्वकर्मण एककपालस्य 'या ते धामानि' इत्येषा याज्या । सूत्रितं च - 'विश्वकर्मन् हविषा वावृधानो या ते धामानि परमाणि यावमा' (आश्व. श्रौ. २. १८) इति । पूर्वोक्तस्य पशोर्हविष एषैव याज्या । सूत्रितं च - 'या ते धामानि परमाणि यावमा य इमे द्यावापृथिवी जनित्री' (आश्व. श्रौ. ३.८) इति ॥

અનુવાદ (1.8) : તે કયું વન હતું અને તે કયું વૃક્ષ હતું, જે(નાં લાકડાં)માંથી આ દ્યુલોક અને પૃથિવીલોકને ઘડી કાઢવામાં આવ્યાં છે ? હે મનીષિઓ ! મનથી (વિચારીને આ વન અને વૃક્ષને વિષે) પ્રશ્ન કરો; તથા આ ભુવનોને ધારણ કરતાં તે (વિશ્વકર્મા) જેની ઉપર ઊભા હતા (તેના વિષે પણ પ્રશ્ન કરો.) (૧૦-૮૧-૪)

નોંધ : સાયણ કહે છે કે - લોકની અંદર જેમ કોઈ મોટા મહેલનું નિર્માણ કરવું હોય ત્યારે સુથાર જેમ મોટા વનમાંથી મોટું ઝાડ કાપી લાવીને, તે મહેલના થાંભલા વગેરેનું નિર્માણ કરે છે તેવી રીતે આ સૃષ્ટિનું સર્જન કરનાર વિશ્વકર્માએ પણ કયા વનમાંથી, કયા વૃક્ષમાંથી પોતાની ઉપાદાનસામગ્રી મેળવી હશે ? અને આ દ્યુલોક તથા પૃથિવીલોકની રચના કરી હશે ? તેવો પ્રશ્ન કરે છે, મનીષી વ્યક્તિએ આવો પ્રશ્ન કરવો જોઈએ કે તે દેવે ભુવનોને રચતી વખતે કયા સ્થાનને 'આધાર' બનાવ્યું હશે ?

या ते॒ धामा॑नि प॒रमाणि॒ याव॒मा या म॑ध्य॒मा वि॑श्वकर्मन्नु॒तेमा ।
शिक्षा॒ सखि॑भ्यो ह॒विषि॑ स्वधावः स्व॒यं य॑जस्व त॒न्वं॑
वृधा॒नः ॥५॥

या । ते॒ । धामा॑नि । प॒र॒माणि॑ । या । अ॒व॒मा । या । म॒ध्य॒मा । वि॒श्व॒ऽक॒र्म॒न् । उ॒त । इ॒मा । शिक्ष॑ । सखि॑ऽभ्यः । ह॒विषि॑ । स्व॒धा॒ऽव॒ः । स्व॒यम् । य॒ज॒स्व॒ । त॒न्व॑म् । वृ॒धा॒नः ॥५॥

अनया भौवनो विश्वकर्मा जगत्कारणं विश्वकर्मदेवं स्तौति । हे ᵛविश्वकर्मन् ᵛया यानि ते तव ᵛपरमाणि ᵛधामानि शरीराणि सन्ति ᵛया यानि च ᵛमध्यमा मध्यमानि शरीराणि सन्ति ᵛउत अपि च ᵛया यानि ᵛअवमा अवमानि शरीराणि सन्ति उतापि च तानीमानि सर्वाणि शरीराणि ᵛसखिभ्यः अस्मभ्यं यष्टुं ᵛहविषि मयि हविर्भूते सति ᵛशिक्ष देहि । हे ᵛस्वधावः हविर्लक्षणान्नवन् ᵛस्वयम् एव त्वं ᵛतन्वं स्वकीयं पूर्वोक्तं त्रिविधं शरीरं ᵛवृधानः हविषा वर्धमानः सन् । अनेन धामत्रैविध्योपन्यासे-नोत्तमभूतानि देवादिशरीराणि मध्यमभूतानि मनुष्यादिशरीराणि निकृष्टभूतानि कृमिकीटादिशरीराणि च परिगृहीतानि । किं बहुना सर्वं जगदुपात्तं भवति । उक्तव्यतिरेकेण निरवयवस्य परमेश्वरस्य विग्रहाभावात् 'तदैक्षत बहुः स्यां प्रजायेय' (छा. उ. ६.२.३) इत्यादिश्रुतिभ्यः परमेश्वरस्यैव देवादिभेदेन बहुभावावगमात् ॥

तस्मिन्नेव वैश्वकर्मणपशौ वपापुरोडाशयोः 'विश्वकर्मन् हविषा' इति क्रमेण अनुवाक्ये । सूत्रितंच - 'विश्वकर्मन् हविषा वावृधान इति द्वे विश्वकर्मा

विमना आद्विहायाः’ (आश्व. श्रौ. ३.८) इति । साकमेधेषु वैश्वकर्मणस्य ‘विश्वकर्मन् हविषा’ इत्येषैवानुवाक्या । सूत्रं तु पूर्वमुदाहृतम् ॥

અનુવાદ (109) : હે વિશ્વકર્મન્ ! તમારાં જે ઉત્તમ, અધમ કે મધ્યમ એવાં સ્થાનો છે, તે સખાઓને (= અમને), હવિષ તૈયાર થઈ જતાં આપો. હે સ્વધાવઃ ! (હવિષ્ રૂપ અન્નવાળા) ! (હવિષ્થી) વધી રહેલા તમે તમારા (પૂર્વોક્ત ત્રિવિધ) શરીરને પૂજો. (= યજન કરો). (૧૦-૮૧-૫)

નોંધ : हे विश्वकर्मन् ! ते (= तव) या(नि) परमाणि, या(नि) अवमा(नि), या(नि) मध्यमा(नि) धामानि (सन्ति) । (तानि इमानि) सखिभ्यः, हविषि (सति) शिक्ष (=प्रयच्छ) । હે વિશ્વકર્મા ! તમારાં જે પરમ, અધમ કે મધ્યમ સ્થાનો છે (= શરીરો છે), તે મિત્ર એવા અમને આપો, કેમકે યજમાન કરવા અમારા हविष તૈયાર છે. ૪. हे स्वधावः ! (હવિષ્ રૂપ અન્નવાળા) ! वृधानः (त्वं) स्वयं तन्वं यजस्व ॥ વધી રહેલા (તમે) પોતે-જાતે શરીરનું યજન કરો.

विश्व॑कर्मन् ह॒विषा॑ वावृधा॒नः स्व॒यं य॑जस्व पृथि॒वीमु॒त द्याम् ।
मुह्य॑न्त्व॒न्ये अ॒भितो॒ जना॑स इ॒हास्माकं॑ म॒धवा॑ सू॒रिर॑स्तु ॥६॥

विश्व॑ऽकर्मन् । ह॒विषा॑ । व॒वृ॒धा॒नः । स्व॒यम् । य॒ज॒स्व॒ । पृ॒थि॒वीम् । उ॒त । द्याम् । मुह्य॑न्तु । अ॒न्ये । अ॒भितः॑ । जना॑सः । इ॒ह । अ॒स्माक॑म् । म॒धऽवा॑ । सू॒रिः । अ॒स्तु ॥६॥

हे ᵛविश्कर्मन् विश्वविषयकर्मन्नेतन्नामक परमेश्वर ᵛहविषा हविर्भूतेन मया विश्वकर्मणा मया दत्तेन वा हविषा ववृधानः वर्धमानः । ‘विश्वकर्मा सर्वाणि भूतानि जुहवांचकार स आत्मानमप्यन्ततो जुहवांचकार’ इति हि निरुक्तं पूर्वमुदाहृतम् । ᵛस्वयम् एव ᵛपृथिवीम् ᵛउत अपि च ᵛद्यां दिवं च स्वसृष्टे द्यावापृथिव्यौ स्वयं प्रवृद्धः सन् ᵛयजस्व पूजय । ᵛअन्ये मत्तोऽन्ये ᵛजनासः जना अयष्टारोऽस्मद्यागविरोधिनो वा ᵛमुह्यन्तु मुग्धा भवन्तु ᵛअमितः सर्वतः । अथ परोक्षकृतः । ᵛइह अस्मिन्यागे ᵛअस्माकं ᵛमघवा अस्मत्प्रत्तेन हविर्लक्षणेन धनेन धनवान् सः ᵛसूरिः स्वर्गादिफलस्य प्रेरकः अस्तु भवतु । अत्र विश्कर्मन् हविषा वर्धमानः’ (निरू. १०.२७) इत्यादि निरूक्तमनुसंधेयम् ॥

અનુવાદ (110) : હે વિશ્વકર્મન્ ! (મેં આપેલા) હવિષ્થી વૃદ્ધિ પામતા તમે જાતે પૃથિવીલોકની અને દ્યુલોકની પૂજા કરો. (મારા સિવાયના) અન્ય માણસો

ચારેય તરફથી મોહ પામો. અહીં અમારા આ (યજ્ઞ)માં ઇન્દ્ર પણ (અમારે માટે સ્વર્ગાદિ ફળના) પ્રેરક બનો. (૧૦-૮૧-૬)

નોંધ : ૧. **हे विश्वकर्मन् ! हविषा वावृधानः (त्वं) स्वयं पृथिवीम् उत द्याम् यजस्व** । બે પાદનું એક વાક્ય. હે વિશ્વકર્મન્ ! (શબ્દાર્થ : વિશ્વની રચના વિષયક કર્મ છે જેનું તે દેવ) તમે હવિષથી વધો છો. તમે પૃથિવીલોક અને સ્વર્ગલોકનું જાતે યજન કરો. ૩. **अन्ये जनासः अभितः मुह्यन्तु** । બીજા માણસો ચારેય તરફથી મોહ પામો. ૪. **इह मघवा अस्माकं सूरिः (= प्रेरकः) अस्तु** ॥ અહીં મઘવા (ઇન્દ્ર) અમારો પ્રેરક બનજો.

वा॒चस्पतिं॑ वि॒श्वक॑र्माणमू॒तये॑ मनो॒जुवं॒ वाजे॑ अ॒द्या हु॑वेम ।
स नो॒ विश्वा॑नि॒ हव॑नानि जोषद्वि॒श्वशं॑भू॒रव॑से सा॒धुक॑र्मा ॥७॥

वा॒चः । पति॑म् । वि॒श्वऽक॑र्माणम् । ऊ॒तये॑ । म॒नः॒ऽजुव॑म् । वाजे॑ । अ॒द्य ॥ हु॒वे॒म॒ । सः । नः॒ । विश्वा॑नि । हव॑नानि । जो॒ष॒त् । वि॒श्वऽशं॑भूः । अव॑से । सा॒धुऽक॑र्मा ॥७॥

ᵛवाचस्पतिं मन्त्रात्मकस्य वचसः स्वामिनं ᵛविश्वकर्माणं विश्वकर्तारं ᵛमनोजुवं मनोवेगगमनं देवं ᵛवाजे यज्ञे ᵛअद्य अस्मिन्दिने ᵛऊतये तर्पणाय ᵛहुवेम आह्वयाम । ᵛसः ᵛदेवः ᵛनः अस्माकं विश्वानि सर्वाणि हवनानि जोषत् सेवताम् । किमर्थम् । ᵛअवसे अस्माकं रक्षणाय । स विशेष्यते । ᵛविश्वशंभूः विश्वस्य सुखस्योत्पादकः ᵛसाधुकर्मा च ॥१६॥

અનુવાદ (111) : અમે વાણીના પતિ, વિશ્વને રચનારા, મનના જેવી ગતિવાળા (દેવ)ને યજ્ઞમાં (**वाजे**), આજે તર્પણ (કે રક્ષણ) કરવાં (**ऊतये**) માટે બોલાવીએ છીએ. તે (દેવ) અમારા બધાં જ હવિષોને સેવે. વિશ્વને સુખ આપનાર અને સાધુકર્મો વાળા દેવ અમારા રક્ષણ (**अवसे**) માટે (હજો.) (૧૦-૮૧-૭)

નોંધ : પહેલા બે પાદમાં વાક્ય આ મુજબ છે : **(वयम्) वाचः पतिम्, विश्वकर्माणम्, मनोजुवं (देवं) वाजे (= यज्ञे) अद्य ऊतये हुवेम** ॥ આવા આવા દેવને અમે યજ્ઞમાં આજે સ્તુતિ માટે, રક્ષણ માટે, તર્પણ માટે બોલાવીએ છીએ. (નિમંત્રણ પાઠવીએ છીએ). ૩. **सः (देवः) विश्वानि हवनानि जोषत**- તે (દેવ) બધાં હવનોને સેવે. તથા **(सः) विश्वशंभूः साधुकर्मा अवसे (भवतु ।)** તે વિશ્વને માટે **शम्** સુખ આપનારા, તથા સાધુ કર્મોવાળા, લોકોનું રક્ષણ કરવા માટે હજો. અહીં **ऊतये** તથા **अवसे** - એ બંને વૈદિક હેત્વર્થ કૃદન્તનાં રૂપો છે.

[10.90] (1 to 16)

પુરુષસૂક્ત

‘सहस्रशीर्षा’ इंति षोडशर्चं षष्ठं सूक्तम् । नारायणो नामर्षिरन्त्या त्रिष्टुप् शिष्टा अनुष्टुभः । अव्यक्तमहदादिविलक्षणश्चेतनो यः पुरुषः ‘पुरुषान्न परं किंचित्’ (क. उ. ३. ११) इत्यादिश्रुतिषु प्रसिद्धः स देवता । तथा चानुक्रान्तं–‘सहस्रशीर्षा षोळश नारायणः पौरुषमानुष्टुभं त्रिष्टुबन्तं तु’ इति । गतो विनियोगः ॥

જે વેદકાળમાં યજ્ઞયાગાદિની ક્રિયાઓનો પૂર્ણ વિકાસ થયો હશે તે સમયગાળામાં ‘નારાયણ’ નામના ઋષિએ યજ્ઞક્રિયાને પ્રતીક તરીકે લઈને ‘‘એક પરમ **પુરુષ**માંથી આ સૃષ્ટિની ઉત્પત્તિ કેવી રીતે થઈ ?’’ એનું અહીં (૧૦.૯૦માં) વર્ણન કર્યું છે. આથી આ સૂક્તને **‘पुरुष सूक्तम्’**ના નામે ઓળખવામાં આવે છે. સામાન્ય રીતે બ્રાહ્મણો યજ્ઞમાં આહુતિ આપીને, પોતાના ધન-ધાન્યનો ત્યાગ કરે છે. તેમાં દેવતાઓ પ્રત્યે આભારની લાગણી પ્રદર્શિત કરવા અથવા દેવોનું પૂજન-અર્ચન કરી તેમને પ્રસન્ન કરવાનો ઉપક્રમ હોય છે. આવો યજ્ઞ કરવાથી કશા ધન-ધાન્યનો નાશ થતો નથી, પણ તેમાંથી તો નવસર્જન થાય છે-એવું ઋષિનું **દર્શન** છે. આ સૃષ્ટિના આરંભે જ એક પરમ પુરુષ કે જે પોતે હજાર મસ્તકવાળો, હજાર આંખવાળો અને હજાર હાથ-પગવાળો છે. તેમાંથી વિરાજ્ (તત્ત્વ) ઉત્પન્ન થયું, અને પછી તેમાંથી બીજો એક ‘વૈરાજ યજ્ઞિય પુરુષ’ ઉત્પન્ન થયો. દેવોએ આ વૈરાજ યજ્ઞિય પુરુષને હવિષ્ રૂપે કલ્પીને = યજ્ઞના પશુહવિ રૂપ કલ્પીને સૃષ્ટિયજ્ઞનો આરંભ કર્યો. પરિણામ સ્વરૂપે તે પુરુષનાં વિવિધ અંગોમાંથી સૃષ્ટિના વિવિધ પદાર્થો ઉત્પન્ન થયા-આવું સૃષ્ટિપ્રક્રિયાનું સુન્દર વર્ણન અહીં રજૂ થયું છે.

આ સૂક્તમાં ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદનો (કેટલાકના મતે **छन्दांसि** શબ્દથી અથર્વવેદનો પણ) તથા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એવા ચાર વર્ણો અને વસન્ત, ગ્રીષ્મ અને શરદ્–એવી ત્રણ ઋતુઓનો સ્પષ્ટ ઉલ્લેખ પહેલી વખત પ્રાપ્ત થાય છે. આવા ઉલ્લેખોને આધારે આ સૂક્ત પાછળથી રચાયેલું હશે એવી પણ વિદ્વાનોએ ધારણા કરી છે. બીજું, અહીં ચાર વર્ણો અને ઋતુઓ, ગાયો, બકરાં, ઘેટાં, સૂર્ય, ચન્દ્ર, ઇન્દ્ર, વાયુ, અન્તરિક્ષાદિ લોક વગેરે વગેરેની ઉત્પત્તિ **अंजायत, तस्मात् जाता** વગેરે શબ્દોથી દર્શાવી છે. આથી, પાછળના સમયમાં ઉપનિષદોમાં જે જીવ-જગત્ (= સૃષ્ટિની ઉત્પત્તિ-સ્થિતિ-લય) અને પરમેશ્વર સંબંધી તત્ત્વજિજ્ઞાસા જાગી છે, તેનાં બીજ આ સૂક્તમાં જોઈ શકાય છે.

પ્રોફે. એચ. ડી. વેલણકર સાહેબ આ સૂક્ત વિષે કહે છે કે આ સૂક્ત બીજા સૂક્તોની સરખામણીમાં પાછળના સમયનું હોય એવું જણાય છે. યજ્ઞાદિ ક્રિયાકાંડની સુપ્રતિષ્ઠા થઈ ગયા પછી, તેનું રહસ્યવાદી અર્થઘટન રજૂ કરવાના સમયે આ સૂક્ત રચાયું લાગે છે. ચાર વર્ણો અને મુખ્ય ત્રણ ઋતુઓનો પહેલવહેલી વખત આ

સૂક્તમાં ઉલ્લેખ થયેલો જોવા મળે છે. વળી, અમુક પદોની સન્ધિ અને અનુષ્ટુપ્ છન્દની રચના તે (રામાયણ-મહાભારત કાળની) પ્રશિષ્ટ સંસ્કૃત ભાષાને મળતી આવે છે. બીજું, વેદાન્તદર્શનની શરૂઆત અને યજ્ઞમાં અપાતી આહુતિ પશુબલિ, કે સ્વાર્પણ–નો વિચાર એક ઉન્નત સામાજિક સંસ્થાનું રૂપ પકડતો જાય છે એનું આ સૂક્તમાં પ્રતિબિમ્બ જોવા મળે છે. અહીં સ્વેચ્છાએ અને આનંદપૂર્વક પોતાની જાતનું બલિદાન અપાય છે. એમાં કોઈ દુ:ખની, અનિચ્છાની લાગણી નથી. અહીં અપાયેલા આત્મબલિદાનથી કશાનો નાશ નથી થયો, બલ્કે રૂપાંતર થયું છે–નવસર્જન થયું છે, અને થઈ રહ્યું છે. (ૠક્સૂક્તશતી, સં. વેલણકર એચ. ડી., ભારતીય વિદ્યાભવનં, મુંબઈ, ૧૯૭૨) પ્રોફે. મેકડોનલના મત મુજબ-આ સૂક્તને ''વિશ્વદેવતાવાદ'' - Pantheism- નો રંગ લાગ્યો છે તે ઉપરથી પણ એ સૂક્ત વધારે મોડું રચાયેલું છે એમ માલૂમ પડી આવે છે. કારણ કે આ સૂક્તમાં કહ્યું છે કે – **पुरुष एवेदं सर्वं यद्भूतं यच्च भव्यम्** । 'પુરુષ તે જ આ સઘળું જગત્ છે, અત્યારે જે કાંઈ છે અને હવે પછી જે કંઈ હશે એ સઘળું પુરુષ જ છે...' આથી 'પુરુષસૂક્ત'ને હિન્દુસ્તાનના વિશ્વદેવતાવાદની જૂનામાં જૂની રચના તરીકે આપણી ગણી શકીએ. ('સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ, મેકડોનલ, અનુ. મો. પા. દવે. પોપ્યુલર પ્રકાશન, સૂરત, ૧૯૬૮.)

પ્રોફે. ગ્રિફીથ લખે છે કે - This panthistic hymn, which is generally called the Purushasukta, is of comparatively recent origin and appears to be an attempt to harmonize the two ideas of sacrifice and creation. (The hymns of the Ṛgveda, by Ralph T. H. Griffith, part-II, p. 520.)

[ૠષિ-નારાયણ, દેવતા-પુરુષ અને છન્દ ૧ થી ૧૫ મન્ત્રોમાં અનુષ્ટુપ્ અને ૧૬મા મન્ત્રમાં ત્રિષ્ટુપ્]

स॒हस्र॑शीर्षा॒ पुरु॑षः सहस्रा॒क्षः स॒हस्र॑पात् ।
स भूमिं॑ वि॒श्वतो॑ वृ॒त्वात्य॑तिष्ठद्दशाङ्गुलम् ॥१॥

स॒हस्र॑शीर्षा॒ । पुरु॑षः । स॒ह॒स्र॒ऽअ॒क्षः । स॒हस्र॑ऽपात् । सः । भूमि॑म् । वि॒श्वत॑ः । वृ॒त्वा । अति॑ । अ॒ति॒ष्ठ॒त् । द॒श॒ऽअ॒ङ्गुलम् ॥१॥

सर्वप्राणिसमष्टिरूपो ब्रह्माण्डदेहो विराडाख्यो यः ᵛपुरुषः सोऽयं ᵛसहस्रशीर्षा । सहस्रशब्दस्योपलक्षणत्वादनन्तैः शिरोभिर्युक्त इत्यर्थः । यानि सर्वप्राणिनां शिरांसि तानि सर्वाणि तद्देहान्तःपातित्वात्तदीयान्येवेति सहस्रशीर्षत्वम् ।

एवं सहस्राक्षित्वं सहस्रपादत्त्वं च । vसः पुरुषः vभूमिं ब्रह्माण्डगोलकरूपां vविश्वतः सर्वतः vवृत्वा परिवेष्ट्य vदशाङ्गुलं दशाङ्गुलपरिमितं देशम् vअत्यतिष्ठत् अतिक्रम्य व्यवस्थितः । दशाङ्गुलमित्युपलक्षणम् । ब्रह्माण्डाद्बहिरपि सर्वतो व्याप्यावस्थित इत्यर्थः ॥

અનુવાદ (112) : તે પુરુષ હજાર મસ્તકવાળો, હજાર આંખોવાળો અને હજાર પાદવાળો છે. તે ભૂમિને ચારેય તરફથી વીંટળાઈને તેનાથી દશ આંગળ ઊંચે (અતિક્રમીને) રહેલો છે.* (૧૦-૯૦-૧)

નોંધ : स॒हस्र॑ऽशीर्षा એ સામાસિક શબ્દના પૂર્વપદમાં ઉદાત્ત સ્વર હોવાથી, આ બહુવ્રીહિ સમાસ છે. તેનો અર્થ થશે : 'હજાર છે મસ્તક જેનાં.' એ જ પ્રમાણે, **स॒हस्र॑ऽपात्** । શબ્દ પણ બહુવ્રીહિ હોવાથી પૂર્વપદમાં ઉદાત્ત સ્વર છે. પણ **स॒ह॒स्रा॒क्षः** શબ્દ બહુવ્રીહિ સમાસ હોવા છતાંય અન્તોદાત્ત સ્વરવાળો છે, તે નોંધપાત્ર છે. સાયણ કહે છે કે અહીં સર્વ પ્રાણીઓના સમુદાય રૂપ, બ્રહ્માણ્ડ રૂપી દેહવાળો, 'વિરાટ્' નામે ઓળખાતો જે ''પુરુષ'' છે તેને હજાર મસ્તકવાળો કહ્યો છે. અહીં 'સહસ્ર' શબ્દ ઉપલક્ષણ હોઈને એનો અર્થ અનન્ત મસ્તકવાળો એમ લેવાનો છે. બધાં પ્રાણીઓનાં મસ્તકો તે વિરાટ પુરુષના દેહમાં જ રહેલાં હોઈને, તેમને પુરુષનાં (જ) મસ્તકો' કહ્યાં છે. આ જ પ્રમાણે, સહસ્રાક્ષ અને 'સહસ્રપાત્'નો અર્થ સમજવો. **अति अतिष्ठत्** એટલે અતિક્રમીને રહેલો છે. વળી, સાયણ કહે છે કે 'દશાંગુલિ' શબ્દને પણ ઉપલક્ષણ સમજવાનો છે. આ 'પુરુષ' નામની દેવતા 'ભૂમિથી દશ આંગળ ઊંચે અતિક્રમીને રહેલ છે' એ વાક્યનો અર્થ 'બ્રહ્માણ્ડની બહાર પણ તે સર્વત્ર વ્યાપ્ત છે' એમ કરવાનો છે.

યજુર્વેદ (અધ્યાય-૩૧)માં પણ આ 'પુરુષસૂક્ત' આવેલું છે. ત્યાં ઉવટ અને મહીધર જેવા ભાષ્યકારોએ 'દશાંગુલ'નો અર્થ – 'નાભિથી દશ આંગળ અતિક્રમણ કરીને, ઉપર આવેલા હૃદય વિષે રહેલ છે' એમ કર્યો છે. અહીં, ભવિષ્યમાં જેનું સર્જન થવાનું છે એની અપેક્ષાએ 'ભૂમિને વીંટળાઈને'–એમ કહ્યું છે.

पुरु॑ष ए॒वेदं सर्वं॒ यद्भू॒तं यच्च॒ भव्य॑म् ।
उ॒ताम॑ृत॒त्वस्येशा॑नो॒ यदन्ने॑नाति॒रोह॑ति ॥२॥

पुरु॑ष । ए॒व । इ॒दम् । सर्व॑म् । यत् । भू॒तम् । यत् । च॒ । भव्य॑म् । उ॒त । अ॒मृ॒त॒ऽत्वस्य॑ । ईशा॑नः । यत् । अन्ने॑न । अ॒ति॒ऽरोह॑ति ॥२॥

---

* ઉપર સાયણ ભાષ્યમાં જે જે શબ્દ ઉપર અંગ્રેજી vની નિશાની મૂકી છે, તે મૂળ વેદમન્ત્રના શબ્દો છે એમ સૂચવે છે. તથા એની પછી જે vની નિશાની વગરના શબ્દો છે તે, vવાળા શબ્દોના પર્યાયવાચી શબ્દો/અર્થઘટન/અનુવાદ છે એમ જાણવું.

यत् ˇइदं वर्तमानं जगत् तत् ˇसर्वं ˇपुरुष ˇएव । ˇयत् च ˇभूतम् अतीतं जगत् ˇयच्च ˇभव्यं भविष्यज्जगत् तदपि पुरुष एव । यथास्मिन् कल्पे वर्तमानाः प्राणिदेहाः सर्वेऽपि विराट्पुरुषस्यावयवाः तथैवातीतागामिनोरपि कल्पयोर्द्रष्टव्यमित्यभिप्रायः । ˇउत अपि च ˇअमृतत्वस्य देवत्वस्य अयम् ˇईशानः स्वामी । ˇयत् यस्मात्कारणात् ˇअन्नेन प्राणिनां भोग्येनान्नेन निमित्तभूतेन ˇअतिरोहति स्वकीयां कारणावस्थामतिक्रम्य परिदृश्यमानां जगदवस्थां प्राप्नोति तस्मात्प्राणिनां कर्मफलभोगाय जगदवस्थास्वीकारान्नेदं तस्य वस्तुत्वमित्यर्थः ॥

અનુવાદ (113) : પુરુષ જ આ બધું છે, જે કાંઈ જન્મ્યું છે/ થયું છે અને જે કાંઈ જન્મનારું/થનારું છે. વળી, તે (પુરુષ) અમૃતત્વનો (= દેવત્વનો) સ્વામી છે, (તથા) જે અન્નથી વધે છે. [તેનો પણ તે સ્વામી છે]. ૧૦-૯૦-૨

નોંધ : આ મન્ત્રના ચોથા ચરણને વિવિધ રીતે સમજાવવા પ્રયત્ન થયા છે. જેમ કે, **(क)** વેંકટમાધવ–જે કાંઈ અહીં ભૂતમાત્ર જન્મેલ છે તે દેવોના હવિષાન્ન'થી વધે છે. (-આધિભૌતિક અર્થઘટન) **(ख)** સાયણ-તે (પુરુષ) 'અન્ન'થી = પ્રાણીઓના ભોગ્ય (કર્મફળ)ને કારણે અતિરોહણ કરે છે. અર્થાત્ પોતાની કારણાવસ્થાનું અતિક્રમણ કરીને, પ્રાણીઓના કર્મફળનો ભોગ કરાવવાના હેતુથી પરિદૃશ્યમાન જગત્‌ની અવસ્થાને પ્રાપ્ત કરે છે. (-આધિદૈવિક અર્થઘટન) અહીં **अन्नेन**ની તૃતીયા વિભક્તિનો હેતુપરક અર્થ કર્યો જણાય છે. **(ग) यत्** નો અર્થ **यस्मात् = यतो हि** કરીને શ્રીમ્યૂર કહે છે કે-તે અમૃતત્વનો સ્વામી છે, કારણ કે તે અન્નથી વધે છે. **(घ)** આ જ મુદ્દાને પ્રો. લુડવિગ વધારે સારી રીતે મૂકી આપે છે. તે અમૃતત્વ પર સત્તા ધરાવનારો છે, **यत्** = કારણ કે જે અન્નથી છે, તેનાથી તે આગળ નીકળી જાય છે.

ए॒तावा॑नस्य महि॒माऽतो॒ ज्यायाँ॑श्च॒ पूरु॑षः ।
पादो॑ऽस्य॒ विश्वा॑ भू॒तानि॑ त्रि॒पाद॑स्या॒मृतं॑ दि॒वि ॥३॥

ए॒तावा॑न् । अ॒स्य॒ । म॒हि॒मा । अतः॑ । ज्याया॑न् । च॒ । पुरु॑षः । पाद॑ः । अ॒स्य॒ । विश्वा॑ । भू॒तानि॑ । त्रि॒ऽपात् । अ॒स्य॒ । अ॒मृत॑म् । दि॒वि ॥३॥

अतीतानागतवर्तमानरूपं जगद्यावदस्ति ˇएतावान् सर्वोऽपि ˇअस्य पुरुषस्य ˇमहिमा स्वकीयसामर्थ्यविशेषः । न तु तस्य वास्तवस्वरूपम् । वास्तवस्तु ˇपुरुषः ˇअतः महिम्नोऽपि ˇज्यायान् अतिशयेनाधिकः । एतच्चोभयं स्पष्टीक्रियते । ˇअस्य पुरुषस्य विश्वा सर्वाणि ˇभूतानि

कालत्रयवर्तीनि प्राणिजातानि ᵛपादः चतुर्थोंऽशः । ᵛअस्य पुरुषस्य अवशिष्टं ᵛत्रिपात् स्वरूपम् ᵛअमृतं विनाशरहितं सत् ᵛदिवि द्योतनात्मके स्वप्रकाशस्वरूपे व्यवतिष्ठत इति शेषः । यद्यपि 'सत्यं ज्ञानमनन्तं ब्रह्म' (तै. आ. ८.१ : तै. उ. २.१) इत्याम्नातस्य परब्रह्मण इयत्ताभावात् पादचतुष्टयं निरूपयितुमशक्यं तथापि जगदिदं ब्रह्मस्वरूपापेक्षयाल्पमिति विवक्षितत्वात् पादत्वोपन्यासः ॥

અનુવાદ (114) : આ (પુરુષ)નો આટલો મહિમા છે, અને તે પુરુષ તો આ (મહિમા)થીય ઘણો વધારે મોટો છે. બધાં જ પ્રાણીઓ આનો એક પાદ છે. અને તેના ત્રણ પાદ તો દ્યુલોકમાં અમૃત(ત્વ) રૂપ છે. ૧૦-૯૦-૩

નોંધ : આ મંત્રમાં (૧) **एतवान् + अस्य**ની સન્ધિમાં, વધુ પ્રાચીન સૂક્તોમાં જોવા મળે છે તેમ, **न्**નો લોપ થઈને **एतावाँ + अस्य** એવો સાનુનાસિક નિર્દેશ થવો જોઈતો હતો પણ એમ નહીં થતાં, અહીં તો **न्** અને **अ** નું સમ્મેલન થઈને **एतावानस्य** એવો સન્ધિ કર્યો છે. આવો સન્ધિ પાછળના સમયની ઋચાઓમાં જોવા મળે છે. (૨) **पूरुषः** પદમાં **पू**ને દીર્ઘ 'ઊ' વાળો રજૂ કર્યો છે. (સામાન્ય રીતે તો તે **पुरुषः** એમ જ લખાય/બોલાય છે. પણ) અહીં અનુષ્ટુપ્ છન્દના બંધારણ મુજબ 'આઠ અક્ષરના પાદમાં છઠ્ઠો અક્ષર ગુરુ હોવો જોઈએ' એ નિયમ જાળવવા માટે **पू** માં દીર્ઘ 'ઊ' કર્યો છે. બીજા શબ્દોમાં કહીએ તો પાદાન્તે **पुरुष→पूरुष** રૂપે ઉચ્ચારાય છે. જુઓ : મન્ત્ર 295ની નોંધ (૩) **पाद-** એટલે એક ચતુર્થાંશ ભાગ અને **त्रिपात** એટલે ત્રણ ચતુર્થાંશ ભાગ. (૪) ઉપર બીજા મંત્રમાં આવેલો **अमृतत्व** શબ્દને આધારે અહીં ત્રીજા મંત્રમાં પણ **अमृतम्**નો અર્થ **अमृतत्वम्** કરી શકાય.

સાયણ આ મન્ત્રને સમજાવતાં લખે છે કે ભૂત-ભવિષ્ય-વર્તમાનમાં રહેલું આ જે જગત્ છે તે બધું જ આ પુરુષનો મહિમા છે; પણ એ એનું વાસ્તવિક સ્વરૂપ નથી. તે વાસ્તવ પુરુષ તો એના મહિમા કરતાંય અધિક છે. ત્રણેય કાળના તમામ ભૂતો તે આ પુરુષનો માત્ર એક પાદ = ચતુર્થાંશ જ છે; અને તેનું બાકીનું રૂપ-ત્રણ ચતુર્થાંશ ભાગ તો અમૃત (રૂપ) વિનાશ રહિત છે, જે દ્યુલોકમાં સ્વપ્રકાશ રૂપે રહેલું છે. સાયણ કહે છે કે તૈત્તિરીય આરણ્યક અને ઉપનિષદ્‌માં **सत्यं ज्ञानमनन्तं ब्रह्म** । એમ કહીને પરબ્રહ્મની ઇયત્તાનો અભાવ દર્શાવ્યો છે. તેથી તે પુરુષ (= પરબ્રહ્મ)ના ચાર પાદનું આ રીતે નિરૂપણ કરવું શક્ય નથી. તથાપિ તે પરબ્રહ્મ = પુરુષની અપેક્ષાએ આ જગત્ તો ખૂબ અલ્પ છે એમ કહેવાની ઇચ્છાથી, તે પુરુષના પાદચતુષ્ટયનું વર્ણન કર્યું છે.

त्रि॒पादू॒र्ध्व उदै॒त्पुरु॑ष॒ः पादो॑ऽस्ये॒हाभ॑व॒त् पुन॑ः ।
त॒तो विष्व॒ङ् व्य॑क्रामत्साशनानश॒ने अ॒भि ॥४॥

त्रि॒ऽपात् । ऊ॒र्ध्वः । उत् । ऐ॒त् । पुरु॑षः । पाद॑ः । अ॒स्य॒ ।
इ॒ह । अ॒भ॒व॒त् । पुन॒रिति॑ । तत॑ः । विष्व॑ङ् । वि । अ॒क्रा॒म॒त् ।
सा॒श॒ना॒न॒श॒ने इति॑ । अ॒भि ॥४॥

योऽयं ᵛत्रिपात् ᵛपुरुषः संसाररहितो ब्रह्मस्वरूपः सोऽयम् ᵛऊर्ध्व उदैत् अस्मादज्ञानकार्यात्संसाराद् बहिर्भूतोऽत्रत्यैर्गुणदोषैरस्पृष्ट उत्कर्षेण स्थितवान् । तस्य ᵛअस्य सोऽयं ᵛपादः लेशः सोऽयम् ᵛइह मायायां ᵛपुनः ᵛअभवत् सृष्टिसंहाराभ्यां पुनःपुनरागच्छति । अस्य सर्वस्य जगतः परमात्मलेशत्वं भगवताप्युक्तं–'विष्टभ्याहमिदं कृत्स्नमेकांशेन स्थितो जगत्' (भ. गी. १०. ४२) इति । ᵛततः मायायामागत्यानन्तरं ᵛविष्वङ् देवमनुष्यंतिर्यगादिरूपेण विविधः सन् ᵛव्यक्रामत् व्याप्तवान् । किं कृत्वा । ᵛसाशनानशने अभिलक्ष्य । साशनं भोजनादिव्यवहारोपेतं चेतनं प्राणिजातम् अनशनं तद्रहितमचेतनं गिरिनद्यादिकम् । तदुभयं यथा स्यात्तथा स्वयमेव विविधो भूत्वा व्याप्तवानित्यर्थः ॥

અનુવાદ (115) : ત્રણ પાદવાળો (આ) પુરુષ ઉપર (ઊર્ધ્વલોકમાં) ગયેલો છે. આનો (ચોથો) એક પાદ અહીં (સંસારમાં) ફરી ફરીને થાય છે/વ્યાપ્ત થઈને રહેલો છે. ત્યાર પછી તે (પુરુષ) સાશન (ભોજનાદિ વ્યવહારથી યુક્ત ચેતન પ્રાણી સમૂહ = દેવમનુષ્યો) અને અનશન (ભોજન નહીં કરનાર = વૃક્ષાદિ, અચેતન પદાર્થો)ને વિષે ચારે તરફથી વ્યાપ્ત થયો છે. ૧૦-૯૦-૪

નોંધ : (૧) **उदैत्** = **उद्** + **√इ** ૨જો ગણ, ઉપર ગતિ કરવી, હ્યસ્તન ભૂતકાળ ત્રી. પુ. એ. વ. (૨) **वि** + **अक्रामत्** = **वि** + **√क्रम्** -ઓળંગવું, ૧લો ગણ પરસ્મૈ. હ્યસ્તન ભૂ. ત્રી. પુ. એ. વ. (૩) **विष्वङ्** = **सर्वतः** ચારે તરફથી; પણ સાયણ મુજબ-દેવ, મનુષ્ય, તિર્યગાદિ વિવિધ રૂપ બનીને વ્યાપી વળ્યો છે. (૪) **सा॒श॒ना॒न॒श॒ने॑** આ દ્વન્દ્વ સમાસ છે; અને તે અન્તોદાત્ત છે. (આવાં અન્ય ઉદાહરણો પણ ઋગ્વેદના દશમા મંડળમાંથી જ મળે છે.) સામાન્ય રીતે જ્યાં સમાસ હોય ત્યાં પદપાઠ કરતી વખતે ઉત્તરપદની પૂર્વમાં અવગ્રહ મુકાય છે, પણ સમાસમાં તે મુકાતો નથી. વળી, અહીં બે પદાર્થોનો દ્વન્દ્વ સમાસ થયો હોઈને, દ્વિવચનમાં રહેલ છે. હવે દીર્ઘ **ई**, **अ** અને **ए**કારાન્ત દ્વિવચનનાં રૂપોને પ્રગૃહ્ય સંજ્ઞક ગણીને, પદપાઠમાં તેમની પાછળ **इति॑** કરણ કરવામાં આવ્યું છે. જેમકે, **सा॒श॒ना॒न॒श॒ने॑ इति॑** । (પ્રગૃહ્ય સંજ્ઞક પદોનો **इति** ની સાથે સન્ધિ થઈ શકતો નથી.) (૫) આ ઋચા અનુષ્ટુપ્ છન્દમાં રચાઈ હોઈ, તેમાં ૮-૮-૮-૮ના ચાર પાદ = ૩૨ અક્ષર (જ) હોવા જોઈએ. પણ પહેલા પાદમાં નવ અક્ષર છે, તેથી **पुरुषः** નો ઉચ્ચાર **प्रुषः** એમ કરવાનો રહે છે.

तस्माद्वि॒राळ॑जायत वि॒राजो॒ अधि॒ पूरु॑षः ।
स जा॒तो अत्य॑रिच्यत प॒श्चाद्भूमि॒मथो॑ पु॒रः ॥५॥

तस्मा॑त् । वि॒ऽराट् । अ॒जा॒य॒त॒ । वि॒ऽराजः॑ । अधि॑ । पुरु॑षः । सः । जा॒तः । अति॑ । अ॒रि॒च्य॒त॒ । प॒श्चात् । भूमि॑म् । अथो॒ इति॑ । पु॒रः ॥५॥

विष्वङ् व्यक्रामदिति यदुक्तं तदेवात्र प्रपञ्च्यते । ᵛतस्मात् आदिपुरुषात् ᵛविराट् ब्रह्माण्डदेहः ᵛअजायत उत्पन्नः । विविधानि राजन्ते वस्तून्यत्रेति विराट् । ᵛविराजोऽधि विराड्देहस्योपरि तमेव देहमधिकरणं कृत्वा ᵛपुरुषः तद्देहाभिमानी कश्चित् पुमान् अजायत । सोऽयं सर्ववेदान्तवेद्यः परमात्मा स्वयमेव स्वकीयया मायया विराड्देहं ब्रह्माण्डरूपं सृष्ट्वा तत्र जीवरूपेण प्रविश्य ब्रह्माण्डाभिमानी देवतात्मा जीवोऽभवत् । एतच्चाथर्वणिका उत्तरतापनीये विस्पष्टमामनन्ति—'स वा एष भूतानीन्द्रियाणि विराजं देवताः कोशांश्च सृष्ट्वा प्रविश्यामूढो मूढ इव व्यवहरन्नास्ते माययैव' (नृ. ता. २.१.९) इति । ᵛस ᵛजातः विराट् पुरुषः ᵛअत्यरिच्यत अतिरिक्तोऽभूत् । विराड्व्यतिरिक्तो देवतिर्यङ्मनुष्यादिरूपोऽभूत् । ᵛपश्चात् देवादिजीवभावादूर्ध्वं ᵛभूमिं ससर्जेति शेषः । ᵛअथो भूमिसृष्टेरनन्तरं तेषां जीवानां ᵛपुरः ससर्ज । पूर्यन्ते सप्तभिर्धातुभिरिति पुरः शरीराणि ॥ १७ ॥

અનુવાદ (116) : તે (સહસ્રશીર્ષવાળા પુરુષ)માંથી વિરાજ્ (બ્રહ્માણ્ડરૂપી દેહ) ઉત્પન્ન થયો. [અથવા તેમાંથી વિરાજ્ (નામની નારી) ઉત્પન્ન થઈ.] તે વિરાજ્‌માંથી બીજો પુરુષ (જીવાત્મા; અથવા યજ્ઞિય પુરુષ) ઉત્પન્ન થયો. તે જન્મ્યો કે તરત જ ભૂમિની પાછળ અને વળી આગળ પણ વિસ્તર્યો. ૧૦-૯૦-૫

નોંધ : (૧) **अत्यरिच्यत = अति + √रिच्**, ૭ ગણ, જુદા પાડવું, ઓળંગી જવું, વિસ્તરવું, કર્મણિ હ્યસ્તન ભૂતકાળ ત્રી. પુ. એ. વ. (૨) **अथो**- એ ઓકારાન્ત અવ્યય હોવાથી, તેની પ્રગૃહ્ય સંજ્ઞા થાય છે અને પરિણામે પદપાઠમાં તેની પાછળ **इति॑** કરણ કરવામાં આવે છે. (૩) આ મન્ત્રમાં સર્જન પ્રક્રિયાનો ક્રમ વર્ણવવાની શરૂઆત થાય છે : તે સહસ્રશીર્ષવાળા પુરુષ (પરમાત્મા) પોતાની માયા થકી પહેલાં વિરાડ્દેહને અર્થાત્ બ્રહ્માણ્ડને સર્જીને, તે (બ્રહ્માણ્ડ)માં જ જીવાત્મારૂપે પ્રવેશ્યા. એટલે કે બ્રહ્માણ્ડાભિમાની દેવતાત્મા જીવ રૂપ બન્યો અને બધે વ્યાપી વળ્યો. સા. (૪) પ્રો. વેલણકર ગેલ્ડનરને અનુસરીને 'વિરાજ્' શબ્દને નારીનો વાચક માને છે. (સરખાવો : ૧૦-૧૫૯-૭) એમના મતે પહેલો (સહસ્રશીર્ષવાળો)

પુરુષ તો અજન્મા છે. પણ દેવોએ જેને યજ્ઞિય પુરુષ બનાવ્યો તે તો આ વિરાજ્‌માંથી જન્મેલો માનવાનો છે. (વિરાજ્‌માંથી જન્મેલા આ યજ્ઞિય પુરુષને ‘વૈરાજ’ પણ કહેવાય (આ બીજા (યજ્ઞિય) પુરુષને જ **जातमग्रतः** કહેવામાં આવ્યો છે. બીજા એક દષ્ટિકોણથી આ સમજીએ તો સહસ્રશીર્ષવાળો પુરુષ = પરમાત્મા સૂક્ષ્મતમ છે, વિરાટ્‌તત્ત્વ (કે વિરાટ્ પુરુષ/નારી) સૂક્ષ્મતર છે અને એ (વિરાટ્)માંથી જન્મેલ ‘યજ્ઞિય પુરુષ’ (= વૈરાજ) સૂક્ષ્મ છે.

यत्पुरु॑षेण ह॒विषा॑ दे॒वा य॒ज्ञमत॑न्वत ।
व॒स॒न्तो अ॑स्यासी॒दाज्यं॑ ग्री॒ष्म इ॒ध्मः श॒रद्ध॒विः ॥६॥

यत् । पुरु॑षेण । ह॒विषा॑ । दे॒वाः । य॒ज्ञम् । अत॑न्वत । व॒स॒न्तः । अ॒स्य॒ । आ॒सी॒त् । आज्य॑म् । ग्री॒ष्मः । इ॒ध्मः । श॒रत् । ह॒विः ॥६॥

ᵛयत् यदा पूर्वोक्तक्रमेणैव शरीरेषूत्पन्नेषु सत्सु ᵛदेवाः उत्तरसृष्टिसिद्ध्यर्थं वाह्यद्रव्यस्यानुत्पन्नत्वेन हविरन्तरासंभवात् पुरुषस्वरूपमेव मनसा हविष्ट्वेव संकल्प्य ᵛपुरुषेण पुरुषाख्येन ᵛहविषा मानसं ᵛयज्ञम् ᵛअतन्वत अन्वतिष्ठन् तदानीम् ᵛअस्य यज्ञस्य ᵛवसन्तः वसन्ततुरिव ᵛआज्यम् ᵛआसीत् अभूत् । तमेवाज्यत्वेन संकल्पितवन्त इत्यर्थः । एवं ᵛग्रीष्म ᵛइध्मः आसीत् । तमेवेध्मत्वेन संकल्पितवन्त इत्यर्थः । तथा ᵛशरद्धविः आसीत् । तामेव पुरोडाशादिहविष्ट्वेन संकल्पितवन्त इत्यर्थः । पूर्वं पुरुषस्य हविः सामान्यरूपत्वेन संकल्पः । अनन्तरं वसन्तादीनामाज्यादिविशेषरूपत्वेन संकल्प इति द्रष्टव्यम् ॥

અનુવાદ (117) : જ્યારે આ (યજ્ઞિય = વૈરાજ) પુરુષ રૂપી હવિષ્ (= હોમવાના દ્રવ્ય) વડે દેવોએ યજ્ઞ કર્યો, ત્યારે વસન્ત (ઋતુ) તે (યજ્ઞ)નું આજ્ય (=ઘી), ગ્રીષ્મ (ઋતુ) ઇંધણ અને શરદ્ (ઋતુ) હવિ (બન્યાં) હતાં. (૧૦-૯૦-૬)

નોંધ : સાયણાચાર્ય કહે છે કે પૂર્વોક્ત ક્રમથી (યજ્ઞિય = વૈરાજ પુરુષ અને જીવાત્મા રૂપી) શરીરો ઉત્પન્ન થયા પછી, દેવોએ ઉત્તર સૃષ્ટિની સિદ્ધિ કરવા માટે આ બીજા (વૈરાજ) પુરુષને જ મનથી હવિષ્ રૂપે કલ્પીને (સૃષ્ટિ) યજ્ઞ આરંભ્યો. કારણ કે આ સમયે તો બીજું કોઈ બાહ્ય દ્રવ્ય ઉત્પન્ન નહોતું થયું, અને એ રીતે બીજું કોઈ હુત દ્રવ્ય હતું જ નહીં. આ સમયે તે (સૃષ્ટિ) યજ્ઞમાં વસન્તઋતુને આજ્ય રૂપે કલ્પવામાં આવ્યું; ગ્રીષ્મ ઋતુને ઇંધણ-બળતણ અને શરદ્‌ઋતુને હવિષાન્ન બનાવવામાં આવ્યું હતું. અહીં યજ્ઞિય (= યજ્ઞમાં હોમવાનો) પુરુષ તે હવિઃ સામાન્ય માનવાનો

છે; અને વસન્તાદિને હવિવિશેષ માનવાનાં છે.

આ ઋચામાં 'દેવોએ યજ્ઞ કર્યો' એવો જે ઉલ્લેખ છે તે જોઈને પ્રશ્ન થાય કે હજી તો સૃષ્ટિ ક્રિયાનો આરંભ જ થયો છે; કે જેમાં પહેલાં તો મૂળ સહસ્રશીર્ષવાળા પુરુષમાંથી, વિરાજ્ તત્ત્વ જન્મ્યું છે, અને તેમાંથી બીજો યજ્ઞિય પુરુષ વૈરાજ ઉત્પન્ન થયો છે. એ સમયે દેવોની હાજરી કેવી રીતે હોઈ શકે ? આનો ઉત્તર એ છે કે અગાઉ મંત્ર-૩માં જે કહ્યું છે કે ''આ (સહસ્રશીર્ષવાળા) પરમ પુરુષના ત્રણ પાદ દ્યુલોકમાં અમૃત(ત્વ) રૂપે રહ્યા છે''–તે જ આ મંત્ર-૬ઠ્ઠામાં 'દેવો' તરીકે ઉલ્લેખાયા છે. આ 'દેવો'નો ઉલ્લેખ હજી મંત્ર ૭, ૧૫ અને ૧૬માં પણ આવવાનો છે.

अतन्वत । √**तनु विस्तारे** એવા આઠમા ગુણના ઉભયપદી ધાતુનું આત્મનેપદમાં હ્ય. ભૂ. કા. ત્રી. પુ. બહુવચનનનું આ રૂપ છે.

પ્રોફે. ગ્રિફીથ જણાવે છે કે ઋગ્વેદમાં શિશિર ઋતુનો ઉલ્લેખ મળતો નથી. વર્ષાઋતુ **वर्ष्या** તરીકે ૫.૮૩, ૧૦.૯૧ અને ૧૦.૯૮માં નિર્દેશાઈ છે, જ્યારે હેમંત ઋતુનો ઉલ્લેખ ૧૦-૧૬૧ સૂક્તમાં જોવા મળે છે. બાકીની ત્રણ ઋતુઓ વસન્ત, ગ્રીષ્મ અને શરદ્‌નો નિર્દેશ પ્રકૃત મંત્રમાં પ્રાપ્ત થાય છે. અલબત્ત, ગ્રીષ્મનો ઉલ્લેખ આ મંત્ર સિવાય અન્યત્ર ક્યાંય ઋગ્વેદમાં મળતો નથી.

तं य॒ज्ञं ब॒र्हिषि॒ प्रौक्ष॒न् पुरु॑षं जा॒तम॑ग्र॒तः ।
तेन॑ दे॒वा अ॑यजन्त सा॒ध्या ऋष॑यश्च॒ ये ॥७॥

तम् । य॒ज्ञम् । ब॒र्हिषि॑ । प्र । औ॒क्ष॒न् । पुरु॑षम् । जा॒तम् । अ॒ग्र॒तः । तेन॑ । दे॒वाः । अ॒य॒ज॒न्त॒ । सा॒ध्याः । ऋष॑यः । च॒ । ये । ॥७॥

ᵛयज्ञं यज्ञसाधनभूतं ᵛतं पुरुषं पशुत्वभावनया यूपे बद्धं ᵛबर्हिषि मानसे यज्ञे प्रौक्षन् प्रोक्षितवन्तः । कीदृशमित्यत्राह । ᵛअग्रतः सर्वसृष्टेः पूर्वं ᵛपुरुषं ᵛजातं पुरुषत्वेनोत्पन्नम् । एतच्च प्रागेवोक्तं 'तस्माद्विराळजायत विराजो अधि पूरुषः' इति । ᵛतेन पुरुषरूपेण पशुना ᵛदेवा ᵛअयजन्त । मानसयागं निष्पादितवन्त इत्यर्थः । के ते देवा इत्यत्राह । ᵛसाध्याः सृष्टिसाधनयोग्याः प्रजापतिप्रभृतयः तदनुकूलाः ऋषयः मन्त्रद्रष्टारः ᵛच ᵛये सन्ति । ते सर्वेऽप्ययजन्तेत्यर्थः ॥

અનુવાદ (118) : (દેવોએ) પહેલા જન્મેલા તે યજ્ઞ [= યજ્ઞિય (વૈરાજ)] પુરુષનું દર્ભ ઉપર પ્રોક્ષણ કર્યું. દેવોએ, સાધ્યોએ અને જે ઋષિઓ હતા તેમણે તે (પુરુષ) વડે યજ્ઞ કર્યો. (૧૦-૯૦-૭)

નોંધ : સાયણ મુજબ સર્વસૃષ્ટિની પૂર્વે જન્મેલા તે **यज्ञं** = યજ્ઞમાં સાધનભૂત તે (= યજ્ઞિય) પુરુષને વિષે પશુત્વની ભાવના કરીને અને યૂપ (સ્તંભ) સાથે બાંધીને, **बर्हिषि** = માનસિક યજ્ઞમાં તે પુરુષની ઉપર (જળ છાંટવું વગેરે) પ્રોક્ષણાદિ સંસ્કાર કર્યા. અને ત્યાર પછી, તે પુરુષ વડે દેવોએ (સૃષ્ટિ સર્જનમાં સુયોગ્ય એવા) પ્રજાપતિ વગેરે સાધ્યોએ અને (મંત્રદષ્ટા) ઋષિઓએ યજ્ઞ કર્યો. વેંકટ માધવે 'તે ઋષિઓ સાત હતા' એમ પણ ખુલાસો કર્યો છે. પ્રો. વેલણકરે **बर्हिषि**નો મૂળ શબ્દાર્થ 'દર્ભ ઉપર' જ લીધો છે. **प्र+औक्षन** । **√उक्ष्** ૬ઠ્ઠા ગણનો ઉભયપદી ધાતુ છે. તેનું પરસ્મૈપદમાં હ્ય..ભૂ. કા. ત્રી. પુ. બ. વ.

આ મંત્રમાં, સૃષ્ટિની ઉત્પત્તિ પૂર્વે પણ દેવો, સાધ્યો અને ઋષિઓ હતા એવો જે ઉલ્લેખ છે તેને આધારે વલ્લભાચાર્ય જેવા દાર્શનિકોએ વૈદિક સૃષ્ટિને નિત્ય અને અલૌકિક માની છે.

तस्मा॑द्य॒ज्ञात् स॑र्व॒हुत॒ः संभृ॑तं पृषदा॒ज्यम् ।
प॒शून् ताँश्च॑क्रे वाय॒व्या॑नार॒ण्यान् ग्रा॒म्याश्च॒ ये ॥८॥

तस्मा॑त् । य॒ज्ञात् । स॒र्व॒ऽहुत॑ः । सम्ऽभृ॑तम् । पृ॒ष॒त्ऽआ॒ज्यम् ।
प॒शून् । तान् । च॒क्रे॒ । वा॒य॒व्या॑न् । आ॒र॒ण्यान् । ग्रा॒म्याः । च॒ ।
ये ॥८॥

ᵛसर्वहुतः । सर्वात्मकः पुरुषः यस्मिन् यज्ञे हूयते सोऽयं सर्वहुत् । तादृशात् ᵛतस्मात् पूर्वोक्तात् मानसात् ᵛयज्ञात् ᵛपृषदाज्यं दधिमिश्रमाज्यं ᵛसंभृतं संपादितम् । दधि चाज्यं चेत्येवमादिभोग्यजातं सर्वं संपादितमित्यर्थः । तथा ᵛवायव्यान् वायुदेवताकाल्लोँकप्रसिद्धान् ᵛआरण्यान् ᵛपशून् ᵛचक्रे उत्पादितवान् । आरण्या हरिणादयः । तथा ᵛये ᵛच ᵛग्राम्याः गवाश्वादयः तानपि चक्रे । पशूनामन्तरिक्षद्वारा वायुदेवत्यत्वं यजुर्ब्राह्मणे समाम्नायते—'वायवः स्थेत्याह वायुर्वा अन्तरिक्षस्याध्यक्षाः । अन्तरिक्षदेवत्याः खलु वै पशवः । वायव एवैनान्परिददाति' (तै. ब्रा. ३. २. १. ३) इति ॥

અનુવાદ (119) : પૂર્ણ રીતે હોમવામાં આવેલા તે યજ્ઞમાંથી, દહીંથી મિશ્રિત થયેલું ઘી ભેગું થયું, (અને પછી, તેમાંથી આ બધી સૃષ્ટિ ઉત્પન્ન કરી). તેણે (સહસ્રાક્ષ પુરુષે) વાયુ જેનો દેવતા છે તેવા (અર્થાત્ અંતરિક્ષના) પશુ (= પક્ષી)ઓને ઉત્પન્ન કર્યા, અને જે અરણ્યમાં રહેનારા પશુઓ છે, તથા જે ગ્રામમાં રહેનારાં પશુઓ છે તેમને પણ ઉત્પન્ન કર્યા. (૧૦-૯૦-૮)

નોંધ : सर्वहुत्- આ શબ્દના અનેક અર્થો કરવામાં આવ્યા છે : ૧. વેંકટમાધવ મુજબ-અશ્વમેધિક અશ્વને 'सर्वहुत्' કહે છે. ૨. સાયણ કહે છે કે સર્વાત્મક પુરુષ જે યજ્ઞમાં હોમવામાં આવે છે તેને 'सर्वहूत्' કહે છે. ૩. મેકડોનલના મતે 'પૂર્ણ રૂપે આહૂત કરેલ' ૪. પ્રો. વેલણકરના મતે 'બધાંની આહૂતિ આપનાર'.

पृषद्-आज्यम् = (આમ તો **पृषद्** નો અર્થ ''ડાઘાં/છાંટા પાડેલું'' થાય છે. તેથી તાત્પર્યાર્થ-દહીંથી મિશ્રિત થયેલું ઘી, **सम्भृतम्** = ભેગું થયું. પ્રોફે. વેલણકર કહે છે કે આ યજ્ઞમાં હોમેલા (વૈરાજ) પુરુષમાંથી પૃષદાજ્ય ઉત્પન્ન થયું, અને તેમાંથી આ સર્વસૃષ્ટિ થઈ છે.

पशून् तान् चक्रे वायव्यान्- આટલા અક્ષરોને એક 'પાદ'ના એકમ તરીકે લઈને અર્થ કરીએ તો-વાયુ જેમનો દેવતા છે તેવા પશુઓ (અર્થાત્ અન્તરિક્ષમાં ફરનારા પક્ષીઓ) તેમણે (પરમ પુરુષે) **चक्रे** = ઉત્પન્ન કર્યાં. વળી, અહીં **वायव्यान्** પદનો **न्** કાર 'પાદ'ના અંતે આવેલો હોવાથી, તેમાં અનુનાસિકત્વ થઈને **वायव्याँ** એવું થયું નથી. અહીં ટીકાકાર વેંકટમાધવ અને સાયણાચાર્યે બ્રાહ્મણ ગ્રંથોના અમુક ઉદ્ધરણોને આધારે જુદી રીતે અર્થ કર્યો છે. જેમ કે, **वायव्यान्** નો પહેલાં **आरण्यान्** ની સાથે અન્વય કરીને પછી તેને **पशून्** ના વિશેષણ તરીકે લીધેલ છે. પરિણામે એનો અર્થ 'વાયુ જેમનો દેવતા છે તેવા અરણ્યના હરિણ વગેરે પશુઓને ઉત્પન્ન કર્યા' એમ કરવામાં આવ્યો છે. એ જ પ્રમાણે, એ પુરુષે ગ્રામમાં રહેનારા ગાય, અશ્વ વગેરે પશુઓને પણ ઉત્પન્ન કર્યા.

चक्रे = √**कृ** ધાતુનું આત્મનેપદમાં પરોક્ષ ભૂતકાળ ત્રી. પુ. એ. વ.નું રૂપ છે. તથાપિ વેંકટમાધવે તેને **चक्रिरे** એમ બહુવચનના રૂપમાં ફેરવીને, એના કર્તૃપદ તરીકે **देवाः** ને બતાવેલ છે. અર્થાત્ વૈરાજ પુરુષને યજ્ઞમાં આહુતિ તરીકે હોમી દીધા પછી જે દહીં મિશ્રિત ઘી ઉત્પન્ન થયું, તેમાંથી દેવોએ અરણ્યના અને ગ્રામના પશુઓને **चक्रिरे** = ઉત્પન્ન કર્યા. પણ સાયણાચાર્યે **चक्रे** એકવચનના રૂપ તરીકે જ લઈને તેના કર્તૃપદ તરીકે (પહેલા મંત્રમાં ઉલ્લેખેલા) 'પુરુષ'ને જ લીધો જણાય છે. આ ચર્ચાનું તાત્પર્ય એવું નીકળે છે કે દેવોએ બીજા યજ્ઞિય = વૈરાજ પુરુષની આહુતિ આપ્યા પછી, તેઓ તો માત્ર સાક્ષીભાવે ઊભા રહ્યા, પણ પછી પરમ પુરુષે પેલા પૃષદાજ્યમાંથી વિવિધ પશુસૃષ્ટિ ઉત્પન્ન કરી. ડૉ. એસ્તરબહેન સોલોમન જણાવે છે કે- ''આ યજ્ઞને વિનાશરૂપે નહિ, પણ પરિણામ-પોતાનામાંથી પરિણમતી સૃષ્ટિ રૂપે કલ્પ્યો છે. અહીં પરિણામવાદ અને સત્કાર્યવાદનાં બીજ દેખાય છે.''

तस्मा॑द्य॒ज्ञात् स॑र्व॒हुत॒ ऋच॒ः सामा॑नि जज्ञिरे ।
छन्दां॑सि जज्ञिरे॒ तस्मा॒द्यजु॒स्तस्मा॑दजायत ॥९॥

तस्मा॑त् । य॒ज्ञात् । स॒र्व॒ऽहुत॑ः । ऋच॑ः । सामा॑नि । ज॒ज्ञि॒रे ।

छन्दां॑सि । ज॒ज्ञि॒रे॒ । तस्मा॑त् । यजुः॑ । तस्मा॑त् । अ॒जा॒य॒त ॥९॥

ᵛसर्वहुतः ᵛतस्मात् पूर्वोक्तात् ᵛयज्ञात् ᵛऋचः ᵛसामानि च ᵛजज्ञिरे उत्पन्नाः । ᵛतस्मात् यज्ञात् ᵛछन्दांसि गायत्र्यादीनि ᵛजज्ञिरे । ᵛतस्मात् यज्ञात् ᵛयजुः अपि ᵛअजायत ॥

અનુવાદ (120) : બધું હોમવામાં આવેલા તે યજ્ઞમાંથી ઋચાઓ અને સામન્ ઉત્પન્ન થયાં. તે (યજ્ઞ)માંથી (ગાયત્રી વગેરે) છન્દો અને યજુસ્ ઉત્પન્ન થયાં. (૧૦-૯૦-૯)

નોંધ : વેંકટમાધવ કહે છે કે તે સર્વહુત્ યજ્ઞામાંથી ત્રણ પ્રકારના મન્ત્રો (= ઋગ્વેદની ઋચાઓ, સામવેદના સામન્ અને યજુર્વેદના યજુસ્); અને તે મંત્રો જેમાં રચાયા છે તે ('ગાયત્રી'-'અનુષ્ટુપ્' વગેરે) છન્દો ઉત્પન્ન થયાં છે. મૂર અને પીટરસન જેવા પશ્ચિમી વિદ્વાનોએ **छन्दांसि** નો અર્થ 'અથર્વવેદના મંત્રો' એવો કર્યો છે. પ્રોફે. વેલણકર જણાવે છે કે આ મંત્રમાં જ પહેલવહેલી વખત ઋક્, યજુસ્ અને સામન્-એવા ત્રિવિધ મંત્રોનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. (આવા નિર્દેશોને આધારે જ ઘણા વિદ્વાનોએ આ દશમા મંડળને ઋગ્વેદમાં પાછળના સમયમાં જોડાયેલું માન્યું છે.) **जज्ञिरे = √जन् प्रादुर्भावे** પહેલો ગણ, આત્મનેપદ પરોક્ષ ભૂ. કા. ત્રી. પુ. બ. વ.નું રૂપ.

तस्मा॒दश्वा॑ अजायन्त॒ ये के चो॑भ॒याद॑तः ।
गावो॑ ह जज्ञि॒रे तस्मा॒त् तस्मा॑ज्जा॒ता अ॑जा॒वयः॑ ॥१०॥

तस्मा॑त् । अश्वाः॑ । अ॒जा॒य॒न्त॒ । ये । के । च॒ । उ॒भ॒याद॑तः । गावः॑ । ह॒ । ज॒ज्ञि॒रे॒ । तस्मा॑त् । तस्मा॑त् । जा॒ताः । अ॒जा॒वयः॑ ॥१०॥

ᵛतस्मात् पूर्वोक्ताद्यज्ञात् ᵛअश्वा ᵛअजायन्त उत्पन्नाः । तथा ᵛयें ᵛके ᵛच अश्वव्यतिरिक्ता गर्दभा अश्वतराश्च ᵛउभयादतः ऊर्ध्वाधोभागयोरुभयोः दन्तयुक्ताः सन्ति तेऽप्यजायन्त । तथा ᵛतस्मात् यज्ञात् ᵛगावः च ᵛजज्ञिरे । किंच ᵛतस्मात् यज्ञात् ᵛअजावयः च ᵛजाताः ॥१८॥

અનુવાદ (121) : તે (યજ્ઞ)માંથી ઘોડાઓ અને જે કોઈ (ઉપર અને નીચે એમ) બંને બાજુએ દાંતવાળાં છે તેવા (પશુ)ઓ ઉત્પન્ન થયાં. તે (યજ્ઞ)માંથી ગાયો પણ ઉત્પન્ન થઈ, અને તેમાંથી જ બકરાં અને ઘેટાંઓ ઉત્પન્ન થયાં. (૧૦-૯૦-૧૦)

નોંધ : उभयादतः પદનો અર્થ વેંકટમાધવે **उभयतोदन्ताः** = 'ઉપર નીચે-એમ બંને બાજુએ દાંતવાળાં (પ્રાણીઓ)' એમ કર્યો છે. આના અનુસંધાનમાં સાયણ વધુ સ્પષ્ટતા કરે છે કે અહીં અશ્વથી ભિન્ન એવા જે ગર્દભ અને ખચ્ચરો છે તેમનો **उभयादत्तः** શબ્દથી ઉલ્લેખ થયો છે. અહીં **उभय + दतः** । માં પરંપરાથી છાન્દસ દીર્ઘ માનવામાં આવે છે; પણ પ્રો. વેલણકર **उभया** ને આકારાન્ત શબ્દ ગણે છે. વળી, **अजावयः = अजाः च अवयः च** । એવો દ્વન્દ્વ સમાસ છે. સામાન્ય રીતે તો સામાસિક શબ્દને પદપાઠમાં અવગ્રહથી પૃથક્કૃત કરીને દર્શાવાય છે, પણ દ્વન્દ્વ સમાસમાં એ નિયમ લાગતો નથી. તેથી **अजावयः** શબ્દને પદપાઠમાં યથાવત્ રાખ્યો છે = અવગ્રહની મદદથી બે પદમાં પૃથક્કૃત કર્યો નથી.

यत्पुरु॑षं॒ व्यद॑धुः कति॒धा व्य॑कल्पयन् ।
मुखं॒ किम॑स्य॒ कौ बा॒हू का ऊ॒रू पादा॑ उच्येते ॥११॥

यत् । पुरु॑षम् । वि । अद॑धुः । क॒ति॒धा । वि । अ॒क॒ल्प॒य॒न् ।
मुख॑म् । किम् । अ॒स्य॒ । कौ । बा॒हू इति॑ । कौ । ऊरू इति॑ ।
पादौ॑ । उ॒च्ये॒ते॒ इति॑ ॥११॥

प्रश्नोत्तररूपेण ब्राह्मणादिसृष्टिं वक्तुं ब्रह्मवादिनां प्रश्ना उच्यन्ते । प्रजापतेः प्राणरूपा ᵛदेवाः ᵛयत् यदा ᵛपुरुषं विराड्रूपं ᵛव्यदधुः संकल्पेनोत्पादितवन्तः तदानीं ᵛकतिधा कतिभिः प्रकारैः ᵛव्यकल्पयन् विविधं कल्पितवन्तः । ᵛअस्य पुरुषस्य ᵛमुखं ᵛकिम् आसीत् । ᵛकौ ᵛबाहू अभूताम् ᵛका ᵛऊरू । कौ च ᵛपादावुच्येते । प्रथमं सामान्यरूपः प्रश्नः पश्चात् मुखं किमित्यादिना विशेषविषयाः प्रश्नाः ॥

અનુવાદ (122) : (દેવોએ) જ્યારે આ (યજ્ઞિય વૈરાજ) પુરુષનું (આહુતિ આપવા માટે) વિભાજન કર્યું, (ત્યારે તેને) કેટલા ભાગોમાં વહેંચી કાઢ્યો ? આ (પુરુષ)નું મુખ શું બન્યું ? તેના બે બાહુ કોણ બન્યા ? તેના બે સાથળ અને બે પાદ તરીકે કોને ઓળખાવવામાં આવે છે ? (૧૦-૯૦-૧૧)

નોંધ : પ્રસ્તુત ૧૧મા મંત્રમાં સૃષ્ટિ યજ્ઞને લગતા પ્રશ્નો રજૂ કર્યા છે; અને ૧૨મા મંત્રમાં તેના ઉત્તરો આપવામાં આવ્યા છે. જેમકે, સાયણ કહે છે કે બ્રાહ્મણ વગેરેની બનેલી સૃષ્ટિને વર્ણવવા માટે આ મંત્રમાં પહેલાં બ્રહ્મવાદીઓના પ્રશ્નો કહેવામાં આવે છે. પ્રજાપતિના પ્રાણરૂપ દેવોએ જ્યારે તે વિરાટ્ પુરુષને સંકલ્પથી ઉત્પન્ન કર્યો; ત્યારે તેને કેટકેટલી રીતે વહેંચી કાઢ્યો ? એટલે કે તે પુરુષનું મુખ શું હતું ? કોણ બે બાહુ બન્યા ? અને કોણ બે સાથળ, અને બે પાદ બન્યા ?

(૧) **वि + अदधुः = वि + √धा** ત્રીજો ગણ, 'મૂકવું' ધાતુનું હ્યસ્તન ભૂ. કા. ત્રી. પુ. બહુવચન, **कतिधा** = કેટલી રીતે, કેટલાં પ્રકારે **वि + अकल्पयन् = √क्लृप्** 'રચના કરવી', પહેલો ગણ, આત્મનેપદી ધાતુનું પ્રેરકમાં હ્યસ્તન ભૂ. કા. ત્રી. પુ. બ. વ. = 'દેવોએ તે યજ્ઞિય વૈરાજ પુરુષને કેટલા પ્રકારોમાં વહેંચી કાઢ્યો ?'

(૨) પદપાઠમાં જે દીર્ઘ ई, ऊ કે ए કારાન્ત દ્વિવચનનાં રૂપો હોય, તેને 'પ્રગૃહ્ય' સંજ્ઞાવાળા ગણીને इति॑ કરણ સાથે દર્શાવાય છે : बा॒हू .इति॑ । વગેરે.

(૩) સામાન્ય રીતે પ્રાચીન ઋચાઓમાં પ્રથમા-દ્વિતીયા વિભક્તિ દ્વિવચનનાં રૂપો મહદંશે **आ**કારાન્ત જેવાં મળે છે; પણ આ ૧૦-૯૦-૧૧ મંત્રમાં દ્વિવચનમાં **पादौ । कौ** । જેવાં **औ**કારાન્ત રૂપો આવેલાં છે. તેથી એવું લાગે છે કે આ સૂક્ત પાછળના સમયનું હોઈ શકે.

ब्रा॒ह्म॒णो॑ऽस्य॒ मुख॑मासीद्बा॒हू रा॑ज॒न्य॑ः कृ॒तः ।
ऊ॒रू तद॑स्य॒ यद्वैश्य॑ः प॒द्भ्यां शू॒द्रो अ॑जायत ॥१२॥

ब्रा॒ह्म॒णः । अ॒स्य॒ । मुख॑म् । आ॒सी॒त् । बा॒हू इलि॑ । रा॒ज॒न्य॑ः । कृ॒तः । ऊ॒रू इति॑ । तत् । अ॒स्य॒ । यत् । वैश्य॑ः । प॒तऽभ्याम् । शू॒द्रः । अ॒जा॒य॒त ॥१२॥

इदानीं पूर्वोक्तानां प्रश्नानामुत्तराणि दर्शयति । ᵛअस्य प्रजापतेः ᵛब्राह्मणः ब्राह्मणत्वजातिविशिष्टः पुरुषः ᵛमुखमासीत् मुखादुत्पन्न इत्यर्थः । योऽयं ᵛराजन्यः क्षत्रियत्वजातिमान् पुरुषः सः ᵛबाहू ᵛकृतः बाहुत्वेन निष्पादितः । बाहुभ्यामुत्पादित इत्यर्थः । ᵛतत् तदानीम् ᵛअस्य प्रजापतेः ᵛयत् यौ ᵛऊरू तद्रूपः ᵛवैश्यः संपन्नः । ऊरुभ्यामुत्पन्न इत्यर्थः । तथास्य ᵛपद्भ्यां पादाभ्यां ᵛशूद्रः शूद्रत्वजातिमान् पुरुषः ᵛअजायत । इयं च मुखादिभ्यो ब्राह्मणादीनामुत्पत्तिर्यजुःसंहितायां सप्तमकाण्डे 'स मुखतस्त्रिवृतं निरमिमीत' (तै. सं. ७. १. १. ४) इत्यादौ विस्पष्टमाम्नाता । अतः प्रश्नोत्तरे उभे अपि तत्परतयैव योजनीये ॥

અનુવાદ (123) : આ (પુરુષ)નું મુખ બ્રાહ્મણ બન્યું, તેના બે બાહુઓ રાજન્ય=ક્ષત્રિય બનાવાયા; અને જે વૈશ્ય છે તે આ (પુરુષ)ની બે સાથળો હતી તથા (એના) બે પાદમાંથી શૂદ્ર જન્મ્યો. (૧૦-૯૦-૧૨)

નોંધ : बाहू राजन्यः कृतः । આ બીજા પાદમાં ઉદ્દેશ્ય **बाहू** દ્વિવચનમાં

હોવાથી ક્રિયાવાચક અંશમાં પણ **કૃતૌ** એવું રૂપ વપરાવું જોઈતું હતું, પણ ક્યારેક વિધેયગત વચન અનુસાર પણ ક્રિયાપદ વપરાય છે–એ નિયમાનુસાર અહીં **કૃતઃ** એકવચનમાં વપરાયું છે.

સાયણાચાર્ય કહે છે કે પૂર્વોક્ત મંત્ર-૧૧ના પ્રશ્નોના ઉત્તરો અહીં મંત્ર ૧૨માં આપવામાં આવ્યા છે : બ્રાહ્મણ (અર્થાત્ બ્રાહ્મણત્વ જાતિવાળો પુરુષ) તે આ પ્રજાપતિ (= સૃષ્ટિનું સર્જન કરનાર પુરુષ)નું મુખ હતું. અર્થાત્ પ્રજાપતિના મુખમાંથી બ્રાહ્મણ (જાતિના માણસો) ઉત્પન્ન થયા. (અહીં **મુખમ્** નો અર્થ **મુખાત્** લેવાનો છે.) જે આ રાજન્ય = ક્ષત્રિયજાતિવાળા પુરુષો છે, તે આ 'પુરુષ'ના બે બાહુ રૂપે નિષ્પન્ન કરવામાં આવ્યા. અર્થાત્ કે 'પુરુષ'ના બાહુમાંથી ક્ષત્રિયોને ઉત્પન્ન કરવામાં આવ્યા. એ પ્રજાપતિની જે બે સાથળો-જાંઘ-હતી તે વૈશ્ય બની. અર્થાત્ તેની જાંઘોમાંથી વૈશ્યો (ખેડૂત અને વેપારીઓ) ઉત્પન્ન થયા. એ જ પ્રમાણે, એના પગમાંથી શૂદ્ર જાતિના લોકો જન્મ્યા. આ પરમ પુરુષના મુખાદિમાંથી બ્રાહ્મણ વગેરે જાતિઓની ઉત્પત્તિ થયાનો ઉલ્લેખ યજુર્વેદના સાતમા કાણ્ડમાં પણ મળે છે. બીજું સમગ્ર ઋગ્વેદનો અભ્યાસ કરતાં જણાય છે કે આ એક જ મન્ત્રમાં બ્રાહ્મણ વગેરે ચાર વર્ણોનો નિર્દેશ મળે છે. (૯૦-૧૨)

च॒न्द्रमा॒ मन॑सो जा॒तश्चक्षो॒ः सूर्यो॑ अजायत ।
मुखा॒दिन्द्र॑श्चा॒ग्निश्च॑ प्रा॒णाद्वा॒युर॑जायत ॥१३॥

च॒न्द्रमाः॑ । मन॑सः । जा॒तः । चक्षो॑ । सूर्यः॑ । अ॒जा॒य॒त॒ । मुखा॑त् । इन्द्रः॑ । च॒ । अ॒ग्निः । च॒ । प्रा॒णात् । वा॒युः । अ॒जा॒य॒त॒ ॥१३॥

यथा दध्याज्यादिद्रव्याणि गवादयः पशव ऋगादिवेदा ब्राह्मणादयो मनुष्याश्च तस्मादुत्पन्ना एवं चन्द्रादयो देवा अपि तस्मादेवोत्पन्ना इत्याह । प्रजापतेः ᵛमनसः सकाशात् ᵛचन्द्रमाः ᵛजातः । ᵛचक्षोः च चक्षुषः ᵛसूर्यः अपि ᵛअजायत । अस्य ᵛमुखादिन्द्रश्चाग्निश्च देवावुत्पन्नौ । अस्य ᵛप्राणाद्वायुरजायत ॥

અનુવાદ (124) : (તે પુરુષના) મનમાંથી ચન્દ્રમા જન્મ્યા, આંખમાંથી સૂર્ય જન્મ્યો. (તેના) મુખમાંથી ઈન્દ્ર અને અગ્નિ (ઉત્પન્ન થયા), તથા (તેના) પ્રાણમાંથી વાયુ ઉત્પન્ન થયો. (૧૦-૯૦-૧૩)

નોંધ : સાયણ કહે છે કે (તે વૈરાજ યજ્ઞિય પુરુષના હોમ કરવાથી-આહુતિ આપવાથી-જેમ) દહીં મિશ્રિત આજ્ય વગેરે દ્રવ્યો, ગાય વગેરે પશુઓ, ઋગ્વેદાદિ વેદો અને બ્રાહ્મણાદિ વર્ણોવાળા મનુષ્યો ઉત્પન્ન થયા, એવી જ રીતે તે પ્રજાપતિના

મન વગેરેમાંથી ચંદ્રમા વગેરે દેવો પણ ઉત્પન્ન થયા. **चक्षोः = चक्षुषः** (પંચમી વિભક્તિ એકવચનનું રૂપ) પ્રશિષ્ટ સંસ્કૃતમાં મૂળ **षू** કારાન્ત **चक्षुष्** શબ્દ છે, પણ અહીં તે ઉકારાન્ત **चक्षु** રૂપે વપરાયો છે. (આ શબ્દનો ઉકારાન્ત રૂપે કેવળ અહીં એકવાર જ પ્રયોગ જોવા મળે છે. આ સિવાય બીજા ઘણા વ્યંજનાન્ત શબ્દો વેદમાં સ્વરાન્ત રૂપે પણ વપરાતા જોવા મળે છે.) (૯૦-૧૩)

नाभ्या॑ आसीद॒न्तरि॑क्षं शी॒र्ष्णो॑ द्यौः सम॑वर्तत ।
प॒द्भ्यां भूमि॒र्दिश॒ः श्रोत्रा॒त्तथा॑ लो॒काँ अ॑कल्पयन् ॥१४॥

नाभ्या॑ः । आ॒सी॒त् । अ॒न्तरि॑क्षम् । शी॒र्ष्णः । द्यौः । सम् । अ॒व॒र्त॒त । प॒त्ऽभ्याम् । भूमि॑ः । दिश॑ः । श्रोत्रा॑त् । तथा॑ । लो॒कान् । अ॒क॒ल्प॒य॒न् ॥१४॥

यथा चन्द्रादीन् प्रजापतेर्मनःप्रभृतिभ्योऽकल्पयन् ᵛतथा अन्तरिक्षादीन् ᵛलोकान् प्रजापतेः नाभ्यादिभ्यो देवाः ᵛअकल्पयन् उत्पादितवन्तः । एतदेव दर्शयति । ᵛनाभ्याः प्रजापतेर्नाभेः ᵛअन्तरिक्षमासीत् । ᵛशीर्ष्णः शिरसः ᵛद्यौः ᵛसमवर्तत उत्पन्ना । अस्य ᵛपद्भ्यां पादाभ्यां ᵛभूमिः उत्पन्ना । अस्य ᵛश्रोत्रात् ᵛदिशः उत्पन्नाः ॥

અનુવાદ **(125)** : (તે પુરુષની) નાભિમાંથી અન્તરિક્ષ બન્યું હતું, (તેના) મસ્તકમાંથી દ્યુ = આકાશ ઉત્પન્ન થયું, બે પગમાંથી ભૂમિ બની અને કાનમાંથી દિશાઓ પેદા થઈ. તેવી રીતે (દેવોએ) બધા લોકોનું સર્જન કર્યું. (૧૦-૯૦-૧૪)

નોંધ : વેંકટ માધવ અને સાયણાચાર્ય આ મંત્રમાંના **अकल्पयन्** । પ્રેરક હ્ય. ભૂ. કા. ત્રી. પુ. બ. વ.ના કર્તા-પદ તરીકે **साध्याः देवताः = देवाः** ને લે છે. આથી ‘પ્રજાપતિના મન વગેરેમાંથી જેમ ચન્દ્રમા વગેરેને કલ્પ્યાં = સર્જ્યાં, તેમ તે સાધ્યોએ = દેવોએ એ પ્રજાપતિના નાભિ વગેરેમાંથી અન્તરિક્ષાદિ ઉત્પન્ન કર્યાં.

सप्तास्या॑सन् परि॒धय॒स्त्रिः स॒प्त स॒मिध॑ः कृताः ।
दे॒वा यद्य॒ज्ञं त॑न्वा॒ना अब॑ध्न॒न् पुरु॑षं प॒शुम् ॥१५॥

स॒प्त । अ॒स्य॒ । आ॒स॒न् । प॒रि॒ऽधय॑ः । त्रिः । स॒प्त । स॒म्ऽइध॑ः । कृताः । दे॒वाः । यत् । य॒ज्ञम् । त॒न्वा॒नाः । अब॑ध्नन् । पुरु॑षम् । प॒शुम् ॥१५॥

vअस्य सांकल्पिकयज्ञस्य गायत्र्यादीनि vसप्त छन्दांसि vपरिधयः vआसन् । ऐष्टिकस्याहवनीयस्य त्रयः परिधय उत्तरवेदिकास्त्रय आदित्यश्च सप्तमः परिधिप्रतिनिधिरूपः । अत एवाम्नायते–'न पुरस्तात्परि दधात्यादित्यो ह्येवोद्यन् पुरस्ताद्रक्षांस्यपहन्ति' (तै. सं. २. ६. ६. ३) इति । तत एत आदित्यसहिताः सप्त परिधयोऽत्र सप्त छन्दोरूपाः । तथा vसमिधः vत्रिः vसप्त त्रिगुणीकृतसप्तसंख्याकाः एकविंशतिः vकृताः । 'द्वादश मासाः पञ्चर्तवस्त्रय इमे लोका असावादित्य एकविंशः' (तै. सं. ५. १. १०. ३) इति श्रुताः पदार्था एकविंशतिदारुयुक्तेध्मत्वेन भाविताः । vयत् यः पुरुषो वैराजोऽस्ति तं vपुरुषं vदेवाः प्रजापतिप्राणेन्द्रियरूपाः vयज्ञं vतन्वानाः मानसं यज्ञं तन्वानाः कुर्वाणाः vपशुम् vअबध्नन् विराट्पुरुषमेव पशुत्वेन भावितवन्तः । एतदेवाभिप्रेत्य पूर्वत्र 'यत्पुरुषेण हविषा' इत्युक्तम् ॥

અનુવાદ (126) : જ્યારે યજ્ઞ(નો વિસ્તાર) કરી રહેલા દેવોએ તે (યજ્ઞિય વૈરાજ) પુરુષને પશુ તરીકે બાંધ્યો; (ત્યારે) આ (સૃષ્ટિયજ્ઞના અગ્નિ)ની પરિધિઓ સાત હતી, અને સમિધાઓ એકવીસ કરવામાં આવી હતી. (૧૦-૯૦-૧૫)

નોંધ : વેંકટમાધવ કહે છે કે સાધ્ય દેવોએ જ્યારે એ (સૃષ્ટિ) યજ્ઞનો વિસ્તાર કર્યો ત્યારે તે યજ્ઞમાં (પહેલાં તો) પુરુષને અશ્વ રૂપે બાંધ્યો. પછી તે યજ્ઞમાં સાત છન્દો સાત પરિધિ રૂપ બન્યા અને (દેવોએ) એકવીસ સમિધાઓ તૈયાર કરી. **परिधि**નો અર્થ વાડ, સીમા/મર્યાદા સૂચવતાં લાકડાં એવો થાય છે. આ સાત પરિધિ તે સાત છન્દો છે એમ જ્યારે કોઈ ટીકાકાર કહે ત્યારે સ્વાભાવિક રીતે જ પ્રશ્ન થાય કે તે કયા સાત છન્દો છે ? તો ૧. ગાયત્રી ૨. ત્રિષ્ટુપ્ ૩. જગતી ૪. અનુષ્ટુપ્ ૫. બૃહતી ૬. ઉષ્ણિક્ અને ૭. પંક્તિ. અલબત્ત, સાયણાચાર્યે આ 'સાત પરિધિ'નો અર્થ આ રીતે કર્યો છે. જેમ કે, ઈષ્ટિયાગમાં આહ્વનીયાગ્નિની ત્રણ પરિધિઓ, ઉત્તર વેદિકાની ત્રણ પરિધિઓ (= મેખલાઓ) અને સાતમો તે આદિત્ય, પરિધિના પ્રતિનિધિ રૂપ છે. હવે, આ આદિત્ય સહિતની સાત પરિધિઓ તે અહીં સાત છન્દો રૂપ છે. (શુક્લ યજુર્વેદમાં પણ આ 'પુરુષસૂક્ત' આવેલું છે. ત્યાં ટીકાકાર મહીધરે કહ્યું છે કે સાત સમુદ્ર એ સાત પરિધિઓ છે.) પ્રોફે. વેલણકર **परिधि** નો શબ્દાર્થ લઈને જ સમજાવે છે કે વાડની જેમ અગ્નિની ચારેય તરફ ગોઠવેલા સાત સમિધો.

આ મન્ત્રના બીજા પાદમાં 'ત્રણવાર સાત એટલા (અર્થાત્ એકવીસ) સમિધો તૈયાર કર્યા' એવો જે નિર્દેશ છે એને સમજાવતાં સાયણ કહે છે કે-બાર મહિના, પાંચ ઋતુઓ, આ (ભૂ, ભુવર્ અને સ્વર્) ત્રણ લોક અને આદિત્ય-એમ કુલ મળીને એકવીસ સમિધાઓ તૈયાર કરી. પ્રોફે. વેલણકરે અહીં 'સમિધો'નો અર્થ ઇંધણના એકવીસ થર એવો કર્યો છે.)

તૈત્તિરીય આરણ્યક (૩-૧૨)માં પણ આ 'પુરુષ સૂક્ત'ને મૂકવામાં આવ્યું છે. પરંતુ ત્યાં આ સૂક્તની છઠ્ઠી અને સાતમી ઋચાની વચ્ચે આ **सप्तास्यासन् परिधयः०** । એ ઋચાને મૂકી છે. તેથી એવું જણાય છે કે યજ્ઞની સામગ્રી અને પદ્ધતિનું જ્યાં છઠ્ઠી-સાતમી ઋચામાં વર્ણન ચાલતું હોય, ત્યાં જ આ પ્રસ્તુત ઋચા આવી જવી જોઈતી હતી. અથવા બીજી રીતે વિચારીએ તો અહીં યજ્ઞસામગ્રીની વાત ફરીથી કરીને ઋષિએ-કવિએ યજ્ઞની વાત કેન્દ્રસ્થાને છે એમ યાદ કરાવ્યું છે. (ડો. એસ્તેર બહેન સોલોમન કહે છે કે કેટલાકે આ ઋચાનો વેદાન્તપરક અર્થ પણ કર્યો છે. જેમકે, **देवाः**- જ્ઞાનથી ઉજ્જવલ યોગીઓ, **यज्ञम्**- સમાધિરૂપ યજ્ઞને, **पुरुषम्**- પુરુષમેધ રૂપે રહેલા જ્ઞાનને, **अवध्नन्**- ગ્રહણ કરતા હતા. આત્મયજનમાં સાત પરિધિઓ તરીકે પૃથિવ્યાદિ પાંચ મહાભૂતો અને મન તથા બુદ્ધિ છે, અને એકવીસ સમિધાઓ તરીકે પાંચ મહાભૂત, પાંચ તન્માત્રાઓ, પાંચ જ્ઞાનેન્દ્રિય અને પાંચ કર્મેન્દ્રિય તથા મન છે.) બીજું અહીં વર્ણવ્યા મુજબ દેવોએ શરૂ કરેલી યજ્ઞપ્રથાને અનુસરીને મનુષ્યોએ પણ યજ્ઞ-યાગાદિ શરૂ કર્યા હશે.

य॒ज्ञेन॑ य॒ज्ञम॑यजन्त दे॒वास्तानि॒ धर्मा॑णि प्रथ॒मान्या॑सन् ।
ते ह॒ नाकं॑ महि॒मानः॑ सचन्त॒ यत्र॒ पूर्वे॑ सा॒ध्याः सन्ति॑
दे॒वाः ॥१६॥

य॒ज्ञेन॑ । य॒ज्ञम् । अ॒य॒ज॒न्त॒ । दे॒वाः । तानि॑ । धर्मा॑णि । प्र॒थ॒मानि॑ । आ॒स॒न् । ते । ह॒ । नाक॑म् । म॒हि॒मानः॑ । स॒च॒न्त॒ । यत्र॑ । पूर्वे॑ । सा॒ध्याः । सन्ति॑ । दे॒वाः ॥१६॥

पूर्वं प्रपञ्चेनोक्तमर्थं संक्षिप्यात्र दर्शयति । ᵛदेवाः प्रजापतिप्राणरूपाः ᵛयज्ञेन यथोक्तेन मानसेन संकल्पेन ᵛयज्ञं यथोक्तयज्ञस्वरूपं प्रजापतिम् ᵛअयजन्त पूजितवन्तः । तस्मात्पूजनात् ᵛतानि प्रसिद्धानि ᵛधर्माणि जगद्रूप-विकाराणां धारकाणि प्रथमानि मुख्यानि ᵛआसन् । एतावता सृष्टिप्रतिपा-दकसूक्तभागार्थः संगृहीतः । अथोपासनतत्फलानुवादकभागार्थः संगृह्यते । ᵛयत्र यस्मिन् विराट्प्राप्तिरूपे नाके ᵛपूर्वे साध्याः पुरातना विराडुपास्तिसाधकाः ᵛदेवाः ᵛसन्ति तिष्ठन्ति तत् ᵛनाकं विराट्प्राप्तिरूपं स्वर्गं ᵛते ᵛमहिमानः तदुपासका महात्मानः ᵛसचन्त समवयन्ति प्राप्नुवन्ति ॥१९॥ ॥७॥

અનુવાદ (127) : દેવોએ તે યજ્ઞથી (= યજ્ઞિય વૈરાજ પુરુષ રૂપી પશુથી-હવિથી) યજ્ઞ કર્યો તે જ (સાત પરિધિ અને એકવીસ સમિધો રૂપી) ધર્મો પ્રથમના

(=શરૂઆતના નિયમ રૂપે) સિદ્ધ થયા. જ્યાં પૂર્વેના સાધ્યો અને દેવો છે તે જ સ્વર્ગલોકને મહિમા (વાળા)ઓએ પ્રાપ્ત કર્યો. (૧૦-૯૦-૧૬)

નોંધ : આ છેલ્લા મંત્રમાં છન્દ પરિવર્તન થયું છે. અગાઉની (૧થી ૧૫) ઋચાઓમાં અનુષ્ટુપ્ છંદ વપરાયો છે. અહીં ૧૬મી ઋચામાં ત્રિષ્ટુપ્ છંદ પ્રયોજાયો છે. **अयजन्त-** √**यज्** ઉભયપદી ધાતુ ૧લો ગણ, આત્મનેપદ હ્ય. ભૂ. કા. ત્રી. પુ. બ. વ.નું રૂપ છે. **सचन्त-** √**सच्** 'ચોંટવું'-આત્મનેપદી, ૧લા ગણનો ધાતુ, હ્ય. ભૂ. ત્રી. પુ. બ. વ. (અહીં **इडागम** થયો નથી.)

આ મન્ત્રનો તાત્પર્યાર્થ સમજાવતાં સાયણાચાર્ય લખે છે કે અગાઉના મંત્રોમાં જે વાત પ્રપંચપૂર્વક કહી છે તેને હવે ૧૬મા મંત્રમાં સંક્ષિપ્ત કરીને કહે છે. દેવોએ કે જેઓ પ્રજાપતિ (સહસ્રશીર્ષવાળા પરમ પુરુષ)ના પ્રાણ રૂપ જ છે, તેમણે યજ્ઞથી (અર્થાત્ માનસિક સંકલ્પથી યજ્ઞનું (અર્થાત્ યજ્ઞસ્વરૂપ પ્રજાપતિનું) યજન-પૂજન-કર્યું. આ પૂજનમાંથી તે પ્રસિદ્ધ ધર્મો કે જે જગતના રૂપ અને વિકારોને ધારણ કરનારા મુખ્ય ધર્મો છે તે ઉત્પન્ન થયા. આટલા (પ્રથમ બે પાદરૂપ) ભાગથી સૃષ્ટિના પ્રતિપાદક એવા (પૂર્વમન્ત્રોના અંશનો સંગ્રહ કર્યો છે. હવે ઋચાના ઉત્તરાર્ધથી (ઉત્તરર્ધચથી) તે ઉપાસના = પૂજનના ફળનું વર્ણન કરવામાં આવે છે : જ્યાં વિરાટ પુરુષની પ્રાપ્તિ થાય છે તે સ્વર્ગલોકમાં કે જેમાં પૂર્વેના સાધ્યો = વિરાટની ઉપાસનાના સાધક એવા દેવો રહેલા છે તેમાં મહિમાઓ (અર્થાત્ તે વિરાટના ઉપાસક એવા મહાત્માઓ પહોંચે છે; તેવા સ્વર્ગલોકને પ્રાપ્ત કરે છે.

* * *

ઋગ્વેદનું આ 'પુરુષ સૂક્ત' (૧૦-૯૦) યજુર્વેદ (અધ્યાય ૩૧)માં પણ થોડા ફેરફાર સાથે રજૂ થયેલું જોવા મળે છે. જેમકે–

(૧) પહેલા મંત્રના - **विश्वतो वृत्वा** ને બદલે યજુર્વેદમાં **सर्वतस्पृत्वा;**

(૨) બીજા મંત્રના - **यच्च भव्यम्** ને બદલે યજુર્વેદમાં **यच्च भाव्यम्;**

(૩) પાંચમા મંત્રના - **विराळजायत** ને બદલે યજુર્વેદમાં **विराडजायत** છે.

(૪) ઋગ્વેદના ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬ મંત્રો યજુર્વેદમાં અનુક્રમે ૧૪, ૯, ૬, ૭, ૮, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૫ અને ૧૬મા મંત્ર તરીકે ગોઠવાયા છે.

(૫) ઋગ્વેદના ૧૧મા મંત્રના બીજા-ત્રીજા પાદમાં **मुखं किमस्य कौ बाहू का ऊरू पादा उच्येते ।** પાઠ છે, તેને બદલે યજુર્વેદમાં (તે દશમા મંત્ર તરીકે છે, અને) **मुखं किमस्यासीत् किम्बाहू किमूरुपादा उच्येते ।** એવું પાઠાન્તર છે.

(૬) ઋગ્વેદના ૧૩મા મંત્રના બીજા ચરણમાં **मुखादिन्द्रश्चाग्निश्च प्राणाद्वायुरजायत ।** એવો પાઠ છે. પરંતુ યજુર્વેદમાં તે ૧૨મા મંત્ર તરીકે ઉપસ્થિત થાય છે; અને તેમાં **श्रोत्राद्वायुश्च प्राणश्च मुखादग्निरजायत ।** એવું પાઠાન્તર જોવા મળે છે.

10.95 [1 to 18]

પુરૂરવા-ઉર્વશી સંવાદ સૂક્ત

तत्र 'हये जाये' इत्यष्टादशर्चं पञ्चमं सूक्तं त्रैष्टुभम् । अत्रानुक्रमणिका —'हये दूव्यूनोर्वशीमैळः पुरूरवाः पूर्वोषितात्कामात् पुनरासाद्यावरोद्धुमैच्छत्सा तमनिच्छन्ती प्रत्याचष्टे हय इषुर्या कदा सुदेवोऽन्तरिक्षप्रां सचेति तिस्रश्चैळवाक्यं शिष्टा उर्वश्याः' इति । 'हये जाये' 'इषुर्न श्रिये' 'या सुजूर्णिः' 'कदा सूनुः' 'सुदेवो अद्य' 'अन्तरिक्षप्रां' 'सचा यदासु जहतीषु' इत्याद्यास्तिस्रश्चेति नवर्च ऐळस्य पुरूरवसो वाक्यानि । अतस्तासां स ऋषिः । शिष्टा नवोर्वश्या वाक्यानि । अतस्तासु सर्षिका । उभयोर्वाक्येषु योऽर्थः प्रतिपाद्यते सा देवता । गतो विनियोगः ॥

ऐळोर्वशीतिहासोऽत्र वैशद्याय प्रवर्ण्यते ।
मित्रश्च वरुणश्चोभौ दीक्षितौ प्रेक्ष्य चोर्वशीम् ॥१॥
रेतः सिषिचतुः सद्यस्तत्कुम्भे न्यदधुस्तदा ।
तां शप्तवन्तौ मनुजभोग्या भूम्यां भवेति तौ ॥ २ ॥
अत्रान्तर इळो राजा मनोः पुत्रैश्च संयुतः ।
मृगयां संचरन् साश्वा देवीक्रीडं विवेश ह ॥ ३ ॥
यत्र देवं गिरिसुता सर्वैर्भावैरतोषयत् ।
अत्राविशन्पुमान्स्त्री स्यादित्युक्त्वा तत्र चाविशत् ॥ ४ ॥
स्त्री भूत्वा व्रीडितः सोऽगाच्छरणं शिवमञ्जसा ।
इयं प्रसाद्यतां राजन्नित्युक्तः शंभुना नृपः ॥ ५ ॥
जगाम शरणं देवीमात्मनः पुंस्त्वसिद्धये ।
अकरोत्सा नृपं देवी षण्मासात्प्राप्तपुंस्त्वकम् ॥ ६ ॥
ततः कदाचित्स्त्रीकाले बुधः सौन्दर्यमोहितः ।
अप्सरोभ्यो विशिष्टां तामिळां संगतवान् मुदा ॥ ७ ॥
तदेळायां सोमपुत्राज्जातो राजा पुरूरवाः ।
तमुर्वशी तु चकमे प्रतिष्ठानपुरे स्थितम् ॥ ८ ॥
तल्पादन्यत्र नग्नं त्वां दृष्ट्वा यामि यथागतम् ।
सुता उरणकौ त्वं च समीपं कुरु मे द्रुतम् ॥ ९ ॥
इति सा समयं कृत्वा रमयामास तं नृपम् ।
चतुरब्दे गते रात्रौ देवैरुरणकद्वयम् ॥ १० ॥

हतं तस्य ध्वनिं श्रुत्वा नग्न एव स भूपतिः ।
उत्थाय जित्वा तावागच्छेत्येवं जल्पकोऽन्यतः ॥ ११ ॥
विद्युता दर्शितोऽस्यै स नग्न एव पुरूरवाः ।
अथ सा दृष्टसमया ह्युर्वशी तु दिवं ययौ ॥ १२ ॥
तत उन्मत्तवद्राजा दिदृक्षुस्तामितस्ततः ।
कुर्वन्नन्वेषणं तीरे सरसो मानसस्य ताम् ॥ १३ ॥
विहरन्तीमप्सरोभिः सहापश्यत्पुरूरवाः ।
पुनः स चकमे भोक्तुमुर्वशीं च पुरूरवाः ॥ १४ ॥
साश्रं सापश्यदुक्त्वा च प्रत्यचष्टे व्रजेति तम् ।
इत्युर्वश्यैळसंवादमिममेषोऽप्यसूचयत् ॥ १५ ॥ इति ॥

अत्र वाजसनेयकम्—‘उर्वशी हाप्सराः पुरूरवसमैळं चकमे तँ ह विन्दमानोवाच त्रिः स्म माह्नो वैतसेन दण्डेन हतादकामाँ स्म मा निपद्यासै मो स्व त्वा नग्नं दर्शमेष वै न स्त्रीणामुपचार इति । सा हास्मिञ्ज्योगुवासापि हास्माद्गर्भिण्यास तावज्ज्योग्घास्मिन्नुवास ततो ह गन्धर्वाः समूदिरे ज्योग्वा इयमुर्वशी मनुष्येष्ववात्सीदुपजानीत यथेयं पुनरागच्छेदिति तस्यै हाविर्द्धुरणा शयन उपबद्धास ततो ह गन्धर्वा अन्यतरमुरणं प्रमेथुः । सा होवाचावीर इव बत मेऽजन इव पुत्रँ हरन्तीति द्वितीयं प्रमेथुः सा ह तथैवोवाच । अथ हायमीक्षांचक्रे कथं नु तदवीरं कथमजनँ स्याद्यत्राहँ स्यामिति स नग्न एवानूत्पपात चिरं तन्मेने यद्वासः पर्यधास्यत ततो ह गन्धर्वा विद्युतं जनयांचक्रुस्तं यथा दिवैवं नग्नं ददर्श ततो हैवेयं तिरोबभूव पुनरैमीत्येत्तिरोभूताँ स आध्या जल्पन्कुरुक्षेत्रँ समया चचारान्यतःप्लक्षेति बिसवती तस्यै हाध्यन्तेन वव्राज तद्ध ता अप्सरस आतयो भूत्वा परिपुप्लुविरे । तँ हेयं ज्ञात्वोवाच अयं वै स मनुष्यो यस्मिन्नहमवात्समिति ता होचुस्तस्मै वा आविरसामेति तथेति तस्मै हाविरासुः । ताँ हायं ज्ञात्वाभिपरोवाद हये जाये मनसा’ (श. ब्रा. ११.५.१) इत्यादि ॥

આ સૂક્તમાં રાજા પુરૂરવા અને ઉર્વશી નામની અપ્સરાનો સંવાદ રજૂ થયો છે. પુરૂરવા અને ઉર્વશી કોઈ એક કાળે સાથે રહ્યાં હતાં. વિખુટા પડ્યા પછી પુરૂરવા એકવાર ઉર્વશીને મળે છે અને તેને પોતાની સાથે રોકી લેવા ઇચ્છે છે. પણ ઉર્વશીને હવે સહવાસની ઇચ્છા નથી, તે પુરૂરવાની માંગણીને ઠુકરાવી દે છે. આ પ્રસંગને લગતો સંવાદ અહીં રજૂ થયો છે.

સાયણાચાર્યે આ સૂક્તની ભૂમિકા સ્પષ્ટ કરતાં કેટલાક શ્લોકો ઉદ્ધૃત કર્યા છે. તેમાં પુરૂરવા-ઉર્વશીની પ્રેમકથાનો ઇતિહાસ કાંઈક આ પ્રમાણે રજૂ કર્યો છે : મિત્ર

અને વરુણ નામના દેવોએ ઉર્વશીને જોઈને રેતસ્‌નું સિંચન કર્યું, (ઉર્વશીએ) તેને કુંભમાં સ્થાપ્યું. આથી તે બંને દેવોએ ઉર્વશીને શાપ આપ્યો કે 'તું પૃથિવી ઉપર જા અને મનુજભોગ્યા બન.' હવે 'ઈળ' નામનો એક રાજા મનુના પુત્રોની સાથે શિકારે નીકળ્યો હતો. તે ફરતો-ફરતો અશ્વ સાથે'દેવીક્રીડ' નામના વનમાં પ્રવેશ્યો. આ વનમાં ગિરિસુતા પાર્વતી દેવ શંકરનું પૂજન કરતી હતી. પણ પાર્વતીદેવીએ ''આ વનમાં જે પુરુષ પ્રવેશશે, તે સ્ત્રી થઈ જશે'' એવી મર્યાદા બાંધી રાખી હતી. એથી રાજા ઈળ તે વનમાં પ્રવેશતાંની સાથે સ્ત્રી બની ગયો. (ઈળમાંથી ઈળા બની ગયો !) શરમાઈને તે શિવને શરણે ગયો. તેમણે તેને પાર્વતીને પ્રસન્ન કરવા કહ્યું. ઈળ પાર્વતીના શરણે ગયો અને છ મહિના પછી તેને ફરીથી પુંસ્ત્વની પ્રાપ્તિ થઈ. આ છ મહિનાના સ્ત્રીકાળમાં-તેની 'ઈળા' રૂપ અવસ્થામાં સોમ (= ચન્દ્રમા)નો પુત્રં બુધ તે ઈળાના સૌંદર્ય ઉપર મોહિત થયો; કારણ કે ઈળા અપ્સરા કરતાંય વધુ રૂપાળી હતી. આ સમયે બુધ અને ઈળાના સમાગમથી 'પુરૂરવા'નો જન્મ થયો.

આ પુરૂરવા પ્રતિષ્ઠાનપુરનો રાજા બન્યો, અને પેલી શાપિત થઈને પૃથિવી ઉપર આવેલી ઉર્વશી પુરૂરવાની ઉપર આસક્ત થઈ. પછી તે ઉર્વશીએ પુરૂરવાની સાથે બે શરતે સહવાસ શરૂ કર્યો. જેમ કે, તને પથારી સિવાય અન્યત્ર જો નિર્વસ્ત્ર જોઈશ તો હું પાછી ચાલી જઈશ, અને તારે હંમેશા મારાં પાલ્ય બે ઘેટાંને મારી સમીપ જ રાખવાનાં. આવી બે શરતો સાથે ઉર્વશી તે પુરૂરવાની સમીપ ચાર વર્ષ સુધી રહી.

હવે, દેવોએ એક રાત્રે ઉર્વશીનાં બે ઘેટાંને ચોરી લીધાં. આ ચોરીનો અવાજ સાંભળીને રાજા પુરૂરવા નગ્નાવસ્થામાં જ દોડીને ઘેટાંને પાછાં જીતી લાવવા ગયો. ત્યારે દેવોએ વીજળી ચમકાવી અને ઉર્વશીને તે (પુરૂરવા)ને નગ્નસ્થિતિમાં જ બતાવી દીધો. આથી શરતભંગ થતાં ઉર્વશી ફરી પાછી સ્વર્ગલોકમાં જવા ચાલી નીકળી. એ પછી ઉન્મત્ત જેવો થયેલો રાજા તેણીને જોવા અહીં-તહીં ભટકવા લાગ્યો. તેને શોધતાં શોધતાં માનસ સરોવરને કિનારે તેને અન્ય અપ્સરાઓ સાથે જોવા પામ્યો, અને તેણે ફરીથી ઉર્વશીને મેળવવાની ઇચ્છા બતાવી, પણ ઉર્વશીએ એની માંગણી તિરસ્કારી કાઢી, અને એને ઘરે પાછો જવા કહી દીધું. આ પ્રસંગને આલેખતો ઐળ (ઇલાના પુત્ર = પુરૂરવા) અને ઉર્વશીનો સંવાદ પ્રસ્તુત સૂક્તમાં રજૂ થયો છે. (પાછળથી આ કથા શતપથ બ્રાહ્મણ, મહાભારત અને બીજાં અનેક પુરાણોમાં થોડા ફેરફાર અને ઉમેરા સાથે રજૂ થયા કરી છે.) પ્રોફે. મેકડોનલ કહે છે કે ઇન્ડોયુરોપિયન યુગની આ પ્રાચીનતમ પ્રેમકથા છે.

ભાષ્યકાર વેંકટમાધવે આ સૂક્તનો અનુવાદ શરૂ કરતાં પહેલાં કહ્યું છે કે **અહીં (૧૦-૯૫માં) ઘણા મંત્રોના અર્થ અમને પ્રાપ્ત થતા નથી;** અને આવાં સૂક્તો જોઈને જ કૌત્સ જેવા આચાર્ય એમ કહેવા પ્રેરાયા છે કે વેદમંત્રોનું અર્થ કરવામાં તાત્પર્ય નથી વગેરે, (આ પછી કૌત્સ-વિવાદને શ્લોકબદ્ધરૂપે અહીં રજૂ કર્યો છે.) એમના શબ્દોમાં જ જોઈએ તો—

‘हये जाये मनसा (सा’ अ)थ व्याचिख्यासति माधवः ।
अनर्थकत्वसन्देहं मन्त्रेष्वादावपानुदन् ॥१॥
बहूनामिह मन्त्राणामर्थं नोपलभामहे ।
ततो नार्थेऽस्ति तात्पर्यम् इति कौत्सस्त्वभाषत ॥२॥

આમ પ્રાચીન સમયથી આ સૂક્તના અર્થ બાબતે વિવાદ અને સંદિગ્ધતા રહેલી જોવા મળે છે.

***

આ સૂક્તમાં જે વાક્યો જોવા મળે છે તે અનુસાર એવું લાગે છે કે આ સૂક્તમાં સ્ત્રી જાતિ કેટલી બેવફા હોય છે, નિષ્ઠુર હોય છે–એનું નિરૂપણ કરવામાં આવ્યું છે ! (સાહિત્યરસિકો કહે છે કે આ નિષ્ઠુર અને બેવફા ઉર્વશીનું માયાળુ અને પ્રેમમાં સંનિષ્ઠ પાત્ર તરીકે નિરૂપણ કરીને સ્ત્રીજાતિને અપવાદમાંથી બચાવવા માટે મહાકવિ કાલિદાસે ‘વિક્રમોર્વશીય’ રૂપકની રચના કરી છે.) જો કે આ સૂક્તનો સંતોષકારક અનુવાદ થઈ શકતો નથી એવું વિદ્વાનોને લાગ્યું છે, તથાપિ પ્રોફે. શ્રી ર. છો. પરીખ સાહેબે આર. પીશેલ અને ગેલ્ડનરના જર્મન અનુવાદની મદદથી ગુજરાતી અનુવાદ તૈયાર કર્યો છે. તે મુજબ પહેલા મંત્રમાં પુરૂરવા બોલે છે : ‘અરે જાયા ! મનથી આપણે વચનોને મિશ્ર કરીએ, હે ચણ્ડિ ! થોભો. આપણા આ મનોભાવો અનુદિત (રહેતાં) પહેલાંના દિવસોમાં સુખકર ન હતા’ બીજા મંત્રમાં ઉર્વશી જવાબ આપે છે : ‘‘હું તારા વેણને શું કરું ? ઉષાઓની અગ્રેસર (ઉષા)ની જેમ હું ચાલી ગઈ. હે પુરૂરવસ્ ! ફરીથી પાછો ઘેર જા. હું પવનની જેમ દુષ્પ્રાપ છું’’ અહીં ઉર્વશી જાણે પુરૂરવાના પ્રેમનો સ્પષ્ટ અસ્વીકાર કરતી હોય એમ લાગે છે. જેમ કે અગિયારમા મંત્રમાં ઉર્વશી કહે છે કે- ‘‘આ રીતે તું પૃથિવીનું રક્ષણ કરવા જન્મ્યો છે. હે પુરૂરવા ! મને તે ઓજસ (તેં) આપ્યું છે; તે દિવસે જાણતી હોઈ તને સમજાવ્યું હતું, મને તેં સાંભળી નહિ, હવે ભોગરહિત થયેલો તું કેમ બોલે છે ?’’ વળી ઉમેરે છે–‘‘આંસુ પાડતાને આશ્વાસન આપીશ, ... તારું જે (અપત્ય) મારામાં છે તે તને મોકલાવીશ. ઘેર ચાલ્યો જા. હે ગાંડા, મને તું પ્રાપ્ત નહિ કરે.’’ (૧૩)

પણ પુરૂરવા તો પ્રેમવિરહી બનીને જાહેર કરે છે કે–તારો વલ્લભ (એટલે કે હું, પુરૂરવા) આજે પાછો ન ફરે એમ દૂર પેલી પાર જવાને પ્રપાત કરશે; પછી એ નિર્ઋતિ (મૃત્યુ)ના ખોળામાં સૂશે; પછી એને ધસતાં વરુઓ ખાઈ જશે (૧૪). પણ ઉર્વશીના મન ઉપર કોઈ જ અસર ન થઈ ! તેણે તો ઊલટાનું ક્રૂરતાપૂર્વક કહી દીધું કે – ‘‘પુરૂરવા ! મરીશ નહીં, પ્રપાત ના કરીશ, તને જંગી વરુઓ પણ મા ખાઓ ! સ્ત્રીઓની સાથે સખ્ય ન હોય; એ (સ્ત્રીઓ) તો સાલાવૃકોના હૃદયોવાળી હોય છે !’’ આટલું સાંભળ્યા પછીય પુરૂરવા તો પોતાની વાત દોહરાયે રાખે છે કે–‘‘પાછી ફર, મારું હૃદય તપે છે.’’ ત્યારે છેલ્લા મંત્રમાં સ્વર્ગમાં રહેનારી ઉર્વશી

પૃથિવી ઉપર રહેનારા મર્ત્ય પુરૂરવાને કંઈક આશ્વાસન આપતી હોય તેમ કહે છે કે-તને આ દેવો આમ કહે છે : ''ઐલ (ઈલાના પુત્ર), આ તું જેવો છે એ રીતે તો મૃત્યુનો બંધુ (મરણશીલ-મર્ત્ય) છે, પણ તારી પ્રજા (જ્યારે) દેવોને હવિષથી પૂજશે, (ત્યારે) તું પણ સ્વર્ગમાં આનંદ કરીશ.'' (૧૮)

મીમાંસકોમાં ઋગ્વેદના તમામ મંત્રો યજ્ઞાદિ ક્રિયાઓમાં વાપરવા માટે જ છે : **आम्नायस्य क्रियार्थत्वात्, आनर्थक्यम् अतदर्थानाम्** । એવું પરંપરાથી મનાતું આવ્યું છે. તથાપિ યમ-યમી સંવાદસૂક્ત (૧૦-૧૦) ભિક્ષુસૂક્ત (૧૦-૩૪) અને પ્રસ્તુત પુરૂરવા-ઉર્વશી સંવાદસૂક્ત (૧૦-૯૫)ના મંત્રોમાં જે સંવાદો જોવા મળે છે, તેમાંથી ભારતીય સંસ્કૃત નાટ્યની ઉત્પત્તિ થયાની શક્યતા ઘણા વિદ્વાનોએ સ્વીકારી છે તે પણ અત્રે ઉલ્લેખનીય છે. બીજું, યાજ્ઞિક ક્રિયા દરમ્યાન અગ્નિમંથન કરવા બે અરણી = લાકડાંને ઘસવામાં આવતાં. તેમાં ઉપરના કાષ્ઠને 'ઉત્તરારણી' અને નીચેનાને 'અધરારણી' કહેવાય છે. શુક્લ યજુર્વેદ (૫-૨) અને શતપથ બ્રાહ્મણના કેટલાક સંદર્ભોને આધારે પુરૂરવા અને ઉર્વશીના સંયોગથી ઉત્પન્ન થતો કુમાર 'આયુ' તે જ બે અરણીઓને ઘસવાથી ઉત્પન્ન થતો અગ્નિ છે–એવું રૂપકાત્મક વર્ણન પણ અહીં વાંચી શકાય.

(મંત્ર ૧, ૩, ૬, ૮, ૯, ૧૦, ૧૨, ૧૪ અને ૧૭માં) ઋષિ : ઐલ પુરૂરવા અને દેવતા : ઉર્વશી; પણ મંત્ર (ક્રમાંક) ૨, ૪, ૫, ૭, ૧૧, ૧૩, ૧૫, ૧૬ અને ૧૮માં ઋષિકા : ઉર્વશી છે, તથા તે મંત્રોની દેવતા પુરૂરવા છે. છન્દ : ત્રિષ્ટુપ્)

ह॒ये जा॒ये मन॑सा॒ तिष्ठ॑ घो॒रे वचां॑सि मि॒श्रा कृ॑णवावहै॒ नु ।
न नौ॒ मन्त्रा॒ अनु॑दितास ए॒ते मय॑स्कर॒न् पर॑तरे च॒नाह॑न्
॥१॥

ह॒ये । जाये॑ । मन॑सा । तिष्ठ॑ । घो॒रे॒ । वचां॑सि । मि॒श्रा ।
कृ॒ण॒वा॒व॒है॒ । नु । न । नौ॒ । मन्त्राः॑ । अनु॑दितासः । ए॒ते ।
मयः॑ । क॒र॒न् । पर॑ऽतरे । च॒न । अह॑न् ॥१॥

पुरूरवसो वाक्यम् । जायां पश्यन् वदति । ᵛहये हे ᵛघोरे । अस्माकं दुःखजनकत्वात् । घोरकारिणि ᵛजाये ᵛमनसा अस्मदुपर्यनुरागवता मनसा युक्ता सती ᵛतिष्ठ क्षणमात्रं संनिधावेव निवस । हये इत्यस्य निघाताभावश्छान्दसः । किमर्थं संस्थानमिति तत्राह । ᵛवचांसि वाक्यानि मिश्राणि उक्तिप्रत्युक्तिरूपाणि ᵛनु अद्य क्षिप्रं वा ᵛकृणवावहै करवावहै । 'कृवि हिंसाकरणयोः' । 'धिन्विकृण्व्योरच्च' इत्युप्रत्ययः । किमर्थं वचसः

करणमिति चेदुच्यते । ᵛनौ आवयोः ᵛमन्त्राः रहस्यार्थाः ᵛएते विवक्षिताः ᵛअनुदितासः अव्याह्रियमाणाः परस्परमसंभाष्यमाणा गुम्फिताः सन्तः ᵛपरतरे ᵛचनाहन् । चनेति निपातसमुदायश्चार्थे । अनेकेषु दिवसेषु चरमेऽप्यहनि ᵛमयः । सुखनामैतत् । सुखं ᵛन ᵛकरन् कुर्वन्ति । अतः कृणवावहा इति ।

अनुवाद (128) : (પુરૂરવા) અરે જાયા ! મનથી આપણે વચનોને મિશ્ર કરીએ; (ત્યાં સુધી) હે ચણ્ડિ ! (તું) ઊભી રહે (= થોભ) આપણા આ મંત્રો = મનોભાવો અનુદિત (બોલ્યા વગરનાં) રહેવાથી, પહેલાંના દિવસોમાં (**मयस्करन्=**) સુખકર ન હતા. (૧૦-૯૫-૧)

નોંધ : અહીં **तिष्ठ घोरे** । પદોમાં **ति** ઉદાત્તસ્વરવાળું ક્રિયાપદ હોવાથી, તેને વચમાં મૂકેલું એક સ્વતંત્ર પેટાવાક્ય ગણવાનું છે. **एते अनुदितासः मन्त्राः**-નો અર્થ, વેંકટમાધવ મુજબ-હૃદયમાં કલ્પેલા, અભિલષિત અર્થો, કે જે પરસ્પરને કહેવાયા નથી, અને **परतरे चन अहन्** નો અર્થ 'વીતેલા ઘણા દિવસોમાંથી જે ઉત્તમ દિવસ હતો, ત્યારે પણ (તે મનોભાવો કહેવાયા નથી)' એમ લીધો છે.

સાયણ કહે છે કે **हये** (= **हे**) એ સંબોધનાર્થક અવ્યય હોવા છતાંય તેમાં સર્વાનુદાત્ત નથી, કારણ કે તે છાન્દસ-પ્રયોગ છે. **चन** અવ્યય ચાર્થમાં વપરાયો છે, જેનો અર્થ ''(સાથે નિવાસ કરેલા) અનેક દિવસોમાંથી જે છેલ્લો દિવસ હતો ત્યારે પણ'', **अनुदितासः** = પરસ્પર નહીં કહેવાયેલા **मन्त्राः** = રહસ્યાર્થો, **मयः** = સુખ, **करन्** = કરનારા, **ना** = બન્યા નથી.

कृणहावहै નો અર્થ (લૌકિક સંસ્કૃતમાં) **करवावहै** છે. અહીં **कृवि हिंसकरणयोः** એવો પાંચમા ગણનો ધાતુ છે. તેનું આત્મનેપદમાં ઉત્તમ પુરુષ દ્વિવચન, સંકેતાર્થક લેટ્ લકારનું રૂપ છે.

किमे॒ता वा॒चा कृ॑णवा॒ तवा॒हं प्राक्र॑मिषमु॒षसा॑मग्रि॒येव॑ ।
पुरू॑र॒वः पु॒नर॒स्तं॒ परे॑हि दुराप॒ना वात॑इवा॒हम॑स्मि ॥२॥

किम् । ए॒ता । वा॒चा । कृ॒ण॒व । तव॑ । अ॒हम् । प्र । अ॒क्र॒मि॒ष॒म् । उ॒षसा॑म् । अ॒ग्रि॒याऽइ॑व । पु॒रू॑रवः । पुन॑ः । अस्त॑म् । परा॑ । इ॒हि॒ । दुः॒ऽआ॒प॒ना । वात॑ःऽइव । अ॒हम् । अ॒स्मि॒ ॥२॥

अनया तमुर्वशी प्रत्युवाच । ᵛएता एतया ᵛवाचा केवलया पुनःसंभोगरहितया ᵛकिं ᵛकृणव किं करवाव । ᵛअहं त्विदानीं

त्वत्सकाशात् ᵛप्राक्रमिषम् अतिक्रान्तवत्यस्मि । अतिक्रमे दृष्टान्तः । ᵛउषासामग्रियेव । बह्वीनामुषसां मध्येऽग्रयाग्रे भवा पूर्वोषाः प्राक्रमीद्यथा तथाहमपीति । यस्मादेवं तस्माद्धे ᵛपुरूरवः त्वं ᵛपुनः अस्मत्सकाशात् ᵛअस्तं गृहं ᵛपरेहि परागच्छ । मा मय्यभिलाषं कार्षीः । स्वस्या दुर्ग्रहत्वमाह । ᵛअहं ᵛवातइव वायुरिव ᵛदुरापना दुष्प्रापा दुरापा वा ᵛअस्मि । 'दुरापा वा अहं त्वयैतर्ह्यस्मि पुनर्गृहानिहीति हैवैनं तदुवाच' (श. ब्रा. ११.५.१.७) इति वाजसनेयकम् ॥

અનુવાદ (129) : (ઉર્વશી) તારી આ વાણીને હું શું કરું ? ઉષાઓની અગ્રેસર (એવી ઉષા) જેવી (હું) તો (તારી પાસેથી) ચાલી ગઈ છું. હે પુરૂરવસ્ ! (તું) ફરીથી, ઘરે પાછો ફર. હું તો પવનની જેમ દુષ્પ્રાપ્ય છું. (૧૦-૯૫-૨)

નોંધ : પુરૂરવાને ઉદ્દેશીને આ મંત્ર બોલે છે : તારી = પુરૂરવાની આ વાણીથી શું કરવાનું ? અર્થાત્ તારા બોલવાનો કશો અર્થ નથી. એનાથી કશું પરિણામ આવવાનું નથી. કેમ કે હું તો તારી પાસેથી ચાલી ગઈ છું. **प्र+अक्रमिषम् अतिक्रान्तवती** । હવે કેવી રીતે ચાલી ગઈ છું ? એ સ્પષ્ટ કરવા-એક ઉપમા પ્રયોજી છે : ઘણી બધી વીતી ગયેલી ઉષાઓની વચ્ચે જે અગ્રેસર હોય એવી ઉષા જેવી હું છું. **अग्रे भवा = अग्रया = अग्रिया** (સ્વરભક્તિનું ઉદાહરણ) **हे पुरूरवः** સંબોધનપદ છે, પણ પાદને આરંભે હોવાથી તે પદ આદ્યુદાત્ત બન્યું છે. **अस्तम् = गृहम्** અને **परेहि = परागच्छ** = તું પાછો ફર. **पर+इहि** = આજ્ઞાર્થ બીજો પુરુષ એકવચન. વળી, ઉર્વશી કહે છે કે હું પવનની જેમ **दुरापना** = દુષ્પ્રાપ્ય છું. આ બીજી ઉપમા પણ કાવ્યાત્મક છે. **अग्रियाऽइव** । અને **वातःऽइव** । માં **इव** ની સાથે નિત્યસમાસ થાય છે એવા નિયમને કારણે પાદપાઠમાં પણ એકપદત્વ ચાલુ રાખ્યું છે.

इषु॒र्न श्रि॒य इ॑षुधेर॑स॒ना गोषाः श॑त॒सा न रं॑हिः॑ ।
अ॒वी॒रे क्रतौ॒ वि द॑विद्युत॒न्नोरा॒ न मा॒युं चि॑तयन्त॒
धुन॑यः ॥३॥

इषुः॑ । न । श्रि॒ये । इ॒षु॒ऽधेः । अस॒ना । गो॒ऽसाः । श॒त॒ऽसाः । न । रं॑हिः॑ । अ॒वीरे॑ । क्रतौ॑ । वि । द॒वि॒द्यु॒त॒त् । न । उरा॑ । न । मा॒युम् । चि॒त॒य॒न्त॒ । धुन॑यः ॥३॥

अनया पुरूरवाः स्वस्य विरहजनितं वैक्लव्यं तां प्रति ब्रूते ।

ᵛइषुधेः। इषवो धीयन्तेऽत्रेतीषुधिर्निषङ्गः । ततः सकाशात् ᵛइषुः ᵛअसना असनायै प्रक्षेप्तुं ᵛन भवति ᵛश्रिये विजयार्थम् । त्वद्विरहाद्युद्धस्य बुद्धावप्यनिधानात्। तथा ᵛरंहिः वेगवानहं शत्रुसकाशात् ᵛगोषाः तेषां शत्रूणां गवां संभक्ता ᵛन अभवम् । तथा शतसाः ᵛशतानामपरिमितानां शत्रुधनानां संभक्ता नाभवम् । किंच ᵛअवीरे वीरवर्जिते ᵛक्रतौ राजकर्मणि सति ᵛन ᵛवि ᵛदविद्युतत् न विद्योतते मत्सामर्थ्यम् । किंच ᵛधुनयः कम्पयितारोऽस्मदीया भटाः ᵛउरा उरौ । 'सुपां सुलुक्°' इति सप्तम्या डादेशः । विस्तीर्णे संग्रामे ᵛमायुम् । मीयते प्रक्षिप्यत इति मायुः शब्दः । 'कृवापाजि°' इत्यादिनोण् । सिंहनादं ᵛन ᵛचितयन्त न बुध्यन्ते । 'चिती संज्ञाने' । अस्माण्णिचि संज्ञापूर्वकस्य विधेरनित्यत्वाल्लघूपधगुणाभावः । छान्दसो लङ् ॥

અનુવાદ (130) : (પુરૂરવાઃ) શ્રી માટે ભાથામાંથી તીર છૂટી શકતું નથી. હું વેગવાન, શત્રુઓની સેંકડો ગાયો પડાવી શકતો નથી. વીર વિનાના ક્રતુમાં પ્રકાશ થતો નથી. માણસો (= સૈનિકો) વિસ્તીર્ણ સંગ્રામમાં અવાજને જાણતા નથી. (– સાયણ મુજબ) (૧૦-૯૫-૩)

અથવા

· ભાથામાંથી શ્રીને માટે છૂટતા તીરની જેમ, પશુઓને જિતતા સેંકડોને જીતતા વેગવાન (અશ્વ)ની જેમ, વીરને ન છાજે એવા ઈરાદાથી વીજળી ચમકે, એવો (ચમકારો થયો) ઘેટી જેમ અવાજોએ ઘેટા જેવો શબ્દ જણાવ્યો. (—ગેલ્ડનર મુજબ શ્રી ર. છો. પરીખે કરેલો અનુવાદ). (૧૦-૯૫-૩)

નોંધ : શ્રી ર. છો. પરીખ સાહેબ કહે છે કે 'આ ઋચાનો અર્થ ખાત્રીથી કરી શકતો નથી. આથી ગેલ્ડનરના અનુવાદમાંથી સૂચન લઈને ઉપર મુજબનો અર્થ કર્યો છે. આ બીજો અર્થ પ્રચલિત કથાવસ્તુ સાથે ઠીક બંધ બેસે છે. ·ગેલ્ડનરે આ મન્ત્રમાંના '**न**' એવા પદને **इवार्थक** (ઉપમાપરક) લીધો છે; જ્યારે સાયણાચાર્યે તે **न** કારનો નિષેધપરક અર્થ લીધો છે. વળી, વેંકટમાધવે પણ તેમના ભાષ્યમાં '**न**' નો અર્થ નિષેધ જ લીધો છે. વિચાર કરતાં આ બન્ને ભાષ્યકારોનો અર્થ સાચો લાગે છે. કેમ કે એમના કહેવા મુજબ ''ઉર્વશીના ચાલ્યા ગયા પછી વિરહસંતપ્ત પુરૂરવાએ રાજકર્માદિનો ત્યાગ કર્યો હોય, અથવા તે કોઈ વીરકર્મ કરવા શક્તિમાન જ ના રહ્યો હોય'' એવી પૂર્વસ્થિતિની કલ્પના કરીએ તો આ મંત્રનો (નિષેધપરક) અર્થ સરળતાથી બંધબેસતો થઈ જાય છે. જેમકે, ૧. **श्रिये इषुधेः इषुः = बाणः न असना = असनायै = प्रक्षेप्तुम् (भवति)** શ્રીને માટે ભાથામાંથી બાણ ફેંકવા માટે નીકળી શકતું નથી. (અર્થાત્ ભાથામાં જ મારું બાણ સૂઈ-પડ્યું રહે છે.) **रंहिः (अहं पुरूरवाः) शतसाः गोषाः न अभवम्** । (રંહ = વેગ) રંહિ = વેગવાળો. હું (પુરૂરવા) (શત્રુઓના) સેંકડો = અપરિમિત (ધન)ના **साः** =

સંભક્તા = ભોગ કરનારો, અને (શત્રુઓની) ગાયોનો (**गोषाः = गौसाः**) = ઉપભોક્તા પણ નથી બની શક્યો. ૩. **अवीरे न क्रतौ न विदविद्युतत्** = વીર (સામર્થ્ય) વિનાના ક્રતુમાં અર્થાત્ રાજ્યકાર્યની અંદર પ્રકાશ પડતો નથી. **धुनयः** = કંપાવી દેનારા ભટો = સૈનિકો, **उरा = उरौ** = સંગ્રામમાં **मायुं न चितयन्तः** = (મારા પુરૂરવાના) સિંહનાદને ઓળખી શકતા નથી; (એટલો મંદ અવાજ નીકળે છે.) [ગેલ્ડનરે તદ્દન જુદી રીતે અર્થ કર્યો છે, તે અનુવાદમાંથી જોવો.]

सा वसु॒ दध॑ती॒ श्वशु॑राय॒ वय॒ उषो॒ यदि॒ वष्ट्यन्ति॑गृहात् ।
अस्तं॑ ननक्षे॒ यस्मिं॑ञ्चा॒कन्दिवा॒ नक्तं॑ श्नथि॒ता वै॑त॒सेन॑ ॥४॥

सा । वसु॑ । दध॑ती । श्वशु॑राय । वयः॑ । उषः॑ । यदि॑ । वष्टि॑ । अन्ति॑ऽगृहात् । अस्त॑म् । न॒न॒क्षे॒ । यस्मि॑न् । चा॒कन् । दिवा॑ । नक्त॑म् । श्न॒थि॒ता । वै॒त॒सेन॑ ॥४॥

इदमुत्तरं चोर्वशीवाक्यम् । आद्येन पुरात्मना कृतमुषसे निवेदयति । हे ᵛउषः ᵛसा इयमुर्वशी ᵛवसु वासकं ᵛवयः अन्नं ᵛश्वसुराय भर्तुः पुरूरवसः पित्रे ᵛदधती प्रयच्छन्ती तत्र गृहे स्थिता ᵛयदि पतिं ᵛवष्टि कामयते तदा ᵛअन्तिगृहात् । स्वभर्तृभोगगृहान्तिके यत् श्वसुरस्य भोजनगृहं तदन्तिगृहम् । तस्माद्गृहात्सोर्वशी ᵛअस्तं परिगृहं ᵛननक्षे व्याप्नोति । ᵛयस्मिन् गृहे ᵛचायन् कामयत उर्वशी । सा चोर्वशी ᵛदिवा ᵛनक्तम् अहनि रात्रौ च ᵛवैतसेन । 'शेपो वैतस इति पुंस्प्रजननस्य' (निरु. ३. २१) इति निरुक्तम् । पुंस्प्रजननेन ᵛश्नथिता ताडिता च भवति । एवमुर्वश्यात्मानं परोक्षेण निर्दिदेश ॥

અનુવાદ (131) : (ઉર્વશી) હે ઉષા ! તે (આ ઉર્વશી) સસરાને વસુ (વસ્ત્ર) અને વય (અન્ન) આપતી, જો (પતિની) કામના કરે છે તો (પોતાના પતિના ઘરની) નજીકના ઘરમાંથી (તેણી) (પતિના) ઘરમાં પ્રવેશ કરે છે. તે (ઘર)માં (તે ઉર્વશી પતિની) કામના કરે છે. તે (ઉર્વશી) દિવસ અને રાત વૈતસથી (= પુંસ્પ્રજનનથી) આલોડિત કરવામાં આવે છે. ૧૦-૯૫-૪

નોંધ : હવે મંત્ર-૪ અને ૫ બંને ઉર્વશીનાં વાક્યો છે. તેમાં ચોથા મંત્રથી પહેલાં ઉર્વશી ઉષાદેવીને સંબોધીને (કદાચ એક ફરિયાદ કરે) કહે છે; અને પછીના પાંચમા મંત્રથી પુરૂરવાને ઉદ્દેશીને કહે છે. ઉપરનો અનુવાદ સાયણાનુસારી છે. વેંકટ૦ પણ લગભગ આવો જ અર્થ કરે છે. જેમ કે, હે ઉષાદેવી ! તે આ ઉર્વશી સસરાને (દિવસ દરમ્યાન) વાસક = વસ્ત્રો અને અન્ન આપતી (રહે છે, અને વચ્ચે જ્યારે પતિની કામના કરે છે ત્યારે તે પતિના ઘરની નજીક આવેલા **अन्तिगृहात्** તે

સસરાના ઘરમાંથી, પોતાના પતિના ઘરમાં પ્રવેશે છે, જ્યાં એની કામના કરતો પતિ બેસી રહ્યો હોય છે; ત્યાં એ પુરૂરવસ્‌ના પ્રજનનથી દિવસ અને રાત શ્નથિત આલોડિત થાય છે.

ગેલ્ડનરને અનુસરીને શ્રી ર. છો. પરીખે **उषः**નો અર્થ 'કામી' કર્યો છે. આમ **उषो यदि वष्टि** = જો કામી ઇચ્છે તો. તેમણે ચોથા ચરણનો અનુવાદ કરવાનો ટાળ્યો છે : "સસરાને વસુ અને વય આપતી તે જો કામી ઇચ્છે તો, પાસેના ઘરમાંથી તે ઘરમાં જતી, જેમાં તેને આનંદ મળતો.... ૪." વળી, પાદટીપમાં ચર્ચા રજૂ કરી છે કે **चाकन्**નો અર્થ આપણે **कामयते** કર્યો છે, પણ આ રૂપના મૂળ વિષે સંદેહ છે, ગ્રાસમાન **का** માંથી સિદ્ધ કરે છે. રૉથ **कन्** માંથી હ્યસ્તન ભૂતકાળ બીજો કે ત્રીજો પુરુષ, મેકડોનલ વૈદિક ગ્રામરમાં કહે છે કે - The obscure form **चाकन्** (X-29) may be the nominative of an intensive participle with an anamalous accent for **चाकनत्** । I regard it as 3rd sing. perf. injunctive = **चानकत्** ॥

त्रिः स्म॒ माह्नः॑ श्नथयो वै॒तसे॑नो॒त स्म॒ मेऽव्य॑त्यै पृणासि ।
पु॒रू॑रवोऽनु॑ ते॒ केत॑माय॒ं राजा॑ मे वीर त॒न्व१॒स्तदा॑सीः ॥५॥

त्रिः । स्म॒ । मा॒ । अह्नः॑ । श्न॒थ॒य॒ः । वै॒त॒सेन॑ । उ॒त । स्म॒ । मे॒ । अव्य॑त्यै । पृ॒णा॒सि॒ । पुरू॑रवः । अनु॑ । ते॒ । केत॑म् । आ॒य॒म् । राजा॑ । मे॒ । वी॒र॒ । त॒न्वः॑ । तत् । आ॒सी॑ः ॥५॥

एतेन पुरूरवसमेव संबोध्योक्तवती । हे पुरूरवः त्वं ᵛमा माम् ᵛअह्नः अहनि वैतसेन दण्डेन पुंव्यञ्जनेन ᵛत्रिः त्रिवारम् । 'द्वित्रिचतुर्भ्यः सुच्' (पा. सू. ५.४.१८) । ᵛश्नथयः ᵛस्म । अश्नथयः अताडयः । 'कृत्वोऽर्थप्रयोगे' (पा. सू. २.३.६४) इति कालवाचिनोऽहःशब्दादधिकरणे षष्ठी । ᵛउत अपि च । ᵛस्म इति पूरणः । ᵛअव्यत्यै । सपत्नीभिः सह पर्यायेण पतिमागच्छति सा व्यती । न तादृश्यव्यती । तस्मै ᵛमे मह्यं ᵛपृणासि पूरयसि । एवं बुद्ध्या हे ᵛपुरूरवः ᵛते तव ᵛकेतं गृहम् ᵛअनु ᵛआयम् अन्वगमं पूर्वम् । हे ᵛवीर ᵛराजा त्वं च ᵛमे मम ᵛतन्वः शरीरस्य ᵛतत् तदा आसीः अभवः । सुखयितेति शेषः । परमप्येवं मन्तव्यं किमिति कातरो भवसीत्युवाच ॥ १ ॥

અનુવાદ (132) : (ઉર્વશી) હે પુરૂરવસ્ ! તેં મને (એક) દિવસમાં ત્રણવાર વૈતસ દંડ (પુરુષ પ્રજનન)થી આલોડિત કરી છે અને વળી, સપત્નીઓ સાથે પર્યાયથી નહીં આવનારી એવી (**अव्यत्यै**) મને (તેં) ભરી દીધી છે. (= મારી

કામનાઓ પૂરી કરી છે.) (**પૂર્વેના સમયમાં**) આ રીતે તારા ઘરમાં હું આવી (ને રહી) હતી, ત્યારે હે વીર ! તું મારા શરીરનો રાજા (= સુખ આપનાર) હતો. (પણ હવે તો તારે અટકવું જોઈએને ? તું શા માટે આમ દુઃખી થાય છે ?) (૧૦-૯૫-૫)

નોંધ : त्रिः । પદમાં આવૃત્તિ અર્થમાં **सुच्** પ્રત્યય લાગ્યો છે, તેથી **त्रिः** = ત્રણવાર. **श्नथयः स्म = अश्नथयः** । '(તેં) આલોડિત કરી છે.' હ્યસ્તન ભૂ. કા. ત્રી. પુ. એ. વ. (અહીં વર્તમાનકાળના ક્રિયાપદને ભૂતકાળમાં ફેરવનાર **स्म** અવ્યયનો ઉપયોગ નોંધપાત્ર છે. એ પછીનો બીજો **स्म** પાદપૂરક છે.) **अह्नः** = **अहन्** શબ્દનું ષષ્ઠી એકવચન, પણ સાયણ કહે છે કે ૨-૩-૬૪ પા. સૂત્રથી અહીં કાલવાચક **अहन्** શબ્દને અધિકરણ અર્થમાં ષષ્ઠી લાગી છે. **अह्नः** = દિવસના = દિવસની અંદર = દિવસ દરમ્યાન. **अव्यत्यै**માં મૂળ **न+व्यती** શબ્દો છે. સપત્નીઓ સાથે જે પર્ય્યાયથી પતિની પાસે જાય છે તે સ્ત્રીને 'વ્યતી' કહેવાય. પણ ઉર્વશી તો પોતે જ (= સપત્નીઓ વિનાની) ત્રણેયવાર પતિની પાસે ગઈ છે અને પુરૂરવાએ તેની બધી કામનાઓ પૂરી કરી છે. આ મંત્ર દ્વારા ઉર્વશી કહે છે કે પુરૂરવાએ જ્યારે તેઓ સાથે રહેતાં હતાં ત્યારે પૂર્ણ ભોગ ભોગવી લીધા છે; હવે તો ઉપરામ પામવું જોઈએ. વેંકટ - **मत्संभोगस्त्वया कृतः, इदानीम् उपरन्तव्यम् इति** । શ્રી ર. છો. પરીખે આ મંત્રના પૂર્વર્દ્ધચ્‌નો અનુવાદ કરવાનું ટાળ્યું છે. તથા **केतम्** નો સાયણે **गृहम्** અર્થ કર્યો છે, તેને બદલીને 'કામના' એવો કર્યો છે : ××× ...હે પુરૂરવ ! હું તારી કામનાને અનુસરતી હતી. હે વીર ત્યારે તું મારા શરીરનો રાજા હતો.''

या सुजूर्णिः श्रेणिः सुम्नआपिर्हृदेचक्षुर्न ग्रन्थिनी चरण्युः ।
ता अञ्जयोऽरुणयो न सस्रुः श्रिये गावो न धेनवोऽनवन्त ॥६॥

या । सुऽजूर्णिः । श्रेणिः । सुम्नेऽआपिः । हृदेऽचक्षुः । न । ग्रन्थिनी । चरण्युः । ताः। अञ्जयः । अरुणयः । न । सस्रुः । श्रिये । गावः । न । धेनवः । अनवन्त ॥६॥

पुरूरवसो वाक्यम् । ᵛया ᵛसुजूर्णिः सुजवा एतन्नामिकास्ति तथा या ᵛश्रेणिः या ᵛसुम्नआपिः या ᵛहृदेचक्षुः । नकारः समुच्चये । ताभिश्चतसृभिरालिभूताभिर्मानिनीभिः सहिता ᵛग्रन्थिनी ग्रन्थनवती संदर्भवती ᵛचरण्युः चरणशीलोर्वश्याजगाम । यद्वा । ग्रन्थिनीत्येतत्सखिभूताप्सरोनामधेयम् । या सुजूर्णिः सुजवोर्वशी सा ताभिः सह जगाम । ᵛताः अप्सरसः अञ्जयः आभरणोपेताः ᵛअरुणयः अरुणवर्णाः ᵛन ᵛसस्रु पूर्ववन्न

गच्छन्ति । ᵛश्रिये श्रयणाय ᵛधेनवः नवप्रसूताः ᵛगावो ᵛन गाव इव । आश्रयार्थं यथा गावः ᵛअनवन्त शब्दायन्ते तथा न शब्दयन्तीति व्यतिरेके दृष्टान्तः ॥

અનુવાદ (133) : (પુરૂરવા) જે સુજૂર્ણિ, શ્રેણિ, સુમ્નઆપિ અને હ્રદેચક્ષુની સાથે ગ્રંથનવાળી અને ફરવાના સ્વભાવવાળી (= ઉર્વશી) (આવી પહોંચી). [અથવા જે સુજૂર્ણિ = સારી ગતિવાળી ઉર્વશી, કે જે ફરવાના સ્વભાવવાળી છે તે શ્રેણિ, સુમ્નઆપિ, હ્રદેચક્ષુ અને ગ્રંથિની-નામની બીજી અપ્સરાઓની સાથે આવી પહોંચી.] તે શણગારવાળી અને અરુણવર્ણા (અપ્સરાઓ) (પહેલાંની જેમ) જતી નથી, તથા આશ્રય મેળવવાને માટે જેમ (નવી જન્મેલી) ગાયો અવાજ કરે છે, તેમ તે (અપ્સરાઓ) અવાજ કરતી નથી. (૧૦-૯૫-૬)

નોંધ : પૂર્વર્દ્ધર્ચમાં વેંકટ અને સાયણે **न**કારને સમુચ્ચાયાર્થક લીધો છે. (અહીં જો **इव** અર્થમાં **न**કારને લઈએ તો તેનો અર્થ કોઈ રીતે બંધ બેસતો નથી.) વળી, સુજૂર્ણિ, શ્રેણિ, સુમ્નઆપિ અને (**न**) હ્રદેચક્ષુ—એ ઉર્વશીની સખીઓનાં નામ (કે વિશેષણ ?) હોય એમ જણાય છે. અને 'ગ્રંથિની શબ્દ કદાચ ઉર્વશી માટે વપરાયો જણાય છે. 'ચરણ્યુ' શબ્દને સાયણ ઉર્વશીના વિશેષણ તરીકે લે છે, પણ વેંકટ તેને ચાર સખીઓનાં વિશેષણ તરીકે જુવે છે. ઉત્તરર્દ્ધર્ચમાં બંને **न**કારને નિષેધાર્થક લઈએ તો ત્રીજા-ચોથા ચરણનો ભાવ કંઈક આમ જણાય છે : પુરૂરવા કહે છે કે ઉર્વશીની સખીઓ એવી તે શણગારવાળી અને અરુણવર્ણાઓ મારી પાસે (પહેલાંની જેમ) આવતી નથી; તથા આશ્રય મેળવવા માટે જેમ ગાયો અવાજ કરે, તેમ તે અપ્સરાઓ પણ ''(ઉર્વશીની સાથે સાથે) અમને પણ આશ્રય આપો'' એમ હવે કહેતી નથી.

કેટલાક વિદ્વાનોએ **अंजिः-अञ्जयः** = 'આંજણવાળી = શણગારવાળી' એવો શબ્દાર્થ કરે છે. તથા **अरुणयः**નો ગ્રિફીથે 'લાલ ગાયો' એવો અર્થ કર્યો છે. ગ્રાસમાન પણ 'લાલ ગાયો = ઉષાઓ' એવો અર્થ કરતા જણાય છે.

सम॑स्मि॒ञ्जाय॑मान आसत॒ ग्ना उ॒तेम॑वर्धन्न॒द्य१॒ःस्वगू॑र्ताः ।
म॒हे यत्त्वा॑ पुरूरवो॒ रणा॒याव॑र्धयन् दस्युहत्या॑य दे॒वाः ॥७॥

सम् । अ॒स्मि॒न् । जाय॑माने । आ॒स॒त॒ । ग्नाः । उ॒त । ई॒म् ।
अ॒व॒र्ध॒न् । न॒द्य॑ः । स्वऽगू॑र्ताः ।
म॒हे । यत् । त्वा । पु॒रू॒र॒वः॒ । रणा॑य । अव॑र्धयन् ।
द॒स्युऽहत्या॑य । दे॒वाः ॥७॥

अनयैताभिः सह संसर्गत्त्वयानुभूत इत्युर्वशी वदति । ᵛअस्मिन् पुरूरवसि ᵛजायमाने सति ᵛग्नाः अप्सरसो देववेश्या अपि ᵛसमू ᵛआसत

संगता अभवन् । अथवा जायमाने यज्ञार्थं प्रवर्धमाने सति ग्ना देवपत्न्योऽपि समासत समभवन् । ᵛउत अपि च ᵛईम् एनं पुरूरवसं ᵛस्वगूर्ताः स्वयंगामिन्यः ᵛनद्यः तासामाश्रयभूता अवर्धयन् । किंच हे ᵛपुरूरवः ᵛयत् यस्मात् ᵛत्वा त्वां ᵛमहे महते ᵛरणाय रमणीयाय संग्रामाय ᵛदस्युहत्याय दस्युहननाय ᵛदेवाः ᵛत्वाम् ᵛअवर्धयन् ॥

અનુવાદ (134) : (ઉર્વશી) આ (પુરૂરવા)નો જન્મ થતાં દેવપત્ની (અથવા અપ્સરાઓ = **ग्नाः**)ઓ ભેગી મળી; અને સ્વયં જનારી એવી નદીઓએ એ (પુરૂરવા)ને પોષ્યો. હે પુરૂરવસ્ ! દેવોએ દસ્યુઓની હત્યા કરાવવા મોટા રણને માટે તને ઉછેર્યો છે. (૧૦-૯૫-૭)

નોંધ : વેંકટમાધવ કહે છે કે પૂર્વોક્ત સુજૂર્ણિ, શ્રેણિ વગેરેની સાથે તેં (પુરૂરવાએ) સંસર્ગ કરી જોયો છે. હવે જ્યારે પહેલાના સમયમાં આ પુરૂરવા જન્મ્યો ત્યારે (અથવા દેવકાર્યો કરવા માટે આ પુરૂરવા મોટો થયો ત્યારે) **ग्नाः** = અપ્સરાઓ કે દેવપત્નીઓ એકઠી મળી ~~હતી. તથા~~ **स्वगूर्ताः** = સ્વયં જનારી નદી, કે જે અપ્સરાઓના આવાસ રૂપ છે તેવી નદીઓએ પણ, **उत ईम् = अपि च एनम्** = આ (પુરૂરવા)ને **अवर्धन् = अवर्धयन्** મોટો કર્યો, ઉછેરવા લાગ્યો. હે પુરૂરવસ્ ! તને મોટા રણને માટે (**महे = महते रणाय**), અને તેમાં દસ્યુઓને હણવા માટે દેવોએ ઉછેર્યો છે.

આ મન્ત્રમાં **न॒द्य ૧॒ः → न॒द्यः** । એ પદમાં '**द्य**'ના અકારમાં 'જાત્ય સ્વતન્ત્ર સ્વરિત' સ્વર વિરાજે છે. અહીં મૂળમાં **न॒दी+अ॒स्** એવા પ્રકૃતિપ્રત્યયના અનુક્રમે ઉદાત્ત+અનુદાત્તનું મિશ્રણ થવાથી **न॒द्यः** । માં જાત્ય સ્વતન્ત્ર સ્વરિત જન્મ્યો હશે. ત્યાર પછી **स्वर्गूताः** માં આદિ અક્ષર '**स्व**' ઉદાત્ત હોવાને કારણે, પૂર્વમાં આવેલો **द्यः** એવા જાત્ય સ્વતંત્ર સ્વરિત કંપ અનુભવે છે. તે કંપને નોંધવા સંહિતાપાઠમાં ૧॒નું નિશાન મૂકવામાં આવ્યું છે. ઉર્વશી આ મંત્રમાં એવું કહેતી જણાય છે કે પુરૂરવાએ ઉર્વશીને ફરી પાછી મેળવવા માટે પ્રયત્ન / ઇચ્છા કરવાની જરૂર નથી. કારણ કે દેવોએ, દેવપત્નીઓએ અને નદીઓએ પુરૂરવાને મોટા રણ માટે અને દસ્યૂઓને હણવા માટે ઉછેર્યો છે; નહીં કે ઉર્વશી સાથે ભોગ ભોગવવા. અગાઉ મન્ત્ર-૩માં પુરૂરવાએ કહ્યું હતું કે મને વીરક્રતુ=રાજકાર્યમાં રસ પડતો નથી, મારાથી બાણ છૂટતાં નથી વગેરે; તેના પ્રતિભાવમાં ઉર્વશી આ મંત્ર ૭ બોલી જણાય છે.

सचा॒ यदा॑सु॒ जहं॑ती॒ष्वत्क॒ममा॑नुषीषु॒ मानु॑षो नि॒षेवे॑ ।
अप॑ स्म म॒त्तरसं॑न्ती॒ न भु॒ज्युस्ता अं॑त्रसन्नथ॒स्पृशो॒ नाश्वा॑ः
॥૮॥

सचा॑ । यत् । आ॒सु । जह॑तीषु । अत्क॑म् । अमा॑नुषीषु । मानु॑षः । नि॒ऽसेवे॑ । अप॑ । स्म॒ । मत् । त॒रस॑न्ती । न । भु॒ज्युः । ताः । अ॒त्र॒स॒न् । र॒थ॒ऽस्पृश॑ः । न । अश्वा॑ः ॥८॥

इदमादित्रीण्यैळवाक्यानि । तत्रादितो द्वाभ्यामुर्वशीमन्याश्च सह स्तौति । ᵛयत् यदा ᵛसचा सहायभूतः पुरूरवाः ᵛअत्कं स्वकीयं रूपम् । अत्क इति रूपनाम । ᵛजहतीषु परित्यजन्तीषु ᵛअमानुषीषु देवताभूतास्वप्सरःसु ᵛमानुषः सन् ᵛनिषेवे अभिमुखं गच्छन्ति तदानीं ᵛताः अप्सरसः ᵛमत् मत्तः ᵛअप अपसृत्य ᵛअत्रसन् । त्रसतिर्गतिकर्मा । गच्छन्ति । पलायने दृष्टान्तः । ᵛतरसन्ती ᵛभुज्युः ᵛन । तरसन्नाम मृगः । तस्य स्त्री भुज्युर्भोगसाधनभूता स्त्री मृगी । सा यथा व्याधाद्भीता पलायते । किंच ᵛरथस्पृशो ᵛनाश्वाः रथे नियुक्ता अश्वा इव । यथा ते पलायन्ते तद्वत्पलायन्त इति । उर्वश्यानेकाभिरस्माभिः सह भोगमनुभुक्तवानसीत्युक्तः प्रत्याचष्टे ॥

અનુવાદ (135) : (પુરૂરવા) જ્યારે સહાયભૂત એવો આ માણસ (પુરૂરવા), પોતાનું રૂપ ત્યજતી અમાનુષી = અપ્સરાઓની સામે આવીને ઊભો રહ્યો (ત્યારે), ભોગવવા યોગ્ય મૃગલીની જેમ અને રથને અડકેલી ઘોડીઓની જેમ, તે (અપ્સરા)ઓ મારી પાસેથી ભડકીને ભાગી ગઈ. (૧૦-૯૫-૮)

નોંધ : ઉર્વશીએ અગાઉના મન્ત્રોમાં કહ્યું હતું કે તેં મારી અને બીજી અનેક અપ્સરાઓ સાથે ભોગ ભોગવ્યા છે. આનો અસ્વીકાર કરતાં પુરૂરવા આ ૮મા મંત્રમાં કહે છે કે મનુષ્ય એવો પોતે અપ્સરાઓ સામે આવીને ઊભો રહ્યો હતો. ત્યારે તો તે અપ્સરાઓ ત્યાંથી ભડકીને નાસી ગઈ હતી. તો એમનો ભોગ ભોગવ્યાની વાત તો કેવી રીતે માની શકાય ? વેંકટ અને સાયણે આ મન્ત્રમાં **न** = **इव**, **अत्कम्** = 'પોતાનું રૂપ', **तरसन्ती** = 'તરસત્ નામના મૃગની સ્ત્રી'; **भुज्युः** = 'ભોગનું સાધન બનેલી' એવા અર્થો કર્યા છે. પણ શ્રી ર. છો. પરીખે **अत्कम्**નો અર્થ 'વસ્ત્ર' અને **तरसन्ती भुज्युः** નો અર્થ 'સરકી જતી સાપણ' એવો કર્યો છે. √**त्रस्** = ગતિ કરવી, **अत्रसन्** = **अगच्छन्** । પલાયન કરી ગઈ હતી.

यदा॑सु॒ मर्तो॑ अ॒मृता॑सु नि॒स्पृक्सं क्षो॒णीभि॒ः क्रतु॑भि॒र्न पृ॒ङ्क्ते ।
ता आ॒तयो॒ न त॒न्व॑ः शुम्भत॒ स्वा आश्वा॑सो॒ न क्री॒ळयो॒
दन्द॑शानाः ॥९॥

यत् । आ॒सु । मर्तः॑ । अ॒मृता॑सु । नि॒ऽस्पृक् । सम् । क्षो॒णीभिः॑ ।
क्रतु॑ऽभिः । न । पृ॒ङ्क्ते । ताः । आ॒तयः॑ । न । त॒न्वः॑ ।
शु॒म्भ॒त॒ । स्वाः । अश्वा॑सः । न । क्री॒ळयः॑ । दन्द॑शानाः ॥९॥

ᵛयत् यदा ᵛआसु ᵛअमृतासु अप्सरःसु ᵛमर्तः मनुष्यः पुरूरवाः ᵛनिस्पृक् निःशेषेण स्पृशन् ᵛक्षोणीभिः वाग्भिः ᵛक्रतुभिर्न कर्मभिश्च ᵛसं ᵛपृङ्क्ते ᵛसंपर्क करोति । नकारः समुच्चयार्थः । ᵛताः अप्सरसः ᵛआतयः आतिभूतास्तदानीं ᵛस्वाः ᵛतन्वः आत्मीयानि रूपाणि ᵛन ᵛशुम्भत न प्रकाशयन्ति । ᵛअश्वासो ᵛन अश्वा इव ᵛक्रीळयः संक्रीडमानाः ᵛदन्दशानाः दन्दशूका जिह्वाभिरात्मीयाः सृक्वा भक्षयन्तः । ते यथा चापल्येन धावन्तः स्वरूपं न प्रयच्छन्ति रथिकाय तद्वदिति दुःखाद्ब्रूते ॥

અનુવાદ (136) : (પુરૂરવા) જ્યારે આ અપ્સરાઓએ મર્ત્ય (માણસ પુરૂરવા) નિ:શેષપણે સ્પર્શ કરે છે; તથા વાણીથી અને (**न**) કર્મોથી સંપર્ક કરે છે (ત્યારે) તે આતિઓ (અપ્સરાઓ) પોતાના શરીરને (રૂપને) પ્રકાશિત કરતી નથી; ક્રીડા કરતી અને જીભથી (પોતાના મોંઢામાંનું ચોકઠું) કરડતી ઘોડીઓની જેમ. (૧૦-૯૫-૯)

નોંધ : વેંકટ અને સાયણ મુજબ ઉપર અર્થ કર્યો છે પણ ગેલ્ડનરને અનુસરીને શ્રી ર. છો. પરીખે આનો અનુવાદ નીચે મુજબ કર્યો છે : - ''જ્યારે મર્ત્ય આ અમર સ્ત્રીઓ વિષે (**निस्पृक् =**) પ્યાર કરતો પોતાની ઈચ્છાઓ જેવી દેવાંગનાઓ (**= क्षोणीभिः**) સાથે સંપર્ક કરે છે ત્યારે જે હંસીઓ (**आतयः न**)ની જેમ, ખેલતી (ચોકઠું) કરડતી ઘોડીઓની જેમ, પોતાના શરીરને શોભાવે છે.'' ગેલ્ડનર કહે છે કે **क्षोणीभिः क्रतुभिर्न०** । નો અર્થ ખાત્રીથી આપી શકાતો નથી. એ જ પ્રમાણે, સાયણે **क्षोणीभिः क्रतुभिर्न०** । નો શબ્દાર્થ **वाग्भिः** કેવી રીતે આપ્યો હશે તે પણ વિચારણીય છે.

(સાયણ મુજબ) આ મંત્રમાં પુરૂરવા પોતાનું એ દુ:ખ વ્યક્ત કરે છે કે જેમ ક્રીડા કરતી ઘોડીઓ ચાંચલ્યપૂર્વક દોડતી હોય છે ત્યારે પોતાનું રૂપ પ્રકટ કરતી નથી, તેમ આ અપ્સરાઓએ પણ મને પોતાનુ રૂપ = બતાવ્યું નથી; (તો એમની સાથે સંસર્ગ અનુભવવાની તો વાત જ ક્યાં રહી ?)

वि॒द्युन्न या पत॑न्ती॒ दवि॑द्यो॒द्भर॑न्ती मे॒ अप्या॒ काम्या॑नि ।
जनि॑ष्टो अ॒पो न॒र्यः॑ सुजा॑त॒ः प्रोर्वशी॑ तिरत दी॒र्घमायुः॑
॥१०॥

वि॒ऽद्युत् । न । या । पत॑न्ती । दवि॑द्योत् । भर॑न्ती । मे॒ ।
अप्या॑ । काम्या॑नि । जनि॑ष्टो॒ इति॑ । अ॒पः । नर्यः॑ । सुऽजा॑तः ।
प्र । उ॒र्वशी॑ । ति॒र॒त॒ । दी॒र्घम् । आयुः॑ ॥१०॥

अनयोर्वशीं स्तौति । ᵛया उर्वशी ᵛविद्युन्न विद्युदिव ᵛपतन्ती गच्छन्ती ᵛदविद्योत् द्योतते । किं कुर्वती । ᵛअप्या । अप इत्यन्तरिक्षनाम । तत्संबन्धीनि व्याप्तानि वा ᵛकाम्यानि अस्मदभिमतान्युदकानि वा ᵛमे मह्यं ᵛभरन्ती संपादयन्ती । यदा आगतायास्तस्याः सकाशात् अपः व्याप्तः कर्मसु कर्मवान् वा ᵛनर्यः नरेभ्यो हितः ᵛसुजातः सुजननः पुत्रः ᵛजनिष्टो अजनिष्ट उत्पद्यते तदानीं मम ᵛउर्वशी ᵛदीर्घमायुः ᵛप्र ᵛतिरत प्रवर्धयति । 'प्रजामनु प्र जायसे तदु ते मर्त्यामृतम्' (तै. ब्रा. १.५.५.६) इति हि मन्त्रः ॥ ॥२॥

અનુવાદ (137) : (પુરૂરવા) મારે માટે અન્તરિક્ષના ઉદકોને લાવી આપનારી જે (ઉર્વશી) વિદ્યુત્‌ની જેમ જઈ રહેલી શોભે છે/ચમકે છે (**दविद्योत्**). આ (ઉર્વશી)ની પાસેથી જો (**नर्यः**) માણસોનું હિત કરનારો, સારા જન્મવાળો પુત્ર ઉત્પન્ન થાય તો (આ) ઉર્વશી (મારા) લાંબા આયુષ્યને ખૂબ વધારે. (૧૦-૯૫-૧૦)

નોંધ : **अप** એ અન્તરિક્ષનું એક નામ છે, તેથી **अप्या काम्यानि** એટલે અન્તરિક્ષનાં (અમને અભિમત) ઉદકો, **भरन्ती**નો **हरन्ती** કે **संपादयन्ती** એવો અર્થ થાય છે. **प्र तिरत** એટલે **प्रवर्धयति** ।

ज॒ज्ञि॒ष इ॒त्था गो॒पीथ्या॑य॒ हि द॒धाथ॒ तत्पु॑रूरवो म॒ ओजः॑ ।
अशा॑सं त्वा वि॒दुषी॒ सस्मि॒न्नह॒न्न मा॒ आशृ॑णो॒ः
किम॒भुग्व॑दासि ॥११॥

ज॒ज्ञि॒षे । इ॒त्था । गो॒ऽपीथ्या॑य । हि । द॒धाथ॑ । तत् ।
पु॒रु॒र॒वः॒ । मे॒ । ओजः॑ । अशासम् । त्वा॒ । वि॒दुषी॑ । सस्मि॑न् ।
अह॑न् । न । मे॒ । आ । अ॒शृ॑णो॒ः । किम् । अ॒भुक् ।
व॒दा॒सि॒ ॥११॥

ᵛइत्था इत्थं ᵛगोपीथ्याय । गौः पृथिवी । पीथं पालनम् । स्वार्थिकस्तद्धितः । भूमे रक्षणाय ᵛजज्ञिषे ᵛहि जातोऽसि खलु पुत्ररूपेण । 'आत्मा वै पुत्रनामा' इति श्रुतेः । पुनस्तदेवाह । हे ᵛपुरूरवः ᵛमे ममोदरे मयि ᵛओजः अपत्योत्पादनसामर्थ्यं ᵛदधाथ मयि निहितवानसि । ᵛतत् तथास्तु । अथापि स्थातव्यमिति चेत् तत्राह । अहं

ᵛविदुषी भावि कार्यं जानती ᵛसस्मिन्नहन् सर्वस्मिन्नहनि त्वया कर्तव्यं ᵛत्वा त्वाम् ᵛअशासं शिक्षितवत्यस्मि । त्वं ᵛमे मम वचनं ᵛन ᵛआशृणोः न शृणोषि । ᵛकिं त्वम् ᵛअभुक् अभोक्तापालयिता प्रतिज्ञातार्थमपालयन् ᵛवदासि हये जाय इत्यादिकरूपं प्रलापम् । वदेर्लेट्याडागमः । दिवसे त्रिवारं यभस्व एडकद्वयमस्माकं पुत्रत्वेन परिकल्पय अपत्योत्पादनपर्यन्तं वसामि नग्नं त्वां यदाद्राक्षं तदा गच्छामीत्येवंरूपो मिथःसमयः 'उर्वशी हाप्सराः पुरूरवसमैळं चकमे तँ ह विन्दमानोवाच त्रिः स्म माह्नो वैतसेन दण्डेन' (श. ब्रा. ११.५:१) इत्यादि वाजसनेयकमुदाहृतम् ॥

અનુવાદ (138) : (ઉર્વશી :) (તું) આ રીતે/અહીં (મારામાં) પૃથિવીનું પાલન કરવા માટે જન્મ્યો છે; હે પુરૂરવસ્ ! તે ઓજસ (તેં) મારામાં સ્થાપ્યું છે. તે દિવસે વિદુષી (= જાણતી) એવી મેં તને સમજાવ્યું હતું, પણ તેં મને સાંભળી નહીં. હવે નક્કી કરેલી શરતને નહીં પાળતો એવો તું (= **अभुक्**) [અથવા-ભોગરહિત થયેલો એવો તું] શા માટે બોલે છે ? (વિલાપ કરે છે ?) (૧૦-૯૫-૧૧)

નોંધ : आत्मा वै पुत्रनामा । ઇત્યાદિ શ્રુતિવચનોથી એવું જણાય છે કે માતાના ઉદરમાં/ગર્ભમાં પિતા જ પુત્ર રૂપે જન્મે છે. આ માન્યતાને આગળ ધરતી ઉર્વશી પુરૂરવાને સમજાવે છે કે **इत्था = अमुत्र उर्वश्या** અહીં મારામાં = ઉર્વશીના ગર્ભમાં તું (પુરૂરવા પુત્રરૂપે) જન્મ્યો છું; તેં મારામાં ગર્ભાધાન કર્યું છે. છતાંય હવે તું મને ફરીવાર રોકાઈ જવા કહેતો હોઉં, તો તું યાદ કર, કે તે દિવસે મેં તારી જોડે શી શરત કરી હતી ? **त्वा अशासम्**- મેં તારી જોડે પ્રતિજ્ઞા બાંધી હતી, પણ **(त्वं) न म आशृणोः**- તેં મારી (વાત) સાંભળી નહીં. **आ+√शृ** સાંભળવું, પાંચમો ગણ. (પાણિનીય વ્યાકરણ મુજબ તો પ્રથમ ગણ જ, વિકરણ પ્રત્યય પાંચમા ગણ જેવો હોવાથી તેને કોઈ ભૂલથી પાંચમા ગણનો મનાવા લાગ્યું છે.) હ્યસ્તન ભૂતકાળ, બી. પુ. એ. વ. **आश्रृणोः** । હવે **अभुक्** - પ્રતિજ્ઞાપાલન નહીં કરતો અથવા ભોગરહિત થયેલો તું **किम् वदासि** - કેમ બોલે છે /વિલાપ કરે છે ? **√वद्** ધાતુ (બોલવું)નું **लेट्** લકાર (સંકેતાર્થ) બીજો પુરુષ એકવચનનું રૂપ **वदासि** । **√जन** જન્મવું, પહેલો ગણ, આત્મનેપદ પરોક્ષ ભૂતકાળ, બીજો પુરુષ એકવચન **ज॒ज्ञि॒षे** । **√धा** મૂકવું, ત્રીજો ગણ, પરસ્મૈપદ પરોક્ષ ભૂ. કા. બીજો પુ. એ. વ. **दधार्थ** । **√शास्** આદેશ આપવો, બીજો ગણ, હ્યસ્તન ભૂત. પહેલો પુ. એ. વ. **अशासम्** ।

क॒दा सू॒नुः पि॒त॑रं जा॒त ईच्छा॒च्च॒क्रन्नाश्रु॑ वर्तयद्विजा॒नन् ।
को दंप॑ती॒ सम॑नसा॒ वि यू॑यो॒द॒ध यद॒ग्निः श्वशु॑रेषु॒
दीद॑यत् ॥१२॥

क॒दा । सू॒नुः । पि॒तर॑म् । जा॒तः । इ॒च्छा॒त् । च॒क्रन् । न ।
अश्रु॑ । व॒र्त॒य॒त् । वि॒ऽजा॒नन् । कः । दंप॑ती॒ इति॒ दम्ऽप॑ती ।
सऽम॑नसा । वि । यू॒यो॒त् । अध॑ । यत् । अ॒ग्निः । श्वशु॑रेषु ।
दीद॑यत् ॥१२॥

इदं पुरूरवसो वाक्यम् । ᵛकदा कस्मिन् काले ᵛसूनुः तवोदरजातः सन् ᵛपितरं माम् ᵛइच्छात् इच्छेत् । 'इषु इच्छायाम्' । लेटि शपि 'इषुगमियमां छः' इति छादेशः । 'लेटोऽडाटौ' इत्यडागमः । कदा वा ᵛविजानन् पितरं मामधिगच्छन् ᵛचक्रन् क्रन्दमानः ᵛनाश्रु ᵛवर्तयत् । नेति चार्थे । किंच ᵛकः किंविधः सन् सूनुः ᵛसमनसा समनसौ समनस्कौ ᵛदंपती जायापती त्वां मां च ᵛवि ᵛयूयोत् विश्लेषयेत् । 'यु मिश्रणामिश्रणयोः' । यौतेश्छान्दसः शपः श्लुः । तुजादित्वादभ्यासस्य दीर्घः । ᵛअध अधुना ᵛयत् यदा ᵛअग्निः तव हृदयस्थितस्तेजोरूपो गर्भः ᵛश्वशुरेषु ᵛदीदयत् दीप्यते । दीदयतिर्दीप्तिकर्मेति नैरुक्तो धातुः ॥

અનુવાદ (139) : (પુરૂરવાઃ) ક્યારે (તારા ઉદરમાંથી) જન્મેલો પુત્ર (મારી=) પિતાની ઇચ્છા કરશે ? અને (મને પિતા તરીકે) ઓળખતો રડતાં રડતાં આંસુ પાડશે ? [न નો અર્થ इव-ની જેમ લઈએ તો-બધું જાણતાં રડનારાની જેમ આંસુ પાડશે] કોણ (= કયો એવો પુત્ર હશે કે જે) સમાન મનવાળા પતિ-પત્નીને છુટા પાડશે ? અને હવે જ્યારે અગ્નિ (= તારા ગર્ભમાં રહેલું તેજ) શ્વશુરોની વચ્ચે (= સાસરામાં) પ્રકાશી રહ્યું છે ત્યારે. (૧૦-૯૫-૧૨)

નોંધ : √इषु ઇચ્છા કરવી, છઠ્ઠા ગણનો ધાતુ, लेट् લકાર = સંકેતાર્થ ત્રી. પુ. એ. વ. इच्छात् । √यु મિશ્રણ-અમિશ્રણ કરવું, ૩ જો ગણ, વિધ્યર્થ ત્રી. પુ. એ. વ. वि + यूयोत् । √दी- દીપ્તિમન્ત થવું, दीदयति એ 'નિરુક્ત'માં નોંધાયેલો ધાતુ છે, ૪થો ગણ. સંકેતાર્થ, ત્રી. પુ. એ. વ. दीदयत् । અહીં બીજા ચરણમાં न ને સમુચ્ચયાર્થક લેવો એમ સાયણ કહે છે. પુરૂરવા કહે છે કે પતિ-પત્નીથી સંતાન જન્મે પછી, એમનો વિયોગ થવો ઉચિત નથી. આ દૃષ્ટિએ પણ તું = ઉર્વશી મારી પાસે રહી જા.

प्रति॑ ब्रवाणि व॒र्तय॑ते॒ अश्रु॑ च॒क्रन्न क्र॑न्ददा॒ध्ये॑ शि॒वायै॑ ।
प्र तत्ते॑ हिनवा॒ यत्ते॑ अ॒स्मे प॒रेह्यस्तं॑ न॒हि मू॑र॒ माप॑ः ॥१३॥

प्रति॑ । ब्र॒वा॒णि॒ । व॒र्तय॑ते । अश्रु॑ । च॒क्रन् । न । क्र॒न्द॒त् ।
आ॒ऽध्ये॑ । शि॒वायै॑ । प्र । तत् । ते॒ । हि॒न॒व॒ । यत् । ते॒ ।

अस्मे इति । परा । इहि । अस्तम् । नहि । मूर । मा । आपः ॥१३॥

इदमुर्वशीवाक्यम् । हे पुरूरवः त्वां ^vप्रति ^vब्रवाणि प्रतिवच्मि । त्वदपत्यम् ^vअश्रु बाष्पं ^vवर्तयते वर्तयिष्यति । ^vआध्ये आध्याते वस्तुनि ^vशिवायै शिवे कल्याणे समुपस्थिते सति ^vचक्रन् रुदन्नश्रूणि विमुञ्चन् ^vन ^vक्रन्दत् । नकाराश्चार्थे । रोत्स्यति चेत्यर्थः । ^vतत् त्वदपत्यं ^vते तुभ्यं ^vहिनव प्रहिणोमि ^vयत् अपत्यं ^vते तव संबन्धि ^vअस्मे अस्मासु निहितम् । त्वं ^vपरेह्यस्तम् । अस्तमिति गृहनाम । स्वगृहं प्रतिगच्छ । हे ^vमूर मूढ ^vमा मां ^vनहि ^vआपः न प्राप्नोषि । हिनवेत्यत्र हिनोतेः 'छन्दसि लुङ्लङ्लिटः' इति भविष्यदर्थे लङि मिपोऽमादेशः । गुणः । अन्त्यलोपश्छान्दसः । बहुलवचनादडभावः । आपः । 'आप्लृ व्याप्तौ' । लिटि 'तिङां तिङो भवन्ति' इति थलो णल् ॥

અનુવાદ (140) : (ઉર્વશી:) (હે પુરૂરવસ !) હું તને પ્રત્યુત્તર આપું છું, (તારું સંતાન) આંસુ સારશે]અથવા-આંસુ પાડનાર (=તારા સંતાન)ને હું આશ્વાસન આપીશ] અને વિચારેલી વસ્તુને વિષે કલ્યાણ ઉપસ્થિત થતાં રડનારો = આંસુ પાડતો તે રડશે. [અથવા-કલ્યાણકર ચિંતાને અર્થે = **शिवायै आध्ये,** તે આક્રન્દ કરનારી (**न** =) જેમ, આરડશે ?] તને તે (તારું સંતાન મોકલી આપીશ કે જે (સંતાન) અમારા (ગર્ભ)માં છે. માટે તું (**अस्तं=**) ઘરે પાછો ફર; હે મૂઢ ! (તું) મને નહીં મેળવી શકે. (૧૦-૯૫-૧૩)

નોંધ : સાયણ **अश्रु वर्तयते** ને **अश्रु वर्तयिष्यति** રૂપે લે છે; પણ ગેલ્ડનરે **प्रति ब्रवाणि**ના ઉદ્દેશ્ય = સમ્પ્રદાન તરીકે **वर्तयते (सन्तानाय)** એવું ચતુર્થી વિભક્તિનું રૂપ લીધું છે; તે મુજબનો અનુવાદ કૌંસમાં મૂક્યો છે. એ જ પ્રમાણે સાયણે અહીં **आध्ये शिवायै** ને સપ્તમ્યર્થે લઈને અર્થ કર્યો છે; તથા **न** કારને સમુચ્ચયાર્થક જાહેર કર્યો છે, પણ કૌંસમાં મૂકેલા અર્થ માટે **आध्ये शिवायै**ને ચતુર્થી વિભક્ત્યન્ત રૂપે જ લીધા છે, તથા **न**ને **इवार्थक** લીધો છે. યાસ્કે **मूर** ને **मूढ** એવા ધ્વનિપરિવર્તનથી સમજાવ્યો છે. તેનો સાયણે ઉપયોગ કર્યો છે. **हिनव=अहिनवम् ।** **√हि** જવું-૫મો ગણ, હ્યસ્તન ભૂ. કા. પહેલો પુ. એ. વ. પણ સાયણ કહે છે તે મુજબ અહીં ભવિષ્યદર્થમાં પણ **लङ्** લકાર = હ્યસ્તન ભૂ. કા. નું રૂપ બનાવ્યું છે; તેમાં અંતિમ **मू**કારનો લોપ કર્યો છે અને આદિમાં अકાર જોડ્યો નથી. **अहिनवम्→हिनव ।** **√आप्** વ્યાપવું/મેળવવું, ૫મો ગણ, પરોક્ષ ભૂતકાળ બી. પુ. એક. વ.

सुदेवो अद्य प्रपतेदनावृत्परावतं परमां गन्तवा उ । ✓
अधा शयीत निर्ऋतेरुपस्थेऽधैनं वृका रभसासो अद्युः ॥१४॥

सुऽदेवः । अद्य । प्रऽपतेत् । अनावृत् । पराऽवतम् । परमाम् ।
गन्तवै । ऊँ इति । अध । शयीत । निःऽऋतेः । उपऽस्थे ।
अध । एनम् । वृकाः । रभसासः । अद्युः ॥१४॥

अथ परिदूनः पुरूरवा उवाच । vसुदेवः त्वया सह सुक्रीडः पतिः vअद्य vप्रपतेत् । अत्रैव प्रपततु । अथवा vअनावृत् अनावृत्तः सन् vपरमां vपरावतं दूरादपि दूरदेशं vगन्तवै गन्तुं महाप्रस्थानगमनं कुर्यात् । vअध अथवा यत्रकुत्रापि गन्तुमसमर्थः vनिर्ऋतेः पृथिव्याः उपस्थे शयीत शयनं कुर्यात् । यद्वा । निर्ऋतिः पापदेवता । तस्या vउपस्थे उत्संगे संनिधौ म्रियतामित्यर्थः । vअध अथवा vएनं vवृकाः आरण्याः श्वानः vरभसासः वेगवन्तः vअद्युः भक्षयन्तु । अत्र वाजसनेयकं– 'सुदेवोऽधोद्वा बध्नीत प्र वा पतेत्तदेनं वृका वा श्वानो वाद्युरिति हैव तदुवाच' (श. ब्रा. ११.५.१.८) इति ॥

અનુવાદ (141) : (પુરૂરવા) આ સુદેવ (અર્થાત્ જેણે તારી સાથે ક્રીડા કરી છે એવો તારો પતિ=હું પુરૂરવા) આજે પાછો ન ફરે એ રીતે, દૂરથી પણ ઘણે દૂર એવા દેશમાં જવા માટે પ્રપાત કરે. (હું પડતું મૂકીશ) અથવા (ક્યાંય જઈ શકવા સમર્થ નહીં એવો હું તારો પતિ) નિર્ઋતિ = પૃથિવીના ખોળામાં સૂઈ જશે. [અથવા-નિર્ઋતિ = પાપદેવતા = મૃત્યુના ખોળામાં સૂઈ જાય = મરી જાય], અથવા (= પછી આને (= મને) ધસી આવતાં વરુઓ (જંગલના કૂતરાઓ) ખાઈ જાય.

(૧૦-૯૫-૧૪)

નોંધ : **સુદેવ**નો સાયણે જે અર્થ કર્યો છે તે ઉપર આપ્યો છે, પણ ગેલ્ડનરે અનેક ઉતારા આપીને તે શબ્દનો અર્થ વલ્લભ' કર્યો છે એમ શ્રી ર. છો. પ. કહે છે. અહીં **गन्तवै** એ (જવા માટે) વૈદિક હેત્વર્થ કૃદન્તનું રૂપ છે. **परमां परावतं** એટલે ઘણે દૂર, મહાપ્રસ્થાન = મૃત્યુની ગતિ. વળી સાયણે **निर्ऋति** ના ૧. પૃથિવી અને ૨. મૃત્યુ એવા બન્ને અર્થ લીધા છે. **प्र+पतेत्** = ૧લા ગણના **√पत्** ધાતુનું વિધ્યર્થ (optative) ત્રી. પુ. એ. વ.નું રૂપ **√शी** (સૂવું) ૨જો ગણ, આત્મનેપદ ત્રી. પુ. એ. વ. વિધ્યર્થ (optative)નું રૂપ **शयीत** । તથા **√अद्** (ખાવું) ૨જો ગણ, પરસ્મૈપદ વિધ્યર્થ (optative) ત્રી. પુ. એ. વ.નું રૂપ **अद्युः** ।

આ મંત્રમાં, પુરૂરવા ઉર્વશીને આપઘાત કરવાની ધમકી આપતો હોય એમ કહે છે કે એક વખતનો તારો સુદેવ = પતિ, તું જો પાછી નહીં ફરે તો, ઊંચા પર્વત ઉપરથી પડતું મૂકશે, મરીને દૂરના પ્રદેશમાં જતો રહેશે. મૃત્યુના ખોળામાં સૂઈ જશે અને પછી એને વરુઓ ખાઈ જશે. (પરંતુ ઉર્વશીના મન ઉપર આની કશી જ અસર થતી નથી. તે નીચેના મંત્રમાં નિષ્ઠુર બનીને ફરીથી એકવાર પુરૂરવાને જાકારો આપે છે.)

पुरू॑रवो॒ मा मृ॑था॒ मा प्र प॑प्तो॒ मा त्वा॒ वृका॑सो॒ अशि॑वास उ क्षन् ।
न वै स्त्रैणा॑नि स॒ख्यानि॑ सन्ति सालावृका॒णां हृद॑यान्ये॒ता ॥१५॥

पुरू॑रवः । मा । मृ॒था॒ः मा । प्र । प॒प्त॒ः । मा । त्वा॒ । वृका॑सः । अशि॑वासः । ऊँ॒ इति॑ । क्ष॒न् । न । वै । स्त्रैणा॑नि । स॒ख्यानि॑ । स॒न्ति॒ । सा॒ला॒वृ॒काणा॑म् । हृद॑यानि । ए॒ता । ॥१५॥

तमितरा प्रत्युवाच । हे ᵛपुरूरवः त्वं ᵛमा ᵛमृथाः मृतिं मा प्राप्नुहि । म्रियतेर्लुङि थासि ‘ह्रस्वादङ्गात्’ इति सिचो लोपः । तथा ᵛमा ᵛप्र ᵛपप्तः अत्रैव पतनं मा कार्षीः । पतेर्लुङि लृदित्त्वात् ‘पुषादि’ इत्यादिना च्लेरङ् । ‘पतः पुम्’ इति पुम् । तथा ᵛत्वा त्वाम् ᵛअशिवासः अशुभाः ᵛवृकासः वृकाः ᵛमा ᵛउ ᵛक्षन् । उ इत्येवकारार्थे । अक्षन् । माभ्यवहारयन्तु । किमित्येवमस्मदुपर्याग्रहं करोषि । मा कार्षीरित्यर्थः । अदेर्लुङि ‘लुङ्सनोर्घस्लृ’ (पा. सू. २.४.३७) इति घस्लादेशः । ‘मन्त्रे घस’ इति च्लेर्लुक् । ‘गमहन’ इत्यादिनोपधालोपः । ‘शासिवसि’ इत्यादिना षत्वम् । ‘खरि च’ इति चर्त्वम् । वाहुलकादडभावः । अथ स्वरनेहस्यासारतामाह । ᵛस्त्रैणानि स्त्रीणां कृतानि ᵛसख्यानि ᵛन ᵛवै ᵛसन्ति । न सन्ति खलु । अभावे कारणमाह । ᵛएता एतानि सख्यानि ᵛसालावृकाणां ᵛहृदयानि तेषां ᵛहृदयानि यथा वत्सादीनां विश्वासापन्नानां ᵛघातुकानि तद्वत् । अत्र वाजसनेयकं–‘मैतदादृथा न वै स्त्रैणँ सख्यमस्ति पुनर्गृहानिहीति हैवैनं तदुवाच’ (श. ब्रा. ११.५.१.९) इति ॥ ॥३॥

અનુવાદ (142) : (ઉર્વશી) હે પુરૂરવસ્ ! તું મરીશ મા, તું પ્રપાત મા કરીશ, અશુભ/જંગલી વરુઓ પણ તને મા ખાવ. સ્ત્રીઓ સાથે કરેલાં સખ્યો (સાચાં) હોતાં નથી (અથવા-સ્ત્રીઓની સાથે સખ્યો હોય નહિ); કારણ કે તે (**एता = एतानि, स्त्रीणां सख्यानि**) (= સ્ત્રીઓનાં સખ્યો તો) સાલાવૃકોનાં હૃદયો જેવાં (અર્થાત્ પોતાના ઉપર વિશ્વાસ રાખનારનો જ ઘાત કરનાર) હોય છે. (૧૦-૯૫-૧૫)

નોંધ : આ મંત્રમાં નિષેધાર્થક **माङ्** (મા = નહીં)ના યોગમાં **लङ्** લકારના (અદ્યતન = સાદા ભૂતકાળનાં) **मृथाः**, **प्र पप्तेः क्षन्** રૂપો વપરાયાં છે. √**अद्** (ખાવું) ૨જા ગુણનો ધાતુ, તેને **घस्लृ** આદેશ થઈને પછી **अक्षन्** રૂપ બને છે. અહીં માના યોગમાં ભૂતકાળનો વાચક અકાર લુપ્ત થાય છે. આ મંત્રમાં ઉર્વશીએ સ્ત્રીઓની સાથે સ્નેહસંબંધ ન બાંધવો કારણ કે એમનાં સખ્યો તો સાલાવૃકોના હૃદયો જેવાં હોય છે. એટલે કે એકવાર વિશ્વાસ પેદા કરાવીને પછી વિશ્વસ્ત વ્યક્તિનો ઘાત કરનારાં હોય છે એમ જાહેર કરે છે. સમગ્ર સ્ત્રીજાત ઉપર અપવાદ

અને અવિશ્વાસ ઊભો થઈ જાય એવી ઉર્વશીની આ ઉક્તિ જોઈને જ કદાચ કવિ કાલિદાસે 'વિક્રમોર્વશીયમ્' નાટકમાં ઉર્વશીનું માનવીકરણ હાથ ધર્યું હશે એવું કેટલાક સહૃદય સાહિત્યરસિકોને લાગ્યું છે.

यद्विरू॒पाच॑रं॒ मर्त्ये॒ष्वव॑सं॒ रात्रीः॑ श॒रद॒श्चत॑स्रः ।
घृ॒तस्य॑ स्तो॒कं स॒कृदह्न॑ आश्ना॒ं ता॒दे॒वे॑दं ता॑तृपा॒णा च॑रामि ॥१६॥

यत् । वि॒ऽरू॑पा । अच॑रम् । मर्त्ये॑षु । अव॑सम् । रात्रीः॑ । श॒रदः॑ । चत॑स्रः । घृ॒तस्य॑ । स्तो॒कम् । स॒कृत् । अह्नः॑ । आ॒श्ना॒म् । तात् । ए॒व । इ॒दम् । त॒तृ॒पा॒णा । च॒रा॒मि ॥१६॥

ᵛयत् यदा ᵛविरूपा मनुष्यसंपर्काद्विगतसहजभूतदेवरूपा पत्यानुकूल्येन नानारूपा वा ᵛमर्त्येषु मनुष्येषु ᵛअचरं तदानीं ᵛरात्रीः प्ररमयित्रीः ᵛचतस्रः ᵛशरदः ᵛअवसं न्यवसम् । अत्यन्तसंयोगे द्वितीया । तदानीं ᵛघृतस्य ᵛस्तोकं ᵛसकृदह्न ᵛआश्नाम् । ᵛतादेव तेनैव स्तोकेनाहम् ᵛइदं संप्रति ᵛतातृपाणा तृप्ता सती ᵛचरामि ॥

અનુવાદ (143) : (ઉર્વશી) (તારા = પુરૂરવાના મનુષ્યના સંગને કારણે) વિગત (દેવ) રૂપવાળી હું મર્ત્યોમાં (= મનુષ્યલોકમાં) ફરતી હતી, અને રમણ કરાવનારી ચાર શરદો સુધી (અહીં) રહી હતી. દિવસના એકવાર હું થોડુંક ઘી ખાતી હતી અને તેટલા માત્રથી જ તૃપ્ત થયેલી હું અત્યારે પણ ફરી રહી છું.

(૧૦-૯૫-૧૬)

નોંધ : વેંકટમાધવ કહે છે કે-આ મંત્ર દ્વારા 'ઉર્વશી પુરૂરવાના સુકૃતને ભૂલી નથી' એ વાત રજૂ કરવામાં આવી છે. અહીં **रात्रीः** શબ્દ રાત્રિનો વાચક નથી; પણ **रात्रीः = रंमयित्रीः** એ અર્થમાં **शरदः**ના વિશેષણ તરીકે વપરાયેલ છે. વળી, ઉર્વશી સળંગ ચાર વર્ષ સુધી પુરૂરવા સાથે રહી હતી એમ સૂચવવા, **कालाध्वनोरत्यन्तसंयोगे (द्वितीया) । पा. सू....** મુજબ **रात्रीः शरदः**માં દ્વિતીયા વિભક્તિ વપરાઈ છે. તથા **ततृपाणा** (તૃપ્ત થયેલી) **√तृप्** (સંતુષ્ટ થવું) પાંચમા ગણનો ધાતુ-તેનું વર્તમાન કૃદન્ત સ્ત્રી. પ્રથમા એ. વ.માં છાન્દસ દીર્ઘ થઈને (સંહિતામાં) **तातृपाणा** બન્યું છે તે નોંધપાત્ર છે.

अ॒न्त॒रि॒क्ष॒प्रां रज॑सो वि॒मानी॒मुप॑ शिक्षाम्युर्वशी॒ं वसि॑ष्ठः ।
उप॑ त्वा रा॒तिः सु॒कृत॒स्य ति॒ष्ठान्नि व॒र्तस्व॒ हृद॑यं तप्यते मे ॥१७॥

अ॒न्त॒रि॒क्ष॒ऽप्राम् । रज॑सः । वि॒ऽमानी॑म् । उप॑ । शि॒क्षा॒मि॒ । उ॒र्वशी॑म् । वसि॑ष्ठः । उप॑ । त्वा॒ । रा॒तिः । सु॒ऽकृ॒तस्य॑ । तिष्ठा॑त् । नि । व॒र्त॒स्व॒ । हृद॑यम् । त॒प्य॒ते॒ । मे॒ ॥१७॥

ᵛअन्तरिक्षप्रां स्वतेजसान्तरिक्षस्य पूरयित्रीं तथा ᵛरजसः रञ्जकस्योदकस्य ᵛविमानीं निर्मात्रीम् ᵛउर्वशीं ᵛवसिष्ठः समानानां मध्येऽतिशयेन वासयिताहम् ᵛउप ᵛशिक्षामि वशं नयामि । ᵛसकृतस्य शोभनकर्मणः ᵛरातिः दाता पुरूरवाः ᵛत्वा त्वाम् ᵛउप ᵛतिष्ठात् उपतिष्ठतु । ᵛमे ᵛहृदयं ᵛतप्यते । अतो ᵛनि ᵛवर्तस्व । एवं राजोवाच ॥

અનુવાદ (144) : (પુરૂરવા) અન્તરિક્ષને ભરી દેનારી તથા ઉદકનું નિર્માણ કરનારી (અથવા-અન્તરિક્ષને માપી રહેલી) ઉર્વશીને હું વસિષ્ઠ (=પ્રિયતમ) વિનંતિ કરું છું. સુકૃતને (**रातिः** =) આપનારો આ (પુરૂરવા) તારી પાસે (જ) રહે, તું પાછી ફર, (કેમકે) મારું હૃદય (તારા વિના) તપે છે. (૧૦-૯૫-૧૭)

નોંધ : અહીં **रजकस्य विमानीम्**નો અર્થ 'ઉદકનું' નિર્માણ કરનારી', અથવા 'અન્તરિક્ષને માપનારી' એવો કર્યો છે. **वसिष्ठः**નો સાયણ અર્થ કરે છે : ઉર્વશીને રાખનારા દેવ વગેરેમાંથી પોતે પુરૂરવાએ સૌથી વધારે સમય/અથવા વધુ સારી રીતે રાખી છે. આથી **वासयितृ** = નિવાસ કરાવનારાઓમાંથી જે અતિશય ઉત્કૃષ્ટ તે 'વસિષ્ઠ' એવો હું, અર્થાત્ તને સૌથી વધારે ચાહનારો હું, **उप शिक्षामि** = વિનંતિ કરું છું. **रा दाने, राति ददाति यः सः रातिः ।** અર્થાત્ દાતા, આપનાર **उप+तिष्ठात्** (તારી = ઉર્વશીની) નજીક રહે. √**स्था** (ઊભા રહેવું) ૧લો ગણ, સંકેતાર્થ ત્રી. પુ. એ. વ. અગાઉના મંત્રમાં ઉર્વશીએ કહ્યું છે તેમ જો પોતે પુરૂરવા ઉર્વશીને ઘી ખવડાવનાર હોય, આમ એણે કોઈ સુકૃત (= ઉપકાર) કર્યું હોય તો પુરૂરવા પોતાને (= સુકૃતના દાતાને) એ (ઉર્વશી)ની પાસે રાખવા વિનંતિ કરે છે.

इति॑ त्वा दे॒वा इ॒म आ॑हुरै॒ळ यथे॑मे॒तद्भव॑सि मृ॒त्युब॑न्धुः ।
प्र॒जा ते दे॒वान् ह॒विषा॑ यजाति स्व॒र्ग उ॒ त्वमपि॑ मादयासे ॥१८॥

इति॑ । त्वा॒ । दे॒वाः । इ॒मे । आ॒हुः॒ । ऐ॒ळ॒ । यथा॑ । इ॒म् । एतत् । भव॑सि । मृ॒त्युऽब॑न्धुः । प्र॒ऽजा । ते॒ । दे॒वान् । ह॒विषा॑ । य॒जा॒ति॒ । स्वः॒ऽगे । उँ॒ इति॑ । त्वम् । अपि॑ । मा॒द॒या॒से॒ ॥१८॥

हे ᵛऐळ पुरूरवः ᵛत्वा त्वाम् ᵛइमे ᵛदेवाः ᵛइति ᵛआहुः । ᵛमृत्युवन्धुः मृत्योः बन्धकः मृत्योर्बन्धुभूतो वा मृत्युवशमप्राप्नुवंस्त्वं ᵛयथे यथा ᵛएतद्भवसि भविष्यसि ᵛप्रजा प्रकर्षेण जायमानस्त्वं ᵛते तव संबन्धिनो यष्टव्यान् ᵛदेवान् ᵛहविषा ᵛयजासि यजसि । ᵛस्वर्ग ᵛउ स्वर्ग एव ᵛत्वमपि ᵛमादयासे मादयसेऽस्माभिः सह । एवमाहुरित्यर्थः । यस्मादेवं करोषि तस्मादभिलाषं हित्वा सुखी भवेति सेयं पुरूरवसं प्रत्युवाच ॥ ॥४॥

અનુવાદ (145) : (ઉર્વશી) આ દેવો તને આમ કહે છે : હે ઇળાના પુત્ર ! આ તું જે રીતે છું તે (રીતે) તો તું મૃત્યુબન્ધુ છું. પણ તારી પ્રજા (=સંતતિ) દેવોને હવિષાન્નથી પૂજશે, ત્યારે તું પણ સ્વર્ગમાં (મારી સાથે) આનંદપ્રમોદ કરીશ.

(૧૦-૯૫-૧૮)

નોંધ : પુરૂરવા 'ઐળ' કેવી રીતે કહેવાય છે ? એ વિષે આ સૂક્તની પ્રાસ્તાવિક નોંધ વાંચવી. અહીં પુરૂરવાને ઉર્વશી કાયમ માટે કેમ મળી શકે એમ નથી એ સમજાવતાં ઉર્વશી કહે છે કે હે પુરૂરવસ્ = ઐળ ! તું મર્ત્ય છું, મરણશીલ છું; (જ્યારે હું અ-મૃત છું). પણ તારા સંતાનો દેવોનું યજન કરશે અને પછી તું સ્વર્ગે આવીશ ત્યારે તું મારી સાથે પ્રમોદ કરી શકીશ. અહીં પુરૂરવાને મર્ત્ય કહેવા માટે ઉર્વશીએ **मृत्युर्बन्धुः ।** એવો શબ્દ વાપર્યો છે. તે સામાસિક શબ્દના પૂર્વપદ (**मृत्यु**)માં ઉદાત્ત સ્વર હોવાથી, તે સમગ્ર પદ બહુવ્રીહિ સમાસ ગણાશે, અને એનો અર્થ થશે : 'મૃત્યુ છે બન્ધુ જેનો.' અર્થાત્ મૃત્યુને વશ થનારો = મરણ પામનાર.

10.97 (1 to 23)

ઓષધિ-સૂક્ત

'या ओषधीः' इति त्रयोविंशत्यृचं सप्तमं सूक्तम् । अथर्वणः पुत्रस्य भिषङ्नाम्न आर्षम् । आनुष्टुभमोषधिदेवताकम् । तथा चानुक्रान्तं—'या ओषधीस्त्र्यधिकाथर्वणो भिषगोषधिस्तुतिरानुष्टुभम्' इति । दीक्षितानां ज्वराद्युपतापे संजातेऽनेन सूक्तेन मार्जयेत् । सूत्रितं च—'ओषधिसूक्तेन चाप्लाव्यामृजेत्' (आश्व. श्रौ. ६.९) इति ॥

આથર્વણ ભિષક્ ઋષિના આ સૂક્તમાં ઓષધિઓની* સ્તુતિ કરવામાં આવી છે. આ ઓષધિઓ પૂર્વેના યુગમાં ઉત્પન્ન થયેલી છે અને તેઓ હજારો અંકુરોમાં વિસ્તરેલી છે. આવી ઓષધિને કવિ (ભિષક્) વિનંતિ કરે છે કે મને **અગદ** રોગ વિનાનો બનાવો. વિજય પામતી ઘોડીઓની જેમ આ ઓષધિઓ કે જેઓ પુષ્પવતી અને ફલવતી છે, તે રોગીને રોગમાંથી છોડાવે. અહીં મંત્ર છઠ્ઠામાં 'ભિષક્' કોને કહેવો એની વ્યાખ્યા આપી છે. તથા નવમા મંત્રમાં રોગીના શરીરમાં નવી શક્તિ સિંચનારી અને રોગને બહાર કાઢનારી એવી ઇષ્કૃતિ અને નિષ્કૃતિ ઓષધિઓનો

ઉલ્લેખ છે. અહીં ઓષધિઓને માટે વપરાયેલી ઉપમાઓ, જેવી કે **स्तेनः इव ।** (૧૦) **जीवगृभो यथा ।** (૧૧), **मध्यमशीरिव** (૧૨), વગેરે નોંધપાત્ર છે. ઋગ્વેદના કાવ્ય તત્ત્વને માણવા આવા મંત્રો જોવા જરૂરી છે. આ ઓષધિઓને **सोमराज्ञीः** અને **बृहस्पतिप्रसुताः** કહી છે તે પણ નોંધપાત્ર છે. ઓષધિઓ = વનસ્પતિઓ પોતાની શક્તિથી રોગને દૂર કરે છે, રોગીમાં નવી શક્તિ સિંચે છે, એમ કહ્યા પછીય એ ઓષધિઓનો રાજા સોમ છે, અને તેઓ બૃહસ્પતિથી અનુજ્ઞાત થયેલી છે એમ કહીને કવિએ થોડાક રહસ્ય-અજ્ઞેયતત્ત્વ-નો નિર્દેશ પણ કર્યો છે. સૂક્તના અંતે તે ઓષધિઓને **कामाय अरम्** (કામનાઓને પૂરનારી) અને **हृदे शम्** (હૃદયને સુખકરી) કહીને કવિએ ભારે પ્રશંસા કરી છે, અને પછી પ્રાર્થના કરી છે કે આ રોગીને વિષે **अस्मै वीर्यम् सं दत्त ।** (નવી શક્તિ આપો).

ઋષિ : અથર્વન્‌નો પુત્ર ભિષગ્, દેવતા : ઓષધિ અને છંદ : અનુષ્ટુપ્.

या ओष॑धी॒ः पूर्वा॑ जा॒ता दे॒वेभ्य॑स्त्रियु॒गं पु॒रा ।
मनै॒ नु ब॒भ्रूणा॑म॒हं श॒तं धामा॑नि स॒प्त च॑ ॥१॥

याः । ओष॑धीः । पूर्वाः॑ । जा॒ताः । दे॒वेभ्यः॑ । त्रि॒ऽयु॒गम् । पु॒रा । मनै॑ । नु । ब॒भ्रूणा॑म् । अ॒हम् । श॒तम् । धामा॑नि । सप्त॒ । च॒ ॥१॥

ᵛयाः ᵛओषधीः ओषधयः ᵛपूर्वाः पुरातन्यः ᵛजाताः उत्पन्नाः । केभ्यः सकाशात् । ᵛदेवेभ्यः जगन्निर्मातृभ्यः । यद्वा । देवा द्योतमाना ऋतवः । तेभ्यः । कस्मिन् काले । त्रियुगं त्रिषु युगेषु । विशेषेण प्रादुर्भावापेक्षया कृतादियुगत्रयमुक्तं कलौ त्वत्यन्ताल्पत्वादुपेक्षितम् । अथवा त्रिषु युगेषु वसन्ते प्रावृषि शरदि चेत्यर्थः । ᵛअहं ᵛवभ्रूणां वभ्रुवर्णानां सोमाद्योषधीनां ᵛशतं ᵛसप्त ᵛच ᵛधामानि अनुलेपमार्जनाभिषेकादि-रूपेणाश्रयभूतानि स्थानानि ᵛनु क्षिप्रं ᵛमनै मन्ये । संभावयामीत्यर्थः । अत्र वाजसनेयकं–'या ओषधीः पूर्वा जाता देवेभ्यस्त्रियुगं पुरेत्यृतवो वै देवास्तेभ्य एतास्त्रिः पुरा जायन्ते वसन्ते प्रावृषि शरदि मनै नु वभ्रूणाम–हमिति सोमो वै वभ्रुः सोम्या ओषधय औषधः पुरुषः शतं धामानीति यदिदँ शतायुः शतार्धः शतवीर्य एतानि हास्य तानि शतं धामानि सप्त चेति । य एवेमे सप्त शीर्षन्प्राणास्तानेतदाह' (श. ब्रा. ७.२.४.२६) इति । अत्र निरुक्तं च - 'या ओषधयः पूर्वा जाता देवेभ्यस्त्रीणि युगानि पुरा मन्ये नु तद्वभ्रूणामहं वभ्रुवर्णानां भरणानां

---

* 'ઓષધિ-'ઓષધી' એ બંને પ્રકારના શબ્દો સ્ત્રીલિંગમાં છે.

हरणानामिति वा शतं धामानि सप्त चेति । धामानि त्रयाणि भवन्ति स्थानानि नामानि जन्मानीति । जन्मान्यत्राभिप्रेतानि सप्तशतानि सप्त शतं पुरुषस्य मर्मणां तेष्वेना दधति' (निरु. ९. २८) इति ॥

અનુવાદ (146) : દેવોની પણ પૂર્વેના સમયમાં ઉત્પન્ન થયેલી જે ઓષધિઓ છે તે (પહેલાંના) ત્રણ યુગમાં (ઉત્પન્ન થયેલી છે.) હું બભ્રુવર્ણવાળી (સામ-વગેરે ઓષધિઓ)ના સો અને સાત સ્થાનોનું સંભાવન કરું છું. (૧૦-૯૭-૧)

નોંધ : સાયણ કહે છે કે દેવો જગત્‌ના નિર્માતા છે, તેથી ઓષધિઓ પણ તેમનામાંથી પૂર્વે ઉત્પન્ન થઈ હતી એમ કહ્યું છે. અથવા વાજસનેયક બ્રાહ્મણને આધારે 'દેવ' એટલે 'ઋતુઓ' એવો અર્થ પણ લઈ શકાય. એ જ પ્રમાણે, 'ત્રિયુગ'નો અર્થ કૃત, દ્વાપર અને ત્રેતા યુગ [અહીં ચોથા કળિયુગમાં ઓષધિ અત્યંત ઓછી ઉગતી હોવાથી તેની ઉપેક્ષા કરી જણાય છે]; અથવા વસન્ત, વર્ષા અને શરદ્ એવી ત્રણ ઋતુઓ એવો લઈ શકાય. **मनै = मन्ये = संभावयामि ।** પ્રા. વેલણકર **धामानि**નો અર્થ 'શક્તિઓ' લઈને, આ પ્રમાણે અનુવાદ કરે છે : હવે મને બભ્રુવર્ણવાળી ઓષધિઓની એકસો અને સાત શક્તિઓની સ્તુતિ કરવા દો. આ પ્રાચીન (ઓષધિઓ) દેવોની પણ પૂર્વેના ત્રણ યુગમાં જન્મી હતી.

श॒तं वो॑ अम्ब॒ धामा॑नि स॒हस्र॑मु॒त वो॒ रुहः॑ ।
अधा॑ शतक्रत्वो यू॒यमि॒मं मे॑ अग॒दं कृ॑त ॥२॥

श॒तम् । वः॒ । अ॒म्ब॒ । धामा॑नि । स॒हस्र॑म् । उ॒त । वः॒ । रुहः॑ । अध॑ । श॒त॒ऽक्र॒त्वः॒ । यू॒यम् । इ॒मम् । मे॒ । अ॒ग॒दम् । कृ॒त ॥२॥

हे ᵛअम्ब मातर ओषधयः ᵛवः युष्माकं ᵛधामानि स्थानानि जन्मानि वा शतम् अपरिमितानि । ᵛउत अपि च ᵛवः युष्माकं ᵛरुहः प्ररोहः प्रोद्गमः ᵛसहस्रम् अपरिमितः । ᵛअध अपि च हे ᵛशतक्रत्वः शतकर्माणः ᵛयूयमिमं ᵛमे मां मदीयं वा जनमामयग्रस्तम् ᵛअगदम् । गदो रोगः । तद्रहितं ᵛकृत कुरुत ॥

અનુવાદ (147) : હે (ઓષધિ) માતાઓ ! તમારાં (જન્મ) સ્થાનો (અથવા-શક્તિઓ) સેંકડો છે; અને વળી તમારા પ્રરોહ (અંકુરો) પણ હજારો (= અપરિમિત) છે. હે શતક્રતુ = સેંકડો કાર્ય કરનારી (ઓષધિઓ) ! તમે સૌ મને (અથવા) મારા આ (માણસ)ને રોગ વિનાનો કરો/બનાવો. (૧૦-૯૭-૨)

નોંધ : અહીં **शतम्** કે **सहस्रम्**ને નિશ્ચિત સો કે હજાર એવી સંખ્યાના વાચક નહીં લેતાં, તેમનો **'અપરિમિત'** એવો અર્થ કરવો (સાયણ). અહીં સમુદાયને ઉદ્દેશીને હે **अम्ब** એવો એકવચનમાં પ્રયોગ થયો છે. **गद** એટલે 'રોગ'. પણ પ્રા. વેલણકર કહે છે કે ઋગ્વેદમાં સ્વતંત્રપણે **गद** એવો શબ્દ વપરાતો નથી. ૧૦-૧૧૬-૫માં **विगद** એવો શબ્દ 'યુદ્ધ' અર્થમાં વપરાયો છે. રોગ એવા અર્થમાં **गद** શબ્દનો પ્રયોગ ઋગ્વેદ પછીનો જણાય છે.

ओष॑धी॒ः प्रति॑ मोदध्व॒ं पुष्प॑वतीः प्र॒सूव॑रीः ।
अश्वा॑इव स॒जित्व॑रीर्वी॒रुधः॑ पारयि॒ष्ण्वः॑ ॥३॥

ओष॑धीः । प्रति॑ । मो॒द॒ध्व॒म् । पुष्प॑ऽवतीः । प्र॒ऽसूव॑रीः ।
अश्वाः॑ऽइव । स॒ऽजित्व॑रीः । वी॒रुधः॑ । पा॒र॒यि॒ष्ण्वः॑ ॥३॥

हे ᵛओषधीः ओषधयः ᵛप्रति ᵛमोदध्वं इमं रुग्णं प्रति मुदिता हृष्टा भवत । कीदृश्यो यूयम् । ᵛपुष्पवतीः पुष्पवत्यः ᵛप्रसूवरीः । प्रकर्षेण सूयन्त उपभोगायेति प्रसवाः फलानि । तद्वत्यः । किंच ᵛअश्वाइव अश्नुवाना हया इव ᵛसजित्वरीः सह रोगं जयन्त्यः ᵛवीरुधः विरोहन्त्यः ᵛपारयिष्ण्वः रुग्णं पुरुषं पारयन्त्या रोगात् ॥

અનુવાદ **(148)** : હે ઓષધિઓ ! પુષ્પોવાળી અને ખૂબ ફળવાળી એવી તમે (રોગીની) પ્રત્યે ખુશ થાવ. (દૂર સુધીના માર્ગોને વ્યાપી વળતી) ઘોડીઓની જેમ તમે (ઓષધીઓ) (રોગને) જિતનારી છો; અને અંકુરિત થતી તમે (રોગી પુરુષને રોગની) પેલે પાર લઈ જનારી છો. (૧૦-૯૭-૩)

નોંધ : **सजित्वन्** (સહવિજેતા)નું સ્ત્રીલિંગ રૂપ **सजित्वरी** થશે.

ओष॑धी॒रिति॑ मात॒रस्तद्वो॑ देवी॒रुप॑ ब्रुवे ।
स॒नेय॒म॑श्व॒ं गां वास॑ आ॒त्मान॒ं तव॑ पूरुष ॥४॥

ओष॑धीः । इति॑ । मा॒त॒रः॒ । तत् । वः॒ । दे॒वीः॒ । उप॑ । ब्रु॒वे । स॒नेय॑म् । अश्व॑म् । गाम् । वासः॑ । आ॒त्मान॑म् । तव॑ । पु॒रु॒ष॒ ॥४॥

हे ᵛओषधीः ओषधयः ᵛदेवीः देव्यो द्योतनादिगुणका हे ᵛमातरः जनन्यः मातृभूताः । मातृवद्धितकारित्वान्मातृत्वोपचारः । अथवा मातर

आरोग्यनिर्मात्र्यः ᵛवः युष्माकं संवन्धिनं भिषजं ᵛतत् वक्ष्यमाणम् ᵛइति इत्थम् ᵛउप ᵛब्रुवे उप ब्रवीमि । किं तदिति चेत् उच्यते ओषध्यर्थमहम् ᵛअश्वं ᵛगां ᵛवासः अंशुकं किं बहुना ᵛआत्मानम् अपि हे ᵛपुरुष चिकित्सक ᵛतव तुभ्यं ᵛसनेयं ददामि ॥

અનુવાદ (149) : હે દેવી માતૃરૂપ ઓષધિઓ ! તે આ પ્રમાણે તમને (તમારા સંબંધી ભિષજ્‌ને) હું કહું છું. હે પુરુષ (=ચિકિત્સક) ! તને અશ્વ, ગાય, વસ્ત્ર અને મારી જાતને પણ સોંપું છું.

નોંધ : અહીં સાયણ મુજબ **तव** = **तुभ्यम्** (ચતુર્થ્યર્થે ષષ્ઠી) લેવું. **सनेयम्**નો અર્થ **ददामि** કરવાનો છે. √**सन** 'દાન આપવું' ૮મો ગણ, વિધ્યર્થ, પહેલો પુ. એકવચન. પ્રા. વેલણકર મુજબ : હે માતા ઓષધિઓ ! હું તમારી પાસે યાચું છું. હે દેવીઓ ! કે હું ગાય, ઘોડો, વસ્ત્ર અને તને પણ જીતી લઉં, હે પુરુષ ! અહીં ૧૦-૯૦-૩,૫ની જેમ **पूरुष**માં **पू**માં દીર્ઘ ऊકાર કર્યો છે. (અનુષ્ટુપ્‌માં છઠ્ઠો અક્ષર ગુરુ કરવા માટે) ઋગ્વેદ પ્રાતિશાખ્ય (૯-૧૯)માં અર્ધઋચ્‌ના અંતે **पूरुष** કરવાનો નિયમ નોંધાયો છે. (જુઓ : ૧૦-૯૦-૩, મન્ત્ર 260.)

अ॒श्व॒त्थे वो॑ नि॒षद॑नं प॒र्णे वो॑ वस॒तिष्कृ॒ता ।
गो॒भाज॒ इत्किला॑सथ॒ सत्स॒नव॑थ॒ पूरु॑षम् ॥५॥

अ॒श्व॒त्थे । व॒ः । नि॒सद॑नम् । प॒र्णे । व॒ः । व॒स॒तिः । कृ॒ता । गो॒ऽभाज॑ः । इत् । किल॑ । अ॒स॒थ॒ । यत् । स॒नव॑थ । पुरु॑षम् ॥५॥

हे ओषधिदेवताः ᵛवः युष्माकम् ᵛअश्वत्थे ᵛनिषदनं नितरां वर्तनम् । तथा ᵛवः युष्माकं ᵛपर्णे पलाशे ᵛवसतिः निवासः ᵛकृता । 'तृतीयस्यामितो दिवि सोम आसीत्तं गायत्र्याहरत्तस्य पर्णमच्छिद्यत तत्पर्णोऽभवत् तत्पर्णस्य पर्णत्वम्' (तै. ब्रा. १.१.३.१०) इति ब्राह्मणात्पलाशस्य पर्णत्वप्रसिद्धिः । अश्वत्थपलाशयोर्यज्ञयोग्यत्वप्राधान्यापेक्षयोपादानम् । किंच ᵛगोभाज ᵛइत्किल गवां भाजयित्र्य एव ᵛअसथ भवथ खलु । ᵛयत् यदि ᵛसनवथ संभजध्वे ᵛपुरुषं तर्ह्येवं भवथेति । 'वन षण संभक्तौ' । लेट्यडागमः । व्यत्ययेनोप्रत्ययः । यद्वा । औत्सर्गिकः शप्चेति द्विविकरणता ॥ ॥८॥

અનુવાદ (150) : (હે ઓષધિ દેવતાઓ !) અશ્વત્થ (પિપળાના) વૃક્ષ ઉપર તમારું બેસવાનું છે, તથા પર્ણ ઉપર (પલાશ = ખાખરાના વૃક્ષ ઉપર) તમારો નિવાસ

છે. જો આ પુરુષ (ચિકિત્સક)ને તમે મેળવશો (**सनवथ-સંકેતાર્થ**, બી.પુ.બ.વ.) તો તમે ગાયોનું/પશુઓનું ભોજન બનશો. (અથવા ગાયોને ભોજન કરાવનાર બનશો.) (૧૦-૯૭-૫)

નોંધ : સાયણ કહે છે કે અશ્વત્થ અને પલાશનાં લાકડાંમાંથી યજ્ઞનાં સાધનો બનાવાય છે, તેથી ઓષધિદેવતાઓ એની ઉપર રહે છે એમ કહ્યું છે. પ્રા. વેલણકરે સાયણથી જુદા પડીને, **पूरुष**નો અર્થ દર્દી કર્યો છે. આ મુજબ ''તમે જ્યારે મારા દર્દીને (રોગમાંથી) પાછો વાળશો ત્યારે તમે જરૂર ગાયોને જીતશો''–એવો અર્થ થશે.

यत्रौष॑धीः स॒मग्म॑त॒ राजा॑न॒ः समि॑ताविव ।
विप्र॒ः स उ॑च्यते भि॒षग्र॑क्षो॒हामीवचात॑नः ॥६॥

यत्र॑ । ओष॑धीः । स॒म्ऽअग्म॑त । राजा॑नः । समि॑तौऽइव ।
विप्र॑ः । स । उ॒च्य॒ते॒ । भि॒षक् । र॒क्ष॒ःऽहा । अ॒मी॒व॒ऽचात॑नः ॥६॥

ᵛयत्र यस्मिन् देशे ᵛओषधीः ओषधयः ᵛसमग्मत संगच्छन्ते । ᵛराजानः ᵛसमिताविव संग्रामे यथा संगता भवन्ति तद्वत् । तासां नानाविधानामोषधीनां संगमनं यस्मिन् देशेऽस्ति तत्रा ᵛविप्रः प्राज्ञः ब्राह्मणः ᵛसः ᵛभिषक् ᵛउच्यते ᵛरक्षोहा रक्षोहन्ता । ᵛअमीवचातनः । अमीवा व्याधिः । तस्य चातनश्चातयिता नाशयिता च भवति तदानीम् ॥

અનુવાદ (151) : સંગ્રામમાં જેમ (અનેક) રાજાઓ ભેગા મળે છે તેમ જ્યાં (જે બ્રાહ્મણની બુદ્ધિમાં) (બધી) ઓષધિઓ ભેગી મળે છે. એ બ્રાહ્મણ ભિષક્ (=ભૈષજ્ય કરનાર) કહેવાય છે કે જે રાક્ષસોને હણનાર છે; અને જે રોગોને દૂર કરનાર છે. (૧૦-૯૭-૬)

નોંધ : समु+अग्मत = संगच्छन्ते = સાથે ભેગા મળે છે. **अमीवा** એટલે વ્યાધિ, તેનો **चातनः =** નાશ કરનાર (ભિષક્). આ મંત્રમાં ભિષક્ (= દવા કરનાર) કોને કહેવાય તેની વ્યાખ્યા રજૂ કરવામાં આવી છે.

अ॒श्वा॒व॒तीं सो॑मा॒वतीमू॒र्जय॑न्ती॒मुदो॑जसम् ।
आवि॑त्सि॒ सर्वा॒ ओष॑धीर॒स्मा अ॑रि॒ष्टता॑तये ॥७॥

अश्वऽवतीम् । सोमऽवतीम् । ऊर्जयन्तीम् । उत्ऽओजसम् । आ ।
अवित्सि । सर्वाः । ओषधीः । अस्मै । अरिष्टऽतातये ॥७॥

अश्वावत्यादयः प्रधानभूता ओषधयश्चतस्रः । ताः ᵛसर्वा ᵛओषधीः आवित्सि आजाने । स्तौमीत्यर्थः । ᵛअस्मा ᵛअरिष्टतातये । अमुं रोगं विनाशयितुमित्यर्थः ॥

અનુવાદ (152) : અશ્વવતી, સોમવતી, ઊર્જયન્તી અને ઉદોજસ નામની બધી (ચારેય) ઓષધિઓને (હું) આ રોગનો વિનાશ કરવા માટે સ્તવું છું. (અથવા-બધી ઓષધિઓને હું જાણું છું. - વેંકટ) (૧૦-૯૭-૭)

નોંધ : પ્રા. વેલણકર કહે છે કે ‘‘સર્વ પ્રકારના અરિષ્ટો = ભયોમાંથી આ માણસને (=દર્દીને) મુક્તિ અપાવવા માટે મેં અશ્વવતી વગેરે બધી ઓષધિઓ મેળવી છે.’’

उच्छुष्मा ओषधीनां गावो गोष्ठादिवेरते ।
धनं सनिष्यन्तीनामात्मानं तव पूरुष ॥८॥

उत् । शुष्माः । ओषधीनाम् । गावः । गोस्थात्ऽइव । ईरते ।
धनम् । सनिष्यन्तीनाम् । आत्मानम् । तव । पुरुष ॥८॥

ᵛओषधीनां ᵛशुष्माः बलानि ᵛउत् ᵛईरते उद्गच्छन्ति । रुग्णे स्ववीर्यं प्रोद्गमयन्तीत्यर्थः । ᵛगावो ᵛगोष्ठादिव । ता यथा ततः सकाशादुदीरते तद्वत् । कीदृशीनामोषधीनाम् । उच्यते । ᵛधनं स्वसामर्थ्यलक्षणं ᵛसनिष्यन्तीनां दातुमिच्छन्तीनाम् । किं प्रतीति उच्यते । हे ᵛपूरुष पुरुष रोगग्रस्त ᵛतव ᵛआत्मानं शरीरं प्रति । यद्वा । प्ररोहन्तीरोषधीर्दृष्ट्वा वदति । हे पुरुष प्रियङ्ग्वाद्योषधिस्वामिन् तवात्मानं वर्धयितुं धनं सनिष्यन्तीनां व्रीह्याद्योषधीनां शुष्मा उदीरते ॥

અનુવાદ (153) : હે (રોગગ્રસ્ત) પુરુષ ! તારા શરીર પ્રત્યે (મારું) ધન = સ્વસામર્થ્ય આપવાને ઇચ્છતી આ ઓષધિઓ, જેમ ગાયો ગોષ્ઠમાંથી ઊભી થાય તેમ, (તારા રુગ્ણના શરીરમાં) બળ (शुष्माः) પ્રગટાવે છે/બહાર કાઢે છે. (उद् ईरते)। [અથવા, હે (પ્રિયંગુ વગેરે ઓષધિના સ્વામિન્) પુરુષ ! તારા શરીરની વૃદ્ધિ કરવા માટે, ધન આપવા ઇચ્છતી આ વ્રીહિ (ડાંગર) વગેરે ઓષધિઓનાં બળ બહાર નીકળે છે.] (૧૦-૯૭-૮)

इष्कृतिर्नाम वो माताथो यूयं स्थ निष्कृतीः ।
सीराः पतत्रिणीः स्थन यदामयति निष्कृथ ॥९॥

इष्कृतिः । नाम । वः । माता । अथो इति । यूयम् । स्थ । निऽकृतीः । सीराः । पतत्रिणीः । स्थन । यत् । आमयति । निः । कृथ ॥९॥

हे ओषधयः ᵛवो माता जननी ᵛइष्कृतिर्नाम । सर्वेषां रुग्णानां निष्कर्त्रीति प्रसिद्धा । यस्मात्सा रुग्णं निष्करोति । ᵛअथ अतो ᵛयूयम् अपि ᵛनिष्कृतीः निष्कृतयः ᵛस्थ भवथ । किंच यूयं ᵛसीराः सरणशीलाः पतत्रिणीः ᵛपतनवत्यश्च ᵛस्थन भवथ । 'तप्तनप्' इति तनादेशः । किंच पुरुषः ᵛयत् यदि ᵛआमयति व्याधितो भवति तं ᵛनिष्कृथ संस्कुरुथ ॥

અનુવાદ (154) : (હે ઓષધિઓ !) તમારી માતા 'ઇષ્કૃતિ' નામની છે; (માટે) હવે તમે સૌ પણ નિષ્કૃતિઓ (= રોગ બહાર કાઢનારી) થાવ. વળી, તમે સરકવાના સ્વભાવવાળી અને (પાકીને નીચે) પડવાના સ્વભાવવાળી થાવ, તથા (પેલો ચિકિત્સક પુરુષ પોતે) જો આમય (= વ્યાધિ) યુક્ત થાય તો તેના રોગને પણ બહાર કાઢો/તેની ઉપર પણ સંસ્કાર કરો **(निष्कृथ = संस्कुरुथ)** (૧૦-૯૭-૯)

નોંધ : 'ઇષ્કૃતિ' એટલે રોગને શરીરમાંથી બહાર કાઢનારી ઓષધિ . પ્રા. વેલણકર મુજબ ઇષ્કૃતિ નામની ઓષધિ રોગીના શરીરમાં નવી શક્તિ સિંચે છે અને નિષ્કૃતિ રોગના કારણોને શરીરમાંથી બહાર કાઢે છે. વળી, તેઓ છેલ્લા બે ચરણનો અર્થ આમ કરે છે : તમે (ઓષધિઓ) પાંખોવાળી નદી (**सीराः**)ઓ જેવી છે, કે જે (રોગીના શરીરમાંથી) રોગનાં કારણોને બહાર કાઢી નાખો છો.

अति विश्वाः परिष्ठाः स्तेनइव व्रजमक्रमुः ।
ओषधीः प्राचुच्यवुर्यत्किं च तन्वो३ रपः ॥१०॥

अति । विश्वाः । परिऽस्थाः । स्तेनःऽइव । व्रजम् । अक्रमुः । ओषधीः । प्र । अचुच्यवुः । यत् । किम् । च । तन्वः । रपः ॥१०॥

ᵛविश्वाः व्याप्ताः ᵛपरिष्ठाः परितः स्थिता ओषधयः ᵛअति ᵛअक्रमुः व्याधीनतिक्रान्तवत्यः । ᵛस्तेनइव ᵛव्रजम् । यथा स्तेनो

व्रजमत्यक्रमीत् तद्वत् । तथा कृत्वा ᵛओषधीः ओषधयः ᵛप्राचुच्यवुः प्रच्यावयन्ति ᵛयत्किं ᵛच ᵛतन्वः रुग्णशरीरस्य ᵛरपः पापं व्याधिलक्षणमस्ति तदिति ॥ ॥९॥

અનુવાદ (155) : ચોર જેમ (ગાયોના) વાડાને ઓળંગી જાય છે તેમ આ ચારેય તરફ ઊભેલી ઓષધિઓ (વ્યાધિઓને/વ્યાધિઓના ઉપદ્રવ્યોને) અતિક્રમી ગઈ છે. (આમ કરીને) તે (ઓષધિઓ) (રોગગ્રસ્ત) શરીરના (**रपः =**) પાપ (= વ્યાધિ)ને દૂર ખસેડી નાખે છે. (૧૦-૯૭-૧૦)

નોંધ : સાયણે **परिष्ठाः**નો અર્થ 'ચારે તરફ ઊભેલી (ઓષધિ)' એવો લીધો છે. પણ પ્રા. વેલણકરે તેનો અર્થ અન્તરાયો, વિઘ્નો એવો લીધો છે. આ મંત્રમાંની ઉપમાને સમજાવતા તેઓ કહે છે કે લક્ષ્યની સામે જે આશ્ચર્યકારક હુમલો કરવામાં આવે છે તે ઉપમાનો વિષય છે. અહીં ઓષધિને ચોરની સાથે, શરીરના રોગોને ગાયોની સાથે સરખાવેલ છે; અને અન્તરાયો તે પરિષ્ઠો છે. **√क्रम्** (ડગ માંડવા) પહેલો ગણ, અદ્યતન = સાદો ભૂતકાળ ત્રી. પુ. બ. વ., **अक्रमुः** । **√च्यु**-(નીચે પડવું) ૧લા ગણનો પરસ્મૈપદી ધાતુ. તેનું પ્રેરક પરોક્ષ ભૂતકાળ **चुच्यवुः**, તેની આગળ **अ** મૂકીને અતિપરોક્ષ ભૂતકાળ (Plueperfect)માં **अचुच्यवुः** । ત્રી. પુ. બ. વ. રૂપ બનાવ્યું છે. **त॒नु+अ॒स्** = એ રીતે **त॒न्वः** । માં જાત્ય સ્વતન્ત્ર સ્વરિત જન્મ્યો છે. સંહિતામાં તેની પાછળ **रपः** । આદ્યુદાત્ત શબ્દ આવેલો હોઈ, તે જાત્ય સ્વ. સ્વ. કંપ અનુભવે છે. **तन्वः = तन्वो**માં **ओ**કાર બે માત્રિક હોઈ તેની (૧½=) ત્રણ અર્ધી માત્રાઓ કંપ અનુભવે છે એમ બતાવવા, સંહિતામાં **त॒न्वो॒ ३॒ रपः** । એવી **३॒** ની નિશાની મૂકાઈ છે.

ઋગ્વેદમાં અગ્નિ જેવા દેવોને માટે પણ **स्तेनः इव** (ચોર જેવો)ની ઉપમા વપરાય છે. કારણ કે આ દ્વારા તે દેવની ઝડપ, માર્ગો બદલવાની કુશળતા અને જે તે વસ્તુના નિશ્ચિત જ્ઞાનનો ઉલ્લેખ કરવો હોય છે. આમ વેદમન્ત્રોમાં 'જે તે દેવની સ્તુતિ, કે તે દ્વારા ઇષ્ટ પદાર્થોની માંગણીઓ (= પ્રાર્થનાઓ) કરવામાં આવી છે.' એટલું કહીને જ ના અટકવું જોઈએ પણ તેમાં જે કાવ્યતત્ત્વ વણાયેલું છે એને પણ પીછાણવું-માણવું જોઈએ.

यदि॒मा वा॒जय॑न्न॒हमोष॑धी॒र्हस्त॑ आद॒धे ।
आ॒त्मा यक्ष्म॑स्य नश्यति पु॒रा जी॑व॒गृभो॑ यथा ॥११॥

यत् । इ॒माः । वा॒जय॑न् । अ॒हम् । ओष॑धीः । हस्ते॑ । आ॒ऽद॒धे ।
आ॒त्मा । यक्ष्म॑स्य । न॒श्य॒ति॒ । पु॒रा । जी॒व॒ऽगृभ॑ः । य॒था॒ ॥११॥

ᵛअहं ᵛयत् यदि ᵛइमाः ओषधीः ᵛहस्त ᵛआदधे आधारयामि । किं कुर्वन् । ᵛवाजयन् रुग्णं बलिनं कुर्वन् । ततः ᵛपुरा ᵛयक्ष्मस्य रोगस्य ᵛआत्मा ᵛनश्यति नष्टो भवति ᵛजीवगृभो ᵛयथा । जीवानां शकुन्यादीनां ग्राहकाद्व्याधाद्यथा जीवा नश्यन्ति तद्वत् । यद्वा । जीवगृभो मृत्योः सकाशाज्जीवोऽपह्रियते तद्वत् ॥

અનુવાદ (156) : જ્યારે હું (ચિકિત્સક) આ ઓષધિઓને, (રોગીને) (અશ્વ જેવા) બળવાળો બનાવતો (= બનાવવા), હાથમાં ધારણ કરું છું; ત્યારે જીવગૃભની જેમ, પુરાણા રોગનો આત્મા નાશ પામે છે. (૧૦-૯૭-૧૧)

નોંધ : સાયણ 'જીવગૃભ' શબ્દને સમજાવતાં કહે છે કે જીવોના અર્થાત્ પક્ષી વગેરેના ગ્રહણ કરનાર શિકારી પાસેથી એ બધા જીવો નાસી જાય છે; (એ રીતે રોગનો આત્મા નાસી જાય છે.) પ્રો. વેલણકર કહે છે કે 'જીવગૃભ' એટલે 'જીવતા પકડવું. **પુર** = તે પહેલાં. અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે રોગ પોતે જીવતો પકડાઈને મરવા ચાહતો નથી, અને તેથી જીવતો નાસી જવા ચાહે છે, કે જેથી તે બીજા શરીરમાં પ્રવેશી શકે. તેમણે **नश्यति**નો અર્થ 'નાસી જાય છે' એમ કર્યો છે. રોગ જીવતો પકડાય એ પહેલાં તે ચિકિત્સક પાસેથી નાસી જાય છે !

यस्यौ॑षधीः प्र॒सर्प॒थाङ्ग॑मङ्गं॒ परु॑ष्परुः ।
ततो॒ यक्ष्मं॒ वि बा॑धध्व उ॒ग्रो म॑ध्यम॒शीरि॑व ॥१२॥

यस्य॑ । ओष॒धी॒ः । प्र॒ऽसर्प॑थ । अङ्ग॑म्ऽअङ्गम् । परुः॑ऽपरुः ।
ततः॑ । यक्ष्म॑म् । वि । बा॒ध॒ध्वे॒ । उ॒ग्र॒ः । म॒ध्य॒म॒शीःऽइ॑व ॥१२॥

हे ᵛओषधीः ओषधयः ᵛयस्य रुग्णस्य ᵛअङ्गमङ्गं यद्यदङ्गं ᵛपरुःपरुः यद्यत्पर्व ᵛपसर्पथ प्रकर्षेणाश्रयथ ᵛततः अङ्गात्पर्वणश्च ᵛयक्ष्मं व्याधिं ᵛवि ᵛबाधध्वे । ᵛउग्रः उद्गूर्णबलः ᵛमध्यमशीः मध्यमस्थाने वर्तमानो राजा यथा उपद्रवकारिणः समनन्तरशत्रून् पदे पदे विबाधते तद्वत् ॥

અનુવાદ (157) : હે ઓષધિઓ ! તમે જેના (તે રોગીના) અંગે અંગમાં અને સાંધે સાંધામાં પ્રસરી જાવ છો; અને ત્યાર પછી જેનું બળ પ્રકટ્યું છે તેવા (**उग्रः**) મધ્યમ સ્થાનમાં રહેલા (રાજા)ની જેમ (**मध्यमशीः = इव**), (તમે ઓષધિઓ) રોગનો (પદે પદે) બાધ કરો છો (**वि बाधध्वे**)। (૧૦-૯૭-૧૨)

નોંધ : પ્રા. વેલણકર જણાવે છે કે **मध्यमशीः**નો અહીં (અને અથર્વવેદ ૪-૯-૪માં) ''ભક્ષ્ય = શિકારની ઉપર = વચ્ચે બેઠેલ હિંસ્ર પ્રાણી (કે જેથી તે ગમે

ત્યાંથી ભક્ષ્યપશુને ખાઈ શકે). આ દૃષ્ટિએ ઓષધિને માટે વપરાયેલી **मध्यमशीः** =ની ઉપમા નોંધપાત્ર બને છે. સાયણ આ શબ્દનો અર્થ ‘રાજ્યની મધ્યમાં રહેલો રાજા’ કરીને આ રીતે સમજાવ્યું છે તે આવો રાજા આસપાસ રહેલા ઉપદ્રવકારીઓને તરત જ અવરોધી શકે છે.

सा॒कं य॑क्ष्म॒ प्र प॑त॒ चाषे॑ण किकिदी॒विना॑
सा॒कं वात॑स्य॒ ध्राज्या॑ सा॒कं न॑श्य नि॒हाक॑या ॥१३॥

सा॒कम् । य॒क्ष्म॒ । प्र । प॒त॒ । चाषे॑ण । कि॒कि॒दी॒विना॑ । सा॒कम् । वात॑स्य । ध्राज्या॑ । सा॒कम् । न॒श्य॒ । नि॒ऽहाक॑या ॥१३॥

हे अस्मदीयस्य पुरुषस्य शरीराधिष्ठायिन् ᵛयक्ष्म व्याधे त्वं ᵛसाकं सहैव ᵛप्र ᵛपत प्रकर्षेण शीघ्रं गच्छ । केन साकमिति । उच्यते । ᵛचाषेण अतिशीघ्रं पतता चाषाख्येन पक्षिणा सह । तथा ᵛकिकिदीविना पक्षिणा च सह । तथा ᵛवातस्य शीघ्रं गच्छतो वायोः ध्राज्या । ‘ध्रज गतौ’ । गत्या वेगेन सह गच्छ । तथा ᵛनिहाकया गोधिकया ᵛसाकं ᵛनश्य नाशं प्राप्नुहि ॥

અનુવાદ (158) : હે યક્ષ્મ (રોગ) ! તું ચાષ (પક્ષી) અને કિકિદીવિ (પક્ષી)ની સાથે ઝડપથી ઊડી જા; (તું) પવનના વેગની સાથે (ચાલ્યો જા) અને નિહાકા (=ગોધિકા)ની સાથે નાશ પામ. (અદૃશ્ય થા.) (૧૦-૯૭-૧૩)

નોંધ : પહેલા ચરણમાં **‘साकं यक्ष्म प्र पत’** એમ સાત અક્ષરો જ છે. નિયમ મુજબ તો અનુષ્ટુપ્ છન્દના ચારેય પાદ = ચરણમાં આઠ-આઠ અક્ષર હોવા જોઈએ. પણ અહીં એક ન્યૂનાક્ષર પાદ હોવાથી તેને ‘નિચૃત્ અનુષ્ટુપ્’ કહેવાશે.

अ॒न्या वो॑ अ॒न्याम॑वत्व॒न्यान्यस्या॒ उपा॑वत ।
ताः सर्वाः॑ संविदा॒ना इ॒दं मे॒ प्राव॑ता॒ वचः॑ ॥१४॥

अ॒न्या । वः॒ । अ॒स्याम् । अ॒व॒तु॒ । अ॒न्या । अ॒न्यस्याः॑ । उप॑ । अ॒व॒त॒ । ताः । सर्वाः॑ । स॒म्ऽवि॒दा॒नाः । इ॒दम् । मे॒ । प्र । अ॒व॒त॒ । वचः॑ ॥१४॥

हे ओषधयः ᵛवः युष्माकं मध्ये ᵛअन्या ओषधिः ᵛअन्याम् ओषधिम् ᵛअवतु प्राप्नोतु । अवतिरत्र गत्यर्थः । तथा ᵛअन्यान्यस्याः

समीपम् ᵛउपावत उपगच्छत । एवं याः सन्ति क्षित्यामोषधयः ᵛताः ᵛसर्वाः ᵛसंविदानाः परस्परमैकमत्यं प्राप्ताः सत्यः ᵛइदं ᵛमे मदीयं ᵛवचः प्रार्थनालक्षणं वचनं ᵛप्रावत प्ररक्षत ॥

અનુવાદ : (159) (હે ઓષધિઓ !) તમારી વચ્ચે એક (ઓષધિ) બીજી (ઓષધિ)ને પ્રાપ્ત મદદ કરે (તમે) એક બીજીની પાસે જાવ. (પૃથિવી ઉપરની) તે બધી (ઓષધિઓ) પરસ્પરને ઓળખતી (= એક બીજા સાથે સંવાદ ધરાવતી) એવી મારા આ વચનને સાચવે (કબુલ રાખે) (૧૦-૯૭-૧૪)

નોંધ : સાયણ કહે છે કે અહીં **अवतु = प्राप्नोतु** લેવું. એટલે અહીં **√अव्** ધાતુ ગત્યર્થક છે. પ્રો. વેલણકરના મતે અહીં **वचः**નો અર્થ ‘સૂક્ત’ થાય છે તથા **अ॒न्यस्याः** એવું જે પદપાઠમાં છે, તેને બદલે **अन्यस्यै** એવું ચતુર્થ્યન્ત હોવું વધુ સંભવિત છે. (આ સન્દર્ભમાં ૧-૧૬૧-૧૦, ૧૦-૧૪૬-૨ જોવા જેવા છે.)

याः फ॒लिनी॒र्या अ॑फ॒ला अ॑पु॒ष्पा याश्च॑ पु॒ष्पिणीः॑ ।
बृ॒हस्पति॑प्रसू॒तास्ता नो॑ मुञ्च॒न्त्वंह॑सः ॥१५॥

याः । फ॒लिनीः॑ । याः । अ॒फ॒लाः । अ॒पु॒ष्पाः । याः । च॒ । पु॒ष्पिणीः॑ । बृह॒स्पति॑ऽप्रसूताः । ताः । न॒ः । मु॒ञ्च॒न्तु । अंह॑सः ॥१५॥

ᵛयाः ᵛफलिनीः फलवत्यः ᵛया ᵛअफलाः फलवर्जिताः याः ᵛअपुष्पाः पुष्परहिताः ᵛयाश्च ᵛपुष्पिणीः पुष्पवत्यः ᵛबृहस्पतिप्रसूताः । बृहस्पतिर्मन्त्राभिमानी देवः । तेनानुज्ञाताः । ᵛता ᵛनः अस्मान् ᵛअंहसः ᵛमुञ्चन्तु मोचयन्तु ॥ ॥१०॥

અનુવાદ (160) : બૃહસ્પતિ વડે અનુજ્ઞા અપાયેલી તે આ બધી (ઓષધિઓ), કે જે ફળવાળી હોય કે ફળ વગરની હોય, તથા જે પુષ્પ વગરની હોય કે પુષ્પવાળી હોય તે (બધી ય) અમને (બધા) પાપ/ભયમાંથી છોડાવે. (૧૦-૯૭-૧૫)

નોંધ : સાયણે **मुञ्चन्तु**નો પ્રેરક પરક અર્થ લીધો છે : **मोचयन्तु** । પ્રા. વેલણકર કહે છે કે અહીં **नः = अस्मान्**માં રોગી અને ચિકિત્સક બંનેનો સમાવેશ છે એમ જાણવું. તથા આ સૂક્તના ઋષિ ભિષક્‌ને બૃહસ્પતિનું બળ છે એમ સૂચિત છે.

मुञ्चन्तु॑ मा शप॒थ्या॒३॒दथो॑ वरु॒ण्या॑दुत ।
अथो॑ य॒मस्य॒ षड्बी॑शा॒त् सर्व॑स्माद्देवकि॒ल्बि॒षात् ॥१६॥

मुञ्चन्तु । मा । शपथ्यात् । अथो इतिं । वरुण्यात् । उत । अथो इतिं । यमस्य । षड्वीशात् । सर्वस्मात् । देवऽकिल्बिषात् ॥१६॥

ᵛमा माम् ओषधयः ᵛशपथ्यात् शपथसंजातादेनसः सकाशात् ᵛमुञ्चन्तु । ᵛअथो अपि च ᵛवरुण्यात् वरुणसंभवात् ᵛमां मुञ्चन्तु । वरुणोऽपि स्वपाशेन जातमात्रं पुरुषं बध्नाति । ᵛउत इति पूरणः । ᵛअथो अपि च ᵛयमस्य ᵛपड्वीशात् पादबन्धनान्निगडान्मुञ्चन्तु । न केवलं वरुणादेः पापात् किंतु ᵛसर्वस्माद्देवकिल्बिषात् देवैः कृतात्पापान्मुञ्चन्तु ॥

અનુવાદ (161) : (ઓષધિઓ) મને શાપ-જનિત પાપમાંથી મુક્ત કરે; અને વળી વરુણ પાસેથી મળેલા (**वरुण्यात्**) શાપમાંથી મુક્ત કરે. તથા યમના પાદબન્ધન (ની સાંકળ)માંથી અને સૌ દેવો પ્રત્યેના ગુન્હાઓમાંથી છોડાવે.

(૧૦-૯૭-૧૬)

નોંધ : પુરુષના શરીરમાં યક્ષ્મન્ = રોગ ત્યારે પ્રવેશે છે કે જ્યારે વરુણ કે યમનો શાપ મળ્યો હોય, અથવા કોઈ દેવ પ્રત્યે ગુન્હો આચર્યો હોય.

अवपतंन्तीरवदन् दिव ओषंधयस्परि ।
यं जीवमश्नवांमहै न स रिंष्याति पूरुंषः ॥१७॥

अवऽपतंन्तीः । अवदन् । दिवः । ओषंधयः । परि । यम् । जीवम् । अश्नवांमहै । न । सः । रिष्याति । पुरुंषः ॥१७॥

ᵛदिवः द्युलोकात् ᵛअवपतन्तीः अवपतन्त्यः ᵛओषधयः इत्थं ᵛपरि ᵛअवदन् । किमिति उच्यते । ᵛयं ᵛजीवं जीवन्तम् ᵛअश्नवामहै व्याप्नुमः ᵛन ᵛसः ᵛपूरुषः पुरुषः ᵛरिष्याति रिष्यति विनश्यति ॥

અનુવાદ (162) : દ્યુલોકમાંથી નીચે આવતી ઓષધિઓએ કહ્યું કે - અમે જે જીવને વ્યાપી વળીએ (વ્યાપી વળવા જઈએ છીએ) તે પુરુષ નાશ ન પામો.

નોંધ : આ સૂક્તના ઉપસંહારમાં મંત્ર ૧૭ થી ૨૩માં ભિષક્‌ને અને રુગ્ણને મદદ કરવા ઓષધિઓને વિનંતિ કરવામાં આવી છે. અહીં √**रिष्**-હિંસા કરવી' **रिष्याति** એ **लेट्** લકાર વૈદિક સંકેતાર્થનું ત્રી. પુ. એ. વ.નું રૂપ છે. વળી, **परि**માં અઘોષ વ્યંજન **प** આવેલો છે તેથી **ओषधयः**ના વિસર્ગનો સૂકારના થવો જોઈએ,

તથાપિ અહીં **ओषधयस्परि** એવી સન્ધિ કરી છે તે જ પ્રમાણે ઋગ્વેદ પ્રાતિશાખ્યના નિયમાનુસાર પાદાન્તે **पुरुषः**ને બદલે **पूरुषः** એમ થયું છે.

या ओष॑धी॒: सोम॑राज्ञीर्ब॒ह्वीः श॒तवि॑चक्षणाः ।
तासा॒ं त्वम॑स्युत्त॒मार॒ं कामा॑य॒ शं हृ॒दे ॥१८॥

याः । ओष॑धीः । सोम॑ऽराज्ञीः । ब॒ह्वीः । श॒तऽवि॑चक्षणाः ।
तासा॑म् । त्वम् । अ॒सि॒ । उ॒त्ऽत॒मा । अर॑म् । कामा॑य । शम् । हृ॒दे ॥१८॥

ᵛया ᵛओषधीः ओषधयः ᵛसोमराज्ञीः सोमो राजा स्वामी यासां तास्तथोक्ताः ᵛबह्वीः असंख्याताः ᵛशतविचक्षणाः बहुदर्शना हे सोमाख्ये ओषधे ᵛतासाम् ओषधीनां ᵛत्वम् ᵛउत्तमा ᵛअसि । यस्मादेवं तस्मात् ᵛअरम् अलमत्यर्थं ᵛकामाय कान्ताय ᵛहृदे हृदयाय ᵛशं सुखकारी भवेति शेषः ॥

અનુવાદ (163) : સોમ (નામની વનસ્પતિ) છે રાજા જેમની, તથા જે અસંખ્ય છે, અને જે સેંકડોને જોનારી (અથવા જે સેંકડો શક્તિઓવાળી) છે તેવી તે ઓષધિ છે; એમાંથી તું ઉત્તમ છું. વળી, તું (બધી) કામનાઓ (પૂરી કરવા) માટે પૂરતી (શક્તિશાળી) છું અને હૃદયને માટે (તું) સુખકારી પણ છું. (૧૦-૯૭-૧૮)

નોંધ : सोम॑राज्ञीः । માં પહેલા અક્ષરમાં ઉદાત્તસ્વરરહેલો હોવાથી, તે બહુવ્રીહિસમાસ છે એમ સિદ્ધ થાય છે. વળી (त्वं) **कामाय अरम् ।** માં **अरम् = अलम्** ‘‘પર્યાપ્ત, પૂરતીને માટે સક્ષમ’’ એવો અર્થ લેવાનો છે. (કાલાન્તરમાં રેફનો ‘લ’કાર થઈ ગયો.) સાયણના મતે **तासाम्** **(ओषधीनाम्)** **त्वम् उत्तमा असि ।** માં **त्वम्** પદથી ‘‘**हे सोमाख्ये ओषधे**—હે સોમ નામની ઓષધિ ! તું ઉત્તમ છું’’ એવો અર્થ લેવાનો છે. પણ પ્રા. વેલણકર કહે છે કે અહીં કોઈક ચોક્કસ ઓષધિને સંબોધીને તેને ઉત્તમ કહેવામાં આવી છે. (આજ પ્રમાણે મંત્ર ૨૩માં પણ આ કોઈક ચોક્કસ ઓષધિનો ફરીવાર ઉલ્લેખ આવવાનો છે.)

या ओष॑धी॒: सोम॑राज्ञी॒र्विष्ठि॑ताः पृथि॒वीमनु॑ ।
बृह॒स्पति॑प्रसूता अ॒स्यै सं द॑त्त वी॒र्य॑म् ॥१९॥

याः । ओष॑धीः । सोम॑ऽराज्ञीः । विऽस्थि॑ताः । पृथि॒वीम् । अनु॑ ।
बृह॒स्पति॑ऽप्रसूताः । अ॒स्यै । सम् । द॒त्त । वी॒र्य॑म् ॥१९॥

ᵛया ᵛओषधीः ओषधयः ᵛसोमराज्ञीः ᵛपृथिवीमनु ᵛविष्ठिताः विविधं स्थिताः दिवः सकाशादागत्य पृथिव्यां नानाभेदेन स्थिताः ᵛबृहस्पतिप्रसूताः बृहस्पतिनानुज्ञाताः सत्यो यूयम् ᵛअस्यै रुग्णतन्वे ᵛवीर्यं ᵛसं ᵛदत्त संधत्त ॥

અનુવાદ (164) : સોમ (નામની વનસ્પતિ છે) રાજા છે જેમની, અને જે ઓષધિઓ (દ્યુલોકમાંથી) પૃથિવી ઉપર આવીને વિવિધ રૂપે રહેલી છે, તથા બૃહસ્પતિ વડે જેઓ અનુજ્ઞા પામેલી છે તેવી તમે (સૌ ઓષધિઓ) આ (રોગી)ને વિષે શક્તિનું સ્થાપન કરો. (૧૦-૯૭-૧૯)

નોંધ : अस्यै પદથી કોઈ એક ચોક્કસ ઓષધિનો નિર્દેશ છે એમ પ્રા. વેલણકર માને છે (તેઓ સાયણથી જુદા પડે છે).

मा वो॑ रिषत्खनि॒ता यस्मै॑ चा॒हं खना॑मि वः ।
द्वि॒पच्चतु॑ष्पद॒स्माकं॒ सर्व॑मस्त्वनातु॒रम् ॥२०॥

मा । व॒ः । रि॒ष॒त् । ख॒नि॒ता । यस्मै॑ । च॒ । अ॒हम् । खना॑मि । व॒ः । द्वि॒ऽपत् । चतुः॑ऽपत् । अ॒स्माक॑म् । सर्व॑म् । अ॒स्तु॒ । अ॒ना॒तु॒रम् ॥२०॥

हे ओषधयः ᵛवः युष्मान् ᵛमा ᵛरिषत् मा हिंस्यात् । कः । ᵛखनितृ भूमेः खननकर्ता । ᵛयस्मै रुग्णाय ᵛचाहं ᵛखनामि ᵛवः युष्मान् । किंच ᵛअस्माकं संबन्धि ᵛद्विपत् पुत्रभृत्यादिकं ᵛचतुष्पत् गोमहिष्यादिकं च यदस्ति तत् ᵛसर्वम् ᵛअनातुरम् अरोगम् ᵛअस्तु ॥

અનુવાદ (165) : (હે ઓષધિઓ !) (જમીનમાંથી) તમને ખોદી કાઢનારો હણાય નહીં, અને જે (રોગી)ને માટે (હું) તમને (જમીનમાંથી) ખોદી કાઢું છું, તે (હું) પણ હણાઉં નહીં. અમારે માટે (પુત્રાદિ) બે પગવાળા હોય, કે જે (ગાય મહિષ વગેરે) ચાર પગવાળા હોય તે સૌ અનાતુર (= રોગ વિનાના) હજો. (૧૦-૯૭-૨૦)

નોંધ : ચિકિત્સક, કે જે ઓષધિને જમીનમાંથી મૂળિયાં સાથે ઉખેડવા તત્પર થયો હશે, તે ઇચ્છિત ફળ મેળવવા જતાં ક્યાંક ઓષધિ અપ્રસન્ન થઈને હાનિ ના પહોંચાડે એટલા માટે આ મંત્રમાં પ્રાર્થના કરે છે.

याश्चे॒दमु॑पशृ॒ण्वन्ति॒ याश्च॑ दू॒रं परा॑गताः ।
सर्वाः॑ सं॒गत्य॑ वीरुधो॒ऽस्यै सं द॑त्त वी॒र्य॑म् ॥२१॥

याः । च॒ । इ॒दम् । उ॒प॒ऽशृ॒ण्वन्ति॑ । याः । च॒ । दू॒रम् ।
परा॑ऽगताः । सर्वाः॑ । स॒म्ऽगत्य॑ । वी॒रु॒धः॒ । अ॒स्यै । सम् ।
द॒त्त॒ । वी॒र्य॑म् ॥२१॥

ᵛयाश्च ओषधयः ᵛइदं स्तोत्रम् ᵛउपशृण्वन्ति ᵛयाश्च ओषधयः ᵛदूरं ᵛपरागताः ᵛसर्वाः ᵛवीरुधः ᵛसंगत्य संगताः सत्यो हे ᵛवीरुधः ᵛअस्यै रुग्णतन्वे ᵛवीर्यं ᵛसं ᵛदत्त ॥

અનુવાદ (166) : જે (ઓષધિઓ) આ (સ્તોત્ર)ને સાંભળે છે, અને જે દૂર દૂર સુધી ફેલાયેલી-ગયેલી-છે, તે બધી (ઓષધિઓ) ભેગી મળીને, હે લતાઓ ! આ (રોગી)ને વિષે શક્તિ પ્રદાન કરો. (૧૦-૯૭-૨૧)

ओष॑धय॒ः सं व॑दन्ते॒ सोमे॑न स॒ह राज्ञा॑ ।
यस्मै॑ कृ॒णोति॑ ब्राह्म॒णस्तं रा॑जन् पारयामसि ॥२२॥

ओष॑धयः । सम् । व॒द॒न्ते॒ । सोमे॑न । स॒ह । राज्ञा॑ ।
यस्मै॑ । कृ॒णोति॑ । ब्रा॒ह्म॒णः । तम् । रा॒ज॒न् । पा॒र॒या॒म॒सि॒ ॥२२॥

ᵛओषधयः सर्वाः ᵛसोमेन ᵛराज्ञा ᵛसह ᵛसं ᵛवदन्ते संवादं कुर्वन्ति । किमिति तदुच्यते । ᵛयस्मै रुग्णाय ᵛब्राह्मणः ओषधिसामर्थ्यज्ञो ब्राह्मणो वैद्यः ᵛकृणोति करोति चिकित्सां ᵛतं रुग्णं हे ᵛराजन् ᵛपारयामसि पारयामः ॥ इदन्तो मसिः ॥

અનુવાદ (167) : (આ બધી) ઓષધિઓ રાજા સોમની સાથે સંવાદ કરે છે, (કે) હે રાજન્ (સોમ) ! જે (રોગી)ની (આ) બ્રાહ્મણ = વૈદ્ય (ચિકિત્સા) કરે છે (તેની ઉપર) અમે સમર્થ પૂરવાર થઈએ. (૧૦-૯૭-૨૨)

त्वमु॑त्त॒मास्यो॑षधे॒ तव॑ वृ॒क्षा उप॑स्तयः ।
उप॑स्तिरस्तु॒ सो॒३॒॑ऽस्माकं॒ यो अ॒स्माँ अ॑भि॒दास॑ति ॥२३॥

त्वम् । उ॒त्ऽत॒मा । अ॒सि॒ । ओ॒ष॒धे॒ । तव॑ । वृ॒क्षाः ।
उप॑स्तयः । उप॑स्तिः । अ॒स्तु । सः । अ॒स्माक॑म् । यः ।
अ॒स्मान् । अ॒भि॒ऽदास॑ति ॥२३॥

हे ᵛओषधे सोमाख्ये ᵛत्वम् ओषधीनामन्यासाम् ᵛउत्तमासि । ᵛतव ᵛवृक्षाः सर्वे ᵛउपस्तयः अधःशायिन एव । तथा सति ᵛसः ᵛउपस्तिरस्तु अधःशायी भवतु ᵛयोऽस्मान् ᵛअभिदासति अभिहिनस्ति भ्रातृव्य इति ॥११॥

અનુવાદ (168) : હે ઓષધિ ! તું (બીજી ઓષધિઓ કરતાં) ઉત્તમ છું, અને (બીજાં બધાં) વૃક્ષો તારાથી ઉતરતી કક્ષાનાં છે. જે અમને હાનિ પહોંચાડે **(अभिदासति)** છે, તે પણ અમારાથી ઊણો ઉતરતો રહે. (૧૦-૯૭-૨૩)

નોંધ : उपस्तिःનો સાયણે **अधःशायी** અર્થ કર્યો છે. પ્રા. વેલણકર પણ એમ જ કહે છે : an under officer-વૃક્ષ જેમ એના મૂળિયાં ઉપર અવલંબે છે, તેમ મારો દુશ્મન પણ મારા ઉપર આધાર રાખનારો બની રહે. અહીં **सः+अ॒स्माकम्** । એવા બે પદો વચ્ચે (અભિનિહિત) સંધિ થવાથી **सोऽस्माकम्** એમ થાય છે. આ સમયે **सः**નો ઉદાત્તસ્વર અને **अ**નો અનુદાત્તસ્વર પણ પરસ્પરમાં ભેગા મળે છે. તેથી **सों**માં ‘અભિનિહિત સ્વતંત્ર સ્વરિત’ જન્મે છે. વળી તેની પાછળ **स्मा** અક્ષરમાં ઉદાત્ત હોવાથી તે **सो**નો સ્વતંત્ર સ્વરિત કંપ અનુભવે છે. આથી સંહિતાપાઠમાં **सो॒ ३॒ स्माकं॒**માં **३॒**નું સ્વરાંકન થાય છે.

10.98 (1 to 12)

વૃષ્ટિકામના સૂક્ત

‘बृहस्पते प्रति’ इति द्वादशर्चमष्टमं सूक्तं त्रैष्टुभं बृहस्पतिमित्रादिसर्वदेवताकम् । ऋष्टिषेणपुत्रो देवापिर्नामर्षिः । तथा चानुक्रान्तं – ‘बृहस्पते द्वादशार्ष्टिषेणो देवापिर्वृष्टिकामो देवांस्तुष्टाव’ । गतः सूक्तविनियोगः । अस्य सूक्तस्याख्यानं निरूक्तकारः प्रदर्शयति–‘देवापिश्चार्ष्टिषेणः शंतनुश्च कौरव्यौ भ्रातरौ बभूवतुः । स शंतनुः कनीयानभिषेचयांचक्रे देवापिस्तपः प्रतिपेदे । ततः शंतनो राज्ये द्वादश वर्षाणि देवो न ववर्ष । तमूचुर्ब्राह्मणा अधर्मस्त्वया चरितो ज्येष्ठं भ्रातरमन्तरित्याभिषेचितं तस्मात्ते देवो न वर्षतीति । स शंतनुर्देवापिं शिशिक्ष राज्येन । तमुवाच देवापिः पुरोहितस्तेऽसानि याजयानि च त्वेति । तस्यैतद्वर्षकामसूक्तम्’ (निरु. २.१०) इति ॥

બાર મંત્રોના બનેલા આ સૂક્તમાં, સાયણ કહે છે તે મુજબ બૃહસ્પતિ-મિત્ર વગેરે ઘણા દેવોની સ્તુતિ છે તેથી તે ‘સર્વદેવતા’ સૂક્ત કહેવાશે. તથાપિ નિરુક્તકારે આ સૂક્ત તરફ અંગુલિનિર્દેશ કરીને જે ઈતિહાસ રજૂ કર્યો છે, તે મુજબ આ ‘વર્ષકામસૂક્ત’ (અર્થાત્ વૃષ્ટિકામના સૂક્ત) છે. નિરુક્તકારે યાસ્કે ‘‘અન્તરિક્ષ અને સાગર માટે એક સરખા વપરાતા ‘સમુદ્ર’ શબ્દનો વિષયવિભાગ કરવો જોઈએ’’

એમ કહીને નિરુક્ત ૨-૧૦માં ઇતિહાસ રજૂ કર્યો છે તે આ પ્રમાણે છે : કુરુવંશના ઋષ્ટિષેણના પુત્ર એવા દેવાપિ અને શંતનુના નામના બે પુત્રો હતા. આમાંથી શંતનુ નામના નાના ભાઈએ (મોટા ભાઈની ઉપેક્ષા કરીને) પહેલાં પોતાનો અભિષેક કરાવી લીધો અને (મોટો ભાઈ) દેવાપિ તપ કરવા લાગ્યો. ત્યાર પછી શંતનુના રાજ્યમાં બાર વર્ષ સુધી વરસાદ ન વરસ્યો. આથી બ્રાહ્મણોએ તે (શંતનુ)ને કહ્યું : ''તેં અધર્મ આચર્યો છે. કેમ કે મોટાભાઈને ઉલ્લંઘીને (પોતાનો) અભિષેક કરાવી લીધો છે. માટે (ઇન્દ્ર)દેવ તારા રાજ્યમાં વરસતા નથી.'' આ પછી શંતનુએ દેવાપિને રાજ્ય (પાછું) લઈ લેવા કહ્યું. પરંતુ દેવાપિએ તે (શંતનુ)ને કહ્યું : ''હું તારો પુરોહિત થાઉં અને તને યજ્ઞ કરાવું (કે જેથી તારા રાજ્યમાં વર્ષા થશે)''. આ સંદર્ભમાં પ્રસ્તુત સૂક્ત 'વર્ષકામ સૂક્ત' કહેવાય છે.

ઋષિ : ઋષ્ટિષેણનો પુત્ર દેવાપિ; દેવતા : બૃહસ્પતિ-મિત્ર વગેરે સર્વ દેવો;
છન્દ : ત્રિષ્ટુપ્

बृह॑स्पते॒ प्रति॑ मे दे॒वता॑मिहि मि॒त्रो वा॒ यद्वरु॑णो॒ वासि॑ पू॒षा ।
आ॒दि॒त्यैर्वा॒ यद्वसु॑भिर्म॒रुत्वा॒न्त्स प॒र्जन्यं॒ शंत॑नवे वृषाय ॥१॥

बृह॑स्पते । प्रति॑ । मे॒ । दे॒वता॑म् । इ॒हि॒ । मि॒त्रः । वा॒ । यत् । वरु॑णः । वा॒ । असि॑ । पू॒षा ।
आ॒दि॒त्यैः । वा॒ । यत् । वसु॑ऽभिः । म॒रुत्वा॑न् । सः । प॒र्जन्य॑म् । शम्ऽत॑नवे । वृष॒य॒ ॥१॥

तत्र ब्रह्मत्वे प्रवृत्तो बृहस्पतिमनुधावति । हे ᵛबृहस्पते ᵛमे मम वृष्ट्यर्थं प्रति ᵛदेवतां ᵛप्रति ᵛइहि प्रतिगच्छ । यष्टव्या देवताः प्रतिगच्छ । यदि त्वं ᵛमित्रो ᵛवा ᵛअसि अथवा वरुणः असि ᵛयद्वा ᵛपूषा असि अथवा ᵛआदित्यैः द्वादशादित्यैररूणादिभिः ᵛवसुभिः वासकैरष्टवसुभिर्धरध्रुवादिभिः सह ᵛमरूत्वान् । मरुतो देवाः । तद्वानसि । ᵛसः त्वं ᵛपर्जन्यं तर्पयितारं मेघं ᵛशंतनवे राज्ञे ᵛवृषाय वर्षय । 'छन्दसि शायजपि' इति व्यत्ययेन शपोऽपि शायजादेशः ॥

અનુવાદ (169) : હે બૃહસ્પતિ ! મારી (ઇચ્છિત વૃષ્ટિને) માટે (તમે) (પૂજનીય) દેવો તરફ જાવ. તમે જો મિત્ર હો, વરુણ હો, કે પૂષા હો; અથવા (અરુણ વગેરે બાર) આદિત્યોની સાથે તથા (ધર-ધ્રુવાદિ આઠ) વસુઓ સાથે મરુતવાળા દેવ હો, તો તે (તમે) શંતનુ(ના રાજ્ય)ને માટે પર્જન્યને વરસાવો.

(૧૦-૯૮-૧)

નોંધ : યાસ્કે રજૂ કરેલા ઇતિહાસની પૂર્વભૂમિકા સમજ્યા પછી આ સૂક્તના મંત્રોના અર્થ કરવા સરળ બન્યા છે. અહીં બે ક્ષત્રિય ભાઈઓમાંનો એક જ્યેષ્ઠ ભ્રાતા, કે જે આમ તો બ્રહ્મત્વને મેળવવા માટે પ્રવૃત્ત થયો હતો, તે પોતાના નાના ભાઈના-શંતનુના-રાજ્યની અંદર વૃષ્ટિ થાય એટલા માટે દેવોની સ્તુતિ કરી રહ્યો છે. આ મંત્રમાં દેવાપિએ પહેલાં બૃહસ્પતિને પ્રાર્થના કરી છે. આ બૃહસ્પતિ સૌ દેવોનો પણ પુરોહિત છે. આથી તેના મિત્રાદિ દેવો સાથે અભેદ સાધવો શક્ય છે. વેંકટ માધવ કહે છે કે હે બૃહસ્પતિ ! તું મિત્ર, વરુણ, પૂષા અને આદિત્યો તથા વસુઓની સાથે સંગત થયેલો જે વૃષ્ટિનો સહાયભૂત ઇન્દ્રદેવ છે તે બનીને શંતનુને માટે પર્જન્યને વરસાવો.

आ दे॒वो दू॒तो अजि॒रश्चि॑कि॒त्वान् त्वद्दे॑वापे अ॒भि माम॑गच्छत् ।
प्र॒ती॒ची॒नः प्रति॒ मामा व॑वृत्स्व॒ दधा॑मि ते द्यु॒मतीं॒ वाच॑मा॒सन्
॥२॥

आ । दे॒वः । दू॒तः । अ॒जि॒रः । चि॒कि॒त्वान् । त्वत् । दे॒व॒ऽआ॒पे॒ ।
अ॒भि । माम् । अ॒ग॒च्छ॒त् ।
प्र॒ती॒ची॒नः । प्रति॑ । माम् । आ । व॒वृ॒त्स्व॒ । दधा॑मि । ते॒
द्यु॒ऽमती॑म् । वाच॑म् । आ॒सन् ॥२॥

ᵛदेवः कश्चित् ᵛदूतः ᵛअजिरः गमनशीलः ᵛचिकित्वान् चेतनावान् हे ᵛदेवापे ᵛत्वत् त्वत्तः सकाशात् त्वया प्रेषितः सन् ᵛमाम् ᵛअभि ᵛआ ᵛअगच्छत् अभ्यागच्छतु । हे बृहस्पते ᵛप्रतीचीनः अस्मदभिमुखः ᵛमां ᵛप्रति ᵛआ ᵛववृत्स्व मां प्रत्यागच्छ । ᵛते तुभ्यं त्वदर्थं ᵛद्युमतीं दीप्तियुक्तां ᵛवाचं स्तुतिरूपां ᵛदधामि ᵛआसन् आस्येऽस्मदीये ॥

અનુવાદ (170) : ''હે દેવાપિ ! ચેતનાવાળો/જાણનારો (**चिकित्वान्**), ગમનશીલ (**अजिरः**), એવો કોઈ દેવ દૂત (બનીને), તારી પાસેથી મારી તરફ આવી પહોંચે'' ''(હે બૃહસ્પતિ !) મારી તરફ અભિમુખ થયેલા (**प्रतीचीनः**) (તમે) મારી તરફ આવો. (મારા) મુખ(માં) તમારે માટે દીપ્તિ યુક્ત વાણીને (= આ સ્તોત્રને = સૂક્તને) હું ધારણ કરું છું. (૧૦-૯૮-૨)

નોંધ : પહેલા બે પાદમાં બૃહસ્પતિએ પ્રત્યુત્તર આપ્યો છે. અને પછીના બે પાદમાં, દેવાપિએ ફરીથી બૃહસ્પતિને સંબોધીને કહ્યું હોય એમ લાગે છે. અહીં **आसन्**માંથી **आस्ये** એવો સપ્તમી વિભક્તિપરક અર્થ લેવાનો છે.

अस्मे धे॑हि द्युमती॒ं वाच॑मा॒सन् बृह॑स्पते अनमी॒वामि॑षि॒राम् ।
यया॑ वृ॒ष्टिं शंत॑नवे वना॑व दि॒वो द्र॒प्सो मधु॑मा॒ँ आ वि॑वेश ॥३॥

अ॒स्मे इति॑ । धे॒हि॒ । द्युऽमती॑म् । वाच॑म् । आ॒सन् । बृह॑स्पते । अ॒न॒मी॒वाम् । इ॒षि॒राम् ।
यया॑ । वृ॒ष्टिम् । शम्ऽत॑नवे । वना॑व । दि॒वः । द्र॒प्सः । मधु॑ऽमान् । आ । वि॒वे॒श॒ ॥३॥

हे ᵛबृहस्पते त्वम् ᵛअस्मे अस्मासु ᵛद्युमतीं दीप्तिमतीं ᵛवाचं स्तोत्रात्मिकाम् ᵛआसन् आस्येऽस्मदीये ᵛधेहि स्थापय । कीदृशीं वाचम् । ᵛअनमीवाम् अमीवारहिताम् । वाचोऽमीवा नाम गद्गदादिदोषः । तथा ᵛइषिरां गमनशीलाम् । ᵛयया वाचा स्तुत्यात्मिकया देवानिष्ट्वा ᵛशंतनवे वृष्टिकामाय ᵛवनाव संभजेवहि ᵛवृष्टिं त्वं चाहं च ᵛदिवः द्युलोकात् । त्वयाधिष्ठितः ᵛद्रप्सः उदकस्यन्दः ᵛमधुमान् माधुर्योपेतः ᵛआ ᵛविवेश आविशति । तां वाचमिति समन्वयः ॥

અનુવાદ (171) : હે બૃહસ્પતિ ! તમે અમને ઉદ્દેશીને દીપ્તિયુક્ત વાણી, કે જે (ગદ્ગદ વગેરે થઈ જવા રૂપી) દોષથી મુક્ત હોય (अनमीवाम्), અને જે ગમનશીલ (इषिराम्) હોય તે (વાણી)ને (અમારા) મુખમાં સ્થાપો. જે (વાણી)ના થકી (આપણે બે, તું અને હું) શન્તનુને માટે વૃષ્ટિને મેળવીએ. (હે બૃહસ્પતિ ! તમારાથી અધિષ્ઠિત થયેલ) દ્રપ્સ = ઉદક રૂપી રથવાળો, કે જે મધુમાન (= માધુર્ય ગુણથી યુક્ત) છે તે દ્યુલોકમાંથી (અહીં પૃથિવી લોકમાં) ઊતરી આવે. (૧૦-૯૮-૩)

आ नो॑ द्र॒प्सा मधु॑मन्तो वि॒शन्त्विन्द्र॑ दे॒ह्यधि॑रथं स॒हस्र॑म् ।
नि षी॑द हो॒त्रमृ॑तु॒था य॑जस्व दे॒वान् दे॑वापे ह॒विषा॑ सपर्य ॥४॥

आ । नः॒ । द्र॒प्साः । मधु॑ऽमन्तः । वि॒श॒न्तु॒ । इन्द्र॑ । दे॒हि । अधि॑ऽरथम् । स॒हस्र॑म् ।
नि । सी॒द॒ । हो॒त्रम् । ऋ॒तु॒ऽथा । य॒ज॒स्व॒ । दे॒वान् । दे॒वऽआ॒पे॒ । ह॒विषा॑ । स॒प॒र्य॒ ॥४॥

ᵛनः अस्मान् ᵛद्रप्साः वृष्टिसंस्त्यायाः ᵛमधुमन्तः माधुर्योपेताः ᵛआ ᵛविशन्तु । हे ᵛइन्द्र परमेश्वर बृहस्पते ᵛअधिरथं रथस्याध्युपरि वर्तमानं ᵛसहस्रं सहस्रसंख्याकं धनं ᵛदेहि धेहि । यद्वा । रथमधिकं यस्य सहस्रस्य तादृशं गोसहस्रम् । हे ᵛदेवापे ᵛनि ᵛषीद ᵛहोत्रम् । आर्त्विज्ये निषीद । निषण्णश्च त्वम् ᵛऋतुथा काले काले ᵛयजस्व यष्टव्यान् ᵛदेवान् स्तुत्या ᵛहविषा च ᵛसपर्य परिचर ॥

અનુવાદ (172) : માધુર્યથી યુક્ત એવી વૃષ્ટિના સમૂહો અમને આવી મળો; હે ઇન્દ્ર ! (તમે અમને) રથ ઉપરાંત હજાર (સંખ્યા)વાળું ધન (અથવા-ગાયોનું સહસ્ર) આપો. હે દેવાપિ ! તમે હોતા રૂપે બેસો, સમયે સમયે યજન કરો, અને દેવોની હવિષ વડે સેવા કરો. (૧૦-૯૮-૪)

નોંધ : ગ્રિફિથ કહે છે કે આ મંત્ર શન્તનુ રાજા બોલે છે.

आ॒र्ष्टि॒षे॒णो हो॒त्रमृषि॑र्नि॒षीद॑न् दे॒वापि॑र्देवसु॒म॒तिं चि॑कि॒त्वान् ।
स उत्त॑रस्मा॒दध॑रं समु॒द्रम॒पो दि॒व्या अ॑सृजद्व॒र्ष्या॑ अ॒भि ॥५॥

आ॒र्ष्टि॒षे॒णः । हो॒त्रम् । ऋषि॑ः । नि॒ऽसीद॑न् । दे॒वऽआ॑पिः ।
दे॒व॒ऽसु॒म॒तिम् । चि॒कि॒त्वान् ।
सः । उत्ऽत॑रस्मात् । अध॑रम् । स॒मु॒द्रम् । अ॒पः । दि॒व्याः ।
अ॒सृ॒ज॒त् । व॒र्ष्याः॑ । अ॒भि ॥५॥

ᵛआर्ष्टिषेणः ऋष्टिषेणस्य पुत्रः ᵛदेवापिः ᵛऋषिः ᵛदेवसुमतिं देवानां कल्याणीं मतिं स्तुतिं ᵛचिकित्वान् जानन् ᵛहोत्रं होतृकर्म कर्तुं ᵛनिषीदन् निषण्णो भवति । ᵛस ᵛउत्तरस्मात् उपरि वर्तमानादन्तरिक्षाख्यात् समुद्रात् ᵛअधरम् अधो वर्तमानं पार्थिवं ᵛसमुद्रम् ᵛअभि ᵛदिव्याः दिवि भवाः ᵛवर्ष्याः वर्षभवाः ᵛअपः ᵛअसृजत् सृजतु । अत्र 'आर्ष्टिषेण ऋष्टिषेणस्य पुत्रः' (निरु. २.११) इत्यादि निरुक्तं द्रष्टव्यम् ॥

અનુવાદ (173) : આર્ષ્ટિષેણ (= ઋષ્ટિષેણનો પુત્ર) ઋષિ, નામે દેવાપિ, કે જે દેવોની કલ્યાણકારિણી મતિને (= સ્તુતિને) જાણતો હતો, તે હોતૃકર્મ કરવા બેઠો. તેણે ઉત્તર લોકમાંના = અન્તરિક્ષમાંના (સમુદ્ર)માંથી નીચેના (પાર્થિવ) સમુદ્ર તરફ દિવ્ય લોકમાં જન્મેલી વૃષ્ટિના પાણીને સર્જ્યાં (= વહાવ્યાં = વરસાવ્યાં). (૧૦-૯૮-૫)

નોંધ : देवसुमतिम् = દેવોની કલ્યાણકારિણી મતિને (અર્થાત્ દેવોને જે સ્તુતિથી ખુશ કરી શકાય અને કલ્યાણ મેળવી શકાય એવી સ્તુતિ રચવાની બુદ્ધિ =

વિચારણાને) **चिकित्वान्** = જાણતો અથવા-દેવોની (જળ વર્ષાવનારી =) સુમતિને જાણતો. નિરુક્તના ટીકાકાર દુર્ગાચાર્ય કહે છે કે દેવાપિએ એવી રીતે સ્તુતિ કરી કે જેથી દેવોને પાણી વરસાવવાની બુદ્ધિ થઈ. √**चित्-कित् ज्ञाने** ધાતુનું વર્તમાન કૃદન્ત, પુ. પ્ર. વિ. એ. વ. **नि+षीदन्** = બેઠો, √**सद्**, બેસવું. ૧લો ગણ પરસ્મૈપદ પ્રો. મેકડોનલના મતે injunctive = વિધિમૂલક લકારનું ત્રી.પુ.એ.વ.

'નિરુક્ત' નામના વેદાંગમાં યાસ્કે અન્તરિક્ષના સોળ પર્ય્યાયવાચી શબ્દોની ચર્ચા ઉપાડી છે. તે સોળ નામોમાં 'અન્તરિક્ષ એવા અર્થનો વાચક એક 'સમુદ્ર' શબ્દ પણ છે. આથી વેદમંત્રમાં આવો 'સમુદ્ર' શબ્દ જો વપરાયો હોય તો અભ્યાસીને સંદેહ થવાનો કે 'સમુદ્ર' શબ્દથી 'પૃથિવી ઉપરનો સમુદ્ર' એવો અર્થ લેવો કે 'અન્તરિક્ષલોક' એવો અર્થ લેવો ? આના જવાબમાં યાસ્ક કહે છે કે - **समुद्द्रवन्ति अस्माद् आपः** । 'આમાંથી (નીચે તરફ = પૃથિવી ઉપર) પાણી દ્રવે છે' એવું નિર્વચન લઈએ તો 'સમુદ્ર' શબ્દ અન્તરિક્ષનો વાચક છે; પણ જો **समभिद्रवन्ति एनम् आपः** । 'પાણી જેની = (નિમ્નાનુસારિ = ઢાળ તરફ વહેનારું હોવાથી) આની તરફ (=પૃથિવી લોકના દરિયા તરફ) વહી જાય છે (તે સમુદ્ર)' એવું નિર્વચન લઈએ તો 'સમુદ્ર' શબ્દ પાર્થિવ સમુદ્રનો વાચક બને છે. હવે પ્રશ્ન થાય કે 'સમુદ્ર' શબ્દનો આવો સંદેહ ઊભો થાય એવો પ્રયોગ ક્યાં = કયા વેદ મન્ત્રમાં થયો છે ? તો યાસ્કે પ્રસ્તુત ૧૦-૯૮-૫ મન્ત્રને ઉદ્ધૃત કર્યો છે. [યાસ્કે 'નિઘણ્ટુ' નામના એક વૈદિક શબ્દકોશમાં સંગૃહીત અન્તરિક્ષાદિ શબ્દો, અને તેના પર્ય્યાયવાચી 'સમુદ્ર' વગેરે શબ્દોનું નિર્વચન કરી, તેમના અર્થ નિર્ણય કરી આપ્યા તેની સાથે સાથે, તે તે શબ્દો જ્યાં વપરાયા છે તેવા વેદમંત્રોને ઉદ્ધૃત કરીને, તેમને પણ પૂરેપૂરા સમજાવ્યા છે. વળી આ મંત્રો જે સૂક્તમાં આવતા હોય તે સૂક્ત સાથે જો કોઈ 'ઇતિહાસ' સંકળાયેલો હોય તો તેને પણ પૂરી વિગતે રજૂ કરે છે. જેમકે, આ ૧૦-૯૮ સૂક્ત સાથે સંકળાયેલી દેવાપિ અને શન્તનુની ઇતિહાસવાર્તા તેમણે કહી છે. અને પાછળના સમયમાં વેંકટ-માધવ અને સાયણ જેવા ભાષ્યકારોને પણ તેમાંથી ઘણું માર્ગદર્શન મળ્યું છે.]

પ્રસ્તુત મંત્રમાં **उत्तरस्माद्** એવા સાપેક્ષ શબ્દની પાછળ **समुद्राद्** એવા શબ્દનો અધ્યાહાર લેવાનો છે, અને અહીં એનો અર્થ ''ઉપરના (અન્તરિક્ષ)માંથી' એવો થશે. આ મન્ત્રમાંનો, ત્યાર પછીનો **समुद्रम्** એવો શબ્દ પૃથિવીલોક ઉપરના દરિયાનો વાચક છે. યાસ્ક કહે છે કે **देवापिः देवानाम् आप्त्या, स्तुत्या च प्रदानेन च** । (નિરુક્ત-૨) ''દેવાપિ' એવા નામનો = શબ્દનો અર્થ 'સ્તુતિ દ્વારા કે (હવિષ્) આપવા વડે જેણે દેવોને મેળવ્યા છે'' તે 'દેવાપિ' એમ કરવાનો છે. વિશેષ જિજ્ઞાસુએ-નિરુક્ત-૧,૨,૪ અને ૭ સં. વસન્તકુમાર ભટ્ટ, સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ, પૃ. ૧૪૦ જોવું. ત્યાં આ મંત્રના સમગ્ર શબ્દોના એકવિધ નિર્વચનો જોવા મળશે.

अ॒स्मिन्त्स॑मु॒द्रे अध्युत्त॑रस्मि॒न्नापो॑ दे॒वेभि॒र्निर्वृ॑ता अतिष्ठन् ।
ता अ॑द्रवन्नार्ष्टिषे॒णेन॑ सृ॒ष्टा दे॒वापि॑ना॒ प्रेषि॑ता मृ॒क्षिणी॑षु ॥६॥

अ॒स्मिन् । स॒मु॒द्रे । अधि॑ । उत्ऽत॑रस्मिन् । आप॑ः । दे॒वेभि॑ः ।
निऽवृ॑ताः । अ॒ति॒ष्ठ॒न् ।
ताः । अ॒द्र॒व॒न् । आ॒र्ष्टि॒षे॒णेन॑ । सृ॒ष्टाः । दे॒वऽआ॑पिना ।
प्रऽइ॑षिताः । मृ॒क्षिणी॑षु ॥६॥

ᵛअस्मिन् पार्थिवे ᵛसमुद्रे पूरणीये सति । ᵛअधि इति सप्तम्यर्थानुवादी । ᵛउत्तरस्मिन् समुद्रे अन्तरिक्षाख्ये ᵛआपः उदकानि ᵛदेवेभिः द्योतमानैः ᵛनिवृताः निरुद्धाः ᵛअतिष्ठन् । ᵛता आपः ᵛआर्ष्टिषेणेन ऋष्टिषेणस्य पुत्रेण ᵛदेवापिना ᵛसृष्टाः ᵛप्रेषिताः प्रकर्षेणेच्छां प्राप्ताः काङ्क्षिताः ᵛमृक्षिणीषु मृष्टवतीषु परिमृष्टासु स्थलीषु ᵛअद्रवन् स्रवन्ति ॥१२॥

અનુવાદ (174) : આ (પાર્થિવ) સમુદ્ર (ભરવાનો) હતો ત્યારે, ત્યાં ઉપરના (સમુદ્ર=અન્તરિક્ષ)માં દેવો વડે નિરોધી રખાયેલાં જળ ઊભાં રહ્યાં હતાં. પ્રકૃષ્ટપણે ઇચ્છવામાં આવેલાં તે (જળ) આર્ષ્ટિષેણ (= ઋષ્ટિષેણના પુત્ર) દેવાપિ વડે મુક્ત (પણ) કરાયાં; અને તે (જળ) સૂકી ભૂમિ ઉપર સરક્યાં-વરસ્યાં. (૧૦-૯૮-૬)

નોંધ : **अस्मिन् समुद्रे**માં સતિ સપ્તમી છે એમ સાયણ કહે છે : 'આ = પાર્થિવ સમુદ્ર ભરવાનો બાકી હતો ત્યારે' અને **अधि** તે સપ્તમ્યર્થક પદ ગણીને '**तत्र** = ત્યાં' એવો અર્થ સમજવો. **देवेभिः निवृताः = निरुद्धाः आपः उत्तरस्मिन् (=समुद्रे = अन्तरिक्षे) अतिष्ठन् ।** એવો અન્વય છે. અહીં **प्रेषिताः**નો અર્થ 'મોકલેલાં' એવો લેવાનો નથી; કારણ કે પદપાઠકારે **प्रऽइषिताः ।** એવો પદચ્છેદ કર્યો છે. √**इष्** 'ઇચ્છા કરવી' ધાતુનું પ્રેરક કર્મણિ ભૂતકૃદન્ત **इषित** થાય. આથી ''પ્રકૃષ્ટપણે ઇચ્છવામાં આવેલાં (જળ)'' એવો અર્થ થશે. તે દેવાપિ વડે **सृष्टाः** = છૂટાં કરાયાં, મુક્ત કરાયાં. આથી **ताः (आपः)** = તે (જળ) **मृक्षिणीषु = परिमृष्टासु स्थलीषु** સૂકાઈ ગયેલી (કે ખેડાયેલી ?) જમીન ઉપર **अद्रवन्** સરક્યાં-વહેવા લાગ્યાં.

यद्दे॒वापि॒ः शंत॑नवे पु॒रोहि॑तो हो॒त्राय॑ वृ॒तः कृ॒पय॒न्नदी॑धेत् ।
दे॒व॒श्रुत॑ं वृष्टि॒वनि॒ं ररा॑णो॒ बृह॒स्पति॒र्वाच॑मस्मा अयच्छत् ॥७॥

यत् । दे॒वऽआ॑पिः । शम्ऽत॑नवे । पु॒रःऽहि॑तः । हो॒त्राय॑ । वृ॒तः । कृ॒पय॑न् । अदी॑धेत् ।
दे॒व॒ऽश्रुत॑म् । वृ॒ष्टि॒ऽव॒नि॑म् । ररा॑णः । बृह॒स्पति॑ः । वाच॑म् । अ॒स्मै॒ । अ॒य॒च्छ॒त् ॥७॥

ᵛयत् यदा ᵛदेवापिः आर्ष्टिषेणः ᵛशंतनवे स्वभ्रात्रे कौरव्याय ᵛपुरोहितः सन् ᵛहोत्राय होत्रार्थं ᵛवृतः सन् ᵛदेवश्रुतम् । देवा एनं शृण्वन्तीति देवश्रुत् । तं तथा ᵛवृष्टिवनिं वृष्टियाचिनं बृहस्पतिम् ᵛअदीधेत् अन्वध्यायत् स च ᵛरराणः रममाणः ᵛबृहस्पतिः देव ᵛअस्मै देवापये ᵛवाचम् ᵛअयच्छत् ॥

અનુવાદ (175) : જ્યારે પુરોહિત દેવાપિ હોતૃકર્મ માટે પસંદ કરવામાં આવ્યો, (ત્યારે) કૃપા કરતાં તેણે શન્તનુને માટે દેવો જેને સાંભળે છે તેવા, અને વૃષ્ટિની યાચના કરનાર એવા (બૃહસ્પતિ)નું ધ્યાન ધર્યું. (આ સમયે) દાન આપનાર (**रराणः**) બૃહસ્પતિએ આ (દેવાપિ)ને વાણી આપી. (૧૦-૯૮-૭)

નોંધ : આ મન્ત્રમાં **देवापिः शंतनवे अदीधेत्** એવું સાદું વાક્ય પહેલા બે પાદમાં આવેલું છે; પણ **अदीधेत्**ના કર્મ તરીકે 'કોનું ધ્યાન ધર્યું ?' એવો પ્રશ્ન થાય તો તેના કર્મવાચક બે પદો ત્રીજા પાદમાં **देवश्रुतं** અને **वृष्टिवनं**- પડેલાં છે, (ભાષ્યકારોએ પણ આવો જ અન્વય ગોઠવેલો છે.) પરંતુ છન્દોબદ્ધ મંત્રમાં આવી વાક્યરચના થોડીક અસ્વાભાવિક જણાય છે. સામાન્ય રીતે એક પાદમાં (કે ક્યારેક બે પાદમાં) એક વાક્ય સમ્પન્ન થઈ જતું જોવા મળે છે. (એવું અહીં થતું નથી.)

यं त्वा॑ दे॒वापि॑ः शुशुचा॒नो अ॑ग्न आर्ष्टिषे॒णो म॑नु॒ष्य॑ः समी॒धे ।
विश्वे॑भिर्दे॒वैर॑नुम॒द्यमा॑न॒ः प्र प॒र्जन्य॑मीरया वृष्टि॒मन्त॑म् ॥८॥

यम् । त्वा॒ । दे॒वऽआ॑पिः । शु॒शु॒चा॒नः । अ॒ग्ने॒ । आ॒र्ष्टि॒षे॒णः । म॒नु॒ष्य॑ः । स॒म्ऽई॒धे ।
विश्वे॑भिः । दे॒वैः । अ॒नु॒ऽम॒द्यमा॑नः । प्र । प॒र्जन्य॑म् । ई॒र॒य । वृ॒ष्टि॒ऽमन्त॑म् ॥८॥

हे ᵛअग्ने ᵛयं ᵛत्वा त्वां ᵛशुशुचानः स्तोत्रेण ज्वलन् ᵛमनुष्यः ᵛआर्ष्टिषेणः ᵛदेवापिः ᵛसमीधे सम्यग्दीपयति स त्वं ᵛविश्वेभिः सर्वैः ᵛदेवैः ᵛअनुमद्यमानः अनुमाद्यमानः सन् ᵛपर्जन्यं मेघं ᵛवृष्टिमन्तं

वर्षणवन्तं ᵛप्र ᵛईरय गमय ॥

અનુવાદ (176) : હે અગ્નિ ! જેને (એટલે કે) તને સ્તોત્ર (વડે) પ્રજ્વલિત કરતો આ માણસ (નામે) આર્ષ્ટિષેણ દેવાપિ સમ્યગ્ પ્રકારે સળગાવે છે, તે તું બધા દેવો વડે મદમસ્ત કરવામાં આવતો, (તું) વરસનારા પર્જન્ય (= મેઘ)ને પ્રેર (મોકલ). (૧૦-૯૮-૮)

નોંધ : સાયણે **समीधे**ને ક્રિયાપદ રૂપે લીધું છે. **समीधे-सम् + √इध्-** 'સળગાવવું' ૭મો ગણ; આત્મનેપદ પરોક્ષ ભૂતકાળ ત્રી. પુ. એ. વ. પણ વેંકટ માધવે એનો અર્થ **सामिधेनीभिः** એવો લીધો છે. આથી મન્ત્રાર્થ આમ થશે : હે અગ્નિ ! તને સામિધેનીઓ વડે દેવાપિ આર્ષ્ટિષેણ નામનો માણસ પ્રજ્વલિત કરે છે; તે તું બધા દેવો વડે અનુમોદન પામતો અથવા પ્રસન્ન કરાતો (**अनुमद्यमानः = अनुमोद्यमानः**) વૃષ્ટિવાળા મેઘને પ્રેર (= મોકલી આપ); ['સામધેની' એટલે એક પ્રકારના પ્રાર્થનામંત્ર, કે જેનો પાઠ યજ્ઞાગ્નિ પ્રજ્વલિત કરતી વેળાએ; અથવા હવનમાં સમિધાઓ નાખતી વખતે કરવામાં આવે છે.'] **शुशुचानः-√शुच्** 'પ્રકાશવું' ૧લો ગણ, આત્મનેપદ, પૌનઃપુન્યાર્થક વર્તમાનકૃદન્ત પુ. પ્ર. વિ. એ. વ.

त्वां पूर्व ऋष॑यो गी॒र्भिरा॑य॒न् त्वाम॑ध्व॒रेषु॑ पुरुहू॒त विश्वे॑ ।
स॒ह॒स्राण्यधि॑रथान्य॒स्मे आ नो॑ य॒ज्ञं रो॑हिद॒श्वोप॑ याहि ॥९॥

त्वाम् । पूर्वे॑ । ऋष॑यः । गी॒ःऽभिः । आ॒य॒न् । त्वाम् ।
अ॒ध्व॒रेषु॑ । पु॒रु॒ऽहू॒त । विश्वे॑ ।
स॒हस्रा॑णि । अधि॑ऽरथानि । अ॒स्मे इति॑ । आ । न॒ः । य॒ज्ञम् ।
रो॒हि॒त्ऽअ॒श्व॒ । उप॑ । या॒हि॒ ॥९॥

हे अग्ने ᵛत्वां ᵛपूर्वे ᵛऋषयः ᵛगीर्भिः स्तुतिभिः ᵛआयन् आगच्छन् । तथा हे ᵛपुरुहूत बहुभिराहूताग्ने ᵛविश्वे सर्वेऽपीदानींतना यजमानाः ᵛअध्वरेषु यज्ञेषु स्तुतिभिः गच्छन्तीति शेषः । किंच ᵛसहस्राणि सहस्रसंख्यानि गोयूथानि ᵛअधिरथानि रथाधिकानि ᵛअस्मे अस्माकं शंतनुना दक्षिणात्वेन संकल्पितानि भवन्त्विति शेषः । हे ᵛरोहिदश्व ᵛनो ᵛयज्ञम् ᵛउप ᵛयाहि उपागच्छ ॥

અનુવાદ (177) : (હે અગ્નિ !) પૂર્વેના ઋષિઓ તમારી પાસે વાણી (=સ્તુતિ)ઓ વડે પહોંચ્યા હતા. તથા હે પુરુહૂત (= ઘણા વડે બોલાવાતા અગ્નિ) ! (અત્યારે પણ) બધા (યજમાનો), યજ્ઞોમાં (સ્તુતિઓ વડે) તમારી પાસે

(જાય છે). વળી, રથ જેમાં અધિક છે તેવા હજારો (ગાયોના યૂથ) અમારે ત્યાં (શન્તનુ વડે દક્ષિણા રૂપે નક્કી કરાયેલા હજો). હે રોહિદશ્વ (= લાલ રંગના અશ્વોવાળા) ! અમારા યજ્ઞમાં (તમે) આવી પહોંચો. (૧૦-૯૮-૯)

નોંધ : ૧. આ મન્ત્રના ત્રીજા ચરણમાં કોઈ ક્રિયાપદ નહીં હોવાથી સાયણે **अस्मे = अस्माकं** એવો અર્થ લઈને (શન્તનુ વડે દક્ષિણારૂપે નક્કી કરેલા) "**भवन्तु** = હજો" એવા પદનો અધ્યાહાર લીધો છે. અને એ રીતે વાક્યપૂર્તિ કરી છે. પરંતુ વેંકટમાધવે અહીં **प्रयच्छन्** એવા પદનો અધ્યાહાર ગણી, એમ માન્યું છે કે દેવાપિએ અગ્નિ પાસે એવી પ્રાર્થના કરી છે કે અધિરથ એવા સહસ્રો, જે શન્તનુ વડે દક્ષિણા રૂપે નક્કી કરાયા છે તે તમે આપો. (જો કે આવો જ અર્થ સાયણભાષ્યની પાદટીપ-૨માં પાઠાન્તર રૂપે જોવા મળે છે : રથની ઉપર રહેલા હજારની સંખ્યાવાળા ધન અમને (તમે) આપો.)

૨. આ મંત્રમાં 'હે અગ્નિ !' એવું સંબોધનં પ્રકટપણે આવતું નથી, પણ **अध्वरेषु पुरुहूत** વગેરે શબ્દોથી (ભક્તિ સાહચર્યથી) એવું નક્કી કરી શકાય છે કે આ મન્ત્રની દેવતા અગ્નિ જ છે. (જુઓ = નિરુક્ત-૭/૩) એ જ પ્રમાણે, ઋગ્વેદમાં ઇન્દ્રને જેમ 'હરિદશ્વ' (લીલા રંગના અશ્વવાળો) કહેવાય છે તેમ અગ્નિને 'રોહિદશ્વ' (લાલ રંગના અશ્વવાળો) કહેવાય છે. આથી પણ આ અનાદિષ્ટ દેવતાવાળા મન્ત્રનો દેવતા અગ્નિ જ છે એમ નક્કી થઈ શકે છે.

૩. **सहस्राणि अधिरथानि**નો ગ્રિફીથે જુદો અર્થ આપ્યો છે. જેમ કે 'હે અગ્નિદેવ ! હજારો રથ ભરીને ઈંધણ અમે (યજ્ઞ માટે લાવ્યા છીએ) માટે તમે અમારા યજ્ઞમાં આવો.' અહીં ભાષ્યકારોએ કરેલું અર્થઘટન યાજ્ઞિક પરંપરાને અનુકૂળ છે, જ્યારે અર્વાચીન વિદ્વાનોએ શબ્દાર્થને અગ્નિદેવના સન્દર્ભને પ્રાધાન્ય આપ્યું છે.]

ए॒तान्य॑ग्ने न॒व॒तिर्नव॒ त्वे आहु॑ता॒न्यधि॑रथा स॒हस्रा॑ ।
तेभि॑र्वर्धस्व त॒न्व॑ः शूर पू॒र्वीर्दि॒वो नो॑ वृ॒ष्टिमि॑षि॒तो रि॑रीहि
॥१०॥

ए॒तानि॑ । अ॒ग्ने॒ । न॒व॒तिः । नव॑ । त्वे इति॑ । आऽहु॑तानि । अधि॑ऽरथा । स॒हस्रा॑ ।
तेभिः॑ । व॒र्ध॒स्व॒ । त॒न्व॑ः । शू॒र॒ । पू॒र्वीः । दि॒वः । न॒ः । वृ॒ष्टिम् । इ॒षि॒तः । रि॒री॒हि॒ ॥१०॥

हे ᵛअग्ने गवां ᵛनवतिः ᵛनव च तथा ᵛएतानि अधिरथानि

ᵛसहस्राणि च रथाधिकानि गवां सहस्राणि च ᵛत्वे त्वयि ᵛआहुतानि त्वयि प्रीणयितव्ये सत्याहुतानि । यद्वा । त्वे त्वयि आहुतानि समर्पितानीत्यर्थः । ᵛतेभिः तैः प्रत्तैः पूर्वीः बह्वीः ᵛतन्वः तनूः युष्मदीयाः ᵛवर्धस्व वर्धय । ᵛनः अस्मदर्थं ᵛदिवः द्युलोकात् ᵛवृष्टिम् ᵛइषितः प्रार्थितः सन् ᵛरिरीहि पूरय ।

અનુવાદ (178) : હે અગ્નિ ! તમને (ગાયોના) નેવું અને નવ (= ૯૯ ગાયો); તથા રથ જેમાં અધિક છે તેવાં (ગાયોનાં) હજારો (યૂથ) (તમને) સમર્પિત કર્યાં છે. (અથવા, તમને ખુશ કરવા અહીં બોલાવ્યા છે.) હે શૂર ! તેના વડે (તમારાં) ઘણાં બધાં શરીરોને વધારો; અને પ્રાર્થવામાં આવેલા (તમે) (**इषितः सन्**) દ્યુલોકમાંથી અમારા માટે વૃષ્ટિને આપો (= મોકલો). (૧૦-૯૮-૧૦)

નોંધ : ૧. વેંકટમાધવે **तन्वः पूर्वीः**નો અર્થ ('અગ્નિનાં) ઘણાં શરીરો' એવો લીધો નથી, પણ સાયણથી જુદો જ અર્થ કર્યો છે. જેમ કે 'મનુષ્યોનાં અનાવૃષ્ટિથી સુકાઈ ગયેલાં શરીરો (એને માટે વૃષ્ટિ લઈ આવો)'.

૨. **रिरीहि-√रा** 'આપવું', ૩જો ગણ, આજ્ઞાર્થ બી. પુ. એ. વ. त॒न्वः । માં 'જાત્ય સ્વતન્ત્ર સ્વરિત' છે (અને તેની પાછળ शू॒र । એવું સર્વાનુદાત્ત પદ હોવાથી તે સ્વતન્ત્ર સ્વરિતમાં કંપ જન્મ્યો નથી.)

ए॒तान्य॑ग्ने न॒वतिं स॒हस्रा॒ सं प्र य॑च्छ॒ वृष्ण॒ इन्द्रा॑य भा॒गम् ।
वि॒द्वान् प॒थ ऋ॑तु॒शो दे॑व॒याना॒नप्यौ॑ला॒नं दि॒वि दे॒वेषु॑ धेहि
॥११॥

ए॒तानि॑ । अ॒ग्ने॒ । न॒व॒तिम् । स॒हस्रा॑ । सम् । प्र । य॒च्छ॒ । वृष्णे॑ । इन्द्रा॑य । भा॒गम् ।
वि॒द्वान् । पथः । ऋ॒तु॒ऽशः । दे॒व॒ऽयाना॑न् । अपि॑ । औ॒ला॒नम् । दि॒वि । दे॒वेषु॑ । धे॒हि॒ ॥११॥

हे ᵛअग्ने गवाम् ᵛएतानि ᵛनवतिं ᵛसहस्रा सहस्राणि च ᵛवृष्णे वर्षित्रे ᵛइन्द्राय ᵛभागं ᵛसं ᵛप्र ᵛयच्छ । तत्प्रीत्यर्थमृत्विगम्यो देहि । किंच ᵛदेवयानान् ᵛपथः देवयानान् । मार्गान् ᵛविद्वान् त्वम् ᵛऋतुशः काले काले ᵛऔलानम् ᵛअपि कुरुकुलजातमपि शान्तनवं ᵛदेवेषु मध्ये ᵛधेहि निधेहि स्थापय ॥

અનુવાદ (179) : હે અગ્નિ ! (ગાયોના) આ નેવું હજાર તમે વરસનાર (=વરસાદ આપનાર) ઇન્દ્રને (એના) ભાગ (રૂપે) આપો (= પહોંચાડો). સમયે

સમયે દેવયાન માર્ગોને જાણતા એવા તમે (અગ્નિદેવ) આ ઔલાન (= કુરુકુળમાં જન્મેલા શાન્તનવ)ને પણ દ્યુલોકમાં દેવોની વચ્ચે સ્થાપો. (૧૦-૯૮-૧૧)

નોંધ : ૧. વેંકટમાધવ કહે છે કે ગાયોના નેવું હજાર, કે જે ઇન્દ્રનો ભાગ બનેલા છે તે, વરસનાર ઇન્દ્રને માટે અર્થાત્ ઇન્દ્રને ખુશ કરવા માટે ઋત્વિજોને આપો. ૨. 'ઔલાન' એટલે ઉલાન કુળમાં જન્મેલા શન્તનુ (વેંકટમાધવ મુજબ), અથવા કુરુકુળમાં જન્મેલા શન્તનુના પુત્રો (સાયણ મુજબ). પણ ગ્રિફિથ કહે છે કે કેટલાક વિદ્વાનોના મતે 'યજ્ઞનું આહુતિદ્રવ્ય' તે ઔલાન છે. ૩. પ્રા. મૂર નોંધે છે કે દેવાપિ આ સૂક્તના દ્રષ્ટા તરીકે અને એના ભાઈ શન્તનુના પુરોહિત-હોતા તરીકે પ્રસિદ્ધ છે. તેથી પૌરાણિક કથાઓના લખનારાઓએ દેવાપિના (ક્ષત્રિયમાંથી) બ્રાહ્મણ બન્યાની કથા ઉપસાવી કાઢી છે. પ્રા. વેબરે જણાવ્યું છે તેમ આ કથા મહાભારતના શલ્યપર્વમાં મળે છે. અહીં બતાવ્યું છે કે પૃથૂદક નામના તીર્થમાં દેવાપિએ આ બ્રાહ્મણત્વ મેળવ્યું છે. એ જ સ્થળે સિન્ધુદ્વીપ અને વિશ્વામિત્રે પણ ઉચ્ચ જ્ઞાતિ/વર્ણમાં સ્થાન મેળવ્યું હતું—આવી નોંધ ગ્રિફીથે આપી છે.

अग्ने॒ बाध॑स्व॒ वि मृधो॒ वि दु॒र्गहापामी॑वा॒मप॒
रक्षां॑सि सेध ।
अ॒स्मात्स॑मु॒द्राद्बृ॑ह॒तो दि॒वो नो॒ऽपां भू॒मान॒मुप॑ नः सृजे॒ह
॥१२॥

अग्ने॑ बाध॑स्व । वि । मृध॑ः । वि । दु॒ःऽगहा॑ । अप॑ ।
अमी॑वाम् । अप॑ । रक्षां॑सि । से॒ध॒ ।
अ॒स्मात् । स॒मु॒द्रात् । बृ॒ह॒तः । दि॒व॒ः । न॒ः । अ॒पाम् ।
भू॒मान॑म् । उप॑ । न॒ः । सृ॒ज॒ । इ॒ह ॥१२॥

हे ᵛअग्ने ᵛदुर्गहा दुर्गहाणि दुःखेन गाहितव्यानि शत्रुपुराणि ᵛवि ᵛबाधस्व । तथा ᵛअमीवां रोगम् ᵛअप ᵛसेध । तथा ᵛरक्षांसि ᵛअप सेध अपवारय । अस्मात् ᵛसमुद्रात् समुद्रवणसाधनात् ᵛबृहतः महतः ᵛदिवः द्युलोकादन्तरिक्षाद्वा ᵛअपाम् उदकानां ᵛभूमानं बहुभावं वृष्टिसंस्त्यायम् ᵛइह अस्मिँल्लोके ᵛउप ᵛसृज प्रयच्छेत्यर्थः ॥

અનુવાદ (180) : હે અગ્નિ ! શત્રુઓ (**मृधः**)ને રોકો, અને દુઃખપૂર્વક પ્રવેશી શકાય એવા (શત્રુઓનાં) પુરોને પણ બંધ કરો. રોગ (**अमीवाम्**)ને રોકો અને રાક્ષસોને દૂર હટાવો. આ મોટા ચમકતા સમુદ્ર = અન્તરિક્ષમાંથી અમારે માટે જળનાં

વિશાળ (સમૂહો) અમારે ત્યાં (**नः इह**), નજીક લઈ આવો (**उप सृज**)।
(૧૦-૯૮-૧૨)

નોંધ : પહેલા પાદમાં હે **अग्ने ! (त्वं) मृधः = शत्रून् वि बाधस्व ।** કહ્યા પછી, **दुर्गहा वि** એટલું જ કહ્યું છે. પણ **वि** ઉપસર્ગની મદદથી **बाधस्व**નો આક્ષેપ સમજી લેવાનો છે. [વેદના ઋષિએ ક્યારેક કેવળ ઉપસર્ગથી જ ક્રિયાપદનું કામ લીધું છે. આ પદકૃત લાઘવનું ઉદાહરણ છે. **वि** ઉપસર્ગમાં જ એટલું સામર્થ્ય છે કે તેના થકી **बाधस्व**નો બોધ વાચકને થઈ જવાનો છે એમ કવિ સમજે છે. વૈદિક વાક્યરચનાની આ વિશેષતા અનેક સ્થળે જોવા મળે છે.] **दूर्-गहा**નો અર્થ 'દુઃખપૂર્વક અવગાહન કરી શકાય એવાં (શત્રુઓનાં) પુરો = નગરો'. ૨. બીજા પાદમાં પણ **रक्षांसि अप सेध** કહીને, **अमीवाम् अप ।** એટલું જ કહ્યું છે. અહીં પણ બીજા **अप** ઉપસર્ગથી **सेध** ક્રિયાપદનો આક્ષેપ થઈ જાય છે એમ સમજવાનું છે. ૩. **रक्षस्** = રાક્ષસડું. વેદમાં તિરસ્કાર બતાવવા આ શબ્દ નપુંસકલિંગમાં પણ મળે છે તે નોંધપાત્ર છે. ૪. **दिवः**નો સાયણે દ્યુલોકમાંથી અથવા અન્તરિક્ષમાંથી એવો અર્થ લીધો છે. પણ વેંકટમાધવે તેનો યૌગિકાર્થ **दीप्तात्-** ચમકતા, પ્રકાશતા એવો લીધો છે, (અને અગાઉ મંત્ર-૫માં કહ્યા મુજબ 'સમુદ્ર' શબ્દનો અર્થ અન્તરિક્ષ થઈ જ શકવાનો છે.)

[10.103] (1 to 13)

વીર ઈન્દ્રની પ્રશંસા

'आशुः शिशानः' इति त्रयोदशर्चं चतुर्थं सूक्तमिन्द्रपुत्रस्याप्रतिरथनाम्न आर्षम् । त्रयोदश्यनुष्टुप् शिष्टास्त्रिष्टुभः । 'बृहस्पते परि दीय' इत्यस्या बृहस्पतिर्देवता । 'अमीषां चित्तम्' इत्यस्या अप्वाख्या देवी देवता । शिष्टा ऐन्द्र्यः । त्रयोदशी विकल्पेन मारूती । तथा चानुक्रान्तम् - 'आशुः सप्तोनैन्द्रोऽप्रतिरथश्चतुर्थी बार्हस्पत्योपान्त्याप्वादेव्यन्त्यानुष्टुब्मारुती वा' इति । साग्निचित्ये क्रतौ चित्यग्निषु प्रणीयमानेषु दक्षिणतो व्रजता ब्रह्मणैतत्सूक्तं जप्यम् । तथा च सूत्रितं—'दक्षिणतश्च व्रजञ्जपण्त्याशुः शिशान इति सूक्तं समाप्य' (आश्व. श्रौ. १.१२) इति । 'ब्रह्माप्रतिरथं जपित्वा' (आश्व. श्रौ. ४.८) इति च । युद्धार्थं राज्ञः संनहनेऽनेन सूक्तेन राजेक्षितव्यः । सूत्रितं च—'अथैनमन्वीक्षेताप्रतिरथशाससौपर्णैः (आश्व. गृ. ३. १२.१३) इति ॥

આ સૂક્તના દ્રષ્ટા ઋષિ 'અપ્રતિરથ નામના ઈન્દ્રપુત્ર' છે. આશ્વલાયન ગૃહ્યસૂત્ર (૩-૧૨-૧૩) કહે છે તે મુજબ યુદ્ધ કરવા સજ્જ થતા રાજાને માટે વિજયની કામના કરવા, શત્રુઓને હરાવવા આ સૂક્તનો પાઠ કરવો જોઈએ- આ સૂક્તથી યજ્ઞ કરવો જોઈએ. ઋગ્વેદમાં ઈન્દ્રદેવતાની સ્તુતિ પ્રાધાન્યેન વૃત્ર, વલ, અહિ જેવા રાક્ષસોને

હણીને, વાદળોમાં જકડી રખાયેલાં પાણીને વરસાવનાર દેવ તરીકે થાય છે. આથી તે વીજળી અને વંટોળ સાથે ફરતો-આવતો 'મરુત્વાન્' દેવ પણ કહેવાય છે. આ ઉપરાંત ઋગ્વેદમાં ઇન્દ્ર એક પુરભિદ્, પુરન્દર (નગરને તોડનારો), શત્રુઓને હરાવનાર-અર્થાત્ એક યુદ્ધના દેવતા રૂપે પણ વારંવાર સ્તવાયો છે. પ્રસ્તુત સૂક્તમાં પણ ઇન્દ્રનાં જે જે પરાક્રમો, શક્તિઓ અને પ્રશંસાપરક વિશેષણો વપરાયાં છે તે એમ સ્પષ્ટપણે બતાવે છે કે અહીં (૧૦-૧૦૩માં) પણ કવિ 'યુદ્ધના દેવ તરીકે જ ઇન્દ્રની પ્રશંસા કરવા ચાહે છે. પહેલા જ મંત્રમાં શીંગડાને તીક્ષ્ણ કરતા ભયાનક વૃષભની સાથે ઇન્દ્રને સરખાવીને કહ્યું છે કે ઇન્દ્રે એકી સાથે સો સેનાઓ જીતી લીધી ! આ ઇન્દ્ર આશુ, ઘનાઘન, શોભણ, સંક્રન્દન, અનિમિષ અને એકવીર છે. તે એકઠા મળીને આવેલા શત્રુઓને જીતનારો (સંસૃષ્ટિજિત) અને સોમ પીનારો દેવ છે. તે ગોત્રભિદ્ (વાદળને તોડનાર) હોવા ઉપરાંત જૈત્ર (જયશીલ), દુશ્ચ્યવન, પૃતનાષાટ્ અને શતમન્યુ પણ છે. આથી તેને વજ્રબાહુ, વૃત્રહન્ અને મધુવન્ એવાં ઉપનામો પણ મળ્યાં છે. કવિ આવા ઇન્દ્રને રથમાં બેસાડીને યુદ્ધ પ્રસંગે આગળ મોકલી પોતાની સેના એની પાછળ પાછળ વીર કર્મ કરવા દોડે એમ ઇચ્છે છે. કવિ ૧૨મા મંત્રમાં એમ પણ ઇચ્છે છે કે શત્રુસેનાને અપ્વા (વ્યાધિ) દેવી મોહ પમાડે અને એમનાં હૃદયોને બાળી નાખે. જેથી કરીને વિજયની પ્રાપ્તિ સરળ બને ! આ સૂક્તનું 'રુદ્રી' = **रुद्राष्टाध्यायी**માં ત્રીજા અધ્યાયરૂપે સંકલન કરવામાં આવ્યું છે.

ઋષિ : (ઐન્દ્ર) અપ્રતિરથ; છન્દ : ૧ થી ૧૨ મન્ત્રોમાં ત્રિષ્ટુપ્ અને ૧૩મા મન્ત્રમાં અનુષ્ટુપ્; દેવતા : જથા મન્ત્રની બૃહસ્પતિ, ૧૨ માની આપ્વા દેવી અને બાકીના મન્ત્રોની દેવતા ઇન્દ્ર છે; ૧૩મી ઋચા વિકલ્પે મરુત્ દેવતાવાળી પણ ગણાય છે.

आ॒शुः शिशा॑नो वृष॒भो न भी॒मो घ॑नाघ॒नः क्षोभ॑णश्चर्ष॑णी॒नाम् ।
सं॒क्रद॑नोऽनिमि॒ष ए॑कवी॒रः श॒तं॑ सेना॑ अजयत्सा॒कमिन्द्र॑ः ॥१॥

आ॒शुः । शिशा॑नः । वृ॒ष॒भः । न । भी॒मः । घ॒ना॒घ॒नः । क्षोभ॑णः । च॒र्ष॒णी॒नाम् ।
स॒म्ऽक्रन्द॑नः । अ॒नि॒ऽमि॒षः । ए॒क॒ऽवी॒रः । श॒तम् । सेना॑ः । अ॒ज॒य॒त् । सा॒कम् । इन्द्र॑ः ॥१॥

अयमिन्द्रः ᵛआशुः शीघ्रकारी व्यापको वा ᵛशिशानः निशितः । शत्रूणां भयजनक इत्यर्थः । क इव । ᵛवृषभो ᵛन ᵛभीमः । बिभेत्यस्मादिति भीमः । तादृशो वृषभ इव । स यथा तीक्ष्णाभ्यां शृङ्गाभ्यां भीमो भवति तद्वत् । अथवा शिशानस्तीक्ष्णमतिः । व्यत्ययेनात्मनेपदम् ।

वृषभो न भीमः वृषभो यथा शृङ्गाभ्यां भयजनकः तद्वच्छत्रूणां भयजनकश्च । घनाघनः घातकः शत्रूणाम् । हन्तेः पचाद्यचि 'हन्तेर्घश्च' (पा. सू. ६.१.१२.७) इति द्विर्वचनमभ्यासस्याडागमो घत्वं च धात्वभ्यासयोः । ᵛचर्षणीनाम् । चर्षणयो मनुष्याः । मनुष्याणां द्वेष्याणां ᵛक्षोभणः क्षोभयिता । ᵛसंक्रन्दनः सम्यक्क्रन्दयिता प्राणिनामाकर्षणेन प्रहारेण वा । ᵛअनिमिषः चक्षुर्निमेषरहितः । सर्वदा स्वयज्ञगमनयुद्धादिकार्येष्वनलस इत्यर्थः । ᵛएकवीरः । वीरयत्यमित्रानिति वीरः । एकश्चासौ वीरश्च । अथवा एक एव विक्रान्तः । असाहाय्येन कार्यक्षम इत्यर्थः । ईदृशोऽम् ᵛइन्द्रः ᵛशतं ᵛसेनाः ᵛसाकं सह एकोद्योगेनैव ᵛअजयत् जयति ॥

અનુવાદ (181) : આ ઈન્દ્ર, કે જે ઝડપી કાર્ય કરનારો, તીક્ષ્ણ, ભયજનક વૃષભ જેવો, અને (શત્રુઓનો) ઘાતક તથા (દ્વેષ્ય) માણસોને ક્ષુભિત કરનાર છે. વળી, જે ક્રન્દન કરનારો, અનિમિષ (= પલકારા માર્યા વિનાની આંખવાળો) અને એકમાત્ર વીર છે તેણે એક સાથે (= એકી વખતે) એકસો સેનાઓને જીતી લીધી. (૧૦-૧૦૩-૧)

નોંધ : સાયણે આ મન્ત્રોમાંના કેટલાક શબ્દોના અન્ય અર્થો પણ દર્શાવ્યા છે. જેમકે, ૧. **શિશાનઃ** = તીક્ષ્ણ, અથવા તીક્ષ્ણ મતિવાળો, **એકવીરઃ** = એક એવો વીર, કે જે શત્રુઓનો નાશ કરે છે, ભગાડે છે તે. બીજાની મદદ વિના કાર્ય પાર પાડનાર, **અનિમિષઃ**-પોતાના યજ્ઞમાં જવા વિષે કે યુદ્ધાદિ કાર્યોમાં આળસ નહીં કરનાર. વળી **વૃષભો न भीमः**ને સમજાવતાં કહે છે કે વૃષભ જેમ પોતાનાં બે શીંગડાંથી ભયપ્રદ છે તેમ. **ઘનાઘનઃ**ના પણ બીજા અર્થો વિચારાય છે : શત્રુઓનો ઘાતક, મેઘોનો ઘાતક = વૃષ્ટિ કરનાર, અથવા ક્યાંક આછાં કે ક્યાંક ગાઢ મેઘ રૂપ પણ **√हन्** 'હણવું' ધાતુને કૃદન્તનો **अच्** પ્રત્યય લગાડી, **हन्तेर्घः** । પા. ૬-૧-૭ સૂત્રથી **घ** આદેશ, દ્વિત્વાદિ કાર્યો કરી **घनाघनः** શબ્દ બન્યો છે; આથી તેનો ધાતુમૂલક અર્થ (શત્રુઓનો) ઘાતક' એવો થશે એમ સાયણ કહે છે. ૨. વેંકટમાધવ કહે છે કે 'ઝડપથી (શીંગડાને) તીક્ષ્ણ કરતા (**शिशानः**), વૃષભ જેવો ભયાનક, અત્યંત હણનાર (**घनाघनः**), અને (સેનાઓમાં) ક્ષોભ જન્માવનાર, (પ્રજાને) આનંદિત કરનાર, આળસ વિનાનો, શત્રુઓને ભગાડનાર એવો ઈન્દ્ર એક સાથે સો સેનાઓને જીતી લે છે.''

सं॒क्रन्द॑नेनानिमि॒षेण॑ जि॒ष्णुनां॑ युत्का॒रेण॑ दुश्च्यव॒नेन॑ धृ॒ष्णुनां॑ ।
तदिन्द्रे॑ण जयत॒ तत्स॑हध्वं॒ युधो॑ नर॒ इषु॑हस्तेन॒ वृष्णा॑ ॥२॥

स॒मऽक्रन्द॑नेन । अ॒नि॒ऽमि॒षेण॑ । जि॒ष्णुना॑ं । यु॒तऽका॒रेण॑ । दुःऽच्य॒व॒नेन॑ । धृ॒ष्णुना॑ं ।

तत् । इन्द्रे॑ण । ज॒य॒त॒ । तत् । स॒ह॒ध्व॒म् । युध॑ः । न॒रः॒ ।
इषु॑ऽहस्तेन । वृष्णा॑ ॥२॥

अस्तु नामेन्द्र उक्तविधः तथाप्यस्माकं किमिति चेत् तत्राह । ᵛसंक्रन्दनेनानिमिषेण चोक्तलक्षणेन ᵛजिष्णुना जयशीलेन ᵛयुत्कारेण । योधनं युत् । युद्धकारिणा । कर्मण्यण् । ᵛदुश्च्यवनेन अन्यैरविचाल्येन । 'च्युङ् प्रुङ् गतौ' । 'छन्दसि गत्यर्थेभ्यः' (पा.सू. ३.३.१२९) इति युच् । ᵛधृष्णुना धर्षकेण ईदृशेन ᵛइन्द्रेण ᵛतत् युद्धं ᵛजयत । ᵛतत् शत्रुबलं ᵛसहध्वम् अभिभवत । हे ᵛयुधः योद्धारो हे ᵛनरः नेतारः । 'विभाषितं विशेषवचने बहुवचनम्' (पा.सू. ८. १. ७४) इति पूर्वस्याविद्यमानवत्त्वनिषेधादुत्तरं निहन्यते । पुनः कीदृशेनेन्द्रेणेति । ᵛइषुहस्तेन ᵛवृष्णा वर्षित्रा च ॥

અનુવાદ (182) : હે યોદ્ધાઓ ! હે માણસો (= નેતાઓ) ! સંક્રન્દન કરતા, અનિમિષ નેત્રવાળા, જયશીલ, યુદ્ધ કરનારા, વિચલિત કરવા મુશ્કેલ, (શત્રુઓને) હટાવનાર ઈન્દ્ર વડે, કે જેના હાથમાં બાણ છે તથા જે વૃષ્ટિ કરનાર છે તેના વડે તે (યુદ્ધ)ને (તમે) જીતી લો; અને તે (શત્રુસૈન્ય)ને હરાવી દો. (૧૦-૧૦૩-૨)

નોંધ : ૧. પહેલા મન્ત્રમાં અનેક વિશેષણોથી ઈન્દ્રની શક્તિઓ અને પરાક્રમોનું વર્ણન કર્યું છે. હવે, આવા આંવા ઈન્દ્રની મદદથી, ઋષિ કહે છે કે, તમે યોદ્ધાઓ, વીરો, નેતાઓ પણ વિજય મેળવી લો અને દુશ્મનોને હરાવી દો. ૨. અહીં **युत्** એટલે યુદ્ધક્રિયા, આથી **युत्कारेण (इन्द्रेण)** = યુદ્ધ કરનારા ઈન્દ્ર વડે. ૩. આ મન્ત્રમાં બધાં જ તૃતીયા વિભક્ત્યન્ત પદો **इन्द्र**નાં વિશેષણો છે. ૪. **इषु॑हस्तेन**માં પૂર્વપદમાં ઉદાત્ત હોવાથી બહુવ્રીહિ સમાસ લેવાનો છે : "ઇષુ = બાણ છે હાથમાં જેની." ૫. મંત્રના છેલ્લા ૪થા પાદમાં બે સંબોધન પદ આવેલાં છે : **युधः** અને **नरः** । **युध॑ः** । સંબોધન હોવા છતાંય પાદાદિમાં હોવાથી તે પદમાં નિઘાત (= સર્વાનુદાત્ત) થયો નથી; પણ **न॒रः॒** ।માં સર્વાનુદાત્ત જોવા મળે છે. √**जि जये** 'જીતવું' પરસ્મૈપદ, આજ્ઞાર્થ બીજો પુ. બ. વ. **जयत** । તમે વિજય મેળવો.' √**सह** ૧લો ગણ, વર્ચસ્વ સ્થાપવું. આત્મનેપદ આજ્ઞાર્થ બી. પુ. બ. વ. **सहध्वम्** ।

स इषु॑हस्तै॒ः सः नि॑ष॒ङ्गिभि॑र्व॒शी संस्र॑ष्टा॒ स युध॒ इन्द्रो॑ ग॒णेन॑ ।
सं॒सृ॒ष्ट॒जित्सो॑म॒पा बा॑हुश॒र्ध्यु॑१॒ग्रध॑न्वा॒ प्रति॑हिताभि॒रस्ता॑ ॥३॥

सः । इषुहस्तैः । सः । नि॒षङ्गि॒ऽभिः॑ । व॒शी । सम्ऽस्र॑ष्टा ।
स । युधः॑ । इन्द्रः॑ । ग॒णेन॑ ।
सं॒सृ॒ष्ट॒ऽजित् । सो॒म॒ऽपाः । बा॒हु॒ऽश॒र्धी । उ॒ग्रऽध॑न्वा ।
प्रति॑ऽहिताभिः । अस्ता॑ ॥३॥

पूर्वमन्त्र इन्द्रेण जयत इत्युक्तम् । अत्र इन्द्रस्य जयसाधनसमर्थत्वं दर्शयति । ᵛसः इन्द्रः ᵛइषुहस्तैः भटैः मरुदादिभिः ᵛवशी वश्यैस्तद्वान् । तथा ᵛनिषङ्गिभिः युक्तः । निषङ्गः खड्गः । तद्वद्भिः ᵛवशी । ᵛसः च ᵛइन्द्रः ᵛयुधः युध्यमानः सन् । इगुपधलक्षणः कः । अथवा युधो युद्धहेतोः ᵛगणेन शत्रुसंघेन सह ᵛसंस्रष्टा एकीभवनशीलः । यत एवंविधोऽतः ᵛसंसृष्टजित् । ये परस्परैकमत्येन युद्धाय संसृष्टा भवन्ति तेषां जेता । तथा ᵛसोमपाः सोमस्य पाता । ᵛबाहुशर्धी । शर्धो बलम् । बाह्वोर्बलं बाहुबलम् । तद्वान् । मत्वर्थीय इनिः । यद्वा । 'शृधु प्रसहने' । बाहुभ्यां शर्धयत्यभिभवतीति बाहुशर्धी । 'सुप्यजातौ णिनिस्ताच्छील्ये' (पा. सू. ३. २. ७८) इति णिनिः । ᵛउग्रधन्वा उद्यतधन्वा ᵛप्रतिहिताभिः शत्रुषु प्रेरिताभिरिषुभिः ᵛअस्ता मारयिता । यत्रेषून्मुञ्चति तत्र वृथा न भवन्तीत्यर्थः । ईदृशेनेन्द्रेण जयतेति संबन्धः ॥

અનુવાદ (183) : બાણ જેમના હાથમાં છે અને જે ખડ્‌ગધારીઓ છે તેવા (સૈનિકો)ની સાથે (રહેલો) તે (સૌ શત્રુઓને) વશ કરનારો છે; તે ઇન્દ્ર યુદ્ધના (મરુદ્) ગણની સાથે સંસ્રષ્ટા (= એકત્ર થવાના/કરવાના સ્વભાવવાળો) છે. વળી, તે ભેગા થઈને લડવા આવનારાઓનો વિજેતા છે, સોમ (રસ) પીનારો છે, બાહુઓથી લડનારો છે, ઉગ્ર (અથવા ઉદ્યત કરેલા) ધનુષ્યવાળો છે, તથા (શત્રુઓ ઉપર મોકલેલા) બાણોથી જે (શત્રુઓને) ફેંકી દેનારો/મારનારો છે. [તેવા ઇન્દ્રથી, હે યોદ્ધાઓ ! તમે જય મેળવો.] (૧૦-૧૦૩-૩)

નોંધ : ૧. સાયણાચાર્ય કહે છે કે પૂર્વમન્ત્રથી 'ઇન્દ્રની મદદથી તમે (યોદ્ધાઓ) જય પામો' એમ કહ્યું છે. હવે, અહીં ત્રીજા મન્ત્રમાં તે ઇન્દ્રનું વિજય મેળવવા માટેનું કેવું સામર્થ્ય છે તે કહ્યું છે. વળી, આ મન્ત્રમાં પણ **इन्द्रेण जयत** એટલા અંશનો અન્વય કરી લેવાનો છે. ૨. અહીં **इषुहस्तैः** અને **निषङ्गिभिः**માં કર્તા કે કરણ અર્થમાં તૃતીયા વિભક્તિ લઈએ તો ઇન્દ્રના વિશેષણ તરીકે આવેલા **वशी** શબ્દ જોડે એનો સંબંધ જોડવો અયોગ્ય લાગે છે. આથી **સહાર્થ**માં તૃતીયા લઈશું તો 'બાણધારી અને ખડ્‌ગધારીઓની સાથે મળીને, તે સૌ (શત્રુઓ)ને વશ કરનારી-કાબુ મેળવનારો છે' એવો સુસંગત અર્થ કાઢી શકાશે. ૩. વેંકટમાધવે **युधः**માં ષષ્ઠી લઈને અર્થ કર્યો છે. (તદનુસાર ઉપર અનુવાદ મૂક્યો છે). પણ સાયણ **युधः**નો અર્થ 'યુદ્ધ કરતો એવો' અથવા 'યુદ્ધના હેતુથી (શત્રુસંઘની સાથે મળેલો)' એવો લે છે.

૪. **बाहुशर्धी**-બાહુબળ વાળો, બાહુથી લડનારો. **शर्धः** એટલે બળ. **बाहुशर्धिन्**માં 'થી યુક્ત' એવા મતુબર્થમાં **इन्** પ્રત્યય લાગ્યો છે. અહીં √**शृधु प्रहसने** 'હટાવવું' એવા અર્થવાળો ધાતુ છે. બાહુઓથી (જ) જે (શત્રુઓને) હરાવે છે = **शर्धयति** તે **बाहुशर्धी** । ૫. **अस्ता** । ફેંકનાર, મારનાર. (√**अस्** 'ફેંકવું' ધાતુને કર્તા અર્થમાં **तृ** પ્રત્યય-**अस्तृ** તેનું પ્રથમા વિ. એ. વ.) ૬. **बा॒हु॒श॒र्धी॑ + उ॒ग्रध॑न्वा** = એવા બે શબ્દો વચ્ચે સન્ધિ થાય છે, ત્યારે **र्धी॑**નો ઉદાત્ત અને **उ**નો અનુદાત્ત પણ સન્ધિ પામે છે = પરસ્પર જોડાય છે. આથી સંહિતામાં **र्ध्युं॑**માં ''ક્ષૈપ્ર સ્વતન્ત્ર સ્વરિત' જન્મ્યો છે; તથા તેની પાછળ **ग्रध॑न्वा**માંનો **ग्र॑** અક્ષર ઉદાત્ત આવતો હોવાથી કંપ જન્મે છે. તેને **बाहुश॒र्ध्यु॑ १॒ ग्रधन्वा** । રૂપે નોંધાયો છે.

बृह॑स्पते॒ परि॑ दीया॒ रथे॑न रक्षो॒हामित्राँ॑ अप॒बाध॑मानः ।
प्र॒भ॒ञ्जन्त्सेना॑ प्रमृ॒णो यु॒धा जय॑न्न॒स्माक॑मेध्यवि॒ता रथा॑नाम् ॥४॥

बृह॑स्पते । परि॑ । दी॒य॒ । रथे॑न । र॒क्षः॒ऽहा । अ॒मित्रा॑न् ।
अ॒प॒ऽबाध॑मानः । प्र॒ऽभ॒ञ्जन् । सेना॑ः प्र॒ऽमृ॒णः । यु॒धा । जय॑न् ।
अ॒स्माक॑म् । ए॒धि॒ । अ॒वि॒ता । रथा॑नाम् ॥४॥

हे ᵛबृहस्पते वृहतां पातः पालयितर्देव ᵛरथेन ᵛपरि ᵛदीय परिगच्छ । दीयतिर्गतिकर्मा । आगत्य च ᵛरक्षोहा रक्षसां हन्ता ᵛअमित्रान् शत्रून् ᵛअपबाधमानः सर्वतो नाशयन् तथा ᵛसेनाः शत्रुसंबन्धिनीः ᵛप्रभञ्जन् प्रकर्षेण नाशयन् ᵛप्रमृणः प्रकर्षेण हिंसन् । 'मृण हिंसायाम्' । इगुपधलक्षणः कः । केन हिंसन् । ᵛयुधा युद्धेन । 'सावेकाचः' इति विभक्तेरुदात्तत्वम् । ᵛजयन् एवं सर्वत्र जयं प्रतिपद्यमानः ईदृशस्त्वम् ᵛअस्माकं ᵛरथानाम् ᵛअविता ᵛएधि भव ॥

અનુવાદ (184) : હે બૃહસ્પતિ ! (અથવા અનેકના પાલક ઇન્દ્ર) ! રથ દ્વારા (તમે) (**परि दीय**) ચારે તરફ ફરી વળો. રાક્ષસોને હણનારા અને અમિત્રો = શત્રુઓને (**अपबाधमानः**) બધી રીતે રોકતા; (શત્રુઓની) સેનાઓને (**प्रभञ्जन्**) ભાંગતા, યુદ્ધ દ્વારા (**प्रमृणः**) પ્રકૃષ્ટ હિંસા કરતા, (**जयन्**) જય પામતા (તમે) અમારા રથોના (**अविता**) રક્ષક બનો. (૧૦-૧૦૩-૪)

નોંધ : ૧. આ ચોથી ઋચાનો બૃહસ્પતિ-દેવતા છે. (તથાપિ સાયણે તેનો શબ્દાર્થ લઈને તેને ઇન્દ્રપરક ઘટાવી બતાવ્યો છે.) ૨. **प्र**+√**मृण्** 'હિંસા કરવી' અર્થવાળા ધાતુને કર્તા અર્થમાં **अ** પ્રત્યય લગાડી **प्रमृणः** 'પ્રકૃષ્ટ હિંસા કરનાર' શબ્દ બનાવ્યો છે. ૩. √**अस्** હોવું-થવું બીજો ગણ આજ્ઞાર્થ બી. પુ. એ. વ. (**एधि-स्तम् स्त**).

बलविज्ञायः स्थविरः प्रवीरः सहस्वान् वाजी सहमान उग्रः ।
अभिवीरो अभिसत्वा सहोजा जैत्रमिन्द्र रथमा तिष्ठ गोवित् ॥५॥

बलऽविज्ञायः । स्थविरः । प्रऽवीरः । सहस्वान् । वाजी । सहमानः । उग्रः ।
अभिऽवीरः । अभिऽसत्वा । सहःऽजाः । जैत्रम् । इन्द्र । रथम् । आ । तिष्ठ । गोऽवित् ॥५॥

सर्वस्य भूतस्य बलं विजानातीति ᵛबलविज्ञायः । यद्वा । बलं ममायमिति सर्वैर्बलत्वेन विज्ञायत इति बलविज्ञायः । सर्वस्य बलभूत इत्यर्थः । ᵛस्थविरः महान् ᵛप्रवीरः प्रकर्षेण वीरः ᵛसहस्वान् पराभिभवसामर्थ्यवान् ᵛवाजी वेजनवानन्नवान्वा ᵛसहमानः शत्रूणामभिभविता ᵛउग्रः उद्गूर्णबलः ᵛअभिवीरः । अभिगता वीरा वीर्यवन्तोऽनुचरा यस्य स तथोक्तः । ᵛअभिसत्वा अभिगतसत्वा ᵛसहोजाः सहसो बलाज्जातः एवं महानुभावस्त्वं हे ᵛइन्द्र ᵛजैत्रं जयशीलं ᵛरथम् ᵛआ ᵛतिष्ठ अस्मत्सहायार्थमारोढुमर्हसि । त्वं च ᵛगोवित् उदकस्य स्तुतेर्वा लब्धा वेदिता वा ॥

અનુવાદ (185) : હે ઇન્દ્ર ! બધા (ભૂતો)ના બળને જાણનાર, વૃદ્ધ, મહાવીર, હરાવવાની તાકાતવાળા, ગતિ (અથવા-અન્ન) વાળા, (શત્રુઓને) હરાવનાર, ઉગ્ર (= જેનું બળ બહાર ધસી આવ્યું છે તેવા), જેના વીર્યશાળી (અનુચરો શત્રુ સેનાની) સામે ગયા છે. (અથવા વીરોથી વીંટળાયેલા), અત્યંત સત્ત્વ (ઓજસ્) વાળા, (**सहस्**) બળમાંથી જન્મેલા અને (**गोवित्=**) ઉદકને મેળવનાર, કે સ્તુતિને જાણનારા એવા તમે વિજયશાળી રથમાં બિરાજો. ૧૦-૧૦૩-૫

નોંધ : ૧. આ મન્ત્રમાં **हे इन्द्र ! (त्वं) बलविज्ञायः, स्थविरः...रथम् आ तिष्ठ ।** એવું વાક્ય છે. અહીં પ્રથમા વિભક્તિમાં રહેલાં બધાં પદો ઇન્દ્રનાં વિશેષણો છે. ૨. સાયણે **बलविज्ञायः**નો એક બીજો અર્થ પણ કર્યો છે : ''આ ઇન્દ્ર એ અમારું બળ છે'' એમ સૌ કોઈ માને છે. આથી સૌને માટે તે 'બળ રૂપે ઓળખાતો' = **बलविज्ञायः** દેવ છે. **सहोजाः** = સહસ્ એટલે બળ, તેમાંથી જન્મેલો, **गोवित्**-માંનો **गो**-શબ્દ અનેકાર્થક હોઈને સાયણે તેના 'ઉદક' અને 'સ્તુતિ' એવા અર્થો લીધા છે. એ જ પ્રમાણે, **वाजिन्-वाजी** શબ્દના '(ઘોડા જેવી) ગતિવાળો' કે 'અન્નવાળો' એવા બે અર્થ થાય છે.

गो॒त्र॒भिदं॑ गो॒विदं॒ वज्र॑बाहुं॒ जय॑न्त॒मज्म॑ प्रमृ॒णन्त॒मोज॑सा ।
इ॒मं सं॑जाता॒ अनु॑ वीरयध्व॒मिन्द्रं॑ सखायो॒ अनु॒ सं र॑भध्वम्
॥६॥

गो॒त्र॒ऽभिद॑म् । गो॒ऽविद॑म् । वज्र॑ऽबाहुम् । जय॑न्तम् । अज्म॑ ।
प्र॒ऽमृ॒णन्त॑म् । ओज॑सा ।

इ॒मम् । स॒ऽजा॒ता॒ः । अनु॑ । वी॒र॒य॒ध्व॒म् । इन्द्र॑म् । स॒खा॒य॑ः ।
अनु॑ । सम् । र॒भ॒ध्व॒म् ॥६॥

ᵛगोत्रभिदम् । गा उदकानि त्रायन्त इति गोत्रा मेघाः । यद्वा गौर्भूमिः । तां त्रायन्त इति गोत्राः पर्वताः । तेषां भेत्तारं ᵛगोविदम् उदकस्य लब्धारं ᵛवज्रबाहुं वज्रहस्तम् । प्रहरणार्थेभ्यः’ (पा. स. २.२.३६.४) इति परनिपातः । ᵛजयन्तं जयनशीलम् ᵛअज्म गमनशीलं शत्रुबलम् ᵛओजसा बलेन जयन्तं यद्वा अज्म आजिं जयन्तमोजसा बलेन ᵛप्रमृणन्तं शत्रूनभिभवन्तमीदृशं महानुभावम् ᵛइमम् इन्द्रं हे ᵛसजाताः सहोत्पन्ना योद्धारो यूयम् ᵛअनु ᵛवीरयध्वम् । एनमग्रतः कृत्वानु पश्चाद्वीरयध्वं वीरकर्म युद्धं कुरुध्वम् । ‘शूर वीर विक्रान्तौ’ । वीरशब्दात् ‘तत्करोति तदाचष्टे’ इति णिच् । हे सखायः परस्परं सखिभूता यूयमिमम् ᵛइन्द्रं संरभमाणम् ᵛअनु ᵛसं ᵛरभध्वम् ॥ २२ ॥

અનુવાદ (186) : (ઉદકને રક્ષનાર) વાદળોને ભેદનાર (**गोत्रभिदं**), ઉદકને મેળવનાર (**गोविदं**), વજ્ર જેના હાથમાં છે તેવા, જય પામતા, ભાગતા (શત્રુસૈન્ય)ને (**अज्म**) ઓજસથી હરાવતા (**प्रमृणन्तम्**) એવા આ ઇન્દ્રને, હે સાથે ઉત્પન્ન થયેલા (યોદ્ધાઓ) ! (**सजाता**) આગળ કરીને તેની પાછળ પાછળ વીરકર્મ (= યુદ્ધ) (**अनुवीरयध्वम्**) આદરો; તથા હે સખાઓ ! તેવા (ઇન્દ્ર)ની સાથે તેની પાછળ પાછળ (**अनुसंरभध्वम्**) ધસી જાવ. (૧૦-૧૦૩-૬)

નોંધ : ૧. સાયણે ‘**गोत्रभिदम्**નો અર્થ ગો = ઉદકને રક્ષનાર = પકડી રાખનાર ‘ગોત્ર’ = મેઘને ભેદનાર’ એવો કર્યો છે. ત્યાર પછી ‘ગો’નો અર્થ જો ‘ભૂમિ’ લઈએ તો ગોત્ર = જમીનનું રક્ષણ કરનાર પર્વત એવો થાય. આ મુજબ ગોત્રભિદ્ એટલે ‘‘પર્વત (ની પાંખો)ને કાપનાર’’ એવો પુરાણપ્રસિદ્ધ અર્થ પણ થઈ શકે ! તેમ સાયણ કહે છે. ૨. **वज्रबाहुः** । માં આદ્યુદાત્ત હોઈ તે બહુવ્રીહિ સમાસ છે : વજ્ર છે હાથમાં જેની’. ૩. **अज्म**નો એક અર્થ ‘‘ગમનશીલ = ભાગતું શત્રુબળ, [illegible] ઓજસથી **प्रमृणन्तम्** = હરાવતા (ઇન્દ્ર)ને’’ થાય છે. પછી સાયણ કહે છે :

અથવા અજ્મ એટલે આજિ= યુદ્ધ તથા **जयन्तम्**ને એકાકી સ્વતંત્ર પદ લેવાને બદલે તેને **अज्म (= आजिं = युद्धं) जयन्तम्** । એમ જોડીને ''યુદ્ધને જિતતા'' એવો અર્થ પણ કરી બતાવ્યો છે. અને પાદને અન્તે **ओजसा प्रमृणन्तम्**ને બીજું એકમ બનાવ્યું છે. ''ઓજસ્‌થી (શત્રુઓને) હરાવતા'' **अनु+वीरयध्वम्** । અહીં **वीर** એવા નામને, **तत्करोति तदानष्टे**...સૂત્રથી ''વીરના જેવું આચરણ કરે છે'' એ અર્થમાં **णिच्** પ્રત્યય લગાડીને √**वीरय** એવો 'નામધાતુ' બનાવ્યો છે. તેનું આજ્ઞાર્થ બી. પુ. બ. વ. નું આ રૂપ છે. ૪. **सं रभध्वम्** । માં √**रभ्** ગતિ કરવી, ધસી જવું ધાતુ છે. તેનું આત્મનેપદમાં આજ્ઞાર્થ બી. પુ. બ. વ.

अ॒भि गो॒त्राणि॒ सह॑सा॒ गाह॑मानोऽद॒यो वी॒रः श॒तम॑न्युरिन्द्र॑ः ।
दु॒श्च्य॒व॒नः पृ॑त॒ना॒षाळ॑यु॒ध्यो॒३॒ऽस्माक॒ं सेना॑ अवतु॒ प्र यु॒त्सु ॥७॥

अ॒भि । गो॒त्राणि॑ । सह॑सा । गाह॑मानः । अ॒द॒यः । वी॒रः । श॒तऽम॑न्युः । इन्द्रः । दुःऽच्य॒व॒नः । पृ॒त॒ना॒षाट् । अ॒यु॒ध्यः । अ॒स्माक॑म् । सेना॑ः । अ॒व॒तु॒ । प्र । यु॒तऽसु ॥७॥

अयम् ᵛइन्द्रः ᵛगोत्राणि अभ्राणि मेघान् ᵛसहसा बलेन ᵛअभि ᵛगाहमानः प्रविशन् ᵛअदयः निर्दयः ᵛवीरः विक्रान्तः ᵛशतमन्युः बहुयज्ञो बहुक्रोधो वा ᵛदुश्च्यवनः अन्यैरचाल्यः । स्वयं पृतनाषाट् शत्रुसेनानामभिभविता । 'छन्दंसि सहः' इति ण्विः । 'सहेः साडः सः' इति मूर्धन्यादेशः । ᵛअयुध्यः संप्रहर्तुमशक्यः । 'युध संप्रहारे' । छान्दसः क्यप् । ईदृगिन्द्रः ᵛअस्माकं ᵛसेनाः ᵛयुत्सु संग्रामेषु ᵛप्र ᵛअवतु प्रकर्षेण रक्षतु ॥

અનુવાદ (187) : (પાણીનું રક્ષણ કરનાર) વાદળોની અંદર બળપૂર્વક પ્રવેશી જતો આ નિર્દય, શૂરવીર અને ઘણા યજ્ઞવાળો (અથવા ઘણા ક્રોધ = મન્યુવાળો) એવો ઈન્દ્ર, કે જે (**दुश्च्यवनः** =) હઠાવવો મુશ્કેલ, શત્રુસેનાને (**पृतनाषाट्**=) હરાવનાર, જેની સાથે લડી શકાય એમ નથી, તે (ઈન્દ્ર) (**युत्सु**=) સંગ્રામોમાં અમારી સેનાઓનું રક્ષણ કરે. (૧૦-૧૦૩-૭)

નોંધ : ૧. 'ગોત્ર'નો અર્થ મેઘ = વાદળ થાય છે. તે અગાઉ કહી ચૂક્યા છીએ. ઈન્દ્રને વાદળમાં પ્રવેશતો કહ્યો છે. કેમકે તે વાદળોમાં પકડાઈ રહેલાં જળને વરસાવનાર દેવ મનાયો છે. ૨. આ પછીના ત્રણ પાદમાં ઈન્દ્રનાં જે વિશેષણો છે તે

બધાં એક ઉત્કૃષ્ટ યોદ્ધાના ગુણવાચક છે. ૩. **अयुध्यः+अ॒स्माकं॑**ની સંધિ થતાં વિસર્ગનો **ओ**કાર થાય છે, અને તેમાં **अ**કાર ભળી જાય છે. આ પ્રસંગે **ध्यः**માંનો ઉદાત્ત અને **अ॒**નો અનુદાત્ત પણ પરસ્પરમાં સમાહાર પામે છે. આથી **ध्यों**માં 'અભિનિહિત સ્વતંત્ર સ્વરિત' જન્મે છે. ત્યાર પછીના **स्मा** અક્ષરમાં ઉદાત્ત સ્વર હોવાથી **ध्यों**ની ત્રણ અર્ધી માત્રા કંપ અનુભવે છે. એને (સંહિતાપાઠમાં) નોંધવા માટે **ध्यो॒३॒ऽ॒स्माकं** એવું નિશાન મૂકાયું છે. (પદપાઠ કરીશું ત્યારે તે પદો છુટાં થતાં, તેમના ઉદાત્ત અને અનુદાત્ત, પણ અલગ થઈ જતાં, તે 'સ્વતંત્ર સ્વરિત' પણ નિવૃત્ત થઈ જશે.) ૪. **पृतना**=શત્રુ, સેના **साट्**-હરાવનાર.

इन्द्र॑ आसां ने॒ता बृह॒स्पति॒र्दक्षि॑णा य॒ज्ञः पु॒र ए॑तु॒ सोमः॑ ।
दे॒व॒से॒नाना॑मभिभञ्जती॒नां जय॑न्तीनां म॒रुतो॑ य॒न्त्वग्र॑म् ॥८॥

इन्द्रः॑ । आ॒सा॒म् । ने॒ता । बृह॒स्पतिः॑ । दक्षि॑णा । य॒ज्ञः । पु॒रः । ए॒तु । सोमः॑ ।
दे॒व॒ऽसे॒नाना॑म् । अ॒भि॒ऽभ॒ञ्ज॒ती॒नाम् । जय॑न्तीनाम् । म॒रुतः॑ । य॒न्तु । अग्र॑म् ॥८॥

ᵛआसाम् अस्मत्सहायार्थमागतानाम् अयम् ᵛइन्द्रः ᵛनेता नायकोऽस्तु । तथा तस्य ᵛबृहस्पतिः ᵛपुर ᵛएतु । एवं ᵛदक्षिणा ᵛयज्ञः ᵛसोमः च पुर एत्विति प्रत्येकं संबन्धः । तथा ᵛदेवसेनानामभिभञ्जतीनाम् अस्मदमित्रानाभिमुख्येन मर्दयन्तीनां ᵛजयन्तीनाम् । 'छन्दसि' इति नाम उदात्तत्वं जयन्तीनामित्यत्र बहुलवचनान्न भवति (पा. सू. ६.१.१७८) । तासाम् ᵛअग्रं ᵛमरुतो ᵛयन्तु गच्छन्तु ॥

અનુવાદ **(188)** : આ (સેનાઓ)નો નેતાં ઈન્દ્ર (હજો) અને બૃહસ્પતિ પણ; દક્ષિણા, યજ્ઞ અને સોમ આગળ જાવ. (શત્રુઓને) ભગાડતી, જય પામતી આ દેવોની સેનાઓની આગળ મરુતો જાય. (૧૦-૧૦૩-૮)

નોંધ : ૧. સાયણે **आसां (सेनानां) नेता इन्द्रः (अस्तु) ।** એવું વાક્ય લઈને **बृहस्पतिः**નો અન્વય **पुरः एतु**ની સાથે ગોઠવવા જણાવ્યું છે. પરંતુ પ્રત્યેક પાદને સ્વતંત્ર એકમ ગણીએ તો **बृहस्पतिः च नेता अस्तु** એમ લેવું જોઈએ. (વેંકટમાધવે પણ તેમ કર્યું છે.) ૨. બીજા ચરણનો અર્થ જે રીતે સાયણ બતાવે છે તે કંઈક વિશદ થતો નથી એમ અમને લાગે છે. પરંતુ શ્રી પુરુષોત્તમ જોગીભાઈ ભટ્ટે (**श्री शुक्लयजुर्वेदीय रुद्राष्टाध्यायी,** સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ,

પાંચમી આવૃત્તિ, ૧૯૮૬માં પૃષ્ઠ-૩૦ ઉપર) આનો અર્થ સુંદર રીતે કરી બતાવ્યો છે: ‘‘દક્ષિણ ભાગમાં યજ્ઞપુરુષ રૂપ વિષ્ણુ ચાલો = રક્ષણ કરો; સોમ સેનાની આગળ આવો.’’ અહીં તેમણે **दक्षिणा**નો અર્થ ‘દક્ષિણ દિશામાં’, અને **यज्ञः**નો અર્થ ‘યજ્ઞ રૂપ વિષ્ણુ’ લીધો છે.

इन्द्र॑स्य॒ वृष्णो॒ वरु॑णस्य॒ राज्ञं॑ आदि॒त्याना॑ं म॒रुता॒ं शर्ध॑
उ॒ग्रम् ।
म॒हाम॑नसां भुवनच्य॒वाना॒ं घोषो॑ दे॒वाना॒ं जय॑ता॒मुद॑स्थात् ॥९॥

इन्द्र॑स्य । वृष्ण॑ः । वरु॑णस्य । राज्ञ॑ः । आ॒दि॒त्याना॑म् । म॒रुता॑म् ।
शर्ध॑ः । उ॒ग्रम् । म॒हाऽम॑नसाम् । भु॒व॒न॒ऽच्यवा॑नाम् । घोष॑ः ।
दे॒वाना॑म् । जय॑ताम् । उत् । अ॒स्था॒त् ॥९॥

ᵛवृष्णः वर्षकस्य ᵛइन्द्रस्य ᵛराज्ञः ᵛवरुणस्य ᵛआदित्यानां ᵛमरुतां च उग्रम् उद्गूर्णं ᵛशर्धः वलमस्माकं भवत्विति शेषः । किंच ᵛमहामनसाम् उदारमनसां ᵛभुवनच्यवानां भुवनानां च्यावयितॄणां ᵛदेवानां ᵛघोषः जयशब्दः ᵛउदस्थात् उत्तिष्ठति । अनूर्ध्वकर्मत्वादात्मनेपदाभावः (पा.सू. १.३.२४) ॥

અનુવાદ (189) : વરસનારા ઇન્દ્રનું, રાજા વરુણનું, (બાર) આદિત્યોનું અને મરુતોનું જે ઉગ્ર (= બહાર ધસી આવેલું) બળ (**शर्धः**) (અમને મળજો). અને વળી, મોટા મનવાળા, ભુવનોને ચલિત કરી દેનાર અને જય પામતા એવા દેવોનો ઉદ્‌ઘોષ (જય શબ્દ) ઊંચે ઊઠે છે. (૧૦-૧૦૩-૯)

નોંધ : ૧. અહીં ઇન્દ્ર અને વરુણનાં બે વિશેષણો, અનુક્રમે **वृष्णः** = પાણી વરસાવનાર અથવા કામનાઓ પૂરી કરનાર,’ તથા **राज्ञः**-‘રાજા’ નોંધપાત્ર છે; જે ઋગ્વેદમાં સર્વત્ર જોવા મળે છે. ૨. **शर्धः** = બળ (હાથી, ઘોડા, રથ વગેરેનું બળ) ૩. **उद्+अस्थात्** = ઊંચે ગયો છે. √**स्था** ‘ઊભા રહેવું’, ૧લો ગણ, પરસ્મૈપદ **लुङ्** લકાર = અદ્યતન = સાદો ભૂતકાળ, ત્રી. પુ. એ. વ.

उद्धर्षय मघ॒वन्नायु॑धान्युत्सत्व॑नां माम॒काना॒ं मनां॑सि ।
उद्वृ॑त्रहन् वा॒जिना॒ं वाजि॑ना॒न्युद्रथा॑ना॒ं जय॑तां यन्तु घोषा॑ः
॥१०॥

उत् । ह॒र्ष॒य॒ । म॒घ॒ऽव॒न् । आयु॑धानि । उत् । सत्व॑नाम् । मा॒म॒काना॑म् । मनां॑सि ॥

उत् । वृ॒त्र॒ऽह॒न् । वा॒जिना॑म् । वा॒जिना॑नि । उत् । रथा॑नाम् । जय॑ताम् । य॒न्तु । घोषाः॑ ॥१०॥

हे ᵛमघवन् इन्द्र अस्मदीयानि ᵛआयुधानि ᵛउद्धर्षय उत्कृष्टं हर्षय । प्रहरणेषूद्युक्तानि भवन्त्वित्यर्थः । ᵛमामकानां मदीयानां सत्वनां प्राणिनां सैनिकानां ᵛमनांसि च ᵛउत् हर्षय । हे ᵛवृत्रहन् इन्द्र ᵛवाजिनाम् अश्वानां ᵛवाजिनानि वेगाः ᵛउत् ᵛयन्तु । तथा ᵛजयतां ᵛरथानां ᵛघोषाः ᵛउत् यन्तु ॥

અનુવાદ (190) : હે મઘવન્ ! (અમારાં) આયુધોને ઊંચા કરો (=ઉત્સાહિત કરો); અમારાં પ્રાણીઓ (= સૈનિકો)ના ચિત્તને પણ ઉત્તેજિત (ઉત્સાહયુક્ત) કરો. હે વૃત્રહન્ ! (અમારા) અશ્વોના વેગોને વધારો (उद् यन्तु); તથા જય પામતાં રથોના (જય) ઘોષને પણ ઊંચે ફેલાઓ. (૧૦-૧૦૩-૧૦)

નોંધ : ૧. અહીં ઇન્દ્રનાં બે વિશેષણો વપરાયાં છે : **मघवन्**—હે ધનવાળા દેવ, તથા **वृत्रहन्** = હે વૃત્ર નામના રાક્ષસને હણનારા. ૨. **वाजिनानि** = વેગોને (અથવા બળને). ૩. અહીં પણ (૧૦-૯૮-૧૨ની જેમ), કવિએ બીજા અને ચોથા પાદમાં કેવળ **उद्** ઉપસર્ગનો પ્રયોગ કરીને ક્રિયાપદને (પ્રકટપણે નહીં બોલતાં) આક્ષિપ્ત થતું માન્યું/રાખ્યું છે.

अ॒स्माक॒मिन्द्रः॒ समृ॑तेषु ध्व॒जेष्व॒स्माकं॒ या इष॑व॒स्ता ज॑यन्तु ।
अ॒स्माकं॑ वी॒रा उत्त॑रे भवन्त्व॒स्माँ उ॑ देवा अवता॒ हवे॑षु ॥११॥

अ॒स्माक॑म् । इन्द्रः॑ । सम्ऽऋ॑तेषु । ध्व॒जेषु॑ । अ॒स्माक॑म् । याः । इष॑वः । ताः । ज॒य॒न्तु ।

अ॒स्माक॑म् । वी॒राः । उत्ऽत॑रे । भ॒व॒न्तु । अ॒स्मान् । ऊँ॒ इति॑ । दे॒वाः॒ । अ॒व॒त॒ । हवे॑षु ॥ ११ ॥

ᵛअस्माकं संबन्धिष्वेव ᵛसमृतेषु परसेनां संप्राप्तेषु ᵛध्वजेषु ध्वजवत्सु सैनिकेषु ᵛइन्द्रः रक्षिता भवतु । तथा ᵛअस्माकं ᵛया ᵛइषवः सन्ति ᵛताः एव ᵛजयन्तु शत्रून् । तथा ᵛअस्माकं ᵛवीराः भटाः ᵛउत्तरे उपरि

ᵛभवन्तु । हे ᵛदेवाः ᵛअस्माँ ᵛउ अस्मानेव ᵛअवत रक्षत ᵛहवेषु संग्रामेषु ॥

અનુવાદ (191) : અમારા (સૈનિકો) ધ્વજાવાળા (સૈનિકો) ઉપર તૂટી પડે **(समृतेषु)** ત્યારે ઇન્દ્ર (અમારું રક્ષણ કરો); તથા અમારાં જે બાણો છે, તે જય પામો. અમારા સુભટો વર્ચસ્વી બને; વળી હે દેવો ! સંગ્રામોમાં અમારી જ (તમે) રક્ષા કરો. (૧૦-૧૦૩-૧૧)

નોંધ : ૧. **समृतेषु** = પર સેનાને પ્રાપ્ત થતાં (સતિ સપ્તમી), **ध्वजेषु** = ધ્વજાવાળા સૈનિકો ઉપર., ૨. પહેલાં પાદમાં વેંકટમાધવે **इन्द्रः** પદ પછી **आगच्छतु**-'આવે'નો અધ્યાહાર લીધો છે. ૩. **हवेषु=ह्वानेषु**=યુદ્ધના આવાહનોમાં અર્થાત્ સંગ્રામોમાં. ૪. **उत्तरे भवन्तु** = વીરો ઊંચા સ્થાને રહે = વર્ચસ્વી થાય.

अ॒मीषां॑ चि॒त्तं प्र॑तिलो॒भय॑न्ती गृहा॒णाङ्गा॑न्यप्वे॒ परे॑हि ।
अ॒भि प्रेहि॒ निर्द॑ह हृ॒त्सु शोकै॑र॒न्धेना॒मित्रा॒स्तम॑सा सचन्ताम्
॥१२॥

अ॒मीषा॑म । चि॒त्तम् । प्र॒ति॒ऽलो॒भय॑न्ती । गृ॒हा॒ण । अङ्गा॑नि । अ॒प्वे॒ । परा॑ । इ॒हि॒ ।
अ॒भि । प्र । इ॒हि॒ । निः । द॒ह॒ । हृ॒त्ऽसु । शोकैः॑ । अ॒न्धेन॑ । अ॒मित्राः॑ । तम॑सा । स॒च॒न्ता॒म् ॥१२॥

हे ᵛअप्वे पापाभिमानिनि देवते ᵛअमीषां योद्धृणां शत्रूणां ᵛचित्तं ᵛप्रतिलोभयन्ती विमोहयन्ती सती ᵛअङ्गानि तेषामवयवान् शिरआदिकान् ᵛगृहाण स्वीकुरु । ᵛअभि ᵛप्रेहि ᵛअभिगच्छ । तेषां समीपं गत्वा च ᵛहृत्सु हृदयेषु ᵛशोकैः ᵛनिर्दह नितरां भस्मीकुरू । ते ᵛअमित्राः अस्मच्छत्रवः ᵛअन्धेन ᵛतमसा ᵛसचन्तां संगच्छन्ताम् ॥

અનુવાદ (192) : આમનાં (શત્રુઓનાં) ચિત્તને મોહ પમાડતી એવી, હે અપ્વા (= વ્યાધિની અધિષ્ઠાત્રી) દેવી ! (શત્રુઓનાં) અંગોને સ્વીકારો, અને (અમારાથી) દૂર ચાલી જાવ **(परेहि)**. (શત્રુઓની) સામે જાવ અને તેમના હૃદયોમાં (ઉત્પન્ન થયેલા) શોકોથી તેમને પૂરેપૂરા બાળી નાખો. (અમારા) અમિત્રો=શત્રુઓ ઘોર અંધકારની સાથે જોડાઓ. ૧૦-૧૦૩-૧૨

નોંધ : ૧. 'અપ્વા' એ વ્યાધિ કે ભયનું નામ છે એમ યાસ્કે (નિરુક્ત-૬.૧૨) કહ્યું છે. (સંભવતઃ યુદ્ધ દરમ્યાન સૈનિકોને થતા વ્યાધિનું નામ હશે.) સાયણ તેનો

અર્થ 'પાપાભિમાની દેવતા' કરે છે. ૨. **प्रतिलोभयन्ती** = મોહ પમાડતી, ૩. પાપની = વ્યાધિની દેવી **परेहि** - (અમારાથી) દૂર ચાલી જાવ, અને શત્રુની **अभि प्रेहि** - સામે જાવ ! (વેદના ઋષિઓની વાણીમાં કવિતા પણ છે અને સતર્કતા પણ છે એનું ઉદાહરણ.) ૪. **सचन्ताम्** = **संगच्छन्ताम् संसेव्यन्ताम्** ની સાથે જોડાવ √**सच्** ૧લા ગણમાં **सेचने सेवने च** આત્મનેપદી ધાતુ છે; **समवाये** અર્થમાં એક બીજો ઉભયપદી ધાતુ પણ છે. તેનું આત્મનેપદમાં આજ્ઞાર્થ ત્રી. પુ. બ. વ.

प्रेता॒ जय॑ता नर॒ इन्द्रो॑ वः शर्म॑ यच्छतु ।
उ॒ग्रा वः॑ सन्तु बा॒हवो॑ऽनाधृ॒ष्या यथास॑थ ॥१३॥

प्र । इ॒त॒ । जय॑त । न॒रः॒ । इन्द्रः॑ । व॒ः । शर्म॑ । य॒च्छ॒तु॒ ।
उ॒ग्राः । वः॒ । स॒न्तु । बा॒हवः॑ । अ॒ना॒धृ॒ष्याः । यथा॑ ।
अस॑थ ॥१३॥

हे ᵛनरः नेतारः संग्रामस्य निर्वोढारो योद्धारः ᵛप्रेत प्रकर्षेण गच्छत। गत्वा च ᵛजयत तान्प्रतिभटान् । तिङः परत्वात् 'तिङ्ङतिङः' इति निघाताभावः । ᵛवः युष्माकम् ᵛइन्द्रः ᵛशर्म सुखं ᵛयच्छतु प्रयच्छतु । ᵛवः ᵛबाहवः ᵛउग्राः उद्‌गूर्णवलाः ᵛसन्तु भवन्तु । ᵛअनाधृष्याः अन्यैरनभिभाव्याः ᵛयथा यूयम् ᵛअसथ भविष्यथ तथोग्राः सन्तु वो बाहवः ॥ ॥२३॥

અનુવાદ (193) : હે માણસો (નેતાઓ/યોદ્ધાઓ) ! (તમે) ધસી જાવ, અને (તમે) જય પામો. ઈન્દ્ર તમોને સુખ આપે. તમારા બાહુઓ ઉગ્ર (શક્તિશાળી) થાવ; કે જેથી કરીને (**यथा**) (બીજાઓથી) પાછા હટાવી ના શકાય એવા (તમે) થાવ. (૧૦-૧૦૩-૧૩)

નોંધ : ૧. આ છેલ્લો ૧૩મો મંત્ર અનુષ્ટુપ્ છંદમાં રચાયો છે. પરંતુ ૧લા અને ૪થા પાદમાં એક-એક અક્ષર ઓછા છે (૭-૮-૮-૭). તેથી તેને ''વિરાટ્ અનુષ્ટુપ્'' કહેવાશે. અહીં **प्र इता जयता नर** અને **ऽनाधृषिआ यथासथ** । એવો 'વ્યૂહ' કરીને (= એવું ઉચ્ચારણ કરીને) બંને જગ્યાએ એક એક અક્ષર વધારી લેવાનો છે-જેથી અનુષ્ટુપ્ના કુલ ૩૨ અક્ષર મળી રહે. ૨. પરંપરાથી આ મંત્રના દેવતા ઈન્દ્ર, અથવા (વિકલ્પે) મરુત્ ગણાય છે. ૩. વળી, યુદ્ધ કરવા નીકળતા/તૈયાર થતા રાજાએ વિજયની કામના માટે, શત્રુઓને હરાવવા આ સૂક્તનો પાઠ કરવો જોઈએ એમ અશ્વલાયન ગૃહ્યસૂત્ર (૩-૧૨-૧૩) સૂચના આપે છે.

10.108 (1 to 11)

સરમા-પણિ સંવાદસૂક્ત

'किमिच्छन्ती' इत्येकादशर्चं नवमं सूक्तं त्रैष्टुभम् । ऐन्द्रपुरोहितस्य बृहस्पतेर्गोषु वलनाम्नोऽसुरस्य भटैः पणिनामकैरसुरैरपहृत्य गुहायां निहितासु सतीषु बृहस्पतिप्रेरितेनेन्द्रेण गवामन्वेषणाय सरमा नाम देवशुनी प्रेषिता । सा च महतीं नदीमुत्तीर्य वलपुरं प्राप्य गुप्तस्थाने नीतास्ता गा ददर्श । अथ तस्मिन्नन्तरे पणय इदं वृत्तान्तमवगच्छन्त एनां मित्रीकर्तुं संवादमकुर्वन् । तत्र प्रथमातृतीयाद्या अयुजोऽन्त्यावर्जिताः पणीनां वाक्यानि । अत्र त ऋषयः सरमा देवता । द्वितीयाचतुर्थ्याद्या युज एकादशी च षट् सरमाया वाक्यानि । अतस्तासु सर्षिः पणयो देवता । तथा चानुक्रान्तं–'किमिच्छन्ती पणिभिरसुरैर्निगूळ्हा गा अन्वेष्टुं सरमां देवशुनीमिन्द्रेण प्रहितामयुग्भिः पणयो मित्रीयन्तः प्रोचुः सा तान्युग्मान्त्याभिरनिच्छन्ती प्रत्याचष्टे' इति । गतो विनियोगः ॥

આ સૂક્તની ભૂમિકામાં સાયણાચાર્યે લખ્યું છે કે 'વલ' નામના અસુરના ભટો (સૈનિકો)એ, કે જેમનું નામ 'પણિ'ઓ હતું, તેમણે ઈન્દ્રના પુરોહિત એવા બૃહસ્પતિની ગાયો ચોરી લઈને એક પર્વતની ગુફામાં સંતાડી દીધી. હવે બૃહસ્પતિના કહેવાથી ઈન્દ્રે તે ગાયોને શોધી લાવવા માટે 'સરમા' નામની દેવશુની (એક કૂતરી)ને મોકલી. આ સરમા ('રસા' નામની) એક મોટી નદીને તરીને, વલના નગરમાં પહોંચી, તથા ગુપ્ત સ્થાનમાં રાખેલી તે ગાયોને જોઈ લીધી. એટલામાં પણિઓને આ વૃત્તાન્તની ખબર પડી; આથી તેમણે આ (સરમા)ની સાથે મૈત્રી બાંધવા માટે સંવાદ કર્યો—વાટાઘાટો કરી. સરમા અને પણિઓ વચ્ચેની તે વાતચીત આ સૂક્તમાં સંગૃહીત થઈ છે. ગ્રિફિથે ગોનો એક અર્થ 'પ્રકાશનું કિરણ' એવો પણ થાય છે એ તરફ ધ્યાન દોર્યું છે. (અર્થાત્ વલે પણિઓ દ્વારા જે ગાયો = ''પ્રકાશનાં કિરણો'' ચોરી લીધાં હતાં તેને શોધવા ઈન્દ્રે સરમાને મોકલી છે.)

પ્રા. એચ. ડી. વેલણકરે (**ऋक्सूक्तशती**, પ્રકાશક : ભારતીય વિદ્યાભવન, મુંબઈ ૧૯૭૨, પૃ. ૨૮૬ ઉપર) આ સંવાદ સૂક્ત વિષે, પ્રાસ્તાવિક નોંધમાં કેટલીક મહત્ત્વની ચર્ચા કરી છે. તેમાં જણાવ્યું છે કે ઋગ્વેદમાં અન્યત્ર (૨-૨૪-૬ અને ૬-૩૯-૨માં) પણ વલે ગાયો ચોર્યાની વાત આવે છે. તથાપિ પ્રસ્તુત સૂક્તના પણિઓને, તે વલના અનુયાયી તરીકે માનવા કે નહીં ? તે નક્કી કરવું મુશ્કેલ છે. કેમકે આ (૧૦-૧૦૮) સૂક્તમાં ગુફા વીંધ્યાની વાત આવતી નથી, જો કે અહીં 'નિધિને અદ્રિથી બંધાયેલ' (મંત્ર-૭માં) કહેલ છે. તથા આ સૂક્ત (૧૦૮)માં ક્યાંય વલનો ઉલ્લેખ પણ

નથી. વળી, વલ વિષયક જે વાતો (ઋગ્વેદમાં) છે તેમાં ક્યાંય 'રસા નદીનો નિર્દેશ નથી. આથી (સાયણનું કહેવું સ્વીકારીને) પણિઓને વલના અનુયાયી તરીકે જોવા તે ઠીક નથી. ૬-૩૯-૨માં વલને માર્યા પછી, વાણીથી ઈન્દ્રે જે પણિઓને દૂર હઠાવ્યાની વાત છે તે પણિઓ આ ૧૦-૧૦૮ સૂક્તના પણિઓ કરતાં જુદા હોવાની વધુ સંભાવના છે; એ જ પ્રમાણે ૨-૨૪-૬માં જે પણિઓના (ગાયોના) નિધિને અંગિરસોએ લૂંટયાની વાત છે તે પણિઓથી પણ આ (૧૦-૧૦૮ના) પણિઓ જુદા લાગે છે. તેથી પણિ લોકો વલના અનુયાયી ન હોય એવું વધારે શક્ય જણાય છે. તથા કાલક્રમે, 'વૃત્ર', 'સુદાસ'ની જેમ 'પણિ' એ પણ એક સામાન્ય નામ બની ગયું હશે; અને એનો અર્થ લોભી કે ગણતરીબાજ વેપારી એવો થતો હશે (કે જેઓ આર્યોની ગાયો ઉઠાવી જતા હશે). આથી, પ્રા. વેલણકર કહે છે કે પણિઓનો નેતા બનીને જે વ્યક્તિ સરમા જોડે અમુક પ્રસ્તાવો રજૂ કરે છે તે વ્યક્તિ વલ તો નહીં જ હોય.

અહીં સરમા અને પણિઓ વચ્ચે જે સંવાદ રજૂ થયો છે તે ૧૧ મંત્રોમાં વક્તાઓનો બોલવાનો ક્રમ આ પ્રમાણે છે : એકી સંખ્યાવાળા મંત્રોમાં (૧, ૩, ૫, ૭, ૯માં) પણિઓની ઉક્તિ છે, જ્યારે બેકી સંખ્યાવાળા મંત્રોમાં (૨, ૪, ૬, ૮, ૧૦ અને ૧૧માં પણ) સરમાની ઉક્તિ છે. પણિઓ દ્વારા મૈત્રી માટે, કે પ્રલોભન રૂપે જે કોઈ પ્રસ્તાવ મૂકવામાં આવે છે તેનો સરમા અસ્વીકાર કરે છે. વળી, સરમા પણિઓને ચેતવણી આપતાં એમ પણ કહે છે કે દેવો દ્વારા માંગવા આવ્યા પ્રમાણે ગાયો પાછી નહીં આપવામાં આવે તો અનિષ્ટ પરિણામો આવશે.

ઋષિ : પણિઓ અને દેવતા : સરમા (પણ મન્ત્ર ૨, ૪, ૬, ૮, ૧૦, ૧૧માં દેવશુની સરમા ઋષિકા = મન્ત્રદ્રષ્ટી છે અને તેની દેવતા પણિઓ છે),

છન્દ : ત્રિષ્ટુભ્

किमि॒च्छन्ती॑ स॒रमा॒ प्रेदमा॑नड् दू॒रे ह्यध्वा॒ जगु॑रिः परा॒चैः ।
कास्मेहि॑ति॒ः का परि॑तक्म्यासीत्क॒थं र॒साया॑ अतर॒ः पयां॑सि ॥१॥

किम् । इ॒च्छन्ती॑ । स॒रमा॑ । प्र । इ॒दम् । आ॒न॒ट् । दू॒रे । हि ।
अध्वा॑ । जगु॑रिः । प॒रा॒चैः ।
का । अ॒स्मेऽहि॑तिः । का । परि॑ऽतक्म्या । आ॒सी॒त् । क॒थम् ।
र॒साया॑ः । अ॒त॒र॒ः । पयां॑सि ॥१॥

अनयागच्छन्तीं सरमां दृष्ट्वा पणयो वदन्ति । ᵛसरमा सरणशीलैतन्नामिका देवशुनी ᵛकिमिच्छन्ती किं प्रार्थयमाना सती ᵛइदम् अस्मदीयं स्थानं ᵛप्र

^{v}आनट् । प्राप्नोत् ॥ आङ्पूर्वो नशिः व्याप्तिकर्मा । तस्य लुङि 'मन्त्रे घस॰।' इत्यादिना च्लेर्लुक् । छन्दस्यपि दृश्यत इत्याडागमः ॥ ^{v}पराचैः पराञ्चि पराङ्मुखान्यावृत्तिवर्जितानि यानि गमनानि तैः ^{v}जगुरिः उद्गूर्णः । महता प्रयत्नेनापि गन्तुं न शक्यत इत्यर्थः ॥ 'गॄ निगरणे'। आदृगमहन' इत्यादिना किन्प्रत्ययः । 'बहुलं छन्दसि' (पा.सू. ७.१.१०३) इत्युत्वम् ॥ तादृशोऽयम् ^{v}अध्वा ^{v}दूरे ^{v}हि विप्रकृष्टः खलु । यद्वा । पराचैः पराञ्चनैर्जगुरिरित्यर्थं गन्त्री पार्ष्णिभागमनालोकमाना सतीदं स्थानं प्राप्नोति । दूरेऽयमध्वा यदृच्छया गन्तुं न शक्यते । अतो वयमेतां पृच्छामः । हे सरमे ^{v}का कीदृशी ^{v}अस्मेहितिः । कोऽस्मास्वर्थहितिः । कोऽस्मासु त्वदपेक्षितार्थो निहितः । यद्वा । अस्मासु कोऽर्थो गतः । दधातेर्हिनोतेर्वा क्तिनि रूपम् । आगच्छन्त्यास्तव ^{v}का कीदृशी ^{v}परितक्म्या रात्रिः ^{v}आसीत् । यद्वा । तकतिर्गत्यर्थः । परितकनं परितो गमनं भ्रमणं वा कीदृशमासीत् । ^{v}कथं च ^{v}रसायाः शब्दायमानाया अन्तरिक्षनद्या योजनशतविस्तीर्णायाः ^{v}पयांसि उदकानि ^{v}अतरः तीर्णवत्यसि । एतद्वद । अत्र 'किमिच्छन्ती सरमेदं प्रानट्' (निरु. ११.२५) इत्यादिक्तं निरुक्तं द्रष्टव्यम् ॥

અનુવાદ (194) : (પણિઓ:) શેને (શી વસ્તુને) ઇચ્છતી આ સરમા આ (સ્થાન) તરફ આવી પહોંચી છે ? (આપણા સ્થાનનો) માર્ગ તો ઘણો દૂર છે; કે જ્યાં પાછા ન ફરી શકાય એવા (માર્ગો) વડે (= **पराचैः**) પ્રયત્નપૂર્વક પણ જઈ શકાય એમ નથી. (= **जगुरिः**) । (હે સરમા !) અમારી પાસે (તારી) કઈ વસ્તુ મૂકી રાખેલી છે (**का अस्मेहितिः**) ? તારું (**परितक्म्या**) પરિભ્રમણ કેવું રહ્યું ? [અર્થાત્ તું અહીં કેવી રીતે પહોંચી ?] [અથવા-(અહીં પહોંચતાં સુધી) તારી કેવી (**परितक्म्या** = રાત્રિઓ પસાર થઈ ?] વળી, તું રસા (નદી)ના (યોજનો સુધી વિસ્તરેલા) જળને કેવી રીતે તરી શકી ?? (૧૦-૧૦૮-૧)

નોંધ : પણિઓ પોતાના સ્થાન તરફ સરમા નામની કુતરીને આવતી જોઈને આ મન્ત્ર બોલે છે. પણિઓને સાશ્ચર્ય પ્રશ્નો થાય છે. જેમકે, ૧. આ સરમા આપણી પાસેથી શું ઈચ્છતી હશે તે અહીં આવી (**प्र आनट्**) ? ૨. આપણા નિવાસસ્થાન સુધી પહોંચવાનો માર્ગ તો ઘણો દૂર છે, એટલું જ નહીં; એ માર્ગ તો પાછા ન ફરી શકાય એવા રસ્તાઓથી જવો = પસાર કરવો જ શક્ય નથી (તો આ આવી કેવી રીતે ?) ૩. આપણી પાસે સંતાડેલી એવી કઈ ચીજ હશે, કે જેને તે મેળવવા ઈચ્છતી હશે ? ૪. અહીં પહોંચતા સુધી એની પરિતક્મ્યા = રાત્રિઓ; અથવા પરિભ્રમણની = મુસાફરીની મુશ્કેલીઓ કેવી હશે ? ૫. વળી, જે સેંકડો યોજનો સુધી વિસ્તરેલી અન્તરિક્ષની નદી છે તે 'રસા' નદીને આણે કેવી રીતે ઓળંગી હશે ?? સરમા શબ્દનો અર્થ જોતાં આ બધા પ્રશ્નોના જવાબ મળી જાય છે : ''જે સરણશીલા (સરકવાના સ્વભાવવાળી) છે તે સરમા'' **सृ-सरति** ઉપરથી બનેલું

નામ છે. દેવોની કૂતરીનું આ નામ છે.

૧. **इदम्** **(स्थानम्)** આ સ્થાનમાં, **प्र आनट्** = તે પહોંચી છે. **√अशुङ् व्याप्तौ** ૯મો ગણ, પરસ્મૈપદ (**अश्नोति**)-'વ્યાપવું, પહોંચવું' ધાતુ; અથવા **√नश्** ૧લો ગણ 'વ્યાપવું' ધાતુનું અદ્યતન = સાદો ભૂતકાળ ત્રી.પુ.એ.વ. ૨. **जगुरिः** **√गृ** 'ગળી જવું' એવો ધાતુ હશે. સાયણ એનો અર્થ 'મોટા પ્રયત્નથી પણ જ્યાં ન જઈ શકાય' એવો કરે છે. પણ ઉક્ત ધાત્વર્થ મુજબ 'ગળી જનારો માર્ગ' અર્થાત્ 'જેની ઉપર ખોવાઈ જવાય, અથવા થકવી નાખનારો રસ્તો' એમ પણ થાય. પ્રા. પિટરસને **√गम्** (**गच्छ**)નું અતિશયાર્થક (પૌનઃ પુન્યાર્થક) ધાતુરૂપ હશે ?' એવી શંકા વ્યક્ત કરી છે. (જુઓ : A Second Selection of Hymns from the Rgveda, ed. by Peter Peterson, Bombay, 1922, PP. 268-276) પણ નિરુક્તકાર યાસ્કે તો **जगुरिः जंगम्यतेः** એવું ચોખ્ખું કીધેલું જ છે. આમ **√गम्**નાં પૌનઃ પુન્યાર્થક રૂપ ઉપરથી નામ બનાવ્યું છે, જેનો અર્થ 'દૂર જનારો' કરવો પડશે. ૩. **का+अस्मे हितिः**નો અર્થ પીટરસને mission કે charge to us (અમારી પાસે આવવાનો હેતુ/પ્રયોજન કે અમારી પાસે શું લેણું છે ? એવો કર્યો છે. **√धा**-મૂકવું/સ્થાપવુંનું (કર્મણિ ભૂતકૃદન્ત **हित** થાય છે; અને) **स्त्रियां क्तिन्** । સૂત્રાનુસાર ભાવવાચક સ્ત્રીલિંગ કૃદન્ત રૂપ તે **हिति** છે. ૪. **परितक्म्या**ના સાયણે જે બે અર્થ આપ્યા છે તે અનુવાદમાં મૂક્યા છે. પણ નિરુક્તમાં **तक्मन्**નો અર્થ 'ગરમી' કર્યો છે. આથી 'જેની બન્ને બાજુએ ગરમી છે એવી રાત્રિ'–અર્થ પણ લઈ શકાય. ૪. **रसायाः पयांसि**—નો પરંપરાએ (સાયણે) રસા નદીનાં જળ એવો કર્યો છે. પણ ડૉ. એસ્તેરબહેન સોલોમને 'અભિનવ વૈદિકપાઠાવલી' (ગુજ. યુનિ. પ્રકાશન પૃ. ૧૬૧)માં આ શબ્દોનો બીજો પણ એક યૌગિક અર્થ વિચાર્યો છે : રસા = પૃથિવી. તેથી પૃથિવીનાં જળ એટલે સરમા જ્યાંથી આવી હોય ત્યાંથી શરૂ થતી ભૂમિના પ્રદેશમાં જેટલાં જળસ્થાન આવ્યાં હોય તે બધાનું જળ. ૪. **अतरः** = **√तॄ** 'તરવું' ૧લો ગણ, ઉભયપદી ધાતુનું હ્યસ્તન ભૂત. કા. બી. પુ. એ. વ.

इन्द्र॑स्य दू॒ती॑रिषि॒ता च॑रामि म॒ह इ॒च्छन्ती॑ पणयो नि॒धीन्व॑: ।
अ॒ति॒ष्कदो॑ भि॒यसा॒ तन्न॑ आव॒त्तथा॑ र॒साया॑ अत॒रं पया॑ंसि
॥२॥

इन्द्र॑स्य । दू॒तीः । इ॒षि॒ता । च॒रा॒मि॒ । म॒हः । इ॒च्छन्ती॑ । प॒ण॒य॒: । नि॒ऽधीन् । व॒: । अ॒ति॒ऽस्कद॑: । भि॒यसा॑ । तत् । न॒: । आ॒व॒त् । तथा॑ । र॒साया॑: । अ॒त॒र॒म् । पया॑ंसि ॥२॥

अनया तान् सरमा प्रत्युवाच । हे ᵛपणयः एतन्नामका असुराः

ᵛइन्द्रस्य ᵛदूतीः० । 'सुपां सुलुक् ।' इति प्रथमैकवचनस्य सुश्छान्दसः । अहम् ᵛइषिता तेनैव प्रेषिता सती ᵛचरामि । युष्मदीयं स्थानमागच्छामि । किमर्थम् । ᵛवः युष्मदीयान् युष्मदीये पर्वतेऽधिष्ठापितान् ᵛमहः महतः ᵛनिधीन् बृहस्पतेर्गोनिधीन् ᵛइच्छन्ती कामयमाना सती चरामि । ᵛकिंच ᵛअतिष्कदः ॥ 'स्कन्दिर्गतिशोषणयोः' । भावे क्विप् । अतिष्कन्दनादतिक्रमणाऽजातेन ᵛभियसा भयेन ᵛतत् नदीजलं ᵛनः । पूजायां बहुवचनम् । माम् ᵛआवत् अरक्षत् । ᵛतथा तेन प्रकारेण ᵛरसायाः नद्या ᵛपयांसि उदकानि ᵛअतरं तीर्णवत्यस्मि ॥

અનુવાદ (195) : (સરમાઃ) હે પણિઓ ! ઇન્દ્રની મોકલેલી દૂતી એવી હું તમારા (સંતાડેલા) મોટા (ગાયોના) નિધિઓને ઇચ્છતી (= શોધતી) ફરી રહી છું (= આવી પહોંચી છું). (અમારા) કૂદકાના ભયથી તેણે (= રસા નદીના જળે) અમને મદદ કરી, તેથી હું 'રસા'ના જળને ઓળંગી ગઈ છું. (૧૦-૧૦૮-૨)

નોંધ : ૧. **इन्द्रस्य दूतीः** (= ઇન્દ્રની દૂતી) અહીં વેદમાં દૂતીઃને પ્રથમા વિ. એ. વ.નું રૂપ લેવાનું છે, જે પ્રશિષ્ટ સંસ્કૃતમાં દૂતી રૂપે મળે છે. ૨. **इषिता** = પ્રેષિત, મોકલેલી. ૩. **पणयः** = 'પણિ' નામની વેપારી જાતિ (એવો અર્થ નિરુક્ત ૨-૧૭માં આપ્યો છે. **पणनात् पणिः** । √**पण** 'વેપાર કરવો' અર્થવાળા ધાતુ ઉપરથી 'પણિ' શબ્દ બન્યો છે). ૪. **अतिष्कदः** = **अतिक्रमणात्** સરમાના કૂદકાના/તરાપ મારવાના, **भियसा**-ભયથી, **तत्**=તેણે, જળે, **नः आवत्** = અમને મદદ કરી (√**अव्**-મદદ કરવી, રક્ષવું, ૧લો ગણ હ્યસ્તન ભૂ.કા.ત્રી.પુ.એ.વ.). અહીં સાયણ કહે છે કે નઃમાં પૂજાર્થે = માનાર્થે બહુવચન છે. અર્થાત્ રસા નદીના પાણીએ આ દેવશુની તરફ આદર વ્યક્ત કરવા, (કે એની તરાપના ડરથી) સબહુમાન પોતાનાં પાણી નીચાં નમાવ્યા હશે, કે બીજી કોઈ રીતે મદદ કરી હશે. જેથી તે રસાને ઓળંગીને અહીં પહોંચી ગઈ છે.

कीदृङिङन्द्रः सरमे का दृशीका यस्येदं दूतीरसरः पराकात् ।
आ च गच्छान्मित्रमेना दधामाथा गवां गोपतिर्नो भवाति
॥३॥

कीदृङ् । इन्द्र । सरमे । का । दृशीका । यस्य । इदम् । दूतीः । असरः । पराकात् ।
आ । च । गच्छात् । मित्रम् । एन । दधाम । अथ । गवाम् । गोऽपतिः । नः । भवाति ॥३॥

तेषां वाक्यम् । हे ᵛसरमे तव स्वामी ᵛइन्द्रः ᵛकीदृङ् । कियत्पराक्रमवान् । ᵛका ᵛदृशीका । तस्य कीदृशी दृष्टिः । दृष्टिरूपा सेना कियती । ᵛयस्य ᵛदूतीः दूती त्वम् ᵛइदम् अस्मदीयं स्थानं ᵛपराकात् अतिदूरात् ᵛअसरः आगमः । इति तामुक्त्वा इदानीं ते परस्परमाहुः । एषा सरमा ᵛआ ᵛगच्छात् ᵛच आगच्छतु च । गमेर्लेट्याडागमः । स्वामी ᵛभवाति भवतु । न ह्येकस्या गोः किंतु बहूनां गवां स्वामी भवतु । वृत्त्यवृत्तिभ्यां स्वामित्वं बाहुल्यं च विवक्ष्यते ॥

અનુવાદ (196) : (પણિઓ:) ''હે સરમા ! તું જેની દૂતી બનીને દૂરથી અહીં (= આ સ્થાનમાં) આવી પહોંચી છું તે (તારો સ્વામી) ઇન્દ્ર (પરાક્રમ કરવામાં) કેવો છે ? તેનો દેખાવ કેવો છે ?'' [આ પ્રમાણે સરમાને પૂછ્યા પછી પણિઓએ પરસ્પરમાં વાતચીત કરી કે] આ (સરમા) ભલે અહીં આવી; આપણે એની સાથે મિત્રતા સ્થાપીએ. પછી (તે ઇન્દ્ર પણ ભલે) આપણી ગાયોનો ગોપતિ (=સ્વામી) બને. (૧૦-૧૦૮-૩)

નોંધ : ૧. **कीदृङ् = कीदृशः** = કેવો, ૨. **दृशीका** - દૃષ્ટિ, દેખાવ સાયણ મુજબં 'તે (ઇન્દ્ર)ની દૃષ્ટિરૂપ સેના કેવડી છે ?' પણ વેંકટમાધવ અનુસાર 'કાર્યોને વિષે આનું દર્શન કેવું છે ?' ૩. **पराकात्**-દૂરના સ્થાનેથી, ઘણે દૂરથી, ૪. **दूतीः = दूती, असरः = आगमः** દૂતી એવી તું આવી પહોંચી છું - √**सृ** 'સરકવું-જવું' ૩જો ગણ, ઉભયપદી ધાતુનું અદ્યતન = સાદો ભૂ. કા. બી. પુ. એ. વ. પ. અહીં બાકીના **आ + गच्छात्, दधाम** અને **भवाति** ત્રણેય ક્રિયાપદો વર્તમાનકાળના અંગવાળા વૈદિક સંકેતાર્થક (**लेट्** લકાર-subjunctive) રૂપો છે. ૬. પહેલા બે પાદ. પછી, પણિઓએ અંદરોઅંદર જે મસલત કરી હશે તે ત્રીજા-ચોથા પાદમાં નોંધાઈ છે એવું સાયણ કહે છે. આથી **आ 'गच्छात्'**ને સ્વતંત્ર વાક્ય રૂપે લઈ ''[(આ સરમા) ભલે આવી'' (સંકેતાર્થક ક્રિયાપદ રૂપે) એવો અર્થ લઈ શકાય. અને પછી બીજા વાક્યમાં] ૭. **एन=अनेन (सह)** કે **अनया** આની સાથે, અથવા આના (સરમાના) દ્વારા (ઇન્દ્ર સાથે મૈત્રી બાંધીએ) એટલે કે **एन (= अनेन) मित्रम् दधाम** । નો બે રીતે અર્થ વિચારી શકાય : (**क**) આ (ઇન્દ્ર)ની સાથે મિત્રતા સ્થાપીએ (વેંકટમાધવ મુજબ) અથવા (**ख**) આ (સરમા)ના દ્વારા [એની = ઇન્દ્રની સાથે] મિત્રતા બાંધીએ (સાયણ મુજબ). પ્રા. વેલણકરે મન્ત્રના ચારેય પાદોનો ક્રમ યથાવત્ રાખીને તથા ત્રીજા પાદમાં સાયણથી જુદા પડીને આ પ્રમાણે અર્થ કર્યો છે : ''કેવો છે આ ઇન્દ્ર ? ઓ સરમા ! એ દેખાવમાં કોના જેવો છે ? કે જેની દૂતી તરીકે તું ઘણે દૂરથી આવી છું. અને જો તે (= ઇન્દ્ર) આવે, તો અમે તેને અમારો મિત્ર બનાવીશું અને એ પછી તે (ઇન્દ્ર) અમારી ગાયોનો પતિ બને (તથા સાથે સાથે અમારો પણ).'' (અહીં **एन**નો અર્થ **एनम्** કર્યો જણાય છે.

नाहं तं वे॑द द॒भ्यं द॒भत्स यस्ये॒दं दू॒तीरस॑रं परा॒कात् ।
न तं गू॑हन्ति स्र॒वतो॑ गभी॒रा ह॒ता इन्द्रे॑ण पणयः शयध्वे ॥४॥

न । अ॒हम् । तम् । वे॒द॒ । दभ्य॑म् । दभ॑त् । सः । यस्य॑ । इ॒दम् । दू॒तीः । अस॑रम् । प॒रा॒कात् ।
न । तम् । गू॒ह॒न्ति॒ । स्र॒वत॑ः । ग॒भी॒राः । ह॒ताः । इन्द्रे॑ण । प॒ण॒यः॒ । श॒य॒ध्वे॒ ॥४॥

सरमा वदति । हे पणयः ᵛतम् इन्द्रं ᵛदभ्यं हन्तव्यमिति ᵛन ᵛवेद न जानामि । दभेः अचो यत् । कथम् । ᵛसः इन्द्रः ᵛदभत् सर्वान् जनान् दभति हिनस्त्येव । दभेर्लेटि रूपम् । वाक्यभेदादनिघातः ॥ ᵛयस्य ᵛदूतीः दूती अहम् ᵛइदं युष्मदीयं स्थानं ᵛपराकात् अतिदूराद्देशात् ᵛअसरं प्राप्ताभूवम् । इन्द्रो हिंसितव्यो न भवतीत्यत्र युक्तिमाह । ᵛस्रवतः । स्रवणं स्रवः । तमाचरन्ति ॥ आचारार्थे क्विप् । तुगागमः । जसि रूपम् ॥ स्रवणशीलाः ᵛगभीराः गम्भीरा नद्यः ᵛतम् इन्द्रं ᵛन ᵛगूहन्ति न संवृण्वन्ति । नाच्छादयन्ति । किंत्वाविष्कुर्वन्ति । वयं यस्य महिम्ना समुद्रं प्रतिसरामः । तस्मादहिंस्य इत्येनं प्रकटीकुर्वन्ति । 'गुहू संवरणे' । भौवादिकः । तस्माद्धे ᵛपणयः यूयम् ᵛइन्द्रेण तादृशपराक्रमेण ᵛहताः सन्तः ᵛशयध्वे ॥ 'शीङ् स्वप्ने' । 'बहुलं छन्दसि' इति शपो लुगभावः ॥

અનુવાદ (197) : (સરમાઃ) હું તે (ઇન્દ્ર)ને ઘાયલ **(दभ्यम्)** કરી શકાય એવો જાણતી (= માનતી) નથી, બલ્કે તે (બીજાને) **(दभत्)** ઘાયલ કરે, કે જેની દૂતી બનીને હું ઘણે દૂરથી અહીં (તમારા સ્થાનમાં) આવી પહોંચી છું. વહેતી ઊંડી (નદીઓ) એ (ઇન્દ્ર)ને સંતાડતી નથી. હે પણિઓ ! (હવે તમે નક્કી માનજો કે) ઇન્દ્રથી હણાયેલા તમે ઢળી પડશો. (૧૦-૧૦૮-૪)

નોંધ : ૧. **दभ्यम् = दम्भनीयम् = हन्तव्यम्** = હણી શકાય એવો ૨. **दभत्-(इन्द्रः सर्वान् जनान् दभत् = दभति हिनस्ति √दभ्** દબાવવું, ઘાયલ કરવું, ૧લો ગણનું વિધિમૂલક લકાર (જે કેવળ વેદમાં જ વપરાય છે તે injunctive) ત્રી. પુ. એ. વ. 'ઘાયલ કરે', અથવા **अड** આગમ રહિતનું હ્યસ્તન ભૂ. કા. ત્રી. એ. વ. ૩. **√गूह** 'સંતાડવું, ૧લો ગણ ઉભયપદી ધાતુનું પરસ્મૈપદમાં વર્તમાનકાળ ત્રી. પુ. બ. વ. ૪. **स्रवतः गभीराः** = સરકતી, વહેતી

ઊંડી (નદીઓનાં વિશેષણ) અહીં સાયણ કહે છે કે ઊંડી નદીઓ પણ તેને = ઇન્દ્રને સંતાડતી નથી, તેનું સંવરણ કે આચ્છાદન કરતી નથી. બલ્કે એનો (એના બળનો) આવિષ્કાર કરે છે કે જેના મહિમા થકી અમે સમુદ્ર તરફ વહીએ છીએ, તેથી 'તે (ઇન્દ્ર) અહિંસ્ય છે' એમ = એવા સ્વરૂપે એને પ્રકટ કરે છે. તેથી હે પણિઓ ! તમે હવે **शयध्वे**-ઢળી પડશો. અહીં √**शीङ्** **शयने** ૧લા ગણના ધાતુનું વર્તમાનકાળ બી. પુ. બ. વ.નું રૂપ વપરાયું છે = 'તમે સૂઓ છો.' પણ અહીં **वर्तमानसामीप्ये वर्तमानवद्वा** । એવા પાણિનિ સૂત્રાનુસાર 'વર્તમાનની નજીકના ભવિષ્યત્કાળ માટે પણ વર્તમાનકાળ વાપરી શકાય છે.' એ નિયમથી **शयध्वे** । ઢળી પડશો-સૂઈ જશો' અર્થમાં વપરાયું છે.

इ॒मा गाव॑ः सर॒मे या ऐच्छ॒ः परि॑ दि॒वो अन्ता॑न्त्सुभगे॒ पत॑न्ती ।
कस्त॑ ए॒ना अव॑ सृजा॒दयु॑ध्व्युता॒स्माक॒मायु॑धा सन्ति ति॒ग्मा ॥५॥

इ॒माः । गाव॑ः । स॒र॒मे॒ । याः । ऐच्छ॑ः । परि॑ । दि॒वः । अन्ता॑न् । सु॒ऽभ॒गे॒ । पत॑न्ती ।
कः । ते॒ । ए॒ना॒ः । अव॑ । सृ॒जा॒त् । अयु॑ध्वी । उ॒त । अ॒स्माक॑म् । आयु॑धा । स॒न्ति॒ । ति॒ग्मा ॥५॥

क्रुद्धाः पणयः प्रत्यूचुः । हे ᵛसुभगे शोभनसौभाग्यवति हे ᵛसरमे ᵛदिवः द्युलोकस्य ᵛअन्तान् पर्यन्तान् ᵛपरि ᵛपतन्ती कुत्र गावस्तिष्ठन्तीति परितो गच्छन्ती त्वम् ᵛइमाः परिदृश्यमानाः ᵛयाः ᵛगावः । सुब्व्यत्ययः । गाः ᵛऐच्छः कामयसे ताः ᵛएनाः गाः ᵛते त्वदीयः ᵛकः ᵛअयुध्वी अयुद्ध्वा ᵛअव ᵛसृजात् । अस्मात् पर्वतादवसृजेत् । विनिर्गमयेत् । सृजेर्लेटि रूपम् । अयुध्वी । युधेः क्त्वाप्रत्यये 'स्नात्व्यादयश्च' इति निपातितः । नञ्समासत्वाल्ल्यबादेशाभावः । नञः प्रकृतिस्वरत्वम् । ᵛउत अपि च ᵛअस्माकं ᵛतिग्मा तीक्ष्णानि ᵛआयुधा आयुधानि ᵛसन्ति । तस्मादस्माभिर्युद्धमकृत्वा को वा गा आहरति ॥५॥

અનુવાદ (198) : (પણિઓ:) હે સારા ભાગ્યવાળી સરમા ! દ્યુલોકના (**दिवः**) છેડાઓ સુધી ફરતી (**पर्यन्तान् पतन्ती**), તું જે (ગાયો)ને ઇચ્છતી હતી, તે ગાયો આ રહી. પણ (અમારી સાથે) યુદ્ધ કર્યા વિના (**अयुध्वी**), તારે માટે આ (ગાયો)ને કોણ છોડે (= પાછી આપે) ? અને વળી, અમારાં આયુધો તીક્ષ્ણ છે (= અમે લડી શકીએ એમ છીએ). (૧૦-૧૦૮-૫)

નોંધ : ૧. સાયણ કહે છે કે ક્રોધે ભરાયેલા પણિઓએ આ મન્ત્રમાં સરમાને

પ્રત્યુત્તર આપ્યો છે, બલ્કે પડકાર ફેંક્યો છે : **हे सुभगे सरमे**-હે સારા ભગ = ભાગ્ય/ઐશ્વર્યવાળી સરમા ! તું દ્યુલોકના છેડાઓ સુધી/ની ચારે તરફ ફરતી = 'ગાયો ક્યાં સંતાડાઈ છે ?' એમ શોધતી, તું જે **याः (गाः) ऐच्छः** જે ગાયોને (પાછી મેળવવા) ઇચ્છે છે **इषू-इच्छ** છઠા ગણનું હ્ય. ભૂ. કા. બી. પુ. એ. વ.) તે ગાયો **अयुध्वी = अयुध्वा** = લડ્યા વિના = અમારી સાથે યુદ્ધ કર્યા વિના, **कः अव सृजात्**-કોણ (આ પર્વતમાંથી સંતાડેલી તે ગાયોને) બહારકાઢી શકે ? ૨. અહીં પ્રશિષ્ટ સંસ્કૃતમાં **अ+युध+कत्वा**થી સંબંધક ભૂતકૃદન્ત રૂપે : **अयुध्वा** થાય, પણ વેદમાં **क्त्वा**ને બદલે **क्त्वी** પ્રત્યય લાગ્યો છે : **अयुध्वी** । (આવું જ એક **कृत्वी** રૂપ જુઓ : ૧૦-૧૫-૧૨માં); તથા ૩. **अव+सृजात्**માં **√सृज्** 'છોડવું' છઠા ગણનું વર્તમાન વૈદિક સંકેતાર્થ (**लेट्**) ત્રી. પુ. એ. વ. (**अव सृजेत्** અર્થવાળું) રૂપ છે. ૪. વેદમાં અકારાન્ત નપું. શબ્દના **वनम्-वने-वनानि** અથવા **वना** એવાં રૂપો થાય છે. આથી **तिग्मा आयुधा** ને **तिग्मानि आयुधानि** રૂપે સમજવાના છે. ૫. આ મન્ત્રમાં છેલ્લે પણિઓએ ધમકી ઉચ્ચારી છે કે દેવોને યુદ્ધ કર્યા વિના ગાયો પાછી મળવાની નથી અને જો દેવો યુદ્ધ કરવા વિચારતા હોય તો અમારાં તીક્ષ્ણ હથિયારોનો પહેલાં વિચાર કરજો.

असेन्या वः पणयो वचांस्यनिषव्यास्तन्वः सन्तु पापीः ।
अधृष्टो व एतवा अस्तु पन्था बृहस्पतिर्व उभया न
मृळात् ॥६॥

असेन्या । वः । पणयः । वचांसि । अनिषव्याः । तन्वः ।
सन्तु । पापीः । अधृष्टः । वः । एतवै । अस्तु । पन्थाः ।
बृहस्पतिः । वः । उभया । न । मृळात् ॥६॥

सा तान्निराह । हे ᵛपणयः ᵛवः युष्माकं ᵛवचांसि पूर्वोक्तानि वचनानि ᵛअसेन्या असेन्यानि । सेनार्हाणि न भवन्ति ॥ सेनाशव्दात् तदर्हतीत्यर्थे 'छन्दसि च' इति यत्प्रत्ययः । नञा समासः । 'ययतोश्चातदर्थे' (पा.सू. ६.२.१५६) इत्युत्तरपदान्तोदात्तत्वम् । तथा ᵛतन्वः युष्मदीयानि शरीराणि ᵛअनिषव्याः इष्वर्हाणि न ᵛसन्तु पराक्रमराहित्येन । पूर्ववत् प्रत्ययः । 'ओर्गुणः' (पा. सू. ६. ४. १४६) इति गुणः । स्वरश्च तादृक् । यतः ᵛपापीः पापयुक्तानि खलु ॥ 'छन्दसीवनिपौ' इतीप्रत्ययः । जसः सुः । किंच ᵛवः युष्मदीयः ᵛपन्थाः मार्गः ᵛएतवै गन्तुम् ᵛअधृष्टः असमर्थः ᵛअस्तु ॥ इण् गतौ' इत्यस्य तुमर्थे तवैप्रत्ययः । 'तवै चान्तश्च युगपत्' (पा. सू. ६. २. ५१) इति धातोः प्रत्ययस्य च युगपदुदात्तत्वम् । तत्र हेतुमाह । ᵛवः युष्मदीयान्

ᵛउभया उभयविधान् पूर्वोक्तांस्तन्वो देहान् ᵛबृहस्पतिः इन्द्रप्रेरितः ᵛन ᵛमृळात् न सुखयेत् । किंतु बाधेत ॥ 'मृड सुखने' । लेट्याडागमः ॥

અનુવાદ (199) : (સરમા :) હે પણિઓ ! તમારાં વચનો સેનાને યોગ્ય (=સેનાથી લડવાને યોગ્ય) ભલે ન હોય [અથવા–ફેંકી દેવા જેવા તુચ્છ છે], ભલે તમારાં પાપી શરીરો બાણને યોગ્ય (= બાણથી ભેદાય એવાં) ન હોય. તથા તમારો માર્ગ ભલે પહોંચવા માટે (**एतवै**), અભેદ્ય (**अधृष्टः**) હોય; પણ તે બૃહસ્પતિ તમારા તે બન્ને (વચનો અને શરીરો)ને માફ નહીં કરે (દયા નહીં ખાય). (૧૦-૧૦૮-૬)

નોંધ : ૧. સાયણ અને વેંકટમાધવે **असेन्या** અને **अनिषव्याः** એ બે શબ્દોના અર્થો જુદા જુદા આપ્યા છે. જેમકે, સાયણ-'સેનાને યોગ્ય નહીં તેવાં (વચનો),' અને 'ઈષુ = બાણને યોગ્ય નહીં તેવાં (શરીરો) એમ કહે છે. પણ વેંકટમાધવ–'(દાસપુત્રો વડે) ફેંકી દેવાં જેવાં તમારાં વચનો', અને '(શોભા વિનાના હોવાથી) સેવવા યોગ્ય નહીં તેવાં શરીરો' એમ અર્થ કરે છે. (સાયણનો **न सेनार्हाणि,** અને **न इषु अर्हाणि** વધુ પ્રતીતિકર છે. વેંકટે **√अस्** ફેંકવુંના વિધ્યર્થ કૃદન્ત રૂપે **असनीयानि** 'ફેંકી દેવા જેવાં (તુચ્છ)' અર્થ કર્યો છે તે વ્યાકરણ મુજબ શક્ય છે, પણ **अनिषव्याः**નો **असेवितव्याः** અર્થ કરવો તે થોડોક દુરાકૃષ્ટ જણાય છે.) ૨. **तन्वः**માં જાત્ય સ્વતન્ત્ર સ્વરિત છે. ૩. **एतवै अस्तु**માં સન્ધિ થવાથી **एतव् आय् अस्तु** → **एतवा अस्तु** થયું છે. **एतवै** તે 'જવા માટે' 'પહોંચવા માટે' અર્થવાળું **√इण् गतौ** ધાતુનું વૈદિક હેત્વર્થ કૃદન્ત છે. (અહીં **तुम्**ને બદલે **तवै** પ્રત્યય લાગ્યો છે.) ૪. 'બૃહસ્પતિ' એ એક વૈદિક દેવતાનું નામ છે. મેકડોનલ કહે છે કે ''ઋગ્વેદના સૌથી વહેલા અને સૌથી મોડા લખાયેલા એવા બેઉ વિભાગમાં દીઠામાં આવતો અમૂર્ત સ્વરૂપનો એક દેવતા તે 'બૃહસ્પતિ.' આ શબ્દનો અર્થ 'સ્તોત્રોનો પતિ' = 'વાણીનો સ્વામી' એવો થાય છે. (અને આથી પુરાણકાળમાં તે દેવોના ગુરુ તરીકે પ્રખ્યાત બન્યા), તેમણે વલ પાસેથી ગાયો પાછી મેળવવામાં ઈન્દ્રને મદદ કરી હતી, વલની ગુફા ખોલી કાઢી હતી. ૫. **मृळात्** । વૈદિક સંકેતાર્થક ત્રી. પુ. એ. વ.નું રૂપ. તેનો અર્થ થશે : સુખ પહોંચાડે (નહીં), માફ (ન) કરે.

ડૉ. સોલોમને સરમાની ઉક્તિની સમજૂતી આ રીતે આપી છે : આ મન્ત્રમાં સરમા પણિઓના સંતોષ ખાતર કબુલ રાખે છે કે તમારાં વચનો સેનાથી હારી જાય તેવાં ભલે ન હોય (અર્થાત્ તમે પોતાને અજેય માનો છો, તેથી બળના ભયથી બોલતા બંધ થઈ જાઓ એવું ભલે ન બને), તમારા દુષ્ટ શરીરો બાણના ભોગ બને તેવાં ન હોય, અને તમારો માર્ગ દુર્ગમ હોય એ બધું કબૂલી લઈએ તો પણ તમારો ઉદ્ધાર નથી. આમાં આવો પણ ધ્વનિ હોઈ શકે કે તમે માત્ર બોલી જાણો છો અને [illegible]નોની સામે સેનાથી લડાઈ કરવી પડે તેવું શું હોય ? તમારાં શરીર એટલાં દુર્બળ છે [illegible] તીરને લાયક ન ગણી શકાય; અને તમારો માર્ગ દુર્ગમ તો નથી જ. (અભિનવ વૈદિક પાઠાવલી, ગુ. યુનિ. પૃ. ૧૬૮)

अ॒यं नि॒धिः स॑रमे॒ अद्रि॑बुध्नो॒ गोभि॒रश्वे॑भि॒र्वसु॑भि॒र्न्यृ॑ष्टः ।
रक्ष॑न्ति॒ तं प॒णयो॒ ये सु॑गो॒पा रेकु॑ प॒दमल॑क॒मा ज॑गन्थ ॥७॥

अ॒तम् । नि॒ऽधिः । स॒र॒मे॒ । अद्रि॑ऽबुध्नः । गोभिः॑ । अश्वे॑भिः ।
वसु॑ऽभिः । निऽऋ॑ष्टः ।

रक्ष॑न्ति । तम् । प॒णयः॑ । ये । सु॒ऽगो॒पाः । रेकु॑ । प॒दम् ।
अल॑कम् । आ । ज॒ग॒न्थ॒ ॥७॥

ते पुनराहुः । हे ᵛसरमे ᵛअयं ᵛनिधिः अस्मदीयः कोशः ᵛअद्रिबुध्नः । 'बन्ध बन्धने' । 'बन्धेर्ब्रधिबुधी च' (उ. सू. ३.५) इति नप्रत्ययो बुध इत्यादेशः । अद्रिर्बन्धको यस्य तादृशः । तथा आहृतैः गोभिरश्वेभिः अश्वैश्च वसुभिः आत्मीयैर्धनैश्च ᵛन्यृष्टः नितरां प्राप्ता भवति । ऋषी गतौ ।' क्तप्रत्यये 'श्वीदितो निष्ठायाम्' इतीट्प्रतिषेधः । 'गतिरनन्तरः' इति गतेः प्रकृतिस्वरत्वम् ॥ ᵛसुगोपाः । 'गुपू रक्षणे' । आयप्रत्ययान्तात् क्विपि अतोलोपयलोपौ । सुष्ठु गोपायितारः ᵛये ᵛपणयः तेऽसुराः ᵛतं निधिं ᵛरक्षन्ति पालयन्ति । ᵛरेकु । 'रेकृ शङ्कायाम्' । औणादिक उप्रत्ययः । शङ्कितं गोभिः शब्दायमानं ᵛपदम् अस्माभिः पालितं स्थानम् ᵛअलकं व्यर्थमेव ᵛआ ᵛजगन्थ आगतवत्यसि । गमेर्लिटि रूपम् ॥

અનુવાદ (200) : (પણિઓ :) હે સરમા ! (અમારો) આ નિધિ પર્વતથી બંધાયેલો (ઢંકાયેલો) (**अद्रिबुध्नः**) છે, કે જે (નિધિ) (ચોરે લાવેલી) ગાયોથી, અશ્વોથી અને (અમારાં પોતાનાં) ધનોથી સારી રીતે (**न्यृष्टः**) ભરેલો છે. જે સારી રીતે રક્ષણ કરનારા (**सुगोपाः**) પણિઓ તે (નિધિ)નું રક્ષણ કરી રહ્યા છે. (ગાયો હોવાની) (**रेकु** =) શંકાવાળા સ્થાનમાં તું (**अलकम्** =) વ્યર્થ જ આવી ચઢી (**आ जगन्थ**) છું. (૧૦-૧૦૮-૭)

નોંધ : ૧. **अद्रिबुध्नः**નો સાયણે અર્થ 'પર્વત છે બન્ધક જેનો' અર્થાત્ 'પર્વતથી ઢંકાયેલો (નિધિ)' એવો કર્યો છે. ૨. વેંકટમાધવે **अद्रि**નો અર્થ મેઘ કરીને 'વાદળથી બંધાયેલ' એવો કર્યો છે. તથા ઉમેર્યું છે કે 'મેઘાકાર વલ નામના અસુરથી સંતાડાયેલ (નિધિ).' જ્યારે પ્રા. વેલણકર તેનો અર્થ 'rocky bottom-ખડકના તળિયાવાળો' કરે છે. ૨. **न्यृष्टः- नि+√ऋषू गतौ** ૧લો અને ૬ઠ્ઠો ગણ, તેનું કર્મણિ ભૂ. કૃ. સંપૂર્ણ રીતે પ્રાપ્ત કરેલ, ભરપૂર. વેંકટ કહે છે કે પાણીનો ધરો જેમ મોજાં, તરંગથી ભરેલો હોય તેમ (પણિઓનો નિધિ ગાયો વગેરેથી ભરેલો છે). ૩. રેકુનો એક અર્થ

रिच् ધાતુ ઉપરથી 'રિક્ત' (ખાલી) થાય છે (તેમ વેંકટ કહે છે), પણ સાયણ કહે છે : **√रेकृ शङ्कायाम्** 'શંકા કરવી' ધાતુને ઉણાદિનો **उ** પ્રત્યય લગાડીને **रेकु=शंकितम्** શબ્દ બનાવ્યો છે. (આ મુજબનો અનુવાદ ઉપર આપ્યો છે.) પણ 'રેકુ' એટલે 'ખાલી' એમ લઈએ તો 'સરમા માટે એ ખાલી જેવું જ છે, કારણ કે તેને એ ગાયો મળવાની નથી.' મેકડોનલના મતે **रेकु** = unyielding = કબજે ન થાય એવું (સ્થાન). ૪. **अलकम् = अरकम्** = વ્યર્થ. અહીં **अलं भूषण पर्याप्ति वारणेषु** । એવા કોશગત અર્થવાચક **अलम्** શબ્દમાંના અહીં **ल**ના સ્થાને વેદમાં રેફ વપરાય છે; અને તેને અલ્પાર્થે **क** પ્રત્યય લાગીને **अलकम् = अरकम्** બને છે. પ્રા. વેલણકર **यदीं शृणोत्यलकं शृणोति०** । **ऋ० १०-७१-६** ની સાથે સરખામણી કરીને કહે છે કે અહીં **अलकम्** શબ્દ ક્રિયાવિશેષણ તરીકે પ્રયોજાયો છે 'જે નજીવી શોભા માટે જ છે, તેનાથી કશું થતું નથી એ જેમ હોય તે રીતે. અર્થાત્ ઇન્દ્રે તને મોકલી અને તું આવી. બસ એટલું જ થવાનું, બીજો કોઈ લાભ નહીં થાય. ૫. **सुऽगोपाः** = સારી રીતે ગાયોનું રક્ષણ કરી જાણનારા !

एह ग॑म॒न्नृष॑य॒ः सोम॑शिता अ॒यास्यो॒ अङ्गि॑रसो॒ नव॑ग्वाः ।
न ए॒तमू॒र्वं वि भ॑जन्त॒ गोना॒मथै॒तद्वच॑ः प॒णयो॒ व॒मन्नित् ॥८॥

आ । इ॒ह । ग॒म॒न् । ऋष॑यः । सोम॑ऽशिताः । अ॒यास्य॑ः । अङ्गि॑रसः । नव॑ऽग्वाः । ते । ए॒तम् । ऊ॒र्वम् । वि । भ॒ज॒न्त॒ । गोना॑म् । अथ॑ । ए॒तत् । वच॑ः । प॒णय॑ः । वम॑न् । इत् ॥८॥

सरमा पुनः प्रत्युवाच । हे पणयः ᵛसोमशिताः सोमेन तीक्ष्णीकृताः सोमपानेन मत्ताः ॥ 'शिञ् निशाने' । कर्मणि क्तप्रत्ययः । 'तृतीया कर्मणि' इति पूर्वपदप्रकृतिस्वरत्वम् ॥ तादृशाः ᵛनवग्वाः नवगतयः । यद्वा । अङ्गिरसां सत्रमासीनानां मध्ये केचन नवसु माःसूदतिष्ठन् ते नवग्वाः । अनेन दशग्वा अप्युलक्ष्यन्ते । उभयविधास्ते ᵛअङ्गिरसः ᵛऋषयः तेषां प्रथमः ᵛअयास्यः एतन्नामा च त एते ᵛइह युष्मदीये स्थाने ᵛआ ᵛगमन् आगच्छेयुः ॥ गमेः 'छन्दसि लुङ्लङ्लिटः' इति सार्वकालिको लुङ् । लृदित्वाच्च्लेरङ् ॥ आगत्य च ᵛते ᵛगोनाम् ॥ 'गोः पादान्ते' इति छन्दसि नुडागमः ॥ गवाम् ᵛऊर्वं तं समूहं ᵛवि ᵛभजन्त विभागं कुर्युः ॥ अत्रापि पूर्ववत् सार्वकालिको लुङ् । ᵛअथ अनन्तरं ᵛपणयः यूयम् ᵛएतद्वचः पूर्वं यत् व्यर्थमागतासीति यद्वाक्यमवोचत तद्वाक्यं तदा ᵛवमन्नित् वमन्तः परित्यजन्त एव भवथ । 'वमु उद्गिरणे' । शतरि 'सुपां सुलुक्°' इति जसो लुक् । नुमागमः । संयोगान्तस्य लोपः । यद्वा । लङिरूपम् । स्वरश्छान्दसः ॥

અનુવાદ (201) : (સરમાઃ) સોમરસ(ના પાન)થી તીક્ષ્ણ (= મદમસ્ત) બનેલા એવા અયાસ્ય, અંગિરસો, અને નવગ્વ નામના ઋષિઓ અહીં (ચોક્કસ) આવે. તેઓ ગાયોના (**गोनाम्**) આ સમૂહ (**उर्वम्**)ને વહેંચી લે. પછી પણિઓ આ વચનનું વમન કરે જ. (૧૦-૧૦૮-૮)

નોંધ : ૧. **सोमशिताः** એટલે સોમથી મત્ત/તીક્ષ્ણ/ઉત્તેજિત થયેલા; √**शो** 'તીક્ષ્ણ કરવું, ૩જો ગણ. તેનું કર્મણિ ભૂ. કૃ **शित** થાય. ૨. **अयास्यः**- અંગિરાઓમાંનો એક ઋષિ ૩. **नवग्वाः**-નવગતિવાળા, અથવા અંગિરસ્ નામે પ્રખ્યાત થયેલા ઋષિઓમાંના એક ઋષિએ નવ માસ સુધી એક સત્ર (યજ્ઞ)માં યજન કરેલું તે; અથવા નવ ગાયોવાળા ઋષિઓને નવગ્વા કહે છે. (અથવા અંગિરા ઋષિઓની એક શાખાનું નામ હોય). અગ્નિના અંગારામાંથી જે ઋષિ જન્મ્યા તે 'અંગિરસ્' કહેવાયા એમ ઐતરેય બ્રાહ્મણ (૩-૩૪-૧)માં કહ્યું છે. ૪. તે **(ऋषयः अत्र आगत्य) गोनाम् = गवाम् एतम् उर्वम् = समूहं वि भजन्त ।** એવો ત્રીજા પાદનો અન્વય છે. અહીં **गो** શબ્દનું ષષ્ઠી બ.વ. **गवाम्** થવાને બદલે **गोनाम्** થયું છે; કારણ કે **गोः पादान्ते । पा.सू.**..થી પાદના અંતે આ રૂપ વાપરવાનું હોય તો નુડાગમ થઈને **गोनाम्** રૂપ બને છે. તથા **वि** + √**भज् सेवायाम्** ૧લા ગણના આત્મનેપદી ધાતુનું વિધિમૂલક લકાર–Injunctive-ત્રી. પુ. બ. વ.માં રૂપ બને છે :-**भजन्त ।** ૫. **वमन्** મંત્ર-૭માં પણિઓએ જે કહ્યું છે તેને પણિઓ ઓકી કાઢશે. પણિઓએ પોતાની જે બહાદૂરી કહી બતાવી છે, તે તેઓ પચાવી શકવાના નથી, એને તેમણે ઓકી કાઢવી પડશે, કારણ કે તેઓ કહ્યા મુજબ પોતાના (ગાયોના) નિધિનું રક્ષણ કરી શકવાના નથી. √**वम** ઓકવું, ૨જો ગણ પરસ્મૈપદ વિધિમૂલક લકાર–Injunctive-ત્રી. પુ. બ. વ. **वमन् ॥**

ए॒वा च॒ त्वं स॑रम आज॒गन्थ॒ प्रबा॑धिता॒ सह॑सा॒ दैव्ये॑न ।
स्वसा॑रं त्वा कृणवै॒ मा पुन॑र्गा॒ अप॑ ते॒ गवां॑ सुभगे भजाम ॥९॥

ए॒व । च॒ । त्वम् । स॒र॒मे॒ । आ॒ऽज॒गन्थ॑ । प्रऽबा॑धिता । सह॑सा । दैव्ये॑न ॥ स्वसा॑रम् । त्वा॒ । कृ॒ण॒वै॒ । मा । पुन॑ः । गा॒ः । अप॑ । ते॒ । गवा॑म् । सु॒ऽभ॒गे॒ । भ॒जा॒म॒ ॥९॥

तयैवमुक्ते सति पणयः प्रणयवाक्यमाहुः । हे ᵛसरमे ᵛत्वं ᵛदैव्येन देवसंबन्धिना ᵛसहसा बलेन ᵛप्रबाधिता यथा तथा वलपुरं प्राप्य तत्र स्थिता गा दृष्ट्वा पुनरागच्छेति तेन प्रपीडिता ᵛत्वम् एवं चेत् ᵛआजगन्थ

आगतवत्यसि ॥ चशब्दश्चेदर्थे । 'निपातैर्यद्यदिहन्त' इति तिङो निघाताभावः । गमेर्लिटि थलि रूपम् । 'सह सुपा' इत्यत्र सहेति योगविभागात् समासः । 'तिङि चोदात्तवति' इति गतेर्निघातः । लित्स्वरः ॥ तर्हि ᵛत्वा त्वां ᵛस्वसारं भगिनीं ᵛकृणवै करवै । समूहापेक्षयैकवचनम् । त्वं तु ᵛपुनः ᵛमा ᵛगाः । इन्द्रादीन् मा गच्छ । अपि तर्हि हे ᵛसुभगे सरमे ᵛते त्वदीयानां ᵛगवां समूहं पर्वतादपगमय्य ᵛभजाम । त्वं च वयं च विभजाम । विभागं करवामेत्यर्थः ॥

અનુવાદ (202) : (પણિઓ:) હે સરમા ! આમ તું અહીં દેવોના બળથી (**दैव्येन सहसा**), દબાવવામાં આવેલી (**प्रबाधिता**) આવી પહોંચી છું. (**आजगन्थ**).. તને (અમે) બહેન (**स्वसारं**) બનાવીએ; અને તું પાછી ન જઈશ. હે સુભગા ! (અમે) તારી સાથે ગાયોનો ભાગ પાડીશું. (**अप भजाम**) । (૧૦-૧૦૮-૯)

નોંધ : ૧. અગાઉ મંત્ર-૩જામાં પણિઓએ સરમાને 'તે ઇન્દ્રને અહીં લાવો, તેને મિત્ર બનાવીએ તે ભલે અમારી ગાયોનો પતિ થાય' વગેરે કહીને સામ અને દાન ઉપાયો આચર્યા હતા; ત્યાર પછી ઋચા ૫ અને ૭માં દંડ ઉપાય અજમાવી જોયો. 'લડ્યા વિના તને કોણ ગાયો આપે, કે અમારાં આયુધો તીક્ષ્ણ છે' એમ કહીને સરમાને ડરાવી જોઈ છે. હવે પ્રસ્તુત ૯મા મંત્રમાં તે પણિઓ ભેદનીતિનો આશરો લે છે. ૨. **एव** અવ્યયને છંદનું બંધારણ જાળવવા **एवा**-'આમ' રૂપે ફેરવ્યો છે. ૩. **प्रबाधिता**-જેની ઉપર દબાણ/જબરદસ્તી કરવામાં આવી છે તેવી. ૪. **कृणवै**-વેદમાં √**कृ** 'કરવું' પાંચમો ગણ, ઉભયપદી ધાતુનું વર્તમાનકાળ સંકેતાર્થ **लेट्** લકાર (Subjunctive) પહેલો પુરુષ એકવચન પણિઓમાંથી જે એક નેતા હશે તેની આ ઉક્તિ છે તેથી એકવચનનું રૂપ વપરાયું છે. ૫. (આ ત્રીજા ચરણમાં બીજું વાક્ય છે:) (**त्वं**) **पुनः मा गाः** । તું પાછી ના જઈશ. √**गा** જવું-૩જો ગણ પરસ્મૈપદી ધાતુનું સાદો = અદ્યતન ભૂતકાળ બી. પુ. એ. વ. અહીં **अगाः** રૂપ થવું જોઈએ, પણ નિષેધાર્થક **माङ्** અવ્યયના યોગમાં તે अकारનો લોપ થયો છે, તેથી **गाः** એટલું જ રૂપ રહ્યું છે. (તેને અદ્યતન Injunctive રૂપે પણ ઓળખાવી શકાય.) ડૉ. સોલોમન કહે છે કે અહીં '**सुभगे** એવું સંબોધન અર્થપૂર્ણ છે. આવી રીતનો મોકો ઝડપી લેવો એ તારું અહોભાગ્ય કહેવાય.'

नाहं वेद भ्रातृत्वं नो स्वसृत्वमिन्द्रो विदुरङ्गिरसश्च घोराः ।
गोकामा मे अच्छदयन्यदायमपात इत पणयो वरीयः ॥१०॥

न । अहम् । वेद । भ्रातृऽत्वम् । नो इति । स्वसृऽत्वम् । इन्द्रः । विदुः । अङ्गिरसः । च । घोराः ।

गोऽका॑माः । मे॒ । अ॒च्छ॒द॒यन् । यत् । आय॑म् । अप॑ । अत॑ः ।
इ॒त॒ । प॒ण॒यः । वरी॑यः ॥१०॥

सा तान् प्रत्याचष्टे । हे पणयः ᵛअहं ᵛभ्रातृत्वं ᵛन ᵛवेद न जानामि । तथा ᵛस्वसृत्वं च ᵛनो वेद नैव जानामि । के जानन्ति तानाह । ᵛइन्द्रः ᵛघोराः शत्रूणां भयंकराः ᵛअङ्गिरसश्च ᵛविदुः जानन्ति । किंच अस्मात् स्थानादहं ᵛयत् यदा ᵛआयम् इन्द्रादीन् प्राप्नवम् । ‘अय पय गतौ’ । लङि रूपम् । तदा ᵛमे मदीयाः ᵛगोकामाः युष्माभिरपहृता गाः कामयमाना इन्द्रादयः ᵛअच्छदयन् । युष्मदीयं स्थानमाच्छादयन्ति । ‘छद अपवारणे’ । ᵛअतः कारणाद्धे ᵛपणयः ᵛवरीयः उरुतरं गवां वृन्दं परित्यज्य ᵛअप ᵛइत अन्यत्स्थानं प्रति गच्छत । यद्वा । वरीयः प्रभूतमतिदूरं देशं गच्छत ॥ इत । ‘इण् गतौ’ । लोटि रूपम् । वरीयः उरुशब्दादीयसुनि ‘प्रियस्थिर’ इत्यादिना वरादेशः ॥

અનુવાદ (203) : (સરમાઃ) હું ભાઈપણું જાણતી નથી, કે બહેનપણું પણ જાણતી નથી. ઇન્દ્ર અને ઘોર અંગિરસો (તે) જાણે છે. જ્યારે હું અહીં આવી (-આવવા નીકળી) ત્યારે તેઓ મને ગાયોની કામનાવાળા છે એમ જણાયા (अच्छदयन्). આથી, હે પણિઓ ! (તમે) અહીંથી વધારે (વિશાળ સ્થાન)માં જતા રહો. (૧૦-૧૦૮-૧૦)

નોંધ : ૧. अहम् न वेद । મને ખબર નથી, હું જાણતી નથી. √विद् જાણવું ૨જો ગણ પરસ્મૈપદી ધાતુનું પરોક્ષ ભૂ. કા. પહેલો પુ. એ. વ. वेद, (અને ત્રી. પુ. બ. વ. विदुः = ‘તેઓ જાણે છે’). ૨. अच्छदयन् ।માં √छद् જાણવું ૨ કે ૧૦મા ગણના ધાતુનું હ્ય. ભૂ. કા. ત્રી. પુ. બ. વ. જે (દેવો) ગાયોની કામનાવાળા છે એવા દેખાયા છે (મને). સાયણ કહે છે–તે ગોકામા ઇન્દ્ર અને અંગિરાઓ તમારા સ્થાન ઉપર છવાઈ જશે, (એને જીતી લેશે). ૩. यद् = यदा आयम्-√इ જવું-૨જો ગણ હ્ય. ભૂ. કા. પહેલો પુ. એ. વ. (જ્યારે હું આવી ત્યારે). ૪. उरु શબ્દનું અધિકતાદર્શક **वरीय** થાય – વધુ સારા, મોટા સ્થાનમાં, તમે પણિઓ अप इत = ચાલ્યા જાવ. આજ્ઞાર્થ બી. પુ. બ. વ.

दू॒रमि॑त पणयो॒ वरी॑य॒ उद्गावो॑ यन्तु मिन॒तीर्ऋ॒तेन॑ ।
बृहस्पति॒र्या अवि॑न्द॒न्निगू॑ळ्हाः॒ सोमो॒ ग्रावा॑ण॒ ऋष॑यश्च॒ विप्रा॑ः
॥११॥

दू॒रम् । इ॒त॒ । प॒ण॒यः॒ । वरी॑यः । उत् । गाव॑ः । य॒न्तु॒ । मि॒न॒तीः

ऋ॒तेन॑ । बृह॒स्पति॑ः । याः । अवि॑न्दत् । निऽगू॑ळहाः । सोम॑ः । ग्रावा॑णः । ऋष॑यः । च॒ । विप्रा॑ः ॥११॥

हे ᵛपणयः यूयं ᵛवरीयः उरुतरं ᵛदूरं दूरदेशम् ᵛइत गच्छत । युष्माभिरपहृताः ᵛगावः ᵛऋतेन सत्येन ᵛमिनतीः मिनत्यो द्वारस्य पिधायकं पर्वतं हिंसत्यो विदारयन्त्यः ᵛउत् ᵛयन्तु तस्मादुद्गच्छन्तु । यद्वा । मिनतीः । व्यत्ययेन कर्मणि शतृ । मीयमाना युष्माभिर्बाध्यमानास्ता गावः । सुब्व्यत्ययः । गा ऋतेन स्तुतिभिर्गन्तव्येनेन्द्रेण सहायेन बृहस्पत्यादय उद्यन्तु पर्वतादुद्गमयन्तु । ᵛनिगूढाः नितरां ᵛस्थापिताः ᵛयाः गाः बृहस्पतिः ᵛअविन्दत् लप्स्यते तथा ᵛसोमः तदभिषवकारिणः ᵛग्रावाणः च ᵛविप्राः मेधाविनः ᵛऋषयः अङ्गिरसः ᵛच लप्स्यन्ते ॥ 'विद्लृ लाभे' । तौदादिकः । तस्मात् 'छन्दसि लुङ्लङ्लिटः' इति भविष्यदर्थे लङ् । 'शे मुचादीनाम्' इति नुमागमः ॥ ॥६॥

અનુવાદ (204) : (સરમા:) હે પણિઓ ! (તમે) અહીંથી બહુ જ દૂર ચાલ્યા જાવ. (તમે ચોરેલી અમારી) ગાયો ઋત વડે (પર્વતની ગુફાના દ્વારનો) નાશ કરતી [અથવા, તમારા વડે રોકી રાખવામાં આવેલી] બહાર દોડી આવો. જે પુરાયેલીઓને (**निगूळहाः**) બૃહસ્પતિએ મેળવી (**अविन्दत्**); (એ જ પ્રમાણે) સોમે, (તેને નીચોવનાર) ગ્રાવાઓએ, અને વિપ્રો (અર્થાત્ મેધાવી) (અંગિરસાદિ) ઋષિઓએ [મેળવી]. ૧૦-૧૦૮-૧૧.

નોંધ : ૧. **हे पणयः, (यूयं) वरीयः = उरुतरम् दूरम् इत** । હે પણિઓ ! (તમે) બહુ જ દૂરના સ્થાને જતા રહો. ૨. **गावः ऋतेन मिनतीः उद् यन्तु** । અહીં **√मीञ् हिंसायाम्** 'હિંસા કરવી' ૯મો ગણ, પરસ્મૈપદી ધાતુનું વર્તમાન કૃદન્ત સ્ત્રીલિંગ પ્ર. વિ. બ. વ. આ પદ **गावः**નું વિશેષણ છે. સાયણ આનો અર્થ આમ કરે છે : (ગુફાના) દ્વાર ઢાંકી દેતા પર્વતને **हिंसन्त्यः विदारयन्तयः**- તોડતી, નાશ કરતી એવી ગાયો, **उद् यन्तु** = બહાર દોડી આવે. સાયણે **मीनतीः**નો બીજો અર્થ '**मीयमाना = बाध्यमानाः**- (તમારા વડે) રોકવામાં આવતી (ગાયો) એવો પણ કરી બતાવ્યો છે. વેંકટમાધવ ત્રીજી રીતે અર્થ કરે છે : **शब्दायमानाः**- અવાજ કરતી, ભાંભરતી (ઓલ્ડનબર્ગ અને ગેલ્ડનર પણ આમ જ વિચારે છે) પ્રા. વેલણકર **वः आदिशम्**નો અધ્યાહાર લઈને ચોથો અર્થ કરે છે : તમારા = પણિઓના આદેશનો ભંગ કરતી (ગાયો બહાર આવે.) ૩. **ऋतेन** સત્યથી (દ્વારને) તોડતી. અર્થાત્ મૂળ માલિકની પાસે જવું એમાં ઋતનું પાલન છે (તમારા ચોરોના આદેશને તે ના સ્વીકારે એમાં જ સત્ય સમાયેલું છે). ૪. **निगूळहाः = निगूढाः** । ઋગ્વેદ પ્રાતિશાખ્ય મુજબ બે સ્વર (**ऊ** અને **आ**)ની વચ્ચે આવેલો **ढ→ळ्ह** બની જાય છે. ૫. સાયણ અનુસાર તો આ છેલ્લો = એકી

સંખ્યાવાળો મંત્ર પણ સરમાની જ ઉક્તિ છે; પણ લૂડવિગના મતે તે બૃહસ્પતિની ઉક્તિ છે (એવું ગ્રિફિથ કહે છે.)

10.110 (1 to 11)

આપ્રી-સૂક્ત

'समिद्धः' इत्येकादशर्चमेकादशं सूक्तं त्रैष्टुभम् । भार्गवो जमदग्निर्ऋषिः । तस्य पुत्रो रामो वा यः परशुराम इति प्रख्यातः । आप्रीसूक्तमिदम् । अतः समिदाद्याः सतनूनपातो नराशंसवर्जिताः प्रत्यृचं देवताः । तथा चानुक्रान्तं–'समिद्ध एकादश जमदग्निस्तत्सुतो वा राम आप्रिय' इति । पशौ जामदग्न्यानामिदमाप्रीसूक्तं यद्वाविशेषेण सर्वेषाम् । सूत्रितं च-'समिद्धो अद्येति सर्वेषां यथर्षि वा' (आश्व. श्रौ. ३.२) इति । अग्निचयनाङ्गभूते प्राजापत्ये पशौ सर्वेषा नित्यमिदमाप्रीसूक्तम् । सूत्रितं च–'प्राजापत्ये तु जामदग्न्यः सर्वेषाम्' (आश्व. श्रौ. ३.२) इति ॥

१.

આ સૂક્તને 'આપ્રી સૂક્ત' તરીકે ઓળખાવવામાં આવ્યું છે. **आप्री** કે **आप्रिय** શબ્દને સમજાવતાં યાસ્કે 'નિરુક્ત'માં કહ્યું છે કે– **आप्रियः कस्माद्-आप्नोतेः प्रीणातेर्वा; आप्रीभिर् आप्रीणाति इति च ब्राह्मणम् । (निरुक्तम्-अ०८)** 'આપ્રિય શબ્દ કયા ધાતુમાંથી ઊતરી આવ્યો હશે ? અથવા 'આપ્રિય' એવું નામ શા કારણે પડ્યું હશે ? ''જે ઋચા દેવતાને પ્રાપ્ત કરે છે; = પ્રાપ્ત કરાવી આપે છે તે ઋચાને 'આપ્રિય' કહે છે.'' અથવા ''જે ઋચા દેવતાઓને ખુશ કરે છે, પ્રસન્ન કરે છે તે ઋચાને 'આપ્રિય' કહે છે. [અહીં **आ+आप्** મેળવવું કે **आ+प्री** પ્રસન્ન કરવું ધાતુની કલ્પના કરવામાં આવી છે.] આવી 'આપ્રી' ઋચાઓથી (ઋષીઓ) દેવોને પ્રસન્ન કરે છે; તેથી તે ઋચાઓને 'આપ્રી' કહેવાય છે)–એવું બ્રાહ્મણગ્રંથમાં પણ કહ્યું છે.

નિરુક્તકારના આ શબ્દોનું સ્પષ્ટીકરણ કરતાં દુર્ગાચાર્યે લખ્યું છે કે- **आप्रिय ऋचः, तत्सम्बन्धात् देवता अपि । ... ऋचस्तावत् आप्नुवन्ति प्रीणन्ति वा देवता इत्याप्रियः, अथ पुनर्देवता आप्यन्ते आप्रीयन्ते वा इति आप्रियः ॥** ''(અમુક) ઋચાઓને (જ) 'આપ્રિય' કહે છે. આથી, આવી ઋચાઓની સાથે સંકળાયેલા દેવતા(ઓ)ને પણ 'આપ્રિય' કહે છે. (કેમકે) આ ઋચાઓ જ દેવોને મેળવે/મેળવી આપે છે, અથવા ખુશ કરે છે; તેથી તે (ઋચાઓ) જ 'આપ્રિય' કહેવાશે. અથવા તો–આ [(આપ્રિય) ઋચાઓ વડે] દેવતાઓ મેળવાય છે = પ્રાપ્ત કરાય છે, કે ખુશ કરી શકાય છે; તેથી (અમુક) ઋચાઓને 'આપ્રિય' કહેવાય છે.'' આમ દેવોને મેળવી આપનારી કે ખુશ કરનારી અમુક ઋચાઓને પહેલે તબક્કે

આપ્રિય કે આપ્રી કહેવાય છે, અને પછી બીજા તબક્કે તેવી ઋચાઓ સાથે સંકળાયેલા દેવોને પણ આપ્રિય કે આપ્રી દેવો કહેવાય છે. તથા આવી આપ્રી ઋચાઓનો સમૂહ જે સૂક્તમાં રજૂ થયો હોય તેને 'આપ્રીસૂક્ત' કહે છે.

સોમયાગાદિ મુખ્ય યજ્ઞોની પૂર્વમાં 'પ્રયાજ' નામના જે અમુક પ્રાથમિક હોમો કરવામાં આવે છે,* તેમાં આવાં આપ્રીસૂક્તોનો વિનિયોગ કરવામાં આવે છે એવું અનેક બ્રાહ્મણગ્રંથોએ લખ્યું છે. આથી પ્રાચીન સમયથી જ આવાં આપ્રીસૂક્તોનું મહત્ત્વ અને પ્રચાર ખૂબ વધી ગયેલાં જોવા મળે છે. જેમકે, ઋગ્વેદના જ બે બ્રાહ્મણગ્રંથો **(क)** ઐતરેયમાં - **आप्रीभिराप्रीणाति** । (૨.૪) અને **(ख)** કૌષીતિકમાં **आप्रीभिराप्रीणाति । तदाप्रीणाति तस्मादाप्रियो नाम** । (૧૦.૪) એમ કહેવાયું. પછીથી કૃષ્ણ યજુર્વેદની તૈત્તિરીય સંહિતામાં **ताभिः सः मुखत आत्मानमाप्रीणीत** । (૫-૧-૮-૩) અને મૈત્રાયણી સંહિતામાં **तदेता आप्रियो भवन्ति यज्ञमेवैताभिर्यजमान आप्रीणिते** : (૩-૯-૬). આમ આપ્રીઋચાઓથી યજ્ઞને, આત્માને; અને કાલક્રમે યજમાનને તથા પશુ(બલિ)ને પણ ખુશ કરવાની વાતો રજૂ થયેલી જોવા મળે છે.

૨.

ઋગ્વેદમાં આવેલાં આપ્રીસૂક્તો નીચે મુજબ છે :

(૧) ૧-૧૩માં ૧૨ મંત્રો
(૨) ૧-૧૪૨માં ૧૩ મંત્રો
(૩) ૧-૧૮૮માં ૧૧ મંત્રો
(૪) ૨-૩માં ૧૧ મંત્રો
(૫) ૩-૪માં ૧૧ મંત્રો
(૬) ૫-૫માં ૧૧ મંત્રો
(૭) ૭-૨માં ૧૧ મંત્રો
(૮) ૯-૫માં ૧૧ મંત્રો
(૯) ૧૦-૭૦માં ૧૧ મંત્રો
(૧૦) ૧૦-૧૧૦માં ૧૧ મંત્રો

(ચોથા અને છઠ્ઠા મંડળમાં એક પણ આપ્રીસૂક્ત નથી.) આ દશ સૂક્તો ઉપરાંત, પ્રૈષ નામના ગ્રંથમાં આવેલ એક-એમ કુલ મળીને ૧૧ આપ્રીસૂક્તો છે એમ યાસ્ક જણાવે છે. (આ ઉપરાંત યજુર્વેદાદિ અન્ય વેદોમાં પણ આપ્રીસૂક્તો જોવા મળે છે.)

ઋગ્વેદના ઉપર્યુક્ત દશ આપ્રીસૂક્તોમાં, બે અપવાદને બાદ કરતાં અગિયાર-અગિયાર મંત્રો આવેલા છે. આ અગિયારેય મંત્રોમાં જે દેવતાની સ્તુતિ કરવામાં આવી છે તે દશેય સૂક્તોમાં લગભગ એક સરખી છે. એટલે કે **ઋગ્વેદના** (લગભગ બધાં મંડળોમાં જોવા મળતાં) **આ આપ્રીસૂક્તોનાં ગ્રથનમાં એકરૂપતા નજરે ચઢે** છે—આ તેની મુખ્ય વિશેષતા છે. જેમકે, કોઈપણ આપ્રીસૂક્તમાં નીચે મુજબના અગિયાર (કે ક્યારેક બાર) નિશ્ચિત એવા દેવતાઓને ઉદ્દેશીને એક-એક મંત્ર આવેલો જોવા મળે છે :

---

* **प्रयाज इति आश्रुतादिर्यजमानोपस्थानान्त-क्रियाकलाप उच्यते । इति दुर्गः । (निरुक्त-अ. ८-३-६)**

૧. ઇધ્મ (= સમિધ્મ), ૨. તનૂનપાત્ અને/અથવા ૩. નરાશંસ, ૪. ઈળ, ૫. બર્હિ, ૬. દેવીર્દ્વાર, ૭. ઉષાસાનક્તા, ૮. બે દૈવ્ય હોતાઓ, ૯. ત્રણ દેવીઓ (ભારતી, ઇળા અને સરસ્વતી), ૧૦. ત્વષ્ટા ૧૧. વનસ્પતિ અને ૧૨. સ્વાહાકૃતિ.

ઉપર જે દશસૂક્તો ગણાવ્યાં છે તેમાંના (क) પહેલા બેમાં [અને અગિયારમા પ્રૈષિક સૂક્તમાં તૂનનપાત્ અને નરાશંસ એમ બંને દેવતાની સ્તુતિ પૃથક્-પૃથક્ મંત્રોથી કરવામાં આવી છે. (ख) ૪થા, ૬ઠ્ઠા, ૭મા અને ૯મા સૂક્તમાં કેવળ નરાશંસની સ્તુતિ છે તથા (ग) બાકીના ૩જા, ૫મા, ૮મા અને ૧૦મા સૂક્તમાં કેવળ તનૂનપાત્‌ની સ્તુતિ છે. આમ યાસ્ક કહે છે કે આપ્રીસૂક્તો ત્રણ પ્રકારનાં છે : (क) ઉભયવન્તિ (ख) નારાશંસવન્તિ અને (ग) તનૂનપાત્વન્તિ.

સાયણ એક બીજા દૃષ્ટિકોણથી આ આપ્રીસૂક્તોના બે પ્રકાર પાડે છે : જે સૂક્તમાં તનૂનપાત્‌ની સ્તુતિ-નામોલ્લેખ-ના હોય, પણ કેવળ નરાશંસની (જ) સ્તુતિ હોય તેને 'આપ્રસૂક્ત' કહે છે; તથા જે સૂક્તમાં નરાશંસની સ્તુતિ ના હોય, પણ તૂનનપાત્‌ની (જ) સ્તુતિ હોય તેને 'આપ્રીસૂક્ત' કહે છે. સાયણે આવો મત સર્વાનુક્રમણી (૧.૧૩)ને આધારે આપ્યો છે. આ સંદર્ભમાં પ્રોફે. આર. એન. દાંડેકર કહે છે કે જે ઋષિઓ મંત્રબળને પ્રાધાન્ય આપે છે તે નરાશંસની સ્તુતિ કરે છે, તથા જેઓ કર્મને મહત્ત્વ આપે છે તેઓ તનૂનપાત્‌ની સ્તુતિ કરે છે.

૩.

આ આપ્રીસૂક્તોની સાથે ચારેક પ્રકારના વિવાદો-મતમતાન્તરો-સંકળાયેલા છે. જેમકે,

(क) આ સૂક્તોના દ્રષ્ટા = ઋષિ બાબતે,
(ख) તેમની પ્રાચીનતા વિષે,
(ग) આ સૂક્તોમાં સ્તોતવ્ય-દેવતા કોણ છે ? અને
(घ) આ સૂક્તોના વિનિયોગ બાબતે–

આપણે આ ચારેય વિવાદોનો ક્રમશઃ પરિચય મેળવીશું : (क) ૧. ઋગ્વેદ સાથે સંકળાયેલા આશ્વલાયન શ્રૌતસૂત્ર (૧ થી ૧૦)માં એવો નિર્દેશ છે કે આ આપ્રીસૂક્તોના ઋષિઓ કોણ ? એ વિવાદાસ્પદ છે. ૨. ત્યાર પછી, નિરુક્તકાર યાસ્કે (ઈ. સ. પૂ. ૬૦૦) આ સૂક્તોના દ્રષ્ટા તરીકે મેધાતિથિ, દીર્ઘતમસ્, (અગસ્ત્ય મૈત્રાવરુણિ), ગૃત્સમદ, (વિશ્વામિત્ર), આત્રેય, મૈત્રાવરુણિ વસિષ્ઠ, (કાશ્યપ અસ્તિ દેવલ), વાધ્ર્યશ્વ અને (જામદગ્ન્ય)–નાં નામો આપ્યાં છે. [અહીં કૌંસમાં મૂકેલા ઋષિઓનાં નામ યાસ્કે સ્પષ્ટ વૈખરી વાણીથી ઉચ્ચાર્યાં નથી, પણ તે મુજબ સાયણાદિ ભાષ્યકારો આપે છે.]

(ख) ૧. પ્રોફે. કે. આર. પોદ્દારે આપ્રીસૂક્તો વિષે અભ્યાસ કરીને (Apri hymns in Ṛgveda, Journal of the Bombay University, Sept.

1945 & 1946) એવું મંતવ્ય વ્યક્ત કર્યું છે કે આપ્રીસૂક્તોમાં જે 'ભારતી' દેવીનો ઉલ્લેખ છે તે ભરતોની કુળદેવી છે; અને આ ભરત જાતિના લોકો સાથે વિશ્વામિત્ર અને વસિષ્ઠ ઋષિને સંબંધ હતો. આથી વિશ્વામિત્રનું (ત્રીજા મંડળમાં આવેલું) કે વસિષ્ઠનું (સાતમા મંડળમાં આવેલું) આપ્રીસૂક્ત સૌથી પ્રાચીન હશે. પણ પ્રોફે. પોદ્દારને આ બે સૂક્તોની તુલના કરી જોયા પછી, વિશેષમાં એવું પણ લાગ્યું છે કે વિશ્વામિત્રે વસિષ્ઠના આપ્રીસૂક્તોમાં ફેરફાર-સુધારાવધારા કર્યા છે. દા. ત. વસિષ્ઠના 'ઉષાસાનકતા' શબ્દને ટૂંકાવીને વિશ્વામિત્રે 'ઉષસા' શબ્દ વાપર્યો છે; વગેરે. આથી વસિષ્ઠનું (૭.૨) આપ્રીસૂક્ત જ સૌથી પ્રાચીનતમ છે. ૨. પ્રોફે. પોદ્દારના મતની સમીક્ષા કરતાં પ્રોફે. એ. ડી. શાસ્ત્રી (વસિષ્ઠ ઋષિનું દર્શન, યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧૯૮૯, પૃ. ૧૧૫)એ કહ્યું છે કે વસિષ્ઠ અને વિશ્વામિત્રને ભરતકુળ સાથે સંબંધ હોવા છતાંય, આ બે ઋષિઓને તો પરસ્પર ઘણો સંઘર્ષ રહ્યો છે. દાશરાજ્ઞયુદ્ધમાં પણ વસિષ્ઠ જેમના પુરોહિત બન્યા હતા તે રાજા સુદાસ્‌ની વિરુદ્ધ વિશ્વામિત્રે ઘણો ભાગ ભજવ્યો હતો. તેથી વિશ્વામિત્ર વસિષ્ઠનું અનુકરણ કરે (એમાં સુધારાવધારા કરીને પોતાનું આપ્રીસૂક્ત બનાવે) એ માનવું વધારે પડતું છે. તથા મિત્રાવરુણના પુત્ર ગણાતા વસિષ્ઠના ૭.૨ સૂક્તમાં જ મિત્ર કે વરુણનો ઉલ્લેખ નથી, જ્યારે વિશ્વામિત્રના ૩.૪ સૂક્તમાં આ બંનેનો ઉલ્લેખ છે ! તેથી પ્રોફે. શાસ્ત્રી કહે છે કે 'વસિષ્ઠનું ૭.૨ સૂક્ત સૌથી પ્રાચીન આપ્રીસૂક્ત છે' એવી પોદ્દારની માન્યતા સરળતાથી સ્વીકારવી મુશ્કેલ છે.

(ग) આ આપ્રીસૂક્તોમાં આવેલા મંત્રોથી કોની સ્તુતિ કરવામાં આવી હશે ? એટલે કે આ સૂક્તોના સ્તોતવ્ય દેવતા કોણ છે ? એ વિષે અતિપ્રાચીન સમયથી વિવાદ ઊભો થયેલો છે. યાસ્કે આ વિવાદની નોંધ 'નિરુક્તના' આઠમા અધ્યાયમાં કરી છે. ત્યાં જણાવ્યું છે કે આચાર્ય શાકપૂણિના મતે આ આપ્રીસૂક્તોમાં ગમે તે શબ્દો = નામો વપરાયાં હોય, પણ ત્યાં (કેવળ) અગ્નિ-દેવતાની જ સ્તુતિ કરવામાં આવી છે. જ્યારે કાત્થક્ય ઋષિના મતે અહીં ઈધ્મ, તનૂનપાત્‌, ઇળ વગેરે શબ્દોથી યજ્ઞક્રિયામાં વપરાતાં સાધનો અને અમુક યજ્ઞાંગોની સ્તુતિ કરવામાં આવી છે. જેમકે, 'સમ્‌ઇધ્મ' દેવતા તે યજ્ઞમાં વપરાતાં ઇંધણમાં પ્રજ્વલિત થતો અગ્નિદેવ છે; 'તનૂનપાત્‌' દેવતા તે યજ્ઞમાં વપરાતું આજ્ય છે; ઇડ્ય-ઇળ તે 'અન્ન'નું નામ છે, બર્હિ એ યજ્ઞશાળામાં ફેલાવાતું કુશઘાસ છે, દેવીઃ દ્વારઃ એ યજ્ઞશાળાનાં દ્વારો છે. (**यज्ञे गृहद्वार इति कात्थक्यः**), 'ઉષાસાનક્તા' એ યજ્ઞક્રિયા જે બે સમયો-ઉષકાળ અને સંધ્યાકાળ-માં થાય છે તેનાં નામ છે, દૈવ્ય બે હોતાઓ તે મનુષ્યોના હોતૃ એવા મિત્ર-વરુણો છે, ત્રણ દેવીઓ – સરસ્વતી, ભારતી અને ઇળા - તે અગ્નિદેવની પત્નીઓ છે, ત્વષ્ટા એ લાકડાને છોલીને (સુથારી કામ કરીને) યજ્ઞપશુને બાંધવા માટેનો 'યૂપ' (= સ્તંભ) બનાવનારો છે, 'વનસ્પતિ' એ યૂપ જ છે, અને 'સ્વાહાકૃતિ'ઓ તે યજ્ઞક્રિયામાં થતો **સ્વાહા** એવો શબ્દોચ્ચાર છે. આમ

આપ્રીસૂક્તોમાં આવા યજ્ઞાંગોની સ્તુતિ કરવામાં આવી છે એમ જાણવું–એવું કાત્થક્ય કહે છે.* (આવાં સૂક્તોમાં જો ઇન્દ્રનું નામ ક્યાંક આવ્યું હોય તો તે ગૌણ જ છે એમ યાસ્ક કહે છે.) પ્રોફે. ગ્રિફિથ પણ આ કાત્થક્યના મતાનુસાર જ ઉપર્યુક્ત દેવતાઓને આ રીતે ઓળખાવે છે : તનૂનપાત્ તે પોતાનામાંથી જન્મેલો અગ્નિ છે 'દેવી દ્વાર' તે યજ્ઞશાળાનાં બે બારણાં છે. ભારતી અને સરસ્વતીની જેમ ઇળાને પણ 'વાણીની દેવી' તરીકે ઓળખાવે છે. ત્વષ્ટૃ-તે દેવોનો સુથાર કુશળ કારીગર છે. વનસ્પતિ તે વનનો પતિ અથવા લાંબુ ઝાડ છે; અને **स्वाहा** એ પવિત્ર શબ્દ કે ઉદ્ગાર છે. (યજ્ઞમાં હોમ કરતી વખતે જે વપરાય છે તે).

(ઘ) આપ્રીસૂક્તોથી અગ્નિદેવની કે યજ્ઞાંગોની સ્તુતિ કરવામાં આવી છે, એવા બે પ્રમુખ મતોને જોયા પછી, આ સૂક્તો કયાં / ક્યારે વપરાય છે ? એટલે કે એમનો ક્યાં, કેવા પ્રકારના યજ્ઞમાં વિનિયોગ કરવામાં આવતો હતો ? એ વિષેના પણ મતમતાંતરો જોઈશું : ૧. આપ્રીસૂક્તો સૌત્રામણીયજ્ઞમાં, પ્રજાપતિના યજ્ઞમાં, અશ્વમેધ કે પુરુષમેધ યજ્ઞમાં વપરાય છે. એવું બૃહદ્દેવતા (૨-૧૫૩)માં શૌનક કહે છે. ૨. યાસ્કના મતે તે 'પ્રયાજ'- અને 'અનુયાજ'માં વપરાય છે : **अथ किं देवताः प्रयाजानुयाजा आग्नेया इत्येके** । પ્રયાજ અને અનુયાજમાં વપરાતાં હોઈને આ આપ્રીસૂક્તોના દેવતા અગ્નિ જ છે – એવું કેટલાક આચાર્યો માને છે. 'પ્રયાજ'ને સમજાવતાં દુર્ગ લખે છે કે – **प्रयाज इति आश्रुतादिर्यजमानोपस्थानान्तक्रियाकलाप उच्यते** ॥ પ્ર-યાજ એ એવો ક્રિયાકલ્પ છે કે જે કોઈ મુખ્ય યજ્ઞની પૂર્વમાં કરવામાં આવતો હોય છે અને મુખ્ય યજ્ઞ પૂરો થયા પછી જે ક્રિયાઓ કરવામાં આવે તેને **अनु-याज** કહે છે. આવા પ્રયાજ અને અનુયાજમાં આપ્રીસૂક્તો વપરાતાં હશે. ૩. પરંતુ પ્રોફે. કે. આર. પોદ્દાર આનાથી જુદો મત ધરાવે છે. તે કહે છે કે આ સૂક્તોનો કોઈક સાદા યજ્ઞમાં વિનિયોગ થતો હશે, અને તેમાં ઘી કે મધુને હવિર્દ્રવ્ય તરીકે વપરાતાં હશે. આ આપ્રીસૂક્તો કોઈ યજ્ઞનો, ભાગ નહીં હોય. ૪. આશ્વલાયન શ્રૌતસૂત્ર (૩.૨)ને આધારે સાયણાચાર્ય (૭.૨નાં) આરંભે કહે છે કે–**पशाविष्टाविदमाप्रीसूक्तम्** ! અર્થાત્ પશુયાગમાં આ આપ્રીસૂક્ત વપરાય છે. ૫. બોશ નામના વિદ્વાને (Some Reflections on the Āpri Hymns of the Ṛgveda and their Interpretation-by Lourens Van Den Bosch, Proceedings of the Fifth World Sanskrit Conference,

---

* ડૉ. જે. એમ. શુક્લસાહેબે ''ઋગ્વેદ તૃતીય મંડળ,'' (ગુજ. યુનિ. ૧૯૮૭)ની પ્રસ્તાવનામાં પૃ. ૧૫ ઉપર લખ્યું છે કે–નિરુક્ત (૮.૪)માં આપ્રીદેવતા વિષે વિગતે માહિતી પ્રાપ્ત થાય છે, જેમાં નૈરુક્તો, શાકપૂણિ અને કાત્થક્યના મતોનો ઉલ્લેખ કરેલો છે. તેમના મતે **આપ્રીદેવતા જે ક્રમમાં પ્રાપ્ત થાય છે તેમાં કોઈ ફેરફાર થઈ શકે નહિ.** આપ્રીદેવોનાં નામો અગ્નિનાં નામો છે. શાકપૂણિ અને કાત્થક્ય દરેક આપ્રીદેવનાં નામોનો અર્થ કરીને **બીજા આપ્રીદેવ સાથે તેનો સંબંધ જોડે છે''**–તે નિરુક્ત (અધ્યાય-૮)ને જોતાં અસંબદ્ધ જણાય છે.

Varanasi, 1981 pp. 65-77) આપ્રીસૂક્તોનો સંબંધ પશુયજ્ઞ સાથે જ હોવાનું માન્યું છે; કેમ કે **मियेध** (૧૦-૭૦-૨) શબ્દનું અવેસ્તાના **म्यज्ञ्द्** (myazda) (= રુધિરપાતવાળો યજ્ઞ) શબ્દ સાથે સાદશ્ય છે. આથી બોશ કહે છે કે ઋગ્વેદના **मियेध**નો અર્થ 'યજ્ઞમાં લેવાતું રાંધેલા માંસનું ભોજન હશે* અને આવો પશુયજ્ઞ કુટુંબની વંશવૃદ્ધિ માટે થતો હશે. સમગ્ર ચર્ચાને અન્તે બોશ કહે છે કે-these hymns shows that they have their origin in an ancient popular animal sacrifice with Tvaṣṭar as the main deity. (આ સૂક્તો પ્રાચીન સમયના લોકપ્રિય પશુયજ્ઞમાંથી ઉદ્ભવ્યાં હશે અને તેમાં ત્વષ્ટૃ દેવતા મુખ્ય સ્થાને હશે.) ૬. મેક્સમ્યૂલર ઋગ્વેદનાં આપ્રીસૂક્તોનો સંબંધ યજ્ઞ સાથે હોવાનું માનતા નથી. ૭. કેટલાક ઇન્ડો-ઇરાનીયન શાખાના અભ્યાસી વિદ્વાનોએ અવેસ્તાની 'આફ્રિન્જન ગાથા'ઓ અને આપ્રીસૂક્ત વચ્ચે સામ્ય જોયું છે.

૪.

પ્રસ્તુત ૧૦-૧૧૦માં રજૂ થયેલા આપ્રીસૂક્ત બાબતે એક નોંધપાત્ર મત 'આશ્વલાયન શ્રૌતસૂત્ર' (૩.૨)માં સંગૃહીત છે. તે મુજબ શુનક અને વસિષ્ઠ કુળનાં સંતાનો પોતાનાં જ આપ્રીસૂક્તોનો યજ્ઞમાં ઉપયોગ કરી શકે. જ્યારે ભાર્ગવ જામદગ્ન્ય (પરશુ)રામનું આ (૧૦-૧૧૦) આપ્રીસૂક્ત (શુનક અને વસિષ્ઠ સિવાયના) કોઈ પણ કુળનાં સંતાનો વાપરી શકે છે.

આપ્રીસૂક્તોના અર્થઘટન પરત્વે કાત્થક્ય અને શાકપૂણિનો મત જ ઋગ્વેદના સન્દર્ભમાં નોંધપાત્ર છે, તદનુસાર હવે આપણે તેના અનુવાદને જોઈશું.

ઋષિ : ભાર્ગવ જમદગ્નિ, દેવતા : અગ્નિ [અલબત્ત આ અગિયાર ઋચાવાળું **'આપ્રીસૂક્ત'** છે. પ્રત્યેક ઋચામાં જુદા જુદા નામવાળા અગ્નિની સ્તુતિ છે. જેમ કે ૧. ઇદ્ધ, ૨. તનૂનપાત્, ૩. ઇળ, ૪. બર્હિ, ૫. દેવીદ્વાર, ૬. ઉપાસનાક્તા, ૭. બે દૈવ્ય હોતા પ્રચેતસો, ૮. સરસ્વતી-ઇળા-ભારતી એ નામની ત્રણ દેવીઓ, ૯. ત્વષ્ટા, ૧૦. વનસ્પતિ અને ૧૧. સ્વાહાકૃતિ.] છન્દ ત્રિષ્ટુપ્.

समि॑द्धो अ॒द्य मनु॑षो दुरो॒णे दे॒वो दे॒वान्य॑जसि जातवेदः ।
आ च॒ वह॑ मित्रमहश्चिकि॒त्वान्त्वं दू॒तः क॒विर॑सि॒ प्रचे॑ताः ॥१॥

---

* the term miye´dhaḥ has in the ṚV a broader meaning as "offering oblation." It can therefore be rendered very well by "Sacrificial meal," in which both men and gods can participate and in which they enjoy the prepared portions of meat.

सम्ऽइ॑द्धः । अ॒द्य । मनु॑षः । दु॒रो॒णे । दे॒वः । दे॒वान् । य॒ज॒सि॒ ।
जा॒त॒ऽवे॒दः॒ । आ । च॒ । व॒ह॑ । मि॒त्र॒ऽम॒हः॒ । चि॒कि॒त्वान् ।
स्वम् । दू॒तः । क॒विः । अ॒सि॒ । प्रऽचे॑ताः ॥१॥

हे ᵛजातवेदः जातप्रंज्ञाग्ने ᵛदेवः स्वतेजसा दीप्यमानस्त्वं ᵛमनुषः मनुष्यस्य यष्टुः ᵛदुरोणे । गृहनामैतत् । दुरवने आयासेन रक्षितव्ये गृहे ᵛअद्य अस्मिन् कर्मणि ᵛसमिद्धः सम्यक् प्रज्वालितः सन् ᵛदेवान् इन्द्रादीन् ᵛयजसि । हविर्भिः पूजय ॥ समिद्धः । 'इन्धी दीप्तौ' । कर्मणि क्ते । 'श्वीदितो निष्ठायाम्' इतीट्प्रतिषेधः । 'गतिरनन्तरः' इति गतेः प्रकृतिस्वरत्वम् ॥ हे ᵛमित्रमहः स्तुत्यस्तोतृलक्षणत्वेन मित्रभूतानां स्तोतृणां पूजयितः तैः पुज्यमान वाग्ने ᵛचिकित्वान् तैः कृताः स्तुतीः प्रजानन् चेतनावान् वा त्वमस्मदीये यज्ञे देवान् ᵛआ ᵛवह ᵛच । आप्रापय ॥ 'वह प्रापणे' । लोटि. रूपम् । 'चवायोगे प्रथमा' इति न निघातः ॥ तथा ᵛकविः क्रान्तप्रज्ञः अत एव ᵛप्रचेताः प्रकृष्टज्ञानः ᵛत्वं ᵛदूतः देवानां हविष्प्रापणेन हितकारी भवसि ॥

અનુવાદ (205) : હે જાતવેદસ્ ! આજે (= આ યજ્ઞકર્મમાં) પ્રજ્વલિત કરવામાં આવેલા (**समिद्धः**) દેવ એવા તમે મનુષ્ય (= યજમાન)ના ઘરમાં (કે યજ્ઞગૃહમાં = (**दुरोणे**), (ઇન્દ્ર વગેરે) દેવોને પૂજો છો. હે મિત્રમહ ! (= મિત્રો વડે પૂજાતાં !) (સ્તોતાઓએ કરેલી સ્તુતિને) જાણતાં (**चिकित्वान्**), તમે (દેવોને) અહીં લઈ આવો; તમે કવિ (= ક્રાન્ત પ્રજ્ઞાવાળા), પ્રચેતા (= પ્રકૃષ્ટ જ્ઞાનવાળા) અને (દેવોના) દૂત (= હવિષન્ન લઈ જનાર) છો. (૧૦-૧૧૦-૧)

નોંધ : ૧. આ પહેલી ઋચામાં **सम्+इद्ध** = 'સારી રીતે પ્રજ્વલિત' એવા નામવાળા અગ્નિની સ્તુતિ છે. ૨. અગ્નિનાં વિશેષણો તરીકે **जातवेदस्** અને **वैश्वानरः** । એવા બે શબ્દો વેદમાં ઘણીવાર વપરાયેલાં જોવા મળે છે. અહીં. પણ 'જાતવેદસ્' શબ્દ આવ્યો છે. તેને સમજાવતાં 'નિરુક્ત' (અધ્યાય-૭)માં યાસ્કે કહ્યું છે કે-(**क**) **√विद्** જાણવું જે જન્મેલાં પ્રાણીઓને જાણે છે. અથવા પ્રાણીઓ જેને જાણે છે તે 'જાતવેદસ્' (**ख**) **√विद्** 'મેળવવું.' જેણે, જન્મ્યો ત્યારે બધાં પ્રાણીઓને મેળવ્યાં. (**ग**) **√विद्** 'હોવું'. જે બધાં પ્રાણીઓમાં રહેલો (વિદ્યમાન) છે તે 'જાતવેદસ્.' ૩. **देव**-શબ્દનો રૂઢાર્થ તો (સ્વર્ગમાં રહેતા) દેવ/દિવતા છે એમ સુવિદિત છે. પણ ''વેદમાં તો સૌથી પહેલાં બધા શબ્દોના યૌગિકાર્થો (= વ્યુત્પતિમૂલક વાચ્યાર્થો) જ શોધવાના/વિચારવાના હોય છે.'' એવા નિરુક્તકાર યાસ્કના કહેલા સિદ્ધાન્તને અનુસરીને **देव** શબ્દ કયા ધાતુમાંથી ઊતરી આવ્યો છે એમ વિચારીએ તો દુર્ગાચાર્યે નિરુક્ત-૮માં આ મન્ત્રની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે-(૧) હવિષનો દાતા (**दा दाने**), (૨) જે દીપ્તિમન્ત છે તે દેવ (**दीप्**), (૩) જે

ચમકે છે, પ્રકાશે છે તે દેવ (**द्युत्**). આથી સાયણે પણ કહ્યું કે ‘પોતાના તેજથી જે (કોઈ પદાર્થ) દીપ્યમાન હોય તે દેવ.’ (૪) **मनुषः** ષષ્ઠી વિભક્તિ છે, તેથી **मनुष्यस्य** (૫) **दुरोणे**- ઘરને અથવા યજ્ઞગૃહને પણ ‘દુરોણ’ કહે છે. યાસ્કે દુરોણ શબ્દને સમજાવતાં લખ્યું છે કે **दुस्तर्पाः भवन्ति** ‘જેનું ભરણ-પોષણ = તર્પણ કરવું મુશ્કેલ હોય છે તે દુરોણ (અર્થાત્ ઘર) !’ (એ જ રીતે યજ્ઞશાળામાં પણ ઘણી બધી સામગ્રી એકઠી કરવાની હોય છે, અને તે પણ દુસ્તર્પ હોય છે. તેથી યજ્ઞશાળાને પણ દુરોણ કહી શકાય.) આને અનુસરીને સાયણે, પ્રસ્તુત મન્ત્રમાં આ શબ્દનો અર્થ **दुरवने = आयासेन रक्षितव्ये गृहे = दुरोणे** મુશ્કેલીથી–ખૂબ આયાસથી જેનું રક્ષણ કરવું પડે છે તે દુરોણ = ઘરમાં. [અહીં **दूर्+अवन**માંથી **अव्**નો ઓકાર થઈને, **न**નો **ण** થયો હશે– **दूर्+ओ+ण**] (૬) **मित्रमहः**– મિત્રો અર્થાત્ સ્તોતાઓ વડે પૂજાવડાવાયેલો, અથવા મિત્રો વડે પૂજાતો. (૭) **चिकित्वान्, दूतः, कविः** અને **प्रचेताः** એ બધાં જ ‘સમિદ્ધ અગ્નિ’નાં વિશેષણો છે; (જે અન્યત્ર પણ અગ્નિસૂક્તોમાં વપરાયેલાં છે). (૭) યાસ્કે ‘નિરુક્ત ૮’માં આ સૂક્તની વ્યાખ્યા કરી છે. ત્યાં જે મહત્ત્વની ચર્ચા છે તે એ છે કે આ આપ્રીસૂક્તમાં આવેલા મન્ત્રોથી કોની સ્તુતિ કરવામાં આવી છે ? તો કાત્થક્ય નામના આચાર્ય કહે છે કે અહીં યજ્ઞ ક્રિયાનાં જે અંગો છે (ઇંધણ,. આજ્ય, અન્ન, દર્ભઘાસ વગેરે) તેમની દેવતા રૂપે સ્તુતિ છે. પણ આચાર્ય શાકપૂણિ કહે છે કે ના, આ મન્ત્રમાં ઇધ્મ, તનૂનપાત્, ઇળ, દેવીદ્વાર, વગેરે શબ્દો યજ્ઞાંગના વાચક નથી. તે સૌ અગ્નિના જ પર્યાયો છે. આથી આ સૂક્તથી કેવળ અગ્નિની જ સ્તુતિ કરવામાં આવી છે એમ જાણવું.

तनू॑नपात्प॒थ ऋ॒तस्य॒ याना॒न्मध्वा॑ सम॒ञ्जन्त्स्व॑दया सुजिह्व ।
मन्मा॑नि धी॒भिरु॒त य॒ज्ञमृ॒न्धन्दे॑व॒त्रा च॑ कृणुह्यध्व॒रं नः॑ ॥२॥

तनू॑ऽनपात् । प॒थः । ऋ॒तस्य॑ । याना॑न् । मध्वा॑ । स॒म्ऽअ॒ञ्जन् ।
स्व॒द॒य॒ । सु॒ऽजि॒ह्व॒ ।
मन्मा॑नि । धी॒भिः । उ॒त । य॒ज्ञम् । ऋ॒न्धन् । दे॒व॒ऽत्रा । च॒ ।
कृ॒णु॒हि॒ । अ॒ध्व॒रम् । नः॒ ॥२॥

हे ᵛतनूनपात् । नपादित्यनन्तरापत्यनामधेयम् । गौरत्र तनूरुच्यते तता अस्यां भोगाः क्षीरादय इति । तस्याः पयो जायते पयस आज्यं तस्मादग्निः । यद्वा । अन्तरिक्षे तता आपस्तन्वः ताभ्य ओषाध्यादयः तेभ्योऽग्निरिति । एवंरूप हे ᵛसुजिह्व शोभनज्वाल । यद्वा जिह्वेति वाङ्नाम । शोभनवागग्ने ᵛऋतस्य यज्ञस्य ᵛयानान् फलप्राप्तिहेतून् ᵛपथः मार्गान् हविराख्यान् ᵛमध्वा मदकरेण रसेन यद्वा वाग्जनितेन रसेन

vसमञ्जन् सम्यग्दीपयन् vस्वदय स्वादय । स्वादूकुरू ॥ 'स्वद आस्वादने' । णिच्युपधावृद्ध्यभावश्छान्दसः । किंच vमन्मानि । मन्यतेरर्चतिकर्मणः । मननीयानि अस्मदभिप्रेतानि स्तोत्राणि vधीभिः प्रज्ञाभिः कर्मभिर्वा vउत अपि च vयज्ञं यजनीयं हविश्च vऋन्धन् समृद्धानि कुर्वन् vनः अस्मदीयम् vअध्वरं यज्ञं vदेवत्रा देवेषु vकृणुहि कुरू ॥ देवशब्दात् 'देवमनुष्य' इत्यादिना सप्तम्यर्थे त्राप्रत्ययः ॥

અનુવાદ (206) : હે તનૂનપાત્ ! હે સુન્દર જિહ્વા (= જ્વાળા) વાળા અગ્નિ) ! યજ્ઞના (**ऋतस्य**) ફળપ્રાપ્તિ કરાવી આપવામાં કારણભૂત (**यानान्**) એવા માર્ગો (**पथः**) (અર્થાત્ હવિષન્ન) ને રસથી (**मध्वा**) પ્રકાશિત કરતા (**समञ्जन्**) (તમે) આસ્વાદો. બુદ્ધિથી (કે કર્મોથી) મનનીય એવાં (સ્તોત્રો)ને અને વળી, યજ્ઞ (= હવિ)ને સમૃદ્ધ કરતા (**ऋन्धन्**) તમે અમારા અધ્વર (=યજ્ઞ)ને દેવોમાં (**देवत्रा**) પ્રવેશેલો) બનાવો. (અર્થાત્ અમારા યજ્ઞને દેવો પ્રત્યે પહોંચાડો.) (૧૦-૧૧૦-૨)

નોંધ : ૧. **तनू+नपात्** આ શબ્દમાં **नपात्**નો અર્થ પૌત્ર થાય છે. હવે (જે ઋષિના મતે આ આપ્રીસૂક્તમાં યજ્ઞના અવયવો સાધનોની દેવતા રૂપે સ્તુતિ કરવામાં આવી છે તે) કાત્થક્ય ઋષિ કહે છે કે અહીં **तनू** એટલે ગાય. આ ગાયનો જે પૌત્ર (= ઘી) તેને તનૂનપાત્ કહે છે. એટલે કે–ગાયમાંથી દૂધ જન્મે (તે પુત્ર); દૂધમાંથી આજ્ય = ઘી જન્મે (તે પૌત્ર) આ આજ્યની દેવતા રૂપે અહીં 'તનૂનપાત્' શબ્દથી સ્તુતિ કરવામાં આવી છે. પરંતુ યાસ્કે નિરુક્તના આઠમા અધ્યાયમાં ''આ આપ્રીસૂક્તની બધી જ ઋચાઓ આગ્નેય છે (= તેની પ્રત્યેક ઋચામાં જુદા જુદા નામથી અગ્નિદેવતાની જ સ્તુતિ છે)'' એવા આચાર્ય શાકપૂણિના મતને પુરસ્કાર્યો છે અને તે પ્રસંગે નિરુક્તના ટીકાકાર દુર્ગાચાર્યે (ઈ. સ. ૧લી સદી) શાકપૂણિના મતાનુસાર 'તનૂનપાત્'નો અગ્નિપક્ષે પણ અર્થ કરી બતાવ્યો છે. તદનુસાર **तनू** એટલે 'અન્તરિક્ષમાં ફેલાયેલ જળ. આ જળનો જે પૌત્ર (અગ્નિ) તેને 'તનૂનપાત્' કહે છે. એટલે કે (તનૂ=) અન્તરિક્ષનાં જળમાંથી જે ઔષધિ-વનસ્પતિ જન્મે તે પુત્ર અને તે વનસ્પતિમાંથી જે અગ્નિ જન્મે છે તેને પૌત્ર કહે છે. આમ 'તનૂનપાત્' એટલે અગ્નિ પોતે જ એમ શાકપૂણિ કહે છે.

૨. આ મંત્રમાં પદાન્વય આમ ગોઠવી શકાય : **हे 'तनूनपात्' ! हे सुजिह्व ! ऋतस्य पथः यानान् मध्वा समञ्जन् (त्वं) स्वदय । (त्वम् अस्माकं) मन्मानि (तव) धीभिः (ऋन्धन्), उत (= अपि च) यज्ञं ऋन्धन्, नः = अस्माकम् अध्वरं देवत्रा कृणुहि ॥**

૩. આ મંત્રમાં, ઉપર નોંધ્યા મુજબ સંબોધ્ય દેવતા આજ્ય (=ઘી) કે અગ્નિ પોતે જ હોઈ શકે. દુર્ગાચાર્યે આ બંને રીતે મંત્રને સમજાવ્યો છે : (**क**) કાત્થક્યના મતે–''હે આજ્ય ! યજ્ઞના માર્ગો ઉપર જે હવિષો (**यानान्=हवीषि**) જાય છે તેને મધુર સ્વાદ (**मध्वा**)થી છંટકારતો (**समञ्जन्=सम्प्रक्षयन्**) સ્વાદિષ્ટ બનાવ. હે સારી જિહ્વાવાળા ! (તારી જિહ્વાથી આવું કરતો તું) (અમે જે વસ્તુઓને ધ્રુવ સમજીએ

અને તેને તું અમારી બનાવ) માનીએ (**मन्मानि=मननानि**), તેને તું તારાં કર્મોથી (**धीभिः**) સમૃદ્ધ કરતો (અમને મેળવી આપ) અને વળી, (એવું કરતાં કરતાં) તું અમારો યજ્ઞ પણ **સંપન્ન કરી આપ**. આ યજ્ઞમાં જે કાંઈ પ્રાયશ્ચિત્ત રૂપે પ્રાપ્ત થાય તેને તું દેવો પ્રત્યે (**देवत्रा**) મોકલી આપ. (આટલું અમે તારી = ઘીની પાસે ઇચ્છીએ છીએ.)'' (**ख**) શાકપૂણિના મતે- ''હે તનૂનપાત્ અગ્નિ ! તું આ માર્ગોને (**पथः**), અર્થાત્ યજ્ઞના હવિષોને (**ऋतस्य यानान्**), મધુર રસથી (**मध्वा**) ચટાકેદાર બનાવતો (**समञ्जन्=समभिव्यञ्जयन्**), તેને હલાવી કાઢ (તૈયાર કરી દે.) હે સુજિહ્વ ! (સુન્દર જ્વાળાવાળા.કે સારી વાણીવાળા) અમને અભિમત વસ્તુઓ (તારાં કર્મોથી = **धीभिः**) મેળવી આપતો અને યજ્ઞને સમૃદ્ધ કરતો, અમારા અધ્વરને દેવત્ર = દેવપ્રવિષ્ટ કરાવ. (=દેવો તરફ મોકલી આપ. એટલું અમે તારી પાસેથી ઈચ્છીએ છીએ.)''

૪. આ મન્ત્રના કેટલાક શબ્દોનો અનેક રીતે અર્થ કરવામાં આવ્યો છે. **ऋतस्य** = નિયમો/કાયદા, યજ્ઞ, **धीभिः** = સ્તોત્રોથી, પ્રજ્ઞાથી, કર્મોથી, **सुजिह्व** = સારી જીભવાળો, લક્ષણાથી સારી વાણીવાળા અને રૂપકાત્મક રીતે જ્વાળાવાળો.

૫. **अध्वर** = જેમાં હિંસા થતી નથી તે યજ્ઞ.

૬. **देवत्रा**માં સપ્તમ્યર્થે **त्र** પ્રત્યય લાગ્યો છે. તેથી અમારા યજ્ઞને દેવોમાં પ્રવિષ્ટ કરાવ.'

आ॒जुह्वा॑न॒ ईड्यो॒ वन्द्य॒श्चा या॑ह्यग्ने॒ वसु॑भिः स॒जोषा॑ः ।
त्वं दे॒वाना॑मसि यह्व॒ होता॒ स ए॑नान्यक्षीषि॒तो यजी॑यान् ॥३॥

आ॒ऽजुह्वा॑नः । ईड्य॑ः । वन्द्य॑ः । च॒ । आ । या॒हि॒ । अ॒ग्ने॒ । वसु॑ऽभिः । स॒ऽजोषा॑ः ।

त्वम् । दे॒वाना॑म् । अ॒सि॒ । य॒ह्व॒ । होता॑ । सः । ए॒ना॒न् । य॒क्षि॒ । इ॒षि॒तः । यजी॑यान् ॥३॥

हे ᵛअग्ने त्वमस्मत्कर्मणि ᵛआ ᵛयाहि आगच्छ । कीदृशः । ᵛआजुह्वानः देवानामाह्वाता । 'हु दानादनयोः' । जौहोत्यादिकः । अभ्यस्तस्वरः । ᵛईड्यः । ईडिरध्येषणाकर्मा । अध्येष्यः प्रार्थ्यमानः ᵛवन्द्यः स्तोतव्यः ᵛवसुभिः देवैः ᵛसजोषाः सह प्रीयमाणः । आगत्य च हे ᵛयह्व । महन्नामैतत् । हे महन् सः ᵛत्वं ᵛदेवानां ᵛहोता आह्वाता ᵛअसि । ततः ᵛयजीयान् ॥ यष्टृशब्दादीयसुनि 'तुरिष्ठेमेयःसु' इति तृचो ेप्यः । यष्टृतरः ᵛसः त्वम् ᵛइषितः अस्माभिरध्येषितः प्रार्थितः सन् ान् देवान् ᵛयक्षि यज । हविषा पूजय ॥

અનુવાદ (207) : હે (દેવોને) અહીં બોલાવી લાવનાર ! તમે સ્તુતિ કરવા યોગ્ય (**ईड्यः**) અને વન્દન કરવા યોગ્ય (**वन्द्यः**), (છો); હે અગ્નિ ! દેવોની સાથે (**वसुभिः**) પ્રસન્ન કરવામાં આવતા (**सजोषाः**) તમે (અમારા યજ્ઞકર્મમાં) આવો (**आ याहि**)। હે યહ્વ = મહાન્ ! તમે દેવોના હોતા છો; ઉત્કૃષ્ટ યાજક (**यजीयान्**) એવા તે (તમે) (અમારા વડે) પ્રાર્થવામાં/મોકલવામાં આવેલા, તેમને (= **एनान्** = દેવોને) તમે પૂજો (**यक्षि**). (૧૦-૧૧૦-૩)

નોંધ : ૧. **आजुह्वान**—દેવોનો બોલાવનાર (સાયણ) અથવા બધા વડે બોલાવવામાં આવતા (યાસ્ક) ૨. **ईड्यः**='સ્તુતિ કરવા યોગ્ય' એવો શબ્દાર્થ થાય છે. પણ આ ત્રીજા મન્ત્રની 'ઇળ' નામની દેવતાનો ઉલ્લેખ કરતો આ શબ્દ છે. (દુર્ગાચાર્યે એનો એક અર્થ 'અન્ન'–એક યજ્ઞાંગ-પણ અન્યત્ર થાય છે એમ ઈશારો કર્યો છે; જે કાત્થક્યના મત જોડે બંધ બેસશે.) ૩. **वसभिः सजोषाः** = વસુઓની સાથે સંગત થયેલા (વેં.) = દેવોની સાથે પ્રસન્ન થનારા (સા.) ૪. **हे यह्व** = એ 'મહત્'નું નામ છે એમ કહીને યાસ્ક ઉમેરે છે : **यातश्च हूतश्च भवति** । (જે યજ્ઞશાળામાં ગયેલો છે, જે પૂજાયેલો છે તે **यह्व**) ૫. **यक्षि-√यज्-** 'યજન કરવું' ૧લો ગણ, આત્મનેપદમાં Injunctive વિધિમૂલક લકાર ૧લો પુ. એ. વ. (પુરુષ વ્યત્યયથી અર્થ ઘટાવવો). ૬. **इषित** - પ્રાર્થવામાં આવેલ, અથવા મોકલવામાં આવેલ અથવા હોતા તરીકે બેઠેલો. ૭. **यजीयान्** (**यष्टृ+ईयस्**–અહીં **तृच्**નો લોપ થઈને, **यजीयस्** શબ્દ બનાવ્યો તે અધિકતાદર્શકનું પું. પ્ર. એ. વ.) ઉત્કૃષ્ટ/અધિક યજન કરનાર = યષ્ટૃતર.

प्रा॒चीनं॑ ब॒र्हिः प्र॒दिशा॑ पृथि॒व्या वस्तो॑र॒स्या वृ॑ज्यते॒ अग्रे॒ अह्ना॑म् ।
व्यु॑ प्रथते वित॒रं वरी॑यो दे॒वेभ्यो॒ अदि॑तये स्योनम् ॥४॥

प्रा॒चीन॑म् । ब॒र्हिः । प्र॒ऽदिशा॑ । पृ॒थि॒व्याः । वस्तोः॑ । अ॒स्याः । वृ॒ज्य॒ते॒ । अग्रे॑ । अह्ना॑म् ।
वि । ऊँ॒ इति॑ । प्र॒थ॒ते॒ । वि॒ऽत॒रम् । वरी॑यः । दे॒वेभ्यः॑ । अदि॑तये । स्यो॒नम् ॥४॥

यदिदं ᵛप्राचीनं प्रागञ्चितं प्राङ्मुखं ᵛबर्हिः अस्ति तदिदं ᵛपृथिव्याः वेदिलक्षणायाः ᵛवस्तोः ॥ 'वस आच्छादने' । तुन्प्रत्ययः । 'चतुर्थ्यर्थे बहुलं छन्दसि' इति षष्ठी । यद्वा । भावलक्षणे तोसुन् द्रष्टव्यः । वसनायाच्छादनार्थम् ᵛअह्नाम् ᵛअग्रे पूर्वाह्णे ᵛप्रदिशा प्रकर्षेण दिश्यमानेन मन्त्रेण ᵛअस्याः प्राच्या दिशः ᵛवृज्यते स्तूयते आह्रियते । तथा च निगमः—'त आ वहन्ति कवयः पुरस्तात्' (तै.सं. १.१.२.१) इत्यादि ।

तच्चाहतं ᵛवरीयः उरूतरं बर्हिः ᵛवितरं विस्तीर्णतरं यथा भवति तथा वि ᵛप्रथते । विविधमेव वेद्यां प्रस्तृतं भवति । तथा ᵛदेवेभ्यः अदितये वेविलक्षणायै पृथिव्यै च ᵛस्योनं सुखकरं भवति । विस्तीर्णे बर्हिषि देवाः सुखं निषीदन्ति ॥

અનુવાદ (208) : પૂર્વદિશા તરફના મુખવાળું (**प्राचीनं**), આ જે બર્હિ (કુશ નામનું ઘાસ) છે, તે (યજ્ઞવેદી રૂપ) પૃથિવીને ઢાંકવાને માટે (**पृथिव्याः वस्तोः**), દિવસના પૂર્વ ભાગમાં (**अह्नाम् अग्रे**), પ્રકૃષ્ટપણે બોલાતા (મન્ત્ર)થી (**प्रदिशा**) આ (પૂર્વ દિશા)માંથી ખેંચવામાં આવે છે (**वृज्यते**). વિશાળ (**वरीयः**) એવું તે (કુશઘાસ) ખૂબ વિસ્તૃત થઈને (**वितरं**) (યજ્ઞવેદીમાં) વિવિધ રીતે પથરાઈ રહ્યું છે (**व्युप्रथते**) તે સૌ દેવોને અને (વેદી રૂપ) અદિતિને (તથા પૃથિવીને) માટે સુખકર (**स्योनं**) (બની રહો) (અથવા-સેવવામાં આવ્યું છે.) (૧૦-૧૧૦-૪)

નોંધ : ૧. કાત્થક્ય ઋષિના મતે આ મન્ત્રાની દેવતા **बर्हिः** (કુશઘાસ) છે; પણ શાકપૂણિના મતે **बर्हिः** નામની અગ્નિ દેવતા છે. ૨. **प्राचीनं** = પ્રાચી દિશામાં અંચિત = ગયેલું, (તે તરફ મુખવાળું) જે હોય તે પ્રાચીન. ૩. **बर्हिः** કુશઘાંસ રૂપ યજ્ઞાંગ; કે એ નામની અગ્નિદેવતા. ૪. **पृथिव्याः वस्तोः** = પૃથિવી એટલે વેદી, તેને ઢાંકવા માટે, આચ્છાદિત કરવા માટે. ૫. **वृज्यते** = **प्रच्छिद्यते लूयते**, અથવા **प्रस्तीर्य्यते** (દુર્ગ) - કાપવામાં/લણવામાં આવે છે અથવા ફેલાવવામાં આવે છે. સાયણે **आह्रियते** કે **स्तूयते** એવો અર્થ કર્યો છે. ૬. **स्योनम्**—સુખકર (બની રહો) = અથવા સેવવામાં આવે (એવા બે અર્થો યાસ્કે આપ્યા છે) **अव+√स्य**માંથી **अवस्यन्ति = निवसन्ति प्राणिनः** । જેમાં બધા પ્રાણીઓ રહે છે-નિવાસ કરે છે તે **स्योन** । ૭. **वरीयः** = વધુ વિશાળને **उरुतर** અધિકતાદર્શક રૂપે સમજાવ્યા ઉપરાંત યાસ્કે **वरतरं** પણ કહ્યું છે. અર્થાત્ **बर्हि** - કુશઘાસ તે બીજા યજ્ઞાંગોની સરખામણીમાં વધુ શ્રેષ્ઠ છે તે 'વરીય'=શ્રેષ્ઠતર.

व्यच॑स्वतीरुर्वि॒या वि श्र॑यन्ता॒ं पति॑भ्यो॒ न जन॑य॒ः शुम्भ॑मानाः ।
देवी॑र्द्वारो बृहतीर्विश्वमिन्वा दे॒वेभ्यो॑ भवत सुप्राय॒णाः ॥५॥

व्यच॑स्वतीः । उ॒र्वि॒या । वि । श्र॒य॒न्ता॒म् । पति॑ऽभ्यः । न । जन॑यः । शुम्भ॑मानाः ।
देवीः॑ । द्वा॒रः॒ । बृ॒ह॒ती॒ः । वि॒श्व॒म्ऽइ॒न्वाः । दे॒वेभ्यः॑ । भ॒व॒त॒ । सु॒प्र॒ऽअ॒य॒नाः ॥५॥

ᵛव्यचस्वतीः । व्यचो व्यापनम् । तद्वत्यः ॥ 'वा छन्दसि' इति

पूर्वसवर्णदीर्घः ॥ ता द्वारदेवताः ᵛउर्विया ॥ उरुशब्दात्तृतीयैकवचने 'इयाडियाजीकाराणामुपसंख्यानम्' (पा.सू. ७.१.३९.१) इतीयादेशः ॥ उरुत्वेन ᵛवि ᵛश्रयन्तां विशेषेणाश्रिता भवन्तु । तत्र दृष्टान्तः । ᵛपतिभ्यो ᵛन यथा पतीनामर्थाय संभोगकाले ᵛशुम्भमानाः शोभमानाः ᵛजनयः जाया विश्रयन्ति तद्वदस्मिन् कर्मणि विश्रयन्ताम् । हे ᵛबृहतीः महत्यो हे ᵛविश्वमिन्वाः ॥ इविः प्रीणनार्थः । तस्मात् कर्मण्युपपदे अण् । इदित्त्वान्नुम् । 'तत्पुरुषे कृति बहुलम्' इत्यत्र बहुलवचनात् द्वितीयाया अप्यलुक् ॥ सर्वस्य प्रीणयित्र्यो हे ᵛद्वारः देवीः द्वाराभिमानिन्यो हे देव्यः यूयं ᵛदेवेभ्यः देवानामर्थाय ᵛसुप्रायणाः सुप्रगमनाः सुविवृताः ᵛभवत ॥ ॥८॥

અનુવાદ (209) : વ્યાપી વળનારી (**व्यचस्वतीः**) (તે દ્વારદેવતાઓ) વિશાળતાથી (**उर्विया**) વિશ્રામ પામો; જેવી રીતે (**न**) પતિને માટે શોભતી (**शुम्भमानाः**) જાયાઓ (**जनयः**) (વિશ્રામ પામે છે.) હે મોટી દ્વાર દેવીઓ ! હે સૌને પ્રસન્ન કરનારી (**विश्वमिन्वाः**) ! (તમે) દેવોના (ના પ્રવેશ)ને માટે સારા ગમનવાળી (= **सुप्रायणाः** = વધુ ખુલેલી) બનો (**भवत**). (૧૦-૧૧૦-૫)

નોંધ : ૧. કાત્થક્ય ઋષિના મતે આ મંત્રની અંદર યજ્ઞશાળાના દ્વારની સ્તુતિ કરવામાં આવી છે. તેથી આ મંત્રની દેવતા 'દ્વાર' છે. સાયણે કાત્થક્યનું નામ લીધા વિના કેવળ એમના મત મુજબનો જ આ મન્ત્રાનો અનુવાદ રજૂ કર્યો છે. જ્યારે દુર્ગાચાર્યે (નિરુક્ત=૮)માં 'દ્વાર' શબ્દનું શાકપૂણિના મત મુજબનું અર્થઘટન પણ રજૂ કર્યું છે : અગ્નિની જ્વાળાઓને (અથવા હવિષ્‌ને) પણ 'દ્વાર' કહે છે. કારણ કે આનાથી (જ્વાળાઓ)થી રાક્ષસ વગેરેને યજ્ઞશાળામાં પ્રવેશતાં નિવારવામાં આવે છે. (**अर्चिः रक्षः प्रभृतीनि वारयति स द्वारः**) ત્યાર પછી, આ અર્થઘટનના અનુસંધાનમાં જ **व्यचस्वतीः** કે **विश्वमिन्वाः** વિશેષણોને અગ્નિપરક જ ઘટાવ્યા છે. ૨. પહેલા પાદમાં **व्यचस्वतीः** = વ્યાપીં વળનારી, અથવા વિવિધ (દિશાના) ગમનોથી જોડાયેલી એવી દ્વારાભિમાનિની દેવતાઓને વિશ્રામ પામો/અથવા વિશેષરૂપે આશ્રિત થાવ'' એમ કહ્યા પછી કવિ બીજા પાદમાં તેને માટે ઉપમા પ્રયોજે છે : **पतिभ्यो न जनयः । = पतिभ्यः इव जायाः ।** મૈથુનક્રિયામાં શોભાવા ઈચ્છતી પત્નીઓ જેમ પતિને માટે વિશ્રામ પામે તેમ તમે (યજ્ઞગૃહની) 'દ્વાર' દેવીઓ વિશ્રામ પામો-ખૂલી જાવ.

आ सुष्वयन्ती यजते उपाके उषासानक्ता सदतां नि योनौ ।
दिव्ये योषणे बृहती सुरुक्मे अधि श्रियं शुक्रपिशं दधाने ॥६॥

आ । सुस्वयन्ती इति । यजते इति । उपाके इति । उषासानक्ता । सदताम् । नि । योनौ । दिव्ये इति । योषणे

इति॑ । बृ॒ह॒ती इति॑ । सु॒रु॒क्मे इति॑ सु॒ऽरु॒क्मे । अधि॑ । श्रिय॑म् । शु॒क्र॒ऽपि॑शम् । दधा॑ने॒ इति॑ ॥६॥

ᵛसुस्वयन्ती । 'अय पय गतौ' । शतर्युपसर्गस्य सोर्द्विर्वचनं छान्दसम् । सुष्ठु अयन्त्यौ गच्छन्त्यौ । यद्वा । स्वपेर्ण्यन्तस्य वर्णलोपः ॥ सुष्वापयन्त्यौ । ᵛयजते ᵛयष्टव्ये ᵛउपाके उपक्रान्ते ᵛउषासानक्ता उषाश्च नक्तं च ॥ द्वन्द्वे 'उषासोषसः' (पा. सू. ६. ३. ३१) इत्युषासादेशः । 'देवताद्वन्द्वे च' इति पूर्वोत्तरपदयोर्युगपत्प्रकृतिस्वरत्वम् ॥ अहोरात्रदेव्यौ ᵛयोनौ अस्मिन् यज्ञस्थाने ᵛनि नितरां नियमेन वा ᵛआ सदताम् आसीदताम् । सदेर्लुङि ऌदित्त्वाच्च्लेरङ् । कीदृश्यौ । ᵛदिव्ये दिवि भवे ᵛयोषणे योषिताविव प्रीणयित्र्यौ । यद्वा । योषणे समिते परस्परतोऽविविक्ते । ᵛबृहती गुणैर्महत्यौ ᵛसुरुक्मे शोभनदीप्ते । रुक्मम् । रोचतेर्मक्प्रत्यये कुत्वे च कृते रूपम् ॥ ᵛशुक्रपिशं शोचमानरूपां ᵛश्रियम् ᵛअधि ᵛदधाने अधिकं धारयन्त्यौ ॥

અનુવાદ (210) : સારી રીતે જનારી (**सुष्वयन्ती**) (અથવા-સારી રીતે બધા પ્રાણીઓને સુવાડી દેતી), યજન કરાવનારી (=**यजते**=) અર્થાત્ યજ્ઞસંપાદન કરનારી) અને (પરસ્પરની) આગળ નીકળી જનારી (**उपाके**) એવી તમે બે ઉષાસાનક્તા = (ઉષા અને રાત્રિ) યોનિમાં (= આ યજ્ઞસ્થાનમાં) પૂરેપૂરી અથવા નિયમથી (**नि**) બેસો (**सदताम्**). દિવ્ય (દ્યુલોકમાં જન્મેલ) સ્ત્રીઓની જેમ (**योषणे**) (અથવા-પરસ્પરથી અલગ નહિ તેમ = સાથે રહેલી), વિશાળ, સુન્દર રીતે ચળકતી (**सुरुक्मे**) સુશોભિત રૂપવાળી (તમે બે-ઉષા અને રાત્રિ) શ્રીને ધારણ કરતી (છો).
(૧૦-૧૧૦-૬)

નોંધ : (૧) કાત્થક્ય ઋષિના મત મુજબ આ મંત્રમાં યજ્ઞ ક્રિયા જે કાલખંડમાં સંપન્ન કરવામાં આવે છે તે દિવસ-રાતને પણ દેવતા રૂપે સ્થાપીને સ્તુતિ કરવામાં આવી છે. આથી આ મંત્રની દેવતા 'ઉષા' અને 'નક્તા' = રાત્રિ છે. (આ મંત્રને, શાકપૂણિના મત અનુસાર અગ્નિપરક કેવી રીતે ઘટાવી શકાય એ વિષે દુર્ગાચાર્યે ચર્ચા કરી છે : કેટલાક આચાર્યો એમ માને છે કે આ મંત્રમાં ''અગ્નિ'ની સ્તુતિ કરવામાં આવી છે એમ કહી શકાય એવું નથી. કારણ કે **उषासानक्ता** અને એનાં વિશેષણ રૂપે વપરાયેલાં **सुष्वयन्ती, योषणे, सुरुक्मे** વગેરે પદો દ્વિવચનમાં આવેલાં છે. અને આવાં દ્વિવચનનાં પદો અગ્નિદેવતાની સાથે જોડી શકાય એમ નથી: જ્યારે બીજા કેટલાક આચાર્યો આ મંત્રને અગ્નિપરક ઘટાવી બતાવે છે. જેમ કે, ઉષા એ અગ્નિની જ દીપ્તિ છે, અને નક્તા=રાત્રિ (કે ઝાકળથી બધાં ભૂતોને ભીનાં કરે છે : **अनक्ति=क्लेदयति सा नक्ता=रात्रिः** ।) પણ આહુતિની જે દીપ્તિ નીકળે છે તે જ છે. આ આહુતિદીપ્તિ (= રાત્રિ સમયના હોમની જવાળા) અંધકારને દૂર કરે છે. આમ આ ઉષા અને નક્તા એ અગ્નિનાં જ બે સ્વરૂપો છે એમ

ફલિતાર્થ થયો. તેથી આ મંત્રમાં અગ્નિની જ સ્તુતિ છે એમ સિદ્ધ થયું. આવી દીપ્તિ = ઉષા અને આહુતિ = નક્તા પરસ્પરની સામે હસતી હસતી જાણે યજન કરાવી રહી છે.

(૨) **उषासानक्ता** આ શબ્દનો **उषाश्च नक्ता च ।** એવો વિગ્રહ થાય છે. આ સામાસિક શબ્દમાં ત્રણ વિશેષતાઓ છે : **(क)** આ દેવતાદ્વન્દ્વ સમાસ હોવાથી પદપાઠકારે તેને અવગ્રહથી પૃથક્કૃત કર્યો નથી. **(ख)** સામાન્ય રીતે તો વેદના પદોમાં પ્રાયઃ એક (જ) ઉદાત્ત સ્વર જોવા મળતો હોય છે. પણ અહીં **देवताद्वन्द्वे च ।** એવા પાણિનીય સૂત્ર અનુસાર આ શબ્દમાં બે ઉદાત્ત સ્વર **उषासानक्ता** (**षा** અને **न**માં જોવા મળે છે; તે નોંધપાત્ર છે. **(ग)** વળી, દ્વન્દ્વ સમાસ થાય ત્યારે **उषस्** ને બદલે **उषासा** થઈ જાય છે. ઉષા અને રાત્રિ–આ બે કાલખંડો કોઈ પણ યજ્ઞ-ક્રિયાને વ્યાપી વળે છે. તેથી તેમને દેવતા ગણીને અહીં સ્તુતિ રજૂ કરવામાં આવી છે. આ મંત્રમાં વપરાયેલા લગભગ બધા શબ્દો **उषासानक्ता**નાં વિશેષણો છે : વળી, તે બધાં વિશેષણો દ્વિવચનમાં હોવાથી પદપાઠકારે તેમને પદપાઠમાં **इति** કરણથી દર્શાવ્યા છે તે નોંધવા જેવું છે. .

(૩) **सुष्वयन्ती–** (દેખાવમાં એકવચનનું રૂપ હોવા છતાંય દ્વિવચનપરક અર્થ લેવાનો છે)–સારી રીતે જનારી (**√अय्** જવું), અથવા સારી રીતે સૂવાડી દેતી (**√स्वप्** સૂવુંનું પ્રેરક), અથવા યાસ્ક મુજબ–**सेष्मीयमाणे = परस्परं स्मयमाने** = પરસ્પરને હસતી (ઉષા અને રાત્રિ વારાફરતી એક બીજાને દૂર કરીને આવ્યા કરે છે તેથી આવો અર્થ પણ વિચારી શકાય. આ શબ્દમાં **√स्मि** – હસવું ધાતુની કલ્પના કરી શકાય.)

(૪) **यजते**–યાસ્ક મુજબ–યજ્ઞ કરાવનારી, અર્થાત્ યજ્ઞ પાર પાડી આપનારી (ઉષા અને રાત્રિ), પણ સાયણ મુજબ-પૂજવા યોગ્ય = યષ્ટવ્યા.

(૫) **उपाके**–નજીક જઈને એકબીજાને અતિક્રમી જનારી.

(૬) **आ+सदताम्** (**=आसीदताम्**) અદ્યતન ભૂ. કા. ત્રી. પુ. દ્વિ. વ. એમ સાયણ કહે છે; પણ તે આજ્ઞાર્થ ત્રી. પુ. દ્વિ. વ.નું રૂપ પણ ગણી શકાય. લોકમાં ઉપસર્ગોનો પ્રયોગ ક્રિયાપદની બરાબર પૂર્વમાં જ થાય. (**प्रादयः, उपसर्गाः, क्रियायोगे ।** એ સૂત્રાનુસાર) છે. પણ વેદમાં તો (**व्यवहिताश्च ।** ...થી) ક્રિયાપદની આગળપાછળ ગમે ત્યાં; ક્યારેક ક્રિયાપદની ગેરહાજરીમાં પણ, ઉપસર્ગો વપરાયેલાં જોવા મળે છે. દા. ત. આ મંત્રમાં **सदताम्** ક્રિયાપદથી ઘણે દૂર-આગળ **आ** ઉપસર્ગ પડ્યો છે, અને તેની પાછળ **नि** ઉપસર્ગ પણ પ્રયોજાયો છે. આ સંદર્ભમાં દુર્ગાચાર્ય કહે છે કે સામર્થ્યની દૃષ્ટિએ = એકલાં ઉપસર્ગોનો કશો અર્થ નથી, તેમનો કોઈકને કોઈક ક્રિયાપદ સાથે અન્વય કરવો જ પડે, તેથી **सदताम्**ની આગળ **नि** અને **आ** ઉપસર્ગોને ખેંચી લાવીને, **न्यासीदताम्** રૂપે સમજવા. અહીં **नि** નો અર્થ **नियमेन** કરવો: અથવા તેને ઉત્તરપદમાં સ્વતંત્ર રહેવા દઈને 'પાદપૂરણ' અવ્યય ગણી લેવો.

योनौ– આ યજ્ઞવેદીમાં (૮) **योषणे–** બે સ્ત્રીઓ, અથવા (**√यु**

मिश्रणामिश्रणयोः ધાતુ લઈએ તો-) પરસ્પરથી વિયુક્ત નહીં તેવી (અર્થાત્ ઉષા અને રાત્રિ પરસ્પર જોડાયેલી જ રહે છે.)-અહીં નોંધપાત્ર એ છે કે ઉષા અને રાત્રિનાં આ બધાં વિશેષણો કેટલાં બધાં સાર્થક છે. (૯) **सुरुक्मे**– સુંદર દીપ્તિવાળી, (૧૦) ચોથા ચરણમાં **शुक्रपिंशं श्रियम् अधिदधाने** । નો અર્થ ''સુશોભિત રૂપવાળી શ્રીને ધારણ કરતી એવી (તમે બે છો)''. એમાં-**शुक्र** = શુક્લ, અને **पिश** = રૂપ (શુક્લ રૂપવાળી) અથવા √**शुच्**– ધાતુ ઉપરથી 'સળગતા રૂપવાળી' અર્થ પણ, યાસ્ક અને દુર્ગ આપે છે.

दैव्या॒ होता॑रा प्रथ॒मा सु॒वाचा॒ मिमा॑ना य॒ज्ञं मनु॑षो॒ यज॑ध्यै ।
प्रचो॒दय॑न्ता वि॒दथे॑षु का॒रू प्रा॒चीनं॒ ज्योति॑ः प्र॒दिशा॑ दि॒शन्ता॑ ॥७॥

दैव्या॑ । होता॑रा । प्र॒थ॒मा । सु॒ऽवाचा॑ । मिमा॑ना । य॒ज्ञम् । मनु॑षः । यज॑ध्यै ।

प्र॒ऽचो॒दय॑न्ता । वि॒दथे॑षु । का॒रू इति॑ । प्रा॒चीन॑म् । ज्योति॑ः । प्र॒ऽदिशा॑ । दि॒शन्ता॑ ॥७॥

ᵛदैव्या ॥ 'देवाद्यञञौ' इति यञ्प्रत्ययः । देवसंबन्धिनौ होतारौ होमनिष्पादकौ होतृनामकावग्न्यादित्यावस्मिन् यज्ञे आसीदताम् । कीदृशौ । ᵛप्रथमा मनुष्यहोतुः पूर्वभाविनौ ᵛसुवाचा शोभनस्तोत्रौ ᵛमनुषः मनुष्यस्य सर्वस्य यष्टुः ᵛयजध्यै यागनिवृत्तये ॥ यजेस्तुमर्थे शध्यैन्प्रत्ययः ॥ ᵛयज्ञं ᵛमिमाना निर्मिमानावुत्पादयन्तौ ᵛविदथेषु । विदन्त्यत्रर्त्विजः स्वस्वकर्माणीति विदथा यज्ञाः । तेष्वृत्विजो यजमानांश्च ᵛप्रचोदयन्ता प्रेरयन्तौ कारू स्तुतीनां कर्तारौ प्राचीनं पूर्वस्यां दिशि यष्टव्यत्वेन स्थितमाहवनीयाख्यं ᵛज्योतिः ᵛप्रदिशा प्रकृष्टेनोपदिष्टमार्गेण यद्वा प्रदिश्यमानेन मन्त्रेण ᵛदिशन्ता निर्वहन्तौ ॥

અનુવાદ (211) : દેવસંબંધી બે હોતાઓ (= અગ્નિ અને આદિત્ય), કે જે (મનુષ્યહોતાની પણ પૂર્વે જન્મેલા અર્થાત્) પ્રથમ અને સુંદર વાણી (સ્તોત્રો ગાતાં) હોતાઓ (છે); તે મનુષ્યને યજન કરાવવા માટે યજ્ઞ ઉત્પન્ન કરનારા (**मिमाना**) (છે). યજ્ઞોમાં (**विदथेषु**) (સ્તુતિ) કરનારા (**कारू**) અને (યજમાનોને તથા ઋત્વિજોને) પ્રેરણા આપતાં (**प्रचोदयन्ता**), '(પૂર્વ દિશામાં ઉગેલું આ) પ્રાચીન જ્યોતિ છે' એવું પ્રકૃષ્ટપણે ઉપદેશવામાં આવેલા (મંત્ર) વડે (**प्रदिशा**), તે બે ઉપદેશી રહેલા/આજ્ઞા કરી રહેલા (**दिशन्ता**) (છે). (૧૦-૧૧૦-૭)

નોંધ : (૧) આ મંત્રમાં બે હોતાઓની સ્તુતિ છે. કાત્થક્ય ઋષિના મતે અહીં યજ્ઞ કરનારા બે મનુષ્ય હોતાઓની (અથવા દુર્ગ કહે છે તેમ મનુષ્યોના જે બે

હોતાઓ = હોમ કરાવનારા ગણાયા છે તે મૈત્રાવરુણની) આમાં સ્તુતિ છે. પણ શાકપૂણિના મત મુજબ આ મંત્રમાં વાયુ અને અગ્નિ નામના બે હોતાઓ (અહીં 'હોતા' શબ્દનો અર્થ 'દેવોને બોલાવી લાવનારા' **-आह्वातारौ-** કરવાનો છે)ની સ્તુતિ કરવામાં આવી છે. (સાયણના મતે આમાં અગ્નિ અને આદિત્યની હોતા રૂપે સ્તુતિ છે.) આ મંત્રમાં આવેલાં દ્વિવચનવાળાં પદો આ બે **होतारा= होतारौ**નાં વિશેષણો છે (અને તે બધાંને મનુષ્યહોતાપરક અને દેવહોતાપરક = દેવાહ્વાતાપરક ઘટાવી બતાવવાં જોઈએ). (૨) **दैव्या**-દેવોમાં જન્મેલા (મિત્ર અને વરુણ) અથવા જે દેવ છે તે જ દૈવ્ય (સ્વાર્થે તદ્ધિત), અર્થાત્ અગ્નિ અને વાયુ. (૩) **प्रथमा**–મુખ્ય, અથવા મનુષ્યહોતાની પહેલાં જન્મેલા, (૪) **यज्ञं मिमाना** = યજ્ઞને ઉત્પન્ન કરતા (મનુષ્યહોતાપરક), અથવા વાયુથી ફૂંકવામાં આવેલો અગ્નિ સળગે છે, અને પછી તે અગ્નિથી યજ્ઞ થાય છે. (અગ્નિ વિના તો કોઈ યજ્ઞ થઈ જ ના શકે. માટે વાયુ અને અગ્નિને જ યજ્ઞના નિર્માતા = ઉત્પન્નકર્તા કહ્યા.) (૫) **कारू**–સ્તુતિ કરનારા, અથવા મનુષ્યહોતા ઉપર અનુગ્રહ કરનારા (૬) **प्राचीनं ज्योतिः**–સૂર્ય માટે વપરાયેલો શબ્દ છે. સાયણ કહે છે : પૂર્વ દિશામાં ઊભેલું પૂજવા યોગ્ય 'આહવનીય' નામનું જ્યોતિ, (૭) **दिशन्ता**–આજ્ઞા આપતાં (આ બે હોતાઓ), (૮) આ મંત્રમાં કોઈ ક્રિયાપદ નહીં હોવાથી, દુર્ગ આવો અધ્યાહાર સમજે છે : આજ્ઞા આપતાં આ બે હોતાઓ (જેમ હંમેશાં પરસ્પરથી છૂટા પડ્યા વિના સ્વભાવથી જ યજ્ઞ ઉપર ઉપકાર કરતાં વર્તી રહ્યા છે તેમ તે બે હોતાઓ મારા યજ્ઞને ઉપકાર કરવા માટે પણ પ્રવૃત્ત થાવ.) [**यौ नित्यमवियोगेन स्वभावतो यज्ञोपकारे वर्तमानौ; ममाप्येवं वर्तेतामिति । एवमाख्यातमध्याहृत्य समाप्यते, निराख्यातत्वान्मन्त्रस्य** ॥ (જુઓ : નિરુક્ત ચોથો ભાગ, ગુરુમંડલ ગ્રંથમાલા-૧૦, કલકત્તા, ૧૯૫૩, પૃ. ૮૭૭)].

आ नो॑ य॒ज्ञं भार॑ती॒ तूय॑मे॒त्विळा॑ मनु॒ष्वदि॒ह चे॒तय॑न्ती ।
ति॒स्रो दे॒वीर्ब॒र्हि॑रेदं स्यो॒नं सर॑स्वती॒ स्वप॑सः सदन्तु ॥८॥

आ । नः॒ । य॒ज्ञम् । भार॑ती । तूय॑म् । ए॒तु । इळा॑ । म॒नुष्वत् । इ॒ह । चे॒तय॑न्ती ।
ति॒स्रः । दे॒वीः । ब॒र्हिः । आ । इ॒दम् । स्यो॒नम् । सर॑स्वती । सु॒ऽअप॑सः । स॒द॒न्तु ॥८॥

ᵛभारती । भरत आदित्यः । तस्य स्वभूता दीप्तिः ॥ 'तस्येदम्' इत्यर्थे उत्सादित्वादञ् (पा. सू. ४. १. ८६) । 'टिड्ढाणञ्' इति ङीप् । ᵛनः अस्मदीयं ᵛयज्ञं तूयं क्षिप्रम् ᵛआ ᵛएतु आगच्छतु । तथा मनुष्वत् मनुष्यो

यथा इदं मया कर्तव्यमिति जानाति तद्वत् ᵛचेतयन्ती जानाना ᵛइळा देवी च ᵛइह अस्मिन् कर्मण्यागच्छतु । तथा ᵛसरस्वती च । ᵛस्वपसः सुकर्माणः । अपं इति कर्मनाम ॥ आप्नोतेरसुनि आपः कर्माख्याया ह्रस्वः । बहुव्रीहौ 'आद्युदात्तं द्व्यच्छन्दसि'. इत्युत्तरपदाद्युदात्तत्वम् ॥ एताः ᵛतिस्रो ᵛदेवीः देव्यः ᵛस्योनं सुखकरम् ᵛइदं ᵛबर्हिः इमं यज्ञम् ᵛआ ᵛसदन्तु आसीदन्तु प्राप्नुवन्तु ॥ सदेर्लोटि सीदादेशाभावश्छान्दसः ॥

त्वाष्ट्रस्य पशोर्वपायां 'य इमे' इत्येषानुवाक्या ॥ सूत्रितं च–'य इमे द्यावापृथिवी जनित्री तन्नस्तुरीपमध पोषयित्नु' (आश्व. श्रौ. ३. ८) इति ॥

અનુવાદ (212) : ભારતી (દેવી) અમારા યજ્ઞમાં જલ્દીથી આવી પહોંચે, તથા ઇળા (દેવી) પણ અહીં મનુષ્યની જેમ ('આ મારે કરવા યોગ્ય છે' એમ) જાણતી (**चेतयन्ती**) (આવી પહોંચે) સરસ્વતી પણ (આવી પહોંચે). સારાં છે કર્મો જેમનાં (**स्वपसः**) એવી ત્રણેય દેવીઓ આ સુખકારક યજ્ઞમાં (કે કુશઘાસ ઉપર) (આવીને) બેસો, (**आ सदन्तु**). (૧૦-૧૧૦-૮)

નોંધ : (૧) કાત્થક્યના મતે આ મંત્રમાં ભારતી, ઇળા અને સરસ્વતી નામની ત્રણ સ્વતંત્ર દેવીઓની સ્તુતિ કરવામાં આવી છે. પણ શાકપૂણિના મતે આ ત્રણ દેવીઓ તે અગ્નિની જ મૂર્તિઓ છે, આથી આ મંત્ર દ્વારા પણ અગ્નિની જ સ્તુતિ છે. (૨) 'ભારતી'–તે આદિત્યની દીપ્તિનું નામ છે. દુર્ગ કહે છે : **सर्वभूतान्युदकेन विभर्त्ति इति भरतः आदित्यः** । જળથી જે બધા ભૂતોનું ભરણપોષણ કરે છે, ધારણ કરે છે તે 'ભરત' કહેવાય. અર્થાત્ 'ભરત' તે આદિત્યનો પર્યાયવાચી શબ્દ છે. આ ભરત (= આદિત્ય)ની જે પ્રભા = દીપ્તિ તે 'ભારતી' કહેવાય ! (૩) ભારતી નામની દેવી દ્યુલોકસ્થિતા છે, ઇળા દેવી તે પૃથિવી છે, અને સરસ્વતી તે મધ્યમસ્થાન = અન્તરિક્ષમાં રહેલી છે. (૪) અહીં **एतु** ક્રિયાપદને બીજા ચરણના અંતે પણ જોડવાનું છે; તથા ચોથા ચરણમાંથી એકલા **सरस्वती** પદને ઉઠાવીને તેની પાછળ પણ **एतु**નો અન્વય કરી, એક વાક્ય બનાવી લેવાનું છે. (૬) **स्वपसः–सुऽअ॒पसः** । 'સારાં છે કર્મો જેમનાં' (તેવી ત્રણ દેવીઓ) આ બહુવ્રીહિ સમાસ છે. અને તેથી નિયમ મુજબ તો પૂર્વપદ **सु**માં જ ઉદાત્ત સ્વર હોવો જોઈએ; પણ અહીં તો ઉત્તરપદમાં **अ॒पस्**માં ઉદાત્ત છે. એનું કારણ એ છે કે "વેદમાં બે અચ્ (= સ્વર) વાળા શબ્દમાં, દા. ત. **स्वपस्**માં, ઉદાત્તસ્વર ઉત્તરપદમાં રહે છે." એવો પાણિનિએ નોંધેલો એક નિયમ છે. (જુઓ : ઉપર સાયણ). (૭) **सदन्तु = आ सीदन्तु** । અહીં આજ્ઞાર્થ ત્રી. પુ. બ. વ. નું રૂપ છે, તથાપિ **√सद्** બેસવું ધાતુને **सीद्** એવો આદેશ થયો નથી, કારણ કે એ નિયમ વેદમાં ક્યારેક નથી પણ લાગતો.

य इ॒मे द्यावा॑पृथि॒वी जनि॑त्री रू॒पैरपिं॑श॒द्भुव॑नानि॒ विश्वा॑ ।
तम॒द्य हो॑तरिषि॒तो यजी॑यान् दे॒वं त्वष्टा॑रमि॒ह य॑क्षि वि॒द्वान् ॥९॥

यः । इ॒मे इति॑ । द्यावा॑पृथि॒वी इति॑ । जनि॑त्री॒ इति॑ । रू॒पैः ।
अपिं॑शत् । भुव॑नानि । विश्वा॑ ।
तम् । अ॒द्य । हो॒तः॒ । इ॒षि॒तः । यजी॑यान् । दे॒वम् । त्वष्टा॑रम् ।
इ॒ह । य॒क्षि॒ । वि॒द्वान् ॥९॥

ᵛयः त्वष्टा देवः ᵛजनित्री विश्वस्य जनयित्र्यौ ᵛइमे ᵛद्यावापृथिवी ॥ द्वन्द्वे 'दिवो द्यावा' इति द्यावादेशः । आद्युदात्तः । पृथिवीशब्दो ङीषन्तत्वेनान्तोदात्तः । 'देवताद्वन्द्वे च' इति पूर्वोत्तरपदयोः प्रकृतिस्वरत्वम् ॥ द्यावापृथिव्यौ ᵛरूपैः देवतिर्यङ्मनुष्याद्याकारैः ᵛअपिंशत् रूपवत्यावकरोत् ॥ 'पिश अवयवे' । तौदादिकः । 'शे मुचादीनाम्' इति नुमागमः ॥ तथा ᵛविश्वा सर्वाणि ᵛभुवनानि भूतजातानि रूपयुक्तान्यकरोत् । हे ᵛहोतः ᵛयजीयान् यष्टृतमः ᵛविद्वान् सर्वं जानानः त्वम् ᵛइषितः अस्माभिरध्येषितः प्रार्थितः सन् ᵛइह अस्मिन् कर्मणि ᵛअद्य अस्मिन् दिने ᵛतं ᵛत्वष्टारं ᵛदेवं ᵛयक्षि । स्तुतिभिर्हविर्भिर्वा यज पूजय ॥

અનુવાદ (213) : જેણે (= જે ત્વષ્ટાએ) (સમગ્ર વિશ્વને) જન્મ આપનાર (**जनित्री**) આ દ્યાવા-પૃથિવીને, તથા બધાંય (ત્રણેય) ભુવનોને રૂપોથી (યુક્ત) (**अपिंशत्=**) કર્યાં. હે હોતરૂ ! ઉત્કૃષ્ટ યાજક (**यजीयान्**), વિદ્વાન્ અને (અમારાથી) પ્રાર્થવામાં (**इषितः**) આવેલો એવો તું આજે તે દેવ ત્વષ્ટાને પૂજ (**यक्षि**). ૧૦-૧૧૦-૯

નોંધ : (૧) કાત્થક્યના મત મુજબ 'ત્વષ્ટા' એ યજ્ઞમાં ઉપયોગી એવા યૂપ (યજ્ઞપશુને બાંધવા માટેના સ્તંભ)ને તૈયાર કરનાર કુશળ કારીગરનો વાચક છે. તેથી એની દેવશિલ્પી તરીકે અહીં સ્તુતિ કરવામાં આવી છે. શાકપૂણિના મતે ત્વષ્ટા એટલે અગ્નિ દેવ જ, તેમની અહીં સ્તુતિ થઈ છે. (અલબત્ત, આ વિષે યાસ્ક, સાયણ કે વેંકટમાધવે કોઈ સ્પષ્ટતા કરી નથી.) (૨) **त्वष्टा** શબ્દનો અર્થ વિચારણીય છે : (**क**) **तूर्ण + √अश् व्याप्तौ** માંથી **त्वष्टृ (त्वष्टा)** બન્યો છે. તેનો અર્થ જે જલ્દી વ્યાપી વળે છે તે ત્વષ્ટા (= અગ્નિ). (**ख**) **√त्विष्** 'વૃદ્ધિ પામવું'-જે વૃદ્ધિ પામેલો છે તે ત્વષ્ટા. (**ग**) **त्वक्ष्**-છોલવું પાતળું કરવું = ઘડવું, અથવા કંઈ પણ કાર્ય કરવું—અર્થવાળા ધાતુમાંથી 'ત્વષ્ટા' શબ્દ બન્યો હશે. ૩. હવે, આ 'ત્વષ્ટા' શબ્દથી કયા દેવની સ્તુતિ હશે ? એ વિષે ચર્ચા કરતાં યાસ્ક અને દુર્ગે ત્રણ મતો નોંધ્યા છે :

(क) કેટલાક આચાર્યો અને કેટલાક નૈરુક્તો ત્વષ્ટાને મધ્યમસ્થાન = અંતરિક્ષ લોકનો દેવતા ગણે છે. (ख) ઐતિહાસિકો માને છે કે વિશ્વના બધા જ શિલ્પીઓનો આચાર્ય દાક્ષાયણીનો પુત્ર, નામે 'દેવવર્દ્ધકિ' અને બાર આદિત્યોમાંનો એક એવો જે દેવતા છે તે 'ત્વષ્ટા' છે. (ग) પણ શાકપૂણિ કહે છે કે આ શબ્દ પાર્થિવ અગ્નિનો જ વાચક છે. ૪. **अपिंशत्** **√पिश्** 'અવયવ કરવા (= ગોઠવવું)' ધાતુ છઠ્ઠો ગણ હ્યસ્તન ભૂ. કા. ત્રી. પુ. એ. વ. વેંકટમાધવે આ ક્રિયાપદનો **रूपैः समयोजयद्** = 'રૂપોથી ગોઠવ્યા-સજાવ્યા' એવો અનુવાદ કર્યો છે. ૫. દ્યાવાપૃથિવી-શબ્દ 'દેવતા-દ્વન્દ્વ' સમાસ હોવાથી **द्या** અને **वी** ઉદાત્ત સ્વરવાળા અક્ષરો છે તે નોંધપાત્ર છે. ૬. **यक्षि** અને **यजीयान्** રૂપો અગાઉ મંત્ર-૩માં આવી ગયા છે.

उ॒पाव॑सृज॒ त्मन्या॑ सम॒ञ्जन् दे॒वानां॒ पाथ॑ ऋतु॒था ह॒वींषि॑ ।
वन॒स्पति॑ः शमि॒ता दे॒वो अ॒ग्निः स्वद॑न्तु ह॒व्यं मधु॑ना घृ॒तेन॑
॥१०॥

उ॒प॒ऽअव॑सृज । त्मन्या॑ । स॒म्ऽअ॒ञ्जन् । दे॒वाना॑म् । पाथ॑ः । ऋ॒तु॒ऽथा । ह॒वींषि॑ । वन॒स्पति॑ः । श॒मि॒ता । दे॒वः । अ॒ग्निः । स्वद॑न्तु । ह॒व्यम् । मधु॑ना । घृ॒तेन॑ ॥१०॥

हे वनस्पते यूप ᵛत्मन्या ॥ आत्मन्शब्दस्य तृतीयैकवचने यादेशः । 'मन्त्रेष्वाङ्यादेरात्मनः' इत्याकारलोपः ॥ आत्मनैव ᵛऋतुथा ऋतौ ऋतौ प्राप्ते काले ᵛदेवानाम् अर्थाय ᵛपाथः पशुलक्षणमन्नमन्यानि च ᵛहवींषि ᵛसमञ्जन् सम्यग्व्यक्तीकुर्वन् ᵛउपावसृज उपागम्य प्रयच्छ ॥ 'गतिर्गतौ' (पा. सू. ८. १. ७०) इति गतोर्निघातः ॥ किंच ᵛवनस्पतिः योऽयं यूपः ᵛशमिता एतन्नामकः ᵛदेवः यद्वा शामित्रः ᵛअग्निः देवो दीप्यमान आहवनीयाख्योऽग्निश्चैते त्रयः ᵛमधुना मधुरेण ᵛघृतेन । यद्वा मधुनोदकेन प्रोक्षणोपनयनादिगतेन घृतेन च ॥ ᵛहव्यं हवनयोग्यं ᵛस्वदन्तु स्वादूकुर्वन्तु ॥

અનુવાદ **(214)** : (હે વનસ્પતિ !) તમે પોતે જ (**त्मन्या=आत्मना**) સમયે સમયે (**ऋतुथा**) દેવોને માટે (**पाथः=**) પશુ રૂપ અન્ન અને હવિષોને પ્રકટ કરતા (**समञ्जन्**) પ્રદાન કરો (**उपावसृज**)। વનસ્પતિ (અર્થાત્ યૂપ); 'શમિતા' નામના દેવ અને અગ્નિ–(એ ત્રણેય) મધુર ઘી/ઉદકથી હવ્યને (હવિષાન્નને) સ્વાદિષ્ટ બનાવો (**स्वदन्तु**). (૧૦-૧૧૦-૧૦)

નોંધ : ૧. આ મંત્રમાં, કાત્થક્યના મતે યજ્ઞમાં પશુબંધન માટે વપરાતા સ્તંભ, કે જેને 'યૂપ' કહેવાય છે તેની સ્તુતિ કરવામાં આવી છે. આ યૂપને માટે, આ મંત્રમાં

'વનસ્પતિ' શબ્દનો પ્રયોગ થયો છે. પણ શાકપૂણિના મતાનુસાર 'વનસ્પતિ' શબ્દ 'વનોનો રક્ષક/પાલક' (વનને નહીં બાળીને જે પાલન કરે છે) તે અગ્નિ જ અહીં દેવતા રૂપે સ્તવાયો છે. ૨. देवानाम्માં ચતુર્થી અર્થે ષષ્ઠી માનવાની છે. ૩. पाथः— પશુ રૂપ અન્ન. ૪. આવો જ એક મંત્ર ૧-૧૮૮-૧૦માં જોવા મળે છે : उप त्मन्या वनस्पते पाथो देवेभ्यः सृज । अग्निर्हव्यानि सिष्वदत् ॥

स॒द्यो जा॒तो व्य॑मिमीत य॒ज्ञम॒ग्निर्दे॒वाना॑मभवत्पुरो॒गाः ।
अ॒स्य होतुः॑ प्र॒दिश्यृ॒तस्य॑ वा॒चि स्वाहा॑कृतं ह॒विर॑दन्तु दे॒वाः ॥११॥

स॒द्यः । जा॒तः । वि । अ॒मि॒मी॒त॒ । य॒ज्ञम् । अ॒ग्निः । दे॒वाना॑म् । अ॒भ॒व॒त् । पु॒रः॒ऽगाः । अ॒स्य । होतुः॑ । प्र॒ऽदिशि॑ । ऋ॒तस्य॑ । वा॒चि । स्वाहा॑ऽकृतम् । ह॒विः । अ॒द॒न्तु॒ । दे॒वाः ॥११॥

अयमग्निः ᵛसद्यः तदानीमेव ᵛजातः जायमान एव ᵛयज्ञं ᵛव्यमिमीत विशेषेण निर्मिमीते । उत्पादयति ॥ 'माङ् माने शब्दे च' । जौहोत्यादिकः ॥ अत एवायम् ᵛअग्निः ᵛदेवानां ᵛपुरोगाः प्रथमगामी मुख्यः ᵛअभवत् ॥ गमेर्विट्प्रत्यय आत्वे च कृते रुपम् ॥ ततः ᵛप्रदिशि प्रकृष्टायां दिशि प्राच्याम् ᵛऋतस्य आहवनीयात्मनागतस्य ᵛअस्य ᵛहोतुः होमनिष्पादकस्याग्नेः ᵛवाचि । अत्र वागाश्रय आस्यं लक्ष्यते । वाच्यास्ये ᵛस्वाहाकृतं स्वाहाकारेण प्रक्षिप्तं ᵛहविः सर्वे ᵛदेवाः ᵛअदन्तु भक्षयन्तु । इदं सूक्तं यास्केन सम्यगभ्यधायि (निरु. ८.५-२१) । तदत्रानुसंधीयताम् ॥ ॥९॥

અનુવાદ (215) : તત્કાળ જન્મ લેતાં તેણે (અગ્નિએ) યજ્ઞનું વિશેષ રૂપે નિર્માણ કર્યું; (તેથી એ) અગ્નિ દેવોમાં પુરોગામી બન્યો. પ્રકૃષ્ટ દિશા (= પૂર્વ દિશા)માં ગયેલા (ऋतस्य=गतस्य) આ હોતા (= હોમનિષ્પાદક અગ્નિ)ના મુખમાં 'स्वाहा' એવા શબ્દોચ્ચાર स्वाहाकृतं સાથેના (ફેંકવામાં/હોમવામાં આવેલા) હવિષ્‌ને (સૌ) દેવો ખાય (अदन्तु)। (૧૦-૧૧૦-૧૧)

નોંધ : ૧. પહેલા દશ મન્ત્ર સુધીમાં 'ઇધ્મ' વગેરેથી શરૂ કરી, 'વનસ્પતિ' સુધીમાં અગિયાર આપ્રીદેવતાઓની, (કાત્થક્યના મત મુજબ) યજ્ઞ કે યજ્ઞાંગ રૂપે, તથા (શાકપૂણિના મત મુજબ) અગ્નિદેવતા રૂપે સ્તુતિ થઈ છે એવી વિચારણા આપણે કરી છે, પણ આ છેલ્લા મંત્રમાં જે 'સ્વાહાકાર'–'સ્વાહાકૃતિ'નો નિર્દેશ છે તે 'અગ્નિ'નો વાચક છે કે નહીં' ? એ વિચારણાનો-ચર્ચાનો-વિષય બનાવવાનો નથી એમ દુર્ગ કહે છે. કારણકે આ શબ્દ દેવતાસંસ્કારપરક છે = આહુતિદ્રવ્ય હોમતી

વખતે થતો એક શબ્દોચ્ચાર છે.

૨. **स्वाहाकृतम्-स्वाहा** એવા શબ્દોચ્ચારને **स्वाहाकार** કહે છે: આવા સ્વાહાકાર સહિતના હવિષ્‌ને 'સ્વાહાકૃત' કહે છે. દુર્ગાચાર્ય કહે છે કે **'स्वाहो-'स्वाहा'** એવા અનુકીર્તનથી-વારંવાર બોલીને-પ્રયાજવિધિમાં પ્રૈષસંસ્કાર કરવામાં આવે છે-આને સ્વાહાકૃતિ કહે છે. હવે, **स्वाहा** શબ્દ કેવી રીતે બન્યો હશે એનો વિચાર કરતાં દુર્ગ કહે છે કે **(क) सु (= सुष्ठु) + आह** = 'સુંદર કહ્યું' તે **स्वाहा**. જ્યારે પણ કોઈ દેવતાને ઉદ્દેશીને કંઈક ઘી વગેરે આપવા માટે મંત્રપૂર્વક ''આ તમને આપવામાં આવે છે'' એમ કહેવાય છે ત્યારે તે અર્પણની જાહેરાત કરતું વાક્ય તે **सु-आह** છે; **शोभनम् आह** છે : આને **स्वाहा** કહે છે. **(ख)** બ્રાહ્મણગ્રંથોમાં બીજું એક નિર્વચન વિચારાયું છે : **स्वा वागाह इति वा । ''तं स्वा वागभ्यवदज्जुहुधीति तत् स्वाहाकारस्य जन्म ।** 'તું હોમી દે' એવું તે (હોતા)ને પોતાની વાણી કહે છે-આ સમયે **स्वाहाकार**નો જન્મ = ઉચ્ચારણ થાય છે. **(ग) स्वं प्राह इति वा । स्वाहुतं हविः जुहोति ।** મુજબ 'પોતાનું કહેવાયેલું જે હવિર્દ્રવ્ય હોમે છે' તેને પણ **स्वाहाकार** કહે છે.

10.117 (1 to 9)

ભિક્ષુસૂક્ત અર્થાત્ દાનસ્તુતિ

'न वा' इति नवर्चं पञ्चमं सूक्तम् । भिक्षुर्नामाङ्गिरस ऋषिः । प्रथमाद्वितीये जगत्यौ शिष्टाः सप्त त्रिष्टुभः । अत्र धनस्यान्नस्य च दानं स्तूयते । अतस्तद्दैवत्यमिदम् । तथा चानुक्रान्तं—'न वा उ भिक्षुर्धनान्नदानप्रशंसाद्ये जगत्यौ' इति । गतो विनियोगः ॥

'ભિક્ષુ' નામના આંગિરસ (= અંગિરસ્‌ના ગોત્રમાં જન્મેલા) ઋષિનું દર્શન આ સૂક્તમાં રજૂ થયું છે. સાયણાચાર્ય કહે છે તેમ અહીં-**अत्र धनस्य अन्नस्य च दानं स्तूयते**. । ધન અને અન્નના દાનની સ્તુતિ કરવામાં આવી છે. એટલે કે આ સૂક્તને 'દાનસ્તુતિ' કહેવામાં આવે છે.

સામાન્ય રીતે તો 'દાનસ્તુતિ' તરીકે ઓળખાતાં સૂક્તોમાં રાજાઓએ પોતાના યાજ્ઞિકોને-વિપ્રોને- જે વિવિધ દાન આપ્યાં હોય છે તેનું તેમાં વર્ણન કરવામાં આવ્યું હોય છે. આવાં દાનસ્તુતિવાળાં સૂક્તો ૧લા, ૧૦મા કે ૮મા (બાલખિલ્યમાં) મંડળમાં જોવા મળે છે. આમાં દાનસ્તુતિના રચનારા બ્રાહ્મણો પોતાના યજમાન રૉજાની વંશાવળી, કે તત્કાલિક પ્રજાઓનાં નામો, નિવાસસ્થાનો વગેરેની કેટલીક ઐતિહાસિક સામગ્રી પણ નોંધે છે. (આવાં સૂક્તોનો અભ્યાસ The Dānastutis of the Ṛgveda, by B. H. Kapadia, S.P. Univ., Vallabh Vidyanagar, 1961માં રજૂ થયો છે.)

પરંતુ આપણે જે ૧૦-૧૧૭ સૂક્તનો 'દાનસ્તુતિ' તરીકે અભ્યાસ કરવાનો છે

તેમાં આવા પ્રકારના (કોઈ રાજાએ આપેલા) દાનની સ્તુતિની વાત આવતી નથી, અહીં માણસ માત્રે દાન આપવું જોઈએ. પોતાની પાસે જે અન્ન હોય, કે ધન હોય તે બીજાને આપીને, બીજાને વહેંચીને જ પછી જ ખાવું/ભોગવવું જોઈએ એવી કંઈક ઉપદેશાત્મક, વાણીમાં દાન આપવા વિષે પ્રરોચના કરવામાં આવી છે.

'ભિક્ષુ' કવિ અહીં કહે છે કે દાન આપવા માટે બે કારણો છે : એક, વ્યાવહારિક દૃષ્ટિએ વિચારીએ તો તમે જો ધનનું અને અન્નનું દાન કરશો તો તમે બીજા કોઈકની સહાનુભૂતિ મેળવો, અને એવા (દાન લેનારા) વ્યક્તિઓ ભવિષ્યમાં તમને જરૂર પડશે ત્યારે મદદ કરશે. વળી, દાન આપીને તમે નવા સખાઓ મેળવો અને દેવોની કૃપા પણ તમારા ઉપર ઉતરશે. બીજું, ફિલસૂફીની દૃષ્ટિએ વિચારીએ તો ધન ક્યાંય સ્થિર રહેતું નથી. તે એક વ્યક્તિ પાસેથી બીજી વ્યક્તિ પાસે જતું રહે છે. આથી તમારા હાથમાં હોય ત્યાં સુધી દાન કરી લેવું. વળી કવિ કહે છે કે માણસ કેવળ ભૂખથી જ મરે છે એવું નથી. બહુ ખાનારને પણ મૃત્યુઓ આવે છે ! 'અન્ન વહેંચીને જ ખાવું જોઈએ' એવી સૂક્તિને અહીં જે વક્રોક્તિથી રજૂ કરી છે કે એકલો ખાનારો તો કેવળ પાપી જ છે : **केवलाघो भवति केवलादी** । તે અમર પંક્તિ તો ઘણા ભારતીયને જિહ્વાગ્રે છે. વળી, કવિએ અહીં 'દાન આપવા' વિષેનો ઉપદેશ અન્વયમુખેથી આપવાની સાથે સાથે વ્યતિરેક મુખથી (= અવળવાણીથી) પણ રજૂ કર્યો છે તેથી આ સૂક્તમાં આવેલું કાવ્યતત્ત્વ પણ હૃદ્ય બન્યું છે.

સૂક્ત : ૧૧૭; દેવતા : દાન, ઋષિ : ભિક્ષુ આંગિરસ, છન્દ : પહેલી બે ઋચામાં જગતી અને બાકીની સાતમાં ત્રિષ્ટુપ્.

न वा उ॑ दे॒वाः क्षुध॑मि॒द्व॒धं द॑दुरु॒ताशि॑त॒मुप॑ गच्छन्ति मृ॒त्यव॑ः ।
उ॒तो र॒यिः पृ॑ण॒तो नोप॑ दस्यत्यु॒तापृ॑णन् मर्डि॒तार॒ं न विन्दते ॥१॥

न । वै॒ । ऊँ॒ इति॑ । दे॒वाः । क्षुध॑म् । इत् । व॒धम् । द॒दुः ।
उ॒त । आशि॑तम् । उप॑ । ग॒च्छ॒न्ति॒ । मृ॒त्यव॑ः ।
उ॒तो इति॑ । र॒यिः । पृ॒ण॒तः । न । उप॑ । द॒स्य॒ति॒ । उ॒त ।
अपृ॑णन् । म॒र्डि॒तार॑म् । न । वि॒न्द॒ते॒ ॥१॥

भिक्षुः प्रथमं व्यतिरेकमुखेनान्नदानं प्रशंसति । ᵛदेवाः ᵛवै देवाः खलु सर्वेषां ᵛक्षुधं ᵛन ᵛददुः न प्रायच्छन् । किंतु ᵛवधम् ᵛइत् वधमेव दत्तवन्तः । एतादृशीं वधरूपां क्षुधमन्नदानेन यः शमयति स दाता खलु । ᵛउ इति पूरणः । योऽदत्त्वा भुङ्क्ते तम् ᵛआशितं भुञ्जानं पुरुषमपि ᵛमृत्यवः मरणानि ᵛउप ᵛगच्छन्ति समीपे यान्ति ॥ 'आशितः कर्ता'

(पा. सू. ६. १. २०७) इत्याद्युदात्तत्वम् ॥ क्षुधार्त्तानां भोक्तृणां च मरणं समानम् । किं दानेन धननाशरूपेण । अत आह । ᵛउतो । उतशब्दोऽप्यर्थे । ᵛपृणतः प्रयच्छतः पुरुषस्य ᵛरयिः धनं ᵛनोप ᵛदस्यति नोपक्षीयते । 'दसु उपक्षये' । दैवादिकः । 'पृण दाने' । तौदादिकः । तस्य शत्रन्तस्य 'शतुरनुमो नद्यजादी' इति विभक्तेराद्युदात्तत्वम् ॥ दानप्रसङ्गेनादातारं दूषयति । ᵛअपृणन् अप्रयच्छन् पुरुषस्तु ᵛमर्डितारम् आत्मनः सुखयितारं ᵛन ᵛविन्दते । न कुत्रापि लभते । इह बन्धवोऽप्रदानान्न सुखयन्ति देवा अपि हविष्प्रदानाभावात् ॥

અનુવાદ (216) : દેવોએ (સૌ પ્રાણીઓને) ભુખ નહીં, પણ મોત જ આપ્યું છે; ખાનાર પાસે (**आशितम्**) પણ મૃત્યુઓ તો આવે જ છે. આપનાર (વ્યક્તિ)નું (**पृणतः**) ધન (**रयिः**) નાશ પામતું (**उपदस्यति**) નથી; નહીં આપનાર (**अपृणन्**) માણસ (પોતાને) સુખી કરનારને (**मर्डितारम्**) મેળવતો નથી. (૧૦-૧૧૭-૧)

નોંધ : ૧. આ સૂક્તમાં ધનના અને અન્નના દાનની પ્રશંસા કરવામાં આવી છે. આથી આ સૂક્તને 'દાનસ્તુતિ' નામે ઓળવામાં આવે છે. અંગિરસના આ કુળમાં જન્મેલા 'ભિક્ષુ' નામના ઋષિએ આ પહેલી ઋચામાં વ્યતિરેક મુખથી (અવળી રીતે) અન્નના દાનની પ્રશંસા કરી છે : ૨. **देवाः (सर्वेभ्यः) न क्षुधम्ः किन्तु वधम् इत (एव) ददुः** । આ પહેલા પાદમાં **क्षुधम्** અને **चधम्**ને સમાનાધિકરણમાં (એકસરખી દ્વિતીયા વિભક્તિમાં) મૂકીને, અને પ્રકૃતનો = ઉપમેય ભુખનો નિષેધ કરીને, તેને સ્થાને બીજાને = ઉપમાનને-મૃત્યુને-સ્થાપવામાં આવ્યું છે : 'દેવોએ સૌ પ્રાણીઓને ભુખ નહીં, પણ મોત જ આપ્યું છે' એથી આ ઉક્તિમાં 'અપહ્નુતિ' અલંકાર સધાયો છે ! શ્રી ર. છો. પરીખ સાહેબે આ પાદનો અનુવાદ આમ કર્યો છે. 'દેવોએ ભુખને જ મોતનું સાધન કર્યું નથી.' આ અનુવાદ પછીના પાદની સાથે સુસંગત થાય છે, પણ **ददुः**નો શબ્દાર્થ '(સાધન) કર્યું નથી' એમ ઠીક લાગતો નથી. સાયણ કહે છે કે આવી સાક્ષાત્ વધ રૂપ ક્ષુધ્ (ત્કારાન્ત સ્ત્રીલિંગ શબ્દ). = ક્ષુધા (ભુખ)ને જે માણસ અન્નનું દાન કરીને શમાવે છે તે ખરેખર/સાચો દાતા છે. ૩. આશિત = ખાનાર વ્યક્તિને પણ મૃત્યુઓ આવે છે ('મૃત્યુ' શબ્દ બહુવચનમાં છે તે નોંધપાત્ર છે.) સાયણ કહે છે : ભુખ્યાં જનોને તો મોત આવે જ છે, પણ ખાનારાઓને ય મોત આવે છે ! ૪. √**पृण दाने** 'દાન આપવું' છઠ્ઠા ગણનું વર્તમાન કૃદન્ત 'દાન આપતો' = **पृणत्** । તેનું ષષ્ઠી વિ. એ. વ.માં **पृणतः** અને પ્રથમા વિ. એ. વ.નાં **पृणन्** રૂપ થાય. ૫. **मर्डितारम्-सुखयितारम्** = સુખ આપનારને. ૬. √**दसु उपक्षये**- ૪થો ગણ, **दस्यति** નાશ પામે છે. વ. કા. ત્રી. પુ. એ. વ. ૭. દાન આપવાની ભાવનાને ઉત્તેજિત કરવા કવિ ભિક્ષુ ત્રીજા અને ચોથા પાદમાં બીજી બે વાત કરે છે : દાન આપનારનું ધન નાશ પામતું કે ખૂટતું નથી, તથા જે દાન ન આપે તેની ઉપર ઈશ્વરની કૃપા ઉતરતી નથી. અથવા, પ્રા.

વેલણકર કહે છે તેમ-ખાનાર વ્યક્તિ અર્થાત્ સુખાં-સમૃદ્ધ માણસ જો સારા દિવસોમાં દાન ન કરે તો પછી એને ય જ્યારે જરૂર પડે ત્યારે; મદદ કરનાર કોઈ મળતું નથી, એને કોઈનીય સહાનુભૂતિ મળતી નથી.

य आध्राय चकमानाय पित्वोऽन्नवान्त्सन्रफितायोपजग्मुषे ।
स्थिरं मनः कृणुते सेवते पुरोतो चित्स मर्डितारं न विन्दते ॥२॥

यः । आध्राय । चकमानाय । पित्वः । अन्नऽवान् । सन् । रफिताय । उपऽजग्मुषे ।
स्थिरम् । मनः । कृणुते । सेवते । पुरा । उतो इति । चित् । सः । मर्डितारम् । न । विन्दते ॥२॥

ᵛयः पुरुषः स्वयम् ᵛअन्नवान् ᵛसन् अपि ᵛआध्राय । आधार्यतेऽसावित्याध्रो दुर्बलः । नस्मै ᵛपित्वः पितूनन्नानि ᵛचकमानाय कामयमानाय । चकमानः कान्तकर्मा । ᵛरफिताय । रफतिर्हिंसार्थः । दारिद्र्येण हिंसिताय ᵛउपजग्मुषे गृहं प्रत्यागताय अतिथये ᵛमनः आत्मीय-मन्तःकरणम् अदाने ᵛस्थिरं ᵛकृणुते कुरुते । मनःस्थैर्यकरणेन तं क्लेशयतीत्यर्थः । कृणुते । 'कृवि हिंसाकरणयोः' । धिन्विकृण्व्योरच्च' इत्युप्रत्ययः । करोतेर्वा व्यत्ययेन श्नुः । 'विकरणस्वरः सतिशिष्टोऽपि लसार्वधातुकस्वरं न बाधते' (पा. सू. ६. १. १५८. ११) इति लसार्वधातुकस्वरः । न केवलं क्लेशकरणम् अपि तु ᵛपुरा तस्य पुरस्तादेव ᵛसेवते भोगान् । ᵛसः अपि ᵛमर्डितारम् आत्मनः सुखयितारं । ᵛन ᵛविन्दते । न कुत्रापि लभते ।

અનુવાદ (217) : જે અન્નવાન્ હોવા છતાંય અન્ન ઇચ્છતા (**पित्वः चकमानाय**), દુર્બળ (**आध्राय**), (દરિદ્રતાથી) હણાયેલા (**रिफिताय**), નજીક આવેલાને (**उपजग्मुषे**), (અન્નનું દાન આપવાને) માટે (પોતાના) મનને સ્થિર કરી દે છે, અને તે (માંગનાર)ની સામે જ (અન્નને) સેવે છે. (= ખાવા બેસે છે)–તે (અન્નવાન્ વ્યક્તિ પોતાને) સુખી કરનારને મેળવતો નથી. (૧૦-૧૧૭-૨)

નોંધ : ૧. આ મન્ત્રમાં એવા ભાગ્યશાળી વ્યક્તિનો ઉલ્લેખ છે કે જે **अन्नवान्** = અન્નવાળો છે. પણ આવો વ્યક્તિ જો દુર્બળ થઈ ગયેલા, દરિદ્રતાથી હણાયેલા, માંગવા માટે નજીક આવેલા એવા, અને અન્ન ઇચ્છતા વ્યક્તિને 'મારે કાંઈ આપવું જ નથી' એમ વિચારીને, પોતાના મનને સ્થિર કરી દે છે; તથા એ ભુખ્યા માણસની સામે જ અન્ન સેવવા લાગે છે-ખાવા બેસી જાય છે-તો, ભિક્ષુ કવિ કહે છે કે એવા

અન્નવાળા વ્યક્તિને દેવોની સહાનુભૂતિ મળતી નથી. ૨. આ મન્ત્રમાં જે ચતુર્થીમાં પદો આવેલાં છે તે ગરીબ ભુખ્યા વ્યક્તિનાં વિશેષણો છે: ૩. **आध्राय**- જેને ઊંચકવો પડે, ધારણ કરવો પડે તે આધ્રઃ; અર્થાત્ દુર્બળ છે તે. ૪. **पितु** = અન્ન, **पित्वः चकमानाय** - અન્નને ઇચ્છતા longing for food. ૫. **रिफिताय** - દરિદ્રતાથી હણાયેલા (**सा**), પણ વેંકટમાધવ મુજબ (ભુખથી) બૂમો પાડતા.

स इद्भो॒जो यो गृ॒हवे॒ ददा॑त्यन्न॑कामाय॒ चर॑ते कृ॒शाय॑ ।
अर॑मस्मै भवति॒ याम॑हूता उ॒ताप॒रीषु॑ कृणुते॒ सखा॑यम् ॥३॥

सः । इत् । भो॒जः । यः । गृ॒हवे॑ । ददा॑ति । अन्न॑ऽकामाय । चर॑ते । कृ॒शाय॑ ।
अर॑म् । अ॒स्मै॒ । भ॒व॒ति॒ । याम॑ऽहूतौ । उ॒त । अ॒प॒रीषु॑ । कृ॒णु॒ते॒ । सखा॑यम् ॥३॥

अन्वयमुखेन प्रशंसति । ᵛस ᵛइत् स एव ᵛभोजः दाता खलु ᵛयो ᵛगृहवे । ग्रहेर्मृगय्वादित्वात् कुप्रत्ययः (उ. सू. १.३८) ॥ प्रतिग्रहीत्रे ᵛअन्नकामाय अन्नं याचमानाय ᵛचरते गृहमागतवते ᵛकृशाय दारिद्र्येण एतादृशायातिथयेऽन्नं ᵛददाति प्रयच्छति ॥ 'अभ्यस्तानामादिः' इत्याद्युदात्तत्वम् ॥ ᵛयामहूतौ । यामा गन्तारो देवाः ॥ अत्र यातेः 'अर्तिस्तुसुहुसृ' (उ. सू. १.१३९) इत्यादिना मन्प्रत्ययः ॥ त आहूयन्तेऽत्रेति यामहूतिर्यज्ञः । तस्मिन् ᵛअस्मै दात्रे फलम् ᵛअरम् अलं पर्याप्तं ᵛभवति । कामप्रदानं भवतीत्यर्थः । ᵛउत अपि च ᵛअपरीषु ॥ 'केवलमामक' (पा.सू. ४.१.३०) इति ङीप् ॥ अन्यासु शात्रवीषु सेनासु ᵛसखायं ᵛकृणुते । तद्वदाचरतीत्यर्थः । तस्य सर्वे सखाय एव न शत्रव इत्यर्थः ॥

અનુવાદ (218) : તે જ (વ્યક્તિ) 'દાતા (**भोजः**) છે, કે જે ગ્રહણ કરનાર (= લેનાર)ને (**गृहवे**), અન્નની કામનાવાળાને (ભિક્ષા માટે) રખડતા અને (દારિદ્ર્યથી) કૃશ થઈ ગયેલા એવા વ્યક્તિને આપે છે. આવા (દાતા)ને વિષે યજ્ઞમાં (**यामहूतौ**) (પ્રાપ્ત થનારું ફળ) પર્યાપ્ત (**अरम्**) બની રહે છે; અને વળી શત્રુસેનાઓમાં (**अपरीषु**) (બધા એ દાતાને) મિત્ર બનાવે છે. (= મિત્રની જેમ એની સાથે આચરણ કરે છે.) (૧૦-૧૧૭-૩)

નોંધ : ૧. સાયણ કહે છે કે આ મન્ત્રમાં અન્વયમુખથી-સીધી સરળ ભાષામાં ની પ્રશંસા કરવામાં આવી છે. ૨. **भोजः**–ઉદાર દાતા **इत्**–જ, **एव**–અર્થમાં, —તે, ः—જે' વાળી વાક્યરચના નોંધનીય છે. ૩. **अरम्** = **अलम्** =

પર્યાપ્ત, પૂરતું ૪. **यामहूतौ** = યજ્ઞમાં, યામ એટલે જનારા અર્થાત્ દેવો. દેવોને જેમાં બોલાવવામાં આવે છે તે 'યામહૂતિ' કહેવાય.

૫. વેંકટમાધવે આ મન્ત્રના પહેલા અને ત્રીજા પાદનો અર્થ જુદી રીતે કર્યો છે : **भोजः**—નો અર્થ 'ભોક્તા' કરીને ''તે જ ભોક્તા છે કે જે પ્રતિગ્રહણ કરનાર, અન્ન માંગતા, દુબળા ભિક્ષા માંગવા ફરતા માણસને આપે છે.'' તથા **यामहूतौ**નો અર્થ 'યમ (મૃત્યુ) બોલવવા આવે ત્યારે' ''ભિક્ષુકને જેટલું અન્ન આપ્યું હોય તેટલું'' તે (દાતા)ને માટે પર્યાપ્ત બની રહે છે. દુશ્મનોની અંદર પણ, તે (દાતા) પોતાને માટે 'આ અમારો સખા = ઉદ્ધર્તા છે.' એવી લાગણી જન્માવી શકે છે.

૬. પ્રા. વેલણકર **यामहूति** નો અર્થ 'હુમલાના પ્રસંગે મદદ માટે બોલાવું'—એવો કરે છે. તેમના મુજબ ''હુમલાના પ્રસંગે બોલાવવામાં આવેલો તે (ભિક્ષુક) આ દાતાને માટે મદદ રૂપ (**अरम्**) બની રહે છે. અને આમ ભવિષ્યના બધા સમયો (**अपरीषु**)માં (માટે) તે મિત્ર (તરીકે એને) મેળવી લે છે.''

न स सखा॒ यो न ददा॑ति॒ सख्ये॑ सचा॒भुवे॒ सच॑मानाय पि॒त्वः ।
अपा॑स्मा॒त्प्रेया॒न्न तदोको॑ अस्ति पृ॒णन्त॑म॒न्यमर॑णं चिदिच्छेत् ॥४॥

न । सः । सखा॑ । यः । न । ददा॑ति । सख्ये॑ । स॒चा॒ऽभुवे॑ । सच॑मानाय । पि॒त्वः ।
अप । अ॒स्मा॒त् । प्र । इ॒या॒त् । न । तत् । ओक॑ः । अ॒स्ति॒ । पृ॒णन्त॑म् । अ॒न्यम् । अर॑णम् । चि॒त् । इ॒च्छे॒त् ॥४॥

व्यतिरेकेण निन्दामाह । ᵛसः पुरुषः ᵛसखा ᵛन भवति ᵛयः पुरुषः ᵛसचाभुवे सर्वदा सहभवनशीलाय ᵛसचमानाय सेवमानायोपसर्जनीभूताय ᵛसख्ये सखिजनाय ᵛपित्वः पितूनन्नानि ᵛन ᵛददाति न प्रयच्छति । स सुहृन्न भवतीत्यर्थः । ᵛअस्मात् अदातुः सख्युः सः ᵛअप ᵛप्रेयात् अपगच्छेत् । यद्येनं परित्यज्य गच्छेत् ॥ 'इण् गतौ' । लिङि यासुट् ॥ तर्हि ᵛतदोकः निवासः सदनं ᵛन ᵛअस्ति न भवति । सदनं हि बन्धुभिः परिवृतम् । स गतः पुरुषः पृणन्तम् अन्नादिकं प्रयच्छन्तम् ᵛअन्यमरणं ᵛचित् अर्यं स्वामिनमेव ᵛइच्छेत् कामयेत ॥

અનુવાદ (219) : જે સાથે રહેનાર (**सचाभुवे**) અને (અન્ન મેળવવાની આશાથી) સેવા કરી રહેલા (**सचमानाय**) એવા સખાને અન્ન (**पित्वः**) આપતો નથી તે સખા નથી. આવા (= દાન નહીં આપનારા) પાસેથી તેણે દૂર ખસી (**प्र इयात्**) જવું (જોઈએ). (કારણ કે એવા અદાતાનું) તે ઘર (**ओकः**) (ઘર) નથી. (અન્નાદિ)

આપનાર (**पृणन्तम्**) બીજા કોઈક સ્વામીને (**अरणम्**) તેણે ઇચ્છવો.(૧૦-૧૧૭-૪)

નોંધ : ૧. સાયણ કહે છે કે આ મન્ત્રમાં વ્યતિરેકથી અદાતાની નિન્દા કરવામાં આવી છે. ૨. પહેલા બે પાદમાં જે મુખ્ય છે. તે—**यः (सखा) सख्ये पित्वः न ददाति, सः सखा न (भवति)** । જે સખા વ્યક્તિ પોતાના બીજા સખાને અન્ન આપતો નથી, તે સખા સખા નથી- સાચો મિત્ર કહેવડાવવા યોગ્ય નથી. અહીં દાન લેવા આવનાર મિત્ર-સખા-નાં બે વિશેષણો છે.: **सचाभुवे** અને **सचमानाय** । 'હંમેશાં સાથે રહેવાના સ્વભાવવાળો, (સા) 'સાથે જન્મેલ (વેં.), પ્રા. વેલણકર આ બન્ને શબ્દોથી એક જ વ્યક્તિ સમજે છે : 'વિશ્વાસપાત્ર જોડીદાર' અને 'સેવા કરી રહેલો, હંમેશા સાથે ફરનારો.' ૩. આવા (અદાતા સખા) પાસેથી = **अस्मात्** ઉ**प** + **प्र** + **इयात्**-તે (દાન માંગનાર) દૂર ચાલ્યો જાય; = તેણે ત્યાંથી દૂર જતા રહેવું જોઈએ. ૪. કારણ કે એ મિત્રનું તે ઘર 'ઘર' કહેવા યોગ્ય નથી = **न, तद् ओकः अस्ति** । સાયણ કહે છે કે ઘર તો એને કહેવાય કે જે સ્વજનોથી ભરેલું હોય; પણ આવા અદાતાના ઘરેથી ચાલ્યા જ જવું. પ્રા. ૨. છો. પરીખે આ ત્રીજા પાદનો અનુવાદ ''અહીંથી તેણે (માંગનારે) ચાલ્યા જવું', (એવું જ્યાં કહેવાય છે) તે ઘર નથી'' = એમ કર્યો છે. ૫. માંગનાર વ્યક્તિએ એવી જગ્યાએ જ જવું કે જ્યાં કોઈ આપનાર હોય. **पृणन्तम्**—આપનાર એવા, **अन्यम् अरणम्**—બીજા કોઈ સ્વામિને, **इच्छेत्**—ઇચ્છવો જોઈએ. √**इष्** ઇચ્છવું, ગણ, વિધ્યર્થ ત્રી. પુ. એ. વ.) અહીં √**ऋ गतौ** 'જવું' ધાતુમાંથી **अर्यम्** = (મદદ માટે પાસે) જવા યોગ્ય વ્યક્તિ અર્થાત્ સ્વામિન્ એવો તદ્ધિત શબ્દ બનાવાય છે. તે **अर्यम्**માં ધ્વનિ વિકાર થતાં **अरणम्** શબ્દ બને છે. પ્રા. વેલણકરે 'ચઢાઈ કરવી'માંથી **अरि** શબ્દ વિચારીને આ શબ્દનો અર્થ 'અપરિચિત વ્યક્તિ' એવો સૂચવ્યો છે.

पृ॒णी॒या॑दिन्नाध॑मानाय॒ तव्या॒न् द्राघी॑यांस॒मनु॑ पश्ये॒त पन्था॑म् ।
ओ हि वर्त॑न्ते॒ रथ्ये॑व च॒क्रान्यम॒न्यमुप॑ तिष्ठन्त॒ रायः॑ ॥५॥

पृ॒णी॒यात् । इत् । नाध॑मानाय । तव्या॑न् । द्राघी॑यांसम् । अनु॑ ।
प॒श्ये॒त॒ । पन्था॑म् ।
ओ इति॑ । हि । वर्त॑न्ते । रथ्या॑ऽइव । च॒क्रा । अ॒न्यम्ऽअ॑न्यम् ।
उप॑ । ति॒ष्ठ॒न्त॒ । रायः॑ ॥५॥

धनवन्तं पुरुषं दाने प्रेरयति । ᵛतव्यान् तवीयान् धनैरतिशयेन प्रवृद्धः पुरुषः ᵛनाधमानाय याचमानायातिथये ᵛपृणीयादित् धनानि दद्यादेव ॥ 'पृ पालनपूरणयोः' । क्र्यादिः । प्वादीनां ह्रस्वः ॥ यदि दद्यात् ᵛद्राघीयांसम् । दीर्घशब्दादीयसुनि 'प्रियस्थिर' इत्यादिना द्राघीत्यादेशः ॥

दीर्घतमं ^{v}पन्थां पन्थानं सुकृतमार्गम् ^{v}अनु ^{v}पश्येत अनुपश्येत् । व्यत्ययेनात्मनेपदम् । तत्र कारणमाह । रायः धनानि ^{v}ओ ^{v}हि । आ उ । आ ^{v}वर्तन्ते एव खलु । एकत्र न तिष्ठतीत्यर्थः । तत्र दृष्टान्तः । ^{v}रथ्येव यथा रथ्यानि ॥ 'रथाद्यत्' (पा. सू. ४. ३. १२१) इति 'तस्येदम्' इत्यर्थे यत् ॥ रथसंबन्धीनि ^{v}चक्रा ^{v}चक्राण्युपर्यधोभावेनावर्तन्ते तद्वदावृत्तिमेव दर्शयति । ^{v}अन्यमन्यं पुरुषं धनानि ^{v}उप ^{v}तिष्ठन्त उपतिष्ठन्ते । समवेतानि भवन्ति । 'उपाद्देवपूजासंगतिकरण' (का. १.३.२५.१) इत्यात्मनेपदम् ॥ तस्माद्धनानि देयानीति भावः ॥ ॥२२॥

અનુવાદ (220) : સમૃદ્ધ વ્યક્તિએ (**तव्यान्**) યાચકને (**नाधमानाय**) (ધનાદિ) આપવું જ જોઈએ. (જીવનના) વધુ લાંબા (**द्राघीयांसम्**) માર્ગને જોવો જોઈએ. રથની સાથે જોડાયેલાં ચક્રો (જેમ ઉપર-નીચે ફરે છે). તેમ ધન (**रायः**) પણ એક વ્યક્તિ પાસેથી બીજી વ્યક્તિ પાસે જાય છે. (૧૦-૧૧૭-૫)

નોંધ : ધનવાન્ વ્યક્તિને દાન આપવા માટે પ્રેરવામાં આવે છે. પ્રા. વેલણકર કહે છે કે આ મન્ત્રમાં દાન શાં માટે આપવું જોઈએ ? એ સમજાવવા માટે એક તાત્ત્વિક કારણ આગળ ધરવામાં આવ્યું છે. **नीचैर्गच्छत्युपरि च दशा चक्रनेमिक्रमेण ।** (જુઓ : સ્વપ્નવાસવાદત, ૧-૪) (અને મેઘદૂત-૧૦૬) 'માણસની દશા ચક્રના આરાની જેમ નીચેથી ઉપર, અને ઉપરથી નીચે થયા કરે છે.' આમ, જેમ રથનું ચક્ર ઉપર-નીચે ફર્યા કરે છે તેમ લાંબા આયુષ્યકાળ દરમ્યાન સમૃદ્ધિ અને ગરીબાઈ આવ્યા-ગયા કરે છે. આથી જીવનમાં સમૃદ્ધિ હોય ત્યારે ધન-અન્ન વગેરેનું દાન આપવું જોઈએ. ઉપરના ત્રીજા મન્ત્રમાં દાન આપવા માટેનું એક વ્યાવહારિક કારણ આગળ ધરવામાં આવ્યું હતું કે—તમે દાન આપશો તો તમે દુનિયામાં ઘણા મિત્રો મેળવી શકશો; જે તમને જરૂર પડશે ત્યારે સહાનુભૂતિ પૂર્વક મદદ કરશે. ૨. **पृणीयात्**માં √**पृट** 'પાલન કરવું, પૂર્તિ કરવી' ૯મો ગણ, વિધ્યર્થ ત્રી. પુ. એ. વ. **दीर्घ** શબ્દનું અધિકતાદર્શક **ईयस्** પ્રત્યય લાગીને **द्राघीयस्** રૂપ બને છે, તેનું પું. દ્વિ. એ. વ. = વધુ લાંબા **अनु पश्येत् = अनुपश्येत्** । અહીં √દશ્ (**पश्य**) 'જોવું' ધાતુ મૂળમાં પરસ્મૈપદી છે, પણ વેદમાં ક્યારેક વ્યત્યય થતો હોવાથી પરસ્મૈપદી ધાતુ આત્મનેપદી પણ બની શકે છે (આથી ઉલટું પણ બની શકે). તેથી આત્મનેપદમાં વિધ્યર્થ ત્રી.પુ. એ. વ.નું રૂપ વાપર્યું છે. ૩. **ओ हि**નો અર્થ **आवर्तन्ते**—આવૃત્તિ પામ્યા કરે છે; પરનીચે ફર્યા કરે છે. ૪. **रथ्येव**માં **इव**ની સાથે **रथ्या**નો નિત્ય સમાસ થયો છે, થી પદપાઠમાં તે એક પદ રૂપે દર્શાવ્યું છે. સાયણ કહે છે કે અહીં **रथ्या**નો **रथ्या चक्रा = रथ्यानि चक्राणि** 'રથ સાથે સંબદ્ધ ચક્રો' અર્થ લેવો, પણ વેંકટમાધવ કહે છે—**रथ्यायाम् चक्राणि इव** માર્ગોમાં ગલીમાં-ફરતા પૈડાંની જેમ. **उप** ઉપસર્ગપૂર્વક √**स्था**→**तिष्ठ** ધાતુના 'દેવપૂજા કે સંગતિકરણ' જેવા અર્થો થાય છે, અને તે ધાતુ આત્મનેપદમાં ફેરવાય છે—એ નિયમાનુસાર અહીં उर **तिष्ठन्त** =

(ધનો) એક વ્યક્તિ પાસેથી બીજી વ્યક્તિ પાસે ભેગાં થતાં રહે છે. [માટે આપણા હાથમાં ધન ભેગું થયું હોય ત્યારે તેનું દાન કરી લેવું, અન્યથા તે આવતીકાલે બીજી કોઈ વ્યક્તિના હાથમાં ચાલ્યું જ જવાનું છે.]

मोघ॒मन्नं॑ विन्दते॒ अप्र॑चेताः स॒त्यं ब्र॑वीमि व॒ध इत्स तस्य॑ ।
नार्य॒मणं॒ पुष्य॑ति॒ नो सखा॑यं॒ केव॑लाघो भवति केवला॒दी ॥६॥

मोघ॑म् । अन्न॑म् । वि॒न्द॒ते॒ । अप्र॑ऽचेताः । स॒त्यम् । ब्र॒वी॒मि॒ ।
व॒धः । इत् । सः । तस्य॑ ।
न । अ॒र्य॒मण॑म् । पुष्य॑ति । नो इति॑ । सखा॑यम् । केव॑लऽअघः ।
भ॒व॒ति॒ । के॒व॒ल॒ऽआ॒दी ॥६॥

अदातारं दूषयति । ᵛअप्रचेताः अप्रकृष्टज्ञानः दाने चेतो मनो यस्य न भवति ᵛसः ᵛमोघं व्यर्थमेव ᵛअन्नं ᵛविन्दते लभते ॥ ‘विदॢ लाभे’ । तौदादिकः । ‘शे मुचादीनाम्’ इति नुमागमः ॥ इदं ᵛसत्यं यथार्थमेवेति ᵛब्रवीमि । ऋषिरहं वदामि । न केवलं व्यर्थं किंतु ᵛतस्य पुरुषस्य ᵛसः ᵛवध ᵛइत् वध एवान्नं परामृशतः ॥ तच्छब्दस्य वधसामानाधिकरण्यात् पुँल्लिङ्गता । यथा ‘णेरणौ’ (पा.सू. १. ३. ६७) इत्यत्र यत् कर्म स एव कर्तेति । अथवा स निरर्थको वध एव यः पुरुष ᵛअर्यमणम् । उपलक्षणमिदम् । सर्वान् देवानर्यमादीन् ᵛन ᵛपुष्यति हविष्प्रदानेन न पोषयति ᵛनो नापि ᵛसखायं समानख्यानमभ्यागतमतिथिं मित्रवर्गं च न पोषयति ॥ ‘पुष पुष्टौ’ । दैवादिकः । यच्छब्दाध्याहारादनिघातः ॥ अत एव ᵛकेवलादी ॥ अदेः ‘सुप्यजातौ’ (पा. सू. ३. २. ७८) इतिं णिनिः । अत उपधालक्षणा वृद्धिः ॥ केवलमसाक्षिकमन्नं भुञ्जानः सः ᵛकेवलाघो ᵛभवति । केवलपापवान् भवति । अघमेव केवलं तस्य शिष्यते । नैहिकं नामुष्मिकमिति । तस्माद्यथाकथंचिद्दातव्यमित्यभिप्रायः ॥

અનુવાદ (221) : જે પ્રકૃષ્ટ જ્ઞાનવાળો નથી (अप्रचेताः) તે અન્નને વ્યર્થ (मोघम्) મેળવે છે. સાચું જ કહું છું કે એનો તે વધ જ છે. જે (યજ્ઞમાં હવિષ્પ્રદાન કરતો નથી, તે) અર્યમાને પોષતો નથી, કે જે (દાન આપતો નથી, તે) મિત્રને પણ પોષતો નથી; તે એકલો ખાનારો (केवलादी) કેવળ પાપી (केवलाघो) બને છે.

નોંધ : (૧) આ મંત્રમાં દાન નહીં કરનારની નિંદા કરવામાં આવી છે. (૨) અપ્રચેતા = સાચી સમજ વિનાનો, એટલે કે દાન આપવું જોઈએ એવી જેને સમજ

નથી તે. આવા માણસને જો અન્ન મળ્યું હોય તો એ વ્યર્થ એ રીતે છે કે તેને એ અન્ન બીજા કોઈને વહેંચીને ખાવું જોઈએ એની સમજ જ નથી. વળી, આવું એકલા એકલાએ ખાધેલું અન્ન તે એ અદાતાને માટે વધ રૂપ જ પૂરવાર થાય છે. (૩) આવો અદાતા વ્યક્તિ યજ્ઞમાં અર્યમાદિ દેવોને પણ હવિષન્ન આપતો નથી, અને એ રીતે તે દેવોને પોષતો નથી, પ્રસન્ન કરતો નથી. વળી, સમાજમાં પણ દાન કર્યા વિનાનો તે મિત્ર–સખાને–પણ મેળવી શકતો નથી. અહીં **पुष्यति**નો અર્થ **पोषयति** = પોષતો નથી–એમ પ્રેરકપરક લેવાનો છે. (૪) અહીં સાયણ નોંધે છે કે 'અર્યમન્' શબ્દ એકવચનમાં હોવા છતાં તે અન્ય દેવોનું ઉપલક્ષણ છે = તેનાથી 'બીજા અનેક દેવોને પણ પ્રસન્ન કરતો નથી' એવો વિશેષ અર્થ પણ સમજી લેવાનો છે. પ્રા. વેલણકરે 'અર્યમન્'નો અર્થ 'ઉદાર/સજ્જન વ્યક્તિ' એવો કર્યો છે. **सखा**નો અર્થ "સમાન ખ્યાન = શાસ્ત્રનો અધ્યેતા = સહપાઠી = મિત્ર" એવો લેવાનો છે. વેંકટમાધવ કહે છે કે જે બીજાને આપતો નથી તે, એને પોતાને જેણે ધનાદિ આપ્યું છે તેવા અર્યમન = દેવવર્ગને પોષતો નથી કે સખાને પણ પોષતો નથી. (૫) કેવલાદી = બીજા કોઈને વહેંચીને નહીં ખાનારો = એકલપેટો, તે કેવલાઘ = કેવળ પાપવાળો બને છે. આ છેલ્લું ચરણ અમર સુભાષિત રૂપે અનેક વ્યક્તિઓને જિહ્વાગ્રે રહેલું હોય છે.

कृषन्नित्फाल॒ आशि॑तं कृणोति॒ यन्नध्वा॑न॒मप॑ वृङ्क्ते च॒रित्रैः॑ ।
वद॑न् ब्र॒ह्माव॑दतो॒ वनी॑यान् पृ॒णन्ना॒पिरपृ॑णन्तम॒भि ष्या॑त् ॥७॥

कृ॒षन् । इत् । फाल॑ः । आशि॑तम् । कृ॒णो॒ति॒ । यन् ।
अध्वा॑नम् । अप॑ । वृ॒ङ्क्ते॒ । च॒रित्रैः॑ ।
वद॑न् । ब्र॒ह्मा । अव॑दतः । वनी॑यान् । पृ॒णन् । आ॒पिः ।
अपृ॑णन्तम् । अ॒भि । स्या॒त् ॥७॥

ᵛकृषन् कृषिं कुर्वन् ᵛफालः ᵛआशितं कर्षकं भोक्तारं ᵛकृणोति करोति । तथा ᵛअध्वानं मार्गं ᵛयन् ॥ इणः शतरि नुमागमः ॥ गच्छन् पुरुषः ᵛचरित्रैः आत्मीयैर्गमनैः ᵛअप ᵛवृङ्क्ते । स्वामिनो धनमावर्जयति ॥ 'वृजी वर्जने' । आदादिकः । अनुदात्तेत् ॥ ᵛवदन् शास्त्रार्थं ब्रुवाणः ᵛब्रह्मा ब्राह्मणः ᵛअवदतः शास्त्रार्थमब्रुवाणाज्जनात् ᵛवनीयान् संभक्तृतमः प्रियकरो भवति ॥ वनतेस्तृजन्तस्येयसुनि 'तुरिष्ठेमेयःसु' इति तृचो लोपः । ते यथा स्वकर्मणि प्रवर्तमानाः परेषामुपकारकाः तथा ᵛपृणन् दाता पुरुषः ᵛअपृण्न्तम् अदातारं जनम् ᵛअभि अभिलक्ष्य ᵛआपिः ᵛस्यात् बन्धुर्भवेत् ॥

અનુવાદ (222) : ખેડતું હળ (**फालः**) જ (ખેડનારને માટે) ખાવાનું પેદા કરે છે. (ઘરમાં મૂકી રાખેલું હળ નહીં). માર્ગ ઉપર ચાલનારો (**यन्**) પુરુષ જ પોતાનાં ગમનોથી (સ્વામી પાસેથી ધન) મેળવી શકે છે-એકઠું કરી શકે છે; (ઘરમાં બેસી રહેલો નહીં). (સભામાં) બોલનારો બ્રાહ્મણ (**ब्रह्मा**) (જ) નહીં બોલનારા (બ્રાહ્મણ) કરતાં વધુ પસંદ કરવા જેવો છે. (દાન) આપનારો (પુરુષ) જ દાન નહીં આપનારની સરખામણીમાં બંધુ (**आपिः**) બને છે. (૧૦-૧૧૭-૭)

નોંધ : (૧) આ મંત્રના પહેલા ત્રણ પાદમાં ત્રણ ઉદાહરણો છે. એમાં બતાવ્યું છે હળ, ચાલનારો (= ઉદ્યમ કરનારો) અને શાસ્ત્રાર્થ કરનારો બ્રાહ્મણ જેમ પોતપોતાનાં કર્મમાં પ્રવૃત્ત રહેવાથી બીજાને ઉપકારક બને છે, કે પોતાનું ઈષ્ટ સાધી શકે છે, કે બીજા કરતાં ચઢી જાય છે તેમ આપનાર વ્યક્તિ પણ નહીં આપનારા = અદાતા કરતાં આગળ નીકળી જાય છે. (૨) **फाल** = હળ પહેલા પાદમાં **कृषन्** અને **अकृषन्** વચ્ચેનો વિરોધ બતાવ્યો છે. ખેડતું હળ અન્ન પેદા કરે, અને ખેડનારને માટે **आशितम्** = ખાવાનું (અનાજ) પેદા કરી આપે છે, પણ ઘરમાં મૂકી રાખેલું હળ કશું ઉત્પન્ન કરી શકતું નથી. (૩) **अध्वानम् यन्** = **गच्छन्** માર્ગ ઉપર જનારો (= ઉદ્યમ કરનારો), **चरित्रैः** = પોતાનાં ગમનોથી = પુરુષાર્થોથી, સાયણ 'સ્વામીના ધનને' એટલું અધ્યાહાર લે છે, **अपवृङ्क्ते** = **आवर्जयति** મેળવે છે. પણ વેંકટ મુજબ ચાલનારો માણસ **चरित्रैः** = (પોતાનાં) પગલાંથી, (માર્ગને) સ્થાપે છે. (નવો માર્ગ ઘડે છે). વેણલકરના મતે **अध+√वृज्** પાછળ પાડી દેવું. ''ચાલનારો જ માર્ગને પોતાની પાછળ છોડી જાય છે.'' (૪) **वदन् ब्रह्मा** = **ब्राह्मणः अवदतः वनीयान्** । (સભામાં) બોલતો બ્રાહ્મણ જ, નહીં બોલનારા કરતાં (પંચમી), **वनीयान्** = **संभक्तृतमः** = **संभजनीयः** પસંદ કરવા યોગ્ય છે. (૫) ચોથા પાદનો સાયણે અન્વય **पृणन्** (= **दाता**) **अपृणन्तम् अभि आपिः स्यात्** ।' એવો કર્યો છે; એમાં 'આપિ'ને વિધેય બનાવ્યું છે; અને **अभि**નો અર્થ **अभिलक्ष्य** કર્યો છે. (તે મુજબ ઉપર અનુવાદ આપ્યો છે). પરંતુ વેંકટમાધવ તેનો અન્વય અને અર્થ જુદી રીતે કરે છે : **पृणन् आपिः अपृणन्तम् अभिष्यात्** । 'આપનારો બંધુ (જ) નહીં આપનારનો અભિભવ કરે છે.' અહીં **आपिः** = **बन्धुः** ના વિશેષણ તરીકે **पृणन्** (= **प्रयच्छन्** એવા વર્તમાન કૃદન્તના) રૂપને લીધું છે, તથા **ष्यात** = **स्यात्** માંના **√अस्** ધાતુને **√भू** પરક લઈને **अभिभवति** એવો અર્થ કાઢ્યો છે ! (બન્ને ભાષ્યકારો પરસ્પરથી તદ્દન જુદા અર્થો કાઢે છે, અને બંને અર્થો વ્યાકરણસમ્મત છે !)

एक॑पा॒द्भूयो॑ द्वि॒पदो॒ वि च॑क्रमे द्वि॒पात्त्रि॒पाद॑म॒भ्ये॑ति प॒श्चात् ।
चतु॑ष्पादेति द्वि॒पदा॑मभिस्व॒रे सं॒पश्य॑न् प॒ङ्क्ती॑रु॒पतिष्ठ॑मानः ॥८॥

एक॑ऽपात् । भूय॑ः । द्वि॒ऽपद॑ः । वि । च॒क्र॒मे॒ । द्वि॒ऽपात् ।

त्रि॒ऽपाद॑म् । अ॒भि । ए॒ति॒ । प॒श्चात् ।
चतु॑ःऽपात् । ए॒ति॒ । द्वि॒ऽपदा॑म् । अ॒भि॒ऽस्व॒रे । स॒मऽपश्य॑न् ।
प॒ङ्क्तीः । उ॒प॒ऽतिष्ठ॑मानः ॥८॥

अत्र पादशब्दो भागवचनः । ᵛएकपात् एकभागधनः पुरुषः ᵛद्विपदः द्विगुपाधनस्य मार्गं ᵛभूयः । तृतीयायाः सुः । भूयसा कालेन ᵛवि ᵛचक्रमे विविधं गच्छति ॥ 'वेः पादविहरणे' (पा. सू. १. ३. ४१) इत्यात्मनेपदम् ॥ तथा ᵛद्विपात् पुरुषः ᵛत्रिपादं त्रिभागधनं पुरुषं ᵛपश्चात् ᵛअभ्येति अभिगच्छति । ᵛचतुष्पात् चतुर्भागधनस्तु ᵛद्विपदाम् । बहुवचनादेकपादादय उपलक्ष्यन्ते । एकपादधनादीनां ᵛपङ्क्तीः ᵛअभिस्वरे अभिगमने ᵛसंपश्यन् सम्यगीक्षमाणः सन् ᵛउपतिष्ठमानः ᵛएति गच्छमानो भवति । अन्योन्यापेक्षया सर्व उत्तमाधमाः । तस्मात्त्वम् अहमेव धनवानिति न मन्येः किंत्वतिथिभ्यो धनानि ददस्वेत्यर्थः ॥

અનુવાદ (223) : એક પાદવાળો (= એક ભાગ જેટલું ધન જેની પાસે છે તેવો) બે-પાદ (= બે ભાગ ધન) વાળાને ઘણા (સમય)થી (= પછી) ઓળંગી શકે છે. બે પાદવાળો (= બે ભાગ જેટલા ધનવાળો) ત્રણ પાદ (= ત્રણ ભાગ જેટલા ધનવાળા)ની પાછળ-પાછળ જાય છે. ચતુષ્પાદ (= ચાર ભાગ ધનવાળો) બે પાદ વગેરે વાળાની હારમાળાને સામે આવતી જોઈને, ઊભો થયેલો (= થઈને) ચાલવા માંડે છે. (૧૦-૧૧૭-૮)

નોંધ : આ મંત્ર કૂટ (= કોયડા રૂપ) છે, અને ભાષ્યકારો અને વિદ્વાનોએ તેના વિવિધ અર્થો કર્યા છે : (૧) ઉપર સાયણ મુજબ અનુવાદ આપ્યો છે. તેમણે 'પાદ'નો અર્થ 'ભાગ' કર્યો છે, અને મંત્રનું તાત્પર્ય એ રીતે સમજાવ્યું છે કે એક ભાગ જેટલું ધન જેની પાસે હોય, તે બે ભાગ જેટલા ધનવાળાને ઘણા સમય પછી ટપી જાય છે. (અહીં **भूयः**નો અર્થ વિભક્તિ-વિપરિણામ કરીને, **भूयसा** કર્યો છે.) બે ભાગ જેટલા ધનવાળો ત્રણ ભાગ ધનવાળાની પાછળ પાછળ જ ચાલ્યા કરે છે. (અર્થાત્ એક ધનવાળા કરતાં બીજો ધનવાળો મોટો હોવાનો જ. એ વાત ખ્યાલમાં રાખીને 'હું જ ધનવાળો છું' એવું અભિમાન ન કરવું.) એ જ પ્રમાણે, ચાર ભાગ જેટલા ધનવાળો એક ભાગવાળા કે બે ભાગવાળાની પંક્તિ, કે જે **अभिस्वरे**= સામે આવી રહેલી હોય છે (મદદ માટે ? કે બીજા કોઈ હેતુથી ? –એ વિષે સાયણ મૌન છે), તેને **संपश्यन्**=જોતો/જોઈને, તે ઊભો થયેલો (**उपतिष्ठमानः**) ચાલ્યો જાય (**एति**) છે.

(૨) વેંકટમાધવ કહે છે કે-પુરુષના શરીરમાં રહેલો **एकपाद्** = વાયુ (ખાવા માટે) બે પાદવાળા તરફ જાય છે. બે પાદવાળો ત્રણ પાદવાળા = પ્રાણની પાછળ જાય છે. (ત્રિપાદ્ = પ્રાણ, અપાન અને વ્યાન). ચતુષ્પાદ = પશુ બે પગવાળા =

માણસો પ્રત્યે, **अभिस्वरे=कर्किताकारे** (?) ('લે...લે...લે' એવો અવાજ કરવામાં આવે ત્યારે) 'આ (માણસ) શું મને = પશુને ઘાસ આપવા બોલાવે છે કે શું ?' એમ વિચારીને, તે પશુઓની પંક્તિ (માણસો પાસે) જાય છે.

(ક) ગ્રિફીથ, મેકડોનલ અને વેલણકર વગેરેએ **एकपाद्**નો અર્થ એક પગવાળો =સૂર્ય, **द्विपाद्**=માણસ, **त्रिपाद्**=લાકડીને ટેકે ઊભેલો વૃદ્ધ માણસ અને **चतुष्पाद्**=ચોકીદાર કૂતરો-એમ કર્યો છે. વેલણકર : આ મંત્ર એમ સૂચવે છે કે પાદની સંખ્યા માત્રથી શ્રેષ્ઠતા પૂરવાર થતી નથી. આથી ધનિક વ્યક્તિને મોટો ગણી લેવાની જરૂર નથી. એ કેટલું ધન-અન્ન દાનમાં આપે છે ? એને આધારે જ એની મહાનતા નક્કી થતી હોય છે.

स॒मौ चि॒द्धस्तौ॒ न स॒मं वि॑विष्टः संमा॒तरा॑ चि॒न्न स॒मं दु॑हाते ।
य॒मयो॑श्चि॒न्न स॒मा वी॒र्या॑णि ज्ञा॒ती चि॒त्सन्तौ॒ न स॒मं पृ॑णीतः ॥९॥

समौ । चि॒त् । हस्तौ॑ । न । स॒मम् । वि॒वि॒ष्टः॒ । स॒म्ऽमा॒तरा॑ ।
चि॒त् । न । स॒मम् । दु॒हा॒ते॒ इति॑ ।
य॒मयोः॑ । चि॒त् । न । स॒मा । वी॒र्या॑णि । ज्ञा॒ती इति॑ । चि॒त् ।
सन्तौ॑ । न । स॒मम् । पृणी॒त॒ः ॥९॥

अतिथिभ्यो धनमप्रयच्छन्नपि मम भ्राता दास्यतीति चेत् तत्र हेतुमाह । ᵛसमौ ᵛचिद्धस्तौ समावपि ᵛसमं समानं ᵛन ᵛविविष्टः कार्यं न व्याप्नुतः । 'विष्लृ व्याप्तौ । जौहोत्यादिकः । संज्ञापूर्वकस्य विधेरनित्यत्वाद-भ्यासस्य गुणाभावः ॥ तथा ᵛसंमातरा वत्सस्य मातरौ धेनू ᵛसमे अपि ᵛसमं समानं पयः ᵛन ᵛदुहाते । ᵛयमयोश्चित् सहजातयोः पुत्रयोरपि ᵛसमा समानि ᵛवीर्याणि ᵛन सन्ति । तस्मात् ᵛज्ञाती ᵛचित् एकस्मिन् कुले ᵛसन्तौ जातावपि ᵛसमं ᵛन ᵛपृणीतः न प्रयच्छतः । तस्माद्यस्य धनमस्ति स एव दद्यादित्यर्थः ॥ ॥२३॥

અનુવાદ **(224)** : એક સરખા બે હાથ એક સરખા (કાર્ય)ને વ્યાપી વળતા નથી; સમાન માતાવાળી બે (ગાયો) એક સરખું દૂઝતી નથી. સાથે જન્મેલા (જોડકા) (પુત્રો)નાં પરાક્રમો પણ સરખાં હોતાં નથી, એક જ જ્ઞાતિ (=કુળ)માં થયેલા (જન્મેલા) **(सन्तौ)** બે (માણસો) પણ સરખું આપતા નથી. (૧૦-૧૧૭-૯)

નોંધ : (૧) **न विविष्टः**–વ્યાપી વળતા નથી. √**विष**–વ્યાપવું, ત્રીજો ગણ, તેનું કર્મણિ ભૂતકૃદન્ત. (૨) **दुहाते**–અને **ज्ञाती**=એકારાન્ત અને દીર્ઘ ઈકારાન્ત દ્વિવચનનાં રૂપ હોવાથી તેને 'પ્રગૃહ્ય' સંજ્ઞાવાળાં પદો કહેવાય છે; અને તેમને પદ

પાઠમાં **इति** કરણથી દર્શાવ્યાં છે. (૩) **सन्तौ**–થયેલા = જન્મેલા. (૪) વેંકટમાધવ કહે છે કે એક માતાવાળી બે ગાયો સરખું દૂધ આપતી નથી, તથા એક પિતાવાળા બે માણસો પણ સરખું દાન કરતા નથી તે ભારે આશ્ચર્ય છે ! (૫) પ્રા. વેલણકર કહે છે કે આ મંત્ર દ્વારા એ કહ્યું છે કે અમુક માણસ ધનિક છે કે અન્નવાન છે એટલું જોઈને જ, યાચકે સીધા એની પાસે દાન લેવા પહોંચી ના જવું, કારણ કે બધા ધનિકો એકસરખા હોતા નથી !

10.119 [1 to 13]

ઐન્દ્ર લબ-સૂક્ત

'इति वै' इति त्रयोदशर्चं सप्तमं सूक्तं गायत्रम् । इन्द्रो लबरूपमास्थाय सोमपानं कुर्वन् तदानीमृषिभिः दृष्टः सन् स्वात्मानमनेन सूक्तेनास्तावीत् । अतो लबरूपापन्न इन्द्र ऋषिः । स एव देवता । तथा चानुक्रम्यते–'इति वै सप्तोनैन्द्रो लब आत्मानं तुष्टाव' इति । गतो विनियोगः ॥

આ સૂક્તનો પરિચય આપતાં સાયણ કહે છે કે એકવાર ઈન્દ્ર લબ (પક્ષી)નું રૂપ લઈને સોમરસનું પાન કરે છે, ત્યારે ઋષિઓ તેને જોઈ લે છે. આ સમયે ઈન્દ્ર પોતાનાં પરાક્રમોને કહેતાં કહેતાં આ સૂક્તથી પોતાની જ સ્તુતિ કરે છે. (તેથી આ સૂક્તના ઋષિ પણ ઈન્દ્ર છે, અને દેવતા પણ ઈન્દ્ર છે.) વેંકટમાધવ બીજા શબ્દોમાં આ જ વાત કહે છે કે લબ(પક્ષી)માં જ ઈન્દ્રનો પ્રાદુર્ભાવ થયો; (અથવા લબે ઈન્દ્ર જોડે તાદાત્મ્ય અનુભવ્યું) અને તે ઈન્દ્ર બનીને આ સૂક્ત બોલે છે.

પ્રા. વેલણકર કહે છે કે આ સૂક્તના ૭મા અને ૧૧મા મંત્રમાં **पक्ष**–'પાંખ' એવો શબ્દ આવે છે. એને આધારે ભાષ્યકારોએ ઉપર્યુક્ત સમજૂતી આપી જણાય છે. પરંતુ વાસ્તવિક રીતે જોતાં એવું જણાય છે કે સોમપાન કર્યા પછી ઈન્દ્રને જે મદ ચઢે છે, તે મદની કેવી અસરો છે અને તેનાથી કેવી શક્તિ પ્રકટે છે એ બધું આ સૂક્ત દ્વારા કવિને બતાવવું છે.

સ્તુતિ કરનારાએ ઈન્દ્રને સોમરસ તો આપ્યો જ છે, પણ સાથે સાથે સ્તુતિ (=સ્તોમ) પણ અર્પી છે. તેથી મદમસ્ત થયેલો અને પ્રસન્ન થયેલો ઈન્દ્ર પોતાના ઐશ્વર્યના ગુણગાન ગાય છે. તથા ઈન્દ્ર પોતાના સ્તોતાઓને માટે ગમે તે કરવા તૈયાર થઈ જાય છે.

વંટોળીઓ જેમ વૃક્ષોને કંપાવી દે, ઘોડાઓ જેમ રથને ઘણે દૂર લઈ જાય તેમ આ સોમરસે પણ ઈન્દ્રને એની સ્વાભાવિક સ્થિતિમાંથી ઘણો ઊંચો ઉઠાવ્યો છે. આવી સ્થિતિમાં તે પૃથિવીને અહીં અંતરિક્ષમાં કે દ્યુલોકમાં મૂકી દેવા સુધી તૈયાર થઈ જાય છે ! ઈન્દ્રનું ઐશ્વર્ય-લબપક્ષીરૂપ બનેલ ઈન્દ્રની બે પાંખો-બ્રહ્માંડના બંને છેડા સુધી વિસ્તરે છે. તો એક તબક્કે તે ઈન્દ્ર સૂર્ય અને અગ્નિ જોડે પણ તાદાતમ્ય અનુભવીને-સૂર્યાત્મા, અગ્ન્યાત્મા બનીને-સ્વપરાક્રમને વર્ણવે છે.

ऋषिः ઐન્દ્ર લબ, દેવતાઃ આત્મા (= ઈન્દ્ર) અને છન્દ : ગાયત્રી

इति॒ वा इति॑ मे॒ मनो॒ गामश्वं॑ सनुया॒मिति ।
कु॒वित्सोम॒स्यापा॒मिति॑ ॥१॥

इति॑ । वै । इति॑ । मे॒ । मनः॑ । गाम् । अश्व॑म् । स॒नु॒या॒म् ।
इति॑ । कु॒वित् । सोम॑स्य । अपा॑म् । इति॑ ॥१॥

ᵛइति ᵛवै इति खलु ᵛइति एवंप्रकारेण ᵛमे मदीयं ᵛमनः वर्तते । तं प्रकारं ᵛगामश्वं च ᵛसनुयां स्तोतृभ्यः प्रयच्छामि ᵛइति । 'षणु दाने' । तानादिकः । इतिशब्दो हेतौ । यस्मात् ᵛकुवित् बहुवारं ᵛसोमस्य सोमम् ᵛअपां पीतवानस्मि ॥ 'क्रियाग्रहणं कर्तव्यम्' इति सोमस्य संप्रदानसंज्ञा । 'चतुर्थ्यर्थे बहुलम्' इति षष्ठी । 'पा पाने' । लुङि 'गातिस्था०' इति सिचो लुक् । कुविद्योगादनिघातः ॥

અનુવાદ (225) : આમ કે આમ મારું મન (વિચારે છે) : જેમ કે, હું (મારા સ્તુતિ કરનારને) ગાય અને અશ્વ આપું છું. કારણ કે મેં ઘણીવાર/ખૂબ સોમનું પાન કર્યું છે. (૧૦-૧૧૯-૧)

નોંધ : ૧. **इति वै, इति मे (= इन्द्रस्य) मनः (वर्तते)** 'આમ...કે આમ...' મારું = ઈન્દ્રનું મન વિચારે છે. (અહીં ઈન્દ્ર લબ-પક્ષીનું રૂપ લઈને, સોમપાન કરીને, પોતાના આત્માની જ સ્તુતિ-પ્રશંસા કરે છે.) ઈન્દ્રનું મન શું વિચારે છે ? તો–"**(अहम्) गाम् अश्वं (च) सनुयाम् (= दद्याम्)**" **इति** । 'હું ગાય અને અશ્વને આપું છું' એમ (ઈન્દ્ર વિચારે છે). ૨. **षणु √सनु दाने** ૮મા ગણનો ધાતુ, વિધ્યર્થ પહેલો પુ. એ. વ. **सनुयाम्** । ૩. **कुवित्** અવ્યયનો અર્થ 'ઘણીવાર' કે 'ખૂબ' કરવામાં આવ્યો છે. પણ પ્રા. વેલણકરે તેને પ્રશ્નવાચક અવ્યય તરીકે લઈને છેલ્લા પાદનો અનુવાદ Have I drunk Soma ? શું મેં સોમ પીધો છે ? એ રીતે કર્યો છે, જ્યારે ગ્રિફીથ-Have I not drunk of Soma juice ? શું મેં સોમરસ પીધો નથી ?' એમ અનુવાદ કર્યો છે. ૪. **सोमस्य**માંની ષષ્ઠી વિભક્તિને ભાષ્યકારોએ દ્વિતીયામાં-**सोमम्**-ફેરવીને, **अपाम्** એવા **(=पीतवान् अस्मि)** ક્રિયાપદની સાથે તેને જોડ્યું છે. **√पा** પીવું, ૧લો ગણ, અદ્યતન = સાદો ભૂ. કા. નું પહેલો પુ. એ. વ.નું રૂપ છે. ૫. સાયણે અહીં **इति** શબ્દને 'હેતુ' અર્થમાં લીધો છે. એટલે કે **इति** = કારણ કે. ૬. પ્રત્યેક મન્ત્રમાં આ છેલ્લો પાદ ધ્રુવપંક્તિ રૂપે રજૂ થયો છે. ૭. ગ્રિફીથ મુજબ-"આ, અને વળી, આ મારો નિશ્ચય હતો કે હું ગાયને જીતીશ, અને લડાયક ઘોડાને જીતીશ. શું મેં સોમરસ પીધો નથી ?" એવો અનુવાદ થાય છે.

प्र वाता॑इव॒ दोध॑त॒ उन्मा॑ पी॒ता अ॑यंसत । कु॒वित्सोम॒स्यापा॒मिति॑ ॥२॥

प्र । वाताः॑ऽइव । दोध॑तः । उत् । मा॒ । पी॒ताः । अ॒यं॒स॒त॒ । कु॒वित् । सोम॑स्य । अपा॑म् । इति॑ ॥२॥

ᵛदोधतः भृशं कम्पयमानाः ᵛवाताइव वायवो यथा वृक्षादीनुद्यच्छन्ते तद्वत् ᵛपीताः सोमाः ᵛमा मां प्रकर्षेण ᵛउत् ᵛअयंसत उद्यच्छन्ते ॥ यमेर्लुङि, समुदाङ्भ्यो यमोऽग्रन्थे' (पा. सू. १.३.७५) इत्यात्मनेपदम् ॥ यस्माद्‌बहुवारं सोमम् ᵛअपाम् ॥

અનુવાદ (226) : વારંવાર કંપાવી દેનારા વાયુઓ જેમ (વૃક્ષ વગેરેને ઉખેડી કાઢે છે = ઊંચા ઉઠાવે છે) તેમ પીવામાં આવેલા આ (સોમરસો) મને પ્રકૃષ્ટપણે ઊંચે ઉઠાવે છે. કારણ કે મેં ઘણીવાર/ખૂબ સોમરસનું પાન કર્યું છે. (૧૦-૧૧૯-૨)

નોંધ : ૧. **दोधतः = √धु-धुनोति**-'કંપાવવું, ધ્રુજાવવું'નું પૌનઃ પુન્યાર્થક વર્તમાન કૃદન્ત પું. પ્ર. બ. વ. અને **वाताः**નું વિશેષણ. ૨. **उद्+असंयत–√यम** ધાતુ उद् પૂર્વકનો હોય તો આત્મનેપદમાં ફેરવાય છે; અને ઉખાડવું, ઊંચું કરવું એવો અર્થ આપે છે, અદ્યતન ભૂ. કા. ત્રી. પુ. બ. વ.

उन्मा॑ पी॒ता अ॑यंसत॒ र॒थमश्वा॑इवा॒शव॑ः । कु॒वित्सोम॒स्यापा॒मिति॑ ॥३॥

उत् । मा॒ । पी॒ताः । अ॒यं॒स॒त॒ । रथ॑म् । अश्वाः॑ऽइव । आ॒शव॑ः । कु॒वित् । सोम॑स्य । अपा॑म् । इति॑ ॥३॥

ᵛपीताः सोमाः माम् ᵛउत् ᵛअयंसत उद्यच्छन्ते । तत्र दृष्टान्तः । ᵛरथमश्वाइव यथा ᵛआशवः क्षिप्रगामिनो गमनेन व्याप्ता वाश्वा रथमुद्‌गमयन्ति तद्वत् ॥

અનુવાદ (227) : જેવી રીતે ઝડપથી જનારા (**आशवः**), ઘોડાઓ રથને (દૂર લઈ જાય છે) તેમ પીવામાં આવેલ સોમરસ મને ઊંચે ઉઠાવે છે. (= યુદ્ધ માટે ઉદ્યત કરે છે.) કારણ કે મેં સોમનું ઘણીવાર પાન કર્યું છે. (૧૦-૧૧૯-૩)

નોંધ : अश्वाइवમાં **अश्वाः** શબ્દનો '**इव**' એવા નિપાત (= અવ્યય)ની સાથે 'નિત્ય સમાસ' થયો હોવાથી, પદપાઠકારે તેને એક પદ રૂપે **अश्वाःऽइव** । રજૂ કર્યો છે.

उप॑ मा म॒तिर॑स्थित वा॒श्रा पु॒त्रमि॑व प्रि॒यम् । कु॒वित्सोम॒स्यापा॒मिति॑ ॥४॥

उप॑ । मा॒ । म॒तिः । अ॒स्थि॒त॒ । वा॒श्रा । पु॒त्रम्ऽइ॑व । प्रि॒यम् ।
कु॒वित् । सोम॑स्य । अपा॑म् । इति॑ ॥४॥

ᵛमतिः स्तोतृभिः क्रियमाणा स्तुतिः ᵛमा माम् ᵛउप ᵛअस्थित संयोजयति ॥ 'उपाद्देवपूजासंगतिकरण' (पा. सू. १.३.२५.१) इत्यात्मनेपदम् । कथमिव । ᵛवाश्रा ᵛपुत्रमिव यथा वाश्रा शब्दायमाना धेनुः ᵛप्रियं पुत्रं वत्सं संगच्छति तद्वत् ॥

અનુવાદ (228) : અવાજ કરતી ગાય જેમ (પોતાના) પુત્ર (વાછરડા)ને (મળે છે) તેમ (સ્તોતાઓ વડે કરવામાં આવતી) સ્તુતિ (**मतिः**) પણ મારી સાથે સંયોજાય છે. કારણ કે મેં સોમનું ઘણીવાર પાન કર્યું છે. (૧૦-૧૧૯-૪)

નોંધ : (૧) **वाश्रा**-અવાજ કરતી (સા.), અથવા ગાય (વેં.) (૨) **उप+अस्थित**= અદ્યતન ભૂ. કા. ત્રી. પુ. એ. વ. સંયોજે છે. **उप+स्था** ધાતુનો અર્થ દેવપૂજા કે સંગત કરવું, ભેગા કરવું થાય છે, અને તેની પાછળ આત્મનેપદના પ્રત્યયો વપરાય છે. (૩) આ મંત્રમાં સ્તુતિને ગાયની અને ઇન્દ્રને વાછરડાની ઉપમા આપવામાં આવી છે. પ્રા. વેલણકર કહે છે કે ક્યારેક ઇન્દ્રને ગાય અને સ્તુતિને વાછરડાની ઉપમા પણ અપાઈ છે (જુઓ : ૭-૧૮-૪, ૯-૬૯-૧).

अ॒हं तष्टे॑व व॒न्धुरं॒ पर्य॑चामि हृ॒दा म॒तिम् ।
कु॒वित्सोम॒स्यापा॒मिति॑ ॥५॥

अ॒हम् । तष्टा॑ऽइव । व॒न्धुर॑म् । परि॑ । अ॒चा॒मि॒ । हृ॒दा । म॒तिम् ।
कु॒वित् । सोम॑स्य । अपा॑म् । इति॑ ॥५॥

ᵛतष्टेव तक्षा यथा ᵛवन्धुरं सारथिनिवासस्थानम् । तद्वान् वोपलक्ष्यते । तत्स्थानं रथं वा साधुकरोति तद्वत् ᵛअहं ᵛमतिं स्तुतिं ᵛहृदा आत्मीयेन मनसा ᵛपर्यचामि । साधुकरणाय परिगच्छामि ॥

અનુવાદ (229) : તષ્ટા (=સુથાર) જેમ વન્ધુરને = સારથિના (રથમાં) બેસવાના સ્થાનને સુંદર રીતે ઘડે છે, તેમ હું પણ હૃદયથી સ્તુતિને વ્યાપી વળું છું. કારણ કે મેં સોમનું ઘણીવાર પાન કર્યું છે. (૧૦-૧૧૯-૫)

નોંધ : ૧. **पर्यचामि**-સુન્દર રીતે ઘડે છે, ચારે તરફથી વ્યાપી વળે છે. ૨. **तष्टा** = તક્ષા, સુથાર ૩. **वन्धुरम्**=રથમાં સારથિને બેસવાના સ્થાનને.

न॒हि मे॑ अक्षि॒पच्च॒नाच्छा॑न्त्सु॒ः पञ्च॑ कृ॒ष्टयः॑ ।
कु॒वित्सोम॒स्यापा॒मिति॑ ॥६॥

न॒हि । मे॒ । अ॒क्षि॒ऽपत् । च॒न । अच्छा॑न्त्सुः । पञ्च॑ । कृ॒ष्टयः॑ ।
कु॒वित् । सोम॑स्य । अपा॑म् । इति॑ ॥६॥

ᵛचन इति निपातसमुदायोऽप्यर्थे । ᵛपञ्च ᵛकृष्टयः अपि निषादपञ्चमाश्चत्वारो वर्णाः पञ्च जनाः । यद्वा । देवमनुष्यादयः । ᵛमे मदीयम् ᵛअक्षिपत् चक्षुःपतनं दृष्टिसंचारं ᵛनहि ᵛअच्छान्त्सुः न ह्यपवृण्वन्ति॑ । 'न हि द्रष्टुर्दृष्टेर्विपरिलोपो विद्यते' (श. ब्रा. १.४.७.१.२३) । इति हि श्रुतेः । 'छदि अपवारणे' । 'चुरादीनाम्' इति वा ण्यन्तत्वादत्र ण्यभावे लुङि हलन्तलक्षणा वृद्धिः (पा. सू. ७.२.३) ॥ यस्माद्‌बहुवारं सोमम् ᵛअपाम् ॥ ॥२६॥

અનુવાદ **(230)** : પાંચ જાતિના લોકો પણ મારા દષ્ટિસંચારને અવરોધી શકતા નથી. કારણ કે મેં સોમનું ઘણીવાર પાન કર્યું છે. (૧૦-૧૧૯-૬)

નોંધ : **पञ्च कृष्टयः**=નિષાદ (ભીલ) સહિતના બ્રાહ્મણાદિ ચાર વર્ણો = પાંચ જાતિના લોકો, પંચજન અથવા, સાયણ કહે છે દેવ-મનુષ્ય વગેરે. ૨. **अक्षिपत्**=આંખનું પડવું, નજર ફેંકવી; અર્થાત્ દષ્ટિસંચાર કરવો, પણ પ્રા. વેલણકર એનો 'આંખમાં પડેલ રજકણ' એવો અર્થ કરે છે. ૩. **अच्छान्त्सुः**=અવરોધે અપવારણ કરે, **चन**નો અર્થ **अपि**='ને વળી.' ૪. વેંકટમાધવે આ મન્ત્રનો જુદો જ અર્થ કર્યો છે : પાંચ જાતિના લોકો મારા દષ્ટિપાતને પણ સહન કરવાનું ઇચ્છતા નથી.

न॒हि मे॒ रोद॑सी उ॒भे अ॒न्यं प॒क्षं च॒न प्रति॑ ।
कु॒वित्सोम॒स्यापा॒मिति॑ ॥७॥

न॒हि । मे॒ । रोद॑सी इति॑ । उ॒भे इति॑ । अ॒न्यम् । प॒क्षम् ।
च॒न । प्रति॑ । कु॒वित् । सोम॑स्य । अपा॑म् । इति॑ ॥७॥

ᵛउभे ᵛरोदसी द्यावापृथिव्यौ ᵛमे मदीयम् ᵛअन्यं ᵛपक्षं ᵛचन पक्षमपि ᵛप्रति समाने न भवतः ॥

અનુવાદ (231) : આ બન્ને દ્યાવા-પૃથિવી લોક પણ મારી એક પાંખ બરાબર થતા નથી. કારણ કે મેં સોમનું ઘણીવાર પાન કર્યું છે. (૧-૧૧૯-૭)

નોંધ : ૧. પ્રા. વેલણકર કહે છે કે આ મન્ત્રમાં **पक्षम्** = 'પક્ષીની પાંખ'નો ઉલ્લેખ છે. તેથી પરંપરાગત ભાષ્યકારોએ આ સૂક્ત 'ઐન્દ્ર લબ'નું દર્શન છે/રચના છે એમ માન્યું છે. ઇન્દ્રે એકવાર લબ પક્ષીનું રૂપ લઈને સોમરસનું પાન કર્યું અને તેણે પોતાની જાતની જે પ્રશંસા સ્તુતિ કરી તે અહીં સંગૃહીત થઈ છે. ૨. ઇન્દ્ર, કે જેણે લબ પક્ષીનું રૂપ લીધું છે, તે મદમસ્ત થઈને કહે છે કે આ બે-દ્યુલોક-અને પૃથિવી-લોક મારી **अन्यं पक्षम् प्रति नहि**=એક પાંખ બરાબર પણ નથી. ૩. અહીં **रोदसी** અને **उभे**-એ બે પ્રગૃહ્ય સંજ્ઞાવાળા = દીર્ઘ **ई**કારાન્ત અને **ए**કારાન્ત દ્વિવચનનાં રૂપ હોવાથી પદપાઠમાં તેમને **इति॑** કરણથી દર્શાવ્યા છે.

अ॒भि द्यां म॑हि॒ना भु॑वम॒भी॒३॒मां पृ॑थि॒वीं म॒हीम् ।
कु॒वित्सोम॒स्यापा॒मिति॑ ॥८॥

अ॒भि । द्याम् । म॒हि॒ना । भु॒व॒म् । अ॒भि । इ॒माम् । पृ॒थि॒वीम् । म॒हीम् । कु॒वित् । सोम॑स्य । अपा॑म् । इति॑ ॥८॥

उक्तमर्थं प्रतिपादयति । ᵛमहिनां महिम्नात्मीयेन ᵛद्यां द्युलोकम् ᵛअभि ᵛभुवम् अभिभवामि । तथा ᵛमहीं महतीम् ᵛइमां ᵛपृथिवीं स्वमहिम्ना ᵛअभि भवामि ॥ भवतेर्लङि छान्दसो विकरणस्य लुक् । 'भूसुवोस्तिङि' (पा. सू. ७.३.८८) इति गुणे प्रतिषिद्ध उवङादेशः ॥

અનુવાદ (232) : (મારા) મહિમા (= ઐશ્વર્ય)થી દ્યુલોકનો અને આ મોટી પૃથિવીનો હું અભિભવ કરું છું. કારણ કે મેં સોમનું ઘણીવાર પાન કર્યું છે. (૧૦-૧૧૯-૮)

નોંધ : ૧. **(अहम् स्वकीयेन) महिना द्याम् अभि भुवम्, इमां (च) महीम् पृथिवीम् अभि(भुवम्)** । એવો અન્વય છે. અહીં બીજા **अभि** ઉપસર્ગની પાછળ **भुवम्** એવા ક્રિયાપદનો અધ્યાહાર લેવાનો છે.

અહીં **भुवम् अ॒भी॒३॒मां** માં "પ્રશ્લિષ્ટ સ્વતન્ત્ર સ્વરિત" આવેલો છે. મૂળમાં **अ॒भि॒+इ॒मां** માં સવર્ણ દીર્ઘ સન્ધિ (**इ+इ=ई**) થવાથી જ્યારે **अभीमां** બને છે. ત્યારે **-भि॒**માંનો ઉદાત્ત, અને **इ**માંનો અનુદાત્ત પણ પરસ્પરમાં ભળે છે-સમાહાર થાય છે- તેથી **भीं**માં 'પ્રશ્લિષ્ટ સ્વતન્ત્ર સ્વરિત' જન્મે છે. હવે આની પાછળ **मां** એવા અક્ષરમાંનો ઉદાત્ત સ્વર આવેલો હોવાથી **भी** માંની કુલ ³/₄ માત્રા અર્થાત્ ત્રણ અર્ધી માત્રાઓ અનુદાત્તની કંપ અનુભવે છે, તે દર્શાવવા **भीं**ની પાછળ **३॒** એવું અંકન કરવામાં આવ્યું છે.

हन्ता॒हं पृ॑थि॒वीमि॒मां नि द॑धानी॒ह वे॒ह वां ।
कु॒वित्सोम॒स्यापा॒मिति॑ ॥९॥

हन्त॑ । अ॒हम् । पृ॒थि॒वीम् । इ॒माम् । नि । द॒धा॒नि । इ॒ह । वा॒ ।
इ॒ह । वा॒ । कु॒वित् । सोम॑स्य । अपा॑म् । इति॑ ॥९॥

ᵛहन्त इति संभावनायामनुज्ञायां वा । संभावयाम्येतदनुजानामि वा किं । तत् । ᵛअहम् ᵛइमां ᵛपृथिवीम् ᵛइह ᵛवा अन्तरिक्षे ᵛनि ᵛदधानि । ᵛइह ᵛवा द्युलोके इति हस्तेन निर्दिशति । दधातेर्लोटि मेर्निः ॥

અનુવાદ (233) : ચોક્કસ જ ! હું આ પૃથિવીને અહીં (અન્તરિક્ષમાં મૂકી દઉં કે અહીં (દ્યુલોક=સ્વર્ગમાં) મૂકી દઉં કારણ કે મેં સોમનું ઘણીવાર પાન કર્યું છે.

૧૦-૧૧૯-૯

નોંધ : ૧. हन्त અવ્યયનો અર્થ સંભાવના કે અનુજ્ઞા થાય છે. ઈન્દ્ર સોમપાન કર્યા પછી કોઈક મોટું પરાક્રમ કરી દેખાડવા માંગે છે. તેથી તે પૂછે છે કે હું શું આ પૃથિવીને ઊંચકીને અહીં इह वा = અન્તરિક્ષલોકમાં મૂકી બતાવું, કે इह वा = દ્યુલોક-સ્વર્ગમાં મૂકી બતાવું ? અથવા नि दधानिને ધ્યાનમાં લઈને જો એમ માનીએ કે ઈન્દ્ર બડાઈ હાંકે છે. તો ''હું આ પૃથિવીને અહીંથી ઉઠાવીને અન્તરિક્ષમાં કે દ્યુલોકમાં પણ મૂકી દઈ શકું એમ છું.'' એમ ઈન્દ્ર જાહેર કરે છે. नि+दधानि-√घा મૂકવું, ત્રીજો ગણ, પરસ્મૈપદ આજ્ઞાર્થ પહેલો પુરુષ એ. વ. ૨, નિરુક્ત (અધ્યાય-૧)માં નિપાતાર્થોની ચર્ચા દરમ્યાન યાસ્કે આ મન્ત્રાને ઉદ્ધૃત કર્યો છે. ત્યાં દુર્ગે વિશેષ વિવરણમાં કહ્યું છે કે हन्त = इदानीम् एव-'હમણાં જ', તથા इह वा...નો અર્થ 'જમણા ખભે કે ડાભા ખભે મૂકી બતાવું ?' એમ પણ સૂચવ્યો છે.

ओ॒षमित्पृ॑थि॒वीम॒हं ज॒ङ्घना॑नी॒ह वे॒ह वां ।
कु॒वित्सोम॒स्यापा॒मिति॑ ॥१०॥

ओ॒षम् । इत् । पृ॒थि॒वीम् । अ॒हम् । ज॒ङ्घना॑नि । इ॒ह । वा॒ ।
इ॒ह । वा॒ । कु॒वित् । सोम॑स्य । अपा॑म् । इति॑ ॥१०॥

ᵛअहं ᵛपृथिवीम् अभिलक्ष्य ᵛओषं स्वतेजसा तापकमादित्यम् ᵛइह ᵛवा अन्तरिक्षे ᵛइह ᵛवा द्युलोके ᵛजङ्घनानि भृशं यापयानि । ᵛइत् इति

पूरणः ॥ हन्तेर्गत्यर्थस्य यङ्लुगन्तस्य लोटि शपं लुगभावश्छान्दसः ॥

અનુવાદ (234) : હું પૃથિવીને પ્રત્યે તાપક એવા સૂર્યને અહીં (અન્તરિક્ષમાંથી) કે અહીં (દ્યુલોકમાંથી) **અત્યંત** ઝડપથી ફેરવી દઈ શકું છું. કારણ કે મેં સોમનું ઘણીવાર પાન કર્યું છે. (૧૦-૧૧૯-૧૦)

નોંધ : ૧. સાયણે **पृथिवीम्** પછી **अभिलक्ष्य** એવો અધ્યાહાર લઈને, **ओषम्**નો અર્થ 'પોતાના તેજથી (પૃથિવીને) તપાવનાર આદિત્ય' લીધો છે. તથા **जङ्घनानि-**√**हन्** 'જવું'=ગત્યર્થક ધાતુનું પૌનઃપુન્યાર્થક અંગ બનાવી તેનું આજ્ઞાર્થ, પહેલો પુ. એ. વ.નું રૂપ. ૨. વેંકટમાધવ અને (એમને અનુસરીને) પ્રા. વેલણકરે **ओषम् इत्**નો અર્થ 'એક ક્ષણમાં જ, ઉતાવળે' એવો કર્યો છે. અર્થાત્ મન્ત્રાર્થ આમ થશે : 'હું પૃથિવીને અહીં કે ત્યાં એક ક્ષણમાં જ અત્યંત ઝડપથી (લાતના પ્રહારથી) ફેરવી શકું એમ છું.'

दि॒वि मे॑ अ॒न्यः प॒क्षो॒३॑धो अ॒न्यम॑चीकृषम् ।
कु॒वित्सोम॒स्यापा॒मिति॑ ॥११॥

दि॒वि । मे॒ । अ॒न्यः । प॒क्षः । अ॒धः । अ॒न्यम् । अ॒ची॒कृ॒ष॒म् ।
कु॒वित् । सोम॑स्य । अपा॑म् । इति॑ ॥११॥

ᵛमे मदीयः ᵛअन्यः ᵛपक्षः ᵛदिवि द्युलोके स्थापितः । ᵛअधः ॥ 'पूर्वाधरावराणामसि (पा. सू. ५.३.३९) इत्यादिनासिप्रत्ययः । प्रकृतिरधादेशश्च ॥ अधस्तात्पृथिव्याम् ᵛअन्यं पक्षम् ᵛअचीकृषम् अकार्क्षम् ॥ कृष विलेखने' । ण्यन्तस्य लुङि चङि 'नित्यं छन्दसि' (पा. सू. ७.४.८) इत्यृकारादेशः ॥ विलेखनं नामोत्पादनम् । उदपादयम् । आस्थापयमित्यर्थः ॥

અનુવાદ (235) : દ્યુલોકમાં મારી એક પાંખ (સ્થાપું) અને બીજી પાંખ નીચે (પૃથિવી ઉપર) ખેંચી બતાવું છું. કારણ કે મેં સોમનું ઘણીવાર પાન કર્યું છે. (૧૦-૧૧૯-૧૧)

નોંધ : ૧. લબ પક્ષીનું રૂપ લીધેલ ઈન્દ્ર સોમરસનું પાન કર્યા પછી મદમસ્ત થઈને પોતાના વિવિધ ઐશ્વર્યને જાહેર કરે છે. તેમાં અહીં કહે છે કે હું મારી એક પાંખને **दिवि** = દ્યુલોકમાં, અને બીજી પાંખને **अधः = अधस्तात् (पृथिव्याम्)** નીચે (પૃથિવી સુધી) ફેલાવી શકું એમ છું.

૨. **अचीकृषम्**માં √**कृष विलेखने** = 'ઉત્પન્ન કરવું' ધાતુ છે; તેનું પ્રેરક અદ્યતન = સાદો ભૂ. કા. પહેલો પુ. એ. વ.નું આ રૂપ છે. ૩. આ મંત્રમાં ઈન્દ્ર = લબ પક્ષીની પાંખના નિમિત્તે ઈન્દ્રનું ઐશ્વર્ય બ્રહ્માંડના બે છેડા સુધી વિસ્તરેલું છે એમ કહેવાયું છે. વેંકટ માધવ કહે છે કે એક પાંખથી દ્યુલોકને અને બીજી પાંખથી પૃથિવીને ધારણ કરી રાખી છે ! **प॒क्षो॒३॒॑ धो**માં અભિનિહિત સ્વતંત્ર સ્વરિત આવેલો છે. અહીં **पक्षो+अ॒धो**માં સન્ધિ થવાથી **पक्षोऽधो** બને છે. ત્યારે તે બેમાંનો ઉદાત્ત અને અનુદાત્ત પણ ભળે છે. આથી **क्षो॒॑**માં 'અભિનિહિત સ્વતંત્ર સ્વરિત' જન્મ્યો છે. તથા તેની પાછળ **धो**માં ઉદાત્ત સ્વર આવેલો હોવાથી તે **क्षो॒॑**માંની ૩/૪ માત્રા, કે જે અનુદાત્તની છે, તે કંપ અનુભવે છે, એને નોંધવા **क्षो**ની પાછળ **३॒॑** એવું નિશાન મૂકાયું છે.

अ॒हम॑स्मि महाम॒हो॑ऽभिन॒भ्यमुदी॑षितः । कु॒वित्सोम॒स्यापा॒मिति॑
॥१२॥

अ॒हम् । अ॒स्मि॒ । महाऽम॒हः । अ॒भि॒ऽन॒भ्यम् । उतऽईषितः । कु॒वित् । सोम॑स्य । अपा॑म् । इति॑ ॥१२॥

ᵛअभिनभ्यं नाभौ मध्यस्थाने भवं नभ्यमन्तरिक्षम् । 'उगवादिभ्यो यत्' (पा. सू. ५.१.२) इति यत्प्रत्ययः । तत्रैव पाठान्नाभादेशश्च । 'लक्षणेनाभिप्रती आभिमुख्ये' (पा. सू. २.१.१४) इत्यव्ययीभावः । समासस्वरः । अन्तरिक्षामभि ᵛउदीषितः उद्गतः सूर्यात्मा ᵛअहं ᵛमहामहः ᵛअस्मि । महतामपि महानस्मि । यद्वा । महत् प्रभूतं महस्तेजो यस्य । प्रभूततेजस्कोऽस्मि ॥ 'आन्महतः' (पा.सू. ६.३.४६) इत्यात्वम् ॥

અનુવાદ (236) : હું મહાન્ (વ્યક્તિઓ)માં પણ મહાન્ છું, (અથવા- અત્યંત તેજસ્વી છું.) અને (સૂર્યાત્મા રૂપે) અન્તરિક્ષમાં (**अभिनभ्यम्**) ઊગી નીકળ્યો છું. કારણ કે મેં સોમનું ઘણીવાર પાન કર્યું છે. (૧૦-૧૧૯-૧૨)

નોંધ : ૧. **महामहः** - મોટાઓમાં મોટો, અથવા અત્યંત તેજસ્વી, ૨. **उद् ईषितः** = બહાર નીકળેલો; ઉગેલો. ૩. **अभिनभ्यम्**-નાભિમાં જન્મેલ જે તે 'નભ્ય' કહેવાય, અર્થાત્ અન્તરિક્ષ, તેમાં ઉગેલો એટલે સૂર્ય, (ઈન્દ્ર સૂર્ય સાથે એકાત્મતા અનુભવીને આમ બોલે છે.) વેંકટમાધવ કહે છે કે-'કાલચક્રની નાભિમાં હું ઉગ્યો છું.'

गृ॒हो या॒म्यरं॑कृतो दे॒वेभ्यो॑ हव्य॒वाह॑नः ।
कु॒वित्सोम॒स्यापा॒मिति॑ ॥१३॥

गृ॒हः । या॒मि॒ । अर॑म्ऽकृतः । दे॒वेभ्यः॑ । ह॒व्य॒ऽवाह॑नः । कु॒वित् ।
सोम॑स्य । अपा॑म् । इति॑ ॥१३॥

ᵛगृहः हविषां ग्रहीता ᵛअरंकृतः यजमानैरलंकृतोऽहं ᵛदेवेभ्यः इन्द्रादिभ्यः ᵛहव्यवाहनः हविषां वोढा प्रापयिता अग्न्यात्मा सन् ᵛयामि हवींषि प्रापयामि ॥ 'या प्रापणे' । लट् । 'हव्येऽनन्तपादम्' इति वहेर्ञ्युट् । ञित्त्वादाद्युदात्तः । समासे कृदुत्तरपदकृतिस्वरः । ᵛइति यस्मात् ᵛकुवित् बहुवारं ᵛसोमस्य सोमम् ᵛअपां पीतवानस्मि । तस्मादेतान्यकार्षमितीन्द्रः स्वात्मानमेवास्तावीत् ॥ ॥२७॥

અનુવાદ (237) : (હવિષ્) ગ્રહણ કરનાર અને હવ્યવાહન (= હવિષ્નું વહન કરનાર) એવો હું (યજમાનોથી) અલંકૃત થયેલો જાઉં છું. કારણ કે મેં સોમનું ઘણીવાર પાન કર્યું છે. (૧૦-૧૧૯-૧૩)

નોંધ : ૧. આ મન્ત્રમાં અગ્નિ દેવતા સાથે તાદાત્મ્ય અનુભવીને, સોમના મદમાં બોલે છે કે હું હવ્યવાહન છું. ૨. अरंकृतः = अलंकृतः-અલંકૃત કરેલો.

10.121 [1 to 10]

હિરણ્યગર્ભ-સૂક્ત

'हिरण्यगर्भः' इति दशर्चं नवमं सूक्तं प्रजापतिपुत्रस्य हिरण्यगर्भाख्यस्यार्षं त्रैष्टुभम् । कशब्दाभिधेयः प्रजापतिर्देवता । तथा चानुक्रान्तं–'हिरण्यगर्भो दश हिरण्यगर्भः प्राजापत्यः कायम्' इति । गतः सूक्तविनियोगः । प्राजापत्यस्य पशोर्वपापुरोडाशहविषां क्रमेणादितस्तिस्रोऽनुवाक्यास्ततस्तिस्रो याज्याः । सूत्रितं च-'हिरण्यगर्भः समवर्तताग्र इति षट् प्राजापत्याः (आश्व. श्रौ. ३. ८.) इति । वरुणप्रघासेषु कायस्य हविषो हिरण्यगर्भ इत्येषा याज्या । सूत्रितं च - 'कया नश्चित्र आ भुवद्धिरण्यगर्भः समवर्तताग्र इति प्रतिप्रस्थाता वाजिने तृतीयः' (आश्व. श्रौ. २. १७) इति ॥

આ સમગ્ર સૃષ્ટિના સર્જક અને નિયન્તા એવા પરમાત્માની અહીં 'હિરણ્ય ગર્ભ' એવા નામથી સ્તુતિ કરવામાં આવી છે. પ્રા. વેલણકર કહે છે કે દશમા મંડળમાં, બ્રહ્માંડના સર્વોચ્ચ ઈશ્વરની અનેક નામોથી સ્તુતિ કરેલી જોવા મળે છે. જેમ કે,

બ્રહ્મણસ્પતિ (૧૦-૭૨), વિશ્વકર્મન્ (૧૦-૮૧-૮૨). આમ્ભૃણી વાક્ (૧૦.૧૨૫) અને એક સત્ (૧૦-૧૪૬-૪૬). તેની જેમ અહીં (૧૦-૧૨૧માં) 'હિરણ્યગર્ભ' નામે પરમેશ્વરની સ્તુતિ રજૂ કરી છે. આ સૂક્તના છેલ્લા મંત્રમાં આ હિરણ્યગર્ભ દેવતાને 'પ્રજાપતિ' એવા નામે સંબોધવામાં આવ્યા છે. આ શબ્દ જ સૂચવે છે કે તે આ સૃષ્ટિના પ્રાણીમાત્રનો પતિ છે. આરંભની નવ ઋચાઓમાં આ હિરણ્યગર્ભ દેવતામાં જે જે ઐશ્વર્યો જોવા મળે છે. તેનું નિરૂપણ કર્યું છે. જેમકે, તે ભૂતમાત્રનો પતિ છે; તેણે પૃથિવી અને દ્યુલોકને ધારણ કર્યાં છે; તે પ્રાણ અને બલ આપનારો છે; એની આજ્ઞાને દેવો પણ સ્વીકારે છે; તે હાલતા-ચાલતા જગત્‌નો અને બે પગવાળા, ચાર પગવાળાનો રાજા છે; જેનો મહિમા હિમાલયથી સમુદ્ર સુધી ફેલાયેલો છે; જેણે પૃથિવીને, દ્યુલોકને, સૂર્યને સ્થિર કર્યાં છે; જેણે અન્તરિક્ષમાં જળને ઉત્પન્ન કર્યાં છે, અગ્નિને ઉત્પન્ન કરતાં સૃષ્ટિજળમાંથી જન્મેલો તે એક અદ્વિતીય દેવ છે વગેરે. સામાન્ય રીતે અહીં વર્ણવેલાં ઐશ્વર્યોમાંથી કોઈ એક-એક ઐશ્વર્ય ઋગ્વેદમાં અન્યત્ર એક-એક જુદા જુદા દેવમાં જોવા મળે છે; પણ અહીં દશમા મંડળમાં એવા એક સર્વોચ્ચ દેવની કલ્પના શરૂ થઈ છે કે જેમાં આવાં બધાં ઐશ્વર્યો એકી સાથે ભેગાં થયાં હોય છે.

અહીં, સઘળી પંચ ભૂતાત્મક સૃષ્ટિની અને દેવોની પણ પૂર્વે એક સુવર્ણમય અંડ રૂપ 'હિરણ્યગર્ભ' દેવની કલ્પના આકાર પામેલી જોવા મળે છે; જેને સૃષ્ટિના સર્જક તરીકે અને દ્યુલોક-પૃથિવીલોકના નિયન્તા તરીકે જોવામાં આવેલ છે. આ દેવને છેલ્લા મંત્રમાં 'પ્રજા-પતિ' એવા નામે પણ સંબોધવામાં આવેલ છે. આ પ્રજાપતિ 'ક' નામે ઓળખાવા લાગ્યા હતા એમ બ્રાહ્મણ ગ્રન્થોમાં કહ્યું છે. આથી આ સૂક્તના એકથી નવ મંત્રોમાં કવિ ફરી ફરીને કહે છે કે **कस्मै देवाय हविषा विधेम** । અમે 'ક' નામના પ્રજાપતિ દેવને હવિષ્‌થી પૂજીએ છીએ. (આધુનિક વિદ્વાનોએ અહીં 'કયા દેવને અમે હવિષ્‌થી પૂજીએ ?' એવો પ્રશ્નપરક અર્થ લઈને એમ વિચાર્યું છે કે અહીં કોઈ એક દેવ, કે જેણે આ બધું સર્જ્યું છે એની શોધ શરૂ થઈ જણાય છે. એટલે કે તત્કાલિક દાર્શનિક/તાત્ત્વિક શોધમાંથી આ સૂક્તની રચના થઈ છે. પરંતુ પરંપરાગત ભાષ્યકારો આવો અર્થ કરતા નથી.)

ડૉ. રામ ગોપાલે (વૈદિક વ્યાખ્યા વિવેચન, નેશનલ પબ્લી. હાઉસ, ન્યૂ દિલ્હી, ૧૯૭૬, પૃ. ૨૨૫ ઉપર) એક નવા અભિગમથી આ પ્રશ્નને વિચાર્યો છે : વાસ્તવમાં આ સૂક્તમાં ઋષિ એક પરમ દેવનાં કર્મો અને મહત્ત્વનું વર્ણન કર્યા પછી, પ્રશ્ન પૂછે છે કે ''અમે હવિ દ્વારા કયા દેવની ઉપાસના કરીએ ?'' આનો ભાવ એ છે કે—જે દેવનાં કર્મો તથા મહત્ત્વનું વર્ણન કરવામાં આવી રહ્યું છે, તે દેવની ઉપાસના કયા નામથી અમે કરીએ ?

પ્રા. મેકડોનલ કહે છે કે **પ્રજાપતિ** જેવા દેવતાઓ પ્રથમ અમૂર્ત નહીં હોય, પણ વિશેષ પ્રાચીન એવા એક અથવા એકથી વધારે દેવતાની અમુક પ્રવૃત્તિ, અથવા અમુક લક્ષણ સૂચવનારાં વિશેષણો ઉપરથી એ દેવતાની કલ્પના ઉદ્‌ભવી હશે, અને

આખરે તે દેવતાઓને સ્વતંત્ર મહત્તાની પ્રાપ્તિ થઈ હશે એમ જણાય છે. ઉદાહરણ તરીકે આ 'પ્રજાપતિ' શબ્દ જ લઈએ તો, એ પહેલાંના સમયમાં રચાયેલાં કુલ મંડળોમાં સવિતા કે સોમ વગેરે દેવતાઓનાં વિશેષણ તરીકે વપરાયો છે, પણ છેલ્લા મંડળના એક પાછળથી લખાયેલા ૧૦-૧૨૧ સૂક્તમાં, તે સૃષ્ટિના રચનાર તરીકેનું લક્ષણ ધરાવનારા એક સ્વતંત્ર દેવતા તરીકે રજૂ થયેલો જોવા મળે છે.

આ દેવતાને અથર્વવેદમાં અને યજુર્વેદની વાજસનેયી સંહિતામાં ઘણીવાર અને બ્રાહ્મણ ગ્રન્થોમાં હંમેશા-એક મુખ્ય દેવતા તરીકે, દેવતાઓના પિતા તરીકે ગણવામાં આવ્યો છે. ત્યાર પછીના સૂત્ર ગ્રન્થોમાં તો આ પ્રજાપતિ અને બ્રહ્મ-એ બેઉને એક જ ગણવામાં આવ્યા છે. તથા વેદ પછીના સમયમાં (પુરાણકાળમાં તો) પ્રજાપતિનું સ્થાન બ્રહ્માએ લઈ લીધેલું હોય એમ જોવા મળે છે. (જુઓ : મેકડોનલનો 'સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ' અનુ. મો. પા. દવે, સૂરત, ૧૯૨૧, પૃ. ૧૨૬).

આ 'હિરણ્યગર્ભ' સૂક્તમાં સૃષ્ટિના રચનાર તરીકે પ્રજાપતિ દેવતાને 'ક' એવા નામે ઓળખાવવામાં આવ્યો છે. અને પ્રત્યેક મંત્રના અન્તે મૂકેલી ધ્રુવ પંક્તિમાં કવિ કહે છે કે—**कस्मै देवाय हविषा विधेम्** ॥ 'ક' નામના પ્રજાપતિ દેવને (અમે) હવિષ્‌થી પૂજીએ છીએ.'' અગાઉ કહ્યું છે તેમ **આ પુનરાવૃત્ત** થતી પંક્તિનો બીજો એક પ્રશ્નપરક અનુવાદ પણ થયો છે. જેમકે, ''કયા દેવને અમે હવિષ્‌થી પૂજીએ ?'' તથા પ્રા. લુડ્‌વિગ્‌ના મત મુજબ-''પ્રજાપતિ સિવાય બીજા કયા દેવને અમે હવિષ્‌થી પૂજીએ ?'' એવો અનુવાદ પણ કરી શકાય. તથા ડૉ. રામગોપાલના પૂર્વોક્ત સૂચન અનુસાર-''અમે જે દેવનાં કર્મો અને મહત્ત્વ વર્ણવી રહ્યા છીએ, તે દેવને અમે કયા નામથી ઉપાસીએ/પૂજીએ ?''

ऋषि : (પ્રજાપતિનો પુત્ર) હિરણ્યગર્ભ, દેવતા : 'ક' નામના પ્રજાપતિ અને છન્દ : ત્રિષ્ટુપ્.

हि॒र॒ण्य॒ग॒र्भः सम॑वर्त॒ताग्रे॑ भू॒तस्य॑ जा॒तः पति॒रेक॑ आसीत् ।
स दा॑धार पृथि॒वीं द्यामु॒तेमां कस्मै॑ दे॒वाय॑ ह॒विषा॑ विधेम ॥१॥

हि॒र॒ण्य॒ऽग॒र्भः । सम् । अ॒व॒र्त॒त॒ । अग्रे॑ । भू॒तस्य॑ । जा॒तः । पतिः॑ । एकः॑ । आ॒सी॒त् ।
सः । दा॒धा॒र । पृ॒थि॒वीम् । द्याम् । उ॒त । इ॒माम् । कस्मै॑ । दे॒वाय॑ । ह॒विषा॑ । वि॒धे॒म ॥१॥

[v] **हिरण्यगर्भः हिरण्यमयस्याण्डस्य गर्भभूतः प्रजापतिहिरण्यगर्भः । तथा च तैत्तिरीयं-'प्रजापतिर्वै हिरण्यगर्भः प्रजापतेरनुरूपत्वाय' (तै. सं.**

५.५.१.२) इति । यद्वा हिरण्मयोऽण्डो गर्भवद्यस्योदरे वर्तते सोऽसौ सूत्रात्मा हिरण्यगर्भ इत्युच्यते । ᵛअग्ने प्रपञ्चोत्पत्तेः प्राक् समवर्तत । मायाध्यक्षात् सिसृक्षोः परमात्मनः समजायत । यद्यपि परमात्मैव हिरण्यगर्भः तथापि तदुपाधितानां वियदादीनां ब्रह्मण उत्पत्तेऽतदुपहितोस्युत्पन्न इत्युच्यते । स च ᵛजातः जातमात्रा एव ᵛएकः अद्वितीयः सन् ᵛभूतस्य विकारजातस्य ब्रह्माण्डादेः सर्वस्य जगतः ᵛपतिः ईश्वरः ᵛआसीत् । न केवलं पतिरासीदेव अपि तर्हि ᵛसः हिरण्यगर्भः ᵛपृथिवीं विस्तीर्णां ᵛद्यां दिवम् ᵛउत अपि च ᵛइमाम् अस्माभिर्दृश्यमानां पुरोवर्तिनीमिमां भूमिम् । यद्वा पृथिवीत्यन्तरिक्षनाम । अन्तरिक्षं दिवं भूमिं च ᵛदाधार धारयति । 'छन्दसि लुङ्लङ्लिटः' इति सार्वकालिको लिट् । तुजादित्वादभ्यासदीर्घः ॥ ᵛकस्मै । अत्र किंशब्दोऽनिर्ज्ञातस्वरुपत्वात् प्रजापतौ वर्तते । यद्वा । सृष्ट्यर्थं कामयत इति कः । कमेर्ड प्रत्ययः । यद्वा । कं सुखम् । तद्रूपत्वात् क इत्युच्यते । अथवा इन्द्रेण पृष्टः प्रजापतिर्मदीयं महत्त्वं तुभ्यं प्रदायाहं कः कीदृशा स्यामित्युक्तवान् । स इन्द्रः प्रत्यूचे यदीदं ब्रवीष्यहं कः स्यामिति तदेव त्वं भवेति । अतः कारणात् क इति प्रजापतिराख्यायते । 'इन्द्रो वै घृत्रं हत्वा सर्वा विजितीर्विजित्याब्रवीत्' (ऐ. ब्रा. ३.२१) इत्यादिकं ब्राह्मणमत्रानुसंधेयम् ॥ यदासौ किंशब्दस्तदा सर्वनामत्वात् स्मैभावः सिद्धः । यदा तु यौगिकस्तदा व्यत्ययेनेति द्रष्टव्यम् । 'सावेकाचः' इति प्राप्तस्य 'न गोश्वन्साववर्ण' ईति प्रतिषेधः । 'क्रियाग्रहणं कर्तव्यम्' इति कर्मणः संप्रदानत्वाच्चतुर्थी । कं प्रजापतिं ᵛदेवाय देवं दानादिगुणयुक्तं ᵛहविषा प्राजापत्यस्य पशोर्वपारूपेणैककपालात्मकेन पुरोडाशेन वा ᵛविधेम वयमृत्विजः परिचरेम । विधतिः परिचरणकर्मा ॥

અનુવાદ (238) : સૌથી આગળ હિરણ્યગર્ભ રહેલો હતો. જન્મ્યો તે તરત જ તે એક (= અદ્વિતીય) હોવાથી (બધાં) ભૂતોનો પતિ (સ્વામી-ઈશ્વર) હતો. તેણે પૃથિવીને અને આ દ્યુલોકને (અથવા-તેણે અંતરિક્ષને, દ્યુલોકને અને આ પૃથિવી-ને) ધારણ કરી રાખ્યા છે. તે 'ક' નામના પ્રજાપતિ દેવને (અમે) હવિષ્‌થી પૂજીએ.

(૧૦-૧૨૧-૧)

નોંધ : ૧. अग्रे हिरण्यगर्भः समवर्तत । અહીં (अग्रे એટલે) 'સૃષ્ટિની ઉત્પત્તિપૂર્વે, હિરણ્યગર્ભ અર્થાત્ પ્રજાપતિ (જ) હતા' એમ પહેલા પાદમાં કહ્યું છે. 'હિરણ્યગર્ભ' શબ્દ પ્રજાપતિ-દેવતાનો વાચક છે. આવો અર્થ કાઢવા માટે સાયણે આ શબ્દને બે રીતે સમજાવ્યો છે : (क) [हि॒र॒ण्य॒ग॒र्भः । શબ્દ અન્તોદાત્ત હોવાથી] હિરણ્મય અંડ (સોનેરી ઈંડું)નો જે ગર્ભ, તે ગર્ભ રૂપ બનેલા દેવ-અર્થાત્ પ્રજાપતિ.

અથવા **(ख)** ['હિરણ્યગર્ભ' સમાસના પૂર્વપદ (હિરણ્ય)માં ઉદાત્ત સ્વર નહીં હોવા છતાંય, તેને બહુવ્રીહિ ગણીને વિચારીએ તો-] 'હિરણ્યમય અંડ છે ગર્ભ રૂપે જેના ઉદરમાં તે 'હિરણ્યગર્ભ' અર્થાત્ પ્રજાપતિ.' આમ સાયણે 'હિરણ્યગર્ભ' શબ્દને પ્રજાપતિના વિશેષણ તરીકે લીધો છે. [તથા આવા હિરણ્યગર્ભ પ્રજાપતિના પુત્ર રૂપે જે ઋષિ જન્મ્યા, તે પણ 'હિરણ્યગર્ભ' કહેવાય છે. આ હિરણ્યગર્ભ ઋષિ પ્રસ્તુત સૂક્તના દ્રષ્ટા છે. અહીં એ શબ્દનો અર્થ-'હિરણ્મય અંડનો ગર્ભ (= સંતાન)' એવો લેવો. પણ ઋષિ માટે આ શબ્દ વપરાય ત્યારે, સ્પષ્ટીકરણ કરવા 'હિરણ્યગર્ભ પ્રાજાપત્ય' એમ બોલાય છે. પરંતુ આ ઋષિ જ્યારે ''હિરણ્યગર્ભ સૃષ્ટિના આરંભે સૌથી પહેલા રહેલા હતા'' એમ કહે છે ત્યારે, ત્યાં 'હિરણ્યગર્ભ' શબ્દ પ્રજાપતિનો વાચક છે એમ ધ્યાનમાં લેવું.]

''હિરણ્યગર્ભ = પ્રજાપતિ સૌથી પહેલાં જન્મ્યા હતા'' એમ જે પહેલા પાદમાં કહેવાયું, તેમાં થોડીક વધુ સ્પષ્ટતા ઉમેરતાં સાયણ કહે છે કે આ હિરણ્યગર્ભ રૂપ પ્રજાપતિ સૌથી પહેલાં જન્મ્યા, પણ **શેમાંથી** તે જન્મ્યા ? તો 'સર્જન કરવાની ઇચ્છાવાળા અને માયાના અધ્યક્ષ રૂપે રહેલા પરમાત્મામાંથી આ પ્રજાપતિ જન્મ્યા છે' એમ પહેલા પાદનો તાત્પર્યાર્થ સમજવો. સાયણ વધુ સ્પષ્ટતા કરતાં લખે છે કે-'પરમાત્મામાંથી હિરણ્યગર્ભ જન્મ્યા એટલે શું ?' તો, પરમાત્મા જ હિરણ્યગર્ભ છે. તો પણ તે પરમાત્મા જ્યારે વિયદાદિની ઉપાધિથી યુક્ત બને છે ત્યારે તેને જ [=નવા રૂપે જન્મેલાને = ઉપાધિ સહિતનાને] 'હિરણ્યગર્ભ ઉત્પન્ન થયા' એમ કહેવાય છે; **(तदुपहितोऽप्युत्पन्न इत्युच्यते)**.

૨. **जातः (सः हिरण्यगर्भः) भूतस्य (= भूतानां) एकः पतिः आसीत्** । આ બીજા પાદમાં 'જન્મેલો તે (હિરણ્યગર્ભ) ભૂતોનો = આ જગત્‌નો એક = અદ્વિતીય, 'પતિ' અર્થાત્ સ્વામી, ઈશ્વર બન્યો/હતો.

૩. **सः पृथिवीम्, इमाम् द्याम् (च)** [અથવા-**पृथिवीम्, द्याम्, इमाम् च**] **दाधार = धारयति** । આ ત્રીજા પાદમાં કહે છે કે તેણે = હિરણ્યગર્ભે પૃથિવીને અને આ દ્યુલોકને ધારણ કર્યાં છે. (અથવા 'પૃથિવી એ અંતરિક્ષનું એક નામ છે' એવા નિઘણ્ટુકારના વિધાનને યાદ કરીએ તો અહીં 'તેણે = હિરણ્યગર્ભે અંતરિક્ષને, દ્યુલોકને અને આને = પૃથિવીને કારણ કર્યાં છે.) **दाधार**-એ **√धा** 'ધારણ કરવું' ધાતુનું પરોક્ષ ભૂ. કા. ત્રી. પુ. એ. વ.નું રૂપ છે. પણ આ રૂપ જો પરોક્ષ ભૂતકાળનું હોય તો પ્રશ્ન થાય કે ''તેણે ધારણ કર્યાં **હતાં**'' એવો અનુવાદ કરવો જોઈએ. ''ધારણ કર્યાં છે' એમ કેવી રીતે અનુવાદ કરી શકાય ? આથી સાયણ કહે છે કે **दाधार**નો અર્થ **'धारयति'** એમ જ્યારે કરીએ છીએ ત્યારે પાણિનિનું એક સૂત્ર યાદ કરવું : **छन्दसि लुङ्लङ्लिटः । ३-४-६** અર્થાત્ ''વેદમંત્રોમાં **लुङ्** (અદ્યતન = સાદો ભૂ. કા.), **लङ्** (= હ્યસ્તન ભૂ. કા.) અને **लिट्** (= પરોક્ષ ભૂ. કા.) લકારનાં ક્રિયાપદો વપરાયાં હોય ત્યારે તેમનો અનુવાદ/અર્થઘટન કોઈપણ કાળ

(Tenses)ના કે અર્થ (Mood)ના ક્રિયાપદ રૂપે કરી શકાય છે.'' દા. ત. **अद्या ममार** । એવું વેદમાં હોય તો **अद्य**ની સાથે **ममार** એવો પરોક્ષ ભૂતકાળનો પ્રયોગ ત્યારે જ સુસંગત થાય કે જ્યારે તેને વર્તમાનકાળ પરક = **म्रियते** રૂપે લઈએ ત્યારે. આથી, પ્રકૃતમાં પણ **दाधार**નો અર્થ **धारयति** કરી શકાશે.

૪. **(वयम्) कस्मै देवाय हविषा विधेम** । આ ચોથા પાદમાં √**विध्** 'પરિચરણ કરવું, પૂજવું' ધાતુ, છઠ્ઠો ગણ, વિધ્યર્થ પહેલો પુ. બ. વ.નું **विधेम** રૂપ છે. આથી '(અમે) હવિષ્‌થી પૂજન કરીએ.' અહીં ઉપલક દૃષ્ટિએ = પ્રશિષ્ટ સંસ્કૃત ભાષાના વ્યાકરણ માત્રની મદદથી **कस्मै देवाय**નો અર્થ વિચારીએ તો **किम्** ('કોનું, શું') સર્વનામનું પું. ચતુર્થી, એ. વ.માં **कस्मै** રૂપ થતાં તેનો અર્થ = **કોને** = **કયા દેવને** અમે હવિષ્‌થી પૂજીએ ? એવો પ્રશ્નવાચક અનુવાદ કરવાનો પ્રાપ્ત થાય. પરંતુ સાયણાચાર્ય જેવા બહુશ્રુત ભાષ્યકારો, કે જેમને બધા જ વૈદિક ગ્રન્થોના સંદર્ભો જિહ્‌વાગ્રે છે, અને વેદમંત્રોના અર્થ કરવાના બ્રાહ્મણાદિ ગ્રંથોથી માંડીને, નિરુક્ત-બૃહદ્દેવતા વગેરે સુધીના જે પ્રયત્નો થયા છે તે સૌ જેમની બુદ્ધિમાં જાગૃત છે, તેવા ભાષ્યકારો, અહીં **कस्मै**નો જે ગૂઢ-અર્થ લેવાનો છે તે આમ સમજાવે છે : - **कस्मै देवाय** અર્થાત્ 'ક' નામના પ્રજાપતિ દેવને (અમે હવિષ્‌થી પૂજીએ). અહીં 'ક' શબ્દ પ્રજાપતિનો વાચક કેવી રીતે બન્યો છે ? એના અનેક ઉત્તરો છે : જેમકે,

(क) પ્રજાપતિનું સ્વરૂપ નિર્જ્ઞાત છે (= જાણી શકાય એવું નથી) માટે તેમને **किम्** શબ્દથી ઓળખાવવામાં આવે છે. એ **किम्** શબ્દનું ચતુર્થી વિ. એ. વ.માં **कस्मै** રૂપ થશે. અથવા-

(ख) સૃષ્ટિને ઉત્પન્ન કરવાની જે કામના કરે છે તે '**क**' નામનો દેવ, અર્થાત્ ક=પ્રજાપતિ. અહીં √**कम्** 'કામના કરવી' ધાતુને કર્તા અર્થમાં **ड** પ્રત્યય લગાવીને **(कम्+ड) = क** શબ્દ સાધવામાં આવ્યો છે. અથવા-

(ग) **कम्**નો અર્થ 'સુખ' થાય છે. પ્રજાપતિ દેવ સુખ રૂપ હોવાથી, તેમને પણ 'ક' કહેવાય છે. અથવા-

(घ) ઐતરેય બ્રાહ્મણના ઉપર્યુક્ત ૩.૨૧ વાક્યનું અનુસંધાન કરીને સાયણ પુરાકાળમાં બનેલી એક ઘટના તરફ ધ્યાન દોરે છે : ઇન્દ્રે એકવાર પ્રજાપતિને એમનું મહત્ત્વ-પ્રભાવ-કેવો છે, અને તે કેવી રીતે મેળવી શકાય ? એમ પૂછ્યું. એના જવાબમાં પ્રજાપતિ કહે છે કે-''જો હું તને મારું મહત્ત્વ આપી દઉં/કહી દઉં તો પછી હું કેવો બની જાઉં ? **अहं कः = कीदृशः स्याम्** ।'' આથી ઇન્દ્રે કહ્યું કે 'હું કેવો થઈ જાઉં ?' એમ પૂછો છો, તો જાવ, તમે '**कः**' જ બની જાવ. આ પ્રસંગ બન્યા પછી 'પ્રજાપતિ 'ક' નામથી ઓળખાવા લાગ્યા.

(સાયણ વિશેષમાં ઉમેરે છે કે ઉપર્યુક્ત **(ख)** અને **(ग)** મુદ્દામાં '**क**' શબ્દને યૌગિક=વ્યુત્પન્ન જાહેર કર્યો છે ત્યાં નામ શબ્દ 'સર્વનામ'માં ફેરવાઈ ગયો છે એવો વ્યત્યય સમજીને, ચતુર્થી વિ.માં **स्मै** પ્રત્યય આવ્યો છે એમ જાણવું. બાકીના બે

મુદ્દામાં તો તે **किम्** સર્વનામ રૂપે જ હોવાથી **कस्मै** રૂપ નિયમ મુજબ જ થયેલું ગણાશે.)

હવે, સાયણ આ છેલ્લા પાદનો તાત્પયાર્થ વિશદ કરતાં લખે છે કે 'ક'ને = પ્રજાપતિ દેવને હવિષ્થી-અર્થાત્ પ્રજાપતિને ઉદ્દેશીને બલિ આપવામાં આવેલા પશુના 'વપા' રૂપ, એક કપાલમાં ભરીને મૂકેલા, હવિષ્થી-અથવા પુરોડાશથી, અમે ઋત્વિજો પરિચરણ કરીએ./પૂજન કરીએ.

૫. આ સૂક્તના બધા જ મંત્રોમાં ચોથા ચરણ તરીકે આ **कस्मै देवाय हविषा विधेम** । પંક્તિ પુનરાવૃત્ત થઈ છે.

य आ॑त्म॒दा ब॑ल॒दा यस्य॒ विश्वे॑ उ॒पास॑ते प्र॒शिषं॒ यस्य॑ दे॒वाः ।
यस्य॑ छा॒यामृतं॒ यस्य॑ मृ॒त्युः कस्मै॑ दे॒वाय॑ ह॒विषा॑ विधेम ॥२॥

यः । आ॒त्म॒ऽदाः । ब॒ल॒ऽदाः । यस्य॑ । विश्वे॑ । उ॒प॒ऽआस॑ते । प्र॒ऽशिष॑म् । यस्य॑ । दे॒वाः ।
यस्य॑ । छा॒या । अ॒मृत॑म् । यस्य॑ । मृ॒त्युः । कस्मै॑ । दे॒वाय॑ । ह॒विषा॑ । वि॒धे॒म॒ ॥२॥

ᵛयः प्रजापतिः ᵛआत्मदाः आत्मनां दाता । आत्मानो हि सर्वे तस्मात् परमात्मन उत्पद्यन्ते । यथाग्नेः सकाशाद्विस्फुलिङ्गा जायन्ते तद्वत् । यद्वा आत्मनां शोधयिता । 'दैप् शोधने' । 'आतो मनिन्' इति विच् । ᵛबलदाः बलस्य च दाता शोधयिता वा । ᵛयस्य च ᵛप्रशिषं प्रकृष्टं शासनमाज्ञां ᵛविश्वे सर्वे प्राणिनः ᵛउपासते प्रार्थयन्ते सेवन्ते वा । 'शासु अनुशिष्टौ' । 'शास इत्' (पा. सू. ६.४.३४) इत्युपधाया इत्वम् । 'शासिवसिघसीनां च' इति षत्वम् । कृदुत्तरपदप्रकृतिस्वरत्वम् । आसेरनुदात्तेत्त्वाल्लुसार्वधातुकानुदात्तत्वे धातुस्वरः । 'तिङि चोदात्तवति' इति गतिरनुदात्ता । तथा ᵛदेवाः अपि ᵛयस्य प्रशासनमुपासते । अपि च ᵛअमृतम् अमृतत्वम् । भावप्रधानो निर्देशः । यद्वा । अमृतम् । मरणं नास्त्यस्मिन्नित्यमृतं सुधा । बहुव्रीहौ 'नञो जरमरमित्रमृताः' इत्युत्तरपदाद्युदात्तत्वम् । तदपि यस्य प्रजापतेः ᵛछाया छायेव वर्ति भवति । ᵛमृत्युः यमश्च प्राणापहारी छायेव भवति । तस्मै ᵛकस्मै ᵛदेवाय इत्यादि समानं पूर्वेण ᵛहविषा पुरोडाशात्मनेति तु विशेषः ॥

અનુવાદ **(239)** : જે આત્માનો દેનારો છે, જે બળનો દેનારો છે, જેના પ્રકૃષ્ટ શાસનની સૌ લોકો (**विश्वे**) ઉપાસના કરે છે, અને જેના (શાસનની) દેવો (પણ

ઉપાસના કરે છે). અમૃત (સુધા) પણ જેની છાયા છે અને, મૃત્યુ પણ જેની (છાયા બની રહ્યું છે) તેવા 'ક' નામના પ્રજાપતિ દેવને (અમે) હવિષ્‌થી પૂજીએ છીએ.
(૧૦-૧૨૧-૨)

નોંધ : ૧. य आत्मदाः (अस्ति), यः बलदाः (अस्ति) । અહીં હિરણ્યગર્ભ = પ્રજાપતિ દેવતાને 'આત્માનો આપનાર' કહ્યો છે. તેને સમજાવતાં સાયણ કહે છે કે જેમ અગ્નિમાંથી વિસ્ફુલિંગો-તણખા-જન્મે છે તેમ પરમાત્મા = પ્રજાપતિમાંથી સૌ આત્માઓ-જીવો-જન્મે છે તેથી તેને 'આત્મદા' કહ્યો છે. બીજું, સાયણના મતે અહીં **आत्मदाः** અને **बलदाः** શબ્દમાં **√दा दाने** ધાતુને બદલે, જો **√दैप् शोधने** 'સાફ કરવું' ધાતુ હશે એમ માનીએ તો 'જે આત્માને શુદ્ધ કરનારો છે' એવો અર્થ પણ લઈ શકાય. વળી, વેંકટમાધવના મતે **आत्मदाः** એટલે 'શરીરને આપનારો' એમ અર્થ છે.

૨. **यस्य प्रशिषं (= आज्ञां) विश्वे (जनाः) उपासते; यस्य (च प्रशिषं) देवाः (अपि उपासते)** । જેના = જે પ્રજાપતિના પ્રકૃષ્ટ શાસન = આજ્ઞાને સર્વે પ્રાણીઓ ઉપાસે છે, સ્વીકારે છે; અને દેવો પણ (તે શાસનને ઉપાસે છે).—અહીં પહેલા પાદના **'यस्य विश्वे'** પદોને બીજા પદોની સાથે અન્વિત કર્યા પછી એક વાક્ય સંપન્ન થાય છે તે નોંધપાત્ર છે.

૩. ત્રીજા પાદમાં જે પદક્રમ છે તેને યથાવત્ રાખીને અનુવાદ કરીએ તો—''જે (પ્રજાપતિની છાયા અમૃત (છે), અને જેની (છાયા) મૃત્યુ છે'' એમ થશે. પ્રા. મેક્ષમ્યૂલર અને વેલણકર વગેરેએ પણ 'જેની છાયા અમરત્વ છે, અને જેની છાયા મૃત્યુ છે' એમ અર્થ કર્યો છે. વેંકટમાધવ પણ કહે છે કે 'જેની છાયા મૃત્યુ અને અમૃત છે.' અહીં તેમણે 'છાયા'નો અર્થ ''જેનાથી આચ્છાદિત થયેલો જીવે છે અને મરે છે તે છાયા'' એમ કર્યો છે. જ્યારે સાયણે (ઉપર અનુવાદમાં કર્યું છે તેમ) 'અમૃત' શબ્દમાં નઞ્ સમાસ ગણીને, ઉત્તપદ **मृतम्**માં ઉદાત્તસ્વર જોઈને ''જેનામાં મરણ નથી તે, અર્થાત્ 'સુધા' = અમૃત એવો અર્થ લીધો છે; અને પદક્રમ બદલીને (= ઉદ્દેશ્ય-વિધેય ભાવ બદલીને) **यस्य छाया (= छाया इव वर्ति) अमृतं भवति । यस्य (= प्रजापतेः) मृत्युः छाया इव भवति** । એવો અન્વય વિચાર્યો છે : ''જે પ્રજાપતિની છાયા (ઉદ્દેશ્ય) (છાયાની જેમ સાથે રહેનાર) અમૃત-(વિધેય) બને છે, અને જેનું મૃત્યુ (= જેનો પ્રાણાપહારી યમરાજ) છાયા(ની જેમ સાથે ફરનાર) બને છે.''

૪. **कस्मै देवाय** ... એ ચોથો પાદ તો સમગ્ર સૂક્તમાં પુનરાવૃત્તિ પામ્યો છે. (એનું વિવરણ પહેલા મન્ત્રની અભ્યાસનોંધમાં જોઈ લેવું.) આ સૂક્ત શુક્લ-યજુર્વેદમાં પણ જોવા મળે છે. ત્યાં ઉવટ-મહીધરે કહ્યું છે કે **कस्मै**નો અર્થ **काय** લેવાનો છે. (અહીં 'નામનો સર્વનામ રૂપે વ્યત્યય થયો છે' એમ જાણવું.) આથી પણ, ૧૦-૧૨૧-૧માં બતાવ્યા મુજબ સાયણે **कस्मै**નો જે વિવિધ દૃષ્ટિકોણથી અર્થ કરી બતાવ્યો છે તેનું સમર્થન થઈ જાય છે.

यः प्रा॑ण॒तो नि॑मिष॒तो म॑हि॒त्वैक॒ इद्राजा॒ जग॑तो ब॒भूव॑ ।
य ईशे॑ अ॒स्य द्वि॒पद॒श्चतु॑ष्पद॒ः कस्मै॑ दे॒वाय॑ ह॒विषा॑
विधेम ॥३॥

यः । प्रा॒ण॒तः । नि॒ऽमि॒ष॒तः । म॒हि॒ऽत्वा । एकः॑ । इत् ।
राजा॑ । जग॑तः । ब॒भूव॑ ।
यः । ईशे॑ । अ॒स्य । द्विऽपदः॑ । चतुः॑ऽपदः । कस्मै॑ । दे॒वाय॑ ।
ह॒विषा॑ । वि॒धे॒म॒ ॥३॥

ᵛयः हिरण्यगर्भः ᵛप्राणतः प्रश्वसतः ॥ 'अन प्राणने' । आदादिकः । 'शतुरनुमः' इति विभक्तेरुदात्तत्वम् ॥ ᵛनिमिषतः अक्षिपक्ष्मचलनं कुर्वतः ॥ अत्रापि पूर्ववद्विभक्तिरूदात्ता । ᵛजगतः जङ्गमस्य प्राणिजातस्य ᵛमहित्वा महत्त्वेन । 'सुपां सुलुक्' इति तृतीयाया आकारः ॥ माहात्म्येन ᵛएक ᵛइत् अद्वितीय एव सन् ᵛराजा ᵛबभूव ईश्वरो भवति ॥ भवतेर्णलि 'लिति' (पा. सू. ६.१.१९३) इति प्रत्ययात्पूर्वस्योदात्तत्वम् ॥ ᵛअस्य परिदृश्यमानस्य ᵛद्विपदः पादद्वययुक्तस्य मनुष्यादेः ᵛचतुष्पदः गवाश्वादेश्च ᵛयः प्रजापतिः ᵛईशे ईष्टे ॥ 'ईश ऐश्वर्ये' । आदादिकोऽनुदात्तेत् । 'लोपस्त आत्मनेपदेषु' इति तलोपः । अनुदात्तेत्त्वाल्लसार्वधातुकानुदात्तत्वे धातुस्वरः । अस्य । 'ऊडिदम्' इतीदमो विभक्तिरुदात्ता । द्वौ पादौ यस्य स द्विपात् । 'संख्यासुपूर्वस्य' (पा. सू. ५.४.१४०) इति पादस्यान्त्यलोपः समासान्तः । भसंज्ञायां 'पादः पत्' (पा. सू. ६. ४. १३०) इति पद्भावः । 'द्वित्रिभ्यां पाद्दन्' (पा. सू. ६. २. १९७) इत्येकदेशविकृतस्यानन्यत्वादुत्तरपदान्तोदात्तत्वम् । स्वरवर्जमेषैव चतुष्पद इत्यत्रापि प्रक्रिया । 'बहुव्रीहौ प्रकृत्या' इति पूर्वपदप्रकृतिस्वरः । पूर्वपदस्य 'त्रः संख्याया' (फि. सू. २. ५.) इत्याद्युदात्तत्वम् । 'इदुदुपधस्य चाप्रत्ययस्य' इति विसर्जनीयस्य षत्वम् ॥ ईदृशो यः प्रजापतिस्तस्मैं ᵛकस्मै इत्यादि सुबोधं ᵛहविषा हृदयाद्यात्मनेत्ययमत्र विशेषः ॥

અનુવાદ (240) : જે પ્રજાપતિ પ્રાણ (શ્વાસોચ્છ્‌વાસ) લેનારા અને (આંખનો) પલકારો મારનારા જગત્ (= હલનચલન કરનાર પ્રાણીસમૂહ)નો (પોતાના) મહિમાથી એકમાત્રા રાજા હતો/છે. જે (પ્રજાપતિ) આ બે પગવાળા (મનુષ્યાદિ) અને ચાર પગવાળા (ગવાશ્વાદિ)નું શાસન કરે છે, તે 'ક' નામના પ્રજાપતિ દેવને (અમે) હવિષ્‌થી પૂજીએ છીએ.
(૧૦-૧૨૧-૩)

નોંધ : ૧. અહીં **प्राणतः** અને **निमिषातः** એ બે (વર્તમાનકૃદન્ત નપું. ષષ્ઠી વિ. એ .વ.નાં) રૂપો **जगतः**નાં વિશેષણો છે. વળ, ‘જગત્’નો વ્યુત્પતિજન્ય અર્થ ‘જંગમ પ્રાણીસમૂહ’ કરવો એમ સાયણ કહે છે તે ધ્યાનાસ્પદ છે; કેમ કે એવો અર્થ લઈએ તો જ પૂર્વોક્ત બે વિશેષણો સંગત બની રહે. ૨. **इत्**નો અર્થ ‘જ’/‘માત્ર’ એવો કરવો. ૩. **बभूव** ક્રિયાપદ √**भू** ધાતુનું પરોક્ષ ભૂ. કા. ત્રી. પુ. એ. વ.નું રૂપ છે. પણ વેદમન્ત્રોમાં અર્થની દૃષ્ટિએ **लिट** = પરોક્ષ ભૂ. કા.નાં રૂપને ‘સાર્વકાલિક’ ગણી શકાય એવાં પાણિનિપ્રોક્ત (૩-૪-૬) નિયમને ધ્યાનમાં લઈને, **बभूव=भवति** એવો અનુવાદ કરી શકાય. ૪. મન્ત્રનું ચોથું ચરણ આ સૂક્તની ધ્રુવપંક્તિ છે. જુઓ પહેલા મન્ત્રની નોંધ.

यस्ये॒मे हि॒मव॑न्तो महि॒त्वा यस्य॑ समु॒द्रं र॒सया॑ स॒हाहुः ।
यस्ये॒माः प्र॒दिशो॒ यस्य॑ बा॒हू कस्मै॑ दे॒वाय॑ ह॒विषा॑
विधेम ॥४॥

यस्य॑ । इ॒मे । हि॒मऽव॑न्तः । म॒हि॒ऽत्वा । यस्य॑ । स॒मु॒द्रम् ।
र॒सया॑ । स॒ह । आहु॒ः ।
यस्य॑ । इ॒माः । प्र॒ऽदिशः॑ । यस्य॑ । बा॒हू इति॑ । कस्मै॑ ।
दे॒वाय॑ । ह॒विषा॑ । वि॒धे॒म॒ ॥४॥

हिमा अस्मिन् सन्तीति हिमवान् । तेन बहुवचनान्तेन सर्वे पर्वता लक्ष्यन्ते । यथा छत्रिणो गच्छन्तीति । ᵛहिमवन्तः हिमवदुपलक्षिताः ᵛइमे दृश्यमानाः सर्वे पर्वताः ᵛयस्य प्रजापतेः ᵛमहित्वा महत्त्वं माहात्म्यैश्वर्यमिति ᵛआहुः । तेन सृष्टत्वात्तद्रूपेणावस्थानाद्वा । तथा ᵛरसया । रसो जलम् । तद्वती रसा नदी ॥ अर्शआदित्वादच् ॥ जातावेकवचनम् । रसाभिर्नदीभिः ᵛसह ᵛसमुद्रम् । पूर्ववदेकवचनम् । सर्वान् समुद्रान् ᵛयस्य महाभाग्यमिति ᵛआहुः कथयन्ति सृष्ट्यभिज्ञाः । ᵛयस्य च ᵛइमाः ᵛप्रदिशः प्राच्यारम्भा आग्नेय्याद्याः कोणदिश ईशितव्याः । तथा ᵛबाहू । वचनव्यत्ययः । बाहवो भुजाः । भुजवत्प्राधान्ययुक्ताः प्रदिशश्च ᵛयस्य स्वभूताः । तस्मै ᵛकस्मै इत्यादि समानं पूर्वेण ॥

અનુવાદ (241) : આ બરફવાળા (પર્વતો) જે (પ્રજાપતિ)નું મહા-ઐશ્વર્ય (ગણાયા છે), નદી(ઓ) સહિતનો સમુદ્ર જેનો (મહિમા) કહેવાયો છે. આ બધી જ દિશાઓ જેના બાહુ(ઓ) રૂપ ગણાયા છે તેવા ‘ક’ નામના પ્રજાપતિ દેવને (અમે) હવિષ્‌થી પૂજીએ છીએ. (૧૦-૧૨૧-૪)

नोंध : ૧. સાયણ ઉપર ત્રીજા મંત્રમાં **महित्वा**નો અર્થ **महत्त्वेन** = 'મહિમા વડે' એવો તૃતીયા વિભક્તિપરક લીધો હતો. પરંતુ આ ચોથા મન્ત્રમાં **महित्वा**નો અર્થ **महत्त्वम्** = 'મહૈશ્વર્ય, મહાભાગ્ય, મહિમા' એવો લીધો છે; અને બીજા પાદના **आहुः** ક્રિયાપદને પહેલા પાદમાં પણ અન્વિત કરીને વાક્ય-પરિસમાપ્તિ કરી બતાવી છે. જેમ કે, **इमे हिमवन्तः (पर्वताः) यस्य (प्रजापतेः) महित्वा (आहुः)** । જ્યારે વેંકટમાધવે **महित्वा**ને તૃતીયાન્ત જ ગણીને **तिष्ठन्ति** ક્રિયાપદનો અધ્યાહાર લીધો છે તે મુજબ 'આ હિમવાળા પર્વતો જેના મહિમાથી ઊભા છે.' ૨. **रसः** એ જળનું નામ છે; આથી જળવાળી નદીને પણ **रसा** કહેવાય છે. પણ એનો બીજો એક અર્થ પૃથિવી પણ થાય છે. તેથી વેંકટ મુજબ : 'આ પૃથિવી સહિતનો ઉદધિ જેનો અવયવભૂત કહેવાય છે' ગ્રિફીથ વગેરે પશ્ચિમી વિદ્વાનો 'રસા'ને વેદકાળની કોઈ કલ્પિત નદી સમજે છે. ૩. સાયણે **प्रदिशः**નો અર્થ 'પૂર્વાદિ ચાર દિશા અને ચાર ઈશાન વગેરે ખૂણા' એવો કર્યો છે. પણ વેંકટના મતે પ્રકૃષ્ટ દિશાઓ = 'મુખ્ય ચાર દિશાઓ (જ)' અર્થ સમજવો. તથા આ ત્રીજા પાદમાં **यस्य** એવું પદ બે વાર આવ્યું છે, તેમાંનું કોઈ એક **यस्य** પદ પાદપૂરણ ગણવું એમ વેંકટ કહે છે. ૪. ચોથા પાદમાં પુનરાવૃત્તિ છે. ૫. પ્રા. વેલણકર એક નોંધપાત્ર વાત કહે છે : આ મંત્રમાં આવેલો **हिमवन्तः** 'બરફવાળા પર્વતો' શબ્દ ઋગ્વેદમાં અન્યત્ર નથી. તેથી તે સમયમાં આર્યોને વિદિત એવી ઉત્તર સીમાનો વાચક **हिमवन्तः** (= હિમાલય) લઈએ, તો દક્ષિણ સીમાનો વાચક **समुद्रम्** શબ્દ બને. તથા **बाहू** એવા દ્વિવચનથી, કવિના મનમાં પૂર્વદિશા અને પશ્ચિમ દિશાના બે છેડા કહેવા અભિપ્રેત હોય એમ બની શકે. આમ આ મન્ત્રમાં આર્યસંસ્કૃતિના ફેલાવાવાળા હિન્દુસ્તાનના ભૂક્ષેત્રનો નિર્દેશ જોઈ શકાય. (અહીં ભાષ્યકારોએ 'દરેક પવર્તમાં હિમ રહેલું હોય છે તેથી પર્વતમાત્રને હિમવાન્ કહ્યો છે' એમ માન્યું છે; તથા **बाहू**માં વચનવ્યત્યય માનીને '**बाहवः**' કે 'ચાર બાહુઓ' એવો અર્થ સૂચવ્યો છે. પણ પ્રા. વેલણકરનો અર્થ વધુ પ્રતીતિકર જણાય છે.) ૬. સામાન્ય રીતે ઋગ્વેદમાં **समुद्र** શબ્દ અન્તરિક્ષનો વાચક છે, પણ અહીં તે 'દરિયો' અર્થમાં વપરાયો છે તે પણ નોંધપાત્ર છે.

येन॒ द्यौरु॒ग्रा पृ॑थि॒वी च॑ दृ॒ळहा येन॒ स्वः॑ स्तभि॒तं येन॒ नाकः॑ ।
यो अ॒न्तरि॑क्षे॒ रज॑सो वि॒मानः॒ कस्मै॑ दे॒वाय॑ ह॒विषा॑ विधेम ॥५॥

येन॑ । द्यौः । उ॒ग्रा । पृ॒थि॒वी । च॒ । दृ॒ळ्हा । येन॑ । स्व१॒रिति॑ स्वः॑ । स्त॒भि॒तम् । येन॑ । नाकः॑ ।

यः । अन्तरिक्षे । रजसः । विऽमानः । कस्मै । देवाय । हविषा । विधेम ॥५॥

vयेन प्रजापतिना vद्यौः अन्तरिक्षम् vउग्रा उद्‌गूर्णं विशेषागहनरूपं वा । पृथिवी भूमिः vच vदृळ्हा येन स्थिरीकृता । vस्वः स्वर्गश्च vयेन vस्तभितं स्तब्धं कृतम् । यथाधो न पतति तथोपरि अवस्थापितमित्यर्थः ॥ 'ग्रसितस्कभितस्तभित' इति निपात्यते । तथा vनाकः आदित्यश्च vयेन अन्तरिक्षे स्तभितः । vयः च vअन्तरिक्षे vरजसः उदकस्य vविमानः निर्माता । तस्मै vकस्मै इत्यादि गतम् ॥ ॥३॥

અનુવાદ (242) : જેણે (જે પ્રજાપતિએ) આ દ્યુલોકને ઉગ્ર અને પૃથિવીને દૃઢ (=સ્થિર) (કરી છે); જેણે સ્વર્ગલોકને સ્તંભિત (કર્યું છે) અને જેણે સૂર્યને (પણ અન્તરિક્ષમાં સ્થાપ્યો છે). જે (પ્રજાપતિ) અન્તરિક્ષમાં રજસ્ (= પાણી)નું નિર્માણ કરનારો છે, તેવા 'ક' નામના પ્રજાપતિ દેવને (અમે) હવિષથી પૂજીએ છીએ.

(૧૦-૧૨૧-૫)

નોંધ : ૧. આ સૂક્તમાં હિરણ્યગર્ભ પ્રજાપતિના ઐશ્વર્યને વિવિધ રીતે ગાવામાં આવ્યું છે. આ મન્ત્રના પહેલા પાદમાં કવિ કહે છે કે-''જેણે દ્યુલોકને ઉગ્ર બનાવી છે અને પૃથિવીને દૃઢ કરી છે.'' અહીં **उग्र**નો શબ્દાર્થ 'ઉદ્‌ગૂર્ણ' = બહાર ઓકવામાં આવેલ એવો પણ સૂચવાયો છે. (અર્થાત્ પ્રજાપતિએ પોતાનામાંથી આ દ્યુલોકને સર્જ્યું છે.) પણ રૂઢ-અર્થ લઈએ તો ઉગ્ર = ઝનૂની. આપત્તિ સર્જનાર એવો પણ થઈ શકે. બીજું, બે સ્વરની વચ્ચે આવેલા ઢનો **ळ्ह** થાય છે : **दृ्ऋ+ढ्** (=**ळ्ह**) + **आ = दृळ्हा = दृढा** ।

૨. બીજા પાદમાં **स्वः** પદથી સ્વર્ગલોકનો નિર્દેશ થઈ ગયો છે. તેથી **नाकः**નો (અન્યત્ર સામાન્ય રીતે 'સ્વર્ગ' એવો અર્થ થતો હોવા છતાંય) અહીં સૂર્ય અર્થ લેવો પડશે. સાયણ અને વેલણકરે એવો જ અર્થ લીધો છે. પણ મેકડોનલ કહે છે કે ઋગ્વેદમાં ક્યાંય પણ 'નાક'નો અર્થ 'સૂર્ય' થતો નથી. તેથી અહીં Vault of heaven = ઘુમંડળ' અર્થ લેવો. **येन नाकः**ની પાછળ **स्थिरीकृतः/अवस्थापितः** એવા કોઈક ક્રિયાપદનો અધ્યાહાર લેવો પડશે.

૩. અહીં સ્વર્ગનો વાચક **स्वर्** મૂળમાં રેફાન્ત છે. તેમાંથી સંહિતામાં **स्वः** એવું વિસર્ગાન્ત પદ બન્યું છે. અહીં બે મુદ્દા નોંધપાત્ર છે : **(क) सु+अर = स्वर** । માં 'જાત્ય સ્વતન્ત્ર સ્વરિત' સ્વર આવેલો છે. **(ख)** પદપાઠમાં, 'આ પદ મૂળમાં રેફાન્ત હતું' એવું સ્પષ્ટ કરવા માટે **इति**કરણ કરવામાં આવ્યું છે; અને વળી તેની **स्वः** એવી પુનરુક્તિ (= 'ચર્ચા) પણ કરવામાં આવી છે. આ સમયે **इति** આદ્યુદાત્ત હોવાથી **स्वः**માંના જાત્યસ્વરિતની એક અર્ધીમાત્રા અનુદાત્તની કંપ અનુભવે છે તેથી પદપાઠમાં **स्व१ रिति स्वः** । એવું સ્વરાંકન કરવામાં આવ્યું છે તે નોંધપાત્ર છે.

૪. ત્રીજા પાદમાં 'રજસ્‌નો અર્થ 'જળ' અને **विमानः**નો અર્થ 'નિર્માતા' લેવો એમ સાયણ કહે છે. પણ વેંકટમાધવ 'રજસ્'નો અર્થ તેજસ કરે છે : "જે અન્તરિક્ષમાં તેજનો નિર્માતા છે.' વેલણકરના મતે 'જે અન્તરિક્ષમાં રજસ્-અવકાશનો માપનાર છે' એવો અર્થ થાય છે.

૫. ચોથો પાદ તો દરેક મન્ત્રમાં પુનરાવૃત્ત થતો આવે છે. તેનો અર્થ અને વિવરણ ૧૦-૧૨૧-૧માં જોવું.

यं क्रन्द॑सी॒ अव॑सा तस्तभा॒ने अ॒भ्यैक्षे॑ता॒ मन॑सा॒ रेज॑माने ।
यत्राधि॒ सू॒र उदि॑तो वि॒भाति॒ कस्मै॑ दे॒वाय॑ ह॒विषा॑ विधेम ॥६॥

यम् । क्रन्द॑सी॒ इति॑ । अव॑सा । त॒स्त॒भा॒ने इति॑ । अ॒भि । ऐक्षे॑ताम् । मन॑सा । रेज॑मा॒ने इति॑ ।
यत्र॑ । अधि॑ । सूरः॑ । उत्ऽइ॑तः । वि॒ऽभाति॑ । कस्मै॑ । दे॒वाय॑ । ह॒विषा॑ । वि॒धे॒म॒ ॥६॥

क्रन्दितवान् रोदितवाननयोः प्रजापतिरिति ᵛक्रन्दसी द्यावापृथिव्यौ । श्रूयते हि- 'यदरोदीत्तदनयो रोदस्त्वम्' (तै. ब्रा. २.२.९.४) इति । ते ᵛअवसा रक्षणेन हेतुना लोकस्य रक्षणार्थं ᵛतस्तमाने प्रजापतिना सृष्टे लब्धस्थैर्ये सत्यौ ᵛयं प्रजापतिं ᵛमनसा बुद्ध्या ᵛअभ्यैक्षेताम् आवयोर्महत्त्वमनेन इत्यभ्यपश्येताम् ॥ 'ईक्षा दर्शने' । लङि अडादित्वादाद्युदात्तः । कीदृश्यौ द्यावापृथिव्यौ । ᵛरेजमाने राजामाने दीप्यमाने ॥ आकारस्य व्यत्ययेनैत्वम् । अदुपदेशाल्लसार्वधातुकानुदात्तत्वे धातुस्वरः । यद्वा । लिटः कानच् । 'फणां च सप्तानाम्' (पा. सू. ६.४.१२५) इत्येत्वाभ्यासलोपौ । 'छन्दस्युभयथा' इति सार्वधातुकत्वाच्छप् । अत एव 'अभ्यस्तानामादिः' इत्याद्युदात्तत्वम् ॥ ᵛयत्राधि यस्मिन्नाधारभूते प्रजापतौ ᵛसूरः सूर्यः ᵛउदितः उदयं प्राप्तः सन् ᵛविभाति प्रकाशते ॥ उत्पूर्वादितेः कर्मणि निष्ठा । 'गतिरनन्तरः' इति गतेः प्रकृतिस्वरत्वम् ॥ तस्मै ᵛकस्मै इत्यदि सुज्ञानम् ॥

અનુવાદ (243) : (પ્રજાપતિના) રક્ષણથી (**अवसा**) અતિશય સ્થિર કરવામાં આવેલા (**तस्मभाने**) અને દીપ્યમાન (= પ્રકાશતાં) (**रेजमाने**) એવા તે બે અવાજ કરનારાં (**क्रन्दसी**) (= દ્યાવાપૃથિવી) મનથી ('આણે આપણને સ્થિરતા આપી છે'

એમ) જેને (= જે પ્રજાપતિને) જુવે છે. આધાર રૂપ બનેલા જે (પ્રજાપતિ)ની ઉપર ઉદય પામેલો સૂર્ય વિશેષપણે પ્રકાશે છે, તેવા 'ક' નામના પ્રજાપતિને (અમે) હવિષ્‌થી પૂજીએ છીએ. (૧૦-૧૨૧-૬)

નોંધ : ૧. પહેલા બે પાદને એક જ વાક્ય રૂપે લઈને, તેનો અન્વય આમ કરવાનો છે : **(यस्य) अवसा तस्तभाने रेजमाने क्रन्दसी मनसा यं (प्रजापतिम्) अभ्यैक्षेताम्** । અહીં '**क्रन्दसी** એ દ્વિવચનનું રૂપ છે અને તે 'દ્યાવા-પૃથિવી'નું વાચક છે.'' એવું તૈત્તિરીય બ્રાહ્મણને આધારે સમજાય છે એમ સાયણ કહે છે, તથા **तस्तभाने** અને **रेजमाने** એ બે 'દ્યાવા-પૃથિવી'નાં વિશેષણો છે. અહીં સાયણે **रेजमाने**નો અર્થ 'દીપ્યમાન' કર્યો છે; પણ પ્રા. વેલણકર વગેરેએ 'ધ્રૂજતાં' એવો અર્થ કર્યો છે. **अभि+ऐक्षेताम्** । આ √**क्ष** 'જોવું' ધાતુનું હ્યસ્તન ભૂ. કા. ત્રી. પુ. દ્વિવચનનું રૂપ છે.

૨. ત્રીજા પાદમાં **यत्राधि**નો અર્થ 'આધારરૂપ બનેલા જે (પ્રજાપતિ)ની ઉપર' અથવા 'જેને વિષે' એમ કરવાનો છે.

૩. ચોથો પાદ તો આ સૂક્તની ધ્રુવપંક્તિ છે. તેનો અર્થ પહેલા મંત્રની નોંધમાં આપ્યો છે.

आपो॑ ह॒ यद्बृ॑ह॒तीर्विश्व॒माय॒न् गर्भं॒ दधा॑ना जनय॑न्तीर॒ग्निम् ।
ततो॑ दे॒वानां॒ सम॑वर्त॒तासु॒रेकः॒ कस्मै॑ दे॒वाय॑ ह॒विषा॑
विधेम ॥७॥

आप॑ः । ह॒ । यत् । बृ॒ह॒तीः । विश्व॑म् । आय॑न् । गर्भ॑म् ।
दधा॑नाः । ज॒नय॑न्तीः । अ॒ग्निम् ।
तत॑ः दे॒वाना॑म् । सम् । अ॒व॒र्त॒त॒ । असु॑ः । एक॑ः । कस्मै॑ ।
दे॒वाय॑ । ह॒विषा॑ । वि॒धे॒म॒ ॥७॥

ᵛबृहतीः बृहत्यो महत्यः ॥ जसि 'वा छन्दसि' इति पूर्वसवर्णदीर्घः । 'बृहन्महतोरुपसंख्यानम्' इति ङीप उदात्तत्वम् ॥ ᵛअग्निम् । उपलक्षणमेतत् । अग्न्युपलक्षितं सर्वं वियदादि भूतजातं ᵛजनयन्तीः जनयन्त्यः तदर्थं ᵛगर्भं हिरण्मयाण्डस्य गर्भभूतं प्रजापतिं ᵛदधानाः धारयन्त्यः ᵛआपो ᵛह आप एव ᵛविश्वमायंन् सर्वं जगत् व्याप्नुवन् ᵛयत् यस्मात् ᵛततः तस्माद्धेतोः ᵛदेवानां देवादीनां सर्वेषां प्राणिनाम् ᵛअसुः प्राणभूतः ᵛएकः प्रजापतिः ᵛसमवर्तत समजायत । यद्वा । यत् यं गर्भं दधाना आपो विश्वात्मनावस्थिताः ततो गर्भभूतात्प्रजापतेर्देवादीनां

प्राणात्मको वायुरजायत । अथवा । यत् । लिङ्गवचनयोर्व्यत्ययः । उक्तलक्षणा या आपो विश्वमावृत्य स्थिताः ततस्ताभ्योऽद्भ्यः सकाशादेकोऽद्वितीयोऽसुः प्राणात्मकः प्रजापतिः समवर्तत निश्चक्राम । तस्मै ᵛकस्मै इत्यादि गतम् ॥

અનુવાદ (244) : જ્યારે (હિરણ્મય અંડ રૂપ) ગર્ભને ધારણ કરતાં, અગ્નિ (વગેરે)ને જન્માવતાં એવાં મોટાં પાણી સમગ્ર જગત્‌ને વ્યાપી વળ્યાં; ત્યારે દેવોનો (અર્થાત્ સૌ પ્રાણીઓનો) પ્રાણ (રૂપ બનેલો) તે એક (પ્રજાપતિ) ઉત્પન્ન થયો. 'ક' નામના પ્રજાપતિને (અમે) હવિષ્‌થી પૂજીએ છીએ. (૧૦-૧૨૧-૭)

નોંધ : ૧. **आपः विश्वम् आयन्** । 'પાણી વિશ્વને વ્યાપી વળ્યાં' એ સાદું વાક્ય છે. તેમાં **आपः** કર્તાનાં ત્રણ વિશેષણો છે : **(गर्भं) दधानाः**, **(अग्निम्) जनयन्तीः** અને **बृहतीः** । અહીં **आयन्=व्याप्नुवन्** વ્યાપી વળ્યાં એ ક્રિયાપદમાં **√या** 'જવું' ધાતુનું હ્ય. ભૂ. કા. ત્રી. પુ. બ. વ.નું રૂપ છે. ૨. **ततः देवानाम् असुः एकः समवर्तत** । અહીં 'દેવ' શબ્દ પ્રાણીમાત્રનો વાચક છે; અને 'અસુ'નો અર્થ પ્રાણ-જીવ-છે. અથવા 'પ્રાણાત્મક વાયુ' એવો અર્થ પણ થઈ શકે. અથવા તે જળમાંથી એક અદ્વિતીય અસુ અર્થાત્ પ્રાણાત્મક 'પ્રજાપતિ' ઉત્પન્ન થયા એમ પણ હોઈ શકે. ૩. પ્રા. વેલણકર કહે છે કે અહીં સૃષ્ટિજળમાંથી હિરણ્યગર્ભના જન્મની જ વાત રજૂ થઈ છે, અને તેને અગ્નિની સાથે અભિન્ન ગણ્યો જણાય છે. હવે પછીના આઠમા મંત્રમાં પણ આ જ ઘટનાનું બીજું પાસું રજૂ થશે. આ મંત્રના **अग्निम्** અને **गर्भम्**, તથા આઠમા મંત્રના **दक्षम्** અને **यज्ञम्** શબ્દો એક હિરણ્યગર્ભને માટે જ વપરાયા જણાય છે.

यश्चि॒दापो॑ महि॒ना प॒र्यप॑श्य॒द्दक्षं॒ दधा॑ना ज॒नय॑न्तीर्य॒ज्ञम् ।
यो दे॒वेष्वधि॑ दे॒व एक॒ आसी॒त्कस्मै॑ दे॒वाय॑ ह॒विषा॑ विधेम ॥८॥

यः । चि॒त् । आपः॑ । म॒हि॒ना । प॒रि॒ऽअप॑श्यत् । दक्ष॑म् । दधा॑नाः । ज॒नय॑न्तीः । यज्ञम् ।
यः । दे॒वेषु॑ । अधि॑ । दे॒वः । एकः॑ । आसी॑त् । कस्मै॑ । दे॒वाय॑ । ह॒विषा॑ । वि॒धे॒म॒ ॥८॥

ᵛयज्ञं यज्ञोपलक्षितं विकारजातं ᵛजनयन्तीः उत्पादयन्तीः तदर्थं ᵛदक्षं ᵛआत्मना वर्धिष्णुं प्रजापतिमात्मनि ᵛदधानाः धारयित्रीः ॥ दधातेर्हेतौ शानच् । 'अभ्यस्तानामादिः' इत्याद्युदात्तत्वम् । ईदशीः ᵛआप ।

व्यत्ययेन प्रथमा । अपः प्रलयकालीनाः ᵛमहिना महिम्ना । छान्दसो मलोपः । स्वमाहात्म्येन ᵛयश्चित् यश्च प्रजापतिः ᵛपर्यपश्यत् परितो दृष्टवान् ᵛयः च ᵛदेवेष्वधि देवेषु मध्ये ᵛदेवः तेषामपीश्वरः सन् ᵛएक अद्वितीयः ᵛआसीत् भवति ॥ अस्तेश्छान्दसो लङ् । 'अस्तिसिचोऽपृक्ते (पा. सू. ७.३.९६) इतीडागम ॥ तस्मै ᵛकस्मै इत्यादि गतम् ॥

અનુવાદ (245) : દક્ષને (પ્રપંચ રૂપે વધી રહેલા પ્રજાપતિને, અથવા સૂર્યને) ધારણ કરતાં અને યજ્ઞને જન્માવતાં પાણીને જેણે (= જે પ્રજાપતિએ) (પોતાના) મહિમાથી જોયાં છે; જે દેવોની અંદર અધીશ્વર **(अधि)** હોવા ઉપરાંત એક (=અદ્વિતીય) દેવ હતો/છે. તેવા 'ક' નામના પ્રજાપતિ દેવને (અમે) હવિષ્‌થી પૂજીએ છીએ. (૧૦-૧૨૧-૮)

નોંધ : ૧. સાતમા મંત્રની જેમ અહીં પણ અનુવાદમાં પહેલાં બીજા પાદને લઈને, **यः (प्रजापतिः) आपः = अपः पर्यपश्यत्** । એવું વાક્ય લેવાનું છે. સાયણ સૂચવે છે કે **आपः** એવા પ્રથમાન્ત પદને **अपः** એમ વિભક્તિવ્યત્યય કરીને દ્વિતીયાન્ત રૂપે ફેરવવાનું છે; એટલે કે તેને **पर्यपश्यत्** ક્રિયાપદનું કર્મ બનાવવાનું છે, તથા **(दक्षं) दधानाः, (यज्ञम्) जनयन्तीः**ને તે **आपः = अपः**નાં વિશેષણ ગણવાનાં છે. ૨. વેંકટે **दक्षम्**—નો 'સૂર્ય' અર્થ લીધો છે. ૩. **यज्ञम्**નો અર્થ સાયણે 'યજ્ઞસંબંધી વિકારસમૂહ' કર્યો છે. પણ ઉપર નોંધ્યું છે તેમ પ્રા. વેલણકરના મતે આ બે શબ્દો પણ પ્રજાપતિનો જ ઉલ્લેખ કરે છે એમ માનવું. આ મંત્રમાં પ્રજાપતિએ પોતે જ પોતાની ઉત્પત્તિ પ્રક્રિયા કેવી રીતે અધ્યક્ષ રૂપે જોઈ એનું નિરૂપણ છે. ૩. ચોથો પાદ પુનરાવૃત્તિ છે.

मा नो॑ हिंसीज्जनि॒ता यः पृ॑थि॒व्या यो वा॒ दिवं॑ स॒त्यध॑र्मा
ज॒जान ।
यश्चा॒पश्च॒न्द्रा बृ॑हतीर्ज॒जान॒ कस्मै॑ दे॒वाय॑ ह॒विषा॑ विधेम ॥९॥

मा । न॒ः । हि॒ंसी॒त् । ज॒नि॒ता । यः । पृ॒थि॒व्याः । यः । वा॒ । दिवं॑म् । स॒त्यऽध॑र्मा । ज॒जान॑ ।

यः । च॒ । अ॒पः । च॒न्द्राः । बृ॒ह॒तीः । ज॒जान॑ । कस्मै॑ । दे॒वाय॑ । ह॒विषा॑ । वि॒धे॒म॒ ॥९॥

स प्रजापतिः ᵛनः अस्मान् ᵛमा ᵛहिंसीत् मा बाधताम् । ᵛयः ᵛपृथिव्याः भूमेः ᵛजनिता जनयिता स्रष्टा ॥ 'जनिता मन्त्रे' इति णिलोपो निपात्यते । 'उदात्तयणो हल्पूर्वात्' इति पृथिवीशब्दाद्विभक्तेरुदात्तत्वम् ।

ᵛयो ᵛवा यश्च ᵛसत्यधर्मा सत्यमवितथं धर्म जगतो धारणं यस्य स तादृशः प्रजापतिः ᵛदिवम् अन्तरिक्षोपलक्षितान् सर्वान् लोकान् ᵛजजान जनयामास ॥ 'जनी प्रादुर्भावे' । णिचि वृद्धो 'जनीजृष्क्नसुरञ्जः' इति मित्त्वात् 'मितां ह्रस्वः' इति ह्रस्वत्वम् । ततो लिटि 'अमन्त्रे' (पा. सू. ३.१.३५) इति निषेधादामप्रत्ययाभावे तिपो णलि वृद्धौ 'लिति' इति प्रत्ययात्पूर्वस्योदात्तत्वम् ॥ ᵛयश्च ᵛबृहतीः महतीः ᵛचन्द्राः आह्लादिनीः ᵛअपः उदकानि ᵛजजान जनयामास ॥ ऊडिदम्' इत्यादिना अप्शब्दानुदत्तरस्य शस उदात्तत्वम् ॥ तस्मै ᵛकस्मै इत्यादि गतम् ॥

इळादधाख्य इष्टयचने प्राजापत्यस्य हविषः 'प्रजापते' इत्येषानुवाक्या । सूत्रितं च—'प्राजापत्य इळादधः प्रजापते न त्वदेतान्यन्यः' (आश्व.श्रौ. २.१४) इति । केशनखकीटादिभिः दुष्टानि हवींष्यनयैवाप्सु प्रक्षिपेत् । सूत्रितं च- 'अपोऽभ्यवहरेयुः प्रजापते न त्वदेतान्यन्यः' (आश्व. श्रौ. ३.१०) इति । चौलादिकर्मस्वप्येषा होमार्था । सूत्रितं च – 'तेषां पुरस्ताच्चतस्र आज्याहुतीर्जुहुयादग्न आयूंषि पवस इति तिसृभिः प्रजापते न त्वदेतान्यन्य इति च' (आश्व. गृ. १.४.४) इति ॥

અનુવાદ (246) : જે પૃથિવીનો જન્મદાતા છે તે અમારી હિંસા ના કરો; જે સત્યધર્મા (પ્રજાપતિ)એ દ્યુલોક (વગેરે)ને જન્માવ્યા છે. તથા જેણે આહ્લાદકારી અને વિશાળ જળને જન્માવ્યાં છે તે 'ક' નામના પ્રજાપતિ દેવને (અમે) હવિષ્‌થી પૂજીએ છીએ. (૧૦-૧૨૧-૯)

નોંધ : ૧. यः पृथिव्याः जनिता (अस्ति, सः) नः (= अस्मान्) मा हिंसीत् । જે પૃથિવીને જન્માવનારો છે, તે અમારી હિંસા ન કરે. પહેલો પાદ સ્વયં પર્યાપ્ત છે. ૨. यः सत्यधर्मा दिवं जजान । અહીં 'સત્યધર્મા' શબ્દના પૂર્વપદમાં ઉદાત્તસ્વર છે તેથી તેને બહુવ્રીહિ સમાસ ગણવાનો છે : 'જેનું જગત્‌ને ધારણ કરવું સત્ય છે તે,' અર્થાત્ પ્રજાપતિ(નું આ વિશેષણ છે). વળી, दिवम्‌ને = દ્યુલોકને અન્ય લોકના ઉપલક્ષણ તરીકે લેવાનો છે. એટલે કે ''જેણે (પ્રજાપતિએ) દ્યુલોક, અન્તરિક્ષલોક અને પૃથિવીલોકને ઉત્પન્ન કર્યા છે'' એમ અર્થ સમજવાનો છે. ૩. यः चन्द्राः बृहतीः अपः जजान । જેણે ચન્દ્ર = ચમકતાં/આહ્લાદકારી અને મોટાં/વિશાળ એવાં પાણીને જન્માવ્યાં છે. (વેદમાં चन्द्रः શબ્દનો લગભગ આવો જ અર્થ થતો જોવા મળે છે તે નોંધપાત્ર છે.)

प्रजा॑पते॒ न त्वदे॒तान्य॒न्यो विश्वा॑ जा॒तानि॒ परि॒ ता
ब॑भूव ।
यत्का॑मास्ते जुहुमस्तन्नो॑ अस्तु व॒यं स्या॑म॒ पत॑यो
रयी॒णाम् ॥१०॥

प्रजाप॑ते॒ न त्वदे॒तान्य॒यो विश्वा॑ जा॒तानि॒ परि॒ ता ब॑भूव
यत्का॑मास्ते जुहु॒मस्तन्नो॑ अस्तु व॒यं स्या॑म॒ पत॑यो
र॒यीणाम् ॥१०॥

प्रजा॑पते॒ न त्वदे॒तान्य॒यो विश्वा॑ जा॒तानि॒ परि॒ ता ब॑भूव ।
यत्का॑मास्ते जुहु॒मस्तन्नो॑ अस्तु व॒यं स्या॑म् पत॑यो रयी॒णाम् ॥१०॥

हे ᵛप्रजापते ᵛतवत् त्वत्तोऽन्यः कश्चित् ᵛएतानि इदानीं वर्तमानानि ᵛविश्वा विश्वानि सर्वाणि ॥ 'शेश्छन्दसि बहुलम्' इति शेर्लोपः ॥ ᵛजातानि प्रथमविकारभाञ्जि ᵛता तानि सर्वाणि भूतजातानि ᵛन ᵛपरि ᵛबभूव न परिगृह्णाति । न व्याप्नोति । त्वमेवैतानि परिगृह्य स्रष्टुं शक्नोषीति भावः । परिपूर्वो भवतिः परिग्रहार्थः । वयं च ᵛयत्कामाः यत्फलं कामयमानाः ᵛते तुभ्यं ᵛजुहुमः हवींषि प्रयच्छामः ᵛतत् फलं ᵛनः अस्माकम् ᵛअस्तु भवतु । तथा ᵛवयं च ᵛरयीणां धनानां ᵛपतयः ईश्वराः ᵛस्याम भवेम ॥ 'नामन्यतरस्याम्' इति नाम उदात्तत्वम् ॥ ॥४॥

અનુવાદ **(247)** : હે પ્રજાપતિ ! તમારા સિવાય બીજો કોઈ આ (સામે વર્તમાન) અને તે સઘળાં જન્મેલાં (ભૂતાદિ)ની આસપાસ ફેલાઈને રહેલ ન હતો. જે (ફળ)ની કામના કરતાં (અમે) તને ઉદ્દેશીને હવિષ્ આપીએ છીએ, તે (ફળ) અમને મળો. અમે ધનોના માલિક બનીએ. (૧૦-૧૨૧-૧૦)

નોંધ : ૧. આ મંત્રનો પદપાઠ મળતો નથી. તેથી વિદ્વાનો એમ માને છે કે ઋગ્વેદમાં આ ઋચાનું સંકલન પાછળના સમયમાં થયું હશે.[1] ૨. આશ્વલાયન શ્રૌતસૂત્ર અને ગૃહ્યસૂત્રને આધારે સાયણ એમ કહે છે કે કેશ-નખ-કીડી વગેરેથી દુષિત થયેલા હવિષ્‌ને, આ ઋચા બોલીને પાણીમાં પધરાવવામાં આવે છે તથા ચૌલકર્માદિના હોમમાં પણ આ ઋચા વપરાય છે. ૩. **પ્રજાપતે** એ સંબોધન પદ હોવા છતાંય પાદના આરંભે હોવાથી, **પ્ર**માં ઉદાત્ત સ્વર જોવા મળે છે. ૪. **પરિબભૂવ**નોઅર્થ ચારે તરફ ફેલાયેલ. વેંકટમાધવ કહે છે કે આરાઓની આસપાસ જેમ ચક્ર વીંટળાયેલું હોય છે તેમ, હે પ્રજાપતિ ! તમારા સિવાય બીજો કોઈ (દેવ) આ ભૂતોને ચારે તરફથી વીંટળાયેલો નથી. ૫. **જુહુમઃ**–હવિષ આપીએ છીએ, હવિષ્‌ની આહુતિ આપીએ છીએ, હોમ કરીએ છીએ. ૬. **તે=તુભ્યમ્=** તને

---

(૧) ટિળક વૈદિક સંશોધન મંડળ, પૂના દ્વારા પ્રકાશિત (શક : ૧૮૬૮) ઋગ્વેદસંહિતા (સાયણભાષ્ય સહિત)માં આ ઋચાનો પદપાઠ આપ્યો નથી. પણ વિશ્વેશ્વરાનન્દ વૈદિક શોધ સંસ્થાન, હોશિયારપુર દ્વારા પ્રકાશિત (વિ. ૨૦૨૨) ઋગ્વેદ (ભાગ-૭)માં આનો પદપાઠ આપ્યો છે.

ઉદ્દેશીને, ૭. **रयीणाम्**–ધનોના, **रयि** એ ધનનું નામ છે. ૮. આ છેલ્લા મંત્રમાં સમગ્ર સૂક્તના પ્રધાન દેવતા 'પ્રજાપતિ'નો ઉલ્લેખ આવે છે, આ શબ્દ ''સૃષ્ટિના સર્જક''/ ''પ્રજાનો પતિ'' અર્થનો વાચક છે.

10.123 (1 to 8)

વેન દેવતા

'अयं वेनः' इत्यष्टर्चमेंकादशं सूक्तं भार्गवस्य वेनस्यार्षं त्रैष्टुभम् । वेनो देवता । तथा चानुक्रान्तम् - 'अयं वेनो वैन्यम्' इति । प्रवर्ग्येऽभिष्टव आद्यानुवक्तव्या । सूत्रितं च – स्रक्वे द्रप्सस्यायं वेनश्चोदयत्पृश्निगर्भाः' (आश्व. ४.६) इति । वैश्वदेवशस्त्रेऽप्येषा धाय्या । सूत्रितं च–'तक्षन्थमयं वेनश्चोदयत्पृश्निगर्भाः' (आश्व. श्रौ. ५.१८) इति ॥

વેન ભાર્ગવ નામના ઋષિએ જોયેલું (રચેલું) આ સૂક્ત આઠ ઋચાઓનું બનેલું છે. તેમાં 'વેન' નામના દેવતાની સ્તુતિ કરવામાં આવી છે. વેંકટમાધવ અને સાયણાચાર્યે તેમના ભાષ્યોમાં ''આ વેન તે મધ્યમ સ્થાન-અન્તરિક્ષ-નો દેવતા છે.'' એવી સમજૂતી આપી છે. પણ મધ્યમસ્થાનમાં તો અનેક દેવતાઓ ગણાવવામાં આવ્યા છે. તેથી અર્વાચીન સમયમાં 'આ 'વેન' શબ્દથી કયો ચોક્કસ દેવતા અભિપ્રેત હશે ?' એ વિષે અનેક મતો રજૂ થયા છે : ૧. વિલ્સનના મતે-વેન તે જળ અને વિદ્યુત્ યુક્ત વાદળ છે; ૨. વાન રૉથ (અને એમને અનુસરીને ગ્રાસમેન) કહે છે કે તે મેઘધનુષ્યનો વાચક છે; ૩. લુડ્વીગ્ના મતે 'વેન' તે ચન્દ્રમા છે, અને 'ગન્ધર્વ' તે સૂર્ય છે; ૪. શુક્લ યજુર્વેદમાં, આ સૂક્તનો પહેલો મંત્ર પુનરુક્ત થયો છે. ત્યાં ભાષ્યકાર મહીધરે 'વેન'નો અર્થ 'ચંદ્રમા' કર્યો છે; અને ૫. ગ્રીફીથના મતે તે 'સ્પૃહણીય સૂર્ય'નો વાચક છે. તેમણે ઋ. ૧-૮૩-૫ **ततः सूर्यो व्रतपा वेन आजनि** । મંત્ર તરફ ધ્યાન દોરીને વેન એટલે સૂર્ય એવો અર્થ લીધો છે. પણ સાથે સાથે તેમણે એમ પણ કહ્યું છે કે ઋગ્વેદનાં કેટલાંક દુર્બોધતમ (obscurest) સૂક્તોમાંનું આ એક (૧૦-૧૨૩) છે.

આ સૂક્તમાં આવેલા મંત્રોને જોતાં એવું જણાય છે કે વેન દેવતા એ સૂર્યમાંની, કે વીજળીથી ચમકતા વાદળમાંની કોઈક શક્તિ છે, જે અન્તરિક્ષનાં જળને પૃથિવી ઉપર વરસવા પ્રેરી રહેલ છે. ચોથા અને સાતમા મંત્રમાં આ વેનને માટે 'ગન્ધર્વ' શબ્દ વપરાયો છે; જેનો અર્થ છે ગો = પાણીને ધારણ કરનાર દેવ. આવો ગન્ધર્વ વેન જળને પ્રેરે છે. આ જળને માટે ત્રણ સૂચક વિશેષણો અહીં વપરાયા છે; **अमृतानि, प्रियाणि** અને **नाम** અર્થાત્ વેન એવાં જળને પૃથિવી ઉપર મોકલે છે જે ૧. અમરણમાં હેતુભૂત, અર્થાત્ પૃથિવી લોકના પ્રાણીઓને જીવાડનાર ૨. પ્રાણીજગત્ને પ્રિય અર્થાત્ અનુકૂળ થઈ પડનારાં અને ૩. નમનશીલ અર્થાત્ ઢાળ તરફ/નીચેના પ્રદેશમાં જનારાં હોય છે.

ઋષિ : ભાર્ગવ વેન, દેવતા : વેન, છન્દ : ત્રિષ્ટુપ્

अ॒यं वे॒नश्चो॑दय॒त्पृश्नि॑गर्भा॒ ज्योति॑र्जरायू॒ रज॑सो वि॒माने॑ ।
इ॒म॒मपां सं॑ग॒मे सूर्य॑स्य॒ शिशुं॒ न विप्रा॑ म॒तिभी॑ रिहन्ति ॥१॥

अ॒यम् वेनः चोदयत् । पृश्नि॑ऽगर्भाः । ज्योति॑ःऽजरायुः । रज॑सः । विऽमाने॑ ।

इ॒मम् । अ॒पाम् । स॒म्ऽग॒मे । सूर्य॑स्य । शिशु॑म् । न । विप्रा॑ः । म॒तिऽभिः॑ । रि॒ह॒न्ति॒ ॥ १ ॥

ᵛवेनः कान्त एतत्संज्ञो मध्यस्थानो देवः ᵛज्योतिर्जरायुः । ज्योतिर्द्योतमानो मेघो जरायुः । उदरे गर्भो येन वेष्टितोऽवतिष्ठते तज्जरायु । तदिव वेष्टको यस्य स तथोक्तः । मेघमध्ये गर्भवदवस्थित इत्यर्थः । ᵛविमाने । विमीयन्ते निर्मीयन्ते अस्मिन्नाप इति विमानमन्तरिक्षम् । ᵛरजसः उदकस्य निर्मातर्यन्तरिक्षे स्थितः सन् ᵛअयं वेनः ᵛपृश्निगर्भाः । पृश्निरादित्यः । तस्य गर्भभूताः । यद्वा । पृश्नयः सप्तोज्ज्वलवर्णाः सूर्यरश्मयः तेषां गर्भभूता अन्तरिक्षस्था अपः ᵛचोदयत् । पृथिवीं प्रति प्रेरयति । ᵛअपाम् उदकानामान्तरिक्ष्याणां ᵛसूर्यस्य च ᵛसंगमे संगमनेऽन्तरिक्षे स्थितम् ᵛइमं वेनं ᵛविप्राः मेधाविनः स्तोतारः ᵛमतिभिः स्तुतिभिः ᵛरिहन्ति । रिहतिरर्चतिकर्मा । अर्चन्ति । पूजयन्ति । स्तुवन्तीत्यर्थः ᵛशिशुं ᵛन । यथा बालं पुत्रं मातापित्राद्या बान्धवाः स्तुतिपदैरुपलालयन्ति तद्वत् ॥

तस्मिन्नेवाभिष्टवे 'समुद्रादूर्मिम्' इत्येषा । सूत्र्यते हि—'समुद्रादूर्मिमुदियर्ति वेनो द्रप्सः समुद्रमभि यज्जिगाति' (आश्व. श्रौ. ४. ७) इति ॥

અનુવાદ (248) : પાણીનું **(रजसः)** નિર્માણ કરનારા (અન્તરિક્ષ)માં **(विमाने)** આ વેન (= કમનીય કાન્તિવાળો દેવ), કે જે જ્યોતિ (= મેઘ/વીજળી) રૂપી ઓર (= જરાયુ)થી વીંટળાયેલો છે તે, પૃશ્નિ (= સૂર્ય)ના ગર્ભ રૂપ (જળ)ને પ્રેરે છે. [અથવા- પૃશ્નિ (= અન્તરિક્ષ)તા ગર્ભ રૂપ જળને પ્રેરે છે.] પાણી(ઓ)ના અને સૂર્યના સંગમ પ્રદેશમાં (= અન્તરિક્ષમાં) (રહેલા) આ (વેન)ને, વિપ્રો (= મેધાવીઓ) જેમ શિશુને (વિવિધ વાણીથી લાડ લડાવે છે) તેમ બુદ્ધિથી = સ્તુતિઓથી ચાટે છે = પૂજે છે.

૧૦-૧૨૩-૧

નોંધ : ૧. આ સૂક્તમાં 'વેન' નામના દેવતાની સ્તુતિ કરવામાં આવી છે. નિરુક્ત (૧૦-૪)માં તેને મધ્યમ-સ્થાનનો = અન્તરિક્ષલોકનો દેવતા ગણાવ્યો છે.

ત્યાં 'વેન'નો શબ્દાર્થ કાન્ત = સ્પૃહણીય, 'કાન્તિવાળો', 'ચમકતો' એવો બતાવ્યો છે; તેથી સંભવતઃ આ વેન દેવતા એટલે સૂર્ય પોતે અથવા શુક્રનો ગ્રહ કે ચન્દ્રમા હશે એમ અનુમાની શકાય. ૨. પહેલા બે પાદમાં પદાન્વય આમ છે : **रजसः विमाने (= अन्तरिक्षे), अयं ज्योतिर्जरायुः वेनः, पृश्निगर्भाः (अपः), चोदयत् (= प्रेरयति)** । અહીં **ज्योतिर्जरायुः** શબ્દ બહુવ્રીહિ સમાસ છે, અને સાયણ મુજબ 'વેન'નું વિશેષણ છે : 'જ્યોતિ અર્થાત્ મેઘ કે વિદ્યુત્ છે જરાયુ જેનું'. 'જરાયુ' એટલે ગર્ભ જેનાથી વીંટળાયેલો હોય છે તે ઓર. એટલે કે જે મેઘ રૂપી જરાયુ (= ઓર)થી વીંટળાયેલો છે તે વેન. એ જ પ્રમાણે **पृश्निगर्भाः** એ પણ બહુવ્રીહિ સમાસ છે અને 'જળ'નું વિશેષણ છે. અહીં 'પૃશ્નિ'નો અર્થ 'સૂર્ય' છે (પ્રકૃષ્ટ લાલ વર્ણ જેણે પ્રાપ્ત કર્યો છે તે 'પૃશ્નિ'-એવું નિરુક્ત કહે છે.) આ સૂર્યના જે ગર્ભ રૂપ બનેલ છે તે જળને 'પૃશ્નિ ગર્ભ કહે છે. સાયણ પૃશ્નિનો એક અર્થ 'સાત ઉજ્જવલ વર્ણવાળા સૂર્યનાં કિરણો' એવો પણ કરે છે. આ સૂર્ય રશ્મિના જે ગર્ભ રૂપ બનેલાં પાણી છે તેને 'પૃશ્નિગર્ભ' કહે છે. (સૂર્ય કિરણોથી શોષાયેલાં, વરાળ રૂપે ઉપર ચઢેલાં અને વાદળમાં સંગ્રહાયેલાં પાણીને અહીં સૂર્યના ગર્ભ રૂપ = 'પૃશ્નિગર્ભ' કહ્યાં છે.) આવાં પાણીને વેન નામનો દેવતા પૃથિવી ઉપર વરસવા માટે પ્રેરે છે.

૩. છેલ્લા બે પાદનો અન્વય આમ થશે : **अपां सूर्यस्य च संगमे (= संगमनस्थाने) विप्राः इमं (वेनं), शिशुम् न (= इव), मतिभिः रिहन्ति = अर्चन्ति** । પાણી અને સૂર્યનો જ્યાં સંગમ થાય છે ત્યાં, અર્થાત્ અન્તરિક્ષમાં, વિપ્રો આ વેનને શિશુને જેમ લાડભરી વાણીથી ખૂશ કરવામાં આવે છે તેમ = **मतिभिः** સ્તુતિઓથી **रिहन्ति = लिहन्ति** = ચાટે છે, પૂજે છે, અર્ચે છે.

स॒मु॒द्रादू॒र्मिमुदि॑यर्ति वे॒नो न॑भो॒जाः पृ॒ष्ठं ह॑र्य॒तस्य॑ दर्शि ।
ऋ॒तस्य॒ सान॒ावधि॑ वि॒ष्टपि॒ भ्राट् स॑मा॒नं योनि॑म॒भ्य॑नूषत॒ व्राः ॥२॥

स॒मु॒द्रात् । ऊ॒र्मिम् । उत् । इ॒य॒र्ति॒ । वे॒नः । न॒भः॒ऽजाः । पृ॒ष्ठम् । ह॒र्य॒तस्य॑ । द॒र्शि॒ ।
ऋ॒तस्य॑ । सानौ॑ । अधि॑ । वि॒ष्टपि॑ । भ्राट् । स॒मा॒नम् । योनि॑म् । अ॒भि । अ॒नू॒ष॒त॒ । व्राः ॥२॥

समुद्द्रवन्त्यस्मादाप इति समुद्रमन्तरिक्षम् । तस्मात् ᵛऊर्मिं जलसमूहम् अयं वेनः ᵛउदियर्ति उद्गमयति । अधः पातयतीत्यर्थः । कीदृशः । ᵛनभोजाः । नभस्याकाशे....। इमं वेनमभि शब्दायन्ते ॥ 'नु स्तुतौ' । कुटादिः । छान्दसो लुङ् ॥

અનુવાદ (395) : આકાશમાંથી જન્મેલો આ વેન સમુદ્રમાંથી = અન્તરિક્ષમાંથી જળસમૂહને પ્રેરે છે (= વરસાવે છે); સ્પૃહણીય એવા (**हर्यतस्य**) આ (વેન)ની પીઠ દેખાય છે. જળના સ્થિર શિખર ઉપર (તે વેન) શોભે છે. (જન)-સમૂહો [અથવા સ્તુતિના સમૂહો] સમાન સ્થાનવાળા આ (વેન)ને બોલાવે છે. (સ્તવે છે.)

(૧૦-૧૨૩-૩)

નોંધ : ૧. આ મંત્રના ઉત્તરાર્ધ્ ઉપર સાયણનું ભાષ્ય મળતું નથી, તેથી વેંકટમાધવની મદદથી આનો અનુવાદ કર્યો છે. ૨. પૂર્વઅર્ધર્ચમાં બે વાક્યો છે : **नभोजाः वेनः समुद्राद् (= अन्तरिक्षात्) ऊर्मिम् उत् इयर्ति (=प्रेरयति ।** તથા **अस्य हर्यतस्य (वेनस्य) पृष्ठं दर्शि ।।** અહીં **हर्यतस्य** એટલે 'દર્શનીય' કે 'સ્પૃહણીય'. ૩. ત્રીજા પાદમાં **विष्टपिने सानौ (= शिखरे)**નું વિશેષણ ગણીએ તો ઉપર મુજબ અર્થ થાય. ૪. ચોથા પાદમાં **व्राः (व्राताः = संघाः) समानं योनिं (वेनम्) अभ्यनूषत ।** એવો પદક્રમ લેવાનો છે. અહીં **अभि+नु स्तुतौ** ધાતુ છે. તેથી તે ક્રિયાપદના અર્થો '(તેને) બોલાવે છે', અથવા '(તેને) સ્તવે છે' એમ થશે.

स॒मा॒नं पू॒र्वीर॒भि वा॑वशा॒नास्तिष्ठ॑न् व॒त्यस्य॑ मा॒त॒रः सनी॑ळाः ।
ऋ॒तस्य॒ साना॒वधि॑ च॒क्रमा॒णा रि॒हन्ति॒ मध्वो॑ अ॒मृत॑स्य॒ वाणीः॑ ॥३॥

स॒मा॒नम् । पू॒र्वीः । अ॒भि । वा॒व॒शा॒नाः । तिष्ठ॑न् । व॒त्सस्य॑ । मा॒त॑रः । सऽनी॑ळाः ।
ऋ॒तस्य॑ । सानौ॑ । अधि॑ । च॒क्र॒मा॒णाः । रि॒हन्ति॑ । मध्वः॑ । अ॒मृत॑स्य । वाणीः॑ ॥३॥

ᵛपूर्वीः बह्वयः ᵛसमानं वेनस्यात्मनश्च साधारणं स्थानं प्राप्य ᵛअभि ᵛवावशानाः अभितः शब्दायमानाः । यदा । तमेव वेनमभिकामयमानाः । ᵛवत्सस्य वत्सस्थानीयस्य वैद्यूताग्नेः ᵛमातरः मातृभूताः ᵛसनीळाः समाननिलया एवंविधा आन्तरिक्ष्या आपः ᵛतिष्ठन् तिष्ठन्ति । अपि च ᵛऋतस्य उदकस्य ᵛसानावधि सानौ समुच्छ्रितेऽन्तरिक्षस्थाने ᵛचक्रमाणाः प्रवर्तमानाः ᵛमध्वः मधुरस्य ᵛअमृतस्य उदकस्य ᵛवाणीः वाण्यः शब्दाः ᵛरिहन्ति इमं वेनमर्चन्ति । अलंकुर्वन्तीत्यर्थः ॥

અનુવાદ (250) : એક સરખા આ (વેન)ની (**समानम्**) કામના કરતાં

(**वावशानाः**) ઘણાં બધાં (**पूर्वीः**) આ (અંતરિક્ષનાં) જળ, કે જે વત્સના (= વત્સ રૂપ વૈદ્યુતાગ્નિના) માતા સ્વરૂપ બનેલાં અને સમાન નિલય (= નિવાસસ્થાન) વાળાં (**सनीळाः**) છે, તે (જળ) ઊભાં છે. જળના શિખર પ્રદેશમાં (= અંતરરિક્ષમાં) ચાલનારી એવી મધુર જળની વાણીઓ (આ વેનને) સ્પર્શે છે-અર્ચે છે.

(૧૦-૧૨૩-૩)

નોંધ : ૧. પહેલા બે પાદમાં આવું વાક્ય છે : **समानं (=वेनं) वावशानाः, पूर्वीः, वत्सस्य मातरः, सनीळाः (= आन्तरिक्ष्याः आपः) तिष्ठन्** । અહીં **समानं**ને 'વેન'નું વિશેષણ લેવું એમ વેંકટમાધવ અને સાયણ કહે છે. (સાયણે **समानं** પછી **स्थानं** અને **प्राप्य** એવાં બે પદોનો અધ્યાહાર પણ લઈ શકાય એવો વિકલ્પ પણ વિચાર્યો છે; પણ તે બહુ પ્રતીતિકર લાગતો નથી.) એ પછીનાં બધાં પદો 'અંતરિક્ષનાં જળ' = **आपः**નાં વિશેષણ તરીકે લેવાનાં છે. **तिष्ठन्**એ **√स्था** ૧લા ગણ, પરસ્મૈપદનું સંકેતાર્થ, ત્રી. પુ. બ. વ.નું રૂપ છે.

૨. છેલ્લા બે પાદમાં, સાયણ મુજબ આવું વાક્ય છે : **ऋतस्य सानौ चक्रमाणाः, मध्वः अमृतस्य वाणीः (इमं वेनं) रिहन्ति** । 'ऋत' અને 'અમૃત' શબ્દો જળના વાચક છે. **सानौ**- શિખર ઉપર, **मध्वः**- 'મધુ' શબ્દનું ષષ્ઠી વિ. એ. વ. **मध्वः** । અહીં વેંકટમાધવે **मध्वः अमृतस्य**માં ચતુર્થ્યર્થે ષષ્ઠી ગણીને વાક્યાર્થ આમ કર્યો છે : ''જળના આવાસમાં ફરનારી એવી આ વાણીઓ = સ્તુતિવચનો માદક એવાં ઉદકને મેળવવા માટે (આ વેનને) ચાટે છે, અર્ચે છે, પૂજે છે.'' બંને ભાષ્યકારોએ **इमं वेनं**નો અધ્યાહાર લીધો છે.

जा॒नन्तो॑ रू॒पम॑कृपन्त॒ विप्रा॑ मृ॒गस्य॒ घोषं॑ महि॒षस्य॒ हि ग्मन् ।
ऋ॒तेन॒ यन्तो॒ अधि॒ सिन्धु॑मस्थुर्वि॒दद्ग॑न्ध॒र्वो अ॒मृता॑नि॒ नाम॑ ॥४॥

जा॒नन्तः॑ । रू॒पम् । अ॒कृ॒प॒न्त॒ । विप्राः॑ । मृ॒गस्य॑ । घोष॑म् । म॒हि॒षस्य॑ । हि । ग्मन् ।
ऋ॒तेन॑ । यन्तः॑ । अधि॑ । सिन्धु॑म् । अ॒स्थु॒ः । वि॒दत् । ग॒न्ध॒र्वः॑ । अ॒मृता॑नि । नाम॑ ॥४॥

ᵛविप्राः मेधाविनः स्तोतारोऽस्य वेनस्य ᵛरूपं ᵛजानन्तः ᵛअकृपन्त स्तुवन्ति । कृपतिः स्तुतिकर्मा । कथमस्य रूपं जानन्तीत्यत आह ।

vमृगस्य अन्वेषणीयस्य vमहिषस्य । महन्नामैतत् । महतो वेनस्य vघोषं गर्जितलक्षणं मेघस्थं शब्दं vहि यस्मात् vग्मन् अभिगच्छन्ति अतस्तदीयं रूपं जानन्तीत्यर्थः ॥ गमेश्छान्दसे लङि 'बहुलं छन्दसि' इति शपो लुक् । 'गमहन' इत्युपधालोपः । 'बहुलं छन्दस्यमाङ्योगेऽपि' (पा. सू. ६. ४. ७५) इत्यडभावः । अपि च vऋतेन सत्यभूतेन स्तोत्रेण यज्ञेन वा vयन्तः तं वेनं गच्छन्तः प्राप्नुवन्तो जनाः vसिन्धुं स्यन्दनशीलं जलसमूहम् vअधि vअस्थुः अधितिष्ठन्ति । तेषां स वेनो वृष्टिं करोतीत्यर्थः । तत्र किं कारणमिति चेत् यतोऽयं vगन्धर्वः गवामुदकानां धर्ता वेनः vअमृतानि अमरणहेतुभूतानि vनाम । उदकनामैतत् । नमनशीलानि उदकानि vविदत् वेद जानाति । तस्य वशे वर्तन्त इत्यर्थः ।

અનુવાદ (251) : (આ વેનનું) રૂપ જાણતા વિપ્રો (એની) સ્તુતિ કરે છે (**अकृपन्त**). કારણ કે (તે વિપ્રો) આ મહાન (**महिषस्य**) અને અન્વેષણીય (**मृगस्य**) એવા એ (વેન)ના (વાદળામાં રહેલા) ઘોષ = અવાજની તરફ જાય છે. (**ग्मन्**) (=એ વેનના ગર્જનારૂપ અવાજને ઓળખે છે). ऋतथी (= સત્યભૂત સ્તોત્રથી, કે યજ્ઞથી) (એ વેન તરફ) જતાં (માણસો) (**यन्तः**), સિન્ધુ (= જલસમૂહ)ને આશ્રયે ઊભા રહે છે (**अधि अस्थुः**). એ ગંધર્વ (= વેન) અમરણમાં કારણભૂત (**अमृतानि**) અને નમનશીલ (**नाम**) એવાં (જળ)ને જાણે છે (અર્થાત્ એ જળ એને વશ રહેલાં છે.) (૧૦-૧૨૩-૪)

નોંધ : ૧. આ મંત્રમાં ચારેય પાદને સ્વતંત્ર એકમ તરીકે લઈ શકાય છે. તે દરેકમાં એક-એક ક્રિયાપદ જોઈ શકાય છે. ૨. પહેલા પાદમાં (**वेनस्य**) **रूपं जानन्तः विप्राः (तं वेनं) अकृपन्त** । એવું વાક્ય છે. અહીં √**कृप्-कृपति= स्तौति** ધાતુનું હ્ય. ભૂ. કા. ત્રી. પુ. બ. વ.નું રૂપ છે. ૩. **हि (यस्मात्) महिषस्य (= महतः) मृगस्य (वेनस्य) घोषं (= मेघस्थं शब्दं) ग्मन** । અહીં વેનનાં બે વિશેષણો છે. **महिष** એ **महत्**નું એક પર્ય્યાયવાચી નામ છે એમ ભાષ્યકારો કહે છે. √**मृग्** 'શોધવું' અર્થવાળા ધાતુ ઉપરથી **मृग्यते स मृगः** (વનમાં) જેને શોધવો પડે છે તે મૃગ' એવી વ્યુત્પત્તિ ઉપરથી મૃગ શબ્દ બન્યો છે (રૂઢિથી તે હરણનો વાચક બન્યો છે). પણ અહીં 'વેન'ના વિશેષણ તરીકે 'અન્વેષણીય' એ અર્થમાં વપરાયો છે. **ग्मन्** ક્રિયાપાદમાં √**गम गच्छ** ધાતુ છે; અને વેદમાં હ્ય. ભૂ. કા.માં તેને વિકરણ પ્રત્યયના અભાવથી **गच्छ** આદેશનો અભાવ, **गम्**માં ઉપાન્ત્ય સ્વરનો લોપ **ग्म**, અને આદિમાં **અકાર**નો પણ અભાવ રહેતાં ત્રી. પુ. બ. વ.નો પ્રત્યય **अन्** પ્રત્યય લાગીને **ग्मन्** રૂપ બન્યું છે એમ સાયણ સમજાવે છે. જ્યારે પશ્ચિમી વિદ્વાનો એને **लुङ्** અદ્યતન ભૂ. કા. ત્રી. પુ. બ. વ.નું રૂપ કહેવાના. ૪. **ऋतेन यन्तः (= गच्छन्तः) (जनाः), सिन्धुम् अधिअस्थुः** । અહીં સાયણે 'ऋत'ના

ઉપર્યુક્ત બે અર્થો કર્યા છે. √**स्था** ધાતુનું અદ્યતન ભૂ. કા. ત્રી. પુ. બ. વ. **अस्थुः** રૂપ છે, ૫. ચોથા પાદમાં વેનને 'ગન્ધર્વ' કહ્યો છે. એનો અર્થ થાય છે : ''જે ગોને = ઉદકોને ધારણ કરનારો છે તે''. પાણીને **अमृतानि** અને **नाम** કહ્યાં છે; બંને વિશેષણો સાર્થક છે. સાયણે **नाम**નો અર્થ 'નમનશીલ' (નિરુક્તને આધારે) કર્યો છે. પાણી ઢાળ તરફ જનારાં હોય છે ! વેન આવાં જળનો જાણકાર છે અર્થાત્ સ્વામી છે. આથી તેના ભક્તોને વૃષ્ટિ સુલભ બની રહે છે.

अ॒प्स॒रा जा॒रमु॑पसिष्मिया॒णा योषा॑ बिभर्ति प॒रमे व्यो॑मन् ।
चर॑त्प्रि॒यस्य॒ योनि॑षु प्रि॒यः सन्त्सीद॑त्प॒क्षे हि॑र॒ण्यये॒ स वे॒नः
॥५॥

अ॒प्स॒राः । जा॒रम् । उ॒प॒ऽसि॒ष्मि॒या॒णा । योषा॑ । बि॒भ॒र्ति॒ । प॒र॒मे । विऽओ॑मन् । चर॑त् । प्रि॒यस्य॑ । योनि॑षु । प्रि॒यः । सन् । सीद॑त् । प॒क्षे । हि॒र॒ण्यये॑ । सः । वे॒नः ॥ ५ ॥

ᵛअप्सराः अपां सारयित्र्यप्सु क्रीडार्थं सरन्ती वा ᵛउपसिष्मियाणा कान्तसमीपमुपगम्येषद्धसन्ती ॥ 'स्मिङ् ईषद्धसने । छान्दसो लिट् । तस्य 'लिटः कानज्वा' इति कानच् ॥ इर्दृशी ᵛयोघा स्त्री विद्युद्रूपा ᵛजारम् अपां जरयितारम् । यद्वा । जार उपपतिः । स इव प्रियम् । इमं वेनं ᵛपरमे उत्कृष्टे ᵛव्योमन् व्योमन्यन्तरिक्षे ᵛबिभर्ति पोषयति । धारयति वा । यथा काचिद्रूपवती योषिज्जारमुपगम्येषद्धसन्ती तं निर्जने स्थले पुष्णाति तद्वदनेन वेनेन विद्युद्रमत इत्यर्थः । ᵛप्रियस्य अस्य वेनस्य ᵛयोनिषु स्थानेषु ᵛचरत् । विद्युद्रूपा योषिच्चरति गच्छति । अभिसारिकावृत्त्या स्वयमेव गच्छति । ᵛसः च ᵛवेनः ᵛप्रियः अस्या अनुकूलतमः ᵛसन् ᵛहिरण्यये हिरण्मये हिरण्मयवद्भास्वरे हितरमणीयरूपे वा ᵛपक्षे आत्मनः पक्षभूते मेघे ᵛसीदत् सीदति । तया सहोपविशति ॥ ॥७॥

अभिष्टवे 'नाके सुपर्णम्' इत्येषा । सूत्रितं च—'नाके सुपर्णमुप यत्पतन्तमिति समाप्य प्रणवेनोपविशेत्' (आश्व. श्रौ. ४.७) इति ॥

અનુવાદ (252) : પાણીમાં સરકતી (= અપ્સરા) અને થોડું સ્મિત કરતી (વિદ્યુત્ રૂપ) સ્ત્રી (પાણીને) જીર્ણ કરનાર (જાર=વેન)ને ઉત્કૃષ્ટ આકાર (=અંતરિક્ષ)માં ધારણ કરે છે. (આ વિદ્યુત્ રૂપ સ્ત્રી) પ્રિય (વેન)ના સ્થાનોમાં ફરે છે. તે વેન (આ વિદ્યુત્‌નો) પ્રિય બનેલો સોનેરી પાંખ (રૂપ વાદળ) ઉપર નિવાસ કરે છે. (= તે વિદ્યુત્‌ની સાથે બેસે છે). (૧૦-૧૨૩-૫)

નોંધ : ૧. પૂર્વ-અર્ધર્ચમાં કવિ કહે છે કે જેમ કોઈ રૂપવતી સ્ત્રી પોતાના જાર = ઉપપતિની પાસે જઈને, થોડું હસીને નિર્જન સ્થળમાં તેને પુષ્ટ/પ્રસન્ન કરે છે તેમ આ વિદ્યુત્ પણ વેનની સાથે રમણ કરે છે. ૨. પહેલા બે પાદમાં **अप्सराः उपसिष्मियाणा योषा** (કર્તા), **जारम्** (કર્મ), **परमे व्योमन्** (અધિકરણ સપ્તમી), **बिभर्ति** । એવું વાક્ય છે. અહીં **योषा** એટલે સ્ત્રી, તે વિદ્યુત્‌ને માટે વપરાયેલો શબ્દ છે. આ વિદ્યુત્ રૂપા સ્ત્રીને માટે બે વિશેષણો વપરાયાં છે : **अप्सराः**-પાણીને સરકાવનારી અથવા પાણીમાં સરકનારી, **उप+स्मिङ् हसने** ધાતુનું પરોક્ષ ભૂતકાળનું 'કાનચ્' પ્રત્યયવાળું કૃદન્ત છે, = હસતી, સ્મિત કરતી, **जारम्** પદનો પણ સાયણે યૌગિકાર્થ જ લીધો છે : પાણીને જીર્ણ કરનાર અર્થાત્ પાણીને વર્ષાવનાર. જો તેનો 'ઉપપતિ' એવો રૂઢાર્થ લઈએ તો 'વિદ્યુત્ જાર = ઉપપતિ જેવા પ્રિય વેનને અંતરિક્ષમાં ધારણ કરે છે' એવો અર્થ થાય. ૩. ત્રીજા પાદમાં **प्रियस्य योनिषु (= स्थानेषु) चरत् = गच्छति** । અભિસારિકા જેમ સ્વયં પ્રિયને ઘરે જાય તેમ આ વિદ્યુત્ પણ પ્રિય એવા વેનના સ્થાનોમાં ફરે છે.

૪. **सः वेनः प्रियः सन्, हिरण्यये पक्षे सीदत् (= उपविशति)** । તે વેન (વિદ્યુત્‌નો) પ્રિય બનેલો સોનેરી-હિરણ્મય જેવી તેજસ્વી, ચમકતી-પાંખ ઉપર અર્થાત્ પાંખ રૂપ વાદળમાં (વિદ્યુત્‌ની સાથે) બેસે છે.

૫. વેંકટમાધવે 'અપ્સરા'નો અર્થ 'માધ્યમિકા વાક્' કર્યો છે અને **प्रियस्य**નો અર્થ **आदित्यस्य** કરીને કહે છે કે–'આદિત્યના ઉદકોમાં, પ્રિય બનીને આ વેન ફરે છે.'

नाके॑ सुप॒र्णमुप॒ यत्पत॑न्तं हृ॒दा वेन॑न्तो अ॒भ्यच॑क्षत त्वा ।
हिर॑ण्यपक्षं॒ वरु॑णस्य दू॒तं य॒मस्य॒ योनौ॑ शकु॒नं भु॑र॒ण्युम् ॥६॥

नाके॑ । सु॒ऽप॒र्णम् । उप॑ । यत् । पत॑न्तम् । हृ॒दा । वेन॑न्तः । अ॒भि । अ॒चक्ष॑त । त्वा॒ ।
हिर॑ण्यऽपक्षम् । वरु॑णस्य । दू॒तम् । य॒मस्य॑ । योनौ॑ । श॒कु॒नम् । भु॒र॒ण्युम् ॥६॥

हे वेन ˅त्वा त्वां ˅हृदा हृदयेन मनसा ˅वेनन्तः कामयमानाः स्तोतारः ˅नाके अन्तरिक्षे ˅यत् यदा ˅अभ्यचक्षत अभिपश्यन्ति तदानीं त्वम् ˅उप आगच्छसीति शेषः । कथंभूतम् । ˅सुपर्णं शोभनपतनं ˅पतन्तम् अन्तरिक्षे गच्छन्त ˅हिरण्यपक्षं ˅हिरण्मयाभ्यां पक्षाभ्यामुपेतं

ᵛवरुणस्य जलाभिमानिनो देवस्य ᵛदूतं चारं यमस्य नियामकस्य वैद्युताग्नेः ᵛयोनौ स्थानेऽन्तरिक्षे ᵛशकुनं पक्षिरूपेण वर्तमानं ᵛभुरण्युं भर्तारम् । यद्वा । वृष्टिप्रदानादिना सर्वस्य जगतः पोषकम् ॥ 'भुरण धारणपोषणयोः' । कण्ड्वादिः । अस्मादौणादिक उप्रत्ययः ॥

અનુવાદ (253) : (હે વેન!) હૃદયથી (તારી) કામના કરતાં (સ્તોતાઓ) **(वेनन्तः)** અન્તરિક્ષમાં **(नाके)** જ્યારે **(यत्)** સુન્દર રીતે ઉડનારા, **(सुपर्णं)** આવી પડતાં (= ઉડતા) **(पतन्तं)**, સોનાની પાંખવાળા, વરુણના દૂત એવા, નિયામક (એવા વૈદ્યુતાગ્નિ)ના સ્થાન (= અન્તરિક્ષ)માં **(योनौ)** પક્ષી રૂપે રહેલા **(शकुनं)** અને (સૌનું) ભરણપોષણ કરનાર **(भुरण्युम्)** એવા તને **(त्वा)** સામેથી જુવે **(अभ्यचक्षत)** છે; (ત્યારે તું) નજીક **(उप)** (આવી પહોંચે છે). (૧૦-૧૨૩-૬)

નોંધ : ૧. અહીં સાયણે **यत्** = **यदा** શબ્દના પ્રયોગને જોઈને **तदा** = **तदानीं**નો અધ્યાહાર સ્વીકાર્યો છે; તથા **उप** ઉપસર્ગના સામર્થ્યથી **उपगच्छसि** એવા ક્રિયાપદના અર્થનો આક્ષેપ થાય છે એમ સ્વીકારી લીધું છે. ૨. જ્યારે વેંકટમાધવ આનો અનુવાદ આમ કરે છે : ''હૃદયથી તારી કામના કરનારાઓ નાક = તૃતીય (સ્વર્ગ) લોકમાં સારી રીતે ઉડનારા અને નજીક આવી પહોંચેલા તને જુવે છે ત્યારે હિરણ્યની પાંખવાળા, વરુણના દૂત એવા, માધ્યમિક અગ્નિ (મધ્યમ લોક = અન્તરિક્ષ લોકના અગ્નિ = વિદ્યુત્)ના સ્થાનમાં શકુનિ = પક્ષી રૂપ બનેલા અને ભરણ પોષણ કરનારા તને સ્તવે છે'' અહીં વેંકટમાધવને **स्तुवन्ति** ક્રિયાપદનો અધ્યાહાર લઈને, વાક્યપૂર્તિ કરવી પડી છે. ૩. √**भुरण**—ધારણ-પોષણ કરવું' અર્થવાળો કણ્ડ્વાદિ ગણનો ધાતુ છે, તેને કર્તા અર્થમાં ઉણાદિનો **ड** પ્રત્યય લાગ્યો છે.

ऊ॒र्ध्वो ग॑न्ध॒र्वो अधि॒ नाके॑ अस्थात्प्र॒त्यङ् चि॒त्रा
बिभ्र॑द॒स्यायु॑धानि ।
वसा॑नो अत्कं॑ सुर॒भिं दृ॒शे कं स्व१॑र्ण नाम॑ जनत
प्रि॒याणि॑ ॥ ७ ॥

ऊ॒र्ध्वः । ग॒न्ध॒र्वः । अधि॑ । नाके॑ । अ॒स्था॒त् । प्र॒त्यङ् । चि॒त्रा ।
बिभ्र॑त् । अ॒स्य॒ । आयु॑धानि ।
वसा॑नः । अत्क॑म् । सु॒र॒भिम् । दृ॒शे । कम् । स्वः॑ । न ।
नाम॑ । ज॒न॒त॒ । प्रि॒याणि॑ ॥७॥

ᵛऊर्ध्वः उपरि देशे वर्तमानः ᵛगन्धर्वः गवामुदकानां धर्ता ॥ 'गवि

गन् धृञो वः' इति गोशब्दोपपदात् 'धृञ् धारणे' इत्यस्माद्वप्रत्यय उपपदस्य गन्धभावश्च ॥ ईदृशो वेनः ᵛप्रत्यङ् अस्मत्प्रत्यञ्चनोऽभिमुखः सन ᵛनाके ᵛअधि अन्तरिक्षे ᵛअस्थात् तिष्ठति । किं कुर्वन् । ᵛअस्य आत्मनः स्वभूतानि ᵛचित्रा चित्राणि चायनीयान्याश्चर्यभूतानि वा ᵛआयुधानि ᵛबिभ्रत् धारयन् ॥ बिभर्तेः शतरि 'भृञामित्' इत्यभ्यासस्येत्वम् । 'नाभ्यस्ताच्छतुः' इति नुम्प्रतिषेधः । 'अभ्यस्तानामादिः' इत्याद्युदात्तत्वम् ॥ तथा ᵛसुरभिं शोभनम् ᵛअत्कम् आत्मीयं व्याप्तं रूपं ᵛवसानः सर्वत्राच्छादयन् । किमर्थम् । ᵛदृशे दर्शनार्थम् ॥ 'दृशे विख्ये च' इति केप्रत्ययान्तो निपात्यते । ᵛकम् इति पूरणः । तत्र दृष्टान्तः । ᵛस्वर्ण । स्वः शोभनारण आदित्यः । स यथात्मीयं रूपं दर्शनाय सर्वत्राच्छादयति तद्वत् । तदनन्तरं ᵛनाम नामानि नमनशीलान्युदकानि ᵛप्रियाणि सर्वेषामनुकूलानि ᵛजनत जनयति । वृष्टिमुत्पादयतीत्यर्थः ॥

प्रवर्ग्येऽभिष्टवे 'द्रप्सः समुद्रम्' इत्येषा । सूत्रितं च—'द्रप्सः समुद्रमभि यज्जिगाति सखे सखायमभ्या ववृत्स्व' (आश्व. श्रौ. ४.७) इति ॥

અનુવાદ (254) : આશ્ચર્યકારક આયુધોને ધારણ કરતો, (અમારી તરફ) અભિમુખ થયેલો અને ઉપર(ના પ્રદેશમાં) રહેલો (**ऊर्ध्वः**) તે ગંધર્વ (= પાણીને ધારણ કરનારો) (વેન) ઉપર અંતરિક્ષલોકમાં ઊભો છે. (તે વેન) સુંદર રીતે જનારા (**स्वर्** = આદિત્ય)ની જેમ (પોતાના) સુંદર રૂપને (બધાને) બતાવવા માટે બધે ફેલાવતો (રહેં છે), અને બધાને પ્રિય (= અનુકૂળ થઈ પડનારાં) એવાં (**प्रियाणि**) અને નમનશીલ (**नाम**) (જળ)ને જન્માવે છે. (૧૦-૧૨૩-૭)

નોંધ : ૧. પહેલા બે પાદમાં **अस्य चित्रा आयुधानि विभ्रत्** આ (વેન પોતા)નાં પસંદ કરવા યોગ્ય કે આશ્ચર્યકારક એવાં આયુધોને ધારણ કરતો, **प्रत्यङ् (स्थितः)** અભિમુખ રહેલ, **ऊर्ध्वः**, ઊંચે રહેલો, **गन्धर्वः**-ગો= પાણીને ધારણ કરનાર (-આ બધાં વેનનાં વિશેષણો છે), **नाके अधि अस्थात्**-અંતરિક્ષમાં ઊભો છે, (**अस्थात्** તે √**स्था**નું અદ્યતન ભૂ. કા. ત્રી. પુ. એ. વ. રૂપ છે.) ૨. **स्वर् न** = આદિત્યની જેમ (ઉપમાન); સૂર્ય જેમ પોતાનાં રૂપ = પ્રકાશને બધાને બતાવવા ફેલાવે છે તેમ; આ વેન પણ, **सुरभिम् अत्कं** (= **रूपम्**)-**दृशे** (**दर्शनाय**) **वसानः**-સુંદર એવાં રૂપને, (બધાંને) બતાવવા માટે ધારણ કરે છે, ફેલાવે છે, આચ્છાદિત કરે છે, અને ત્યાર પછી **प्रियाणि नाम जनत** = સૌને પ્રિય એવાં નામ = ઉદક જન્માવે છે. ૩. **स्वर्+न**માં રેફોત્તરવર્તી **न**નો **ण** થાય છે : **स्वर्ण** । પણ તે સમયે **स्वः**માંનો જાત્ય સ્વતંત્ર સ્વરિત, **ण**ના ઉદાત્તથી સંહિતામાં કંપ અનુભવે છે. આ **स्वर्**ની એક અર્ધી માત્રા કંપ અનુભવે છે એ દર્શાવવા **स्व १' र्ण ॥** એવું નિશાન મુકાય છે.

द्र॒प्सः स॑मु॒द्रम॒भि यज्जिगा॑ति पश्य॒न् गृध्र॑स्य॒ चक्ष॑सा॒ विध॑र्मन् ।
भा॒नुः शुक्रेण॑ शो॒चिषा॑ चका॒नस्तृ॒तीये॑ चक्रे॒ रज॑सि प्रि॒याणि॑ ॥८॥

द्र॒प्सः । स॒मु॒द्रम् । अ॒भि । यत् । जिगा॑ति । पश्य॑न् । गृध्र॑स्य । चक्ष॑सा । विऽध॑र्मन् ।
भा॒नुः । शु॒क्रेण॑ । शो॒चिषा॑ । च॒का॒नः । तृतीये॑ । च॒क्रे॒ । रज॑सि । प्रि॒याणि॑ ॥८॥

ᵛविधर्मन् विधर्मणि विधारकेऽन्तरिक्षे स्थितः ᵛद्रप्सः द्रवणशीलः । यद्वा । द्रप्सा उदकबिन्दवः । तद्वान् अर्शआदित्वादच् । ᵛगृध्रस्य गृधो रसानभिकाङ्क्षतः सूर्यस्य ᵛचक्षसा ᵛतेजसा ᵛपश्यन् प्रकाशमानो वेनः ᵛयत् यदा ᵛसमुद्रं समुन्दनशीलं मेघम् ᵛअभि ᵛजिगाति अभिगच्छति तदानीं ᵛभानुः सूर्यः ᵛशुक्रेण शुभ्रेण ᵛशोचिषा तेजषा ᵛतृतीये ᵛरजसि लोके ᵛचकानः दीप्यमानः ᵛप्रियाणि सर्वेषाममीष्टान्युदकानि ᵛचक्रे करोति ॥ ॥८॥

અનુવાદ (255) : અન્તરિક્ષમાં (રહેલો, **विधर्मन्**) એ ટપકવાના સ્વભાવવાળો (અથવા ઉદયબિન્દુઓ વાળો **द्रप्सः**) ગૃધ્રની (= રસોને ગ્રહણ કરવાની ઇચ્છાવાળા અર્થાત્ સૂર્યની) આંખથી જોતો **(पश्यन्)** જ્યારે સમુદ્ર=વાદળ તરફ જાય છે; (ત્યારે) તેજસ્વી એવા પ્રકાશથી ચળકતો તે ભાનુ (વેન) (સૌને) પ્રિય (એવાં ઉદકો)ને (વૃષ્ટિ) કરાવે છે. (૧૦-૧૨૩-૮)

નોંધ : ૧. વેંકટમાધવે પ્રત્યેક પાદ અનુસાર આ મન્ત્રને આમ સમજાવ્યો છે : ''દ્રવણશીલ એવો આ (વેન) જ્યારે સમુદ્ર = અન્તરિક્ષમાં જાય છે, (ત્યારે) ગૃધ્રરૂપ પોતાના (સૂક્ષ્મ) ચક્ષુથી વિવિધ કર્મોને (અન્તરિક્ષમાં) જોતો (રહે છે). વળી (ત્યાં અન્તરિક્ષમાં રહેલો તે) ભાનુ (= પ્રકાશવાળો) સળગતા તેજથી પ્રકાશતો ત્રીજા લોકમાં (=સ્વર્ગલોકમાં) પ્રિય એવાં ઉદકોને કરે છે = વૃષ્ટિ કરે છે.'' ૨. **√गा** 'જવું' ૩જો ગણ તેનું વર્ત. કા. ત્રી. પુ. એ. વ. **जिगाति** । **द्रप्सः**ના સાયણે ઉપર્યુક્ત બે અર્થો આપ્યા છે, તે અહીં વેનનાં વિશેષણ તરીકે મૂક્યાં છે. **गृध्रस्य** એ સૂર્યનું વિશેષણ છે, અને **विधर्मन्**ને લુપ્ત સપ્તમ્યન્ત રૂપ ગણીએ તો 'અન્તરિક્ષમાં' એવો અર્થ થશે.

***

10.125 (1 to 8)

વાગામ્ભૃણીય સૂક્ત

'अहम्' इत्यष्टर्चं त्रयोदशं सूक्तम् । अम्भृणस्य महर्षेर्दुहिता वाङ्नाम्नी ब्रह्मविदुषी स्वात्मानमस्तौत् । अतः सर्षिः । सच्चित्सुखात्मकः सर्वगतः परमात्मा देवता । तेन ह्येषा तादात्म्यमनुभवन्ती सवंजगद्रूपेण सर्वस्याधिष्ठानत्वेन चाहमेव सर्वं भवामीति स्वात्मानं स्तौति । द्वितीया जगती शिष्टाः सप्त त्रिष्टुभः । तथा चानुक्रान्तम्—'अहमष्टौ वागाम्भृणी तुष्टावात्मानं द्वितीया जगती' इति । गतो विनियोगः ॥

આ સૂક્તનો પરિચય આપતાં સાયણ કહે છે કે અમ્ભૃણ નામના મહર્ષિની 'વાક્' નામની દુહિતા, કે જે બ્રહ્મને જાણનારી હતી તેણે આ સૂક્તમાં પોતાની જ-પોતાના આત્માની-સ્તુતિ કરી છે. આથી આ સૂક્તની દેવતા તે બધે વ્યાપી રહેલા અને સત્ચિત્સુખાત્મક એવા પરમાત્મા જ છે. આવા પરમાત્માની સાથે તાદાત્મ્ય અનુભવી રહેલી 'વાક્' નામની બ્રહ્મવિદૂષી ''બધા જગત્ના અધિષ્ઠાન રૂપે હું જ રહેલી છું', ''હું જ સઘળું બની રહી છું'' વગેરે પ્રકારનાં વાક્યો બોલીને પોતાના (જ) આત્માની સ્તુતિ કરી રહી છે.

***

યાસ્કે 'નિરુક્ત'ના સાતમા અધ્યાયમાં ઋચાઓના ત્રણ પ્રકાર ગણાવ્યા છે : (૧) **પરોક્ષકૃત ઋચાઓ**, જેમાં જે તે દેવતાનો **सः । सा** = 'તે' એવા ત્રીજા પુરુષ તરીકે ઉલ્લેખ થયો હોય છે (અને ક્રિયાપદમાં **ति-तस्-अन्ति** જેવા પ્રત્યયો વપરાયા હોય છે.), (૨) **પ્રત્યક્ષકૃત ઋચાઓ**, જેમાં જે તે દેવતાને **युष्मद्**- 'તું'/'તમે' એવા સર્વનામથી સંબોધાયા હોય છે (અને ક્રિયાપદમાં **सि-थस्-थ** પ્રત્યયો વપરાયા હોય છે.) અને (૩) **આધ્યાત્મિકી ઋચાઓ**, જેમાં જે તે દેવતા **अस्मद्** 'હું/અમે'- એવા સર્વનામનો પ્રયોગ કરીને, પોતે જ વક્તા બનેલ હોય છે (જેમ કે, 'હું ઈન્દ્ર આવો મહાન્ છું' વગેરે) અને તેમાં **मि-वस्-मस्** જેવા પ્રત્યયો વપરાયા હોય છે, દા. ત. લબસૂક્ત (૧૦-૧૧૨), ઈન્દ્ર વૈકુંઠ (૧૦-૪૮,૪૯) અને પ્રસ્તુત (૧૦-૧૨૫) સૂક્ત. આ દૃષ્ટિએ જોઈએ તો આ પ્રસ્તુત સૂક્ત ''આધ્યાત્મિકી ઋચા''ઓથી બનેલું છે. તેના બધા જ મંત્રોમાં **अहम्**થી શરૂઆત થાય છે, અને **चरामि, तनोमि, स्पृशामि, कृणोमि,** જેવાં પહેલા પુરુષનાં ક્રિયાપદો વપરાયાં છે. અહીં, સાયણે કહ્યું છે તેમ વાગામ્ભૃણી નામની ઋષિકા પરમાત્મા સાથે તાદાત્મ્ય અનુભવીને પોતાની = પરમાત્માની સર્વશક્તિમત્તા વર્ણવે છે.

***

શ્રી નર્મદાશંકર દે. મહેતાએ ભારતીય દર્શનશાસ્ત્રોનો ઉદ્ભવ અને વિકાસ ચર્ચતાં, આરંભે જ લખ્યું છે કે[1] કે – ''શ્રૌતસંહિતાકાલમાં તત્ત્વચિંતન ત્રણ પદાર્થોને

સ્પર્શ કરતું ચાલતું હતું :

(૧) **અધિભૂત- એટલે પંચભૂતથી** ઘડાયેલા વિશ્વ અથવા જગત્ સંબંધી

(૨) **અધિદૈવ- આ વિશ્વને** આત્મા સાથે સંબંધ કરાવનાર ઇન્દ્રિયાદિ જ્ઞાનસાધન ઉપર ઉપકાર કરનાર અધિકારી દેવો સંબંધી

(૩) **અધ્યાત્મ-** અનુભવ કરનાર આત્મા સંબંધી

જગત, ઈશ્વર અને જીવ-એ ભવિષ્યમાં વિવિક્ત થનારી ત્રિપુટીના ત્રણ અંશો આડાઅવળા તાણાવાણા તરીકે વેદસૂક્તમાં પ્રવેશ પામેલા આપણા જોવામાં આવે છે. (સુપ્રસિદ્ધ 'પુરુષસૂક્ત'માં આ ત્રણેય ભાવનાઓ વડે એક સુન્દર પટ ગુંથાયેલું જણાય છે.)''

૧. અધિભૂતભાવ—ના પ્રાધાન્યવાળું એક નાસદીય સૂક્ત (૧૦-૧૨૯); ૨. અધિદૈવભાવ-ના પ્રાધાન્યવાળું બીજું વૈશ્વાનર સૂક્ત (૬-૯) અને ૩. ત્રીજું અધ્યાત્મભાવવાળું વાક્સૂક્ત (૧૦-૧૨૫) ઋગ્વેદમાં જોવા મળે છે. આ ત્રણેય સૂક્તોમાં ભારતીય તત્ત્વદર્શનના ત્રિવિધ વિચારો સ્પષ્ટપણે તારવી શકાય છે.

***

આ સૂક્ત બાબતે શ્રી મહેતાએ એમ પણ લખ્યું છે કે-મૂલ સૂક્ત-અંભૃણ મુનિની કન્યા બ્રહ્મવિદૂષી વાક્ નામની હતી તેના દર્શનનું છે. પાછળથી વર્ણમાલના આદ્ય (अ-કાર) અને અંત અક્ષર (ह-કાર)ના સંપુટમાં **अ+हम्**માં વાક્શક્તિનો સમાસ (=સમાહાર) કરી (= ગણીને) આ (૧૦-૧૨૫)નો 'સરસ્વતી-સૂક્ત' તરીકે ઉપયોગ થાય છે. અહીં પ્રત્યેક મંત્રનું આદ્યપદ **अहम्** છે. વળી, મંત્ર દ્રષ્ટ્રીનું નામ 'વાક્' સરસ્વતી સાથે ભેળસેળ થવાથી પણ, પાછળથી આ સૂક્ત સરસ્વતી દેવીનું મનાવા લાગ્યું છે.

***

શ્રી ન. દે. મહેતાએ એમ પણ કહ્યું છે કે-''આ સૂક્તોના મંત્ર દ્રષ્ટાઓના ઐહિક જીવન સંબંધી કંઈ જ માહિતી આપણને મળી આવતી નથી, માત્ર ઋષિનાં નામો પરંપરાથી ચાલ્યાં આવે છે તે પણ ક્રમશઃ લોપ થવા પામ્યાં છે. જેમ કે, નાસદીય સૂક્ત (૧૦-૧૨૯) પરમાત્માને નામે આરોપાયું છે, ઋષિના નામનો લોપ થયો છે.'' આ જ રીતે પ્રસ્તુત સૂક્તની દ્રષ્ટ્રી 'આમ્ભૃણી વાક્' બાબતે પણ બન્યું હોઈ શકે, મૂળ 'વાક્તત્ત્વ' = શબ્દતત્ત્વની જ સ્તુતિ કરતું આ સૂક્ત હોઈને, તેનું **દર્શન** 'વાક્' નામની ઋષિકાને થયું હશે એમ પ્રચલિત થયું હશે. (આવી જ રીતે, ઋગ્વેદ-૧૦મા મંડળમાં એક શ્રદ્ધાસૂક્ત (૧૦-૧૫૧) આવેલું છે, ત્યાં પણ એ સૂક્તની દ્રષ્ટ્રી શ્રદ્ધા નામની ઋષિકા છે એમ પ્રચલિત થયું છે. ખરેખર તો અહીં કદાચ ઋષિનું નામ લુપ્ત થયું હશે, અને એ સૂક્તમાં જેની સ્તુતિ થઈ છે તે તત્ત્વનો વાચક શબ્દ સ્ત્રીલિંગમાં હોઈ, તેની દ્રષ્ટ્રી તરીકે 'શ્રદ્ધા' ઋષિકાનું નામ પ્રચારમાં

---

(૧) હિન્દ તત્ત્વજ્ઞાનનો ઈતિહાસ, લેખક શ્રી ન. દે. મહેતા, પ્રકા. ગુજરાત વિદ્યાસભા અમદાવાદ, ૧૯૬૨, પૃ. ૩ થી ૧૧.

આવ્યું હશે. પણ આ વિષે કશુંય નિશ્ચિતપણે કહી શકાય એમ નથી.)

***

આ સૂક્તની મંત્રદ્રષ્ટ્રી ઋષિકા 'વાક્' છે, અને 'આધ્યાત્મિકી' પ્રકારની ઋચાઓમાં ગુંથાયેલું આ સૂક્ત છે; અર્થાત્ વાક્ ઋષિકા પોતે જ પરબ્રહ્મ સાથે તાદાત્મ્ય અનુભવીને 'હું વાણી જ સર્વ ભુવનોનું નિર્માણ કરું છું' વગેરે પ્રકારનાં વાક્યો બોલે છે તેની પાછળ જે તાત્ત્વિક ભૂમિકા રહેલી છે તેને કંઈક આ પ્રમાણે સમજાવી શકાય : પ્રકૃતિમાં સર્વત્ર શબ્દ-અવાજ-છે. જેમ કે, વા-વંટોળ, વરસાદ સમયે શબ્દ, ઉપ:કાળે પ્રાણીઓના સંચારમાં શબ્દ, નદી-સમુદ્રના જળપ્રવાહમાં શબ્દ, પ્રાણીજન્મ સમયે, જગદુત્પત્તિ પ્રસંગે શબ્દ આ સઘળું વાક્તત્ત્વ-શબ્દતત્ત્વ જ છે. અહીં જગત્ની એકરૂપતા-અદ્વૈત-દર્શાવવા માટે બીજો એક દૃષ્ટિકોણ અપનાવીને એમ કહી શકાય કે વાક્તત્ત્વ સર્વત્ર સુવ્યાપ્ત છે, અને વિશ્વ સમગ્ર એ વાક્તત્ત્વમાંથી જન્મે છે અને એનાથી જ પ્રવર્તે છે. આ દષ્ટિએ જોઈએ તો પ્રસ્તુત સૂક્તમાં વાક્ નામની ઋષિકા પોતાના મહિમા વિષે જે કંઈ કહે છે, તે સઘળું વાક્તત્ત્વને વિષે યથાર્થ જ છે.

ઋષિ : આમ્ભૃણી વાક્, દેવતા : આત્મા,
છન્દ : ત્રિષ્ટુપ્ અને બીજી ઋચામાં જગતી.

अ॒हं रु॒द्रेभि॒र्वसु॑भिश्चराम्य॒हमा॑दि॒त्यैरु॒त वि॒श्वदे॑वैः ।
अ॒हं मि॒त्रावरु॑णो॒भा बि॑भर्म्य॒हमि॑न्द्रा॒ग्नी अ॒हम॒श्विनो॒भा ॥१॥

अ॒हम् । रु॒द्रेभिः॑ । वसु॑ऽभिः । च॒रा॒मि॒ । अ॒हम् । आ॒दि॒त्यैः ।
उ॒त । वि॒श्वऽदे॑वैः । अ॒हम् । मि॒त्रावरु॑णा । उ॒भा । बि॒भ॒र्मि॒ ।
अ॒हम् । इ॒न्द्रा॒ग्नी इति॑ । अ॒हम् । अ॒श्विना॑ । उ॒भा ॥१॥

ᵛअहं सूक्तस्य द्रष्ट्री वागाम्भृणी यद्ब्रह्म जगत्कारणं तद्रूपा भवन्ती ᵛरुद्रेभिः रुद्रैरेकादशभिः । इत्थंभावे तृतीया । तदात्मना ᵛचरामि । एवं ᵛवसुभिः इत्यादौ तत्तदात्मना चरामीति योज्यम् । तथा ᵛमित्रावरुणा मित्रं च वरुणं च ॥ 'सुपां सुलुक्°' इति द्वितीयाया आकारः ॥ ᵛउभा उभौ ᵛअहम् एव ब्रह्मीभूता ᵛबिभर्मि धारयामि । ᵛ'इन्द्राग्नी अपि ᵛअहम् एव धारयामि । ᵛउभा उभौ ᵛअश्विना अश्विनावपि ᵛअहम् एव धारयामि । मयि हि सर्वं जगच्छुक्तौ रजतमिवाध्यस्तं सदृश्यते । माया च जगदाकारेण विवर्तते । तादृश्या मायाया आधारत्वेनासङ्गस्यापि ब्रह्मण उक्तस्य सर्वस्योत्पत्तिः ॥

અનુવાદ (256) : હું (અગિયાર) રુદ્ર રૂપે, (આઠ) વસુઓ રૂપે ફરું છું; અને વળી (બાર) આદિત્યો રૂપે અને વિશ્વદેવો રૂપે (ફરું છું). હું તે બન્ને મિત્ર અને

વરુણને ધારણ કરું છું, હું જ ઇન્દ્ર અને અગ્નિને (ધારણ કરું છું) તથા બંને અશ્વિનૌને પણ (ધારણ કરું છું.) (૧૦-૧૨૫-૧)

નોંધ : ૧. શ્રી ન. દે. મહેતાએ આ સૂક્તનો પદ્યાત્મક અનુવાદ આપીને એની ઉપર, નીચે મુજબ ટિપ્પણ આપી છે :

> ''હું વિશ્વદેવ બનીને જગમાં રમું છું,
> આદિત્ય રુદ્ર વળી હું વસુ રૂપ જામું;
> હું મિત્રને વરુણને ભરીને રહી છું,
> ઇન્દ્રાગ્નિને જગવું છું વળી અશ્વિનોને.''

દ્વાદશ આદિત્ય, એકાદશ રુદ્ર અને અષ્ટ વસુ, ઇન્દ્ર અને પ્રજાપતિ મળી ૩૩ દેવ કોટિ અર્થાત્ વર્ગ ગણાય છે. કોટિનો 'કરોડ' અર્થ થઈ તેત્રીસ કરોડ દેવની પ્રથા લોકમાં ચાલે છે.

નાશ ન પામે એવી અદિતિના બાર માસમાં નવા નવા ભાવથી પ્રકટ થતા બાર પુત્રો સૂર્યો અથવા 'આદિત્યો' ગણાય છે. અને તેનાં પ્રતીકો દ્વાદશ માસનાં સૂર્યબિંબો છે. માનુષ શરીરમાં દશ પ્રાણ અને અગિયારમું મન મળી એકાદશ રુદ્ર છે. તેમના ઉત્ક્રમણ સમયે લોકો મરણના નિમિત્તે રડે છે માટે રુદ્ર (**रोदनात् रुद्रः**) કહેવાય છે. પૃથિવી અને તેના દેવ અગ્નિ; અંતરિક્ષ અને તેના દેવ વાયુઃ; દ્યૌઃ અને તેના દેવ સૂર્ય, નક્ષત્રમંડળ અને તેના દેવ ચંદ્ર-મળી આઠ વસુ ગણાય છે, કેમ કે તેમાં ચૈતન્ય શક્તિ વાસ (**वासनात्=निवासात् वसुः ।**) કરી રહેલી છે; અને સઘળો નિધિ પણ તેમાં રહેલો છે.

અન્તરિક્ષમાં વિદ્યુત્ શક્તિથી ભરપૂર દૈવી બલ-ઇન્દ્રનું છે; અને પૃથિવીમાં ધર્મ પ્રવર્તાવનાર યજ્ઞ નારાયણ પ્રજાપતિ છે. ઇન્દ્ર-પ્રજાપતિનો પરસ્પર યોગ છે. પ્રજાપતિ પાસે ઇન્દ્રે બ્રહ્મવિદ્યા મેળવી હતી એવી આખ્યાયિકા છે અર્થાત્ ધર્મ દ્વારા જ બ્રહ્મજ્ઞાન થાય છે એ રહસ્ય છે.

આ બે - મિત્રાવરુણા-દેવોનું વેદમાં જોડકા તરીકે વારંવાર વર્ણન છે. પુરાણ અને આગમમાં પરમેશ્વરનાં ઉત્પત્તિ, સ્થિતિ અને લય ઉપરાંત અથવા ત્રિગુણ મૂર્તિ ઉપરાંત અનુગ્રહ અને તિરોધાન કરવાના બે ગુણોનું વર્ણન આવે છે. મિત્ર નામથી પરમેશ્વરની અનુગ્રહ કરનારી સત્તા; અને કર્મની ગહન વાસનાં જાલમાં આપણાં પાપ-પુણ્યને ઢાંકી (**वृ**=ઢાંકવું) વર્તમાન પુરુષાર્થમાં પ્રેરનાર સત્તા વરુણની છે. મિત્રનો સૂર્ય સાથે અભેદારોપ, અને વરુણનો સમુદ્ર સાથે અધ્યારોપ તેમના ગુણસામ્યથી થયો છે.

૨. પ્રા. વેલણકર કહે છે કે જેમ ઋગ્વેદ (૪-૨૬)માં ઋષિ વામદેવે પરમાત્મા સાથે પોતાનો અભેદ કરીને-તાદાત્મ્ય અનુભવીને-પોતાના આત્માની જ સ્તુતિ કરી છે તેમ આ સૂક્ત (૧૦-૧૨૫)માં પણ અમ્ભૃણી ઋષિની બ્રહ્મને જાણનારી વાક્ નામની પુત્રીએ પણ પરમ આત્મતત્ત્વ સાથે તાદાત્મ્ય અનુભવતાં, પોતાના આત્માની સ્તુતિ

કરી છે. એકંદર જોતાં આ સૂક્તમાં વાણીનો મહિમા-ઐશ્વર્ય-વર્ણવાયું છે, અને તેમાંય મુખ્યત્વે કવિઓની એ પવિત્ર વાણીનો મહિમા ગવાયો છે.

૩. ગ્રિફિથ જણાવે છે કે વાણી, વાક્તત્ત્વનું માનવીકરણ કરીને અહીં તેની સ્તુતિ રજૂ થઈ છે. વાણી કે શબ્દ-એ આત્મતત્ત્વનું પ્રતિનિધિત્વ કરે છે, અને તેનું પ્રથમ સર્જન છે, વળી તે (વાણી) માણસો અને દેવો વચ્ચે સંભાષણનું માધ્યમ / સાધન છે.

૪. સાયણાચાર્યે આ મન્ત્રને સમજાવતાં લખ્યું છે કે **रुद्रेभिः**માં 'ઇત્થંભૂત લક્ષણા તૃતીયા' છે; આથી તેના અર્થ ('રુદ્રો વડે' અથવા 'રુદ્રો સાથે' એમ નહીં કરતાં) 'રુદ્રો રૂપે' એવો કરવો પડશે. એ જ રીતે **आदित्यैः** અને **विश्वदेवैः**માં પણ તૃતીયા સમજવાની છે. **मित्रावरुणा**માં દ્વિતીયા વિ. છે અને તે **(अहं) बिभर्मि**નું કર્મ છે. આમ્ભૃણી વાક્ કહે છે કે હું મિત્ર (સૂર્ય) અને વરુણને ધારણ કરું છું. ચોથા ચરણમાં પણ **इन्द्राग्नी** અને **उभा अश्विना** તે કર્મવાચક પદો છે, અને તેમની પાછળ **बिभर्मि**નો અધ્યાહાર લેવાનો છે. ઋષિકા આમ્ભૃણી વાક્ આ મન્ત્રમાં બ્રહ્માંડના મોટા દૈવી તત્ત્વો સાથે તાદાત્મ્ય અનુભવતી બોલે છે કે હું જ સઘળા દેવો રૂપે, આદિત્યો રૂપે, વસુઓ રૂપે અને રુદ્રો રૂપે ફરું છું; અને મિત્ર, વરુણ, ઇન્દ્ર, અગ્નિ અને અશ્વિનૌને ધારણ કરું છું.

अ॒हं सोम॑माह॒नसं॑ बिभर्म्य॒हं त्वष्टा॑रमु॒त पू॒षणं॒ भग॑म् ।
अ॒हं द॑धामि॒ द्रवि॑णं ह॒विष्म॑ते सुप्रा॒व्ये॒३॑ यज॑मानाय
सुन्व॒ते ॥२॥

अ॒हम् । सोम॑म्। आ॒ह॒नस॑म् । बि॒भ॒र्मि॒ । अ॒हम् । त्वष्टा॑रम् । उ॒त । पू॒षण॑म् । भग॑म् ।

अ॒हम् । द॒धा॒मि॒ । द्रवि॑णम् । ह॒विष्म॑ते । सु॒प्र॒ऽअ॒व्यै॑ । यज॑मानाय । सु॒न्व॒ते ॥२॥

ᵛआहनसम् आहन्तव्यमभिषोतव्यं ᵛसोमं यद्वा शत्रूणामाहन्तारं दिवि वर्तमानं देवतात्मानं सोमम् ᵛअहम् एव ᵛबिभर्मि । तथा ᵛत्वष्टारम् ᵛउत अपि च ᵛपूषणं ᵛभगं च ᵛअहम् एव बिभर्मि । तथा ᵛहविष्मते हविर्भिर्युक्ताय ᵛसुप्राव्ये शोभनं हविर्देवानां प्रापयित्रे तर्पयित्रे ॥ अवतेस्तर्पणार्थात् 'अवितृस्तृतन्त्रिभ्य ई.' (उ. सू. ३. १५८) इतीकारप्रत्ययः । चतुर्थ्येकवचने यणि 'उदात्तस्वरितयोर्यणः स्वरितोऽनुदात्तस्य' इति सुपः स्वरितत्वम् ॥ ᵛसुन्वते सोमाभिषवं कुर्वते ॥ शतुरनुमः इति

चतुर्थ्या उदात्तत्वम् ॥ ईदृशाय ᵛयजमानाय ᵛद्रविणं धनं यागफलरूपम् ᵛअहम् एव ᵛदधामि धारयामि । एतच्च ब्रह्मणः फलदातृत्वं 'फलमत उपपत्तेः' (वे. सू. ३.२.३८) इत्यधिकरणे भगवता भाष्यकारेण समर्थितम् ॥

અનુવાદ (257) : આહનન કરવા (= નીચોવવા) યોગ્ય સોમને (અથવા શત્રુઓનું હનન કરનાર સોમને) હું ધારણ કરું છું; એ જ પ્રમાણે ત્વષ્ટાને, પૂષન્‌ને અને ભગને (પણ ધારણ કરું છું). હવિષથી યુક્ત (હવિને) સારી રીતે પહોંચાડનાર અને (સોમને) નીચોવનાર એવા યજમાનને માટે હું (યજ્ઞના ફળ રૂપ એવા) દ્રવ્ય = ધનને ધારણ કરું છું.' (૧૦-૧૨૫-૨)

નોંધ : પહેલા પાદમાં **अहम् आहनसं सोमं बिभर्मि** । એવું વાક્ય છે. સોમના વિશેષણ એવા **आहनसम्**ના સાયણે બે રીતે અર્થ કર્યા છે; (જે અનુવાદમાં 'અથવા' કરીને દર્શાવેલ છે). બીજા પાદમાં **अहं त्वष्टारम् पूषणं भगम् उत = च (बिभर्मि)** । એવું વાક્ય છે. ત્રીજા અને ચોથા પાદને ભેગા કરીને ત્રીજું વાક્ય આમ બનાવવાનું છે : **अहं (हविष्मते सुप्राव्ये सुन्वते =) (यजमानाय द्रविणं दधामि** । અહીં યજમાનનાં ત્રણ વિશેષણો વપરાયાં છે. અહીં 'હવિષ્મત્' એટલે હવિવાળાં, હવિથી યુક્ત; **'सुप्राव्ये'** એટલે હવિષ્‌ને પહોંચાડનાર, અથવા સારી રીતે રક્ષણ કરનાર (વેંકટ); અથવા (હવિથી, દેવોને) સારી રીતે તૃપ્ત કરનાર (સાયણ) **सुन्वते**-સોમનો અભિષવ કરનાર-નીચોવનાર.

આ મન્ત્રમાં વાક્ ઋષિકા આત્મતત્ત્વ = બ્રહ્મ સાથે તાદાત્મ્ય અનુભવીને બીજી કેટલીક રજૂઆત કરે છે. પણ ઉત્તરાર્ધમાં જે કહ્યું છે તે રોચક છે, જેમકે ''યજમાનને યજ્ઞનું ફળ = ધન આપનાર પણ હું વાક્ = બ્રહ્મતત્ત્વ છું.'' આવા મન્ત્રોના આધારે જ બાદરાયણે વેદાન્ત સૂત્રોમાં 'બ્રહ્મન્ જ યજ્ઞાદિ ક્રિયાનું ફળ આપનાર છે' એમ દર્શાવતું **फलमत उपपत्तेः** (૩-૨-૩૮) સૂત્ર રજૂ કર્યું છે એ તરફ સાયણ અંગુલિનિર્દેશ કરે છે.

૨. **सु॒प्र॒ऽअ॒व्ये**માં જાત્ય સ્વતંત્ર સ્વરિત છે, અને તેની પાછળ **य॒जमा॒ना॒य** એવો આદ્યુદાત્ત શબ્દ આવેલો હોઈ **व्ये**માંના સ્વતન્ત્ર સ્વરિતની ત્રણ અર્ધી અનુદાત્તની માત્રાઓ કંપ અનુભવે છે; તે દર્શાવવા ३॒ની નિશાની મુકાઈ છે.

अ॒हं राष्ट्री॑ सं॒गम॑नी॒ वसू॑नां चिकि॒तुषी॑ प्रथ॒मा य॒ज्ञिया॑नाम् ।
तां मा॑ दे॒वा व्य॑दधुः पुरु॒त्रा भूरि॑स्थात्रां॒ भूर्या॑वे॒शय॑न्तीम् ॥३॥

अ॒हम् । राष्ट्री॑ । स॒मऽगम॑नी । वसू॑नाम् । चि॒कि॒तुषी॑ । प्र॒थ॒मा । य॒ज्ञिया॑नान् । ताम् । मा॒ । दे॒वाः । वि । अ॒द॒धुः॒ । पु॒रु॒ऽत्रा । भूरि॑ऽस्थात्राम् । भूरि॑ । आ॒ऽवे॒शय॑न्तीम् ॥३॥

अहं ᵛराष्ट्री । ईश्वरनामैतत् । सर्वस्य जगत ईश्वरी । तथा ᵛवसूनां धनानां ᵛसंगमनी संगमयित्र्युपासकानां प्रापयित्री । ᵛचिकितुषी यत्साक्षात्कर्तव्यं परं ब्रह्म तज्ज्ञातवती स्वात्मतया साक्षात्कृतवती । अत एव ᵛयज्ञियानां यज्ञार्हाणां ᵛप्रथमा मुख्या । या एवंगुणविशिष्टाहं ᵛतां मां ᵛभूरिस्थात्रां बहुभावेन प्रपञ्चात्मनावतिष्ठमानां ᵛभूरि भूरीणि बहूनि भूतजातानि ᵛआवेशयन्तीं जीवभावेनात्मानं प्रवेशयन्तीमीदृशीं मां ᵛपुरुत्रा बहुषु देशेषु ᵛव्यदधुः ᵛदेवाः विदधति कुर्वन्ति । उक्तप्रकारेण वैश्वरूप्येणावस्थानात् । यद्यत्कुर्वन्ति तत्सर्वं मामेव कुर्वन्तीत्यर्थः ॥

અનુવાદ (258) : હું રાષ્ટ્રી = ઈશ્વરી, અને વસુઓનો (ધનોનો) સંગમ કરાવી આપનારી છું. (પર બ્રહ્મતત્ત્વને) જાણતી (**चिकीतुषी**) એવી (હું) યજન કરવા યોગ્ય દેવતાઓ-માં મુખ્ય છું. તેવી (= આવા ગુણોવાળી), કે જે અનેક રૂપે રહેલી (**भूरिस्थात्रां**) અને ઘણાં બધાં (ભૂતો)માં (જીવ રૂપે) પ્રવેશતી (**भूरि आवेशयन्तीम्**) એવી મને દેવોએ ઘણા પ્રદેશોમાં વહેંચી કાઢી છે-સ્થાપી છે. (૧૦-૧૨૫-૩)

નોંધ : ૧. શ્રી ન. દે. મહેતાએ આ મન્ત્રનો અનુવાદ અને ટિપ્પણ આ પ્રમાણે આપ્યાં છે :

"જે રાજધાની વસુની ચિતિ જ્યોતિવાળી,
યજ્ઞો વડે પ્રથમ સંગમની ગણાતી;
દેવો પ્રવેશી બહુ પૌરજનો ગણાતા,
તે દિવ્ય રૂપ મુજનું ઝળકાવતા આ.

સંગમની-નામ વસુની રાજધાનીનું છે. ઉપર જણાવેલા અષ્ટ વસુનો સુશ્લિષ્ટ સંઘાત (organic whole)-'સંગમની' શબ્દથી વિવક્ષિત છે. તેમાં દેવનો અધિવાસ છે."

૨. મન્ત્રના પહેલા બે પાદમાં આવાં વાક્યો છે : **अहं राष्ट्री (अस्मि), वसूनां (च) संगमनी (अस्मि) । (अहम्) चिकितुषी, यज्ञियानाम् प्रथमा (अस्मि) ॥** જ્યારે છેલ્લા બે પાદમાં એક જ વાક્ય છે : **देवाः तां भूरिस्थात्रां भूरि आवेशयन्तीं मा (= माम्) पुरुत्रा व्यदधुः ॥ पुरुत्रा**નો અર્થ 'ઘણા સ્થાનોમાં' એમ છે. વેંકટમાધવ કહે છે કે દુન્દુભિ વગેરે સ્થાનોમાં આ વાક્‌ને મૂકી છે, સ્થાપી છે.

मया॒ सो अन्न॑मत्ति॒ यो वि॒पश्य॑ति॒ यः प्राणि॑ति॒ य ईं॑ शृणोत्युक्तम् ।
अ॒म॒न्तवो॒ मां त उप॑ क्षियन्ति श्रु॒धि श्रु॑त श्रद्धि॒वं ते॑ वदामि ॥४॥

मया॑ । सः । अन्न॑म् । अ॒त्ति॒ । यः । वि॒ऽपश्य॑ति । यः । प्राणि॑ति । यः । ई॒म् । शृ॒णोति॑ । उ॒क्तम् ।
अ॒म॒न्तवः॑ । माम् । ते । उप॑ । क्षि॒य॒न्ति॒ । श्रु॒धि॒ । श्रु॒त॒ । श्र॒द्धि॒ऽवम् । ते॒ । व॒दा॒मि॒ ॥४॥

ᵛयः ᵛअन्नमत्ति ᵛसः भोक्तृशक्तिरूपया ᵛमया एवान्नमत्ति । ᵛयः च ᵛविपश्यति । आलोकयतीत्यर्थः । ᵛयः च ᵛप्राणिति श्वासोच्छ्वासरूपं व्यापारं करोति साऽपि मयैव । यश्च ᵛयुक्तं ᵛशृणोति । 'श्रु श्रवणे' । 'श्रुवः शृ च' इति श्नुप्रत्ययः । धातोः शृभावः ॥ य ईदृशीमन्तर्यामिरूपेण स्थितां ᵛमां न जानन्ति ᵛते अमन्तवः अमन्यमाना अजानन्तः ᵛउप ᵛक्षियन्ति । उपक्षीणाः संसारेण हीना भवन्ति ॥ मनेरौणादिकस्तुप्रत्ययः । नञ्समासे व्यत्ययेनान्तोदात्तत्वम् । यद्वा । भावे तुप्रत्ययः । ततो बहुव्रीहौ 'नञ्सुभ्याम्' इत्युत्तरपदान्तोदात्तत्वम् । माममन्तवो मद्विषयज्ञानरहिता इत्यर्थः ॥ हे श्रुत विश्रुत सखे ᵛश्रुधि ॥ मया वक्ष्यमाणं शृणु ॥ छान्दसो विकरणस्य लुक् । 'श्रुशृणुपृकृवृभ्यः' इति हेर्धिभावः ॥ किं तच्छ्रोतव्यम् । ᵛश्रद्धिवम् । श्रद्धिः श्रद्धाः । तया युक्तम् । श्रद्धायत्नेन लभ्यमित्यर्थः । श्रदन्तरोरुपसर्गवद्वृत्तिरिष्यते (पा. सू. १.४.५७.२) इति श्रच्छब्दस्योपसर्गवद्वर्तमानत्वात् 'उपसर्गे घोः किः' इति किप्रत्ययः । मत्वर्थीयो वः ॥ ईदृशं ब्रह्मात्मकं वस्तु ᵛते तुभ्यं ᵛवदामि उपदिशामि ॥

અનુવાદ (259) : જે અન્ન ખાય છે તે (ભોક્તૃશક્તિ રૂપ) મારા વડે જ (અન્ન ખાય છે), અને જે જુવે છે; જે શ્વાસ લે છે તથા બોલાયેલું જે સાંભળે છે (તે પણ મારા વડે જ તેમ કરે છે). (અન્તર્યામી રૂપે રહેલી) મને નહીં જાણતા (લોકો) ઉપક્ષીણ (= સંસારથી હીન) થાય છે. હે વિદ્વાન ! (જે) શ્રદ્ધાયુક્ત (વચન) હું તને કહું છું, તે (તું) સાંભળ. (૧૦-૧૨૫-૪)

નોંધ : ૧. આ સૂક્તના તમામ મન્ત્રોની શરૂઆત **અહમ્**થી થાય છે; પણ આ

મન્ત્રમાં **मया** એવું તૃતીયા વિભક્તિનું રૂપ શરૂઆતમાં મૂક્યું છે, તેનું સ્વારસ્ય આ પ્રમાણે છે : આ લોકમાં જે પ્રાણીઓ ખાય છે, શ્વાસ લે છે, જુવે છે, સાંભળે છે તે સઘળી ક્રિયાઓનું કર્તૃત્વ તે તે પ્રાણીમાં વસતા જીવાત્માનું જ છે. આ આત્મતત્ત્વ સાથે તાદાત્મ્ય-એકરૂપતા-અનુભવતી (હું આમ્ભૃણી વાક્ પોતે જ આ આત્મતત્ત્વ છું એમ માનતી = અનુભવતી) વાક્ કહે છે કે પ્રાણીઓ જે ખાય છે, શ્વસે છે જુવે છે, તે मया વડે જ (અર્થાત્ સાયણના મતે 'મારી ભોક્તૃ રૂપા શક્તિથી જ') ખાય છે, શ્વસે છે કે જોવા વગેરેની ક્રિયા કરે છે એમ જાણવું, એટલે કે દરેક પ્રાણીમાં અન્તર્યામી રૂપે આમ્ભૃણી વાક્ રૂપ આત્મતત્ત્વ જ વિલસી રહ્યું છે; વિવિધ ક્રિયાઓ કરી રહ્યું છે.

૨. સાયણે **उपक्षियन्ति**નો અર્થ ઉપક્ષીણ થાય છે' એમ કર્યો છે, પણ વેંકટ મુજબ 'નિવાસ કરે છે' એમ થાય છે; અર્થાત્ (અન્તર્યામી રૂપ મને વાક્‌ને) નહીં જાણતા લોકો વ્યર્થ જ મારી પાસે નિવાસ કરે છે. ગ્રાસમાને તેનો અર્થ મારા કબજામાં છે એમ કર્યો છે. **श्रद्धिवम्**નો 'શ્રદ્ધાયુક્ત, શ્રદ્ધાથી મળી શકે એવું' અર્થ છે. **श्रुधि** = તું સાંભળ (આજ્ઞાર્થ બી. પુ. એ. વ.) શ્રુત-હે વિદ્વાન્ (સંબોધન, સર્વાનુદાત્ત પદ).

૩. શ્રી ર. છો. પરીખે આ મન્ત્રનો અનુવાદ આમ કર્યો છે : "જે જુએ છે, જે શ્વાસ લે છે અને જે બોલેલું સાંભળે છે, તે મારા વડે અન્નને ખાય છે. તે અશ્રદ્ધાળુઓ (**अ+मन्तवः**) મારી પાસે વસે છે. હે વિદ્વાન્ ! શ્રદ્ધાવાળું સાંભળ, તારા માટે બોલું છું."

૪. આ મન્ત્રમાં **ईम्** એવો એક અવ્યય વપરાયો છે. આનું સ્વારસ્ય સ્પષ્ટ કરતાં શ્રી ન. દે. મહેતા લખે છે કે–"હું સ્પષ્ટ વાણી વદું છું **અનુભૂતિની આ.**" ईँ-एँ- એ વાગબીજ છે. તંત્રમાં આ અક્ષરનો મહિમા બહુ વર્ણવ્યો છે. વેદમાં માત્ર ईँ નિપાત છે. પણ સ્વાનુભવની ખાત્રી કરાવવામાં જેમ ગુજરાતીમાં "હું" એટલે ખરું એવા ભાવવાળા શબ્દનો ઉચ્ચાર કરીએ છીએ તેમ વેદવાણીમાં ईँ નિપાત અનુભવના સત્યપણાને જણાવનાર છે. તેથી સત્યાર્થ વહન કરનાર તરીકે પાછળથી તેનો બીજ મંત્ર તરીકે ઉપયોગ થયેલો લાગે છે.

अ॒हमे॒व स्व॒यमि॒दं व॑दामि॒ जुष्टं॑ दे॒वेभि॑रु॒त मानु॑षेभिः ।
यं का॒मये॒ तंत॑मु॒ग्रं कृ॑णोमि॒ तं ब्र॒ह्माणं॒ तमृषिं॒ तं सु॑मे॒धाम् ॥५॥

अ॒हम् । ए॒व । स्व॒यम् । इ॒दम् । व॒दा॒मि॒ । जुष्ट॑म् । दे॒वेभिः॑ । उ॒त । मानु॑षेभिः ।
यम् । का॒मये॑ । तम्ऽत॑म् । उ॒ग्रम् । कृ॒णो॒मि॑ । तम् । ब्र॒ह्माण॑म् ।

तम् । ऋषि॑म् । त॒म् । सुऽमे॒धाम् ॥५॥

ᵛअहं ᵛस्वयम् ᵛएव ᵛइदं वस्तु ब्रह्मात्मकं ᵛवदामि उपदिशामि । ᵛदेवेभिः देवैरिन्द्रादिभिरपि ᵛजुष्टं सेवितम् । ᵛउत अपि च ᵛमानुषेभिः मनुष्यैरपि जुष्टम् । ईदृग्वस्त्वात्मिकाहं ᵛयं ᵛकामये यं पुरुषं रक्षितुमहं वाञ्छामि ᵛतंतं पुरुषम् ᵛउग्रं ᵛकृणोमि । सर्वेभ्योऽधिकं करोमि । ᵛतम् एव ᵛब्रह्माणं स्रष्टारं करोमि । ᵛतम् एव ᵛऋषिम् अतीन्द्रियार्थदर्शिनं करोमि । ᵛतम् एव ᵛसुमेधां शोभनप्रज्ञं च करोमि ॥ ॥११॥

અનુવાદ (260) : (ઇન્દ્રાદિ) દેવો વડે અને મનુષ્યો વડે જે સેવાયેલ છે તેને (બ્રહ્માત્મક વસ્તુને) જ હું પોતે જાતે ઉપદેશું છું. જેને (રક્ષવા) હું ચાહું છું તેને તેને ઉગ્ર= વધુ શક્તિશાળી બનાવું છું, તેને બ્રહ્મ (= સર્જનહાર) બનાવું છું તેને ઋષિ (= અતીન્દ્રિય પદાર્થોને જોનાર) બનાવું છું અને તેને સારી મેધાવાળો બનાવું છું.

(૧૦-૧૨૫-૫)

નોંધ : ૧. વેંકટ માધવ કહે છે : **अहम्** અને **स्वयम्**ની વચ્ચે બહુ અલ્પભેદ છે. **जुष्टम्**- સેવાયેલું, ગમે તેવું. **उत** અને, **मानुषेभिः = मानुषैः** વૈદિક રૂપ. ત્રીજા-ચોથા પાદમાં **(अहम्) यं कामये तंतम् उग्रं कृणोमि, तं ब्रह्माणं (कृणोमि), तम् ऋषिं (कृणोमि), तं सुमेधाम् (कृणोमि)** એવું વાક્ય છે. અહીં **तम+तम्**નો સમાસ ધ્યાનાકર્ષક છે. ભાષ્યકારોએ આની કોઈ ચર્ચા કરી નથી. પ્રા. વેલણકરે પણ આની ઉપર કાંઈ કહ્યું નથી. **उग्रम** એટલે વીર, શૂરવીર **ब्रह्माणं** = બ્રહ્મા, સર્જનકર્તા (સાયણ), પણ વેંકટ મુજબ બ્રાહ્મણ-યજ્ઞ કરાવનાર, અને **सुमेधाम्**-સારી પ્રજ્ઞાવાળો કવિ.

૨. શ્રી ન. દે. મહેતાએ નીચે મુજબ અનુવાદ આપ્યો છે : ''હું સ્પષ્ટ વાણી વદું છું અનુભૂતિની આ,
દેવો તથા મનુજના હિતની ગણાતી;
જેનો પ્રકર્ષ કરવા (= **उग्रं**) મનમાં હું ધારું,
તેને બનાવું ઋષિ હું વળી આદ્ય દ્રષ્ટા.''

**अ॒हं रु॒द्राय॒ धनु॒रा त॑नोमि ब्र॒ह्मद्विषे॒ शर॑वे॒ हन्त॒वा उ ।
अ॒हं जना॑य स॒मदं॑ कृणोम्य॒हं द्यावा॑पृथि॒वी आ वि॑वेश ॥६॥**

अ॒हम् । रु॒द्राय॑ । धनुः॑ । आ । त॒नो॒मि॒ । ब्र॒ह्मऽद्विषे॑ । शर॑वे । हन्त॒वै । ऊँ॒ इति॑ ।

अ॒हम् । जना॑य । स॒ऽमद॑म् । कृ॒णो॒मि॒ । अ॒हम् । द्यावा॑पृथि॒वी इति॑ । आ । वि॒वे॒श॒ ॥६॥

पुरा त्रिपुरविजयसमये ᵛरुद्राय रुद्रस्य । षष्ठ्यर्थे चतुर्थी । महादेवस्य ᵛधनुः चापम् ᵛअहम् ᵛआ ᵛतनोमि । ज्ययाततं करोमि । किमर्थम् । ᵛब्रह्मद्विषे ब्राह्मणानां द्वेष्टारं ᵛशरवे शरुं हिंसकं त्रिपुरनिवासिनमसुरं ᵛहन्तवै हन्तुं हिंसितुम् ॥ हन्तेः 'तुमर्थे सेसेन्' (पा. सू. ३. ४. ९) इति तवैप्रत्ययः । 'अन्तश्च तवै युगपत्' (पा. सू. ६. १. २००) इत्याद्यन्तयोर्युगपदुदात्तत्वम् । 'शॄ हिंसायाम्' इत्यस्मात् 'शॄस्वृस्निहि' इत्यादिना उप्रत्ययः । 'क्रियाग्रहणं कर्तव्यम्' इति कर्मणः संप्रदानत्वाच्चतुर्थी ॥ उशब्दः पूरकः । ᵛअहम् एव ᵛसमदम् । समानं माद्यन्त्यस्मिन्निति समत्संग्रामः । स्तोतृजनार्थं शत्रुभिः सह संग्राममहमेव ᵛकृणोमि करोमि । तथा ᵛद्यावापृथिवी दिवं च पृथिवीं चान्तर्यामितया ᵛअहम् एव ᵛआ ᵛविवेश प्रविष्टवती ॥

અનુવાદ (261) : બ્રાહ્મણોનો દ્વેષ કરનાર હિંસક એવા (ત્રિપુરનિવાસી અસુર)ને હણવા માટે હું રુદ્રનું ધનુષ્ય વિસ્તારું છું, હું (મારી સ્તુતિ કરનારા) માણસોને મદદ માટે યુદ્ધ કરું છું; અને હું (જ) દ્યુલોકમાં અને પૃથિવીલોકમાં પ્રવેશું છું.
(૧૦-૧૨૫-૬)

નોંધ : ૧. 'ઇતિહાસ અને પુરાણોમાં મળતી કથાઓને આધારે વેદનું સમુપબૃંહણ કરવું જોઈએ' એવી વેદાર્થઘટનની પરંપરાને અનુસરીને સાયણાચાર્યે આ મન્ત્રને સમજાવ્યો હોય એમ જણાય છે. તેમના મતે પુરાકાલમાં મહાદેવજીએ ત્રિપુરાસુરને હણીને જે વિજય મેળવ્યો હતો તેનો અહીં સૂત્રપાત કરવામાં આવ્યો હોય એમ જણાય છે. આથી અહીં **रुद्राय** એવા ચતુર્થ્યન્ત પદને ષષ્ઠીમાં ફેરવીને; તથા **ब्रह्मद्विषे** **शखे** જેવા ચતુર્થ્યન્ત પદોને **हन्तवै=हन्तुम्**ના કર્મ તરીકે દ્વિતીયા વિભક્તિમાં ફેરવીને પહેલા-બીજા પાદનો અર્થ કરવાનો છે.

√शॄ 'હિંસા કરવી' અર્થવાળા ધાતુને उ પ્રત્યય લગાવીને 'હિંસક' અર્થમાં **शरु** શબ્દ બનાવ્યો છે, તેનું ચતુર્થી એ. વ.માં **शरवे** રૂપ બને છે. **समदम्** = સંગ્રામ, યુદ્ધ, 'જેમાં બન્ને પક્ષના યોદ્ધાઓ મદમસ્ત થઈને ફરે છે, તે યુદ્ધને **समत्** કહેવાય છે.'

૨. લૌકિક સંસ્કૃતમાંથી ઉતરી આવેલી પ્રાકૃત ભાષામાં, સામાન્ય રીતે સંસ્કૃતમાં જે ચતુર્થ્યન્ત પદ હોય તે પ્રાકૃતમાં ષષ્ઠી વિ.માં ફેરવાયેલું જોવા મળે છે. (**चतुर्थ्यर्थे षष्ठी** । એવું 'પ્રાકૃત પ્રકાશ'માં સૂત્ર પણ છે). પરંતુ ઋગ્વેદમાં કેટલેક સ્થળે આથી ઊંધું પણ જોવા મળે છે. એટલે કે લૌકિક સંસ્કૃતમાં જ્યાં ષષ્ઠી વિ. (જ) વપરાય ત્યાં, ઋગ્વેદમાં ચતુર્થી વિ. વપરાયેલી જોવા મળે છે. આથી પ્રસ્તુત મન્ત્રમાં પણ

रुद्रायની ચતુર્થીને ષષ્ઠીમાં ફેરવીને **रुद्रस्य** રૂપે ઘટાવવાની છે.

સાયણે **षष्ठ्यर्थे चतुर्थी** । નો સિદ્ધાન્ત અનેક સ્થળે સ્વીકાર્યો છે. પણ જો આને ના સ્વીકારીએ તો, એટલે કે ચતુર્થીને ચતુર્થી રૂપે જ રાખીને અનુવાદ કરીએ તો મન્ત્રનો અનુવાદ બદલાઈ જશે, જેમકે; શ્રી ર. છો. પરીખે લખ્યું છે કે–''હું રુદ્ર માટે બ્રહ્મદ્વેષી હિંસકને હણવા માટે ધનુષ તાણું છું. હું માણસને સમદ કરું છું. મે દ્યાવાપૃથિવીમાં પ્રવેશ કર્યો.'' તથા શ્રી ન. દે. મહેતાએ આપેલા પદ્યાનુવાદમાં

''હું રુદ્રને ધનુષ અર્પું અમોઘ વીર્ય,
બ્રહ્મદ્વિષો ઝટ હણાય શર પ્રહારે;
અંતર પ્રવેશી કરું છું, જનને સુમસ્ત
દ્યાવાપૃથિવી ધરીને રહું છું સમર્થ.''

તેઓ પાદ ટીપમાં લખે છે કે–''વેદાર્થનું જે હનન કરે છે અર્થાત્ જેઓ ધર્મ અને બ્રહ્મનો તિરસ્કાર કરે છે તેઓ 'બ્રહ્મદ્વિષ્' કહેવાય છે. તેઓ વિશ્વતન્ત્રના વિરોધી થવાથી ઈશ્વરના સંકેતને અનુકૂલ નથી અને તેથી રુદ્ર તેને હણે છે અર્થાત્ દેહાન્તર પરિણામ પમાડે છે. બ્રહ્માને પણ પોતાની દીકરી ઉપર વિકારી દૃષ્ટિ થતાં રુદ્રે મસ્તક છેદ કર્યાની પૌરાણિક કથા આ ભાવનું પ્રતિપાદન કરે છે.

૩. ડૉ. રામ ગોપાલે ધ્યાન દોર્યું છે કે સાયણે **ब्रह्मद्विष्**નો અર્થ અહીં 'બ્રાહ્મણદ્વેષ્ટા' કર્યો છે. પણ અન્યત્ર ऋ. ૨-૨૩-૪, ૫-૪૨-૯માં એનો અર્થ 'મન્ત્રોના દ્વેષ કરનાર' પણ કર્યો છે. હવે આને આધારે પ્રા. રામ ગોપાલે આ મન્ત્રની અન્વિતિ જુદી રીતે કરી છે : **ब्रह्मद्विषे हन्तवै, शरवे, रुद्राय धनुः आ तनोमि** । ''વેદ મન્ત્રનો દ્વેષ કરનારની હિંસા કરવા માટે, અસ્ત્ર (ચલાવવા)ને માટે, હું રુદ્રને માટે ધનુષ્‌ને ખેંચું છું.'' તેમણે ત્રીજા પાદનો અનુવાદ ''હું લોકોમાં સમદ = કલહ ઉત્પન્ન કરું છું.'' એમ કર્યો છે. હવે આ સૂક્તમાં વક્તા વાક્ પોતે છે એ ધ્યાનમાં લઈને આનો ભાવાર્થ કાઢીએ તો 'વાણી જ લોકોમાં કલહનું મૂળ કારણ છે' એમ અહીં કહેવાયું લાગે છે.

**अ॒हं सु॑वे पि॒तर॑मस्य मू॒र्धन्मम॒ योनि॑र॒प्स्व॒१न्तः स॑मु॒द्रे ।
ततो॒ वि ति॑ष्ठे॒ भुव॒नानु विश्वो॒तामूं द्यां व॒र्ष्मणोप॑
स्पृशामि ॥७॥**

**अ॒हम् । सु॒वे॑ । पि॒तर॑म् । अ॒स्य॒ । मू॒र्धन् । मम॑ । योनि॑ः ।
अ॒प्ऽसु । अ॒न्तरिति॑ । स॒मु॒द्रे ।
तत॑ः । वि । ति॒ष्ठे॒ । भुव॑ना । अनु॑ । विश्वा॑ । उ॒त । अ॒मूम् ।
द्याम् । व॒र्ष्मणा॑ । उप॑ । स्पृशा॒मि॒ ॥७॥**

‘द्यौः पिता’ (तै. ब्रा. ३.७.५.४.) इति श्रुतेः पिता द्यौः । vपितरं दिवम् vअहं vसुवे प्रसुवे जनयामि । ‘आत्मन आकाशः संभूतः’ (तै.आ.८.१) इति श्रुतेः । कुत्रेति तदाह । vअस्य परमात्मनः vमूर्धन् मूर्धन्युपरि । कारणभूते तस्मिन हि वियदादिकार्यजातं सर्वं वर्तते तन्तुषु पट इव । vमम च vयोनिः कारणं समुद्रे । समुद्द्रवन्त्यस्माद् भूतजातानीति समुद्रः परमात्मा । तस्मिन् vअप्सु व्यापनशीलासु धीवृत्तिषु vअन्तः मध्ये यद् ब्रह्म चैतन्यं तन्मम कारणमित्यर्थः । यत ईदृग्भूता अहमस्मि vततः हेतोः vविश्वा विश्वानि सर्वाणि भुवनानि भूतजातानि vअनु प्रविश्य vवि vतिष्ठे । विविधं व्याप्य तिष्ठामि ॥ ‘समवप्रविभ्य स्थः’ (पा.सू. १.३.२२) इत्यात्मनेपदम् ॥ vउत अपि च vअमूं vद्यां विप्रकृष्टदेशेऽवस्थितं स्वर्गलोकम् । उपलक्षणमेतत् । एतदुपलक्षितं कृत्स्नं विकारजातं vवर्ष्मणा कारणभूतेन मायात्मकेन मदीयेन देहेन vउप vस्पृशामि । यद्वा । अस्य भूलोकस्य मूर्धन् मूर्धन्युपर्यहं पितरमाकाशं सुवे । समुद्रे जलधावप्सूदकेष्वन्तर्मध्ये मम योनिः कारणभूतोऽम्भृणाख्य ऋषिर्वर्तते । यद्वा । समुद्रेऽन्तरिक्षेऽप्स्वप्येषु देवशरीरेषु मम कारणभूतं ब्रह्म चेतन्यं वर्तते । ततोऽहं कारणात्मिका सती सर्वाणि भुवनानि व्याप्नोमि । अन्यत्समानम् ॥

અનુવાદ (262) : હું (વાક્) આ (પરમાત્મા)ના મસ્તક ઉપર પિતા (દ્યુલોક)ને જન્માવું છું. મારું ઉદ્ભવસ્થાન (યોનિ) સમુદ્રની અંદર જળની વચ્ચે છે. તે કારણે (ततः) (હું) બધા ભુવનોમાં (= બધા ભૂતોમાં) વિવિધ રીતે પ્રવેશીને રહેલી છું. (હું) આ દ્યુલોકને શરીરથી સ્પર્શી રહી છું. (૧૦-૧૨૫-૭)

નોંધ : ૧. સાયણાચાર્યે આ મંત્રની રહસ્યાત્મક ભાષાને અનેક વૈકલ્પિક અર્થો સૂચવીને સ્પષ્ટ કરવા પ્રયત્ન કર્યો છે : ‘હું વાક્ આ પરમાત્માના મસ્તક ઉપર પિતાને જન્માવું છું.’ એ પહેલા પાદમાં **पितरम्**નો અર્થ દ્યુલોક લેવાનો છે એમ તૈત્તિરીય બ્રાહ્મણને આધારે જણાય છે, અને ‘આના મસ્તક ઉપર’માં **अस्य** સર્વનામથી ‘પરમાત્મા’ જ સમજવાના છે, કારણ કે તે પરમાત્મા જ ‘કારણ’ રૂપ છે. આથી તેમનામાં જ વિયદ્-આકાશ-આદિ રૂપ સઘળાં ‘કાર્યો’ રહેલાં છે; જેવી રીતે તંતુઓમાં પટ રૂપ કાર્ય રહેલું છે તેમ.

બીજા પાદમાં આવેલા **समुद्र** શબ્દનો “આમાંથી (ભૂતસમૂહાદિ) દ્રવે છે = જન્મે છે” એવો વ્યુત્પત્તિની મદદથી ‘પરમાત્મા’ એવો અર્થ સાયણે આપ્યો છે. તથા **अप्सु अन्तः मम योनिः**ને માટે તેમણે લખ્યું છે કે વ્યાપનશીલ બુદ્ધિવૃત્તિઓની અંદર ચૈતન્ય પરબ્રહ્મ રહેલું છે, તે મારું ઉત્પત્તિકારણ છે. **वर्ष्मणा** એટલે ‘માયા રૂપ મારા શરીરથી.’

અથવા-આ ભૂલોકના મસ્તકની ઉપર હું (વાક્) પિતા રૂપ આકાશને જન્મ આપું

છું. તથા સમુદ્રની અંદર પાણીમાં મારી ઉત્પત્તિમાં કારણભૂત એવા અમ્ભૃણ નામના ઋષિ રહેલા છે.

અથવા-સમુદ્ર= અન્તરિક્ષમાં જળ રૂપ દેવશરીરોમાં મારું કારણભૂત બ્રહ્મ ચૈતન્ય રહેલું છે. તેમાંથી નીકળેલી એવી હું કારણાત્મિકા બનીને બધાં ભુવનોને વ્યાપી વળેલી છું.

૨. વેંકટમાધવ અનુસાર–"આ (લોક)ના મસ્તક ઉપર હું પિતા=આદિત્યને પ્રેરું છું. મારું નિવાસસ્થાન (= યોનિ) અન્તરિક્ષની અંદર (= **समुद्रे**) જળમાં આવેલું છે. ત્યાં રહેલી હું બધે વ્યાપી વળું છું અને આ દ્યુલોકને (ધારણ કરવા માટે, મારા) શરીરથી હું સ્પર્શ કરું છું."

૩. **अहम् सुवे पितरम्** । ને સમજાવતાં શ્રી ન. દે. મહેતા લખે છે કે–આનો "હું પિતાને પણ જન્મ આપું છું"–એવો શબ્દાર્થ છે. જીવચેતનથી પર ઈશચેતન છે અને તે વસ્તુતઃ પિતૃસ્થાને છે. તે સગુણ ઈશ્વર પણ મારા સ્વયં જ્યોતિ સ્વરૂપના વર્ષણથી પ્રકટે છે.

૪. **अप्स्व१॒॑न्तः ॥ अ॒प्सु । अ॒न्तः ।** માં ક્ષૈપ્ર સ્વતંત્ર સ્વરિત છે. તથા છન્દની દષ્ટિએ વિચારીએ તો, આં સૂક્તો ત્રિષ્ટુપ્ છન્દમાં હોઈને આ મંત્રના બીજા અને ચોથા પાદમાં પણ અગિયાર અગિયાર અક્ષર હોવા જોઈએ, પણ બંનેમાં એક એક અક્ષર ખૂટે છે. તેથી આ મંત્રમાં 'વિરાટ્ ત્રિષ્ટુપ્' છન્દ છે એમ કહેવાશે; તથા બંનેમાં **अप्सु अन्तः** અને **विश्वा उतामू** એવો સંધિવિચ્છેદ (= 'વ્યૂહ) કરીને ઉચ્ચારણ કરવાથી અગિયાર અક્ષરવાળો 'ત્રૈષ્ટુભ પાદ' બની રહેશે.

अ॒हमे॒व वात॑इव॒ प्र वा॑म्या॒रभ॑माणा॒ भुव॑नानि॒ विश्वा॑ ।
प॒रो दि॒वा प॒र ए॒ना पृ॑थि॒व्यैताव॑ती महि॒ना सं ब॑भूव ॥८॥

अ॒हम् । ए॒व । वात॑ःऽइव । प्र । वा॒मि॒ । आ॒ऽरभ॑माणा । भुव॑नानि । विश्वा॑ । प॒रः । दि॒वा । प॒रः । ए॒ना । पृ॒थि॒व्या । ए॒ताव॑ती । म॒हिना । सम् । ब॒भू॒व ॥८॥

ᵛविश्वा विश्वानि सर्वाणि ᵛभुवनानि भूतजातानि कार्याणि ᵛआरभमाणा कारणरूपेणोत्पादयन्ती ᵛअहमेव परेणानधिष्ठिता स्वयमेव ᵛप्र ᵛवामि प्रवर्ते । ᵛवातइव यथा वातः परेणाप्रेरितः सन स्वेच्छयैव प्रवाति तद्वत् । उक्तं सर्वं निगमयति । ᵛपरो ᵛदिवा । पर इति सकारान्तं परस्तादित्यर्थे वर्तते यथा अध इत्यधस्तादर्थे । तद्योगे च तृतीया सर्वत्र दृश्यते । दिव

आकाशस्य परस्तात् । ^{v}एना ^{v}पृथिव्या । 'द्वितीयाटौः स्वेनः' (पा.सू.२.४.३४) इतीदम एनादेशः । अस्याः पृथिव्याः ^{v}परः परस्तात् । द्यावापृथिव्योरुपादानमुपलक्षणम् । एतदुपलक्षितात् सर्वस्मात् विकारजातात् परस्ताद्वर्तमाना सङ्गोदासीनकूटस्थब्रह्मचैतन्यरूपाहं ^{v}महिना महिम्ना ^{v}एतावती ^{v}सं ^{v}बभूव । एतच्छब्देनोक्तं सर्वं परामृश्यते । एतत्परिमाणमस्याः ॥ 'यत्तदेतेभ्यः [परिमाणे' (पा.सू. ५.२.३९) इति वतुप् । आ सर्वनाम्नः (पा.सू. ६.३.९१) इत्यात्वम् ॥ सर्वजगदात्मनाहं संभूतास्मि ॥ महच्छब्दादिमनिचि टेः' (पा. सू. ६.४.१५५) इति टिलोपः । ततः तृतीयायामुदात्तनिवृत्तिस्वरेण तस्या उदात्तत्वम् । छान्दसो मलोपः ॥ ॥१२॥

અનુવાદ (263) : સઘળાં ભુવનોને જન્માવતી હું પવનની જેમ પોતે જ વહું છું = પ્રવર્તું છું. દ્યુલોકની પેલે પાર અને પૃથિવીલોકની પેલે પાર (ચૈતન્ય બ્રહ્મ રૂપવાળી) હું મહિમાથી આટલી (મહાન્) બનું છું. (૧૦-૧૨૫-૮)

નોંધ : ૧. **वाताइव** એ ઉપમા ધ્યાનાસ્પદ છે. પવન જેમ બીજા કોઈની પણ પ્રેરણા વિના સ્વયં વહેવા/ફૂંકાવા લાગે છે તેમ આ આમ્ભૃણી વાક્ પણ વિશ્વ નિર્માણના કાર્યમાં પ્રવૃત્ત થાય છે.

૨. **परः दिवा । परः पृथिव्या ।** માં **परस्ताद्** અર્થમાં **परत्** શબ્દ વપરાયો છે; અને તેના યોગમાં હંમેશા તૃતીયા જ વપરાય છે' (એમ સાયણ કહે છે). આથી એમનો અર્થ **द्युलोकस्य परस्ताद्, पृथिव्याः परस्तात्** એમ કરવાનો છે. **महिना**નો અર્થ **महिम्ना** છે. વેંકટ માધવે **सम्बभूव**નો અર્થ **विस्तृता** 'બધે વિસ્તરેલી' એમ કર્યો છે. **आरभमाणा**નો સાયણે અર્થ 'ઉત્પન્નં કરતી' કર્યો છે, વેંકટ માધવે 'સ્તંભિત કરતી', અને આધુનિકોએ 'ગ્રહણ કરતી' એવો કર્યો છે.

10.127 (1 to 8)

રાત્રિસૂક્ત

'रात्री' इत्यष्टर्चं पञ्चदशं सूक्तं सोभरिपुत्रस्य कुशिकस्यार्षम् । यद्वा । भारद्वाजस्य सुता रात्र्याख्या अस्य सूक्तस्यर्षिका । गायत्रं रात्रिदेवताकम् । तथा चानुक्रान्तं-'रात्री कुशिकः सौभरो रात्रिर्वा भारद्वाजी रात्रिस्तवं गायत्रम्' इति । दुःस्वप्नदर्शन उपोषितेन कर्त्रा पायसेन होतव्यम् । तत्रैतत्सूक्तं करणत्वेन विनियुक्तम् । तथा चारण्यके श्रूयते-'स यद्येतेषां किंचित्पश्येदुपोष्य पायसं स्थालीपाकं श्रपयित्वा रात्रीसूक्तेन प्रत्यृचं हुत्वा' (ऐ.आ. ३.२.४) इति ॥

આ સૂક્તનાં મન્ત્રદ્રષ્ટા ઋષિ સોભરિપુત્ર કુશિક છે; અથવા ભારદ્વાજની પુત્રી

'રાત્રિ' નામની ઋષિકા છે એમ પરંપરાથી જાણવા મળે છે. પણ વધારે મહત્ત્વની વાત તો એ છે કે એમાં રાત્રિ દેવતાની જ સ્તુતિ કરવામાં આવી છે.

આ સૂક્તમાં સરળ ભાષામાં અને ટૂંકા વાક્યોમાં (ગાયત્રી છન્દમાં) રાત્રિકાળનાં વર્ણનો અને મનુષ્યના મનની આશંકાઓ અને આકાંક્ષાઓ રજૂ થઈ છે. જેમકે, રાત્રિ આવે છે ત્યારે તે આકાશને, લતાઓને, વૃક્ષોને સૌને વ્યાપી વળે છે. આવે વખતે પક્ષીઓ જેમ વૃક્ષના માળામાં નિરાંતે સૂઈ જાય તેમ માણસો પણ પોતાનાં ઘરોમાં સૂઈ જાય છે. આવી રાત્રિ કેવળ ગ્રામનિવાસી મનુષ્યો જ નહીં, પણ ચાર પગવાળાં પશુઓ અને શીઘ્રગામી બાજપક્ષીને પણ વિશ્રામ આપે છે. કવિ આ રાત્રિ પાસે પ્રાર્થના કરે છે કે અમે સૂતા હોઈએ ત્યારે અમને વરુઓ કરડી ના જાય, ચોર અમારું ધન અપહરી ના જાય, એવી તું સુખકરી બની રહે. વળી, ચારે તરફ અંધકાર વીંટળાઈ વળ્યા પછી, આરામ પૂરો થતાં ઉષા દેવીનું આગમન પણ થાય એમ કવિ ઇચ્છે છે.

આ સૂક્તમાં રાત્રિનાં જે વિશેષણો છે તે આ પ્રમાણે છે : દેવી, ઉષાની બહેન, ઊર્મ્યા અને દ્યુલોકની (સૂર્યની) પુત્રી. ઐતરેય આરણ્યકના એક ઉલ્લેખ ઉપરથી સાયણાચાર્ય કહે છે કે દુઃસ્વપ્ન જોયા પછી બીજે દિવસે પાયસથી હોમ કરતી વખતે આ સૂક્તના મન્ત્રો વપરાય છે.

દેવતા : રાત્રિ, ઋષિ : સોભરિનો પુત્ર કુશિક અથવા ઋષિકા : ભારદ્વાજની પુત્રી અને છન્દ : ગાયત્રી :

रात्री॒ व्यं॑ख्यदाय॒ती पुं॑रु॒त्रा दे॒व्य१॒॑क्षभिंः । वि॒श्वा अधि॒
श्रियोंऽधित ॥१॥

रात्रीं । वि । अ॒ख्य॒त् । आ॒ऽय॒ती । पु॒रु॒ऽत्रा । दे॒वी ।
अ॒क्षऽभिंः । विश्वाः । अधि । श्रियः । अधिं । श्रियः ।
अ॒धि॒त॒ ॥१॥

ᵛआयती आगच्छन्ती ॥ आङ्पूर्वादितेः शतर्यदादित्वाच्छपो लुक् । 'इणो यण्' (पा.सू. ६.४.८१) इति यणादेशः । 'उगितश्च' (पा.सू. ४.१.६) इति ङीप् । 'शतुरनुमः' इति नद्या उदात्तत्वम् ॥ ᵛअक्षभिः अक्षिस्थानीयैः प्रकाशमानैर्नक्षत्रैः ॥ 'छन्दस्यपि दृश्यते' इत्यक्षिशब्दस्यानङादेश ॥ यद्वा । अक्षभिरञ्जकैः तेजोभिः । ᵛपुरुत्रा बहुषु देशेषु ᵛदेवी देवनशीला ॥ 'देवमनुष्यपुरुषपुरुमर्त्येभ्यः' इत्यादिना पुरुशब्दात्सप्तम्यर्थे त्राप्रत्यय । ᵛरात्री इयं रात्रिदेवता ᵛव्यख्यत् विचष्टे विशेषेण पश्यति ॥ 'रात्रेश्चाजसौ' (पा.सू. ४.१.३१) इति ङीप् । ख्यातेश्छान्दसे लुङि

'अस्यतिवक्ति' इत्यादिना च्लेरङादेशः ॥ अपि चैषा ᵛविश्वाः सर्वाः ᵛश्रियः शोभाः ᵛअधि ᵛअधित अधिधारयति ॥ दधातेर्लुङि 'स्थाघ्वोरिच्च' इतीत्वम् । सिचः कित्त्वम् । 'ह्रस्वादङ्गात्' इति सिचो लोपः ॥

અનુવાદ (264) : આવી પહોંચેલી (**आयती**) ઘણા સ્થાનોમાં રહેલી (**पुरुत्रा**) અને દેવી અર્થાત્ પ્રકાશવાના સ્વભાવવાળી એવી રાત્રિ (નક્ષત્રોરૂપી) આંખોથી (**अक्षभिः**) (અથવા આંજી દેનારા તેજથી) ચારે તરફ/વિશેષ (**व्यख्यत्**) રૂપે જોઈ રહી છે. તથા બધા જ પ્રકારની શોભાને પોતાનામાં/પોતાની ઉપર (**अधि अधित**) ધારણ કરે છે. (૧૦-૧૨૭-૧)

નોંધ : સાયણે **अक्षभिः**ના બે પ્રકારે અર્થ આપ્યા છે તે નોંધનીય છે. **वि+अख्यत्** અને **अधि अधित** એ બન્ને સાદો (અદ્યતન) ભૂતકાળ ત્રી. પુ. એ. વ.નું રૂપ છે. (જુઓ : સાયણ).

ओर्वप्रा अमर्त्या निवतो देव्यु१द्वतः । ज्योतिषा बाधते तमः ॥२॥

आ । उरु । अप्राः । अमर्त्या । निऽवतः । देवी । उत्ऽवतः । ज्योतिषा । बाधते । तमः ॥२॥

ᵛअमर्त्या मरणरहिता ᵛदेवी देवनशीला रात्रिः ᵛउरु विस्तीर्णमन्तरिक्षम् ᵛआ ᵛअप्राः । प्रथमतस्तमसापूरयति ॥ 'प्रा पूरणे' । आदादिकः । लङि व्यत्ययेन मध्यमः ॥ तथा ᵛनिवतः नीचीनाल्लँतागुल्मादीन् ᵛउद्वतः उत्थितान् वृक्षादींश्च स्वकीयेन तेजसावृणोति । तदनन्तरं तत् ᵛतमः अन्धकारं ᵛज्योतिषा ग्रहनक्षत्रादिरूपेण तेजसा ᵛबाधते पीडयति ॥

અનુવાદ (265) : અમર્ત્ય અને પ્રકાશવાના સ્વભાવવાળી = દેવી (રાત્રિ) વિશાળ (અન્તરિક્ષ)ને વ્યાપી વળે છે; તથા નીચે નમેલા (લતા-ગુલ્માદિ)ને અને ઊંચા થયેલા (મોટા વૃક્ષાદિ)ને [પણ (પહેલા અંધકારથી) વ્યાપી વળે છે.] ત્યાર પછી તે રાત્રિ) (પોતાના) પ્રકાશથી અંધકારનો બાધ કરે છે. (૧૦-૧૨૭-૨)

નોંધ : અહીં મુખ્ય બે વાક્યો છે : **अमर्त्या देवी** (**रात्रिः**) કર્તા, **उरू, निवतः उद्वतः** (**च**) કર્મ, **आ अप्राः** (ક્રિયાપદ) । (**रात्रिः**) **तमः ज्योतिषा बाधते** ॥

निरु स्वसारमस्कृतोषसं देव्यायती । अपेदु हासते तमः ॥३॥

निः । ऊँ॒ इति॑ । स्वसा॑रम् । अ॒कृ॒त । उ॒षस॑म् । दे॒वी । आ॒ऽय॒ती । अप॑ । इत् । ऊँ॒ इति॑ । हा॒स॒ते॒ । तमः॑ ॥३॥

ᵛआयती आगच्छन्ती ᵛदेवी देवनशीला रात्रिः ᵛस्वसारं भगिनीम् ᵛउषसं ᵛनिः ᵛअकृत निष्करोति । प्रकाशेन संस्करोति । निवर्तयतीत्यर्थः । तस्यामुषसि जातायां नैशं ᵛतमः ᵛअपेत् ᵛहासते अपैव गच्छति ॥ 'ओहाङ गतौ' । लेट्यडागमः । 'सिब्बहुलम्' इति सिप् ॥

અનુવાદ (266) : (તે) આવતી એવી દેવી (રાત્રિ) (પોતાની) બહેન ઉષાને દૂર કરે છે. (પણ તે ઉષાના આવતાં રાત્રિનો) અંધકાર જતો જ રહે છે.

(૧૦-૧૨૭-૩)

નોંધ : अप इत् (= एव) हासते । 'જતો જ રહે છે. અહીં √**ओहाङ् त्यागे** ધાતુનું વૈદિક સંકેતાર્થ લેટ્ લકારનું ત્રી. પુ. એ. વ.નું રૂપ છે. વેંકટમાધવે તેનો પ્રેરકપરક અર્થ લીધો છે : **अप गमयति ।** 'અંધકારને દૂર મોકલી આપે છે.'

सा नो॑ अ॒द्य य॒स्या॑ व॒यं नि ते॒ याम॒न्नवि॑क्ष्महि । वृ॒क्षे
न व॑स॒तिं वयः॑ ॥४॥

सा । नः॒ । अ॒द्य । यस्याः॑ । व॒यम् । नि । ते॒ । याम॑न् । अवि॑क्ष्महि । वृ॒क्षे॑ । न । व॒स॒तिम् । वयः॑ ॥४॥

ᵛअद्य अस्मिन काले ᵛनः अस्माकं ᵛसा रात्रिदेवता प्रसीदतु ᵛयस्याः रात्रेः ᵛयामन् यामनि प्राप्तौ सत्यां ᵛवयं ᵛनि ᵛअविक्ष्महि निविशामहे सुखेन गृह आस्महे विशेर्लङि 'नेर्विशः' (पा.सू. १.३.१७) इत्यात्मनेपदम् । छान्दसः शपो लुक् ॥ तत्र दृष्टान्तः । ᵛवयः पक्षिणः ᵛवृक्षे ᵛन यथा वृक्षे नीडाश्रये ᵛवसतिं रात्रौ निवासं कुर्वन्ति तथा निवसाम इत्यर्थः ॥

અનુવાદ (267) : આજે તે (રાત્રિ) અમારી ઉપર (પ્રસન્ન થાય), કે જે (રાત્રિ)ના આવી પહોંચતાં અમે (ઘરમાં સુખેથી) પ્રવેશ્યાં હતાં, પક્ષીઓ જેમ વૃક્ષના (માળાની) અંદર નિવાસ કરે છે તેમ.

નોંધ : वयः પક્ષીઓ, **वसतिम्**-નિવાસ, આશ્રય, **न=इव** જેમ, **यामन्=यामनि=**ની પહોંચતાં (સતિ સપ્તમીપરક અર્થ) **अविक्ष्महि**માં √**विश** 'પ્રવેશવું' ધાતુ છે,

તેનું હ્યસ્તન ભૂતકાળ પહેલો પુ. બ. વ. (અહીં એનો અર્થ 'સૂઈ જાય છે' એમ સમજવાનો છે.)

नि ग्रामा॑सो अविक्षत॒ नि प॒द्वन्तो॒ नि प॒क्षिण॑: । नि
श्ये॒नास॑श्चिद॒र्थिन॑: ॥५॥

नि । ग्रामा॑सः । अ॒वि॒क्ष॒त॒ । नि । प॒त्ऽवन्त॑: । नि । प॒क्षिण॑: ।
नि । श्ये॒नास॑: । चि॒त् । अ॒र्थिन॑: ॥५॥

ᵛग्रामासः ग्रामाः । अत्र ग्रामशब्दो जनसमूहे वर्तते यथा ग्राम आगत इति । सर्वे जनाः ᵛनि ᵛअविक्षत । तस्यां रात्रावागतायां निविशन्ते । शेरते ॥ निपूर्वाद्विशतेश्छान्दसे लुङि पूर्ववदात्मनेपदम् । 'शल इगुपधादनिटः क्सः' (पा. सू. ३.१.४५), 'क्सस्याचि' (पा.सू. ७.३.७२) इत्यकारलोपः ॥ तथा ᵛपद्वन्तः पादयुक्ता गवाश्वादयश्च निविशन्ते । तथा ᵛपक्षिणः पक्षोपेताश्च निविशन्ते । ᵛअर्थिनः । अर्तेरर्थो गमनम् । शीघ्रगमनयुक्ताः । ᵛश्येनासश्चित् श्येना अपि तस्यां रात्र्यां निविशन्ते एषा रात्रिः सर्वाणि भूतजातान्यहनि संचारेण श्रान्तानि स्वयमागत्य सुखयतीत्यर्थः ॥

અનુવાદ (268) : (તે રાત્રિના આવતાં) ગામડાંઓ (અર્થાત્ ગ્રામજનો) તેમાં પ્રવેશે છે (= તેમાં સૂઈ જાય છે); એ જ પ્રમાણે, પગવાળા (ગાય-અશ્વાદિ) અને પાંખોવાળા (પંખીઓ) પણ તેમાં પ્રવેશે છે (= સૂઈ જાય છે). ઝડપથી જનારા બાજપક્ષીઓ પણ તેમાં પ્રવેશે છે. (= તે રાત્રિમાં સૂઈ જાય છે.) (૧૦-૧૨૭-૫)

નોંધ : ૧. પહેલું, અર્થની દૃષ્ટિએ વિચારીએ તો-રાત્રિકાળ સૌ કોઈને સુખકર બની રહે છે, થાકેલા સમગ્ર ભૂતસમૂહને તે પોતાના ખોળે લઈને સુખ પહોંચાડે છે એનું વર્ણન કરતો આ મંત્ર છે. બીજું અહીં **ग्रामासः** અને **श्येनासः** (પ્રથમા વિ. બ. વ.)નાં રૂપો નોંધપાત્ર છે; કેમ કે સામાન્ય રીતે ઋગ્વેદના પ્રાચીન મનાતા કુલમંડળોમાં જ જોવા મળે છે. ત્રીજું, કાવ્યરચનાની દૃષ્ટિએ, કવિએ અહીં એકવાર **नि ग्रामासो अविक्षत** કહી દીધા પછી, કેવળ **नि** ઉપસર્ગને ત્રણવાર પુનરાવૃત્ત કરીને, (ક્રિયાપદની પુનરુક્તિ કર્યા વિના) જુદાં જુદાં ત્રણ વાક્યોને સિદ્ધ કરી લીધાં છે. ૨. અહીં **नि+अविक्षत** તે સાદો (= અદ્યતન) ભૂતકાળનું ત્રી.પુ.બ.વ.નું રૂપ છે. ભાષ્યકારોએ એનો અર્થ **नि+विशन्ते = शेरते** 'પ્રવેશે છે = સૂઈ જાય છે' એમ કર્યો છે. ૩. વેંકટમાધવે **ग्रामासः**થી 'મનુષ્યસંઘો એવો અર્થ મળી જાય છે એમ કરીને, **पद्वन्तः**નો અર્થ બે પગવાળા નહીં, પણ 'ચાર પગવાળા (જ)' અર્થ કરવો

એમ સૂચવ્યું છે. તથા **अर्थिनः**નો સાયણે અર્થ 'શીઘ્ર ગમન કરનાર' (શ્યેનનું વિશેષણ) કર્યો છે; પણ વેંકટે **निद्रार्थिनः** 'નિદ્રાની ઈચ્છાવાળા' એમ કર્યો છે.

या॒वया॑ वृ॒क्यं१॒ वृ॒कं॑ य॒वय॑ स्तेनमू॑र्म्ये । अथा॑ नः सु॒तरा॑ भव ॥६॥

य॒वय॑ । वृ॒क्य॑म् । वृक॑म् । य॒वय॑ । स्ते॒नम् । ऊ॒र्म्ये॑ । अथ॑ । न॒ः । सु॒ऽतरा॑ । भ॒व॒ ॥६॥

हे ˇऊर्म्ये । रात्रिनामैतत् । रात्रे ˇवृक्यं वृकस्य स्त्रियं ˇवृकं चास्मान् हिंसन्तं ˇयवय । अस्मत्तः पृथक्कुरु । अस्मान् बाधितुं यथा न प्राप्नोति तथा । ˇस्तेनं तस्करं च ˇयवय । अस्मत्तो वियोजय । ˇअथ अनन्तरं ˇनः अस्माकं ˇसुतरा सुखेन तरणीया क्षेमकरी ˇभव ॥

અનુવાદ (269) : હે રાત્રિ ! (તું) વૃકી (વરુપત્ની) અને વૃકને (અમારાથી) દૂર કર, તથા ચોરને પણ (અમારાથી) દૂર લઈ જા. જેથી કરીને, તું અમારા માટે સારી રીતે પાર કરી શકાય એવી બન. (૧૦-૧૨૭-૬)

નોંધ : પ્રાચીન સમયમાં અને આજે પણ માણસ રાત્રે નિદ્રાધીન થાય ત્યારે એ સાશંક રહેતો હોય છે કે એને ક્યાંક કોઈક કરડી ના જાય, અથવા એનું કોઈક ચોરી ના જાય. આથી આ મંત્રમાં રાત્રિદેવીને એવી પ્રાર્થના કરવામાં આવી છે કે તું અમારાથી વરુપત્નીને, વરુને અને ચોરને દૂર રાખ. આમ થાય તો જ રાત્રિ **सुतरा** બની કહેવાય. સંહિતામાં **यावया** છે, જે પદપાઠમાં **यवय** રૂપે ફેરવાયું છે, તે નોંધપાત્ર છે, ભાષ્યકારોએ તે ક્રિયાપદનો અર્થ **पृथक् कुरु** 'દૂર કર' એવો કર્યો છે. **ऊर्म्या** એ રાત્રિનું નામ છે, તેનું સંબોધનમાં **ऊर्म्ये** રૂપ થાય છે.

उप॑ मा॒ पेपि॑श॒त्तम॑ः कृ॒ष्णं व्य॑क्तमस्थित । उष॑ ऋ॒णेव॑ यातय ॥७॥

उप॑ । मा॒ । पेपि॑शत् । तम॑ः । कृ॒ष्णम् । विऽअ॑क्तम् । अ॒स्थि॒त॒ । उष॑ः । ऋ॒णाऽइ॑व । या॒त॒य॒ ॥७॥

ˇपेपिशत् भृशं पिंशत् सर्ववस्तुष्वाश्लिष्टं ˇतमः अन्धकारं ˇकृष्णं कृष्णवर्णं ˇव्यक्तं विशेषेण स्वभासा सर्वस्याञ्जकं स्पष्टरूपं वा ईदृशं नैशं तमो माम् ˇउप ˇअस्थित उपागच्छत् । संगतकरण आत्मनेपदम् ॥ हे ˇउषः उषोदेवते त्वम् ˇऋणेव ऋणानीव तत्तमो यातय अपगमय ।

स्तोतृणामृणानि यथा धनप्रदानेनापाकरोषि तथा तमोऽप्यपसारयेत्यर्थः ॥

અનુવાદ (270) : (બધી વસ્તુઓને) અતિશયપણે વીંટળાઈ વળનારું કાળું એવું અંધારું વિશેષ રૂપે મારી પાસે આવ્યું છે. હે ઉષાદેવી ! મને જેમ ઋણમાંથી છોડાવો તેમ આ (અંધારા)માંથી છોડાવો. (૧૦-૧૨૭-૭)

નોંધ : √પિશ–આશ્લેષ આપવો, વીંટળાઈ વળવું ધાતુનું પૌનઃ પુન્યાર્થક (યઙ્ લુગન્ત) બનાવીને, તેનું વર્તમાન કૃદન્ત નપું. પ્ર. એ. વ. **પેપિશત્** (**તમઃ**નું તે વિશેષણ છે), ૨. રાત્રિ સુખકર, શ્રમ દૂર કરનારી હોવા છતાંય, માણસને સદાય અંધારું ગમતું નથી. તેથી આ મંત્રમાં ઉષાદેવીને એ અંધકારને દૂર કરવા વિનંતિ પણ કરી છે. અહીં **ઋણેવ** ઉપમા નોંધપાત્ર છે. સામાન્ય રીતે કવિઓ લૌકિકવ્યવહારને માટે કુદરતમાંથી ઉપમાન શોધતા હોય છે; પણ અહીં તો કુદરતની ઘટના અંધકારને દૂર કરવા માટે લૌકિક વ્યવહારની એક ઉપમા પ્રયોજી છે. વેંકટમાધવ કહે છે કે રાત્રિ જ અંતે તો ઉષા બનતી હોય છે. (આથી આ મંત્રની દેવતા પણ રાત્રિ જ છે.)

उप॑ ते॒ गाइ॒वाक॑रं वृणी॒ष्व दु॑हितर्दिवः । रात्रि॒ स्तोमं॒
न जिग्युषे॑ ॥८॥

उप॑ । ते॒ । गाःऽइ॑व । आ । अ॒क॒र॒म् । वृ॒णी॒ष्व । दुहि॒त॒ः ।
दि॒व॒ः । रात्रि॑ । स्तोम॑म् । न । जिग्युषे॑ ॥८॥

हे ᵛरात्रि रात्रिदेवते ᵛते त्वां ᵛगाइव पयसो दोग्ध्रीर्धेनूरिव उपेत्य ᵛआकरं स्तुतिभिरभिमुखीकरोमि ॥ करोतेश्छान्दसे लुङि ‘कृमृदृरुहिभ्य’ इति च्लेरङादेशः ॥ ᵛदिवः ᵛदुहितः द्योतमानस्य सूर्यस्य पुत्रि यद्वा दिवसस्य तनये ॥ ‘परमपि च्छन्दसि’ (पा.सू. २.१.२.६) इति परस्य षष्ठ्यन्तस्य पूर्वामन्त्रिताङ्गवद्भावात् पदद्वयसमुदायस्याष्टमिकं सर्वानुदात्तत्वम् ॥ त्वत्प्रसादात् जिग्युषे शत्रून् जिग्युषो मम ᵛस्तोमं न स्तोत्रमिव हविरपि वृणीष्व त्वं भजस्व ॥ जयतेर्लिटः क्वसुः । ‘सन्लिटोर्जेः इत्यभ्यासादुत्तरस्य जकारस्य कुत्वम् । ‘षष्ठ्यर्थे चतुर्थी वक्तव्यां’ इति चतुर्थी । ‘वसोः संप्रसारणम्’ इति संप्रसारणम् ॥ ॥१४॥

અનુવાદ (271) : (હે રાત્રિ !) ગાય જેવી તારી પાસે આવીને (સ્તુતિઓથી) (તને) અભિમુખ કરું છું; હે દ્યુલોકની (અથવા દ્યોતમાન સૂર્યની) પુત્રી ! તું (એ સ્તુતિઓને) પસંદ કર-સ્વીકાર-હે રાત્રિ ! (શત્રુઓને) જીતવાની ઈચ્છાવાળા (મારા) સ્તોમ-સ્તુતિ-ની જેમ (મારા હવિષ્‌ને પણ તું પસંદ કર). (૧૦-૧૨૭-૮)

નોંધ : ૧. માણસો જેમ ગાયને, એ દૂધ આપનારી હોવાથી અભિમુખ કરે છે તેમ અહીં ઋષિકા પણ સુખ આપનારી એવી રાત્રિને પોતાની વાણીથી, સ્તુતિથી અભિમુખ કરે છે. **उप आकरम्**–હું અભિમુખ કરું છું. **दिवः दुहितर्**-એ સંબોધન છે. દ્યુલોક કે સૂર્યની પુત્રી તે રાત્રિ છે. **जिग्युषे**માં ચતુર્થી છે, પણ સાયણ કહે છે કે તેને ષષ્ઠ્યર્થે લેવાની છે : **जिग्युषः** ૨. વેંકટમાધવે ચતુર્થીને યથાવત્ રાખીને આ મંત્રને આમ સમજાવ્યો છે : પશુઓને જેમ વાણીથી બોલાવવામાં આવે તેમ તને (રાત્રિને) હું સ્તુતિથી બોલાવું છું - તારી સ્તુતિ કરું છું. હે દ્યુલોકની પુત્રી ! તું એ સ્તુતિને સ્વીકાર. હે રાત્રિ ! જેમ જિતનારા રાજાને ઉદ્દેશીને સ્તુતિ કરવામાં આવે છે, તેમ હું પણ તને ઉદ્દેશીને સ્તુતિ કરું છું. ૩. શ્રી ર. છો. પરીખે આ મંત્રનો અનુવાદ આમ કર્યો છે : ''તારી પાસે ગાયોની જેમ (સૂક્ત) ધર્યું છે; હે દ્યૌની દુહિતા તેને વિજેતા માટેના સ્તોત્રની જેમ પસંદ કર.

* * *

10.129 (1 to 7)

નાસદીય-સૂક્ત

एकादशेऽनुवाके त्रयोविंशतिसंख्याकानि सूक्तानि । तत्र 'नासदासीत्' इति सप्तर्चं प्रथमं सूक्तं त्रैष्टुभम् । परमेष्ठी नाम प्रजापतिर्ऋषिः । वियदादिभावानां सृष्टिस्थितिप्रलयादीनामत्र प्रतिपाद्यत्वात् तेषां कर्ता परमात्मा देवता । तथा चानुक्रान्तं–'नासत्सप्त प्रजापतिः परमेष्ठी भाववृत्तं तु' इति । गतो विनियोगः ॥

ઋગ્વેદમાં અનેક દાર્શનિક સૂક્તો સંગૃહીત થયા છે. પણ એમાં પ્રસ્તુત નાસદીય સૂક્તનું સ્થાન અનન્ય છે. શ્રી બાળગંગાધર તિળક લખે છે કે સૃષ્ટિનું અગમ્ય મૂલતત્ત્વ શું, અને તેમાંની આ વિવિધ દૃશ્યસૃષ્ટિ શી રીતે ઉત્પન્ન થઈ હશે, તે બાબતે આ સૂક્તમાં જે વિચાર બતાવેલા છે તેના જેવા સ્વતંત્ર, પ્રગલ્ભ અને મૂળમાં જઈને ખુંપનારા, તત્ત્વજ્ઞાનના માર્મિક વિચારો બીજા કોઈ ધર્મના મૂળગ્રંથમાં જોવામાં આવતા નથી. એટલું જ નહિ પણ આવા પ્રકારના આધ્યાત્મિક વિચારથી ભરપૂર આના જેટલો પ્રાચીન લેખ પણ અદ્યાપિ કોઈ ઠેકાણે ઉપલબ્ધ થયો નથી. એટલે મનુષ્યના મનની પ્રવૃત્તિ સાહજિક રીતે જ નાશવંત નામરૂપાત્મક સૃષ્ટિની પેલી પારની નિત્ય અને અચિંત્ય બ્રહ્મશક્તિ તરફ કેવી દોડે છે તે બતાવવા માટે ધાર્મિક ઈતિહાસની દૃષ્ટિથી આ સૂક્ત મહત્ત્વનું સમજીને અનેક પાશ્ચાત્ય પંડિતોએ પોતપોતાની ભાષામાં તેનું ઘણા આશ્ચર્યચકિત થઈને ભાષાંતર કરેલું છે. ઋગ્વેદના દશમા મંડળનું ૧૨૯મું આ સૂક્ત એના આરંભિક શબ્દો ઉપરથી **नासदीयसूक्त** એવા નામે ઓળખાય છે. આ સૂક્ત તૈત્તરીય બ્રાહ્મણમાં (૨-૮-૯) લીધું છે અને મહાભારતના

નારાયણીય = ભાગવતધર્મનાં પ્રકરણોમાં 'ભગવદિચ્છાથી પહેલવહેલી સૃષ્ટિનું શી રીતે નિર્માણ થયું તેનું વર્ણન કરવા માટે પણ આ સૂક્તનો જ આધાર લીધો છે.''

વળી, શ્રી ટિળક કહે છે કે ''આ સૂક્તના ઋષિની બુદ્ધિએ પહેલા જ ઝપાટામાં જે અચૂક કુદકો માર્યો છે તે ઉપરથી તેમનું અંતર્જ્ઞાન કેવું તીવ્ર હતું તે સ્પષ્ટ દેખાય છે ! મૂળ આરંભમાં એટલે કે સૃષ્ટિના નાના પદાર્થો અસ્તિત્વમાં આવ્યા તેની પૂર્વે, જે કાંઈ હતું તે સત્ હતું કે અસત્ હતું, મૃત્યુ હતું કે અમર હતું, આકાશ હતું કે પાણી હતું, પ્રકાશ હતું કે અંધારું હતું ઈત્યાદિ અનેક પ્રશ્નો કરનારની સાથે વાદવિવાદ કરવા ન બેસતાં, એકદમ આ સર્વની આગળ દોડી જઈને આ ઋષિ એમ વિચાર કરે છે કે-સત્ અને અસત્, મર્ત્ય અને અમર, અંધકાર અને પ્રકાશ, આચ્છાદક અને આચ્છાદિત, સુખ આપનાર અને સુખ ભોગવનાર-એ દ્વૈતની પરસ્પર સાક્ષેપ ભાષા જ દશ્ય સૃષ્ટિનું નિર્માણ થયા પછીની હોવાથી સૃષ્ટિમાં આ દ્વન્દ્વો ઉત્પન્ન થયાં તે પૂર્વે, એટલે કે એક અથવા બીજો આ ભેદ જ જ્યારે ન હતો ત્યારે, કોણ કોને આચ્છાદન કરનાર હતું ? એટલે મૂળ આરંભનું જે એક રસ દ્રવ્ય હશે તેને સત્ કે અસત્, આકાશ કે પાણી, અમૃત કે મૃત્યુ, પ્રકાશ કે અંધકાર-એવું પરસ્પર સાક્ષેપ કોઈ પણ નામ આપવું તે યોગ્ય નથી. જે કાંઈ હતું તે આ પદાર્થોથી વિલક્ષણ હોઈને, તે એટલું જ એક આરંભમાં ચારે તરફ પોતાની અપરંપાર શક્તિથી સ્ફુરાયમાણ હતું, અને તેની જોડીનું , તેને આચ્છાદિત કરનારું બીજું કોઈ જ ન હતું- એમ આ સૂક્તના ઋષિ નિર્ભયપણે કહે છે.

એ જ રીતે, સૂક્તના અંતે એ પણ કહે છે કે આનું (= જગત્નું-સૃષ્ટિનું) નિર્માણ કરનારને = પરમાત્માનેય 'આ સૃષ્ટિ શેમાંથી બની છે ? એને કોણે ધારણ કરી રાખી છે ?' એની કદાચ ખબર નહીં હોય !

પ્રોફે. એચ. ડી. વેલણકર સાહેબે આ સૂક્ત (૧૦-૧૨૯) વિષે લખ્યું છે કે ઋગ્વેદના સૃષ્ટિવિષયક સૂક્તોમાં આ નાસદીય સૂક્ત ખૂબ સુવિદિત અને મહત્ત્વપૂર્ણ છે. આનો વિષય અત્યંત જટિલ છે. સૃષ્ટિની ઉત્પત્તિનો ક્રમ વર્ણવતાં તેની ત્રણ પ્રમુખ કડીઓનો અહીં નિર્દેશ કરવામાં આવ્યો છે ખરો; પણ સૂક્તના અંતમાં તેના દ્રષ્ટાઋષિએ સૂચવ્યું છે કે સૃષ્ટિનું નિર્માણ ક્યારે અને કોના વડે થયું હતું એ એક મોટું રહસ્ય જ છે; જે (રહસ્ય) દેવોને માટે પણ અગમ્ય છે. તો પછી બિચારો માણસ તો એ રહસ્યને કેવી રીતે પામી શકે જ ? છતાંય કવિઓએ પોતાની બુદ્ધિના સહારે જો એને પામવા પ્રયત્ન શરૂ કર્યો જ છે તો તે રહસ્યને પામવામાં તેઓ સફળ થઈ શકશે ખરા. આ સૂક્તની ભાષા એમના વિષયને માટે સર્વથા અનુકૂળ છે.

ઉપર્યુક્ત ત્રણ કડીઓમાંથી પહેલી કડીનું વર્ણન શરૂઆતની બે ઋચાઓમાં જ કરવામાં આવ્યું છે. આ સમયે કોઈ પણ પ્રકારની દ્વન્દ્વાત્મકતા વિદ્યમાન ન હતી; કેવળ એક જ તત્ત્વ અત્રાતત્રસર્વત્ર ફેલાયેલું હતું. બીજી કડી ત્યારે ઊભી થઈ જ્યારે એ એક તત્ત્વ 'આભુ' અથવા 'નિમિત્ત થતાં ફેલાઈ જનારું' બન્યું, અને એને ચારે

તરફથી પાણીએ ઘેરી લીધું. મતલબ કે તે ચારે તરફથી- આપાતતઃ દબાઈ ગયું. તો પણ તે પોતાના તપના સામર્થ્યથી પ્રકટ થઈ શક્યું. બરાબર તે જ સમયે એ એક માત્ર આભુમાં સૃષ્ટિના નિર્માણનો 'કામ' (કામના) ઉત્પન્ન થયો. કવિઓએ આ (કામ)ને મનનું રેતસ્ કહ્યું છે; કારણ કે એમાંથી જ આગળ જતાં માનસિક સૃષ્ટિનું નિર્માણ થવાનું હતું. ત્રીજી અને ચોથી ઋચામાં આનો ઉલ્લેખ છે. ત્યાર પછી ચોથી ઋચાના ઉત્તરાર્દ્ધમાં એવું વર્ણન છે કે મંત્રદ્રષ્ટા કવિઓએ પોતાના હૃદયમાં શોધખોળ કરીને એ સ્પષ્ટ રૂપે ઓળખી/જાણી લીધું કે 'સત્' અર્થાત્ વ્યાકૃત નામરૂપ વિશ્વનો સંબંધ 'અસત્'ની સાથે, અર્થાત્ અવ્યાકૃત નામરૂપ **एकम् आभु**ના રૂપમાં, ઉપર નિર્દેશેલા માયાવચ્છિન્ન પરમાત્માની સાથે છે. આ એક માત્ર આભુમાં સૃષ્ટિના નિર્માણની અભિલાષાનો ઉદય એ જ સૃષ્ટિના ઉત્પત્તિક્રમની બીજી કડી છે; અને ઉપનિષદોના **तदैक्षत, सोऽकामयत** આદિ વાક્ય એ તરફ જ નિર્દેશ કરે છે.

આ પછીની ત્રીજી જે કડી છે તે આ એક તત્ત્વનું દ્વૈધીભાવમાં રૂપાંતર અર્થાત્ બે ભાગોમાં વિભાજન થવું તે છે. આ પાંચમી ઋચામાં વર્ણવાયું છે. આનો એક અંશ 'રેતોધા' અર્થાત્ પુમાન રૂપ બન્યું, અને બીજું 'મહિમા' અર્થાત્ રેતસ્નું ગ્રહણ અને એનું સંવર્ધન કરવા માટે આવશ્યક એવો નારી રૂપ મહિમા કહેવાયો છે. આ બંનેમાં પારસ્પરિક આકર્ષણ રૂપી (કામ રૂપી) રશ્મિ અર્થાત્ સૂત્ર પણ પરોવાયું છે. પાંચમી ઋચામાં કવિએ એ બંનેમાંથી મહિમા રૂપી અંશને જ 'સ્વધા' (બીજને ધારણ કરનારી શક્તિ) તથા 'રેતોધા' રૂપી અંશને જ **प्रयतिः** (આગળ ફેંકનારી, અર્પણ કરનારી શક્તિ)-એવી ખૂબ યથાર્થ-ચરિતાર્થ સંજ્ઞાઓ આપી છે. આના પછીની સૃષ્ટિ કેવી રીતે થઈ તે સ્વાભાવિક અને સુવિદિત જ છે; એથી કવિએ એની ચર્ચા કરી નથી. આ માયાવચ્છિન્ન પરમાત્માનું આ પ્રકારનું દ્વિવેધ વિભાજન આગળ જતાં બૃહદારણ્યક ઉપનિષદ્માં વધારે સ્પષ્ટરૂપે વર્ણવાયું છે.

છેલ્લી છઠ્ઠી અને સાતમી ઋચાઓમાં કવિએ આ પ્રમાણે પ્રતિપાદન કર્યું છે : સૃષ્ટિનું આ ગૂઢ (અર્થાત્ આ કોનાથી અને કેવી રીતે અર્થાત્ અનિચ્છાથી કે ઇચ્છાથી ઉત્પન્ન થઈ છે ઇત્યાદિ) રહસ્ય સૃષ્ટિનું સર્જન થઈ ગયા પછી જ ઉત્પન્ન થનારા દેવોને પણ ક્યાંથી ખબર હશે ? તેમને માટે પણ આ વિષય અગમ્ય જ છે. હા, આ બધાનું નિયંત્રણ કરનાર પરમાત્માને તો સંભવતઃ ખબર હશે જ, (કે શેમાંથી અને કેવી રીતે આ સૃષ્ટિ થઈ છે ?); અથવા એ પણ શક્ય છે કે એ પરમાત્માને આ વાત જ્ઞાત હોવા છતાંય એમને પણ એનું ભાન નહીં હોય.

દેવતા : પરમાત્મા, ઋષિ : પરમેષ્ઠી નામના પ્રજાપતિ, છન્દ : ત્રિષ્ટુપ્

नास॑दासी॒न्नो सदा॑सीत्त॒दानीं॒ नासी॒द्रजो॒ नो व्यो॑मा प॒रो यत् ।
किमाव॑रीवः॒ कुह॒ कस्य॒ शर्म॒न्नम्भः॒ किमा॑सीद्गह॑नं गभी॒रम् ॥१॥

न । अस॑त् । आ॒सी॒त् । नो इति॑ । सत् । आ॒सी॒त् ।
तदानी॑म् । न । आ॒सी॒त् । रज॑ः । नो इति॑ । विऽओ॑म । प॒रः ।
यत् ।
किम् । आ । अ॒व॒री॒व॒रिति॑ । कुह॑ । कस्य॑ । शर्म॑न् । अम्भ॑ः ।
किम् । आ॒सी॒त् । गह॑नम् । ग॒भी॒रम् ॥१॥

'तपसस्तन्महिनाजायतैकम्' इत्यादिनाग्रे सृष्टिः प्रतिपादयिष्यते । अधुना ततः प्रागवस्था निरस्तसमस्तप्रपञ्चा या प्रलयावस्था सा निरूप्यते । ˇतदानीं प्रलयदशायामवस्थितं यदस्य जगतो मूलकारणं तत् ˇअसत् शशविषाणवन्निरुपाख्यं ˇन ˇआसीत् । न हि तादृशात् कारणादस्य सतो जगत उत्पत्तिः संभवति । तथा ˇनो ˇसत् नैव ˇसदात्मवत् सत्त्वेन निर्वाच्यम् ˇआसीत् । यद्यपि सदसदात्मकं प्रत्येकं विलक्षणं भवति तथापि भावाभावयोः सहावस्थानमपि संभवति । कुतस्तयोः तादात्म्यमिति उभयविलक्षणमनिर्वाच्यमेवासीदित्यर्थः । ननु नो सदिति पारमार्थिकसत्त्वस्य निषेधः । तर्ह्यात्मनोऽप्यनिर्वाच्यत्वप्रसङ्गः । अथोच्येत । न । आनीदवातमिति तस्य सत्वमग्रे वक्ष्यते परिशेषान्मायाया एवात्र सत्वं निषिध्यत इति । एवमपि तदानीमिति विशेषणानर्थक्यं व्यवहारदशायामपि तस्याः पारमार्थिकसत्त्वाभावात् । अथ व्यावहारिकसतां पृथिव्यादीनां भावानां विद्यमानत्वात् कथं नो सदिति निषेधः । तत्राह । ˇनासीद्रज इत्यादि । 'लोका रजांस्युच्यन्ते' (निरु. ४.१९) इति यास्कः । अत्र च सामान्यापेक्षामेकवचनम् । व्योम्नो वक्ष्यमाणत्वात्तस्याधस्तनाः पातालादयः पृथिव्यन्ता नासन्नित्यर्थः । तथा ˇव्योम अन्तरिक्षं तदपि ˇनो नैवासीत् । पर इति सकारान्तं परस्तादित्यर्थे वर्तते । परशब्दाच्छान्दसोऽस्तातेरर्थेऽसिप्रत्ययः । ˇपरः व्योम्नः परस्तादुपरिदेशे द्युलोकप्रभृतिसत्यलोकान्तं ˇयत् अस्ति तदपि नासीदित्यर्थः । अनेन चतुर्दशभुवनगर्भं ब्रह्माण्डं स्वरूपेण निषिद्धं भवति । अथ तरावरकत्वेन पुराणेषु प्रसिद्धानि यानि वियदादिभूतानि तेषामवस्थानप्रदेशं तदावरणनिमित्तं चाक्षेपमुखेन क्रमेण निषेधयति किमावरीवरिति । ˇकिम् आवरणीयं तत्त्वमावरकभूतजातम् ˇआवरीवः । अत्यन्तमावृणुयात् । आवार्याभावात् तदावरकमपि नासीदित्यर्थः ॥ वृणोतेर्यङ्लुगन्ताच्छान्दसे लङि तिपि रूपमेतत् । यद्वा । किमिति प्रथमैव । किं तत्त्वमावरकमावृणुयात् । आव्रियमाणवत्तदपि स्वरूपेण नासीदित्यर्थः । आवृण्वत् तत्तत्त्वं ˇकुह कुत्र देशेऽवस्थायावृणोति । आधारभूतस्तादृशो देशोऽपि नासीदित्यर्थः ॥

किंशब्दात् सप्तम्यर्थे ह्प्रत्ययः । 'कु तिहोः' (पा. सू. ७.२.१०४) इति प्रकृतेः क्वादेशः ॥ ^{v}कस्य ^{v}शर्मन् कस्य वा भोक्तुर्जीवस्य शर्मणि सुखदुःखसाक्षात्कारलक्षणे भोगे निमित्तभूते संति तदावरकं तत्त्वमावृणुयात् । जीवनामुपभोगार्था हि सृष्टिः । तस्यां हि सत्यां ब्रह्माण्डस्य भूतैरावरणं प्रलयदशायां च भोक्तारो जीवा उपाधिविलयात् प्रलीना इति कस्य कश्चिदपि भोक्ता न संभवतीत्यावरणस्य निमित्ताभावादपि तन्न घटत इत्यर्थः । एतेन भोग्यप्रपञ्चवत् भोक्तृप्रपञ्चोऽपि तदानीं नासीदित्युक्तं भवति ॥ किंशब्दादुत्तरस्य ङसः 'सावेकाचः इति प्राप्तस्योदात्तत्वस्य 'न गोश्वन्साववर्ण' इति प्रतिषेधः । 'सुपां सुलुक्' इति शर्मणः सप्तम्या लुक् ॥ यद्यपि सावरणस्य ब्रह्माण्डस्य निषेधेन तदन्तर्गतमप्सत्त्वमपि निराकृतं तथापि 'आपो वा इदमग्रे सलिलमासीत्' (तै.सं. ७.१.५.१) इति श्रुत्या कश्चिदपां सद्भावमाशङ्केत । तं प्रत्याचष्टे अम्भः किमासीत् इति । ^{v}गहनं दुष्प्रवेशं ^{v}गभीरं दुरवस्थानमत्यगाधम् ईदृशम् ^{v}अम्भः किमासीत् । तदपि नैवासीदित्यर्थः । श्रुतिसत्ववान्तरप्रलयविषया ॥

અનુવાદ (272) : ન 'અસત્' હતું, ત્યારે; ન 'સત' હતું, ન હતું 'રજસ્' (તેનાથી) ઉપર જે વ્યોમ (= આકાશ) તે પણ ન હતું. કયું આવરણ હતું ? ક્યાં, કોનું સુખ ? (ક્યાં, કોના સુખમાં ?) શું ગહન અને ગંભીર એવું જળ હતું ?

(૧૦-૧૨૯-૧)

નોંધ : ૧. આ સૂક્તની ભૂમિકામાં સાયણાચાર્ય કહે છે કે વિયદ્ = આકાશ, જળ આદિ પદાર્થોની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય વગેરેનું (અને એના) અધિષ્ઠાતા કોઈ હશે કે નહીં ? તે કોણ હશે ? વગેરેનું) અહીં પ્રતિપાદન કરવામાં આવ્યું છે. અને આવા વર્ણન દ્વારા, આ બ્રહ્માંડની ઉત્પત્તિ-સ્થિતિ-લયના કર્તા તરીકે કોઈક પરમાત્માની જ સ્તુતિ કરવામાં આવી રહી છે.

૨. **न असत् आसीत्** । 'અસત્' ન હતું. **तदानीं नो = न सत् आसीत्** । ત્યારે (= સૃષ્ટિના સર્જન પહેલાં) 'સત્' પણ ન હતું. **न रजः आसीद्**-'રજસ્' પણ નહોતું. **परः (परस्तात्) यत् व्योम (तद्) अपि नो (= न, आसीत्)** । (તેનાથી) પર જે વ્યોમ (તે પણ) ન હતું. ત્યારે **आवरीवः किम् (आसीत्)** = આવરણ રૂપે શું હતું ? **कुह (= कुत्र) कस्य शर्मन् (= शर्मणि)** = ક્યાં, કોના સુખમાં ? **किम् गहनं गभीरम् अम्भः आसीत्** । શું (સૃષ્ટિના આરંભે પહેલાં એકલું) ગહન અને ગંભીર એવું જળ હતું ? - આ શબ્દાર્થ છે.

૩. સાયણે આ મંત્રને આમ સમજાવ્યો છે : અત્યારે જે સૃષ્ટિ દેખાય છે, તેની ઉત્પત્તિ થતાં પૂર્વેની જે અવસ્થા (= પ્રલયદશા) હશે એનું આ મંત્રમાં વર્ણન કરવામાં

આવ્યું છે. (મૂલ કારણ પરબ્રહ્મમાં જ્યારે આ અત્યારે દેખાતો (પશુપર્વતાદિ રૂપ) પ્રપંચ લીન થઈને રહેલો હોય ત્યારે એને પ્રલય દશા કહે છે.) આવી પ્રલયદશામાં રહેલા જગત્‌નું જે કોઈ મૂલ કારણ હોય તે 'અસત્' (= ન હોવા પણું; કોઈ પણ વસ્તુ કે તત્ત્વના અભાવની સ્થિતિ) ન હતું. કારણ કે એવા અસત્ રૂપ કારણમાંથી આ ભાવાત્મક (= જેમાં પશુ-પર્વતાદિ નક્કર વસ્તુઓ છે તેવા) જગત્‌ની ઉત્પત્તિ થવી શક્ય નથી. (માટે સૃષ્ટિના આરંભે 'અસત્ ન હતું' એમ કહ્યું છે.) એ જ પ્રમાણે આત્મતત્ત્વ = ચેતન્ય તત્ત્વ જેવું કોઈ 'સત્' (ભાવાત્મક) તત્ત્વ પણ ન હતું. (સૃષ્ટિના આરંભે 'અમુક તત્ત્વ હતું' એમ સત્ તત્ત્વ રૂપે વર્ણવી શકાય એવું કશુંય પણ ન હતું.) અત્યારના જગત્‌માં તો સત્ અને અસત્ એમ બંને પ્રકારનાં તત્ત્વો/સ્થિતિઓ જોવા મળે છે. જેમકે, પશુ-પર્વતાદિ છે-સત્ તત્ત્વ છે; અને 'સસલાના શીંગડા,' કે 'આકાશમાં પુષ્પ' આદિ પદાર્થો જે **નથી જ**, તે અસત્ તત્ત્વો છે. પણ સૃષ્ટિના આરંભે-પ્રલયાવસ્થામાં - તો અસત્ પણ ન હતું અને સત્ પણ ન હતું.

અહીં '**नो सत् आसीत्**'નો ગર્ભિતાર્થ એવો છે કે-આ ઉક્તિ દ્વારા પારમાર્થિક સત્ તત્ત્વનો નિષેધ નથી સમજવાનો, પણ માયા રૂપ તત્ત્વનો સત્‌ભાવ-હોવાપણું એનો નિષેધ સમજવાનો છે.''

''(પૃથિવ્યાદિ) લોકોને 'રજસ્' કહે છે'' એવા નિરુક્ત (૪-૧૯) વચનને આધારે, બીજા પાદને આરંભે આવેલા **नासीद् रजः** શબ્દોને સમજવાના છે. (**रजः** માં સામાન્યપણે એકવચન હોઈને બહુવચનપરક અર્થ લઈ શકાશે. આમ) વ્યોમની નીચે પૃથિવી, પાતાળાદિ લોકો પણ ન હતા. સાયણે અહીં **न व्योम (आसीद्)** પછી **[न] (व्योम्नः) परः यत् (रजः) आसीत्** એવું એક જુદું વાક્ય લીધું છે અને તે મુજબ 'વ્યોમની ઉપર જે લોક દ્યુલોક = સ્વર્ગલોક, સત્યલોક વગેરે છે તે પણ ન હતાં' એમ અર્થ કર્યો છે. આમ આ મંત્રના પહેલા બે પાદમાં પરમેષ્ઠી ઋષિ કવિએ ચૌદ ભુવનો જેના ગર્ભમાં છે એવા બ્રહ્માંડનો જ સ્વરૂપથી નિષેધ કર્યો છે.

પુરાણ ગ્રંથોમાં આ બ્રહ્માંડના આવરક (= ચારે તરફ વીંટળાયેલા ઢાંકણ) રૂપે આકાશ રહેલું છે એમ કહેવાયું છે. પણ પ્રલયદશામાં તો તે પણ ન હતું એમ જાહેર કરવા, હવે ત્રીજા પાદમાં પ્રશ્નમુખે બ્રહ્માંડના આવરણ રૂપ વિયદાદિ પદાર્થોની પણ નિષેધ કરવામાં આવે છે. જેમકે, **किम् आवरीवः** । આ (બ્રહ્માંડ)નું આવરણ રૂપ શું હતું ? અર્થાત્ આવરણ રૂપે પણ કશું જ ન હતું. (કારણ કે આવરણ જેને વીંટળાવાનું/વીંટાળવાનું હતું તે આવાર્ય રૂપ બ્રહ્માંડ જ ન હતું; તેથી તેનું આવરક પણ ન જ હોય એમ સમજી શકાય એવું છે). **किम आवरीवः** । ને સાયણે બે રીતે સમજાવ્યું છે : શું (કર્મ) વીંટળાયું હતું ?' અથવા 'કોણ (કર્તા) વીંટળાઈ વળ્યો હતો ?' [√**वृ वृणोति** 'વીંટળાવું ધાતુનું પૌનઃપુન્યાર્થક, હ્યસ્તન ભૂત. ત્રી. પું. એ. વ. **आवरीवः** । આ ક્રિયાપદનું રૂપ મૂળમાં રેફાન્ત છે; અને સંધિ = સંહિતાને

કારણે તે રેફનો વિસર્ગ થયો છે એમ દર્શાવવા. પદપાઠમાં **इति** કારણ કરીને તે રિફિત વિસર્જનીયને પ્રકટ કર્યો છે.]

कुह = क्व અર્થવાળું અવ્યય; ક્યાં ?' એવો પ્રશ્ન કરીને ઋષિ પ્રશ્ન કરે છે કે વીંટળાઈ વળનાર તત્ત્વો ક્યાં/ક્યાં પ્રદેશમાં ઊભા રહીને એ કામ કર્યું ? એટલે કે વીંટળાવાની ક્રિયા કરવા માટે કોઈ આધાર બની શકે એવો પ્રદેશ પણ સૃષ્ટિના આરંભે ન હતો. સાયણ **कस्य शर्मन्**માં સપ્તમી લઈને અર્થ કરે છે : કયા ભોક્તૃ જીવના શર્મ = સુખના નિમિત્તે તે આવરક તત્ત્વ વીંટળાયું હશે ? અર્થાત્ જ્યારે સૃષ્ટિ જ ન હતી, ત્યારે એનો ઉપભોગ કરનારા જીવો તો ક્યાંથી જ હોય ? આમ આવરણનું કોઈ નિમિત્ત જ ન હોવાથી તે, તે નિમિત્તરૂપ ભોક્તાનો-જીવનો-પણ નિષેધ કહ્યો છે. ટૂંકમાં, ભોગ્યપ્રપંચની જેમ જ ભોક્તૃપ્રપંચ પણ ન હતો.

આવરણ સહિતના બ્રહ્માંડનો નિષેધ કર્યા પછી, તે બ્રહ્માંડની અંતર્ગત જળ પણ ન હતું એમ જાહેર કરવા ''સત્-અસત્-લોક આદિ કશુંય ન હતું'' એમ કહીને પ્રશ્ન કરે છે કે–'તો શું ગહન-ગભીર જળ હતું ?' અર્થાત્ એ પણ ન હતું. (ગહન= જેમાં પ્રવેશી ના શકાય એવું, અને ગભીર = ખૂબ ઊંડું)

(અહીં કોઈને પ્રશ્ન થાય કે **आपो वा इदमग्रे सलिलमासीत्** । **(तै. सं.** ૭-૧-૫-૧) ''સૃષ્ટિના આરંભે-અમુક પ્રલય વખતે-પહેલાં કેવળ જળ હતું'' એમ જે કહેવાયું છે, તેની વિરુદ્ધમાં પ્રસ્તુત મંત્રમાં તો 'જળ પણ પહેલાં ન હતું' એમ જે પ્રશ્નમુખથી કહ્યું છે તેની સંગતિ કેવી રીતે બેસાડવી ? તો સાયણ કહે છે કે આ બ્રહ્માંડમાં પ્રલયો તો અનેકવાર થયા છે અને થશે. તેથી પ્રસ્તુત મંત્રમાં 'જળ પણ ન હતું' એમ જે કહેવાયું છે તેનાથી કોઈક (મહા) પ્રલયની સ્થિતિનું વર્ણન કરે છે એમ જાણવું. જ્યારે તૈત્તિરીય સંહિતામાં 'સૌથી પહેલાં જળ હતું' એમ જે કહ્યું છે તે અવાન્તર પ્રલયની સ્થિતિ કહેનાર છે.)

૪. આ સૂક્તની શરૂઆત **नासदासीद्** શબ્દોથી થાય છે; તેથી તેને ''નાસદીય સૂક્ત'' એવા નામથી ઓળખવામાં આવે છે.

૫. વેંકટમાધવે 'ભાવવૃત્ત'ને આ સૂક્તના દેવતા તરીકે ઓળખાવ્યા છે. મહાપ્રલયની અવસ્થામાં (વિયદ્ આદિ) ભાવો-પદાર્થો-કેવા રૂપે પડેલા હોય છે તેનું પ્રતિપાદન-વર્ણન-અહીં કરવામાં આવ્યું છે. અહીં 'અસત્' શબ્દ કારણવાચક છે અને 'સત્' શબ્દ કાર્યવાચક છે. સૃષ્ટિના આરંભે કારણસમૂહ કે કાર્યસમૂહ કશું જ ન હતું. વેંકટમાધવે વાજસનેયક બ્રાહ્મણાદિના સંદર્ભોને આગળ ધરીને 'અસત્'નો અર્થ 'પ્રાણ'; અને 'સત્‌નો અર્થ 'અન્તરિક્ષ' પણ કર્યો છે.

૬. 'વસંત' સામયિકના તા. ૧૩-૧૦-૧૯૧૧ના અંકમાં કોઈ ''અભ્યાસી'' નામના વિદ્વાને આનો પદ્યાનુવાદ આપ્યો હતો (જે શ્રી ન. દે. મહેતાના 'હિંદ તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ'માં આપ્યો છે) તે આ પ્રમાણે છે :

નહોતું "અસત્" નવ હતું "સત્" કંઈ સમે, તે,
ના અંતરિક્ષ, નવ વ્યોમ, હતું પરે કે;
શું આવરે, કવણ કોણ તણા સુખાર્થે,
ને શું હતું ગહન પાણી ગભીર આ કે.

ભારતીય તત્ત્વચિંતન પ્રમુખપણે ત્રણ ધારાઓમાં પ્રવર્ત્યું છે. ૧. **અધ્યાત્મ** (અનુભવ કરનાર આત્મા સંબંધી). ૨. **અધિદૈવ** (આ વિશ્વનો આત્મા સાથે સંબંધ કરાવનાર ઇન્દ્રિય-મન વગેરે જ્ઞાનસાધનો સંબંધી) અને ૩. **અધિભૂત** (એટલે પંચભૂતથી ઘડાયેલા આ જગત્ સંબંધી). આ અગાઉ અધ્યાત્મ-વિચારના પ્રાધાન્યવાળું 'વાગામ્ભૃણીય સૂક્ત' (૧૦-૧૨૫) આપણે જોયું છે. હવે અહીં પ્રસ્તુત છે અધિભૂતભાવ-ના પ્રાધાન્યવાળું 'નાસદીય સૂક્ત' (૧૦-૧૨૭). તેમાં સૃષ્ટિના આરંભની સ્થિતિનું; તદ્વિષયક તાત્ત્વિક પ્રશ્નોનું વર્ણન છે.

૭. શ્રી લોકમાન્ય બાળગંગાધર ટિળકે આ સૂક્તનો અનુવાદ તેમના "ગીતારહસ્ય અથવા કર્મયોગ' ગ્રંથની પ્રસ્તાવનામાં કર્યો છે.* ત્યાં પ્રથમ મંત્રનો અનુવાદ આમ આપ્યો છે :

"તે વખતે એટલે મૂળ આરંભ વખતે, અસત્'ન હતું ! અંતરિક્ષ ન હતું તેમ તેની પેલે પાર આવેલું આકાશ તે પણ ન હતું ! (એવી સ્થિતિમાં) કોણ (કોને) માટે છાઈને રહેલું હતું ? કોના સુખને માટે ? અગાધ અને ગહન પાણી તે વખતે કોઈ પણ ઠેકાણે હતું શું ?"

તેઓ પાદટીપમાં લખે છે કે આ ૧લી ઋચાના ચોથા ચરણમાં **आसीत् किम्** એવો અન્વય લઈને અમે ઉપરનો અર્થ કરેલો છે; અને તેનો ભાવાર્થ 'તે વખતે પાણી ન હતું' એવો થાય છે.(જુઓ : તૈ. બ્રા. ૨-૨-૯).

न मृ॒त्युरा॑सीद॒मृतं॒ न तर्हि॒ न रात्र्या॒ अह्न॑
आसीत्प्रके॒तः ।
आनी॑दवा॒तं स्व॒धया॒ तदेकं॒ तस्मा॑द्धा॒न्यन्न प॒रः किं
च॒नास॑ ॥२॥

न । मृ॒त्युः । आ॒सी॒त् । अ॒मृत॑म् । न । तर्हि॑ । न । रात्र्याः॑ ।
अह्नः॑ । आ॒सी॒त् । प्र॒ऽके॒तः ।

---

* "શ્રીમદ્ભગવદ્ગીતા રહસ્ય અથવા કર્મયોગશાસ્ત્ર'-કર્તા : બાળગંગાધર ટિળક, અનુ. ઉત્તમલાલ કે. ત્રિવેદી, પ્રકા. લો. ટિળક મંદિર, ગાયકવાડવાડા, પૂના-૨, ૧૯૫૬; પૃ. ૨૫૩-૨૫૫.

आनी॑त् । अ॒वा॒तम् । स्व॒धया॑ । तत् । एक॑म् । तस्मा॑त् । ह॒ । अ॒न्यत् । न । प॒रः । किम् । च॒न । आ॒स॒ ॥२॥

ननूक्तस्य प्रतिसंहारस्य संहर्त्रपेक्षत्वात् स एव संहर्ता मृत्युर्विद्यत इत्यत आह ᵛन ᵛमृत्युरासीत् इति । ननु यदि स नासीत् तर्हि तदभावकृतम् ᵛअमृतम् अमरणं प्राणिनामवस्थानं तदानीमपि स्यात् तत्राह । ᵛअमृतं ᵛन ᵛतर्हि इति । तर्हि तस्मिन् प्रतिहारसमये । अयं भावः । सर्वेषां प्राणिनां परिपक्वं भोगहेतुभूतं सर्वं कर्म यदोपभुक्तमासीत् तदा भोगाभावान्निष्प्रयोजनमिदं जगदिति परमेश्वरस्य मनसि संजिहीर्षा जायते । तथैव स मृत्युः सर्वं जगत् संहरत इति किमनेन मृत्युना संहर्त्रा तदभावकृतं वा कथममरणं स्यादिति । एतदेवाभिप्रेत्य कठैराम्नायते—‘यस्य ब्रह्म च क्षत्रं चोभे भवत ओदनः । मृत्युर्यस्योपसेचनं क इत्था वेद यत्र सः’ (क. उ. २.२५) इति । नन्वेतस्य सर्वस्याधिकरणभूतः कालो विद्यत इत्यत आह न रात्र्या इति । ᵛरात्र्याः ᵛअह्नः च ᵛप्रकेतः प्रज्ञानं ᵛन ᵛआसीत् । तद्धेतुभूतयोः सूर्याचन्द्रमसोरभावात् । एतेनाहोरात्रनिषेधेन तदात्मको मासर्तुसंवत्सरप्रभृतिकः सर्वः कालः प्रत्याख्यातः । कथं तर्हि नो सदासीत्तदानीमिति कालवाची प्रत्ययः । उपचारादिति ब्रूमः । यथेदानींतननिषेधस्य कालोऽवच्छेदकस्तथा मायापि तदवच्छेदहेतुरित्यच्छेदकत्व-साम्येनाकालेऽपि कालवाची प्रत्ययः । यद्वादिष्म ब्रह्मणः परमार्थसत्त्वमग्रे वक्ष्यत इति तदिदानीं दर्शयत्यानीदिति । ᵛतत् सकलवेदान्तप्रसिद्धं ब्रह्मतत्त्वम् ᵛआनीत् प्राणितवत् । नन्वेवं प्राणनकर्तुर्जीवभावापन्नस्यैव ब्रह्मणः सत्त्वं स्यात् न विवक्षितस्य निरुपाधिकस्य ब्रह्मणः । ‘अप्राणो ह्यमनाः शुद्धः’ इति तस्य प्राणसंबन्धाभावात् तत्राह आनीदवातमिति । अयमाशयः । आनीदित्यत्र धात्त्वर्थक्रिया तत्कर्ता तस्य च भूतकालसंबन्ध इति त्रयोऽर्थाः प्रतीयन्ते । तत्र समुदायो न विधीयते यथाग्नेयोऽष्टाकपाल इति येन ब्रह्मणः सत्त्वं न स्यात् । किं तर्ह्यनेन कर्तृत्वमनूद्य भूतकालसत्तालक्षणो गुणो विधीयते दध्ना जुहोतीति वाक्यान्तरविहिताग्निहोत्रानुवादेन तत्र गुणविधानम् । तत्राप्यनेन कर्तृत्वविशिष्टस्य न पूर्वकालसत्ता विधीयते तन्निषेधानुपपत्तिप्रसङ्गात् अतोऽनेन कर्तृत्वेन इदानींतनेनोपलक्षितं यन्निरुपाधिकं परं ब्रह्म तस्यैव भूतकालसत्ता विधीयत इति न कश्चिद्दोष इति । नन्वीदृशस्य ब्रह्मणो मायया सह संबन्धासंभवात् सांख्याभिमता स्वतन्त्रा सद्रूपा सत्त्वरजस्तमोगुणात्मिका मूल प्रकृतिरेवाभिमतेति कथं नो सदिति निषेधः । तत्राह ᵛस्वधया इति । स्वस्मिन् धीयते ध्रियत आश्रित्य वर्तत इति स्वधा माया । तया तद्ब्रह्मैकमविभागापन्नमासीत् ।

'सहयुक्तेऽप्रधाने' (पा. सू. २.३.१९) इति तृतीया सहशब्दयोगाभावेऽपि सहार्थयोगे भवति 'वृद्धो यूना' (पा. सू. १.२.६५) इति निपातनाल्लिङ्गात् । अत्र प्रकृतिप्रत्ययाभ्यां तस्याः स्वातन्त्र्यं निवार्यते । यद्यपि असङ्गस्य ब्रह्मणस्तया सह संबन्धो न संभवति तथापि तस्मिन्नविद्यया तत्स्वरूपमिव संबन्धोऽप्यध्यस्यते यथा शुक्तिकायां रजतस्य । एतेन सद्रूपत्वमपि तस्याः प्रत्याख्यातम् । ननु यदि माया ब्रह्मणा सहाविभागापन्न तर्हि तस्या अनिर्वाच्यत्वात् ब्रह्मणोऽपि तत्प्रसङ्ग इति कथं तस्य सत्त्वमुक्तम् आनीदवातमिति । ब्रह्मणो वा सत्त्वात्तस्या अपि सत्त्वप्रसङ्ग इति कथं नो सदासीदिति सत्त्वप्रतिषेधः । मैवम् । अयुक्तिदृष्ट्यैक्यावभासेऽपि युक्त्या विविच्य मायांशस्यानिर्वाच्यत्वं ब्रह्मणः सत्त्वं च प्रतिपादितम् । ननु दृग्दृश्याविति द्वावेव पदार्थौ आनीदवातं स्वधयेति तौ चेदङ्गीक्रियेते तत्किमपरमवशिष्यते यत् नासीद्रजः इत्यादिना प्रतिषिध्येत तत्राह तस्मादिति । ᵛतस्माद्ध तस्मात् खलु पूर्वोक्तान्मायासहितात् ब्रह्मणः ᵛअन्यत् ᵛकिं ᵛचन किमपि वस्तु भूतभौतिकात्मकं जगत् ᵛन ᵛआस न बभूव ॥ 'छन्दस्युभयथा' इति लिटः सार्वधातुकत्वादस्तेर्भूभावाभावः ॥ ननु तदानीमन्यस्य सत्त्वनिषेधो न शङ्क्यः । असत्त्वे चाप्रसक्तत्वान्न निषेधोपयोग इत्यत आह पर इति । ᵛपरः परस्तात् सृष्टेरूर्ध्वं वर्तमानमिदं जगत् तदानीं न बभूवेत्यर्थः । अन्यथा उक्तरीत्या क्वचिदपि निषेधो न स्यादिति भावः ॥

અનુવાદ (273) : મૃત્યુ ન હતું, ત્યારે અમૃત પણ ન હતું. રાત્રિનું અને દિવસનું ભેદક/વિશેષ જ્ઞાન ન હતું. તે એક પોતાની મેળે જ/ પોતાની માયાથી જ પવન વિના શ્વાસ લેતું હતું. તેનાથી પર હોય એવું બીજું કશું જ ન હતું.

(૧૦-૧૨૯-૨)

નોંધ : ૧. સાયણ આ મંત્રને સમજાવતાં લખે છે કે 'સત્ પણ ન હતું, અને અસત્ પણ ન હતું' એમ-સાંભળ્યા પછી, કોઈને પ્રશ્ન થાય કે એવી પ્રતિસંહારની-પ્રલયની-સ્થિતિ હોય તો તેમાં સંહર્તાની-મૃત્યુની-તો અપેક્ષા રહે જ છે; આથી 'શું એ પ્રલયની સ્થિતિમાં કમસે કમ મૃત્યુ તો વિદ્યમાન હતું ને ?' તો એવા સંભવિત પ્રશ્નના ઉત્તર રૂપે આ મંત્રમાં કહ્યું છે કે તે વખતે 'મૃત્યુ પણ ન હતું.' હવે, બીજો પ્રશ્ન થશે કે જો મૃત્યુ ન હતું, તો તેના અભાવમાં અમરણ -અમૃત-અર્થાત્ પ્રાણીઓનું અવસ્થાન (હાજરી) તો હશે ને ? તો ઋષિ કવિએ એનો પણ નિષેધ કર્યો છે કે ના, અમૃત પણ તે સમયે ન હતું.

હવે કોઈને ત્રીજી શંકા થાય કે એ પ્રલયની સ્થિતિમાં સૌના અધિકરણ રૂપ કાલ તત્ત્વ તો હતું કે નહીં ? તો કવિ કહે છે કે 'રાત્રિ કે દિવસનું વિશેષ જ્ઞાન (= પ્રકેત)

જ ન હતું.' કારણકે એ પ્રલયની સ્થિતિમાં, દિવસ અને રાત્રિ-એવા કાલખંડો જન્માવનાર સૂર્ય-ચંદ્રનો પણ અભાવ હતો. (તો પછી '**नो सदासीत् तदानीं**' એવા શબ્દોમાં **आसीत्** ભૂતકાળનું ક્રિયાપદ, અને **तदानीं** એવા કાળવાચક અવ્યયનો કેમ પ્રયોગ કર્યો છે ? એવો કોઈને પ્રશ્ન થાય તો એ શબ્દો તો ઉપચારથી-ગૌણ રૂપે જ-વપરાયા છે એમ જાણવું.)

ત્રીજા પાદમાં એક સત્ તત્ત્વનો સ્વીકાર કરતું એક વાક્ય છે : **तद् एकं स्वधया अवातम् आनीत्** । તે એક તત્ત્વ; કે જે પાછળથી વેદાન્ત દર્શનમાં 'બ્રહ્મન્' રૂપે ઓળખાયું છે તે (**आनीत् प्राणितवत् = अजीवद् =**) શ્વાસ લેતું હતું. હવે જો એ એક શ્વાસ લેતું હતું, તો પ્રશ્ન થશે કે શું તે પ્રલયની સ્થિતિમાં વાયુ હતો (કે જેથી તે શ્વાસ લેતું હતું ?) તો કવિ એનો પણ નિષેધ કરે છે **अवातम् =** પવન વિના. અથવા બીજી રીતે વિચારીએ તો **आनीत्** = 'શ્વસતું હતું' એમ કહો છો તો શ્વાસ લેવું એ તો જીવ ભાવનો સ્વભાવ છે, (પરબ્રહ્મનો નહીં.) કેમ કે નિરુપાધિક બ્રહ્મતત્ત્વ તો **अप्राणो ह्यमनाः शुद्धः** । એવા શ્રુતિવચનને આધારે જણાય છે કે ''તે પ્રાણ (શ્વાસ) વિનાનું, મન વિનાનું શુદ્ધ (એવું આત્મતત્ત્વ) છે.'' તેથી તે એક શ્વાસ લેતા તત્ત્વને જીવભાવ પ્રાપ્ત ન થઈ જાય એટલા માટે ઋષિએ **अवातम्** પદને મૂક્યું છે.

અહીં **स्वधया** શબ્દનો અર્થ **स्वयम् एव** = 'આપ મેળે જ' એમ કરવાનો છે. આની ઉપર ચર્ચા કરતાં સાયણ પણ કહે છે કે-કોઈને પ્રશ્ન થાય કે આવા બ્રહ્મનો માયાની સાથે કોઈ સંબંધ જો ન હોઈ શકે તો સાંખ્યમતવાદીઓને અભિમત છે એવી સત્ત્વ, રજસ્ અને તમો ગુણોવાળી મૂળપ્રકૃતિ, કે જે સત્ રૂપ છે તેનું જ અહીં નિરૂપણ થઈ રહ્યું છે એમ કહેવાનું પ્રાપ્ત થાય. પણ તો પછી 'સત્ ન હતું' એમ પ્રારંભે શા માટે કહ્યું છે ? એવો પ્રશ્ન તો થવાનો જ. તો આનો જવાબ આપવા કહે છે **स्वधया** । અહીં **स्वस्मिन् धीयते ध्रियते, आश्रित्य वर्तते** । એવી વ્યુત્પત્તિ અનુસાર ''જે પોતાનામાં મુકાયેલી છે, કે પોતાનામાં છારણ કરે છે અથવા (પોતાને) આશ્રયે રહીને પ્રવર્તે છે'' એ અર્થમાં **स्वधा** શબ્દનો અર્થ થશે 'માયા'. આથી તે એક (બ્રહ્મ) તત્ત્વ જે પવન વિના શ્વાસ લઈ રહ્યું છે તે **स्वधया** = 'પોતાની માયાથી જ' અર્થાત્ 'પોતાની મેળે જ' એમ જાણવું.

ચોથા પાદમાં **तस्माद्** નો અર્થ, સાયણ કહે છે-પૂર્વોક્ત માયાસહિત બ્રહ્મથી બીજું કશુંય (જેવું કે ભૂત-ભૌતિકાત્મક જગત્) **न आस = न बभूव** । 'હતું નહીં' (સામાન્ય રીતે લૌકિક સંસ્કૃતમાં √**अस** ધાતુના પરોક્ષ ભૂતકાળમાં રૂપ ચાલે ત્યારે **अस्**ના સ્થાનમાં √**भू** આદેશ થઈને **बभूव** વગેરે રૂપો જ બને છે. અને જ્યાં અનુપ્રયોગ રૂપે **अस्** આવ્યો હોય ત્યાં જ તેનાં પરોક્ષ ભૂ. કા.માં રૂપો સંભળાય છે જેમકે, **कथयामास** । પણ અહીં વેદમાં તો સ્વતન્ત્ર પણે વપરાયેલાં √**अस्** ધાતુનું જ પરોક્ષ ભૂ.કા.ત્રી.પુ.એ.વમાં **आस** એવું રૂપ વપરાયું છે તે નોંધપાત્ર છે.)

૨. ''અભ્યાસી''એ કરેલો આનો પદ્યાનુવાદ નીચે પ્રમાણે છે :

''નહોતું વળી મરણ ને અમૃતે નહોતું,
ના રાત કે દિવસ કાંઈ કળાય એવું,
ને શ્વાસ લેતું નિજ શક્તિથી વાયુ વીણ
તે એકલું, અવર તેથી ન કાંઈ ભિન્ન.''

૩. શ્રી બાળગંગાધર ટિળકે આ બીજા મન્ત્રાનો અર્થ નીચે મુજબ કર્યો છે. ''તે વખતે મૃત્યુ એટલે મૃત્યુગ્રસ્ત નાશવંત દશ્યસૃષ્ટિ ન હતી, (બીજો) અમૃત એટલે અવિનાશી નિત્ય પદાર્થ (આ ભેદ) પણ ન હતો. (તેમ જ) રાત્રિ અને દિવસનો ભેદ ઓળખાય એવું કાંઈ સાધન (= प्रकेत) પણ ન હતું. જે હતું તે એકલું જ સ્વધાથી એટલે પોતાની (શક્તિથી) એવું કંઈક ફરકતું હતું. તેના કરતાં બીજું અથવા તેનાથી પર એવું કંઈ જ ન હતું.

तम॑ आसी॒त्तम॑सा गू॒ळ्हमग्रे॑ऽप्रके॒तं स॑लि॒लं सर्व॑मा इ॒दम् ।
तु॒च्छ्येना॒भ्वपि॑हितं॒ यदासी॒त्तप॑स॒स्तन्म॑हि॒नाजा॑य॒तैक॑म् ॥३॥

तम॑ः । आ॒सी॒त् । तम॑सा । गू॒ळ्हम् । अग्रे॑ । अ॒प्र॒ऽके॒तम् ।
स॒लि॒लम् । सर्व॑म् । आ॒ः । इ॒दम् ।
तु॒च्छ्येन॑ । आ॒भु । अपि॑ऽहितम् । यत् । आसी॑त् । तप॑सः ।
तत् । म॒हि॒ना । अ॒जा॒य॒त॒ । एक॑म् ॥३॥

ननूक्तप्रकारेण यदि पूर्वमिदं जगन्नासीत् कथं तर्हि तस्य जन्म । जायमानस्य जानक्रियायां कर्तृत्वेन कारकत्वात् कारकं च कारणावान्तरविशेष इति कारकस्य सतो नियतपूर्वक्षणवर्तित्वस्य अवश्यंभावात् । अथैतद्दोषपरिजिहीर्षया जनिक्रियायाः प्रागपि तद्विद्यत इत्युच्यते । कथं तस्य जन्म । अत आह तमसा गूळ्हमग्रे इति । ˇअग्रे सृष्टेः प्राक् प्रलयदशायां भूतभौतिकं सर्वं जगत् ˇतमसा ˇगूळहम् । यथा नैशं तमः सर्वपदार्थजातमावृणोति तद्वत् । आत्मतत्त्वस्यावरकत्वान्मायापरसज्ञं भावरूपाज्ञानमत्र तम इत्युच्यते । तेन तमसा निगूढं संवृतं कारणभूतेन तेनाच्छादितं भवति । आच्छादकात् तस्मात्तमसो नामरूपाभ्यां यदाविर्भवनं तदेव तस्य जन्मेत्युच्यते । एतेन कारणावस्थायामसदेव कार्यमुत्पद्यते इत्यसद्वादिनोऽसत्कार्यवादिनो ये मन्यन्ते ते प्रत्याख्याताः । ननु कारणे तमसि तज्जगदात्मकं कार्यं विद्यते चेत् कथं नासीद्रज- इत्यादिनिषेधः । तत्राह ˇतम ˇआसीत् इति । तमो भावरूपाज्ञानं मूलकारणम् । तद्रूपता तदात्मनाम् । यतः सर्वं जगत् प्राक्

तम आसीदतो निषिध्यतं इत्यर्थः । नन्वावरकत्वादावरकं तमः कर्तृ आवार्यत्वाज्जगत्कर्म । कथं तयोः कर्मकर्त्रोस्तादात्म्यम् । तत्राह अप्रकेतमिति । ᵛअप्रकेतम् अप्रज्ञायमानम् । अयमर्थः । यद्यपि जगतस्तमसश्च कर्मकर्तृभावो यौक्तिको विद्यते तथापि व्यवहारदशायामिव तस्यां दशायां नामरूपाभ्यां विस्पष्टं न ज्ञायत इति तादात्म्यवर्णनम् ॥

अत एव मनुना स्मर्यते—'आसीदिदं तमोभूतमप्रज्ञातमलक्षणम् । अप्रतर्क्यमनिर्देश्यं प्रसुप्तमिव सर्वतः' (मनु. १.५) इति । कुतो वा न प्रज्ञायते तत्राह । ᵛसलिलम् । 'षल गतौ' । औणादिक इलच् । ᵛइदं दृश्यमानं ᵛसर्वं जगत् सलिलं कारणेन संगतमविभागापन्नम् ᵛआः आसीत् । अस्तेर्लङि तिपि 'बहुलं छन्दसि' इतीडभावे 'हल्ङ्याब्भ्यः' इति तिलोपे 'तिप्यनस्तेः' (पा. सू. ८.२.७३) इति पर्युदासाद्दकाराभावः । यद्वा सलिलमिति लुप्तोपमम् । सलिलमिव । यथा क्षीरेणाविभागापन्नं नीरं दुर्विज्ञानं तथा तमसाविभागापन्नं जगन्न शक्यविज्ञानमित्यर्थः । ननु विविधविचित्ररूपभूयसः प्रपञ्चस्य कथमतितुच्छेन तमसा क्षीरेण नीरस्येवाभिभवः । तथा तमोऽपि क्षीरवद्बलवदित्येवोच्यते । तर्हि दुर्बलस्य जगतः सर्गसमयेऽपि नोद्भवसंभव इत्यत आह तुच्छयेन इति । आ समन्ताद्भवतीति ᵛआभु ᵛतुच्छ्येन । छान्दसो यकारोपजनः । तुच्छेन तुच्छकल्पनेन सदसद्विलक्षणेन भावरूपाज्ञानेन ᵛअपिहितं छादितम् ᵛआसीत् । दधातेः कर्मणि निष्ठा दधातेर्हि । 'गतिरनन्तरः' इति गतेः प्रकृतिस्वरत्वम् ᵛएकम् एकीभूतं कारणेन तमसाविभागतां प्राप्तमपि तत्कार्यजातं ᵛतपसः स्रष्टव्यपर्यालोचनरूपस्य ᵛमहिना माहात्म्येन ᵛअजायत उत्पन्नम् । तपसः स्रष्टव्यपर्यालोचनरूपत्वं चान्यत्राम्नायते—'यः सर्वज्ञः सर्वविद्यस्य ज्ञानमयं तपः' (मु. उ. १.१.९) इति ॥

અનુવાદ (274) : (સૃષ્ટિની) પહેલાં અન્ધકારથી ગૂઢ (= વીંટળાયેલો) અન્ધકાર હતો. આ બધુંય અજ્ઞેય (= ન ઓળખી શકાય) એવું જળ (જ) હતું., તુચ્છ (એવા અજ્ઞાન)થી ઢંકાયેલું આભુ હતું. તે એક તપના મહિમાથી જન્મ્યું હતું.

(૧૦-૧૨૯-૩)

નોંધ : ૧. સાયણ આ મન્ત્ર ઉપર લખે છે કે **अग्रे** એટલે સૃષ્ટિની પહેલાં અર્થાત્ પાંચ મહાભૂતોથી બનનારું સર્વ ભૌતિક જગત્ (= **तमः**) પ્રલયદશામાં અન્ધકારથી ગૂઢ (**तमसा गूळ्हम्**) હતું. જેવી રીતે રાત્રિનો અન્ધકાર જગત્ના બધા જ પદાર્થોને વીંટળાઈ વળે છે તેમ અહીં **तमसा** શબ્દથી કયો અંધકાર લેવાનો છે ? એ સમજાવતાં સાયણ કહે છે કે આત્મતત્ત્વ પોતે આવરક હોવાથી* તે (આત્મતત્ત્વ)ને માટે **तमसा**

સાયણના **आत्मतत्त्वावरकत्वात्** એવા શબ્દોનો 'આત્મતત્ત્વને ઢાંકનાર હોઈને' એવો કર્મપરક અર્થ લેવો ઉચિત નથી.

શબ્દ વપરાયો છે; અને 'માયા' એ જેનું બીજું નામ છે તે ભાવરૂપ અજ્ઞાનને અહીં **तमः** કહ્યું છે. જે કારણ રૂપ **तमसा**-તમસ્‌થી આ (માયાસંજ્ઞક) **तमः** નિગૂઢ છે, તે આચ્છાદક એવા તમસ્‌માંથી નામ-રૂપ વડે તે (માયાસંજ્ઞક) **तमः**નો (=જગત્‌નો) જે આવિર્ભાવ, તે 'તેનો જન્મ થયો' એમ કહેવાશે). પહેલા પાદમાં આ પ્રકારના નિરૂપણથી અસત્ કાર્યવાદીઓનું પ્રત્યાખ્યાન (ખંડન) કરવામાં આવ્યું છે. (અસત્ કાર્યવાદીઓનું એમ કહેવું હતું કે ''અસત્ એવા કારણમાંથી જ કાર્ય રૂપ આ જગત્‌ની ઉત્પત્તિ થઈ છે. એટલે કે જેનું કોઈ કારણ નથી એવી આ સૃષ્ટિ છે'' પણ ઉપર કહ્યું તેમ કારણ રૂપ કોઈ તમઃ તો પહેલાં હતું.) હવે પ્રશ્ન થાય કે તે કારણરૂપ તમસ્‌માં જો જગદાત્મક કાર્ય રહેલું જ હતું તો **नासीद् रजः** '(સૃષ્ટિની પહેલાં) કોઈ લોક ન હતાં.' (મન્ત્ર-૧લા માં) એમ કેમ કહ્યું છે ? એના જવાબમાં અહીં કહ્યું છે કે '**तम आसीत्**' । આ 'તમઃ' તે ભાવ રૂપ અજ્ઞાન, જે મૂલકારણ છે તે.

અહીં પ્રશ્ન થશે કે આવરક હોઈને એ તમઃ ને કર્તા ગણાશે અને આવાર્ય હોવાથી જગત્ કર્મ બનશે. તો પછી, એ કર્તા-કર્મ બન્ને અન્ધકાર મય-તમઃ હોય એમ તાદાત્મ્ય કેવી રીતે કહી શકાય ! આના જવાબમાં **अप्रकेतम्** કહેવાયું છે. અપ્રકેત એટલે ન જાણી શકાતું. અર્થાત્-જગત્ અને તમસનો કર્મ-કર્તૃભાવ યુક્તિસિદ્ધ છે, તો પણ વ્યવહારદશાની જેમ તે (સૃષ્ટિના આરંભની) દશામાં નામ-રૂપથી સ્પષ્ટ રૂપે ઓળખી જ શકાતું નથી, એટલે તેમની વચ્ચે તાદાત્મ્ય હોય એવી રીતે વર્ણન કર્યું છે.

આ મન્ત્રમાં જે ભાવ-વિચાર વ્યક્ત થયો છે એનો જ સાર કાઢીને 'મનુસ્મૃતિ'માં પણ કહ્યું છે કે -

आसीदिदं तमोभूतमप्रज्ञातमलक्षणम् ।
अप्रतर्क्यमनिर्देश्यं प्रसुप्तमिव सर्वतः ॥ (१-५)

હવે બીજી વખત કહે છે કે **अग्रे** = સૃષ્ટિના આરંભે શું હતું ? એ કેમ જાણી શકાય એમ નથી ? તો મન્ત્રકારે કહ્યું છે કે **इदं सर्वं सलिलम् आः** । (**षल् गतौ** ધાતુ ઉપરથી 'જે જાય છે' તે = 'સલિલ' એવો શબ્દ બન્યો છે) અર્થાત્ આ દશ્યમાન આખું જગત્ (સલિલ =) કારણની સાથે સંગત થયેલું, એટલે કે વિભાગ નહીં પામેલું (**आः** =) હતું. અથવા (અહીં લુપ્તોપમ પદ ગણીને) **सलिलम्**ની પાછળ **इव**નો અધ્યાહાર લઈશું તો અર્થ આમ થશે :-

દૂધથી જુદું નહીં પહેલું-ભેગું મળેલું- પાણી જેમ ઓળખવું મુશ્કેલ છે તેવી રીતે તમસ્‌થી ઢંકાયેલું જગત્ જાણવું શક્ય નથી હોતું.

સાયણે ત્રીજા પાદનો અર્થ કરતી વખતે **आभु**નો અર્થ **आ समन्ताद् भवति** । 'જે ચારે તરફ ફેલાયેલ છે' તે (જગત્)ને 'આભુ' કહેવાય છે એમ કર્યો છે. આવું 'આભુ' તુચ્છ એવા [છતાંય સત્ અને અસત્ એ બન્નેથી વિલક્ષણ એવા ભાવ રૂપ] અજ્ઞાનથી અપિહિત = આચ્છાદિત થઈને રહેલું હતું.

ચોથા ચરણને માટે સાયણ કહે છે કે કારણ રૂપ તમસ્‌થી છૂટું= વિભાગ નહીં

પામેલું તે 'એક' અર્થાત્ એક રૂપ બનેલું કાર્યસમૂહ = (દશ્યમાન) જગત્ તપના મહિમાથી જન્મ્યું = ઉત્પન્ન થયું. અહીં પ્રશ્ન થાય કે આ કયું તપ ? તો ''જે સર્વજ્ઞ અને સર્વવિદ્ય છે તેનું જ્ઞાનમય તપ હોય છે'' એવા મુંડકોપનિષદ્ના વાક્યને આધારે અહીં, ''સ્રષ્ટવ્ય પદાર્થોની પર્યાલોચના કરવી એને જ તપ ગણવું'' એમ સમજાય છે. આથી મારે શું શું ઉત્પન્ન કરવાનું છે-સર્જવાનું છે એમ વિચારણા કરવામાં આવે તેને જ અહીં 'તપ' કહ્યું છે. આ તપના મહિમાથી જગત્ જન્મ્યું છે.

૨. શ્રી બા. ગં. ટિળકે સાયણથી જુદા પડીને 'આભુ'નો અર્થ 'સર્વ-વ્યાપી બ્રહ્મતત્ત્વ' એવો કર્યો છે. તેમના મુજબ આનો અનુવાદ અને સમજૂતી નીચે મુજબ છે : ''અંધકાર હતું (અને) આરંભમાં એ સર્વ અંધકારથી વ્યાપ્ત અને ભેદાભેદરહિત પાણી હતું; (કિંવા) આભુ એટલે સર્વવ્યાપી બ્રહ્મ (આરંભે જ) તુચ્છ એવી ખોટી માયા, તેથી આચ્છાદિત હતું-એવું જે (જે કહેવાય છે) તે મૂળ એક (બ્રહ્મ) જે તપના મહિમાએ કરીને (પાછળથી બીજે રૂપે) પ્રકટ થયેલું હતું.''

''આ ત્રીજી ઋચાના પહેલાં ત્રણ ચરણોને સ્વતન્ત્ર કલ્પીને સૃષ્ટિના આરંભમાં 'અન્ધકાર, અન્ધકારથી છવાયેલું પાણી અથવા તુચ્છથી આચ્છાદિત આભુ (પોલાણ) હતાં.' એવો તેનો વિધાનાત્મક અર્થ કેટલાક કરે છે, પણ અમારા (ટિળકના) મતમાં તે ભૂલભરેલો છે. કારણ પહેલી બે ઋચામાં, મૂળ આરંભમાં કાંઈ જ ન હતું એવું જો કે સ્પષ્ટ વિધાન છે, પણ તેનાથી તદ્દન વિરુદ્ધ અંધકાર અથવા પાણી મૂળ આરંભમાં હતું, એવું તે જ સૂક્તમાં કહ્યું જાય એ શક્ય નથી. સિવાય આ પક્ષમાં ત્રીજા ચરણમાંનુ '**यत्**' પદ નિષ્કારણ માનવું પડે છે. એટલે ત્રીજા ચરણના **यत्** પદનો ચોથા ચરણમાંના **तत्** પદ સાથે સંબંધ જોડીને અમને ઉપર આપ્યા પ્રમાણે અર્થ લગાડવાની જરૂર પડે છે. મૂળ આરંભમાં પાણી વગેરે પદાર્થો હતા. એવું કહેનારા લોકોને ઉત્તર આપવા માટે આ ઋચા આ સૂક્તમાં આપેલી છે અને તમે કહો છો તે પ્રમાણે તમ, પાણી વગેરે પદાર્થ મૂળ ન હતાં પણ એક બ્રહ્મનો તે આગળનો વિસ્તાર જ છે એમ કહેવાનો ઋષિનો હેતુ છે.

તુચ્છ અને આભુ એ બે શબ્દો એકમેકના પ્રતિયોગી છે, તુચ્છથી ઉલટો, એટલે 'મોટું' અથવા સમર્થ એવો આભુ શબ્દનો અર્થ થાય છે અને ઋગ્વેદમાં જે બીજાં બે સ્થળોમાં આ શબ્દ આવેલો છે ત્યાં (ઋ. ૧૦-૨૭-૧,૪) સાયણાચાર્યે આ જ અર્થ લીધેલો છે. 'પંચદશી'માં તુચ્છ આ શબ્દ માયાને લાગુ પાડવામાં આવ્યો છે. (નૃસિ. ઉત્તર-૯) અર્થાત્ 'આભુ'નો અર્થ 'પોલાણ' નહીં પણ પરબ્રહ્મ એવો જ થાય છે.

૩. વેંકટ માધવે આ મન્ત્રનો વળી ત્રીજી રીતે અર્થ કર્યો છે : 'પ્રકૃતિ'ને ધ્યાનમાં રાખીને આ મન્ત્રના આરંભે 'તમ હતું' એમ કહ્યું છે. એ તમસ્થી ઢંકાયેલું આ બધું, પહેલાં જાણી ન શકાય એવું = અપ્રજ્ઞાત હતું. 'આવું આવું' પહેલાં હતું એમ કહી શકાય એવું તો કશું ન હતું. મનુસ્મૃતિ (૧-૫)માં પણ આવું કહ્યું છે. ત્યાર પછી આ બધું સલિલ હતું. ક્ષોદનીય મૃત્યુથી અર્થાત્ ઉદકથી આ જે આભુ = મહાન્ બ્રહ્મ ઢંકાયેલ હતું, તે બ્રહ્મના તપના મહિમા વડે એક 'ભૂત' ઉત્પન્ન થયું. આ

('ભૂત') તે 'મનં' કહેવાય છે. ૪. પ્રા. વેલણકર કહે છે કે **आभु** એ સૃષ્ટિનું ઉપાદાનકારણ છે. **आसीत्** અને **अजायत** શબ્દો સત્કાર્યવાદને સૂચિત કરે છે, તથા **तपसः महिना** (સ્વયં પોતાની તપસ્યાથી) એ શબ્દો સચેતન કારણવાદની તરફ અંગુલિનિર્દેશ કરે છે.

काम॒स्तद॑ग्रे॒ सम॑वर्त॒ताधि॒ मन॑सो॒ रेत॑ः प्रथ॒मं यदासी॑त् ।
स॒तो बन्धु॒मस॑ति॒ निर॑विन्दन् हृ॒दि प्र॒तीष्या॑ क॒वयो॑ मनी॒षा
॥४॥

काम॑ः । त॑त् । अग्रे॑ । स॒म् । अ॒व॒र्त॒त॒ । अधि॑ । मन॑सः ।
रेत॑ः । प्र॒थ॒मम् । यत् । आसी॑त् ।
स॒तः । बन्धु॑म् । असति । निः । अ॒वि॒न्द॒न् । हृ॒दि ।
प्र॒ति॒ऽइष्य॑ । क॒वय॑ः । म॒नी॒षा ॥४॥

ननूक्तरीत्या यदीश्वरस्य पर्यालोचनं जगतः पुनरुत्पत्तौ कारणं तदेव किंनिबन्धनमित्यत आह कामस्तदग्र इति । ᵛअग्रे अस्य विकारजातस्य सृष्टेः प्रागवस्थायां परमेश्वरस्य मनसि ᵛकामः समवर्तत सम्यगजायत । सिसृक्षा जातेत्यर्थः । ईश्वरस्य सिसृक्षा वा किंहेतुकेत्यत आह मनस इति । ᵛमनसः अन्तःकरणस्य संबन्धि वासनाशेषेण मायायां विलीनेऽन्तःकरणे समवेतम् । सामान्यापेक्षमेकवचनम् । सर्वप्राण्यन्तःकरणेषु समवेतमित्यर्थः । एतेनात्मनो गुणाधारत्वं प्रत्याख्यातम् । तादृशं ᵛरेतः भाविनः प्रपञ्चस्य बीजभूतं ᵛप्रथमम् अतीते कल्पे प्राणिभिः कृतं पुण्यात्मकं कर्म ᵛयत् यतः कारणात् सृष्टिसमये ᵛआसीत् अभवत् । भूष्णु वर्धिष्ण्वजायत परिपक्वं सत् फलोन्मुखमासीदित्यर्थः । तत्ततो हेतोः फलप्रदस्य सर्वसाक्षिणः कर्माध्यक्षस्य परमेश्वरस्य मनसि सिसृक्षा अजायतेत्यर्थः । तस्यां च जातायां स्रष्टव्यं पर्यालोच्य ततः सर्वं जगत् सृजति । तथा चाम्नायते—'सोऽकामयत बहुः स्यां प्रजायेयेति स तपोऽतप्यत स तपस्तप्त्वेदं सर्वमसृजत यदिदं किंच' (तै. आ. ८.६) इति श्रुतिः । आत्मनेत्थमवगमितेऽर्थे विद्वदनुभवमप्यनुग्राहकत्वेन प्रमाणयति सत इति । ᵛसतः सत्त्वेन इदानीमनुभूयमानस्य सर्वस्य जगतः ᵛबन्धुं बन्धकं हेतुभूतं कल्पान्तरे प्राण्यनुष्ठितं कर्मसंमूहं ᵛकवयः क्रान्तदर्शना अतीतानागतवर्तमानाभिज्ञा योगिनः ᵛहृदि हृदये निरुद्धया ᵛमनीषा मनीषया बुद्ध्या । 'सुपां सुलुक्' इति तृतीयाया लुक् । ᵛप्रतीष्य विचार्य । 'अन्येषामपि' इति साहितिको दीर्घः । ᵛअसति सद्विलक्षणेऽव्याकृते कारणे ᵛनिरविन्दन्

निष्कृष्यालभन्त विविच्याजानन्नित्यर्थः ॥

અનુવાદ (275) : (આ વિકારરૂપ સૃષ્ટિની) આગળ = પૂર્વે એ (પરમેશ્વર)ના (મનની) અંદર કામ જન્મ્યો (= સર્જન કરવાની ઇચ્છા ઊભી થઈ). જે (આ 'કામ', તે જ) (એના) મનનું પ્રથમ રેતસ્ હતું. બુદ્ધિ વડે હૃદયમાં વિચારણા કરીને **(प्रतीष्य)** કવિઓએ સત્ (= વ્યક્ત) રૂપ (આ જગત્)ને બાંધનાર જે (કર્મસમૂહ) તેને અસત્‌ની અંદર (અર્થાત્ સત્‌થી વિલક્ષણ એવા અવ્યાકૃત = અવ્યક્ત કારણમાં) ઓળખ્યું. **(निरविन्दन्)** (૧૦-૧૨૯-૪)

નોંધ : ૧. સાયણ કહે છે કે આગળના મન્ત્રોમાં ઈશ્વરનું પર્યાલોચન કરીને, આ જગત્‌ની ઉત્પત્તિની બાબતમાં એ (પરમેશ્વર) કઈ રીતે કારણરૂપ બને છે એની હવે રજૂઆત કરવામાં આવે છે. આ વિકારમાંથી જન્મેલી સૃષ્ટિની પૂર્વે પરમેશ્વરના મનમાં 'કામ' અર્થાત્ સિસૃક્ષા (= સર્જન કરવાની ઇચ્છા) જન્મી. 'પ્રથમમ્' નો અર્થ છે : અતીત = અગાઉના કલ્પમાં પ્રાણીઓ વડે કરવામાં આવેલ પુણ્યાત્મક કર્મ, જે ભવિષ્યમાં થનારા પ્રપંચનું બીજભૂત રેતસ્ છે તે આ પરમાત્માના મનમાં રહેલું હોય છે. સર્વના સાક્ષી અને સઘળાં કર્મોના અધ્યક્ષ એવા પરમેશ્વરના મનમાં એવું 'પ્રથમ રેતસ્' હોય છે; કે જેમાંથી તેમને સિસૃક્ષા થાય છે અને ત્યાર પછી તે જે કાંઈ સર્જવાનું હોય છે તેનો વિચાર કરીને જગત્‌ને ઉત્પન્ન કરે છે.

ક્રાન્તદર્શી કવિઓ પોતાની મનીષાથી હૃદયની અંદર વિચાર કરીને 'સત્‌ના બન્ધુ એવા (કર્મસમૂહ)ને અસત્‌માં ઓળખે છે. અહીં 'બન્ધુ'નો અર્થ છે : બન્ધક-બાંધનાર. સત્ અર્થાત્ અત્યારે અનુભવાતું (અર્થાત્ વ્યક્ત) જગત્. તેને પ્રાણીઓએ કલ્પાન્તરમાં કરેલા કર્મોનો સમૂહ બાંધનાર છે. આવા સત્‌ના બન્ધુ રૂપ કર્મસમૂહને કવિઓ અસત્‌માં અર્થાત્ સત્ (રૂપ જગત)થી વિલક્ષણ = જુદા એવા અવ્યાકૃત = અવ્યક્ત કારણ (પરમેશ્વર)માં ઓળખે છે, પામે છે.

૨. શ્રી. બા. ગં. ટિળકે આનો અનુવાદ આમ કર્યો છે : "(એના) મનનું જે રેત એટલે બીજ પ્રથમ નીકળ્યું તે જ પહેલાં કામ (એટલે સૃષ્ટિ રચવાની ઇચ્છા અથવા પ્રવૃત્તિ, શક્તિ) થયું. જ્ઞાતા પુરુષોએ પોતાના હૃદયમાં પરીક્ષા કરીને પોતાની બુદ્ધિથી નક્કી કરેલું છે કે, આ જ અસત્ મધ્યે એટલે (અવ્યક્ત એવા) મૂળ પરબ્રહ્મમાં સત્‌નો એટલે કે વિનાશી દૃશ્યસૃષ્ટિનો પ્રથમ સંબંધ છે."

ति॒र॒श्चीनो॒ वित॑तो र॒श्मिरे॑षाम॒धः स्वि॑दा॒सी३दु॒परि॑ स्विदासी३त् ।
रे॒तो॒धा आ॑सन्महि॒मान॑ आसन्त्स्व॒धा अ॒वस्ता॒त्प्रय॑तिः प॒रस्ता॑त्
॥५॥

। र॒श्मिः । ए॒षा॒म् । अ॒धः । स्वि॒त् ।

आ॒सी३त् । उ॒परि॑ । स्वि॒त् । आ॒सी॒३त् ।
रे॒तः॒ऽधाः । आ॒स॒न् । म॒हि॒मानः । आ॒स॒न् । स्व॒धा । अ॒वस्तात् ।
प्रऽय॑तिः । प॒रस्ता॑त् ॥५॥

एवमविद्याकामकर्माणि सृष्टेर्हेतुत्वेनोक्तानि । अधुना तेषां स्वकार्यजनने शैघ्र्यं प्रतिपाद्यते । येयं नासदासीदित्यविद्या प्रतिपादिता यश्च कामस्तदग्रे इति कामो मनसो रेतः प्रथमं यदासीदित यत्कर्म ᵛएषाम् अविद्याकामकर्मणां वियदादिभूतजातानि सृजतां ᵛरश्मिः रश्मिसदृशो यथा सूर्यरश्मिः उदयानन्तरं निमेषमात्रेण युगपत् सर्वं जगत् व्याप्नोति तथा शीघ्रं सर्वत्र व्याप्नुवन् यः कार्यवर्गः ᵛविततः विस्तृतः ᵛआसीत् । स्विदासीत् इति वक्ष्यमाणमत्रापि संवध्यते । 'विचार्यमाणानाम्' (पा. सू. ८.२.९७) इति प्लुतः । तत्रोदात्त इत्यनुवृत्तेः स चोदात्तः । ᵛस्वित् इति वितर्के । स कार्यवर्गः प्रथमतः किं ᵛतिरश्चीनः तिर्यगवस्थितो मध्ये स्थित आसीत् किंवा ᵛअधः अधस्तात् ᵛआसीत् । आहोस्वित् ᵛउपरि उपरिष्टात् किमासीत् । 'उपरि स्विदासीदिति च' (पा. सू. ८.२.१०२) इत्यनुदात्तः प्लुतः । 'आत्मन आकाशः संभूत आकाशाद्वायुर्वायोरग्नि' (तै. आ. ८.१) इत्यादिकया पञ्चमीश्रुत्या तत उद्गातारं ततो होतारमितिवत् क्रमप्रतिपत्तौ सत्यामपि विद्युत्प्रकाशवत् सर्गस्य शीघ्रव्यापनेन तस्य क्रमस्य दुर्लक्षणत्वांदेतेषु त्रिषु स्थानेषु प्राथम्यं कुत्रेति विचार्यते । एवं नाम शीघ्रं सर्वतो दिक्षु सर्गो निष्पन्न इत्यर्थः । एतदेव विभजते । सृष्टेषु कार्येषु मध्ये केचिद्भावाः रेतोधाः ᵛरेतसो बीजभूतस्य कर्मणो विधातारः कर्तारो भोक्तारश्च जीवाः ᵛआसन् अन्ये भावाः ᵛमहिमानः । स्वार्थिक इमनिच् । महान्तो वियदादयो भोग्याः ᵛआसन् । एवं मायासहितः परमेश्वरः सर्वं जगत् सृष्ट्वा स्वयं चानुप्रविश्य भोक्तृभोग्यादिरूपेण विभागं कृतवानित्यर्थः । अयमेवार्थस्तैत्तिरीयके 'तत्सृष्ट्वा तदेवानुप्राविशत्' (तै. आ. ८.६) इत्यारभ्य प्रतिपाद्यते । तत्र च भोक्तृभोग्ययोर्मध्ये ᵛस्वधा । अन्ननामैतत् । भोग्यप्रपञ्चः ᵛअवस्तात् अवरो निकृष्ट आसीत् । ᵛप्रयति प्रयतिता भोक्ता ᵛपरस्तात् पर उत्कृष्ट आसीत् । भोग्यप्रपञ्चं भोक्तृप्रपञ्चस्य शेषभूतं कृतवानित्यर्थः । 'विभाषा परावराभ्याम्' (पा. सू. ५.३.२९) इति प्रथमार्थे अस्तातिः । 'अस्ताति च' (पा.सू. ५.३.४०) इत्यवरशब्दस्यावादेशः । अवस्तादिति संहितायाम् ईषा अध्यक्षादित्वात् प्रकृतिभावः ॥

અનુવાદ (276) : (વિયદ્ વગેરે ભૂત સમૂહને સર્જતાં) એમનો (પરમેશ્વરનો ?)

રશ્મિ (રૂપ કાર્યસમૂહ) ત્રાંસો ફેલાયો; કે પછી, તે નીચે (ગયો) હતો ? કે ઉપરના ભાગે (ગયો/ફેલાયો) હતો ? (ત્યારે) રેતસ્નું (બીજનું) આધાન કરનારા (= મૂકનારા) હતા. મહાન્ એવા (વિયદાદિ ભોગ્ય પદાર્થો) હતા. નીચેના ભાગે સ્વધા (= અન્ન, કે ભોગ્ય પ્રપંચ) હતી તથા ઉપરના ભાગે પ્રયતિ (= ભોક્તા) હતો.
(૧૦-૧૨૯-૫)

નોંધ : ૧. **एषाम्** = આમનો અર્થાત્ અવિદ્યા રૂપ કામ અને અતીત કલ્પ-નાં કર્મો- કે જે વિયદાદિભૂતોને સર્જી રહ્યા હતા, તેમનો રશ્મિ, અર્થાત્ રશ્મિ જેવો કાર્યસમૂહ **तीरश्चीनः** = ત્રાંસો ફેલાયો. ૨. બીજા પાદમાં **स्विद्** એવો અવ્યય વાપર્યો છે. તે વિતકાર્થક છે. અર્થાત્ વ્યક્તિ જ્યારે કોઈ મૂંઝવણ સાથે શંકા, તર્ક-વિતર્ક કરે ત્યારે એ વિચારણા રજૂ કરતા વાક્યમાં **स्विद्** અવ્યય વપરાય છે. પણ આ સંદર્ભમાં વ્યાકરણકારો કહે છે કે (વિતર્કની અવસ્થામાં) **आसीत्**નો **'ई'** સ્વર પ્લુત = ત્રિમાત્રિક ઉચ્ચારાય છે. આથી સંહિતામાં તેની પાછળ ३ (ત્રણ સંખ્યા)નું નિશાન મૂકાય છે; જેથી સૂચિત થાય કે **सी**નો **ई** ત્રિમાત્રિક પ્લુત ઉચ્ચારવાનો છે. (આ કોઈ સ્વતન્ત્ર સ્વરિતનું સ્વરાંકન કરતો '३' નથી.) ૩. મેકડોનલ કહે છે કે 'રેતોધા' અને 'મહિમાનઃ'—આ શબ્દો વિશ્વોત્પત્તિના પુરુષતત્ત્વના અને સ્ત્રીતત્ત્વના વાચક છે. 'પ્રયતિ' અને 'સ્વધા' યથાક્રમે આ તત્ત્વોને મળતાં આવે છે. આમાંથી સૂચન લઈને વેલણકર સાહેબે આ મન્ત્રનો અનુવાદ નીચે મુજબ આપ્યો છે : ''એને જોડનાર બન્ધ તિર્યક્ બનીને સર્વત્ર ફેલાયો હતો. શું આ (પરમાત્મ તત્ત્વ) નીચે પણ, અને ઉપર પણ રહેલ હતું ? (તે હકીકતમાં બે ભાગોમાં વિભાજિત થઈ ગયો અને એની અડધી શક્તિઓ) રેતઃનું સીંચન કરનાર પુરુષતત્ત્વ બની ગઈ, અને બાકીની અડધી (શક્તિઓ) (ગર્ભધારણ-પોષણ કરવા યોગ્ય વિશાળ (સ્ત્રીતત્ત્વ) બની ગઈ. સ્વધા શક્તિ નીચે હતી અને પ્રયતિશક્તિ તેની પાર (ઉપર) હતી.'' વિશેષમાં તેઓ કહે છે કે—પૂર્વવર્તિની ઋચાના 'કામ'ને જ અહીં બે શક્તિઓને જોડનાર સૂત્ર કહેવામાં આવ્યું છે. કામ વાસ્તવમાં બન્ને શક્તિઓને સાંધનાર, સંયુક્ત કરનાર સૂત્ર છે. આના અભાવમાં બન્ને શક્તિઓ પરસ્પરમાં મળીને ઉત્પાદન કાર્ય કરી શકતી નથી. બીજા પાદનો જે પ્રશ્ન છે. તેનો અપેક્ષિત ઉત્તર 'હા' જ લેવાનો છે. આભુ તો એક જ છે; આથી તે નીચે અને ઉપર અર્થાત્ બન્ને સ્થાનોમાં કેવી રીતે રહી શકશે ? એવો સંદેહ આ પ્રશ્નના ગર્ભમાં રહેલો છે. આનો ઉત્તર બૃહદારણ્યકોપનિષદ્માં વિસ્તારથી આપ્યો છે : **स (आत्मा) वै न रेमे । तस्मादेकाकी न रमते । स द्वितीयमैच्छत् । स ह एतावानास यथा स्त्रीपुमांसौ संपरिष्वक्तौ । स इममेवात्मानं द्वेधा अपातयत् । ततः पतिश्च पत्नी च अभवताम् ।** ૧-૪-૩ ॥ ત્રીજા પાદમાં આ બન્ને તત્ત્વો (પુંસ્ત્વ-સ્ત્રીત્વ)નો પુંલિંગ બહુવચનમાં અને, ચોથા પાદમાં સ્ત્રીલિંગ એકવચનમાં નિર્દેશ છે. **स्वधा** (√**धा**) 'પોતાનામાં ધારણ કરવાની શક્તિ', **प्रयतिः** (**प्र**+√**यम्**) 'પોતાની (અંદર)થી આગળ/બહાર

ફેંકનારી, સમર્પિત કરનારી શક્તિ.’

૪. શ્રી બા. ગં. ટિળકે આનો અનુવાદ આમ કર્યો છે; ‘‘આ એનાં રશ્મિઓ એટલે કિરણો આડાં પડ્યાં’ છે. ઉપર પણ હતાં, નીચે પણ હતાં. તેમાંના કેટલાંક બીજ નાખનારાં થયાં, અને વધીને મોટાં પણ થયાં, એની શક્તિ આ તરફ વ્યાપ્ત થઈ અને પ્રભાવ પેલી તરફ વ્યાપ્ત થયો.’’

૫. વેંકટમાધવે આ સૂક્ત ‘ભાવવૃત્ત દેવતા’ વાળું છે એ વાત કદાચ વિસારે પાડીને **एषाम्**નો અર્થ ‘દ્યુલોકમાં રહેલા દેવો’ કર્યો છે; અને **रेतोधाः**નો અર્થ ‘જળને આપનારા દેવો’ એમ કર્યો છે. આ અર્થઘટન બહુ પ્રતીતિકર બનતું નથી; તે ચિન્ત્ય છે.

को अ॒द्धा वे॑द॒ क इ॒ह प्र वो॑च॒त्कुत॒ आजा॑ता॒ कुत॑ इ॒यं विसृ॑ष्टिः ।
अ॒र्वाग्दे॒वा अ॒स्य वि॒सर्ज॑नेना॒था को वे॑द॒ यत॑ आब॒भू॑व ॥६॥

कः । अ॒द्धा । वे॒द॒ । कः । इ॒ह । प्र । वो॒च॒त् । कुत॑ः ।
आऽजा॑ता । कुत॑ः । इ॒यम् । वि॑ऽसृ॑ष्टिः ।
अ॒र्वाक् । दे॒वाः । अ॒स्य । वि॒ऽसर्ज॑नेन । अथ॑ । कः । वे॒द॒ ।
यत॑ः । आ॒ऽब॒भू॑व ॥६॥

एवं भोक्तृभोग्यरूपेण सृष्टिः संग्रहेण प्रतिपादिता । ‘एतावद्वा इदमन्नं चैवान्नादश्च सोम एवान्नमग्निरन्नाद’ (श. ब्रा. १.४.२.१३) इतिवत् । अथेदानी सा सृष्टिर्दुर्विज्ञानेति न विस्तरेणाभिहितेत्याह को अद्धेति । ᵛकः पुरुषः ᵛअद्धा पारमार्थ्येन ᵛवेद जानाति । ᵛकः वा ᵛइह अस्मिँल्लोके ᵛप्र ᵛवोचत् प्रब्रूयात् । ᵛइयं दृश्यमाना ᵛविसृष्टिः विविधा भूतभौतिकभोक्तृभोग्यादिरूपेण बहुप्रकारा सृष्टिः कुतः कस्मादुपादानकारणात् । ᵛकुतः कस्माच्च निमित्तकारणात् ᵛआजाता समन्ताज्जाता प्रादुर्भूता । एतदुभयं सम्यक् को वेद को वा विस्तरेण वक्तुं शक्नुयादित्यर्थः । ननु देवाः अजानन्तः । सर्वज्ञास्ते ज्ञास्यन्ति वक्तुं च शक्नुवन्तीत्यत आह अर्वागिति । ᵛदेवाः च ᵛअस्य जगतो विसर्जनेन ᵛवियदादिभूतोत्पत्त्यनन्तरं विविधं यद्भौतिकं सर्जनं सृष्टिस्तेन ᵛअर्वाक् अर्वाचीनाः कृताः । भूतसृष्टेः पश्चाज्जाता इत्यर्थः । तथाविधास्ते कथं स्वोत्पत्तेः पूर्वकालीनां सृष्टिं जानीयुः । अजानन्तो वा कथं प्रब्रूयुः । उक्तं दुर्विज्ञानत्वं निगमयति । ᵛअथ एवं सति देवा अपि न जानन्ति

किल । तद्व्यतिरिक्तः ^{v}कः नाम मनुष्यादिः ^{v}वेद तज्जगत्कारणं जानाति ^{v}यतः कारणात् कृत्स्नं जगत् ^{v}आवभूव अजायत ॥

અનુવાદ (277) : કોણ પારમાર્થિક (**अद्धा**) રૂપે જાણતું હશે ? અહીં (આ લોકમાં) (આ વિષે) કોણ કહેશે ? આ વિવિધ પ્રકારની સૃષ્ટિ ક્યાંથી (= કયા ઉપાદાનકારણમાંથી) ઉત્પન્ન થઈ છે ? દેવો તો આ (વિયદાદિ) વિસ્તૃત સર્જનની અપેક્ષાએ અર્વાચીન (**अर्वाक्**) છે; (તેથી તેમને તો કેવી રીતે ખબર હોઈ શકે ?), જેમાંથી આ બધુંય (સકળ જગત્) જન્મ્યું છે, તે વિષે (દેવો સિવાય બીજું) કોણ જાણતું હશે ? (૧૦-૧૨૯-૬)

નોંધ : ૧. સાયણ કહે છે કે સૃષ્ટિની ઉત્પત્તિ અંગે જાણવું મુશ્કેલ છે. એથી એ વિષે વિસ્તારથી શું કહેવું ? એને ટૂંકમાં જ જો કહેવું હોય તો **को अद्धा०** વગેરે મન્ત્ર દ્વારા કહે છે : કયો માણસ પરમાર્થપણે-પૂરેપૂરી અને સાચી રીતે-જાણતો હશે, અથવા કોણ અહીં કહેશે (કે સૃષ્ટિ શેમાંથી, કોણે, કેવી રીતે સર્જી હશે) ? આ વિવિધ પ્રકારની ભૂત-ભૌતિક-ભોક્તૃ-ભોગ્ય રૂપાદિ બહુ પ્રકારની સૃષ્ટિ કયા ઉપદાનકારણમાંથી થઈ હશે ? અથવા કયા નિમિત્તકારણમાંથી આ બધી સૃષ્ટિ થઈ હશે ?—આ બંને વાત કોણ જાણતું હશે અને વિસ્તારથી કહેવા શક્તિમાન હશે ? પ્રાથમિક દૃષ્ટિએ એમ લાગે કે કદાચ દેવો આ વિષે જાણતા હશે, કેમ કે દેવો તો સર્વજ્ઞ છે એથી બધું જાણતા હશે અને તે કહી પણ શકશે. તો આ સૂક્તના ઋષિ કહે છે કે દેવો તો આ જગત્નું સર્જન થયા પછી ઉત્પન્ન થયેલા છે : **विसर्जनेन अर्वाक्** સર્જનથી-સર્જનની અપેક્ષાએ-અર્વાચીન છે. અર્થાત્ દેવો વિયદ્-વાયુ આદિ ભૂત સૃષ્ટિની પછી જન્મેલા છે, આથી તેઓ તેમની પણ પૂર્વે જન્મેલી સૃષ્ટિને વિષે કશુંય કેવી રીતે જાણતા હોઈ શકે ? અને જાણતા ન હોય તો તે વિષે કહી પણ કેવી રીતે શકે ? તો પછી દેવો સિવાય બીજું એવું કોણ રહ્યું કે જે આ બધું જાણતું હોય; કે આ જગત્ શેમાંથી થયું હશે ?

૨. શ્રી બા. ગં. ટિળકે આનો અનુવાદ આમ કર્યો છે. ''સત્નો આ વિસર્ગ એટલે વિસ્તાર શેમાંથી આવ્યો કે ક્યાંથી આવ્યો, તે (આના કરતાં) કોણ વિસ્તારથી કહી શકે તેમ છે ?' કોણ નિશ્ચયપૂર્વક જાણે છે ? દેવો પણ આ સત્ સૃષ્ટિના વિસર્ગ પછીના છે, તો તે ક્યાંથી પ્રકટ થઈ તે કોણ જાણી શકે ?

૩. પ્રોફે. વેલણકર લખે છે કે-**अस्य**માં સૃજનને માટે ઉન્મુખ પેલા ત્રીજી ઋચાના **आभु**નો ઉલ્લેખ છે. બીજા પાદના પ્રારંભિક અંશમાં એક અક્ષર વધારે છે. એનું કારણ સંભવતઃ **आजाता** શબ્દના ઉપસર્ગ '**आ**'નો એમાં (પાછળથી) અનુપ્રવેશ થયો હશે, જે **विसृष्टि** શબ્દમાંના **वि** ઉપસર્ગનું અનુકરણ કરવા જતાં ઉમેરાયો હશે. **आवभूव** ક્રિયાપદના કર્તા તરીકે **विसृष्टिः** અભિપ્રેત લાગે છે.

इ॒यं विसृ॑ष्टि॒र्यत॑ आब॒भूव॒ यदि॑ वा द॒धे यदि॑ वा॒ न ।
यो अ॒स्याध्य॑क्षः पर॒मे व्यो॑म॒न्त्सो अ॒ङ्ग वे॑द॒ यदि॑ वा॒ न वेद॑ ॥७॥

इ॒यम् । विऽसृ॑ष्टिः । यत॑ः । आ॒ऽब॒भूव॑ । यदि॑ । वा॒ । द॒धे । यदि॑ । वा॒ । न ।
यः । अ॒स्य॒ । अधि॑ऽअक्षः । प॒र॒मे । विऽओ॑मन् । सः । अ॒ङ्ग । वे॒द॒ । यदि॑ । वा॒ । न वेद॑ ॥७॥

उक्तप्रकारेण यथेदं जगत्सर्जनं दुर्विज्ञानं एवं सृष्टं तज्जगत् दुर्धरमपीत्याह इयमिति । ᵛयतः उपादानभूतात् परमात्मनः ᵛइयं ᵛविसृष्टिः विविधा गिरिनदीसमुद्रादिरूपेण विचित्रा सृष्टिः ᵛआबभूव आजाता सोऽपि किल ᵛयदि ᵛवा ᵛदधे धारयति ᵛयदि ᵛवा ᵛन धारयति । एवं च को नाम अन्यो धर्तुं शक्नुयात् । यदि धारयेदीश्वर एव धारयेन्नान्य इत्यर्थः । एतेन कार्यस्य धारयितृत्वप्रतिपादनेन ब्रह्मण उपादानकारणत्वमुक्तं भवति । तथा च पारमार्ष सूत्रं—‘प्रकृतिश्च प्रतिज्ञादृष्टान्तानुपरोधात्’ (वे.सू. १.४.२३) इति । यद्वा । अनेनार्धर्चेन पूर्वोक्तं सृष्टेर्दुर्ज्ञानत्वमेव द्रढयति । को वेदेत्यनुवर्तते । इयं विविधा सृष्टिः यत आबभूव आ समन्तादजाययेति को वेद । न कोऽपि । नास्त्येव जगतो जन्म न कदाचिदनीदृशं जगदिति बहवो भ्रान्ता भवन्त्यपि । यतः । ‘जनिकर्तुः प्रकृतिः’ (पा. सू. १.४.३०) इत्यपादानसंज्ञायां पञ्चम्यास्तसिल् । यस्मात् परमात्मन उपादानभूतादाबभूव तं परमात्मानं को वेद । न कोऽपि । प्रकृतितः परमाणुभ्यो वा जगज्जन्मेति हि बहवो भ्रान्ताः । तथा स एवोपादानभूतः परमात्मा स्वयमेव निमिताभूतोऽपि सन् यदि वा दधे विदधे इदं जगत् ससर्ज यदि वा न ससर्ज । असंदिग्धे संदिग्धवचनमेतच्छास्राणि चेत्प्रमाणं स्युरिति यथा । स एव विदधे । तं को वेद । अजानन्तोऽपि बहवो जडात् प्रधानादकर्तृकमेवेदं जगत् स्वयमजायतेति विपरीतं प्रतिपन्ना विदधतो विधानमजानन्तोऽपि । स एव उपादानभूत इत्यपि को वेद । कोऽपि । उपादानादन्यः तटस्थ एवेश्वरो विदधे इति हि बहवः प्रतिपन्नाः । देवो अपि यन्न जानन्ति तदर्वाचीनानामेषां तत्परिज्ञाने कैव कथेत्यर्थः । यद्येवं जगत्सृष्टिरत्यन्तदुरवबोधा न तर्हि सा प्रमाणपद्धतिमध्यास्त इत्याशङ्क्य तत्सद्भाव ईश्वरमेव प्रमाणयति यो अस्येति । ᵛअस्य भूतभौतिकात्मकस्य

जगतः ᵛयः ᵛअध्यक्षः ईश्वरः ᵛपरमे उत्कृष्टे सत्यभूते ᵛव्योमन् व्योमन्याकाशे आकाशवन्निर्मले स्वप्रकाशे । यद्वा । अवतेस्तर्पणार्थात् 'अन्येभ्योऽपि दृश्यन्ते' इति मनिन् । 'नेड्वशि कृति' इतीट्प्रतिषेधः । 'ज्वरत्वर' इत्यादिना वकारोपधयोः ऊट् । सप्तम्या लुक् । 'न ङिसवुद्धयोः' इति नलोपप्रतिषेधः ॥ व्योमनि विदेषेण तृप्ते । निरतिशयानन्दस्वरूपे इत्यर्थः । यद्वा । अवतिर्गत्यर्थः । व्योमनि विशेषेण गते व्याप्ते । देशकालवस्तुभिरपरिच्छिन्न इत्यर्थः । अथवा । अवतिर्ज्ञानार्थः । व्योमनि विशेषेण ज्ञातरि विशिष्टज्ञानात्मनि । ईदृशे स्वात्मनि प्रतिष्ठितः । श्रूयते हि सनत्कुमारनारदयोः संवादे–'स भगवः कस्मिन् प्रतिष्ठित इति स्वे महिम्नि' (छा. उ. ७.२४.१) इति । ईदृशो यः परमेश्वरः ᵛसो ᵛअङ्ग । अङ्गेति प्रसिद्धौ । सोऽपि नाम ᵛवेद जानाति । ᵛयदि ᵛवा ᵛन ᵛवेद न जानाति । को नामे अन्यो जानीयात् । सर्वज्ञ ईश्वर एव तां सृष्टिं जानीयात् नान्य इत्यर्थः ॥ ॥१७॥

અનુવાદ **(278)** : જે (પરમાત્મા)માંથી આ વિવિધ પ્રકારની સૃષ્ટિ ઉત્પન્ન થઈ છે. તેણે તો આને ધારણ કરી હશે કે નહીં કરી હોય ? (અથવા-એણે એનું નિર્માણ કર્યું હશે કે નહીં ?) આ (જગત્)નો જે અધ્યક્ષ ઊંચા આકાશમાં (છે), તે પણ કદાચ જાણતો હશે કે નહીં જાણતો હોય !!! (૧૦-૧૨૯-૭)

નોંધ : ૧. સાયણ કહે છે કે જેવી રીતે આ જગત્નું સર્જન થયું એમ જાણી શકાતું નથી તેમ તે સર્જાયેલું જગત ધારણ કરી રાખવું પણ મુશ્કેલ છે એમ આ મન્ત્રના આરંભે કહ્યું છે, **यतः** = જેમાંથી = ઉપાદાનકારણભૂત પરમાત્મામાંથી આ વિસૃષ્ટિ = વૈવિધ્યવાળી અર્થાત્ ગિરિ-નદી-સમુદ્ર વગેરે પદાર્થોથી બનેલી આ વિચિત્ર સૃષ્ટિ બની છે; તેણે પણ શું આ (સૃષ્ટિ)ને ધારણ કરી રાખી હશે કે નહીં ધારણ કરી હોય ? (અને એ પરમાત્માએ નહીં ધારણ કરી હોય તો બીજો તો કોણ ધારણ કરી શકવાનો હતો ?! અર્થાત્ આ વાક્યથી એમ કહેવાયું છે કે જો કોઈએ પણ સૃષ્ટિને ધારણ કરી રાખી હોય તો તે ઈશ્વરે જ ધરી રાખી હશે; બીજા કોઈનું એ કામ ન હોઈ શકે, સામર્થ્ય ન હોઈ શકે.) આમ કાર્ય રૂપ સૃષ્ટિનું ધારયિતૃત્વ ઈશ્વરમાં છે-બ્રહ્મન્માં છે એમ કહીને, બ્રહ્મનું ઉપાદાનકારણત્વ કહ્યું છે.

અથવા આ પૂર્વ અર્ધર્ચથી, અગાઉની જેમ જ સૃષ્ટિનું દુર્જ્ઞાનત્વ-દુર્જ્ઞેયત્વ-ફરીથી દૃઢ કરે છે. જેમકે, [એમ માનીએ કે **को वेद** = કોણ જાણતું હશે ? એટલો અંશ પૂર્વેના છઠ્ઠા મન્ત્રમાંથી અહીં પહેલા પાદમાં અનુવૃત્ત કરવાનો છે એટલે કે **यतः इयं विसृष्टिः आबभूव (इति को वेद)** એવું વાક્ય લઈએ-તો] ''આ વિવિધ સૃષ્ટિ જેમાંથી આવી છે-ઉત્પન્ન થઈ છે તે કોણ જાણતું હશે ?'' (અર્થાત્ કોઈ નહીં જાણતું હોય.) આ શ્રુતિવચનને આધારે જે કેટલાક ભ્રાન્તમતો ઉદ્ભવ્યા છે તે તરફ પણ

સાયણ ધ્યાન દોરે છે. દા. ત., (૧) 'આ જગત્‌નો જન્મ થયો જ નથી; કેમ કે આ જેવું દેખાય છે એવું જગત્ છે જ નહીં.' ઘણા લોકોનો આવો ભ્રાન્ત મત છે. પણ ખરેખર અહીં **यतः** પદમાં અપાદાન-પંચમ્યર્થે **तस्** પ્રત્યય લાગ્યો છે એમ વ્યાકરણની મદદથી જાણવું. તો આનો અર્થ એમ થશે કે "જે (પરમાત્મા)માંથી આ સૃષ્ટિ જન્મી છે, તેને = તે પરમાત્માને કોણ જાણશે ?" (૨) "પ્રકૃતિ રૂપ પરમાણુઓમાંથી જ જગત્‌નો જન્મ થયો હશે' એમ પણ ઘણા ભ્રાન્ત લોકો (વૈશેષિકો) માને છે, તો અહીં (પરમાણુ રૂપ) ઉપાદાનકારણ બનેલા પરમાત્માએ જ (એ પરમાણુઓના સંઘટનમાં) નિમિત્તકારણ પણ બનીને આ (જગત્)નું (**वा दधे = विदधे**) સર્જન કર્યું હશે કે નહીં ? એવો પ્રશ્ન થાય છે. તો કહે છે કે હા, તે પરમાત્માએ જ આને સર્જ્યું છે, પણ તેને કોણ જાણતું હશે ? અર્થાત્ કોઈ નહીં જાણતું હોય. (૩) જડ એવા 'પ્રધાન' તત્ત્વમાંથી, (એટલે કે કર્તા વિનાનું) આ જગત્ સ્વયં જ જન્મ્યું છે એમ વિપરીત માન્યતા પણ ઘણા (સાંખ્યવાદીઓ) ધરાવે છે. આવા લોકોની પ્રત્યે પણ અહીં (મન્ત્રમાં) પ્રશ્ન કરવામાં આવ્યો છે કે તે (પરમાત્મા) જ ઉપાદાન રૂપ છે એવું પણ કેટલાને ખબર હશે ? અર્થાત્ કોઈનેય ખબર નથી. (૪) અથવા-"ઉપાદાન કારણથી તદ્દન ભિન્ન-સ્વતન્ત્ર, તટસ્થ એવા ઈશ્વરે જ આ (જગત્)નું સર્જન કર્યું છે" એવું પણ ઘણા માને છે. (૫) દેવો પણ જે જાણતા નથી કેમ કે તેઓ તો સૃષ્ટિની રચનાના સમયની અપેક્ષાએ અર્વાચીન છે, તેથી તેમનેય આની ખબર ક્યાંથી હોય ?

આવા વિવિધ પક્ષો સાંભળ્યા પછી કોઈને પ્રશ્ન થાય કે જો જગત્‌ની સૃષ્ટિ = સર્જન આમ અત્યંત દુર્બોધ હોય, તો પછી તે પ્રમાણથી પણ સિદ્ધ કરી શકાશે નહીં, એવી કોઈ શંકા કરે તો મન્ત્રકાર 'આ સૃષ્ટિનો સર્જનકાર કોઈક = ઈશ્વર છે એમ પ્રમાણિત કરવા માટે ત્રીજા પાદમાં **यो अस्य अध्यक्षः** વગેરે શબ્દો કહે છે. **यः** જે **अस्य** આનો = જગત્‌નો અધ્યક્ષ = ઈશ્વર પરમ વ્યોમમાં (અર્થાત્ ૧. ઉત્કૃષ્ટ સત્યભૂત આકાશમાં; અથવા ૨. પરમ આનંદમાં, ૩. વિશેષ રૂપે વ્યાપી વળેલામાં, ૪. વિશિષ્ટ જ્ઞાન રૂપમાં) વિરાજમાન છે તે (**अङ्ग** =) ચોક્કસ જ જાણતો હશે; અથવા કદાચ તે પણ નહીં જાણતો હોય. હવે એ અધ્યક્ષ પણ 'આ સૃષ્ટિ ક્યાંથી / શેમાંથી જન્મી ?' એ નહીં જાણતો હોય તો પછી બીજો કોણ જાણી શકવાનો હતો. (સાયણ આવો કાકુ લઈને ઉમેરે છે કે) આથી સર્વજ્ઞ એવો ઈશ્વર જ તે સૃષ્ટિને જાણતો હશે; બીજો કોઈ નહીં જાણતો હોય.

૨. શ્રી બા. ગં. ટિળકે આનો અનુવાદ આમ કર્યો છે : સત્‌નો આ વિસ્તાર જ્યાંથી થયો, અથવા તે નિર્મિત થયો અથવા ન થયો, તે પરમ આકાશમાં રહેનાર આ જગત્ જે અધ્યક્ષ (હિરણ્યગર્ભ) તે જાણતા હશે અથવા ન પણ જાણતા હોય ! (તે કોણ કહી શકે ?)

૩. વેંકટ માધવ કહે છે કે—આ વિસૃષ્ટિ જેમાંથી જન્મી છે તે જ એને જાણતો હશે. સર્જેલું આ (જગત્) જો તે સ્રષ્ટાએ જ ધારણ કરી રાખ્યું છે કે નહીં ? એ પણ

તે જ જાણે છે, આ સમગ્ર જગત્‌નો જ અધ્યક્ષ = અધિદ્રષ્ટા છે તે પરમ વ્યોમમાં રહેલો સૂર્ય જ આ બધું જાણતો હશે, અથવા તે નહીં પણ જાણતો હોય.

૪. પ્રોફે. વેલણકર કહે છે કે પૂર્વાર્ધના પહેલા પાદમાં **यतः** શબ્દથી ઉપાદાન કારણ તરફ, અને બીજા પાદમાં **दधे** એવી ક્રિયાથી એના કર્તા તરફ કવિ અંગુલિનિર્દેશ કરી રહ્યા છે. અહીં બીજા પાદમાં **यदि वा न**ની પાછળ **दधे** પદ (છન્દની દૃષ્ટિએ) હોવું જરૂરી હતું; પણ એને જાણી જોઈને દૂર કરી દીધું છે, અથવા લખ્યું જ નથી, એમ લાગે છે. આના પરિણામે તે (બીજા) પાદમાં બે અક્ષર ઘટે છે; પણ તેથી પાદના અન્તે આવેલા **न** વડે ઈપ્સિત અભાવ વધારે પ્રભાવપૂર્ણ રીતે અભિવ્યક્ત થઈ શક્યો છે.

10.130 [1 to 7]

यज्ञः પ્રજાપતિ સૂક્ત (સૃષ્ટિ સૂક્ત)

'यो यज्ञः' इति सप्तर्चं द्वितीयं सूक्तं प्रजापतिपुत्रस्य यज्ञाख्यस्यार्षम् । आद्या जगती शिष्टास्त्रिष्टुभः । अत्रापि यज्ञादीनां केषांचिद्भावानां सृष्टिः प्रतिपाद्यते । अतः स्रष्टव्यत्वेन प्रधानभूतो योऽर्थः सैव देवता । तत्कर्ता प्रजापतिरेव देवता । तथा चानुक्रान्तं-'यो यज्ञो यज्ञः प्राजापत्यो जगत्याद्या' इति । गतो विनियोगः ॥

આ સૂક્તના ઋષિ ''પ્રજાપતિના 'યજ્ઞ' નામના પુત્ર'' છે. સાયણ કહે છે કે આ સૂક્તમાં પણ યજ્ઞાદિ કેટલાક પદાર્થોની સૃષ્ટિ = સર્જન કેવી રીતે થયું ? તે વર્ણવ્યું છે. આથી જેનું સર્જન થવાનું છે તે સ્રષ્ટવ્ય પદાર્થ તરીકે અહીં 'યજ્ઞ' જ છે, તેથી તેને જ સૂક્તની દેવતા ગણવાની છે. (અહીં દેવતા અને ઋષિના નામ તરીકે એક 'યજ્ઞ' શબ્દનો જ નિર્દેશ છે; તેથી સંભવ છે કે વાસ્તવમાં આ સૂક્તના દ્રષ્ટાનું નામ ભૂલાયું/ખોવાયું હશે.)

આ સૂક્તમાં, પ્રજાપતિની સર્જનપ્રક્રિયાને જ યજ્ઞપ્રક્રિયાના રૂપકથી રજૂ કરવાનો પ્રયત્ન થયો છે. પરંપરાગત આચાર્યોના આવા અર્થઘટનને ગ્રિફીથાદિએ પણ સ્વીકાર્યું છે. આ અગાઉ પણ પુરુષસુક્ત (૧૦-૯૦)માં આપણે જોયું છે કે યજ્ઞમાંથી કેવી રીતે આ વર્તમાન બ્રહ્માંડના વિવિધ પદાર્થો જન્મ્યા છે.

ઋષિ : યજ્ઞ પ્રાજાપત્ય, દેવતા : પ્રજાપતિ, છન્દ : પહેલી ઋક્ જગતીમાં, બાકીની છ ઋક્ ત્રિષ્ટુપમાં.

यो य॒ज्ञो वि॒श्वत॒स्तन्तु॑भिस्त॒त एक॑शतं देवक॒र्म॑भि॒राय॑तः ।
इमे व॑यन्ति पि॒त॒रो य आ॑य॒युः प्र व॒याप॑ व॒येत्या॑सते त॒ते ॥१॥

यः । य॒ज्ञः । वि॒श्वत॑ः । तन्तु॑ऽभिः । त॒तः । एक॑ऽशतम् ।
दे॒व॒ऽक॒र्मे॑भिः । आ॒ऽय॑तः ।
इ॒मे । व॒य॒न्ति॒ । पि॒तर॑ः । ये । आ॒ऽय॒युः । प्र । व॒य॒ । अप॑ ।
व॒य॒ । इति॑ । आ॒स॒ते॒ । त॒ते ॥१॥

ᵛतन्तुभिः तनितृभिर्विस्तारयितृभिर्वियदादिभूतैः ᵛयः सर्गात्मकः ᵛयज्ञः ᵛविश्वतः सर्वतः ᵛततः विस्तृतः । तथा ᵛएकशतम् । एकं च शतं चैकशतम् । 'संख्या' इति पूर्वपदप्रकृतिस्वरत्वम् । एकोत्तरशतमित्यर्थः । ब्रह्मा येषु शतसंख्येषु आत्मीयसंवत्सरेषु जीवति तदभिप्रायेणात्र शतसंख्या । जीवता तेन प्रजापतिना सार्धमेकशतमित्युच्यते । यथा 'शतायुर्वै पुरुषः शतवीर्य आत्मैकशतः' (तै. ब्रा. १.७.६.४) इति । अत्यन्तसंयोगे द्वितीया । ब्रह्मणः शतसंवत्सरपर्यन्तं ᵛदेवकर्मेभिः देवानुद्दिश्य भोक्तृभिः कृतैः कर्मभिः ᵛआयतः दीर्घीभूतः । तावत्कालावस्थायी । एवमायामविस्तारवान् यः उक्तः सर्गात्मको यज्ञस्तं यज्ञम् ᵛइमे ᵛपितरः पालकाः प्रजापतेः प्राणभूता विश्वसृजो देवाः ᵛवयन्ति निर्मिमते । ᵛये देवाः ᵛआययुः स्रष्टव्यं सर्वं जगत् सर्जनेन व्यापुः । अपि च ᵛप्र ᵛवयाप ᵛवयेति । प्रवाणं नाम प्रकृष्टस्य चेतनस्य भोक्तृप्रपञ्चस्य सर्जनम् । अपवानं नाम अपकृष्टस्य निकृष्टस्य अचेतनस्य भोग्यप्रपञ्चस्य सर्जनम् । 'वेञ् तन्तुसंताने' । 'समुच्चयेऽन्यतरस्याम्' (पा. सू. ३.४.३) इति 'लोट्' । तस्य 'लोटो हिस्वौ' इत्यनुवृत्तेर्हिरादेशः । शबूगुणायादेशाः । 'अतो हेः' इति लुक् । प्र वयाप वयेति वयन्तः प्रवाणमपवानं च कुर्वन्त इत्यर्थः । एवंभूताः सन्तस्ते विश्वसृजः ᵛतते विस्तृते सत्यलोके ᵛआसते प्राणरूपेण प्रजापतिमुपासते । यद्वा ज्योतिष्टोमादिर्यज्ञ एवंरूपकत्वेन पटात्मना वर्ण्यते । यो यज्ञो ज्योतिष्टोमादिस्तन्तन्तुभिः तन्तुस्थानीयैः अग्निष्टोमात्यग्निष्टोमादिसंस्थाभेदैः सप्तभिश्छन्दोभिर्वा विश्वतः सर्वतस्ततो विस्तृतः । तथैकशतम् । तृतीयार्थे प्रथमा । एकाधिकेनाग्निचयनेन युक्तैः देवकर्मेभिः गवामयनप्रभृतिकैः विश्वसृजामयनान्तैः एकाहादिसत्रात्मकैर्वा आयतो दीर्घीभूत एवमायामविस्तारवान् यज्ञात्मकोऽयं पटः प्रजापतिना सृष्टः । तं पटं पितरोऽस्माकं पितृभूता इमेऽङ्गिरसो वयन्ति । तस्य पटस्य प्रावीनतन्तुस्थानीयानि स्तुतशस्त्राणि प्र वय त्वं कुरु अप वय तिरश्चीनतन्तुस्थानीयानि यजूंषि त्वं कुरु इत्येवं परस्परं नियुञ्जाना आसते नियुञ्जन्ति । एवं विस्तृतस्य यज्ञस्य प्रजापतेः सकाशादुत्पत्तिरुत्तरया प्रतिपाद्यते ॥

અનુવાદ (279) : જે (સર્જન રૂપ) યજ્ઞ (આકાશ વગેરે ભૂતો સ્વરૂપે ફેલાઈ

જનારા) તંતુઓથી ચારે તરફ ફેલાયેલો (**ततः**) છે. (તે) એકસો અને એક દેવોના કર્મોથી વિસ્તૃત કરવામાં આવેલો (છે). (સર્જન રૂપ યજ્ઞને) જે (દેવો) વ્યાપી વળ્યા, (તેને) (પ્રજાપતિના પ્રાણ રૂપ) આ પિતૃઓ વણે છે/ગુંથે છે (અર્થાત્ તે યજ્ઞનું નિર્માણ કરે છે.) (જે દેવો) પ્રવય (અર્થાત્ ચેતન સૃષ્ટિ રૂપ ભોક્તૃ પ્રપંચ) અને અપચન (અર્થાત્ અચેતન સૃષ્ટિ રૂપ ભોગ્ય પ્રપંચ) ને (બનાવે છે), તથા વિસ્તૃત એવા (સત્યલોક)માં (પ્રજાપતિની) ઉપાસના કરે છે. (૧૦-૧૩૦-૧)

નોંધ : ૧. **यः यज्ञः तन्तुभिः विश्वतः ततः (= विस्तृतः); (सः) एकशतं देवकर्मेभिः आयतः ॥** આમ, **यः**ના સાહચર્યમાં બીજા પાદમાં **सः**નો અધ્યાહાર લેવાથી વાક્યપૂર્તિ થાય છે. ત્રીજા-ચોથા પાદમાં બે-બે વાક્ય છે : **ये (देवाः) आययुः, (तं यज्ञं) इमे पितरो वयन्ति ॥ (ये देवाः) प्र वय अप वय (च कुर्वन्ति), (ते देवाः) तते (= विस्तृते सत्यलोके) (प्रजापतिम् उप) आसते ।** આ અન્વયાનુસારી અનુવાદ ઉપર આપ્યો છે, અને તેમાંના શબ્દાધ્યાહારો સાયણ મુજબ છે.

૨. સાયણે એક બીજો અર્થ પણ આપ્યો છે.જે વેંકટમાધવને અનુસારીને છે : આ મન્ત્રમાં જ્યોતિષ્ટોમાદિ પ્રકારના યજ્ઞને પટના રૂપકથી વર્ણવ્યો છે. જેમકે, જ્યોતિષ્ટોમ જેવા યજ્ઞને અગ્નિષ્ટોમાદિ રૂપ તંતુઓથી, અથવા ગાયત્રી વગેરે સાત છંદો રૂપી તંતુઓથી ચારે તરફ વિસ્તૃત કરવામાં આવ્યો છે. સોથી અધિક એક એવા અગ્નિચયન રૂપ દેવોનાં કર્મોથી-અથવા એક દિવસના, એક માસના કે એક વર્ષના સમયગાળા સુધી વિસ્તારેલો આ યજ્ઞ રૂપી પટ પ્રજાપતિએ સર્જ્યો છે; તે પટને અમારા પિતૃઓ જેવા અંગિરસો વણી રહ્યા છે. તે પિતૃઓ પ્રાચીન તંતુ રૂપ સ્તવેલા શસ્ત્રોને (અમુક સ્તુતિઓને) તમે બનાવો અને આડા તંતુ રૂપ યજુસ્ મંત્રોને પણ તમે ગુંથો. આમ ઉત્તરાર્દ્ધમાં ચારે તરફ ફેલાયેલા યજ્ઞના પ્રજાપતિમાંથી સૃષ્ટિની વર્ણવી છે. ચોથા પાદ માટે વેંકટે કહ્યું છે કે તે વિસ્તૃત એવા યજ્ઞે (**तते यज्ञे**), પ્રવાણ અર્થાત્ લાંબા તંતુના વિસ્તારને તમે = ઋત્વિજો (**प्र वय = प्रवयत**) વણો/ગુંથો.

पुं॑माँ॑ एनं तनुत॒ उत्कृं॑णत्ति॒ पुमा॒न्वि तं॑त्ने॒ अधि॒ नाके॑
अ॒स्मिन् ।
इ॒मे म॒यूखा॒ उप॑ सेदुरू॒ सद॒ः सामा॑नि चक्रु॒स्तस॑राण्योत॑वे
॥२॥

पुमा॑न् । ए॒न॒म् । त॒नु॒ते॒ । उत् । कृ॒ण॒त्ति॒ । पुमा॑न् । वि । त॒त्ने॒ । अधि॑ । नाके॑ । अ॒स्मिन् ।

इ॒मे । म॒यूखाः॑ । उप॑ । से॒दुः॒ । ॐ॒ इति॑ । सदः॑ । सामा॑नि । च॒क्रुः॒ । तस॑राणि । ओत॑वे ॥२॥

ᵛपुमान् पुरुष आदिपुरुषः प्रजापतिः ᵛएनं यज्ञं ᵛतनुते विस्तारयति । सृष्टवानित्यर्थः । तथा च ब्राह्मणं-'स प्रजापतिर्यज्ञमतनुत तमाहरत्तेनायजत' (ऐ. ब्रा. ५.३२) इति 'प्रजापतिर्यज्ञमसृजत यज्ञं सृष्टमनु ब्रह्मक्षत्रे असृज्येताम्' (ऐ. ब्रा. ७.१९) इति च । स एव पुमान् सृष्टं तं यज्ञम् ᵛउत्कृणत्ति उद्वेष्टयति । 'कृती वेष्टने' । रौधादिकः । स एव ᵛपुमान् प्रजापतिः ᵛअस्मिन् भूलोके ᵛनाके । अकं दुःखं नास्त्यस्मिन्निति नाकः स्वर्गलोकः । 'नभ्राण्नपात्' इत्यादिना नञः प्रकृतिभावः । तत्र च ᵛवि ᵛतत्ने इमं यज्ञं विस्तारयति । अधिः सप्तम्यर्थानुवादी । तनोतेर्लिटि 'तनिपत्योश्छन्दसि' इत्युपधालोपः । तस्य स्थानिवद्भावात् द्विर्वचनम् । ᵛमयूखाः रश्मिभूतास्तस्य प्रजापतेः प्राणात्मकाः ᵛइमे विश्वसृजो देवः ᵛसदः सदनं देवयजनस्थानम् ᵛउप ᵛसेदुः । विश्वसजनहेतुभूतं विश्वसृजामयनाख्यं यज्ञं कर्तुमुपसीदन्ति । उपसद्य च ᵛसामानि रथन्तरादीनि ᵛओतवे वयनाय यज्ञाख्यं वस्त्रमोतुं तसराणि तिर्यक्सराणि तिरश्चीनसूत्राणि ᵛचक्रुः ॥

અનુવાદ (280) : પુરુષ (અર્થાત્ આદિપુરુષ પ્રજાપતિ) આ (યજ્ઞ)ને વિસ્તારે છે, અને તેને તે ખુલ્લો કરે છે (उत्कृणत्ति). તે (પ્રજાપતિ રૂપ) પુરુષ આ (ભૂલોક)માં અને નાક = સ્વર્ગલોકમાં (પણ) (આ યજ્ઞને) ફેલાવે છે. (પ્રજાપતિના પ્રાણાત્મક) મયૂખો = કિરણો જેવા આ (इमे=દેવો) (યજ્ઞ) શાળામાં બેઠા (सदः उप सेदूः). (બેસીને પછી) ('રથન્તર' વગેરે નામના) સામ (વેદના મંત્રો)ને વણવા માટે (ओतवे) (= તે સામ મંત્રોથી યજ્ઞ રૂપી વસ્ત્ર વણવા માટે) તે (સામ રૂપ તંતુઓને) ત્રાંસા ગોઠવ્યા. (तसराणि चक्रुः) (૧૦-૧૩૦-૨)

कासी॑त्प्र॒मा प्र॑ति॒मा किं॑ नि॒दा॒नमाज्यं॒ किमा॑सीत्परि॒धिः क आ॑सीत् ।

छन्द॒ः किमा॑मी॒त्प्रउ॑गं॒ किमु॒क्थं यद्दे॒वा दे॒वमय॑जन्त॒ विश्वे॑ ॥३॥

का । आ॒सी॒त् । प्र॒ऽमा । प्र॒ति॒ऽमा । किम् । नि॒ऽदान॑म् । आज्य॑म् । किम् । आ॒सी॒त् । प॒रि॒ऽधिः । कः । आ॒सी॒त । छन्द॑ः । किम । आ॒सी॒त् । प्रउ॑गम् । किम् । उ॒क्थम् । यत् ।

दे॒वाः । दे॒व॑म् । अय॑जन्त । विश्वे॑ ॥३॥

विश्वसर्जनोपायत्वेन प्रजापतिना सृष्टे यज्ञे विश्वस्य स्रष्टारो विश्वसृजो देवा विश्वसर्जनाय तं यज्ञमन्वतिष्टन् । तस्मिन् समये जगतोऽनुत्पत्तेर्जगदन्तःपातिनो यागोपकरणभूताः पदार्थाः कथमासन्नित्यनया प्रश्नः क्रियते । vयत् यदा vविश्वे सर्वे साध्याः vदेवाः vदेवं प्रजापतिम् vअयजन्त तदानीं तस्य यज्ञस्य vप्रमा प्रमाणम् इयत्ता vका कथंभूता vआसीत् । तथा vप्रतिमा । हविष्प्रतियोगित्वेन मीयते निर्मीयत इति प्रतिमा देवता । सा च तस्य यज्ञस्य कासीत् । तथा vनिदानम् आदिकारणं यागेऽप्रवृत्तस्य प्रवर्तकं फलं vकिम् आसीत् । तथा vआज्यं घृतमेतदुपलक्षितं हविर्वा तस्य यज्ञस्य vकिमासीत् । तथा vपरिधिः । परितो धीयन्त इति त्रयः परिधयो वाहुमात्राः पलाशादिवृक्षजन्याः । परिपूर्वात दधातेः 'उपसर्गे घोः किः' (पा. सू. ३.३.९२) इति किंप्रत्ययः । सामान्यापेक्षमेकवचनम् । परिधयः क आसन्नित्यर्थः । तथा तस्य यज्ञस्य गायत्र्यादिकं vछन्दः vकिमासीत् । तथा vप्रउगम् vउक्थम् । उपलक्षणमेतत् । आज्यप्रउगादीन्युक्थानि शस्त्राणि वा कान्यासन् । एतेषु प्रश्नेषु त्रयाणामुत्तरं द्वृचेनाह ॥

અનુવાદ (281) : જ્યારે સૌ દેવોએ તે (પ્રજાપતિ નામના) દેવને પૂજ્યા-તે દેવનો યજ્ઞ કર્યો-ત્યારે (તે યજ્ઞની) લંબાઈ કેટલી હતી ?, કઈ પ્રતિમા (દેવતા) હતી ? એનું નિદાન = ફળ શું હતું ? કયું ઘી હતું અને પરિધિ (= પલાશાદિ વૃક્ષમાંથી બનાવેલી સળીઓ) કોણ હતો ? (તે યજ્ઞમાં) કયો છંદ (વપરાયો) હતો અને પ્રઉગ (વગેરે નામના) ઉક્થ (= એક પ્રકારની સ્તુતિ-મંત્ર-) ક્યાં હતાં ?

(૧૦-૧૩૦-૩)

નોંધ : ૧. સાયણ કહે છે કે વિશ્વસર્જનના ઉપાય રૂપે પ્રજાપતિએ સર્જેલા યજ્ઞમાં દેવો બિરાજ્યા. ત્યારે જગત્‌ની ઉત્પત્તિ તો થઈ ન હતી એથી પ્રશ્ન થવાનો જ કે એ સૃષ્ટિયજ્ઞના ઉપકરણ રૂપ પદાર્થો/સાધનો કયાં હતાં ? અહીં મન્ત્રના ચોથા પાદને આરંભે લઈને, પછી બાકીના ત્રણ પાદનો અન્વય કરવાનો છે. આ પ્રશ્નોના ઉત્તર હવે રજૂ કરે છે :

अ॒ग्नेर्गा॑य॒त्र्य॑भवत् स॒युग्वो॒ष्णिह॑या स॒वि॒ता सं ब॑भूव ।
अनु॒ष्टुभा॒ सोम॑ उ॒क्थैर्मह॑स्वा॒न् बृह॒स्पते॑र्बृह॒ती वाच॑मावत्
॥४॥

अ॒ग्नेः । गा॒य॒त्री । अ॒भ॒व॒त् । स॒ऽयुग्वा॑ । उ॒ष्णिह॑या । स॒वि॒ता ।
सम् । ब॒भू॒व॒ । अ॒नु॒ऽस्तुभा॑ । सोम॑ः । उ॒क्थैः । मह॑स्वान् ।
बृ॒हस्पतेः । बृ॒ह॒ती । वाच॑म् । आ॒व॒त् ॥४॥

ᵛसयुग्वा सहयुक्ता ᵛअग्नेः सहायभूता ᵛगायत्र्यभवत् । यष्टव्यात् प्रजापतेर्मुखादजायत । देवतासु मध्येऽग्निः छन्दःसु गायत्री च उभावप्यजायेतामित्यर्थः । तथा च तैत्तिरीयकं—'प्रजापतिरकामयत् प्र जायेयेति स मुखतस्त्रिवृतं निरमिमीत तमग्निर्देवतान्वसृज्यत गायत्री छन्दः' (तै. सं. ७.१.१.४) इति । ᵛउष्णिहया उष्णिक्छन्दसा सह ᵛसविता देवः ᵛसं ᵛबभूव तस्मात् प्रजापतेर्जज्ञे । 'टापं चापि हलन्तानाम्' इति वचनादुष्णिहशब्दात् टाप् । तथा महस्वान् तेजस्वी ᵛसोमः ᵛउक्थैः स्तुतशस्त्रैः ᵛअनुष्टुभा अनुष्टुप्छन्दसा च सार्धं तस्मादेव प्रजापतेरजायत । तथा ᵛबृहस्पतेः देवस्य ᵛवाचं वाक्यं ᵛबृहती छन्दः ᵛआवत् अरक्षत् अगच्छद्वा । बृहत्या सार्धं बृहस्पतिरपि तस्मात् प्रजापतेर्जज्ञ इत्यर्थः ॥

અનુવાદ (282) : અગ્નિની સાથીદાર રૂપ (सयुग्वा=) ગાયત્રી (યજનીય એવા પ્રજાપતિના મુખમાંથી) જન્મી. ઉષ્ણિક્ (છન્દ)ની સાથે સવિતા (પણ પ્રજાપતિમાંથી) ઉદ્‌ભવ્યા. વળી, (તે પ્રજાપતિમાંથી જ) તેજસ્વી સોમ ઉક્‌થો (= સ્તુતિઓ)ની અને અનુષ્ટુભ્ (છન્દ)ની સાથે (જન્મ્યા). તથા બૃહસ્પતિના વાક્યને બૃહતીએ (છન્દે) સાચવ્યું (आवत् = अरक्षत् । અથવા-બૃહતી છન્દ બૃહસ્પતિની વાણી તરફ ગયો; અર્થાત્ બૃહતીની સાથે બૃહસ્પતિ પણ તે પ્રજાપતિમાંથી ઉદ્‌ભવ્યા). (૧૦-૧૩૦-૪)

નોંધ : મંત્ર-૩માં જે પ્રશ્નો કર્યા છે; કે આ સૃષ્ટિમાં કયા દેવો હતા, કયાં સાધનો, કયા છંદ વગેરે હતાં ? તેનો આ મંત્રમાં પ્રત્યુત્તર આપવામાં આવી રહ્યો છે.

वि॒राण्मि॒त्रावरु॑णयोरभि॒श्रीरिन्द्र॑स्य त्रि॒ष्टुबि॒ह भा॒गो अह्न॑ः ।
विश्वा॑न् दे॒वाञ्ज॒गत्या वि॑वेश॒ तेन॑ चाक्लृप्र॒ ऋष॑यो
मनु॒ष्या॑ः ॥५॥

वि॒ऽराट् । मि॒त्रावरु॑णयोः । अ॒भि॒ऽश्रीः । इन्द्र॑स्य । त्रि॒ऽस्तुप् ।
इ॒ह । भा॒गः । अह्न॑ः ।
विश्वा॑न् । दे॒वान् । जग॑ती । आ । वि॒॑वेश॒ । तेन॑ । चा॒क्लृ॒प्रे॒ ।
ऋष॑यः । म॒नु॒ष्या॑ः ॥५॥

अपि च ᵛमित्रावरुणयोः देवयोः ᵛविराट् छन्दः ᵛअभिश्रीः अभिश्रिता आश्रितासीत् । विराजा सह मित्रावरुणावपि प्रजापतेः सकाशादजायेतामित्यर्थः । ᵛइह अस्मिन् यज्ञे ᵛअह्नः सवनत्रयरूपस्य ᵛभागः मध्यंदिनसवनाख्यः अंशः ᵛत्रिष्टुप् छन्दश्च इन्द्रस्य अभिश्रयणीयौ आस्ताम् । ताविन्द्रश्च प्रजापतेः सकाशादजायन्तेत्यर्थः । तथा च तैत्तिरीयकम्-‘उरसो वाहुभ्यां पञ्चदशं निरमिमीत तमिन्द्रो देवतान्वसृज्यत त्रिष्टुप्छन्दो वृहत्साम’ (तै. स. ७.१.१.४) इति । तथा ᵛविश्वान् सर्वान् ᵛदेवान् ᵛजगती छन्दः ᵛआ ᵛविवेश प्रविष्टवती । विश्वे देवा जगती च प्रजापतेरजायन्तेत्यर्थः । तथा च तैत्तिरीयकं—तं विश्वे देवता अन्वसृज्यन्त जगती छन्दो वैरूपं साम’ (तै. सं. ७.१.१.५) इति । उक्तेन प्रकारेण प्रतिमा कासीत् छन्दः किमासीत् प्रउगं किमुक्थमिति त्रयाणामुत्तरं जातम् । आज्यं किमासीत् परिधिः क आसीदित्यनयोरुत्तरं पुरुषसूक्ते द्रष्टव्यम् । तत्र इहेवमाम्नायते-देवा यज्ञमतन्वत वसन्तो अस्यासीदाज्यं ग्रीष्म इध्मः शरद्धविः’ सप्तास्यासन् परिधयस्त्रिः सप्त समिधः कृताः’ (ऋ. सं. १०.९०.६; १५) इति । अयमर्थः । सर्वरसोत्पादको वसन्तः तस्य जगत्सर्जनसाधनस्य यज्ञस्याज्यमासीत् । आज्यदध्यादिभी रसैः सार्धं तादृशो वसन्तोऽजायतेत्यर्थः । सर्वरसानां शोषको ग्रीष्म ऋतुरिध्म आसीत् । शुष्कैः काष्ठैः सार्धं ग्रीष्मोऽजायतेत्यर्थः । पच्यमानव्रीहियुक्तः शरदृतुर्यस्य यज्ञस्य हविरासीत् । सप्त छन्दांसि त्रिः सप्तैकविंशतिधा भूत्वा अष्टादश समिधस्त्रयः परिधयश्चासन् । कासीत् प्रमा प्रतिमा किं निदानमित्यनयोरपि प्रश्नयोरप्येवमुत्तरं ‘पूर्वे विश्वसृजोऽमृताः शतं वर्षसहस्राणि दीक्षिताः सत्रसमासत’ इति एतेन वै विश्वसृज इदं विश्वमसृजन्त’ (तै. ब्रा. ३.१२.९.२; ८) इति च तैत्तिरीयके समाम्नायते । अतस्तस्य यज्ञस्य सहस्रसंवत्सरपरिमितः कालः प्रमाणम् । विश्वस्य जगतः सर्जनमादिकारणं प्रवर्तकं फलमित्यर्थः । एतदुक्तं भवति । यदा विश्वसृजो देवा देवं प्रजापतिं विश्वसृजामयनाख्येन यागेनायजन् तदोक्ताः सर्वयागोपकरणाः प्रजापतेः सकाशादजायन्तेति । यतोऽग्न्यादिदेवताभिः सह गायत्र्यादीनि सप्त छन्दांसि जातानि अतो हेतोस्तेषां छन्दसामग्न्यादयो देवता इति । छन्दोविचितौ सूत्रितं च—‘अग्निः सविता सोमो बृहस्पतिर्मित्रावरुणाविन्द्रो विश्वे देवा देवताः’ (पि. सू. ३.६३) इति । एवं प्राजापत्यो यज्ञोऽनुष्ठितः । ᵛतेन यज्ञेन ᵛऋषयः ᵛमनुष्याः च ᵛचाक्लृप्रे चक्लृपिरे । क्लृप्ताः सृष्टा आसन् ॥ कृपेः कर्मणि लिटि ‘इरयोः’ इति रेआदेशः । ‘कृपो रो लः’ (पा. सू. ८.२.१८) इति लत्वम् । तुजादित्वात् अभ्यासदीर्घः । तनैव यज्ञेन सर्वं जगदसृयन्नित्यर्थः ॥

અનુવાદ (283) : મિત્રાવરુણમાં વિરાટ્ છંદ આશ્રય કરી રહ્યો છે; અહીં

(યજ્ઞમાં) દિવસના (મધ્યંદિન સવન નામના) ભાગ અને ત્રિષ્ટુપ્ છંદ ઈન્દ્રને આશ્રયે રહેલા છે. (અર્થાત્ તે બંને અને ઈન્દ્ર પણ પ્રજાપતિમાંથી જન્મ્યા છે.) તથા બધા જ દેવોમાં જગતી છંદ આવીને વસ્યો (અર્થાત્ સઘળા દેવો અને જગતી છંદ પણ પ્રજાપતિમાંથી જન્મ્યા.) આમ **तेन** = તેનાથી (તે યજ્ઞથી) સૌ ઋષિઓ અને મનુષ્યો કલ્પ્યાં = સર્જ્યાં. (૧૦-૧૩૦-૫)

નોંધ : ૧. સાયણ કહે છે કે પ્રજાપતિના સૃષ્ટિ યજ્ઞમાં પ્રતિમા, છંદ અને ઉક્થ કયા હતા ? એ પ્રશ્નોના ઉત્તર અપાઈ ગયા. પણ આજ્ય, પરિધિ કયાં હતાં ? એ બે પ્રશ્નોના ઉત્તર 'પુરુષ સૂક્ત' (૧૦-૯૦-૬, ૧૫)માંથી મેળવી લેવા. ૨. **चाकॢप्रे** = **चकॢपिरे**માં √**कृप्** > **कॢप्** ધાતુ છે, તેનું વૈદિક પરોક્ષ ભૂતકાળ ત્રી. પુ. બ.વ.નું રૂપ છે.

चा॒क॒ॢप्रे ते॒न ऋष॑यो मनु॒ष्या॑ य॒ज्ञे जा॒ते पि॒तरो॑ नः पुरा॒णे ।
पश्य॑न् मन्ये॒ मन॑सा॒ चक्ष॑सा॒ तान् य इ॒मं य॒ज्ञमय॑जन्त॒
पूर्वे॑ ॥६॥

चा॒क्ॢ॒प्रे । तेन॑ । ऋष॑यः । म॒नुष्या॑ः । य॒ज्ञे । जा॒ते । पि॒तर॑ः । न॒ः । पु॒रा॒णे । पश्य॑न् । म॒न्ये । मन॑सा । चक्ष॑सा । तान् । ये । इ॒मम् । य॒ज्ञम् । अय॑जन्त । पूर्वे॑ ॥६॥

ᵛपुराणे चिरंतने अस्मिन् ᵛयज्ञे ᵛजाते विश्वसृड्भिर्देवैः सम्यगनुष्ठिते सति ᵛतेन यज्ञेन ᵛऋषयो ᵛमनुष्याः ᵛनः अस्माकं ᵛपितरः पूर्वपुरुषाश्च ᵛचाकॢप्रे अकल्प्यन्त । असृज्यन्त । ᵛइमम् ईदृशं ᵛयज्ञं ᵛये ᵛपूर्वे साध्या देवाः प्रजापतेः प्राणभूताः ᵛअयजन्त अन्वतिष्ठन् ᵛतान देवान् प्राणात्मना सर्वत्र वर्तमानान् ᵛचक्षसा दर्शनहेतुना ᵛमनसा ᵛपश्यन् जानन् ᵛमन्ये । तानेव विश्वस्रष्टॄन् देवान् स्तौमि । मन्यतिरर्चतिकर्मा ॥

અનુવાદ (284) : આ ચિરંતન (પુરાણા) યજ્ઞનું અનુષ્ઠાન કરવામાં આવ્યું (= યજ્ઞને જન્માવ્યો) ત્યારે તેનાથી ઋષિઓ, મનુષ્યો અને અમારા પિતૃઓ (પ્રજાપતિએ) કલ્પ્યાં = સર્જ્યાં. આવા યજ્ઞને પૂર્વેના જેમણે (જે દેવોએ) યજ્યો (પૂરો કર્યો) તેમને (= તે દેવોને) મનથી અને આંખથી જોતો (= જાણતો) એવો હું માનું છું = પૂજું છું/સ્તવું છું. (૧૦-૧૩૦-૬)

નોંધ : ૧. આનો અન્વય આમ છે : **पुराणे यज्ञे जाते** = **अनुष्ठिते (सति); तेन (यज्ञेन) ऋषयः मनुष्याः नः (= अस्माकं च) पितरः**

चाक्लृपे । (પછી ચોથા પાદને પહેલાં લઈને) इमं यज्ञम् ये पूर्वे अयजन्त, तान (देवान्) मनसा चक्षसा पश्यनं (अहम्) (मन्ये) (= अर्चामि) ॥

स॒हस्तो॑माः स॒हछ॑न्दस आ॒वृत॑ः स॒हप्र॑मा॒ ऋष॑यः स॒प्त दैव्या॑ः ।
पूर्वे॑षा॒ं पन्था॑मनु॒दृश्य॒ धीरा॑ अ॒न्वाले॑भिरे र॒थ्यो॒॑३॒ न र॒श्मीन् ॥७॥

स॒हऽस्तो॑माः । स॒हऽछ॑न्दसः । आ॒ऽवृत॑ः । स॒हऽप्र॑भाः । ऋष॑यः । स॒प्त । दैव्या॑ः ।
पूर्वे॑षाम् । पन्था॑म् । अ॒नु॒ऽदृश्य॑ । धीरा॑ः । अ॒नु॒ऽआले॑भिरे । र॒थ्य॑ः । न । र॒श्मीन् ॥७॥

स्तोमैः त्रिवृत्पञ्चदशादिभिः सह वर्तमानाः ᵛसहस्तोमाः ᵛसहछन्दसः गायत्र्यादिभिः छन्दोभिः सह वर्तमानाः ᵛआवृतः आवर्तमानाः ᵛसहप्रमाः । प्रमितिः प्रमा यज्ञस्येयत्तापरिज्ञानम् । तेन सह वर्तमानाः ᵛदैव्याः देवस्य प्रजापतेः संबन्धिनः यद्वा देवानां यष्टव्यानां संबन्धिनः ᵛऋषयः द्रष्टारः सप्तसंख्याकाः शीर्षण्याः । यद्वा । मरीचिप्रमुखाः सप्तर्षयो होत्रादय सप्त वषट्कर्तारो वा । एवंविधा एते ᵛपूर्वेषां पूर्वपुरुषाणामङ्गिरः-प्रभृतीन विश्वसृजां देवानां वा ᵛपन्थां पन्थानमनुष्ठानमार्गम् ᵛअनुदृश्य क्रमेण ज्ञात्वा ᵛधीराः धीमन्तः सन्तः ᵛअन्वालेभिरे अनुक्रमेण आरब्धवन्तः । यागानुष्ठाने प्रवृत्ता इत्यर्थः । ᵛरथ्यो ᵛन यथा रथिनो रथेन युक्ता रथस्य नेतारः सूताः ᵛरश्मीन् अश्वनियोजनार्थान् प्रग्रहान् सम्यग्रथस्य नयनाय हस्तेनान्वारभन्ते । अन्वारभ्य च सम्यक् तं रथं प्रवर्तयन्ति एवमेतेऽप्यनुष्ठानमार्गं श्रुतितोऽवगम्य सम्यगन्वतिष्ठन्नित्यर्थः ॥

અનુવાદ (285) : સ્તોમ સહિતના, છંદો સાથે રહેલા, આવૃત્તિ પામનારા, પ્રમિતિ સહિતના, દૈવ્યો-અર્થાત્ પ્રજાપતિ દેવના કે યજનીય દેવના સંબંધી એવા સાત ઋષિઓ પૂર્વેનાઓ (અંગિરસાદિ પુરુષો કે દેવો)ના (અનુષ્ઠાન) માર્ગને વારાફરતી જોઈને (= ક્રમપૂર્વક જાણીને) તેઓ ધીર-બુદ્ધિવાળા-બન્યા; અને જેવી રીતે રથ્યો-રથના નેતાઓ-રશ્મિ = લગામોને (સારી રીતે પકડે છે) તેમ તેમણે અનુક્રમે (યજ્ઞ કરવાનો) આરંભ્યો (अन्वालेभिरे)। (૧૦-૧૩૦-૭)

નોંધ : ૧. ત્રિવૃત્, પંચદશ વગેરે નામના સ્તોમ = મન્ત્રસમૂહો છે. છંદસ્ એ ગાયત્રી વગેરે છે. પ્રમા : પ્રમિતિ એટલે યજ્ઞની લંબાઈનું જ્ઞાન, સાત ઋષિઓ-તે મરીચિ વગેરે ઋષિઓ, કે જેઓ હોતૃ વગેરે સ્થાને બિરાજ્યા હોય, અથવા તે સાત 'વષટ્'નું ઉચ્ચારણ કરનારા હોય. ૨. **रथ्यः**માં જાત્ય સ્વતંત્ર સ્વરિત છે. **रथि+अः** = **रथ्यः** । આની પાછળ ઈવાર્થક **न** ઉદાત્ત હોવાથી તેની જા. સ્વ સ્વની ઉત્તરાર્ધની ત્રણ અર્ધી માત્રાઓ કંપ અનુભવે છે. એને નોંધવા માટે સંહિતામાં **३**નું નિશાન મુકાયું છે. ૩. **रथ्य=रथिन्**, રથ ચલાવનારા જેમ ઘોડાઓને કાબુમાં રાખવા, યોગ્ય દિશામાં તેમને ફેરવવા માટે જેમ રશ્મિ = દોરી = લગામ પકડે છે તેમ ઉપર વર્ણવેલા સાત ઋષિઓ, કે જેમણે પૂર્વેનાઓના યજ્ઞનો અનુક્રમ જાણીને ધીરતા-બુદ્ધિમત્તા-હાંસલ કરી છે તેઓએ પણ અનુક્રમપૂર્વક યજ્ઞનું અનુષ્ઠાન શરૂ કર્યું. ૪. આ સૂક્તમાં યજ્ઞનું વર્ણન કરીને અંતે તો પ્રજાપતિ દ્વારા થયેલા સૃષ્ટિ યજ્ઞને જ રૂપકાત્મક રીતે રજૂ કરવામાં આવ્યો છે એમ પરંપરાગત આચાર્યો માને છે, અને ગ્રિફીથાદિ એમને અનુસરે છે. બીજા શબ્દોમાં કહીએ તો સર્જનપ્રક્રિયાને રહસ્યાત્મક યજ્ઞપ્રક્રિયાના રૂપકથી અહીં કહેવાનો પ્રયત્ન થયો છે.

10.145 (1 to 6)

સપત્નીબાધ (ઉપનિષત્) સૂક્ત

'इमाम्' इति षड्टचं सप्तदशं सूक्तमिन्द्राण्या आर्षम् । षष्ठी पङ्क्तिः शिष्टा अनुष्टुभः । अनेन सूक्तेन सपत्न्या बाधनं प्रतिपाद्यते । अत एतत्सूक्तजपादिना सपत्न्या विनाशो भवति । अतस्तद्देवताकमिदम् । तथा चानुक्रान्तम्—'इमामिन्द्राण्युपनिषत्सपत्नीबाधनमानुष्टुभं तु पङ्क्त्यन्तम्' इति । अस्य सूक्तस्य विनियोगो भगवतापस्तम्बेन कस्मिंश्चित् सपत्नीघ्नप्रयोगविशेषे दर्शितः—'त्रिःसप्तैर्यवैः पाठां परिकिरति यदि वारुण्यसि वरुणात्त्वा निष्क्रीणामि यदि सौम्यसि सोमात्त्वा निष्क्रीणामीति । श्वोभूत उत्तरयोत्थाप्योत्तराभिस्तिसृभिरभिमन्त्र्योत्तरया प्रतिच्छन्नां हस्तयोराबध्य शय्याकाले बाहुभ्यां भर्तारं परिगृह्णीयादुपधानलिङ्गया । वश्यो भवति । सपत्नीबाधनं च' (आप. गृ. ९.५.८.) इति । अयमर्थः । आद्यया पाठा नामौषधिः खातव्या । ततस्तिसृभिरोषधेरभिमन्त्रणम् । षष्ठ्याबद्धा सौषधिर्यथा भर्तारं स्पृशति तथा तस्य भर्तुरालिङ्गनमिति ॥

આ સૂક્તની ઋષિકા-મન્ત્ર દ્રષ્ટ્રી-ઈન્દ્રાણી છે. તેણે સપત્નીનો નાશ કરવા માટે જે મંત્રોનું દર્શન કર્યું તે અહીં રજૂ થયું છે. આને એક 'ઉપનિષત્' તરીકે પણ ઓળખાયું છે. આ સૂક્તની ભૂમિકામાં સાયણે નોંધ્યું છે કે આ સૂક્તનો જાપ કરવાથી સપત્નીનો નાશ થાય છે. આપસ્તંબ મુનિએ કહ્યું છે કે આ સૂક્તની ઋચાઓથી

અભિમન્ત્રણ કરીને સૂતી સમયે બે બાહુથી ઓશિકા સાથે પતિને આલિંગન આપવાથી સપત્નીનો નાશ થાય છે; અને પતિ પોતાને વશ થાય છે.

આ સૂક્તમાં 'પાઠા' નામની ઓષધિની મદદ લઈને સપત્નીને દૂર કરવાની પ્રબળ ઇચ્છા વ્યક્ત કરવામાં આવી છે. પોતાની શોકને દૂર-સુદૂર પ્રદેશમાં ધકેલી દઈને, પતિને અસાધારણ (કેવળ પોતાનો જ) કરવાની વાત રજૂ થઈ છે. વળી પોતે એકલી જ પતિને માટે ઉત્કૃષ્ટતર-પ્રિયતમ-બની રહે અને સપત્ની નિકૃષ્ટતર બની રહે એમ પણ કહેવાયું છે. સપત્નીનું તો નામ પણ લેવું ગમતું નથી અને તેને અનેક રીતે પરાભૂત કરવી-હરાવવી-છે એ લાગણી પ્રબળપણે મંત્ર-૪, ૫માં રજૂ થઈ છે. છેલ્લા મંત્રમાં પતિ કેવા ઔત્સુક્યાતિશયથી અને સ્વાભાવિક રીતે પોતાની તરફ દોડી આવે તે બે સુંદર ઉપમાઓ દ્વારા કહેવાયું છે.

ઋષિ(કા) : ઇન્દ્રાણી, દેવતાઃ સપત્ની બાધન; છન્દ : ૧ થી ૫માં અનુષ્ટુપ્ અને ૬માં પંક્તિ.

इ॒मां ख॑ना॒म्योष॑धिं वी॒रुधं॒ बल॑वत्तमाम् ।
यया॑ स॒पत्नीं॒ बाध॑ते॒ यया॑ सं॑वि॒न्द॒ते पति॑म् ॥१॥

इ॒माम् । ख॒ना॒मि॒ । ओष॑धिम् । वी॒रुध॑म् । बल॑वत्ऽतमाम् ।
यया॑ । स॒ऽपत्नी॑म् । बाध॑ते । यया॑ । स॒म्ऽवि॒न्दते॑ । पति॑म् ॥१॥

ᵛइमामोषधिं पाठाख्यां ᵛवीरुधं लतारूपां ᵛबलवत्तमां स्वकार्यकरणे अतिशयेन बलवतीं ᵛखनामि उन्मूलयामि । ᵛयया ओषध्या ᵛसपत्नीम् । समान एकः पतिर्यस्याः सा सपत्नी । तामेषा वधूः ᵛबाधते हिनस्ति । ᵛयया च ᵛपतिं भर्तारं ᵛसंविन्दते सम्यगसाधारण्येन लभते ॥

અનુવાદ (286) : અત્યંત બળવાળી અને લતા રૂપ આ ('પાઠા' નામની) ઓષધિને હું ઉખાડું છું. જેનાથી (જે ઓષધિથી) (આ વધૂ = પત્ની પોતાની) સપત્ની (શોક)ને બાધિત કરે છે/હણે છે; અને જેનાથી પતિને (સાધારણ રૂપે) મેળવે છે. (૧૦-૧૪૫-૧)

નોંધ : ૧. આ સૂક્તનો વિષય સપત્નીબાધન છે. અહીં કોઈ સ્ત્રી-પત્ની-પોતાની હરીફ એવી સપત્ની-શોક-ને બાધિત કરવા, દૂર કરવા કોઈક 'પાઠા' નામની ઓષધિને જમીનમાંથી ઉખાડે છે. આ ઓષધિ બળવાળી છે અને વીરુધ=લતા રૂપ છે. ''સપત્ની'' એટલે 'સમાન છે પતિ જેનો (એવી બીજી પત્ની)', પણ આવી

બીજી પત્નીનો (સપત્નીનો) અમુક ઓષધિની મદદથી, બાધ કરીને પહેલીવારની પત્ની (અથવા બીજીવારની પત્નીને માટે પહેલીવારની પત્નીને સપત્ની ગણીએ તો તે બીજી પત્ની) પોતાના પતિને 'અસાધારણ' રૂપે મેળવવા ચાહે છે: પતિ જ્યાં સુધી બન્ને પત્નીઓ હોય ત્યાં સુધી તે 'સાધારણ પતિ' કહેવાય. પણ જો સપત્નીનો બાધ કરી શકાય તો, તે પતિને અસાધારણ રૂપે પામી શકાય.

उत्ता॑नपर्णे॒ सुभ॑गे॒ देव॑जूते॒ सह॑स्वति ।
स॒पत्नीं॒ मे॒ परा॑ धम॒ पतिं॑ मे॒ केव॑लं कुरु ॥२॥

उत्ता॑नऽपर्णे । सुऽभ॑गे । देव॑ऽजूते । सह॑स्वति ।
स॒ऽपत्नी॑म् । मे॒ । परा॑ । ध॒म॒ । पति॑म् । मे॒ । केव॑लम् । कु॒रु॒ ॥२॥

हे ᵛउत्तानपर्णे उत्तानान्यूर्ध्वमुखानि पर्णानि पत्राणि यस्यास्तदृशि हे ᵛसुभगे सौभाग्यहेतुभूते हे ᵛदेवजूते देवेन 'स्रष्ट्रा प्रेरिते हे ᵛसहस्वति अभिभवनवति ईदृशे हे पाठे ᵛमे मम ᵛसपत्नीं स्त्रियं ᵛपरा ᵛधम परागमय । धमतिर्गतिकर्मा । ᵛपतिं च ᵛमे ममैव ᵛकेवलम् असाधारणं ᵛकुरु ॥

અનુવાદ (287) : હે ઊંચા પાંદડાવાળી, હે સુભગા (અર્થાત્ સૌભાગ્ય અપાવવામાં કારણભૂત, હે દેવોથી પ્રેરાયેલી, હે સહસ્-બળ-વાળી (= હરાવવાના સ્વભાવવાળી) ('પાઠા' નામની ઓષધિ) ! (તું) મારી સપત્નીને પાછી ધકેલી દે (परा धम), અને મારા પતિને કેવળ (મારો) બનાવી દે. (૧૦-૧૪૫-૨)

उत्त॑रा॒हमु॑त्तर॒ उत्त॑रे॒दुत्त॑राभ्यः । अथा॑ स॒पत्नी॒ या ममाध॑रा॒ साध॑राभ्यः ॥३॥

उत्ऽत॑रा । अ॒हम् । उ॒त्ऽत॒रे॒ । उत्ऽत॑रा । इत् । उत्ऽत॑राभ्यः ।
अथ॑ । स॒ऽपत्नी॑ । या । मम॑ । अध॑रा । सा । अध॑राभ्यः ॥३॥

हे ᵛउत्तरे उत्कृष्टतरे पाठे ᵛअहम् ᵛउत्तरा उत्कृष्टतरा भूयासम् । ᵛउत्तराभ्यः लोके या उत्कृष्टतराः सन्ति ताभ्योऽप्यहम् ᵛउत्तरा उत्कृष्टतरैव त्वत्प्रसादाद्भवेयम् । ᵛअथ अनन्तरं ᵛमम ᵛया ᵛसपत्नी ᵛसा ᵛअधराभ्यः निकृष्टाभ्योऽपि ᵛअधरा निकृष्टतरा भवतु ॥

અનુવાદ (288) : હે ઉત્તરા (= ઉત્કૃષ્ટતર એવી 'પાઠા' નામની ઓષધિ) ! હું (પણ) ઉત્કૃષ્ટતર (= પેલી કરતાં ચઢિયાતી) બનું. (લોકમાં) બીજી જે ઉત્કૃષ્ટતર (પત્નીઓ) હોય તેમનાથી પણ અધિક ઉત્કૃષ્ટતર બનું. ત્યાર પછી, મારી જે સપત્ની છે તે બીજી નિકૃષ્ટ (પત્નીઓ) કરતાંય અધરા = નિષ્કૃષ્ટ બને. (૧૦-૧૪૫-૩)

न॒ह्य॑स्या॒ नाम॑ गृ॒भ्णामि॒ नो अ॒स्मिन्र॑मते॒ जने॑ ।
परा॑मे॒व प॑रा॒वतं॑ स॒पत्नीं॑ गमयामसि ॥४॥

न॒हि । अ॒स्या॒: । नाम॑ । गृ॒भ्णामि॑ । नो इति॑ । अ॒स्मिन् । र॒म॒ते॒ । जने॑ । परा॑म् । ए॒व । प॒रा॒ऽवत॑म् । स॒ऽपत्नी॑म् । ग॒म॒या॒म॒सि॒ ॥४॥

ᵛअस्याः सपत्न्याः ᵛनाम संज्ञामपि ᵛनहि ᵛगृभ्णामि नैव गृह्णामि उच्चारयामि । ᵛनो न खलु काचित् ᵛअस्मिन् ᵛजने सपत्न्याख्ये ᵛरमते क्रीडति । अपि च तां ᵛसपत्नीं ᵛपरां ᵛपरावतम् ᵛएव अतिशयेन दूरदेशमेव ᵛगमयामसि गमयामः प्रापयामः । अतिशयेन भर्त्रा वियोजयाम इत्यर्थः ॥

અનુવાદ (289) : આ (સપત્ની)નું તો હું નામ પણ નહીં ઉચ્ચારું; અને તે પણ આ વ્યક્તિને (મારા પતિને) વિષે પણ રમણ ન કરે. આ સપત્નીને તો દૂરમાંથી દૂર એવા પ્રદેશમાં અમે મોકલી આપીએ છીએ. (અર્થાત્ પતિથી વિયુક્ત કરીને તેને દૂર મોકલી દઈએ છીએ.) (૧૦-૧૪૫-૪)

નોંધ : સાયણે **रमते**નો અર્થ **क्रीडति** લીધો છે. પણ ઉપર અનુવાદમાં વેંકટને અનુસરીને તેનો **रमताम्** એવો અર્થ લીધો છે.

अ॒हम॑स्मि॒ सह॑मा॒नाथ॒ त्वम॑सि सास॒हिः ।
उ॒भे सह॑स्वती भू॒त्वी स॒पत्नीं॑ मे सहावहै ॥५॥

अ॒हम् । अ॒स्मि॒ । सह॑माना । अथ॑ । त्वम् । अ॒सि॒ । स॒स॒हिः । उ॒भे इति॑ । सह॑स्वती॒ इति॑ । भू॒त्वी । स॒ऽपत्नी॑म् । मे॒ । स॒हा॒व॒है॒ ॥५॥

हे ओषधि ᵛअहं त्वत्प्रसादात् ᵛसहमाना ᵛअस्मि सपत्न्या अभिभवित्री भवामि । ᵛअथ अपि च ᵛत्वम् अपि ᵛसासहिः ᵛअसि तस्या अभिभवित्री भवसि । आवाम् ᵛउभे अपि ᵛसहस्वती अभिभवित्र्यौ ᵛभूत्वी भूत्वा ᵛमे मम ᵛसपत्नीं ᵛसहावहै अभिभवाव ॥

અનુવાદ (290) : (હે ઓષધિ !) હું (તારી કૃપાથી સપત્નીને) હરાવનારી (= **सहमाना**) બનું; અને તું પણ એને (**सासहिः**) હરાવનારી બનું / છું. આપણે એને દબાવનારી બનીને (**भूत्वी**), મારી સપત્નીને હરાવી દઈએ. (૧૦-૧૪૫-૫)

નોંધ : આ મંત્રમાં સપત્ની તરફનો આક્રોશ એના તરફનો વિદ્વેષ દર્શાવવા વારંવાર સમાનાર્થક એવા **सहमाना, सासहिः, सहस्वती** શબ્દો અને **सहावहै** એવું ક્રિયાપદ વપરાયું છે. અહીં સંબંધક ભૂતકૃદન્તના **त्वा** પ્રત્યયને બદલે વપરાયેલો **त्वी** પ્રત્યય નોંધપાત્ર છે.

उप॑ तेऽधां॒ सह॑मानाम॒भि त्वा॑धा॒ सही॑यसा ।
मामनु॒ प्र ते॒ मनो॑ व॒त्सं गौरि॑व धावतु प॒था वारि॑व धा॑वतु ॥६॥

उप । ते॒ । अ॒धा॒म् । सह॑मानाम् । अ॒भि । त्वा॒ । अ॒धा॒म् । सही॑यसा । माम् । अनु॑ । प्र । ते॒ । मन॑ः । व॒त्सम् । गौःऽई॑व । धा॒व॒तु । पथा । वाःऽई॑व । धा॒व॒तु ॥६॥

हे पते ᵛते तव ᵛसहमानां सपत्न्या अभिभवित्रीमिमामोषधिम् ᵛउप ᵛअधाम् । शिरस उपाधानं करोमि । ᵛसहीयसा अभिभवितृतरेण तेनोपधानेन त्वाम् ᵛअभि ᵛअधाम् अभितो धारयामि । ᵛते तव भर्तुः ᵛमनः ᵛमाम् अनुलक्ष्य ᵛप्र ᵛधावतु प्रकर्षेण शीघ्रं गच्छतु । तत्र निदर्शनद्वयमुच्यते । ᵛगौरिव यथा गौः ᵛवत्सं शीघ्रं गच्छति ᵛपथा निम्नेन मार्गेण ᵛवारिव वारुदकं यथा स्वभावतो गच्छति तद्वत् । अनेन निदर्शनद्वयेनौत्सुक्यातिशयः स्वाभाविकत्वं च प्रतिपाद्यते ॥ ॥३॥

અનુવાદ (291) : (હે પતિ !) તારા (મસ્તક ઉપર) હું (સપત્નીનો) બાધ કરનારી (આ ઓષધિ)ને સ્થાપું છું; અને અભિભવ કરનારા (**सहीयसा**) ઓશિકાની સાથે તને ચારે તરફથી (**अभि**) ધારણ કરું છું. (**अधाम्**). જેવી રીતે ગાય પોતાના વાછરડા તરફ (ઝડપથી) દોડી જાય છે, અને પાણી (**वाः**) જેમ (નીચેના) માર્ગ તરફ

સરકી જાય છે તેમ તારું (= પતિનું) મન પણ મને અનુલક્ષીને પ્રકૃષ્ટપણે દોડી આવે.
(૧૦-૧૪૫-૬)

નોંધ : અથર્વવેદમાં જોવા મળતા આભિચારિક-વશીકરણના-પ્રયોગો દર્શાવતાં સૂક્તો જેવું આ સૂક્ત વિષયવૈવિધ્યની દૃષ્ટિએ તો નોંધપાત્ર છે જ; પણ એના આ અંતિમ મંત્રમાં જોવા મળતી કાવ્યત્વ સભર ઉપમાઓ ઘણી સ્વાભાવિક અને સુંદર લાગે છે. સાયણ કહે છે કે આ બે નિદર્શનોથી પતિમાં પત્ની તરફ કેવું ઔત્સુક્યાતિશય અને સ્વાભાવિક આકર્ષણ હોવું જોઈએ તે દર્શાવ્યું છે.

10.146 (1 to 6)

અરણ્યાની સૂક્ત

'अरण्यानि' इति षडृचमष्टादशं सूक्तमिरंमदपुत्रस्य देवमुनिरार्षम् महदरण्यामरण्यानीं तद्देवताकम् । आनुष्टुभम् । तथा चानुक्रान्तम्—'अरण्यान्यैरंमदो देवमुनिररण्यानीं तुष्टाव' इति । गतो विनियोगः ।।

ઇરંમદના પુત્ર 'દેવમુનિ'એ રચેલું આ નાનું પણ અવિસ્મરણીય એવું કાવ્ય જ છે. એમાં જંગલની કુદરતની દેવી અરણ્યાની/નિનું યથાર્થ વર્ણન રજૂ કરવામાં આવ્યું છે. કવિને કૌતુક છે કે અરણ્યાનિ ગ્રામમાં રહેવા કેમ આવતી નથી ? તેને (જંગલમાં એકલાં રહેતાં) બીક નહીં લાગતી હોય ? જંગલમાં એક તરફથી વૃષારવ અને બીજી તરફથી ચિચ્ચિક જંતુઓના તાલબદ્ધ અવાજો જાણે અરણ્યાનિદેવીને પ્રશંસે છે. સાંજે લાકડાં કાપીને ગ્રામીણ લોકો ગાડાં ભરીને એમાંથી પાછા ફરે છે. રાત્રે જો એમાં નિવાસ કરીએ તો કોઈ ચીસો પાડે છે એવો આભાસ થયા કરે છે અને ડર લાગે છે પણ અરણ્યાનિ દેવી પોતે કોઈને હણતી નથી, બલ્કે એમાં નિવાસ કરનારને સ્વાદિષ્ટ ફળ ખવડાવે છે ! આવી અરણ્યાનિ તો કસ્તુરીની ગંધવાળી છે, વણખેડાયેલી હોવ છતાં બહુ પ્રકારના અન્નવાળી છે અને પશુ-પંખી સૌની માતા છે.

ઋષિ : ઇરંમદનો પુત્ર દેવમુનિ, દેવતા : અરણ્યાની, છન્દ : અનુષ્ટુપ્

अर॑ण्या॒न्यर॑ण्यान्य॒सौ या प्रेव॒ नश्य॑सि ।
क॒था ग्रा॒मं न पृ॑च्छसि॒ न त्वा॒ भीरि॑व विन्दती३ँ ।।१।।

अर॑ण्यानि । अर॑ण्यानि । अ॒सौ । या । प्रऽइ॑व । नश्य॑सि ।
क॒था । ग्राम॑म् । न । पृ॑च्छ॒सि॒ । न । त्वा॒ । भीःऽइ॑व ।
वि॒न्द॒ती॒३ँ ।।१।।

हे ^{v}अरण्यानि । अरण्यस्य पालयित्री काचिदधिदेवतारण्यानीति नैरुक्ताः । वैयाकरणास्तु 'हिमारण्ययोर्महत्वे' (पा. सू. ४.१.४९.१) इत्यरण्यस्य महत्त्वे ङीषं स्मरन्ति । अरण्याधिदेवते ^{v}अरण्यानि कान्ताराणि प्रति ^{v}या ^{v}असौ त्वं ^{v}प्रेव ^{v}नश्यसि । इवः संप्रत्यर्थे नशतिः प्राप्तिकर्मा । अत्र व्यत्ययेन श्यन् । संप्रति रक्षणास्य प्राप्नोषि । यद्वा निर्जने देशे वर्तमानत्वान्नष्टेव प्रतीयसे । सा त्वं ^{v}कथा कथं ^{v}ग्रामं ^{v}न ^{v}पृच्छसि निर्जतेऽरण्ये कथं रमसे । नूनं ^{v}त्वा त्वां ^{v}भीः भयं ^{v}न ^{v}विन्दति न लभते किम् । वितर्के प्लुतः । इवः संप्रत्यर्थे परिभयार्थे वा । अत्र निरुक्तम्-अरण्यान्यरण्यस्य पत्नयरण्यामपार्णं भवति ग्रामादरमणं भवतीति वा । अरण्यानीत्येनामान्त्रयते । यासावरण्यानि वनानि पराचीव नश्यसि कथं ग्रामं न पृच्छसि न त्वा भीर्विन्दतीवेतीवः परिभयार्थे वा' (निरु. ९.२९.३०) इति ॥

अनुवाद (292) : હે અરણ્યાનિ ! તું જંગલોની પ્રત્યે અત્યારે (તેમના રક્ષણ માટે) પ્રાપ્ત થઈ છું. (અથવા તું નિર્જન દેશમા રહેલી હોવાથી જાણે નષ્ટ થઈ હોઉં એમ લાગે છે.) તો તું ગામને કેમ પૂછતી નથી. (અર્થાત્ તું જંગલમાં કેમ રહે છે ?) શું તને ભીતિ જેવું નથી લાગતું ? (૧૦-૧૪૬-૧)

નોંધ : ૧. આ સૂક્તની દેવતા 'અરણ્યાની' છે. નૈરુક્તોના મતે અરણ્ય (જંગલ)નું પાલન કરનારી, જંગલની અધિદેવતા તે 'અરણ્યાની' છે. વૈયાકરણો કહે છે કે 'મોટું જે અરણ્ય' હોય તે અર્થમાં 'અરણ્યાની' શબ્દ બને છે. ૨. સાયણ **प्र+इव**માં **इव**નો 'સમ્પતિ' એવો અર્થ કર્યો છે; અને **नश्यसि**નો **प्राप्नोषि** એવો અર્થ સૂચવ્યો છે. (અલબત્ત વૈકલ્પિક અર્થ તરીકે 'નાશ પામું છું' એવો અર્થ પણ લીધો છે.) ૩. ચોથા પાદમાં કવિનું મન વિતર્ક કરે છે કે હે અરણ્યાનિ દેવિ ! તને જંગલમાં એકલા રહેતાં બીક નથી લાગતી ? આથી વિતર્કની લાગણી દર્શાવવા માટે **विन्दती३ँ** એવો પ્લુત (ત્રિમાત્રિક સ્વર) ઉચ્ચારાય છે. (આ કોઈ સ્વતન્ત્ર સ્વરિતનું ચિહ્ન નથી. આવું બીજું ઉદાહરણ ૧૦-૧૨૯માં છે. તથા ઋગ્વેદ પ્રાતિશાખ્ય (૧.૨૬) નિયમ મુજબ અહીં અનુનાસિકત્વ થયું છે.) ૪. શ્રી ર. છો. પરીખે આનો અનુવાદ થોડોક જુદી રીતે કર્યો છે : 'હે અરણ્યાનિ, હે અરણ્યાનિ, તું જે ભૂલી પડ્યા જેવી છું, (તે) ગામને કેમ પૂછતી નથી ? તને બીક જેવું નથી લાગતું ?''

वृ॒षा॒र॒वाय॒ वद॑ते॒ यदु॒पाव॑ति चिच्चि॒कः ।
आ॒घा॒टिभि॑रिव धा॒वय॑न्नरण्या॒निर्म॑हीयते ॥२॥

वृ॒ष॒ऽर॒वाय॑ । वद॑ते । यत् । उ॒प॒ऽअव॑ति । चि॒च्चि॒कः ।

आ॒घा॒टिभि॑ःऽइव । धा॒वय॑न् । अ॒र॒ण्या॒निः । म॒ही॒य॒ते॒ ॥२॥

ᵛवृषारवाय । वृषा सेचनसमर्थो रवः शब्दो यस्य सूक्ष्मजन्तुविशेषस्य झिल्याख्यस्य स तथोक्तः । कटुकशब्दवानित्यर्थः । तस्मै वृषारवाख्याय ᵛवदते चीचीशब्दं कुर्वते ᵛचिच्चिकः चीचीशब्दं कुर्वन्न्यो जन्तुः ᵛयत् यदा ᵛउपावति वृषारवोक्तम्य शब्दस्य प्रत्युत्तररूपेण चीचीशब्दकरणेनोपगच्छति । उपेत्य पालयति वा । तत्र दृष्टान्तः । ᵛआघाटिभिरिव । आघाटयो घाटलिकाः काण्डवीणाः । ताभिः ᵛधावयन् निषादादिसप्तस्वराणि शोधयन् गायक इव । तदा ᵛअरण्यानिः. सा अरण्यानी ᵛमहीयते पूज्यते ॥ 'इन्द्रवरुणः' (पा.सू. ४.१.४९) इत्यादिना ङीष् । तत्संनियोगेनानुगामः । छन्दसो ह्रस्वः । अत एव हल्ङ्यादिसुलोपाभावः ॥

અનુવાદ (293) : આઘાટિકાઓથી (= કાણ્ડવીણા વડે) (ષડ્જ્ આદિ સાત સુરોને) અલગ તારવતા (ગાયક)ની જેમ જ્યારે ચિચ્ચિક બોલતા (= અવાજ કરતા) વૃષારવ (= સેચન કરવા સમર્થ એવા અવાજવાળા ઝિલ્લી નામના જંતુ)ની પાસે જાય છે (उपावती); ત્યારે અરણ્યાની ખૂશ થાય છે. (= પૂજાય છે). (૧૦-૧૪૬-૨)

નોંધ : આ મન્ત્રમાં કહે છે કે વૃષારવ ઊર્ફે ઝિલ્લી નામના અવાજ કરતા જન્તુની પાસે ચીંચીં અવાજ કરતો 'ચિચ્ચિક' નામનો જન્તુ જાય છે; ત્યારે અરણ્યાની દેવી **महीयते** = પ્રસન્ન થાય છે, મોજ કરે છે. (સાયણે એનો અર્થ 'પૂજાય છે' એમ કર્યો છે.) અહીં જે ઉપમાન વાક્ય છે તે સુન્દર છે; આઘાટિકા = લાકડા ઉપરની વીણા, અથવા ઘંટડીઓથી (શ્રી ર. છો. પ.) વગાડતો ગાયક જેમ ષડ્જ્, ઋષભ, ગાંધારાદિ સુરસપ્તકને **धावयन्=शोधयन्** અલગ તારવતો હોય તેમ. **आघाटिभिः**...નો વેંકટે અર્થ કર્યો છે : અવાજ કરતાં વાદ્યો વડે શત્રુઓને દૂર ભગાડતા રાજાની જેમ અરણ્યાની શોભે છે.

उ॒त गाव॑इवादन्त्यु॒त वेश्मे॑व दृश्यते ।
उ॒तो अ॑रण्या॒निः सा॒यं श॑क॒टीरि॑व सर्जति ॥३॥

उ॒त । गाव॑ःऽइव । अ॒द॒न्ति॒ । उ॒त । वेश्म॑ऽइव । दृ॒श्य॒ते॒ ।
उ॒तो इति॑ । अ॒र॒ण्या॒निः । सा॒यम् । श॒क॒टीःऽइ॑व । स॒र्ज॒ति॒ ॥३॥

ᵛउत अपि च ᵛगावइव गवयाद्या मृगा अस्यामरण्यान्याम् ᵛअदन्ति तृणादिकं भक्षयन्ति । ᵛउत अपि च लतागुल्मादिकं ᵛवेश्मेव गृहमिव ᵛदृश्यते । ᵛउतो अपि च ᵛअरण्यानिः इयमरण्यानी ᵛसायं [illegible]काले ।

इवः संप्रत्यर्थे । संप्रति ᵛशकटीः शकटान् दार्वाद्याहरणायागतान् ᵛसर्जति विसर्जयति । यद्वा । शकटीः सर्जतीव दृश्यते । अहनि महदरण्यं शकटीभिः प्राप्यः सर्वे जना अपेक्षितं काष्ठादिकं शकटीष्वध्यारोप्य सायंकाले तस्मान्निर्गच्छन्ति । तदभिप्रायेणेदं वचनम् ॥

અનુવાદ (294) : અને વળી ગાય જેવા (અર્થાત્ ગવય વગેરે પશુઓ આ અરણ્યમાં તૃણાદિને) ખાય છે; તથા (લતાના વેલાઓ વગેરેની ઝાડી તો) ઘર જેવું દેખાય છે અને આ અરણ્યાનિ તો અત્યારે સાંજના સમયે (જંગલમાં લાકડા લેવા ગયેલાં) ગાડાંઓને સર્જે છે (= બહાર મોકલે છે.) (૧૦-૧૪૬-૩)

નોંધ : કવિએ આ મન્ત્રમાં સાંજના સમયે દૂરથી દેખાતા અરણ્યનું શબ્દ ચિત્ર દોર્યું છે. ગાય જેવાં પશુઓ ઘાસ ચરે છે, લતાઓ ભરી ઝાડીઓ નાનાં ઘરો જેવી દેખાય છે અને દિવસે લાકડાં લેવા જંગલમાં ગયેલાં ગાડાંઓ-ગાડીઓ સાંજ પડે એમાંથી બહાર નીકળે છે. આથી એવું લાગે છે કે જાણે અરણ્ય શકટીને સર્જે છે. સાયણે इवनो 'संप्रति' અર્થ કર્યો છે, તેને ઉપમા/ઉત્પ્રેક્ષા પરક પણ લઈ શકાય.

गाम॒ङ्गैष आ ह्व॑यति॒ दार्व॒ङ्गैषो अपा॑वधीत् ।
वस॑न्नरण्या॒न्यां सा॒यमक्रु॑क्ष॒दिति॑ मन्य॑ते ॥४॥

गाम । अ॒ङ्ग । ए॒षः । आ । ह्व॒य॒ति॒ । दारु॑ । अ॒ङ्ग । ए॒षः । अप॑ । अ॒व॒धी॒त् ।
वस॑न् । अ॒र॒ण्या॒न्याम् । सा॒यम् । अक्रु॑क्षत् । इति॑ । म॒न्य॒ते॒ ॥४॥

ᵛअङ्ग हे अरण्यानि ᵛएषः त्वदधिष्ठिते महारण्ये संप्रति वर्तमानः ᵛगाम् ᵛआ ᵛह्वयति । ᵛएषः चान्यः ᵛदारु काष्ठम् ᵛअपावधीत् अपहन्ति । तथा ᵛसायं सायंकाले रात्रौ ᵛअरण्यान्यां महारण्ये निवसन् मनुष्यो नानाविधं पक्षिमृगादिशब्दं शृण्वन् ᵛअक्रुक्षत् कश्चित्तस्करादिराक्रोशति ᵛइति भीतः सन् ᵛमन्यते बुध्यते ॥

અનુવાદ (295) : અરે ભલી ! (= હે અરણ્યાની) આ (કોઈક) ગાયને બોલાવે છે, તો બીજો કોઈક અત્યારે લાકડાં કાપે છે. મોટી અરણ્યાની (= જંગલ)માં (રાત્રિ દરમિયાન) નિવાસ કરનારો (પશુ પક્ષીનો અવાજ સાંભળીને) આ કોઈક (ચોર) બુમ પાડે છે' એમ (ડરી જઈને) માની લે છે. (૧૦-૧૪૬--૪)

નોંધ : **अक्रुक्षत् इति** 'કોઈકે ચીસ પાડી' એમ માને છે : **मन्यते** । અહીં

જંગલમાં દિવસ દરમ્યાનનો ધબંકાર (ગાયોને બોલાવવાના ડચકારાં તથા લાકડાં કાપવાના અવાજો) અને રાત્રિનિવાસ દરમ્યાન થનારી આશંકાઓનું વર્ણન કરવામાં આવ્યું છે.

न वा अ॑रण्या॒निर्ह॑न्त्य॒न्यश्चेन्नाभि॒गच्छ॑ति ।
स्वा॒दोः फल॑स्य ज॒ग्ध्वाय॑ यथा॒कामं॒ नि प॑द्यते ॥५॥

न । वै । अर॒ण्या॒निः । ह॒न्ति॒ । अ॒न्यः । च॒ । इत् । न ।
अ॒भि॒ऽगच्छ॑ति ।
स्वा॒दोः । फल॑स्य । ज॒ग्ध्वाय॑ । य॒था॒ऽकाम॑म् । नि । प॒द्य॒ते॒ ॥५॥

ᵛन ᵛवै न खलु ᵛअरण्यानिः अरण्यानी ᵛहन्ति तत्र निवसन्तं हिनस्ति । यदि ᵛअन्यः व्याघ्रचौरादिः ᵛनाभिगच्छति । तर्हि ᵛस्वादोः रसवत आम्रादेः ᵛफलस्य । द्वितीयार्थे षष्ठी । फलं ᵛजग्ध्वाय भक्षयित्वा तत्र निवसन् पुरुषः ᵛयथाकामं यथेच्छं ᵛनि ᵛपद्यते निगच्छति वर्तते ॥ क्त्वाप्रत्यये 'अदोजग्धिर्ल्यप्ति किति' (पा. सू. २.४.३६) इति जग्ध्यादेशः । 'क्त्वो यक्' (पा. सू. ७.१.४७) इति यक् ॥

અનુવાદ **(296)** : જો (વાઘ કે ચોર જેવો) કોઈ ના આવે તો અરણ્યાનિ પોતે કોઈને હણતી નથી. સ્વાદિષ્ટ એવા ફળને ખાઈને કોઈ પણ વ્યક્તિ (એ અરણ્યમાંથી) બહાર નીકળી જઈ શકે છે. (૧૦-૧૪૬-૫)

નોંધ : √अद् 'ખાવું' ધાતુને **जग्ध** આદેશ કરીને, તેનું સંબંધક ભૂતકૃદન્ત **जग्ध्वा** બનાવી લેવું, તે પછી તેને સ્વાર્થે **य** લાગે છે; (અર્થાત્ આ કોઈ ચતુર્થીનું રૂપ નથી). તેનો અર્થ છે : **भक्षयित्वा** = ખાઈને. સાયણે **चेत्**ને એક શબ્દ રૂપે લઈને ઉપર મુજબનો અનુવાદ કર્યો છે, પણ પદપાઠમાં **च । इत् ।** ને અલગ દર્શાવ્યા છે. તો એ મુજબ અનુવાદ આમ કરવો પડે : ''ખરેખર તો અરણ્યાની કોઈને મારતી નથી. તથા અન્ય કોઈ એની ઉપર આક્રમણ પણ કરતું નથી/કરી શકતું નથી.''

आञ्ज॑नगन्धिं सुर॒भिं ब॑ह्व॒न्नाम॑कृ॑षीवलाम् ।
प्राहं॑ मृ॒गाणां॑ मा॒तर॑मरण्या॒निम॑शंसिषम् ॥६॥

आञ्ज॑नऽगन्धिम् । सुर॒भिम् । ब॒हुऽअ॒न्नाम् । अकृ॑षिऽवलाम् ।

प्र । अहम् । मृगाणाम् । मातरम् । अरण्यानिम् । अशंसिषम् ॥६॥

ᵛआञ्जनगन्धिम् । अञ्जनस्येदमाञ्जनं कस्तूर्यादि । तस्य गन्ध इव गन्धो यस्यास्तादृशी । 'उपमानाच्च' (पा.सू. ५.४.१३७) इति गन्धस्येदन्तादेशः । अत एव ᵛसुरभिं सौरभ्योपेतां ᵛबह्वन्नां बहुभिरन्नैरदनीयैः फलमूलादिभिरुपेताम् ᵛअकृषीवलाम् । कृषिरेषामस्तीति कृषीवलाः कर्षकाः । 'रजःकृषि' (पा.सू. ५.२.११२) इत्यादिना वलच् । 'वले' (पा.सू. ६.३.११८) इति दीर्घः । तैर्वियुक्तां तादृशीं ᵛमृगाणां ᵛमातरं जनयित्रीम् ᵛअरण्यानिम् अरण्यानीम् ᵛअहं ᵛप्र ᵛअशंसिषम् उक्तेन प्रकारेण स्तुतवानस्मि ॥ ॥४॥

અનુવાદ (297) : (કસ્તુરી વગેરે) આંજન ગન્ધવાળી, સુવાસી, (ફળ-મૂળાદિ બહુ) અન્નવાળી, વણખેડાયેલી (અથવા ખેડૂતો વિનાની) અને પશુઓની માતા સ્વરૂપ અરણ્યાનિની મેં પ્રશંસા સ્તુતિ કરી છે. (૧૦-૧૪૬-૬)

નોંધ : કવિ અરણ્યાનિની બધી જ પ્રશંસનીય વિશેષતાઓને આ મન્ત્રમાં નોંધીને આ સૂક્તનો ઉપસંહાર કરે છે. અહીં એક કુદરતી દૃશ્યનું સુન્દર અને નાનું, પણ ચિરસ્મરણીય કાવ્ય જ રજૂ થયું છે.

10.151 (1 to 5)

શ્રદ્ધાસૂક્ત

'श्रद्धया' इति पञ्चर्च त्रयोविंशं सूक्तमानुष्टुभं श्रद्धादेवत्यम् । कामगोत्रजा श्रद्धा नामर्षिका । तथा चानुक्रम्यते—'श्रद्धया श्रद्धा कामायनी श्राद्धमानुष्टुभं तु' इति । लैङ्गिको विनियोगः ॥

આ સૂક્તમાં 'શ્રદ્ધા' નામની દેવી = દેવતાની સ્તુતિ કરવામાં આવી છે. તથા એની મન્ત્રદ્રષ્ટિ ઋષિકા પણ 'કામાયની શ્રદ્ધા' જ છે એમ મનાયું છે. (પ્રસ્તાવનામાં 'દશમા મંડળની સમીક્ષા'માં અમે જે 'ઋષિ વૈવિધ્ય'ની ચર્ચા કરી છે તે જોવી.) પ્રોફે. મેકડોનલ કહે છે કે ૧૦મા મંડળમાં દેવતાઓનો તદ્દન નવો જ પ્રકાર પહેલીવાર આપણી નજરે પડે છે. જેમકે, શ્રદ્ધા અને મન્યુ (ક્રોધ) જેવા કેવળ અમૂર્ત વિચારોને હવે દેવતાનું પદ અપાવા મંડાયું છે. એથી પણ એમ લાગે છે કે દશમું મંડળ વધારે મોડું લખાયેલું છે. પ્રો. વેલણકરે આ સૂક્ત વિષે લખ્યું છે કે અહીં શ્રદ્ધાનો મહિમા વર્ણવાયો છે. યજ્ઞ કરનાર વિપ્રની જેમ, દાની યજમાનને માટે પણ શ્રદ્ધાની ખૂબ આવશ્યકતા છે. (ઋચા ૧-૨), ૩-૪ ઋચામાં કહ્યું છે કે અગ્નિ, ઇન્દ્ર

તથા વરુણ જેવા **असुर સંજ્ઞાવાળા મોટા દેવો**, તથા બીજા નાના દેવોમાં અભેદની કલ્પના કરીને, **વાયુને નેતા માનનારા** નાના દેવોએ પેલા મોટા દેવોની શ્રદ્ધાપૂર્વક ઉપાસના કરી. **છેલ્લે, દિવસના** બધા જ સમયે શ્રદ્ધાનું આહ્‌વાન કરતાં કરતાં કવિ તે શ્રદ્ધાને જ દેવતા માનીને પ્રાર્થના કરે છે કે - ‘તે અમારા હૃદયમાં શ્રદ્ધા ઉત્પન્ન કરે.’’

ઋષિકા : કામ-ના ગોત્રમાં જન્મેલી શ્રદ્ધા, દેવતાઃ શ્રદ્ધા, છન્દઃ અનુષ્ટુપ્

श्र॒द्धया॒ग्निः समि॑ध्यते श्र॒द्धया॑ हूयते ह॒विः ।
श्र॒द्धां भग॑स्य मू॒र्धनि॒ वच॒सा वे॑दयामसि ॥१॥

श्र॒द्धया॑ । अ॒ग्निः । सम् । इ॒ध्य॒ते॒ । श्र॒द्धया॑ । हू॒य॒ते॒ । ह॒विः ।
श्र॒द्धाम् । भग॑स्य । मू॒र्धनि॑ । वच॑सा । आ । वे॒द॒या॒म॒सि॒ ॥१॥

पुरुषागतोऽभिलाषाविशेषः ᵛश्रद्धा । तया ᵛश्रद्धया ᵛअग्निः गार्हपत्यादिः समिध्यते संदीप्यते । यदा हि पुरुषे श्रद्धाग्निगोचर आदरातिशयो जायते तदैष पुरुषोऽग्नीन् प्रज्वालयति नान्यदा । ᵛश्रद्धया एव ᵛहविः पुरोडाशादिहविश्च हूयते । आहवनीये प्रक्षिप्यते । यद्वा । अस्य सूक्तस्य द्रष्ट्र्या श्रद्धाख्ययाग्निः समिध्यते । ᵛश्रद्धाम् उक्तलक्षणायाः श्रद्धाया अभिमानिदेवतां ᵛभगस्य भजनीयस्य धनस्य ᵛमूर्धनि प्रधानभूते स्थानेऽवस्थितां ᵛवचसा वचनेन स्तोत्रेण ᵛआ ᵛवेदयामसि अभितः प्रख्यापयामः । इदन्तो मसिः ॥

અનુવાદ (298) : શ્રદ્ધાથી (ગાર્હપત્યાદિ શ્રૌત) અગ્નિને પ્રજ્વલિત કરવામાં આવે છે; શ્રદ્ધાથી જ (અર્થાત્ શ્રદ્ધા હશે તો જ તે પ્રજ્વલિત અગ્નિમાં) હવિષ્‌ને હોમવામાં આવે છે. ભગ = ભાગ્યના મસ્તક (= શિખર) ઉપર શ્રદ્ધા રહેલી છે’ એમ (અમે) વચનથી જણાવીએ છીએ (= જાહેર કરીએ છીએ.) (૧૦-૧૫૧-૧)

નોંધ : ૧. પ્રા. વેલણકરે **वचसा आ वेदयामसि**ને ૪-૩૬-૭ની સાથે સરખાવીને ‘અમે ઘોષણા કરીએ છીએ’, એવો અર્થ કર્યો છે. ૨. સાયણ : માણસમાં રહેલી એક પ્રકારની અભિલાષાને ‘શ્રદ્ધા’ કહેવાય છે.

प्रि॒यं श्र॑द्धे॒ दद॑तः प्रि॒यं श्र॑द्धे॒ दिदा॑सतः ।
प्रि॒यं भोजेषु यज्व॑स्वि॒दं म॑ उदि॒तं कृ॑धि ॥२॥

प्रि॒यम् । श्र॒द्धे॒ । दद॑तः । प्रि॒यम । श्र॒द्धे॒ । दिदा॑सतः ।
प्रि॒यम् । भो॒जेषु॑ । यज्व॑ऽसु । इ॒दम् । मे॒ । उ॒दि॒तम् ।
कृ॒धि॒ ॥२॥

हे ᵛश्रद्धे ᵛददतः चरुपुरोडाशादीनि प्रयच्छतो यजमानस्य ᵛप्रियम् अभीष्टफलं कुरु । ᵛदिदासतः दातुमिच्छतश्च हे ᵛश्रद्धे ᵛप्रियं कुरु । ᵛमे मम संबन्धिषु ᵛभोजेषुं भोक्तृषु भोगार्थिषु ᵛयज्वसु कृतयज्ञेषु जनेषु च ᵛइदम् ᵛउदितम् उक्तं ᵛप्रियं ᵛकृधि कुरु ॥

અનુવાદ (299) : હે શ્રદ્ધા ! (દાન) આપનારને માટે, (મારું વચન) પ્રિય બની રહો અને (દાન) આપવા ઈચ્છતા વ્યક્તિને માટે પણ પ્રિય બની રહો. (હે શ્રદ્ધા !) ખૂબ ઉદાર યજમાનોની અંદર પણ મારું આ કહેવું (**उदितं**) પ્રિય બની રહે એમ કરો. (૧૦-૧૫૧-૨)

નોંધ : ૧. પ્રા. વેલણકર આ ઋચાની પ્રાર્થના આ મુજબ સમજાવે છે : દાન આપનાર, આપવાની અભિલાષા રાખનાર અને ભોજ નામના સુવિખ્યાત દાની અને બધા પ્રકારના ઉદાર યજમાનોને મારું વચન પ્રિય લાગે એમ થાય. ૨. સાયણ **भोजेषु यज्वसु**નો અર્થ 'ભોક્તાઓમાં, ભોગાર્થી એવા યજમાનો, કે જેમણે યજ્ઞો કર્યા છે તેવામાં એમ કર્યો છે.

यथा॑ दे॒वा असु॑रेषु श्र॒द्धामु॒ग्रेषु॑ च॒क्रि॒रे ।
ए॒वं भो॒जेषु॒ यज्व॑स्व॒स्माक॑मुदि॒तं कृ॑धि ॥३॥

यथा॑ । दे॒वाः । असु॑रेषु । श्र॒द्धाम् । उ॒ग्रेषु॑ । च॒क्रि॒रे ।
ए॒वम् । भो॒जेषु॑ । यज्व॑ऽसु । अ॒स्माक॑म् । उ॒दि॒तम् । कृ॒धि॒ ॥३॥

ᵛदेवाः इन्द्रादयः ᵛअसुरेषु उद्गूर्णबलेषु ᵛयथा ᵛश्रद्धां ᵛचक्रिरे अवश्यमिमे हन्तव्या इत्यादरातिशयं कृतवन्तः ᵛएवं श्रद्धावत्सु ᵛभोजेषु भोक्तृषु भोगार्थिषु ᵛयज्वसु यष्टृषु ᵛअस्माकम् अस्मत्संबन्धिषु तेषु ᵛउदितं तैरुक्तं पार्थितं फलजातं ᵛकृधि कुरु ॥

અનુવાદ (300) : જેવી રીતે (નીમ્ન્ કોટિના) દેવોએ અસુરો (=મોટા પરાક્રમી ઈન્દ્રાદિ જેવા દેવો) ઉપર, અને ઉગ્રોની ઉપર શ્રદ્ધા કરી (= શ્રદ્ધા રાખીને, તે તેમને પ્રિય બને એમ કર્યું)'' એવી રીતે (હે શ્રદ્ધા!), અમારું બોલાયેલું (**उदितं**,

આ વાક્ય) અત્યંત ઉદાર યજમાનોમાં પણ (પ્રિય બની રહે) એમ કરો.

(૧૦-૧૫૧-૩)

નોંધ : ૧. પ્રા. વેલણકર કહે છે કે - **उग्रेषु असुरेषु** અગ્નિ, ઇન્દ્ર, વરુણ, રુદ્ર, સોમ, બૃહસ્પતિ તથા આદિત્યને માટે 'અસુર' એવું વિશેષણ વપરાય છે. આ બધાં મોટા દેવોની સાથે ભોજ યજમાનોની અને નાના દેવોની સાથે ઋષિકા/કવિની પોતાની તુલના અહીં કરવામાં આવી છે. ૨. સાયણે જુદી રીતે અર્થ કર્યો છે : ઇન્દ્રાદિ દેવોએ ઉગ્ર = બહાર નીકળી આવેલા અસુરોની ઉપર ('આમને ચોક્કસ હણવાના છે' એ રીતની) શ્રદ્ધા કરી છે. તથા ભોક્તૃ યજમાનોને વિષે અમે=અમારું જે બોલાયેલું છે તે માંગવામાં આવેલું જે ઇષ્ટ ફળ હોય તે તમે (= શ્રદ્ધા દેવી) કરો.'' અહીં સાયણે 'અસુર'નો અર્થ રાક્ષસ કર્યો જણાય છે. ૩. **અસુર શબ્દનો ઈતિહાસ** જેમને કેવળ પુરાણ ગ્રંથોનો પરિચય છે તેમની એવી સમજ છે કે **सुर** એટલે 'દેવો' અને **अ-सुर** એટલે 'રાક્ષસો, દાનવો'. દેવોના શત્રુઓ તરીકે દાનવો ઘણીવાર દેવોની સાથે યુદ્ધે ચઢે છે. એવું વર્ણન આપણા પુરાણગ્રંથોમાં અનેક સ્થળે જોવા મળે છે. પરંતુ વૈદિક સાહિત્ય અને અવેસ્તા ગ્રંથનો અભ્યાસ કરતાં એક મનોરંજક અર્થભેદ ધ્યાન ખેંચે છે : ઋગ્વેદમાં **असुर** શબ્દ શક્તિશાળી-પ્રાણશક્તિવાળા દેવતાઓ માટે વપરાયો છે ! જ્યારે અવેસ્તામાં **दएव** (સં.= દેવ) શબ્દ રાક્ષસોને માટે વપરાયો છે ! તથા પુરાણકાળમાં **असुर** એટલે 'દાનવો-રાક્ષસો' એવો જે અર્થ પ્રચલિત થયો છે; તેની સામે પારસીઓના ધર્મગ્રંથ 'અવેસ્તા'માં (એટલે કે પ્રાચીન ઇંડો-ઈરાનિયન ભાષામાં) **अहुर** **(मज्दा)** શબ્દ 'સર્વોચ્ચ દેવતા'નો વાચક છે ! અવેસ્તાનો આ **अहुर** શબ્દ તે સંસ્કૃત ભાષાનો **असुर** શબ્દ જ છે. કારણ કે સંસ્કૃત ભાષાના ઊષ્માક્ષર **स** ના સ્થાને ફારસી (અવેસ્તા)માં હંમેશાં **ह** વર્ણ જ મળે છે.

ઋગ્વેદમાં આ **असुर** (= **असु-र**) શબ્દ 'પ્રાણવાન્' કે 'શક્તિશાળી' એવા અર્થમાં 'વરુણ'ના વિશેષણ તરીકે વપરાયો છે. અન્યત્ર પણ તે દેવોની 'ઉચ્ચ શક્તિ' એવા અર્થમાં જ વપરાયો છે. [ઋગ્વેદ, તૃતીયમંડલ, સૂક્ત-૫૫ના બાવીસેય મંત્રનું છેલ્લું ચરણ આ પ્રમાણે છે : **महद् देवानामसुरत्वमेकम्** ।। 'દેવોની તે એક મોટી શક્તિ છે.'] પરંતુ પરવર્તી લૌકિક સંસ્કૃત ભાષામાં 'અસુર' શબ્દ નિરપવાદપણે રાક્ષસોનો જ વાચક છે અને **सुर** શબ્દનો વિરોધી અર્થ આપે છે. આમ જે (**देव**) શબ્દનો ભારતમાં 'દેવતા' અર્થ થાય છે, તેને (= **दएव** રૂપ શબ્દને) ઈરાનમાં 'રાક્ષસ' અર્થમાં પ્રયોજાય છે. તથા જે **असुर** શબ્દ (વેદોત્તર કાળના) ભારતમાં 'રાક્ષસો'નો વાચક છે તે જ શબ્દ (**अहुर** રૂપે) ઈરાની 'અવેસ્તા' ગ્રંથમાં સર્વોત્કૃષ્ટ દેવતાનો વાચક છે. આ એક આશ્ચર્યની વાત છે. પ્રો. જી. સી. ત્રિપાઠી (અલ્હાબાદ) જણાવે છે કે–આ વિચિત્ર અર્થપરિવર્તનનાં અનેક કારણો ઉપસ્થિત કરવામાં આવ્યાં છે. જેમકે–

બ્રૈડકે નામના વિદ્વાને એવો મત ઉચ્ચાર્યો છે કે ભારતીય અને ઈરાનિયન પ્રજા વચ્ચેના વૈમનસ્યને કારણે આ અર્થપરિવર્તન થવા પામ્યું છે. વૈદિક કાળની પૂર્વે જ્યારે ભારતીય આર્યો પણ ઈરાનમાં રહેતા હતા (એટલે કે ઈરાનમાંથી સ્થળાંતર કરીને અમુક આર્યો ભારતમાં નહોતા પ્રવેશ્યા) ત્યારે કોઈ ધાર્મિક વિરોધને કારણે તે આર્યજાતિ બે ભાગમાં વહેંચાઈ ગઈ. એક જૂથ **असुर** (શક્તિશાળી, **असु** = પ્રાણ, શક્તિ) શબ્દથી દેવતાઓની ઉપાસના કરતું હતું; અને બીજું જૂથ 'દેવ' (= તેજસ્વી, **दिव** = ચમકવું) શબ્દથી દેવતાઓની ઉપાસના કરતું હતું. પહેલું (ઈરાનિયન) જૂથ વધારે શક્તિશાળી હતું. આથી તેમણે 'દેવ'પૂજકોને બળાત્કારપૂર્વક ભારત તરફ હાંકી કાઢ્યા અથવા તો તેઓ પોતે જ ઈરાનને છોડીને પંજાબના માર્ગેથી ભારતમાં પ્રવેશ્યા. અથવા તો જ્યારે પરસ્પરથી છૂટાં પડેલાં આ બંને જૂથો જુદા જુદા સ્થળે-ભારત અને ઈરાનમાં-સ્થિર થઈ ગયાં હશે ત્યાર પછી આ દ્વેષ ઊભો થયો હશે. જોકે, અહીં જે પણ પરિસ્થિતિ હોય, પરસ્પરની તીવ્ર ઘૃણાએ એકબીજાના દેવતાને રાક્ષસનું રૂપ આપી દીધું લાગે છે. જેમકે, ભારતીય આર્યોને માટે **असुर** એ દાનવ બની ગયો; કે જે ઈરાનીઓને માટે સર્વોચ્ચ દેવ હતો. અને ભારતીય આર્યોને માટે જે ઉચ્ચ ચમકતું/તેજસ્વી વ્યક્તિત્વ 'દેવ' હતું, તેને ઈરાનીઓએ રાક્ષસનું રૂપ આપી દીધું.

પરંતુ ડૉ. ત્રિપાઠી કહે છે કે બ્રૈડકેનો આ મત કોઈ તથ્ય ઉપર આધારિત નથી; તે કેવળ કાલ્પનિક છે. ખરેખર તો, **असुर** શબ્દના અર્થમાં જે પરિવર્તન આવ્યું તે તો સર્વથા ભારતમાં થયું છે. અગાઉ કહ્યું છે તેમ પ્રાચીનતમ વૈદિકકાળમાં 'દેવ' અને 'અસુર' બન્ને શબ્દો સારા અર્થમાં વપરાતા હતાં, જેમ કે, ઋગ્વેદમાં **असुर** શબ્દ વરુણ કે ઇન્દ્ર જેવા દેવતાના વિશેષણ તરીકે વપરાયો છે. આથી એમ સિદ્ધ થાય છે કે **असुर** શબ્દના અર્થપરિવર્તનને ઈરાનની સાથે કોઈ સંબંધ નથી.

પરિણામે તે અર્થપરિવર્તનનાં કારણને ભારતીય ઇતિહાસના પરિપ્રેક્ષ્યમાં શોધવું પડશે. ઋગ્વેદમાં કેવળ ચાર જગ્યાએ જ આ **असुर** શબ્દ બહુવચનમાં રાક્ષસોને માટે વપરાયો છે.[1] આમાંથી ત્રણ વખત તો તે શબ્દ દશમા મંડળમાં વપરાયો છે, કે જે સમયની દૃષ્ટિએ સર્વાધિક પરવર્તી છે. આ ઉપરાંત, ત્રણ વખત તે **असुर** શબ્દ એક દૈત્યને માટે વ્યક્તિવાચક સંજ્ઞારૂપે પણ વપરાયો છે.[2] આ સિવાયનાં બધાં સ્થળોએ તે **असुर** શબ્દ આકાશસ્થાનના ઉચ્ચ દેવતા (મોટે ભાગે વરુણ અને ઇન્દ્ર)નાં વિશેષણ તરીકે વપરાયો છે.

બીજી તરફ, અથર્વવેદ તથા પરવર્તી બ્રાહ્મણ ગ્રંથોમાં **असुर** શબ્દ ક્યાંય પણ દેવતાઓની સાથે સંબંધિત નથી. એથી સૂચિત થાય છે કે મૂળમાં દેવતાઓ અને રાક્ષસોમાં રહેલી કોઈ સમાન લાક્ષણિકતાને અનુલક્ષીને આ **असुर** શબ્દ વપરાતો

---

[1] જેમકે, ૧૦-૫૩-૪, ૮-૮૫-૯, ૧૦-૧૫૭-૪, ૧૦-૧૫૧-૩.

[2] ૨-૩૦-૪, ૭-૯૯-૫, ૧૦-૧૩૮-૩

હશે. વસ્તુતઃ ઇન્દ્ર, વરુણ, મિત્રાવરુણૌ કે વિશ્વદેવો માટે આ શબ્દ વપરાય છે. ત્યારે તે કોઈ 'રહસ્યમય ગૂઢ શક્તિ અથવા માયા' એવો અર્થ સૂચવવા વપરાય છે. પરંતુ 'માયા' શબ્દ ક્યાંક ક્યાંક ખરાબ અર્થમાં પણ વપરાય છે. આવે સ્થળે તેનો અર્થ ''છલ-છદ્મથી ભરેલું કૌશલ્ય'' એવો થાય છે. આ અર્થમાં તે અસુરો (રાક્ષસો)ની સાથે પૂરેપૂરો સંકળાયેલો છે. જેમ કે, મહાભારતમાં 'મય' નામનો દાનવ માયાવી હોવા છતાંય એક કુશળ શિલ્પી પણ હતો. તે જ પ્રમાણે, **नमुचि** અને **शम्बर** પણ હિંદુ દેવકથામાં પોતાની 'માયા'ને માટે વિખ્યાત છે. આમ **असुर** શબ્દનો અર્થ વૈદિક ઋષિઓને માટે સંભવતઃ 'રહસ્યમય ગૂઢશક્તિથી યુક્ત' એવો થતો હશે. અને પરિણામે એ શબ્દ દેવો અને દાનવોને માટે વપરાતો હશે. ઋગ્વેદમાં (૧૦-૧૨૪ સૂક્તમાં) **असुर** શબ્દ એકી સાથે આ બંને અર્થમાં વપરાયો છે.

शंसामि पित्रे असुराय शेवमयज्ञियाद्यज्ञियं भागमेमि ॥३॥

અને

निर्माया उ त्ये असुरा अभूवन् त्वं च मा वरुणकामयासे ॥५॥

ઋગ્વેદમાં કાળની પછી આ મૂળ અર્થ લુપ્ત થયો હશે અને ધીરે ધીરે રાક્ષસોના વિશેષણ તરીકે વપરાતાં વપરાતાં, તે શબ્દ અંતે કેવળ રાક્ષસોની જ સંજ્ઞા (નામ) બની રહ્યો હશે. આ પરિસ્થિતિ ઊભી થવાનાં બે કારણો ગણાવી શકાય : એક તો-વૈદિક સાહિત્યમાં રાક્ષસોને માટે એક સામાન્ય શબ્દનો લગભગ અભાવ હતો. (એમ મેકડોનલ 'વૈદિક માયથોલોજી', પૃ. ૧૫૬-૫૭માં કહે છે). અને બીજું–'**असुर** શબ્દના આરંભે નિષેધાર્થક **अ** આવેલો છે, એમ ગેરસમજ થતાં તે **असुर** શબ્દ '**सुर**' શબ્દનો વિરોધાર્થી બનીને ઊભો રહ્યો. જનમાનસમાં ચાલતી વ્યુત્પત્તિ અનુસાર **सुर** શબ્દ **स्वर** (પ્રકાશ, સ્વર્ગ)ની સાથે જોડાયેલો હતો એથી **सुर** એટલે 'દેવ' અને **अ-सुर** એટલે 'દાનવ' એમ સહેલાઈથી અર્થપરિવર્તન થઈને ઊભું રહ્યું. અને 'ખરેખર તો **असुर** શબ્દનો ઉદ્‌ગમ √**असु** ધાતુમાંથી થયો છે.' તે વાત વિસારે પડી ગઈ. અહીં, બ્રાહ્મણ ગ્રંથોમાં **सुर** શબ્દ દેવતા માટે વપરાતો નહોતો, પણ ઉપનિષદોના સમયમાં તે 'દેવ' અર્થમાં વપરાવા લાગ્યો છે, એ સૂચક છે.

श्र॒द्धां दे॒वा यज॑माना वा॒युगो॑पा॒ उपा॑सते ।
श्र॒द्धां हृ॑द॒य्य१॒याकू॑त्या श्र॒द्धया॑ विन्दते॒ वसु॑ ॥४॥

श्र॒द्धाम् । दे॒वाः । यज॑मानाः । वा॒युऽगो॑पाः । उप॑ । आ॒स॒ते॒ ।
श्र॒द्धाम् । हृ॒द॒य्य॑या । आऽकू॑त्या । श्र॒द्धया॑ । वि॒न्द॒ते । वसु॑ ॥४॥

ᵛदेवा ∙ ᵛयजमानाः मनुष्याश्च ᵛवायुगोपाः वायुर्गोपाः रक्षिता येषां ते तादृशाः सन्तः ᵛश्रद्धां देवीम् ᵛउपासते प्रार्थयन्ते । ᵛहृदय्यया । हृदये

भवा हृद्य्या । तथाविधया ᵛआकूत्या संकल्परूपया क्रियया ᵛश्रद्धाम् एव परिचरन्ति सर्वे जनाः । कुत इत्यत आह । यतः कारणात् ᵛश्रद्धया हेतुभूतया ᵛवसु धनं ᵛविन्दते लभते श्रद्धावाञ्जनः । तत इत्यर्थः ॥

અનુવાદ (301) : વાયુ જેમનો સંરક્ષક છે તેવા (અને) યજ્ઞ કરી રહેલા (નાના) દેવો શ્રદ્ધાને (જ) ઉપાસે છે. (માણસ) હૃદયની આકૂતિ = આકર્ષણથી જ શ્રદ્ધાને (મેળવે છે), અને શ્રદ્ધા વડે જ ધનને (પણ) મેળવે છે. (૧૦-૧૫૧-૪)

નોંધ : ૧. **हृदय्या आकूतिः**નો અર્થ છે 'હાર્દિક આકર્ષણ'. આ હોય તો જ શ્રદ્ધા મળ્યા પછી તે સુસ્થિર થાય છે. ૨. **वा॒यु॒गो॒पाः (देवाः)**માં આદ્યુદાત્ત હોવાથી બહુવ્રીહિપરક અર્થ કરવાનો છે : 'વાયુ છે રક્ષણ કરનાર જેમનો' (દેવોનું વિશેષણ) ૩. સાયણે, દેવો, યજમાનો અને મનુષ્યો, કે જેઓ વાયુગોપા છે તેઓ શ્રદ્ધા દેવીને પ્રાર્થે છે' અને આકૂતિ અર્થાત્ સંકલ્પ રૂપ ક્રિયાથી શ્રદ્ધાની જ સેવા કરે છે' એવો અર્થ કર્યો છે.

श्र॒द्धां प्रा॒तर्ह॑वामहे श्र॒द्धां म॒ध्यंदि॑नं॒ परि॑ ।
श्र॒द्धां सूर्य॑स्य नि॒म्रुचि॒ श्रद्धे श्रद्धा॑पये॒ह नः ॥५॥

श्र॒द्धाम् । प्रा॒तः । ह॒वा॒म॒हे॒ । श्र॒द्धाम् । म॒ध्यंदि॑नम् । परि॑ । श्र॒द्धाम् । सूर्य॑स्य । नि॒ऽम्रुचि॑ । श्रद्धे॑ । श्रत् । धा॒प॒य॒ । इ॒ह । न॒ः ॥५॥

ᵛश्रद्धां देवीं ᵛप्रातः पूर्वाह्णे ᵛहवामहे । तथा ᵛमध्यंदिनं ᵛपरि । लक्षणे परेः कर्मप्रवचनीयत्वम् । मध्यंदिनं परिलक्ष्य । मध्यंदिनं इत्यर्थः । मध्याह्नेऽपि तां ᵛश्रद्धाम् आह्वयामहे । ᵛसूर्यस्य सर्वस्य प्रेरकस्यादित्यस्य ᵛनिम्रुचि अस्तमयवेलायां सायंसमयेऽपि तामेव ᵛश्रद्धाम् आह्वयामहे । ईदृग्रूपे हे ᵛश्रद्धे ᵛनः अस्मान् ᵛइह लोके कर्मणि वा ᵛश्रद्धापय श्रद्धावतः कुरु ॥ ॥९॥ ॥११॥

અનુવાદ (302) : પ્રાતઃકાળમાં અમે શ્રદ્ધા (દેવી)નું આવાહન કરીએ છીએ; મધ્યાહ્ન સમયે પણ શ્રદ્ધાનું (આહ્વાન કરીએ છીએ). સૂર્યના આથમવાના સમયે **(निम्रुचि)** પણ શ્રદ્ધાનું (અમે આવાહન કરીએ છીએ). હે શ્રદ્ધા દેવિ ! અહીં અમારામાં શ્રદ્ધાનું નિર્માણ થાય એમ કરો. (૧૦-૧૫૧-૫)

નોંધ : ૧. **नि+म्रुच्** 'નીચે જવું', અસ્ત થવું. (ઋગ્વેદમાં અન્યત્ર ૮-૨૭-

૧૯માં પણ આ શબ્દ જોવા મળે છે.) **नः श्रद्धापय** = અમારામાં શ્રદ્ધાનું નિર્માણ કરો. ૨. સાયણે ચોથા પાદનો અર્થ કરતાં કહ્યું છે કે–'હે શ્રદ્ધા ! અમારા આ લોકમાં કે કર્મમાં (અમને) શ્રદ્ધાવાળા બનાવ.'

10.163 (1 to 6)

યક્ષ્મનાશન-સૂક્ત

'अक्षीभ्याम्' इति षड्टचं द्वादशं सूक्तामानुष्टभम् । कश्यपगोत्रोत्पन्नो विवृहा नामर्षिः । यक्ष्मनाशनप्रतिपाद्यत्वात्तद्देवताकं कृत्सनं सूक्तम् । अनुक्रान्तं च–'अक्षीभ्यां विवृहा काश्यपो यक्ष्मघ्नम्' इति । लैङ्गिको विनियोगः ॥

આ સૂક્તમાં કોઈ દેવતાનું એક પણ નામ જોવા મળતું નથી, કેવળ **(यक्ष्मं) विवृहामि ते** । એવી ધ્રુવપંક્તિ પ્રત્યેક મંત્રના અંતે આવેલી છે. આથી આ સૂક્તના દ્રષ્ટા વિવૃહા કાશ્યપ જાણે બધા મંત્રોમાં બોલતા હોય એમ કહે છે કે હે રોગી ! તારા શરીરના અમુક અમુક અંગોમાંથી યક્ષ્મ = રોગને હું દૂર કરું છું અને છેવટના મંત્રોમાં આખા શરીરના તમામ રોગને દૂર કરવાનો સંકલ્પ જાહેર થયો છે. અહીં દેવતાનું નામ અને ઋષિનું નામ કદાચ ભુલાઈ ગયા હશે, કેમકે અહીં બધા મંત્રો 'અનાદિષ્ટ દેવતા'વાળા છે; તથા મંત્રોની ધ્રુવપંક્તિમાં **विवृहामि**-એવા ક્રિયાપદમાંથી 'વિવૃહા' શબ્દને લઈને, તેને મંત્રદ્રષ્ટા ઋષિ જાહેર કર્યા લાગે છે.

ઋષિ : વિવૃહા કાશ્યપ, દેવતાઃ યક્ષ્મનાશન અને છન્દ : અનુષ્ટુપ્

अ॒क्षीभ्यां॑ ते॒ नासि॑काभ्यां॒ कर्णा॑भ्यां छुबु॑का॒दधि॑ ।
यक्ष्मं॑ शीर्ष॒ण्यं॑ म॒स्तिष्का॑ज्जि॒ह्वाया॒ वि वृ॑हामि ते ॥१॥

अ॒क्षीभ्या॑म् । ते॒ । नासि॑काभ्याम् । कर्णा॑भ्याम् । छुबु॑कात् । अधि॑ ।
यक्ष्म॑म् । शी॒र्ष॒ण्य॑म् । म॒स्तिष्का॑त् । जि॒ह्वायाः॑ । वि । वृ॒हा॒मि॒ । ते॒ ॥१॥

हे यक्ष्मगृहीत ᵛते तव ᵛअक्षीभ्यां चक्षुर्भ्यां यक्ष्मरोगं ᵛवि ᵛवृहामि उद्धारयामि । विश्लेषयामीत्यर्थः ॥ 'ई च द्विवचने' (पा.सू. ७.१.७७) इत्यक्षिशब्दस्येकारान्तादेशः स चोदात्तः ॥ तथा ᵛनासिकाभ्यां घ्राणेन्द्रियाच्च

ᵛकर्णाभ्यां श्रोत्राभ्यां च ᵛछुबुकात् चुबुकादोष्ठस्याधःप्रदेशाच्च । अधिरनर्थकः । अपि च ᵛशीर्षण्यम् । शिरसि भवो रोगः शीर्षण्यः । 'भवे छन्दसि' इति यत् । 'ये च तद्धिते' (पा. सू. ६.१.६१) इति शिरसः शीर्षन्नादेशः । 'ये चाभावकर्मणोः' (पा. सू. ६.४.१६८) इति प्रकृतिभावः ॥ ईदृशं ᵛयक्ष्मं रोगं ᵛते तव ᵛमस्तिष्कात् । शिरसोऽन्तरवस्थितो मांसविशेषो मस्तिष्कः । तस्मात् जिह्वायाः रसनायाश्च सकाशाद्वि वृहामि उद्धारयामि । पृथक्करोमीत्यर्थः । 'वृहू उद्यमने' इति धातुः ॥

અનુવાદ (303) : (હે રોગગ્રસ્ત વ્યક્તિ !) તારી આંખોમાંથી, બે નસકોરામાંથી, બે કાનોમાંથી અને ઓષ્ઠ/દાઢીની નીચેના ભાગમાંથી (યક્ષ્મ=રોગને) બહાર ખેંચી કાઢું છું (**वि वृहामि**). મસ્તકમાં રહેલ માંસ (**मस्तिष्कात्**) માંથી માથાના રોગને, તથા જીભમાંથી (રોગને) દૂર કરી દઉં છું. (૧૦-૧૬૩-૧)

નોંધ : यक्ष्मः (અને **यक्ष्मन्**) શબ્દોનો અર્થ છે 'ફેફસાંનો રોગ, ક્ષય રોગ' **छुबुकात्** = દાઢી કે ઓષ્ઠની નીચેનો ભાગ, મસ્તિષ્ક એટલે માથામાં રહેલું માંસ.

ग्री॒वाभ्य॑स्त उ॒ष्णिहा॑भ्य॒ः कीक॑साभ्यो अनू॒क्या॑त् ।
यक्ष्मं॑ दो॒ष॒ण्य१॒मंसा॑भ्यां बा॒हुभ्यां॒ वि वृ॑हामि ते ॥२॥

ग्री॒वाभ्यः॑ । ते॒ । उ॒ष्णिहा॑भ्यः । कीक॑साभ्यः । अ॒नू॒क्या॑त् ।
यक्ष्म॑म् । दो॒ष॒ण्य॑म् । अंसा॑भ्याम् । बा॒हुऽभ्या॑म् । वि । वृ॒हा॒मि॒ । ते॒ ॥२॥

हे व्याधिगृहीत उष्णिहाभ्यः ऊर्ध्वाभिमुखं स्निग्धाभ्य उत्स्नाताभ्यो वा स्नायुभ्यः ᵛग्रीवाभ्यः गलगताभ्यो धमनीभ्यः ᵛते तव ᵛयक्ष्मं ᵛवि ᵛवृहामि । तथा ᵛकीकसाभ्यः अस्थिभ्यः ᵛअनुक्यात् अस्थिसंधेश्च यक्ष्मं वि वृहामि । 'उच समवाये' । अनूच्यते समवेयत इत्यस्थ्नः संधिरनूक्यः । ऋहलोर्ण्यत् । 'चजोः कु घिण्ण्यतोः' इति कुत्वम् । तित्स्वरितः । अपि च दोष्णोर्भवं ᵛदोषण्यम् । पूर्ववद्यति 'पद्दन्' इत्यादिना दोःशब्दस्य दोषन्नादेशः । पूर्ववत्प्रकृतिभावः । तमपि यक्ष्मं रोगं ᵛते तव अंसाभ्यां ᵛबाहुभ्यां च वि वृहामि । हस्तयोरूर्ध्वभागावंसावधोभागौ बाहू ॥

અનુવાદ (304) : (હે વ્યાધિગ્રસ્ત !) તારી ડોક (ગળા)માંથી, ઉષ્ણિહા (સ્નાયુ)માંથી, હાડકાંઓમાંથી અને સાંધાઓમાંથી, ખભાઓમાંથી, બે બાહુઓમાંથી

અને (બે) બાહુઓમાંથી જન્મેલા યક્ષ્મ = રોગને હું દૂર કરું છું. (૧૦-૧૬૩-૨)

નોંધ : ૧. ગ્રીવા એટલે ડોક/ગળું; ઉષ્ણિહા એટલે ઉપરના ભાગે ખેંચાયેલા સ્નાયુઓ; કીકસ એટલે અસ્થિ, અનુક્ય એટલે હાડકાંના સાંધા, **दोस्→दोषन्** એટલે બાહુ. ૨. '**दोस्**માંથી જન્મેલ' એ અર્થમાં **दोषण्य** એવો તદ્ધિત શબ્દ બને છે. તેમાં **दो॒षा॒णि॒+य॒** એવા પ્રકૃતિ પ્રત્યયની સંધિ થતાં **दो॒षण्य॑** શબ્દ બને છે; અને તેમાં **ण्य॑** ઉપર જાત્ય સ્વતંત્ર સ્વરિત જન્મે છે. તેની પાછળ **अस॑भ्याम्**માંનો આદિ ઉદાત્ત **अ॒ं** અક્ષર આવવાથી તે પુરોવર્તી **ण्य॑**નો જાત્ય સ્વ સ્વ કંપ અનુભવે છે. ૩. આ સૂક્તના પ્રત્યેક મંત્રને અંતે **वि वृहामि ते** । એવી ધ્રુવપંક્તિ આવેલી છે.

आ॒न्त्रेभ्य॑स्ते॒ गुदा॑भ्यो व॒निष्ठो॑र्हृदया॒दधि॑ ।
यक्ष्म॒ं मत॑स्नाभ्यां य॒क्नः प्ला॒शिभ्यो॒ वि वृ॑हामि ते ॥३॥

आ॒न्त्रेभ्यः॑ । ते॒ । गुदा॑भ्यः । व॒नि॒ष्ठोः । हृद॑यात् । अधि॑ । यक्ष्म॑म् । मत॑स्नाभ्याम् । य॒क्नः । प्ला॒शिऽभ्यः॑ । वि । वृ॒हा॒मि॒ । ते॒ ॥३॥

हे यक्ष्माभिभूत ᵛते तव ᵛआन्त्रेभ्यः । आन्त्रः । पुरीतदन्नपानयोराधानभूतम् । तत्संबन्धिभ्यः स्नायुभ्यः ᵛगुदाभ्यः यामिर्नाडीभिरन्नरसः समानवायुना धातुषु नीयते ताभ्यो नाडीभ्यश्च सकाशात् याक्ष्मं वि वृहामि । तथा ᵛवनिष्ठोः स्थविरान्त्रात् ᵛहृदयादधि हृदयंपुण्रीकाच्च यक्ष्मं वि वृहामि । अपि च ᵛते तव ᵛमतस्नाभ्याम् । मतस्नौ पार्श्वयोर्वर्तमानावाम्रफलाकृती वृक्कौ । ताभ्यां ᵛयक्नः । हृदयसमीपे वर्तमानः कालमांसविशेषो यकृत् । तस्माच्च 'पद्दन इत्यादिना यकृच्छब्दस्य यकन्नादेशः । ᵛप्लाशिभ्यः अन्येभ्योऽपि क्लोमप्लीहादिसंज्ञोभ्यश्च मांसेभ्यश्च ᵛयक्ष्सं रोगं ᵛवि ᵛवृहामि उत्क्ष्यामि ॥

અનુવાદ (305) : (હે રોગથી ઘેરાઈ ગયેલા !) તારા આંતરડાઓમાંથી, ગુદામાંથી, ઘરડા = જૂના થઈ ગયેલા આંતરડામાંથી માંડીને હૃદય સુધી અંગોમાંથી (તારા રોગને દૂર કરું છું.) બે મતસ્નો (= બે પડખે રહેલા આમ્રફળની આકૃતિ જેવા વૃક્કો)માંથી, યકૃત્ (યકન)માંથી અને પ્લાશિ (અન્ય પ્રકારના માંસમાંથી) તારા યક્ષ્મ = રોગને દૂર ખસેડું છું. (૧૦-૧૬૩-૩)

નોંધ : वि वृहामि = उत्क्षिपामि = બહાર ખેંચી કાઢું છું. વેંકટમાધવે મંત્ર ૩થી ૬ ઉપર ભાષ્ય લખ્યું નથી.

उ॒रुभ्यां॑ ते अष्ठी॒वद्भ्यां॒ पार्ष्णिभ्यां॒ प्रप॑दाभ्याम् ।
यक्ष्म॒ श्रोणिभ्यां॒ भास॑दा॒द्भंससो॒ वि वृ॑हामि ते ॥४॥

ऊ॒रुऽभ्या॑म् । ते॒ । अ॒ष्ठी॒वत्ऽभ्याम् । पार्ष्णि॑ऽभ्याम् । प्रऽप॑दाभ्याम् ।
यक्ष्म॑म् । श्रणि॑ऽभ्याम् । भास॑दात् । भंस॑सः । वि । वृ॒हा॒मि॒ ।
ते॒ ॥४॥

हे रुग्ण ᵛते तव ᵛऊरुभ्याम् ᵛअष्ठीवद्भ्यां जानुभ्यां च यक्ष्मं ᵛवि ᵛवृहामि । तथा ᵛपार्ष्णिभ्यां पादस्यापरभागाभ्यां ᵛप्रपदाभ्यां पादाग्राभ्यां च यक्ष्म वि वृहामि । अपि च ᵛश्रोणिभ्यां जघनाभ्यां च यक्ष्मं वि वृहामि । तथा ᵛभासदात् । भसत् कटिप्रदेशः । तत्संबन्धात् ᵛभंससः भासमानात् पायोः ᵛते तव यक्ष्मं वि वृहामि ॥

અનુવાદ (306) : (હે રોગી !) તારી બે સાથળમાંથી, બે ઘૂંટણોમાંથી, (પગના) બે પડખામાંથી અને પગના અગ્રભાગમાંથી (રોગને દૂર કરું છું.); બે નિતંબોમાંથી, કટિ પ્રદેશમાંથી અને પ્રકાશમાન ભંસસ્ (પાયુ-ગુદા)માંથી તારા રોગને બહાર ખેંચી કાઢું છું. (૧૦-૧૬૩-૪)

मेह॑नाद्वनं॒कर॑णा॒ल्लोम॑भ्यस्ते न॒खेभ्यः॑ ।
यक्ष्मं॒ सर्व॑स्मादा॒त्मन॒स्तमि॒दं वि वृ॑हामि ते ॥५॥

मेह॑नात् । व॒न॒म्ऽकर॑णात् । लोम॑ऽभ्यः । ते॒ । न॒खेभ्यः॑ ।
यक्ष्म॑म् । सर्व॑स्मात् । आ॒त्मनः॑ । तम् । इ॒दम् । वि । वृ॒हा॒मि॒ ।
ते॒ ॥५॥

ᵛवनंकरणात् । वनमुदकं शारीरम् । तत्क्रियते विसृज्यते येन तद्वनंकरणम् । तस्मात् ᵛमेहनात् मेढ्रात् ᵛते तव ᵛलोमभ्यः ᵛनखेभ्यः च ᵛयक्ष्मं ᵛवि ᵛवृहामि । किं बहुना । ᵛइदम् इदानीं ᵛतं यक्ष्मं ᵛसर्वस्मादात्मनः कृत्स्नादेव ᵛते तव शरीरात् वि वृहामि ॥

અનુવાદ (307) : મેહન (= મેઢ્ર-પુરુષની જનનેન્દ્રિય)માંથી, શરીરમાંના જળમાંથી, વાળમાંથી, નખમાંથી અને તારા આખા આત્મા = શરીરમાંથી આ રોગને દૂર કરી દઉં છું. (૧૦-૧૬૩-૫)

अङ्गा॑दङ्गा॒ल्लोम्नो॑ लोम्नो जा॒तं पर्व॑णिपर्वणि ।
यक्ष्मं॒ सर्व॑स्मादा॒त्मन॒स्तमि॒दं वि वृ॑हामि ते ॥६॥

अङ्गा॑त्ऽअङ्गात् । लोम्नः॑ऽलोम्नः । जा॒तम् । पर्व॑णिऽपर्वणि ।
यक्ष्म॑म् । सर्व॑स्मात् । आ॒त्मनः॑ । तम् । इ॒दम् । वि । वृ॒हा॒मि॒ ।
ते॒ ॥६॥

ᵛअङ्गादङ्गात् सर्वेभ्योऽङ्गेभ्यः ᵛलोम्नोलोम्नः सर्वेभ्यो लोमभ्यश्च ᵛपर्वणिपर्वणि अवयावानां संधौ ᵛजातम् उत्पन्नं ᵛयक्ष्मं ᵛवि ᵛवृहामि । अन्यद् गतम् ॥ ॥२१॥

અનુવાદ (308) : (હે રોગી) તારા અંગે અંગમાંથી, રુંવાટે રુંવાટામાંથી સાંધે સાંધામાંથી જન્મેલા એવા તારા આખા શરીરમાંના રોગને હું બહાર ખેંચી કાઢું છું.
(૧૦-૧૬૩-૬)

10.164 [1 to 5]

દુઃસ્વપ્નનાશન સૂક્ત

‘अपेहि’ इति पञ्चर्चं त्रयोदशं सूक्तमाङ्गिरसस्य प्रचेतस आर्षम् । तृतीया त्रिष्टुप् पञ्चमी पङ्क्तिः । दुःस्वप्ननाशनं देवता । तथा चानुक्रान्तम् - ‘एपेहि पञ्च प्रचेता दुःस्वप्नघ्नं पङ्क्त्यन्तं त्रिष्टुम्मध्यम्’ इति । लैङ्गिको विनियोगः ॥

આંગિરસ પ્રચેતા ઋષિના દર્શન રૂપ આ સૂક્તની દેવતા ‘દુઃસ્વપ્નનાશન’ છે, અર્થાત્ આ સૂક્તનો પાઠ કરવાથી આપણે જોયેલા દુઃસ્વપ્નનો નાશ થાય છે. [આ પ્રકારનું એક સૂક્ત અથર્વવેદ (૬-૪૫-૩)માં આવેલું છે, તે જોવું] અહીં પહેલા બે મન્ત્રના ચોથા પાદમાં એક મહત્ત્વની વાત કરી છે : જીવતા માણસનું મન ઘણી રીતે અને ઘણા વિષયોમાં (ફરતું) હોય છે ! આથી એ મન જો દુઃસ્વપ્નનું ભોગ બને તો માણસ દુઃખી થઈ જ જવાનો. આપણે જીવતા હોઈએ ત્યાં સુધી અનન્ત ઇચ્છાઓ મનમાં જાગ્યા કરતી હોય છે. આથી વિવસ્વાન્‌ના પુત્ર યમની કલ્યાણકારી આંખ (કૃપાદૃષ્ટિ)ની પહેલી જરૂર છે એમ બીજા મન્ત્રમાં કહ્યું ત્યાર પછી અગ્નિને વિનંતિ કરી છે કે જાગતાં કે સ્વપ્નમાં જે દુષ્કૃતો જોયાં હોય તે અમારી પાસેથી દૂર ખસેડી દે. ઇન્દ્ર પાપમાંથી બચાવી લે; અને દુઃસ્વપ્નરૂપી પાપ અમારા દ્વેષીઓને મળે; અમે જીતીએ, ભોગવીએ અને પાપરહિત થઈને ફરીએ એવી પ્રાર્થના સાથે સૂક્ત પૂરું થાય છે.

ऋषि : આંગિરસ પ્રચેતસ્, દેવતા : દુઃસ્વપ્નનાશન અને છન્દઃ ૧,૨,૪ અનુષ્ટુપ્,
૩ ત્રિષ્ટુપ્, ૫માં પંક્તિ

अपे॑हि मनसस्प॒तेऽप॑ क्राम प॒रश्च॑र ।
प॒रो निर्ऋ॑त्या॒ आ चक्ष्व बहुधा जीव॑तो॒ मनः॑ ॥१॥

अप॑ । इ॒हि॒ । म॒न॒सः॒ । प॒ते॒ । अप॑ । क्रा॒म॒ । प॒रः॒ । च॒र॒ ।
प॒रः । निःऽऋ॑त्यै । आ । च॒क्ष्व॒ । ब॒हु॒धा । जीव॑तः । मनः॑ ॥१॥

हे ᵛमनसस्पते स्वप्नावस्थस्य मनसः स्वामिन् दुःस्वप्नाधिदेव ᵛअपेहि अपगच्छ । स्वप्नावस्थावतो मत्तो निर्गच्छ । निर्गत्य च ᵛअप ᵛक्राम । देशान्तरं गन्तुं पादौ विक्षिप । दूरदेशं गच्छेत्यर्थः । अपक्रम्य च ᵛपरः परस्ताद्विप्रकृष्टे देशे ᵛचर यथेच्छं वर्तस्व । अपि च ᵛनिर्ऋत्यै पापदेवतायै ᵛपरः परस्ताद्वर्तमानायै ᵛआ ᵛचक्ष्व । वयं न बाधनीया इति प्रब्रूहि । ᵛजीवतः मम ᵛमनः ᵛबहुधा बहुप्रकारं भवति । भोक्तव्येषु बहुषु विषयेषूत्सुकं सत् वर्तते । अतस्ताद्विनाशकं दुःस्वप्नदर्शनं नश्यत्वित्यर्थः ॥

અનુવાદ (309) : હે મનના પતિ ! તમે દૂર ખસો. (હે દુઃસ્વપ્નના અધિદેવ !) તમે દૂર ચાલવા માંડો, દૂરના દેશમાં ફરો. (તમારી) પાછળ રહેલી નિર્ઋતિ = પાપદેવતાને (તમે) કહો, (કે તે અમારો બાધ ન કરે). જીવતા એવા (મારું) મન તો બહુ પ્રકારનું (ના વિષયોમાં રહેલું) છે. (૧૦-૧૬૪-૧)

નોંધ : આ મન્ત્રમાં પ્રચેતા ઋષિ દુઃસ્વપ્નનો નાશ કરનાર દેવતાને વિનંતિ કરે છે કે તમે દૂર ચાલ્યા જાવ, હજી મારા મનમાં તો ઘણા ભોગ ભોગવવાની ઇચ્છા છે. અહીં **मनसस्पते**થી ‘સ્વપ્નવસ્થાવાળા મનના સ્વામી’ને અર્થાત્ દુઃસ્વપ્નના અધિદેવને સંબોધવામાં આવ્યા છે.

भ॒द्रं वै वरं॑ वृणते भ॒द्रं युञ्जन्ति॒ दक्षि॑णम् ।
भ॒द्रं वैवस्व॒ते चक्षु॑र्बहु॒त्रा जीव॑तो॒ मनः॑ ॥२॥

भ॒द्रम् । वै । वर॑म् । वृ॒ण॒ते॒ । भ॒द्रम् । यु॒ञ्ज॒न्ति॒ । दक्षि॑णम् ।
भ॒द्रम् । वै॒व॒स्व॒ते । चक्षुः॑ । ब॒हुऽत्रा । जीव॑तः । मनः॑ ॥२॥

vभद्रं vवै शोभनमेव vवरं वरणीयं दुःस्वप्नविनाशरूपं vवृणते सर्वे जनः प्रार्थयन्ते । vदक्षिणं प्रवृद्धं vभद्रं शोभनं तत्फलं vयुञ्जन्ति प्राप्नुवन्ति च । वैवस्वते विवस्वतः पुत्रो यमे विषये vभद्रं शोमनमेव vचक्षुः दर्शनमहं प्रार्थये । दुःस्वप्नाधिदेवो vवैवस्वतोऽस्मान्मा बाधताम् । भद्रमेव दर्शनमिह लोकेऽवस्थानलक्षणं करोत्वित्यर्थः । vबहुत्रा बहुषु हि विषयेषु vजीवतः मम vमनः वर्तते ॥

અનુવાદ (310) : (સૌ લોકો દુઃસ્વપ્નનો નાશ થવા રૂપી ફળ છે જેનું એવા) કલ્યાણકારી વરદાનને પસંદ કરે છે (મેળવવા ઇચ્છે છે); દક્ષિણ એવા ભદ્રને (લોકો) જોડે છે (= મેળવે છે). વિવસ્વાન્‌ના પુત્ર અર્થાત્ યમને વિષે (= તરફ) (અમારી) આંખ કલ્યાણકારી હો (અર્થાત્ દુઃસ્વપ્નનો અધિપતિ દેવ અમને વૈવસ્વત યમ તરફથી અભય અપાવે, બાધિત ન કરે); કેમકે, જીવતા (એવા) મારું મન (હજી) ઘણા (વિષયો)માં (ફરી રહ્યું છે). (૧૦-૧૬૪-૨)

यदा॒शसा॑ नि॒ःशसा॑भि॒शसो॑पारि॒म जाग्र॑तो॒ यत्स्व॒पन्त॑ः ।
अ॒ग्निर्विश्वा॒न्यप॑ दुष्कृतान्यजु॑ष्टान्या॒रे अ॒स्मद्द॑धातु ॥३॥

यत् । आ॒ऽशसा॑ । नि॒ःऽशसा॑ । अ॒भि॒ऽशसा॑ । उ॒प॒ऽआ॒रि॒म ।
जाग्र॑तः । यत् । स्व॒पन्त॑ः ।
अ॒ग्निः । विश्वा॑नि । अप॑ । दु॒ःऽकृ॒तानि॑ । अजु॑ष्टानि । आ॒रे ।
अ॒स्मत् । द॒धा॒तु ॥३॥

vयत् दुष्कृतम् vआशसा आशंसनेनाभिलाषेण vजाग्रतः जागरणावस्थायां वर्तमाना वयम् vउपारिम उपगतवन्तः स्म vयत् च vस्वपन्तः स्वप्नावस्थां प्राप्ता उपगतवन्तः स्म । तथा vनिःशसा निःशसनेन निर्गताभिलाषेण vअभिशसा अभिगताभिलाषेण च कारणेनावस्थाद्वये यद्दुष्कृतमुपागच्छेम । तानि vविश्वानि सर्वाणि vअजुष्टानि असेव्यान्यप्रियाणि वा vदुष्कृतानि दुष्कर्माणि vअग्निः vअस्मत् vआरे अस्मत्तो दूरदेशे vअप vदधातु अपकृष्य स्थापयतु ॥

અનુવાદ (311) : (અમે) અભિલાષાપૂર્વક, નિરભિલાષાપૂર્વક કે ભારે અભિલાષાપૂર્વક જે (દુષ્કૃત)ને [મેળવીએ]; તથા જાગતાં કે સ્વપ્નાવસ્થામાં જે (દુષ્કૃત)ને મેળવીએ તે સઘળાં દુષ્કૃત્યોને અગ્નિદેવ ભોગવ્યા વિના જ અમારાથી ઘણે દૂર મોકલી છે. (૧૦-૧૬૪-૩)

નોંધ : આ મન્ત્રમાં **यत्**ની પાછળ **दुष्कृतम्** એવા પદનો અધ્યાહાર લેવાનો છે. **आशसा** = આશંસનથી-અભિલાષાપૂર્વક, **निःशसा** = નિશ્શંસનથી = નિર્ગત અભિલાષાપૂર્વક, **अभिशसा** = અભિશંસનથી = ખૂબ અભિલાષાપૂર્વક, **स्वपन्तः (वयम्)** સૂતાં કે સ્વપ્નાવસ્થામાં રહેલા (અમે), **उपारिम** = મેળવીએ તેને અગ્નિ દૂર ધકેલી દે. ઉત્તરાર્દ્ધનો અન્વય આમ છે : **अग्नि विश्वानि दुष्कृतानि अजुष्टानि अस्मत् आरे अप दधातु** ॥ અહીં વેંકટ માધવે **अजुष्टानि**નો અર્થ 'અપ્રિય' કર્યો છે : 'અગ્નિદેવ સઘળાં અપ્રિય દુષ્કૃતોને અમારાથી દૂરના પ્રદેશમાં મોકલી દે.'

यदि॑न्द्र ब्रह्मणस्पतेऽभिद्रो॒हं॑ चरा॑मसि । प्रचे॑ता न
आङ्गि॒र॒सो द्वि॒षतां पा॒त्वंह॑सः ॥४॥

यत् । इ॒न्द्र॒ । ब्र॒ह्म॒ण॒ः । प॒ते॒ । अ॒भि॒ऽद्रो॒हम् । चरा॑मसि ।
प्रऽचे॑ताः । न॒ः । आ॒ङ्गि॒र॒सः । द्वि॒ष॒ताम् । पा॒तु॒ । अंह॑सः ॥४॥

हे ᵛइन्द्र हे ᵛब्रह्मणस्पते युवयोविषये ᵛयत् ᵛअभिद्रोहम् अभितो द्रोहकं पापं दुःस्वप्नकारणं ᵛचरामसि आचरामः कुर्मः तस्मादभिद्रोहादस्मात् रक्षतमिति शेषः । अपि च ᵛआङ्गिरस अङ्गिरोभिः स्तोतृभिः सबान्धवः प्रचेताः प्रकृष्टज्ञानो वरुणश्च ᵛद्विषतां द्वेष्टृणाम् ᵛअहसः त्कर्तृकादस्मद्विषयात्पापात् ᵛनः अस्मान् ᵛपातु रक्षतु । यद्वा । विभक्तिव्यत्ययः । आङ्गिरसमङ्गिरोगोत्रं प्रचेतसमृषिं नः । वचनव्यत्ययः । मां द्विषतामंहसः पातु । प्रकृतत्वादिन्द्र इति गम्यते ॥

અનુવાદ (312) : હે ઇન્દ્ર ! હે બ્રાહ્મણસ્પતિ ! અમે (તમારા બે) પ્રત્યે જે દ્રોહ (કારી પાપ) આચરીએ છીએ [તે અભિદ્રોહમાંથી તું અમને બચાવજે]. આંગિરસ (= અંગિરસ્ નામના સ્તોતાઓની સાથે, અર્થાત્ બાન્ધવ સહિતના) પ્રચેતા = પ્રકૃષ્ટજ્ઞાનવાળા (વરુણદેવ) દ્વેષકારીઓના પાપમાંથી (**द्विषताम् अंहसः**), (અમને) બચાવે.
(૧૦-૧૬૪-૪)

નોંધ : વેંકટના મતે આનો અનુવાદ આમ થશે : 'હે ઇન્દ્ર ! હે કર્મોના પતિ ! અમે જે અભિદ્રોહ આચરીએ છીએ; તો પણ અંગિરસોનો પ્રચેતા = પ્રકૃષ્ટ જ્ઞાનવાળો અગ્નિદેવ અમને દ્વેષકારીઓના અંહસ્ = આયુધથી બચાવે.''

अजैष्मा॒द्यास॑नाम॒ चाभू॒माना॑गसो व॒यम् ।
जा॒ग्र॒त्स्वप्नः सं॑क॒ल्पः पा॒पो यं द्वि॒ष्मस्तं स ऋ॑च्छतु॒ यो
नो॒ द्वेष्टि॒ तमृ॑च्छतु ॥५॥

अजै॑ष्म । अ॒द्य । अस॑नाम । च॒ । अभू॑म । अना॑गसः । वय॑म् ।
जा॒ग्र॒त्ऽस्व॒प्नः । स॒म्ऽक॒ल्पः । पा॒पः । यम् । द्वि॒ष्मः । तम् ।
सः । ऋ॒च्छ॒तु । यः । न॒ः । द्वेष्टि॑ । तम् । ऋ॒च्छ॒तु ॥५॥

ᵛअद्य अस्मिन् काले ᵛअजैष्म । जेतव्यानि सर्वाणि जितवन्तोऽभूम दुःस्वप्नस्य नष्टत्वात् । तदनन्तरम् ᵛअसनाम ᵛच संभक्तव्यानि च समभजाम । तथा ᵛवयम् ᵛअनागसः अनपराधाश्च ᵛअभूम । जाग्रत्स्वप्नावस्थयोः संबन्धी ᵛपापः पापफलरूपः ᵛसः ᵛसंकल्पः दुःस्वप्नाध्यवसायः ᵛयं शत्रुं वयं द्विष्मः ᵛतम् ᵛऋच्छतु प्राप्नोतु । ᵛयः च ᵛनः अस्मान् ᵛद्वेष्टि ᵛतमृच्छतु प्राप्नोतु ॥ ॥२२॥

અનુવાદ (313) : (દુ:સ્વપ્ન નષ્ટ થઈ ગયું હોવાથી) અમે (જીતવા યોગ્ય બધું) જીતી લીધું છે, અને સારી રીતે ભોગવી લીધું છે. તથા અમે અપરાધ વિનાના (પાપ વિનાના) થયા છીએ. (અમારો) જાગ્રત કે સ્વપ્નાવસ્થામાંનો જે પાપ રૂપ સંકલ્પ (= સ્વપ્નદર્શન) [હોય] તે, (અમે) જેનો દ્વેષ કરીએ છીએ તેના તરફ (**तं ऋच्छतु**) જાય; અને વળી જે અમારો દ્વેષ કરતો હોય તેના તરફ જાય.

(૧૦-૧૬૪-૫)

નોંધ : **वयम् यं द्विष्मः** - અમે જેનો દ્વેષ કરીએ છીએ, **यो नः द्वेष्टि** - જે વ્યક્તિ અમારો દ્વેષ કરે છે, **तं सः ऋच्छतु** - તેના તરફ તે (પાપ = સ્વપ્ન) જાય. વેંકટે **संकल्पः पापः**ને એ જ ક્રમમાં રાખીને 'સંકલ્પ = સ્વપ્ન રૂપ પાપ' એમ અર્થ લીધો છે.

10.170 (1 to 4)

સૂર્યસૂક્ત

'विभ्राट्' इति चतुर्ऋचमेकोनविंशं सूक्तं सूर्यपुत्रस्य विभ्राट्संज्ञकस्यार्षं सूर्यदेवत्यम् । आदौ तिस्रो जगत्यः । द्व्यष्टकद्विद्वादशकवत्यास्तारपङ्क्तिश्चतुर्थी । तथा चानुक्रान्तं– 'विभ्राड्विभ्राट् सौर्यः सौर्यं जागतमास्तारपङ्क्त्यन्तम्' इति । विषुवति निष्केवल्य आद्यस्तृचः स्तोत्रियः । सूत्रितं च–'विभ्राड्बृहत्पिबतु सोम्यं मधु नमो मित्रस्य वरुणस्य चक्षस इति स्तोत्रियानुरूपौ' (आश्व.श्रौ. ८.६) इति । वाजपेयेऽतिरिक्तोक्थस्य विभ्राडित्येषा शस्त्रै याज्या । सूत्र्यते हि–विभ्राड्बृहत्पिबतु सोम्यं मध्विति याज्या तस्य गवां शतानाम्' (आश्व. ९.९) इति ॥

સૂર્યપુત્ર વિભ્રાટ્ ઋષિએ જોયેલા આ સૂક્તમાં સૂર્યની સ્તુતિ કરવામાં આવી છે.

નાનું પણ સૂર્યનો સર્વાંગીણ મહિમા ગાનારું આ સૂક્ત બહુ રોચક છે. આમાંનો પ્રથમ મન્ત્ર યજુર્વેદમાં અને 'રુદ્રાષ્ટાધ્યાયી'માં પણ સૂર્ય સ્તુતિ માટે લેવાયો છે. સૂર્ય બ્રહ્માણ્ડમાં પ્રકાશ ફેલાવનારો, અન્ધકારનો નાશ કરનાર વૃષ્ટિ આપનાર, અને પ્રજાનું પોષણ કરનારો તો અહીં કહેવાયો જ છે. પણ સાથે સાથે તે ઇન્દ્રના જેવાં કર્મો કરનાર-**अमित्रहा, वृत्रहा, दस्युहन्ता,** વગેરે પણ કહેવાયો છે. વળી એના ઉત્તર, શ્રેષ્ઠ, વિશ્વજિત્ અને બૃહત્ એવા જ્યોતિને 'જ્યોતિઓના જ્યોતિ' તરીકે પણ યથાર્થ રીતે વર્ણવાયું છે.

ઋષિ : સૌર વિભ્રાટ, દેવતા : સૂર્ય, છન્દ : ૧,૨,૩માં જગતી, ૪થામાં આસ્તાર પંક્તિ.

वि॒भ्राड् बृ॒हत्पि॑बतु सो॒म्यं मध्वायु॒र्दध॑द्य॒ज्ञप॑ता॒ववि॑ह्रुतम् ।
वात॑जूतो॒ यो अ॑भि॒रक्ष॑ति॒ त्मना॑ प्र॒जाः पु॑पोष पुरु॒धा
वि रा॑जति ॥१॥

वि॒ऽभ्राट् । बृ॒हत् । पि॒ब॒तु । सो॒म्य॑म् । मधु॑ । आयुः॑ । दध॑त् ।
यज्ञऽप॑तौ । अवि॑ऽह्रुतम् ।
वात॑ऽजूतः । यः । अ॒भि॒ऽरक्ष॑ति । त्मना॑ । प्र॒ऽजाः । पु॒पो॒ष ।
पु॒रु॒धा । वि । रा॒ज॒ति॒ ॥१॥

ᵛविभ्राट् विभ्राजमानो विशेषेण दीप्यमानः सूर्यः ᵛबृहत महत्त परिवृढं ᵛसोम्यं सोममयं मधु ᵛपिबतु । किं कुर्वन् । ᵛयज्ञपतौ यजमाने ᵛअविह्रुतम् अकुटिलम् ᵛआयुः ᵛदधत् कुर्वन् । ᵛयः सूर्यः ᵛवातजूतः वातेन महावायुना प्रेर्यमाणः सन् ᵛत्मना आत्मना स्वयमेव ᵛअभिरक्षिति सर्वं जगदभिपश्यन् पालयति । राशिचक्रस्य वायुप्रेर्यत्वात् सूर्यस्यापि तत्प्रेर्यत्वम् । स सूर्यः ᵛप्रजाः ᵛपुपोषा वृष्ट्यादिप्रदानेन पोषयति ᵛपुरुधा बहुधा ᵛवि ᵛराजति विशेषेण दीप्यते च ॥

અનુવાદ (314) : વિભ્રાટ્ =વિશેષ પ્રકારે પ્રકાશતો (સૂર્યદેવ) યજ્ઞપતિ = યજમાનને વિષે કુટિલ નહીં તેવા અર્થાત્ સીધા **(अविह्रुतम्)** આયુષ્‌ને આપતો, મોટા સોમયુક્ત મધુને પીવે. પવનથી પ્રેરાતો (હડસેલાતો) જે (સૂર્ય) જગતનું પોતાની મેળે જ ચારે તરફથી રક્ષણ કરે છે; તથા પ્રજાનું (વૃષ્ટિપ્રદાન કરીને) પોષણ કરે છે અને અનેક પ્રકારે વિશેષ રૂપે ચમકે છે. (૧૦-૧૭૦-૧)

નોંધ : સાયણ કહે છે કે નભોમંડળમાં ફરતો વાયુ સમગ્ર રાશિચક્રને (ગ્રહ-નક્ષત્રાદિને) અહીંથી તહીં ઘુમાવે છે, હડસેલે છે, ફેરવે છે તેથી સૂર્યને પણ **वातजुतः** = વાયુથી પ્રેરાતો' એમ કહ્યું છે. વેંકટે **अविह्रुतम्**નો અર્થ 'અખંડિત (આયુષ્)' એવો કર્યો છે.

वि॒भ्राड् बृ॒हत्सुभृ॑तं वाज॒सात॑मं॒ धर्म॑न् दि॒वो ध॒रुणे॑
स॒त्यमर्पि॑तम् ।
अ॒मि॒त्र॒हा वृ॑त्र॒हा द॑स्यु॒हंत॑मं॒ ज्योति॑र्जज्ञे असुर॒हा
स॑पत्न॒हा ॥२॥

वि॒ऽभ्राट् । बृ॒हत् । सुऽभृ॑तम् । वा॒ज॒ऽसात॑मम् । धर्म॑न् । दि॒वः ।
ध॒रुणे॑ । स॒त्यम् । आर्पि॑तम् ।
अ॒मि॒त्र॒ऽहा । वृ॒त्र॒ऽहा । द॒स्यु॒हम्ऽत॑मम् । ज्योति॑ः । ज॒ज्ञे॒ ।
अ॒सु॒र॒ऽहा । स॒प॒त्न॒ऽहा ॥२॥

ᵛविभ्राट् विभ्राजमानं ᵛबृहत् प्रौढं ᵛसुभृतं सुपुष्टं ᵛवाजसातमं ᵛवाजस्यान्नस्य बलस्य वा दातृत्मं धर्मन् धर्मणि वायुना धारयितव्ये ᵛदिवः द्युलोकस्य ᵛधरुणे धारके सूर्यमण्डले ᵛअर्पितं निक्षिप्तं ᵛसत्यम् अविनश्वरम् ᵛअमित्रहा अमित्राणामप्रियाणां हन्तृ ᵛवृत्रहा वृत्राणामावृण्वतां हन्तृ ᵛदस्युहंयितमं दस्यूनामुपक्षपयितॄणां हन्तृतमम् ᵛअसुरहा असुराणां क्षेप्तॄणां घातकं ᵛसपत्नहा सपत्नानां सहजशत्रूणामपि घातकमीदृग्भूतं ᵛज्योतिः सौरं तेजः ᵛजज्ञे प्रादुर्भवति ॥

અનુવાદ (315) : ચમકતું, વિશાળ, સારી રીતે પુષ્ટ થયેલું, અન્નને/બળને આપનારું, (વાયુથી) ધારણ કરવા યોગ્ય, દ્યુલોકના ધારક–(એવા સૂર્યમંડળ)માં અર્પેલું (ખોસેલું) સત્ય=અવિનાશી એવું, શત્રુઓને હણનારું, વૃત્રો (આવરણ રૂપે ફેલાઈ જનારા અન્ધકાર)ને હણનારું. દસ્યુઓને પૂરેપૂરા મારી નાખનારું, અસુરોનો = ફેંકનારાઓનો ઘાત કરનારું અને સપત્નો = સહજ શત્રુઓને હણી કાઢનારું એવું (સૂર્યનું) જ્યોતિ (= તેજકિરણ) (**जज्ञे** =) પ્રદુર્ભાવ પામે છે. (૧૦-૧૭૦-૨)

નોંધ : આ મન્ત્રમાં **(सूर्यस्य) ज्योतिः जज्ञे = प्रादुर्भवति** । એ સાદું વાક્ય છે અને **विभ्राट्, बृहत्, सुभृतं** વગેરે નપું. પ્ર.વિ. એ.વ.માં રહેલા પદો તે **ज्योतिः**નાં વિશેષણો છે.

इ॒दं श्रेष्ठं॒ ज्योति॑षां॒ ज्योति॑रुत्त॒मं वि॒श्व॒जिद्ध॑न॒जिदु॑च्यते बृ॒हत् ।
वि॒श्व॒भ्राड् भ्रा॒जो म॒हि सूर्यो॑ दृ॒श उ॒रु प॑प्र॒थे सह॒ ओजो॒ अच्यु॑तम् ॥३॥

इ॒दम् श्रेष्ठ॑म् । ज्योति॑षाम् । ज्योति॑ः । उ॒त्ऽत॒मम् ।
वि॒श्व॒ऽजित् । ध॒न॒ऽजित् । उ॒च्य॒ते॑ । बृ॒हत् ।
वि॒श्व॒ऽभ्राट् । भ्रा॒जः॑ म॒हि॑ । सूर्यः॑ । दृ॒शे । उ॒रु । प॒प्र॒थे॒ ।
सहः॑ । ओजः॑ । अच्यु॑तम् ॥३॥

ᵛइदं सौरं तेजः ᵛश्रेष्ठं प्रशस्यतमं ᵛज्योतिषाम् अन्येषां ग्रहनक्षत्रादीनामपि ᵛज्योतिः प्रकाशकमत एव ᵛउत्तमम् उत्कृष्टं विश्वजित् विश्वस्य सर्वस्य जेतृ ᵛधनजित् धनस्य च जेतृ ᵛबृहत् प्रभूतम् ᵛउच्यते । एवंगुणविशिष्टमिति सर्वैरभिधीयते । अपि च ᵛविश्वभ्राट् विश्वस्य प्रकाशयिता ᵛभ्राजः भ्राजमानः ᵛमहि महान् ᵛसूर्यः ᵛदृशे दर्शनाय ᵛउरु विस्तीर्णं ᵛसहः तमसोऽभिभवितृ ᵛअच्युतं च्युतिरहितमविनाशम् ᵛओजः तेजोरूपं बलं ᵛपप्रथे विस्तारयति ॥

અનુવાદ (316) : આ (સૌર = સૂર્યના તેજ)ને શ્રેષ્ઠ, જ્યોતિઓનું જ્યોતિ (= અન્ય ગ્રહનક્ષત્રાદિને પ્રકાશ આપનારું), ઉત્તમ, વિશ્વને જિતનારું, ધનને જિતનારું અને વિશાળ કહેવામાં (**उच्यते**) આવે છે. વિશ્વને પ્રકાશ આપનારો, (સ્વયં) ભ્રાજમાન, મહાન્ એવો આ સૂર્ય (લોકને) જોવા માટે (**दृशे** = લોકો સૂર્યના પ્રકાશથી બધું જોઈ શકે એટલા માટે) વિસ્તૃત એવા અને (અન્ધકારને) હરાવી દેનાર (**सहः**), અવિનાશી ઓજસ્ = તેજને ફેલાવે છે. (**पप्रथे**). (૧૦-૧૭૦-૩)

નોંધ : **दृशे - द्रष्टुं = दर्शयितुं = दर्शनाय** વૈદિક હેત્વર્થ કૃદન્ત.

वि॒भ्राज॒ञ्ज्योति॑षा॒ स्व१॒रग॑च्छो रोच॒नं दि॒वः ।
येने॒मा विश्वा॒ भुव॑ना॒न्याभृ॑ता वि॒श्वक॑र्मणा वि॒श्वदे॑व्यावता ॥४॥

वि॒ऽभ्राज॑न् । ज्योति॑षा । स्वः॑ । अग॑च्छः । रो॒च॒नम् । दि॒वः ।
येन॑ । इ॒मा । विश्वा॑ । भुव॑नानि । आऽभृ॑ता । वि॒श्वक॑र्मणा ।
वि॒श्वदे॑व्यऽवता ॥४॥

हे सूर्य ^{v}ज्योतिषा तेजसा ^{v}स्वः सर्वं जगत् ^{v}विभ्राजन् विभ्राजयन् ^{v}दिवः सवन्धि ^{v}रोचनं रोचमानं स्थानम् ^{v}अगच्छः प्राप्नोः । ^{v}विश्वकर्मणा सर्वव्यापारहेतुना ^{v}विश्वदेव्यावता । विश्वेषां देवानां हितो यागादिर्विश्वदेव्यः । तद्वता ^{v}येन सौरेण तेजसा ^{v}इमा इमानि परिदृश्यमानानि ^{v}विश्वा सर्वाणि ^{v}भुवनानि उदकानि भौमानि ^{v}आभृता धर्मकाल आभृतानि भवन्ति । यद्वा । सर्वाणि भूतजातान्याभृता समन्ताद्भृतानि पोषितानि भवन्ति । तेन ज्योतिषा इत्यन्वयः ॥ ॥२८॥

અનુવાદ (317) : (હે સૂર્ય !) વિશ્વદેવ્યવાળા, સઘળાં કર્મો કરાવનારા અને આ બધાં ભુવનોને ભરી દેનારા એવા આ (તારા) જે જ્યોતિ = પ્રકાશથી સ્વર્લોકને આખા જગત્‌ને પ્રકાશિત કરતો (**विभ्राजन्**), તું દ્યુલોકના પ્રકાશમાન સ્થાનમાં (**रोचनं**) જાય છે (**अगच्छः**). (૧૦-૧૭૦-૪)

નોંધ : ૧. અન્વય : **येन विश्वदेव्यवता विश्वकर्मणा (इमा विश्वा भुवनानि) आभृता ज्योतिषा स्वः विभ्राजन् (त्वं सूर्यः), दिवः रोचनम् अगच्छः** ॥ ૨. અહીં **अगच्छः = प्राप्नोः** જાય છે = પ્રાપ્ત થાય છે, વ્યાપી વળે છે. 'વિશ્વદેવ્ય' એટલે બધા દેવોનું હિત કરનાર યાગાદિ. સૂર્યનું જ્યોતિ કેવું ? તો એમ કહ્યું છે કે **विश्व भुवनानि आभृता** અર્થાત્ બધાં ભુવનોને જળથી ભરી દેતો. [સૂર્ય પોતાના પ્રકાશથી ઉનાળામાં જળ ચૂસી લે છે, અને પછી વર્ષા ઋતુમાં તેને વરસાવીને જળથી બધું ભરી દે છે.)

૩. **स्वर्→स्वः**માં જાત્ય સ્વતન્ત્ર સ્વરિત છે. અહીં **सु+अर् = स्वः** એમ સન્ધિ થઈ હશે.

૪. આ છેલ્લા મન્ત્રમાં, સાયણ કહે છે કે ૮+૮/૧૨+૧૨=૪૦ અક્ષરવાળો 'આસ્તાર પંક્તિ' નામનો છન્દ પ્રયોજાયો છે, પરંતુ અક્ષર ગણનામાં ૭+૮/૧૧+૧૧=૩૭ અક્ષર છે; તેથી **स्वर**ને બદલે **सुवर**, **भुवनान्वाभृता**ને બદલે **भुवनानियाभृता**, તથા **विश्वदेव्यावता**ને બદલે **विश्वदेवीयावता** એવો 'વ્યૂહ' (અંક્ષરવૃદ્ધિ) કરીને ઉચ્ચારવાથી ૪૦ અક્ષર મળી શકશે.

10.172 (1 to 4)

ઉષા સૂક્ત

'आ याहि' इति चतुर्ऋचमेकविंशं सूक्तमाङ्गिरसस्य संवर्तस्यार्षमुषोदेवताकम् । चतस्रोऽपि विंशतिका द्विपदा विराजः । तथा चानुक्रान्तम्–'आ याहि संवर्त उषस्यं द्वैपदम्' इति । प्रथमे छन्दोभे वैश्वदेवसूक्तात्पूर्वमिदं सूक्तम् । सूत्रितं च–'आ याहि वनसेमा नु कं बभ्रुरेक इति द्विपदासूक्तानि' (आश्व. श्रौ. ८. ७) इति । महाव्रतेऽपि निष्केवल्य

एतत् । तथैव पञ्चमारण्यके सूत्रितम्—'आ याहि वनसा सहेति नव समास्नाताः' (ऐ. आ. ५.२.२) इति ॥

આ સૂક્તમાં આંગિરસ સંવર્ત ઋષિએ ઉષાદેવીની સ્તુતિ કરી છે, આહ્વાન કર્યું છે. પ્રાતઃકાળે આંચળોવાળી ગાયો માર્ગનું સેવન કરે છે. આ ગાયો ઉષાદેવીના વાહન રૂપ છે એમ કહીને કવિએ પોકાર કર્યો છે કે **वनसा सह आ याहि ।** 'પસંદ કરવા યોગ્ય તેજની સાથે તમે અહીં આવો.' વળી, કવિ કહે છે કે અમે ઉષા દેવીને ઉદ્દેશીને યજ્ઞને વિસ્તારીએ છીએ, તેનું યજન કરીએ છીએ. ઉષાની સ્વસૃ = બહેન અર્થાત્ રાત્રિએ જે અન્ધકારને ફેલાવ્યો હતો તેને તે (ઉષા) સવારે દૂર કરી દે છે (અને પ્રકાશને ફેલાવે છે). ઉષા પોતે જન્મતાંની સાથે પ્રકાશના માર્ગને વિસ્તારે છે. ઋગ્વેદમાં અન્યત્ર પણ ઉષાની સ્તુતિઓ છે, અને ત્યાં તેને પુરાતન, શાશ્વત અને નિત્યનૂતન કહીને પ્રશંસી છે.

ઋષિ : આંગિરસ સંવર્ત, દેવતા : ઉષા,
છન્દ : (વીસ અક્ષરવાળો) દ્વિપદા વિરાજ

आ या॑हि॒ वन॑सा स॒ह गाव॑ः सचन्त वर्त॒निं यदूध॑भिः ॥१॥

आ । या॒हि॒ । वन॑सा । स॒ह । गाव॑ः । स॒च॒न्त॒ । व॒र्त॒निम् । यत् । ऊध॑ऽभिः ॥१॥

हे उषः ᵛवनसा वननीयेन तेजसा धनेन वा सार्धम् ᵛआ ᵛयाहि आगच्छ । ᵛगावः उषसो वाहनभूताः ᵛवर्तनिं रथं ᵛसचन्त सेवन्ते । अतस्तेन रथेनायाहीत्यर्थः । ᵛयत् या गावः ᵛऊधभिः उपलक्षिताः प्रभूताः । पीना इत्यर्थः । ता गाव इति संबन्धः ॥

અનુવાદ (318) : (હે ઉષા દેવી !) તમે પસંદ કરવા (**वनसा**) યોગ્ય (તેજ કે ધન)ની સાથે આવી પહોંચો, (કારણ કે) આંચળોથી (**ऊधभिः**) યુક્ત [તમારું વાહન બનનારી] ગાયો માર્ગનું / રથનું સેવન કરે છે. (**सचन्त**). ૧૦-૧૭૨-૧

નોંધ : પ્રાતઃકાળે ચરવા નીકળેલી ગાયો જાણે કે ઉષાને લઈ આવે છે, ઉષાના આગમનમાં ગાયો વાહનરૂપ સાધન બને છે. વેંકટે **वनसा**નો અર્થ 'ધનની સાથે' કર્યો છે.

आ या॑हि॒ वस्व्या॑ धि॒या मंहि॑ष्ठो जार॒यन्मखः सु॒दा॑नुभिः ॥२॥

आ । या॒हि॒ । वस्व्या॑ । धि॒या । मंहि॑ष्ठः । जा॒र॒यत्ऽम॑खः । सु॒दानु॑ऽभिः ॥२॥

हे उषः ᵛवस्व्या प्रशस्तया ᵛधिया अनुग्रहबुद्ध्या कर्मणा स्तुत्या वा सार्धम् ᵛआ ᵛयाहि आगच्छ । स चोषःकालः ᵛसुदानुभिः शोभनदानैर्यातृभिः पुरुषैः ᵛमंहिष्ठ धनानां दातृतमः अत एव ᵛजारयन्मखः समापद्यज्ञश्च भवति ॥

અનુવાદ (319) : (હે ઉષાદેવી !) પ્રશંસનીય (**वस्व्या**) એવી (અનુગ્રહ) બુદ્ધિથી (અથવા કર્મથી કે સ્તુતિથી) તમે અહીં આવો. (આવો ઉષાકાળ) સુંદર દાન આપનારા (પુરુષો) વડે (ધનને) અતિશયપણે અપનાવનારો [બને], તથા યજ્ઞને સમ્પન્ન કરાવનારો [બની રહે]. (૧૦-૧૭૨-૨)

पि॒तु॒भृतो॒ न तन्तु॒मित्सु॒दान॑वः॒ प्रति॑ द॑ध्मो॒ यजा॑मसि ॥३॥

पि॒तु॒ऽभृत॑ः । न । तन्तु॑म् । इत् । सु॒ऽदान॑वः । प्रति॑ । द॒ध्म॒ः । यजा॑मसि ॥३॥

ᵛपितृभृतो ᵛन अन्नस्य भर्तार इव ᵛसुदानवः शोभनदाना वयं ᵛतन्तुमित् तन्तुं विस्तीर्णमेव ᵛप्रति ᵛदध्मः । उषसं प्रत्युपायनरूपेण धारयामः । तेन च यज्ञेन तामुषसं ᵛयजामसि ॥

दशमेऽहनि प्रातरनुवाक उपस्ये क्रतौ 'उषो भद्रेभिः' इत्यस्याः स्थाने 'उषा अप स्वसुः' इत्येषा । सूत्रितं च—'उषा अप स्वसुस्मतम इति पच्छो द्विपदां त्रिरुषस्ये' (आश्व. श्रौ. ८.१२) इति ॥

અનુવાદ (320) : અન્નના સ્વામીઓ (**पितुभृतो न**) જેવા, સુંદર દાન આપનારા (અમે) [ઉષાદેવી પ્રત્યે] તંતુને = યજ્ઞને વિસ્તારીએ છીએ (**प्रति दध्मः**), (અને તે યજ્ઞથી ઉષાને) અમે યજીએ છીએ. (૧૦-૧૭૨-૩)

નોંધ : વેંકટમાધવે આને જુદી રીતે સમજાવ્યો છે : અન્નવાળા (માણસો પ્રાણીઓ) જેમ (પ્રજા) તંતુ (= સન્તતિ)નું સન્ધાન કરે છે તેમ અમે સુંદર દાન આપનારા દૈવ્ય તંતુ (= યજ્ઞ?)ને જોડીએ છીએ (અને એ રીતે તમારું) યજન કરીએ છીએ.

उ॒षा अप॒ स्वसु॒स्तमः॒, सं वर्त॑यति वर्त॒निं सु॒जा॒त॑ता ॥४॥

उ॒षाः । अप॑ । स्वसुः॑ । तम॑ः । सम् । व॒र्त॒य॒ति॒ । व॒र्त॒निम् । सु॒ऽजा॒तता॑ ॥४॥

इयम् ᵛउषाः ᵛस्वसुः भगिन्या रात्रेः संबन्धि ᵛतमः अन्धकारम् ᵛअप ᵛसं वर्तयति । आत्मीयेन तेजसापगमयति । ᵛसुजातता सुजातत्वमात्मनः सुप्रजातत्वं च वर्तनिं रथं प्रापयति ॥३०॥

અનુવાદ (321) : આ ઉષા (પોતાની) બહેન (= રાત્રિ)ના અંધકારને દૂર કરે છે. તથા પોતાના સુંદર જન્મ રૂપી માર્ગને/રથને [પ્રાપ્ત કરાવે છે.] (૧૦-૧૭૨-૨)

નોંધ : વેંકટમાધવે **वर्तनिं सुजातता**નો અર્થ જુદી રીતે કર્યો છે : **वर्तनिं** = **वर्तमानं (तमः)** = રહેલા અંધકારને, સારા (=પ્રકાશતા) જન્મથી = પ્રાદુર્ભાવથી (દૂર કરે છે).

10.177 (1 to 3)

માયાભેદ સૂક્ત

'पतङ्गम्' इति तृचं षड्विंशं सूक्तं प्रजापतिपुत्रस्य पतङ्गस्यार्षम् । आद्या जगती ततस्त्रिष्टुभौ । मायाभेदस्य प्रतिपाद्यत्वात्तद्देवत्यमिदं सूक्तम् । अनुक्रान्तं च—'पतङ्गं तृचं पतङ्गः प्राजापत्यो मायाभेदं जगत्यादि' इति । प्रवर्ग्येऽभिष्टव आद्ये ऋचौ । सूत्रितं च - 'पतङ्गमक्तमसुरस्य मायया यो नः सनुत्यः' (आश्व. श्रौ. ४.६) इति ॥

પ્રજાપતિ પતંગના દર્શન રૂપ આ સૂક્તમાં 'માયાભેદ' વિષયનું પ્રતિપાદન હોવાથી તેની દેવતા પણ 'માયાભેદ' કહેવાઈ છે. અહીં 'માયા'નો અર્થ છે મિથ્યાજ્ઞાન, અધ્યાસજ્ઞાન છે. જે વિપશ્ચિતો = વિદ્વાનો હોય છે તેઓ જ અસુર = પરબ્રહ્મની ત્રિગુણાત્મિકા માયાથી અભિવ્યક્ત થઈ રહેલા પતંગ = સૂર્ય અથવા પરમાત્માને પોતાના હૃદયમાં જોતા હોય છે, જાણતા હોય છે. આ પતંગ = પરમાત્માએ જ વેદત્રયી રૂપ વાણીને ધારણ કરી છે અને કવિઓ એને સાચવી રહ્યા છે એમ બીજા મંત્રમાં કહ્યું છે. છેલ્લા મંત્રમાં ચારેય દિશા અને ચારેય ખૂણાઓમાં પ્રકાશ ફેલાવતા તે સૂર્યને અથવા પરમાત્માને, કવિ કહે છે કે હું જોઉં છું.

ઋષિ : પ્રજાપત્ય પતંગ, દેવતા : માયાભેદ અને છન્દ : ૧લી ઋચામાં જગતી અને
૨જી-૩જીમાં ત્રિષ્ટુપ્

प॒त॒ङ्गम॒क्तमसु॑रस्य मा॒यया॑ हृ॒दा प॑श्यन्ति॒ मन॑सा विप॒श्चित॑ः ।
स॒मु॒द्रे अ॒न्तः क॒वयो॒ वि च॑क्षते॒ मरी॑चीनां प॒दमि॑च्छन्ति
वे॒धस॑ः ॥१॥

प॒त॒ङ्गम् । अ॒क्तम् । असु॑रस्य । मा॒यया॑ । हृ॒दा । प॒श्य॒न्ति॒ ।

मन॑सा । वि॒प॒ःऽचित॑ः ।

स॒मु॒द्रे । अ॒न्तरिति॑ । क॒वय॑ः । वि । च॒क्ष॒ते॒ । मरी॑चीनाम् ।
प॒दम् । इ॒च्छ॒न्ति॒ । वे॒धस॑ः ॥१॥

ᵛअसुरस्य असनकुशलस्य सर्वोपाधिविहीनस्य परब्रह्मणः संबन्धिन्या माय्या त्रिगुणात्मिकया ᵛअक्तं व्यक्तमभिव्यक्तम् । यद्वा । मायेति प्रज्ञानाम। प्रज्ञया संबद्धं सर्वज्ञं ᵛपतङ्गम् । पतति गच्छतीति पतङ्गः सूर्यः । तं ᵛविपश्चितः विद्वांसः ᵛहृदा हृत्स्थेन । तात्स्थ्यात्ताच्छब्द्यम् । हृदि निरुद्धेन ᵛमनसा ᵛपश्यन्ति जानन्ति । ᵛकवयः क्रान्तदर्शिनस्ते ᵛसमुद्रे । समुदद्रवन्त्यस्माद्रश्मय इति समुद्रं सूर्यमण्डलम् । तस्मिन् ᵛअन्तः मध्ये ᵛवि ᵛचक्षते विपश्यन्ति । मण्डलान्तर्वर्तिनं हिरण्यं पुरुषमपि जानन्तीत्यर्थः । य एवं ᵛवेधसः विधातार उक्तप्रकारेण सूर्योपासनस्य कर्तारस्ते ᵛमरीचीनां रश्मीनां ᵛपदं स्थानं सूर्यमण्डलम् ᵛइच्छन्ति अभिलषन्ति । तदुपासनया प्राप्नुवन्तीत्यर्थः । यद्वा । माययाक्तं जीवरूपेणाभिव्यक्तमात्मानं विपश्चितो वेदान्ताभिज्ञा हृत्स्थेनान्तर्मुखेन मनसा पतङ्गम् । पतति व्याप्नोतीति पतङ्गः परमात्मा । तं पश्यन्ति । उपाधिपरित्यागेन जीवात्मनः परमात्मना तादात्म्यं साक्षात्कुर्वन्तीत्यर्थः । अपि च ते कवयः क्रान्तदर्शिनो वेदन्ताभिज्ञाः समुद्रे । समुद्द्रवन्त्यस्माद्भूतानीति समुद्रः परमात्मा । तस्मिन्नधिष्ठानभूतेऽन्तर्मध्ये सर्वं दृश्यजातमध्यस्तत्वेन वि चक्षते विपश्यन्तीति । अतो दृग्व्यतिरिक्तस्य सर्वस्य मिथ्यात्वाद्वेधसो विधातारस्ते मरीचीनां वृत्तिज्ञानानां पदमधिष्ठानभूतं सच्चित्सुखात्मकं यत्परं ब्रह्म तदेवेच्छन्ति । वद्भावप्राप्तिमेव कामयन्ते ॥

वाग्देवत्ये पशौ 'पतङ्गो वाचम्' इति पुरोडाशस्यानुवाक्या । सूत्रितं च- 'यद्वाग्वदन्त्यविचेतनानि पतङ्गो वाचं मनसा बिभर्ति (आश्व. श्रौ. ३.८) इति ॥

અનુવાદ (321) : વિપશ્ચિતો (= વિદ્વાનો) હૃદય વડે (= હૃદયમાં રોકી રાખેલા) મનથી અસુર (= પરબ્રહ્મ)ની [ત્રિગુણાત્મિકા] માયાથી અભિવ્યક્ત (**अक्तम्**) થયેલા પતંગ = સૂર્યને જુવે છે. [અથવા માયા = પ્રજ્ઞાની સાથે જોડાયેલા સર્વજ્ઞ સૂર્યને જુવે છે.[કવિઓ (= ક્રાન્તદર્શીઓ) (સૂર્યમંડલ રૂપ) સમુદ્રમાં અંદર જુવે છે; વેધાઓ = વિધાતાઓ મરીચી = સૂર્યકિરણોના સ્થાનને ઇચ્છે છે.

(૧૦-૧૭૭-૧)

નોંધ : **सम्रुद्र** શબ્દનો આપણે જે રૂઢ અર્થ 'દરિયો' સમજીએ છીએ. એનાથી આગળ વધીને વેદમાં તેના જે યૌગિકાર્થો પ્રચલિત છે તે જાણવા જેવા છે :

(क) समुद् द्रवन्ति अस्माद् (आपः) આમાંથી બહાર (પાણી) દ્રવે છે, ટપકે છે, વરસે છે તે 'સમુદ્ર = (અન્તરિક્ષ). **(ख) सम् उद् द्रवन्ति अस्माद् रश्मयः ।** આમાંથી બહાર કિરણો નીકળે છે' તે સમુદ્ર અર્થાત્ 'સૂર્ય' ! **(ग) सम् उद् द्रवन्ति अस्माद् भूतानि ।** 'આમાંથી બહાર ભૂતો = પ્રાણીઓ નીકળે છે, જન્મે છે' તે સમુદ્ર અર્થાત્ પરમાત્મા ! [આવા યૌગિકાર્થો ધરાવતા 'સમુદ્ર' શબ્દમાંથી આપણો જે રૂઢ 'દરિયો' એવા અર્થમાં તેનો પ્રયોગ થાય છે, ત્યાં પણ આ વ્યુત્પત્તિ = નિવર્ચન કામ લાગી શકે છે. જેમકે, **सम् उद् द्रवन्ति अस्माद् आपः** આમાંથી મોજાં રૂપે જળ બહાર ઉછળે છે તે 'સમુદ્ર' અર્થાત્ દરિયો (અથવા તો **सम् उदको भवति स समुद्रः ।** 'જે પાણીથી ભરેલો છે તે સમુદ્ર')] સાયણે આ બધી શક્યતાને ધ્યાનમાં લઈને આ મન્ત્રનો એક બીજો અર્થ પણ કરી બતાવ્યો છે :

''વિપશ્ચિતો અર્થાત્ વેદાન્તને જાણનારા 'માયાથી અક્ત' અર્થાત્ જીવ રૂપે અભિવ્યક્ત થતાં 'પતંગને' અર્થાત્ પરમાત્માને હૃદયમાં રહેલા મનથી = અન્તર્મુખ બનીને જુવે છે. [**पतति = व्याप्नोति इति पतङ्ग** જે પડે છે = બધે વ્યાપી વળે છે તે 'પતંગ' એ નિર્વચન મુજબ ('સૂર્ય' ઉપરાંત) 'પરમાત્મા' એવો અર્થ પણ લઈ શકાય.] [આ માયા રૂપ ઉપાધિનો પરિત્યાગ કરવાથી જીવાત્માનું પરમાત્માની સાથે તાદાત્મ્ય જોઈ શકાય છે.] વળી, જે કવિઓ = ક્રાન્તદર્શીઓ = વેદાન્તને જાણનારાઓ છે. આ સમુદ્ર = પરમાત્મામાં જ સમગ્ર દશ્ય સૃષ્ટિને અધિષ્ઠિત થયેલ જુવે છે. [આવી માયા દષ્ટિ કાઢી નાખીએ (પરમાત્માને જીવાત્મા રૂપે જોવાનું બંધ કરી દઈએ તો) તો બધું દશ્ય જગત્ મિથ્યા હોવાથી] વિધાતાઓ મરીચિઓના અર્થાત્ 'વૃત્તિ જ્ઞાનના પદને' અર્થાત્ અધિષ્ઠાનભૂત સત્-ચિત્-સુખાત્મ સ્વરૂપ પર બ્રહ્મને જ ઇચ્છે છે (અર્થાત્ બ્રહ્મ રૂપ થવા ચાહે છે).''

આ સૂક્તની દેવતા 'માયાભેદ' ગણાઈ છે. અહીં - સમ્યગ્ દૃષ્ટિ, સમ્યગ્ જ્ઞાન આપીને માયાનું ઉદ્ઘાટન એટલે મિથ્યાજ્ઞાનનો પર્દાફાશ કરવાનો કવિનો પ્રયત્ન છે તે પહેલો મંત્ર જોવાથી જ સ્પષ્ટ થઈ જાય છે.

**प॒त॒ङ्गो वा॒चं मन॑सा बिभर्ति॒ तां ग॑न्ध॒र्वो॑ऽवद॒द्गर्भे॑
अ॒न्तः ।**
**तां द्योत॑मानां स्व॒र्यं॑ मनी॒षामृ॒तस्य॑ प॒दे क॒वयो॒ नि
पा॑न्ति ॥२॥**

**प॒त॒ङ्गः । वाच॑म् । मन॑सा । बि॒भ॒र्ति॒ । ताम् । ग॒न्ध॒र्वः ।
अ॒व॒द॒त् । गर्भे॑ । अ॒न्तरिति॑ ।**

ताम् । द्योत॑मानाम् । स्व॒र्य॑म् । म॒नी॒षाम् । ऋ॒तस्य॑ । प॒दे । क॒वय॑ः । नि । पा॒न्ति॒ ॥२॥

ᵛपतङ्गः सूर्यः ᵛवाचं त्रयोरूपां ᵛमनसा प्रज्ञया ᵛबिभर्ति धारयति । श्रूयते हि—ऋग्भिः पूर्वाह्णे दिवि देव ईयते यजुर्वेदे तिष्ठति मध्ये अह्नः सामवेदेनास्तमये महीयते वेदैरशून्यस्त्रिभिरेति सूर्यः’ (तै. ब्रा. ३.१२.९.१) इति । ᵛताम् एव वाचं ᵛगर्भे शरीरस्य मध्ये वर्तमानः ᵛगन्धर्वः । गाः शब्दान् धारयतीति गन्धर्वः प्राणवायुः । ᵛअन्तः मध्ये ᵛअवदत् वदति प्रेरयति । ‘मारुतस्तूरसि चरन्मन्द्रं जनयति स्वरम्’ (पा. शि. ७) इति स्मरणात् । ᵛद्योतमानां ᵛस्वर्यं स्वर्गमयित्रीं स्वर्गाय हितां वा ᵛमनीषां मनस ईशित्रीं ᵛतां त्रयीरूपां वाचम् ᵛऋतस्य यज्ञस्य सत्यसूतस्य सूर्यस्य वा ᵛपदे स्थाने ᵛकवयः मेधाविन ऋषयः ᵛनि ᵛपान्ति । अध्यापनेन नितरां रक्षन्ति । यद्वा । पतङ्गः सर्वोपाधिशून्यो व्याप्तः परमात्मा । स सृष्ट्यादौ वाचं मनसा बिभर्ति । कानि कानि स्रष्टव्यानीति पर्यालोचनेन मनसा सकलार्थप्रतिपादकं वेदं परामृष्टवानित्यर्थः । स्मर्यते हि — ‘वेदशब्देभ्य एवादौ निर्ममे स महेश्वरः’ इति । गर्भे हिरण्मये ब्रह्माण्डेऽन्तर्वर्तमानो गन्धर्वो हिरण्यगर्भस्तां वाचमवदत् प्रथममुच्चारितवान् । द्योतमानत्वादिगुणविशिष्टां तां वाच कवयः क्रान्तदर्शिनो देवा ऋतस्य सत्यस्य ब्रह्मणः पदे स्थाने नि पान्ति निभृतं रक्षन्ति ॥

प्रवर्ग्येऽभिष्टवे ‘अपश्यं गोपाम्’ इत्येषा । सूत्रितं च—‘अपश्यं गोपामनिपद्यमानं स्रक्वे द्रप्सस्य’ (आश्व. श्रौ. ४.६) इति ॥

અનુવાદ (323) : પતંગ (= સૂર્ય) (વેદત્રયી રૂપ) વાણીને મનથી (પોતાની પ્રજ્ઞાથી) ધારણ કરે છે. ગર્ભની અંદર (અર્થાત્ શરીરમાં રહેલો) ગંધર્વ (= પ્રાણવાયુ) તે (વાણી)ને બોલે છે = પ્રેરે છે. ચમકતી સ્વર્ગમાં લઈ જનારી અને મનની સ્વામિની (= ઈશિત્રી) એવી તે (વાણી)ને ઋતના (અર્થાત્ યજ્ઞના કે સૂર્યના) સ્થાનમાં કવિઓ (= મેધાવી ઋષિઓ) [અધ્યાપન દ્વારા] પૂરેપૂરી રક્ષે છે.

(૧૦-૧૭૭-૨)

નોંધ : (૧) બીજા પાદને સમજાવતાં સાયણે પાણિનીય શિક્ષાનું એક વાક્ય ઉદ્ધૃત કર્યું છે : ‘હૃદયમાં ફરતો વાયુ મન્દ્ર સ્વરને-ધીમા અવાજને-જન્માવે છે’. આને આધારે ઉપર મંત્રમાં કહ્યું છે કે ગંધર્વ અર્થાત્ શરીરમાં રહેલો પ્રાણવાયુ, તે ત્રયીરૂપા વાણીને બોલે છે = **अवदत्** = પ્રેરે છે.

સાયણે એક બીજો અર્થ પણ વિચાર્યો છે : “પતંગ એટલે સર્વોપાધિ રહિતનો પરમાત્મા. આ (પરમાત્મા) સૃષ્ટિના આરંભમાં વાણીને મનથી ધારણ કરે છે.

[અર્થાત્ કોને કોને સર્જવાના છે ?'' એવી વિચારણા કરીને મનથી, સકલ જ્ઞાનના ભંડાર રૂપ વેદ વિષે વિચારણા કરે છે.] ગર્ભમાં અર્થાત્ હિરણ્મય બ્રહ્માંડમાં મધ્ય ભાગે રહેલો, ગન્ધર્વ અર્થાત્ હિરણ્યગર્ભ (= પરમાત્મા) તે (વેદ) વાણીને પ્રથમ ઉચ્ચારે છે. ચમકવું વગેરે ગુણોવાળી તે વેદવાણીને કવિઓ ઋતના = સત્યના = બ્રહ્મના સ્થાનમાં પૂરેપૂરી રક્ષે છે, સાચવે છે.''

(૨) અહીં **स्व॒र्य॑म्** પદમાં 'જાત્ય સ્વતન્ત્ર સ્વરિત' છે; તેની પાછળ ઉદાત્ત સ્વરવાળો અક્ષર નહીં આવેલો હોવાથી તેમાં કંપ જન્મ્યો નથી. (૩) **अन्तर्** અવ્યય પાદાવસાને આવ્યો હોવાથી **खरवसानयोर्विसर्जनीयः** । સૂત્રથી રેફનો વિસર્ગ કરવામાં આવે છે : **अन्तः** । હવે સંહિતામાં જો રેફમાં જન્મેલો વિસર્ગ સંભળાતો હોય તો, તેના પદપાઠમાં **इति॑** કરણ દ્વારા એ અવ્યય મૂળમાં રેફાન્ત છે એમ દર્શાવવા તે રેફનું શ્રવણ પ્રકટ કરવામાં આવે છે. **अ॒न्तरिति॑** ॥

अप॑श्यं गो॒पामनि॑पद्यमान॒मा च॒ परा॑ च प॒थिभि॒श्चर॑न्तम् ।
स स॒ध्रीची॒ः स विषू॑ची॒र्वसा॑न॒ आ व॑रीवर्ति॒ भुव॑नेष्व॒न्तः ॥३॥

अप॑श्यम् । गो॒षाम् । अनि॑ऽपद्यमानम् । आ । च॒ । परा॑ । च । प॒थिऽभि॑ः । चर॑न्तम् ।
सः । स॒ध्रीची॑ः । सः । विषू॑चीः । वसा॑नः । आ । व॒री॒व॒र्ति॒ । भुव॑नेषु । अ॒न्तरिति॑ ॥३॥

व्याख्यातेयमस्यवामीयसूक्ते (ऋ. सं. १.१६४.३१) ᵛगोपां गोपायितारमादित्यम् ᵛअपश्यम् अज्ञासिषम् । एष हि सर्वाणि भूतजातान्युदयास्तमयादिकर्मणा गोपायति । कीदृशम् । ᵛअनिपद्यमानम् उच्चैर्गच्छन्तम् । न ह्यसौ कदाचिन्नीचैः पद्यते । ᵛपथिभिः आकाशमार्गैः पूर्वाह्णे ᵛआ ᵛचरन्तम् अस्मानभिलक्ष्य गच्छन्तं सायंसमये ᵛपरा चरन्तं पराङ्मुखं गच्छन्तम् प्रकारद्वयसमुच्चयार्थौ चशब्दौ । ᵛसः सूर्यः ᵛसध्रीचीः सहञ्चन्तीः ᵛविषूचीः विविधं पृथक्पृथगञ्चन्तीः स्वस्वव्यापराय गच्छन्तीः । प्राच्याद्या महादिशः सध्रीच्यो विषूच्यः कोणदिशः । ᵛवसानः स्वभासाच्छादयन् प्रकाशयन् ᵛभुवनेषु लोकेषु ᵛअन्त मध्ये ᵛआ वरीवर्ति पुनःपुनरुद्यन् अस्तं गच्छंश्चावर्तते । यद्वा । गोपां शरीरस्य गोपायितारमनिपद्यमानमविनाशिनमविपन्नमा च परा चाभिमुखेन च पराङ्मुखेन च पथिभिर्नाडीलक्षणैर्मार्गैश्चरन्त शरीरे वर्तमानं प्राणमपश्यम् अहमदर्शनम् ॥ ॥३५॥

અનુવાદ (324) : (સૌનું) રક્ષણ કરનાર અને (હંમેશા) ઊંચે જનાર (આદિત્ય);

કે જે (આકાશના) માર્ગોથી (સવારે આપણી તરફ) આવતા અને (સાંજે પશ્ચિમ તરફ) પાછળ જતા (આદિત્ય)ને હું જોઉં છું (= જાણું છું). તે (સૂર્ય) સધ્રીચીઓ (= પૂર્વ–પશ્ચિમ–ઉત્તર-દક્ષિણ રૂપ મોટી દિશાઓ) અને વિષૂચી (ઈશાન-નૈર્ઋત્ય-વાયવ્ય-અગ્નિ રૂપ કોણદિશાઓ)ને (પોતાના પ્રકાશથી) આચ્છાદિત કરતો (**वसानः**), ભુવનોની અંદર (ફરી ફરીને ઉદય પામતો અને અસ્ત પામતો) પ્રવર્તી રહ્યો છે.

(૧૦-૧૭૨-૩)

નોંધ : સૂર્યનાં વિશેષણો **गोपाम्** રક્ષણ કરનાર, **अनिपद्यमानम्** - નીચે ક્યારે નહીં જનારો અર્થાત્ હંમેશા ઊંચે જનારો; **पथिभिः आ च परा च चरन्तम्** - આકાશના માર્ગોથી આગળ અને પાછળ ફરનારો (સૂર્ય), **आवरीवर्ति = आवर्तते** - અતિશયપણે ફરી ફરીને આવતો રહેલો, પ્રવર્તતો. (પૌનઃપુન્યાર્થક ત્રી.પુ. એ.વ.નું રૂપ) સૂર્ય અનાદિકાળથી રોજ સવારે ઊગે છે અને સાંજે આથમે છે તેથી તેને ત્રાણે ભુવનોમાં પ્રવર્તતો કહ્યો છે. સધ્રીચી = પૂર્વ વગેરે મુખ્ય દિશાઓ, અને વિષૂચી એટલે નૈઋત્યાદિ ખૂણાઓ, (= ઉપદિશાઓ). તેને સૂર્ય પોતાના પ્રકાશથી **वसानः** = આચ્છાદિત કરી રહે છે.

આ ઋચા અગાઉ 'અસ્યવામીય' સૂક્ત (૧-૧૬૪-૩૧)માં આવી ચૂકી છે. વેંકટમાધવ કહે છે કે આ મન્ત્રમાં માયાથી ઢંકાયેલો દેવ વર્ણવાયો છે. બુદ્ધિશાળીઓએ સૂક્ષ્મેક્ષિકાથી એ દેવને શોધી કાઢવો જોઈએ.

10.190 (1 to 3)

અઘમર્ષણ-સૂક્ત

'ऋतम्' इति तृचमेकोनचत्वारिशं सूक्तं मधुच्छनदसः पुत्रस्याघमर्षण-स्यार्षमानुष्टुभम् । रात्र्यादीनां भावानां सृष्ट्यादिप्रतिपादकत्वात्तादृग्रूप एवार्थो देवता । तथा चानुक्रान्तम् 'ऋतं माधुच्छन्दसोऽघमर्षणो भाववृत्तमानुष्टुभं तु' इति लिङ्गाद्विनियोगोऽवगन्तव्यः ॥

આ સૂક્તનો પરિચય કરાવતાં ડૉ. શ્રી જયદેવભાઈ મો. શુક્લે લખ્યું છે કે-ઋષિવર્ય વિશ્વામિત્રને એકસો એક પુત્ર હતા. એનું વર્ણન ઐતરેય બ્રાહ્મણના શુનઃશેપ આખ્યાનમાં મળે છે. યજ્ઞના બલિ તરીકે સ્થાપિત કરવામાં આવેલા શુનઃશેપને મુક્ત કરીને વિશ્વામિત્રે તેને પોતાનો પુત્ર બનાવ્યો અને તેને જહ્નુઓનું આધિપત્ય અને ગાધીઓનું જ્ઞાન આપ્યાં ત્યારે વિશ્વામિત્રના પહેલા પચાસ પુત્રોને આ ગમ્યું નહિ. શુનઃશેપને ભાઈ તરીકે સ્વકારવાની તેમણે ના પાડી. એકાવનમા પુત્ર મધુચ્છન્દસે તેને સ્વીકાર્યો.

કવિ મધુચ્છન્દસ ઋગ્વેદના જાણીતા અને પ્રતિભાસંપન્ન કવિ છે. ઋગ્વેદના પહેલા મંડળનાં પહેલાં-દસ સૂક્તો અને એક સોમસૂક્ત તેમની રચના છે. ગુલાબી

સ્વભાવવાળા કવિ મધુચ્છન્દસનું નામ પણ એ રીતે પડ્યું હતું. મધુ એટલે આનંદ અને શ્રેય, તેને ઇચ્છનારા અને બીજાને પ્રાપ્ત કરાવનારા તે મધુચ્છન્દસ. ઋગ્વેદની શરૂઆત તેમના કાવ્યથી થાય છે તે તેમનું ગૌરવ પુરવાર કરે છે...

આ મધુચ્છન્દસના પુત્ર તે કવિઋષિ અઘમર્ષણ. તેમનું માત્ર એક સૂક્ત જાણીતું છે. તે સિવાય તેમને વિષે ઋગ્વેદમાંથી કશી વિગતો મળતી નથી.

અઘમર્ષણ શબ્દ ધર્મશાસ્ત્ર, મહાભારત, સ્મૃતિઓ અને યજ્ઞકાર્યના ગ્રન્થોમાં પ્રસિદ્ધ છે. અઘ એટલે આકર્ષણ, અનિષ્ટ, આપત્તિ, પાપ; અને 'મર્ષણ' શબ્દ સંસ્કૃતના **√मृष्** ધાતુ ઉપરથી બન્યો છે, તેનો અર્થ દૂર કરનાર, કાઢી નાખનાર, નાશ કરનાર એવો થઈ શકે. આમ સમગ્ર અઘમર્ષણ શબ્દનો અર્થ આફતને નિવારનાર, પાપને દૂર કરનાર એવો કરી શકાય. તેના ઉપરથી અઘમર્ષણ મન્ત્રો એટલે પાપને કે આપત્તિને દૂર કરનાર મન્ત્રો આર્થાત્ ઋચાઓ એવો અર્થ સમજી શકાય. આવા મન્ત્રોનો ઉચ્ચાર કરવાનો અને તે દ્વારા પાપમાંથી અને આપત્તિમાંથી મુક્ત થવાનો આદેશ-ઉપર કહ્યું તેમ ધર્મશાસ્ત્રના અને કર્મકાંડના ગ્રન્થોમાંથી મળે છે. તે પ્રમાણે નાનાં મોટાં યજ્ઞ કાર્યોમાં, સંસ્કાર વિધિઓમાં અને ગૃહ્યયજ્ઞોમાં બ્રાહ્મણો આ અઘમર્ષણ મન્ત્રોનો પાઠ કરે છે. ઉપનયન સંસ્કારનું મહત્ત્વ સમજનારા બ્રાહ્મણો શ્રાવણની પૂર્ણિમાને દિવસે જે ઉપાકર્મ કરે છે તેના એક ભાગરૂપે આ મન્ત્રોનો પાઠ કરે છે.

પાપનું નિવારણ કરનારા આ મન્ત્રોનો વાસ્તવિક અર્થ આ પ્રમાણે છે એમ જો કોઈ કહે તો તે યોગ્ય નથી, કારણ કે ઋગ્વેદના ૧૦મા મંડળના એકસો નેવુંમા સૂક્તના આ ત્રણ મન્ત્રોનો શબ્દશઃ અર્થ જુદો જ છે. અહીં તો 'અઘમર્ષણ ઋષિએ રચેલા મન્ત્રો એટલે અઘમર્ષણ મન્ત્રો' એટલો જ અર્થ યોગ્ય છે.

આ સૂક્ત અત્યંત સુન્દર કાવ્યસમૂહ છે. કવિની ઉદાત્ત પ્રતિભાનો તે નમૂનો છે. સમગ્ર બ્રહ્માંડની ઉત્પત્તિનું વર્ણન કરતા આ મંત્રોનો પ્રથમ શબ્દાર્થ દ્વારા પરિચય કરીશું : (૧) પ્રજ્વલિત તપમાંથી ઋત અને સત્ય જન્મ્યાં, પછી રાત્રી ઉત્પન્ન થઈ અને ત્યાર બાદ ઘૂઘવતો અર્ણવ (સમુદ્ર) ઉત્પન્ન થયો. (૨) ઘૂઘવતા સાગરમાંથી સંવત્સર અર્થાત્ કાલ ઉત્પન્ન થયો. આ કાલ દિવસ અને રાત્રીનો સ્રષ્ટા છે. અને સર્વ પ્રાણીમાત્રને નિયમનમાં રાખનાર છે. (૩) સર્જકે (પરમાત્માએ) અગાઉની જેમ જ બીજા સૂર્ય ચન્દ્રને ઉત્પન્ન કર્યા; એટલું જ નહિ પણ આકાશ, અંતરિક્ષ અને પૃથ્વીને આનંદપૂર્વક ઉત્પન્ન કર્યાં.

ઉપરની ત્રણ ઋચાઓ અત્યંત ઓછા શબ્દોમાં પરમાત્મા દ્વારા બ્રહ્માંડની ક્રમશઃ ઉત્પત્તિને અને તે ઉત્પત્તિના સાતત્યને વર્ણવે છે. ઉપનિષદો જેને માટે 'પ્રકાશમાન તે પરમાત્માને અનુસરી સર્વ પ્રકાશે છે. તેમના પ્રકાશથી આ સર્વ પ્રકાશમાન બને છે.' **तमेव भान्तमनुभाति सर्वम् । तस्य भासा सर्वमिदं विभाति ।** એવા શબ્દો વાપરે છે, તે પરમ પ્રકાશરૂપ પરમાત્મતત્ત્વ સૃષ્ટિની ઉત્પત્તિ કરે છે. પ્રથમ ઉત્પન્ન

થાય છે બે સત્ય. એક, સમગ્ર બ્રહ્માંડના ચાલનમાં ઓતપ્રોત અને આવશ્યક એવું સત્ય છે. તેને પરમાત્માએ ઉત્પન્ન કરેલું હોઈ બીજું કોઈ તત્ત્વ તેનો વિરોધ કરી શકતું નથી. બીજું સત્ય તે વ્યવહારસત્ય છે. તે પ્રાણી માત્રના જીવનમાં અપ્રતિહત સત્ય રૂપે રહેલું છે. બે સત્યોના પ્રકટ થયા પછી રાત્રી ઉત્પન્ન થઈ. આ રાત્રી એટલે બ્રહ્માંડનું નિહારિકા રૂપ. ત્યાર બાદ અર્ણવ સમુદ્ર ઉત્પન્ન થયો. સામાન્ય રીતે આ શબ્દને ઘૂઘવતો સાગર અથવા ફેનિલ સમુદ્ર એવા અર્થમાં સમજી શકાય. પરંતુ અહીં તેનો આ અર્થ સમજવાનો નથી. અર્ણવ સમુદ્ર એટલે હવામાનનો વિશાળ સાગર. આપણાં પુરાણોએ તેમાં અનેક લોકની કલ્પના કરી છે. અર્વાચીન વિજ્ઞાન આ કલ્પનાને સત્ય ઠેરવવા મથી રહ્યું છે.

અર્ણવ સમુદ્ર પછી સંવત્સર અર્થાત્ કાલ ઉત્પન્ન થયો. આ કાલ સમગ્ર વિશ્વયંત્રનો સૂત્રધાર છે અને તેને આધારે દિવસ અને રાત્રિ અને પ્રાણીમાત્રની ક્રિયાઓનું નિર્માણ થયું છે. ત્યાર બાદ પરમાત્માએ અગાઉ પોતે સૃષ્ટિની ઉત્પત્તિ કરતા હતા તે જ પદ્ધતિથી સૂર્ય અને ચન્દ્રને ઉત્પન્ન કર્યા; દ્યુલોક, પૃથ્વી અને અન્તરિક્ષલોકને પોતાના આનંદના અનુસન્ધાનમાં પ્રકટ કર્યા.

કવિ અઘમર્ષણ આટલેથી અટકી ગયા. શા માટે ન અટકે ? આવાં ભવ્ય તત્ત્વોના વર્ણન પછી દરિયામાં ખસખસના દાણા જેવડી આપણી પૃથ્વીનાં રાગદ્વેષથી ભરેલાં અને સત્તા અને સંપત્તિથી છકી ગયેલાં માનવીઓનું વર્ણન કરવાની શી જરૂર ? ઋષિ અઘમર્ષણ કવિ હતા, ક્રાન્તદર્શી હતા, પ્રાજ્ઞ હતા.

પરમાત્માના નામસ્મરણની ક્ષણો ચિત્તને પ્રસન્ન કરે છે. આ ક્ષણો જેટલી વધારે તેટલી પ્રસન્નતાની માત્રા વધારે. આવા પરમાત્મા તત્ત્વે કરેલા સર્જનનું વર્ણન વાંચતાં અને મનમાં રટતાં ચિત્તની પ્રસન્નતા નિર્ભયતામાં ચોક્કસ ફેરવાઈ જાય. આવી નિર્ભયતા આગળ આપત્તિના અને પાપના ભાર શા ? અઘમર્ષણ કવિના આ મન્ત્રોનો પાપ નિવારણ અર્થે અને આપત્તિમાંથી બચવા માટે પાઠ કરવો એવી મધુર કલ્પના અઘમર્ષણ મન્ત્રોના પાપનિવારક સામર્થ્યની પાછળ રહેલી હોવી જોઈએ. (જુઓ : અખંડાનંદ, ડિસે. '૭૪)

હવે આ સૂક્તના મન્ત્રોનો અનુવાદ જોઈશું :

ઋષિ : મધુચ્છન્દસનો પુત્ર અઘમર્ષણ, દેવતા ભાવવૃત્ત, છન્દ : અનુષ્ટુપ્

ऋ॒तं च॑ स॒त्यं चा॒भी॑द्धा॒त्तप॒सोऽध्य॑जायत ।
ततो॒ रात्र्य॑जायत॒ तत॑ः समु॒द्रो अ॑र्ण॒वः ॥१॥

ऋ॒तं च॑ स॒त्यं चा॒भी॑द्धा॒त्तप॒सोऽध्य॑जायत । ततो॒ रात्र्य॑जायत॒ त॑तः समुद्रो अ॑र्णवः ॥१॥

ऋतमिति सत्यनाम । ऋतं मानसं यथार्थसंकल्पनं सत्यं वाचिकं यथार्थभाषणम् । चकाराभ्यामन्यदपि शास्त्रीयं धर्मजातं समुच्चीयते । तत्सर्वमभीद्धादभितप्ताद्ब्रह्मणा पुरा सृष्ट्यर्थं कृतात्तपसोऽधि । अध्युपर्यर्थे । उपर्यजायत । उदपद्यत । 'तपस्तप्त्वेदं सर्वमसृजत' (तै. आ. ८.६) इति श्रुतेः । तपश्चात्र स्रष्टव्यपर्यालोचनलक्षणम् । 'यस्य ज्ञानमयं तपः' (मु. उ. १.१.९) इति श्रुत्यन्तरात् ॥ अभिपूर्वादिन्धेः कर्मणि निष्ठा । 'श्वीदितो निष्ठायाम्' (पा. सू. ७.२.१४) इतीट्प्रतिषेधः । 'गतिरनन्तरः' इति गतेः प्रकृतिस्वरत्वम् । 'स्वरितो वानुदात्ते पदादौ' इत्येकादेशः स्वर्यते ॥ यद्वा । अभीद्धादभितः प्रकाशमानात् परमात्मनो मायाधिष्ठानरूपादुपादानभूतादृतं सत्यं चाजायत ॥ 'जनिकर्तुः प्रकृतिः' (पा. सू. १.४.३०) इति प्रकृतेरपादानसंज्ञा ॥ ततस्तस्मादेवेश्वराद्रात्री । उपलक्षणमेतदह्नोऽपि । अहश्च रात्रिश्चाजायत ॥ 'रात्रेश्चाजसौ' (पा. सू. ४.१.३१) इति ङीप् । ततस्तस्मादेवेश्वरादर्णवोऽर्णसोदकेन युक्तः समुद्रश्चाजायत । समुद्रशब्दोऽन्तरिक्षोदध्योः साधारण इत्यभिमतार्थस्य प्रकाशनायार्णवशब्देन विशेष्यते । 'अर्णसः सलोपश्च' (का. ५.२.१०९.३) इति मत्वर्थीयो वप्रत्ययः सलोपश्च ॥

અનુવાદ (325) : ચારે તરફ પ્રકાશી રહેલા બ્રહ્મના તપમાંથી ઋત અને સત્ય પ્રકટ્યાં છે, તે (બ્રહ્મ)માંથી રાત્રિ જન્મી છે; તથા તેમાંથી જ સમુદ્ર= અન્તરિક્ષ અને અર્ણવ=દરિયો (ઉત્પન્ન) થયા છે. (૧૦-૧૯૦-૧)

નોંધ : (૧) 'ઋત' એટલે માનસિક યથાર્થ સંકલ્પના અને 'સત્ય' એટલે વાચિક યથાર્થસંભાષણ એવું સાયણ કહે છે.

(૨) આ સૂક્તના ત્રણેય મન્ત્રોનો શાકલ્યે પદપાઠ આપ્યો નથી. (સંહિતા પાઠમાં જે સન્ધિયુક્ત મન્ત્ર લખ્યો છે, તેનો તે જ = સન્ધિ છોડ્યા વિના જ-પદપાઠમાં દર્શાવ્યો છે. આથી પણ ૧૦મું મંડળ અર્વાચીન હોવાનું, તથા તેમાંય આ સૂક્તનો ઘણો પાછળથી (= શાકલ્યે પદપાઠની રચના કર્યા પછીના સમયમાં) પ્રવેશ થયાનું સિદ્ધ થાય છે.

(૩) આ સૂક્તમાં 'ભાવવૃત્ત દેવતા' છે એનો અર્થ એ કે સૃષ્ટિનું = સૃષ્ટિના વિવિધ પદાર્થોની ઉત્પત્તિનું આમાં વર્ણન કરવામાં આવ્યું છે.

(૪) મધુચ્છન્દસ ઋષિના પુત્ર અઘમર્ષણે આ સૂક્તની રચના કરી છે. તેથી કોઈએ એવું ન માની લેવું કે અઘ = પાપ, દુરિતનો નાશ કરવા માટે આ મન્ત્રોનો પાઠ કરવા આની રચના થઈ હશે.

स॒मु॒द्राद॑र्ण॒वाद॑धि संवत्स॒रो अ॑जायत ।
अ॒हो॒रा॒त्राणि॑ वि॒दध॒द्विश्व॑स्य मि॒षतो॑ व॒शी ॥२॥

स॒मु॒द्राद॑र्ण॒वादधि॑ संवत्स॒रो अ॑जायत । अ॒हो॒रा॒त्राणि॑ वि॒दध॒द्विश्व॑स्य मि॒षतो व॒शी ॥२॥

अर्णवात्समुद्रात्सृष्टादध्यूर्ध्वं संवत्सरः संवत्सरोपलक्षितः सर्वः कालोऽजायत । श्रूयते हि-'सर्वे निमेषा जज्ञिरे विद्युतः पुरुषादधि कला मुहूर्ताः काष्ठाश्च' (तै.आ. १०.१.२) इति । स चेश्वरोऽहोरात्राण्येतदुपलक्षितानि सर्वाणि भूतजातानि विदधत् कुर्वन् सृजन् । 'अभ्यस्तानामादिः' इत्याद्युदात्तत्वम् । ततः समासे कृदुत्तरपदप्रकृतिस्वरत्वम् ॥ मिषतो निमिषादियुक्तस्य विश्वस्य सर्वस्य प्राणिजातस्य वशी स्वामी भूत्वा वर्तते ॥

અનુવાદ (326) : અન્તરિક્ષ અને અર્ણવની પણ ઉપર સંવત્સર (રૂપ કાળ) જન્મ્યો. અહોરાત્ર (દિવસ ને રાત્રિ)ને સર્જતો તે (ઈશ્વર) સઘળાં પલકારા (**मिषतः**) મારતાં (પ્રાણી)ઓનો વશી = નિયન્તા = [સ્વામી બનીને રહેલો છે].

(૧૦-૧૯૦-૨)

सू॒र्या॒च॒न्द्र॒मसौ॑ धा॒ता य॑थापू॒र्वम॑कल्पयत् ।
दिवं॑ च पृथि॒वीं चा॒न्तरि॑क्ष॒मथो॒ स्वः॑ ॥३॥

सू॒र्या॒च॒न्द्र॒मसौ॑ धा॒ता य॑थापू॒र्वम॑कल्पयत् । दिवं॑ च पृथि॒वीं चा॒न्तरि॑क्ष॒म॒थो स्वः॑ ॥३॥

सूर्याचन्द्रमसौ कालस्य ध्वजभूतौ दिवं च पृथिवीं चान्तरिक्षं च इत्थं त्रिभुवनं स्वः । स्वःशब्दः सुखवाची । दिवी विशेषणम् । सुखरूपां दिवम् । तदेतत्सर्वं धाता विधाता यथापूर्वं पूर्वस्मिन् कल्पे अकल्पयत् सृष्टवान् तथैवागामिन्यपि कल्पे कल्पयिष्यतीत्यर्थः ॥ ॥४८॥

અનુવાદ (327) : ધાતાએ યથાપૂર્વ (પૂર્વેના કલ્પમાં સર્જ્યાં હતાં તેવાં જ) સૂર્ય અને ચન્દ્રમાને કલ્પ્યાં = સર્જ્યાં. સુખ રૂપ (**स्वः**) દ્યુલોકને, પૃથિવીલોકને અને વળી અન્તરિક્ષ લોકને (પણ ધાતાએ સર્જ્યાં) (૧૦-૧૯૦-૩)

10.191 (1 to 4)

સંજ્ઞાન-સૂક્ત

'संसम्' इति चतुर्ऋचं चत्वारिंशं सूक्तं संवननस्यार्षम् । 'समानो मन्त्रः' इति तृतीया त्रिष्टुप् शिष्टास्तिस्रोऽनुष्टुभः । प्रथमाया

ऋतमिति सत्यनाम । ऋतं मानसं यथार्थसंकल्पनं सत्यं वाचिकं यथार्थभाषणम् । चकाराभ्यामन्यदपि शास्त्रीयं धर्मजातं समुच्चीयते । तत्सर्वमभीद्धादभितप्ताद्ब्रह्मणा पुरा सृष्ट्यर्थं कृतात्तपसोऽधि । अध्युपर्यर्थे । उपर्यजायत । उदपद्यत । 'तपस्तप्त्वेदं सर्वमसृजत' (तै. आ. ८.६) इति श्रुतेः । तपश्चात्र स्रष्टव्यपर्यालोचनलक्षणम् । 'यस्य ज्ञानमयं तपः' (मु. उ. १.१.९) इति श्रुत्यन्तरात् ॥ अभिपूर्वादिन्धेः कर्मणि निष्ठा । 'श्वीदितो निष्ठायाम्' (पा. सू. ७.२.१४) इतीट्प्रतिषेधः । 'गतिरनन्तरः' इति गतेः प्रकृतिस्वरत्वम् । 'स्वरितो वानुदात्ते पदादौ' इत्येकादेशः स्वर्यते ॥ यद्वा । अभीद्धादभितः प्रकाशमानात् परमात्मनो मायाधिष्ठानरूपादुपादानभूतादृतं सत्यं चाजायत ॥ 'जनिकर्तुः प्रकृतिः' (पा. सू. १.४.३०) इति प्रकृतेरपादानसंज्ञा ॥ ततस्तस्मादेवेश्वराद्रात्री । उपलक्षणमेतदह्नोऽपि । अहश्च रात्रिश्चाजायत ॥ 'रात्रेश्चाजसौ' (पा. सू. ४.१.३१) इति ङीप् । ततस्तस्मादेवेश्वरादर्णवोऽर्णसोदकेन युक्तः समुद्रश्चाजायत । समुद्रशब्दोऽन्तरिक्षोदध्योः साधारण इत्यभिमतार्थस्य प्रकाशनायार्णवशब्देन विशेष्यते । 'अर्णसः सलोपश्च' (का. ५.२.१०९.३) इति मत्वर्थीयो वप्रत्ययः सलोपश्च ॥

અનુવાદ (325) : ચારે તરફ પ્રકાશી રહેલા બ્રહ્મના તપમાંથી ઋત અને સત્ય પ્રકટ્યાં છે, તે (બ્રહ્મ)માંથી રાત્રિ જન્મી છે; તથા તેમાંથી જ સમુદ્ર= અન્તરિક્ષ અને અર્ણવ=દરિયો (ઉત્પન્ન) થયા છે. (૧૦-૧૯૦-૧)

નોંધ : (૧) 'ઋત' એટલે માનસિક યથાર્થ સંકલ્પના અને 'સત્ય' એટલે વાચિક યથાર્થસંભાષણ એવું સાયણ કહે છે.

(૨) આ સૂક્તના ત્રણેય મન્ત્રોનો શાકલ્યે પદપાઠ આપ્યો નથી. (સંહિતા પાઠમાં જે સન્ધિયુક્ત મન્ત્ર લખ્યો છે, તેનો તે જ = સન્ધિ છોડ્યા વિના જ-પદપાઠમાં દર્શાવ્યો છે. આથી પણ ૧૦મું મંડળ અર્વાચીન હોવાનું, તથા તેમાંય આ સૂક્તનો ઘણો પાછળથી (= શાકલ્યે પદપાઠની રચના કર્યા પછીના સમયમાં) પ્રવેશ થયાનું સિદ્ધ થાય છે.

(૩) આ સૂક્તમાં 'ભાવવૃત્ત દેવતા' છે એનો અર્થ એ કે સૃષ્ટિનું = સૃષ્ટિના વિવિધ પદાર્થોની ઉત્પત્તિનું આમાં વર્ણન કરવામાં આવ્યું છે.

(૪) મધુચ્છન્દસ ઋષિના પુત્ર અઘમર્ષણે આ સૂક્તની રચના કરી છે. તેથી કોઈએ એવું ન માની લેવું કે અઘ = પાપ, દુરિતનો નાશ કરવા માટે આ મન્ત્રોનો પાઠ કરવા આની રચના થઈ હશે.

स॒मु॒द्राद॑र्ण॒वादधि संवत्स॒रो अजायत ।
अ॒हो॒रा॒त्राणि वि॒दध॒द्विश्वस्य मिष॒तो व॒शी ॥२॥

समुद्रादर्णवादधि संवत्सरो अजायत । अहोरात्राणि विदधद्विश्वस्य मिषतो वशी ॥२॥

अर्णवात्समुद्रात्सृष्टादध्यूर्ध्वं संवत्सरः संवत्सरोपलक्षितः सर्वः कालोऽजायत । श्रूयते हि-'सर्वे निमेषा जज्ञिरे विद्युतः पुरुषादधि कला मुहूर्ताः काष्ठाश्च' (तै.आ. १०.१.२) इति । स चेश्वरोऽहोरात्राण्येतदुपलक्षितानि सर्वाणि भूतजातानि विदधत् कुर्वन् सृजन् । 'अभ्यस्तानामादिः' इत्याद्युदात्तत्वम् । ततः समासे कृदुत्तरपदप्रकृतिस्वरत्वम् ॥ मिषतो निमिषादियुक्तस्य विश्वस्य सर्वस्य प्राणिजातस्य वशी स्वामी भूत्वा वर्तते ॥

અનુવાદ (326) : અન્તરિક્ષ અને અર્ણવની પણ ઉપર સંવત્સર (રૂપ કાળ) જન્મ્યો. અહોરાત્ર (દિવસ ને રાત્રિ)ને સર્જતો તે (ઈશ્વર) સઘળાં પલકારા (**मिषतः**) મારતાં (પ્રાણી)ઓનો વશી = નિયન્તા = [સ્વામી બનીને રહેલો છે].

(૧૦-૧૯૦-૨)

सूर्याचन्द्रमसौ धाता यथापूर्वमकल्पयत् ।
दिवं च पृथिवीं चान्तरिक्षमथो स्वः ॥३॥

सूर्याचन्द्रमसौ धाता यथापूर्वमकल्पयत् । दिवं च पृथिवीं चान्तरिक्षमथो स्वः ॥३॥

सूर्याचन्द्रमसौ कालस्य ध्वजभूतौ दिवं च पृथिवीं चान्तरिक्षं च इत्थं त्रिभुवनं स्वः । स्वःशब्दः सुखवाची । दिवी विशेषणम् । सुखरूपां दिवम् । तदेतत्सर्वं धाता विधाता यथापूर्वं पूर्वस्मिन् कल्पे अकल्पयत् सृष्टवान् तथैवागामिन्यपि कल्पे कल्पयिष्यतीत्यर्थः ॥ ॥४८॥

અનુવાદ (327) : ધાતાએ યથાપૂર્વ (પૂર્વેના કલ્પમાં સર્જ્યાં હતાં તેવાં જ) સૂર્ય અને ચન્દ્રમાને કલ્પ્યાં = સર્જ્યાં. સુખ રૂપ (**स्वः**) દ્યુલોકને, પૃથિવીલોકને અને વળી અન્તરિક્ષ લોકને (પણ ધાતાએ સર્જ્યાં) (૧૦-૧૯૦-૩)

10.191 (1 to 4)

સંજ્ઞાન-સૂક્ત

'संसम्' इति चतुर्ऋचं चत्वारिंशं सूक्तं संवननस्यार्षम् । 'समानो मन्त्रः' इति तृतीया त्रिष्टुप् शिष्टास्तिस्रोऽनुष्टुभः । प्रथमाया

अग्निर्देवता । शिष्टानां संज्ञानम् । अनुक्रम्यते च–'संसं चतुष्कं संवननः संज्ञानमाग्नेयी तृतीया त्रिष्टुप्' तृतीया त्रिष्टुप् इति । 'आनुष्टुभं तु' इति पूर्वमुक्तत्वादवशिष्टानामनुष्टुप्त्वम् । सूक्तविनियोगो लैङ्गिकः ॥

આંગિરસ સંવનન ઋષિના દર્શન રૂપ આ 'સંજ્ઞાન સૂક્ત' ઋગ્વેદનું અંતિમ સૂક્ત છે. તેમાં એકતા, એકમતિ, સાહચર્ય, સહનિવાસ, સહપ્રવૃત્તિને પ્રાર્થવામાં આવી છે. મનુષ્ય પ્રજાને માટે આ જ એક માત્ર સુખી થવાનો માર્ગ છે એવો 'ગુરુ મન્ત્ર' આપીને, બીજા શબ્દોમાં કહીએ તો સૌથી છેલ્લે 'સં-જ્ઞાન' દેવતાની સ્તુતિ કરીને ઋગ્વેદની પૂર્ણાહૂતિ કરવામાં આવી છે.

પ્રા. વેલણકર કહે છે કે "આપણે સૌ અંદરોઅંદરના મતભેદોને તિલાંજલિ આપીને એક મંચ ઉપર સાથે આવીને ઊભા રહીએ" એ વિચારને રજૂ કરવો તે પ્રસ્તુત સૂક્તનો ઉદ્દેશ છે. અગ્નિ જ એવો દેવ છે કે જે ઋત્વિજોની બધી અભિલાષાઓની પૂર્તિ કરે છે. આથી તે અગ્નિની સાક્ષીએ જ, સામંજસ્યની સ્થાપના કરીને, હવિષ્ અર્પણ કરવા માટે તેને પ્રજ્વલિત કરવામાં આવ્યો છે.

ઋષિ : સંવનન, દેવતા : ૧લીમાં અગ્નિ અને ૨, ૩, ૪થીમાં સંજ્ઞાન,
છન્દ : અનુષ્ટુપ્, પણ ૩જીમાં ત્રિષ્ટુપ્

संस॒मिद्यु॑वसे वृष॒न्नग्ने॒ विश्वा॑न्य॒र्य आ ।
इ॒ळस्प॒दे समि॑ध्यसे॒ स नो॒ वसू॒न्या भ॑र ॥१॥

सम्ऽसं॑म् । इत् । यु॒व॒से॒ । वृ॒ष॒न् अग्ने॑ । विश्वा॑नि । अ॒र्यः ।
आ । इ॒ळः । प॒दे । सम् । इ॒ध्य॒से॒ । सः । न॒ः । वसू॑नि ।
आ । भ॒र॒ ॥१॥

हे ᵛवृषन् कामानं वर्षितः ᵛअग्ने ᵛअर्यः ईश्वरस्त्वम् । 'अर्यः स्वामिवैश्ययोः' (पा. सू. ३.१.१०३) इति यत्प्रत्यायान्तो निपातितः । 'अर्यः स्वाम्याख्यायाम्' (फि. सू. १.१८) इत्यन्तोदात्तत्वम् । स त्वं ᵛविश्वानि सर्वाणि भूतजातानि ᵛसंसम् । 'प्रसमुपोदः पादपूरणे' (पा. सू. ८.१.६) इति समो द्विर्वचनम् । इच्छब्दोऽवधारणे । ᵛआ समन्तात् सं ᵛयुवसे मिश्रयसि । देवेषु मध्ये त्वमेव सर्वाणि भूतजातानि वैश्वानरात्मना व्याप्नोषि । नान्य इत्यर्थः । किंच ᵛइळः इडायाः पृथिव्याः ᵛपदे स्थाने उत्तरवेदिलक्षणे । 'ऐतद्वा इळायास्पदं यदुत्तरवेदीनाभिः' (ऐ.ब्रा. १.२८) इति ब्राह्मणम् । तत्र त्वं ᵛसमिध्यसे ऋत्विग्भिः संदीप्यसे । ᵛसः तादृशस्त्वं ᵛनः अस्माकं ᵛवसूनि धनानि ᵛआ ᵛभर आहर ॥

અનુવાદ (328) : હે કામનાઓની વૃષ્ટિ કરનાર **(वृषन्)** અગ્નિદેવ ! અર્ય = સ્વામી/ઈશ્વર એવા **(તમે)** જ બધા **(ભૂતો)**ને ચારે તરફથી **(आ)**, [વૈશ્વાનર રૂપે] વ્યાપી વળો છો **(सं युवसे)**. અને વળી, પૃથિવીના સ્થાનમાં (અર્થાત્ ઉત્તરવેદીમાં) [ઋત્વિજો વડે] પ્રજ્વલિત કરવામાં આવો **(समिध्यसे)** છો; આવા તે (તમે) અમને (= અમારા માટે) ધનોને લઈ આવો **(आ भर)**. (૧૦-૧૯૧-૧)

નોંધ : (૧) આ પહેલી ઋચામાં અગ્નિદેવની સ્તુતિ કરવામાં આવી છે. તેમને **वृषन्** = 'કામનાઓની વૃષ્ટિ કરનારા' કહીને, તથા બધા ભૂતોને વ્યાપી વળનાર વૈશ્વાનર કહીને, પ્રાર્થના કરવામાં આવી છે કે તમે અમારા માટે ધન લઈ આવો.

(૨) પ્રા. વેલણકરે **वृषन्**નો અર્થ 'પરાક્રમી' (વૃષભ જેવો) કર્યો છે : ''હે પરાક્રમી અગ્નિદેવ ! બધા પ્રકારની (સંપત્તિઓ) શત્રુઓની પાસેથી તમે તમારી પાસે એકત્રિત કરો છો. આ ઈડા દેવીના સ્થાન ઉપર તમને અમે પ્રજ્વલિત કર્યા છે. આવા તમે (અમારામાં એકમત સ્થાપિત કરીને) અમને સંપત્તિ લાવીને આપો.'' (**सं सं विश्वानि युवसे** (માં **सम् सम्**ને સાયણે પાદપૂરણ અવ્યય કહ્યા છે). પણ પ્રા. વેલણકર કહે છે કે આ શબ્દો ઘણા અર્થપૂર્ણ છે, બધા પ્રકારની વસ્તુઓને કોઈ પણ રીતે જો તમે એક સ્થાન ઉપર લાવી શકો તો સામંજસ્ય કે ઐક્યને સ્થાપિત કરવામાં આપણામાં (= આપણને) કોઈ મુશ્કેલી નડવાની નથી.

सं ग॑च्छध्व॒ं सं व॑दध्व॒ं सं वो॒ मना॑ंसि जानताम् ।
दे॒वा भा॒गं यथा॒ पूर्वे॑ संजाना॒ना उ॒पास॑ते ॥२॥

सम् । ग॒च्छ॒ध्व॒म् । सम् । व॒द॒ध्व॒म् । सम् । वः॒ । मना॑ंसि । जा॒न॒ता॒म् । दे॒वाः । भा॒गम् । यथा॑ । पूर्वे॑ । स॒म्ऽजा॒ना॒नाः । उ॒प॒ऽआस॑ते ॥२॥

हे स्तोतारः यूयं ᵛसं ᵛगच्छध्वम् । संगताः ᵛसंभूता भवत ॥ 'समो गम्यृच्छि' इत्यादिना गमेरात्मनेपदम् ॥ तथा ᵛसं ᵛवदध्वं सह वदत । परस्परं विरोधं परित्यज्यैकविधमेव वाक्यं ब्रूतेति यावत् । 'व्यक्तवाचां समुच्चारणे' (पा. सू. १.३.४८) इति वदेरात्मनेपदम् । ᵛवः युष्माकं ᵛमनांसि ᵛसं ᵛजानताम् । सामनमेकरूपमेवार्थमवगच्छन्तु ॥ 'संप्रतिभ्यामनाध्याने' (पा. सू. १.३.४६) इति जानातेरात्मनेपदम् ॥ ᵛयथा ᵛपूर्वे पुरातनाः ᵛदेवाः ᵛसंजानानाः ऐकमत्यं प्राप्ता हविर्भागम् उपासते यथास्वं स्वीकुर्वन्ति तथा यूयमपि वैमत्यं परित्यज्य धनं स्वीकुरुतेति शेषः ॥

અનુવાદ (329) : (હે સ્તોતાઓ ! તમે) એક સાથે ચાલો/જાવ; એક સાથે

બોલો અને તમારાં મનો પણ એકસરખું જાણે. ઐકમત્ય પામેલા (**संजानानाः**) પૂર્વેના દેવોએ જેવી રીતે (પોતપોતાનો) હવિર્ભાગ ઉપાસ્યો = મેળવ્યો હતો [તેવી રીતે તમે પણ વૈમત્ય ત્યજીને, એકમતિથી તમને મળેલી સંપત્તિને ઉપાસો = ભોગવો.]

(૧૦-૧૯૧-૨)

નોંધ : (૧) આ મન્ત્રમાં રહેલા કવિના આશયને સ્પષ્ટ કરતાં પ્રા. વેલણકર કહે છે કે-દેવોએ પણ સહમત થઈને યજ્ઞમાંથી મળેલો પોતપોતાનો અંશ, પ્રેમથી સ્વીકાર્યો હતો તો આપણે પણ ઋત્વિજ્ વિભાજનના વિષયમાં નાહક મતભેદોનું કે કલહનું નિર્માણ શા માટે કરીએ ?

(૨) આ ૨, ૩, ૪ મન્ત્રોની દેવતા 'સંજ્ઞાન' છે. મનુષ્ય પ્રજામાં એકમતિ સ્થપાય-સૌ એક સાથે સંચાર કરે, બધાં ભેગાં મળી એક દિશામાં સરખો ઉદ્યમ કરે, સાથે બોલે અર્થાત્ સરખા વિચાર વ્યક્ત કરે- વિવાદ ઊભો ન કરે, અને કોઈ પણ વિષયનું આકલન (સં-જ્ઞાન) પણ એકસરખું કરે, કે જેથી ગેરસમજ કે પરસ્પર વિરોધી સમજોનો ગોટાળો ના થાય-તો ઈશ્વરે આપણને આપેલી આ બ્રહ્માંડની સઘળી સમ્પત્તિ સૌ સરખે ભાગે વહેંચીને ભોગવે. (**यत्र भवति विश्वम् एकनीडम्**) ''આખું વિશ્વ (પંખીઓનો) એક માળો બની રહે; જ્યાં સૌ સાથે નિવાસ કરે.'' આવી સર્વોત્કૃષ્ટ ભાવના ઋગ્વેદના આ અંતિમ સૂક્તમાં રજૂ થઈ છે. અહીં 'સં-જ્ઞાન' સૂક્તમાં વર્ણવેલી એકમતિ કેળવ્યા સિવાય મનુષ્યપ્રજાને માટે સુખી થવાનો બીજો કોઈ માર્ગ જ નથી; **नान्यः पन्था विद्यतेऽयनाय** । એ સ્પષ્ટ સમજી લેવા જેવું છે.

स॒मा॒नो मन्त्र॒ः समि॑तिः समा॒नी स॑मा॒नं मन॑ः स॒ह चि॒त्तमे॑षाम् ।
स॒मा॒नं मन्त्र॑म॒भि म॑न्त्रये वः समा॒नेन॑ वो ह॒विषा॑ जुहोमि ॥३॥

स॒मा॒नः । मन्त्र॑ः । सम्ऽइ॑तिः । समा॒नी । स॒मा॒नम् । मन॑ः । स॒ह । चि॒त्तम् । ए॒षा॒म् ।
स॒मा॒नम् । मन्त्र॑म् । अ॒भि । म॒न्त्र॒ये॒ । व॒ः । स॒मा॒नेन॑ । व॒ः । ह॒विषा॑ । जु॒होमि॒ ॥३॥

पूर्वोऽर्धर्चः परोक्षकृतः उत्तरः प्रत्यक्षकृतः । ᵛएषाम् एकस्मिन् कर्मणि सह प्रवृत्तानामृत्विजां स्तोतॄणां वा ᵛमन्त्रः स्तुतिः शस्त्रद्यात्मका

गुप्तभाषणं वा ᵛसमानः एवविधोऽस्तु । तथा ᵛसमितिः प्राप्तिरपि ᵛसमानी एकरूपास्तु ॥ 'केवलमामक' इत्यादिना समानशव्दात् ङीप् । उदात्तनिवृत्तिस्वरेण ङीप उदात्तत्वम् । तथा मनः मननसाधनमन्तःकरणं चैषां ᵛसमानम् एकविधमप्यस्तु । ᵛचित्तं विचारजं ज्ञानं तथा ᵛसह सहितं परस्परस्यैकार्थेनैकीभूतमस्तु । अहं च ᵛवः युष्माकं ᵛसमानम् एकविधं ᵛमन्त्रम् ᵛअभि ᵛमन्त्रये । ऐकविध्याय संस्करोमि । तथा ᵛवः युष्माकं स्वभूतेन ᵛसमानेन साधारणेन ᵛहविषा चरुपुरोडाशादिना अहं ᵛजुहोमि ॥ 'तृतीया च होश्छन्दसि' (पा. सू. २.३.३) इति कर्मणि कारके तृतीया ॥ वषट्कारेण हविः प्रक्षेपयामीत्यर्थः ॥

અનુવાદ (330) : [એક જ યજ્ઞકર્મમાં પ્રવૃત્ત થયેલા] આમનો (= ઋત્વિજોનો) મન્ત્ર અર્થાત્ સ્તુતિ સમાન હજો; સૌની સમિતિ = પ્રાપ્તિ પણ એકસરખી હજો, (મનન કરનારું) મન પણ એક સમાન હજો અને ચિત્ત (= વિચારમાંથી જન્મેલું જ્ઞાન/જાણેલું) પણ સમાન જ હજો. હું પણ તમારા જેવા જ સમાન મન્ત્રાનું (=વિચારનું) અભિમન્ત્રાણ કરું છું (ઉચ્ચારું છું) અને તમારા જેવા જ એક સરખા હવિષન્નથી હોમ કરું છું. (૧૦-૧૯૧-૩)

નોંધ : (૧) પૂર્વાર્દ્ધમાં પરોક્ષકૃત (= તે સ્તોતાઓ) એવી રજૂઆત છે, અને ઉત્તરાર્દ્ધમાં પ્રત્યક્ષકૃત (= હું સ્તુતિ કરનાર) એવી રીતની રજૂઆત છે. (૨) પ્રા. વેલણકર એક મહત્ત્વની વાત તરફ ધ્યાન દોરે છે : પ્રસ્તુત ઋચાના ઉત્તરાર્દ્ધથી એ સ્પષ્ટ છે કે અહીં પ્રારંભે જ અગ્નિનો ઉલ્લેખ અપેક્ષિત હતો. આથી એ પણ સ્પષ્ટ થાય છે કે સૌથી પહેલી ઋચા આ સૂક્તની સાથે અસંબદ્ધ કે વિખૂટી પડી ગયેલી માની શકાય એમ નથી.

स॒मा॒नी व॒ आकू॑तिः समा॒ना हृद॑यानि वः ।
स॒मा॒नम॑स्तु वो॒ मनो॒ यथा॑ व॒ः सुस॒हास॑ति ॥४॥

स॒मा॒नी । व॒ः । आऽकू॑तिः । स॒मा॒ना । हृद॑यानि । व॒ः ।
स॒मा॒नम् । अ॒स्तु । व॒ः । मन॑ः । यथा॑ । व॒ः । सुऽसह॑ ।
अस॑ति ॥४॥

हे ऋत्विग्यजमानाः वः युष्माकम् आकूतिः संकल्पोऽध्यवसायः समानी एकविधोऽस्तु । तथा वः युष्माकं हृदयानि समाना समानान्येकविधानि सन्तु । तथा ᵛवः युष्माकं ᵛमनः अन्तःकरणम् । प्रत्येकापेक्षयैकवचनम् । तदपि ᵛसमानमस्तु । यथा वः युष्माकं सुसह शोभनं साहित्यम् असति

भवति तथा समानमस्त्वित्यन्वयः ॥ अस्तेर्लेटि 'बहुलं छन्दसि' इति शपो लुगभावः ॥ ॥४९॥

અનુવાદ (331) : (હે ઋત્વિજો/યજમાનો !) તમારી આકૂતિ (= તમારો સંકલ્પ) એક સમાન હજો, તમારાં હૃદયો પણ એકસરખાં હજો. તમારાં મન એક સમાન હજો, કે જેથી કરીને તમારું સુસહ = સાહિત્ય = સાહચર્ય બની રહે .
(૧૦-૧૯૧-૪)

નોંધ : (૧) **असति** = **भवति** (**अस्तु**) । અહીં વેદમાં √**अस्** ધાતુને લાગેલા વિકરણ **शप्** (= **अ**) પ્રત્યયના લોપનો અભાવ રહે છે. તેથી **अस्ति**ને બદલે **असति** રૂપ બન્યું છે.

(૨) **सुसह** અવ્યય છે, તેમાં **सु+सह**નો અર્થ 'એકત્ર રહેવું', 'ઐકમત્ય કેળવવું' 'જીવનભર સહયોગ 'આપવો' એવો થાય છે.

वेदार्थस्य प्रकाशेन तमो हार्दं निवारयन् ।
पुमर्थांश्चतुरो देयाद्विद्यातीर्थमहेश्वरः ॥
वेदार्थस्य प्रकाशेन तमो हार्दं निवारयन् ।
पुमर्थांश्चतुरो देयाद्विद्यातीर्थमहेश्वरः ॥

इति श्रीमद्राजाधिराजपरमेश्वरवैदिकमार्गप्रवर्तकश्रीवीरबुक्कभूपालसाम्राज्यधुरंधरेण
सायणाचार्येण विरचिते माधवीये वेदार्थप्रकाश
ऋक्संहिताभाष्येऽष्टमाष्टकेऽष्टमोऽध्यायः सम्पूर्णः ॥

॥ इति दशमं मण्डलं समाप्तम् ॥

*

પરિશિષ્ટ-1

વૈદિક સંકેતાર્થ (લેટ્ લકાર)

૧. વેદમાં 'ક્રિયા પ્રકાર' (અર્થાત્ 'અર્થ' = Moods) વાચક અનેક લકારો વપરાયેલા જોવા મળે છે. જેમકે,

(૧) વિધિમૂલક લકાર (Injunctive) દા. ત. **मा कार्षीः**

(૨) **લેટ્** લકાર (Subjunctive Mood) વૈદિક સંકેતાર્થ

(૩) **લોટ્** લકાર (Imperative) = આજ્ઞાર્થક

(૪) **विधिलिङ्** લકાર (Optative) = વિધ્યર્થ

(૫) **आशीर्लिङ्** લકાર (Precative) = આશીર્વાદાર્થક વિધ્યર્થ

(૬) પાશ્ચાત્ય વિદ્વાનોએ એક છઠ્ઠા લકાર તરીકે 'તથ્યવાચક લકાર' = indicative ની પણ કલ્પના કરી છે.

૨. પાણિનિના શબ્દોમાં **લેટ્** લકાર, કે જેનો વિદ્વાનો વૈદિક સંકેતાર્થ – Vedic Subjunctive- કહે છે, તેનાં રૂપો અનેક અર્થોને અભિવ્યક્ત કરે છે. જેમકે,

(क) પાણિનિના મતે **લેટ્** નાં રૂપોમાંથી –

(૧) આજ્ઞાનો અર્થ

(૨) **लिङ्** ના અર્થો, દા. ત. વિધિ, નિમંત્રણ, આમંત્રણ; **પ્રાર્થના સંભાવના**, ઇચ્છા વગેરે.

(૩) ઉપસંવાદ (= કાંર્ય કરવાની શરત રૂપી) અર્થ

(૪) આશંકા (દહેશત) રૂપ અર્થો વ્યક્ત થાય છે.

(ख) પાશ્ચાત્ય વિદ્વાનોના મતે **લેટ્**ના આ રૂપો –

(૧) અમુક કાર્ય કરવાની ઇચ્છા અને શક્તિ (will) છે એવું દર્શાવવા વપરાય છે.

[જ્યારે વિધિલિઙ્ = વિધ્યર્થનાં રૂપો અમુક કાર્ય કરવાની **ઇચ્છા** અને **સંભાવના** છે એવું દર્શાવવા વપરાય છે.]

(૨) ભવિષ્યત્ કાળનો અર્થ દર્શાવવા માટે વપરાય છે (આવા પ્રયોગોમાં **नु/हन्त** જેવા અવ્યયો પણ વપરાય છે)

(૩) મધ્યમ પુરુષ (= બીજા પુરુષ)નો જેમાં પ્રયોગ થયો હોય ત્યાં લકારનાં રૂપોમાંથી આદેશ, ઉપદેશ, પ્રાર્થના તથા ઇચ્છાની અભિવ્યક્તિ રૂપ અર્થ પણ મળે છે.

૩. પાણિનિ 'વિધિલિઙ્' અને 'લેટ્' લકારોને અર્થની દૃષ્ટિએ જુદા ગણતા નથી; પણ માત્ર રૂપાખ્યાનની દૃષ્ટિએ તે પરસ્પરથી છુટા પડે છે એમ માને છે.

બીજી તરફ, હ્વિટની વિધિમૂલક લકાર અને લેટ્ લકારને જુદા માનતા નથી. પરંતુ મેકડોનલ જેવા વિદ્વાન્ વિધિલિઙ્, વિધિમૂલક લકાર અને લેટ્ લકારને પરસ્પરથી ભિન્ન માને છે.

૪. વેદમંત્રોમાં વ્યાપકપણે વપરાયેલો આ લેટ્ લકાર કાલક્રમે પ્રશિષ્ટ સંસ્કૃતમાંથી અદૃશ્ય થઈ ગયો છે.

૫. રૂપાખ્યાનની દૃષ્ટિએ વિચારીએ તો –

(क) (૧) વર્તમાનકાળના અંગ ઉપરથી,
(૨) પરોક્ષ ભૂતકાળના અંગ ઉપરથી,
(૩) સાદા (= અદ્યતન) ભૂતકાળના અંગ ઉપરથી, અને
(૪) ભવિષ્યત્કાળના અંગ ઉપરથી,

લેટ્ લકારનાં ક્રિયાપદોનાં રૂપો સાધવામાં આવેલા છે.

(ख) લેટ્ લકારનું ક્રિયાપદ = ધાતુ → ઉપર્યુક્ત ચતુર્વિધ અંગો + નિમ્નલિખિત પ્રત્યયો –

(૧) પરસ્મૈપદના પ્રત્યયો	(૨) આત્મનેપદના પ્રત્યયો
પ્ર. પુ. **अति, अत्-अतस्-अन्**	પ્ર. પુ. **अते, आतै-ऐते-अन्त, अन्ते, आन्तै**
મ. પુ. **आसि, अस्-अथस्-अथ**	મ. પુ. **असे, आसै-ऐथे-अध्वे, आध्वै**
ઉ. પુ. **आनि, आ-आव-आम**	ઉ. પુ. **ऐ-आवहै-आमहै, आमहे**

પરિશિષ્ટ-2

વૈદિક હેત્વર્થ કૃદન્તઃ

પહેલાં હેત્વર્થ કૃદન્તનો પરિચય કેળવીશું : એક વાક્ય છે **रामः कृष्णं द्रष्टुं याति** । ‘રામ કૃષ્ણને (જોવા માટે) જાય છે.’ અહીં એક જ કર્તા અમુક ક્રિયા ભવિષ્યમાં કરવાના હેતુથી, પહેલાં જે બીજી ક્રિયા કરે છે તેને ‘ક્રિયાર્થ ક્રિયા’ કહે છે. ઉપરના ઉદાહરણમાં (**याति**) ક્રિયા ‘ક્રિયાર્થ ક્રિયા’ છે; અને ભવિષ્યમાં જે બીજી ક્રિયા કરવાની છે તે ‘દર્શન’ની -જોવાની-ક્રિયા છે. અહીં બીજા શબ્દોમાં કહીએ તો-ભવિષ્યમાં થનારી આ જોવાની ક્રિયા એ, પૂર્વે થતી જવાની-ગમન-ક્રિયા (**याति**)નો હેતુ છે. આથી તે હેતુભૂત દર્શન ક્રિયાના વાચક ધાતુને ‘હેત્વર્થ કૃદન્ત’નો **तुम्** પ્રત્યય લગાડવામાં આવે છે : **√दृश्+तुम् = द्रष्टुम्** (= જોવા માટે).

હેત્વર્થ કૃદન્તના પ્રત્યયો : હેતુ= પ્રયોજન દર્શાવતા કૃત્ પ્રત્યયાન્ત (=ધાતુ સાધિત) શબ્દને ‘હેત્વર્થ-કૃદન્ત’ કહેવામાં આવે છે. પાણિનિએ **तुमुन्ण्वुलौ क्रियायां क्रियार्थायाम्** । ૩-૩-૧૦ સૂત્રથી આ હેત્વર્થ કૃદન્તના **तुमुन्=तुम्** પ્રત્યયનું વિધાન કર્યું છે, તેનો સૂત્રાર્થ આમ છે : ક્રિયાર્થ ક્રિયા ઉપપદ (= નજીક)માં હોય ત્યારે, ભવિષ્યમાં જે ક્રિયા કરવાની હોય, તદ્વાચક ધાતુને **तुमुन्** પ્રત્યય લગાડવામાં આવે છે.’’

હવે, પ્રશિષ્ટ (લૌકિક) સંસ્કૃત સાહિત્યમાં હેત્વર્થ કૃદન્તનો આ એકજ **तुमुन्=तुम्** પ્રત્યય વપરાતો જોવા મળે છે. પરંતુ વૈદિક સંસ્કૃતમાં આ હેત્વર્થને દર્શાવવા માટે બીજા અનેક કૃત્ પ્રત્યયો વપરાય છે. પાણિનિએ આ વૈદિક હેત્વર્થ કૃત્ પ્રત્યયોની નોંધ લેતાં કેટલાંક સૂત્રો રજૂ કર્યાં છે. જેમકે,

(૧) **तुमर्थे से-सेन्-असे-असेन्-क्से-कसेन-अध्यै-अध्यैन्-कध्यै-कध्यैन्-शध्यै-शध्यैन्-तवै-तवेङ्-तवेनः** । ૩-૪-૯ (આ સૂત્રામાં ૧૫ હે. કૃ. પ્રત્યયોની નોંધ છે)[1]

(૨) આ ઉપરાંત લૌકિક સંસ્કૃતમાં વપરાતો **तुम्** પ્રત્યય (૩-૩-૧૦), પણ વેદમાં ક્યારેક વપરાયેલો જોવા મળે છે.

(૩) તથા **णमुल्** અને **कमुल्** (૩-૪-૧૨); અને **तोसुन्** અને **कसुन्** (૩-૪-૧૩) વગેરે પ્રત્યયો પણ વેદમાં તુમર્થે = હેત્વર્થે વપરાયેલા જોવા મળે છે.

વેદમાં હેત્વર્થકૃત્ પ્રત્યયોનો પ્રયોગ : ઋગ્વેદમાં લગભગ ૭૦૦ રૂપોમાં હેત્વર્થ કૃદન્તના શબ્દો વપરાયા છે. આમાંથી કેવળ પાંચ રૂપોમાં જ (લોકમાં વપરાતા) **तुम्** પ્રત્યયનો ઉપયોગ થયેલો છે. અથર્વવેદમાં માત્ર આઠ ઉદાહરણોમાં આ **तुम्** પ્રત્યય વપરાયો છે. પરંતુ કાલાન્તરે યજુર્વેદ અને બ્રાહ્મણ ગ્રન્થોમાં **तुम्** પ્રત્યયનો વપરાશ વધતો ગયો; અને છેવટે લૌકિક સંસ્કૃતમાં તો માત્ર આ એક પ્રત્યય જ બાકી =

---

(૧) આમાંથી જ્યાં ‘**न्**’ અનુબન્ધ રૂપે જોડ્યો છે. તે **नित्** હે. કૃ. પ્રત્યય લાગીને જે શબ્દ બન્યો હોય તે આદ્યુદાત્ત હોય છે.

વપરાશમાં રહ્યો છે. એ સિવાયના (પૂર્વોક્ત (૧) અને (૩)માં બતાવેલા) પ્રત્યયોનો વપરાશ બંધ થયો છે.

હેત્વર્થ કૃદન્તનાં રૂપોનું સ્વરૂપ : પાણિનિના વ્યાકરણમાં નોંધ્યું છે તેમ **तुम्** પ્રત્યયાન્ત, કે **से**, **सेनू**, **तवे**, **तवै** વગેરે પ્રત્યયો જોડાઈને બનેલા તમામ હેત્વર્થ કૃદન્તનાં રૂપો "'અવ્યય' પ્રકારના છે,[2] (એમનાં બીજી કોઈ વિભક્ત્યાદિમાં રૂપો ચાલતાં નથી). પરંતુ પરદેશી વિદ્વાનોના મતે–આ બધાં જ હેત્વર્થ કૃદન્તનાં રૂપો મૂળમાં તો કોઈકને કોઈ શબ્દ (પ્રાતિપદિક)નાં વિભક્ત્યન્ત રૂપો હતાં અર્થાત્ મૂળમાં તેઓ અવ્યય ન હતા. પરંતુ વર્ષો સુધી તે વિભક્ત્યન્ત રૂપો અપરિવર્ત્ય સ્થિતિમાં વપરાતાં રહેતાં, પાછળથી તેમને 'અવ્યય' પ્રકારના જાહેર કરવાનું પ્રાપ્ત થયું. દા.ત.–

(૧) દ્વિતીયા વિભક્તિમૂલક તુમર્થક પ્રત્યયો : ઋગ્વેદમાં વપરાયેલાં **दातुम्** । **प्रष्टुम्** । **प्रभर्तुम्** । **अनुप्रवोळ्हुम्** । અને અથર્વવેદમાં વપરાયેલાં **अत्तुम्** । **द्रष्टुम्** । **कर्तुम्** । એવાં જે **तुम्** પ્રત્યયાંત રૂપો મળે છે, તે પાશ્ચાત્ય વિદ્વાનોના મતે તુકારાંન્ત કૃદન્ત પ્રાતિપદિકોના (**भानु** ઉપરથી **भानुम्**ની જેમ) દ્વિતીયા વિભક્તિ એકવચનનાં રૂપો છે.

પરંતુ પાણિનિના વ્યાકરણ અનુસાર **शकि. णमुल्कमुलौ** । ૩-૪-૧૨થી '√**शक्** ધાતુ ઉપપદમાં રહેતાં તુમર્થક **णमुल्** અને **कमुल्** પ્રત્યય લાગીને **अम्** અન્તવાળાં હેત્વથ કૃદન્તનાં રૂપો બને છે.' દા.ત. **समिधम्** । **संपृच्छम्** । **आरुहम्** । વગેરે. (પણ, ઉપર કહ્યું તેમ પાંશ્ચાત્ય વિદ્વાનો આને દ્વિતીયા વિભક્તિ એકવચનનાં રૂપો ગણે છે).

(૨) ચતુર્થીમૂલક તુમર્થક પ્રત્યયો : અન્ય તુમર્થક પ્રત્યયોની અપેક્ષાએ આ પ્રકારના ચતુર્થીમૂલક તુમર્થક પ્રત્યયોનો ઋગ્વેદમાં સાત ગણો પ્રયોગ થયેલો જોવા મળે છે. પરંતુ કાલાન્તરે આ પ્રત્યયોનો વપરાશ બંધ થયો છે. પાશ્ચાત્ય વિદ્વાનોના મતે આવાં રૂપોના અન્તમાં ચતુર્થી વિભક્તિનો **ङे/-ए/**પ્રત્યય વપરાયો હોય છે. દા.ત.

(क) ए કારાન્ત રૂપો–**भूवे** । **वितिरे** । **दृशे** । **भुजे** । **युजे** । **युधे** ।

(ख) ऐ કારાન્ત રૂપો–**वि+√ख्या+ए=विख्यै** ।

प्रति+√मा+ए= प्रतिमै । **प्र+√या+ए= प्रयै** ।

(ग) **त्वै** કારાન્ત–**इत्यै** । **साढ्यै** ।

(घ) **से** કારાન્ત–(**से-सेनू-क्से**): **जिषे** । **प्रयंक्षे** ।

(ङ) **असे** પ્રત્યયાન્ત–**अहसे** । **चरसे** । **भोजसे** । **दोहसे** । પાશ્ચાત્યોના મતે **अस्** અંતવાળા કૃદન્ત નામોને ચતુર્થી વિભક્તિનો **ए** પ્રત્યય લાગીને આ રૂપો બન્યાં છે.

---

(૨) **कृन्मेजन्तः** । **पा. सू.** १-१-३९

क्त्वातोसुन्कसुनः । **पा. सू.** १-१-४०

(च) આ જ પ્રમાણે–**अये, तये, तवे, तवै,** પ્રત્યયો લાગીને નીચેનાં હેત્વર્થ કૃદન્તો બને છે : **युधये । चितये । दृशये ॥ इष्टये । ऊतये । पीतये ॥ गन्तवे । गातवे । कर्तवे । सवितवे ॥ ग॒न्त॒वै॒ प॒रि॒धा॒त॒वै॒ । सू॒त॒वै॒** ॥ (અહીં **तवै** પ્રત્યયાન્ત કૃદન્ત રૂપોમાં ધાતુ અને પ્રત્યય બંને ઉપર ઉદાત્ત સ્વર રહે છે.

(छ) પાણિનિના મતે **अध्यै-अध्यैन्-कध्यै-कध्यैन्-शध्यै-शध्यैन्** પ્રત્યયોમાંથી જે **नित्** (= **न्** અનુબંધવાળા) પ્રત્યયો છે તેમાંથી બનેલાં હેત્વર્થ કૃદન્તનાં રૂપો આદ્યુદાત્ત બને છે. દા. ત. **यु॒जध्यै । गृणध्यै** । પરંતુ ડો. હ્વિટની કહે છે કે આ **अ+धि॒** અન્તવાળું પ્રાતિપાદિક+ચતુર્થી વિ.નો **ए** પ્રત્યય = **अध्यै** બન્યું છે એમ ગણવું. પણ પ્રોફે. મેકડોનલ કહે છે કે **अ+ध्या** અન્તવાળું પ્રાતિપદિક + **ए** પ્રત્યય = **अध्यै** બન્યું હશે.

* * *

આ સંદર્ભમાં ક્યારેક કોઈક રૂપો બાબતે વિવાદ પણ જોવા મળે છે. જેમકે, **इ॒ष्यै** પ્રત્યય લાગીને બનેલા **रोहिष्यै** અને **अव्यथिष्यै** રૂપોને હ્વિટની અને મોનીયર વિલિયમ્સ તુમર્થક રૂપ માને છે. પણ મેકડોનલ તેને નામિક રૂપ જ માને છે.

એ જ પ્રમાણે, **वने** અને **मने** પ્રત્યય લાગીને બનેલાં રૂપો, જેવાં કે-**त्रामणे । धर्मणे । दामने । दावने** । વગેરે હ્વિટની, મેકડોનલ, ગ્રાસમેનના મતે તુમર્થક રૂપો છે. પરંતુ ભારતીય વિદ્વાનો તેને કૃદન્ત પ્રાતિપાદિકના ચતુર્થી વિભક્ત્યન્ત રૂપો તરીકે ઓળખાવે છે.

(૩) **પંચમીમૂલક તથા ષષ્ઠીમૂલક તુમર્થક પ્રત્યયો : तोसुन्-कसुन्** પ્રત્યય લાગીને જે રૂપો બનેલાં છે, તેને પાશ્ચાત્ય વિદ્વાનો પંચમી કે ષષ્ઠીનાં રૂપો માને છે.

દા. ત., **असन्त** રૂપો-**आतृदः । अवपदः ।**
सम्पृचः । (પંચમી) **निमिषः** । (ષષ્ઠી)
तोसन्त રૂપો-**गन्तोः । जनितोः ।**
हन्तोः । (પંચમી) **कर्तोः, दातोः** । (ષષ્ઠી)

પાણિનિના મતે **ईश्वर** = 'સમર્થ' અર્થવાળા શબ્દો ઉપપદમાં રહે ત્યારે **तोसुन्** પ્રત્યય વપરાય છે; જેમકે, **ईशे रायः सुवीर्यस्य दातोः** ।

(૪) **સપ્તમીમૂલક તુમર્થક પ્રત્યયો : इ** પ્રત્યયાન્ત હેત્વર્થ કૃદન્તનાં કેટલાંક રૂપો આ પ્રમાણે છે : **व्युषि-संचक्षि-दृशि** (આ વ્યંજનાન્ત અંગ ઉપરથી બનેલાં રૂપો); **धर्तरि** (**तृ** અંતવાળા અંગ ઉપરથી સાધિત) અને **नेषणि । पर्षणि । तरीषणि** । વગેરે (**सन्** અંતવાળા અંગ ઉપરથી બનેલાં રૂપો) છે.

ભારતીય વિદ્વાનોના મતે આ તુમર્થક રૂપો નથી, પણ કૃદન્ત પ્રાતિપદિક ઉપરથી સાધવામાં આવેલાં આ નામિક રૂપો છે.

* * *

આ વિષયમાં જે અભ્યાસીને વધુ જિજ્ઞાસા હોય તેમણે ડૉ. રામ ગોપાલનું **वैदिकव्याकरण** (ભાગ-૧ અને ૨ પૃ. ૭૮૭-૭૯૧) જોવા અનુરોધ છે.

પરિશિષ્ટ-3

૧૦મા મંડળમાં પ્રયુક્ત વૈદિક છન્દો

૧. **ભૂમિકા :** સંપૂર્ણ ઋગ્વેદ છન્દોબદ્ધ છે. તદુપરાંત, અન્ય વેદની સંહિતાઓમાં પણ છન્દ વપરાયેલા જોવા મળે છે. આથી વૈદિક મંત્રોને=વેદને **छन्दस्** કહેવામાં આવે છે.

૨. **કેટલાક મુખ્ય છન્દો :** 'ઋગ્વેદ પ્રાતિશાખ્ય'માં ડઝનબંધી છન્દોનાં નામ ગણાવ્યાં છે. કાત્યાયને ૧૪ વૈદિક છન્દોનાં નામ આપ્યાં છે. અથર્વવેદીય બૃહત્સર્વાનુક્રમણિકામાં ૨૧ છન્દોનાં નામ મળે છે. પણ નીમ્નોક્ત ૭ છન્દોમાં જ મોટે ભાગે ઋગ્વેદના મંત્રો રચાયા છે :

૧. ગાયત્રી
૨. ઉષ્ણિક્
૩. અનુષ્ટુપ્
૪. બૃહતી
૫. પંક્તિ
૬. ત્રિષ્ટુપ્
૭. જગતી

આ સાતેય છન્દોમાં સૌથી વધુ વાર વપરાયેલો છન્દ; એટલે કે ઋગ્વેદના કુલ ૨/૫ ભાગમાં વપરાયેલો છન્દ ત્રિષ્ટુપ્ છે; ત્યાર પછી ઋગ્વેદના ૧/૪ ભાગમાં વપરાયેલો બીજા ક્રમે આવતો છન્દ ગાયત્રી છે. તથા વપરાશની દૃષ્ટિએ ત્રીજા ક્રમે આવતો છન્દ જગતી છે (એટલે કે ઋગ્વેદનાં કુલ ૧૫૦૦ મંત્રોમાં આ જગતી છન્દ વપરાયો છે).

૩. **'અક્ષર'ની સમજૂતી :** છન્દના પાદોમાં 'અક્ષર' ગણના અનિવાર્ય શરત છે; ત્યાર પછી જ આ અક્ષરોના લઘુ-ગુરુનો વિચાર કરવાનો હોય છે. આથી પહેલાં 'અક્ષર' કોને કહેવાય છે ? એની સમજૂતી મેળવીશું :

(૧) अ, इ, उ, ए વગેરે દરેક સ્વરોને 'અક્ષર' કહેવાય છે.

(૨) એક (કે એકથી વધારે) વ્યંજન+કોઈ પણ એક સ્વર = એક અક્ષર, દા.ત. **क्+ऋ=कृ**ને એક અક્ષર કહેવાય, **ष+ण्+आ=ष्णा**ને એક અક્ષર કહેવાય, આમ **कृष्णा** શબ્દમાં બે અક્ષર થયાં કહેવાય.

(૩) એકલા વ્યંજનને 'અક્ષર' ગણાતો નથી. દા. ત. **किम्**માં આવેલા **म्** વ્યંજનને 'અક્ષર' કહેવાતો નથી.

૪. **'લઘુ' અક્ષર,-'ગુરુ' અક્ષરનો વિચાર :**

(૧) હ્રસ્વ સ્વરને 'લઘુ' કહેવાય છે; અને દીર્ઘ સ્વરને 'ગુરુ' કહેવાય છે.

(૨) હ્રસ્વ સ્વરની પાછળ સંયુક્ત વ્યંજનોવાળો જોડાક્ષર આવે તો, તે પૂર્વવર્તી હ્રસ્વ સ્વરને પણ 'ગુરુ' ગણવામાં આવે છે.

(૩) જે હ્રસ્વની પાછળ **छ्, ळ्, ळ्ह** આવે તો, તે હ્રસ્વ સ્વરને પણ 'ગુરુ' ગણવામાં આવે છે.

(૪) હ્રસ્વ સ્વરની પાછળ વિસર્ગ (:), કે અનુસ્વાર **(i)** આવેલો હોય તો તેને પણ 'ગુરુ' અક્ષર માનવામાં આવે છે.

૫. છન્દો નિર્ધારણ : અમુક મંત્રમાં કયો છન્દ વપરાયો છે તે નક્કી કરવા માટેનો મુખ્ય સિદ્ધાન્ત એ છે કે છન્દના **પાદોનો** નિશ્ચય કર્યા પછી, પ્રત્યેક પાદના અક્ષરોની ગણના કરવામાં આવે છે.

પ્રાચીન ગ્રન્થોમાં 'અક્ષર-ગણના'ને જ વૈદિક છન્દનું મુખ્ય લક્ષણ માન્યું છે, 'ઋગ્વેદ સર્વાનુક્રમણી'માં કહ્યું છે કે - **यद् अक्षरपरिमाणं तच्छन्दः** ॥ તથા અથર્વવેદીય બૃહત્સર્વાનુક્રમણિકામાં પણ **छन्दोऽक्षरसंख्याऽवच्छेदकमुच्यते** । એમ કહ્યું છે, અલબત્ત શૌનકે 'ઋગ્વેદ પ્રાતિશાખ્ય'માં ગાયત્રાદિ પાદોના 'વૃત્ત' (rhythm) અમુક અંતિમ અક્ષરોમાં લઘુ-ગુરુની ચોક્કસ પ્રકારની નિયમિતતાની નોંધ અવશ્ય કરી છે. પણ આવું 'વૃત્ત' પ્રાયિક (= ક્યારેક મળે તો ક્યારેક ન પણ મળે એવું 'લગભગ') ગણવામાં આવ્યું છે. બાકી, છન્દનું નામ નક્કી કરવા માટે તો જે મંત્રના પાદોની કુલ અક્ષર સંખ્યા જ પ્રધાન નિયામક તત્ત્વ છે :

अक्षराण्येव सर्वत्र निमित्तं बलवत्तरम् ।
विप्रतिपन्नानां पादवृत्ताक्षरैर्ऋचाम् ॥

''પાદ, વૃત્ત અને અક્ષરોની દૃષ્ટિએ સંદિગ્ધ ઋચાઓના (છન્દો નિર્ધારણ માટે) સર્વાધિક બલવાન નિમિત્ત સર્વત્ર (તે તે ઋચાઓના કુલ) 'અક્ષરો' જ છે.'' **(ऋ. प्रा. छन्दः पटल-२१)**

૬. છન્દો નિર્ધારણમાં ન્યૂનાધિક અક્ષરોની વ્યવસ્થા :

હવે જો અક્ષર સંખ્યાને આધારે જ છન્દનું નિર્ધારણ થતું હોય તો, જે મંત્રમાં અમુક જરૂરી અક્ષરસંખ્યા ન થતી હોય ત્યાં શું કરવું ?- આ પ્રશ્નના મુખ્યત્વે બે સમાધાન આપવામાં આવ્યા છે :

(क) વેદના છન્દોના પાદોમાં એકાદ-બે અક્ષારોની સંખ્યા ઓછી હોવા છતાંય તે છન્દમાં પરિવર્તન આવતું નથી. (અર્થાત્ તે બીજો કોઈ છન્દ બની જતો નથી.) કૌષીતકિ બ્રાહ્મણમાં કહ્યું છે કે – **न हि एकेन अक्षरेण अन्यच्छन्दो भवति, न द्वाभ्याम्** । (૨૭-૧)

આવા છન્દના પાદોમાં જ્યાં એકાદ-બે અક્ષરો વધતા-ઘટતા હોય ત્યાં તેવા છન્દોના નામની આગળ વિશેષણ ઉમેરવામાં આવે છે. જેમકે,

(૧) જે છન્દમાં એક અક્ષર ઘટતો હોય તેની પૂર્વે **निचृत** શબ્દ જોડવો.

(૨) બે અક્ષર ઘટતા હોય તો તેના નામની આગળ **विराट्** વિશેષણ ઉમેરવું.

(૩) જ્યાં એક અક્ષર વધારે હોય ત્યાં છન્દના નામમાં **भुरिक्** શબ્દ ઉમેરવો.

(૪) બે અક્ષર વધારે મળતા હોય ત્યાં છન્દના નામમાં **स्वराट्** એવું વિશેષણ ઉમેરવું.

અથવા

(ख) જે છન્દની અક્ષર ગણનામાં એકાદ અક્ષર ઓછો-ઘટતો-હોય ત્યાં અક્ષર સંખ્યાની પૂર્તિ કરવા માટે "વ્યૂહ" [= એકાક્ષર ભાવવાળી સન્ધિને છોડી કાઢીને અક્ષર સંખ્યામાં વધારો] કરી લેવો એમ ''ऋग्वेद પ્રાતિશાખ્ય''ના 'છન્દ:પટલ'માં કહ્યું છે : **व्यूहेदेकाक्षरीभावान् पादेषूनेषु संपदे** ॥૨॥ અર્થાત્'' (એક કે એકાધિક) પાદોમાં અક્ષરોની સંખ્યા (છન્દની દૃષ્ટિએ એક કે એકાધિક) ન્યૂન = ઓછી હોય તો (તે અક્ષરોની સંખ્યાની) પૂર્તિ (સંપદ્) કરવા માટે એકાક્ષરી ભાવ રૂપ સન્ધિઓને તોડી નાખીને પૃથક્ કરી દેવી જોઈએ.''

એકાક્ષરી ભાવવાળી સન્ધિઓ = એકાદેશ રૂપ સન્ધિઓ; જેવી કે, સવર્ણ દીર્ઘ (દા. ત. **अ+अ = आ, इ+इ = ई** વગેરે), ગુણ (દા. ત. **अ+इ = ए, अ+उ = ओ** વગેરે), વૃદ્ધિ (દા. ત. **अ+ए = ऐ, अ+ओ = औ** વગેરે) અને પૂર્વરૂપ સન્ધિઓને છોડી કાઢીને પદાન્તીય અને પદાદિ સ્વરોને જુદા જુદા ઉચ્ચારવામાં આવે છે.

એ જ પ્રમાણે, સંયુક્ત વ્યંજનોના અંતમાં આવેલા (= **यण्** સન્ધિમાંથી જન્મેલા) **य्** અને **व्**ને બદલે **इय्** અને **उव्**નું ઉચ્ચારણ કરવું જોઈએ. [દા.ત., **त्र्यम्बकं यजामहे** ।માં સાત અક્ષરો છે; પણ તેને **त्रियम्बकं यजामहे** । એ રીતે ઉચ્ચારવામાં આવે; અર્થાત્ **त्र्य=त्रिय** એવો 'વ્યૂહ' કરવામાં આવે તો ત્યાં સાતમાંથી આઠ અક્ષર બની જાય.]

આ પ્રકારના 'વ્યૂહ'ની ચર્ચા આપણા પ્રાચીન ગ્રંથકારોએ કરી છે. પરંતુ 'વૈદિક મીટર' પુસ્તકના લેખક આર્નોલ્ડ વગેરે યુરોપીય વિદ્વાનોએ પણ બીજા પ્રકારના વ્યૂહની વિચારણા કરી છે. જેમકે પ્રશ્લિષ્ટ સન્ધિ છુટી પાડવી- **आ—अअ.** અભિનિહિત સન્ધિ છૂટી પાડવી- **दुरोणेऽग्निः—दुरोणे अग्निः= एअ, ओअ,** ક્ષૈપ્રસન્ધિના પ્રસંગોએ **य्, व्**,ને બદલે **इ, उ** ઉચ્ચારવા; ષષ્ઠી બહુવચનનાં રૂપોમાં તથા બીજાં કેટલાક રૂપોમાં દીર્ઘોચ્ચારણને બે લઘુ અક્ષરોની જેમ ઉચ્ચારણ કરવું. જેમકે, **देवानाम्—देवान अम्** । **दाशस्य—दअशस्य** । **शूरः—शुउरः** । વગેરે.

૭. ત્રિવિધ પાદો : ऋग्वेदમાં વપરાયેલા મોટા ભાગના છન્દો ત્રણ પ્રકારના પાદોથી જ બનેલા છે : ૧. **અષ્ટાક્ષર ગાયત્ર પાદ**, ૨. **એકાદશાક્ષર ત્રૈષ્ટુભ પાદ** અને ૩. **દ્વાદશાક્ષર જાગત પાદ.**

આ ત્રણ પ્રકારના પાદો જ બધા વૈદિક છન્દોના આધાર રૂપ છે. પણ ભારતીય આચાર્યોએ એક ચોથા 'દશાક્ષર વૈરાજ પાદ'ની પણ કલ્પના કરી છે. પરંતુ પાશ્ચાત્ય વિદ્વાનો કહે છે કે એકાદશાક્ષર ત્રૈષ્ટુભ પાદમાંથી જ એક અક્ષર ઘટવાથી વૈરાજ પાદ જન્મે છે અને એક અક્ષર વધવાથી જાગતપાદ જન્મે છે. પાશ્ચાત્યોના મતે તે બન્ને મૌલિક પાદ નથી; તેઓ તો ઉપર્યુક્ત પહેલા બે પાદ ગાયત્ર અને ત્રૈષ્ટુભને જ મૌલિક કહે છે.

[૧] અષ્ટાક્ષર ગાયત્ર પાદમાંથી બનતા છન્દો :

આ 'ગાયત્ર પાદ'માં આઠ અક્ષર હોય છે, (અને તેમાં નીચે દર્શાવ્યા મુજબનું 'વૃત્ત' હોય છે) :

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ = કુલ ૮ અક્ષર
˘ — ˘ ≚ (છેલ્લા ૪ અક્ષરનું વૃત્ત)

અર્થાત્ પાંચમો અને સાતમો અક્ષર 'લઘુ' હોય છે. (˘); છઠ્ઠો અક્ષર 'ગુરુ' (–) અને આઠમો અક્ષર લઘુ અથવા ગુરુ (≚) હોય છે. અહીં પહેલા ચાર અક્ષરોમાં લઘુ-ગુરુની કોઈ જ ગોઠવણી હોતી નથી; પણ છેલ્લા ચાર અક્ષરનું જ ઉપર મુજબ 'વૃત્ત' તપાસવાનું હોય છે. અલબત્ત, આ 'વૃત્ત' હંમેશ જળવાતું જ હોય છે એવું નથી તેથી વૈદિક છન્દમાં આ વૃત્તને 'પ્રાયિક' માનવામાં આવ્યું છે.

આવા ગાયત્ર-પાદમાંથી નીચેના છન્દો બન્યા છે :

		કુલ અક્ષર
(૧) ગાયત્રી છન્દ	: ૮-૮ (પૂર્વાર્ધર્ચ્) /-૮(ઉત્તરાર્ધર્ચ્)	= ૨૪
(૨) અનુષ્ટુપ્ છન્દ	: (પૂર્વાર્ધમાં) ૮-૮ / (ઉત્તરાર્ધમાં) ૮-૮	= ૩૨
(૩) પંક્તિ છન્દ	: ૮-૮/-૮-૮-૮	= ૪૦
(૪) મહાપંક્તિ	: ૮-૮-૮/૮-૮-૮.	= ૪૮
(૫) શક્વરી	: ૮-૮/-૮-૮-૮-૮-૮	= ૫૬
(૬) દ્વિપદા ગાયત્રી	: ૮-૮	= ૧૬

હવે, ૧૦મા મંડળમાં આવેલા ગાયત્ર પાદમાંથી બનેલા છન્દોનો સોદાહરણ પરિચય કરીશું :

(क) ૧ ગાયત્રી છન્દ : ૧૦-૧૮-૩,૪. ૧૦-૫૮, ૧૦-૧૧૯, ૧૦-૧૨૭ અને ૧૦-૧૭૧ સૂક્તોમાં વપરાયો છે.

ઉદાહરણ-૧

१ २ ३ ४ ५ ६ ७ ८
नि ग्रामासो अविक्षत
˘ — ˘˘

१ २ ३ ४ ५ ६ ७ ८
नि पद्वन्तो नि पक्षिणः ।
˘ — ˘ —

१ २ ३ ४ ५ ६ ७ ८
नि श्यैनासश्चिदर्थिनः । (१०-१२७-५)
˘ — ˘ —

વિવરણ : (૧) આ મંત્રમાં ‘ગાયત્રી છન્દ’ વપરાયો છે.

(૨) તેમાં ૮-૮/૮ એમ કુલ ૨૪ અક્ષરો આવેલા છે.

(૩) ત્રણેય પાદમાં છેલ્લા ચાર અક્ષરોનું વૃત્ત પણ ‘ગાયત્રપાદ’માં હોવું જોઈએ તે પ્રમાણેનું જ જોવા મળે છે.

ઉદાહરણ-૧

१ २ ३ ४ ५ ६ ७
तात्री व्यख्यदायती
˘ — ˘ —

१ २ ३ ४ ५ ६ ७
पुरुत्रा देव्यक्षभिः ।
— ˘ ˘ —

१ २ ३ ४ ५ ६ ७ ८
विश्वा अधि श्रियोऽधित ।
˘ — ˘ ˘

વિવરણ : (૧) આ મન્ત્રમાં કુલ ૨૨ અક્ષર છે. અહીં બે અક્ષર ન્યૂન હોવાથી ‘વિરાટ્ ગાયત્રી’ છન્દ છે એમ કહેવાશે. (૭-૭/૮=૨૨ અક્ષર)

(૨) અહીં પહેલા પાદમાં **रात्री वियख्यदायती** એવો અને બીજા પાદમાં **पुरुत्रा देवियक्षभिः** એવો ‘વ્યૂહ’ કરીને બે અક્ષરની પૂર્તિ કરી લઈ શકાય છે.

(૩) પહેલા અને ત્રીજા પાદમાં ગાયત્ર પાદનું ‘વૃત્ત’ જળવાયું છે; તથા બીજા પાદમાં વૃત્ત જળવાયું નથી (પણ ‘વૃત્ત’ને તો વૈદિક મન્ત્રોમાં પ્રાયિક ગણાયું છે.)

(क)-२ અનુષ્ટુપ્ છન્દ : ૧૦મા મંડળમાં ૧૪-૧૩, ૧૪; ૧૬ (૧૧-૧૪), ૧૮ (૧૪). ૯૦ (૧-૧૫), ૯૭, ૧૦૩ (૧૩), ૧૪૫ (૧-૫), ૧૪૬, ૧૫૧, ૧૬૩, ૧૯૦, ૧૯૧, (૧,૨)માં આ છન્દ વપરાયો છે.

ઉદાહરણ : ૩ (૧૦-૯૦-૩)

१ २ ३ ४ ५ ६ ७ ८
एतावानस्य महिमा
˘ ˘˘ —

१ २ ३ ४ ५ ६ ७
तो ज्यायांश्च पूरुषः ।
˘ — ˘ —

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ | ૧ ૨૩ ૪ ૫૬ ૭ ૮
पादोऽस्य विश्वा भूतानि | त्रिपादस्यामृतं दिवि ॥
— — — ˘ | ˘ — ˘ ˘

વિવરણ : (૧) આ મન્ત્રમાં 'નિચૃત્ અનુષ્ટુપ' છન્દ છે. કેમ કે અહીં ૮-૮/૮-૮= ૩૨ અક્ષર (આઠ-આઠ અક્ષરના ચાર પાદનો બનેલો મન્ત્ર છે). અલબત્ત બીજા પાદમાં એક અક્ષર ઓછો છે; તેથી તે 'નિચૃત્' કહેવાશે.

(૨) અહીં બીજા પાદમાં એક અક્ષર ઘટે છે, તેથી **'महिमातो'**માં સવર્ણદીર્ઘ સન્ધિને છુટી પાડી દઈને. **महिमा अतो...** એવો 'વ્યૂહ' કરવાથી= એ પ્રમાણે ઉચ્ચારણ કરવાથી અક્ષર પૂર્તિ થઈ જશે.

(૩) પહેલા અને ત્રીજા પાદમાં ગાયત્ર પાદનું 'વૃત્ત' જળવાતું નથી.

(क) ૩ પંક્તિ છન્દ : ૧૦મા મંડળના બે મન્ત્રોમાં આ છન્દ વપરાયો છે : ૧૪૫(૬), ૧૬૪ (૫) આ પંક્તિ છન્દમાં પૂર્વાર્ધમાં બે અષ્ટાક્ષર ગાયત્રપાદ અને ઉત્તર અર્ધચ્માં ત્રણ અષ્ટાક્ષર ગાયત્ર પાદ હોય છે (૮-૮/૮-૮-૮ આમ કુલ ૪૦ અક્ષર હોય છે;

ઉદાહરણ-૪ (૧૦-૧૪૫-૬)

૧૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ | ૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮
उप तेऽधां सहमाना | मभि त्वाधां सहीयसा ।
˘ ˘ — — | ˘ — ˘ —

૧ ૨૩ ૪ ૫ ૬ ૭ | ૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮
मामनु प्र ते मनो | वत्सं गौरिव धावतु ।
˘ — ˘ — | ˘ — ˘ ˘

૧૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮
पथा वारिव धावतु ॥
˘ — ˘ ˘

વિવરણ : (૧) આ મન્ત્રમાં 'પંક્તિ' છન્દ છે. અહીં ૮-૮/૮-૮-૮ = ૪૦ અક્ષર (પાંચ અષ્ટાક્ષર ગાયત્ર પાદ) હોવા જોઈએ; પણ ત્રીજા પાદમાં એક અક્ષર ઓછો છે, તેથી આને **'નિચૃત્ પંક્તિ'** કહેવો પડશે.

(૨) ત્રીજા પાદમાં **मामनु**ને બદલે **म आमनु** એવો 'વ્યૂહ' કરવાથી અક્ષરપૂર્તિ થઈ શકશે ૩૯+૧=૪૦.

(૩) પહેલા પાદમાં ગાયત્ર પાદનું 'વૃત્ત' જળવાતું નથી.

ઉદાહરણ ૫ : (૧૦-૧૬૪-૫)

१ २ ३ ४ ५ ६ ७ | १ २ ३ ४ ५६ ७ ८-
अजैष्माद्यासनाम | **चाभूमानागसो वयम्** ।
— ˘ — ˘ | ˘ — ˘ ˘

१ २ ३ ४ ५ ६ ७ ८ ९ | १ २ ३ ४ ५ ६ ७ ८
जाग्रत्स्वप्नः संकल्पः पापो | **यं द्विष्मस्तं स ऋच्छतु** ।
— — — — | ˘ — ˘ ˘

१ २ ३ ४ ५ ६ ७ ८
यो नो द्वेष्टि तमृच्छतु ।
˘ — ˘ ˘

વિવરણ : (૧) આ મન્ત્રમાં અષ્ટાક્ષર ગાયત્રપાદનો વિનિયોગ થયો છે; અને અક્ષર સંખ્યા ૪૦ છે. તેથી આ પંક્તિ છન્દ છે. અલબત્ત અહીં ૮-૮/૮-૮-૮ એ પ્રમાણે અક્ષરસંખ્યા હોવાને બલદે ૭-૮-/૯-૮-૮ એમ છે પણ કુલ અક્ષર સંખ્યા ૪૦ જ રહેતી હોવાથી અન્ય છન્દ બની જતો નથી.

(૨) પહેલા પાદમાં અક્ષરપૂર્તિ કરવા **द्यासनाम्**ને સ્થાને **दिआसनाम** એવો 'વ્યૂહ' કરી શકાશે, ત્રીજા પાદમાં એક અક્ષર વધુ છે.

(૩) પહેલા અને ત્રીજા પાદમાં ગાયત્રપાદનું (˘ — ˘ —) વૃત્ત જાળવાતું નથી.

(क)-૪ પ્રસ્તાર પંક્તિ છન્દ : ૧૦મા મંડળમાં તે એક મંત્ર ૧૮ (૧૧)માં વપરાયો છે.

ઉદાહરણ ૬ :

१ २ ३ ४ ५ ६ ७ ८ | १ २३ ४ ५ ६ ७ ८
उच्छ्वञ्चस्व पृथिवि मा | **नि बाधथाः सूपायना** ।
˘ ˘ ˘ — | — — ˘ —

१ २ ३ ४ ५६ ७ ८ (પૂર્વાર્દ્ધ)
स्मै भव सू पवञ्चना
˘ — ˘ —

१ २ ३४ ५ ६ ७ ८ | १ २ ३ ४ ५ ६ ७
माता पुत्रं यथा सिचा | **भ्येनं भूम ऊर्णुहि** ॥
˘ — ˘ — | ˘ — ˘ ˘

વિવરણ : (૧) આ મંત્રમાં 'પ્રસ્તાર-પંક્તિ' છન્દ છે. અહીં પૂવાર્ધર્ચ્માં ૮-૮-૮ (ત્રણ અષ્ટાક્ષર ગાયત્રપાદ); અને ઉત્તર અર્ધર્ચ્માં ૮-૮ બીજા બે ગાયત્રપાદ આવેલા

છે, (પંક્તિ છન્દ કરતા અહીં ઊંધી ગોઠવણી છે. પણ કુલ અક્ષર સંખ્યા તો ૪૦ની જ છે.)

(૨) અહીં ૮-૮-૮/૮-૭ એમ કુલ ૩૯ અક્ષર છે; કેમકે છેલ્લા પાદમાં એક અક્ષર ઘટે છે. ત્યાં **भ्येनं**ને સ્થાને **भिएनं** કે **भियेनं**, એવો 'વ્યૂહ' કરવાથી અક્ષરપૂર્તિ થઈ જશે.

(૩) પહેલા અને બીજા પાદમાં ગાયત્રપાદનું (˘ –˘ ⏓) વૃત્ત જળવાયું નથી.

(क)-૫ આસ્તાર પંક્તિ છન્દ : ૧૦મા મંડળમાં આનું ૧૦-૧૭૦-૪. એક જ ઉદાહરણ મળે છે. ઉદાહરણ : ૭ (સાયણાચાર્યે એના બંધારણ તરીકે ૮-૮/૧૨-૧૨= ૪૦ અક્ષર હોય છે એમ કહ્યું છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭૮	૧ ૨ ૩ ૪૫ ૬ ૭
विभ्राजञ्ज्योतिषा स्वर	**गच्छो रोचनं दिवः । (पूर्वार्द्ध)**
˘ – ˘ ˘	˘ – ˘ –
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧	૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧
येनेमा विश्वा भुवनान्याभृता	**विश्वकर्मणा विश्वदेव्यावता ॥ (उत्तरार्द्ध)**

વિવરણ : (૧) આ મન્ત્રમાં ૮-૭/૧૧-૧૧=૩૭ અક્ષર છે. પણ **स्वरगच्छो**માં વ્યૂહ કરીને **सुवरगच्छो** કરવાથી બીજા પાદમાં એક અક્ષર વધશે. ત્રીજા પાદમાં **न्याभूता** ને સ્થાને **नियाभृता** એવો વ્યૂહ કરીને, તથા ચોથા પાદમાં **देव्यावता**માં **देवीयावता** એવો વ્યૂહ કરીને બીજા બે અક્ષર વધશે. એટલે કે ૮-૭+૧/૧૧+૧-૧૧+૧= એમ કુલ ૪૦ અક્ષર થશે. આથી આને **'આસ્તારપંક્તિ'** છન્દ કહેવાય છે.

(૨) પંક્તિ છન્દમાં ૮-૮/૮-૮-૮=૪૦ અક્ષર હોય છે, પણ જ્યારે ૮-૮/૧૨-૧૨ એવી ગોઠવણીથી ૪૦ અક્ષર થાય ત્યારે તે 'આસ્તાર પંક્તિ' છન્દ બને છે.

[૨] એકાદશાક્ષર ત્રૈષ્ટુભપાદમાંથી બનતા છન્દો

બંધારણ : અગિયાર અક્ષરના બનેલા પાદને 'ત્રૈષ્ટુભ પાદ' કહેવામાં આવે છે. તેમાં છેલ્લા ચાર અક્ષરમાં લઘુ-ગુરુનો ('વૃત્ત') ક્રમ, અને 'યતિ'નું સ્થાન પ્રાયઃ આ પ્રમાણે જોવા મળે છે.

૧ ૨ ૩ ૪, ૫ ૬ ૭	૮ ૯ ૧૦ ૧૧
	– ˘ – ⏓

(અહીં અગિયાર અક્ષર, ૪થા પછી યતિ, અને છેલ્લા ચારમાં ઉપર મુજબ 'વૃત્ત' હોય છે.

અથવા

૧ ૨ ૩ ૪ ૫, ૬ ૭ | ૮ ૯ ૧૦ ૧૧
| —˘ — ˘

આ પાદમાં ૧૧ અક્ષર, પાંચમા પછી યતિ, અને છેલ્લા ચાર અક્ષરમાં ઉપર મુજબનું ‘વૃત્ત’ હોય છે.)

છન્દો : આ બેમાંથી એક પ્રકારના ‘એકદશાક્ષર ત્રૈષ્ટુભ પાદ’માંથી નીચેના છન્દો બને છે.

(૧) ત્રિષ્ટુપ્ : ૧૧-૧૧/૧૧-૧૧ = ૪૪ અક્ષર

(૨) દ્વિપદા ત્રિષ્ટુપ્ : ૧૧-૧૧ = ૨૨

(૩) વિરાટ્ અથવા ત્રિપદા ત્રિષ્ટુપ્ : ૧૧-૧૧/૧૧ = ૩૩

(૪) દ્વિપદા વિરાટ્ અથવા અક્ષરપંક્તિ : ૫-૫/૫-૫ = ૨૦

(૫) વૈરાજ (ત્રૈષ્ટુભ પાદનો જ એક ભેદ) : જેમાં વ્યૂહ કરવા છતાંય એકાદ-બે અક્ષર ઓછા રહે છે, વૃત્તની બાબતમાં ત્રૈષ્ટુભપાદની સાથે સાદશ્ય છે.

૧૦ મા મંડળમાં (૧) ત્રિષ્ટુપ્ : ૧થી ૭, ૧૦, ૧૫, ૮૧, ૯૫, ૯૮, ૧૦૮, ૧૨૧, ૧૨૩, ૧૨૯ વગેરે સૂક્તોમાં

(૨) અક્ષર પંક્તિ (= દ્વિપદા વિરાજ) : ૧૭૨ સૂક્તોમાં

ઉદાહરણ : ૮ (૧૦-૧૨૧-૧)

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ | ૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧
हिरण्यगर्भः, समवर्तताग्रे | भूतस्य जातः, पतिरेक आसी त् ।
—˘—— | —˘ ——

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ | ૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧
स दधार, पृथिवीं द्यामु ते मां | कस्मै देवाय, हविषा विधे म ॥
— ˘ — — | — ˘— ˘

વિવરણ : (૧) આ મન્ત્રામાં ‘ત્રિષ્ટુપ્ છન્દ’ વપરાયો છે. કારણ કે અહીં ચાર એકાદશાક્ષાર ત્રૈષ્ટુભ પાદના કુલ ૪૪ અક્ષરો આવેલા છે. (પૂર્વ અર્ધર્ચૂમાં ૧૧-૧૧ અને ઉત્તર અર્ધર્ચૂમાં ૧૧-૧૧ એમ ગોઠવણી છે.)

(૨) ત્રીજા પાદ સિવાય અન્યત્ર પાંચમા અક્ષર પછી યતિ જોવા મળે છે.

(૩) ચારેય પાદના અંતિમ ચાર અક્ષરોમાં ત્રૈષ્ટુભ પાદનું ‘વૃત્ત’ પણ જળવાયું છે.

[૩] દ્વાદશાક્ષર જાગતપાદનું બંધારણ

બે પ્રકારના ‘જાગતપાદ’ જોવા મળે છે :

(क) ૧ ૨ ૩, ૪ ૫ ૬ | ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨
| ——˘ — ˘ ˘

અથવા

(ख) ૧ ૨ ૩ ૪ ૫, ૬ ૭ | ૮ ૯ ૧૦ ૧૧ ૧૨
— ˘ — ⏓ ⏓

અહીં પૂરા ૧૨ કે એક ઓછો હોય તેવા અક્ષરવાળા જાગત પાદમાં ત્રીજા કે પાંચમા પછી 'યતિ' હોય છે. તથા જો ૧૧ અક્ષરવાળો જાગતપાદ હોય તો ૭માથી માંડીને; અને જો ૧૨ અક્ષરવાળો જાગતપાદ હોય તો ૮માથી માંડીને છેલ્લા પાંચ અક્ષરોનું 'વૃત્ત' ઉપર મુજબ હોય છે.

આવા જાગતપાદમાંથી મુખ્યત્વે બે છન્દ બને છે : (૧) જગતી છન્દ : ૧૨-૧૨/૧૨-૧૨=૪૮ (અહીં એક-બે અક્ષર ઓછા જોવા મળે જ છે)

(૨) અતિજગતી : ૧૩-૧૩/૧૩=૧૩ = ૫૨

ઉદાહરણ ૯ : (૧૦-૪૩-૧) : જગતી છન્દ

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ | ૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨
अच्छा म, इन्द्रं मतयः स्वर्विदः | सध्रीचीर्विश्वा, उशतीर नू ष त।
˘ — — ˘ — | — ˘ — ˘ ˘

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ | ૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨
परि ष्वजन्ते, जनयो यथा प तिं | मर्यं न, शुन्ध्युं मघ वान मू त ये
— ˘ — ˘ — | — ˘ — ˘ —

વિવરણ : (૧) આ મન્ત્રના પૂર્વાર્દ્ધમાં અને ઉત્તરાર્ધમાં બે-બે દ્વાદશાક્ષર જાગતપાદ આવેલા હોઈને તે જગતી છન્દમાં લખાયેલો છે. અલબત્ત અહીં પહેલા પાદમાં એક અક્ષર ઓછો છે; પણ જાગતપાદમાં ક્યારેક એકાદ અક્ષર જોવા મળે જ છે. (તેથી વ્યૂહ કરવાની જરૂર નથી.) આમ કુલ ૧૧-૧૨/૧૨-૧૨=૪૭ અક્ષરો છે.

(૨) પહેલા અને ચોથા પાદમાં ત્રીજા અક્ષર પછી યતિ છે; અને ૨-૩જા પાદમાં પાંચમા અક્ષર પછી યતિ છે.

(૩) પહેલા પાદ સિવાય અન્ય ત્રણેય પાદોમાં 'જાગતપાદ'નું વૃત્ત (—˘—⏓) જળવાયું છે. (વૃત્તને પ્રાયિક માન્યા હોવાથી, તે પહેલા પાદમાં નહીં મળતું હોવા છતાંય કંઈ વાંધો આવતો નથી.)

[૪] મિશ્રિત પાદોમાંથી બનતા છન્દો

(૧) ઉષ્ણિક્ = ૮-૮/૧૨=૨૮ અક્ષર

(૨) કુકુપ્ = ૮-૧૨/૮=૨૮ અક્ષર

(૩) બૃહતી= ૮-૮/૧૨-૮ = ૩૬ અક્ષર

(૪) સતો બૃહતી = ૧૨-૮/૧૨-૮=૪૦ અક્ષર

(૫) મહા બૃહતી = ૧૨-૮/૮-૮-૮ = ૪૪ અક્ષર

(૬) મહા સતોબૃહતી = ૧૨-૮/૧૨-૮-૮=૪૮ અક્ષર વગેરે

(૭) પુરસ્તાદ્ બૃહતી = ૧૨-૮-/૮-૮ = ૩૬ અક્ષર

ઉપરિષ્ટાદ્ બૃહતી = ૮-૮/૮-૧૨ = ૩૬ અક્ષર

ઉદાહરણ : ૧૦ (૧૦-૧૪-૧૫) બૃહતી છન્દ

यमाय मधुमत्तमं । राज्ञे हव्यं जुहोतन ।
इदं नम ऋषिभ्यः पूर्वजेभ्यः । पूर्वेभ्यः पथिकृद्भ्यः ॥

વિવરણ : (૧) આ મંત્રમાં બૃહતી છન્દ છે. કેમકે અહીં પૂર્વાર્ધમાં બે અષ્ટાક્ષર ગાયત્રપાદ આવેલા છે; અને ઉત્તરાર્ધમાં ૧૧(+૧)=૧૨-૭(+૧)=૮ એમ એક જાગતપાદ બીજો ગાયત્રપાદ આવેલા છે.

(૨) ત્રીજા પાદમાં **पूर्वजेभ्यः—पूर्वजेभियः** તથા ચોથા પાદમાં પણ **पथिकृद्भ्यः→पथिकृद्भियः** એવો વ્યૂહ કરીને એક-એક અક્ષરની પૂર્તિ કરી લેવાશે.

ઉદા. ૧૧. પુરસ્તાદ્ બૃહતી છન્દ ૧૦-૧૭-૧૩માં છે. તેમાં ૧૨-૮/૮-૮ = ૩૬ અક્ષર હોય છે.

સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ-૧.